મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે આજ એક નવી પરંપરા આપણે મહિલા તરીકે, એક માતાને વિધાનસભાગૃહના અધ્યક્ષ તરીકેની સર્વાનુમતે જવાબદારી સોંપી છે. આજ રીતે ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રી, આપના માર્ગદર્શન તળે મહિલા અને બાળક કલ્યાણ સમિતિની રચના થાય. મહિલા અને બાળકોની ચિંતા કરવા માટે આ વિધાનસભા ગૃહ એ મહિલાઓના પ્રતિનિધિત્વવાળી સમિતિના સૂચનને આવતા દિવસોમાં દિશા આપશે અને સરકાર એને સમર્થન આપશે તો મને લાગે છે કે ગુજરાત દેશને એક નવી દિશા તરફ દોરવાને સક્ષમ બનશે. અપેક્ષા રાખું છું કે આપના અધ્યક્ષપદ હેઠળ અને આપના માર્ગદર્શનમાં આ પરંપરા આગળ વધારીએ. ફરીથી વિધાનસભા કોંગ્રેસ પક્ષ અને સમગ્ર વિધાનસભા પરિવાર વતી આપને હૃદયપૂર્વક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવું છું. ધન્યવાદ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : ગુજરાતના પ્રથમ મહિલા અધ્યક્ષ હોવું એ એક કિર્તીમાન આપે સ્થાપિત કર્યો છે અને એ કિર્તીમાનમાં વિપક્ષે પણ હકારાત્મક પરંપરાને નિભાવી છે એટલે એમને પણ હું અભિનંદન આપીશ. આપને આ સંસદીય કારકિર્દીમાં બહોળો અનુભવ છે એ અમે સૌ જાણીએ છીએ. આજે આ શ્રી વિઠ્ઠલભાઇ પટેલ ભવન અને આજે એમનો જન્મ દિવસ છે એ દિવસ ઈતિહાસમાં કાયમ માટે યાદ રહેશે. લાંબા સમય સુધી આ વાત વાગોળવામાં આવશે. આપના અનુભવનો લાભ અમને તમામને મળે, આપનું માર્ગદર્શન અમને મળે, આપને આ સ્થાન પર જોઇને જે માતાની ભૂમિકાની વાત આવી છે ત્યારે આપનો એકેએક શબ્દનું દરેક માનનીય ધારાસભ્યશ્રીઓ ચુસ્તપણે પાલન કરશે એવી પણ અપેક્ષા છે. ધન્યવાદ, જય જય ગરવી ગુજરાત.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણી લીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે આપની સર્વાનુમતે વરણી થઇ છે એ બદલ આપને અભિનંદન આપું છું. ગુજરાત વિધાનસભાની પરંપરા મુજબ વિધાનસભાના અધ્યક્ષનું પદ એ સર્વોચ્ચ પદ છે ત્યારે એની ગરિમા હર હંમેશ જળવાઇ રહે અને જળવાય એ માટે સત્તા પક્ષમાં કે વિપક્ષમાં જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ વિધાનસભા ગૃહમાં સરકાર તરીકે બેસે છે ત્યારથી જ્યારે જ્યારે પણ વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણીની વાત આવી છે ત્યારે કોંગ્રેસ પાર્ટીએ માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રસ્તાવને ટેકો આપીને સર્વાનુમતે અધ્યક્ષની વરણીની પરંપરા કદી તોડી નથી. આપની વર્ષ ૧૯૯૫થી ૨૦૨૧ સુધીની ૨૬ વર્ષની રાજકીય સંસદીય કારકિર્દી, ૪ ટર્મ ધારાસભ્ય રહેવું, બોર્ડ નિગમના ચેરમેન તરીકે, ગુજરાત વિધાનસભાની અલગ અલગ સમિતિઓના ચેરમેન તરીકે પણ આપે ખૂબ સારી કામગીરી બજાવી છે. એક મહિલા તરીકે આ પુરુષ પ્રધાન દેશમાં સંઘર્ષ કરીને આવું મહત્ત્વનું પદ ધારણ કરવું એ બહુ ભાગ્યની વાત છે અને એ પદ આપને મળ્યું છે ત્યારે આપને અભિનંદન આપું છું. માનનીય પરેશભાઇએ અને માનનીય રાજેન્દ્રભાઇએ માતા તરીકેનું બિરુદ આપ્યું છે, આપ માતા તરીકે બિરાજમાન થયા છો ત્યારે હું તો વર્ષોથી આપના પરિવાર સાથે સંકળાયેલો છું. હું આપને ફોઇ કહીને બોલાવું છું. આજે માતા તરીકે આપ બિરાજમાન થયા છો ત્યારે એક દિકરા તરીકે અપેક્ષા ચોક્કસ રાખીશ કે, કુદરતે, ભગવાને આપણને જયારે બે આંખ આપી છે ત્યારે માતાની નજર એ બંને નજરો સરખી હશે એવી માતા પાસે અમે અપેક્ષાઓ પણ રાખીએ છીએ. આમ તો એમ કહેવાય છે કે શાસક પક્ષની અંદર રહેલા વ્યક્તિ અધ્યક્ષપદે બિરાજમાન થાય છે ત્યારે એ કોઇ પક્ષના રહેતા નથી. એ હંમેશા વિપક્ષને ટેકો કરે છે. વિપક્ષની વાતને હંમેશા આગળ રાખીને સરકારને સાંભળે એ માટેના પ્રયત્નો ભૂતકાળમાં અધ્યક્ષોએ પણ કરેલા છે અને આપની પાસેથી પણ અપેક્ષા છે, આપ પણ કરશો. ગુજરાત વિધાનસભાનું આ ગૃહ અને આ ગૃહની અંદર બેઠેલા ૧૮૨ લોકો વિધાનસભાના નિયમો સાથે બંધાયેલા છે અને જયારે નિયમો સાથે બંધાયેલા હોય ત્યારે એવી અપેક્ષા ચોકકસ રાખીએ કે કોઇપણ વિપક્ષ તરીકે જયારે અમારો કોઇ સભ્ય બોલતો હોય, વિપક્ષ તરીકે જયારે અમારા કોઇ સભ્યશ્રીની વાત હોય કે રજૂઆત હોય કે જે આપની સમક્ષ મૂકી હોય અને આપની સમક્ષ મૂકયા પછી ભૂતકાળની મારી પણ આ ચાર ટર્મની વિધાનસભાગૃહની કારકિર્દીના અનુસંધાનમાં હું ચોકકસ કહીશ આજે કે ભૂતકાળની અંદર થયેલા ૧–૨ જે હુકમો છે. હું અધ્યક્ષશ્રીની ગરિમાને લાંછન લગાડવા માંગતો નથી. ભૂતકાળના અધ્યક્ષશ્રીએ કરેલા નિર્ણયોને હું સલામ કરું છું અને એમના નિર્ણયોને હું માન્ય રાખું છું પણ આપની પાસેથી ચોકકસ એવી અપેક્ષા અમે રાખીએ છીએ કે કોઇપણ એવી આંટીઘૂંટીનો પ્રશ્ન આવે ત્યારે અને પ્રશ્નના આધિન કોઇ પુરાવા રજૂ કરવાની વાત આવે ત્યારે કોંગ્રેસ પાર્ટી તરફથી એ પુરાવા રજૂ કરવામાં આવે અને સરકાર તરફથી પણ પુરાવા રજૂ કરવામાં આવે એ પુરાવા અલગ અલગ માધ્યમોથી, અલગ અલગ પુસ્તકોમાંથી એ પુરાવાને આધિન અમે પણ પુરાવા મૂકતા હોઇએ છીએ અને સરકાર પણ મૂકતી હોય છે પણ એ પુરાવા કયા સાચા અને કયા ખોટા એ નિર્ણય આપણે લઇ શકતા નથી. કારણ કે એ પુરાવા જે લોકોએ લખાણો લખેલા છે એને આપણે કઇ રીતે પુરવાર કરી શકીએ? માટે ૧–૨ નિર્ણયોથી વિપક્ષના ધારાસભ્ય તરીકે અને વિધાનસભાગૃહના ઉપનેતા તરીકે સંસદીય પ્રણાલી અમે જાણીએ છીએ. અધ્યક્ષનું સન્માન એ અમારા માટે સર્વોપરિ છે. અમે આપની પાસે ચોકકસ એવી અપેક્ષા રાખીશું કે માતા તરીકે અધ્યક્ષશ્રીના નિર્ણયને હું સલામ કરું છું પણ ભૂતકાળમાં થયેલા ૧–૨ નિર્ણયથી અમારી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યનું દિલ પણ દુભાયું હતું, નારાજ પણ થયા હતા પણ એ વખતે અધ્યક્ષશ્રીનો નિર્ણય એ સર્વોપરિ હોય છે ત્યારે અમે ચેલેન્જ નહોતો કર્યો. ભવિષ્યમાં આવો કોઇપણ પ્રસંગ બને ત્યારે આપ એક માતા તરીકે બંને દીકરાઓ તરફ નજર સરખી રાખીને આપ ન્યાય કરશો એ જ અપેક્ષા સાથે માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી આપને અભિનંદન આપું છું.

## આશ્વિન ૫, ૧૯૪૩ શાકે
## અધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિધાનસભાના લોકશાહીના પવિત્ર મંદિરમાં આપ બિરાજમાન થયા છો ત્યારે અમારા સૌ વતી આપને ખૂબખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. આજે શુભગ સંજોગ જુઓ કે ગુજરાતમાં વરસાદ ખેંચાયો હતો પણ તમે આવ્યા પછી આજે વરસાદ ચારેબાજુ એટલો બધો પડયો છે કે અનરાધાર પ્રેમ અને એ પણ એવા વિસ્તારના પ્રતિનિધિ તમે કે કચ્છના પ્રતિનિધિ કે જયાં વરસાદ ઓછો હોય ત્યાંથી તમે અહીંયા સુધી પહોંચ્યા છો અને ખૂબ લાંબી રાજકીય મજલ આપે કાપી છે. આપનો અનુભવ વિધાનસભામાં ધારાસભ્ય તરીકેનું આપનું પર્ફોર્મન્સ, વિવિધ કમિટીઓમાં આપનું પર્ફોર્મન્સ અને પછાત વિસ્તારના પ્રતિનિધિ તરીકે, કચ્છના જિલ્લાના પ્રતિનિધિ તરીકે અને ખાસ કરીને મહિલા પ્રતિનિધિ તરીકે મહિલાઓનું, બહેનોનું જે કામ, સન્માન થવું જોઇએ એ કરવા માટે હંમેશા આપે સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. આજે બીજો શુભગ સંજોગ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની નવી સરકાર અને તમે નવા અધ્યક્ષ એમ તાજેતાજું ફુલગુલાબી વાતાવરણ આજે ઉપસ્થિત થયું છે એટલે શ્રી ભૂપેન્દ્રભાઇને અને અમારા પક્ષના સૌ સિનિયર નેતાઓને પણ હું અભિનંદન આપું છું. આપની અધ્યક્ષ તરીકે પક્ષ તરફથી પસંદગી કરી અને વિપક્ષના મિત્રોને પણ અભિનંદન આપું છું કે સર્વાનુમતે આપની પસંદગીમાં એમણે સાથ આપ્યો અને બધા સાથે મળી ૧૮૨ ધારાસભ્યોનું આ ગૃહ આપના નેતૃત્ત્વ હેઠળ ખૂબ સુંદર રીતે કામ કરે અને ગુજરાતની જનતાની જે અપેક્ષાઓ છે. સરકાર પ્રત્યે, ધારાસભ્યો પ્રત્યે, વિપક્ષ પ્રત્યે એ બધી જ અપેક્ષાઓ ખૂબ સારી રીતે આપના નેતૃત્ત્વમાં સફળતાપૂર્વક પ્રેમથી સામે મહિલાઓ હોય એટલે બધુ સમજાવટથી કામ થઇ જાય. એટલે સમજાવટથી, પ્રેમથી બધું કામ થાય અને આખું ગૃહ હળીમળીને આપણી ગુજરાતની વિકાસ યાત્રા આગળ વધારે તેવી સફળતા આપને પ્રાપ્ત થાય અને ગુજરાતના સ્પીકરશ્રીની ઓફિસમાં અમે જઇએ ત્યારે અત્યાર સુધી ફકત પુરુષ અધ્યક્ષશ્રીઓના જ ફોટોગ્રાફ જોવા મળતા હતા. હવે અત્યારે નથી કહેતો, પણ ૨૫-૩૦ વર્ષ પછી મહિલા અધ્યક્ષશ્રીનો ફોટો એ પણ સ્પીકરની ઓફિસમાં થાય એટલે આ પુરુષ પ્રધાન જે કહેવાતો સમાજ છે એમાં આપે એક નવી પહેલ કરી છે. અમારા ભાજપના પક્ષે અમારા મુખ્યમંત્રીશ્રીએ જે નવી પહેલ કરી છે તે બદલ સર્વને અભિનંદન આપું છું. અમારા સૌ વતી આપને બધો સહકાર પ્રાપ્ત થશે તેવી ખાતરી આપું છું અને ફરીથી ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : વિધાનસભા ગૃહના માનનીય નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય સર્વે સભ્યશ્રીઓ. મારું સદ્ભાગ્ય છે કે મધ્યસ્થ ધારાસભાના પ્રથમ અધ્યક્ષ માનનીય શ્રી વિઠ્ઠલભાઇ પટેલનો આજે જન્મ દિવસ છે અને આજના આ પવિત્ર દિવસે હું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે પદ ગ્રહણ કરી રહી છું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે આપ સૌએ મારી પસંદગી કરી છે તે બદલ હું આપ સૌનો હ્દયપૂર્વક આભાર માનું છું તથા આ ગૃહના તમામ સભ્યશ્રીઓએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે, મારા વિષે જે વક્તવ્યો કર્યા છે તેમજ મને જે જવાબદારી સોંપી છે તેને પૂરેપૂરો ન્યાય આપવા હું હંમેશા પ્રયત્નશીલ રહીશ. સ્ત્રી સશક્તીકરણના હિમાયતી આ સભાગૃહે ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર એક મહિલાને સર્વાનુમતે અધ્યક્ષ તરીકે પસંદગી કરી છે તે સમગ્ર નારી શક્તિ માટે ગૌરવ સમાન છે. આપણે સૌ જાણીએ છીએ કે આ દેશના અને ગુજરાતના સપૂત શ્રી વિઠ્ઠલભાઇ પટેલ વર્ષ ૧૯૨૫થી એ વખતની કેન્દ્રીય ધારાસભાના અધ્યક્ષ હતા. સ્વતંત્રતા બાદ આદરણીય દાદાસાહેબ માવલંકર લોકસભાના પ્રથમ અધ્યક્ષ બન્યા હતા. આ બંને મહાનુભાવોએ આપણી સંસ્કૃતિ અને પરંપરાઓને ધ્યાને લઇને નીડરતા અને નિષ્પક્ષતાથી પાડેલ ઉચ્ચ સંસદીય પરંપરા અને પ્રણાલીઓ આપના સૌના માટે માર્ગદર્શક અને ગૌરવરૂપ છે. ગુજરાત વિધાનસભાની રચના બાદ પ્રથમ અધ્યક્ષશ્રી કલ્યાણજી મહેતાજીથી લઇને વર્તમાન ૧૪મી ગુજરાત વિધાનસભાના શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સહિતના તમામ માનનીય અધ્યક્ષશ્રીઓએ ગુજરાત વિધાનસભા માટે આગવી સંસદીય પ્રાણલિઓનું પાલન, સંરક્ષણ અને સંવર્ધન કર્યું છે. તે મારા માટે હંમેશા માર્ગદર્શક બની રહેશે તેમાં ખાસ કરીને છેલ્લે માનનીય શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જે સીમાચિહ્નરૂપ નિર્ણયો આપ્યા છે જે સભાગૃહના સંચાલનમાં મને ખૂબ જ ઉપયોગી નિવડશે તેવી મને શ્રદ્ધા છે. સભાગૃહના શાસકપક્ષ અને વિરોધપક્ષ બંને વચ્ચે રજૂઆતમાં કયારેક ઉગ્રતા આવે છે, પણ એ ઉગ્રતા મર્યાદાપૂર્વક હોય તે જરૂરી છે. ધીરજ, સહિષ્ણુતા અને મર્યાદા એ સંસદીય લોકશાહી માટે અતિ આવશ્યક છે. આ વિધાનસભા ગૃહ મહાપુરુષો તથા નવરત્નોનું સાક્ષી રહ્યું છે. અનેક સપૂતોએ આ સભાગૃહને શોભાવી દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું છે.આવા રત્નોમાં સૌ પ્રથમ આપણા સૌના પ્યારા અને લાડીલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી તારીખ ૭ મી ઓકટોબર ૨૦૦૧થી તારીખ ૨૨મી મે ૨૦૧૪ એટલે કે ૪૬૦૯ દિવસ આ સભાગૃહને અજવાળીને આજે દેશના વડાપ્રધાન પદે તથા ગ્લોબલ લીડર તરીકે બિરાજીને આપણી વિધાનસભા અને આપણા ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છે.

માનનીય શ્રી અમિતભાઇ શાહ કે જેઓ ૯મી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ચૂંટાઇને સૌ પ્રથમવાર આ સભાગૃહમાં આવ્યા હતા. ત્યારબાદ તેઓ ૧૦મી, ૧૧મી, ૧૨મી અને ૧૩મી ગુજરાત વિધાનસભામાં લાગલગાટ ચૂંટાઇને લગભગ ૨૨ વર્ષ આ સભાગૃહના સન્માનનીય સભ્ય રહીને કેન્દ્ર સરકારમાં ગૃહમંત્રી તરીકે આજે બિરાજમાન થઇને આજે ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે. આ સભાગૃહના સભ્ય અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ, પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અને વિધાનસભાના આ ગૃહને સતત તેમના સંસદીય જ્ઞાનનો લાભ મળ્યો છે તેવા માનનીય પૂર્વ મંત્રીશ્રી

પ્રદિપસિંહજી, સાથી પક્ષના શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ વિજેતા શ્રી મોહનસિંહ રાઠવા, વિરોધ પક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી અમિતભાઇ ચાવડા જેવા વિદ્વાનો આ સભાગૃહમાં ઉપસ્થિત છે ત્યારે મને હંમેશાં તેમની હૂંફ અને માર્ગદર્શન મળતું રહેશે અને સભાગૃહના સૂચારું સંચાલનમાં તેમનો સહયોગ હંમેશાં મને મળતો રહેશે જેની મને સંપૂર્ણ ખાતરી છે.

સભાગૃહનું સફળ સંચાલન કરવાની આપણા સૌની સામૂહિક જવાબદારી છે. ફકત અધ્યક્ષ એકલા જાતે આ કામગીરી કરી શકે નહીં. જો આપણે સૌ આ વાત સ્વીકારીએ અને તે દ્દષ્ટિકોણથી આગળ વધીએ તો સભાગૃહના સફળ સંચાલનમાં કોઇ અવરોધ આવશે નહીં તેની હું આપ સૌને ખાતરી આપું છું. ગુજરાત વિધાનસભાનું ગૌરવ અને ગરિમા જળવાય તે રીતે આ સભાગૃહનું સંચાલન કરવામાં આપ સૌના સહકારની હું આશા રાખું છું. લોકશાહી શાસન વ્યવસ્થામાં, સમાજના ઉત્કર્ષમાં ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની જે ભૂમિકા છે તેવી અને તેટલી જ ભૂમિકા પ્રચાર પ્રસાર માધ્યમોની પણ છે. એટલે જ પત્રકારને ચોથી જાગીર કહેવામાં આવે છે. આ લોકશાહીના મંદિરમાં થતા સારા કાર્યોની સકારાત્મક નોંધ લેવામાં આવે જ છે. ગુજરાતનું અખબારી અને મિડીયા જગત ખમતીધર છે. તેની નિષ્પક્ષતા, તેની નીડરતા દેશભરમાં સુપ્રસિદ્ધ છે. આ બંધારણીય સંસ્થાના વડા તરીકે હું આપની પાસે અપેક્ષા રાખું છું કે, સભાગૃહમાં લેવામાં આવતા નિર્ણયો સકારાત્મક રીતે રજૂ કરી ગુજરાત વિધાનસભાનું ગૌરવ હંમેશાં જળવાય તે માટે આપ સૌ હંમેશાં પ્રયત્નશીલ રહેશો. કોઇપણ બાબતે નાનું મોટું મનદુઃખ હોય તો આપ સૌ મને ગમે ત્યારે મળી રૂબરૂ ચર્ચા કરી શકો છો. કોઇપણ સમસ્યાનું આપણે સુખરૂપ નિરાકરણ કરીશું તેવી અપેક્ષા સાથે જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય, આપ બધાનો આભાર. નેકસ્ટ.

**તારાંકિત પ્રશ્નો**

**નર્મદા જિલ્લામાં ખાનગી હોટલોને ફાળવવામાં આવેલ જમીન**

*૪૦૪૭૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર ખાનગી હોટલોને ક્યા ભાવે, કેટલી સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની જમીન ફાળવવામાં આવી, અને | (૧) આવી કોઇ જમીન ફાળવવામાં આવેલ નથી. |
| (૨)તે અન્વયે ઉક્ત વર્ષવાર સરકારને કેટલી આવક થઇ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે તા.૩૧–૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર ખાનગી હોટલોને કયા ભાવે કેટલી સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની જમીન ફાળવવામાં આવી? તેમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે, કોઇ જમીન ફાળવવામાં આવેલ નથી. હવે મારો પેટા પ્રશ્ન એ છે કે, નર્મદા જિલ્લામાં જે તે વખતે નર્મદા નિગમે નર્મદાના હેતુ માટે જે જમીન ફાળવવામાં આવેલ તે જમીન હવે નર્મદા નિગમ કોમર્શિયલ ઉપયોગ માટે હોટલોને ફાળવે છે કે ભાડે આપે છે. તેમાં મહેસૂલ વિભાગની મંજૂરી લીધી હતી કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી પ્રેમસિંહભાઇએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં તે માટે હવે તેમને પેટા પ્રશ્ન માટે નવી નોટીસ આપવી પડે. આ ખૂબ ટેકનિકલ છે અને ટેકનિકલ રીતે પૂછાયેલા પ્રશ્નનો ટેકનિકલ જ જવાબ છે. આપનો પ્રશ્ન છે કે, છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખાનગી હોટલોને કયા ભાવે કેટલી સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની જમીન ફાળવવામાં આવી? તો આવી કોઇ જમીન ફાળવવામાં આવેલી નથી. આ જવાબ જે મેં પહેલાં રજૂ કર્યો છે તેની સાથે હું તે જવાબને સમર્થન આપું છું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આપને હું પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને કેબિનેટ મંડળ, તે સિવાય રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે, તારીખ ૧–૯–૨૦૨૦ અને તારીખ ૩૧–૮–૨૦૨૧ સુધીના સમયગાળામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન લાગુ પડતો નથી.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આવી ગયો.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે આ ટેકનીકલ પ્રશ્ન છે, પણ મારે આ ગૃહના ધ્યાન પર મૂકવું છે અને મારે એ જાણવું છે કે, ટાઇમ લિમિટમાં નહિ પણ આ જે જમીન કેવડિયાથી નીચેના ભાગમાં એટલે કેવડિયાનો જે બ્રિજ બનાવવા માટે જે પાયો નાંખવાનો હતો એ પાયો નાંખવાનું સ્થળ નીચે મજબૂત ન હોવાના કારણે ૬ ગામોની જમીન આપણે એમને એમ રહેવા દીધી હતી અને આ ૬ શેડ્યુલ વિસ્તારના ગામો હતા, આદિવાસી ગામો હતા એ જે જમીન હતી તેમાં ક્વાટર્સ બનાવેલા હતા અને એ ક્વાટર્સને દુરસ્ત કરીને સરકારે આ જમીન હોટેલોને આપી છે કે કેમ? અને એનાથી સરકારને શું આવક થઇ છે? અમારે એટલું જાણવું છે અને જ્યારે હેતુફેર થયો હોય ત્યારે મૂળ માલિકોને આ જમીન

પરત કેમ આપવામાં ન આવી આટલી જ બાબત છે, ટેકનીકલી એ સાચા હશે પણ અમારા ટ્રાયબલના હિતમાં આપ જવાબ આપો એવી મારી વિનંતી છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો જોષીયારાજી પોતે જ કબૂલ કરે છે કે, ટેકનીકલી હું સાચો છું. જે પ્રશ્ન પુછાયો છે એ પ્રશ્નનો જવાબ મેં જે પહેલાં જાહેર કર્યો છે એ જ છે એટલે આ પ્રશ્ન લાગુ પડતો નથી, એમનો જે પેટા પ્રશ્ન છે એ આને સંબંધિત નથી, એના માટે નવી નોટિસ આપવી પડે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ જે આપ્યો અને ટેકનીકલ વાત કરી છે. પણ આખી સરકાર જ ટેકનીકલ રીતે આવી છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કેટલા અરજદારો તરફથી જમીન મેળવવા માટે અરજી કરવામાં આવેલી અને આજની તારીખે આ સ્થળ ઉપર કેટલી ખાનગી હોટેલો અસ્તિત્વમાં છે એ જાણવા માગું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીવાર આ ગૃહને જણાવું છું કે, (અંતરાય) મને ખબર છે, માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સ્પષ્ટ વાત છે કે જે મૂળ પ્રશ્ન છે એ મૂળ પ્રશ્નનો જે જવાબ આપ્યો છે તો બાકીના પેટા પ્રશ્નો લાગુ પડતા જ નથી અને એટલા માટે એ પ્રશ્નનો જવાબ નીલ છે...

અધ્યક્ષશ્રી : આપ બેસો, માનનીય મંત્રીશ્રી પ્રશ્નનો જવાબ આપી રહ્યા છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : પછી પેટા પ્રશ્ન ઉદ્ભવતા જ નથી. એ પેટા પ્રશ્ન લાગુ પડતા નથી. એ જે નવા પ્રશ્નો પુછાઇ રહ્યા છે એના માટે નવી નોટીસ જ આપવી પડે. આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ છે કે આવી કોઇ જમીન ફાળવવામાં આવેલી નથી. આનાથી વધારે કોઇ પ્રશ્ન હોઇ શકે જ નહિ.

અધ્યક્ષશ્રી : શ્રી પૂંજાભાઇ, આપની પાસે એવી કોઇ માહિતી હોય તો મને ચોક્કસ આપજો, પણ જ્યારે જમીન ફાળવવામાં જ નથી આવી.. (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે જમીન ફાળવવામાં જ આવેલી નથી પછી બીજા કોઇ નવા પ્રશ્નો તેમાં હોઇ શકે નહીં.

**નખત્રાણા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

*૩૯૭૭૨ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાની નખત્રાણા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૩૬૬.૨૦/- લાખ. |
| (૨) ઉક્ત રકમ ક્યા કામ માટે મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) ઉક્ત રકમ<br>(૧) ઓફીસ બિલ્ડીંગ<br>(૨) કંપાઉન્ડ વોલ<br>(૩) ઓકશન શેડ<br>(૪) ફાર્મર્સ ગોડાઉન<br>(૫) શોપ કમ ગોડાઉન<br>(૬) વે-બ્રિજ ઓફીસ<br>(૭) વે-બ્રિજ<br>(૮) આંતરીક પાકા રસ્તા<br>(૯) કોમન ટોઇલેટ અને બાથરૂમના કામ માટે મંજૂર કરવામાં આવેલ છે. |

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આજે ગુજરાતની સમગ્ર મહિલાઓ માટે ગૌરવનો દિવસ છે કે આજે ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે આપ અધ્યક્ષપદ સુશોભિત કરી રહ્યાં છો તે બદલ આપને હું ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું તેની સાથે ગુજરાતના નવનિયુકત મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને સર્વે નવનિયુકત મંત્રીશ્રીઓને પણ અભિનંદન પાઠવું છું. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણીજી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ અને તેમની સમગ્ર પૂર્વ મંત્રીશ્રીઓની ટીમે જે પાંચ વર્ષ સફળતાપૂર્વક ગુજરાતમાં પ્રજાલક્ષી કાર્યો કર્યા છે તેના બદલ...અંતરાય..

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવો.

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી આપની પાસે એક મિનિટ માગું છું. આજે એક મહિલા તરીકે ખરેખર મને ખૂબ ગૌરવનો અનુભવ થાય છે. કારણ કે.. અંતરાય..

અધ્યક્ષશ્રી : માનનીય માલતીબહેન, આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ફકત એક મિનિટ આપની પાસે માગું છું. આજે એક ...(અંતરાય).. મહિલાને જયારે અભિનંદન આપવા માગું છું...અંતરાય..

અધ્યક્ષશ્રી : માનનીય માલતીબહેન, આપ પેટા પ્રશ્ન ઉપર આવો.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપશ્રીના માધ્યમથી..અંતરાય..

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આપ બેસો, મેં તેમને ટકોર કરેલી છે. આપ પેટા પ્રશ્ન ઉપર આવો. (અંતરાય)..આપ બેસો સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે સભ્યશ્રીને પ્રશ્ન પૂછવા દો.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિઓમાં..અંતરાય..

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સૌ સદસ્યશ્રીઓ પ્રશ્નોત્તરીનો મહત્ત્વનો *(xxx) એટલું જ નહીં પણ માનનીય અધ્યક્ષશ્રીને કેવી રીતે હાઉસ ચલાવવું એ પ્રકારની વાત માનનીય વિપક્ષના સભ્યો કરે તે વાજબી પણ નથી. તમારે આમ કરવું જોઇએ, તમારે આમ કરવું જોઇએ આ પ્રકારનું વર્તન પણ આપને ઓર્ડર કરતા હોય તે પ્રકારનું વર્તન વિપક્ષના સભ્યોનું વાજબી નથી. હાઉસને ઓર્ડરમાં લેવા માટે આપને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, તેઓ આપને કહેતા હતાં કે આપ આ પૂછો, આપ આ કહો, આપ તેને આ કહો આપને અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રીની ચેર તેમની ગરિમા જાળવવાની આપણા સૌની જવાબદારી છે.

અધ્યક્ષશ્રી: આપ બેસો, પ્રશ્નોત્તરીનો સમય છે બીજી કોઇ ચર્ચા ના કરીએ, ધારાસભ્યશ્રીઓના અગત્યના પ્રશ્નો હોય છે તેને વ્યવસ્થિત જવાબ મળે તે જરૂરી છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપને એક મહિલા અધ્યક્ષ તરીકેના સ્થાન પર બિરાજવા બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન અને માનનીય મુખ્યમંત્રીને અને આખી ટીમને અભિનંદન. માનનીય વિજયભાઇ સાહેબ, માનનીય નીતિનભાઇ સાહેબ આખી ટીમે સૂચારૂ રીતે જે ગુજરાતને માર્ગદર્શન આપ્યું છે તે બદલ હું આખી ટીમને અભિનંદન પાઠવું છું. ...અંતરાય...

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આપ બેસો, કોઇ પૂર્વ ભૂમિકા ના બાંધે અને સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત લગભગ આ યોજના તા.૨૮-૧૨-૨૦૧૦ના રોજ અમલમાં આવી અને આ યોજનાથી જે સહકારી માળખું છે જે એપીએમસી અને બધુ છે તે સુદ્રઢ બને અને ખેડૂતોનો પાક અને બધુ સારી રીતે સચવાય રહે તેના માટે આ યોજના અમલમાં આવી. કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત બજાર સમિતિઓને કુલ-૩૭ પ્રકારની હેતુઓ માટેની સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવામાં આવે છે. હું આપને કહું કે જે રીતે વિકલ્પ છે એમાં ઓક્શન શેડ છે, લોડિંગ શેડ છે, પાર્કિંગ શેડ છે, ડ્રાયર શેડ છે. કોઇ પણ અનાજ ક્યાંક પલળી ગયું હોય તો ડ્રાય કરવા માટે પણ અલગ સુવિધા કરવામાં આવે છે. એવી જ રીતે માર્કેટ યાર્ડની દિવાલ અને ફેન્સિંગની સુવિધા, પાકા રસ્તા, આંતરિક રસ્તા, પેવર ફ્લોરિંગ, બાયો ગેસ સાથેનો સોલિડ વેસ્ટ ડિસ્પોઝેબલ પ્લાન્ટ, રૂમ સાથેનો વે-બ્રિજ, અનાજ, કઠોળ અને મસાલા સાફ કરવા માટેની સુવિધા પણ છે. વેજિટેબલ અને ફ્રુટ માટે કૉલ્ડ સ્ટૉરેજની સુવિધા પણ ઊભી કરવામાં આવે છે. ઓટૉમેટિક ડ્રાયર સેન્ટર અને બેલિંગ પ્રેસની સુવિધા પણ ઊભી કરવામાં આવે છે. દૂધ કલેક્શન સેન્ટરની પણ સુવિધા આપવામાં આવે છે. ફ્રુટ અને વેજિટેબલ માટેના પ્રાયમરી પ્રોસેસિંગ સેન્ટર, ગ્રેડિંગ, કિલનીંગ, વેક્સિંગ અને પેકિંગની સુવિધા માટે પ્રિ-કુલિંગ એકમો પણ બનાવવામાં આવે છે. ફ્રુટ એન્ડ વેજિટેબલ માર્કેટ માટે ફાર્મસી એન્ડ ટ્રેઇનિંગ સેન્ટર માટે શૌચાલય અને બાથરૂમ, કમ્પાઉન્ડ વૉલ અને એમ્બ્યુલન્સની સુવિધા પણ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે દેશના આજના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી દ્વારા સહકારી મંડળીઓ અને ખેડૂતોની ખેત પેદાશો માટે ખૂબ સુદ્રઢ વ્યવસ્થા આ કે.કે.વાય. યોજના દ્વારા કરવામાં આવી હતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને ટૂંકમાં પૂછવું છે કે, આ યોજનામાં રૂ.૩૬૬.૨૦ લાખ મંજૂર કર્યા હતા જે ૯ જેટલા કામ માટે મંજૂર કર્યા હતા. એમાંથી આજ પર્યંત કેટલો ખર્ચો બુક થયો છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ ખૂબ સરસ પ્રશ્ન પૂછ્યો છે કે સરકાર આ યોજના અંતર્ગત પૈસા મંજૂર કરે છે એ પૈસા સુદ્રઢ રીતે વપરાય એ માટે એક એન્જિનિયરની પેનલ બનાવવામાં આવે છે. એના પ્લાન મંજૂર થાય ત્યારબાદ એ પૈસા વપરાતા હોય છે. સરકાર એની દેખરેખ કરી રહી છે કે સરકારના નાણાં વ્યય ના જાય. અત્યારે પ્લાન બનાવવાની કામગીરી ચાલી રહી છે. ત્યારબાદ આ પૈસા વપરાશે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ શું સહાય આપવામાં આવે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોજેક્ટની કુલ રકમની ૫૦ ટકા રકમ અથવા પાંચ કરોડ રૂપિયા એ બંનેમાં જે મહત્તમ હોય એ મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

**રાજ્યમાં મગફળીના ટેકાના ભાવો**

*૪૦૪૨૯ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી ટેકાના ભાવે મગફળી ખરીદવાની કામગીરી કઇ નોડેલ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત વર્ષવાર મગફળીના ટેકાના ભાવ શા નક્કી થયેલ છે, અને

(૩) ઉક્ત વર્ષવાર ટેકાના ભાવે કેટલી મગફળી નોડેલ એજન્સી દ્વારા રાજ્યમાંથી ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ટેકાના ભાવે મગફળી ખરીદવાની કામગીરી ભારત સરકારશ્રીની સેન્ટ્રલ નોડેલ એજન્સી નાફેડ દ્વારા રાજ્ય નોડેલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રી દ્વારા મગફળી માટે જાહેર થયેલ ટેકાના ભાવો નીચે મુજબ છે.

| **વર્ષ** | **મગફળીનો ટેકાનો ભાવ (રૂ./કિવ.)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૨૭૫ |
| ૨૦૨૧-૨૨ | ૫૫૫૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની સેન્ટ્રલ નોડેલ એજન્સી નાફેડ દ્વારા રાજ્યમાં ટેકાના ભાવે ખરીદાયેલ મગફળીની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **ટેકાના ભાવે ખરીદાયેલ મગફળીનો જથ્થો (મે.ટન)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૫૦૦૫૪૬ |
| ૨૦૨૦-૨૧ | ૨૦૨૫૯૧ |

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજનો મારો પ્રશ્ન સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે ખૂબ અગત્યનો છે. એમાં થોડા સૂચનો પણ છે અને મારે સરકારનું ધ્યાન દોરવું છે. એમ.એસ.પી. (ટેકાના ભાવ)ની ખરીદીમાં સમગ્ર ગુજરાતમાં નાફેડ દ્વારા એફ.એ.ક્યુ. (Fair average quality)ની ગુણવત્તાની ગાઇડલાઇન નક્કી કરવામાં આવે. અત્યારે વરસાદ આવ્યો છે અને મગફળી હજી ખેતરમાં જ છે. મગફળી કલમથી કાઢવાની થાય પણ હજી સુધી પાણી ભરેલું છે એટલે કાઢી શકાતી નથી. આથી એના દાણા ડેમેજ થાય. જો નાફેડની એફ.એ.ક્યુ.ની ગાઇડલાઇનમાં થોડો ફેરફાર થાય તો ખેડૂતોને ઘણો ફાયદો થાય. નાફેડની ક્વૉલિટીની જે ગાઇડલાઇન છે એમાં સોના જેવી એટલે કે બિયારણમાં ચાલે એવી મગફળી લેવામાં આવે છે. એમાં થોડો ફેરફાર કરવામાં આવે છે. મારો પ્રશ્ન એ છે કે વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ આ બંને વર્ષમાં ગુજરાતમાં કુલ કેટલી મગફળીનું ઉત્પાદન થયું અને ટેકાના ભાવે કેટલી ખરીદી કરવામાં આવી એનો ટકાવારીમાં મને જવાબ મળે. સરકાર દ્વારા આ બે વર્ષમાં જે મગફળીની ખરીદી કરવામાં આવી છે એ સરકાર દ્વારા મણના હિસાબે શું ભાવે વેચવામાં આવી અને એમાં સરકારને કેટલો નફો થયો એનો જવાબ આપવામાં આવે. સરકાર દ્વારા ખેડૂતોની જે મગફળી લેવામાં આવે છે એમાં મારું એક ખાસ સૂચન છે. અત્યારે જો સરકાર ખેડૂતોની મગફળી ખરીદી અને પોતે રીફાઇન કરે તો આ તેલિયા રાજાઓની શાન પણ ઠેકાણે લાવી શકીશું, ખેડૂતોને ફાયદો થશે અને ગરીબ માણસને સસ્તું તેલ મળશે. આવું મારું સૂચન છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે તે આ મુજબ છે. વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ દરમિયાન ગુજરાતમાં મગફળીનું થયેલ ઉત્પાદન અને ટેકાના ભાવે ખરીદ થયેલ જથ્થાના ઉત્પાદનના પ્રમાણમાં ટકાવારીની વિગતો. વર્ષ ૨૦૧૯-૨૦માં મગફળીનું અંદાજિત ઉત્પાદન ૩૧,૮૯,૩૮૫ મેટ્રિક ટન અને ઉત્પાદનના પ્રમાણમાં ખરીદીની ટકાવારી ૧૫.૬૯ ટકા થઈ હતી અને વર્ષ ૨૦૨૦-૨૧માં મગફળીનું ઉત્પાદન અંદાજિત ૫૪,૬૫,૦૦૦ મેટ્રિક ટન થયું હતું અને ખરીદીની ટકાવારી ૩.૭૦ ટકા થઈ હતી. માનનીય સભ્યશ્રીએ ખરીદ કરેલી મગફળી ૨૦ કિ.ગ્રા. પ્રમાણે વહેંચી અને કુલ કેટલો નફો થયેલ છે તેની માહિતી માગેલ છે ત્યારે માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું કે, આ કામગીરી ભારત સરકારના NAFED હસ્તકની છે એટલે એની વિગતો આપણી પાસે ઉપલબ્ધ ન હોઈ પણ ત્રીજી વાત કરી એ એમનું સૂચન છે અને યોગ્ય સમયે એ સૂચન ઉપર અમે વિચારણા કરીશું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી.

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ગીતાબા જાડેજા.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સિંગતેલ અને કપાસિયા તેલ... (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમના પ્રશ્નનો જવાબ આવી ગયો છે એટલે એ નથી પૂછતાં. માનનીય ગીતાબા જાડેજા પૂછે છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સિંગતેલ અને કપાસિયા તેલ પામોલિન તેલના ભાવના મોનિટરિંગ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા તંત્ર રાખવામાં આવેલ છે કે કેમ?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને વિનંતી કે પ્રશ્ન ફરીથી પૂછે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સિંગતેલ, કપાસિયા તેલ, પામોલિન તેલના ભાવના મોનિટરિંગ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા તંત્ર રાખવામાં આવેલ છે કે કેમ?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર ટેકાના ભાવે છેલ્લા બે વર્ષમાં ખરીદ કરેલ મગફળીની વિગતો માટેનો છે એટલે આ પ્રશ્ન અહીં ઉપસ્થિત થતો નથી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો છે કે, ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કેટલી મગફળી ખરીદવાનું આયોજન છે? અને ક્યારથી રજીસ્ટ્રેશન કરવા માગો છો? અને ક્યારથી ખરીદી શરૂ કરશો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષ એટલે કે ૨૦૨૧-૨૨માં ૧૦ લાખ ટન મગફળી ખરીદવાની દરખાસ્ત ભારત સરકારને કરેલ છે અને ચાલુ વર્ષે લાભ પાંચમથી ખરીદ કરવાનું આયોજન છે. જેનું રજીસ્ટ્રેશન ૧લી ઓક્ટોબરથી શરૂ કરવામાં આવનાર છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું છે કે, MSP છેલ્લા બે વર્ષમાં નજીવો વધારો થયો છે. ભારત સરકારના વડાપ્રધાન અને આ ગૃહના મુખ્યમંત્રીશ્રી વર્ષ ૨૦૨૨માં ડબલ આવક કરવા માટેની વાતો કરી રહ્યા છે. માત્ર ત્રણ મહિના બાકી છે ત્યારે શ્રી રાઘવજીભાઇ, આપ તો બહુ અનુભવી છો. ખેડૂતો માટે ચિંતા કરનારા વ્યકિત તરીકે કૃષિમંત્રી બન્યા છો તે બદલ હું અભિનંદન આપું છું. વર્ષ ૨૦૨૨માં ડબલ આવક કરવા માટે ખેડૂતોના મગફળીના ભાવ વધારવા માંગો છો કે કેમ? આ એમ.એસ.પી. વધારવાની વાત કરું છું અને અત્યારે ખેડૂતોની જે મગફળી વરસાદને કારણે સુકાઇ ગઇ છે એના માટે આપને પણ પત્રથી રજૂઆત કરી છે. એમ.એસ.ઓ.એ પણ જણાવ્યું છે કે ખેડૂતોની આવક ૪૬ ટકાને બદલે ૩૮ ટકા થઇ છે. નોટબંધીને કારણે હિંદુસ્તાનનો ખેડૂત મર્યો છે આવું કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે ત્યારે તમે આ ખેડૂતોની મગફળીના એમ.એસ.પી. ભાવ વધારો કરીને છેલ્લા બે વર્ષમાં ઓછી મગફળી ખરીદી છે તેની વધારે ખરીદી કરવા માંગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને જણાવું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં મગફળીના ટેકાના ભાવની ખરીદીનો ભાવ રૂ. ૫૨૭૫ હતો, ચાલુ વર્ષે રૂ. ૫૫૫૦ છે અને સરકાર વખતોવખત ભાવ વધારો કરતી જ રહે છે. અહીંથી કૃષિના નિષ્ણાંતો, રાજ્ય સરકાર, રાજ્ય ભાવપંચ જે દરખાસ્તો મોકલે એને સમગ્ર દેશના પરિપ્રેક્ષ્યમાં એની વિચારણા કરી અને સેન્ટ્રલનું કૃષિ ભાવપંચ અને કૃષિ ખાતું સમયસર ટેકાના ભાવો નક્કી કરે છે એટલે ઓછા ભાવ નક્કી કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજના શુભ દિવસે અધ્યક્ષ બનવા માટે આપને અભિનંદન આપું છું. તેવી જ રીતે નવી સરકારના નેતા શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને મંત્રીમંડળને અભિનંદન આપું છું. આપના મારફત હું પ્રશ્ન પૂછવા માંગુ છું કે, વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦-૨૧ દરમિયાન મગફળીના ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોની નોંધણીનો અને ખરીદીનો સમય શું હતો? અને કેટલા ખેડૂતોએ નોંધણી કરાવેલ છે અને કેટલા ખેડૂતોની મગફળી ખરીદવામાં આવેલ છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મગફળીની ખરીદીનું કામ, એની નોંધણીનું કામ ૧લી ઓક્ટોબરરથી શરૂ થવાનું છે અને લાભપાંચમથી મગફળીની ખરીદી થવાની છે. વર્ષ ૨૦૧૯-૨૦માં નોંધણીનો સમયગાળો તા.૦૧-૧૦-૧૯ થી તા. ૩૧-૧૦-૧૯નો હતો. ખરીદીનો સમયગાળો તા. ૦૧-૧૧-૧૯ થી તા. ૧૩-૦૨-૨૦નો હતો. નોંધણી થયેલ ખેડૂતોની સંખ્યા ૪,૭૧,૪૬૦ હતી. ખરીદીના લાભાર્થી ખેડૂતોની સંખ્યા ૨,૪૨,૦૯૩ હતી, એવી જ રીતે વર્ષ ૨૦૨૦-૨૧માં નોંધણીનો સમયગાળો તા. ૦૧-૧૦-૨૦ થી તા. ૨૦-૧૦-૨૦ નો હતો. ખરીદીનો સમયગાળો તા. ૨૬-૧૦-૨૦ થી તા. ૨૩-૦૧-૨૧નો હતો. નોંધણી થયેલ ખેડૂતોની સંખ્યા ૪,૭૦,૩૭૭ હતી. ખરીદીના લાભાર્થી ખેડૂતોની સંખ્યા ૧,૯૦,૬૫૨ હતી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો આપને તથા નવી સરકારને ખૂબ ખૂબ અભિનંદન. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે, ગયા વખતે જે નોંધણીનો સમય હતો, જે નોંધણીની પ્રક્રિયા છે એ એટલી બધી અટપટી છે કે ખેડૂતો ગામડાની અંદર આ નોંધણી કેવી રીતે કરાવી શકે? શ્રી રાઘવજીભાઇ પણ અનુભવી છે. ખેડૂતોના એકેએક પ્રશ્ન જાણે છે. ગયા વખતે મારા વિસ્તારમાં એટલી બધી ફરિયાદો હતી કે પૂરી નોંધણી ન થઇ શકી. જે મગફળી લીધી છે એનું પેમેન્ટ એટલું બધું મોડું મળ્યું કે બીજી સીઝનની અંદર ખેડૂતો પોતાનો પાક વાવી ન શક્યા. માપણીની અંદર પણ તોલમાપમાં

એટલી બધી *(xxx) હતી. મેં એમની પણ ફરિયાદો કરી છે. નવી ખરીદી કરવા માટે તમે જ્યારે પ્રક્રિયા કરો છો એમાં સુધારા–વધારા કરીને ખેડૂતો માટેની સરળ પધ્ધતિ સમયસર પૈસા એમને મળે અને તોલમાપની અંદર કોઇ છબરડા ન થાય એવી વ્યવસ્થા કરવા માંગો છો કે નહીં?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો માન. સભ્યશ્રીના કહેવા મુજબ નોંધણીમાં ગોટાળા થાય છે.

હકીકતે નોંધણી ખેડૂત આઇ પોર્ટલ ઉપર ઓનલાઇન થાય છે, એમાં ગોટાળાને કોઇ અવકાશ નથી. બીજી વાત માનનીય સભ્યશ્રીએ જે કરી કે તોલમાપમાં *(xxx) થાય છે. છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના પુરવઠા નિગમ દ્વારા આ કામગીરી થાય છે અને એકપણ ફરિયાદ તોલમાપમાં *(xxx) થવાની નથી. બાકી માનનીય સભ્યશ્રીએ જે સૂચનો કર્યા કે પેમેન્ટ સમયસર થાય એના માટે રાજ્ય સરકાર સતત ચિંતિત છે. રાજ્ય સરકાર ૧૫ ટકા રિવોલ્વીંગ ફંડ આપી અને ૭ થી ૧૫ દિવસના ગાળા દરમિયાન ખેડૂતને મગફળી વેચ્યા પછી પેમેન્ટ મળી જાય એવી રીતનું આયોજન કર્યું છે અને એવું જ આયોજન ભવિષ્યમાં પણ કરશે.

અધ્યક્ષશ્રી: માનનીય શ્રી અમિતભાઇ ચાવડા.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતોને આમ તો માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨ સુધી આવક બમણી થઇ જાય એવું વચન આપ્યું છે અને આજે હવે વર્ષ ૨૦૨૨ આવવામાં લગભગ ૩–૪ મહિનાનો જ સમય બાકી રહ્યો છે. ત્યારે ખેડૂતો રાહ જોઇને બેઠા છે અને બીજી બાજુ આપણે સૌ જાણીએ છીએ કે, ગત વર્ષોમાં જયારે મગફળી ખરીદીની વાત આવી ત્યારે ખરીદી બાદ એમાં ધૂળ અને ઢેફા મળ્યાના અનેક દાખલાના પુરાવા આપ્યા હતા, એના કારણે કૌભાંડોને છૂપાવવા માટે ગોડાઉનોમાં આગ પણ લગાવવામાં આવી હતી. એની ખરીદી કરવામાં વહાલા દવલાની નીતિ પણ થઇ હતી. જે બારદાન હતા એમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો હતો ત્યારે આખા ગુજરાતના ખેડૂતો અને અમારા સૌની લાગણી છે કે જયારે તમે આવતી લાભપાંચમથી નવી ખરીદી કરવા જઇ રહયા છો ત્યારે આ જાતનું કોઇપણ કૌભાંડ ફરી ન થાય કારણ કે, પાછલા ૪ હજાર કૌભાંડના અનેક પુરાવા આપ્યા, અનેક રજૂઆતો થઇ તેમ છતાં આજદિન સુધી એના ઉપર કોઇ કાર્યવાહી થઇ નથી. તો ભવિષ્યમાં આવું ન થાય એ માટે કોઇ તકેદારી રાખવા માંગો છો કે કેમ? અને આ જે મગફળીની ખરીદી કરવામાં આવી છે એની માટે રાજ્ય સરકાર તરફથી કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે ચૂકવણી છે એ ભારત સરકારની એજન્સી છે નાફેડ, એ નાફેડ ગુજરાત સરકારની એજન્સી પુરવઠા નિગમને ફંડ આપે છે એટલે આ પૈસાની જે વાત છે એમાં ટોટલી ભારત સરકારની ગ્રાન્ટના ધોરણે આ ખરીદી થાય છે. બીજી વાત છેકે માનનીય સભ્યશ્રી જે વાત કરે છે કે કૌભાંડો થાય છે. રૂપિયા ૪ હજાર કરોડનો ભ્રષ્ટાચાર થયો છે. આ વાત સાહેબ સદંતર ખોટી છે. ભૂતકાળમાં આવા બનાવો બન્યા હતા એની તપાસો પણ થઇ છે અને એકપણ બાબત પુરવાર થઇ નથી. છેલ્લા બે વર્ષમાં એકપણ ફરિયાદ થઇ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી: માનનીય અમિતભાઇ, માનનીય અમિતભાઇ, મંત્રીશ્રી જવાબ આપે છે પૂરો થાય પછી આપ પૂછો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં કોઇ ફરિયાદ સત્તાવાર રેકર્ડ ઉપર થઇ જ નથી. ભૂતકાળની વાત હોય તો હું જાણતો નથી. પણ છેલ્લા બે વર્ષમાં આ પ્રશ્ન પણ (અંતરાય) બે વર્ષનો છે.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. પ્લીઝ, શ્રી અમિતભાઇ, આપ બેસો. એમનો જવાબ પૂરો થવા દો . પછી એમનો જવાબ તો પૂરો થવા દો. તમે જે વાત કરી છે એનો જવાબ તો આપશે ને, આપવા દો ને જવાબ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં બે વર્ષની વિગતો માગી છે, એનાથી આગળની વિગતો મારી પાસે ન હોય તે સ્વાભાવિક છે. ટેકાના ભાવે મગફળીની જો ખરીદી વર્ષ ૨૦૨૦–૨૧ની વિગતો એમને જોઇતી હોય તો હું એમને ખરીદીની વિગતો ચૂકવણી સહિતની જિલ્લાવાર આપવા માટે તૈયાર છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ૪ (સતત અંતરાય) એમને જવાબ આપી દીધો છે. આપણે ખૂબ લાંબો પ્રશ્ન ચલાવ્યો છે. પ્રશ્ન ક્રમાંક–૪. બીજા સભ્યોના પણ પ્રશ્નો આવવા જોઇએને, (સતત અંતરાય) આપ બેસો, આપ બેસો, આપ બેસો, હજી સુધી ત્રણ જ પ્રશ્નો થયા છે, બીજા પ્રશ્નો પણ આપણે લેવાના છે. પ્લીઝ આપ બેસો. માનનીય શ્રી પરેશભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું હું ખાલી ધ્યાન દોરવા માગું છું. ગૃહના સભ્યશ્રી હર્ષદભાઇ જે પ્રશ્ન લઇને આવ્યા, બેન ચિંતા એ હતી કે,

શ્રી પરેશ ધાનાણી : આપણે આવક બમણી કરવાનું સપનું દેખાડયું પણ એ નિષ્ફળ નીતિઓના કારણે ખેડૂતોની આવક અડધી થઇ ગઇ દેવું બમણું થઇ ગયું.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી :મોંઘવારી ચાર ગણી વધી છે. કૃષિ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ નથી મળતા, ગ્રાહકોને કાંઇ સસ્તું નથી મળતું. તો આ વચ્ચેથી મલાઇ કોણ તારવી જાય છે, એની ગૃહને ચિંતા છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો. માનનીય પરેશભાઇ આપ પ્રશ્ન પર આવો.

શ્રી પરેશ ધાનાણી :આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ટેકાના ભાવે ખરીદીમાં ખુલ્લી બજારની અંદર ખેડૂતોનો ગુણવત્તાયુકત માલ ઇરાદાપૂર્વક મળતીયાઓ રીજેકટ કરી દે છે. ત્યાર પછી એ જ રીજેકટ થયેલો માલ મેળાપીપણામાં પાણીના ભાવે લૂંટી લે છે અને એનો એ જ માલ ટેકાના ઉંચા ભાવે સરકારી ગોડાઉનોમાં ભરાય છે. આમ છતાં ગોડાઉનમાંથી મગફળીની જગ્યાએ માટી, પથ્થર અને કાંકરા મળે છે.

અધ્યક્ષશ્રી: આપ સીધા પ્રશ્ન પર આવો. શ્રી પરેશભાઇ, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભૂતકાળમાં તમે કહ્યું કે ૨૦૧૯-૨૦ માં  ૧૫ ટકા ખરીદી કરી. ૨૦૨૦-૨૧ માં ૩.૭૦ ટકા ખરીદી કરી. ટેકાના ભાવે ખરીદીનો કાયદો, તમામ કૃષિ ઉપજોને ટેકાના ભાવે ખરીદીનો કાયદો ગુજરાત વિધાનસભામાં સરકાર લાવવાની છે કે નહીં?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય સભ્યશ્રીનું સૂચન છે. બીજી વાત એમણે જે કરી કે ટેકાના ભાવે મગફળી ઓછી ખરીદાઇ, જયારે બજારમાં ખેડૂતોને મગફળીના પૂરતા ભાવ મળતા હોય ત્યારે સ્વાભાવિકપણે ટેકાના ભાવે મગફળી વેચવા માટે ખેડૂતો ન આવે. ટેકાનો ભાવ તો એટલા માટે છે કે બજારમાં જયારે ભાવ નીચા જાય ત્યારે ખેડૂતોને આર્થિક નુકસાન ન જાય, એટલા માટે સરકાર આ ટેકાના ભાવે મગફળી ખરીદી કરી  ખેડૂતોને મદદરૂપ બને છે.

અધ્યક્ષશ્રી: પ્રશ્ન ક્રમાંક -૪. શ્રી પરેશભાઇ, આપ બેસો.

### મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં અકસ્માતો અટકાવવા બાબત

*૪૦૪૫૬ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને અમદાવાદ શહેર અને જિલ્લામાં બાંધકામ સાઇટ ઉપર કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને આ અકસ્માતોમાં કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

**જવાબ**

(૧) તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦ સ્થિતિએ

| | **પ્રાણઘાતક અકસ્માત** | **શ્રમયોગી મૃત્યુ** |
|---|---|---|
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૦૧ | ૦૧ |
| અમદાવાદ શહેર | ૦૬ | ૦૯ |
| અમદાવાદ જિલ્લો | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૭** | **૧૦** |

તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧ સ્થિતિએ

| | **પ્રાણઘાતક અકસ્માત** | **શ્રમયોગી મૃત્યુ** |
|---|---|---|
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૦૨ | ૦૨ |
| અમદાવાદ શહેર | ૦૮ | ૦૯ |
| અમદાવાદ જિલ્લો | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૦** | **૧૧** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) સદરહુ પ્રાણઘાતક અકસ્માતોમાં સરકાર દ્વારા ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વીસ) રૂલ્સ-૨૦૦૩ હેઠળ અમદાવાદ શહેરમાં સંસ્થા તથા સંસ્થાના માલિક સામે કુલ બસ્સો ચોવીસ (૨૨૪) કેસો કરેલ છે અને મહેસાણા જિલ્લામાં સંસ્થા તથા સંસ્થાના માલિક સામે કુલ સોળ (૧૬) કેસો કરેલ છે.

(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ?

(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વીસ) રૂલ્સ-૨૦૦૩ હેઠળ  કાર્યવાહી કરવામાં આવેલ છે તથા બાંધકામ

સંસ્થાને બાંધકામ શ્રમયોગીઓની સલામતી માટે તકેદારી રૂપ પગલા લેવા સુચના આપેલ છે. જ્યાં બાંધકામ શ્રમયોગીઓના જીવને તાત્કાલિક જોખમી જણાય તેવી બાંધકામ સાઇટો પર જ્યાં સુધી સલામતિની જોગવાઇ ન કરવામાં આવે ત્યાં સુધી બાંધકામ પ્રવૃત્તિ ન કરવા મનાઇ હુકમ આપેલ છે.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે જવાબ આપ્યો છે. તેમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં જે પ્રાણઘાતક અકસ્માતો થયા છે, મહેસાણામાં – ૩ અને અમદાવાદમાં –૧૪. એમાં બાંધકામ સાઇટની મુલાકાત અકસ્માત પહેલાં જવાબદારો દ્વારા લેવામાં આવેલ કે કેમ, મારો બીજો પ્રશ્ન છે મુલાકાત દરમ્યાન ક્ષતિઓ, ખામીઓ, બાંધકામ સાઇટ પર જણાયેલી હોય તો અકસ્માત થયેલ તે પૈકી બાંધકામ સાઇટ સામે શાં પગલાં ભરવામાં આવ્યાં, મારો ત્રીજો પ્રશ્ન છે કે બાંધકામ સાઇટ પર થયેલ અકસ્માતમાં મહેસાણામાં –૩ અને અમદાવાદમાં– ૧૮ શ્રમયોગીનાં જે મૃત્યુ થયાં છે, તે પૈકી કેટલા શ્રમયોગીના વારસદારોને કેટલી સહાય ચૂકવવામાં આવી? અને શ્રમયોગીના વારસદારોને સહાય ચૂકવવાની બાકી છે, તો કયારે ચૂકવવામાં આવશે?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે શ્રમિકો માટેનો. ગરીબોના બેલી નરેન્દ્રભાઇ મોદી પ્રધાનમંત્રીશ્રીએ (અંતરાય) આજે શ્રમિકોને શ્રમયોગી તરીકે નવાજ્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પહેલી જ કેબિનેટમાં અમને સૌને સૂચના આપેલી કે એક પણ મજૂર કે એક પણ શ્રમિકનું કે શ્રમયોગીનું કયાંય અકસ્માતે કે કેન્ટ્રાકટરની બેદરકારીથી મૃત્યુ ન થવું જોઇએ. માનનીય સભ્યશ્રીઓના નમ્ર ધ્યાને મૂકું કે પૂર્વ મુખ્યમંત્રીશ્રી સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી શ્રમ અને રોજગાર વિભાગનો હવાલો સંભાળતા હતા ત્યારથી જ એમણે આ બાબતે ચિંતા સેવી છે. અમારા પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી અભ્યાસુ કર્મઠ શ્રી નીતિનભાઇએ પણ આ બાબતે સતત જાગૃતિ કેળવી છે, હવે રહી વાત સભ્યશ્રીના પ્રશ્નની તો સમાયાંતરે અમારા જે નિરીક્ષક છે, જે શ્રમ વિભાગના ઇન્સપેકટર છે, એ સાઇટોની વિઝિટ કરતા હોય છે. શ્રમિકોને અકસ્માતાના કારણે જે વળતર આપવાનું થતું હોય છે, એ વળતર શ્રમિકના વાલી જો કોર્ટમાં જાય તો કોર્ટ દ્વારા થતું હોય છે અને આમ અમારો શ્રમ અને રોજગાર વિભાગ એમાં મધ્યસ્થી કરીને શ્રમિકોને જે ગુમાવનાર છે એના પરિવારને સહન કરવાનું ન આવે, તો અમે એમાં એકસ ગ્રેસીયા એમને વળતર મળે એ માટે ભૂમિકા ભજવતા હોઇએ છીએ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા શહેર અને મહેસાણા જિલ્લો તેમજ અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં બાંધકામ સાઇટ ઉપર કેટલા અકસ્માતથી મૃત્યુ થયા અને તેના માટે કેટલી સંસ્થાઓ ઉપર કેટલા કેસ કરવામાં આવ્યા?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તેમાં સમયગાળો છે તા. ૧–૦૮–૨૦૧૯ થી તા.૩૧–૦૭–૨૦૨૧, તો એ સમય ગાળાની સ્થિતિએ મહેસાણા શહેરમાં બાંધકામ સાઇટ ઉપર મૃત્યુ પામનાર શ્રમિકોની સંખ્યા ઝીરો, ચીફ ઇન્સ્પેકટર ઓફ ઇન્સ્પેકશન સમક્ષ દાખલ થયેલ કેસોની સંખ્યા ઝીરો, જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં દાખલ કેસોની સંખ્યા ઝીરો, આ શ્રમિકોની રખેવાળી કરીએ છીએ તેનું પરિણામ છે. મહેસાણા જિલ્લામાં મૃત્યુ પામનારની સંખ્યા ૩, ચીફ ઇન્સ્પેકટર સમક્ષ દાખલ થયેલ કેસોની સંખ્યા ૬, કોર્ટમાં દાખલ થયેલ કેસોની સંખ્યા ૧૦, કુલ કેસો ૧૬, અમદાવાદ શહેરમાં ૧૮ મૃત્યુ પામેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા, ચીફ ઇન્સ્પેકટરે દાખલ કરેલા કેસોની સંખ્યા૧૪૪, અને કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા ૮૦, કુલ સંખ્યા ૨૨૪, એ જ રીતે અમદાવાદ જિલ્લામાં સાઇટ ઉપર મૃત્યુ પામનાર શ્રમિકોની સંખ્યા ઝીરો, ચીફ ઇન્સ્પેકટર ઓફ ઇન્સ્પેકશને દાખલ કરેલ કેસોની સંખ્યા ઝીરો, કોર્ટમાં દાખલ કેસોની સંખ્યા પણ ઝીરો અને કુલ કેસોની સંખ્યા પણ ઝીરો, આ રીતે અમારી કામ કરવાની પદ્ધતિ છે અને શ્રમ અને રોજગાર વિભાગ શ્રમિકો માટે સતત ખેવના કરનાર વિભાગ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સરળ પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને પૂછયો હતો. વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં થયેલા મૃત્યુ કેટલા, હવે વર્ષ ૨૦૧૯–૨૦માં શ્રમિકોના મૃત્યુ ૧૦ થયા છે અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૧ મૃત્યુ થયા છે. એટલે છેલ્લા બે વર્ષમાં ૨૧ શ્રમિકોના મૃત્યુ થયા છે. માનનીય મંત્રીશ્રી વાહવાહ લઇ રહ્યા છે અને કહે છે કે એક પણ કેસ પેન્ડીંગ નથી, હવે કેસ કરવાનો કોના ઉપર હોય? કેસ બિલ્ડર ઉપર કરવાનો હોય છે અને તેના ઉપર કેસ કરવામાં આવે છે. અને સરકાર એમ કહેતી હોય કે એક પણ કેસ પેન્ડીંગ નથી તો તેનો મતલબ એમ થાય કે બધા બિલ્ડરો નિર્દોષ છે અને શ્રમજીવીઓ દોષિત છે, આવું પુરવાર થાય. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે માહિતી જોઇએ છે. એક તો શ્રમયોગી યોજના હેઠળ બાંધકામ શ્રમયોગી યોજનાનું ફંડ છે તેની રકમ કેટલી છે? અને જે ૨૧ શ્રમિકોના મૃત્યુ થયા છે તે લોકોને કેટલું વળતર તમે ચુકવ્યું? તમે કહો છો કે કોર્ટમાં કેસ થાય, તેનો ચૂકાદો આવે અને ચૂકાદો આવ્યા પછી ફંડ આપવામાં આવે છે. આપે જવાબમાં કહ્યું કે કોઇ કેસ પેન્ડીંગ નથી તો આ ૨૧ માંથી કેટલા લોકોને મૃત્યુ પેંટે કેટલી સહાય ચૂકવી અને કેટલું ફંડ આજની તારીખમાં આ બાંધકામ શ્રમિક યોજના હેઠળ સરકાર પાસે છે?

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારનો મુદ્રાલેખ છે કે કોઇ ચમરબંધીને છોડવામાં આવતા નથી. કસૂરવાનને બક્ષવામાં આવતા નથી. રહી વાત માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે તે અંગેની, તો હું કહેવા માગું છું કે મહેસાણા શહેરમાં જે વળતર ચૂકવવાની વાત છે એમાં મહેસાણા શહેર અને જિલ્લામાં કુલ ૧૯,૮૩,૨૪૦ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું છે. એ જ રીતે અમદાવાદ શહેરમાં પણ અકસ્માતથી મૃત્યુ પામનાર બાંધકામ શ્રમિકોની ૧૮ની સંખ્યા છે તેની સામે ૨,૨૫, ૦૦,૫૭૫ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું છે અને જે રીતે અમે કામ કરીએ છીએ તે કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ અમે કાર્યવાહી કરતા હોઇએ છીએ. રજિસ્ટર્ડ અને અનરજિસ્ટર્ડ કોન્ટ્રાકટરની સાઇટ ઉપર અમારા ઇન્સ્પેકટરો જતા  હોય છે. ત્યાં શ્રમિકો માટે સેનીટેશનની વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા, પતરાના શેડ હોય કે ગ્રીન શેડની વ્યવસ્થા છે કે કેમ તે ઇન્સ્પેકશન કરીને એ વ્યવસ્થા ન હોય તો ઝીણી ઝીણી બાબતોમાં પણ અમે પગલાં ભરતા હોઇએ છીએ.  માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં રહેમરાહે રૂપિયા ૧૨ લાખ ૨૫ હજારની સરકારની દરમિયાનગીરીથી રકમ ચૂકવી છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી...

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળ્યો નથી.

અધ્યક્ષશ્રી : મેં ડો. આશાબહેનનું નામ બોલી દીધું છે એમનો પ્રશ્ન પૂરો થાય એટલે તમને તક આપીશ.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીના મંદિરમાં આપની વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાંધકામ સાઇટ ઉપર પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં શ્રમિકોને કયા ધોરણે વળતર ચૂકવવામાં આવે છે?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય  સભ્યશ્રી આશાબહેનનો જવાબ આપું એ પહેલા માનનીય શૈલેષભાઇ અનુભવી છે સુશિક્ષિત છે. આ ગૃહમાં વર્ષોથી એ પોતે ગૃહના સભ્ય તરીકેનું પદ શોભાવે છે ત્યારે એમને પ્રાથમિક જ્ઞાન હોવું જોઇએ કે બાંધકામનો શેષ છે એમાંથી જે રકમ આવે એના ફંડમાંથી વળતર માટેની જોગવાઇ કરતાં હોઇએ છીએ. આ પ્રશ્નને એ રીલેટેડ બાબત નથી તેમ છતાં એક અભ્યાસુ મંત્રી તરીકે આપના પ્રશ્નનો ડંકાની ચોટ ઉપર જવાબ આપું છું. માનનીય સભ્યશ્રી આશાબહેને પ્રશ્ન પૂછયો એમાં બાંધકામ સાઇટ ઉપર પ્રાણઘાતક અકસ્માતમાં શ્રમિકનું મોત થાય તો કયા ધોરણે વળતર ચૂકવાય છે. વિપક્ષના નેતાશ્રી અને ઉપનેતાશ્રીના નમ્ર ધ્યાને એ વાત મૂકું કે બાંધકામ સાઇટ ઉપર થતા અકસ્માતના કિસ્સામાં બાંધકામ શ્રમયોગીના વારસદારને કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વળતર બે રીતે ચૂકવવામાં આવે છે. એક જો બાંધકામ સાઇટ રાજય વીમા અધિનિયમન ૧૯૪૮ના નોટિફાઇડ એરિયામાં આવતી હોય તો પ્રાણઘાતક અકસ્માતોની જાણ બાંધકામ કરતી સંસ્થા દ્વારા કામદાર રાજય વીમા અધિનિયમની કચેરીને જો કરવામાં આવે તો કામદાર રાજય કામદાર વીમા અધિનિયમન કચેરી દ્વારા જરૂરી દસ્તાવેજો ચકાસ્યા બાદ કામદારના કાયદેસરના વારસદારને માસિક પેન્શનની બાંધણી કરવામાં આવે છે. નંબર–૨ જો બાંધકામ સાઇટ કામદાર રાજય વીમા અધિનિયમ,૧૯૪૮ના નોટિફાઇડ એરિયામાં ન આવતી હોય તો કામદારના વારસદારો દ્વારા લેબર કોર્ટમાં વળતર કમિશનર સમક્ષ અરજી રજૂ કરવામાં આવે તો વળતર કમિશનર દ્વારા કામદાર  વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વળતર નક્કી કરીને સંસ્થા દ્વારા નક્કી થયેલ  રકમ લેબર કોર્ટમાં જમા થયેથી કાયદેસરના વારસદારને ચૂકવવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો પ્રશ્ન એ હતો કે બાંધકામ શ્રમિક બોર્ડમાં કેટલું ફંડ છે? માનનીય બ્રિજેશભાઇ અમે જાણીએ છીએ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇપણ ચમરબંધીને છોડતી નથી એનું ઉદાહરણ અમે નજીકમાં જોયું છે એ કહેવાની જરૂર નથી.

### રાજ્યમાં દારૂની નવી પરમીટો/રીન્યુ કરવા બાબત

*૪૦૩૭૫ **શ્રી શીવાભાઈ ભૂરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ તા.૦૭–૦૩–૨૦૧૯ના ગૃહ વિભાગના જાહેરનામાંથી દારૂની નવી પરમીટો મેળવવા અને રીન્યુ માટે અરજી ફી વસૂલવામાં આવતી નથી તે હકીકત સાચી છે, | (૧) ગૃહ વિભાગના તા.૩૦–૧૦–૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંકઃ GG/85/2018/VDR/10/2017/654/E-1 થી અરજી ફી ના બદલે પ્રોસેસ ફી રૂ.૨૦૦૦/– અને મેડીકલ એક્ઝામીનેશન ફી રૂ.૨૦૦૦/– નિયત થયેલ છે. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત જાહેરનામા પહેલાં રાજ્યમાં દારૂની નવી પરમીટો મેળવવા અને રીન્યુ માટે અરજી ફી કેટલી વસૂલવામાં આવતી હતી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શીવાભાઇ અ. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૦–૧૦–૨૦૧૮ના જાહેરનામા મુજબ અરજી ફીના બદલે પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે તે પહેલાં દારૂની નવી પરમીટ મેળવવા અને રીન્યુ કરવા માટે અરજીની કેટલી ફી વસૂલવામાં આવતી હતી?  અરજી ફી વસૂલવાનું બંધ કરવાના કારણો શું છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું શ્રી વિરજીભાઇને કહેવા માગું છું કે ગુજરાત સુરક્ષિત હાથમાં છે. શ્રી વિરજીભાઇ, સાંભળો. આ ગુજરાતની સુરક્ષાની વાત છે. શ્રી વિરજીભાઇ, માત્ર વાતો કરવાથી ન ચાલે. હું આ ગૃહને જણાવતા..

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જ્યારે જવાબ આપતા હોય ત્યારે બધા શાંતિથી સાંભળો, શ્રી વિરજીભાઇ, વારંવાર આપ વચ્ચે ઇન્ટરફીયર ન કરો.

શ્રી હર્ષ ર. સંઘવી : યુવાધનને ડ્રગ્ઝથી બચાવવાની વાતો જ્યારે થતી હોય, શ્રી વિરજીભાઇ, સાંભળવાની આદત રાખો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી હર્ષભાઇ. માનનીય વિરજીભાઇ, વારંવાર ઇન્ટરફીયર ન કરો. તમને હું તક આપીશ ત્યારે આપ બોલજો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇએ ખૂબ મોટા મોટા અવાજથી કેટલા હજાર કરોડ રૂપિયાના હેરોઇનની વાત કરી. હું એવું માનતો હતો કે શ્રી વિરજીભાઇ આ ગૃહના ખૂબ સિનિયર સભ્ય છે. શ્રી વિરજીભાઇને હું જણાવવા માગું છું કે ભારત સરકાર અને ગુજરાત સરકારની ટીમ દ્વારા જે હેરોઇન પકડવામાં આવેલું છે, શ્રી વિરજીભાઇને એ પણ જણાવવા માગું છું કે એ.ટી.એસ.ની ટીમ દ્વારા એક ખૂબ મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું. ૭૨ કલાક સુધી આ એ.ટી.એસ.ના જવાનોએ ૭થી વધારે ઇરાનીયન અને ૩૦ કિલોથી વધારે હેરોઇન પકડીને એક ખૂબ મોટું ઓપરેશન આ જ આપણી ગુજરાત પોલીસના જવાનો દ્વારા પાર પાડવામાં આવ્યું. એ જવાનોને અભિનંદન આપવાના બદલે ગુજરાત પોલીસનું મોરલ ડાઉન કરવાનું કાર્ય આ ગૃહમાં શ્રી વિરજીભાઇ દ્વારા થયું છે એ ખૂબ દુઃખનો વિષય છે. માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, એમનો જવાબ સાંભળી લો. વચ્ચે બોલશો તો સાંભળવું તો પડશે એટલે આપ બેસો. આટલું મોટું કૌભાંડ પકડાયું હોય ત્યારે જવાબ સાંભળો.

શ્રી હર્ષ ર. સંઘવી : હું વિપક્ષના સભ્યો પાસેથી એક અપેક્ષા તો રાખુંને કે ગુજરાત પોલીસના જવાનોએ ૭૨–૭૨ કલાક સુધી પોતાનો જાન જોખમમાં નાખીને આટલું મોટું ઓપરેશન પાર પાડ્યું હોય. ભલે તમે અભિનંદન ન આપો, પરંતુ આ જવાનો માટે ટીકા કરો છો, *(xxx) હું કોઇ રાજકીય પક્ષ માટે(અંતરાય) શ્રી શૈલેષભાઇ, સાંભળો. રાજકીય પક્ષ માટે કે સરકાર માટે ભલે અભિનંદન ન આપો. પરંતુ આ ગુજરાત પોલીસ... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ બેસો. માનનીય મંત્રીશ્રી, આપ શાંતિથી જવાબ આપો. (અંતરાય) આપ સૌ બેસો. બહુ સારો પ્રશ્ન છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સાંભળવું પડશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો. મેં એમને ટકોર કરી છે.

શ્રી હર્ષ ર. સંઘવી : તમે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તો સાંભળવું પડે.

અધ્યક્ષશ્રી : મેં એમને ટકોર કરી છે. આપ શાંતિથી પ્રશ્નનો જવાબ આપો. પ્લીઝ. (અંતરાય) આપ બેસો. મંત્રી તરીકે પહેલીવાર જવાબ આપે છે, આપ બેસો. પ્લીઝ. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે. તા. ૭–૩–૨૦૧૯ના જાહેરનામાનો ઉલ્લેખ કર્યો છે. (સતત અંતરાય)..

અધ્યક્ષશ્રી : આપ બધા બેસી જાવ, ..(અંતરાય) માનનીયશ્રી પરેશભાઇ...

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત રાજ્યકક્ષાના માનનીય ગૃહમંત્રીશ્રીને હું સીધો જ સવાલ પૂછવા માગું છું.. (અંતરાય)

શ્રી પૂંજાભાઇ ભી. વંશઃ *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ, વચ્ચે ના બોલો, આપના નેતા પૂછે છે એમને ડીસ્ટર્બ ના કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના ૨૫ વર્ષના રાજમાં ગાંધી અને સરદારનું ગુજરાત ડ્રગમાફિયા, વ્યાજકવાદ અને મિલકત માફીયાની સીંડીકેટમાં ફસાઇ ગયું છે..

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.. મેં આપને તક આપી છે.. આપ સીધા પ્રશ્ન પર આવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સીંડીકેટને ગુજરાતના કાંઠે સેફ લેંડીંગ સ્પેસ કોણ આપી રહ્યું છે? માનનીય હર્ષભાઇ, એ ગુજરાત તમને સવાલ પૂછે છે. ભારતના આઝાદીના ઇતિહાસમાં ૨૧હજાર કરોડ રૂપિયાનું ડ્રગ તમારી *(xxx)અદાણી પોર્ટની અંદર ઉતર્યું છે..(અંતરાય) *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : આપ માહિતી માટે સીધો પ્રશ્ન કરો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત ગૃહમંત્રીશ્રીને પૂછવું છે, આ સરકારના નેતૃત્વ તળે પોલીસ માર ખાઇ રહી છે. છેલ્લા અઠવાડિયામાં પાંચ જેટલા બનાવો બન્યા કે લુખ્ખા તત્વો પોલીસને ધોકાવી નાખે, ટીપી નાખે, ગુંદરડી નાખે, *(xxx) (અંતરાય).

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ તો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછેલ છે એમાં તા.૭–૩–૨૦૧૯ના જાહેરનામાનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ તેમાં માનનીય સભ્યશ્રીની કોઇ ભૂલ થઇ છે, માનનીય સભ્યશ્રી, તા.૭–૩–૨૦૧૯નું જાહેરનામું નહીં પરંતુ ગૃહ વિભાગનું તા.૩૦–૧૦–૨૦૧૮ના જાહેરનામાની જે અરજી ફી છે એની બદલે પ્રોસેસ ફી નક્કી કરવામાં આવેલી છે. બે હજાર રૂપિયા એ પ્રોસેસ ફીમાં વસૂલવામાં આવે છે અને મેડિકલ એકઝામિનેશનની જે ફી છે એ બે હજાર રૂપિયા નિયત કરેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક.. ૮, બહુ લાંબી ચર્ચા થઇ ગઇ, આક્ષેપ પ્રતિઆક્ષેપ એ પ્રશ્નોત્તરીમાં ના થાય... પ્લીઝ આપ બેસો..

### વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

*૩૯૭૬૪ **શ્રી કેતનભાઈ ઇનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૪૧ અરજીઓ. |
| (૨) આ સમયગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૩૪ એકમોને રૂ.૩૦૮૧.૦૧ લાખની સહાય. |

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આપને મહિલા અધ્યક્ષ તરીકે પસંદગી થવા માટે આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પ્રશ્ન એ છે કે ગુજરાત સરકાર દ્વારા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ માટે કઇ યોજનાઓ જાહેર કરવામાં આવેલી છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નને પૂરતો સમય આપ્યો છે.. આક્ષેપ અને પ્રતિઆક્ષેપ માટે પ્રશ્નોત્તરીનો સમય નથી. (અંતરાય)

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ યોજનાઓ કઇ જાહેર કરવામાં આવી છે? (અંતરાય )...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ બેસો, માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો. (સતત અંતરાય).. આપ બધા બેસો. પહેલો જ દિવસ છે, આટલી મોટી ચર્ચા થઇ છે, આપ બેસો. (સતત સુત્રોચ્ચાર) આપ બેસો... માનનીય અમિતભાઇ, આપ બોલો...

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શીવાભાઇનો પ્રશ્ન હતો એનો પેટા પ્રશ્ન પૂછ્યો, શ્રી વિરજીભાઇએ કદાચ એ પહેલા બેઠા બેઠા કોઇ કોમેન્ટ કરી હોય પણ માનનીય પ્રદિપસિંહ જેવા વિદ્વાન અને અનુભવીની જગ્યાએ શ્રી હર્ષભાઇ જેવા યુવાનને તક મળી હોય ત્યારે શ્રી હર્ષભાઇએ સમજવું જોઇએ કે પોતાના પદની ગરિમા આ ગૃહનું ગૌરવ અને શ્રી શીવાભાઇના પ્રશ્નનો જવાબ આપવાના બદલે તમે ઉત્સાહમાં આવી, આવેગમાં આવી અને કદાચ અંદરનો તમારો ભાવ હોય એ આ ગૃહમાં પ્રગટ કરો, *(xxx) ભાષણ કરતાં હોય એવી ભાષામાં... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન પર આવો પ્લીઝ. આપ એવી ભાષા વાપરી શકો નહીં.

શ્રી અમિત ચાવડા : *(xxx)

અધ્યક્ષશ્રી : આવા શબ્દો માનનીય મંત્રીશ્રી માટે વાપરી શકાય નહીં.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એક વિનંતી કરવા માગું છું. જે મેનર્સની વાત શ્રી અમિતભાઇએ કરી કે હું સારી સારી વાતો મૂકું. પરંતુ એમણે શ્રી વિરજીભાઇના શબ્દો સાંભળ્યા હોત તો સારું થાત. હું માત્ર એક જ વાત કહેવા માગું છું. (અંતરાય) સાંભળવું જોઇએ. અમારી કોઇ અપેક્ષા નથી, શ્રી શૈલેષભાઇ, સાંભળવું પડશે. સરકારની કોઇ અપેક્ષા એવી નથી કે સરકારના કોઇ સારા કામો થયા હોય તો એની તારીફ કોઇ સભ્ય કરે. પરંતુ ખોટો વિષય જે મેનર્સની અને સભ્યતાની વાત કરી છે ત્યારે શ્રી અમિતભાઇને કહેવા માગું છું કે તમે શ્રી વિરજીભાઇનો વિડિયો ઓન કરીને એમણે કઇ ભાષાનો ઉપયોગ કરેલ હતો એ જોઇ લેજો. ગુજરાતની અસ્મિતાની કયા પ્રકારની વાતો એમણે ગૃહમાં મૂકેલ હતી એની વાત એમણે સાંભળવી જોઇએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અતારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : તમે સીધો જવાબ આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : જવાબ તો શ્રી શીવાભાઇને આપી દીધો છે. માત્ર એટલું જ કહેવા માગું છું કે ગુજરાત રાજ્ય દ્વારા કોઇ સારું કામ થયું હોય, પોલીસના જવાનોએ પોતાની જાન જોખમમાં નાખી હોય તો આ સભાગૃહે મોટું મન રાખીને અભિનંદન આપવા જોઇએ.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૯૭૬૪ (અગ્રતાક્રમ–૮)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સિંગતેલ, કપાસિયા તેલ અને પામોલીન તેલના ભાવમાં વધારો**

૪૦૪૪૩ **શ્રી સુખરામભાઈ રાઠવા**(જેતપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંગતેલ, કપાસિયા તેલ, પામોલીન તેલના ભાવમાં માસવાર કેટ કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૨) ઉક્ત ખાદ્યતેલોના ભાવમાં વધારો કે ઘટાડા થવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંગતેલ, કપાસિયા તેલ, પામોલીન તેલના ભાવમાં માસવાર નોંધાયેલ વધારા કે ઘટાડાની વિગત પત્રક–૧ અને પત્રક–૨ મુજબની છે.

(૨) કોવિડ–૧૯ મહામારીના કપરા સમયમાં ખાદ્ય તેલોના કાચા માલની અછત, મજૂરોની સમસ્યા, પરિવહનની મુશ્કેલી વિગેરે કારણોને લીધે તેની વિપરીત અસર સ્થાનિક બજારોમાં પડેલ છે. તદ્ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારોમાં ખાદ્યતેલ અને તેલીબીયામાં ખાસ કરીને પામોલીનના ભાવોમાં થતી વધ–ઘટની અસર બજાર ભાવો પર પડતી હોય છે. જેને કારણે ભાવમાં વધારો જોવા મળતો હોય છે.

**પત્રક–૧**

**(પ્રતિ કિ.ગ્રા.)**

| ક્રમ નં. | વર્ષ ૨૦૨૦–૨૦૨૧ | સિંગતેલ (પેકેટમાં) રૂ. | વધારો/ ઘટાડો રૂ. | કપાસિયા તેલ રૂ. | વધારો/ ઘટાડો રૂ. | પામોલીન તેલ (પેકેટમાં) રૂ. | વધારો/ ઘટાડો રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧ | સપ્ટેમ્બર–૨૦૨૦ | ૧૪૨ | – | ૯૮ | – | ૮૫ | – |
| ૨ | ઓક્ટોબર–૨૦૨૦ | ૧૪૩ | ૧ | ૯૯ | ૧ | ૮૬ | ૧ |
| ૩ | નવેમ્બર–૨૦૨૦ | ૧૪૫ | ૨ | ૧૦૦ | ૧ | ૮૭ | ૧ |
| ૪ | ડીસેમ્બર–૨૦૨૦ | ૧૪૯ | ૪ | ૧૦૪ | ૪ | ૯૧ | ૪ |
| ૫ | જાન્યુઆરી–૨૦૨૧ | ૧૫૭ | ૮ | ૧૦૬ | ૨ | ૧૦૪ | ૧૩ |
| ૬ | ફેબ્રુઆરી–૨૦૨૧ | ૧૫૭ | ૦ | ૧૦૭ | ૧ | ૧૦૫ | ૧ |
| ૭ | માર્ચ–૨૦૨૧ | ૧૬૪ | ૭ | ૧૧૨ | ૫ | ૧૧૧ | ૬ |
| ૮ | એપ્રિલ–૨૦૨૧ | ૧૬૨ | –૨ | ૧૧૭ | ૫ | ૧૦૮ | –૩ |
| ૯ | મે–૨૦૨૧ | ૧૫૭ | –૫ | ૧૨૦ | ૩ | ૯૯ | –૯ |
| ૧૦ | જૂન–૨૦૨૧ | ૧૫૮ | ૧ | ૧૨૫ | ૫ | ૧૦૨ | ૩ |
| ૧૧ | જુલાઇ–૨૦૨૧ | ૧૫૯ | ૧ | ૧૨૮ | ૩ | ૧૦૩ | ૧ |
| ૧૨ | ઓગસ્ટ–૨૦૨૧ | ૧૬૦ | ૧ | ૧૩૦ | ૨ | ૧૦૪ | ૧ |

**પત્રક–૨**

**(પ્રતિ ૧૫ કિ.ગ્રા.)**

| ક્રમ નં. | વર્ષ ૨૦૨૦–૨૦૨૧ | સિંગતેલ (પેકેટમાં) રૂ. | વધારો/ ઘટાડો રૂ. | કપાસિયા તેલ રૂ. | વધારો/ ઘટાડો રૂ. | પામોલીન તેલ (પેકેટમાં) રૂ. | વધારો/ ઘટાડો રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧ | સપ્ટેમ્બર–૨૦૨૦ | ૨૦૮૧ | – | ૧૪૨૮ | – | ૧૨૪૨ | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઓક્ટોબર–૨૦૨૦ | ૨૦૭૭ | –૪ | ૧૪૪૪ | ૧૬ | ૧૨૫૯ | ૧૭ |
| ૩ | નવેમ્બર–૨૦૨૦ | ૨૧૦૯ | ૩૨ | ૧૪૬૫ | ૨૧ | ૧૨૬૪ | ૫ |
| ૪ | ડીસેમ્બર–૨૦૨૦ | ૨૧૭૧ | ૬૨ | ૧૫૧૨ | ૪૭ | ૧૩૧૫ | ૫૧ |
| ૫ | જાન્યુઆરી–૨૦૨૧ | ૨૧૮૪ | ૧૩ | ૧૫૩૯ | ૨૭ | ૧૪૩૪ | ૧૧૯ |
| ૬ | ફેબ્રુઆરી–૨૦૨૧ | ૨૧૫૪ | –૩૦ | ૧૫૫૧ | ૧૨ | ૧૫૦૫ | ૭૧ |
| ૭ | માર્ચ–૨૦૨૧ | ૨૩૫૨ | ૧૯૮ | ૧૬૧૭ | ૬૬ | ૧૭૬૫ | ૨૬૦ |
| ૮ | એપ્રિલ–૨૦૨૧ | ૨૩૬૬ | ૧૪ | ૧૬૯૭ | ૮૦ | ૧૬૨૬ | –૧૩૯ |
| ૯ | મે–૨૦૨૧ | ૨૨૮૬ | –૮૦ | ૧૭૪૮ | ૫૧ | ૧૪૩૮ | –૧૮૮ |
| ૧૦ | જૂન–૨૦૨૧ | ૨૩૧૨ | ૨૬ | ૧૮૨૨ | ૭૪ | ૧૪૮૧ | ૪૩ |
| ૧૧ | જુલાઇ–૨૦૨૧ | ૨૩૦૭ | –૫ | ૧૮૬૨ | ૪૦ | ૧૫૦૦ | ૧૯ |
| ૧૨ | ઓગસ્ટ–૨૦૨૧ | ૨૩૩૨ | ૨૫ | ૧૮૯૦ | ૨૮ | ૧૫૨૮ | ૨૮ |

---------

**રાજ્યમાં તડીપાર અને પાસાના કરેલ હુકમો**

૪૦૩૫૦ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં તડીપાર અને પાસાના કેટલા હુકમો કરવામાં આવ્યા છે,

(૨) તે પૈકી અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા કેસો કરવામાં આવ્યા છે અને તેના કારણો મુખ્યત્વે શાં છે, અને

(૩) નામદાર હાઈકોર્ટ દ્વારા કેટલા તડીપાર અને પાસાના હુકમો રદ કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તડીપારના કુલ હુકમો – ૧૬૨૦
અને, પાસાના કુલ હુકમો – ૫૪૦૨

(૨)

| અમદાવાદ શહેર | | અમદાવાદ જિલ્લો | |
|---|---|---|---|
| તડીપાર કેસોની સંખ્યા | પાસા કેસોની સંખ્યા | તડીપાર કેસોની સંખ્યા | પાસા કેસોની સંખ્યા |
| ૩૫૦ | ૨૪૭૭ | ૦૫ | ૬૭ |

ઉક્ત કેસો કરવાના મુખ્ય કારણો :

- ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવાના હેતુસર.

(૩) નામદાર હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ તડીપારના કુલ હુકમો – ૩૭
અને, પાસાના કુલ હુકમો – ૩૪૪૭

---------

**અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં ખાનગી વાહનો પર 'પી' અથવા 'પોલીસ' લખવા બાબત**

૪૦૩૬૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં ખાનગી વાહનોમાં પોલીસ, પી, ગુજરાત સરકાર કે ગવર્નમેન્ટ ઓફ ગુજરાત કે અધિકારીઓ/કર્મચારીઓએ હોદ્દાઓ લખીને કાયદાનો ભંગ કરતા કેટલા અધિકારીઓ/કર્મચારીઓને પકડવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલા કિસ્સામાં કેટલી દંડની રકમ વસૂલવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા વાહનોમાં કાયદાનો ભંગ કરીને લખેલ લખાણો દૂર કરવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પત્રક–૧.

(૨) પત્રક–૨.

(૩) સમયાંતરે ડ્રાઈવનું આયોજન કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક–૧**

| તા.૦૧–૦૮–૨૦૧૯ થી તા.૩૧–૦૭–૨૦૨૦ | |
|---|---|
| **શહેર/જિલ્લો** | **કાયદાનો ભંગ કરેલ અધિકારીઓ/કર્મચારીઓ** |

| | |
|---|---|
| અમદાવાદ શહેર | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ |
| ગાંધીનગર | ૦ |
| **તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧** | |
| **શહેર/જિલ્લો** | **કાયદાનો ભંગ કરેલ અધિકારીઓ/કર્મચારીઓ** |
| અમદાવાદ શહેર | ૧૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ |
| ગાંધીનગર | ૦ |

**પત્રક-૨**

| **તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦** | | |
|---|---|---|
| **શહેર/જિલ્લો** | **કિસ્સા** | **દંડની રકમ** |
| અમદાવાદ શહેર | ૦ | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ |
| ગાંધીનગર | ૦ | ૦ |
| **તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧** | | |
| **શહેર/જિલ્લો** | **કિસ્સા** | **દંડની રકમ** |
| અમદાવાદ શહેર | ૧૨ | ૯૬૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ |
| ગાંધીનગર | ૦ | ૦ |

---------

### ભાવનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

૩૯૭૬૧ **શ્રી કેશુભાઈ નાકરાણી**(ગારીયાધાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ સમયગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૭૭ અરજીઓ.

(૨) ૩૧૦ એકમોને
રૂ.૧૪૩૭.૨૨ લાખની સહાય.

---------

### બાલારામ તથા લડબી નદીના ચેકડેમો તથા તળાવો ભરવા બાબત

૪૦૪૦૪ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ૧૪મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા. ૧૨-૦૭-૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૭૧૪૯ (અગ્રતા-૧૫૩)ના અનુસંધાને **માનનીય મંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના આધારીત કસરાથી દાંતીવાડા પાઇપલાઇન યોજના દ્વારા બાલારામ અને લડબી નદીના ચેકડેમો તથા તળાવો ભરવાની યોજના સર્વેક્ષણના અહેવાલની તાંત્રિક અને આર્થિક બાબતો ચકાસણી હેઠળ હતી તે કામગીરી તા. ૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત યોજના પૂર્ણ થયે કેટલા વિસ્તારને લાભ મળશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રજૂઆતવાળી પાઇપલાઇન યોજનાના પ્રાથમિક સર્વેક્ષણ બાદના તાંત્રિક અને આર્થિક અભ્યાસો આવરીને વિવિધ વિકલ્પો પૈકી પથરેખા આખરી કરવાની બાબત ચકાસણી હેઠળ છે. પાઇપલાઇનની પથરેખા આખરી થયેથી લાભિત વિસ્તાર આખરી થઇ શકશે. તમામ વહીવટી તથા મંજુરીઓની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

---------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં શાકભાજી / ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડિંગ યુનિટ માટેની યોજના**

૩૯૮૭૬ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડિંગ યુનિટ માટેની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઉક્ત સહાય મેળવવા માટે કેટલી અરજીઓ મળી, અને | (૨) કુલ મળેલ અરજીઓ – ૨૪ |
| (૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ મંજૂર કરેલ અરજીઓ – ૧૩ અને કુલ ચૂકવેલ સહાયની રકમ રૂ. ૪૭,૭૮,૬૨૦/– |

–––––––––

**કોરોના કારણે મૃત્યુ પામેલ પોલીસ અધિકારી / કર્મચારીને સહાય**

૩૯૭૪૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ કોરોના સમય દરમ્યાન જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ અધિકારી / કર્મચારીઓના કોરોનાના કારણે મૃત્યુ થયા, | (૧) સામેલ પત્રક–અ મુજબ કુલ–૦૩ કર્મચારીઓના મૃત્યુ થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલાને સહાય ચૂકવવાની બાકી છે, અને | (૨) કુલ –૩ પોલીસ કર્મચારીઓને રૂ.૨૫ લાખ લેખે કુલ રૂ. ૭૫ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) તે સહાય ચૂકવવા શાં પગલા લીધેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક–અ**

| **તાલુકાનું નામ** | **મૃત્યુ પામેલ પો.કર્મચારી/અધિકારીઓની સંખ્યા** |
|---|---|
| **જૂનાગઢ જિલ્લો** | |
| જૂનાગઢ સીટી | ૦૧ |
| કેશોદ | ૦૦ |
| વંથલી | ૦૦ |
| માણાવદર | ૦૧ |
| વિસાવદર | ૦૦ |
| માળીયા | ૦૦ |
| ભેંસાણ | ૦૦ |
| મેંદરડા | ૦૦ |
| માંગરોળ | ૦૦ |
| જૂનાગઢ ગ્રામ્ય | ૦૦ |
| **ગીર–સોમનાથ જિલ્લો** | |
| વેરાવળ | ૦૧ |
| કોડીનાર | ૦૦ |
| સુત્રાપાડા | ૦૦ |
| તાલાલા | ૦૦ |
| ઉના | ૦૦ |
| ગીરગઢડા | ૦૦ |
| **કુલ** | **૦૩** |

–––––––––

અતારાંકિત પ્રશ્નો

**નવસારી અને ડાંગ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો**

૪૦૩૫૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કસ્ટોડીયલ ડેથમાં મૃત્યુના શા કારણો સામે આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો નીચે મુજબ નોંધાયા છે.

| **જિલ્લો** | **તા. ૦૧–૦૯–૨૦૧૯ થી તા. ૩૧–૦૮–૨૦૨૦** | **તા. ૦૧–૦૯–૨૦૨૦ થી તા. ૩૧–૦૮–૨૦૨૧** |
|---|---|---|
| ડાંગ | ૦૦ | ૦૦ |
| નવસારી | ૦૦ | ૦૩ |

(૨) ૦૧ (એક) – પોલીસ ઇન્સ્પેક્ટર, ૦૧ (એક) – પોલીસ સબ ઇન્સ્પેક્ટર, ૦૧ (એક) હેડ કોન્સ્ટેબલ અને ૦૧–પોલીસ કોન્સ્ટેબલને ફરજમોકુફ કરવામાં આવેલ છે તથા તમામને અટક કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

(૩) એક કસ્ટોડીયલ ડેથમાં ન્યુમોનીયા તથા હૃદયની બિમારીનું કારણ સામે આવેલ છે અને બીજા કસ્ટોડીયલ ડેથમાં તપાસ ચાલુ છે.

---------

**સુરત જિલ્લામાં રોજગારવાંચ્છુઓ**

૪૦૫૪૮ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરત ખાતે કેટલા રોજગારવાંચ્છુ નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત ઉમેદવારો નોંધાયેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૭,૩૨૯.

(૨)

| **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|
| ૧૬,૭૬૨ | ૫૬૭ |

(૩) ૨૫,૭૫૭.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરિટી મિશન – કઠોળ યોજના અન્વયે બિયારણ વિતરણ**

૩૯૮૬૯ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન – કઠોળ યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૮૧.૭૯ કિવન્ટલ.

(૨) રૂ. ૧૧,૬૬,૯૦૦.

---------

**સુરત જિલ્લામાં રોજગારવાંચ્છુઓ**

૩૯૮૨૫ **શ્રી મોહનભાઇ ઢોડીયા** (મહુવા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરત ખાતે કેટલા રોજગારવાંચ્છુ નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત ઉમેદવારો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧) ૧૭,૩૨૯.

(૨)

| **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|

| | |
|---|---|
| ૧૬,૭૬૨ | ૫૬૭ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંછુઓને રોજગારી આપવામાં આવી ?

(૩) ૨૫,૭૫૭.

---------

**ભાવનગર જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૩૯૮૨૩ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થાનિકોનો રોજગારી મળી રહે તે માટે કોઇ નીતિ નક્કી કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારથી ઉક્ત નીતિ અમલમાં છે અને તે અન્વયે કેટલા ટકા સ્થાનિકોને રોજગારી આપવાની જોગવાઇ છે,

(૩) તે અન્વયે તા. ૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલા કેટલા ઔદ્યોગિક એકમ સ્થાનિકોને પુરતી રોજગારી આપતા નથી, અને

(૪) સ્થાનિકોને રોજગારી ન આપતા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૩-૧૯૯૫ના ઠરાવ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારનાં જાહેર સાહસો તેમજ ખાનગી એકમોમાં મેનેજર/સુપરવાઇઝરી કક્ષામાં ૬૦ ટકા, કામદાર કક્ષામાં ૮૫ ટકા તથા એકંદરે ઓછામાં ઓછી ૮૫ % જગ્યાઓ સ્થાનિકોમાંથી ભરવાની જોગવાઇ છે.

(૩) તા. ૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલા તમામ ઔદ્યોગિક એકમો સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જાળવે છે.

(૪) તમામ એકમો સ્થાનિકોની નિયત ટકાવારી જાળવતા હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં ચીરીપાલ ગૃપની કંપનીઓમાં અકસ્માત**

૪૦૪૫૩ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ચીરીપાલ ગૃપની કેટલી કંપનીઓમાં અકસ્માત/આગ લાગવાની ઘટનાઓ બની,

(૨) ઉક્ત ઘટનાઓ વાર કેટલા કામદારોના મૃત્યુ થયા અને કેટલા કામદારો ઘાયલ થયા / ઈજાઓ થઇ,

(૩) ઉક્ત મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને અને ઘાયલ થયેલ કામદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવી,

(૪) ઉક્ત સહાય ચૂકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૫)ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવામાં આવશે ?

**જવાબ**

(૧) ૦૨

(૨) કુલ ૧૧ કામદારોનું આગમાં દાઝી જવાના કારણે મૃત્યુ થયેલ છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કોઇ સહાય આપવામાં આવતી નથી, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં ભૂગર્ભજળમાં નાઈટ્રિટ કન્ટેઇન્મેન્ટનું પ્રમાણ**

૪૦૪૬૩ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલા જિલ્લાઓના ભૂગર્ભજળમાં નાઈટ્રિટ કન્ટેઇન્મેન્ટનું પ્રમાણ જરૂરી માત્રા કરતાં વધુ હોવાનું સામે આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ૩૧ જિલ્લાઓના ભૂગર્ભજળમાં નાઈટ્રિટ કન્ટેઇન્મેન્ટનું પ્રમાણ જરૂરી માત્રા કરતાં વધુ હોવાનું સામે આવેલ છે, પરંતુ ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા આપવામાં આવતા પીવાના પાણીમાં કોઇ પણ જિલ્લાના ગામમાં નાઈટ્રિટ જોવા મળેલ નથી.

(૨) ભૂગર્ભજળમાં નાઈટ્રેટ કન્ટેઈન્મેન્ટનું પ્રમાણ વધુ હોવાથી નાગરિકો તે પાણી પીવે તો ક્યા રોગો થવાનો ભય રહેલો છે, અને

(૨) ભૂગર્ભજળમાં નાઈટ્રેટ કન્ટેઈન્મેન્ટનું પ્રમાણ નિયત માત્રા કરતાં વધુ હોય તો નાના બાળકોમાં મિથેઈમોગ્લોબીનેમીયા (બ્લુ બેબી) રોગ થવાનો ભય રહેલો છે.

(૩) ઉક્ત જિલ્લાઓના ભૂગર્ભજળમાં નાઈટ્રેટ કન્ટેઈન્મેન્ટનું પ્રમાણ ઘટે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ?

(૩) રાજ્ય સરકારશ્રીના અભિગમને અનુલક્ષીને ગુજરાત રાજ્યના મોટાભાગના વિસ્તારોને સરફેસ સોર્સ આધારિત જુથ પાણી પુરવઠા યોજનાઓમાં આવરી લેવામાં આવેલ છે અને બાકી રહેલ વિસ્તારને તબક્કાવાર જુથ યોજનાઓ હેઠળ આવરી લેવા યોજનાના અમલીકરણની કામગીરી પ્રક્રિયાગત છે.
જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં રોજગારવાંચ્છુઓ**

૩૯૮૦૦ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, રાજકોટ ખાતે કેટલા રોજગારવાંચ્છુ નોંધાયેલ છે,

(૧) ૧૯૭૧૬.

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત ઉમેદવારો નોંધાયેલા છે, અને

(૨)

| શિક્ષિત | અર્ધ શિક્ષિત |
|---|---|
| ૧૮૪૬૪ | ૧૨૫૨ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાં રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

(૩) ૨૪૦૭૦

---------

**ખેડા જિલ્લામાં રોજગારવાંચ્છુઓ**

૩૯૭૮૯ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ખેડા ખાતે કેટલા રોજગારવાંચ્છુ નોંધાયેલ છે,

(૧) ૧૬૮૧૧.

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત ઉમેદવારો નોંધાયેલા છે, અને

(૨)

| શિક્ષિત | અર્ધ શિક્ષિત |
|---|---|
| ૧૬૧૪૮ | ૬૬૩ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાં રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

(૩) ૭૧૭૪

---------

**ગુજરાત રાજ્યની મધ્યપ્રદેશને જોડતી સીમાઓ પર પકડાયેલ દારૂ**

૪૦૩૬૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત રાજ્યની મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતી સીમાઓ ઉપરની કેટલી ચેકપોસ્ટ પરથી કેટલી વિદેશી દારૂ અને કેટલી બિયરની બોટલો પકડવામાં આવી,

(૧)

| સમયગાળો | ચેકપોસ્ટની સંખ્યા | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) |
|---|---|---|---|
| તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦ | ૧૭ | ૧૯૨૦૬૧ | ૧૮૭૬૯ |
| તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧ | ૧૯ | ૧૯૮૫૨૩ | ૧૭૭૨૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૨)

| સમયગાળો | પકડવામાં આવેલ આરોપીઓની સંખ્યા | પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦ | ૪૦૨ | ૬૨ |
| તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧ | ૩૭૮ | ૧૩૫ |

(૩) ઉક્ત પકડવામાં આવેલ આરોપીઓમાં એક કરતાં વધુ વખત પકડાયેલ હોઈ તેવા કેટલા આરોપીઓ છે અને તેની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) એક કરતાં વધુ વખત પકડાયેલ હોય તેવા ૩ આરોપીઓ વિરુદ્ધ બોમ્બે પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ-૯૩ મુજબના પગલા લેવામાં આવેલ છે.

---------

**ટ્રાયબલ એરીયા યોજના અન્વયે અરવલ્લી જિલ્લામાં કરેલ ખર્ચ**

૪૦૫૭૧ **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં શહેરી વિકાસ વિભાગે ટ્રાયબલ એરીયા સબપ્લાન યોજના હેઠળની મુખ્ય હેડ - ૯૬ અને સબ હેડ - ૨૨૧૭માંથી વર્ષવાર કેટલી રકમનું આયોજન કરેલ હતું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં કેટ-કેટલી રકમ કઈ યોજનાઓ માટે વાપરવામાં આવી, અને

(૩)ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ વર્ષવાર થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં શહેરી વિકાસ વિભાગે ટ્રાયબલ એરીયા સબપ્લાન યોજના હેઠળની મુખ્ય હેડ - ૯૬ અને સબ હેડ - ૨૨૧૭માંથી વર્ષવાર નીચે મુજબ આયોજન કરેલ હતું.

| ક્રમ | વર્ષ | આયોજન રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૭૨૩.૭૫ |
| | ૨૦૨૧-૨૨ | ૭૯૦.૭૮ |

(૨) અને (૩) આ તાલુકાઓમાં કોઈ નગરપાલિકા ન હોવાથી લાગું પડતું નથી.

---------

**આણંદ જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૯૭૬૭ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત):**માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સામાન્ય વિસ્તારમાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

૪૨.

---------

**નર્મદા પેયજળ પુરતા પ્રમાણમાં ન મળવા બાબત**

૪૦૨૨૦ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર):**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ ખીરઈ-સુરજબારી પાઈપલાઈન દ્વારા કચ્છને નર્મદા પેયજળ પુરતા પ્રમાણમાં મળતું નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઢાંકીથી ખીરઈ સંપ અને ત્યાંથી કચ્છની ખાડી પરના સુરજબારી પુલ પરથી પસાર કરેલ પાઈપલાઈનની ક્ષમતા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસિક સરેરાશ કેટલો પેયજળ જથ્થો કચ્છમાં આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ બિયારણ કીટ વિતરણ**

૩૯૮૭૩ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦–૨૧માં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી બિયારણ કીટ વિતરણ કરવામાં આવી, અને | (૧) ૨૨૦૦ કીટ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૧૬,૫૧,૪૨૨/– |

---------

**અમદાવાદ શહેરની ટી.પી.સ્કીમ–૫૧ અને ૫૨ બાબત**

૪૦૪૧૯ **શ્રી હિંમતસિંહ પટેલ**(બાપુનગર):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરની ટાઉન પ્લાર્નીગ સ્કીમ–૫૧ અને ૫૨ (બાવન) ડ્રાફ્ટ ટીપી ક્યારે મંજૂર કરવામાં આવેલ, | (૧)<br>• ડ્રાફ્ટ ટાઉન પ્લાર્નીગ સ્કીમ નં.૫૧ (બોડકદેવ–મકરબા–વેજલપુર) તા.૦૨–૦૧–૨૦૦૪<br>• ડ્રાફ્ટ ટાઉન પ્લાર્નીગ સ્કીમ નં.૫૨(આંબલી), તા.૩૧–૧૨–૨૦૦૩ |
| (૨) ડ્રાફ્ટ ટીપી મંજૂર કર્યા બાદ કાયદા મુજબ કેટલા સમયમાં આખરી (ફાઇનલ) ટીપી કરવાની હોય છે, | (૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૫૧ની જોગવાઇ મુજબ પ્રથમ ૧૨ માસની સમય મર્યાદા છે. સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઇઓથી રાજ્ય સરકાર વખતો વખત સમય મર્યાદા વધારી શકે છે. |
| (૩) કાયદા મુજબ સમય મર્યાદામાં આખરી (ફાઇનલ) ટીપી ન થઇ હોય તો તેના કારણો શાં છે, | (૩) કાયદામાં ટી.પી.ને આખરી કરવાની સમય મર્યાદા નથી. |
| (૪) કાયદા મુજબ સમય મર્યાદામાં આખરી (ફાઇનલ) ન થવા બદલ જવાબદારો સામે શાં પગલા લીધા, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ઉક્ત ટીપીને ક્યાં સુધીમાં આખરી (ફાઇનલ) કરવામાં આવશે ? | (૫) ધારાકીય જોગવાઇ મુજબની કાર્યવાહી પૂર્ણ થયેથી. |

---------

**તાઉતે વાવાઝોડા દરમ્યાન અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં કૃષિ પાકોને થયેલ નુકસાન**

૪૦૪૨૭ **શ્રી પૂંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ તાઉતે વાવાઝોડા દરમ્યાન થયેલ નુકસાની અન્વયે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં કૃષિ પાકોને નુકસાન પેટે સહાય ચૂકવવામાં વિસંગતતા હોવા અંગેની કેટલી ફરિયાદો, રજૂઆતો, માંગણીઓ સરકારને મળી, અને | (૧) કુલ ૭ (સાત) |
| (૨) મળેલ ફરિયાદો, રજૂઆતો, માંગણીઓ અન્વયે સહાય ચૂકવવામાં વિસંગતતા દૂર કરવા શા પગલાં લેવામાં આવ્યા ? | (૨) સહાય ચૂકવણીમાં વિસંગતતાવાળા કિસ્સાઓમાં રેકર્ડ આધારિત ચકાસણી કરી ઠરાવની જોગવાઈ મુજબ ચૂકવવાપાત્ર સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના ગામોને ઔડામાં સમાવેશ કરવા બાબત**

૪૦૪૧૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ ઔડામાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના કયા ગામોનો | (૧) ગાંધીનગર–પત્રક ૧ મુજબ<br>મહેસાણા– પત્રક ૨ મુજબ. |

સમાવેશ થાય છે,

(૨) ઉક્ત જિલ્લાવાર ગામોની જમીન બિનખેતી કરાવવા રૂપાંતર વેરાના કયા દર ક્યારથી અમલમાં છે, અને

(૨) બિનખેતી રૂપાંતર કરવા દર મહેસૂલ વિભાગના ગુજરાત એક્ટ નં.૩, તાઃ૧૮–૦૩–૨૦૧૬ના જાહેરનામા તથા તા.૦૬–૦૯–૨૦૧૮ના પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૫/ ૧૨૦૯/ક થી સમગ્ર રાજ્ય માટે બિનખેતી રૂપાંતર કર અંગેના દર નિયત કરવામાં આવેલ છે. તે મુજબ,

૧. છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ નહી તેટલી વસ્તીવાળા ગામો, મ્યુનિસિપલ બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે જમીનનો ઉપયોગ કામચલાઉ બિનખેતી વિષયક હેતુઓ અથવા સખાવતી હેતુ માટે કરવાનો હોય ત્યારે પ્રતિ ચો.મી. રૂ. ૨.૦૦, ઔદ્યોગિક અથવા બીજા કોઈપણ હેતુ માટે પ્રતિ ચો.મી. રૂ.૬.૦૦ અને અન્ય વિવિધ બિનખેતી હેતુઓ માટે પ્રતિ ચો.મી. રૂ.૮.૦૦ નક્કી કરવામાં આવેલ છે.

૨. છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ વસ્તીવાળા મ્યુનિસિપલ બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે ઉક્ત વિવિધ હેતુઓ માટે અનુક્રમે પ્રતિ ચો.મી. રૂ.૧૦.૦૦, રૂ.૩૦.૦૦ અને રૂ.૪૦.૦૦ નિયત કરવામાં આવેલ છે.

(૩) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની આવક સરકારને થઈ?

(૩)

| વર્ષ | ગાંધીનગર | મહેસાણા |
|---|---|---|
| | આવક રૂ. માં. | |
| ૨૦૨૦ | ૭,૧૭,૨૭,૫૩૭ | ૧,૪૪,૩૨,૭૭૬ |

**પત્રક ૧**

| | | | |
|---|---|---|---|
| ૧ | ભોયણ રાઠોડ | ૧૮ | રાયપુર |
| ૨ | ચેખલારાની | ૧૯ | રાજપુર |
| ૩ | છાલા | ૨૦ | રણાસણ |
| ૪ | દંતાલી | ૨૧ | સોનરડા |
| ૫ | ધણપ | ૨૨ | ટીંટોડા |
| ૬ | ગલુદાણ | ૨૩ | ઉનાવા |
| ૭ | ગિયોડ | ૨૪ | વડોદરા |
| ૮ | ઈસનપુર મોટા | ૨૫ | વકિંદ્રડા |
| ૯ | જખોરા | ૨૬ | વાસણ |
| ૧૦ | જલુન્દ | ૨૭ | વીરા તલાવડી |
| ૧૧ | જમિયતપુર | ૨૮ | અધાણા |
| ૧૨ | કરાઈ | ૨૯ | અરસોડિયા |
| ૧૩ | લીંબાડિયા | ૩૦ | ભીમાસણ |
| ૧૪ | મઘોડી | ૩૧ | ભોયણ મોટી |
| ૧૫ | મહુન્ધરા | ૩૨ | બોરીસણા |
| ૧૬ | મેદ્રા | ૩૩ | દંતાલી |
| ૧૭ | પીંઢરડા | ૩૪ | ધનજ |
| ૩૫ | ગણપતપુરા | ૫૦ | રામનગર |
| ૩૬ | હાજીપુર | ૫૧ | રાંચરડા |
| ૩૭ | જસપુર | ૫૨ | રણછોડપુરા |
| ૩૮ | જેથાલાજ | ૫૩ | સબસપુરા |
| ૩૯ | કરોલી | ૫૪ | સઈજ |
| ૪૦ | ખાત્રજ | ૫૫ | સનાવડ |

| | | | |
|---|---|---|---|
| ૪૧ | મુળાસણા | ૫૬ | સાંતેજ |
| ૪૨ | નાંદોલી | ૫૭ | શેરીસા |
| ૪૩ | નાસ્મેદ | ૫૮ | ઉનાલી |
| ૪૪ | ઓલા | ૫૯ | ઉસ્માનાબાદ |
| ૪૫ | પાલોડીયા | ૬૦ | વડસર |
| ૪૬ | પલસાણા | ૬૧ | વાંસજડા |
| ૪૭ | પીયાજ | ૬૨ | વાંસજડા ઢેડીયા |
| ૪૮ | પ્રતાપપુરા | ૬૩ | વયાણા |
| ૪૯ | રકનપુર | | |

**પત્રક ૨**

| | |
|---|---|
| ૧ | આદરજ |
| ૨ | અમ્બલીચારા |
| ૩ | ચંદ્રાસણ |
| ૪ | કુલેત્રા |
| ૫ | જેતપુર |
| ૬ | ઝાલોદા |
| ૭ | કંઝરી |
| ૮ | કરસનપુરા |
| ૯ | લુણાસણ |
| ૧૦ | મેરડા |
| ૧૧ | સેડફા |
| ૧૨ | થોળ |
| ૧૩ | વડાવી |
| ૧૪ | વામજ |
| ૧૫ | વાંસોલ |
| ૧૬ | યશવંતપુરા |

---------

**કચ્છ જિલ્લામાં ડિસેલીનેશન પ્લાન્ટ**

૩૯૭૭૪ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા**(અબડાસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાનું ખારું પાણી મીઠું બનાવી પીવાના પાણી પૂરું પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટની બાબત અમલીકરણના તબક્કે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પ્લાન્ટ કેટલા રૂપિયાના ખર્ચે અને ક્યા સ્થળે સ્થાપવામાં આવશે, અને

(૩) ઉક્ત પ્લાન્ટ કાર્યરત થતા દૈનિક કેટલું પાણી મીઠું થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ પ્લાન્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની રકમ ખર્ચ પેટે આપવામાં આવશે. બાકીનો ખર્ચ જે તે ઈજારદારશ્રીએ ભોગવવાનો રહેશે.

| જિલ્લો | સ્થળ | ડીસેલીનેશન પ્લાન્ટની ક્ષમતા (કરોડ લીટરમાં) | કુલ અંદાજિત ખર્ચ (કરોડમાં) | સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર ખર્ચ (કરોડમાં) |
|---|---|---|---|---|
| કચ્છ | માંડવી–ગુંદીયાળી | ૧૦ | ૮૦૦.૦૦ | ૪૦૦.૦૦ |

(૩) ઉક્ત પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લીટર પાણી મીઠું થશે.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લાના કતવારા ખાતે આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન**

૪૦૩૬૫ **શ્રી વજેસિંગભાઈ પણદા**(દાહોદ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૧–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૨૫૭૪૭ (અગ્રતા–૧૨૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના કતવારા ખાતે આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવેલ તે પોલીસ સ્ટેશન ભાડાના મકાનમાં કાર્યરત હતું તો તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ કતવારા પોલીસ સ્ટેશનને પોતાનું મકાન બનાવવા શી કાર્યવાહી કરવામાં આવી, | (૧) જિલ્લા કલેક્ટરશ્રી, દાહોદના તા.૧૦–૦૩–૨૦૨૧ના હુકમથી જમીન ફાળવેલ છે. |
| (૨) ઉક્ત પોલીસ સ્ટેશનને ક્યાં સુધીમાં પોતાના મકાનમાં કાર્યરત કરવામાં આવશે, અને | (૨) જમીન મળેલ છે. મકાન બનાવવા માટે કાર્યવાહી ગતિમાં છે. |
| (૩) ઉક્ત ભાડાના મકાન પેટે કોને કેટલી રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ચૂકવવામાં આવી ? | (૩) તા.૦૧–૦૮–૨૦૧૯ થી તા.૩૧–૦૭–૨૦૨૦માં રૂ.૨,૨૭,૨૮૦/– અને તા.૦૧–૦૮–૨૦૨૦ થી તા.૩૧–૦૭–૨૦૨૧ માં રૂ.૨,૨૭,૨૮૦/– મકાન માલિક શ્રી ઝીથરાભાઈ ભુરાભાઈ ડામોરને ચૂકવવામાં આવેલ છે. |

---------

**રાજ્યમાં મગફળીના ટેકાના ભાવો**

૪૦૪૩૨ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી ટેકાના ભાવે મગફળી ખરીદવાની કામગીરી કઇ નોડેલ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ટેકાના ભાવે મગફળી ખરીદવાની કામગીરી ભારત સરકારશ્રીની સેન્ટ્રલ નોડેલ એજન્સી નાફેડ દ્વારા રાજ્ય નોડેલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત વર્ષવાર મગફળીના ટેકાના ભાવ શા નક્કી થયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રી દ્વારા મગફળી માટે જાહેર થયેલ ટેકાના ભાવો નીચે મુજબ છે. |

| વર્ષ | મગફળીનો ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૫૨૭૫ |
| ૨૦૨૧–૨૨ | ૫૫૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત વર્ષવાર ટેકાના ભાવે કેટલી મગફળી નોડેલ એજન્સી દ્વારા રાજ્યમાંથી ખરીદવામાં આવી ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની સેન્ટ્રલ નોડેલ એજન્સી નાફેડ દ્વારા રાજ્યમાં ટેકાના ભાવે ખરીદાયેલ મગફળીની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | ટેકાના ભાવે ખરીદાયેલ મગફળીનો જથ્થો (મે.ટન) |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૫૦૦૫૪૬ |
| ૨૦૨૦–૨૧ | ૨૦૨૫૯૧ |

---------

**દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**

૩૯૮૬૬ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત દાહોદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જળસંગ્રહ | (૧) |

| વર્ષ – ૨૦૧૯–૨૦ | વર્ષ – ૨૦૨૦–૨૧ |
|---|---|
| – ચેકડેમ | – ચેકડેમ |

માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| – પોન્ડ રીનોવેશન<br>– ચેકડેમ ડીસીલ્ટીંગ | – પોન્ડ રીનોવેશન<br>– ચેકડેમ ડીસીલ્ટીંગ |

(૨) ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો કરવામાં આવેલ છે અને તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨)

| **વર્ષ – ૨૦૧૯–૨૦** | | **વર્ષ – ૨૦૨૦–૨૧** | |
|---|---|---|---|
| **જળસંગ્રહના કામોની સંખ્યા** | **થયેલ ખર્ચ (રૂ. લાખ)** | **જળસંગ્રહના કામોની સંખ્યા** | **થયેલ ખર્ચ (રૂ. લાખ)** |
| ૩૫ | રૂ. ૬૧.૭૨ | ૨૨ | રૂ. ૫૬.૦૮ |

---------

## અમરેલી જિલ્લામાં ઈ–હરાજીથી ખનિજોની ફાળવણી

૩૯૭૪૬ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ખનિજવાર કેટલા બ્લોક્સ ઈ–હરાજીમાં મુકવામાં આવેલ છે, અને

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ખનિજવાર ઈ–હરાજીમાં મુકવામાં આવેલ બ્લોક્સની વિગતો નીચે મુજબ છે.

| **ખનિજનું નામ** | **ઈ–હરાજીમાં મુકવામાં આવેલ બ્લોક્સની સંખ્યા** |
|---|---|
| બ્લેકટ્રેપ | ૦૮ |
| સાદી રેતી અને કંકર | ૦૧ |
| **કુલ** | **૦૯** |

(૨) ઈ–ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા કેટલી છે ?

(૨) ઈ–ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા નીચે મુજબ છેઃ

| **ખનિજનું નામ** | **ઈ–ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સની સંખ્યા** | **સફળ થયેલ બ્લોક્સની સંખ્યા** |
|---|---|---|
| બ્લેકટ્રેપ | ૦૮ | ૦૬ |
| સાદી રેતી અને કંકર | ૦૧ | શૂન્ય |
| **કુલ** | **૦૯** | **૦૬** |

---------

## વલસાડ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ

૩૯૭૬૬ **શ્રી ભરતભાઈ પટેલ**(વલસાડ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાની વલસાડ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૩૪૪.૩૦/– લાખ.

(૨) ઉક્ત રકમ ક્યા કામ માટે મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) ઉક્ત રકમ
(૧) ઓફીસ બિલ્ડીંગ
(૨) ખેડૂત રેસ્ટહાઉસ
(૩) આર.સી.સી. રોડ
(૪) કંપાઉન્ડ વોલ અને
(૫) ખેડૂત ગોડાઉનના કામ માટે મંજૂર કરવામાં આવેલ છે.

---------

## મોરબી શહેરમાં તુટેલા ઝૂલતા પુલની મરામત

૪૦૪૧૨ **શ્રી લલિતભાઈ કગથરા**(ટંકારા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૨–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૨૨૯૦૦ (અગ્રતા–૨૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી શહેરમાં આવેલ ઐતિહાસિક ઝૂલતો પુલ જર્જરીત હાલતમાં છે તેની મરામતની કામગીરી તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) ઝૂલતો પુલ હાલમાં ચાલુ સ્થિતિએ છે. |
| (૨) ઉક્ત પુલનું મરામત કરવા ઓરેવા ગૃપ સાથે કેટલા સમય માટે કરાર કરવામાં આવેલ છે ? | (૨) કરાર કરવામાં આવેલ નથી. |

---------

**અમરેલી અને ગીર-સોમનાથ જિલ્લામાં તાઉતે વાવાઝોડાના અસરગ્રસ્તોને સહાય**

૪૦૪૮૩ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ તાઉતે વાવાઝોડા દરમ્યાન થયેલ નુકસાની અન્વયે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા અસરગ્રસ્તોને મકાન સહાય, કેશડોલ્સ અને ઘરવખરી સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) **ગીર સોમનાથ**

| ક્રમ | તાલુકાનું નામ | મકાન સહાય | કેશડોલ્સ | ઘરવખરી |
|---|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૦ | ૯૬૯ | ૦ |
| ૨ | સુત્રાપાડા | ૯૦૯ | ૨૮૫૪ | ૩૮૨ |
| ૩ | તાલાલા | ૧૦૪ | ૨૮૭ | ૪૧ |
| ૪ | કોડીનાર | ૧૫૬ | ૧૪૩૪૯ | ૮૯ |
| ૫ | ઉના | ૪૬૧૦૬ | ૫૧૬૭૯ | ૨૭૬૩૫ |
| ૬ | ગીર ગઢડા | ૨૩૨૦૬ | ૩૨૪૮૭ | ૧૨૫૫૧ |
| | **કુલ** | **૭૦૪૮૧** | **૧૦૨૬૨૫** | **૪૦૬૯૮** |

**અમરેલી**

| ક્રમ | તાલુકાનું નામ | મકાન સહાય | કેશડોલ્સ | ઘરવખરી |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૪૮૯ | ૨૧૧ | ૬૧૮ |
| ૨ | લાઠી | ૧૧૭ | ૨૪૪ | ૧૨ |
| ૩ | લીલીયા | ૨૪૫ | ૦ | ૩ |
| ૪ | બાબરા | ૯૩ | ૩૦૯ | ૦ |
| ૫ | બગસરા | ૫૪૮ | ૧૯૦૫ | ૪૨૦ |
| ૬ | કુંકાવાવ | ૧૨૪ | ૦ | ૦ |
| ૭ | ધારી | ૩૧૭૫ | ૧૧૨૮૪ | ૧૪૦૭ |
| ૮ | ખાંભા | ૭૬૬૭ | ૫૭૨૪૭ | ૬૦૭૬ |
| ૯ | રાજુલા | ૨૧૫૭૪ | ૧૦૩૦૦૩ | ૧૯૫૦૬ |
| ૧૦ | સાવરકુંડલા | ૩૩૬૫ | ૩૭૪૬૮ | ૭૫૫૭ |
| ૧૧ | જાફરાબાદ | ૧૫૮૫૭ | ૯૫૮૫૦ | ૧૩૯૯૫ |
| | **કુલ** | **૫૩૨૫૪** | **૩૦૭૫૨૧** | **૪૯૫૯૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા અસરગ્રસ્તોને ઉક્ત સહાય મુખ્યત્વે ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૨) **ગીર સોમનાથ-** ઉક્ત સ્થિતિએ કોઈપણ અસરગ્રસ્તોને સહાય ચૂકવવાની બાકી નથી.<br>**અમરેલી-** ઉક્ત સ્થિતિએ કોઈપણ અસરગ્રસ્તોને સહાય ચૂકવવાની બાકી નથી. |
| (૩) ઉક્ત બાકી સહાય ક્યાં સુધી ચૂકવવામાં આવશે ? | (૩) **ગીર સોમનાથ-** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>**અમરેલી-** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં મિઠાઈ/ફરસાણ વેચતા એકમોની ચકાસણી**

૩૯૯૧૨ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા મીઠાઈ/ફરસાણ વેચતા કેટલા એકમોની ચકાસણી કરવામાં આવી, અને | (૧) કુલ ૧૬૫૫ (એક હજાર છસો પંચાવન) એકમો. |
| (૨) કેટલા એકમોમાં ક્ષતિ માલુમ પડી તેમજ આવા | (૨) કુલ ૭૬ (છોત્તેર) એકમોમાં ક્ષતિ માલુમ પડેલ |

| | |
|---|---|
| એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | હતી. જે પૈકી (૧) ગુજરાત કાનૂની માપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો–૨૦૧૧ ના જુદા જુદા નિયમોના ભંગ બદલ કુલ ૬૪ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૩૨,૦૦૦/– (બત્રીસ હજાર), (૨) ધી લીગલ મેટ્રોલોજી એક્ટ–૨૦૦૯ ની જુદી જુદી કલમના ભંગ બદલ કુલ ૧૧ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૩૧,૦૦૦/– (એકત્રીસ હજાર) તથા (૩) પેકેજડ કોમોડીટીઝ નિયમો–૨૦૧૧ ના જુદા જુદા નિયમોના ભંગ બદલ કુલ ૦૧ એકમ સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૨,૦૦૦/– (બે હજાર) મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/– (પાંસઠ હજાર) ગુન્હા માંડવાળ ફી વસૂલ કરેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં રમતમંડળોને આર્થિક સહાય આપવાની યોજના**

૩૯૮૫૪ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમતગમત ક્ષેત્રે કામ કરતા રમત મંડળોને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા રમત મંડળોને કેટલી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી ? | (૨) સાત (૦૭) રમતમંડળોને રૂ.૯૧,૦૦૦/– આર્થિક સહાય પૂરી પાડવામાં આવી. |

---------

**મહેસાણા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૧૮ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૨૬૦૯૩ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) તેની જનસંખ્યા ૧૦૨૪૮૪ છે. |

---------

**ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેતરપીંડીની ઘટનાઓ**

૪૦૩૭૨ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં આઇપીએસની ખોટી સહીઓથી નિમણૂક પત્રો આપી યુવકો સાથે છેતરપીંડી થવાની કેટલી ઘટનાઓ નોંધાઇ, | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત ઘટનાઓમાં ખોટી સહીઓથી નિમણૂક પત્રો આપી કેટલા યુવકો સાથે કેટલી રકમની છેતરપીંડી કર્યાનું સામે આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ઘટનાઓમાં સંડોવાયેલા કેટલા ઇસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઇસમોને પકડવાના બાકી છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અને

(૪)બાકી ઈસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ? (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે જમીન**

૪૦૪૯૯ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન અંતર્ગત આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી બિનઉપજાઉ સરકારી પડતર જમીન બાગાયતી તથા ઔષધિય પાકોની ખેતી માટે ભાડાપટ્ટેથી ફાળવવા અન્વયે સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જમીનો આઈડિન્ટીફાઇ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામની કયા સર્વે નંબરની કેટલી જમીન આઈડિન્ટીફાઇ કરવામાં આવેલ છે ? | (૨) સામેલ પત્રક મુજબ. |

**પત્રક**

**સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે આઈડિન્ટીફાઇ કરેલ જમીન**

| ક્રમ | ગામ | તાલુકો | સ.નં. | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં.) |
|---|---|---|---|---|
| ૧ | મહેકાલ | તલોદ | ૨૯૮ | ૬૭–૮૧–૧૬ |
| ૨ | ગેડ | પ્રાંતિજ | ૭ | ૧૦૬–૭૯–૩૫ |
| ૩ | મોરવાડ | પ્રાંતિજ | ૭૬ | ૫૮–૪૯–૯૧ |
| ૪ | સાંપડ | પ્રાંતિજ | ૯ | ૨૧૧–૯૯–૮૨ |
| ૫ | વાઘપુર | પ્રાંતિજ | ૬૮૨ | ૭૭–૮૫–૫૩ |
| ૬ | વાઘપુર | પ્રાંતિજ | ૮૨૭ | ૩૦૦–૩૫–૧૨ |

**બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે આઈડિન્ટીફાઇ કરેલ જમીન**

| ક્રમ | ગામ | તાલુકો | સ.નં. | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં.) |
|---|---|---|---|---|
| ૧ | વાહરા | ડીસા | ૨૯૦ | ૮૯–૭૮–૮૧ |
| ૨ | અસારાવાસ | વાવ | ૧૦૨૪ | ૬૬–૪૫–૪૧ |
| ૩ | મીઠાવીચારણ | વાવ | ૨૯૩ | ૧૨૦–૨૯–૬૮ |
| ૪ | માવસરી | વાવ | ૯૭૮ | ૮૫–૧૫–૨૭ |
| ૫ | કારેલી | વાવ | ૮૧૭ | ૮૫–૨૨–૨૯ |
| ૬ | કુંડાળીયા | વાવ | ૫૯૨ | ૯૭–૯૩–૨૫ |
| ૭ | કુંડાળીયા | વાવ | ૧૭૯૭ | ૯૫–૧૬–૩૧ |
| ૮ | કુંડાળીયા | વાવ | ૧૮૪૩ | ૩૨૪–૪૮–૦૫ |

---------

**ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

૩૯૯૦૪ **શ્રી અરૂણસિંહ રણા**(વાગરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૧૯૩૪૦.૮૨૯ મે.ટન ઘઉં અને ૮૨૮૦.૭૦૪ મે.ટન ચોખા મળી કુલ ૨૭૬૨૧.૫૩૩ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) ઉક્ત સ્થિતિએ ક્યા ભાવ પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું ? | (૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ માસિક ૩.૫૦૦ કિ.ગ્રા. |

ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ**

૪૦૧૧૯ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

**જવાબ**

(૧) ૧૬૮૫.

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૧૫૫૩૪ |
| મંજૂર નોંધો | ૧૩૩૦૮ |
| નામંજૂર નોંધો | ૫૪૧ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. વેચાણની નોંધોમાં વેચાણ રાખનારની મૂળભૂત ખેડૂત ખરાઇ થતી ના હોય.

૨.જમીન વેચાણ/વહેચણ કરવાથી ટુકડા ધારાનો ભંગ થતો હોય.

૩.વારસાઇની નોંધોમાં પેઢીનામું સ્પષ્ટ ન હોય.

૪.હક્ક કમીની નોંધમાં જેનો હક્ક કમી કરવાનો છે તેની સંમતિ લીધેલ ન હોય તથા પુરતી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરેલ ન હોય.

૫.બોજા મુક્તિ અંગેની નોંધમાં બેંક/મંડળીનો બોજો ભરપાઇ કર્યાનો દાખલો રજૂ થયેલ ન હોય.

---------

**સામૂહિક બળાત્કારના બનાવો**

૪૦૩૬૪ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૨/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૪૩૯૯ (અગ્રતા–૧૨૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સામુહિક બળાત્કારના બનાવોમાં સંડોવાયેલા ૧૧ આરોપીઓ/ઇસમો પૈકી બે ૨૦૧૫થી, ચાર ૨૦૧૪ થી અને પાંચ ૨૦૧૮થી પકડવાના બાકી હતા તે પૈકી કેટલા આરોપીઓ તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ પકડવાના બાકી છે, અને

(૨) ઉક્ત બાકી આરોપીઓને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૦.

(૨)

- આરોપીઓને સત્વરે પકડવા સારું CRPC ૭૦,૮૨,૮૩ મુજબનું વોરંટ મેળવી કાર્યવાહી કરેલ છે.
- આરોપી પકડવા માટે ફરીયાદમાં જણાવેલ સરનામે તથા તેમના મુળ વતનના સરનામે તપાસ કરવામાં આવે છે.
- સી.સી.ટી.વી. ફુટેજ આધારે અને મોબાઇલ નંબરના સી.ડી.આર. આધારે મળી આવેલ લોકેશનની તપાસ કરવામાં આવે છે. તેમજ આરોપીના સગા સંબંધીના ઘરે તેમજ મિત્રોને ત્યાં ખાનગી રાહે વોચ રાખી પકડવા અંગે સઘન કામગીરી કરવામાં આવે છે.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓ અંગેની યોજના**

૩૯૮૧૪ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવેલ, અને | (૧) ૨૮૫. |
| (૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) ૮,૫૫,૦૦૦/– |

---------

**ભરૂચ જિલ્લામાં કેળ પાક વાવેતરમાં સહાય મેળવવા અરજીઓ**

૪૦૩૪૧ **શ્રી દુષ્યંતભાઇ પટેલ** (ભરૂચ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેળ(ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે, કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૨)

| અનુ નં | વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | ૨૦૧૯–૨૦ | ૧૧૮૨ |
| ૨ | ૨૦૨૦–૨૧ (તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ) | ૧૨૩૩ |
| | **કુલ** | **૨૪૧૫** |

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| અનુ નં | વર્ષ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂ) |
| --- | --- | --- | --- |
| ૧ | ૨૦૧૯–૨૦ | ૬૧૫ | ૧,૬૬,૩૨,૭૨૫/– |
| ૨ | ૨૦૨૦–૨૧ (તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ) | ૬૨૨ | ૧,૭૧,૧૫,૨૫૭/– |
| | **કુલ** | **૧૨૩૭** | **૩,૩૭,૪૭,૯૮૨/–** |

---------

**અમદાવાદ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૦૭ **શ્રી બલરામ થાવાણી**(નરોડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૨૪૭૮૩ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) તેની જનસંખ્યા ૧૦૨૪૩૬ છે. |

---------

**હાંસલપુર ખાતે લિથિયમ બેટરીનું ઉત્પાદનની કામગીરી**

૪૦૩૯૬ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ હાંસલપુર ખાતે લિથિયમ બેટરીનું ઉત્પાદન કરવા જાપાનીઝ કંપની | (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ હાંસલપુર ખાતે લિથિયમ બેટરીનું ઉત્પાદન કરવા જાપાનીઝ કંપની |

થોસીબા કોર્પોરેશન ડેનસો, સુઝુકી મોટર્સ કોર્પોરેશન દ્વારા ક્યારે જાહેરાત કરવામાં આવેલ,

થોસીબા કોર્પોરેશન ડેનસો, સુઝુકી મોટર્સ કોર્પોરેશન દ્વારા તા.૧૪ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપનીઓને સરકાર દ્વારા ક્યા પ્રકારની સહાય આપવામાં આવેલ, અને

(૨) અત્રેની કચેરીએથી કોઇ સહાય આપવામાં આવેલ નથી.

(૩) હાંસલપુર ખાતે લિથિયમ બેટરીનું ઉત્પાદન કરવા માટેની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) હાંસલપુર ખાતે હાલમાં આ લિથિયમ બેટરી પ્લાન્ટના એકમમાં અજમાયશી ધોરણે ઉત્પાદન શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે.

---------

**તાઉતે વાવાઝોડામાં સંપૂર્ણ નુકસાન પામેલ માછીમારોની નવી બોટના રજીસ્ટ્રેશન બાબત**

૪૦૪૩૫ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૩/૦૮/૨૦૨૧ની સ્થિતિએ તાઉતે વાવાઝોડામાં જે માછીમારોને બોટના સંપૂર્ણ નુક્સાની ચૂકવેલ છે તે માછીમારોની નવી બોટના રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આવી કેટલી નવી બોટના રજીસ્ટ્રેશન કરવાના બાકી છે, તે ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) તે અંગેની અરજી રજૂ થયેલ નથી.

(૩) ૧૩૨ નવી બોટના રજીસ્ટ્રેશન બાકી છે, માછીમારો દ્વારા તે અંગેની અરજી રજૂ થયા બાદ નિયમોનુસાર રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

---------

**અરવલ્લી જિલ્લામાં મનરેગા યોજના અન્વયે રોજગારી**

૪૦૩૪૭ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

(૨) તેની સામે તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી મહિલાઓ માટે કેટલા માનવદિનની રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** |
|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧/૦૩/૨૧ અંતિત) |
| ૧૬,૪૮,૫૨૮ |

(૨)

| **ઉપલબ્ધ કરાવવામાં આવેલ માનવદિન રોજગારી** |
|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧/૦૩/૨૧ અંતિત) |
| ૧૮,૩૧,૭૫૮ |

(૩)

| **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ માનવદિન રોજગારી** |
|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧/૦૩/૨૧ અંતિત) |
| ૭,૮૧,૩૮૬ |

---------

**મોઢેરા સૂર્ય મંદિરના વિકાસ માટેનું આયોજન**

૩૯૭૮૮ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્ય મંદિરના વિકાસ માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ સ્થળો ખાતે મુખ્યત્વે કયા પ્રકારની સુવિધાનો વિકાસ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨)

- પાર્કિંગ
- સેન્સર આધારિત ઇલે. પોલ
- ડેક
- બેઠક વ્યવસ્થા

અતારાંકિત પ્રશ્નો

- નાનું એમ્ફી થીએટર
- પીચીંગ (તળાવની સાઇડમાં)
- સાઇનેઝીસ
- કન્ટેનર ટોઇલેટ
- કાફેટેરીયાનું રીનોવેશન અને અપગ્રેડેશન

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આ સ્થળના વિકાસ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) રૂ. ૨૧૬.૪૩ લાખ.

---------

**અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી અંતર્ગત મળેલ અરજીઓ**

૩૯૭૫૮ **શ્રી રાકેશભાઇ શાહ**(એલિસબ્રિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઇલ ક્ષેત્રની છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૪૪૪૩.૪૭ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૯૮૨૭ **શ્રી જગદીશ પટેલ** (અમરાઇવાડી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૬૬. |
| (૨) આ ભરતીમેળામાં કેટલાને રોજગારી મળી ? | (૨) ૧૬૬૯૩. |

---------

**મુન્દ્રા તાલુકામાં જંત્રી કરતા ઓછી કિંમતે ફાળવેલ જમીન**

૪૦૪૮૯ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ મુન્દ્રા તાલુકામાં કોસ્ટ ગુજરાત પાવર લિમિટેડ કંપની અને ટાટા પાવર કંપનીએ જે સરકારી જમીનો ફાળવવામાં આવી છે તેની જંત્રીના ભાવ કરતા ઓછી કિંમત નક્કી રાખવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડને રાજ્ય સરકારની સરકારી જમીનની કિંમત નક્કી કરવાની નીતિ મુજબ મુલ્યાંકન સમિતિ મારફત જમીનની કિંમત નક્કી કરાવી જમીન ફાળવવામાં આવી છે. |
| (૨) જો હા, તો મુન્દ્રા તાલુકામાં ઉક્ત કંપનીને ખાનગી જમીનો કન્સર્ન એવોર્ડથી કિંમત નક્કી કરવામાં આવી તે કરતા કેટલા ઓછા ભાવે સરકારી જમીન મહેસૂલ વિભાગ દ્વારા ફાળવવામાં આવી, અને | (૨) ખાનગી જમીનોના કેસમાં આપવામાં આવતા એવોર્ડમાં સંપાદક સંસ્થા તથા ખાતેદારની અરસપરસ સમજૂતીથી કિંમત નક્કી થતી હોઇ છે. જ્યારે સરકારી જમીનના કેસમાં ખંડ-૧ માં જણાવ્યા મુજબ કિંમત નક્કી કરવાની નીતિ મુજબ મૂલ્યાંકન સમિતિમાં કિંમત નક્કી થતી હોઇ છે. આથી, આ બન્ને કિંમતની સરખામણી કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) મુન્દ્રા તાલુકાના ગામોની ઔદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટેની જમીનના જંત્રી ભાવો છેલ્લા બે વર્ષમાં કેટલા નક્કી કરાયા હતા? | (૩) મુન્દ્રા તાલુકાના ગામોની ઔદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટેની જમીનમાં જંત્રી ભાવો છેલ્લા બે વર્ષમાં નક્કી થયેલ નથી. |

---------

**રાજ્યમાં બોડી વોર્ન કેમેરા ટેકનોલોજીનો ઉપયોગ**

૪૦૫૭૮ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદ્રઢ કરવા સારું બોડી વોર્ન કેમેરા ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા બોડી વોર્ન કેમેરા ખરીદ કરવાનું આયોજન છે ? | (૨) ૧૦,૦૦૦. |

---------

**આણંદ આર.ટી.ઓ. માં બોગસ લાઇસન્સની ફાળવણી**

૪૦૪૪૯ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ આરટીઓમાં બોગસ લાઇસન્સ ફાળવણી, ડ્રાઈવીંગ ટેસ્ટ વગર લાઇસન્સ ફાળવવા અને અન્ય શહેરના અરજદારોના ભાડા કરાર હેઠળ સીધા લાઇસન્સ ફાળવવા અંગેનો એઆરટીઓ, આણંદનો અહેવાલ સરકાર અને વાહનવ્યવહાર કમિશ્નરને ક્યારે મળેલ, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ આ બાબતે એ.આર.ટી.ઓ. આણંદનો અહેવાલ મળેલ નથી. |
| (૨) ઉક્ત વર્ષવાર બોગસ લાયસન્સ ફાળવણીના કેટલા કિસ્સા સામે આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)બોગસ લાયસન્સ ફાળવણી અન્વયે ઉક્ત સ્થિતિએ કયા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ધી ગુજરાત ફ્રીડમ ઓફ રીલીજીયન એક્ટ (લવ જેહાદ) અન્વયે લીધેલ પગલાં**

૪૦૩૮૧ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધી ગુજરાત ફ્રીડમ ઓફ રીલીજીયન એક્ટ, ૨૦૦૩ના સુધારા વિધેયક (લવ જેહાદ) અન્વયે કેટલા કેસો કરવામાં આવ્યા, | (૧) ૦૧ (એક). |
| (૨)તે પૈકી કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૦૧ (એક). |
| (૩) તે પૈકી કેટલા ઇસમોને નામદાર કોર્ટ દ્વારા છોડવામાં આવ્યા ? | (૩) શૂન્ય. |

---------

**રાયસીંગપુરા(હ) ગામમાંથી વરધી ફળિયાને અલગ ગામનો દરજ્જો આપવા બાબત**

૩૯૮૮૬ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦/૦૯/૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના રાયસીંગપુરા (હ) ગામમાંથી વરધી ફળીયાને અલગ પાડી ગામનો દરજ્જો આપવા માટે પત્ર ક્રમાંકઃ ડી.આઇ.એલ.આર./એ.ડી.–૧/છોટા ઉદેપુર/રાયસીંગપુરા–વરધી ફળીયા/૨૦૧૬, તા.૨૩/૦૨/૧૮ના પત્રથી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી દ્વારા વિભાગને દરખાસ્ત મોકલેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો ''હા'' તો આ દરખાસ્ત બાબતે વિભાગ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) દરખાસ્તની ચકાસણી કરતાં ખૂટતી વિગતો સામેલ ન હોવાથી કલેક્ટરશ્રી છોટાઉદેપુર પાસેથી વિગતો માંગવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાબતે ક્યાં સુધીમાં અલગ ગામનો દરજ્જો | (૩) વિગતો મળ્યેથી ચકાસણી કરી નિયમાનુસારની |

આપવામાં આવશે ? | કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૯૮૦૪ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૫૮ |
| (૨) આ ભરતીમેળામાં કેટલાને રોજગારી મળી ? | (૨) ૨૨૦૦ |

---------

**આણંદ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૦૩૩૩ **શ્રી અરવિંદ રાણા**(સુરત પૂર્વ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૦૨–૦૮–૨૦૨૧ના સંવેદના દિવસે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, | (૧) ૧૧ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૧૭૬૭૮ |
| (૪)તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૧૭૬૭૮ |

---------

**સૌની યોજના પેકેજ–૧ માં ટેન્ડર રદ કરવા બાબત**

૪૦૪૦૨ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૧–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૫૭૫૨ (અગ્રતા–૧૦)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ સૌની યોજનાના પેકેજ–૧ માં પહેલાં બહાર પાડેલ ટેન્ડર રદ થયેલ તે ટેન્ડરના અંદાજમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા એસ.ઓ.આર.માં સુધારો થવાથી અંદાજમાં વધારો થયેલ તો એસ.ઓ.આર.ના કયા ભાવોમાં કેટલો વધારો ક્યારે કરવામાં આવેલ,

**જવાબ**

(૧) તા.૧૧–૧૨–૨૦૧૩થી નીચે મુજબ (એમ.એસ.પાઇપ) એકસાઇઝ એકઝમ્પ્શન સાથે ભાવોમાં વધારો થયેલ.

| **આઈટમ** | **વધારો રૂપિયામાં** |
|---|---|
| (૧) બેર પાઇપઃ– | |
| **(અ) ૧૦ મી.મી. સુધીની જાડાઈ માટે** | |
| ૫૦૮ મી.મી. ઓ.ડી. સુધી | ૧૫.૨૯ પ્રતિ કી.ગ્રા. |
| ૫૦૮ મી.મી. થી ૯૧૪ મી.મી. ઓ.ડી. સુધી | ૧૧.૯૨ પ્રતિ કી.ગ્રા. |
| **(બ) ૧૦ મી.મી. થી વધારાની જાડાઈ માટે** | |
| ૯૧૪ મી.મી. થી ૧૪૨૨ મી.મી. ઓ.ડી. સુધી | ૧૨.૨૯ પ્રતિ કી.ગ્રા. |
| ૧૪૨૨ મી.મી. ઓ.ડી. થી વધુ | ૧૨.૬૪ પ્રતિ કી.ગ્રા. |
| (૨) ઈનસાઇડ સોલ્વન્ટ ફ્રી લિક્વીડ એપોક્ષી લાઈનીંગ (૪૦૬ માઈક્રોન જાડાઈ માટે) | ૨૦૦ પ્રતિ ચો.મીટર |
| (૩) આઉટસાઈડ ૩ એલ.પી.ઈ. કોટીંગ | ૫૯૫ પ્રતિ ચો.મીટર |

(૨) એસ.ઓ.આર. માં વધારો થવાથી સૌની

(૨) સૌની યોજનાના ફેઝ – ૧ ના ૮ ટેન્ડરોમાં કુલ

યોજનાના પેકેજ-૧ ના કેટલા ટેન્ડરોમાં કેટલો વધારો કરાયો, અને

૩.૭૫૨.૭૫ કરોડનો વધારો થયો.

(૩) ઉક્ત સ્થિતિએ એસ.ઓ.આર. માં વધારો કરાયા બાદ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના એસ.ઓ.આર. ક્યારે-ક્યારે સુધારો કરવામાં આવ્યો ?

(૩) ઉક્ત સ્થિતિએ એસ.ઓ.આર. માં વર્ષ ૨૦૧૪-૧૫, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં સુધારો કરવામાં આવ્યો.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે જમીન**

૪૦૫૦૯ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન અંતર્ગત આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી બિનઉપજાઉ સરકારી પડતર જમીન બાગાયતી તથા ઔષધિય પાકોની ખેતી માટે ભાડાપટ્ટેથી ફાળવવા અન્વયે બનાસકાંઠા જિલ્લામાં જમીનો આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામની કયા સર્વે નંબરની કેટલી જમીન આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

**બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે આઈડેન્ટીફાઈ કરેલ જમીન**

| ક્રમ | ગામ | તાલુકો | સ.નં. | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં.) |
|---|---|---|---|---|
| ૧ | વાહરા | ડીસા | ૨૯૦ | ૮૯-૭૮-૮૧ |
| ૨ | અસારાવાસ | વાવ | ૧૦૨૪ | ૬૬-૪૫-૪૧ |
| ૩ | મીઠાવીચારણ | વાવ | ૨૯૩ | ૧૨૦-૨૯-૬૮ |
| ૪ | માવસરી | વાવ | ૯૭૮ | ૮૫-૧૫-૨૭ |
| ૫ | કારેલી | વાવ | ૮૧૭ | ૮૫-૨૨-૨૯ |
| ૬ | કુંડાળીયા | વાવ | ૫૯૨ | ૯૭-૯૩-૨૫ |
| ૭ | કુંડાળીયા | વાવ | ૧૭૯૭ | ૯૫-૧૬-૩૧ |
| ૮ | કુંડાળીયા | વાવ | ૧૮૪૩ | ૩૨૪-૪૮-૦૫ |

---------

**નવસારી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત વ્યક્તિગત શૌચાલય**

૩૯૮૬૩ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત લેફ્ટ આઉટ બેનિફિશરીઝ (LOB) ના છેલ્લા બે વર્ષમાં કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૮૦૪૨ કુટુંબો.

(૨) ૩.૯૬૫.૦૪ લાખ.

---------

**અમદાવાદ અને સુરતની જેલમાં કેદીઓના અકુદરતી મોત**

૪૦૩૬૦ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સાબરમતી જેલ અને સુરતની જેલમાં કેટલા કેદીઓના અકુદરતી મોત થયા,

(૨) ઉક્ત મોતના શા કારણો સામે આવ્યા,

**જવાબ**

(૧) અમદાવાદની સાબરમતી જેલમાં ૦૬ (છ) અને સુરતની જેલમાં ૦૩ (ત્રણ) કેદીઓના અકુદરતી મોત થયેલ છે.

(૨)

| સાબરમતી જેલ, અમદાવાદ |
| --- |
| ૦૧ (એક) કેદીએ અગમ્ય કારણસર, ૦૧ (એક) કેદીએ માનસિક બિમારી, ૦૧ (એક) કેદીએ દાઢની બિમારી, ૦૧ (એક) કેદીએ કોરોના મહામારી દરમ્યાન મુલાકાત બંધ હોવાથી, ૦૧ (એક) કેદીએ પોતાને જામીન નહીં મળતા હોવાથી અને ૦૧ (એક) કેદીએ માનસિક તણાવમાં આપઘાત કરેલ હોવાના કારણો સામે આવેલ છે. |
| **સુરત જેલ** |
| ૦૧ (એક) કેદીએ બળાત્કારના ગુના બદલ મનદુઃખ થવાથી. ૦૧ (એક) કેદી HIV બિમારીથી પીડાતો હતો અને પોતાને જામીન ન મળતા હોવાથી માનસિક તણાવમાં આપઘાત કરેલ હોવાના કારણો સામે આવેલ છે અને ૦૧(એક) કેદીનું બળાત્કારનો ગુનો કરવા બદલ સ્થાનિકો દ્વારા ઢીકા મુક્કાનો માર મારવાથી થયેલ ઇજાઓની સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ હોવાનું કારણ જણાઈ આવેલ છે. |

(૩) જેલમાં કેદીઓના અકુદરતી મોત અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩)
- કેદીઓને તેમના સ્કીલ મુજબ કામગીરીમાં વ્યસ્ત રાખી તણાવ દૂર કરવામાં આવે છે.
- કેદીઓ પોતાના પરિવાર સાથે સંપર્કમાં રહી વાતચીત કરી શકે અને તણાવ મુક્ત રહી શકે તે માટે જેલમાં ટેલીફોન બુથ અને ઇ–મુલાકાતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- કેદીઓ તણાવમુક્ત રહે તે માટે સામાજીક સંસ્થાઓ દ્વારા જેલમાં સમયાંતરે આધ્યાત્મિક, ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
- NGO દ્વારા મેડીટેશન, યોગ તથા ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવે છે.
- કેદીઓને મનોચિકિત્સકની તબીબી સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- સાઇકોલોજીકલ સેલની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- જરૂરીયાતમંદ કેદીઓને લીગલ એઇડ ક્લીનીક દ્વારા કાનૂની સહાય પૂરી પાડવામાં આવે છે.
- જેલમાં શિક્ષણ અને લાઇબ્રેરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૪) અકુદરતી મોત માટે જવાબદારો સામે શા પગલાં લીધાં ?

(૪) ખાતાકીય રાહે કરેલ પ્રાથમિક તપાસમાં જેલ વિભાગના કોઈ અધિકારી/કર્મચારીઓની સદર અકુદરતી મોત માટે જવાબદારી જણાઈ આવેલ નથી.

---------

## સુરત શહેરમાં એરપોર્ટનું વિસ્તરણ ન થઈ શકવા બાબત

૪૦૪૦૬ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૯–૦૯–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૧૩૪૩ (અગ્રતા–૪૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) સુરત શહેરમાં ગેરકાયદેસર હાઇરાઇઝ બિલ્ડીંગોના કારણે એરપોર્ટનું વિસ્તરણ નથી થઈ શકતું તે બાબતે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રીશ્રી દ્વારા તા.૨૯-૦૧-૨૦૧૮ના પત્રથી રાજ્ય સરકારને જાણ કરવામાં આવેલ તે સુરત શહેરના કુલ ૧૮ પ્રોજેક્ટો એરપોર્ટ વિસ્તરણમાં નડતરરૂપ છે તે પૈકી કયા પ્રોજેક્ટમાં કેટલું ગેરકાયદેસર બાંધકામ તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ થયેલ છે, અને

(૧) સદર બાબત હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નિર્ણયાધીન છે.

(૨) ઉક્ત ગેરકાયદેસર બાંધકામ બદલ જવાબદારો સામે શા પગલાં લીધાં ?

(૨) સદર બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નિર્ણયાધીન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મુન્દ્રા તાલુકામાં કોસ્ટલ પાવર કંપની અને ટાટા પાવર કંપનીને જંત્રી કરતા ઓછી કિંમતે ફાળવેલ જમીન**

૪૦૪૮૭ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ મુન્દ્રા તાલુકામાં કોસ્ટ ગુજરાત પાવર લિમિટેડ કંપની અને ટાટા પાવર કંપનીને જે સરકારી જમીનો ફાળવવામાં આવી છે તેની જંત્રીના ભાવ કરતા ઓછી કિંમત નક્કી રાખવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડને રાજ્ય સરકારની સરકારી જમીનની કિંમત નક્કી કરવાની નીતિ મુજબ મૂલ્યાંકન સમિતિ મારફત જમીનની કિંમત નક્કી કરાવી જમીન ફાળવવામાં આવી છે.

(૨) જો હા, તો મુન્દ્રા તાલુકામાં ઉક્ત કંપનીને ખાનગી જમીનો કન્સર્ન એવોર્ડથી કિંમત નક્કી કરવામાં આવી તે કરતા કેટલા ઓછા ભાવે સરકારી જમીન મહેસૂલ વિભાગ દ્વારા ફાળવવામાં આવી, અને

(૨) ખાનગી જમીનોના કેસમાં આપવામાં આવતા એવોર્ડમાં સંપાદક સંસ્થા તથા ખાતેદારની અરસપરસ સમજૂતીથી કિંમત નક્કી થતી હોઇ છે. જ્યારે સરકારી જમીનના કેસમાં ખંડ-૧ માં જણાવ્યા મુજબ કિંમત નક્કી કરવાની નીતિ મુજબ મૂલ્યાંકન સમિતિમાં કિંમત નક્કી થતી હોઇ છે. આથી, આ બન્ને કિંમતની સરખામણી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) મુન્દ્રા તાલુકાના ગામોની ઔદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટેની જમીનના જંત્રી ભાવો છેલ્લા બે વર્ષમાં કેટલા નક્કી કરાયા હતા ?

(૩) મુન્દ્રા તાલુકાના ગામોની ઔદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટેની જમીનમાં જંત્રી ભાવો છેલ્લા બે વર્ષમાં નક્કી થયેલ નથી.

---------

**લુણાવાડા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૯૭૬૫ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાની લુણાવાડા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૨૨૪.૦૦/- લાખ.

(૨) ઉક્ત રકમ ક્યા કામ માટે મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) ઉક્ત રકમ
(૧) આર.સી.સી. રોડ
(૨) શોપ કમ ગોડાઉન
(૩) કંપાઉન્ડ વોલ ગેટ સાથે
અને (૪) ફ્રુટ એન્ડ વેજીટેબલ
માર્કેટના કામ માટે મંજૂર કરવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૦૮ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

### અતારાંકિત પ્રશ્નો

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૨૮૯૮૯ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) તેની જનસંખ્યા ૧૨૦૬૨૬ છે.

---------

### અમદાવાદ શહેરની ટી.પી.સ્કીમ–૨૦૪ બાબત

૪૦૪૧૭ **શ્રી લાખાભાઇ ભરવાડ**(વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨૦૪ ને ડ્રાફ્ટ ટીપી ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત ડ્રાફ્ટ ટીપી મંજૂર કર્યા બાદ કેટલા સમયમાં આખરી ટીપી કરવાની થાય છે,

(૩) ઉક્ત ટીપી આખરી કરવાની મુદતમાં કેટલી વખત કેટલા સમય માટે વધારો કરવામાં આવ્યો,

(૪) ઉક્ત ટીપીને આખરી કરવાની મુદતમાં વધારો કરવાના શા કારણો છે, અને

(૫) ઉક્ત ટી.પી.ને આખરી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૨૮/૦૯/૨૦૧૨

(૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૫૧ની જોગવાઇ મુજબ ૧૨ માસની સમય મર્યાદા છે. સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઇઓથી રાજ્ય સરકાર વખતોવખત સમયમર્યાદા વધારી શકે છે.

(૩) સામેલ પત્રકની વિગત મુજબ.

(૪) પ્રસ્તુત યોજના ૧૦૯૬૨૪૪૬ ચો.મી. જેટલું વિશાળ ક્ષેત્રફળ ધરાવતી યોજના હોઇ, જેમાં ૧૦૭૬ જેટલા પ્રમાણમાં મુળખંડોનો સમાવેશ થયેલ હોઇ, ૫૩૬૯ જેટલા જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓ તરફથી મળેલ વાંધા સૂચનોને ન્યાય મળે તે રીતે સુનાવણી કરવાની હોવાથી.

(૫) ધારાકીય જોગવાઇ મુજબની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**પત્રક**

| ન.ર.યો.નં. ૨૦૪ (પત્રક) | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **હુકમની તારીખ** | **હુકમ ક્રમાંક** | **વધારેલ સમય મર્યાદાનો સમયગાળો** |
| ૧ | ૦૭/૧૨/૨૦૧૩ | નરઅ–૧૧૨૦૦૮–૫૪૩૩–લ | તા.૦૩/૧૦/૨૦૧૩ થી તા.૦૨/૧૦/૨૦૧૪ |
| ૨ | ૨૧/૧૦/૨૦૧૪ | નરઅ–૧૧૨૦૦૮–૫૪૩૩–લ | તા.૦૩/૧૦/૨૦૧૪ થી તા.૦૨/૧૦/૨૦૧૫ |
| ૩ | ૦૩/૧૦/૨૦૧૫ | નરઅ–૧૧૨૦૦૮–૫૪૩૩–લ | તા.૦૩/૧૦/૨૦૧૫ થી તા.૦૨/૦૭/૨૦૧૬ |
| ૪ | ૧૮/૧૦/૨૦૧૬ | નરચ–૧૫૨૦૧૬–૪૪૮૨–લ | તા.૨૧/૦૭/૨૦૧૬ થી તા.૨૦/૦૭/૨૦૧૭ |
| ૫ | ૦૯/૧૦/૨૦૧૭ | નરચ–૧૫૨૦૧૬–૪૪૮૨–લ | તા.૨૧/૦૭/૨૦૧૭ થી તા.૨૦/૦૭/૨૦૧૮ |
| ૬ | ૧૯/૦૭/૨૦૧૮ | નરચ–૧૧૨૦૧૮–૫૧૯૫–લ | તા.૨૧/૦૭/૨૦૧૮ થી તા.૨૦/૦૭/૨૦૧૯ |
| ૭ | ૨૩/૦૭/૨૦૧૯ | નરચ–૧૧૨૦૧૯–૩૦૮૦–લ | તા.૨૧/૦૭/૨૦૧૯ થી તા.૨૦/૦૭/૨૦૨૦ |
| ૮ | ૨૧/૦૭/૨૦૨૦ | નરચ–૧૧૨૦૨૦–૨૦૨૨–લ | તા.૨૧/૦૭/૨૦૨૦ થી તા.૨૦/૦૭/૨૦૨૧ |
| ૯ | ૦૯/૦૮/૨૦૨૧ | નરચ–૧૧૨૦૨૧–૧૭૫૪–લ | તા.૨૧/૦૭/૨૦૨૧ થી તા.૨૦/૦૭/૨૦૨૨ |

---------

### ગોંડલ અને જેતપુર શહેરમાં સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન

૪૦૫૭૯ **શ્રી ગોવિંદભાઇ પટેલ**(રાજકોટ દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગોંડલ અને જેતપુર શહેરમાં સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા સીસીટીવી

**જવાબ**

(૧) હા, જી.

(૨) VISWAS (Video Integration and State Wide

કેમેરાઓ લગાવવાનું આયોજન છે ?

Advance Security) પ્રોજેક્ટ અંતર્ગત આગામી આયોજનમાં ગોંડલ શહેર ખાતે–૧૬૬ અને જેતપુર શહેર ખાતે–૨૦૧ સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

---------

**મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં ગેરવહીવટ અંગે તપાસ**

૪૦૪૫૧ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૭/૦૩/૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૭૮૬૮ (અગ્રતા–૮૬) ના અનુસંધાને **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં ગેરકાયદેસર ભરતી અને ગેરવહીવટ અંગે મળેલ ફરિયાદો અન્વયે કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદમાં થયેલ ગેરકાયદેસર ભરતી અંગે મળેલ કુલ–૦૩ ફરિયાદો અંતર્ગત તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ એમપેનલ્ડ અધિકારીને પ્રાથમિક તપાસ સોંપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત તપાસ દરમ્યાન કયા પ્રકારનો ગેરવહીવટ સામે આવ્યો, અને | (૨) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ તપાસ ચાલુ છે. |
| (૩)તે અન્વયે જવાબદાર સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૧૫ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૩૩૨૬૯ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) તેની જનસંખ્યા ૧૪૯૭૧૧ છે. |

---------

**આણંદ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૩૯૭૯૦ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થાનિકોને રોજગારી મળી રહે તે માટે કોઇ નીતિ નક્કી કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી ઉક્ત નીતિ અમલમાં છે અને તે અન્વયે કેટલા ટકા સ્થાનિકોને રોજગારી આપવાની જોગવાઇ છે, | (૨) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ના ઠરાવ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારના જાહેર સાહસો તેમજ ખાનગી એકમોમાં મેનેજર/સુપરવાઇઝરી કક્ષામાં ૬૦ ટકા, કામદાર કક્ષામાં ૮૫ ટકા તથા એકંદરે ઓછામાં ઓછી ૮૫% જગ્યાઓ સ્થાનિકોમાંથી ભરવાની જોગવાઇ છે. |
| (૩) તે અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલા કેટલા ઔદ્યોગિક એકમ સ્થાનિકોને પુરતી રોજગારી આપતા નથી, અને | (૩) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલા ૦૬ (છ) એકમો સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જાળવતા નથી. |
| (૪) સ્થાનિકોને રોજગારી ન આપતા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ? | (૪) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ના ઠરાવ અનુસાર |

સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

- ઠરાવનો ભંગ કરતા એકમો સાથે નાયબ નિયામક (રોજગાર), વડોદરા દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવેલ છે.
- સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારું મોકલવામાં આવે છે.
- રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારું ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતીમેળા/ઓનલાઇન (વર્ચ્યુઅલ) ભરતીમેળાનું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

**અમદાવાદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૦૦૧૫ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૦૨/૦૮/૨૦૨૧ના સંવેદના દિવસે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, | (૧) ૦૯ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૨૮૫૮૪ |
| (૪)તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૨૮૫૭૩ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખનિજ માફિયા વિરૃધ્ધ કાર્યવાહી**

૪૦૪૨૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર**(મોડાસા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના લાડોલા ગામે પથ્થરીયો ડુંગર ખનનકારોના કારણે નામશેષ થઇ ગયો છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ખનીજ માફિયાઓ સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં બોડી વોર્ન કેમેરા ટેકનોલોજીનો ઉપયોગ**

૪૦૫૮૦ **શ્રી અરવિંદકુમાર પટેલ**(સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક | (૧) હા, જી. |

વર્ષમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદ્રઢ કરવા સારું બોડી વોર્ન કેમેરા ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલા બોડી વોર્ન કેમેરા ખરીદ કરવાનું આયોજન છે ? — (૨) ૧૦,૦૦૦

---------

**રાજ્યમાં બંધ કરેલ માર્કેટીંગ યાર્ડ**

૪૦૪૪૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર**(બોરસદ):**માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા માર્કેટીંગ યાર્ડ બંધ કરવામાં આવ્યા, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત માર્કેટ યાર્ડ બંધ થવાના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત માર્કેટ યાર્ડના બદલે વૈકલ્પિક શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ**

૪૦૧૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૧૦૫૭૭

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૭૩૬૩૮ |
| મંજૂર નોંધો | ૬૧૪૦૩ |
| નામંજૂર નોંધો | ૧૬૫૮ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામામાં વારસદારો છુપાયેલ હોવાથી.
૨. જરૂરી આધાર પુરાવા સામેલ કરેલ ન હોવાથી.
૩. વારસદારોને ૧૩૫ ડી ની નોટીસની બજવણી થયેલ ન હોવાથી.
૪. જરૂરી આધાર પુરાવા તથા રેકર્ડમાં વિસંગતતા હોવાથી.
૫. નોંધ સાથે રજૂ કરેલ પુરાવામાં વિસંગતતા હોવાથી.
૬. અગાઉ વારસાઇ નોંધ પડાવેલ હોવાથી.
૭. ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી.

**ભાવનગર જિલ્લામાં રોજગારવાંચ્છુઓ**

૩૯૮૨૬ **શ્રી ભીખાભાઈ બારૈયા**(પાલિતાણા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભાવનગર ખાતે કેટલા રોજગારવાંચ્છુ નોંધાયેલ છે,

(૧) ૧૪,૪૧૧.

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત ઉમેદવારો નોંધાયેલા છે, અને

(૨)

| શિક્ષિત | અર્ધ શિક્ષિત |
|---|---|
| ૧૩,૩૬૮ | ૧૦૪૩ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

(૩) ૧૦,૨૯૯

---------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૩૯૭૬૮ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

૩૦.

---------

**અમદાવાદ શહેરમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૦૬ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૪૫૯૦૯ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) તેની જનસંખ્યા ૧૯૧૮૧૫ છે.

---------

**વડોદરા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૦૦૧૬ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૦૨–૦૮–૨૦૨૧ના સંવેદના દિવસે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા,

(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,

(૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૦૫.

(૨) ૫૭.

(૩) ૧૬૯૧૨.

(૪) ૧૬૯૧૦.

---------

**ખેડા જિલ્લામાં આવેલ જર્જરીત રસ્તાઓ/પુલોનું સમારકામ/નવા કરવા બાબત**

૪૦૩૯૮ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સિંચાઈ માટેની કેનાલો/નહેરો પસાર કરવા માટે બનાવવામાં આવેલ પુલો/રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ/પુલો જર્જરીત હાલતમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા પુલો નવા બનાવવામાં આવ્યા અને કેટલા પુલોનું સમારકામ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સિંચાઈ માટેની કેનાલો/નહેરો પસાર કરવા માટે બનાવવામાં આવેલ પુલો પૈકી નીચેની વિગતે પુલો જર્જરીત (સમારકામની જરૂરિયાતવાળા) હાલતમાં છે.

| **ક્રમ** | **તાલુકો** | **પુલોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ઠાસરા | ૩ |
| ૨ | ખેડા | ૨ |
| ૩ | મહુધા | ૬ |
| | **કુલ** | **૧૧** |

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના પુલો નવા બનાવવામાં/પુલોનું સમારકામ કરવામાં આવ્યું છે.

| **નવા બનાવેલ પુલો** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **તાલુકો** | **પુલોની** |

| | | | **સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ઠાસરા | ૧ |
| ૨ | ૨૦૧૯ | નડિઆદ | ૨ |
| ૩ | | માતર | ૧ |
| | | **કુલ** | **૪** |
| **સમારકામ કરેલ પુલો** | | | |
| **ક્રમ** | **વર્ષ** | **તાલુકો** | **પુલોની સંખ્યા** |
| ૧ | ૨૦૨૦ | નડિઆદ | ૧ |
| | | **કુલ** | **૧** |

(૩) ઉક્ત બાકી જર્જરીત રસ્તાઓ/પુલોનું સમારકામ કે નવા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) બાકી જર્જરીત પુલોનું સમારકામ/નવા પુલો બનાવવાની કામગીરી નાણાંકીય ઉપલબ્ધિને આધીન તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

---------

**સાણંદ તાલુકામાં ટાટા નેનો કારના ઉત્પાદન માટે ફાળવેલ જમીનમાં શરતભંગ**

૪૦૪૯૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારે ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન કરવા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે તપાસ કરી,

(૨) આ બાબતે કોઈ ફરિયાદ મળેલ નથી, તેથી તપાસ કરેલ નથી.

(૩) તપાસ દરમ્યાન જમીન ક્યા હેતુ વપરાતી હોવાનું માલુમ પડ્યું, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ હોઈ તો શરતભંગ બદલ ઉક્ત સ્થિતિએ ક્યારે શાં પગલાં લીધાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગોંડલ અને જેતપુર શહેરમાં સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન**

૪૦૫૭૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગોંડલ અને જેતપુર શહેરમાં સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવાનું આયોજન છે ?

(૨) VISWAS (Video Integration and State Wide Advance Security) પ્રોજેક્ટ અંતર્ગત આગામી આયોજનમાં ગોંડલ શહેર ખાતે-૧૬૬ અને જેતપુર શહેર ખાતે-૨૦૧ સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

---------

**સુરત જિલ્લામાં રેડ પાડી મુક્ત કરાયેલ બાળમજૂરો**

૪૦૫૫૨ **શ્રીમતી ઝંખના પટેલ**(ચોર્યાસી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં બાળ અને કિશોર (પ્રતિબંધ અને નિયમન)-૧૯૮૬ હેઠળ કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૫૧. |
| (૨) ઉક્ત રેડ દરમ્યાન કેટલા બાળમજૂરોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૫૭. |

---------

**ઊંઝા એપીએમસીમાં થયેલ સેસકાંડ કૌભાંડ**

૪૦૩૭૩ **ડો. કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના ઊંઝા એપીએમસીમાં થયેલ સેસકાંડ કૌભાંડમાં કેટલા ઈસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ, અને | (૧) એક પણ નહીં. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તપાસ અધિકારીઓ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાયની અરજીઓ**

૩૯૮૭૭ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭૨ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૦ અરજીઓ. |
| (૩)ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪૩૧.૦૦ લાખ. |

---------

**સુરત જિલ્લામાં પ્રાણઘાતક અકસ્માત**

૩૯૮૨૨ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) ૩૧ પ્રાણઘાતક અકસ્માત થયા.<br>૩૩ શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા. |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) કારખાના ધારાની જોગવાઈઓના ભંગ બદલ નામ. કોર્ટમાં કુલ ૩૧ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા નીચે મુજબનાં પગલાં લેવામાં આવે છે.<br>➢ કારખાનાધારા ૧૯૪૮ અને તે હેઠળ ઘડાયેલ નિયમો અન્વયે નોંધાયેલ કારખાનામાં સમયાંતરે તપાસણી કરવામાં આવે છે.<br>➢ કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં શ્રમયોગીઓને સલામતી અંગેની જરૂરી તાલીમ આપવા માટે તથા સેફ્ટી સેમિનારનું આયોજન કરાવવા માટે કારખાનાની તપાસણી સમયે જરૂરી સૂચન કરવામાં આવે છે.<br>➢ કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં સમયાંતરે ઓન સાઈટ ઈમરજન્સી પ્લાનનાં મોકડ્રીલનું આયોજન કરવા તપાસણી સમયે જરૂરી સૂચન કરવામાં આવે છે. |

---------

અતારાંકિત પ્રશ્નો

**શિવરાજપુર બીચના વિકાસનું આયોજન**

૩૯૭૮૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ સરકારે શિવરાજપુર બીચના વિકાસ માટે કોઈ આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને | (૨) • શિવરાજપુર બીચના વિકાસ અર્થે ફેઝ–૧ની કામગીરી માટે આપેલ ₹ ૨૩૪૨.૦૦ લાખના રીવાઈઝ વર્ક ઓર્ડર અન્વયે બીચ વિકાસની કામગીરી પ્રગતિમાં છે.<br>• ફેઝ–૨માં રોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અર્થે આપેલ ₹ ૨૮૬૭.૦૦ લાખના વર્ક ઓર્ડર અન્વયે કામગીરી પ્રગતિમાં છે.<br>• ફેઝ–૩ની કામગીરી માટે ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરી પસંદ થયેલ એજન્સીને ₹ ૭૧૮૦.૦૦ લાખનો L.O.I અને વર્ક ઓર્ડર આપવા સંબંધી કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ કરવાનું આયોજન છે ? | (૩) ₹ ૧૨૩૮૯.૦૦ લાખ |

---------

**સુરત જિલ્લામાં બાળમજૂરોની મુકિત**

૩૯૮૨૮ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં બાળ અને કિશોર (પ્રતિબંધ અને નિયમન)–૧૯૮૬ હેઠળ રેડ પાડવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રેડ પાડવામાં આવી, અને | (૨) ૫૧ |
| (૩) ઉક્ત રેડ દરમ્યાન કેટલા બાળમજૂરોને મુક્ત કરાવવામાં આવ્યા ? | (૩) ૫૭ |

---------

**અમદાવાદ જિલ્લામાં મીઠાઈ/ફરસાણ વેચતા એકમોની ચકાસણી**

૩૯૯૧૩ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા મીઠાઈ/ફરસાણ વેચતા કેટલા એકમોની ચકાસણી કરવામાં આવી, અને | (૧) કુલ ૨૩૦૮ (બે હજાર ત્રણસો આઠ) એકમો. |
| (૨) કેટલા એકમોમાં ક્ષતિ માલુમ પડી તેમજ આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) કુલ ૯૨ (બાણું) એકમોમાં ક્ષતિ માલુમ પડેલ હતી. જે પૈકી<br>(૧) ગુજરાત કાનૂની માપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો–૨૦૧૧ ના જુદા જુદા નિયમોના ભંગ બદલ કુલ ૬૬ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૪૬,૧૦૦/– (છેતાળીસ હજાર એકસો)<br>(૨) ધી લીગલ મેટ્રોલોજી એક્ટ–૨૦૦૯ની જુદી જુદી કલમના ભંગ બદલ કુલ ૧૭ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૩૮,૯૦૦/– |

(આડત્રીસ હજાર નવસો) તથા
(૩) પેકેજડ કોમોડીટીઝ નિયમો–૨૦૧૧ના જુદા જુદા નિયમોના ભંગ બદલ કુલ ૦૯ એકમ સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૫૩,૦૦૦/– (ત્રેપન હજાર) મળી કુલ રૂપિયા ૧,૩૮,૦૦૦/– (એક લાખ આડત્રીસ હજાર) ગુન્હા માંડવાળ ફી વસૂલ કરેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં કેળ(ટીસ્યુ) પાકના વાવેતર માટે સહાયની અરજીઓ**

૩૯૮૭૫ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેળ(ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે, કેમ

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| અનુ નં. | વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૫૦૧ |
| ૨ | ૨૦૨૦–૨૧ (તા. ૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ) | ૩૮૭ |
| | **કુલ** | **૮૮૮** |

(૩)

| અનુ નં. | વર્ષ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૨૫૨ | ૮૩,૬૪,૧૭૨/– |
| ૨ | ૨૦૨૦–૨૧ (તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ) | ૨૨૦ | ૭૨,૫૦,૬૨૭/– |
| | **કુલ** | **૪૭૨** | **૧,૫૬,૧૪,૭૯૯/–** |

---------

**રાજ્યમાં નેધરલેન્ડની પાલ–વી મોટર્સ સાથે કરેલ એમ.ઓ.યુ.**

૪૦૩૯૦ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નેધરલેન્ડની પાલ–વી મોટર્સ સાથે ઉડતી કાર ઉત્પાદન કરવા ક્યારે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત કારનું ઉત્પાદન ક્યાં સુધીમાં કયા સ્થળે ક્યાં સુધીમાં થનાર છે, અને

(૩) ઉક્ત પ્રોજેકટ કાર્યાન્વિત થયે વાર્ષિક કેટલી કારનું ઉત્પાદન થનાર છે ?

**જવાબ**

(૧) નેધરલેન્ડની પાલ–વી મોટર્સ સાથે ઉડતી કાર ઉત્પાદન કરવા તા. ૦૯–૦૩–૨૦૨૦ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

(૨) અને (૩) ભારત સરકાર પાસેથી જરૂરી પરવાનગીઓ મળ્યા બાદ કંપની દ્વારા પ્લાન્ટ સ્થાપવા કાર્યવાહી કરવામાં આવશે.

---------

**પાકિસ્તાનના કબ્જામાં રહેલા રાજયના માછીમારો**

૪૦૪૩૪ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો અને કેટલી બોટો પાકિસ્તાનના કબ્જામાં છે,

(૨) તે પૈકી કેટલા માછીમારો અને કેટલી બોટો એક

**જવાબ**

(૧) ૫૦૯ માછીમારો અને ૧૧૪૧ બોટો.

(૨) તે પૈકી ૨૪૪ માછીમારો અને ૧૦૯૪ બોટો એક

વર્ષ કરતાં વધુ સમયથી પાકિસ્તાનના કબ્જામાં છે,

(૩) ઉક્ત માછીમારો અને બોટોને છોડાવવા રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કર્યા, અને તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી બોટો અને કેટલા માછીમારો પાકિસ્તાનના કબ્જામાંથી મુક્ત થયા ?

વર્ષ કરતાં વધુ સમયથી પાકિસ્તાનના કબ્જામાં છે.

(૩) ઉક્ત માછીમારો અને બોટોને છોડાવવા રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં, વર્ષ ૨૦૧૯-૨૦માં ૮ તથા વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦ એમ કુલ ૧૮ રજૂઆતો દ્વારા રાષ્ટ્રીયતા ખરાઈની વિગત ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને પુરી પાડવામાં આવેલ છે, અને તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કુલ ૩૭૬ માછીમારો પાકિસ્તાન કબ્જામાંથી મુક્ત કરાયેલ છે તથા કોઈ પણ બોટ મુક્ત થયેલ નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે જમીન**

૪૦૫૦૭ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન અંતર્ગત આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી બિનઉપજાઉ સરકારી પડતર જમીન બાગાયતી તથા ઔષધિય પાકોની ખેતી માટે ભાડાપટ્ટેથી ફાળવવા અન્વયે બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જમીનો આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામની કયા સર્વે નંબરની કેટલી જમીન આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામેલ *પત્રક મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં તાઉતે વાવાઝોડા અંતર્ગત સહાયમાં વિસંગતતા**

૪૦૪૮૧ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા છ માસમાં તાઉતે વાવાઝોડા દરમ્યાન થયેલ નુકસાની અન્વયે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં અસરગ્રસ્તોને મકાન સહાય, કેશડોલ્સ અને ઘરવખરી સહાય ચૂકવવામાં વિસંગતતા હોવા અંગેની કેટલી અરજીઓ સરકારને મળી, અને

(૨) ઉક્ત અરજીઓ અન્વયે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં: ૧૨૪૭૨
ગીર સોમનાથ જિલ્લામાં: ૩૬૮

(૨)અમરેલી તથા ગીર સોમનાથ જિલ્લામાં ઠરાવની જોગવાઈ અનુસાર સુસંગત ન હોય તેવી અરજી અગ્રાહ્ય કરેલ છે.

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર કેન્દ્રો**

૪૦૪૪૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર કેન્દ્રો ચાર્જથી ચાલે છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૦૫ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર કેન્દ્રો અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૮૭ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર કેન્દ્રો ચાર્જથી ચાલે છે. જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ ચાર્જમાં ચાલતા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર કેન્દ્રોની સંખ્યા** |
|---|---|---|
| અમરેલી | અમરેલી | ૧૧ |

| | | |
|---|---|---|
| | ખાંભા | ૧૦ |
| | જાફરાબાદ | ૦૯ |
| | ધારી | ૨૦ |
| | બગસરા | ૦૩ |
| | બાબરા | ૦૪ |
| | રાજુલા | ૧૯ |
| | લાઠી | ૦૬ |
| | લીલીયા | ૦૬ |
| | વડીયા | ૦૧ |
| | સાવરકુંડલા | ૧૬ |
| | **કુલ** | **૧૦૫** |
| ભાવનગર | ભાવનગર સીટી | ૧૪ |
| | ભાવનગર ગ્રામ્ય | ૦૫ |
| | ઘોઘા | ૦૩ |
| | તળાજા | ૧૧ |
| | મહુવા | ૦૮ |
| | પાલિતાણા | ૧૪ |
| | ગારીયાધાર | ૧૦ |
| | શિહોર | ૦૬ |
| | વલ્લભીપુર | ૦૬ |
| | ઉમરાળા | ૦૪ |
| | જેસર | ૦૬ |
| | **કુલ** | **૮૭** |

(૨) ઉક્ત કેન્દ્રો ચાર્જથી ચલાવવાના કારણો શાં છે, અને

(૨) ખંડ (૧)ના જવાબની વિગતોએ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર કેન્દ્રો ચાર્જથી ચલાવવાના કારણો નીચે મુજબ છે.

- કોર્ટકેસ/અપીલ/પોલીસકેસના કારણોસર
- વારસાઈ/અવસાનના કારણોસર
- ગેરરીતિ/શિક્ષાત્મક કાર્યવાહી / પરવાનો રદ / મોકૂફના કારણોસર
- રાજીનામાંના કારણોસર
- પરવાનો રીન્યુ ન થવાના કારણોસર
- વાજબી ભાવના દુકાનદાર રજા પર હોવાના કારણોસર
- મંડળી ફડચામાં જવાના કારણોસર

(૩) ઉક્ત કેન્દ્રોના વિક્રેતાઓને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, તે દર ક્યારથી અમલમાં છે ?

(૩) ઉક્ત કેન્દ્રોના વિક્રેતાઓને નીચે મુજબની વિગતોએ રકમ ચૂકવવામાં આવે છે.

| **જણસી** | **જણસીવાર મળવાપાત્ર નિયમિત કમિશન (રૂ. પ્રતિ ક્વિન્ટલ)** | **આ દર અમલમાં આવ્યા તારીખ** | **જણસીવાર મળવાપાત્ર ઈલેક્ટ્રોનિક વિતરણ માટે પ્રોત્સાહન કમિશન (રૂ. પ્રતિ ક્વિન્ટલ)** | **આ દર અમલમાં આવ્યા તારીખ** |
|---|---|---|---|---|
| ઘઉં | ૧૦૮ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૧-૦૩-૨૦૧૯ | ૧૭ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૧-૦૪-૨૦૧૬ |
| ચોખા | ૧૦૮ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૧-૦૩-૨૦૧૯ | ૧૭ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૧-૦૪-૨૦૧૬ |
| ચણા/ચણાદાળ/ તુવેરદાળ | ૧૦૮ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૧-૦૫-૨૦૧૯ | - | - |
| ખાંડ | ૬૦ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૧-૦૮-૨૦૧૩ | - | - |
| મીઠું | ૨૫ રૂ. ક્વિન્ટલ દીઠ | ૦૨-૦૯-૨૦૦૯ | - | - |
| તેલ | ૩ રૂ. પાઉચ દીઠ | ૦૪-૦૩-૨૦૧૫ | - | - |

અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં રમતમંડળોને આર્થિક સહાય આપવાની યોજના**

૩૯૮૬૧ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમતગમત ક્ષેત્રે કામ કરતા રમત મંડળોને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા રમત મંડળોને કેટલી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી ? | (૨) સાત (૦૭) રમતમંડળોને રૂ.૨૭,૦૦૦/– આર્થિક સહાય પૂરી પાડવામાં આવી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**

૩૯૮૬૫ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રનીંગ મીટરના ખેતરપાળા થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને કેટલી રકમનો લાભ મળેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ – ૨૦૧૯–૨૦** | **વર્ષ – ૨૦૨૦–૨૧** |
| --- | --- |
| ૧૦૩૧૮૦ રનીંગ મીટર ખેતરપાળા | ૬૪૬૮૦ રનીંગ મીટર ખેતરપાળા |

(૨)

| **વર્ષ – ૨૦૧૯–૨૦** | | **વર્ષ – ૨૦૨૦–૨૧** | |
| --- | --- | --- | --- |
| **ખેડૂત લાભાર્થી સંખ્યા** | **રકમ (રૂ.લાખમાં)** | **ખેડૂત લાભાર્થી સંખ્યા** | **રકમ (રૂ.લાખમાં)** |
| ૪૬૯ | રૂ. ૬૪.૧૦ | ૨૯૪ | રૂ. ૫૦.૧૭ |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ઈ–હરાજીથી ખનિજોની ફાળવણી**

૩૯૭૪૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ખનિજવાર કેટલા બ્લોક્સ ઈ–હરાજીમાં મૂકવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ખનિજવાર ઈ–હરાજીમાં મુકવામાં આવેલ બ્લોક્સની વિગતો નીચે મુજબ છે.

| **ખનિજનું નામ** | **ઈ–હરાજીમાં મુકવામાં આવેલ બ્લોક્સની સંખ્યા** |
| --- | --- |
| સાદી રેતી | ૫૭ |
| સાદી રેતી અને કંકર | ૧૦ |
| બ્લેકટ્રેપ | ૦૮ |
| **કુલ** | **૭૫** |

(૨) ઈ–ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા કેટલી છે ?

(૨)

ઈ–ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા નીચે મુજબ છેઃ

| **ખનિજનું નામ** | **ઈ–ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સની સંખ્યા** | **સફળ થયેલ બ્લોક્સની સંખ્યા** |
| --- | --- | --- |
| સાદી રેતી | ૫૭ | ૨૫ |
| સાદી રેતી અને કંકર | ૧૦ | શૂન્ય |
| બ્લેકટ્રેપ | ૦૮ | શૂન્ય |
| **કુલ** | **૭૫** | **૨૫** |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**અબડાસા તાલુકામાં વાયોર ખાતે સરકારી જમીનમાં દબાણ**

૩૯૭૩૪ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૯–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં મોજે–વાયોરમાં સરકારી જમીનમાં પાકા બાંધકામ કરી દબાણો કરવામાં આવી રહ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, આવી કોઈ અરજીઓ કલેકટર કક્ષાએ મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સરકારી જમીનમાં બિન અધિકૃત દબાણો કરવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે દબાણો દૂર કરવા ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાબરમતી જેલમાં કેદીઓના અકુદરતી મોત**

૪૦૩૭૧ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૮–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૩૬૬ (અગ્રતા–૧૪૩)ના અનુસંધાને **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરમતી જેલમાં તા.૨૬–૦૯–૨૦૧૯ અને તા.૦૩–૦૧–૨૦૨૦ ના રોજ કુલ–૦૨ (બે) અકુદરતી મોત થયેલ તેની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા.૨૬–૦૯–૨૦૧૯ અને તા.૦૩–૦૧–૨૦૨૦ના રોજ થયેલ કુલ–૦૨ (બે) અકુદરતી મોતની તપાસ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત તપાસ દરમ્યાન કેદીઓના અકુદરતી મોતના શા કારણો સામે આવ્યા, અને | (૨) એક કેદીએ અગમ્ય કારણોસર અને બીજા કેદીએ માનસિક તણાવના કારણોસર આત્મહત્યા કરેલ હોવાના કારણો સામે આવેલ છે. |
| (૩) અકુદરતી મોત માટે જવાબદારો સામે શા પગલાં લીધાં ? | (૩) ખાતાકીય રાહે કરેલ પ્રાથમિક તપાસમાં જેલ વિભાગના કોઈ અધિકારી/કર્મચારીઓની સદર અકુદરતી મોત માટે જવાબદારી જણાઈ આવેલ નથી. |

---------

**મુન્દ્રા તાલુકામાં કોસ્ટલ પાવર કંપની અને ટાટા પાવર કંપનીને જંત્રી કરતા ઓછી કિંમતે ફાળવેલ જમીન**

૪૦૫૧૧ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ મુન્દ્રા તાલુકામાં કોસ્ટ ગુજરાત પાવર લિમિટેડ કંપની અને ટાટા પાવર કંપનીને જે સરકારી જમીનો ફાળવવામાં આવી છે તેની જંત્રીના ભાવ કરતા ઓછી કિંમત નક્કી રાખવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડને રાજ્ય સરકારની સરકારી જમીનની કિંમત નક્કી કરવાની નીતિ મુજબ મૂલ્યાંકન સમિતિ મારફત જમીનની કિંમત નક્કી કરાવી જમીન ફાળવવામાં આવી છે. |
| (૨) જો હા, તો મુન્દ્રા તાલુકામાં ઉક્ત કંપનીને ખાનગી જમીનો કન્સર્ન એવોર્ડથી કિંમત નક્કી કરવામાં આવી તે કરતા કેટલા ઓછા ભાવે સરકારી જમીન મહેસૂલ વિભાગ દ્વારા ફાળવવામાં આવી, અને | (૨) ખાનગી જમીનોના કેસમાં આપવામાં આવતા એવોર્ડમાં સંપાદક સંસ્થા તથા ખાતેદારની અરસપરસ સમજૂતીથી કિંમત નક્કી થતી હોઇ છે. જ્યારે સરકારી જમીનના કેસમાં ખંડ–૧ માં જણાવ્યા મુજબ કિંમત નક્કી કરવાની નીતિ મુજબ મૂલ્યાંકન સમિતિમાં કિંમત નક્કી થતી હોઇ છે. આથી, આ બન્ને કિંમતની સરખામણી કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) મુન્દ્રા તાલુકાના ગામોની ઔદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટેની જમીનના જંત્રી ભાવો છેલ્લા બે વર્ષમાં કેટલા નક્કી કરાયા હતા ? | (૩) મુન્દ્રા તાલુકાના ગામોની ઔદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટેની જમીનમાં જંત્રી ભાવો છેલ્લા બે વર્ષમાં નક્કી થયેલ નથી. |

---------

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**નર્મદા જિલ્લામાં અન્ય રાજ્યોના ભવનોના બાંધકામ માટે ફાળવવામાં આવેલ જમીન**

૪૦૪૭૪ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર અન્ય રાજ્યોના ભવનોના બાંધકામ માટે ક્યા ભાવે, કેટલી સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની જમીન ફાળવવામાં આવી, અને | (૧) આવી કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |
| (૨)તે અન્વયે ઉક્ત વર્ષવાર સરકારને કેટલી આવક થઈ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાણવડ તાલુકાના હડમતિયા ડેમ માટે જમીન સંપાદન**

૪૦૪૮૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રેટા કાલાવડ ગામે આવેલ હડમતિયા ડેમનું અધુરૂ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે,

(૨) ઉક્ત કામ બાકી રહેવાના કારણો શાં છે,

(૩) ઉક્ત ડેમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ગામની કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે અને ક્યા ગામની કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત જમીન સંપાદન કરવાની બાકી રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હડમતીયા ડેમની ૯૫% કામગીરી પૂર્ણ થયેલ છે. ખાનગી માલિકીની ડુબમાં જતી જમીન સંપાદન કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયે ડેમની બાકીની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

(૨) હડમતીયા ડેમ (રેટા કાલાવડ જળસંપત્તિ યોજના) માં ભાણવડ તાલુકાના ૪ ગામો અને ખંભાળિયા તાલુકાના ૧ ગામની ડુબમાં જતી ખાનગી માલિકીની જમીન સંપાદનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન સંપાદનની કામગીરી કરવામાં આવેલ નથી અને નીચે મુજબના ગામોની જમીન સંપાદન કરવાની બાકી છે.

| ક્રમ | ગામ | વિસ્તાર (હેકટર) |
|---|---|---|
| ૧ | રેટા કાલાવડ | ૦૩–૬૪–૪૫ |
| ૨ | સાજડીયાડી | ૧૯–૬૪–૨૭ |
| ૩ | ગુંદા | ૩૦–૪૭–૯૨ |
| ૪ | ગુંદલા | ૦૧–૫૫–૦૩ |
| ૫ | ફોટ (જુની) | ૪૦–૯૬–૭૩ |

(૪) જમીન સંપાદનની કામગીરીમાં સંયુકત માપણીની પ્રક્રિયામાં COVID-19 ને કારણે વિલંબ થવાથી.

**ચીખલી પોલીસ સ્ટેશનમાં આરોપીઓએ ફાંસો ખાધાની ઘટના**

૪૦૩૬૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા છ માસમાં નવસારી જિલ્લાના ચીખલી પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીના ગુનામાં લાવવામાં આવેલ બે આરોપીઓએ ફાંસો ખાઈ આપઘાત કરતા મૃત્યુ થયાની ઘટના બનેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ઘટના અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ? | (૨) ૦૧ (એક)–પોલીસ ઈન્સ્પેકટર, ૦૧ (એક)–પોલીસ સબ ઈન્સ્પેકટર, ૦૧–(એક) હેડ કોન્સ્ટેબલ અને ૦૧–પોલીસ કોન્સ્ટેબલને ફરજમોકુફ કરવામાં આવેલ છે. તથા તમામને અટક કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. |

---------

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નો

### રાજુલા અને જાફરાબાદ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાની નબળી કામગીરી

૪૦૪૦૯ **શ્રી હર્ષદકુમાર રીબડીયા**(વિસાવદર) :૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન-૨૮૩૪૨ (અગ્રતા-૨૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ શહેરમાં બનેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થઈ હોવા અંગેની મળેલ ફરિયાદ અન્વયે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સ્થળ તપાસ કરી અહેવાલ મોકલવા ક્ષેત્રીય કચેરીને જણાવેલ તે અહેવાલ તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે મળેલ છે, | (૧) અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ શહેરમાં બનેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થઈ હોવા અંગેની મળેલ ફરિયાદ અન્વયે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સ્થળ તપાસ કરી અહેવાલ મોકલવા ક્ષેત્રીય કચેરીને જણાવેલ તે અહેવાલ તા.૧૬-૧૦-૨૦૨૦ના રોજ મળેલ છે, |
| (૨) ઉક્ત અહેવાલ ક્યા ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ, | (૨) ઉક્ત અહેવાલ મુખ્ય ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ઝોન-૫ જૂનાગઢ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત અહેવાલ તૈયાર કરવા ક્યા ક્ષેત્રીય અધિકારીઓએ ક્યારે સ્થળ મુલાકાત લીધેલ, અને | (૩) ઉક્ત અહેવાલ તૈયાર કરવા અધીક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય વર્તુળ ભાવનગર, કાર્યપાલક ઈજનેર જા.આ.બા. વિભાગ નં.૧ અમરેલી તથા ના.કા.ઈ. જા.આ.સુ. પેટા વિભાગ, રાજુલા દ્વારા તા.૧૫-૧૦-૨૦૨૦ના રોજ સ્થળ મુલાકાત લીધેલ છે. |
| (૪) સ્થળ મુલાકાત દરમ્યાન કેવા પ્રકારની કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની જણાઈ ? | (૪) ઉક્ત અહેવાલ મુજબ યોજનાઓમાં ખામી જણાયેલ નથી. |

---------

### મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં જમીનને બિનખેતીના રુપાંતર કરના દરમાં વિસંગતતા બાબત

૪૦૫૦૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ ની સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીનને બીન ખેતી રુપાંતર કરવાના દર કેટલા નક્કી કરવામાં આવેલ છે, | (૧) બિનખેતી રુપાંતર કરના દર તાલુકાવાર નક્કી કરવામાં આવતા નથી, પરંતુ, મહેસૂલ વિભાગના ગુજરાત એક્ટ નં. ૩, તા.૧૮-૦૩-૨૦૧૬ ના જાહેરનામા તથા તા.૦૬-૦૯-૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૫/ ૧૨૦૯/ક થી સમગ્ર રાજ્ય માટે બિનખેતી રુપાંતર કર અંગેના દર નિયત કરવામાં આવેલ છે, તે મુજબ,<br>૧. છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ નહી તેટલી વસ્તીવાળા ગામો, મ્યુનિસિપલ બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે જમીનનો ઉપયોગ કામચલાઉ બિનખેતી વિષયક હેતુઓ અથવા સખાવતી હેતુ માટે કરવાનો હોય ત્યારે પ્રતિ ચો.મી. રુ.૨.૦૦, ઔદ્યોગિક અથવા બીજા કોઈપણ હેતુ માટે પ્રતિ ચો.મી. રુ.૬.૦૦ અને અન્ય વિવિધ બિનખેતી હેતુઓ માટે પ્રતિ ચો.મી. રુ.૮.૦૦ નક્કી કરવામાં આવેલ છે.<br>૨. છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ વસ્તીવાળા મ્યુનિસિપલ બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે ઉક્ત વિવિધ હેતુઓ માટે અનુક્રમે પ્રતિ ચો.મી. રુ.૧૦.૦૦, રુ.૩૦.૦૦ અને રુ.૪૦.૦૦ નિયત કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતીના રુપાંતર કરમાં વિસંગતતાઓ બાબતે વિભાગને કેટલી અરજીઓ મળેલ છે, અને | (૨) પ્રસ્તુત બાબતે કલેકટરશ્રી-મહેસાણા દ્વારા માર્ગદર્શન માટે એક અરજી તથા વિભાગને અન્ય એક, એમ કુલ બે અરજીઓ મળેલ છે. |

(૩) તે બાબતે સરકારે શા પગલા ભર્યા ?

(૩) ઉક્ત અરજીઓ હાલ વિચારણા હેઠળ છે.

---------

**ફિલ્મ પોલિસી અન્વયે રાજ્યમાં થયેલ ફિલ્મોનું શુટીંગ**

૪૦૪૩૭ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ફિલ્મ પોલિસી અન્વયે કેટલા ફિલ્મોનું શુટીંગ રાજ્યમાં થયું,

(૨) ઉક્ત ફિલ્મ પોલિસીથી મુખ્ય શા ફાયદા થયા, અને

(૩) ફિલ્મનું કયા સ્થળોએ કઈ ભાષાની કેટલી ફિલ્મનું શુટીંગ થયું ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | ફિલ્મો |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૯–૨૦૧૯ થી તા.૩૧–૦૮–૨૦૨૦ | ૨૩ |
| ૨ | તા.૦૧–૦૯–૨૦૨૦ થી તા.૩૧–૦૮–૨૦૨૧ | ૯૬ |
| | **કુલ** | **૧૧૯** |

(૨) ઉક્ત ફિલ્મ પોલિસીથી નીચે મુજબના ફાયદા થયાઃ

- ગુજરાતના પ્રવાસન સ્થળોનો પ્રચાર અને પ્રસાર થયો.
- લોકલ આર્ટિસ્ટ તથા શુટીંગની પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યક્તિઓને કામની તક મળી.

(૩) ઉક્ત ફિલ્મનું શુટીંગ ગુજરાતના વિવિધ સ્થળોએ જેવા કે અમદાવાદ, કચ્છ, રાજકોટ, આણંદ, દ્વારકામાં વિવિધ ભાષામાં જેવી કે હિન્દી, તેલુગુ, ગુજરાતીમાં થયુ છે.

---------

**બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા દત્તક લેવામાં આવેલ ગામો**

૪૦૩૫૧ **શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ ખેડૂતોની આવક બમણી કરવા માટે કૃષિ વિજ્ઞાનકેન્દ્રો દ્વારા ગુજરાતમાં કેટલા ગામો દત્તક લેવામાં આવ્યા છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં કેટલા ગામો દત્તક લેવામાં આવ્યા છે, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૮૦ ગામ.

(૨) બનાસકાંઠા જિલ્લામાં ૦૮ (આઠ) અને અમદાવાદ જિલ્લામાં ૦૫(પાંચ) ગામો દત્તક લેવામાં આવ્યા છે.

(૩) બનાસકાંઠા જિલ્લામાં **રૂ.૩,૫૯,૩૯૩/– (અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણસાંઠ હજાર ત્રણસો ત્રાણુ)** નો ખર્ચ અને અમદાવાદ જિલ્લામાં **રૂ.૧૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પંદર લાખ)** નો ખર્ચ કરવામાં આવ્યો છે.

**વડોદરા જિલ્લામાં પ્રાણઘાતક અકસ્માત**

૩૯૭૯૨ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી બાંધકામ સાઇટ પર પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) સદરહું પ્રાણઘાતક અકસ્માતોમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં

**જવાબ**

(૧) ૦૭ બાંધકામ સાઇટ પર પ્રાણઘાતક અકસ્માત થયા,
૦૭ શ્રમયોગીઓના મૃત્યુ પામ્યા.

(૨) ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઑફ ઍમ્પ્લોયમેન્ટ ઍન્ડ કન્ડીશન ઑફ સર્વીસ) રૂલ્સ–૨૦૦૩ હેઠળ સંસ્થા તથા સંસ્થાના માલિક સામે કુલ બત્રીસ (૩૨) કેસો કરેલ છે.

(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા ધી

પગલાં લેવામાં આવેલ છે ?

ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઑફ ઍમ્પ્લોયમેન્ટ ઍન્ડ કન્ડીશન ઑફ સર્વીસ) રૂલ્સ–૨૦૦૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે તથા બાંધકામ સંસ્થાને બાંધકામ શ્રમયોગીઓની સલામતી માટે તકેદારી રૂપ પગલા લેવા સુચના આપેલ છે. જ્યાં બાંધકામ શ્રમયોગીઓના જીવને તાત્કાલીક જોખમી જણાય તેવી બાંધકામ સાઇટો પર જ્યાં સુધી સલામતિની જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી બાંધકામ પ્રવૃત્તિ ન કરવા મનાઈ હુકમ આપેલ છે.

---------

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે બાયોડીઝલનું વેચાણ

૪૦૩૭૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાંથી ગેરકાયદેસર બાયોડીઝલના વેચાણ અને સંગ્રહના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનાઓમાં કેટલી રકમનો કેટલો બાયોડીઝલનો જથ્થો પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) બાકી આરોપીઓને પકડવા શા પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો/શહેર | તા.૦૧–૦૮–૨૦૧૯ થી તા.૩૧–૦૭–૨૦૨૦ | તા.૦૧–૦૮–૨૦૨૦ થી તા.૩૧–૦૭–૨૦૨૧ |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૦૦ | ૦૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૧૩ |
| ગાંધીનગર | ૦૦ | ૦૪ |

(૨) રૂ.૭,૨૮૪,૮૩૦ ની કિંમતનો ૧૧૬,૮૦૦ લીટરનો જથ્થો પકડવામાં આવ્યો.

(૩) પકડવામાં આવેલ આરોપીઃ– ૫૮
પકડવાના બાકી આરોપીઃ– ૦૦

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને સહાય

૪૦૩૪૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત કુટુંબને એક ગાય નિભાવ ખર્ચ માટે કેટલી સહાય આપવામાં આવે છે,

(૨) જે અંતર્ગત વર્ષ ૨૦૨૦–૨૧માં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩)તેઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) રૂ.૯૦૦/– પ્રતિ માસ
રૂ.૧૦,૮૦૦/– વાર્ષિક.

(૨) કુલ ૫,૩૬૦ લાભાર્થી.

(૩) રૂ.૨,૨૮,૮૫,૨૦૦/–.

---------

## રેશનકાર્ડ ધારકોને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતો અનાજનો જથ્થો

૪૦૪૪૬ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેશનકાર્ડ ધારકોને અનાજ પૂરું પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને વર્ષવાર કયા પ્રકારના અનાજનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩'' (NF.SA) હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ઘઉં અને ચોખા તથા વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ઘઉં, ચોખા, બાજરી અને મકાઈ અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' (PMGKAY) હેઠળ રાજ્ય સરકારને ઘઉં અને ચોખા ફાળવવામાં આવેલ છે.

- તા.૦૧-૦૯-૨૦૧૯ થી તા.૩૧-૦૮-૨૦૨૦ દરમ્યાન
  - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (NF.SA) યોજના હેઠળ **૨૩,૨૪,૭૯૮.૩૯૮** મે. ટન
  - પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના યોજના'' (PMGKAY) હેઠળ **૯,૫૬,૩૩૯.૬૭૫** મે. ટન અનાજનો જથ્થો ફાળવવામાં આવેલ છે.
- તા.૦૧-૦૯-૨૦૨૦ થી તા.૩૧-૦૮-૨૦૨૧ દરમ્યાન
  - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (NF.SA) યોજના હેઠળ **૨૧,૪૬,૪૬૭.૯૦૫** મે. ટન
  - પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના યોજના'' (PMGKAY) હેઠળ ૧૨,૫૭,૨૩૧.૪૪૭ મે. ટન અનાજનો જથ્થો ફાળવવામાં આવેલ છે. (વર્ષવાર/યોજનાવાર ફાળવણીની વિગતોનું પત્રક-૧ સામેલ છે.)

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં-

- તા.૦૧-૦૯-૨૦૧૯ થી તા.૩૧-૦૮-૨૦૨૦ દરમ્યાન
  - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (NF.SA) યોજના હેઠળ **૧૮,૯૯,૬૪૭.૦૦૧** મે. ટન.
  - પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના યોજના (PMGKAY) હેઠળ **૮,૩૯,૨૬૩.૬૩૮** મે. ટન અનાજના જથ્થાનો ઉપાડ કરવામાં આવેલ છે.
- તા.૦૧-૦૯-૨૦૨૦ થી તા.૩૧-૦૮-૨૦૨૧ દરમ્યાન
  - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (NFSA) યોજના હેઠળ **૧૯,૮૩,૫૫૦.૮૪૦** મે. ટન.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના યોજના (PMGKAY) હેઠળ **૧૧,૩૩,૬૭૬.૫૩૬** મે. ટન અનાજનો જથ્થાનો ઉપાડ કરવામાં આવેલ છે. (વર્ષવાર/યોજનાવાર ઉપાડની વિગતો દર્શાવતું પત્રક-૨ સામેલ છે.)

(૩) રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ જથ્થો ઉપાડવામાં ન આવ્યો હોય તો તેના કારણો શું છે ?

(૩) ૧. કેન્દ્ર સરકાર દ્વારા NF.SA લાભાર્થીઓના લક્ષ્યાંક ૩૮૨.૫૪ લાખ જનસંખ્યા મુજબ અનાજનો જથ્થો ફાળવવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા હયાત, પાત્રતા ધરાવતા લાભાર્થીઓની વાસ્તવિક જનસંખ્યા ૩૪૩.૯૭ લાખ મુજબ ઉપાડ કરવામાં આવે છે. આમ, ૩૮.૫૭ લાખ જનસંખ્યાનો સમાવેશ NF.SA હેઠળ થયેલ ન હોય તેટલા જથ્થાની બચત રહે છે.
૨. રાજ્ય સરકાર દ્વારા હયાત જનસંખ્યાના આધારે ઘઉં-ચોખાનું વિતરણ કરવામાં આવે છે. આથી કેન્દ્ર સરકારની ૧૦૦% જનસંખ્યાના લક્ષ્યાંક મુજબ ફાળવણી સામે રાજ્ય સરકાર દ્વારા વાસ્તવિક જરૂરીયાત મુજબના જથ્થાનો ઉપાડ થતો હોવાથી, કેન્દ્ર સરકારશ્રી દ્વારા ફાળવેલ જથ્થા સામે ઓછો ઉપાડ કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

**તા.૦૧-૦૯-૨૦૧૯ થી તા.૩૧-૦૮-૨૦૨૦ સુધી કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવેલ અનાજના જથ્થાનું વર્ષવાર વિગતનું પત્રક**

| યોજના | ઘઉં | ચોખા | કુલ |
|---|---|---|---|
| | (મે.ટનમાં) | (મે.ટનમાં) | (મે.ટનમાં) |
| રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (N.F.S.A.) | ૧૬,૨૭,૩૫૮.૮૭૫ | ૬,૯૭,૪૩૯.૫૨૩ | ૨૩,૨૪,૭૯૮.૩૯૮ |
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (P.M.G.K.A.Y.) | ૬,૬૯,૪૩૭.૭૭૦ | ૨,૮૬,૯૦૧.૯૦૫ | ૯,૫૬,૩૩૯.૬૭૫ |

**તા.૦૧-૦૯-૨૦૨૦ થી તા.૩૧-૦૮-૨૦૨૧ સુધી કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવેલ અનાજના જથ્થાનું વર્ષવાર વિગતનું પત્રક**

| યોજના | ઘઉં (મે.ટનમાં) | ચોખા (મે.ટનમાં) | બાજરી (મે.ટનમાં) | મકાઈ (મે.ટનમાં) | કુલ (મે.ટનમાં) |
|---|---|---|---|---|---|
| રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (N.F.S.A.) | ૧૪,૮૭,૪૮૧.૧૩૮ | ૬,૪૩,૯૪૦.૨૭૧ | ૧૧૧૭૧.૪૫ | ૩૮૭૫.૦૪૬ | ૨૧,૪૬,૪૬૭.૯૦૫ |
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (P.M.G.K.A.Y.) | ૮,૮૦,૦૬૨.૧૯૪ | ૩,૭૭,૧૬૯.૨૫૩ | – | – | ૧૨,૫૭,૨૩૧.૪૪૭ |

**પત્રક–૨**

| તા.૦૧–૦૯–૨૦૧૯ થી તા.૩૧–૦૮–૨૦૨૦ સુધી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ અનાજના ઉપાડના જથ્થાનું વર્ષવાર વિગતનું પત્રક | | | |
|---|---|---|---|
| **યોજના** | **ઘઉં (મે.ટનમાં)** | **ચોખા (મે.ટનમાં)** | **કુલ (મે.ટનમાં)** |
| રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (N.F.S.A.) | ૧૩,૩૩,૪૯૯.૯૯૮ | ૫,૬૬,૧૪૭.૦૦૩ | ૧૮,૯૯,૬૪૭.૦૦૧ |
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (P.M.G.K.A.Y.) | ૫,૮૭,૮૪૭.૨૬૬ | ૨,૫૧,૪૧૬.૩૭૨ | ૮,૩૯,૨૬૩.૬૩૮ |

| તા.૦૧–૦૯–૨૦૨૦ થી તા.૩૧–૦૮–૨૦૨૧ સુધી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ અનાજના ઉપાડના જથ્થાનું વર્ષવાર વિગતનું પત્રક | | | | | |
|---|---|---|---|---|---|
| **યોજના** | **ઘઉં (મે.ટનમાં)** | **ચોખા (મે.ટનમાં)** | **બાજરી (મે.ટનમાં)** | **મકાઈ (મે.ટનમાં)** | **કુલ (મે.ટનમાં)** |
| રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (N.F.S.A.) | ૧૩,૬૭,૮૭૯.૯૮ | ૬,૦૦,૬૨૪.૩૬૪ | ૧૧૧૭૧.૪૫ | ૩૮૭૫.૦૪૬ | ૧૯,૮૩,૫૫૦.૮૪૦ |
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (P.M.G.K.A.Y.) | ૭,૯૧,૬૮૦.૫૬૧ | ૩,૪૧,૯૯૫.૯૭૫ | – | – | ૧૧,૩૩,૬૭૬.૫૩૬ |

---------

## ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

૪૦૫૪૯ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૫૭. |
| (૨) આ ભરતીમેળામાં કેટલાને રોજગારી મળી ? | (૨) ૪૮૫૬. |

---------

## જૂનાગઢ જિલ્લાની ભૂગર્ભ ગટર યોજનાના કામો

૩૯૭૩૯ **શ્રી બાબુભાઈ વાજા**(માંગરોળ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન યોજના લાગુ થઈ ત્યારથી આ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના કયા–કયા શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ, | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન યોજના લાગુ થઈ ત્યારથી મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ નથી પરંતુ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારની |

ભૂગર્ભ ગટર યોજનાને તા.૧૮-૦૯-૨૦૨૦થી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જ્યારે માંગરોળ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામને તા.૧૦-૦૬-૨૦૨૧ થી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ પૂર્ણ થયું અને કેટલા શહેરોમાં કામ ચાલુ છે,

(૨) ઉક્ત સ્થિતિએ જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો હાલ પ્રગતિમાં છે.

(૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ માંગરોળ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ માંગરોળ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામને તા.૧૦-૦૬-૨૦૨૧ થી તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે જેની વહીવટી મંજૂરી મેળવવાની પ્રક્રિયા હેઠળ છે.

(૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) જૂનાગઢ મહાનગરપાલિકાની કામગીરી માહેઃ- એપ્રિલ-૨૦૨૩માં પૂર્ણ કરવાનું આયોજન છે તથા માંગરોળ શહેરની ભૂગર્ભ ગટર યોજનાને વહીવટી મંજૂરી મળ્યેથી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કરારની શરતો મુજબ કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

---------

### રાજ્યના દરિયામાં અન્ય રાજ્યોના માછીમારો દ્વારા થતી લાઇન ફીશીંગ

૪૦૪૩૩ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બીજા રાજ્યોના માછીમારો દ્વારા રાજ્યના દરિયામાં લાઇન ફીશીંગની પ્રતિબંધિત કેટલી ઘટનાઓ બની, અને

(૧) ઉક્ત સ્થિતિએ એકપણ નહી.

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જામનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ

૪૦૧૨૩ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૭૩૮૮

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૪૧૩૩૦ |
| મંજૂર નોંધો | ૩૩૧૫૦ |
| નામંજૂર નોંધો | ૭૯૨ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. વારસાઇનાં કિસ્સામાં મરણ પ્રમાણપત્ર, પેઢીઆંબો રજૂ ન થવા તથા અમુક કિસ્સામાં સીધી લીટીના તમામ વારસોના નામ દાખલ કરવા માટે અરજી રજૂ ન થયેલ હોવાથી.

૨.સોગંદનામું રજૂ થયેલ ન હોવાથી.

૩.બેંક દ્વારા ઓનલાઇન દાખલ કરવામાં આવતી નોંધોમાં બેંક દ્વારા રજૂ કરવામાં આવેલ એકરારનામામાં ખાતેદારની સહી ન હોવાથી/એકરારનામું રજૂ થયેલ ન હોવાથી.

૪.ઓનલાઇન વારસાઇ દાખલ થયેલ નોંધોમાં નીયત

સમયમર્યાદામાં અરજદારો દ્વારા ડોક્યુમેન્ટ રજૂ થયેલ ન હોવાથી.
૫. વેચાણ નોંધોમાં ખરીદનાર દ્વારા મુળથી ખાતેદાર હોવા અંગેના આધારો રજૂ થયેલ ન હોવાથી.
૬.બોજા મુક્તિનાં કિસ્સામાં અરજદારશ્રી દ્વારા બોજા મુક્તિનું અસલ પ્રમાણપત્ર રજૂ કરવામાં ન આવેલ હોવાનાં કારણે.
૭.ટુકડાધારાનો ભંગ થતો હોવાનાં કારણે.
૮.તકરારી કેસોમાં નામંજૂર કરવામાં આવતા

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૪૦૫૩૯ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૧૦.૩૦/- લાખ |

---------

**અમદાવાદ અને કચ્છ જિલ્લામાં ઈઆરવન પત્રક બાબત**

૪૦૪૫૪ **શ્રી રાજેશકુમાર ગોહિલ**(ધંધુકા):**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ ખાનગી કંપનીઓને રોજગારલક્ષી ઇઆરવન પત્રક (રોજગારલક્ષી ફોર્મ) અને નોકરીની ખાલી જગ્યાઓ ભરતા પહેલા સીએનવી એક્ટ, ૧૯૫૯ હેઠળ રોજગાર કચેરીને જાણ કરવાની જોગવાઇ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ''હા જી''
(સીએનવી એક્ટ-૧૯૫૯ હેઠળ ૨૫ કે તેથી વધુ કર્મચારીઓ હોય તેવી ખાનગી કંપનીઓને રોજગારલક્ષી ઇઆરવન પત્રક (રોજગારલક્ષી ફોર્મ) અને નોકરીની ખાલી જગ્યાઓ ભરતા પહેલા રોજગાર કચેરીને જાણ કરવાની હોય છે.)

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને કચ્છ જિલ્લામાં કેટલી કંપનીઓ ઉક્ત જોગવાઇનો ભંગ કરતી હોવાનું સામે આવ્યું,

(૨) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની કંપનીઓ ઉક્ત જોગવાઇનો ભંગ કરતી હોવાનું સામે આવ્યું.

| જિલ્લાનું નામ | કંપનીઓની સંખ્યા | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૯-૨૦૨૦ (તા.૦૧/૦૭/૧૯ થી તા.૩૦/૦૬/૨૦) | વર્ષ ૨૦૨૦-૨૦૨૧ (તા.૦૧/૦૭/૨૦ થી તા.૩૦/૦૬/૨૧) |
| અમદાવાદ | ૮૦૮ | ૮૫૯ |
| કચ્છ | ૯૬ | ૧૦૦ |

(૩) તે અન્વયે કેટલી કંપની સામે શા પગલાં લીધાં, અને

(૩) સીએનવી એક્ટ-૧૯૫૯ ની કલમ ૪(૨) તથા ૫(૨) હેઠળ

- અમદાવાદ જિલ્લામાં વર્ષ-૨૦૧૯-૨૦માં (તા.૦૧/૦૭/૧૯ થી ૩૦/૦૬/૨૦) ૪૯ કંપની અને ૨૦૨૦-૨૧માં (તા.૦૧/૦૭/૨૦ થી ૩૦/૦૬/૨૧) ૧૭ કંપનીને નોટીસ આપવામાં આવેલ છે.
- કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦માં (તા.૦૧/૦૭/૧૯ થી ૩૦/૦૬/૨૦) ૦૨ કંપની

અને ૨૦૨૦–૨૧ માં (તા.૦૧/૦૭/૨૦ થી ૩૦/૦૬/૨૧) ૧૦ કંપનીને નોટીસ આપવામાં આવેલ છે.

(૪) ઉક્ત જોગવાઇનું પાલન થાય તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૪) (૧) રોજગાર કચેરી દ્વારા ખાનગી કંપનીઓની મુલાકાત સમયે અને પત્ર દ્વારા સીએનવી એક્ટ–૧૯૫૯ની જોગવાઇઓની જાણકારી વિગતે આપવામાં આવે છે તથા એક્ટની વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. કંપનીઓના દફતર નીરીક્ષણ સમયે ચકાસણી કરી કાયદાના ભંગ બાબતે ધ્યાન દોરી પાલન કરવા માટે ઉપાય જણાવવામાં આવે છે તથા કાયદામાં રહેલ શિક્ષાઓ/દંડ બાબતે પણ વાકેફ કરવામાં આવે છે તથા કંપનીઓ પાસેથી નિયમિત ઇઆર.૧ પત્રક મોકલવા અને નોકરીની ખાલી જગ્યાઓ ભરતાં પહેલાં રોજગાર કચેરીને જાણ કરવા અંગે બાંહેધરી પત્રક લેવામાં આવેલ છે.
(૨) રોજગાર કચેરી દ્વારા દર માસે આયોજીત ઔદ્યોગિક ભરતી મેળાઓમાં હાજર રહેતા નોકરીદાતાઓને એક્ટનો અમલ કરવા માટે જાણકારી આપવામાં આવે છે.
(૩) રોજગાર કચેરી દ્વારા ત્રિમાસિક ગાળાના ઇઆર ૧ પત્રકો મોકલવા માટે અગાઉથી પત્ર દ્વારા જાણ કરવામાં આવે છે તે પત્રમાં એક્ટ અંગે ની પૂરી જાણકારી આપવામાં આવે છે.

---------

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જમીન રી–સર્વે બાદ ક્ષતિ સુધારણા**

૪૦૫૧૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જમીન રી–સર્વે બાદ માલુમ પડેલ ક્ષતિઓ સુધારણા માટેની કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જમીન રી–સર્વે બાદ માલુમ પડેલ ક્ષતિઓ સુધારણા માટેની નીચે મુજબ અરજીઓ સરકારને મળેલ છે,

➢ બનાસકાંઠા જિલ્લો

| **ક્રમ નં.** | **તાલુકાનું નામ** | **સુધારણા માટે મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૪૬૩ |
| ૨ | થરાદ | ૩૭૫૯ |
| ૩ | અમીરગઢ | ૬૮૮ |
| ૪ | દાંતીવાડા | ૧૬૧૨ |
| ૫ | સુઇગામ | ૬૩૪ |
| ૬ | વાવ | ૮૭૦ |
| ૭ | ધાનેરા | ૨૧૪૨ |
| ૮ | દીયોદર | ૯૫૩ |
| ૯ | કાંકરેજ | ૧૨૭૪ |
| ૧૦ | લાખણી | ૧૮૨૪ |
| ૧૧ | ભાભર | ૭૨૮ |
| ૧૨ | ડીસા | ૨૬૨૫ |
| ૧૩ | દાંતા | ૮૨૫ |
| ૧૪ | વડગામ | ૨૭૯૩ |
| | **કુલ** | **૨૪૧૯૦** |

➢ મહેસાણા જિલ્લો

| ક્રમ નં. | તાલુકાનું નામ | સુધારણા માટે મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | કડી | ૩૦૧૬ |
| ૨ | ઊંઝા | ૧૪૦૫ |
| ૩ | સતલાસણા | ૪૦૨ |
| ૪ | વડનગર | ૬૪૨ |
| ૫ | ખેરાલુ | ૫૦૩ |
| ૬ | મહેસાણા | ૨૧૧૩ |
| ૭ | વિજાપુર | ૨૧૨૭ |
| ૮ | વિસનગર | ૧૩૧૪ |
| ૯ | બેચરાજી | ૧૦૮૭ |
| ૧૦ | જોટાણા | ૨૫૦ |
| | **કુલ** | **૧૨૮૫૯** |

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને

- બનાસકાંઠા જિલ્લામાં કુલ **૨૪૧૯૦** અરજીઓ પૈકી **૬૪૬૭** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને **૧૭૭૨૩** અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.
- મહેસાણા જિલ્લામાં કુલ **૧૨૮૫૯** અરજીઓ પૈકી **૧૩૮૬** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને **૧૧૪૭૩** અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.

(૩) તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) (૧) રી સરવે વાંધા નિકાલની અરજી એ સતત પ્રક્રીયા છે.
(૨) મોટાભાગની અરજીઓ પૈકી સરવે નંબરોમાં તથા જુના પૈકી સરવે નંબરોના હિસ્સા માપણીની છે, જેમાં અરજદારશ્રીઓ દ્વારા નિયમ મુજબ સંમતી પત્રક રજૂ ન થતાં તથા અરજદારશ્રીઓના પોતાના કૌટુંબિક પ્રશ્નો હોઇ અરજદારશ્રીઓ તથા લાગુ ખાતેદારો સ્થળે માપણી દરમ્યાન હાજર ન રહેવાના કારણે અરજીઓની નિકાલ કરવામાં મુશ્કેલીઓ સર્જાય છે.
(૩) ખેડૂત ખાતેદારના હીતમાં વાંધા અરજી કરવાની મુદત તા.૩૦/૦૯/૨૦૨૧ સુધી વધારવામાં આવેલ છે જેથી જેમ અરજદારને જાણ થાય તેમ નવી વાંધા અરજીઓ મળતી રહે છે.

---------

## રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ

૩૯૮૯૬ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી,

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧/૦૯/૧૯થી તા.૩૧/૦૮/૨૦ સુધી | તા.૧/૯/૨૦થી તા.૩૧/૦૮/૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૨૪૧ | ૨૮૮ | ૫૨૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ગોંડલ | ૨૭૬ | ૩૭૮ | ૬૫૪ |
| ૩ | જામ કંડોરણા | ૧૪૯ | ૧૮૫ | ૩૩૪ |
| ૪ | જસદણ | ૨૫૭ | ૨૮૯ | ૫૪૬ |
| ૫ | જેતપુર | ૩૦૭ | ૩૬૭ | ૬૭૪ |
| ૬ | કોટડા સાંગાણી | ૮૯ | ૧૨૭ | ૨૧૬ |
| ૭ | લોધીકા | ૬૯ | ૧૨૬ | ૧૯૫ |
| ૮ | પડધરી | ૭૮ | ૧૧૪ | ૧૯૨ |
| ૯ | ઉપલેટા | ૧૯૮ | ૨૩૭ | ૪૩૫ |
| ૧૦ | વિંછીયા | ૧૪૭ | ૧૭૬ | ૩૨૩ |
| ૧૧ | રાજકોટ | ૧૬૫૯ | ૨૧૧૪ | ૩૭૭૩ |
| | **કુલ** | **૩૪૭૦** | **૪૪૦૧** | **૭૮૭૧** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **તા.૧/૦૯/૧૯થી તા.૩૧/૦૮/૨૦ સુધી** | **તા.૧/૯/૨૦થી તા.૩૧/૦૮/૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૭૪ | ૧૦૨ | ૧૭૬ |
| ૨ | ગોંડલ | ૧૪૦ | ૧૬૯ | ૩૦૯ |
| ૩ | જામ કંડોરણા | ૪૨ | ૫૩ | ૯૫ |
| ૪ | જસદણ | ૧૦૬ | ૧૨૬ | ૨૩૨ |
| ૫ | જેતપુર | ૧૩૫ | ૧૫૫ | ૨૯૦ |
| ૬ | કોટડા સાંગાણી | ૫૦ | ૪૦ | ૯૦ |
| ૭ | લોધીકા | ૩૮ | ૩૬ | ૭૪ |
| ૮ | પડધરી | ૪૮ | ૩૮ | ૮૬ |
| ૯ | ઉપલેટા | ૭૮ | ૧૪૪ | ૨૨૨ |
| ૧૦ | વિંછીયા | ૯૫ | ૯૯ | ૧૯૪ |
| ૧૧ | રાજકોટ | ૫૨૧ | ૬૪૫ | ૧૧૬૬ |
| | **કુલ** | **૧૩૨૭** | **૧૬૦૭** | **૨૯૩૪** |

(૩) કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) પત્રક–અ સામેલ રાખેલ છે.

**પત્રક–અ**

| **મંજૂર કરેલ ટુલકીટ** | |
|---|---|
| ૧ | કડીયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાલર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાર્યન્સીસ રીપેરીંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ–દહી વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| મંજૂર કરેલ ટુલકીટ | |
|---|---|
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ/ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રીપેરીંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશબનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પપૈયાના પાકના વાવેતર માટે સહાયની અરજીઓ**

૩૯૮૭૮ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે, કે કેમ,

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા,જી

(૨)

| અનુ.નં | વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૧૮૦૬ |
| ૨ | ૨૦૨૦–૨૧ (તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ) | ૧૫૯૫ |
| | **કુલ** | **૩૪૦૧** |

(૩)

| અનુ. નં | વર્ષ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૫૭૧ | ૧,૭૧,૪૩,૬૧૫/– |
| ૨ | ૨૦૨૦–૨૧ (તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ) | ૫૪૮ | ૧,૫૦,૮૦,૧૫૮/– |
| | **કુલ** | **૧૧૧૯** | **૩,૨૨,૨૩,૭૭૩/–** |

---------

**આણંદ જિલ્લામાં સરકારી જમીન પર જિંગા ફાર્મ**

૪૦૪૭૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર, ખંભાત અને બોરસદ તાલુકાઓમાં તાલુકાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ ક્યારથી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | હકીકત સાચી છે ? |
|---|---|
| તારાપુર | હા જી, |
| ખંભાત | ના જી, |
| બોરસદ | હા જી, |

(૨)

| તાલુકાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | દબાણનો સમય (આશરે) |
|---|---|---|
| તારાપુર | ૪૦૪૫૮ | ૨ (બે ) વર્ષ |
| બોરસદ | ૫૧૨૦૦ | ૧ (એક) વર્ષ |

(૩) જમીન મહેસૂલ સંહિતાની કલમ–૬૧ હેઠળ

આવશે ?

નિયત કાર્યવાહી અનુસરીને.

---------

**આણંદ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપની ચકાસણી**

૪૦૦૮૦ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા પેટ્રોલ/ડીઝલ પંપની ચકાસણી કરવામાં આવી, અને

(૨) કેટલા એકમોમાં ક્ષતિ માલૂમ પડી તેમજ આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૩૬ (બસો છત્રીસ) પેટ્રોલ/ડીઝલ પંપો

(૨) ૦૫ (પાંચ) એકમોમાં ક્ષતિ માલુમ પડી તે અન્વયે કસૂરવારો સામે-
ગુજરાત કાનૂની માપ વિજ્ઞાન (અમલીકરણ)નિયમો-૨૦૧૧ના
(૧) નિયમ ૧૪ અંતર્ગત ૪ એકમો સામે કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૧૪,૦૦૦/- (ચૌદ હજાર) તથા
(૨) નિયમ ૨૨(૫) અંતર્ગત ૧ એકમ સામે કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૧,૦૦૦/- (એક હજાર) મળી કુલ રૂપિયા ૧૫,૦૦૦/- (પંદર હજાર) માંડવાળ ફી વસુલ કરવામાં આવી.

---------

**કચ્છમાં વોટર ઓડીટ માટેની કામગીરી**

૪૦૪૬૫ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા**(રાપર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષ માટે કચ્છમાં વોટર ઓડીટ માટે અપાયેલ કામગીરીનો અહેવાલ ક્યારે મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અહેવાલ મળેલ નથી.

(૨) ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ક્વોલીટી ડેવલપમેન્ટ સેન્ટર (EQDC), ગાંધીનગરને એડવાન્સ પેટે રૂ.૫.૦૦ લાખ ચૂકવવામાં આવેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લાની નગરપાલિકાઓને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૪૦૩૩૬ **શ્રી બાબુભાઈ પટેલ**(દસક્રોઈ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ ગ્રાંટની વિગતો નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| **ક્રમ** | **ન.પા.નું નામ** | **વર્ષ ૨૦૨૦-૨૧માં ફાળવેલ ગ્રાંટ** | **વર્ષ ૨૦૨૧-૨૨માં ફાળવેલ ગ્રાંટ** | **કુલ ફાળવેલ ગ્રાંટ રૂ.** |
|---|---|---|---|---|
| ૧ | ઓખા | ૪૬૮.૭૫ | ૩૦૦.૦૦ | ૭૬૮.૭૫ |
| ૨ | ખંભાળિયા | ૩૧૮.૭૫ | ૨૨૫.૦૦ | ૫૪૩.૭૫ |
| ૩ | દ્વારકા | ૪૦૧.૫૫ | ૨૨૫.૦૦ | ૬૨૬.૫૫ |
| ૪ | સલાયા | ૨૭૦.૦૦ | ૨૨૫.૦૦ | ૪૯૫.૦૦ |
| ૫ | ભાણવડ | ૧૩૦.૦૦ | ૧૦૦.૦૦ | ૨૩૦.૦૦ |
| ૬ | જામરાવલ | ૧૩૦.૦૦ | ૩૩૬.૮૫ | ૪૬૬.૮૫ |
| | **કુલ** | **૧૭૧૯.૦૫** | **૧૪૧૧.૮૫** | **૩૧૩૦.૯૦** |

(૨) ફાળવેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) ફાળવેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | ન.પા.નું નામ | વર્ષ ૨૦૨૦-૨૧માં ચુકવેલ ગ્રાંટ | વર્ષ ૨૦૨૧-૨૨માં ચુકવેલ ગ્રાંટ | કુલ ચુકવેલ ગ્રાંટ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ઓખા | ૪૬૮.૭૫ | ૧૫૦.૦૦ | ૬૧૮.૭૫ |
| ૨ | ખંભાળિયા | ૩૧૮.૭૫ | ૧૧૨.૫૦ | ૪૩૧.૨૫ |
| ૩ | દ્વારકા | ૪૦૧.૫૫ | ૧૧૨.૫૦ | ૫૧૪.૦૫ |
| ૪ | સલાયા | ૨૭૦.૦૦ | ૧૧૨.૫૦ | ૩૮૨.૫ |
| ૫ | ભાણવડ | ૧૩૦.૦૦ | ૫૦.૦૦ | ૧૮૦.૦૦ |
| ૬ | જામરાવલ | ૧૩૦.૦૦ | ૨૮૬.૮૫ | ૪૧૬.૮૫ |
| | **કુલ** | **૧૭૧૯.૦૫** | **૮૨૪.૩૫** | **૨૫૪૩.૪૦** |

(૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

(૩) તે પરત્વે કેટલા કામો મંજૂર અને પૂર્ણ થયેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ન.પા.નું નામ | વર્ષ ૨૦૨૦-૨૧માં ચુકવેલ ગ્રાંટ પૈકી મંજૂર થયેલ કામો | વર્ષ ૨૦૨૦-૨૧માં ચુકવેલ ગ્રાંટ પૈકી પૂર્ણ થયેલ કામો | વર્ષ ૨૦૨૧-૨૨માં ચુકવેલ ગ્રાંટ પૈકી મંજૂર થયેલ કામો |
|---|---|---|---|---|
| ૧ | ઓખા | ૬૬ | ૩૦ | ૦ |
| ૨ | ખંભાળિયા | ૩ | ૩ | ૦ |
| ૩ | દ્વારકા | ૨૯ | ૨૦ | ૦ |
| ૪ | સલાયા | ૬ | ૦ | ૦ |
| ૫ | ભાણવડ | ૦ | ૦ | ૦ |
| ૬ | જામરાવલ | ૧૭ | ૧૬ | ૦ |
| | **કુલ** | **૧૨૧** | **૬૯** | **૦** |

---------

## તાઉતે વાવાઝોડાના નુકસાન પેટે કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ રકમની માંગણી

૪૦૪૮૪ **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મે-૨૦૨૧માં ગુજરાતમાં આવેલ તાઉતે વાવાઝોડાથી નુકસાની પેટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરી, અને

(૨) તા.૩૧-૦૭-૨૦૨૧ સુધીમાં તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમ મળી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૨૮-૦૮-૨૦૨૧ના પત્રથી રૂ.૨૪૪૮.૮૩/- કરોડ SDRFના ધોરણો મુજબ અને રૂ.૯૧૦૨.૮૩/- કરોડની ખાસ કિસ્સામાં માંગણી કરવામાં આવી.

(૨) કેન્દ્ર સરકાર તરફથી તા. ૨૦-૦૫-૨૧ના રોજ રૂ.૧૦૦૦/- કરોડની રકમ મળેલ છે.

---------

## દહેગામ તાલુકાના ચામલા ગામની જમીન ખોટી વારસાઈથી વેચી દેવાના નોંધાયેલ કિસ્સા

૪૦૪૯૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ચામલા ગામની જમીનમાં ખોટી વારસાઈથી જમીન વેચી દેવા બાબતના કેટલા કિસ્સા નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ચામલા ગામની જમીન ખોટી વારસાઈથી વેચી દેવા બાબતનો કોઈ કિસ્સો નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કચ્છ જિલ્લામાં ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે સહાયની અરજીઓ

૩૯૮૭૧ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે, કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૨)

| અનુ નં. | વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૩૯૫ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૦૩ |
| | **કુલ** | **૭૯૮** |

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| અનુ નં. | વર્ષ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૩૯ | ૨,૦૭,૩૬,૦૫૦/- |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૦૦ | ૧,૪૨,૩૮,૮૯૮/- |
| | **કુલ** | **૨૩૯** | **૩,૪૯,૭૪,૯૪૮/-** |

---------

## ગુજરાત રાજ્યની મધ્યપ્રદેશને જોડતી સીમાઓ પર પકડાયેલ દારૂ

૪૦૩૮૪ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત રાજ્યની મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતી સીમાઓ ઉપરની કેટલી ચેકપોસ્ટ પરથી કેટલી વિદેશી દારૂ અને કેટલી બિયરની બોટલો પકડવામાં આવી,

(૧)

| સમયગાળો | ચેકપોસ્ટની સંખ્યા | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) |
|---|---|---|---|
| તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦ | ૧૭ | ૧૯૨૦૬૧ | ૧૮૭૬૯ |
| તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧ | ૧૯ | ૧૯૮૫૨૩ | ૧૭૭૨૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૨)

| સમયગાળો | પકડવામાં આવેલ આરોપીઓની સંખ્યા | પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦ | ૪૦૨ | ૬૨ |
| તા.૦૧-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૧ | ૩૭૮ | ૧૩૫ |

(૩) ઉક્ત પકડવામાં આવેલ આરોપીઓમાં એક કરતાં વધુ વખત પકડાયેલ હોઈ તેવા કેટલા આરોપીઓ છે અને તેની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) એક કરતા વધુ વખત પકડાયેલ હોય તેવા ૩ આરોપીઓ વિરુદ્ધ બોમ્બે પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની કલમ-૯૩ મુજબના પગલા લેવામાં આવેલ છે.

---------

## તાઉતે વાવાઝોડાથી થયેલ નુકસાન અન્વયે કેન્દ્ર સરકારની સહાય

૪૦૪૯૦ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં તાઉતે વાવાઝોડાના કારણે થયેલ નુકસાન અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવેલ,

(૧) રૂ. ૧૦૦૦/- કરોડ.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્ર

(૨) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૦-૦૫-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકાર દ્વારા ક્યારે-ક્યારે કેટલી રકમ મળી અને કેટલી રકમ મળવાની બાકી છે, અને | ૨૦૨૧ના રોજ રૂ.૧૦૦૦/- કરોડની રકમ મળેલ છે. |
| (૩) બાકી રહેલ રકમ મેળવવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ક્યારે-ક્યારે શા પ્રયાસો કર્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ**

૪૦૧૧૮ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, | (૧) ૨૯૬૮. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | (૨) |

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૧૬૨૯૧ |
| મંજૂર નોંધો | ૧૨૩૦૫ |
| નામંજૂર નોંધો | ૧૦૧૮ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. તકરારી નોંધના સંદર્ભમાં વાંધો ગ્રાહ્ય રાખવાથી.
૨. જવાબ-પંચક્યાસ, પેઢીનામુ તથા સોગંદનામુ જોતા વારસો છુપાયેલ હોવા અંગેનું જણાઈ આવતુ હોવાથી.
૩. તલાટી રૂબરૂ જવાબ અને પેઢીનામુ, સોગંદનામુ જોતા વારસોમાં તફાવત જણાતો હોવાથી.
૪. વેચાણ નોંધમાં ટુકડાધારાનો ભંગ થતો હોવાથી, અનુક્રમણીકા-૨ અને કુલ જમીનના ક્ષેત્રફળમાં વિસંગતા હોવાથી, ખેડૂત ખાતેદાર હોવા અંગેનો પુરાવો રજૂ કરેલ ન હોવાથી
૫. વારસાઈમાં અરજદારશ્રીએ મૈયત થનારનો મરણનો દાખલો રજૂ થયેલ ન હોવાથી.

---------

**અમરેલી જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૯૭૭૧ **શ્રી જે. વી. કાકડિયા**(ધારી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સામાન્ય વિસ્તારમાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે ? | ૨૫ |

---------

**ઘોઘા ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ**

૪૦૪૬૨ **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ઘોઘા ગામે ૭૦ એમ.એલ.ડી ક્ષમતાના સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ માટે મે. શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમીટેડ જોઈન્ટ વેન્ચરને તા.૧૮-૧૧-૨૦૧૯ના રોજ એલ.ઓ.એ આપવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૭-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત મીઠું પાણી કયા દરે કેટલા | (૨) પ્લાન્ટ કાર્યરત થયા બાદ પ્રતિદીન ૭ કરોડ |

સમયગાળા માટે ખરીદવામાં આવનાર છે, અને

લીટર મીઠુ પાણી પ્રથમ બે વર્ષ સુધી રૂ.૪૭.૮૫ પ્રતિ એક હજાર લીટરના દરે તથા ત્યારબાદ બાકીના કરારના સમયગાળા દરમ્યાન દર વર્ષે ઉત્તરોત્તર ૩ ટકાના વધારા સાથે ઈજારદાર પાસેથી ખરીદવામાં આવશે.

(૩) ઉક્ત પ્લાન્ટ ક્યાં સુધીમાં કાર્યરત કરવાની શરતે એલ.ઓ.એ. આપવામાં આવેલ છે ?

(૩) ઉક્ત પ્લાન્ટ માટે કન્સેશન એગ્રીમેન્ટ સાઈન થયા બાદ ત્રણ વર્ષમાં પ્લાન્ટ કાર્યરત કરવાની શરતે એલ.ઓ.એ આપવામાં આવેલ છે.

---------

**પાટણ જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૩૯૮૮૪ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર):**માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ રાજયમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાંટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૬૨૫/- લાખ.

---------

**અરવલ્લી જિલ્લાની ધનસુરા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૪૦૩૪૮ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લાની ધનસુરા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૨૦૮.૪૦/- લાખ.

(૨) ઉક્ત રકમ ક્યા કામ માટે મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) ઉક્ત રકમ
(૧) ખેડૂત ગોડાઉન
(૨) શોપ કમ ગોડાઉન
(૩) આર.સી.સી.રોડ
(૪) ટોઈલેટ બ્લોક-૨, ના કામ માટે મંજૂર કરવામાં આવેલ છે.

---------

**રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ખર્ચ**

૪૦૪૪૮ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે કસુંબીનો રંગ ઉત્સવ કાર્યક્રમનું આયોજન કયા સ્થળે કરવામાં આવેલ,

(૧) પત્રક-અ મુજબ.

(૨) ઉક્ત કાર્યક્રમની કેટલી આમંત્રણ પત્રિકાઓ છપાવવામાં આવેલ,

(૨) ૧૫૫૦

(૩) ઉક્ત આમંત્રણ પત્રિકા છપાવવા અને કાર્યક્રમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ, અને

(૩)

| | |
|---|---|
| આમંત્રણ પત્રિકા છપાવવાનો ખર્ચ | રૂ.૯૩,૦૦૦/- |
| કાર્યક્રમ પાછળ થયેલ કુલ ખર્ચ | રૂ.૭૧,૨૭,૮૭૫/- |

(૪) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં

(૪) માંગણી નંબર-૯૮, મુખ્ય સદર-૨૨૦૫ કલા

આવેલ છે ?

અને સંસ્કૃતિ, ગૌણ સદર–૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર–૦૬–એઆરટી–૨૦ મહાનુભાવોની જન્મ શતાબ્દીની ઉજવણી, વિગતવાર સદર–૦૦, હેતુ સદર–૫૦૦૦ અન્ય ખર્ચ સદરે.

**પત્રક–અ**

| ક્રમ | જિલ્લાનું નામ | ''કસુંબીનો રંગ ઉત્સવ'' કાર્યક્રમના આયોજનનું સ્થળ | ક્રમ | જિલ્લાનું નામ | ''કસુંબીનો રંગ ઉત્સવ'' કાર્યક્રમના આયોજનનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | મહાત્મા મંદિર, ગાંધીનગર | ૧૮ | પંચમહાલ | સરદારનગર ખંડ, ગોધરા, જિ. પંચમહાલ |
| ૨ | અમદાવાદ | (૧) ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>(૨) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | ૧૯ | પાટણ | કન્વેન્શન સેન્ટર હોલ નં.–૧, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |
| ૩ | અમરેલી | દિલીપભાઈ સંઘાણી સાંસ્કૃતિક હોલ, અમરેલી | ૨૦ | પોરબંદર | બિરલા હોલ, પોરબંદર |
| ૪ | અરવલ્લી | ગાંધી કેળવણી મંડળ કોલેજ કેમ્પસ, ભા. મા. સા. હોલ, મોડાસા, જિ. અરવલ્લી | ૨૧ | બનાસકાંઠા | દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર, જિ. બનાસકાંઠા |
| ૫ | આણંદ | જ્ઞાનોદય હોલ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, આણંદ | ૨૨ | બોટાદ | શ્રી દાદાજી દેશમુખ ઓડીટોરીયમ, બોટાદ |
| ૬ | કચ્છ–ભૂજ | અદાણી મેડીકલ કોલેજ ઓડીટોરીયમ, ભુજ, જિ. કચ્છ | ૨૩ | ભરૂચ | પંડીત ઓમકારનાથ ઠાકુર કલાભવન,ભરૂચ |
| ૭ | ખેડા–નડીયાદ | ઈપ્કોવાલા હોલ, નડીઆદ, જિ. ખેડા | ૨૪ | ભાવનગર | શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ હોલ, સરદારનગર, ભાવનગર |
| ૮ | ગીર–સોમનાથ | શ્રીરામ ઓડીટોરીયમ હોલ, પ્રભાસ પાટણ, જિ. ગીર સોમનાથ | ૨૫ | મહીસાગર | શ્રી પી. એન. પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ. પો. તા. લુણાવાડા, જિ. મહીસાગર |
| ૯ | છોટાઉદેપુર | સ્વામી નારાયણ હોલ, છોટાઉદેપુર | ૨૬ | મહેસાણા | પંડિત દિનદયાલ ઉપાધ્યાય ટાઉન હોલ, મહેસાણા |
| ૧૦ | જામનગર | ટાઉનહોલ, જામનગર | ૨૭ | મોરબી | નગરપાલિકા ટાઉનહોલ, મોરબી |
| ૧૧ | જૂનાગઢ | શામળદાસ ગાંધી ટાઉનહોલ, જૂનાગઢ | ૨૮ | રાજકોટ | (૧) સેનેટ હોલ (૨) UPSC ભવન હોલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૧૨ | ડાંગ | એગ્રીકલ્ચર કોલેજ, વઘઈ, તા. વઘઈ, જિ. ડાંગ | ૨૯ | વડોદરા | એસ. એસ.જી.હોસ્પીટલ, મેડીકલ કોલેજ ઓડીટોરીયમ, વડોદરા |
| ૧૩ | તાપી | ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ટાઉન હોલ, નગરપાલિકા, વ્યારા, જિ. તાપી | ૩૦ | વલસાડ | સંસ્કાર કેન્દ્ર કોલેજ કેમ્પસ, તીથલ રોડ, વલસાડ |
| ૧૪ | દાહોદ | નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ | ૩૧ | સાબરકાંઠા | નલીનકાંત ગાંધી ટાઉનહોલ, હિંમતનગર, જિ. સાબરકાંઠા |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | નગરપાલિકા ટાઉનહોલ, ખંભાળિયા, જિ. દેવભૂમિ દ્વારકા | ૩૨ | સુરત | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ૧૬ | નર્મદા | સરદાર ટાઉનહોલ, રાજપીપળા, જિ. નર્મદા | ૩૩ | સુરેન્દ્રનગર | નગરપાલિકા ટાઉનહોલ, ચોટીલા, જિ. સુરેન્દ્રનગર |
| ૧૭ | નવસારી | રામજી મંદિર હોલ, નવસારી | | | |

---------

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ થયેલ ડ્રાફ્ટ ટી.પી. બાબત**

૪૦૪૨૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા)માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧ (અડાલજ) પાર્ટ-બી ડ્રાફ્ટ ટાઉન સ્કીમને પ્રાથમિક પરામર્શ માટે ક્યારે મળેલ છે,

(૧) તા.૧૦-૦૯-૨૦૨૦

(૨) પ્રાથમિક ટી. પી.નો પરામર્શ કેટલા સમયમાં પૂર્ણ કરવાનો હોય છે,

(૨) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ કોઈ સમય મર્યાદા નથી.

(૩) ઉક્ત ટી. પી.નો પરામર્શ સમયમર્યાદામાં ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત ટી. પી.ને પ્રાથમિક મંજૂરી આપવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૪)

- નગર રચના અધિકારીની નિમણૂક.
- નગર રચના અધિકારીએ તેમની કાયદાકીય ફરજો સંભાળેલ.
- ડ્રાફ્ટ ટી. પી. સ્કીમમાં હિત-સંબંધિતોની દરખાસ્તો અન્વયે નગરરચના અધિકારીએ સુનાવણી, કામચલાઉ પુનઃરચના તૈયાર કરવાની કામગીરી કરેલ.
- કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તને નગર રચના અધિકારીએ મુખ્ય નગર નિયોજકને પરામર્શ માટે પાઠવેલ.

---------

**મહેસાણા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૩૯૮૨૪ **શ્રી અજમલજી ઠાકોર**(ખેરાલુ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સ્થાનિકોને રોજગારી મળી રહે તે માટે કોઈ નીતિ નક્કી કરવામાં આવી છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યારથી ઉક્ત નીતિ અમલમાં છે અને તે અન્વયે કેટલા ટકા સ્થાનિકોને રોજગારી આપવાની જોગવાઇ છે,

(૨) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ના ઠરાવ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારનાં જાહેર સાહસો તેમજ ખાનગી એકમોમાં મેનેજર/સુપરવાઇઝરી કક્ષામાં ૬૦ ટકા, કામદાર કક્ષામાં ૮૫ ટકા તથા એકંદરે ઓછામાં ઓછી ૮૫% જગ્યાઓ સ્થાનિકોમાંથી ભરવાની જોગવાઇ છે.

(૩) તે અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આવેલા કેટલા ઔદ્યોગિક એકમ સ્થાનિકોને પુરતી રોજગારી આપતા નથી, અને

(૩) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આવેલા ૦૪ (ચાર) એકમો સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જાળવતા નથી.

(૪) સ્થાનિકોને રોજગારી ન આપતા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ?

(૪) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

- સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.
- ઠરાવનો ભંગ કરતા એકમો સાથે નાયબ નિયામક (રોજગાર), અમદાવાદ દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવેલ છે.
- સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા

એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારું મોકલવામાં આવેલ છે.

- રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારું ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા જોબફેર/ઓનલાઇન (વર્ચ્યુઅલ) ભરતીમેળાનું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

**કુદરતી આપત્તિ માટે કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૪૦૫૦૩ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને | (૧) **અતિવૃષ્ટિ–** વર્ષ ૨૦૨૦માં વિભાગના તા.૧૫–૧૦–૨૦૨૦ના પત્રથી રૂ.૭૨૩૯.૪૭/– કરોડની માંગણી કરવામાં આવી.<br>**વાવાઝોડું–** રાજ્ય સરકાર દ્વારા તા.૨૮–૦૮–૨૦૨૧ના પત્રથી રૂ. ૨૪૪૮.૮૩/– કરોડ SDRFના ધોરણો મુજબ અને રૂ. ૯૧૦૨.૮૩/– કરોડની ખાસ કિસ્સામાં માંગણી કરવામાં આવી. |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી ? | (૨) **અતિવૃષ્ટિ–** કેન્દ્ર સરકાર તરફથી પ્રત્યુત્તર મળવાનો બાકી છે.<br>**વાવાઝોડું–** કેન્દ્ર સરકાર તરફથી તા.૨૦–૦૫–૨૦૨૧ના રોજ રૂ. ૧૦૦૦/– કરોડની રકમ ફાળવેલ છે. |

---------

**તાઉતે વાવાઝોડા દરમ્યાન અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં બાગાયતી ઝાડને થયેલ નુકસાન**

૪૦૪૨૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં છ માસમાં તાઉતે વાવાઝોડા દરમ્યાન થયેલ નુકસાની અન્વયે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં બાગાયતી ઝાડને થયેલ નુકસાન સહાય ચૂકવવામાં વિસંગતતા હોવા અંગેની કેટલી ફરિયાદો, રજૂઆતો, માંગણીઓ સરકારને મળી, અને | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં છ માસમાં તાઉતે વાવાઝોડા દરમ્યાન થયેલ નુકસાની અન્વયે બાગાયતી ઝાડને થયેલ નુકસાન સહાય ચૂકવવામાં વિસંગતતા હોવા અંગે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં મળેલ ફરિયાદો, રજૂઆતો અને માંગણીઓ નીચે મુજબ છે.<br>અમરેલી–૧૨<br>ગીર સોમનાથ–૧૧૯૧ |
| (૨) મળેલ ફરિયાદો, રજૂઆતો, માંગણીઓ અન્વયે સહાય ચૂકવવામાં વિસંગતતા દૂર કરવા શા પગલાં લેવામાં આવ્યા ? | (૨) સ્થાનિક કક્ષાએથી સ્થળ ચકાસણી કે રેકર્ડ ચકાસણી કરી જો વિસંગતતા જણાય તો ચૂકવવાપાત્ર સહાય ચૂકવવામાં આવે છે. |

---------

**મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૦૦૧૪ **ડો. આશાબેન પટેલ**(ઊંઝા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૦૨–૦૮–૨૦૨૧ના સંવેદના દિવસે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, | (૧) ૦૭ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૬૭૫૧ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૬૭૩૭ |

---------

**પાટણ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૦૦૭૮ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૪૧૬૮૪ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) તેની જનસંખ્યા ૧૪૫૮૯૪ છે. |

---------

**રાજ્યમાં સિંચાઈના પાણીના દર બાબત**

૪૦૪૦૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સિંચાઈ માટે પુરા પાડવામાં આવતા પાણીના દર કેટલા છે,

(૧) જળસંપત્તિ વિભાગ દ્વારા સિંચાઈ માટે અપાતા પાણીના દરો નીચે મુજબ છે.

| સિંચાઈ ઋતુ | વહેણ સિંચાઈના દર પ્રતિ પાણ પ્રતિ હેક્ટર |
|---|---|
| બારમાસી પાક | રૂ. ૫૯૦.૫૯ |
| ખરીફ/રવિ/ઉનાળુ/બેમોસમી પાક | રૂ. ૩૧૪.૯૮ |
| ઉદવહન (લીફ્ટ) સિંચાઈ | વહેણ સિંચાઈના દરના ૧/૩ (ત્રીજા ભાગના) |

(૨) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૨) સિંચાઈ માટે અપાતા પાણીના દરોમાં વર્ષ ૨૦૦૭–૦૮થી પ્રતિ સિંચાઈ વર્ષ ૭.૫% ઉત્તરોત્તર વધારો કરવાની જોગવાઈ હતી. પરંતુ, સિંચાઈ માટે અપાતા પાણીના દરોમાં રાજ્યના ખેડૂતોને રાહત આપવાના હેતુસર સિંચાઈ વર્ષ ૨૦૧૮–૧૯ થી દરોમાં પ્રતિ વર્ષ થતો વધારો ૭.૫% થી ઘટાડી ઉત્તરોત્તર ૨.૫% લેખે વધારો નક્કી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત દરોમાં વધારો કરવાના શા કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં એમ.એસ.એમ.ઈ.એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૩૯૮૩૪ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ | (૧) ૬૦૩ અરજીઓ. |

મીડિયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ સમયગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૧૦૭૭૭ એકમોને રૂ. ૫૨૦૩૬.૯૯ લાખની સહાય.

---------

**ધોલેરા સર ખાતે ચાઈના ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા બાબત**

૪૦૩૯૨ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ ધોલેરા સર ખાતે ચાઈના ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા માટે ક્યારે સમજૂતી કરાર થયેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પાર્ક સ્થાપવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) M/s CASME (Beijing) Investment Management Group Co. Limited સાથે તા.૩૦-૦૯-૨૦૧૯ના રોજ સમજૂતી કરાર કરેલ છે.

(૨) Covid-19 Pandemic ના કારણે ચાઈના ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા માટે સદર સમજૂતી કરાર બાબતે કોઈ આગળની કાર્યવાહી થઈ શકેલ નથી.

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સાયબર ફ્રોડના બનાવો**

૪૦૩૮૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં સાયબર ફ્રોડના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ બનાવો પૈકી કેટલા વ્યક્તિઓને કેટલી રકમ પરત મળી, અને

(૪) કેટલી રકમ પરત આપવાની બાકી છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેર - ૨૪૧
અમદાવાદ ગ્રામ્ય - ૦૧

(૨) ૨૯૧.

(૩) ૦૨ વ્યક્તિને કુલ રૂ.૧,૧૯,૩૦૦ની રકમ પરત મળી.

(૪) રૂ.૨૨,૦૩,૮૬,૪૩૯.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં જમીન રી-સર્વે**

૩૯૮૮૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૦-૦૯-૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જમીન રી-સર્વેની કામગીરી ક્યા વર્ષથી હાથ ધરવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલા ગામોમાં બાકી છે,

(૩) તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જમીન રી-સર્વેની કામગીરી તા.૨૩-૦૩-૨૦૧૨થી હાથ ધરવામાં આવી છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર ગામોમાં કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કુલ ગામ | કામગીરી પૂર્ણ | કામગીરી બાકી |
|---|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૧૪૪ | ૧૨૮ | ૧૬ |
| ૨ | જેતપુર પાવી | ૧૨૩ | ૯૨ | ૩૧ |
| ૩ | ક્વાંટ | ૧૩૨ | ૧૨૬ | ૦૬ |
| ૪ | બોડેલી | ૧૫૨ | ૧૨૮ | ૨૪ |
| ૫ | સંખેડા | ૧૧૮ | ૧૧૫ | ૦૩ |
| ૬ | નસવાડી | ૨૧૧ | ૧૯૨ | ૧૯ |
| | **કુલ** | **૮૮૦** | **૭૮૧** | **૯૯** |

(૩) તા.૨૧-૦૮-૨૦૧૮ના કેબિનેટ મંડળની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ હાલ પ્રમોલગેશન કામગીરી સ્થગિત કરવામાં આવેલ હોઈ રી-સર્વે કામગીરી બાકી છે.

(૪) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? (૪) બાકી રહેલ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાયની અરજીઓ**

૩૯૮૬૭ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬૯ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૦ અરજીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૪૦.૦૦ લાખ. |

---------

**રાજકોટ જિલ્લામાં એન.એફ.એસ.એ. યોજના હેઠળના લાભાર્થી કુટુંબો**

૪૦૫૬૧ **શ્રી અરવિંદ રાણા**(સુરત પૂર્વ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૨૦૬૯૪ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) તેની જનસંખ્યા ૮૪૧૫૩ છે. |

---------

**રાજ્યમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટે ફાળવેલ રકમ**

૪૦૪૫૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે કુલ કેટલી રકમનું ડીઝાસ્ટર મેનેજમેન્ટ ફંડ ઉપલબ્ધ છે, અને | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે કુલ રૂ.૮૭૮.૦૫ કરોડનું સ્ટેટ ડીઝાસ્ટર રીલિફ ફંડ ઉપલબ્ધ છે. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨ માં કેન્દ્ર સરકાર દ્વારા પ્રભાગને કેટલી રકમ ફાળવવામાં આવી છે ? | (૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલી રકમની માહિતી નીચે મુજબ છે. |

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧૩૨૪.૦૦ |
| ૨૦૨૧–૨૨ (તા.૩૧–૦૮–૨૦૨૧ સુધી) | ૧૫૨૯.૬૦ |

---------

**સુરતમાં ટેક્ષટાઇલ યુનિવર્સિટી સ્થાપવા બાબત**

૪૦૩૮૯ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સરકારે ૨૦૧૫માં સુરતમાં ટેક્ષટાઇલ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કર્યો હતો તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ તેની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) હાલમાં પ્રસ્તુત બાબતે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ અભ્યાસ હેઠળ છે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટનો તલસ્પર્શી અભ્યાસ તજજ્ઞો પાસે હાથ ધરાવીને ઉચિત નિર્ણય લેવામાં આવશે. |

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ સરકારે આ હેતુસર કેટલી રકમ ફાળવી છે ? | (૩) રૂ.૧૦૬૭.૨૭ લાખ. |

---------

**સુત્રાપાડા તાલુકામાં સી વૉટર ડીસેલીનેશન પ્લાન્ટ**

૪૦૪૬૧ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ):**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વડોદરા ઝાલા ગામે ૩૦ એમ.એલ.ડી. ક્ષમતાના સી વૉટર ડીસેલીનેશન પ્લાન્ટ માટે મે. શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઇ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચરને તા.૧૮–૧૧–૨૦૧૯ના રોજ એલ.ઓ.એ. આપવામાં આવેલ છે તે હકીકત તા.૩૧–૭–૨૦૨૧ ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત મીઠું પાણી ક્યા દરે કેટલા સમયગાળા માટે ખરીદવામાં આવનાર છે, અને | (૨) પ્લાન્ટ કાર્યરત થયા બાદ પ્રતિદીન ૩ કરોડ લીટર મીઠું પાણી પ્રથમ બે વર્ષ સુધી રૂ.૪૫.૦૦ પ્રતિ એક હજાર લીટરના દરે તથા ત્યારબાદ બાકીના કરારના સમયગાળા દરમ્યાન દર વર્ષે ઉત્તરોત્તર ૩ ટકાના વધારા સાથે ઈજારદાર પાસેથી ખરીદવામાં આવશે. |
| (૩) ઉક્ત પ્લાન્ટ ક્યાં સુધીમાં કાર્યરત કરવાની શરતે એલ.ઓ.એ. આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત પ્લાન્ટ માટે કન્સેશન એગ્રીમેન્ટ સાઇન થયા બાદ ત્રણ વર્ષમાં પ્લાન્ટ કાર્યરત કરવાની શરતે એલ.ઓ.એ. આપવામાં આવેલ છે. |

---------

**મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

૩૯૯૦૫ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મહીસાગર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૧૭૦૦૫.૬૫૦ મે.ટન ઘઉં અને ૭૨૬૫.૪૧૭ મે.ટન ચોખા મળી કુલ ૨૪૨૭૧.૦૬૭ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) ઉક્ત સ્થિતિએ ક્યા ભાવ પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું ? | (૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિ દીઠ માસિક ૩.૫૦૦ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. |

---------

**ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રીસ ક્લબ દ્વારા દબાણ**

૪૦૪૯૪ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં આવેલ ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રીસ ક્લબ દ્વારા ખરાબા, પડતર અને સરકારી જમીન પર કરેલ દબાણોની ફરિયાદો અંગે મામલતદારશ્રી દ્વારા તા.૨૦–૦૭–૨૦૧૮ના રોજ તપાસ કરેલ તથા ડી.આઇ. એલ.આર.શ્રી મારફતે માપણી કરાવતા ક્ષે.૨૪૫૦૮ ચો.મી. જમીનમાં દબાણ ધ્યાને આવેલ તે હકીકત તા.૩૧–૦૭–૨૦૨૧ ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો ઉક્ત દબાણ બદલ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) મામલતદારશ્રી, સાણંદ દ્વારા તા.૨૦-૭-૨૦૧૮ના રોજ તપાસ કરેલ તથા ડી.આઇ.એલ.આર.શ્રી મારફતે માપણી કરાવતા આશરે ક્ષે.૨૪૫૦૮ ચો.મી. જમીનમાં દબાણ ધ્યાને આવેલ હતુ. જે દબાણ ગુલમહોર ગ્રીન્સ એન્ડ કન્ટ્રી ક્લબ દ્વારા સ્વ ખર્ચે દુર કરેલ છે.

(૩) ઉક્ત દબાણ ક્યારે દૂર કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપની ચકાસણી**

૩૯૯૧૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા પેટ્રોલ/ડીઝલ પંપની ચકાસણી કરવામાં આવી, અને

(૧) કુલ ૪૫૨ (ચારસો બાવન) પેટ્રોલ/ડીઝલ પંપ.

(૨) કેટલા એકમોમાં ક્ષતિ માલુમ પડી તેમજ આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ચકાસણી કરવામાં આવેલ એકમો પૈકી કોઇ એકમ ખાતે ક્ષતિ માલુમ પડેલ ન હોઇ કાર્યવાહીનો પ્રશ્ન રહેતો નથી.

---------

**આણંદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ**

૩૯૮૯૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર**(ઉમરેઠ) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧) આણંદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧/૯/૧૯થી તા.૩૧/૦૮/૨૦ સુધી | તા.૧/૯/૨૦થી તા.૩૧/૦૮/૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૮ | ૩૯૫ | ૫૦૩ |
| ૨ | ઉમરેઠ | ૭૫ | ૧૭૧ | ૨૪૬ |
| ૩ | ખંભાત | ૭૨ | ૧૭૮ | ૨૫૦ |
| ૪ | પેટલાદ | ૫૦ | ૨૧૦ | ૨૬૦ |
| ૫ | બોરસદ | ૧૨૩ | ૧૬૧ | ૨૮૪ |
| ૬ | આંકલાવ | ૪૧ | ૧૭૫ | ૨૧૬ |
| ૭ | સોજિત્રા | ૪૨ | ૧૫૦ | ૧૯૨ |
| ૮ | તારાપુર | ૫૦ | ૧૬૯ | ૨૧૯ |
| | **કુલ** | **૫૬૧** | **૧૬૦૯** | **૨૧૭૦** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧/૯/૧૯થી તા.૩૧/૦૮/૨૦ સુધી | તા.૧/૯/૨૦થી તા.૩૧/૦૮/૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૯૧ | ૩૮૯ | ૪૮૦ |
| ૨ | ઉમરેઠ | ૫૫ | ૧૬૯ | ૨૨૪ |
| ૩ | ખંભાત | ૬૬ | ૧૭૧ | ૨૩૭ |
| ૪ | પેટલાદ | ૩૩ | ૨૦૬ | ૨૩૯ |
| ૫ | બોરસદ | ૧૦૩ | ૧૫૮ | ૨૬૧ |
| ૬ | આંકલાવ | ૩૨ | ૧૬૧ | ૧૯૩ |
| ૭ | સોજિત્રા | ૨૯ | ૧૪૦ | ૧૬૯ |
| ૮ | તારાપુર | ૪૪ | ૧૬૧ | ૨૦૫ |
| | **કુલ** | **૪૫૩** | **૧૫૫૫** | **૨૦૦૮** |

(૩) કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં

(૩) પત્રક-અ સામેલ રાખેલ છે.

આવી ?

**પત્રક–અ**

| **મંજૂર કરેલ ટુલકીટ** | |
|---|---|
| ૧ | કડીયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ–દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણાં બનાવટ |
| ૨૦ | ગરમ/ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રીપેરીંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશબનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

**જામનગર જિલ્લામાં એન.એફ.એસ.એ યોજના હેઠળના લાભાર્થી કુટુંબો**

૪૦૫૬૦ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૧૮૬૬૦ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) તેની જનસંખ્યા ૭૦૨૪૨ છે.

---------

**અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં જમીન રી–સર્વે**

૪૦૪૯૭ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન રી–સર્વે બાદ માલુમ પડેલ ક્ષતિઓ સુધારણા માટેની કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન રી–સર્વે બાદ માલુમ પડેલ ક્ષતિઓ સુધારણા માટેની નીચે મુજબ અરજીઓ સરકારને મળેલ છે,

➢ અરવલ્લી જિલ્લોઃ

| ક્રમ નં. | તાલુકાનું નામ | સુધારણા માટે મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ધનસુરા | ૪૭૮ |
| ૨ | બાયડ | ૩૭૩ |
| ૩ | ભિલોડા | ૮૯૪ |
| ૪ | માલપુર | ૨૫૨ |
| ૫ | મેઘરજ | ૩૦૯ |
| ૬ | મોડાસા | ૧૨૩૩ |
| | **કુલ** | **૩૫૩૯** |

➢ ગાંધીનગર જિલ્લોઃ

| ક્રમ નં. | તાલુકાનું નામ | સુધારણા માટે મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૯૭૦ |
| ૨ | કલોલ | ૯૫૫ |
| ૩ | માણસા | ૬૩૬ |
| ૪ | દહેગામ | ૩૮૩ |
| | **કુલ** | **૩૯૪૪** |

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને

➢ અરવલ્લી જિલ્લામાં કુલ **૩૫૩૯** અરજીઓ પૈકી **૨૬૯૮** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને **૮૪૧** અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.

➢ ગાંધીનગર જિલ્લામાં કુલ **૩૯૪૪** અરજીઓ પૈકી **૧૪૯૬** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને **૨૪૪૮** અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.

(૩) તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) (૧) રી સરવે વાંધા નિકાલની અરજી એ સતત પ્રક્રિયા છે.

(૨) મોટાભાગની અરજીઓ પૈકી સરવે નંબરોમાં તથા જુના પૈકી સરવે નંબરોના હિસ્સા માપણીની છે, જેમાં અરજદારશ્રીઓ દ્વારા નિયમ મુજબ સંમતી પત્રક રજૂ ન થતાં તથા અરજદારશ્રીઓના પોતાના કૌટુંબિક પ્રશ્નો હોઈ અરજદારશ્રીઓ તથા લાગુ ખાતેદારો સ્થળે માપણી દરમ્યાન હાજર ન રહેવાના કારણે અરજીઓનો નિકાલ કરવામાં મુશ્કેલીઓ સર્જાય છે.

(૩) ખેડૂત ખાતેદારના હીતમાં વાંધા અરજી કરવાની મુદત તા.૩૦/૦૯/૨૦૨૧ સુધી વધારવામાં આવેલ છે જેથી જેમ અરજદારને જાણ થાય તેમ નવી વાંધા અરજીઓ મળતી રહે છે.

---------

## રાજકોટ જિલ્લામાં મીઠાઈ/ફરસાણ વેચતા એકમોની ચકાસણી

૪૦૫૬૨ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા મીઠાઈ/ફરસાણ વેચતા કેટલા એકમોની ચકાસણી કરવામાં આવી, અને

(૧) ૮૬૫ (આઠસો પાંસઠ) એકમો.

(૨) તે પૈકી કેટલા એકમોમાં ક્ષતિ માલૂમ પડી, અને

(૨) કુલ ૧૨૯ (એકસો ઓગણત્રીસ) એકમોમાં ક્ષતિ માલુમ પડેલ હતી.

(૩) આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) આવા એકમો સામે ગુજરાત કાનુની માપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો–૨૦૧૧ના જુદા જુદા નિયમોના ભંગ બદલ કુલ ૧૨૯ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૭૪,૦૦૦/– (ચુમ્મોતેર હજાર) વસૂલ કરેલ છે.

---------

**આણંદ જિલ્લામાં સરકારી જમીન પર જિંગા ફાર્મ**

૪૦૪૭૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર, ખંભાત અને બોરસદ તાલુકાઓમાં તાલુકાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૧)

| તાલુકાનું નામ | હકીકત સાચી છે ? |
|---|---|
| તારાપુર | હા જી, |
| ખંભાત | ના જી, |
| બોરસદ | હા જી, |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ ક્યારથી કરવામાં આવેલ છે, અને

(૨)

| તાલુકાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | દબાણનો સમય (આશરે) |
|---|---|---|
| તારાપુર | ૪૦૪૫૮ | ૨ (બે ) વર્ષ |
| બોરસદ | ૫૧૨૦૦ | ૧ (એક) વર્ષ |

(૩) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

(૩) જમીન મહેસૂલ સંહિતાની કલમ–૬૧ હેઠળ નિયત કાર્યવાહી અનુસરીને.

---------

**જૂનાગઢ જિલ્લામાં હેરીટેજ વિરાસત વિકસાવવાનું આયોજન**

૪૦૦૮૨ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં હેરીટેજ વિરાસત વિકસાવવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ હેરીટેજ વિરાસતને વિકસાવવાનું આયોજન હાથ ધરેલ છે,

(૨) (૧) મહોબ્બ્ત ખાન મકબરા
(૨) બહાઉદ્દીન મકબરા
(૩) ઉપરકોટ કિલ્લો તથા તેમાં આવેલ વિવિધ સ્ટ્રકચર્સ
(૪) બહાઉદ્દીન કોલેજ
(૫) નવાબી ટાંકો
(૬) નરસિંહ મહેતા ચોક

(૩) આ સ્થળોએ ક્યા પ્રકારની સુવિધાઓ પૂરી પાડવાનું આયોજન છે, અને

(૩) (૧) મહોબ્બત ખાન મકબરા અને બહાઉદ્દીન મકબરા ખાતે બેઠક વ્યવસ્થા, ફસાડ લાઈટીંગ
(૨) ઉપરકોટ કિલ્લા ખાતે ઈ–ટોઈલેટ, બેન્ચીસ, સાઈનેઝીસ, સાઈકલ ટ્રેક, લાઈટ એન્ડ સાઉન્ડ શો, પાર્કિંગ વગેરે.
(૩) બહાઉદ્દીન કોલેજ ખાતે લાઈટીંગની કામગીરી
(૪) નવાબી ટાંકો ખાતે સ્ટ્રકચરનું રીસ્ટોરેશન, લાઈટીંગની કામગીરી, પરિસરમાં રમત ગમતના સાધનોની કામગીરી
(૫) નરસિંહ મહેતા ચોક ખાતે લાઈટીંગની

કામગીરી

(૪) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સુવિધાઓ પૂરી પાડવા કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૪) રૂ. ૩૨૧૨.૧૭ લાખ.

---------

**પંચમહાલ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૧૭ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૧૯૦૦૪ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) તેની જનસંખ્યા ૮૩૪૦૩ છે. |

---------

**રાજકોટ મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૪૦૩૩૭ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨માં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૦–૨૧માં રૂ.૧૩૯.૪૮૩૫ કરોડ તથા વર્ષ ૨૦૨૧–૨૨માં રૂ.૧૫૨.૪૨૪૪ કરોડ મળી કુલ રૂ.૨૯૧.૯૦૭૯ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૦–૨૧ માં રૂ.૧૩૯.૪૮૩૫ કરોડ તથા વર્ષ ૨૦૨૧–૨૨ માં રૂ.૬૧.૦૦ કરોડ મળી કુલ રૂ.૨૦૦.૪૮૩૫ કરોડની ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે. |
| (૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) તે પરત્વે વર્ષ ૨૦૨૦–૨૧માં કુલ–૧૩૭ કામો મંજૂર થયેલ છે, જે પૈકી ૩૧ કામો પૂર્ણ થયેલ છે અને વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ–૧૮૮ કામોની દરખાસ્ત મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |

---------

**અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં પીવાનું પાણી મીટરથી પૂરું પાડવાની યોજના**

૪૦૪૦૭ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં પીવાનું પાણી મીટરથી પૂરું પાડવાની યોજનાનો અમલ કયા વોર્ડમાં શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં જોધપુર વોર્ડમાં શરૂ કરવામાં આવેલ છે. જ્યારે ગાંધીનગર શહેરમાં કોઈપણ વોર્ડમાં શરૂ કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે રાજ્ય સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ ? | (૨) અમદાવાદ શહેરમાં હાલમાં વોલ્યુમેટ્રીક વપરાશ આધારિત ચાર્જ લેવામાં આવતો ન હોઈ આવક થયેલ નથી. જ્યારે ગાંધીનગર શહેરમાં આ યોજના શરૂ થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરની ટી.પી. સ્કીમ–૨૦૪ બાબત**

૪૦૪૧૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨૦૪ને ડ્રાફ્ટ ટીપી ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૧) તા.૨૮-૦૯-૨૦૧૨

(૨) ઉક્ત ડ્રાફ્ટ ટીપી મંજૂર કર્યા બાદ કેટલા સમયમાં આખરી ટીપી કરવાની થાય છે,

(૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૧ની જોગવાઈ મુજબ ૧૨ માસની સમય મર્યાદા છે. સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઇઓથી રાજ્ય સરકાર વખતો વખત સમયમર્યાદા વધારી શકે છે.

(૩) ઉક્ત ટીપી આખરી કરવાની મુદતમાં કેટલી વખત કેટલા સમય માટે વધારો કરવામાં આવ્યો,

(૩) સામેલ પત્રકની વિગત મુજબ.

(૪) ઉક્ત ટીપીને આખરી કરવાની મુદતમાં વધારો કરવાના શા કારણો છે, અને

(૪) પ્રસ્તુત યોજના ૧૦૯૬૨૪૪૬ ચો.મી. જેટલું વિશાળ ક્ષેત્રફળ ધરાવતી યોજના હોઈ, જેમાં ૧૦૭૬ જેટલા પ્રમાણમાં મુળખંડોનો સમાવેશ થયેલ હોઈ, ૫૩૬૯ જેટલા જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓ તરફથી મળેલ વાંધા સૂચનોને ન્યાય મળે તે રીતે સુનાવણી કરવાની હોવાથી.

(૫) ઉક્ત ટીપીને આખરી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૫) ધારાકીય જોગવાઈ મુજબની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**પત્રક**

| ન.ર.યો. નં. ૨૦૪ (પત્રક) | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **હુકમની તારીખ** | **હુકમ ક્રમાંક** | **વધારેલ સમય મર્યાદાનો સમયગાળો** |
| ૧ | ૦૭-૧૨-૨૦૧૩ | નરઅ-૧૧૨૦૦૮-૫૪૩૩-લ | તા.૦૩-૧૦-૨૦૧૩ થી તા.૦૨-૧૦-૨૦૧૪ |
| ૨ | ૨૧-૧૦-૨૦૧૪ | નરઅ-૧૧૨૦૦૮-૫૪૩૩-લ | તા.૦૩-૧૦-૨૦૧૪ થી તા.૦૨-૧૦-૨૦૧૫ |
| ૩ | ૦૩-૧૦-૨૦૧૫ | નરઅ-૧૧૨૦૦૮-૫૪૩૩-લ | તા.૦૩-૧૦-૨૦૧૫ થી તા.૨૦-૦૭-૨૦૧૬ |
| ૪ | ૧૮-૧૦-૨૦૧૬ | નરચ-૧૫૨૦૧૬-૪૪૮૨-લ | તા.૨૧-૦૭-૨૦૧૬ થી તા.૨૦-૦૭-૨૦૧૭ |
| ૫ | ૦૯-૧૦-૨૦૧૭ | નરચ-૧૫૨૦૧૬-૪૪૮૨-લ | તા.૨૧-૦૭-૨૦૧૭ થી તા.૨૦-૦૭-૨૦૧૮ |
| ૬ | ૧૯-૦૭-૨૦૧૮ | નરચ-૧૧૨૦૧૮-૫૧૯૫-લ | તા.૨૧-૦૭-૨૦૧૮ થી તા.૨૦-૦૭-૨૦૧૯ |
| ૭ | ૨૩-૦૭-૨૦૧૯ | નરચ-૧૧૨૦૧૯-૩૦૮૦-લ | તા.૨૧-૦૭-૨૦૧૯ થી તા.૨૦-૦૭-૨૦૨૦ |
| ૮ | ૦૯-૦૮-૨૦૨૦ | નરચ-૧૧૨૦૨૦-૨૦૨૨-લ | તા.૨૧-૦૭-૨૦૨૦ થી તા.૨૦-૦૭-૨૦૨૧ |
| ૯ | ૦૯-૦૮-૨૦૨૧ | નરચ-૧૧૨૦૨૧-૧૭૫૪-લ | તા.૨૧-૦૭-૨૦૨૧ થી તા.૨૦-૦૭-૨૦૨૨ |

---------

**રાજકોટ જિલ્લામાં બાળ મજૂરોની મુક્તિ**

૩૯૮૦૧ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં બાળ અને કિશોર(પ્રતિબંધ અને નિયમન)-૧૯૮૬ હેઠળ રેડ પાડવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રેડ પાડવામાં આવી, અને

(૨) ૪૨

(૩) ઉક્ત રેડ દરમ્યાન કેટલા બાળમજૂરોને મુક્ત કરાવવામાં આવ્યા ?

(૩) ૧૨

---------

**પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે જમીન**

૪૦૫૦૪ **ડો. કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૮-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન અંતર્ગત આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી બિનઉપજાઉ સરકારી પડતર જમીન બાગાયતી તથા ઔષધિય પાકોની ખેતી માટે ભાડાપટ્ટેથી ફાળવવા અન્વયે પાટણ જિલ્લામાં જમીનો આઇડેન્ટીફાઇ કરવામાં

(૧) હા,જી.

આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા ગામની કયા સર્વે નંબરની કેટલી જમીન આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે ?

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

**પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન માટે આઈડેન્ટીફાઈ કરેલ જમીન**

| ક્રમ | ગામ | તાલુકો | સ.નં. | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં) |
|---|---|---|---|---|
| ૧ | કુવર | શંખેશ્વર | ૮૮૯ અ/૧ | ૭૩–૪૭–૯૬ |
| ૨ | રાજપુરા | શંખેશ્વર | ૫૦ પૈકી ૧ | ૫૧–૬૪–૮૨ |
| ૩ | મુજપુર | શંખેશ્વર | ૧૩૫૪ પૈકી ૧૧૫ | ૨૦૨–૩૩–૩૮ |
| ૪ | સુબાપુરા | શંખેશ્વર | ૧૦૨ | ૫૪–૧૯–૮૭ |
| ૫ | લાલપુર | સમી | ૧૯૧ | ૧૬૬–૮૧–૭૧ |
| ૬ | લાલપુર | સમી | ૨૪૭ | ૫૦–૬૭–૮૯ |
| ૭ | ભદ્રડા | સમી | ૮૧ | ૧૦૮–૩૭–૭૬ |
| ૮ | નાની ચદુર | સમી | ૭૨૭ | ૧૪૮–૩૦–૯૫ |
| ૯ | વૌવા | સાંતલપુર | ૧૨૨૨ પૈકી ૨૫ | ૮૧–૦૦–૧૮ |
| ૧૦ | બાવરડા | સાંતલપુર | ૧૩૯ પૈકી | ૫૮–૨૦–૮૮ |
| ૧૧ | બાવરડા | સાંતલપુર | ૩૬૨ | ૭૨–૧૨–૩૩ |
| ૧૨ | ગઢા | સાંતલપુર | ૨૩૦ | ૯૩–૮૭–૭૭ |
| ૧૩ | ગઢા | સાંતલપુર | ૨૩૩ | ૯૩–૨૮–૯૧ |

---------

## કચ્છ જિલ્લામાં ઈ–હરાજીથી ખનિજોની ફાળવણી

૪૦૦૭૫ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ખનિજવાર કેટલા બ્લોક્સ ઈ–હરાજીમાં મૂકવામાં આવેલ છે, અને

(૨) ઈ–ઓક્શનમાં મૂકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ખનિજવાર ઈ–હરાજીમાં મૂકવામાં આવેલ બ્લોક્સની વિગતો નીચે મુજબ છેઃ

| ખનિજનું નામ | ઈ–હરાજીમાં મૂકવામાં આવેલ બ્લોક્સની સંખ્યા |
|---|---|
| સાદી રેતી | ૧૧ |
| સેન્ડસ્ટોન | ૦૨ |
| **કુલ** | **૧૩** |

(૨) ઈ–ઓક્શનમાં મૂકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા નીચે મુજબ છેઃ

| ખનિજનું નામ | ઈ–હરાજીમાં મૂકવામાં આવેલ બ્લોક્સની સંખ્યા | સફળ થયેલ બ્લોક્સની સંખ્યા |
|---|---|---|
| સાદી રેતી | ૧૧ | ૧૧ |
| સેન્ડસ્ટોન | ૦૨ | ૦૨ |
| **કુલ** | **૧૩** | **૧૩** |

---------

## ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

૪૦૩૪૫ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) કુલ ૬૬૪ આવાસ મંજૂર થયેલ છે.

કેટલા આવાસો મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે અને તે માટે કેટલો ખર્ચ થયો છે ?

(૨) ૩૮૨ આવાસ પૂર્ણ થયેલ છે. અને તે માટે રૂ. ૪૫૮.૪૦ લાખનો ખર્ચ થયો છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લાને મીઠું પાણી**

૪૦૦૮૩ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરીયાનું ખારું પાણી મીઠું બનાવી પીવાનું પાણી પૂરું પાડ્વા માટે ડીસેલીનેશન પ્લાન્ટની બાબત અમલીકરણની તબક્કે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પ્લાન્ટ કેટલા રૂપિયાના ખર્ચે અને કયા સ્થળે સ્થાપવામાં આવશે, અને

(૩) ઉક્ત પ્લાન્ટ કાર્યરત થતા દૈનિક કેટલું પાણી મીઠું થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રોજેક્ટ પી.પી.પી.ના ધોરણે કન્સેશનેયર દ્વારા દેવભૂમિ દ્વારકાના ગાંધવી ગામ ખાતે સ્થાપવામાં આવશે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૮૦ કરોડની આંશિક મૂડી સહાય આપવામાં આવશે.

(૩) ૭ કરોડ લિટર.

---------

**સુરત જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજનાના લાભાર્થી કુટુંબો**

૩૯૯૧૬ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ કુલ ૫૫૭૪૯ લાભાર્થી કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) તેની જનસંખ્યા ૨૨૨૧૮૯ છે.

**જંબુસર શહેરને પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૦૪૦૫ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૮–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૧૮૯ (અગ્રતા–૬૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જંબુસર શહેરને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાની કામગીરી પ્રગતિમાં હતી તે કામગીરી તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવા કોને સોંપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ થયેલ ન હોય તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) જંબુસર શહેરને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના દ્વારા પાણી પૂરું પાડવાની યોજનાની કામગીરી તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે.

(૨) ઉક્ત કામગીરી માટે જંબુસર નગરપાલિકા દ્વારા તા.૦૫–૧૨–૨૦૧૪ના પત્રથી મે. ક્રિશ્ના કન્સ્ટ્રક્શન, મહેસાણાને રૂ.૨૧૬૩.૭૨ લાખ માટે ૧૮ માસમાં કામગીરી પૂર્ણ થવા વર્કઓર્ડર આપવામાં આવેલ હતો.

(૩) વન વિભાગની મંજૂરીની જરૂરિયાત હોવી, પાણીનો મુખ્ય સોર્સ તથા WTP નું સ્થળ બદલાતા તથા તેના કારણે પ્રોજેક્ટમાં ફેરફાર થવા જેવા કારણોસર કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકેલ નથી.

---------

**રાજ્ય સરકારને ડીપ–સી પાઈપલાઈન પ્રોજેક્ટ અન્વયે મળેલ રજૂઆતો**

૪૦૩૯૫ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને ડીપ-સી પાઇપલાઇન પ્રોજેક્ટ અંગે પુનઃવિચારણા કરવા કે પ્રોજેક્ટ પડતો મુકવા કેટલી રજૂઆતો, માંગણીઓ, ફરિયાદો સરકારને મળી, અને | (૧) કુલ-૧૮. |
| (૨) મળેલ રજૂઆતો, માંગણીઓ, ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ પાઇપલાઇન ઉંડા દરિયામાં અથવા બીજી કોઇ રીતે પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે સરકાર માન્ય સંસ્થા દ્વારા યોગ્ય વૈજ્ઞાનિક અભ્યાસ કરાવ્યા બાદ તેઓ દ્વારા સૂચવવામાં આવેલ પોઇન્ટ પર જ દુરના સમુદ્રમાં નાખવામાં આવશે. સરકારશ્રીની અલગ-અલગ સંબંધિત એજન્સીઓ મારફતે તમામ પર્યાવરણીય મંજૂરીઓ મેળવ્યા બાદ જ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવનાર છે તે મુજબ પ્રત્યુત્તર પાઠવેલ છે. |

---------

## ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણની મળેલ બેઠકો

૪૦૪૫૮ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન ધારો ૨૦૦૩ની કલમ-૮ અંતર્ગત ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણની કેટલી બેઠકો મળી, | (૧) બેઠક મળેલ નથી. |
| (૨) ઉક્ત બેઠકો પૈકી કેટલી બેઠકો કોવિડ-૧૯ અને તાઉતે વાવાઝોડાને અનુલક્ષીને મળેલ, અને | (૨) બેઠક મળેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બેઠકોના ચેરમેન અને સભ્યો કોણ હતા ? | (૩) બેઠક મળેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં તાઉતે વાવાઝોડાના અસરગ્રસ્તોને સહાય

૪૦૪૮૨ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ તાઉતે વાવાઝોડા દરમિયાન થયેલ નુકસાની અન્વયે ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા અસરગ્રસ્તોને મકાન સહાય, કેશડૉલ્સ અને ઘરવખરી સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) **ગીર સોમનાથ**

| ક્રમ | તાલુકાનું નામ | મકાન સહાય | કેશડોલ્સ | ઘરવખરી |
|---|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૦ | ૯૬૯ | ૦ |
| ૨ | સુત્રાપાડા | ૯૦૯ | ૨૮૫૪ | ૩૮૨ |
| ૩ | તાલાલા | ૧૦૪ | ૨૮૭ | ૪૧ |
| ૪ | કોડીનાર | ૧૫૬ | ૧૪૩૪૯ | ૮૯ |
| ૫ | ઉના | ૪૬૧૦૬ | ૫૧૬૭૯ | ૨૭૬૩૫ |
| ૬ | ગીર ગઢડા | ૨૩૨૦૬ | ૩૨૪૮૭ | ૧૨૫૫૧ |
| | **કુલ** | ૭૦૪૮૧ | ૧૦૨૬૨૫ | ૪૦૬૯૮ |

**અમરેલી**

| ક્રમ | તાલુકાનું નામ | મકાન સહાય | કેશડોલ્સ | ઘરવખરી |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૪૮૯ | ૨૧૧ | ૬૧૮ |
| ૨ | લાઠી | ૧૧૭ | ૨૪૪ | ૧૨ |
| ૩ | લીલીયા | ૨૪૫ | ૦ | ૩ |
| ૪ | બાબરા | ૯૩ | ૩૦૯ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | બગસરા | ૫૪૮ | ૧૯૦૫ | ૪૨૦ |
| ૬ | કુંકાવાવ | ૧૨૪ | ૦ | ૦ |
| ૭ | ધારી | ૩૧૭૫ | ૧૧૨૮૪ | ૧૪૦૭ |
| ૮ | ખાંભા | ૭૬૬૭ | ૫૭૨૪૭ | ૬૦૭૬ |
| ૯ | રાજુલા | ૨૧૫૭૪ | ૧૦૩૦૦૩ | ૧૯૫૦૬ |
| ૧૦ | સાવરકુંડલા | ૩૩૬૫ | ૩૭૪૬૮ | ૭૫૫૭ |
| ૧૧ | જાફરાબાદ | ૧૫૮૫૭ | ૯૫૮૫૦ | ૧૩૯૯૫ |
| | **કુલ** | ૫૩૨૫૪ | ૩૦૭૫૨૧ | ૪૯૫૯૪ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા અસરગ્રસ્તોને ઉક્ત સહાય મુખ્યત્વે કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને

(૨) **ગીર સોમનાથ–** ઉક્ત સ્થિતિએ કોઈપણ અસરગ્રસ્તોને સહાય ચૂકવવાની બાકી નથી.

**અમરેલી–** ઉક્ત સ્થિતિએ કોઈપણ અસરગ્રસ્તોને સહાય ચૂકવવાની બાકી નથી.

(૩) ઉક્ત બાકી સહાય ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

(૩) **ગીર સોમનાથ–** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમરેલી –** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જાફરાબાદ તાલુકામાં બંધારો બાંધવાની કામગીરી

૪૦૩૯૯ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ ની સ્થિતિએ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મિતિયાલા ગામે બંધારો બાંધવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત બંધારો બાંધવાની કામગીરી કઈ એજન્સીને, ક્યારે કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કામગીરી સોંપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જમીન સંપાદન અને આલેખન તબક્કે.

(૨) યોજના જમીન સંપાદન અને આલેખન તબક્કે હોય કામગીરી સોંપેલ નથી.

(૩) જમીન સંપાદન અને આલેખન પૂર્ણ થયા બાદ નાણાકીય ઉપલબ્ધિ અનુસાર આ કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

## કાકરાપાર–ગોરધા–વડ ઉદ્વહન સિંચાઈ યોજના બાબત

૪૦૦૧૩ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ કાકરાપાર–ગોરધા–વડ ઉદ્વહન પાઈપલાઈન સિંચાઈ યોજનાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ યોજનાથી કયા જિલ્લાના કયા તાલુકાના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) કુલ રૂ.૫૬૯.૫૨ કરોડના ખર્ચે કાકરાપાર–ગોરધા–વડ ઉદ્વહન પાઈપલાઈન સિંચાઈ યોજનાની કામગીરી તા.૩૦–૧૨–૨૦૨૦ ના રોજ પૂર્ણ થયેલ છે.

(૩) સુરત જિલ્લાના માંડવી તાલુકાના ૨૦૫૩૦ એકર તથા માંગરોળ તાલુકાના ૨૮૯૭૦ એકર મળી કુલ ૪૯૫૦૦ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે.

---------

## મોરબી જિલ્લામાં ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે સહાયની અરજીઓ

૩૯૮૭૨ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે, કે કેમ,

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| અનુ નં. | વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૪૫ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૯ |
| | **કુલ** | **૧૦૪** |

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| **અનુ નં.** | **વર્ષ** | **મંજૂર કરેલ અરજીઓની સંખ્યા** | **ચૂકવેલ સહાય (રૂ.)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૨ | ૧૪,૬૭,૧૯૦/- |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૦૯ | ૮,૨૯,૬૪૦ /- |
| | **કુલ** | **૨૧** | **૨૨,૯૬,૮૩૦/-** |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

૩૯૮૬૪ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

(૧)

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | | |
|---|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૧ અંતિત)** | **કુલ (છેલ્લા બે નાણાકીય વર્ષ)** |
| ૨૨,૯૮,૮૯૨ | ૨૩,૫૦,૮૬૧ | ૪૬,૪૯,૭૫૩ |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨)

| **ઉપલબ્ધ કરાવવામાં આવેલ માનવદિન રોજગારી** | | |
|---|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૧ અંતિત)** | **કુલ (છેલ્લા બે નાણાકીય વર્ષ)** |
| ૨૪,૯૨,૦૮૭ | ૨૩,૭૭,૩૭૫ | ૪૮,૬૯,૪૬૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિનની રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

(૩)

| **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ માનવદિન રોજગારી** | | |
|---|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૧ અંતિત)** | **કુલ (છેલ્લા બે નાણાકીય વર્ષ)** |
| ૯,૫૨,૭૪૬ | ૯,૧૭,૦૬૮ | ૧૮,૬૯,૮૧૪ |

---------

**રાજ્યની સહકારી બેંકો, અર્બન બેંકો અને ડીસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંકોમાં આર.બી.આઈ.ની ગાઈડલાઈનનું અમલીકરણ**

૪૦૪૪૨ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની કેટલી સહકારી બેંકો, અર્બન બેંકો અને ડીસ્ટ્રીક્ટ કો.ઓપ.બેંકોમાં સંસદ સભ્ય, ધારાસભ્ય અને મ્યુનિસિપલ કાઉન્સીલરો હોદ્દેદારો તરીકે કાર્યરત છે,

(૧) ૩૭

(૨) ઉક્ત હોદ્દેદારોને રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન મુજબ ક્યાં સુધી દૂર કરવામાં આવશે, અને

(૨) લાગુ પડતું નથી.

(૩) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ઉક્ત

(૩) લાગુ પડતું નથી.

ગાઈડલાઈનના અમલીકરણની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે ?

---------

**માંડવી તાલુકામાં સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ**

૪૦૪૬૪ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગુંદાયાલી ગામે ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાના સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ માટે મે. શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઇ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચરને તા.૧૮–૧૧–૨૦૧૯ ના રોજ એલ.ઓ.એ. આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત મીઠું પાણી ક્યા દરે કેટલા સમયગાળા માટે ખરીદવામાં આવનાર છે, અને | (૨) પ્લાન્ટ કાર્યરત થયા બાદ પ્રતિદીન ૧૦ કરોડ લીટર મીઠું પાણી પ્રથમ બે વર્ષ સુધી રૂ.૪૪.૮૫ પ્રતિ એક હજાર લીટરના દરે તથા ત્યારબાદ બાકીના કરારના સમયગાળા દરમ્યાન દર વર્ષે ઉત્તરોત્તર ૩ ટકાના વધારા સાથે ઈજારદાર પાસેથી ખરીદવામાં આવશે. |
| (૩) ઉક્ત પ્લાન્ટ ક્યાં સુધીમાં કાર્યરત કરવાની શરતે એલ.ઓ.એ. આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત પ્લાન્ટ માટે કન્સેશન એગ્રીમેન્ટ સાઇન થયા બાદ ત્રણ વર્ષમાં પ્લાન્ટ કાર્યરત કરવાની શરતે એલ.ઓ.એ. આપવામાં આવેલ છે. |

---------

**જામનગર તાલુકામાં ડૂબાણમાં જતા રસ્તાના વૈકલ્પિક રસ્તા/પુલ બનાવવાની કામગીરી**

૪૦૪૦૦ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ જામનગર તાલુકાના બેડ બંધારા યોજનામાં ડુબાણમાં જતા રસ્તાના વૈકલ્પિક રસ્તા–પુલ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, | (૧) ટેન્ડર તબક્કે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) જૂન–૨૦૨૨ |
| (૩) ઉક્ત કામગીરી બાકી રહેવાના શા કારણો છે ? | (૩) પ્રથમ વખતના ટેન્ડર કોઈ ઈજારદારે ભરેલ ન હોવાથી બીજા પ્રયત્નનું ટેન્ડર બહાર પાડેલ છે. |

---------

**રાજ્યમાં જેલ મેન્યુઅલ તૈયાર કરવા બાબત**

૪૦૩૬૨ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જેલ મેન્યુઅલ છેલ્લે ક્યારે તૈયાર કરવામાં આવેલ, | (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં બોમ્બે જેલ મેન્યુઅલ, ૧૯૫૫ અમલમાં છે. ગુજરાત રાજ્યની રચના બાદ જેલ મેન્યુઅલ તૈયાર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જેલ મેન્યુઅલ તૈયાર કરવાની કામગીરી કયા તબક્કે છે, અને<br>(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩) ભારત સરકાર દ્વારા તૈયાર કરાયેલ મૉડેલ પ્રિઝન મેન્યુઅલ–૨૦૧૬નો સ્વીકાર કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ છે. અને આ કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

---------

**પાલસંડા કેનાલની સાઇટ પર ડામર રોડ બનાવવા બાબત**

૪૦૩૯૭ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૨–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૪૩૭૫ (અગ્રતા–૧૯)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર જિલ્લાની સુખી સિંચાઈ યોજનાની પાલસંડા કેનાલની સાઈટ પરના ઈન્સ્પેકશન રોડને ડામરનો બનાવવા માટેની રૂ.૭૯,૩૩,૧૦૦ની દરખાસ્ત જાન્યુઆરી–૨૦૨૦માં મળેલ તે દરખાસ્ત તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત રોડને ડામર રોડ બનાવવા માટેની દરખાસ્તને ક્યારે મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) સદરહુ દરખાસ્તને જળસંપત્તિ વિભાગ દ્વારા તા.૦૩–૦૩–૨૦૨૦ના પત્રથી બહાલી આપેલ છે અને સદર રોડની કામગીરી પંચાયત માર્ગ અને મકાન વિભાગ, છોટાઉદેપુર દ્વારા તા.૧૮–૧૨–૨૦૨૦ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે મળેલ અરજીઓ**

૩૯૮૯૩ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી):**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧/૯/૧૯થી તા.૩૧/૮/૨૦ સુધી | તા.૧/૯/૨૦થી તા.૩૧/૮/૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા સીટી | ૫૬૪ | ૩૫૭ | ૯૨૧ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૪૧૭ | ૧૯૯ | ૬૧૬ |
| ૩ | પાદરા | ૧૦૮ | ૩૧૩ | ૪૨૧ |
| ૪ | કરજણ | ૧૧૬ | ૩૨૭ | ૪૪૩ |
| ૫ | શિનોર | ૭૪ | ૭૭ | ૧૫૧ |
| ૬ | સાવલી | ૧૬૩ | ૧૭૩ | ૩૩૬ |
| ૭ | ડેસર | ૭૨ | ૭૯ | ૧૫૧ |
| ૮ | ડભોઈ | ૧૮૯ | ૧૯૩ | ૩૮૨ |
| ૯ | વાઘોડીયા | ૫૮ | ૧૦૪ | ૧૬૨ |
| | **કુલ** | **૧૭૬૧** | **૧૮૨૨** | **૩૫૮૩** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧/૯/૧૯થી તા.૩૧/૮/૨૦ સુધી | તા.૧/૯/૨૦થી તા.૩૧/૮/૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા સીટી | ૨૬૮ | ૩૦૪ | ૫૭૨ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૧૨૨ | ૨૦૩ | ૩૨૫ |
| ૩ | પાદરા | ૨૧૨ | ૨૧૨ | ૪૨૪ |
| ૪ | કરજણ | ૧૮૯ | ૨૨૨ | ૪૧૧ |
| ૫ | શિનોર | ૩૬ | ૪૨ | ૭૮ |
| ૬ | સાવલી | ૧૦૧ | ૧૬૫ | ૨૬૬ |
| ૭ | ડેસર | ૫૦ | ૬૪ | ૧૧૪ |
| ૮ | ડભોઈ | ૧૨૪ | ૧૫૬ | ૨૮૦ |
| ૯ | વાઘોડીયા | ૯૭ | ૮૪ | ૧૮૧ |
| | **કુલ** | **૧૧૯૯** | **૧૪૫૨** | **૨૬૫૧** |

(૩) કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) પત્રક–અ સામેલ રાખેલ છે.

**પત્રક–અ**

| **મંજૂર કરેલ ટુલકીટ** | |
|---|---|
| ૧ | કડીયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ–દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણાં બનાવટ |
| ૨૦ | ગરમ/ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રીપેરીંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશબનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના ગામોનો ઔડામાં સમાવેશ કરવા બાબત**

૪૦૪૧૪ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ ઔડામાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના કયા ગામોનો સમાવેશ થાય છે,

(૨) ઉક્ત જિલ્લાવાર ગામોની જમીન બિનખેતી કરાવવા રૂપાંતર વેરાના કયા દર ક્યારથી અમલમાં છે, અને

**જવાબ**

(૧) અમદાવાદ–પત્રક–(૧) મુજબ
ગાંધીનગર–પત્રક–(૨) મુજબ

(૨) બિનખેતી રૂપાંતર કરના દર મહેસૂલ વિભાગના ગુજરાત એક્ટ નં. ૩, તાઃ ૧૮–૦૩–૨૦૧૬ના જાહેરનામા તથા તા.૦૬–૦૯–૨૦૧૮ના પરિપત્ર ક્રમાંકઃ બખપ–૧૦૨૦૧૫–૧૨૦૯–ક થી સમગ્ર રાજ્ય માટે બિનખેતી રૂપાંતર કર અંગેના દર નિયત કરવામાં આવેલ છે. તે મુજબ,

(૧) છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ નહી તેટલી વસ્તીવાળા ગામો, મ્યુનિસિપલ બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે જમીનનો ઉપયોગ કામચલાઉ બિનખેતી વિષયક હેતુઓ અથવા સખાવતી હેતુ માટે કરવાનો હોય ત્યારે પ્રતિ ચો.મી. રૂ.૨.૦૦, ઔદ્યોગિક અથવા બીજા કોઈપણ હેતુ માટે પ્રતિ ચો.મી. રૂ.૬.૦૦ અને અન્ય વિવિધ બિનખેતી હેતુઓ માટે પ્રતિ ચો.મી. રૂ.૮.૦૦ નક્કી કરવામાં આવેલ છે.

(૨) છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ વસ્તીવાળા મ્યુનિસિપલ બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે ઉક્ત વિવિધ હેતુઓ માટે અનુક્રમે પ્રતિ ચો.મી. રૂ,૧૦.૦૦, રૂ.૩૦.૦૦ અને રૂ. ૪૦.૦૦ નિયત કરવામાં આવેલ છે.

(૩) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની આવક સરકારને થઈ ?

(૩)

| વર્ષ | અમદાવાદ આવક (રૂ.) | ગાંધીનગર આવક (રૂ.) |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૦૩૫૪૪૭૦૦ | ૭૧૭૨૭૫૩૭ |
| ૨૦૨૧ | ૧૮૨૯૧૯૨૪૫ | ૨૧૭૩૭૮૯૨ |

**પત્રક-(૧)**

| ક્રમ | ગામ | તાલુકા | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | હાથીજણ | સીટી (પૂર્વ) | અમદાવાદ |
| ૨ | મુઠીયા | સીટી (પૂર્વ) | અમદાવાદ |
| ૩ | અસલાલી | દસક્રોઈ | અમદાવાદ |
| ૪ | બાદોદરા | દસક્રોઈ | અમદાવાદ |
| ૫ | બારેજડી | દસક્રોઈ | અમદાવાદ |
| ૬ | ભુલાવડી | દસક્રોઈ | અમદાવાદ |
| ૭ | બીબીપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૮ | બીલાસીયા | દસક્રોઈ | અમદાવાદ |
| ૯ | ચોસર | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૦ | દેવડી | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૧ | ઈનાસણ | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૨ | ગામડી | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૩ | ગાત્રડ | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૪ | ગેરાતનગર | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૫ | ગેરાતપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૬ | હરણીવાવ | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૭ | હીરાપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૮ | હુકા | દસક્રોઈ | અમદાવાદ |
| ૧૯ | ઈસ્ટોલાબાદ | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૦ | જેતલપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૧ | કણભા | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૨ | ખોડીયાર | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૩ | કુજડ | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૪ | લપકામણ | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૫ | લીલાપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૬ | મેમદપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૭ | નાઝ | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૮ | નાંદેજ | દસક્રોઈ | અમદાવાદ |
| ૨૯ | નવરંગપુરા | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૦ | પારધોળ | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૧ | રોપડા | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૨ | સિંગરવા | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૩ | વાંચ | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૪ | વિસલપુર | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૫ | ઝાણુ | દસક્રોઈ | અમદાવાદ |
| ૩૬ | અનાદેજ | સાણંદ | અમદાવાદ |
| ૩૭ | ભવાનપુરા | સાણંદ | અમદાવાદ |
| ૩૮ | બોળ | સાણંદ | અમદાવાદ |
| ૩૯ | ચેખલા | સાણંદ | અમદાવાદ |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | ગામ | તાલુકા | જિલ્લો |
|---|---|---|---|
| ૪૦ | છારોડી | સાણંદ | અમદાવાદ |
| ૪૧ | દોદર | સાણંદ | અમદાવાદ |
| ૪૨ | ગરોડીયા | સાણંદ | અમદાવાદ |
| ૪૩ | ગોધાવી | સાણંદ | અમદાવાદ |
| ૪૪ | ઇયાવા | સાણંદ | અમદાવાદ |
| ૪૫ | કલાણા | સાણંદ | અમદાવાદ |
| ૪૬ | કણેતી | સાણંદ | અમદાવાદ |
| ૪૭ | ખોડા | સાણંદ | અમદાવાદ |
| ૪૮ | ખોરજ | સાણંદ | અમદાવાદ |
| ૪૯ | મણીપુર | સાણંદ | અમદાવાદ |
| ૫૦ | નારણપુરા | સાણંદ | અમદાવાદ |
| ૫૧ | નવાપુરા | સાણંદ | અમદાવાદ |
| ૫૨ | નીધરડ | સાણંદ | અમદાવાદ |
| ૫૩ | નોર્થકોટપુરા | સાણંદ | અમદાવાદ |
| ૫૪ | રામપુરા | સાણંદ | અમદાવાદ |
| ૫૫ | રુપાવટી | સાણંદ | અમદાવાદ |
| ૫૬ | સનાથલ | સાણંદ | અમદાવાદ |
| ૫૭ | શેલા | સાણંદ | અમદાવાદ |
| ૫૮ | શિયાવાડા | સાણંદ | અમદાવાદ |
| ૫૯ | તાજપુર | સાણંદ | અમદાવાદ |
| ૬૦ | તેલાવ | સાણંદ | અમદાવાદ |
| ૬૧ | વાસણા ઈયાવા | સાણંદ | અમદાવાદ |
| ૬૨ | વસોડરા | સાણંદ | અમદાવાદ |
| ૬૩ | વિરોચનનગર | સાણંદ | અમદાવાદ |

**પત્રક-(૨)**

| ક્રમ | ગામ | તાલુકા | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ભોયણ રાઠોડ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨ | ચેખલારાણી | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩ | છાલા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૪ | દંતાલી | ગાંધીનગર | ગાંધીનગર |
| ૫ | ધણપ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૬ | ગલુદણ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૭ | ગીયોડ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૮ | ઇસનપુર મોટા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૯ | જખોરા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૦ | જલુંદ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૧ | જમિયતપુર | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૨ | કરાઈ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૩ | લિંબડીયા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૪ | મગોડી | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૫ | મહુન્ધરા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૬ | મેદ્રા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૭ | પિંધરડા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૮ | રાયપુર | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૯ | રાજપુર | ગાંધીનગર | ગાંધીનગર |

| ક્રમ | ગામ | તાલુકા | જિલ્લો |
|---|---|---|---|
| ૨૦ | રણાસણ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૧ | સોનરડા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૨ | ટીટોડા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૩ | ઉનાવા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૪ | વડોદરા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૫ | વાંકાનેરડા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૬ | વાસણ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૭ | વીરા તલાવડી | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨૮ | અઘણા | કલોલ | ગાંધીનગર |
| ૨૯ | અરસોડીયા | કલોલ | ગાંધીનગર |
| ૩૦ | ભિમાસણ | કલોલ | ગાંધીનગર |
| ૩૧ | ભોયણ મોટી | કલોલ | ગાંધીનગર |
| ૩૨ | બોરીસણા | કલોલ | ગાંધીનગર |
| ૩૩ | દંતાલી | કલોલ | ગાંધીનગર |
| ૩૪ | ઘણજ | કલોલ | ગાંધીનગર |
| ૩૫ | ગણપતપુરા | કલોલ | ગાંધીનગર |
| ૩૬ | હાજીપુર | કલોલ | ગાંધીનગર |
| ૩૭ | જસપુર | કલોલ | ગાંધીનગર |
| ૩૮ | જેઠલજ | કલોલ | ગાંધીનગર |
| ૩૯ | કારોલી | કલોલ | ગાંધીનગર |
| ૪૦ | ખાત્રજ | કલોલ | ગાંધીનગર |
| ૪૧ | મુલસણા | કલોલ | ગાંધીનગર |
| ૪૨ | નાંદોલી | કલોલ | ગાંધીનગર |
| ૪૩ | નાસમેદ | કલોલ | ગાંધીનગર |
| ૪૪ | ઓલા | કલોલ | ગાંધીનગર |
| ૪૫ | પાલોડીયા | કલોલ | ગાંધીનગર |
| ૪૬ | પલસાણા | કલોલ | ગાંધીનગર |
| ૪૭ | પિયજ | કલોલ | ગાંધીનગર |
| ૪૮ | પ્રતાપપુરા | કલોલ | ગાંધીનગર |
| ૪૯ | રકનપુર | કલોલ | ગાંધીનગર |
| ૫૦ | રામનગર | કલોલ | ગાંધીનગર |
| ૫૧ | રાંચરડા | કલોલ | ગાંધીનગર |
| ૫૨ | રણછોડપુરા | કલોલ | ગાંધીનગર |
| ૫૩ | સાબાસપુરા | કલોલ | ગાંધીનગર |
| ૫૪ | સૈજ | કલોલ | ગાંધીનગર |
| ૫૫ | સાણવડ | કલોલ | ગાંધીનગર |
| ૫૬ | સાંતેજ | કલોલ | ગાંધીનગર |
| ૫૭ | શેરીસા | કલોલ | ગાંધીનગર |
| ૫૮ | ઉન્નાલી | કલોલ | ગાંધીનગર |
| ૫૯ | ઉસ્માનાબાદ | કલોલ | ગાંધીનગર |
| ૬૦ | વડસર | કલોલ | ગાંધીનગર |
| ૬૧ | વાંસજડા | કલોલ | ગાંધીનગર |
| ૬૨ | વાંસજડા ઘેલીખા | કલોલ | ગાંધીનગર |
| ૬૩ | વયાણા | કલોલ | ગાંધીનગર |

---------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૪૦૩૪૬ **શ્રી કેશુભાઈ નાકરાણી**(ગારિયાધાર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો મંજૂર થયેલ છે, અને | (૧) કોઈ આવાસ મંજૂર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે અને તે માટે કેટલો ખર્ચ થયો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સૌની યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના ડેમો ભરવા બાબત**

૩૯૭૪૧ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કયા ડેમોનો સૌની યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ, | (૧) (૧) ગળથ (૨) ઉબેણ (૩) ઉબેણ–પીકઅપ વિયર (૪) ચાપરડા (P.W.) (૫) ઓઝત–૨ (૬) ઓઝત–વિયર(શા) (૭) આણંદપુર (૮) ધ્રાફડ (૯) આંબાજાળ (૧૦) મધુવંતી (૧૧) ભાખરવડ (૧૨) વ્રજમી અને (૧૩) મેઘલ–ટીઆર. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયા ડેમોમાં સૌની યોજના અંતર્ગત કેટલું પાણી ભરવામાં આવ્યું, અને | (૨) છેલ્લા એક વર્ષમાં સૌની યોજના અંતર્ગત પાણી આપવામાં આવેલ નથી. પરંતુ અગાઉ આંબાજાળ, ઉબેણ, ગળથ અને ધ્રાફડ જળાશયમાં પાણી આપવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલ ડેમોમાં પાણી ભરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ? | (૩) સૌની યોજનાની પાઈપલાઈનની તથા પમ્પીંગ સ્ટેશનની કામગીરી પૂર્ણ થયે પાણીની જરૂરિયાત તેમજ ઉપલબ્ધી અનુસાર ડેમોમાં પાણી ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લાની કંપનીઓમાં આગના બનાવો**

૪૦૪૫૫ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા):**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કઇ કંપનીઓમાં અકસ્માત/આગ લાગવાની ઘટનાઓ બની, | (૧) *એનેક્ષર–૧ મુજબ |
| (૨) ઉક્ત ઘટનાઓવાર કેટલા કામદારોના મૃત્યુ થયા અને કેટલા કામદારો ઘાયલ થયા/ઈજાઓ થઇ, | (૨) કુલ ૬૬ કામદારોનું મૃત્યુ થયા અને કુલ ૦૭ કામદારો ઘાયલ થયા/ઈજાઓ થઇ. |
| (૩) ઉક્ત મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને અને ઘાયલ થયેલ કામદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવી, | (૩) રાજ્ય સરકાર દ્વારા કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કોઇ સહાય આપવામાં આવતી નથી, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સહાય ચૂકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ**

૪૦૧૨૨ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, | (૧) ૮૧૧૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| **પાડવામાં આવેલ નોંધો** | ૬૩૭૬૬ |
| **મંજૂર નોંધો** | ૫૨૪૯૮ |
| **નામંજૂર નોંધો** | ૩૧૫૭ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.
૧. વેચાણના કિસ્સામાં બીજા હક્કમાં બોજો તથા અન્ય કારણોસર ટાઇટલ ક્લીયર ન હોવાના કારણે.
૨. ખેતીની જમીનના વેચાણના કિસ્સામાં તાલુકા બહારના ખેડૂત માટે ખેડૂત ખરાઇનો દાખલો રજૂ ન થવાના કારણે.
૩. વારસાઇના કિસ્સામાં તાજેતરના મરણ હોવા છતાં મરણના દાખલા રજૂ ન થવાના કારણે.

---------

**આણંદ જિલ્લામાં પ્રવાસન વિકાસ માટે ફાળવેલ ગ્રાંટ અને ખર્ચ**

૪૦૪૩૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧) શૂન્ય.

(૨)તે પૈકી ઉક્ત વર્ષવાર કયા કામો પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે મળેલ અરજીઓ**

૩૯૮૯૭ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા**(અબડાસા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧) કચ્છ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧–૦૯–૧૯થી તા.૩૧–૦૮–૨૦ સુધી | તા.૧–૦૯–૨૦થી તા.૩૧–૦૮–૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભુજ | ૩૩૯ | ૩૪૬ | ૬૮૫ |
| ૨ | અંજાર | ૧૬૩ | ૧૯૨ | ૩૫૫ |
| ૩ | ગાંધીધામ | ૨૩૪ | ૨૫૨ | ૪૮૬ |
| ૪ | ભચાઉ | ૧૨૭ | ૧૬૪ | ૨૯૦ |
| ૫ | રાપર | ૧૧૬ | ૧૫૯ | ૨૭૫ |
| ૬ | માંડવી | ૧૬૩ | ૧૭૩ | ૩૩૬ |
| ૭ | મુન્દ્રા | ૯૦ | ૧૩૨ | ૨૨૨ |
| ૮ | નખત્રાણા | ૧૧૫ | ૧૩૯ | ૨૫૪ |
| ૯ | અબડાસા | ૧૧૪ | ૧૧૧ | ૨૨૫ |
| ૧૦ | લખપત | ૬૭ | ૭૩ | ૧૩૬ |
| | **કુલ** | **૧૫૨૮** | **૧૭૪૧** | **૩૨૬૯** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧–૦૯–૧૯થી તા.૩૧–૦૮–૨૦ સુધી | તા.૧–૦૯–૨૦થી તા.૩૧–૦૮–૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભુજ | ૨૬૮ | ૩૧૫ | ૫૮૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | અંજાર | ૧૩૩ | ૧૭૫ | ૩૦૮ |
| ૩ | ગાંધીધામ | ૧૮૧ | ૨૩૨ | ૪૧૩ |
| ૪ | ભચાઉ | ૧૦૭ | ૧૪૧ | ૨૪૮ |
| ૫ | રાપર | ૧૧૩ | ૧૪૭ | ૨૬૦ |
| ૬ | માંડવી | ૧૪૭ | ૧૬૦ | ૩૦૭ |
| ૭ | મુન્દ્રા | ૭૭ | ૧૧૦ | ૧૮૭ |
| ૮ | નખત્રાણા | ૯૭ | ૧૧૮ | ૨૧૫ |
| ૯ | અબડાસા | ૯૮ | ૯૮ | ૧૯૬ |
| ૧૦ | લખપત | ૬૩ | ૫૯ | ૧૨૨ |
| | **કુલ** | **૧૨૮૪** | **૧૫૫૫** | **૨૮૩૯** |

(૩) કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) પત્રક–અ સામેલ રાખેલ છે.

**પત્રક–અ**

| મંજૂર કરેલી ટુલકીટ | |
|---|---|
| ૧ | કડીયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ–દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ/ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રીપેરીંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશબનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

---------

## અમરેલી જિલ્લામાં ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી

૩૯૮૯૪ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી):**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ખાદી અને પોલીવસ્ત્રની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે કોઇ કામગીરી કરવામાં આવી રહેલ છે કે કેમ,

**જવાબ**

(૧) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ–ગાંધીનગર દ્વારા ખાદી અને પોલીવસ્ત્રની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

(૦૧) ઉત્પાદનની કિંમત પર કારીગરોને ૫% સહાય
(૦૨) ખાદી સંસ્થાને ખર્ચ પેટે ૫% સહાય
(૦૩) બજાર પ્રોત્સાહન અંગે ૫% સહાય
(૦૪) કાંતણ સહાય પ્રતિ આંટી રૂ.૩.૦૦
(૦૫) વિશેષ વણકરી વણાટ સહાય પ્રતિ ચોરસ મીટર રૂ.૬.૦૦
(૦૬) વણાટ સાધન સહાય પ્રતિ ચોરસ મીટર રૂ.૨.૦૦
(૦૭) ગુજરાતની સંસ્થાઓના ઉત્પાદિત ખાદી/પોલીવસ્ત્ર ચીજ વસ્તુઓના વેચાણ માટે ગુજરાત રાજ્યમાં જુદા જુદા શહેરો/જિલ્લાના મથકે પ્રદર્શનો/મેળાઓ અને પ્રચાર/પ્રસારના માધ્યમથી ખાદી અને પોલીવસ્ત્રના વેચાણ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

| | |
|---|---|
| (૨) જો હા, તો તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી કરતી સંસ્થા-મંડળીઓ સંકળાયેલી છે, અને | (૨) અમરેલી જિલ્લામાં ૦૩ સંસ્થા/મંડળીઓ સંકળાયેલ છે. |
| (૩) કેટલી સહાય ચૂકવાયેલ છે ? | (૩) અમરેલી જિલ્લામાં કુલ રૂ.૪૬,૮૭,૨૩૦/- સહાય ચૂકવવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ચાલતા મીઠાના અગરો અને જિંગા ફાર્મ**

૪૦૪૮૮ **શ્રી લલિતભાઇ કગથરા**(ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩૨૨ (અગ્રતા-૧૨૧)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના કથીવદર ગામે ક્ષે.૩૯,૯૬૦ ચો.મી. જમીનમાં દબાણ તથા મજાદર ગામે ક્ષે.૫૯,૯૪૦ ચો.મી.જમીનમાં દબાણ કરી મીઠાના અગરો તથા પીપાવાવ ગામે ક્ષે.એ.૧૬૮-૦૩ ગુંઠા જમીનમાં દબાણ અને કથીવદર અને મજાદર ગામે ક્ષે.૧,૫૦,૦૦૦ ચો.મી. જમીનમાં કુલ ૩ દબાણ કરી જિંગા ફાર્મનું દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરાવવાની બાકી હતી તે પૈકી કેટલી જમીન તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ ખુલ્લી કરવામાં આવી, | (૧) તમામ દબાણ દૂર કરાવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ અને મીઠાના અગરો ચલાવતા કેટલા ઇસમો સામે શા પગલાં લીધાં ? | (૩) કુલ-૧૫ ઇસમો વિરુદ્ધ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અને ૬૮ તળે પગલા લેવામાં આવેલ છે. |

---------

**કચ્છ અને અમરેલી જિલ્લામાં જમીન સંપાદન અધિનિયમ-૧૯૬૨ની કલમ-૩(૧) અન્વયે મળેલ વાંધા અરજીઓ**

૪૦૪૯૬ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૨૧ની સ્થિતિએ નાયબ કલેક્ટર, કંડલા-ગોરખપુર એલ.પી.જી. પાઇપલાઇન પ્રોજેક્ટ આઇ.એચ.બી.પ્રા.લી. તેમજ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ અને નાયબ કલેક્ટર, રાજુલા (જિ.અમરેલી) પાસે પેટ્રોલિયમ અને ખનિજ પાઇપલાઇન માટે જમીનમાં વપરાશકારોના હક્ક સંપાદન કરવા બાબતના અધિનિયમ-૧૯૬૨ની કલમ-૩(૧) હેઠળ મળેલ નોટીસ સામે કેટલી વાંધા અરજીઓની સુનાવણી બાકી છે, | (૧) શૂન્ય. |

(૨) તેના કારણો શા છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વાંધા અરજીઓની સુનાવણી કરવામાં આવી, અને

(૪) તે પૈકી કેટલી વાંધા અરજીઓ માન્ય કરવામાં આવી અને કેટલી વાંધા અરજીઓ અમાન્ય/દફતરે/ફાઇલ કરવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ૫૬ વાંધા અરજીઓ.

(૪) તે પૈકી ૫૬ વાંધા અરજીઓ અમાન્ય/દફતરે/ફાઇલ કરવામાં આવી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ**

૪૦૧૨૬ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

**જવાબ**

(૧) ૧૬૮૮૦.

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૧૧૪૩૩૨ |
| મંજૂર નોંધો | ૯૫૭૯૨ |
| નામંજૂર નોંધો | ૧૬૬૦ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. અરજદાર દ્વારા IORA માં ઓનલાઈન નોંધ પડાવ્યા બાદ પુરતા/અસલ પુરાવા/આધારો રજૂ ના કરવાના કારણે.

૨. વેચાણ/વહેંચણીના કિસ્સામાં બોજો હોવાના કારણે.

૩. ક્ષેત્રફળમાં વિસંગતતાના હોવાના કારણે.

૪. નોંધની વિગતો ખોટી પસંદ થવાના કારણે.

૫. સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ ન થવાના કારણે.

૬. નવી શરતની જમીનના વેચાણના કિસ્સામાં શરતભંગ થવાના કારણે.

---------

**જાફરાબાદ તાલુકામાં પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૦૪૫૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા**(સોમનાથ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામે તાઉતે વાવાઝોડામાં પીવાના પાણીના માળખાને નુકસાન પામેલ તે સમારકામ કરીને ક્યારે કાર્યરત કરવામાં આવશે, અને

(૨) ક્યાં સુધીમાં ઉક્ત ગામમાં પાણી પૂરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) માહે ૦૩/૨૦૨૨ સુધીમાં.

(૨) હાલ ગામ લોકો હેન્ડપંપ, કુવા જેવા સ્થાનિક સોર્સ અને પીપાવાવ પોર્ટ પરના સ્ટેન્ડ પોસ્ટમાંથી પાણી મેળવે છે. પીવાના પાણીના માળખાને થયેલ નુકસાનના સમારકામની કામગીરી માહે ૦૩/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી પાણી પુરવઠો યથાવત કરવામાં આવનાર છે.

---------

**કચ્છ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી**

૪૦૫૪૩ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) તળાવો ઉંડા કરવાથી સંગ્રહશકિતમાં કેટલો વધારો થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તળાવો ઉંડા કરવા પાછળ

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૮૯૯ તળાવો ઉંડા કરવામાં આવ્યા.

(૨) તળાવો ઉંડા કરવાથી સંગ્રહશકિતમાં ૨૩૩.૭૫ મીલીયન ઘન ફૂટ વધારો થયો.

(૩) તળાવો ઉંડા કરવા પાછળ રૂ.૬૨૯.૩૫ લાખનો

| | |
|---|---|
| કેટલો ખર્ચ થયો ? | ખર્ચ થયો. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૦૩૩૫ **શ્રી જગદીશ પટેલ**(અમરાઈવાડી):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૦૨–૦૮–૨૦૨૧ના સંવેદના દિવસે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, | (૧) ૦૯. |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭. |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૬૨૮૫૩. |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૬૨૮૫૩. |

---------

**ગીર સોમનાથ જિલ્લાના મત્સ્યબંદર સૂત્રાપાડાના વિકાસ માટે થયેલ ખર્ચ**

૪૦૪૩૬ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) :૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૩–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૬૫૭૧ (અગ્રતા–૬૦)ના અનુસંધાને **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લામાં મત્સ્યબંદર સૂત્રાપાડાના વિકાસ માટે બાકી કામો શક્ય તેટલી બનતી ત્વરાએ અંદાજિત રૂ.૨૩૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવનાર હતા તે કામો તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ સૂત્રાપાડા મત્સ્યબંદર વિકસાવવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. મત્સ્યબંદરના વિકાસ માટે પર્યાવરણીય મંજૂરી SEIAA ગાંધીનગર પાસેથી મેળવવાની કામગીરી ચાલુ છે. |
| (૨) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને કામગીરી સોંપવામાં આવેલ છે ? | (૨) હાલના તબક્કે પર્યાવરણીય મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિમાં હોઈ, ટેન્ડર પ્રક્રિયા થયેલ ન હોઈ, ઉક્ત કામો પૂર્ણ કરવાની સમયમર્યાદાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં પ્રાણઘાતક અકસ્માત**

૪૦૫૪૭ **શ્રી વિવેક પટેલ**(ઉધના) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) ૩૧ પ્રાણઘાતક અકસ્માત થયા.<br>૩૩ શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા. |
| (૨) ઉક્ત અકસ્માતોમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) કારખાના ધારાની જોગવાઈઓના ભંગ બદલ નામ. કોર્ટમાં કુલ ૩૧ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવેલ છે ? | (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.<br>➢ કારખાનાધારા ૧૯૪૮ અને તે હેઠળ ઘડાયેલ નિયમો અન્વયે નોંધાયેલ કારખાનામાં સમયાંતરે તપાસણી કરવામાં આવે છે.<br>➢ કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં શ્રમયોગીઓને સલામતી અંગેની જરૂરી તાલીમ આપવા માટે તથા સેફ્ટી સેમિનારનું આયોજન કરાવવા માટે કારખાનાની તપાસણી સમયે જરૂરી સૂચન કરવામાં આવે છે. |

- કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં સમયાંતરે ઓન સાઈટ ઈમરજન્સી પ્લાનમાં મોકડ્રીલનું આયોજન કરવા તપાસણી સમયે જરૂરી સૂચન કરવામાં આવે છે.

---------

## આણંદ જિલ્લામાં સરકારી જમીન પર જિંગા ફાર્મ

૪૦૪૭૭ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર, ખંભાત અને બોરસદ તાલુકાઓમાં તાલુકાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ ક્યારથી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | હકીકત સાચી છે? |
|---|---|
| તારાપુર | હા જી, |
| ખંભાત | ના જી, |
| બોરસદ | હા જી, |

(૨)

| તાલુકાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | દબાણનો સમય (આશરે) |
|---|---|---|
| તારાપુર | ૪૦૪૫૮ | ૨ (બે ) વર્ષ |
| બોરસદ | ૫૧૨૦૦ | ૧ (એક) વર્ષ |

(૩) જમીન મહેસૂલ સંહિતાની કલમ–૬૧ હેઠળ નિયત કાર્યવાહી અનુસરીને.

---------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં પકડાયેલ એમડી ડ્રગ્સ

૪૦૩૮૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં એમડી ડ્રગ્સનો કેટલી કિંમતનો જથ્થો પકડાયો,

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ એમડી ડ્રગ્સના પકડાયેલ જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે કે કેમ ?

**જવાબ**

(૧) રૂ. ૧,૩૦,૭૦,૫૪૩/–

(૨)

| શહેર/જિલ્લો | ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૧૯ | ૦૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૦ |

(૩) નાશ કરવામાં આવેલ નથી.

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં નલ સે જલથી પાણી

૩૯૮૮૮ **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટા ઉદેપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૯–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજનામાં કેટલા ગામો પસંદ કરેલા છે, આ ગામોમાં સરકારે ક્યાંથી પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન કરેલ છે ?

(૨) આ ગામોમાં પ્રભાગ દ્વારા ઉક્ત સ્થિતિએ ક્યા ઈજારદારો નક્કી કરેલા છે, અને

(૩) જમીનમાં ત્રણ ફુટે પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા ગામોમાં પૂર્ણ કરવામાં આવી, તે માટે કેટલો ખર્ચ થયો અને ઉક્ત યોજના થકી ઉક્ત ગામના લોકોને ક્યારથી પીવાનું

**જવાબ**

(૧) ૬૦૯ ગામોમાં ‘નલ સે જલ’ કાર્યક્રમ હેઠળ આંતરિક પેયજળ યોજના મંજૂર કરવામાં આવેલ છે. આ ગામોમાં ક્યાંથી પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે તેની વિગત *પત્રક–૧ માં આ સાથે સામેલ છે.

(૨) સામેલ *પત્રક–૨ મુજબ.

(૩) ૧૯૬ ગામોમાં પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી તે માટે કુલ રૂ.૮૯૩.૨૮ લાખનો ખર્ચ થયેલ છે અને ઉક્ત મંજૂર ૬૦૯ યોજના પૈકી પૂર્ણ થયેલ ૧૯૪ યોજનામાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે

પાણી પૂરું પાડવામાં આવશે ? | જ્યારે બાકી રહેતી ૪૧૫ યોજનામાં ક્રમશઃ ડિસેમ્બર–૨૦૨૨ સુધીમાં પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના**

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯–૦૪–૨૦૨૧)

(૧)

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૦.૮૧.૯૨ |
| ૨ | ગળતેશ્વર | ૦.૩૪.૦૦ |
| ૩ | મહુધા | ૦૧.૧૮.૦૦ |
| ૪ | માતર | ૦.૬૬.૭૭ |
| ૫ | ખેડા | ૦.૦૦.૩૦ |
| | **કુલ** | **૦૩.૦૦.૯૯** |

(૨) ઉક્ત પૈકી ૧.૪૮.૯૯ હે.આરે.પ્ર. દબાણો ૩ વર્ષ કરતાં વધુ સમયથી છે.

(૩) ઉક્ત દબાણો પૈકી કેટલાક કિસ્સામાં મેટર સબજ્યુડીસ બનેલ હોઈ તેમજ અન્ય કિસ્સામાં દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી વિવિધ તબક્કે પ્રગતિમાં હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) નામ. કોર્ટના નિર્ણયાધિન તેમજ આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**છોટાઉદેપુર જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૬૧ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૪-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં પંચાયતની ૦૦.૦૩.૦૦ હે.આરે.પ્ર. જમીન પર ગેરકાયદે દબાણ થયેલ છે.

(૨) ઉક્ત પૈકી તમામ દબાણ ૧ અને ૩ વર્ષ કરતાં ઓછા સમયથી છે.

(૩) સદર દબાણ બાબત સબજ્યુડીસલ બનેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) નામ. કોર્ટના નિર્ણયાધિન કાર્યવાહી કરવામાં આવશે.

--------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૬૮ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયા, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૬-૦૪-૨૦૨૧)

(૧) નર્મદાઃ તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકામાં ૦.૦૩.૨૧ હે.આરે.પ્ર. તથા દેડિયાપાડા તાલુકામાં ૦.૨૪.૨૪ હે.આરે.પ્ર. દબાણ થયેલ છે.

**ડાંગઃ** માહિતી મામુર છે.

(૨) નર્મદાઃ નાંદોદ તાલુકામાં થયેલ ૦.૦૩.૨૧ હે.આરે.પ્ર. દબાણ ૧ વર્ષથી વધુ તથા દેડિયાપાડા તાલુકામાં થયેલ ૦.૨૪.૨૪ હે.આરે.પ્ર. દબાણ ૩ વર્ષથી વધુ સમયથી છે.

**ડાંગઃ** ખંડ-૧ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નર્મદાઃ ઉક્ત દબાણો સંબંધે સબજ્યુડીસ મેટર હોઈ તેમજ અન્ય કિસ્સામાં દબાણો સંબંધે આનુષંગિક કાર્યવાહી ચાલુ હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

**ડાંગ:** ખંડ–૧ની વિગતે પ્રશ્ન નથી.

(૪) નર્મદા: ઉક્ત દબાણો સંબંધે કોર્ટના ચુકાદાને આધિન તેમજ અન્ય કિસ્સામાં દબાણો સંબંધે આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

**ડાંગ:** ખંડ–૧ની વિગતે પ્રશ્ન નથી.

--------

**ભરૂચ જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિત: ૮૯૭૦ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૬–૦૪–૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | દબાણોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૭૫.૩૬.૬૦ | ૯૬૮ |
| ૨ | હાંસોટ | ૦.૧૫.૩૧ | ૪૪ |
| ૩ | વાગરા | ૨.૦૬.૬૩ | ૨૪૦ |
| ૪ | આમોદ | ૦.૯૨.૩૯ | ૨૪૯ |
| ૫ | જંબુસર | ૩.૧૧.૭૫ | ૪૭૩ |
| | **કુલ** | **૧૮૧.૬૨.૬૮** | **૧૯૭૪** |

(૨) ઉક્ત પૈકી ૧૨ દબાણો ૧ વર્ષ કરતાં વધુ સમયથી તથા ૧૯૬૨ દબાણો ૩ વર્ષ કરતાં વધુ સમયથી છે.

(૩) ઉક્ત દબાણો દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી વિવિધ તબક્કે પ્રગતિમાં હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**સુરત જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિત: ૮૯૭૩ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી આનંદભાઇ ચૌધરી**(માંડવી): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૬–૦૪–૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આ.પ્ર.) |
|---|---|---|
| ૧ | માંડવી | ૨.૩૦.૦૦ |
| ૨ | માંગરોળ | ૭.૯૧.૭૨ |
| ૩ | ઓલપાડ | ૩.૦૦.૦૦ |
| ૪ | કામરેજ | ૦.૦૮.૦૯ |
| ૫ | મહુવા | ૦.૦૭.૧૧ |
| ૬ | ચોર્યાસી | ૦.૦૧.૭૧ |

| | | |
|---|---|---|
| | **કુલ** | **૧૩.૩૮.૬૩** |

(૨) ઉક્ત પૈકી ૩.૦૧.૦૦ હે.આરે.પ્ર. દબાણો ૧ વર્ષ કરતાં વધુ સમયથી તથા ૧૦.૩૧.૫૨ હે.આરે.પ્ર. દબાણો ૩ વર્ષ કરતાં વધુ સમયથી છે.

(૩) ઉક્ત દબાણો પૈકી કેટલાક કિસ્સામાં મેટર સબજ્યુડીસ બનેલ હોઈ તેમજ અન્ય કિસ્સામાં દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી વિવધ તબક્કે પ્રગતિમાં હોઈ પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) નામ. કોર્ટના નિર્ણયાધિન તેમજ આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**નવસારી અને જામનગર જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૮૦ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી અને જામનગર જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૬-૦૪-૨૦૨૧)

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી અને જામનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ગેરકાયદેસર દબાણો થયેલ છે.

**નવસારી જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | દબાણનો સમયગાળો (વર્ષથી બાકી) |
|---|---|---|---|
| ૧ | વાંસદા | ૨.૪૬.૯૭ | ૧ વર્ષ કરતાં વધારે |
| | **કુલ** | **૨.૪૬.૯૭** | |

**જામનગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | દબાણનો સમયગાળો (વર્ષથી બાકી) |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૩.૨૫.૮૧ | ૩ વર્ષ કરતાં વધારે |
| ૨ | ધ્રોલ | ૨.૧૯.૫૪ | ૧ વર્ષ કરતાં ઓછું |
| ૩ | જોડીયા | ૦.૦૭.૫૩ | ૧ વર્ષ કરતાં વધારે |
| ૪ | કાલાવડ | ૦.૩૦.૦૦ | ૩ વર્ષ કરતાં વધારે |
| ૫ | જામજોધપુર | ૦.૦૦.૨૩ | ૩ વર્ષ કરતાં વધારે |
| | **કુલ** | **૫.૮૩.૧૧** | |

(૩) ઉક્ત દબાણો સંબંધે સબજ્યુડીસ મેટર હોઈ તેમજ અન્ય કિસ્સામાં દબાણો સંબંધે વિવધ તબક્કે આનુષંગિક કાર્યવાહી ચાલુ હોઈ, પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) ઉક્ત દબાણો સંબંધે કોર્ટના ચુકાદાને આધિન તેમજ અન્ય કિસ્સામાં દબાણો સંબંધે આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**સુરત જિલ્લામાં પશુ ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં ગૌચર જમીન**

અતારાંકિતઃ ૮૯૭૪ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકારના પ્રસ્થાપિત ૧૦૦ પ્રાણીદીઠ ૪૦ એકર મુજબ કેટલા ગામોમાં પશુના ચરિયાણ માટે તેની વસ્તીના પ્રમાણમાં કેટલી ગૌચર જમીન હોવી જરૂરી છે,

(૨) તે સામે ઉક્ત તાલુકામાં કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે,

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચર જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) તે જમીનો ક્યાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૭–૦૪–૨૦૨૧)

(૧) પત્રક મુજબ.

(૨) પત્રક મુજબ.

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચર જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ પણ ગ્રામ પંચાયત તરફથી આ અંગેની કોઇ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૪) ગ્રામ પંચાયત તરફથી દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર પ્રક્રિયા અનુસરીને.

**પત્રક**

| ક્રમ | તાલુકો | ગામની સંખ્યા | પશુઓની વસતી | પશુઓની વસતીની પ્રમાણમાં જરૂરી ગૌચર (હે.આરે.ચો.મી.) | ઉપલબ્ધ ગૌચર જમીન (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | ઉમરપાડા | ૫૬ | ૫૭,૬૨૮ | ૯૨૨૦–૪૮–૦૦ | ૧૨૧૮–૫૬–૨૧ |
| ૨ | ચોર્યાસી | ૫૨ | ૩૧,૯૨૦ | ૫૧૦૭–૨૦–૦૦ | ૮૭૧–૬૫–૭૪ |
| ૩ | કામરેજ | ૬૯ | ૬૦,૦૯૨ | ૯૬૧૪–૭૨–૦૦ | ૧૨૭૫–૯૫–૮૦ |
| ૪ | બારડોલી | ૮૬ | ૬૦,૦૫૦ | ૯૬૦૮–૦૦–૦૦ | ૭૩૫–૦૦–૦૦ |
| ૫ | માંગરોળ | ૯૨ | ૬૭,૮૦૮ | ૧૦૮૪૯–૨૮–૦૦ | ૨૩૬૬–૬૯–૬૪ |
| ૬ | પલસાણા | ૪૯ | ૨૬,૩૪૯ | ૪૨૧૫–૮૪–૦૦ | ૭૦૦–૨૬–૭૯ |
| ૭ | માંડવી | ૧૨૩ | ૮૮,૬૦૯ | ૧૪૧૭૭–૪૪–૦૦ | ૨૭૫૫–૨૫–૪૦ |
| ૮ | મહુવા | ૬૯ | ૭૫,૯૫૮ | ૧૨૧૫૩–૨૮–૦૦ | ૧૪૬૬–૪૩–૦૦ |
| ૯ | ઓલપાડ | ૧૦૫ | ૪૫,૩૭૯ | ૭૨૬૦–૬૪–૦૦ | ૧૬૧૯–૩૨–૮૨ |
| ૧૦ | કતારગામ | શહેરી વિસ્તાર હોવાથી પ્રશ્ન નથી. | | | |
| ૧૧ | મજુરા | | | | |
| ૧૨ | પુણા | | | | |
| ૧૩ | ઉધના | | | | |
| ૧૪ | અડાજણ | | | | |

--------

## સુરત જિલ્લામાં ફાળવવામાં આવેલ ગૌચર જમીનમાં શરતભંગ

અતારાંકિતઃ ૮૯૭૫ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી આનંદભાઈ ચૌધરી**(માંડવી): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગૌચર જમીનો પર ઉક્ત સ્થિતિએ કયા કિસ્સામાં શરતભંગ થયો,

(૩) શરતભંગ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૪) શરતભંગ કરનારને ફાળવાયેલ ગૌચર જમીન પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૭–૦૪–૨૦૨૧)

(૧) પત્રક મુજબ.

(૨) કોઇ શરતભંગ થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| ક્રમ | વર્ષ | જમીન ક્ષેત્રફળ (ચો.મી.) | હેતુ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮ | ૦ | – |
| ૨ | ૨૦૧૯ | ૪૯૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે (જેટકો) |
| | | ૫૦૦ | સંકલિત બાળ વિકાસ કચેરીના મકાન તથા ગોડાઉન માટે |
| | | ૮૧૦૩૯ | એકલવ્ય સૈનિક સ્કૂલ માટે |

| ક્રમ | વર્ષ | જમીન ક્ષેત્રફળ (ચો.મી.) | હેતુ |
|---|---|---|---|
| | | ૧૦૦૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે |
| ૩ | ૨૦૨૦ | ૦ | – |

--------

**સુરત જિલ્લામાં જિંગા ફાર્મીંગ**

અતારાંકિતઃ ૮૯૮૩ (૨૯–૦૧–૨૦૨૧) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં જિંગા ફાર્મીંગ માટે જમીનની ફાળવણી થયા બાદ કઇ જમીનોમાં સેન્ટ્રલ એક્વાકલ્ચર ઓથોરીટી ચેન્નઇ તરફથી રજિસ્ટ્રેશન ફાર્મના રજિસ્ટ્રેશન લીધા સીવાય રજિસ્ટ્રેશન ફાર્મીંગ શરૂ કરવામાં આવેલ છે,

(૨) ભારત સરકારની ઓથોરીટીનું રજિસ્ટ્રેશન લીધેલ ન હોય તેવી શરતોનું પાલન થયું ન હોય તેવી કઇ કઇ જમીનો શરતભંગ થઇ હોવા છતાં પરત લેવામાં આવી નથી અને તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત તમામ શરતભંગવાળી જમીન ક્યાં સુધીમાં પરત લેવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૭–૦૪–૨૦૨૧)

(૧) કોઇ પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સ્લોટર હાઉસ કમિટી દ્વારા આઇડેન્ટીફાઇ કરેલ ગેરકાનૂની કતલખાના**

અતારાંકિતઃ ૯૨૫૧ (૩૦–૦૧–૨૦૨૧) **શ્રી ભગાભાઇ બારડ**(તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત સ્ટેટ સ્લોટર હાઉસ કમિટી તરફથી સન ૨૦૧૯ ના વર્ષમાં જિલ્લાવાર કેટલા ગેરકાયદે કતલખાના શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા ગેરકાયદે કતલખાના બંધ કરવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૫–૦૪–૨૦૨૧)

(૧) ના જી, સ્ટેટ સ્લોટર હાઉસ કમિટીએ કોઇ ગેરકાયદેસર કતલખાના શોધેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ખેત મજૂરી માટે સ્થળાંતર કરતા આદિવાસી કુટુંબો માટે કલ્યાણકારી યોજના**

અતારાંકિતઃ ૮૦૯૩ (૦૪–૧૨–૨૦૨૦) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ દર વર્ષે ખેત મજૂરી માટે મોટી સંખ્યામાં આદિવાસી કુટુંબો રાજ્યના જુદા–જુદા જિલ્લાઓમાં સ્થળાંતરિત થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થળાંતરિત કુટુંબો માટે કઈ કલ્યાણકારી યોજના અમલમાં છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૦૬–૦૪–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થળાંતરિત કુટુંબો માટે અલગથી કોઈ કલ્યાણકારી યોજના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલ નથી.

--------

| અતારાંકિત યાદિમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો | | | |
|---|---|---|---|
| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૯૦૧૭, ૯૦૭૭ | ૨ |
| ૨ | ગૃહ વિભાગ | ૮૭૦૮ | ૧ |
| ૩ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૯૨૧ | ૧ |
| ૪ | કાયદા વિભાગ | ૮૯૧૯ | ૧ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર | ૬૯૭૮, ૮૭૪૨ | ૨ |

| અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો | | | |
|---|---|---|---|
| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
| | વિભાગ | | |
| ૬ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૧૨૮, ૭૧૬૪, ૭૮૨૮, ૭૮૭૭, ૭૮૯૫, ૭૯૩૭, ૭૯૫૮, ૭૯૬૩, ૭૯૬૬, ૮૪૦૩, ૮૪૧૪, ૮૪૧૭, ૮૪૧૮, ૮૪૩૧, ૮૪૩૩, ૮૪૪૧, ૮૪૪૭, ૮૪૫૧, ૮૪૫૫, ૮૪૫૬, ૮૪૬૭, ૮૪૬૮, ૮૪૭૯, ૮૫૦૩, ૮૫૦૮, ૮૫૧૪, ૮૫૧૭, ૮૫૨૯, ૮૫૩૦, ૮૫૩૩, ૮૯૨૪, ૮૯૩૩, ૮૯૪૩, ૮૯૬૧, ૮૯૬૮, ૮૯૭૦, ૮૯૭૩, ૮૯૮૦ | ૩૮ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૮૯૭૪, ૮૯૭૫, ૮૯૮૩ | ૩ |
| ૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૯૨૫૧ | ૧ |
| ૯ | આદિજાતિ વિકાસ વિભાગ | ૮૦૯૩ | ૧ |
| | | કુલ – | ૫૦ |

------

**બીજી અતારાંકિત યાદી**

**રાજ્યમાં એસ.પી.સી.એ.ની મિટિંગો**

અતારાંકિતઃ ૮૯૯૬ (૨૨–૦૧–૨૦૨૧) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) સને ૨૦૨૦ના વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કઇ એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી ટે એનિમલ્સ)ની સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની નિયમિત મિટીંગો મળી નથી,

(૨) નિયમિત મિટિંગો નહીં મળવાના શાં કારણો છે,

(૩) તે અંગે જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે, અને

(૪) તમામ જિલ્લામાં એસ.પી.સી.એ.ની નિયમિત મિટિંગો યોજાય તે માટે શું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૩૧–૦૫–૨૦૨૧)

(૧) અમરેલી, આણંદ, નર્મદા, પાટણ, રાજકોટ, સુરત અને વડોદરા

(૨) કોવિડ–૧૯ તથા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને કારણે નિયમિત મિટિંગો થઇ શકેલ નથી.

(૩) સૂચના આપવામાં આવેલ છે.

(૪) તમામ જિલ્લામાં એસ.પી.સી.એ.ની નિયમિત મિટિંગો યોજાય તે માટે જરૂરી સૂચના આપવામાં આવેલ છે.

--------

**કચ્છમાં જોવા મળતા ખારાઇ ઉંટની વસતીમાં ઘટાડો**

અતારાંકિતઃ ૯૧૯૫ (૨૯–૦૧–૨૦૨૧) **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ કચ્છમાં જોવા મળતા ખારાઇ ઉંટની વસતીમાં સતત ઘટાડો થઇ રહ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેને સંરક્ષણ આપવા અને વસતી વધારવા શું આયોજન થયું છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૪–૦૬–૨૦૨૧)

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ કચ્છમાં વસતા ખારાઇ ઉંટની વસતી ગણતરીની ચોક્કસ માહિતી હાલમાં ઉપલબ્ધ નથી.

(૨) ઉંટ વર્ગના પ્રાણીઓનું આરોગ્ય સચવાઇ રહે તે માટે પશુપાલન ખાતા દ્વારા રાજ્યમાં ''ઉંટ વર્ગના પ્રાણીઓને ઝેરબાઝ અને ખસ વિરોધી સારવાર આપવા માટેની યોજના'' અમલમાં છે. જે અંતર્ગત ઉંટ વર્ગનાં પ્રાણીઓમાં જીવલેણ રોગ ''surra'' (ચકરી/ઝેરબાઝ) અને ખસ નિવારણ માટે ક્ષેત્રિય કક્ષાએથી નિઃશુલ્ક સારવાર કેમ્પનું આયોજન કરી તમામ ઉંટોને સારવાર હેઠળ આવરી લઇ ઉંટોને જીવલેણ રોગોથી રક્ષણ આપવામાં આવે છે. ઉક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં ૨૧,૯૮૭ ઉંટ અને વર્ષ ૨૦૧૯–૨૦માં ૨૪,૨૩૮ ઉંટને સારવાર આપેલ છે.

પશુપાલન ખાતા હસ્તક કચ્છ જિલ્લાના ઢોરી ખાતે ઉંટ ઉછેર કેન્દ્ર ઢોરી કાર્યરત છે. જ્યાં વૈજ્ઞાનિક ઢબે કચ્છ ઉંટોને ઉછેર કરી ઉંટોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય તે હેતુસર શુધ્ધ સંવર્ધન થકી ઉંચી ઓલાદના નર ઉંટ પેદા કરી ફાર્મ ખાતે

જરૂરીયાત કરતાં વધારાના નર–ઉંટ સીમા સુરક્ષા દળ, પોલીસ ખાતું તથા ઉંટ પાલકોને સંવર્ધન હેતુ માટે જાહેર હરાજીથી પુરા પાડવામાં આવે છે.

---------

**રાજ્યમાં સરકારને જાણ કર્યા વગર લાંબા સમય સુધી ગેરહાજર શિક્ષકો**

અતારાંકિતઃ ૬૩૩૪ (૧૯–૦૯–૨૦૧૯) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કેટલા શિક્ષકો સરકારને જાણ કર્યા વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેલ છે,

(૨) ગેરહાજર રહેલ શિક્ષકો પૈકી કેટલા શિક્ષકો વિદેશ જતા રહ્યા હોવાનું માલુમ પડ્યુ,

(૩) ઉક્ત વર્ષવાર તે પૈકી કેટલા શિક્ષકો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪) મંજૂરી વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેનાર શિક્ષકો સામે પગલાં લેવાની કોની જવાબદારી હોય છે ?

**શિક્ષણમંત્રીશ્રી :** (૩૧–૦૫–૨૦૨૧)

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કોઇ પણ શિક્ષકો સરકારને જાણ કર્યા વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેલ નથી.

- ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નીચે જણાવ્યા મુજબ શિક્ષકો સરકારને જાણ કર્યા વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેલ છે,

| ક્રમ | જિલ્લો | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **તા.૦૧–૦૭–૧૪ થી તા. ૩૦–૦૬–૧૫** | **તા.૦૧–૦૭–૧૫ થી તા. ૩૦–૦૬–૧૬** | **તા.૦૧–૦૭–૧૬ થી તા. ૩૦–૦૬–૧૭** | **તા.૦૧–૦૭–૧૭ થી તા. ૩૦–૦૬–૧૮** | **તા.૦૧–૦૭–૧૮ થી તા. ૩૦–૦૬–૧૯** |
| ૧ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | ગાંધીનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

(૨) ગેરહાજર રહેલ શિક્ષકો પૈકી વિદેશ જતા રહેલ શિક્ષકોઃ
સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોઃ ૦૩

(૩) ઉક્ત સ્થિતિએ સરકારને જાણ કર્યા વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેલ શિક્ષકો સામે લેવામાં આવેલ પગલાંની વિગતોઃ

- સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
- ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોઃ

| | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧. શ્રી ઉત્પલકુમાર વી. પટેલ, પલીયડ સરસ્વતી વિદ્યાલય, પલીયડ, તા. કલોલ, જિ. ગાંધીનગર<br>➢ શ્રી ઉત્પલકુમાર પટેલની તા. ૧૪–૦૪–૨૦૧૫ થી સતત ફરજ પર ગેરહાજરી બદલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરે શ્રી પટેલને તા.૦૩–૦૩–૨૦૧૬ થી નોકરીમાંથી કાયમી ધોરણે બરતરફ કરવાની શાળા મંડળની દરખાસ્તને બહાલી આપેલ છે. |
| ૨૦૧૮–૧૯ | ૧. શ્રીમતી રત્નાબેન આર. વ્યાસ, એમ. ડી. પટેલ હાઇસ્કૂલ, ગારીયાધાર, જિ. ભાવનગર<br>➢ શ્રીમતી વ્યાસ માર્ચ–૨૦૧૯ થી વિદેશ ગયેલ હોઇ, શાળાએ શ્રીમતી વ્યાસનો તા. ૨૦–૦૨–૨૦૨૦થી ભવિષ્યમાં અસર ન કરે તે રીતે એક ઇજાફો અટકાવેલ છે અને હાલ પગાર બંધ છે.<br>૨. શ્રી નરેશકુમાર ગણપતભાઇ પટેલ, શ્રી આઇ. પી. પટેલ અને શ્રી ડી.પી.પટેલ માધ્યમિક અને ઉ.મા.શાળા, જિ. મહેસાણાઃ<br>➢ શ્રી નરેશકુમારની તા. ૧૮–૦૩–૨૦૧૯થી ફરજ પર અનધિકૃત રીતે ગેરહાજર રહેવા બદલ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણાએ તા.૩૧–૧૦–૨૦૧૯ થી અમલમાં આવે તે રીતે શ્રી એન. જી. પટેલને નોકરીમાંથી કાયમી ધોરણે બરતરફ કરવા શાળા મંડળની દરખાસ્તને બહાલી આપેલ છે. |

(૪) સરકારી શાળાઓના શિક્ષકોના શિસ્ત અને નિમણૂક અધિકારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હોવાથી, મંજૂરી વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેનાર સરકારી શાળાઓના શિક્ષકો સામે પગલાં લેવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની હોય છે.

- ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોના શિસ્ત અને નિમણૂક અધિકારી સંબંધિત શાળા મંડળ હોવાથી, મંજૂરી વગર લાંબા સમય સુધી ગેરહાજર રહેનાર ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો સામે પગલાં લેવાની જવાબદારી સંબંધિત શાળા મંડળની હોય છે.

--------

**અમરેલી જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા વધુ ફી ઉઘરાવવાની મળેલ ફરીયાદો**

અતારાંકિતઃ ૮૯૯૫ (૧૨-૦૨-૨૦૨૧) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ફી રેગ્યુલેશન કમિટિએ નિયત કરેલ હોય તેના કરતાં વધુ ફી સ્વ-નિર્ભર / ખાનગી પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા ઉઘરાવવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી,

(૨) વધુ ફી ઉઘરાવતા શાળા સંચાલકો સામે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ નિયત કરેલ ફી કરતાં વધુ ફી ન ઉઘરાવાય તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭-૦૫-૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ ની કલમ-૭(૬) મુજબ પૂર્વ-પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી આવી દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા તેના નોટિસ બોર્ડમાં ગુજરાતી અને અંગ્રેજીમાં તેમજ તેમની સત્તાવાર વેબસાઇટ પર દર્શાવવી જોઇશે.

--------

**પાટણ જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા વધુ ફી ઉઘરાવવાની મળેલ ફરીયાદો**

અતારાંકિતઃ ૮૯૯૮ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) પાટણ જિલ્લામાં સન ૨૦૧૮ અને ૨૦૧૯ના બે વર્ષમાં કઇ કઇ ખાનગી / સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા વધુ ફી ઉઘરાવવા સંબંધમાં કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) તા. ૩૧-૦૭-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત મળેલ ફરિયાદો સંબંધમાં સરકારે શાં પગલાં લીધાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ફરિયાદો પર ક્યાં સુધીમાં પગલાં લેવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭-૦૫-૨૦૨૧)

(૧)

| વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|
| ૦૧ ફરિયાદ<br>(લોર્ડ ક્રિષ્ણા સ્કૂલ ઓફ સાયન્સ હાયર સેકન્ડરી ઇંગ્લીશ સ્કૂલ, પાટણ ઉંઝા હાઇવે, પાટણ | શૂન્ય |

(૨)સ્થળ તપાસ કરાવી વધુ ફી ઉઘરાવેલ શાળાને અરજદારને વધુ લીધેલ ફી પરત આપવા સૂચના આપવામાં આવેલ છે.

(૩) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ ની કલમ-૭(૬) મુજબ પૂર્વ-પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી આવી દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા તેના નોટિસ બોર્ડમાં ગુજરાતી અને અંગ્રેજીમાં તેમજ તેમની સત્તાવાર વેબસાઇટ પર દર્શાવવી જોઇશે.

**બનાસકાંઠા જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા વધુ ફી ઉઘરાવવાની મળેલ ફરીયાદો**

અતારાંકિતઃ ૯૦૦૧ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ફી રેગ્યુલેશન કમિટિએ નિયત કરેલ હોય તેના કરતાં વધુ ફી સ્વ–નિર્ભર / ખાનગી પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા ઉઘરાવવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી,

(૨) વધુ ફી ઉઘરાવતા શાળા સંચાલકો સામે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ નિયત કરેલ ફી કરતાં વધુ ફી ન ઉઘરાવાય તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૦૫–૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ની કલમ–૭(૬) મુજબ પૂર્વ–પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી આવી દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા તેના નોટિસ બોર્ડમાં ગુજરાતી અને અંગ્રેજીમાં તેમજ તેમની સત્તાવાર વેબસાઇટ પર દર્શાવવી જોઇશે.

--------

### બોર્ડ/નિગમો/કંપનીઓના ઓડિટ હિસાબો નિયમિત થવા બાબત

અતારાંકિતઃ ૯૪૯૯ (૦૮–૦૨–૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સરકારના બોર્ડ/નિગમ/કંપનીઓના ઓડિટ હિસાબો નિયમિત થતા નથી તેથી સમયસર ઓડિટ થાય તે માટે નાણાં વિભાગે તા. ૦૧–૦૭–૨૦૧૦ના પરિપત્રથી સૂચના બહાર પાડેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા ક્યા બોર્ડ/નિગમ/કંપનીઓએ ઓડિટ કામ સમયસર કરેલ નથી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) **:** (૧૨–૦૪–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) પત્રક મુજબ

**પત્રક**

| ક્રમ | નિગમનું નામ |
|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડ |
| ૨ | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ |
| ૩ | ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડ |
| ૪ | ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાય કોર્પોરેશન લિમિટેડ |
| ૫ | ગુજરાત મેડીસીનલ પ્લાન્ટ બોર્ડ |
| ૬ | ગુજરાત મેડીકલ સર્વીસ કોર્પોરેશન લિમિટેડ |
| ૭ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૮ | ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ |
| ૯ | ગુજરાત સ્ટેટ હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૧૦ | ગુજરાત ગ્રોથ સેન્ટર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૧૧ | ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ |
| ૧૨ | સરીગામ ક્લીન ઇનીશીએટીવ |
| ૧૩ | ગુજરાત વોટર રીસોર્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૧૪ | ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ |
| ૧૫ | ગુજરાત સ્ટેટ રૂરલ ડેવલપમેન્ટ લિમિટેડ |
| ૧૬ | ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ |
| ૧૭ | ગુજરાત ઇન્ફોમેટીક્સ લિમિટેડ |
| ૧૮ | ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ |
| ૧૯ | ગુજરાત આઇએસપી સર્વિસીઝ લિમિટેડ |
| ૨૦ | ગુજરાત માઇનોરીટી એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૨૧ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડ |
| ૨૨ | ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ લિમિટેડ |
| ૨૩ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લિમિટેડ |

| ક્રમ | નિગમનું નામ |
|---|---|
| ૨૪ | ડો. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ |
| ૨૫ | બિન અનામત વર્ગ શૈક્ષણીક અને આર્થીક વિકાસ નિગમ |
| ૨૬ | ગુજરાત વુમન ઈકોનોમીક ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૨૭ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન |
| ૨૮ | ગુજરાત સ્ટેટ વેરહાઉસ કોર્પોરેશન |
| ૨૯ | ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ |
| ૩૦ | ગુજરાત સ્ટેટ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ |
| ૩૧ | ગુજરાત રૂરલ હાઉસિંગ બોર્ડ |
| ૩૨ | ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન |
| ૩૩ | ગુજરાત સ્ટેટ શીડ્યુલ્ડ કાસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન |
| ૩૪ | ગુજરાત ટ્રાઈબલ ડેવલપમેન્ટ કોર્પોરેશન |
| ૩૫ | ગુજરાત ઔદ્યોગીક વિકાસ નિગમ |
| ૩૬ | ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૩૭ | ગુજરાત ફોરેસ્ટ ડેવલોપમેન્ટ લિમિટેડ |
| ૩૮ | ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની લિમિટેડ |
| ૩૯ | ડાયમંડ રીસર્ચ અને મર્કેન્ટાઈલ સીટી લિમિટેડ |
| ૪૦ | ગુજરાત ફીશરીઝ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ |
| ૪૧ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ |

| ક્રમ | બિન–કાર્યરત કંપનીના નામ |
|---|---|
| ૧ | ગુજરાત સ્ટેટ મશીન ટુલ્સ લિમિટેડ |
| ૨ | ગુજરાત ટ્રાન્સ રીસીવર્સ લિમિટેડ |
| ૩ | ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની લિમિટેડ |
| ૪ | નૈની કોલ કંપની લિમિટેડ |
| ૫ | ગુજરાત સ્ટેટ કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ |

| ક્રમ | નાદારી હેઠળની કંપનીના નામ |
|---|---|
| ૧ | ગુજરાત સ્ટેટ ટેક્સટાઈલ કોર્પોરેશન લિમિટેડ |
| ૨ | ગુજરાત ટેક્સફેબ લિમિટેડ |
| ૩ | ગુજરાત ફીનટેક્સ લિમિટેડ |
| ૪ | ગુજરાત સીલટેક્સ લિમિટેડ |
| ૫ | ગુજરાત લેધર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (૬૧૯–બી) |
| ૬ | ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન લિમિટેડ |
| ૭ | ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ |

નોંધઃ ઉક્ત સંકલિત યાદી સંબંધિત બોર્ડ / નિગમ / કંપની વગેરે દ્વારા તેમજ એ.જી. કચેરી અમદાવાદ અને રાજકોટ દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી પરથી તૈયાર કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર વ્યાજબી ભાવની બંધ દુકાનો શરૂ કરવા બાબત**

અતારાંકિતઃ ૮૫૭૨ (૦૭–૦૧–૨૦૨૧) **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો બંધ છે,

(૨) તેના મુખ્યત્વે કારણો શાં છે,

(૩) દુકાનો બંધ રહેતા તેના કાર્ડ ધારકોને અનાજનો પૂરવઠો આપવા શી વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ છે, અને

(૪) બંધ દુકાનો ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૩–૦૪–૨૦૨૧)

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૪૫૫ વ્યાજબી ભાવની દુકાનો બંધ છે. જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ બંધ વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ (શહેર) | ૧૧૭ |
| ૨ | અમદાવાદ | ૫૧ |
| ૩ | અમરેલી | ૧૫૯ |
| ૪ | આણંદ | ૨૨ |
| ૫ | અરવલ્લી | ૧૫ |
| ૬ | બનાસકાંઠા | ૨૭ |
| ૭ | ભરૂચ | ૭ |
| ૮ | ભાવનગર | ૬૧ |
| ૯ | બોટાદ | ૧ |
| ૧૦ | છોટા–ઉદેપુર | ૧૬ |
| ૧૧ | દાહોદ | ૨૧ |
| ૧૨ | ડાંગ | ૩ |
| ૧૩ | દેવભૂમિ–દ્વારકા | ૩૨ |
| ૧૪ | ગાંધીનગર | ૪૦ |
| ૧૫ | ગીર–સોમનાથ | ૧૧ |
| ૧૬ | જામનગર | ૨૬ |
| ૧૭ | જૂનાગઢ | ૩૨ |
| ૧૮ | ખેડા | ૧૭ |
| ૧૯ | કચ્છ | ૯૯ |
| ૨૦ | મહીસાગર | ૬ |
| ૨૧ | મહેસાણા | ૭૩ |
| ૨૨ | મોરબી | ૫૯ |
| ૨૩ | નર્મદા | ૫ |
| ૨૪ | નવસારી | ૨૦ |
| ૨૫ | પંચમહાલ | ૬ |
| ૨૬ | પાટણ | ૩ |
| ૨૭ | પોરબંદર | ૦ |
| ૨૮ | રાજકોટ | ૧૧૫ |
| ૨૯ | સાબરકાંઠા | ૩૫ |
| ૩૦ | સુરત | ૧૬૯ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૩૩ |
| ૩૨ | તાપી | ૧૬ |
| ૩૩ | વડોદરા | ૧૩૩ |
| ૩૪ | વલસાડ | ૨૫ |
| | **કુલ** | **૧૪૫૫** |

(૨) ઉક્ત ૧૪૫૫ બંધ વ્યાજબી ભાવની દુકાનો પૈકી–

| વ્યાજબી ભાવની દુકાનો | કારણ |
|---|---|
| ૯૯ | કોર્ટ કેસ/અપીલ/પોલીસ કેસના લીધે બંધ છે. |
| ૨૬ | વારસાઇ/અવસાનના લીધે બંધ છે. |
| ૩૫૧ | ગેરરીતિ/શિક્ષાત્મક કાર્યવાહી/પરવાનો રદ/મોકૂફના લીધે બંધ છે. |
| ૭૨૯ | રાજીનામાંના લીધે બંધ છે. |
| ૩૩ | પરવાનો રીન્યુ ન થયેલ હોવાના લીધે બંધ છે. |

| | |
|---|---|
| ૭૩ | દુકાનદાર રજા પર હોવાના લીધે. |
| ૧૧૧ | દુકાનદારનું અવસાન થવાના લીધે બંધ છે. |
| ૪ | પી.બી.એમ. થવાના લીધે બંધ છે. |
| ૩ | મંડળી ફડચામાં જવાથી બંધ છે. |
| ૨૬ | અન્ય કારણોસર બંધ છે. |

જેની જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

(૩) રાજ્યમાં બંધ વ્યાજબી ભાવની દુકાનોના રેશનકાર્ડ ધારકોને અનાજનો પુરવઠો આપવા તા. ૨૬-૦૮-૨૦૧૫ના ઠરાવની જોગવાઇઓ મુજબ (નજીકની વ્યાજબી ભાવની દુકાન સાથે હંગામી ધોરણે ચાર્જમાં જોડીને) વૈકલ્પિક વ્યવસ્થા કરાઇ છે.

(૪) ઉક્ત બંધ દુકાનો સરકારશ્રીના નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી શરૂ કરવામાં આવનાર છે.

**વ્યાજબી ભાવની બંધ દુકાનો ફરી શરૂ કરવા અંગે**

| અ.નં. | જિલ્લાનું નામ | તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ બંધ દુકાનો | બંધ રહેવાના કારણો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અપીલ/કોર્ટકેસ/પોલીસ કેસ | વારસાઇ/વિભાગમાં માર્ગદર્શન | ગેરરીતિ/શિક્ષાત્મક કાર્યવાહી/પરવાનો રદ/મોકૂફ | રાજીનામું | પરવાનો રીન્યુ ન થયેલ હોવાના લીધે | દુકાનદાર રજા પર હોવાના લીધે | દુકાનદારનું અવસાન થવાથી | પી.બી.એમ. થવાના લીધે | મંડળી ફડચામાં જવાથી | અન્ય કારણો |
| ૧ | અમદાવાદ (શહેર) | ૧૧૭ | ૦ | ૨ | ૩૦ | ૪૫ | ૨ | ૨૪ | ૧૨ | ૦ | ૦ | ૨ |
| ૨ | અમદાવાદ | ૫૧ | ૦ | ૧ | ૯ | ૩૯ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૩ | અમરેલી | ૧૫૯ | ૧૭ | ૧ | ૬૮ | ૬૫ | ૨ | ૧ | ૪ | ૦ | ૧ | ૦ |
| ૪ | આણંદ | ૨૨ | ૦ | ૦ | ૧૮ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૫ | અરવલ્લી | ૧૫ | ૧ | ૦ | ૦ | ૧૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૨૭ | ૫ | ૦ | ૮ | ૮ | ૨ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |
| ૭ | ભરૂચ | ૭ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ભાવનગર | ૬૧ | ૦ | ૦ | ૫ | ૪૨ | ૦ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ |
| ૯ | બોટાદ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | છોટા-ઉદેપુર | ૧૬ | ૧ | ૦ | ૪ | ૬ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | દાહોદ | ૨૧ | ૦ | ૦ | ૧૪ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ડાંગ | ૩ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ-દ્વારકા | ૩૨ | ૨૦ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૪૦ | ૧ | ૧ | ૧૭ | ૧૯ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | ગીર-સોમનાથ | ૧૧ | ૦ | ૦ | ૪ | ૪ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જામનગર | ૨૬ | ૩ | ૦ | ૩ | ૧૮ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | જૂનાગઢ | ૩૨ | ૦ | ૦ | ૧૬ | ૯ | ૦ | ૦ | ૩ | ૪ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૧૭ | ૧ | ૦ | ૭ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ | ૯૯ | ૧૩ | ૦ | ૫ | ૬૪ | ૦ | ૨ | ૧૨ | ૦ | ૦ | ૩ |
| ૨૦ | મહીસાગર | ૬ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મહેસાણા | ૭૩ | ૨ | ૦ | ૧૩ | ૫૦ | ૦ | ૩ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૫૯ | ૦ | ૦ | ૧ | ૫૬ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૩ | નર્મદા | ૫ | ૦ | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | નવસારી | ૨૦ | ૦ | ૦ | ૧૨ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૬ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨૬ | પાટણ | ૩ | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ૧૧૫ | ૪ | ૧ | ૩૫ | ૫૯ | ૦ | ૩ | ૧૩ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૩૫ | ૨ | ૦ | ૩ | ૨૮ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | સુરત | ૧૬૯ | ૧૭ | ૧૬ | ૧૪ | ૬૩ | ૨૦ | ૧૩ | ૬ | ૦ | ૦ | ૨૦ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૩૩ | ૦ | ૦ | ૨ | ૩૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | તાપી | ૧૬ | ૦ | ૦ | ૧૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | વડોદરા | ૧૩૩ | ૬ | ૪ | ૩૩ | ૪૬ | ૪ | ૨૪ | ૧૬ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | વલસાડ | ૨૫ | ૩ | ૦ | ૬ | ૧૨ | ૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૪૫૫** | **૯૯** | **૨૬** | **૩૫૧** | **૭૨૯** | **૩૩** | **૭૩** | **૧૧૧** | **૪** | **૩** | **૨૬** |

## ઔદ્યોગિક એકમો દ્વારા સાબરમતી નદીમાં ગંદુ પાણી છોડવા બાબત

અતારાંકિતઃ ૫૯૦૨ (૨૯-૦૮-૨૦૧૯) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી કેમિકલવાળું ગંદુ પાણી ઔદ્યોગિક એકમો દ્વારા સાબરમતી નદીમાં છોડવામાં આવે છે તેવી કેટલી ફરિયાદો તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે રાજ્ય સરકારે ક્યારે શા પગલા લીધાં ?

**પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૭-૦૪-૨૦૨૧)

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી કેમિકલવાળું ગંદુ પાણી ઔદ્યોગિક એકમો દ્વારા સાબરમતી નદીમાં છોડવામાં આવે છે તેવી તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં સરકારને મળેલ ફરિયાદોની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ફરિયાદની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૭/૨૦૧૪ થી ૩૦/૦૬/૨૦૧૫ | ૦ |
| ૦૧/૦૭/૨૦૧૫ થી ૩૦/૦૬/૨૦૧૬ | ૦ |
| ૦૧/૦૭/૨૦૧૬ થી ૩૦/૦૬/૨૦૧૭ | ૦ |
| ૦૧/૦૭/૨૦૧૭ થી ૩૦/૦૬/૨૦૧૮ | ૧ |
| ૦૧/૦૭/૨૦૧૮ થી ૩૦/૦૬/૨૦૧૯ | ૧ |

(૨) નિયમોનુસાર કાર્યવાહી અર્થે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપેલ છે.

--------

**ઘુડખર અભયારણ્યમાં મીઠાના અગરો**

અતારાંકિતઃ ૭૯૭૯ (૧૯-૧૧-૨૦૨૦) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કચ્છના નાના રણમાં આવેલ ઘુડખર અભયારણ્યના કુલ ક્ષેત્રફળ પૈકી કેટલા વિસ્તારમાં ગેરકાયદેસર મીઠાના અગરો ચાલી રહ્યા છે,

(૨)ઉક્ત અભયારણ્યમાં ગેરકાયદેસર મીઠાના અગરો ચલાવતા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત ગેરકાયદેસર દબાણો મીઠાના અગરો હટાવવા માટે શાં પગલાં લીધાં ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૪-૨૦૨૧)

(૧) ઘુડખર અભ્યારણ્યના કુલ ક્ષેત્રફળ પૈકી અંદાજીત ૫૦૦૦ હેકટરમાં મીઠાના અગરો ચાલે છે.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ ઘુડખર અભ્યારણ્યના સર્વે સેટલમેન્ટ અહેવાલનું આખરીકરણ થયેલ નથી. તેથી કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**રાજ્યમાં કાળીયાર હરણના શિકારની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૦૭૪ (૦૪-૦૧-૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કાળીયાર હરણનો વિરલ અને રક્ષિત પ્રાણીની યાદીમાં સમાવેશ થયો છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કાળીયારના શિકારની કેટલી ઘટનાઓ બની,

(૩) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત પ્રાણીની સુરક્ષા માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૪-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કાળીયારના શિકારની કુલ-૩ ઘટના બનેલ છે.

(૩) જવાબદારો સામે વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) કાળીયાર હરણની સુરક્ષા માટે ક્ષેત્રિય સ્ટાફ દ્વારા અભ્યારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન તેમજ તેને સંલગ્ન વિસ્તારોમાં સઘન ફેરણું કરવામાં આવે છે.

- ક્ષેત્રિય સ્ટાફને વોકી-ટોકી, ટેબલેટ વાહનો જેવા સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે.
- કાળીયાર હરણના ગેરકાયદેસર શિકાર/મારી નાખવાના કૃત્ય કરતાં ગુન્હેગારો સામે વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.
- લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે કંટ્રોલરૂમ શરૂ કરવા બાબત**

અતારાંકિતઃ ૮૧૫૨ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં વન્ય પ્રાણીઓ/પક્ષીઓની સુરક્ષા અને મદદ માટે વન વિભાગ દ્વારા ક્યા ક્યા જિલ્લામાં ૨૪*૭ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે,

(૨) રાજ્યના બાકી રહેલા જિલ્લામાં આવા કંટ્રોલ રૂમ શરૂ ન થવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા જિલ્લામાં ઉક્ત કંટ્રોલ રૂમ ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨–૦૪–૨૦૨૧)

(૧) વન્યપ્રાણીઓ/પક્ષીઓની સુરક્ષા અને મદદ માટે કોઈપણ જિલ્લામાં જિલ્લા કક્ષાએ ૨૪*૭ કંટ્રોલ રૂમ કાર્યરત નથી. પરંતુ સમગ્ર રાજ્યના વન વિભાગની વિભાગીય કચેરીઓ અને રેન્જ કચેરીઓ ખાતે દૂરવાણી યંત્ર પર વન્ય પ્રાણીઓ/પક્ષીઓની સુરક્ષા અને મદદ માટે માહિતી આપી શકાય છે. આ ઉપરાંત શિકાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિની માહિતી આપવા માટે ૯૭૨૭૭ ૨૭૮૨૬ નંબર કાર્યરત છે. કરુણા અભિયાન દરમ્યાન તથા વાવાઝોડા, અતિ વરસાદ જેવી સ્થિતિમાં જરૂરિયાત અનુસાર રાજ્યના તમામ જિલ્લા મથકો ખાતે વન્ય જીવો અને અન્ય વનને લગતી બાબતો માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં
આવે છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગેરકાયદે સાપ પકડવા બાબત**

અતારાંકિતઃ ૮૧૭૭ (૦૪–૦૧–૨૦૨૧) **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૨૫–૧૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાયદે કેટલા સાપ પકડવામાં આવ્યા,

(૨)ઉક્ત સ્થિતિએ ગેરકાયદે સાપ પકડનારા ઈસમો કોણ હતા તથા તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)ઉક્ત ગેરકાયદે સાપ પકડનારા સામે સરકાર દ્વારા શા નિયંત્રણ રાખવામાં આવે છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨–૦૪–૨૦૨૧)

(૧) તા.૨૫–૧૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ ગેરકાયદે સાપ પકડવામાં આવ્યા.

| જિલ્લાનું નામ | પકડેલ સાપની સંખ્યા |
|---|---|
| નર્મદા | ૨૨ |
| વડોદરા | ૫ |
| મહીસાગર | ૧ |
| રાજકોટ | ૭ |
| સાબરકાંઠા | ૭ |
| ખેડા | ૩ |
| સુરેન્દ્રનગર | ૧ |
| વલસાડ | ૧ |
| ડાંગ | ૪ |
| ભરૂચ | ૧ |
| અમરેલી | ૨ |
| ગીર–સોમનાથ | ૩ |
| અમદાવાદ | ૨ |
| જૂનાગઢ | ૨ |
| **કુલ** | **૬૧** |

(૨) કુલ ૬૪ આરોપીઓ ગેરકાયદેસર સાપ પકડવાની પ્રવૃત્તિ કરવાવાળા ઈસમો હતા. જેઓની સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ગેરકાયદે સાપ પકડનારા સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

- ‘‘સ્નેક અવેરનેસ’’ કાર્યક્રમ અંતર્ગત લોકોને આ પ્રકારના ગેરકાયદે સાપ પકડનારા ધ્યાને આવ્યેથી લગત તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડનને જાણ કરવા અવગત કરવામાં આવે છે.

- શહેરી વિસ્તારમાં ''સ્નેક રેસ્ક્યુઅર'' ને સાથે રાખીને જ વન વિભાગ દ્વારા રેસ્ક્યુની કામગીરી કરવામાં આવે છે અન્યથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં નીલગાયના શિકાર કરવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૨૫૦ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ડફેરો દ્વારા રક્ષિત નીલગાયના શિકાર, કતલ તથા તેના માંસના ગેરકાયદે વેચાણની કેટલી ગુનાહિત ઘટનાઓ બની,

(૨) ઉક્ત સ્થિતિએ પકડાયેલ ગુનાહિતો પર શી કાનૂની કાર્યવાહી કરાઈ અને ગુનાહિતો પાસેથી કેટલા શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નીલગાયના શિકાર, કતલ તથા તેના માંસના વેચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિ પર નિયંત્રણ રાખવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૨૦-૦૪-૨૦૨૧)

(૧)

| જિલ્લા | ગુનાહિત ઘટના |
|---|---|
| પાટણ | ૧ |
| અમરેલી | ૧ |
| બોટાદ | ૧ |
| **કુલ** | **૩** |

(૨) વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા જપ્ત કરેલ શસ્ત્રો/સાધનોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લા | ગુનાહિતો પાસેથી જપ્ત કરેલ સાધનો/શસ્ત્રો ઘટના |
|---|---|
| પાટણ | બંદૂક-૧, છરો-૧ |
| અમરેલી | ખાનગી દેશી બંદૂક-૧ |
| બોટાદ | - |

(૩) નીલગાયની સુરક્ષા માટે ક્ષેત્રિય સ્ટાફ દ્વારા અભ્યારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન તેમજ તેને સંલગ્ન વિસ્તારોમાં સઘન ફેરણું કરવામાં આવે છે.

- ક્ષેત્રિય સ્ટાફને વોકી-ટોકી, ટેબલેટ વાહનો જેવા સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી નીલગાયના ગેરકાયદેસર શિકાર/મારી નાખવાના કૃત્ય કરતાં ગુન્હેગારો સામે વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી વન વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.
- વન્યજીવ ગુન્હાઓની બાતમી મેળવવા માટે અગ્રગણ્ય વર્તમાન પત્રમાં જાહેર ખબર આપી રાજ્ય સ્તેર ૯૭૨૭૭ ૨૭૮૨૬ નંબર કાર્યરત કરવામાં આવેલ છે.

--------

**વન્ય પ્રાણીઓ પર ક્રૂરતા આચરવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૩૬૯ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વન્ય પ્રાણીઓ પર વિવિધ પ્રકારની ક્રૂરતા આચરવાની કેટલી ઘટનાઓ જિલ્લાવાર બનવા પામી છે,

(૨) ઉક્ત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીને સજા થઈ ?

**વન મંત્રીશ્રી :** (૧૦-૦૬-૨૦૨૧)

(૧)

| જિલ્લાનું નામ | ઘટનાની સંખ્યા | જિલ્લાનું નામ | ઘટનાની સંખ્યા |
|---|---|---|---|
| જામનગર | ૧ | પોરબંદર | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૬ | અમદાવાદ | ૫૪ |
| કચ્છ | ૩૨ | ખેડા | ૫ |
| પાટણ | ૧૫ | આણંદ | ૨ |
| બનાસકાંઠા | ૧૫ | સુરેન્દ્રનગર | ૪ |
| ગાંધીનગર | ૧ | મહીસાગર | ૩ |
| વલસાડ | ૧૬ | રાજકોટ | ૧૩ |
| ડાંગ | ૧૧ | અમરેલી | ૩૨ |
| નવસારી | ૪ | મહેસાણા | ૩ |
| મોરબી | ૧૪ | સાબરકાંઠા | ૭ |
| ભાવનગર | ૨૬ | અરવલ્લી | ૨ |
| વડોદરા | ૭ | સુરત | ૮ |
| છોટા ઉદેપુર | ૨ | તાપી | ૬ |
| ગીર સોમનાથ | ૧૪ | ભરૂચ | ૧૪ |
| જૂનાગઢ | ૧૨ | બોટાદ | ૮ |

(૨) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ અન્વયે ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ૧૪ આરોપીને સજા થઈ, ૧૨૩ આરોપી પાસેથી વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુનો માંડવાળ કરવા અંતર્ગત ગુનાના વળતર પેટે યોગ્ય રકમ વસૂલ કરેલ છે તથા અન્ય આરોપીઓ સામે નામ.કોર્ટમાં કાર્યવાહી ચાલુ છે.

--------

**ઘુડખર અભ્યારણ્યમાં મીઠાના અગરો**

અતારાંકિતઃ ૮૪૯૦ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કચ્છના નાના રણમાં આવેલ ઘુડખર અભ્યારણ્યના કુલ ક્ષેત્રફળ પૈકી કેટલા વિસ્તારમાં ગેરકાયદે મીઠાના અગરો ચાલી રહ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અભ્યારણ્યમાં મીઠાના અગરોની વ્યાપારી પ્રવૃત્તિ ચાલવાનાં શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગેરકાયદેસરના દબાણો/મીઠાના અગરો દૂર કરવા શાં પગલાં લીધાં ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૪-૨૦૨૧)

(૧) ઘુડખર અભ્યારણ્યના કુલ ક્ષેત્રફળ પૈકી અંદાજીત ૫૦૦૦ હેકટરમાં મીઠાના અગરો ચાલે છે.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ ઘુડખર અભ્યારણ્યના સર્વે સેટલમેન્ટ અહેવાલનું આખરીકરણ થયેલ નથી. તેથી કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**રાજ્યમાં જિલ્લાવાર દિપડાની હત્યા**

અતારાંકિતઃ ૮૮૮૪ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા દિપડાની હત્યા થઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૪-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ દિપડાની હત્યા થઈ.

| જિલ્લા | દિપડાની સંખ્યા |
|---|---|
| પોરબંદર | ૧ |
| અમરેલી | ૨ |
| ભાવનગર | ૨ |
| જૂનાગઢ | ૧ |
| અરવલ્લી | ૧ |
| ડાંગ | ૨ |
| ગોધરા | ૧ |

| | |
|---|---|
| નવસારી | ૧ |
| **કુલ** | **૧૧** |

(૨) આરોપીઓ સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં આવેલ પેપરમીલો**

અતારાંકિતઃ ૯૦૪૭ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આવેલ પેપરમીલને વૃક્ષોના લાકડાનો કેટલો ક્વોટા ફાળવવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લાકડાનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવ્યો, અને

(૩) વૃક્ષોને બચાવવા માટે તેના ક્વોટામાં ઘટાડો કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨–૦૪–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આવેલ પેપરમીલને વન વિભાગ દ્વારા લાકડાનો ક્વોટા ફાળવવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં રક્ષિત માછલીઓના સંરક્ષણ માટેના પગલાંઓ**

અતારાંકિતઃ ૯૦૫૨ (૧૮–૦૧–૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ કઈ કઈ માછલીઓને રક્ષિત જાહેર કરાઈ છે, અને

(૨) આવી માછલીઓના સંરક્ષણ માટે વિભાગે શાં પગલાં લીધાં છે ?

**વન મંત્રીશ્રી :** (૧૯–૦૪–૨૦૨૧)

(૧) તા.૩૦–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વન્યપ્રાણી અધિનિયમ–૧૯૭૨ હેઠળ નીચે મુજબની માછલીઓ આરક્ષિત છે.

(૧) વ્હેલ શાર્ક (રીહીકોડોન ટાઇપસ)

(૨) શાર્ક અને રે જેમાં (Shark & Ray)

(i) ઓનોકસીપ્રી સ્ટીકસપીડાટા

(ii) કારચેરહીંસ હેમીઓડોન

(iii) ગ્લાયફીસ ગેન્જેટીકસ

(iv) ગ્લાયફીસ

(v) હીમેન્ટુરા ફ્યુબીઆટીલીસ

(vi) પ્રીસ્ટીસ માઈક્રોડોન

(vii) પ્રીસ્ટીસ મીસરોન

(viii) રાહ્યબચોબેટસ ડીઝીડેનેસીસ

(ix) યુરોગાયમેનસ એસપરીમ્સ

(૩) સીહોર્સ (ઓલ સાતગ્નાથીડીઅન્સ)

(૪) જાયન્ટ ગ્રુપર (એફીનેફેલસ લીસીચોલેટ્સ)

(૨) આવી માછલીઓના સંરક્ષણ માટે વિભાગે નીચે મુજબના પગલાં લીધાં.

(૧) ગુજરાત રાજ્યમાં વ્હેલશાર્ક માછલીના રક્ષણ માટે છેલ્લા ઘણા વર્ષોથી સઘન પ્રયત્નો કરવામાં આવે છે. આ માછલીને રક્ષણ આપવા વન વિભાગ દ્વારા દરિયાઈ કિનારાના વિસ્તારમાં માછીમાર સમાજને મોટા પાયે શિક્ષિત કરવામાં આવેલ છે. દર વર્ષે અવેરનેસ અને શિક્ષણના કાર્યક્રમો યોજવામાં આવે છે. ભુલથી વ્હેલશાર્ક માછલી જાળમાં ફસાય તો તેને છોડવા જાળ કાપવી પડે તેના અવેજમાં માછીમારને માછલી પકડવાની જાળને થયેલું કુલ નુકસાન અથવા તો રૂ.૨૫,૦૦૦/–બે માંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવામાં આવે છે.

(૨) આ માછલીઓ રક્ષિત હોવાની માછીમારોને જાણકારી આપવામાં આવે છે.

(૩) ભુલથી જાળમાં પકડાઈ જાય તો છોડી દેવાની સલાહ આપવામાં આવે છે.

(૪) જો માછલીનો ગેરકાયદે વ્યાપાર થાય તો નિયમોનુસાર પગલાં લેવામાં આવે છે.

--------

**રાજ્યમાં સાપ પકડવાની પરવાનગી**

અતારાંકિતઃ ૯૧૯૮ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સાપ પકડવા કેટલા વ્યક્તિઓને વન ખાતાએ પરવાનગી આપી,

(૨) સન ૨૦૧૯ના વર્ષમાં તેમના દ્વારા કેટલા સાપ પકડવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ પકડાયેલા સાપ પૈકી કેટલાને સુરક્ષિત જગ્યાએ છોડવામાં આવ્યાં ?

**વન મંત્રીશ્રી :** (૧૯-૦૪-૨૦૨૧)

(૧)તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સાપ પકડવા વન ખાતાએ કોઈ પરવાનગી આપેલ નથી.

(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં રક્ષિત વન્ય પ્રાણીઓની વસતી વધારવા**

અતારાંકિતઃ ૯૩૮૦ (૦૩-૦૨-૨૦૨૧) **શ્રી ભીખાભાઈ જોશી** (જૂનાગઢ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ક્યા પ્રાણીઓને રક્ષિત જાહેર કરવામાં આવ્યા છે અને તેમની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવી,

(૨) ઉક્ત વસ્તી ગણતરીમાં ક્યા રક્ષિત પ્રાણીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો અને તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત વન્ય પ્રાણીઓની વસ્તી વધારવા માટે શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :** (૨૭-૦૪-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વન્યજીવ અધિનિયમ-૧૯૭૨ અનુસાર અનુસૂચિ-૧ થી ૪ મુજબના પ્રાણીઓને રક્ષિત જાહેર કરવામાં આવ્યા છે. તે અન્વયે મુખ્યત્વે નીચેના વન્ય પ્રાણીઓની નીચે જણાવેલ વર્ષમાં વસ્તી ગણતરી કરવામાં આવેલ.

| વન્ય પ્રાણીનું નામ | છેલ્લી વસ્તી ગણતરીનું વર્ષ |
|---|---|
| સિંહ | ૨૦૨૦ |
| દિપડા | ૨૦૧૬ |
| રીંછ | ૨૦૧૬ |
| ઘુડખર | ૨૦૨૦ |
| કાળીયાર | ૨૦૧૫ |
| રોઝ | ૨૦૨૦ |
| ગીધ | ૨૦૧૬ |
| ઘોરાડ | ૨૦૧૬ |

(૨) ઉક્ત વસ્તી ગણતરીમાં નીચે મુજબના રક્ષિત પ્રાણીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો.

| વન્યજીવનું નામ | છેલ્લી ગણતરી વર્ષ | અગાઉની ગણતરી મુજબ નોંધાયેલ ઘટાડો |
|---|---|---|
| ગીધ | ૨૦૧૬ | ૪૪ |
| ઘોરાડ | ૨૦૧૬ | ૨૩ |

ગીધની સંખ્યામાં નોંધાયેલ ઘટાડાના કારણોમાં દુષિત ખોરાક, જનનીક અને વસાહતોને નુકસાન મુખ્યત્વે છે. જ્યારે ઘોરાડની સંખ્યામાં ઘટાડાનું કારણ વસાહત વિસ્તારનો ઘટાડો, વસાહત વિસ્તારનું મનુષ્ય અને પ્રાણીઓ દ્વારા ખલેલ અને જનનીક મુખ્ય કારણ છે.

(૩) ઉક્ત વન્ય પ્રાણીઓની વસ્તી વધારવા, સંવર્ધન માટે સરકારે લીધેલ પગલાંની વિગત નીચે મુજબ છે.

ગીધ સંવર્ધન માટેઃ ગીધ માટે નુકસાનકારક મનાતી ડાયક્લોફેનીક દવાને પ્રતિબંધિત કરેલ છે. ગીધને ખોરાક મળી રહે તે માટે વલ્ચર કાફેટેરીયા બનાવવામાં આવેલ છે. નાળિયેરી પરના માળાનું રક્ષણ કરવામાં આવે છે તથા નેચર એજ્યુકેશન કેમ્પ, ખેડૂત શિબિર દ્વારા લોક જાગૃતિ શિબિર તથા બંધનાવસ્થામાં સંવર્ધન માટે સક્કરબાગ ઝૂ માં બ્રીડીંગ પ્રોગ્રામ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત ગીધના વર્તણૂંકના વૈજ્ઞાનિક અભ્યાસ માટે જુદી જુદી પાંચ પ્રજાતિના દસ ગીધને સેટેલાઈટ ટ્રાન્સમીટર લગાવવામાં આવેલ છે.

ઘોરાડના સંવર્ધન માટેઃ ઘોરાડ સંવર્ધન માટે અભ્યારણ્ય બનાવવામાં આવેલ છે ઉપરાંત વધારાનો વિસ્તાર પણ ઉમેરવામાં આવેલ છે. અભ્યારણ્યને ઈકો સેન્સેટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે. ઘોરાડના રહેઠાણનો કેટલોક વિસ્તાર ચેન્લીંક ફેન્સીંગથી રક્ષિત કરવામાં આવેલ છે. ઘોરાડના રક્ષણ માટે ખતરારૂપ કુતરાના ખસીકરણ તથા રસીકરણની કામગીરી અને ગાંડા બાવળ જેવી વનસ્પતિ દૂર કરવામાં આવે છે. નેચર એજ્યુકેશન કેમ્પ, ખેડૂત શિબિર વિગેરે લોક જાગૃતિ અને પવનચક્કી પર રીફલેક્ટર લગાવવાની કામગીરી હાથ ધરાય છે.

--------

**રાજ્યમાં ભૂમાફિયાઓ સામે પાસા લાગુ કરવા બાબત**

અતારાંકિતઃ ૮૧૨૮ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ભૂમાફિયાઓ સામે 'પાસા' લાગુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ભૂમાફિયાઓને છોડી મૂકવામાં આવ્યા, અને

(૩) તેના શા કારણો છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૫-૦૬-૨૦૨૧)

(૧) પત્રક ૧ મુજબ.

(૨) પત્રક ૧ મુજબ.

(૩) પત્રક ૧ મુજબ.

**પત્રક ૧**

| **ક્રમ** | **જિલ્લો** | **તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલ પાસાના કેસો** | **તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ભૂમાફિયાઓને છોડી મૂકવામાં આવ્યા** | **છોડી મૂકવાના કારણો** |
|---|---|---|---|---|
| ૧. | વડોદરા શહેર | ૦૧ | ૦૧ | નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમથી |
| ૨. | રાજકોટ શહેર | ૦૨ | ૦૨ | નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમથી |
| ૩. | સાબરકાંઠા-હિંમતનગર | ૦૩ | ૦૩ | નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમથી |
| ૪. | કચ્છ | ૦૨ | ૦૨ | એક વ્યકિતને નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા અને બીજા વ્યક્તિને પાસા સલાહકાર બોર્ડ દ્વારા |
| ૫. | સુરેન્દ્રનગર | ૦૩ | ૦૩ | નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમથી |
| | **કુલ** | **૧૧** | **૧૧** | |

**નોંધઃ-** બાકીના જિલ્લાઓ તથા શહેરી વિસ્તારની માહિતી શૂન્ય છે.

--------

**પશુ ચોરીને કતલખાને મોકલતી 'મસડા ગેંગ' વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી**

અતારાંકિતઃ ૮૧૮૪ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ધોળકામાં લાંબા સમયથી પશુ ચોરીને કતલખાનામાં મોકલતી 'મસડા ગેંગ'ના કેટલા ઈસમોને 'પાસા' લાગુ કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોને છોડી મૂકવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૫-૦૬-૨૦૨૧)

(૧) શૂન્ય (એકપણ નહીં)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગૌવંશની કતલ તથા હેરાફેરી કરતાં ગુનેગારો**

અતારાંકિતઃ ૮૯૩૫ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં ગૌવંશની કતલ અને હેરાફેરીમાં સંડોવાયેલ કેટલા ઇસમોને જિલ્લાવાર તડીપાર કરવામાં આવ્યા,

(૨)ઉક્ત સ્થિતિએ તડીપાર થયેલા કેટલા ઇસમો મૂળ જિલ્લામાં પાછા આવી ગયા હોવાનું ધ્યાનમાં આવ્યું, અને

(૩)તેઓ પર શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૫–૦૬–૨૦૨૧)

(૧) પત્રક મુજબ.

(૨) ૪૦

(૩) તડીપાર થયેલ ઇસમોના હુકમથી સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવે છે અને આવા ઇસમો પર સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા પુરતી વોચ રાખવામાં આવે છે. તડીપારનો સમયગાળો પૂર્ણ કરી પરત આવેલ આરોપીઓ ફરીથી તેમની ગનાહિત અસામાજીક ગુનાહિત પ્રવૃત્તિ ન આચરે તે સારૂ સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા તેની પ્રવૃત્તિ ઉપર પુરતી વોચ રાખવામાં આવે છે અને જો કોઈ ગુનાહિત પ્રવૃત્તિ જણાઈ આવે તો નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

વધુમાં, જો કોઈ ઇસમ વિરુદ્ધ તડીપાર હુકમની અમલવારી ચાલુ હોય ત્યારે હુકમ કરવામાં આવ્યો હોય તે વિસ્તારમાં પરવાનગી વગર ગેરકાયદેસર દાખલ થાય અથવા ટૂંકી મુદતમાં પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી હોય ત્યારે વધુ મુદ્દત સુધી રોકાવા બદલ તેવા ઇસમો વિરુદ્ધ જી.પી.એક્ટની કલમ ૧૪૨ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ કોઈ ઇસમ વિસ્તાર છોડી જાય નહીં અને તેને કાઢી મૂક્યા પછી તે વિસ્તારમાં પ્રવેશ કરે તે પ્રસંગે જી.પી.એક્ટની કલમ ૬૨ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લા/શહેરનું નામ (કક્કાવારી પ્રમાણે) | તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ગૌવંશ કતલ અને હેરાફેરી કરનાર કેટલા આરોપીઓને છેલ્લા ૩ વર્ષમાં તડીપાર કરવામાં આવ્યા? | ઉક્ત સમયગાળામાં છેલ્લા ૩ વર્ષમાં તડીપારનો સમયગાળો પૂર્ણ કરી મૂળ જિલ્લામાં પરત આવેલ આરોપીઓની સંખ્યા | ઉક્ત સમયગાળામાં છેલ્લા ૩ વર્ષમાં તડીપારના સમયગાળા દરમ્યાન તડીપાર હુકમનો ભંગ કરી મૂળ જિલ્લામાં પરત આવેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨. | અમરેલી | ૦૩ | ૦૨ | ૦૦ |
| ૩. | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪. | આણંદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫. | કચ્છ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬. | ખેડા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭. | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮. | ગીર સોમનાથ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૯. | છોટા ઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦. | જામનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧. | જૂનાગઢ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨. | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩. | તાપી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪. | દાહોદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૫. | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૬. | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૭. | નવસારી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮. | પંચમહાલ | ૦૪ | ૦૪ | ૦૦ |
| ૧૯. | પાટણ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦. | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧. | બનાસકાંઠા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨. | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩. | ભરૂચ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૨૪. | ભાવનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૫. | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ |

| ક્રમ | જિલ્લા/શહેરનું નામ (કક્કાવારી પ્રમાણે) | તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ગૌવંશ કતલ અને હેરાફેરી કરનાર કેટલા આરોપીઓને છેલ્લા ૩ વર્ષમાં તડીપાર કરવામાં આવ્યા? | ઉક્ત સમયગાળામાં છેલ્લા ૩ વર્ષમાં તડીપારનો સમયગાળો પૂર્ણ કરી મૂળ જિલ્લામાં પરત આવેલ આરોપીઓની સંખ્યા | ઉક્ત સમયગાળામાં છેલ્લા ૩ વર્ષમાં તડીપારના સમયગાળા દરમ્યાન તડીપાર હુકમનો ભંગ કરી મૂળ જિલ્લામાં પરત આવેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૬. | મહેસાણા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૭. | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૮. | રાજકોટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૯. | વડોદરા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૦. | વલસાડ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૧. | સાબરકાંઠા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૨. | સુરત | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૩. | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૪. | અમદાવાદ શહેર | ૧૨ | ૦૭ | ૦૮ |
| ૩૫. | રાજકોટ શહેર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૬. | વડોદરા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૭. | સુરત શહેર | ૧૭ | ૦૮ | ૦૫ |
| | **કુલ** | **૪૨** | **૨૫** | **૧૫** |

--------

**પશુ ચોરીને કતલખાને મોકલતી 'મસડા ગેંગ' વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી**

અતારાંકિતઃ ૯૩૫૪ (૨૨-૦૩-૨૦૨૧) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ધોળકામાં પશુઓને ચોરીને કતલખાનામાં ધકેલતી કુખ્યાત મસડા ગેંગના વાહનો જપ્ત કરવા સહિતની શી કાર્યવાહી સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૭-૦૬-૨૦૨૧)

બે ગુનામાં ૧૩ આરોપીઓ વિરુદ્ધ ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ તથા પશુઓ પ્રત્યેની ક્રુરતા નિવારણ ધારો, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ ચાર્જશીટ કરી વાહનો જપ્ત કરવા સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં ખનીજની લીઝ**

અતારાંકિતઃ ૯૫૧૯ (૨૩-૦૨-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર લાઈમસ્ટોન, બોક્સાઈટ, લિગ્નાઈટ, લેટેરાઈટ, સીલીકા અને ચુનાની કેટલી લીઝ આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત લીઝોવાર ખનીજનો કેટલી કિંમતનો કેટલો જથ્થો કાઢવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર સરકારને રોયલ્ટી પેટે કેટલી આવક થઈ ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) **:** (૦૮-૦૬-૨૦૨૧)

(૧)તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર લીઝો નીચે મુજબ છે.

| ખનિજ | દેવભૂમિ દ્વારકા | પોરબંદ |
|---|---|---|
| લાઈમસ્ટોન | ૩૨ | ૮૯ |
| બોક્સાઈટ | ૧૦૪ | ૦૬ |
| લિગ્નાઈટ | શૂન્ય | શૂન્ય |
| લેટેરાઈટ | શૂન્ય | ૦૧ |
| સિલિકા | શૂન્ય | શૂન્ય |
| ચુના | શૂન્ય | શૂન્ય |

* દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૩૬ માઈનીંગ લીઝો છે. જેમાં ૧(એક)લીઝ બોક્સાઈટ અને લાઈમસ્ટોન ખનિજની સંયુક્ત છે.

(૨) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ લીઝવાર કાઢવામાં આવેલ જથ્થાનું *પત્રક આ સાથે સામેલ છે. જેમાં આઈ.બી.એમ. દ્વારા પ્રસિધ્ધ થતી ખનિજ કિંમતો ધ્યાને લેવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર, વર્ષવાર થયેલ રોયલ્ટી પેટેની આવક નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| **જિલ્લો** | **દેવભૂમિ દ્વારકા** | | **પોરબંદર** | |
|---|---|---|---|---|
| **ખનિજ** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
| લાઈમસ્ટોન | ૪૨૬.૧૮ | ૪૫૫.૫૮ | ૩૧૮૫.૯૮ | ૨૮૩૧.૯૨ |
| બોક્સાઈટ | ૧૬૧૪.૨૫ | ૧૧૬૪.૬૦ | ૩૪૭.૬૨ | ૨૮૨.૩૫ |
| લિગ્નાઈટ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| લેટેરાઈટ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| સિલિકા | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ચુના | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં કાર્યરત ફેમીલી કોર્ટ**

અતારાંકિતઃ ૯૩૮૫ (૦૩-૦૨-૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર): **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લાઓમાં ફેમીલી કોર્ટ કાર્યરત નથી,

(૨) ઉક્ત જિલ્લાઓમાં ફેમીલી કોર્ટ ન હોવાના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી જિલ્લાઓમાં ફેમીલી કોર્ટ સ્થાપવાનું શું આયોજન છે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી :** (૧૦-૦૫-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છોટા ઉદેપુર, ગીર-સોમનાથ@ વેરાવળ, મહીસાગર, નર્મદા@ રાજપીપળા, તાપી@ વ્યારા, બોટાદ અને વલસાડ જિલ્લામાં ફેમીલી કોર્ટની સ્થાપના થયેલ નથી.

(૨) ઉક્ત જિલ્લાઓમાં નામ. વડી અદાલત તરફથી ફેમીલી કોર્ટ સ્થાપવાની દરખાસ્ત મળેલ ના હોવાના કારણે કોર્ટ કાર્યરત થયેલ નથી.

(૩) નામ. વડી અદાલત તરફથી ફેમીલી કોર્ટો કાર્યરત કરવા અંગે દરખાસ્ત મળ્યેથી ફેમીલી કોર્ટો કાર્યરત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**રાજ્યમાં ભૂગર્ભ જળનું વધુ પડતું દોહન**

અતારાંકિતઃ ૮૭૯૫ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજિત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કયા તાલુકાઓ ભૂગર્ભ જળના વધુ પડતા દોહન (ડાર્ક અને ઓવર એક્સપ્લોઈટેડ) થી પ્રભાવિત થયેલા છે, અને

(૨) આ તાલુકાઓને આ સમસ્યાથી મુક્ત કરવા શું આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) **:** (૧૯-૦૫-૨૦૨૧)

(૧) ગુજરાત રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નીચે મુજબના તાલુકાઓ ઓવર એક્સપ્લોઈટેડ, ડાર્ક (ક્રિટિકલ) કેટેગરીમાં આવે છે,

**ઓવર એક્સપ્લોઈટેડ તાલુકા** (કુલ-૨૫)

(૧) ડીસા, (૨) દિયોદર, (૩) ધાનેરા, (૪) કાંકરેજ, (૫) લાખણી, (૬) થરાદ, (૭) વડગામ, (૮) દહેગામ, (૯) ગાંધીનગર, (૧૦) કલોલ, (૧૧) માણસા, (૧૨) ભચાઉ, (૧૩) માંડવી, (૧૪) બેચરાજી, (૧૫) જોટાણા, (૧૬) કડી, (૧૭) ખેરાલુ, (૧૮) મહેસાણા, (૧૯) સતલાસણા, (૨૦) ઉંઝા, (૨૧) વિજાપુર, (૨૨) વિસનગર, (૨૩) ચાણસ્મા,

(૨૪) પાટણ અને (૨૫) સિધ્ધપુર

**ડાર્ક તાલુકા (ક્રિટિકલ)** (કુલ-૫)

(૧) પાલનપુર, (૨) અંજાર, (૩) ભુજ, (૪) વડનગર અને (૫) સરસ્વતિ છે.

(૨) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તાઃ૩૧-૦૧-૨૦૨૧ સુધીમાં આ તાલુકાઓમાં સુક્ષ્મ સિંચાઈના કામો હાથ ધરવામાં આવેલ છે, જેથી ભૂગર્ભ જળનો વપરાશ ઓછો થાય. ઉપરાંત, અલગ અલગ પ્રકારની રીચાર્જ કામગીરી કરવામાં આવી રહી છે, જેથી ભૂગર્ભ જળ વધારે સંચિત થઈ શકે. નવા પાતાળકુવાઓ મંજૂરી પણ સૂક્ષ્મ સિંચાઈ અપનાવાયેલ હોય, તો જ આપવામાં આવે છે.

--------

**ઔદ્યોગિક હેતુ માટે નદીઓના પાણીનો ઉપયોગ બાબત**

અતારાંકિતઃ ૯૫૫૯ (૩૦-૦૪-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગમાં લેવાતા નદીઓના પાણીના દર અન્વયે સરકારને કેટલી આવક થઈ,

(૨) ઉક્ત સ્થિતિએ ઔદ્યોગિક એકમો પાસેથી તે અન્વયે કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા શું કાર્યવાહી કરી ?

**મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) **:** (૧૨-૦૪-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગમાં લેવાતા નદીઓના પાણીના દર અન્વયે સરકારને થયેલ આવક નીચે મુજબ છેઃ

| **વર્ષ** | **થયેલ આવક (રૂ.કરોડમાં)** |
|---|---|
| તા.૦૧.૦૧.૨૦૧૯ થી તા.૩૧.૧૨.૨૦૧૯ | ૧૦૮૬.૩૭ |
| તા.૦૧.૦૧.૨૦૨૦ થી તા.૩૧.૧૨.૨૦૨૦ | ૧૧૯૧.૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઔદ્યોગિક એકમો પાસેથી તે અન્વયે વસૂલવાની બાકી રકમ રૂ.૩૪૨૫.૪૬ કરોડ છે.

(૩) બાકી રકમ વસૂલવા કરેલ કાર્યવાહી નીચે મુજબ છેઃ

- જે એકમો પાસેથી નાણાં વસૂલવાના બાકી છે તે એકમોને સમયાંતરે નોટીસ આપેલ છે તથા તે એકમોની જમીન મિલકત પર બોજો દાખલ કરવાની કાર્યવાહી કરેલ છે.
- કેટલાક ઔદ્યોગિક એકમો દ્વારા કોર્ટમાં અપીલો કરેલ છે. આ કોર્ટ કેસો સુનાવણી હેઠળ હોય નામ. કોર્ટના ચૂકાદા બાદ જે-તે કાર્યવાહી કરવામાં આવનાર છે.

--------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૬૦૧ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચર દબાણ સેલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ સેલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગેરકાયદે ગૌચર દબાણો દૂર કરી કેટલી જમીન છુટી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગૌચર દબાણ દૂર કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ગૌચર દબાણો કયાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) દબાણ શાખા કાર્યરત છે.

(૨) ત્રણ દબાણો દૂર કરી કુલ ૧૦.૨૨.૪૦ હે.આરે.પ્ર. જમીન છુટી કરવામાં આવી.

(૩) ૭ (સાત)

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે અને અમુક કિસ્સામાં નામ.કોર્ટમાં સબજ્યુડીશ મેટર હોય, નામ.કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૮૪૭ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫–૦૬–૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | ધાનેરા | ૧૭.૧૯.૫૧ |
| ૨ | કાંકરેજ | ૧૨૮.૦૮.૦૩ |
| ૩ | થરાદ | ૨૦.૦૦.૦૦ |
| ૪ | વડગામ | ૧૪.૪૭.૭૦ |
| ૫ | દાંતા | ૨.૭૭.૨૪ |
| ૬ | અમીરગઢ | ૭.૩૧.૨૧ |

(૨) ઉક્ત દબાણો પૈકી કાંકરેજ તાલુકાના ૫૮, થરાદ તાલુકાના ૧૪૮, વડગામ તાલુકાના ૧૨, દાંતા તાલુકાના ૨૭૭ એમ કુલ ૪૯૫ દબાણો ૧ વર્ષથી વધારે સમયના છે. તેમજ ધાનેરા તાલુકાના ૯૭, વડગામ તાલુકાના ૭, અમીરગઢ તાલુકાના ૪૪૪ એમ કુલ ૫૪૮ દબાણો ૩ વર્ષ કરતા વધારે સમયનાં છે.

(૩) ઉક્ત દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી ચાલુ હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી.

--------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૦૩ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫–૦૬–૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | ભાણવડ | ૦.૦૨.૪૧ |
| ૨ | દ્વારકા | ૦.૮૬.૨૩ |

(૨) ભાણવડ તાલુકાનું દબાણ ૧ વર્ષથી વધુ સમયથી છે. જ્યારે દ્વારકા દબાણ ૩ વર્ષથી વધુ સમયથી છે.

(૩) ભાણવડ તાલુકાનું દબાણ દૂર કરવામાં આવેલ છે. અન્યમાં સબજ્યુડીશ મેટર હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સબજ્યુડીસ મેટરમાં નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**અમરેલી જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૨૪ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨)તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવયાં, અને

(૪)ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૭–૦૪–૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | લાઠી | ૦.૯૧.૩૩ |
| ૨ | બગસરા | ૧.૯૯.૯૪ |
| ૩ | જાફરાબાદ | ૨.૫૦.૯૧ |
| ૪ | ખાંભા | ૧૮.૯૬.૨૫ |
| ૫ | અમરેલી | ૧૮.૦૮.૬૬ |
| ૬ | કુંકાવાવ | ૧૦.૧૩.૩૭ |
| ૭ | બાબરા | ૦.૯૮.૮૭ |
| ૮ | ધારી | ૦.૪૦.૪૭ |
| ૯ | રાજુલા | ૦.૯૬.૧૫ |
| | **કુલ** | **૫૪.૯૫.૯૫** |

(૨) ઉક્ત પૈકી ૮.૭૦.૫૦ હે.આરે.પ્ર. દબાણો ૧ વર્ષ કરતાં વધુ સમયથી તથા ૪૬.૨૫.૪૫ હે.આરે.પ્ર. દબાણો ૩ વર્ષ કરતાં વધુ સમયથી છે.

(૩) ઉક્ત દબાણો પૈકી કેટલાક કિસ્સામાં મેટર સબજ્યુડીસ બનેલ હોઈ તેમજ અન્ય કિસ્સામાં દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી પ્રગતિમાં હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪)નામ. કોર્ટના નિર્ણયાધિન તેમજ આનુષાંગીક કાર્યવાહી પૂર્ણ થયેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**ભાવનગર જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૨૯ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫-૦૬-૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩૩.૨૭.૦૬ |
| ૨ | ઘોઘા | ૦૫.૪૨.૯૨ |
| ૩ | તળાજા | ૨૦૮.૬૪.૦૦ |
| ૪ | મહુવા | ૧૩૭.૪૮.૭૦ |
| ૫ | જેસર | ૬૩.૫૩.૪૦ |
| ૬ | ગારીયાધાર | ૧૧.૬૬.૨૫ |
| ૭ | પાલીતાણા | ૨૧.૬૫.૪૪ |
| ૮ | સિહોર | ૦૯.૫૮.૫૦ |
| ૯ | ઉમરાળા | ૦૦.૪૨.૦૦ |
| ૧૦ | વલ્લભીપુર | ૦૪.૮૬.૭૩ |

(૨) ઉક્ત દબાણો પૈકી ૫૦૨ દબાણો ૧ વર્ષ કરતાં વધુ અને ૧૦૬૧ દબાણો ૩ વર્ષ કરતાં વધુ સમયથી છે.

(૩) કેટલાક કિસ્સાઓમાં સબજ્યુડીસ મેટર હોઈ, તથા અન્ય કિસ્સાઓમાં દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી ચાલુ છે. તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૫ (૨) મુજબ પંચાયતની જમીનો પર થયેલ દબાણ દૂર કરવાની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની છે. આ જવાબદારી બજાવવામાં નિષ્ફળ રહેનાર ૩૭ સરપંચો અને ૪૧ સભ્યોને હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે.

(૪) સબજ્યુડીશ મેટરમાં નામ. કોર્ટના ચૂકાદા આવ્યે અને અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**મહીસાગર જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૫૧ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી અજિતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતા વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલા લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૦૬.૫૦.૬૧ |
| ૨ | સંતરામપુર | ૦૦.૧૮.૦૩ |
| ૩ | કડાણા | ૦૦.૦૨.૦૨ |
| ૪ | બાલાસિનોર | ૦૦.૩૧.૨૭ |
| ૫ | વીરપુર | ૦૧.૦૪.૭૬ |

(૨) ઉક્ત દબાણો પૈકી ૦૦.૭૮.૮૮ (હે.આરે.પ્ર.) ૧ વર્ષથી વધુ સમયથી તથા ૦૧.૨૪.૦૯ (હે.આરે.પ્ર.) દબાણો ૩ વર્ષ કરતાં વધુ સમયથી છે.

(૩) ઉક્ત દબાણો પૈકી ૭.૭૪.૬૨ (હે.આરે.પ્ર.) દબાણ દૂર કરવામાં આવેલ છે. બાકી રહેલ દબાણો સંબંધે સબજ્યુડીસ મેટર હોઈ, પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) નામ. કોર્ટના ચૂકાદા આવ્યેથી ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**દાહોદ જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૯૫૨ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતા વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલા લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫-૦૬-૨૦૨૧)

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
|---|---|---|
| ૧ | ઝાલોદ | ૦૦.૦૮.૦૭ |
| ૨ | દાહોદ | ૦૨.૬૧.૦૨ |
| ૩ | ગરબાડા | ૦૦.૦૧.૦૦ |

(૨) ગરબાડા તાલુકાનું દબાણ ૧ વર્ષથી વધારે સમયથી તેમજ ઝાલોદ અને દાહોદ તાલુકાના દબાણો ત્રણ વર્ષથી વધુ સમયના છે.

(૩) તમામ દબાણોમાં મેટર સબજ્યુડીસ બનેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સબજ્યુડીસ મેટરમાં નામ. કોર્ટના ચૂકાદા બાદ ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૮૯૫૫ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતા વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલા લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫-૦૬-૨૦૨૧)

(૧)

| દાહોદ | | | પંચમહાલ | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
| ૧ | ઝાલોદ | ૦૦.૦૮.૦૭ | ૧ | હાલોલ | ૦૧.૧૪.૩૩ |
| ૨ | દાહોદ | ૦૨.૬૧.૦૨ | ૨ | મોરવા(હ) | ૫૦.૪૦.૦૦ |
| ૩ | ગરબાડા | ૦૦.૦૧.૦૦ | ૩ | ગોધરા | ૧૧.૦૦.૪૩ |

(૨) દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકાનું દબાણ ૧ વર્ષથી વધારે સમયથી તેમજ ઝાલોદ અને દાહોદ તાલુકાના દબાણો ૩ વર્ષથી વધુ સમયના છે. જ્યારે પંચમહાલ જિલ્લામાં મોરવા(હ) તાલુકાના દેલોચ, નાગલોદ અને ગોધરા તાલુકાના મોતી કાંટડી ગામના દબાણો ૧ વર્ષથી વધારે સમયથી તથા હાલોલ તાલુકાના દુણિયા તથા મોરવા(હ) તાલુકાના મોજરી અને ખુદરા ગામના દબાણો ૩ વર્ષથી વધારે સમયથી છે.

(૩) દાહોદ જિલ્લામાં તમામ દબાણોમાં મેટર સબજ્યુડીસ બનેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ પંચમહાલ જિલ્લામાં કેટલાક કિસ્સામાં મેટર સબજ્યુડીસ બનેલ હોઈ તેમજ કેટલાક કિસ્સામાં દબાણ બાબતે આનુષંગિક કાર્યવાહી ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ ચાલુ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે જ્યારે અમુક કિસ્સામાં સબજ્યુડીસ મેટર હોય નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

### તાપી અને વલસાડ જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો

અતારાંકિતઃ ૮૯૭૭ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતા વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલા લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫-૦૬-૨૦૨૧)

(૧)

| તાપી | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
| ૧ | વાલોડ | ૦૦.૧૪.૦૦ | ૧ | વલસાડ | ૦૦.૨૪.૮૦ |
| ૨ | વ્યારા | ૪૫.૩૯.૪૫ | ૨ | ઉમરગામ | ૦૦.૩૬.૦૦ |
| ૩ | સોનગઢ | ૨૮.૮૪.૦૦ | | | |

(૨) તાપી જિલ્લાના વ્યારા તાલુકાના દબાણો ૧ વર્ષ અને વાલોડ તથા સોનગઢ તાલુકાના દબાણો ૩ વર્ષથી વધારે સમયથી છે. વલસાડ જિલ્લાના તમામ દબાણો ૩ વર્ષથી વધારે સમયથી છે.

(૩) કેટલાક કિસ્સાઓમાં સબજ્યુડીસ મેટર હોઈ, તથા અન્ય કિસ્સાઓમાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી ચાલુ હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે, અમુક કિસ્સામાં સબજ્યુડીસ મેટર હોય નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં બિનખેતી જમીન બાબત**

અતારાંકિતઃ ૨૫૩૩ (૨૧-૦૮-૨૦૧૮) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખેતીની કેટલી જમીન બિનખેતી કરવામાં આવી, અને

(૨) બિનખેતી અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર સરકારને પ્રિમિયમ પેટે કેટલી આવક થઈ ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૦-૦૬-૨૦૨૧)

(૧) પત્રક-અ મુજબ.

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-અ**

| વર્ષ (જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** |
| ૧ | વેરાવળ | ૮૯૦૬૮ | ૫૭૯૦૯ | ૧૪૧૬૧૮ | ૨૩૪૧૨૩ | ૯૮૭૯૯ |
| ૨ | તાલાલા | ૮૭૮૧૨ | ૮૫૦૭૦ | ૩૦૪૮૧ | ૪૩૬૨૦ | ૨૭૬૭૧ |
| ૩ | સુત્રાપાડા | ૨૪૫૮૭ | ૩૪૧૬૫ | ૪૫૩૨૬ | ૨૦૫૦૩૦ | ૧૫૨૭૧૦ |
| ૪ | ઉના | ૫૭૮૯૫ | ૯૬૦૧૫ | ૨૦૫૩૪૮ | ૪૯૪૫૮૬ | ૧૩૨૭૧૬ |
| ૫ | કોડીનાર | ૬૩૧૯૭ | ૩૦૯૫૬ | ૧૯૬૬૧૪ | ૨૧૯૪૩૫ | ૧૬૭૯૯૧ |
| ૬ | ગીર ગઢડા | ૦ | ૦ | ૪૦૪૭ | ૧૭૩૩૪૬ | ૪૮૮૮૫ |
| | **કુલ** | **૩૨૨૫૫૯** | **૩૦૪૧૧૫** | **૬૨૩૪૩૪** | **૧૩૭૦૧૪૦** | **૬૨૮૭૭૨** |

**પત્રક-બ**

| બિનખેતી અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર સરકારને પ્રિમિયમ પેટે થયેલ આવક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ (આવક-રૂપિયામાં) | | | | | | |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** |
| ૧ | વેરાવળ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તાલાલા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ઉના | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | કોડીનાર | ૦ | ૯૧૯૨૭૪ | ૧૦૯૧૯૧૯૪ | ૧૧૯૭૭૯૦ | ૧૩૩૨૨૦૦ |
| ૬ | ગીર ગઢડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૯૧૯૨૭૪** | **૧૦૯૧૯૧૯૪** | **૧૧૯૭૭૯૦** | **૧૩૩૨૨૦૦** |

---------

**રાજ્યમાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા બાબત**

અતારાંકિતઃ ૬૧૧૦ (૨૩-૦૮-૨૦૧૯) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત શરતફેર અન્વયે જિલ્લાવાર, વર્ષવાર સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત શરતફેરની આપવામાં આવેલ જમીનમાં કેટલી જમીન ગણોતીયાની જમીનનો સમાવેશ થતો હતો?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૭-૦૪-૨૦૨૧)

(૧) પત્રક-અ મુજબ.

(૨) પત્રક-બ મુજબ.

(૩) પત્રક-ક મુજબ.

**પત્રક-અ**

**છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબ જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવી. (ક્ષેત્રફળ ચો.મી.)**

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૯૧૯૨૦૯ | ૪૩૩૭૦૯૬ | ૩૨૨૮૦૬૫ | ૪૨૫૮૬૨૩ | ૪૭૦૬૦૩૬ | ૨૧૪૪૯૦૨૯ |
| ૨ | અમરેલી | ૬૩૪૯૧૦૭ | ૨૬૩૭૩૧૭ | ૧૦૭૯૯૫૫૮ | ૩૦૯૬૫૦૦ | ૮૫૭૮૪૬ | ૨૩૭૪૦૩૨૮ |
| ૩ | આણંદ | ૫૦૮૯૧૫૫ | ૬૭૬૫૯૦૦ | ૧૧૩૯૫૪૦૮ | ૧૧૪૭૬૪૫૫૨ | ૭૩૮૧૭૭ | ૧૩૮૭૫૩૧૯૨ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૪૧૬૬૫૪ | ૭૪૩૮૮૮૧ | ૮૩૭૩૭૬૧ | ૪૧૬૯૮૪૩૪ | ૧૫૭૮૯૪૫૫ | ૯૦૭૧૭૧૮૫ |
| ૫ | ભરૂચ | ૭૫૨૬૨૯ | ૬૯૨૪૭૭ | ૪૯૧૩૩૫ | ૧૨૧૫૮૯૯ | ૧૨૬૫૧૮૯ | ૪૪૧૭૫૨૯ |
| ૬ | ભાવનગર | ૮૯૬૧૦ | ૫૨૫૩૫ | ૩૫૪૧૧ | ૧૬૯૩૩૦ | ૫૨૯૮૨ | ૩૯૯૮૬૮ |
| ૭ | દાહોદ | ૧૧૪૫૪૩ | ૧૬૫૮૪૩ | ૧૨૨૪૨૫ | ૧૩૮૯૨૭ | ૫૦૪૫૫ | ૫૯૨૧૯૩ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૮૦૦૦ | ૧૫૧૪૦ | ૨૩૧૪૦ |
| ૯ | ગાંધીનગર | ૨૧૩૩૬૬૧ | ૧૬૭૮૩૮૨ | ૫૦૦૯૯૦૦ | ૨૮૨૫૧૫૫૪ | ૨૯૮૧૩૬૬ | ૪૦૦૫૪૮૬૩ |
| ૧૦ | જામનગર | ૬૧૭૧૬ | ૨૫૯૮૦ | ૨૫૨૦૫ | ૬૦૧૬૬ | ૧૯૩૬૯ | ૧૯૨૪૩૬ |
| ૧૧ | જૂનાગઢ | ૩૩૦૮૨૧ | ૪૮૪૯૫૦ | ૫૧૩૭૨૩૯ | ૧૨૦૩૪૪૮ | ૫૨૯૮૭ | ૭૨૦૯૪૪૫ |
| ૧૨ | કચ્છ | ૨૬૨૩૨૫૩ | ૨૭૮૫૯૭૨ | ૧૧૧૩૪૨૬ | ૨૨૪૧૫૭૦ | ૧૩૩૯૧૬૦ | ૧૦૧૦૩૩૮૧ |
| ૧૩ | ખેડા | ૧૪૦૭૧૮૬ | ૯૦૬૦૪૭ | ૯૭૨૮૧૪ | ૧૦૮૯૦૪૭ | ૧૩૧૪૭૩૬ | ૫૬૮૯૮૩૦ |
| ૧૪ | મહેસાણા | ૭૮૦૭૦૯ | ૫૦૭૪૦૬ | ૩૭૧૬૨૪ | ૭૫૮૭૪૨ | ૯૩૨૬૦૪ | ૩૩૫૧૦૮૫ |
| ૧૫ | નર્મદા | ૨૦૮૬૩૧ | ૩૨૨૬૧૦ | ૩૧૬૭૩૪ | ૨૪૮૭૨૯૧૭ | ૪૬૦૮૭૯૨ | ૩૦૩૨૯૬૮૪ |
| ૧૬ | નવસારી | ૯૮૧૬૦૦ | ૮૭૫૭૭૬ | ૧૮૫૮૬૫૪ | ૧૫૪૧૫૫૮૩૩ | ૫૦૦૬૪૯ | ૧૫૮૩૭૨૫૧૨ |
| ૧૭ | પંચમહાલ | ૨૩૯૬૬૫ | ૨૪૨૦૮૭ | ૭૨૫૨૦૮ | ૬૨૫૦૯૩ | ૭૮૦૯૭૫ | ૨૬૧૩૦૨૮ |
| ૧૮ | પાટણ | ૬૧૬૧૯૩૭ | ૫૦૪૨૬૭૭ | ૨૭૦૫૬૭૪ | ૧૧૫૨૨૧૭૯ | ૩૮૬૬૫૮૭૮ | ૬૪૦૯૮૩૪૫ |
| ૧૯ | પોરબંદર | ૭૫૫૬૭૬ | ૨૭૯૯૪૨ | ૪૫૦૪૪૧ | ૪૯૦૬૬૫૪ | ૮૯૧૯૧ | ૬૪૮૧૯૦૪ |
| ૨૦ | રાજકોટ | ૨૮૯૫૪૨૬ | ૭૧૯૭૩૮ | ૧૦૬૦૮૦૫ | ૬૩૪૫૭૩૩ | ૧૩૯૭૧૯ | ૧૧૧૬૧૪૨૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૭૭૮૫૩૪ | ૧૩૨૭૮૬૧ | ૩૧૧૭૬૭૫ | ૧૪૮૯૮૫૪૨ | ૩૨૯૨૨૩ | ૨૦૪૫૧૮૩૫ |
| ૨૨ | સુરત | ૩૨૮૪૯૬૯ | ૩૬૨૮૯૧૨ | ૩૨૩૪૯૧૬ | ૩૦૫૯૨૭૦ | ૩૩૦૨૯૪૮ | ૧૬૫૧૧૦૧૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૬૯૫૩૧૫ | ૨૪૫૩૮૧૬ | ૩૮૨૯૭૯૭ | ૪૬૩૨૨૪૪૨ | ૨૫૨૪૨૦૪ | ૫૭૮૨૫૫૭૪ |
| ૨૪ | વડોદરા | ૧૧૫૯૨૯૧ | ૧૨૨૦૭૩૦ | ૧૯૫૩૧૯૫ | ૧૨૭૨૧૧૫ | ૧૨૫૨૭૫૭ | ૬૮૫૮૦૮૮ |
| ૨૫ | વલસાડ | ૫૧૫૪૦૬ | ૫૦૪૭૭૩ | ૩૬૦૧૫૪ | ૩૮૮૦૯૯ | ૬૫૫૦૮૬ | ૨૪૨૩૫૧૮ |
| ૨૬ | તાપી | ૧૨૧૨૧૫ | ૩૦૩૧૨૫ | ૨૯૩૬૯૯ | ૪૩૬૪૫૩ | ૧૯૨૫૨૮ | ૧૩૪૭૦૨૦ |
| ૨૭ | બોટાદ | ૨૨૯૩૭ | ૩૫૨૪૭ | ૬૪૪૪૨ | ૧૬૭૨૮ | ૦ | ૧૩૯૩૫૪ |
| ૨૮ | મોરબી | ૨૨૪૬૧ | ૩૫૫૧૧૫ | ૩૪૨૪૬૮ | ૩૭૦૯૭૯ | ૧૬૬૮૩૨ | ૧૨૫૭૮૫૫ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૫૩૧૬૫૪ | ૨૭૨૦૩૫ | ૨૦૦૨૮૩ | ૩૭૪૭૬૧ | ૪૬૦૯૫૦ | ૧૮૩૯૬૮૩ |
| ૩૦ | ગીર–સોમનાથ | ૪૧૩૬૫૨૩ | ૨૧૬૦૧૪૬ | ૨૫૦૩૭૮૮ | ૧૦૬૯૧૧૯ | ૩૭૪૧૯૮ | ૧૦૨૪૩૭૭૪ |
| ૩૧ | અરવલ્લી | ૧૫૧૦૨૭૧ | ૨૪૪૮૭૬ | ૪૪૨૦૯૦૯ | ૫૬૯૭૩૧૮ | ૩૬૭૨૫ | ૧૧૯૧૦૦૯૯ |
| ૩૨ | મહીસાગર | ૧૨૬૩૪૧ | ૨૨૩૩૫૪ | ૧૧૨૮૯૬ | ૧૫૧૫૭૯ | ૧૧૬૨૧ | ૬૨૫૭૯૧ |
| ૩૩ | છોટાઉદેપુર | ૨૬૧૨૩ | ૯૩૧૪૦ | ૨૧૫૦૦ | ૮૪૬૨૨ | ૧૦૩૬૬૭ | ૩૨૯૦૫૨ |
| | **કુલ** | **૬૮૨૪૨૨૨૮** | **૪૮૭૮૪૭૪૬** | **૭૪૬૪૯૪૦૯** | **૪૭૫૫૨૫૨૨૮** | **૮૪૩૧૧૪૪૫** | **૭૫૧૫૧૩૦૫૬** |

**પત્રક–બ**

**જિલ્લાવાર, વર્ષવાર સરકારને થયેલ આવક નીચે મુજબ છે.**

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૯૨૦૪૬૮૯૫૪ | ૪૭૯૦૩૨૧૩૨૭ | ૨૨૨૫૦૩૫૭૧૬ | ૨૪૦૭૯૧૧૧૧૫ | ૨૫૮૬૮૮૫૩૦૪ | ૧૪૯૩૦૬૨૨૪૧૬ |
| ૨ | અમરેલી | ૯૪૩૭૧૮ | ૧૭૪૯૫૭૮૦ | ૩૭૧૬૩૯૮૧ | ૬૭૯૫૧૯૧૮ | ૭૬૪૪૨૫૦ | ૧૩૧૧૯૯૬૪૭ |
| ૩ | આણંદ | ૩૨૪૨૭૫૬૬ | ૩૬૫૮૬૨૨૮ | ૭૨૬૨૫૬૮૮ | ૯૨૦૪૫૩૫૨ | ૧૮૭૦૭૭૧૧ | ૨૫૨૩૯૨૫૪૫ |
| ૪ | બનાસકાંઠા | ૮૮૮૮૭૩૮૦ | ૧૬૭૧૪૯૭૮૬ | ૫૮૫૪૭૪૮૪ | ૪૮૯૫૯૭૪૦ | ૧૦૪૯૪૧૮૪૧ | ૪૬૮૪૮૬૨૩૧ |
| ૫ | ભરૂચ | ૪૩૪૬૩૧૨૬ | ૧૨૬૧૩૦૨૭૧ | ૧૪૦૫૬૫૧૦૭ | ૧૯૭૯૦૦૪૪૭ | ૨૮૭૨૪૯૯૦૮ | ૭૯૫૩૦૮૮૫૯ |
| ૬ | ભાવનગર | ૨૬૭૫૩૨૨૩ | ૩૭૪૫૦૯૩૩ | ૪૧૯૬૭૦૮૦ | ૧૬૫૭૫૦૨૫૬ | ૨૨૨૬૫૮૬ | ૨૭૪૧૪૮૦૭૮ |
| ૭ | દાહોદ | ૧૬૧૫૭૦૧૪ | ૮૬૭૯૧૧૫૮ | ૧૮૦૫૭૨૮૭ | ૯૬૮૧૦૫૧૮ | ૫૯૮૪૧૮૩૭ | ૨૭૭૬૫૭૮૧૪ |

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૩૪૫૨૦૦ | ૩૮૩૪૫૦૦ | ૪૧૭૯૭૦૦ |
| ૯ | ગાંધીનગર | ૫૬૬૫૭૦૦૫૪ | ૩૯૧૩૦૬૪૪૧ | ૧૪૦૦૦૩૬૦૮ | ૩૪૨૨૮૪૩૨૭ | ૧૮૬૦૩૪૯૨૧૩ | ૩૩૦૦૫૧૩૬૪૩ |
| ૧૦ | જામનગર | ૧૪૭૬૫૮૨ | ૪૨૭૪૧૦ | ૫૭૩૫૧૪ | ૭૨૧૭૮૮૦ | ૮૨૫૧૫૮ | ૧૦૫૨૦૫૪૪ |
| ૧૧ | જૂનાગઢ | ૧૬૦૮૫૬૫૩ | ૯૮૮૩૮૪૪ | ૧૬૮૨૦૩૧૫ | ૪૩૯૭૮૦૧ | ૫૩૫૬૭૫૩ | ૫૨૫૪૪૩૬૬ |
| ૧૨ | કચ્છ | ૪૩૩૯૨૬૯૫૩ | ૪૭૭૮૦૫૯૫૦ | ૨૩૬૯૧૧૪૦૩ | ૪૨૬૬૧૮૭૨૨ | ૨૫૬૦૯૦૮૨૭ | ૧૮૩૧૩૫૩૮૫૫ |
| ૧૩ | ખેડા | ૨૮૧૬૨૯૫૩૩ | ૨૩૧૫૯૮૬૧૧ | ૨૨૩૨૫૦૧૯૩ | ૨૪૪૪૫૮૩૬૫ | ૩૧૯૧૫૭૫૪૮ | ૧૩૦૦૦૯૪૨૫૦ |
| ૧૪ | મહેસાણા | ૨૯૩૩૫૨૮૬૪ | ૧૮૩૯૯૦૦૪૫ | ૧૩૨૮૩૩૩૮૮ | ૧૯૬૭૪૧૩૧૧ | ૨૬૨૧૧૮૯૬૩ | ૧૦૬૯૦૩૬૫૭૧ |
| ૧૫ | નર્મદા | ૧૨૩૮૪૦૦ | ૨૮૩૪૩૪૬૪ | ૭૯૭૨૪૦૯ | ૪૯૧૭૩૪૦ | ૬૧૦૧૭૧૫ | ૪૮૫૭૩૩૨૮ |
| ૧૬ | નવસારી | ૮૮૦૬૬૫૪૩ | ૬૦૪૮૩૦૨૭ | ૬૫૨૬૬૯૮૧ | ૧૫૯૧૯૫૦૮ | ૮૯૯૭૩૧૧૩ | ૩૧૯૭૦૯૧૭૨ |
| ૧૭ | પંચમહાલ | ૮૮૫૨૨૬૩૧ | ૬૩૨૧૦૯૧૦ | ૧૮૦૩૫૦૫૬૩ | ૧૧૭૩૯૮૭૬૧ | ૧૭૧૬૮૧૯૩૧ | ૬૨૧૧૬૪૭૯૬ |
| ૧૮ | પાટણ | ૭૨૦૧૮૪૧૯ | ૨૮૨૬૪૯૭૭ | ૪૪૦૯૩૭૩૮ | ૩૧૦૯૧૩૦૫ | ૧૩૩૭૪૮૦૪૯ | ૩૦૯૨૧૬૪૮૮ |
| ૧૯ | પોરબંદર | ૨૧૧૧૧૨૯૬ | ૮૫૩૧૦૮૪ | ૨૦૯૪૪૪૪૯ | ૧૯૫૪૮૪૭૬ | ૧૨૭૮૫૬૭૮ | ૮૨૯૨૦૯૮૩ |
| ૨૦ | રાજકોટ | ૩૧૩૮૬૮૬૫ | ૧૨૧૬૬૩૩૧ | ૩૦૦૬૦૦૫૬ | ૮૨૩૮૪૨૦ | ૦ | ૮૧૮૫૧૬૭૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૮૬૪૨૬૨૪ | ૪૬૦૬૬૦૪૩ | ૭૬૫૧૩૮૯૧ | ૫૯૬૭૮૫૧૫ | ૭૬૨૪૭૯૯૧ | ૨૮૭૧૪૯૦૬૪ |
| ૨૨ | સુરત | ૪૪૩૫૯૯૨૪૨૧ | ૩૯૪૫૩૩૭૪૦૯ | ૪૪૨૬૨૫૭૦૩૨ | ૨૮૬૦૦૪૪૦૧૨ | ૨૦૭૬૨૦૧૩૮૭ | ૧૭૭૪૩૮૩૨૨૬૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૯૦૪૯૬૨ | ૫૮૯૧૨૬ | ૦ | ૪૬૬૭૪૯૦ | ૦ | ૭૧૬૧૫૭૮ |
| ૨૪ | વડોદરા | ૬૦૮૩૧૯૮૫૭ | ૯૩૮૧૨૪૧૨૯ | ૧૯૬૧૯૦૨૩૭૮ | ૧૧૬૬૧૦૮૯૫૬ | ૧૩૫૨૫૬૮૭૮૧ | ૬૦૨૭૦૨૪૧૦૧ |
| ૨૫ | વલસાડ | ૧૦૮૦૨૧૯૪૮ | ૧૦૮૫૫૭૨૩૦ | ૧૦૪૩૬૮૭૬૯ | ૮૦૦૩૬૯૮૬ | ૧૮૧૩૮૨૦૫૩ | ૫૮૨૩૬૬૯૮૬ |
| ૨૬ | તાપી | ૧૮૮૦૩૪૮૬ | ૨૨૨૭૨૪૬૫ | ૩૦૭૨૫૭૬૩ | ૪૯૦૯૩૧૧૮ | ૨૧૬૦૦૮૧૨ | ૧૪૨૪૯૫૬૪૪ |
| ૨૭ | બોટાદ | ૩૨૧૬૩૧૨ | ૪૧૭૯૦૬૭ | ૬૨૩૭૪૦ | ૧૩૩૮૨૭૯ | ૦ | ૯૩૫૭૩૯૮ |
| ૨૮ | મોરબી | ૫૯૯૧૩૭૯ | ૭૦૯૦૧૫૬૧ | ૭૩૮૩૫૯૨૩ | ૭૯૦૮૦૯૪૮ | ૧૬૮૯૭૧૩૯૧ | ૩૯૮૭૮૧૨૦૨ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૬૨૫૧૬૯૬૮ | ૨૨૯૭૫૨૧૯ | ૮૧૯૦૨૧૦ | ૬૯૪૮૧૯૮૧ | ૩૬૬૮૨૮૨૭ | ૧૯૯૮૪૭૨૦૫ |
| ૩૦ | ગીર-સોમનાથ | ૧૩૧૫૩૬ | ૨૩૯૬૦૪ | ૧૦૦૪૬૪ | ૧૮૩૨૨૮ | ૩૨૭૨૬૧ | ૯૮૨૦૯૩ |
| ૩૧ | અરવલ્લી | ૭૭૦૦૦૦૦ | ૯૩૬૦૦ | ૨૨૭૧૩૮૩ | ૩૫૬૧૮૩૮ | ૩૩૬૦૮૫૭૯ | ૪૭૨૩૫૪૦૦ |
| ૩૨ | મહીસાગર | ૧૮૩૪૫૯૬૧ | ૭૦૪૩૮૧૨૦ | ૫૪૯૦૯૧૧૯ | ૨૯૬૩૮૪૭૨ | ૧૯૯૭૩૦૦ | ૧૭૫૩૨૮૯૭૨ |
| ૩૩ | છોટાઉદેપુર | ૬૮૪૪૦૧૮ | ૪૧૧૧૯૬૯૦ | ૨૪૪૧૨૦૦ | ૨૦૨૯૯૧૨૬ | ૧૨૩૨૫૧૬૯ | ૮૩૦૨૯૨૦૩ |
| | **કુલ** | **૧૦૩૩૦૯૧૮૨૪૬** | **૧૨૦૨૮૮૩૦૮૪૦** | **૧૦૪૩૫૧૮૨૮૩૨** | **૮૯૧૯૭૧૯૭૧૧** | **૧૦૧૫૧૪૩૪૪૩૬** | **૫૧૮૬૬૦૮૬૦૬૫** |

**પત્રક-ક**

## ગણોતીયાની જમીન અને ગણોતીયાની સંખ્યા

| ક્રમ | જિલ્લાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧૬૧૩૦૨૯ | ૨૬૦૪ |
| ૨ | અમરેલી | ૧૪૦૧૬૪૩૮ | ૫૩૦ |
| ૩ | આણંદ | ૮૪૨૧૨૫૪૧ | ૧૬૯૧૩ |
| ૪ | બનાસકાંઠા | ૪૯૮૬૬૭૨ | ૬૭૨ |
| ૫ | ભરૂચ | ૩૩૭૭૩૦૮ | ૨૬૭ |
| ૬ | ભાવનગર | ૧૬૪૩૨૦ | ૧૨ |
| ૭ | દાહોદ | ૪૭૪૭૬ | ૧૨ |
| ૮ | ડાંગ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૩૧૧૭૦૫૨૨ | ૪૯૪૨ |
| ૧૦ | જામનગર | ૦ | ૦ |
| ૧૧ | જૂનાગઢ | ૦ | ૦ |
| ૧૨ | કચ્છ | ૧૦૨૨૮૪૩ | ૩૪ |
| ૧૩ | ખેડા | ૪૭૪૮૨૩૨ | ૭૨૦ |
| ૧૪ | મહેસાણા | ૨૩૩૬૭૧૨ | ૩૪૫ |
| ૧૫ | નર્મદા | ૫૬૦૯૭૦૯ | ૧૪૩૪ |
| ૧૬ | નવસારી | ૧૭૧૮૯૮૦૪ | ૪૭૧૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૯૩૮૪૮૫ | ૩૨૮ |
| ૧૮ | પાટણ | ૪૦૦૭૩૦૬૨ | ૩૧૬૩ |
| ૧૯ | પોરબંદર | ૦ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૦ | ૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૭૩૩૩૮ | ૧૮ |
| ૨૨ | સુરત | ૧૩૩૩૭૫૪૪ | ૧૫૦૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૨૨૦૮૪ | ૯ |
| ૨૪ | વડોદરા | ૪૯૫૨૩૫૫ | ૯૮૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા |
|---|---|---|---|
| ૨૫ | વલસાડ | ૧૧૧૩૧૬૫ | ૧૯૪ |
| ૨૬ | તાપી | ૧૧૧૬૯૦૩ | ૧૧૮ |
| ૨૭ | બોટાદ | ૪૭૪૫૦ | ૨ |
| ૨૮ | મોરબી | ૦ | ૦ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૩૦૮૧૦૫ | ૨૩ |
| ૩૦ | ગીર-સોમનાથ | ૫૩૫૯૧૧૪ | ૩૮૩ |
| ૩૧ | અરવલ્લી | ૩૮૧૦૫૬ | ૫૫ |
| ૩૨ | મહીસાગર | ૪૦૭૪૫૨ | ૬૮ |
| ૩૩ | છોટાઉદેપુર | ૨૧૫૫૯૫ | ૪૧ |
| | **કુલ** | **૨૫૦૩૪૧૩૧૪** | **૪૦૦૮૮** |

--------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૮૪૨૩ (૦૧-૦૧-૨૦૨૧) **ડો. અનીલ જોષીયારા** (ભિલોડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સન ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષમાં વર્ષવાર લેન્ડ ગ્રેબીંગની કેટલી ફરિયાદો જિલ્લા કલેક્ટરને મળી,

(૨) તે પૈકી તા.૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ થયો,

(૩) ઉક્ત સ્થિતિએ આરોપીઓ સામે શા પગલાં લેવાયા, અને

(૪) પડતર ફરિયાદોનો ક્યારે નિકાલ થશે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૮-૦૬-૨૦૨૧)

(૧)

| અરવલ્લી | સાબરકાંઠા |
|---|---|
| ૨૦૧૭- શૂન્ય<br>૨૦૧૮- શૂન્ય<br>૨૦૧૯- શૂન્ય | ૨૦૧૭- શૂન્ય<br>૨૦૧૮- શૂન્ય<br>૨૦૧૯- શૂન્ય |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**તાપી અને ડાંગ જિલ્લામાં પશુ ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં ગૌચર**

અતારાંકિતઃ ૮૯૭૮ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકારના પ્રસ્થાપિત ૧૦૦ પ્રાણીદીઠ ૪૦ એકર મુજબ કેટલા ગામોમાં પશુના ચરિયાણ માટે તેની વસ્તીના પ્રમાણમાં કેટલી ગૌચર હોવી જરૂરી છે,

(૨) તે સામે ઉક્ત તાલુકામાં કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે,

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચર જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) તે જમીનો ક્યાં સુધી નીમ કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૫-૦૬-૨૦૨૧)

(૧) પત્રક સામેલ છે.(કોલમ-૪ મુજબ)

(૨) પત્રક સામેલ છે.(કોલમ-૫ મુજબ)

(૩) તાપી- વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી.

ડાંગ- ડાંગ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ફોરેસ્ટ હેઠળ આવેલ છે. આ વિસ્તારમાં રહેતા લોકોને જંગલની જમીનમાં ઢોર ચરાવવા માટે વન અધિકાર હેઠળ અધિકાર પ્રાપ્ત થયેલ છે. આથી જિલ્લામાં પુરતા પ્રમાણમાં પશુ ચરિયાણ માટે જમીન ઉપલબ્ધ છે. જેથી ગૌચર માટે અલગથી જમીન નીમ કરવાની જરૂરિયાત રહેતી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | ગૌચરની જરૂરિયાત (એ.ગું) | ઉપલબ્ધ ગૌચર જમીન |
|---|---|---|---|---|
| તાપી | વ્યારા | ૯૧ | ૩૫૨૦૨.૮૫ | ૬૯૧૦.૯૧ |
| | ડોલવણ | ૫૮ | ૧૩૬૦૭ | ૩૯૨૧ |
| | વાલોડ | ૪૦ | ૫૪૪૮.૪ | ૨૭૦.૩૪ |
| | સોનગઢ | ૧૭૧ | ૩૭૭૦૯ | ૮૦૨૮ |
| | ઉચ્છલ | ૨૪ | ૨૧૪૮૦ | ૯૫૦૨ |
| | નિઝર | ૩૬ | ૩૯૨ | ૪૫૯.૦૫ |
| | કુકરમુંડા | ૪૯ | ૧૧૭૧૫.૨ | ૧૧૪૧૧.૯૫ |
| ડાંગ | આહવા | ૧૨૩ | ૨૦૩૯૫.૨ | **શૂન્ય** (ડાંગ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ફોરેસ્ટ હેઠળ આવેલ છે. આ વિસ્તારમાં રહેતા લોકોને જંગલની જમીનમાં ઢોર ચરાવવા માટે વન અધિકાર હેઠળ અધિકાર પ્રાપ્ત થયેલ છે. આથી જિલ્લામાં પુરતા પ્રમાણમાં પશુ ચરિયાણ માટે જમીન ઉપલબ્ધ છે. જેથી ગૌચર માટે અલગથી જમીન નીમ કરવાની જરૂરિયાત રહેતી નથી.) |
| | વઘઇ | ૯૬ | ૧૬૮૮૪ | |
| | સુબીર | ૯૨ | ૧૮૪૦૯.૨ | |

--------

### અમરેલી જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત

અતારાંકિતઃ ૯૦૯૮ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની કેટલી ફરિયાદો જિલ્લા કલેક્ટરને મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) આરોપીઓ સામે શા પગલાં લેવાયા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૮-૦૪-૨૦૨૧)

(૧) કુલ-૦૭

(૨) નિકાલ થયેલ કુલ-૦૪ ફરિયાદો પૈકી ૦૨ કેસમાં એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી અને ૦૨ કેસ દફતરે કરવામાં આવેલ છે. તથા ૦૩ કેસ પેન્ડિંગ છે.

(૩) એફ.આઇ.આર. દાખલ કરવામાં આવેલ છે.

--------

### રાજ્યમાં જમીન માપણીના પડતર કેસો

અતારાંકિતઃ ૯૨૬૮ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લાવાર જમીન માપણીના કેટલા કેસો પડતર છે,

(૨) પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) તમામ કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૭-૦૬-૨૦૨૧)

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લાવાર જમીન માપણીના પડતર કેસોની વિગત આ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) માપણીના કેસો પડતર રહેવાના કારણો આ સાથે સામેલ પત્રક-૨ મુજબ છે.

(૩) ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૯૭૦૩ કેસો પડતર છે. જે પૈકી ૬૭૧૪ કેસોનો નિકાલ થયેલ છે અને ૨૯૮૯ કેસો પડતર છે. આ પડતર કેસોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

**પત્રક-૧**

| અનુ ક્ર. | જિલ્લો | તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જમીન માપણીના પડતર કેસો | નિકાલ કરેલ કેસો | તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ પડતર કેસો |
|---|---|---|---|---|
| ૧ | પોરબંદર | ૮૮૭ | ૨૮૮ | ૫૯૯ |
| ૨ | વલસાડ | ૮૮ | ૬૬ | ૨૨ |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| અનુ ક. | જિલ્લો | તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જમીન માપણીના પડતર કેસો | નિકાલ કરેલ કેસો | તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ પડતર કેસો |
|---|---|---|---|---|
| ૩ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૪ | જામનગર | ૧૧૮ | ૧૦૦ | ૧૮ |
| ૫ | અમદાવાદ | ૭૬ | ૭૬ | ૦ |
| ૬ | તાપી | ૨૯ | ૨૯ | ૦ |
| ૭ | ભરૂચ | ૩૨૧ | ૨૧૦ | ૧૧૧ |
| ૮ | છોટાઉદેપુર | ૮૧ | ૮૧ | ૦ |
| ૯ | પંચમહાલ | ૧૮૨ | ૯૪ | ૮૮ |
| ૧૦ | આણંદ | ૪૭૫ | ૪૭૫ | ૦ |
| ૧૧ | ગીર-સોમનાથ | ૪૨૯ | ૨૦૫ | ૨૨૪ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧૨૪ | ૧૧૦ | ૧૪ |
| ૧૩ | વડોદરા | ૨૦૪ | ૨૦૪ | ૦ |
| ૧૪ | અરવલ્લી | ૭૩ | ૧૮ | ૫૫ |
| ૧૫ | પાટણ | ૧૮૧ | ૧૦૬ | ૭૫ |
| ૧૬ | મોરબી | ૩૯૬ | ૩૯૬ | ૦ |
| ૧૭ | નર્મદા | ૪૫૧ | ૪૩૨ | ૧૯ |
| ૧૮ | સાબરકાંઠા | ૯૭૨ | ૩૯૬ | ૫૭૬ |
| ૧૯ | મહેસાણા | ૧૧૯ | ૧૧૬ | ૩ |
| ૨૦ | નવસારી | ૨૭૮ | ૨૩૮ | ૪૦ |
| ૨૧ | દેવભૂમિ-દ્વારકા | ૩૧૧ | ૨૪૪ | ૬૭ |
| ૨૨ | બનાસકાંઠા | ૪૧૧ | ૩૮૮ | ૨૩ |
| ૨૩ | ખેડા | ૧૯૭ | ૧૭૬ | ૨૧ |
| ૨૪ | દાહોદ | ૩૪૮ | ૨૮૭ | ૬૧ |
| ૨૫ | બોટાદ | ૨૨૪ | ૨૦૩ | ૨૧ |
| ૨૬ | જૂનાગઢ | ૫૯૦ | ૨૮૧ | ૩૦૯ |
| ૨૭ | અમરેલી | ૧૩૯ | ૯૬ | ૪૩ |
| ૨૮ | ગાંધીનગર | ૯૨ | ૯૨ | ૦ |
| ૨૯ | ભાવનગર | ૫૨૨ | ૩૫૩ | ૧૬૯ |
| ૩૦ | કચ્છ | ૧૯૩ | ૧૯૩ | ૦ |
| ૩૧ | મહિસાગર | ૬૮ | ૬૮ | ૦ |
| ૩૨ | રાજકોટ | ૯૯૨ | ૫૬૧ | ૪૩૧ |
| ૩૩ | સુરત | ૧૩૨ | ૧૩૨ | ૦ |
| | **કુલ કેસો** | **૯૭૦૩** | **૬૭૧૪** | **૨૯૮૯** |

**પત્રક-૨**

- રી-સર્વે વાંધા અરજી નિકાલની કામગીરી, ગામઠાણ, બીનખેતી પ્રોપર્ટીકાર્ડની કામગીરીમાં સ્ટાફ રોકાયેલ હોવાથી.
- અમુક માપણી કેસોમાં અરજદારશ્રી દ્વારા મુદત માંગવામાં આવેલ હોવાના કારણે.
- સરકારશ્રીના અન્ય મહત્વના પ્રોજેક્ટની માપણી કામગીરી.
- કોર્ટ કમિશનર કેસો તથા જમીન સંપાદનના ટોપ પ્રાયોરીટીના માપણી કેસોની કામગીરી.
- કોવીડ-૧૯ લોકડાઉનના કારણોસર તેમજ કોવીડ ડ્યુટીમાં સ્ટાફ રોકાયેલ હોઇ.
- અમુક માપણીના કિસ્સામાં સ્થળ પર ઝાડી-ઝાંખરા, મોટી વાડો, ખેતીનો પાક ઉભો હોવાથી.
- અમુક કિસ્સામાં સહહિસ્સેદાર તથા લાગુ કબજેદાર માપણી સમયે હાજર ન રહેલ હોઇ.
- ચવ, રાવળા હક્ક, ગામતળની માપણીમાં સર્વેયરશ્રીઓ રોકાયેલ હોઇ.
- વરસાદ સીઝન દરમ્યાન માપણી કામગીરી ન થઇ શકવાના કારણોસર.
- કેટલાક માપણી કેસોમાં સર્વે નંબરમાં સ્થળે નંબરો વધુ પ્રમાણમાં હોઇ.

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

- કબ્જાફેર કે તકરારના કિસ્સામાં બાકી રહેવાના કારણોસર.
- સાંથણીની જમીનની માપણીના કેસોમાં પૂર્તતા થયેલ ન હોવાના કારણોસર.

--------

**અમરેલી જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૩૧૪ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા)**: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં અમરેલી જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની કેટલી ગુનાહિત ઘટનાઓ નોંધાયેલી છે, અને

(૨) તા.૧૫-૦૧-૨૦૨૧ની સ્થિતિએ આવી પ્રવૃત્તિ કરનારા સામે ઉક્ત એક્ટ અન્વયે કેટલી ઘટનામાં કાર્યવાહી કરવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૮-૦૪-૨૦૨૧)

(૧) કુલ-૦૭ ફરિયાદો મળી,

(૨) ૦૨ કેસમાં F.I.R. દાખલ કરવામાં આવી, ૦૨ કેસ દફતરે કરવામાં આવેલ અને ૦૩ કેસ પેન્ડિંગ છે.

--------

**છોટા ઉદેપુર જિલ્લામાં જમીન સંપાદનના વળતરની અરજીઓ**

અતારાંકિતઃ ૯૪૯૨ (૦૪-૦૨-૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર)**: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે થયેલી કેટલી અપીલો પડતર છે,

(૨)ઉક્ત અપીલો પૈકી કેટલી અપીલો એક વર્ષ અને કેટલી અપીલો ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અપીલોનો નિકાલ કરવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૬-૦૪-૨૦૨૧)

(૧)તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે કોઈ અરજીઓ પડતર નથી.

(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નવસારી અને વલસાડ જિલ્લામાં જમીન સંપાદનના વળતરની અરજીઓ**

અતારાંકિતઃ ૯૪૯૮ (૦૪-૦૨-૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા)**: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે થયેલી કેટલી અપીલો પડતર છે,

(૨)ઉક્ત અપીલો પૈકી કેટલી અપીલો એક વર્ષ અને કેટલી અપીલો ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અપીલોનો નિકાલ કરવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૮-૦૬-૨૦૨૧)

(૧)તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જમીન સંપાદનના વળતર બાબતે પડતર અપીલ અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | નવસારી | ૧૫૪ |
| ૨ | વલસાડ | ૭ |

(૨) ઉક્ત અપીલો પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | એક વર્ષ કરતાં ઓછા સમયથી પડતર અરજીઓ | એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ | ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | નવસારી | ૧૫૪ | શૂન્ય | શૂન્ય |
| ૨ | વલસાડ | ૭ | શૂન્ય | શૂન્ય |

(૩)

| ક્રમ | જિલ્લો | ત્રણ વર્ષમાં નિકાલ કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નોની યાદી

| | | |
|---|---|---|
| ૧ | નવસારી | શૂન્ય |
| ૨ | વલસાડ | શૂન્ય |

---------

**વિભાગ દ્વારા સામાન્ય વહીવટ વિભાગને અહેવાલ મોકલવા બાબત**

અતારાંકિતઃ ૯૫૬૧ (૦૮–૦૩–૨૦૨૧) **શ્રી કાન્તિભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચર જમીનના અન્ય ઉપયોગ માટે મહેસૂલ વિભાગે કરેલ ઠરાવનો ભંગ કરી ફરજમાં નિષ્કાળજી દાખવ્યાની આઇ.એ.એસ. અધિકારીઓ સામેની ફરિયાદો અન્વયે તપાસ અહેવાલ મોકલવા મહેસૂલ વિભાગને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ક્યારે–ક્યારે જણાવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા સામાન્ય વહીવટ વિભાગને ક્યારે–ક્યારે તપાસ અહેવાલ મોકલવામાં આવેલ છે, અને

(૩) જો તપાસ અહેવાલ મોકલવામાં ન આવ્યા હોય તો તેના કારણો શું છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૦–૦૫–૨૦૨૧)

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચર જમીનના અન્ય ઉપયોગ માટે મહેસૂલ વિભાગે કરેલ ઠરાવનો ભંગ કરી ફરજમાં નિષ્કાળજી દાખવ્યાની આઇ.એ.એસ. અધિકારીઓ સામેની ફરિયાદો અન્વયે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક કિસ્સામાં તપાસ અહેવાલ મોકલવા તા.૧૪/૦૩/૨૦૧૯, તા.૨૮/૦૬/૨૦૧૯, તા.૦૫/૦૮/૨૦૧૯, તા.૦૬/૦૮/૨૦૧૯, તા.૨૮/૦૮/૨૦૧૯, તા.૨૦/૦૯/૨૦૧૯, તા.૦૨/૧૨/૨૦૧૯, તા.૧૧/૦૩/૨૦૨૦, તા.૧૧/૦૯/૨૦૨૦ અને તા.૦૨/૧૨/૨૦૨૦ ના પત્રોથી મહેસૂલ વિભાગને જણાવેલું છે.

(૨) તે અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા તા.૧૮/૦૮/૨૦૨૦ના પત્રથી અહેવાલ અને તા.૨૩/૧૦/૨૦૨૦ના પત્રથી પૂર્તતા અહેવાલ મોકલવામાં આવેલ છે.

(૩) મહેસૂલ વિભાગ દ્વારા તા.૧૮/૦૮/૨૦૨૦ના પત્રથી અહેવાલ રજૂ કરેલ હતો જે અન્વયે સા.વ.વિ.એ તેઓના તા.૧૧/૦૯/૨૦૨૦ના પત્રથી પૂર્તતા કરવા જણાવતા મહેસૂલ વિભાગ દ્વારા તા.૨૩/૧૦/૨૦૨૦ના પત્રથી પૂર્તતા અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સા.વ.વિ.એ તેઓના તા.૦૨/૧૨/૨૦૨૦ના પત્રથી પુનઃ વિશેષ પૂર્તતા કરવા જણાવેલ જે અન્વયે મહેસૂલ તપાસણી કમિશનર કચેરીને જરૂરી અભિપ્રાય આપવા જણાવવામાં આવેલ છે. મહેસૂલ તપાસણી કમિશનર કચેરી તરફથી અભિપ્રાય રજૂ થયેથી સામાન્ય વહીવટ વિભાગને પૂર્તતા અહેવાલ મોકલી આપવામાં આવનાર છે.

---------

**રાજ્યમાં મેન હોલમાં ઉતરતા ગટર કામદારોના મૃત્યુ**

અતારાંકિતઃ ૮૭૯૬ (૨૨–૦૧–૨૦૨૧) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૯–૨૦ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટે ગટરના મેન હોલમાં કામદારોને નહીં ઉતારવા તેમજ મશીનોથી જ સફાઇ કરવા અને કોન્ટ્રાકટ સીસ્ટમ બંધ કરવા ચુકાદો આપ્યો છે તે હકીકત સાચી છે,

(૨) આ ચુકાદા વિરુધ્ધ ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગટર કામદારોને કઇ કઇ જગ્યાએ મેન હોલમાં ઉતરતા ઝેરી ગેસથી મૃત્યુ પામ્યાં,

(૩) ઉકત બાબતે જવાબદારો સામે શા પગલાં લેવાયા, અને

(૪) આવી દુર્ઘટના પુનઃ ન બને તે માટે શી વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૦૭–૦૫–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ચુકાદા વિરુધ્ધ તા.૩૦/૦૩/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૨૪–ગટર કામદારો નીચે જણાવેલા જિલ્લાઓમાં મેન હોલમાં ઉતરતા ઝેરી ગેસથી મૃત્યુ પામેલ છે.

અમદાવાદ–૪, અમરેલી–૨, વડોદરા–૭, સુરત–૭, સાબરકાંઠા–૧, રાજકોટ–૧, સુરેન્દ્રનગર–૨

(૩) પ્રસ્તુત બાબતે જવાબદારો સામે ગુન્હો દાખલ કરી નિયમાનુસારની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૪) આવી દુર્ઘટના પુન: ન બને તે માટે ગટર મેઇન હોલની સફાઇ યાંત્રિક સાધનોની મદદથી જ કરવામાં આવે છે તેમજ તે માટે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નીચે મુજબની માર્ગદર્શિકાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

(અ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:ટીએસસી/ ૧૦૨૦૧૪/ ૭૦૩૨૨/લ થી ગુજરાત રાજ્યની તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તથા

ગ્રામ પંચાયતોમાં સફાઇ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઇ કામદારોનાં અપમૃત્યુ– અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવામાં આવેલ છે.

(બ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:ઈએસટી/ ૧૩૨૦૦૧/૩૫૮૪/આર થી ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સફાઇ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઇ કામદારોનાં અપમૃત્યુ – અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવામાં આવેલ છે.

(ક) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા. ૧૦/૦૫/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:ઈએસટી/ ૧૩૨૦૦૧/૩૫૮૪/ આર થી નગરપાલિકાઓમાં સફાઇ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઇ કામદારોનાં અપમૃત્યુ – અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

--------

**રાજ્યના જિલ્લા મથકોમાં રેન બસેરા ની જરૂરિયાત**

અતારાંકિતઃ ૮૧૪૯ (૦૪–૦૧–૨૦૨૧) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના જિલ્લા મથકોમાં કેટલા ‘‘રેનબસેરા’’ ની જરૂરિયાત છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રેનબસેરા ઉપલબ્ધ છે, અને

(૩) બાકીના રેન બસેરા ક્યાં સુધીમાં ઉભા કરવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૨૮–૦૫–૨૦૨૧)

(૧) ભારત સરકારના આવાસ અને શહેરી ગરીબી નિર્મુલન મંત્રાલયના ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંકઃ F. No. K-14014/ 58/(19)/2012-USD, તા.૧૩–૧૨–૨૦૧૩ થી રેન બસેરા યોજનાને ભળતી "Scheme of Shelter for Urban Homeless (SUH)" (ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનો) અમલમાં છે.

(૨) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના જિલ્લા મથકોમાં ૧૦૨ આશ્રય સ્થાનો (રેનબસેરા) શહેરી ઘર વિહોણા લોકો માટે ઉપલબ્ધ છે.

(૩) "Scheme of Shelter for Urban Homeless (SUH)" (ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનો) અમલમાં હોવાથી રેનબસેરા ઉભા કરવાના રહેતા નથી.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૮૯૯૬, ૯૧૯૫ | ૦૨ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૬૩૩૪, ૮૯૯૫, ૮૯૯૮, ૯૦૦૧ | ૦૪ |
| ૩ | નાણા વિભાગ | ૯૪૯૯ | ૦૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૮૫૭૨ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૯૦૨, ૭૯૭૯, ૮૦૭૪, ૮૧૫૨, ૮૧૭૭, ૮૨૫૦, ૮૩૬૯, ૮૪૯૦, ૮૮૮૪, ૯૦૪૭, ૯૦૫૨, ૯૧૯૮, ૯૩૮૦ | ૧૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૮૧૨૮, ૮૧૮૪, ૮૯૩૫, ૯૩૫૪ | ૦૪ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૯૫૧૯ | ૦૧ |
| ૮ | કાયદા વિભાગ | ૯૩૮૫ | ૦૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૮૭૯૫, ૯૫૫૯ | ૦૨ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૬૦૧, ૮૮૪૭, ૮૯૦૩, ૮૯૨૪, ૮૯૨૯, ૮૯૫૧, ૮૯૫૨, ૮૯૫૫, ૮૯૭૭ | ૦૯ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૨૫૩૩, ૬૧૧૦, ૮૪૨૩, ૮૯૭૮, ૯૦૯૮, | ૧૦ |

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| | | ૯૨૬૮,<br>૯૩૧૪, ૯૪૯૨, ૯૪૯૮, ૯૫૬૧ | |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૭૯૬ | ૦૧ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૮૧૪૯ | ૦૧ |
| | કુલ | | ૫૦ |

--------

**ત્રીજી અતારાંકિત યાદી**

**મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૭૯૮૬ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા, ઉંઝા, વિસનગર, વિજાપુર, ખેરાલુ, સતલાસણા, જોટાણા, બેચરાજી, કડી અને વડનગર તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૭૯૯૦ (૨૧-૧૧-૨૦૨૦) **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) અરવલ્લી જિલ્લામાં તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ મોડાસા, ધનસુરા, બાયડ, ભિલોડા, મેઘરજ તથા માલપુર તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે. તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગાંધીનગર જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૭૯૯૪ (૨૧-૧૧-૨૦૨૦) **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, માણસા, કલોલ, દેહગામ તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**મોરબી જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૧૨ (૧૭–૧૦–૨૦૨૦) **શ્રી લલિતભાઇ કગથરા** (ટંકારા): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ મોરબી જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯–૦૭–૨૦૨૧)

(૧) મોરબી જિલ્લામાં તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જિલ્લાના મોરબી, હળવદ, વાંકાનેરમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે. તમામ તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જામનગર જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૧૪ (૨૧–૧૧–૨૦૨૦) **શ્રી પ્રવિણભાઇ મુસડીયા**(કાલાવડ): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯–૦૭–૨૦૨૧)

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર, કાલાવડ, ધ્રોલ, જોડીયા, જામજોધપુર, લાલપુર તમામ તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જૂનાગઢ જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૨૩ (૨૧–૧૧–૨૦૨૦) **શ્રી બાબુભાઇ વાજા**(માંગરોળ): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯–૦૭–૨૦૨૧)

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના (૧) જૂનાગઢ (૨) ભેંસાણ (૩) વિસાવદર (૪) મેંદરડા (૫) વંથલી (૬) કેશોદ (૭) માંગરોળ (૮) માળીયા–હાટીના (૯) માણાવદર આમ તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**છોટા ઉદેપુર જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૪૭ (૨૧–૧૧–૨૦૨૦) **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯–૦૭–૨૦૨૧)

(૧) છોટા ઉદેપુર જિલ્લાના ૬ તાલુકા છોટા ઉદેપુર, જેતપુર પાવી, બોડેલી, સંખેડા, ક્વાંટ, નસવાડી તમામ તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**વડોદરા જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૪૯ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી જશપાલસિંહ પઢિયાર**(પાદરા): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના વડોદરા, પાદરા, કરજણ, સાવલી, શિનોર, ડભોઇ, વાઘોડીયા, ડેસર તાલુકામાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે, તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નર્મદા જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૫૧ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા**(નાંદોદ): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) નર્મદા જિલ્લાના તમામ તાલુકામાં (૧) નાંદોદ (૨) તિલકવાડા (૩) દેડીયાપાડા (૪) સાગબારા (૫) ગરૂડેશ્વર તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ભરૂચ જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૫૩ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના વાગરા, અંકલેશ્વર, આમોદ, જંબુસર, ઝગડીયા, હાંસોટ, વાલીયામાં મુખ્ય માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે. જ્યારે વાગરા તાલુકામાં તથા નેત્રંગ તાલુકામાં સબમુખ્યયાર્ડની સવલત ઉપલબ્ધ છે. તમામ તાલુકામાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**તાપી જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૫૭ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી પુનાભાઇ ગામિત** (વ્યારા): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ તાપી જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૯-૦૭-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા, નિઝર, કુકરમુંડા, વાલોડ, સોનગઢ, ઉચ્છલમાં મુખ્ય માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે તથા ડોલવણ તાલુકામાં સબમાર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ છે. તમામ તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત ઉપલબ્ધ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં અખાદ્ય કચરો ખાવાથી ગાયોના મૃત્યુ**

અતારાંકિતઃ ૯૦૮૫ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી વિમલભાઇ ચુડાસમા**(સોમનાથ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અખાદ્ય કચરો ખાઇ જવાથી ફરતી ગાયો લાંબા સમયથી મૃત્યુ પામી રહી છે તે હકીકત સાચી છે,

(૨) આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારે શું આયોજન કર્યું છે, અને

(૩) આ કામગીરી કોને સોંપાઇ છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૩-૦૭-૨૦૨૧)

(૧) પશુપાલન ખાતાના રેકર્ડ પર આવા કોઇ કેસ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં 'કરૂણા એમ્બ્યુલન્સ'**

અતારાંકિતઃ ૯૧૯૯ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)રાજ્યમાં તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લાઓમાં '૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ' કાર્યરત છે,

(૨) જે જિલ્લામાં કરૂણા એમ્બ્યુલન્સ કાર્યરત ન હોય ત્યાં ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે, અને

(૩) સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં તે માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૩-૦૭-૨૦૨૧)

| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭૯૮૬, ૭૯૯૦, ૭૯૯૪, ૮૦૧૨, ૮૦૧૪, ૮૦૨૩, ૮૦૪૭, ૮૦૪૯, ૮૦૫૧, ૮૦૫૩, ૮૦૫૭, ૯૦૮૫, ૯૧૯૯, ૯૨૦૨, ૯૩૪૨ | ૧૫ |
| ૨ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૮૪૫ | ૦૧ |
| ૩ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૧૩૪, ૭૧૩૫, ૭૧૩૭, ૭૧૫૮, ૭૧૬૭, ૭૧૮૬, ૭૨૦૨, ૭૮૭૩, ૮૩૯૭, ૮૪૯૧, ૮૫૪૬, ૮૫૫૪, ૮૫૫૮, ૮૫૭૫, ૮૫૮૩, ૮૫૮૮, ૮૫૯૨, ૮૫૯૬, ૮૬૦૭, ૮૬૧૦, ૮૬૩૦, ૮૬૩૮, ૮૬૫૧, ૮૬૫૮, ૮૬૫૯, ૮૬૬૨, ૮૬૬૯, ૮૬૭૪, ૮૮૭૯ | ૨૯ |
| ૪ | મહેસૂલ વિભાગ | ૮૯૨૫, ૯૪૪૫, ૯૪૭૨, ૯૪૮૧ | ૦૪ |
| ૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૫૮૮ | ૦૧ |
| | | **કુલ** | **૫૦** |

--------

## ચોથી અતારાંકિત યાદી

**અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં વન્ય પક્ષીઓનું વેચાણ**

અતારાંકિતઃ ૯૨૨૬ (૧૧-૦૫-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં વન્ય પક્ષીઓનું અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્થળોએ વન્ય પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણ કરનારાઓ સામે શાં પગલાં લેવામાં આવ્યાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં વન્ય પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણ બંધ કરવાં શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી :** (૧૪-૦૭-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) વન્ય પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણ કરનાર સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩)

- ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સઘન ફેરણું કરવામાં આવે છે.

- પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણ થતું હોય તેવા શંકાસ્પદ સ્થળો ઉપર અવાર–નવાર દરોડા પાડવામાં આવે છે.
- વન્ય પક્ષીઓનું વેચાણ કરવાના પ્રકરણમાં પકડાયેલ ઇસમો સામે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.
- વન્યજીવ અપરાધ રોકવા સબબ બાતમી કે ફરિયાદ મેળવવા મોબાઈલ નંબરઃ ૯૭૨૭૭ ૨૭૮૨૬ કાર્યરત કરવામાં આવેલ છે. વિગતો મળ્યેથી તુર્તજ કાર્યવાહી કરવામાં આવે છે.
- વન્યજીવ અપરાધ માટે દંડ અને સજાની જોગવાઈઓની સમાચારપત્રોમાં જાણકારી આપી ગેરકાયદે વેચાણ નહીં કરવા ચેતવણી આપવામાં આવે છે.

--------

**રાજ્યમાં હોમ આઇસોલેશન દર્દીઓને ઓક્સિજન બોટલ રીફીલ ન કરી આપવા બાબત**

અતારાંકિતઃ ૯૫૯૮ (૦૧–૦૬–૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં એપ્રિલ–૨૦૨૧ માસ દરમ્યાન હોમ આઇસોલેશનમાં હોય તેવા કોરોનાનાં દર્દીઓને ઓક્સિજન બોટલ રીફીલ ન કરી આપવા બાબત નિર્ણય લેવામાં આવ્યો હતો, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત નિર્ણય લેવાના કારણો શા હતા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૫–૦૭–૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મોરબી, કચ્છ અને રાજકોટ જિલ્લામાં કોરોના ટેસ્ટની કીટ ફાળવવા બાબત**

અતારાંકિતઃ ૯૫૯૯ (૦૧–૦૬–૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૪–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં મોરબી, કચ્છ અને રાજકોટ જિલ્લામાં RTPCR અને રેપીડ ટેસ્ટ માટે કેટલી કીટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કેટલી કીટનો ઉપયોગ કરવામાં આવ્યો, અને

(૩) આ કીટો પૈકી કઈ–કઈ કીટને ICMR ની માન્યતા પ્રાપ્ત હતી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૫–૦૭–૨૦૨૧)

(૧)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **આરટીપીસીઆર ટેસ્ટ કીટની સંખ્યા** | **રેપીડ ટેસ્ટ કીટની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | મોરબી | ૪૦૦૦ | ૯૧,૮૫૦ |
| ૨ | કચ્છ | ૪૫,૦૦૦ | ૧,૨૭,૪૨૫ |
| ૩ | રાજકોટ | – | ૪,૭૫,૯૦૦ |

(૨) RTPCR અને રેપીડ ટેસ્ટ કીટનો સંપૂર્ણ વપરાશ થયેલ છે.

(૩) આ કીટો પૈકી જી.એમ.એસ.સી.એલ દ્વારા સપ્લાય કરવામાં આવેલ તમામ ટેસ્ટ કીટ આઈ.સી.એમ.આર. દ્વારા માન્યતા પ્રાપ્ત હતી.

--------

**રાજ્યમાં કોરોનાના દર્દીઓને મફત સારવાર**

અતારાંકિતઃ ૯૬૨૬ (૧૫–૦૬–૨૦૨૧) **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૩૧–૦૫–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કયા–કયા જિલ્લામાં કેટલા દર્દીઓએ ''મા–અમૃતમ'' માં કાર્ડ અને પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા હેઠળ કોરોનાની મફત સારવાર લીધી, અને

(૨) આ સારવાર અન્વયે કેટલો ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવ્યો ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)**:** (૧૭–૦૭–૨૦૨૧)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ

**પત્રક–૧**

| ક્રમ | રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા હેઠળ જિલ્લાવાર કોરોનાની મફત સારવાર લીધેલ દર્દીઓની માહિતી | | રાજ્યમાં ''મા અમૃતમ'' માં કાર્ડ હેઠળ જિલ્લાવાર કોરોનાની મફત સારવાર લીધેલ દર્દીઓની માહિતી | | રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા અને ''મા અમૃતમ'' માં કાર્ડ હેઠળ જિલ્લાવાર કોરોનાની મફત સારવાર લીધેલ કુલ દર્દીઓની માહિતી | |
|---|---|---|---|---|---|---|
| | જિલ્લાનું નામ | દર્દીની સંખ્યા | જિલ્લાનું નામ | દર્દીની સંખ્યા | જિલ્લાનું નામ | દર્દીની સંખ્યા |
| ૧ | અમદાવાદ | ૨૫૯ | અમદાવાદ | ૧૨૦૫ | અમદાવાદ | ૧૪૬૪ |
| ૨ | અમરેલી | ૫૬ | અમરેલી | ૨૪૩ | અમરેલી | ૨૯૯ |
| ૩ | આણંદ | ૧૯૦ | આણંદ | ૩૭૩ | આણંદ | ૫૬૩ |
| ૪ | અરવલ્લી | ૩૧ | અરવલ્લી | ૭૨ | અરવલ્લી | ૧૦૩ |
| ૫ | બનાસકાંઠા | ૬૨ | બનાસકાંઠા | ૧૯૧ | બનાસકાંઠા | ૨૫૩ |
| ૬ | ભરૂચ | ૭૧ | ભરૂચ | ૧૩૫ | ભરૂચ | ૨૦૬ |
| ૭ | ભાવનગર | ૩૨ | ભાવનગર | ૨૧૩ | ભાવનગર | ૨૪૫ |
| ૮ | બોટાદ | ૩૪ | બોટાદ | ૭૩ | બોટાદ | ૧૦૭ |
| ૯ | છોટાઉદેપુર | ૯૦ | છોટાઉદેપુર | ૧૦૧ | છોટાઉદેપુર | ૧૯૧ |
| ૧૦ | ડાંગ | ૨ | ડાંગ | ૨ | ડાંગ | ૪ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૮૭ | દેવભૂમિ દ્વારકા | ૧૦૧ |
| ૧૨ | દાહોદ | ૯૬ | દાહોદ | ૧૦૯ | દાહોદ | ૨૦૫ |
| ૧૩ | ગાંધીનગર | ૪૧ | ગાંધીનગર | ૧૩૪ | ગાંધીનગર | ૧૭૫ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૬ | ગીર સોમનાથ | ૧૬૨ | ગીર સોમનાથ | ૨૦૮ |
| ૧૫ | જામનગર | ૫૮ | જામનગર | ૨૭૨ | જામનગર | ૩૩૦ |
| ૧૬ | જૂનાગઢ | ૧૦૭ | જૂનાગઢ | ૩૫૮ | જૂનાગઢ | ૪૬૫ |
| ૧૭ | કચ્છ | ૩૩ | કચ્છ | ૧૩૬ | કચ્છ | ૧૬૯ |
| ૧૮ | ખેડા | ૧૨૨ | ખેડા | ૨૧૮ | ખેડા | ૩૪૦ |
| ૧૯ | મહેસાણા | ૩૧ | મહેસાણા | ૧૫૧ | મહેસાણા | ૧૮૨ |
| ૨૦ | મહિસાગર | ૬૩ | મહિસાગર | ૮૬ | મહિસાગર | ૧૪૯ |
| ૨૧ | મોરબી | ૪૯ | મોરબી | ૨૩૫ | મોરબી | ૨૮૪ |
| ૨૨ | નર્મદા | ૪૫ | નર્મદા | ૩૭ | નર્મદા | ૮૨ |
| ૨૩ | નવસારી | ૩૧ | નવસારી | ૬૩ | નવસારી | ૯૪ |
| ૨૪ | પંચમહાલ | ૮૪ | પંચમહાલ | ૧૭૫ | પંચમહાલ | ૨૫૯ |
| ૨૫ | પાટણ | ૧૨૩ | પાટણ | ૧૭૦ | પાટણ | ૨૯૩ |
| ૨૬ | પોરબંદર | ૩૬ | પોરબંદર | ૧૧૯ | પોરબંદર | ૧૫૫ |
| ૨૭ | રાજકોટ | ૨૪૬ | રાજકોટ | ૮૫૧ | રાજકોટ | ૧૦૯૭ |
| ૨૮ | સાબરકાંઠા | ૭૨ | સાબરકાંઠા | ૨૧૦ | સાબરકાંઠા | ૨૮૨ |
| ૨૯ | સુરત | ૧૦૯ | સુરત | ૫૩૪ | સુરત | ૬૪૩ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૬૯ | સુરેન્દ્રનગર | ૨૪૯ | સુરેન્દ્રનગર | ૩૧૮ |
| ૩૧ | તાપી | ૫ | તાપી | ૧૨ | તાપી | ૧૭ |
| ૩૨ | વડોદરા | ૧૫૧ | વડોદરા | ૪૯૯ | વડોદરા | ૬૫૦ |
| ૩૩ | વલસાડ | ૦૮ | વલસાડ | ૪૬ | વલસાડ | ૫૪ |
| | **કુલ** | **૨૪૬૬** | **કુલ** | **૭૫૨૧** | **કુલ** | **૯૯૮૭** |

**પત્રક–૨**

| ક્રમ | પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા અંતર્ગત સારવાર અન્વયે સરકાર દ્વારા જિલ્લાવાર કરવામાં આવેલ ખર્ચ | | ''મા અમૃતમ'' માં કાર્ડ અંતર્ગત સારવાર અન્વયે સરકાર દ્વારા જિલ્લાવાર કરવામાં આવેલ ખર્ચ | | પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા અને ''મા અમૃતમ'' માં કાર્ડ અંતર્ગત સારવાર અન્વયે સરકાર દ્વારા જિલ્લાવાર કરવામાં આવેલ કુલ ખર્ચ | |
|---|---|---|---|---|---|---|
| | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.) | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.) | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.) |

| ક્રમ | પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા અંતર્ગત સારવાર અન્વયે સરકાર દ્વારા જિલ્લાવાર કરવામાં આવેલ ખર્ચ | | ''મા અમૃતમ'' માં કાર્ડ અંતર્ગત સારવાર અન્વયે સરકાર દ્વારા જિલ્લાવાર કરવામાં આવેલ ખર્ચ | | પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા અને ''મા અમૃતમ'' માં કાર્ડ અંતર્ગત સારવાર અન્વયે સરકાર દ્વારા જિલ્લાવાર કરવામાં આવેલ કુલ ખર્ચ | |
|---|---|---|---|---|---|---|
| | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.) | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.) | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.) |
| ૧ | અમદાવાદ | ૩૬૫૩૦૦ | અમદાવાદ | ૧૭૫૦૪૦૦ | અમદાવાદ | ૨૧૧૫૭૦૦ |
| ૨ | અમરેલી | ૧૭૧૧૦૦ | અમરેલી | ૨૯૪૪૦૦ | અમરેલી | ૪૬૫૫૦૦ |
| ૩ | આણંદ | ૨૯૪૭૦૦ | આણંદ | ૪૭૩૪૦૦ | આણંદ | ૭૬૮૧૦૦ |
| ૪ | અરવલ્લી | ૪૫૦૦૦ | અરવલ્લી | ૮૭૫૦૦ | અરવલ્લી | ૧૩૨૫૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૯૭૮૦૦ | બનાસકાંઠા | ૨૩૬૭૦૦ | બનાસકાંઠા | ૩૩૪૫૦૦ |
| ૬ | ભરૂચ | ૧૩૫૩૦૦ | ભરૂચ | ૩૩૬૫૦૦ | ભરૂચ | ૪૭૧૮૦૦ |
| ૭ | ભાવનગર | ૧૦૦૮૦૦ | ભાવનગર | ૨૬૭૪૦૦ | ભાવનગર | ૩૬૮૨૦૦ |
| ૮ | બોટાદ | ૪૯૭૦૦ | બોટાદ | ૮૭૩૦૦ | બોટાદ | ૧૩૭૦૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૧૪૨૯૦૦ | છોટાઉદેપુર | ૧૩૫૧૦૦ | છોટાઉદેપુર | ૨૭૮૦૦૦ |
| ૧૦ | ડાંગ | ૨૨૦૦ | ડાંગ | ૩૧૦૦ | ડાંગ | ૫૩૦૦ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૮૧૦૦ | દેવભૂમિ દ્વારકા | ૧૧૦૨૦૦ | દેવભૂમિ દ્વારકા | ૧૨૮૩૦૦ |
| ૧૨ | દાહોદ | ૧૫૭૯૦૦ | દાહોદ | ૧૪૭૨૦૦ | દાહોદ | ૩૦૫૧૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૨૮૪૦૦ | ગાંધીનગર | ૧૮૦૫૮૦ | ગાંધીનગર | ૩૦૮૯૮૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૬૪૧૦૦ | ગીર સોમનાથ | ૨૮૪૬૪૦ | ગીર સોમનાથ | ૩૪૮૭૪૦ |
| ૧૫ | જામનગર | ૮૩૬૦૦ | જામનગર | ૩૪૩૯૦૦ | જામનગર | ૪૨૭૫૦૦ |
| ૧૬ | જૂનાગઢ | ૧૫૦૩૦૦ | જૂનાગઢ | ૪૩૧૧૦૦ | જૂનાગઢ | ૫૮૧૪૦૦ |
| ૧૭ | કચ્છ | ૪૫૪૦૦ | કચ્છ | ૧૭૪૮૦૦ | કચ્છ | ૨૨૦૨૦૦ |
| ૧૮ | ખેડા | ૧૭૭૧૦૦ | ખેડા | ૨૭૬૬૦૦ | ખેડા | ૪૫૩૭૦૦ |
| ૧૯ | મહેસાણા | ૪૭૨૦૦ | મહેસાણા | ૧૯૨૭૦૦ | મહેસાણા | ૨૩૯૯૦૦ |
| ૨૦ | મહિસાગર | ૯૫૬૦૦ | મહિસાગર | ૧૦૬૨૦૦ | મહિસાગર | ૨૦૧૮૦૦ |
| ૨૧ | મોરબી | ૭૨૪૦૦ | મોરબી | ૨૯૫૮૦૦ | મોરબી | ૩૬૮૨૦૦ |
| ૨૨ | નર્મદા | ૭૩૫૦૦ | નર્મદા | ૬૯૮૦૦ | નર્મદા | ૧૪૩૩૦૦ |
| ૨૩ | નવસારી | ૭૦૪૦૦ | નવસારી | ૭૮૧૦૦ | નવસારી | ૧૪૮૫૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૧૨૭૮૦૦ | પંચમહાલ | ૨૨૫૬૦૦ | પંચમહાલ | ૩૫૩૪૦૦ |
| ૨૫ | પાટણ | ૧૮૩૨૦૦ | પાટણ | ૨૨૦૨૦૦ | પાટણ | ૪૦૩૪૦૦ |
| ૨૬ | પોરબંદર | ૫૧૯૦૦ | પોરબંદર | ૧૪૫૧૦૦ | પોરબંદર | ૧૯૭૦૦૦ |
| ૨૭ | રાજકોટ | ૩૩૯૦૦૦ | રાજકોટ | ૧૦૮૦૩૦૦ | રાજકોટ | ૧૪૧૯૩૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૦૫૧૦૦ | સાબરકાંઠા | ૨૬૨૩૦૦ | સાબરકાંઠા | ૩૬૭૪૦૦ |
| ૨૯ | સુરત | ૧૫૨૬૦૦ | સુરત | ૬૭૩૩૦૦ | સુરત | ૮૨૫૯૦૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૯૯૦૦૦ | સુરેન્દ્રનગર | ૩૧૧૯૦૦ | સુરેન્દ્રનગર | ૪૧૦૯૦૦ |
| ૩૧ | તાપી | ૬૯૦૦ | તાપી | ૧૩૭૦૦ | તાપી | ૨૦૬૦૦ |
| ૩૨ | વડોદરા | ૨૨૪૭૦૦ | વડોદરા | ૬૫૩૩૦૦ | વડોદરા | ૮૭૮૦૦૦ |
| ૩૩ | વલસાડ | ૨૬૬૦૦ | વલસાડ | ૬૧૦૦૦ | વલસાડ | ૮૭૬૦૦ |
| | **કુલ** | **૩૯૦૫૬૦૦** | **કુલ** | **૧૦૦૧૦૧૨૦** | **કુલ** | **૧૩૯૧૫૭૨૦** |

--------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૪૨ (૧૯–૦૩–૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભૂરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૭–૨૦૨૧)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮** | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૦૯ | ૦૫ | ૩૨ |
| કચ્છ | ૦૮ | ૦૭ | ૦૯ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૪૩ (૧૯–૦૩–૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૭–૨૦૨૧)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮** | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** |
|---|---|---|---|
| પાટણ | ૦૫ | ૧૦ | ૬૨ |
| મહેસાણા | ૦૪ | ૦૦ | ૦૦ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૬૨ (૧૯–૦૩–૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૭–૨૦૨૧)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮** | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** |
|---|---|---|---|
| સુરેન્દ્રરગર | ૧૫ | ૪૪ | ૨૭ |
| મોરબી | ૦૫ | ૧૯ | ૪૪ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**જામનગર અને રાજકોટ જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૬૫ (૧૯–૦૩–૨૦૨૧) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૭-૨૦૨૧)

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| જામનગર | ૧૪ | ૪૦ | ૦૭ |
| રાજકોટ ગ્રામ્ય | ૦૬ | ૧૯ | ૧૧ |
| રાજકોટ શહેર | ૦૦ | ૦૦ | ૦૧ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

### દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત

અતારાંકિતઃ ૯૪૬૬ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૭-૨૦૨૧)

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૮ | ૦૩ |
| પોરબંદર | ૦૯ | ૧૩ | ૦૦ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

### જૂનાગઢ જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત

અતારાંકિતઃ ૯૪૬૯ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૭-૨૦૨૧)

(૧)

| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|
| ૧૮ | ૧૫ | ૩૩ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ગીર સોમનાથ જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૭૦ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૭-૨૦૨૧)

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|
| ૦૦ | ૦૦ | ૦૫ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમરેલી જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૭૯ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૭-૨૦૨૧)

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|
| ૩૨ | ૬૭ | ૪૧ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**ભાવનગર જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૮૨ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૭-૨૦૨૧)

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|
| ૧૯ | ૪૦ | ૩૪ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**રાજ્યના વન્ય અભયારણ્યો આસપાસ ગેરકાયદે ખોદકામ**

અતારાંકિતઃ ૮૧૨૩ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વન્ય અભ્યારણ્ય અને નેશનલ પાર્કથી એક કિ.મી. ત્રિજ્યા વિસ્તારમાં ખાણ-ખોદકામ કરવા પર ના.સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યના ક્યા વન્ય અભ્યારણ્યો અને નેશનલ પાર્કોમાં સુપ્રીમ કોર્ટના ઉક્ત આદેશનો ભંગ કરીને ગેરકાયદે ખાણો ચાલી રહી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કસૂરવારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૦૮-૦૬-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના વન્ય અભ્યારણ્યો અને નેશનલ પાર્કોમાં કોઈ ગેરકાયદેસર ખાણ ચાલતી હોવાનું ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામમાંથી ખનીજ ચોરી**

અતારાંકિતઃ ૯૦૯૩ (૧૭-૦૩-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામમાંથી ક્યા પ્રકારની કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) તે પૈકી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો અને કેટલી રકમનો દંડ વસૂલવાનો બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૨૩-૦૬-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામમાંથી બિન-અધિકૃત ખનનની કુલ ૨૧,૪૦૪/- મે.ટન જથ્થાની ખનિજની ચોરી થયાનું સામે આવ્યું.

(૨) જે અન્વયે કુલ રૂ.૫૨.૮૭/- લાખનો દંડકીય હુકમ તા.૧૮-૦૭-૨૦૨૦થી કરવામાં આવેલ છે.

(૩) અને (૪) રૂ.૫૨.૮૭/- લાખની ખનિજ ચોરી સબબ કસૂરદાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સક્ષમ કોર્ટના આદેશ/નિર્ણયાનુસાર દંડ વસૂલ કરી શકાશે.

--------

**જાફરાબાદ તાલુકાના પાટીમાણસા ગામમાંથી ખનીજ ચોરી**

અતારાંકિતઃ ૯૦૯૪ (૧૭-૦૩-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના પાટીમાણસા ગામમાંથી કયા પ્રકારની અને કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) તે પૈકી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો અને કેટલી રકમનો દંડ વસૂલવાનો બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૨૩-૦૬-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના પાટીમાણસા ગામમાંથી બિન-અધિકૃત ખનનની કુલ ૨,૦૯,૨૮૬ મે.ટન જથ્થાની ખનિજની ચોરી થયાનું સામે આવ્યું.

(૨) જે અન્વયે કુલ રૂ.૧૩૮.૧૨/- લાખનો દંડકીય હુકમ તા.૧૫-૦૧-૨૦૧૮થી કરવામાં આવેલ છે.

(૩) અને (૪) દંડકીય હુકમ સામે અધિક નિયામક (અપીલ) કક્ષાએ અપીલ દાખલ થયેલ જે અપીલ અરજી નામંજૂર થતાં અરજદારશ્રી દ્વારા રિવિઝન અરજી કરેલ હોઈ તેનો નિર્ણય પડતર હોવાથી નિર્ણય આવ્યે તે પ્રમાણે દંડ વસૂલાતની કાર્યવાહી કરવામાં આવશે.

--------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામમાંથી ખનીજ ચોરી**

અતારાંકિતઃ ૯૦૯૫ (૧૭–૦૩–૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામમાંથી કયા પ્રકારની અને કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) તે પૈકી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો અને કેટલી રકમનો દંડ વસૂલવાનો બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) **:** (૨૩–૦૬–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામમાંથી બિન–અધિકૃત ખનનની કુલ ૧૧,૦૭૭ મે.ટન જથ્થાની ખનિજની ચોરી થયાનું સામે આવ્યું.

(૨) જે અન્વયે કુલ રૂ.૭.૩૧/– લાખનો દંડકીય હુકમ તા.૧૫–૦૧–૨૦૧૮થી કરવામાં આવેલ છે.

(૩) અને (૪) રૂ.૭.૩૧/– લાખના તા.૧૫–૦૧–૨૦૧૮થી કરવામાં આવેલ દંડકીય હુકમ સામે અધિક નિયામક (અપીલ) કક્ષાએ અપીલ દાખલ થયેલ જે અપીલ અરજી નામંજૂર થતાં અરજદારશ્રી દ્વારા રિવિઝન અરજી કરેલ હોઈ તેનો નિર્ણય પડતર હોવાથી નિર્ણય આવ્યે તે પ્રમાણે દંડ વસૂલાતની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**અમરેલી જિલ્લામાં એગ્રોહ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. કંપની દ્વારા ખનીજ ચોરી**

અતારાંકિતઃ ૯૨૫૬ (૩૦–૦૧–૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાંથી એગ્રોહ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. કંપની દ્વારા કયા પ્રકારની કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) તે પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) **:** (૨૩–૦૬–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાંથી એગ્રોહ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. કંપની દ્વારા નીચે મુજબની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું

| જિલ્લો | વર્ષ | પ્રકાર | જથ્થો (મે.ટન) |
|---|---|---|---|
| અમરેલી | ૨૦૧૮ | ખનન/વહન | ૮,૧૪,૬૮૦ |
| | ૨૦૧૯ | ખનિજ ચોરી થયાનું સામે આવ્યું નથી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | ૨૦૨૦ | ખનન/વહન | ૨૧,૭૨૭ |

(૨)

| જિલ્લો | વર્ષ | કરવામાં આવેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| અમરેલી | ૨૦૧૮ | ૫૪૫.૯૯ |
| | ૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | ૨૦૨૦ | ૫૭.૬૬ |

(૩)

| જિલ્લો | વર્ષ | વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) | વસૂલાત કરવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| અમરેલી | ૨૦૧૮ | ૮.૩૮ | ૫૩૭.૬૧ |
| | ૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | ૨૦૨૦ | શૂન્ય | ૫૭.૬૬ |

(૪)

| વર્ષ | બાકી રકમ વસૂલવા લીધેલ પગલા |
|---|---|
| ૨૦૧૮ | ઉક્ત બાકી રકમના દંડકીય હુકમ સામે અધિક નિયામકશ્રી (અપીલ) કક્ષાએ અપીલ દાખલ કરેલ હોઈ અને ત્યારબાદ રિવિઝન અરજી કરેલ હોઈ તેનો નિર્ણય |

| વર્ષ | બાકી રકમ વસૂલવા લીધેલ પગલા |
|---|---|
| | પડતર હોવાથી નિર્ણય આવ્યે તે પ્રમાણે દંડ વસૂલાતની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૦૨૦ | ઉક્ત બાકી રકમ પૈકી રૂ. ૫૨.૮૭ લાખની ખનિજચોરી સબબ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હોઈ, સક્ષમ કોર્ટના આદેશ/નિર્ણયાનુસાર દંડ વસૂલ કરી શકાશે તથા રૂ. ૪.૭૯ લાખની ખનિજ ચોરી સબબ દંડકીય નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે. |

--------

**ગાંધીનગર જિલ્લાના ડેમોમાં જમા થયેલ કાપ**

અતારાંકિતઃ ૭૫૪૪ (૦૩-૧૧-૨૦૨૦) **ડો. સી. જે. ચાવડા**(ગાંધીનગર ઉત્તર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં આવેલ કયા ડેમમાંથી કેટલો કાંપ જમા થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, ડેમવાર કેટલો કાંપ કાઢવામાં આવ્યો,

(૩) કાંપ કાઢવા શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૪) કાંપ કેટલા સમયમાં કાઢવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) **:** (૨૧-૦૬-૨૦૨૧)

(૧), (૨), (૩) અને (૪) ગાંધીનગર જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતાં મુખ્ય નદીઓ પર ચેકડેમ તથા બેરેજ પ્રકારના સ્ટ્રક્ચરો બનાવેલ છે. કોઈ ડેમ ગાંધીનગર જિલ્લામાં તાંત્રિક રીતે શક્ય ન બનેલ હોઈ કાંપ જમા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં પંચાયતોના મકાનો બાંધવા માટે ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૧૨૫૨ (૦૪-૦૭-૨૦૧૮) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર): **માનનીય પંચાયતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર બજેટમાં પંચાયતના મકાનો બાંધવા કેટલી રકમ ફાળવી હતી,

(૨) તે અન્વયે વર્ષવાર, જિલ્લાવાર કેટલા પંચાયત મકાનો બનાવવા ક્યારે મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કેટલા મકાનોનું બાંધકામ પૂર્ણ થયું અને કેટલા પ્રગતિમાં છે, આ કામગીરી પાછળ કુલ કેટલો ખર્ચ થશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૫-૦૬-૨૦૨૧)

(૧)

| વર્ષ | પંચાયતના મકાનો બાંધવા બજેટમાં ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|
| | જનરલ સદરે | ટ્રાઈબલ સદરે | કુલ |
| ૨૦૧૩-૧૪ | ૧૬૪૦.૦૦ | ૩૬૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૪૯૦૦.૦૦ | ૧૧૪૫.૦૦ | ૬૦૪૫.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૫૯૩૪.૦૦ | ૪૫૦૦.૦૦ | ૨૦૪૩૪.૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૨૦૫૦૦.૦૦ | ૬૨૦૦.૦૦ | ૨૬૭૦૦.૦૦ |
| ૨૦૧૭-૧૮ | ૧૦૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૧૫૦૦૦.૦૦ |
| **કુલ** | **૫૨૯૭૪.૦૦** | **૧૭૨૦૫.૦૦** | **૭૦૧૭૯.૦૦** |

(૨) અને (૩) * (સામેલ પત્રક મજબ)

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને કચ્છ જિલ્લામાં ગૌચર જમીનો પર પાકા બાંધકામ**

અતારાંકિતઃ ૨૦૩૨ (૨૦-૦૮-૨૦૧૮) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને કચ્છ જિલ્લામાં કેટલા ગામોમાં ગૌચર જમીનો પર જૂન-૨૦૧૮ની સ્થિતિએ પાકા મકાનો-પાકા બાંધકામ ઉભા કરી દેવાયા છે, અને

(૨) તમામ પાકા મકાનો-પાકા બાંધકામ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ |
| ૨ | સાબરકાંઠા | ૨ |
| ૩ | અરવલ્લી | ૯ |
| ૪ | કચ્છ | ૬ |

(૨) સાબરકાંઠા જિલ્લાના કુલ ૨ ગામના દબાણ પૈકી વડાલી તાલુકાના વેટલા ગામનું દબાણ દુર કરવામાં આવેલ છે.

અરવલ્લી જિલ્લાના ૯ ગામોના કુલ ૩૨ દબાણો પૈકી ૧૯ દબાણો દુર કરવામાં આવેલ છે.

કચ્છ જિલ્લાના ૬ ગામો પૈકી મુંદરા તાલુકાનું કારાઘોઘા ગામનું દબાણ દુર કરવામાં આવેલ છે.

જ્યારે અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમ જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં સબજ્યુડીશ મેટર હોય નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો**

અતારાંકિતઃ ૪૬૬૦ (૦૩-૦૧-૨૦૧૯) **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે, અને

(૨) સરકારે આ દબાણો દૂર કરવા શા પગલાં લીધા ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) પત્રક મુજબ

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. અમુક કિસ્સામાં નામ. કોર્ટમાં સબજ્યુડીશ મેટર હોય, નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ ગૌચરની જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૮.૬૩.૭૪ |
| ૨ | અમરેલી | ૭૬.૬૩.૬૫ |
| ૩ | આણંદ | ૯૦.૮૨.૬૫ |
| ૪ | અરવલ્લી | ૭૧.૭૦.૩૯ |
| ૫ | બનાસકાંઠા | ૪૭.૫૬.૬૯ |
| ૬ | ભરૂચ | ૧.૦૧.૭૪ |
| ૭ | ભાવનગર | ૪૯૫.૬૮.૭૪ |
| ૮ | બોટાદ | ૧૨૧.૦૯.૫૨ |
| ૯ | છોટા ઉદેપુર | ૨.૪૮.૫૧ |
| ૧૦ | ડાંગ | ૦.૦૦.૦૦ |
| ૧૧ | દાહોદ | ૨.૬૧.૦૨ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૬૮.૮૯.૧૫ |
| ૧૩ | ગાંધીનગર | ૧૦૪.૯૬.૩૫ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૨૦.૬૬.૦૦ |
| ૧૫ | જામનગર | ૨૭.૯૨.૫૩ |
| ૧૬ | જૂનાગઢ | ૭૯.૫૪.૮૦ |
| ૧૭ | ખેડા | ૨૦.૯૬.૦૧ |
| ૧૮ | કચ્છ | ૪૨૧.૪૨.૬૪ |
| ૧૯ | મહિસાગર | ૦.૨૬.૦૭ |
| ૨૦ | મહેસાણા | ૧૭૧.૨૨.૪૮ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ ગૌચરની જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૨૧ | મોરબી | ૦.૩૩.૫૪ |
| ૨૨ | નર્મદા | ૦.૫૨.૦૦ |
| ૨૩ | નવસારી | ૦.૦૦.૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૫૧.૩૬.૩૩ |
| ૨૫ | પાટણ | ૨૨૯.૭૨.૧૬ |
| ૨૬ | પોરબંદર | ૩૬.૪૨.૯૭ |
| ૨૭ | રાજકોટ | ૧૧૬.૪૨.૪૪ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૦.૦૦.૦૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૧.૨૩.૭૮ |
| ૩૦ | સુરત | ૧૦.૦૪.૨૮ |
| ૩૧ | તાપી | ૫૧.૪૬.૨૬ |
| ૩૨ | વડોદરા | ૬.૫૧.૨૦ |
| ૩૩ | વલસાડ | ૦.૩૬.૦૦ |

--------

**રાજ્યમાં ગૌચરની જમીનમાં દબાણો**

અતારાંકિતઃ ૫૮૩૩ (૨૭-૦૮-૨૦૧૯) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે,

(૨) તે અન્વયે છેલ્લા પાંચ વર્ષમાં ગૌચરની કેટલી જમીન જિલ્લાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) બાકી રહેલા દબાણો દૂર કરવા શી કાર્યવાહી કરેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) અને (૨) પત્રક મુજબ

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. અમુક કિસ્સામાં નામ.કોર્ટમાં સબજ્યુડીશ મેટર હોય, નામ.કોર્ટના ચુકાદાબાદ કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | નીચે મુજબ ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે. (હે.આરે.પ્ર) | નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવી. (હે. આરે. પ્ર) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
| ૧ | અમદાવાદ | ૨૩૧.૭૪.૩૯ | ૧૧.૩૩.૦૬ | ૧૧.૬૦.૫૬ | ૪૩.૨૬.૬૦ | ૧૧.૩૪.૯૦ | ૪૩.૬૮.૨૯ |
| ૨ | અમરેલી | ૭૧.૦૦.૨૬ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૧.૮૨.૬૦ | ૬.૫૭.૭૯ | ૧૮.૧૨.૪૩ |
| ૩ | આણંદ | ૯૧.૫૫.૮૪ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૨૩.૧૭.૦૮ | ૦.૦૦.૦૦ | ૦.૧૫.૧૭ |
| ૪ | અરવલ્લી | ૭૨.૮૧.૭૪ | ૦.૦૨.૨૫ | ૦.૦૦.૦૦ | ૦.૦૧.૩૮ | ૩.૬૦.૨૬ | ૩૬.૧૪.૦૯ |
| ૫ | બનાસકાંઠા | ૬૫.૯૭.૩૫ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૧૪.૪૩.૮૨ | ૪૫.૦૭.૯૦ |
| ૬ | ભરૂચ | ૧.૦૧.૭૩ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| ૭ | ભાવનગર | ૪૫૦.૧૮.૨૨ | ૨૬.૪૯.૨૦ | ૨૮.૭૧.૬૮ | ૫૬.૧૫.૪૩ | ૯.૯૦.૮૭ | ૩૩.૬૭.૯૫ |
| ૮ | બોટાદ | ૧૨૧.૧૫.૫૨ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૧૨.૦૦ | ૨.૨૦.૨૯ | ૨.૯૧.૦૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૨૦.૪૯.૫૧ | ૦.૦૦.૦૦ | ૪.૫૪.૦૦ | ૭.૦૦.૦૦ | ૭.૫૧.૦૦ | ૧.૪૪.૫૧ |
| ૧૦ | ડાંગ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| ૧૧ | દાહોદ | ૮.૯૪.૧૯ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૪.૭૬.૯૪ | ૧.૫૬.૨૩ | ૦.૦૦.૦૦ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૭૧.૫૭.૦૭ | ૦.૧૯.૦૦ | ૨.૧૭.૯૩ | ૦.૫૭.૪૬ | ૨.૧૭.૯૮ | ૧૨.૮૨.૫૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૬૦.૧૯.૯૪ | ૨૦.૯૮.૦૦ | ૨૨.૨૩.૭૮ | ૨૭.૫૪.૮૫ | ૩૫.૦૨.૫૮ | ૨૧.૨૦.૧૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૧૯.૨૮.૪૧ | ૨૬૦.૮૩.૭૮ | ૧.૩૧.૫૩ | ૧.૭૮.૦૬ | ૦.૩૬.૧૯ | ૦.૦૦.૦૦ |
| ૧૫ | જામનગર | ૯૦.૪૩.૩૬ | ૨૪.૨૨.૧૧ | ૭.૦૧.૦૯ | ૭.૬૨.૭૬ | ૪.૭૫.૯૭ | ૧૯.૯૨.૯૮ |
| ૧૬ | જૂનાગઢ | ૨૬૦.૫૬.૮૯ | ૨૩.૧૮.૩૦ | ૨૨.૬૪.૭૪ | ૬૯.૩૭.૮૭ | ૩૮.૧૯.૧૧ | ૫૭.૦૮.૪૧ |
| ૧૭ | ખેડા | ૧૪.૪૮.૪૩ | ૦.૦૦.૦૦ | ૦.૪૬.૪૦ | ૦.૦૦.૦૦ | ૬.૬૦.૦૦ | ૫.૪૬.૭૨ |

| ક્રમ | જિલ્લાનું નામ | નીચે મુજબ ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે. (હે.આરે.પ્ર) | નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવી. (હે. આરે. પ્ર) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
| ૧૮ | કચ્છ | ૪૮૬.૪૬.૪૩ | ૨૫૭.૩૦.૨૯ | ૩૬.૯૬.૧૪ | ૭.૨૮.૨૮ | ૪૫.૩૫.૩૯ | ૧.૨૧.૩૮ |
| ૧૯ | મહિસાગર | ૦.૨૬.૦૭ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૬.૦૦ | ૦.૦૦.૦૦ |
| ૨૦ | મહેસાણા | ૨૮૫.૪૯.૧૨ | ૧૬.૮૬.૩૨ | ૨૧.૬૭.૮૧ | ૪૨.૮૨.૨૯ | ૭૧.૩૮.૨૮ | ૧૯.૯૬.૦૯ |
| ૨૧ | મોરબી | ૧.૯૩.૩૪ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૧.૬૩.૨૦ | ૦.૦૦.૦૦ |
| ૨૨ | નર્મદા | ૦.૬૯.૯૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૨૨.૬૬ |
| ૨૩ | નવસારી | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૬૩.૩૬.૭૬ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૪૯.૬૨.૭૦ | ૧૦.૮૬.૦૦ |
| ૨૫ | પાટણ | ૨૨૩.૫૩.૭૮ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૬.૫૫.૭૫ | ૯૪.૮૧.૮૩ |
| ૨૬ | પોરબંદર | ૧૭૪.૨૬.૨૨ | ૧૨૪.૯૪.૫૧ | ૦.૧૯.૬૦ | ૦.૧૫.૦૯ | ૩.૭૭.૧૯ | ૯.૮૦.૭૯ |
| ૨૭ | રાજકોટ | ૨૦૦.૪૪.૯૩ | ૦.૦૦.૦૦ | ૨.૦૨.૩૫ | ૦.૦૦.૦૦ | ૮૧.૮૩.૯૩ | ૨૭.૭૧.૮૯ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૬૩.૮૭.૬૦ | ૩૫.૩૩.૦૨ | ૪.૮૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૧૧.૭૫.૨૭ |
| ૨૯ | સાબરકાંઠા | ૧.૦૦.૭૮ | ૦.૦૦.૬૪ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૨૩.૭૮ |
| ૩૦ | સુરત | ૪૬.૫૫.૭૯ | ૦.૦૦.૦૦ | ૩૬.૨૫.૨૯ | ૦.૪૩.૦૦ | ૨.૦૧.૦૧ | ૦.૮૪.૧૧ |
| ૩૧ | તાપી | ૫૧.૪૬.૨૬ | ૦.૧૭.૩૨ | ૦.૫૧.૫૪ | ૧૬.૬૦.૮૦ | ૨.૨૧.૦૦ | ૦.૦૦.૦૦ |
| ૩૨ | વડોદરા | ૨૬.૨૩.૨૧ | ૦.૦૦.૦૦ | ૦.૩૮.૭૫ | ૦.૦૧.૫૫ | ૧૮.૩૧.૫૮ | ૦.૮૫.૦૩ |
| ૩૩ | વલસાડ | ૦.૩૬.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ૦.૨૪.૨૮ | ૦.૦૦.૦૦ |
| | **કુલ** | **૩૭૭૭.૩૮.૭૪** | **૮૦૧.૮૭.૮૦** | **૨૦૩.૫૩.૧૯** | **૩૧૦.૫૪.૦૪** | **૪૨૭.૨૭.૩૦** | **૪૭૬.૦૦.૮૯** |

--------

**રાજ્યમાં ગૌચર દબાણો દૂર કરવા બાબત**

અતારાંકિતઃ ૬૪૭૭ (૦૧-૧૦-૨૦૧૯) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય સરકારે તા.૦૧-૦૪-૨૦૧૫ના રોજ પ્રસિદ્ધ કરેલ ''ગૌચર જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નિતી'' માં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ''ગૌચર જમીન પરના દબાણો ઝૂંબેશ સ્વરૂપે દૂર કરવા'' જોગવાઈ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ જોગવાઈ અનુસાર રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાઓમાં તા.૦૧-૦૪-૨૦૧૫ થી તા.૩૧-૦૮-૨૦૧૯ સુધીમાં ગૌચર જમીન પરના કેટલા દબાણો ''ઝૂંબેશ સ્વરૂપે'' દૂર કરવામાં આવ્યા છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૦૧-૦૪-૨૦૧૫ થી તા.૩૧-૦૮-૨૦૧૯ સુધીમાં ઝૂંબેશ સ્વરૂપે દૂર કરવામાં આવેલ ગૌચર જમીન પરના દબાણો |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૬૯ |
| ૨ | અમરેલી | ૧૫૪ |
| ૩ | આણંદ | ૬ |
| ૪ | અરવલ્લી | ૨૩ |
| ૫ | બનાસકાંઠા | ૨૫૮ |
| ૬ | ભાવનગર | ૮૮૯ |
| ૭ | બોટાદ | ૪૬ |
| ૮ | દાહોદ | ૩૦ |
| ૯ | દેવભૂમિ દ્વારકા | ૯૯ |
| ૧૦ | ગાંધીનગર | ૨૩૦ |
| ૧૧ | ગીરસોમનાથ | ૧૯ |
| ૧૨ | જામનગર | ૧૫૮ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૦૧-૦૪-૨૦૧૫ થી તા.૩૧-૦૮-૨૦૧૯ સુધીમાં ઝૂંબેશ સ્વરૂપે દૂર કરવામાં આવેલ ગૌચર જમીન પરના દબાણો |
|---|---|---|
| ૧૩ | જૂનાગઢ | ૨૩૯ |
| ૧૪ | ખેડા | ૫૧ |
| ૧૫ | કચ્છ | ૩૪ |
| ૧૬ | મહિસાગર | ૧ |
| ૧૭ | મહેસાણા | ૪૯ |
| ૧૮ | નર્મદા | ૪ |
| ૧૯ | નવસારી | ૮૩ |
| ૨૦ | પંચમહાલ | ૪૬ |
| ૨૧ | પાટણ | ૧૨૨ |
| ૨૨ | પોરબંદર | ૨૦૭ |
| ૨૩ | રાજકોટ | ૭૦ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨ |
| ૨૫ | સાબરકાંઠા | ૫ |
| ૨૬ | સુરત | ૫૭૭ |
| ૨૭ | તાપી | ૪૬૧ |
| ૨૮ | વલસાડ | ૯૬ |
| | **કુલ** | **૪૭૨૮** |

--------

**દાહોદ જિલ્લામાં ગૌચરના દબાણો**

અતારાંકિતઃ ૭૧૩૦ (૧૦-૦૯-૨૦૨૦) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામોમાં ગૌચરની જમીનમાં ગેરકાયદે દબાણ કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત ગામવાર કેટલા ક્ષેત્રફળમાં ગૌચર દબાણો થયા છે અને તે ક્યા પ્રકારના છે,

(૩) ઉક્ત સ્થિતિએ પંચાયત દ્વારા ઉક્ત દબાણ દૂર ન થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૭) અન્વયે તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગેરકાયદે ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | દબાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ઉચવાણીયા | ૨.૬૧.૦૨ | રહેણાક મકાનો/ખેડાણ |
| ૨ | ગરબાડા | સિમળીયા બુઝર્ગ | ૦.૧૦.૦૦ | રહેણાક મકાનો |
| ૩ | ઝાલોદ | કદવાળ | ૦.૦૮.૦૭ | રહેણાક મકાનો |

(૩) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ એક તાલુકામાં દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે જ્યારે બાકીના તાલુકામાં સબજ્યુડીશ મેટર હોય, નામ.કોર્ટના ચૂકાદા બાદ કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ દબાણો દૂર કરવામાં આવે છે. કેટલાંક કિસ્સામાં કોર્ટકેસ દાખલ થયેલ હોઈ, કોર્ટના ચૂકાદાબાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**સાબરકાંઠા જિલ્લામાં ગૌચરના દબાણો**

અતારાંકિતઃ ૭૧૩૧ (૧૦-૦૯-૨૦૨૦) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૨૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામોમાં ગૌચરની જમીનમાં ગેરકાયદે દબાણ કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત ગામવાર કેટલા ક્ષેત્રફળમાં ગૌચર દબાણો થયા છે અને ક્યા પ્રકારના છે,

(૩) ઉક્ત સ્થિતિએ પંચાયત દ્વારા ઉક્ત દબાણ દૂર ન થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫(૭) અન્વયે તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગેરકાયદે દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭–૦૬–૨૦૨૧)

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | દબાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | કાણીયોલ | ૧.૦૦.૦૦ | કાચુ દબાણ |
| | | બાવસર | ૦.૨૧.૦૦ | બાંધકામ |
| ૨ | પ્રાંતિજ | નનાનપુર | ૦.૬૯.૩૯ | ખેતીનું દબાણ |
| | | દલપુર | ૦.૯૧.૮૩ | |
| ૩ | ખેડબ્રહ્મા | લક્ષ્મીપુરા | ૦.૦૨.૩૮ | પાકુ દબાણ |

(૩) આ દબાણો પૈકી હિંમતનગર તાલુકાના કાણીયોલ અને બાવસર ગામના દબાણ સંદર્ભે નામ.કોર્ટ કેસ ચાલુ હોઈ, તેમજ પ્રાંતિજ તાલુકાના નનાનપુર અને દલપુર તથા ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામોમાં દબાણ સંદર્ભે ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. અમુક કિસ્સામાં નામ.કોર્ટમાં સબજ્યુડીશ મેટર હોય, નામ.કોર્ટના ચૂકાદાબાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

––––––––

**અરવલ્લી જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ**

અતારાંકિતઃ ૭૧૪૮ (૧૦–૦૯–૨૦૨૦) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા): ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં સભાગૃહમાં તા.૧૦–૧૨–૨૦૧૯ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૪૫ (અગ્રતા–૨૯૩)ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ૪ તાલુકાનાં ૫ ગામોમાં ગેરકાયદે ગૌચર દબાણ ઉભા કરવામાં આવ્યાં છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તાલુકાવાર ક્યાં ગામોમાં કેટલાં ક્ષેત્રફળમાં ગૌચર જમીનમાં દબાણ થયા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો કેટલા સમયથી ચાલુ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭–૦૬–૨૦૨૧)

(૧) હા, જી.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|
| ૧ | માલપુર | સોનીકપુર | ૨૮.૦૦.૦૦ |
| ૨ | મોડાસા | કોલીખડ | ૩.૨૯.૫૫ |
| ૩ | ભિલોડા | કિશનગઢ | ૦.૦૧.૩૩ |
| | | બાવળયા ટોરડા | ૪.૧૩.૦૦ |
| ૪ | બાયડ | ભુડાસણ | ૦.૦૩.૭૮ |

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણનો સમય (વર્ષથી બાકી) |
|---|---|---|---|
| ૧ | માલપુર | સોનીકપુર | દબાણ દૂર થયેલ છે. |
| ૨ | મોડાસા | કોલીખડ | ૧૨ વર્ષ |
| ૩ | ભિલોડા | કિશનગઢ | ૩ વર્ષ |
| | | બાવળયા ટોરડા | ૨૦ વર્ષ |
| ૪ | બાયડ | ભુડાસણ | ૭ વર્ષ |

––––––––

**અમદાવાદ જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૭૮૬૨ (૧૭–૧૧–૨૦૨૦) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉક્ત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૧-૦૬-૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૩ | ૩.૨૦.૫૯ |
| ૨ | સાણંદ | ૧૨ | ૪૧.૦૨.૩૬ |
| ૩ | બાવળા | ૧૩ | ૨૨.૯૬.૯૫ |
| ૪ | ધોળકા | ૧ | ૩.૮૦.૧૦ |
| ૫ | ધંધુકા | ૧ | ૦.૫૦.૫૦ |
| ૬ | વિરમગામ | ૩ | ૧૬.૫૨.૮૪ |
| ૭ | દેત્રોજ | ૧ | ૦.૩૦.૦૦ |

(૨) ઉક્ત દબાણો પૈકી સાણંદ તાલુકાના ૧૨ ગામ, બાવળા તાલુકાના ૧૩ ગામ, ધોળકા તાલુકાનું ૧ ગામ, ધંધુકા તાલુકાનું ૧ ગામ મળી કુલ ૨૭ ગામના દબાણ ૫ વર્ષ કરતા વધુ સમયના છે તથા દસક્રોઈ તાલુકાના ૧ (એક) ગામનું દબાણ ૧૦ વર્ષ કરતાં વધુ સમયનું છે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ આવા કિસ્સામાં આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી.

--------

**સુરત જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૭૯૫૭ (૧૭-૧૧-૨૦૨૦) **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉક્ત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|
| ૧ | ઓલપાડ | ૧ | ૪.૦૦.૦૦ |
| ૨ | ચોર્યાસી | ૧ | ૦.૦૧.૭૧ |
| ૩ | મહુવા | ૨ | ૦.૦૬.૧૧ |
| ૪ | કામરેજ | ૧ | ૦.૦૮.૦૯ |
| ૫ | માંડવી | ૧૩ | ૨.૩૦.૦૦ |
| ૬ | માંગરોળ | ૩ | ૬.૩૯.૩૭ |
| | **કુલ** | **૨૧** | **૧૨.૮૫.૨૮** |

(૨) ઉક્ત દબાણો પૈકી ઓલપાડ તાલુકાનું ૧ ગામ, કામરેજ તાલુકાનું ૧ ગામ અને માંડવી તાલુકાના ૧૩ ગામ મળી કુલ ૧૫ ગામનું ૬.૩૮.૦૯ હે.આરે.પ્ર. દબાણ ૫ વર્ષ કરતા વધુ સમયનું છે. ચોર્યાસી તાલુકાનું ૧ ગામ અને માંગરોળ તાલુકાના ૩ ગામ મળી કુલ ૪ ગામનું ૬.૪૧.૦૮ હે.આરે.પ્ર. દબાણ ૧૦ વર્ષ કરતા વધુ સમયનું છે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) ઉક્ત વિગતે ઓલપાડ તાલુકાના મંદરોઈ ગામના દબાણ સંદર્ભે માપણીની કાર્યવાહી ચાલુ છે જે પૂર્ણ થયેથી ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવશે.

અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર ગૌચર જમીનમાં ગેરકાયદે દબાણો**

અતારાંકિતઃ ૮૧૧૯ (૦૪–૧૨–૨૦૨૦) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગૌચર જમીનમાં ગેરકાયદે બાંધકામો ઉભા કરીને દબાણો ઉભા થયાની કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે ઉક્ત દબાણો દૂર કરવા શા આદેશ આપેલ છે, અને

(૩) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭–૦૬–૨૦૨૧)

(૧) પત્રક મુજબ

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠકમાં તથા જિલ્લા કક્ષાએ મળતી તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની તથા તાલુકા કક્ષાએ મળતી ત.ક.મંત્રીશ્રીઓની બેઠકમાં ગૌચર દબાણોની સમીક્ષા કરી, દબાણો દૂર કરવા માટે નિયમોનુસારની કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા દબાણો દૂર કરવા સંબંધે સૂચનાઓ આપેલ છે.

(૩) તે અન્વયે ઉક્ત મળેલ ફરિયાદો પૈકી કુલ ૬૩ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. કેટલાક કિસ્સાઓમાં સબજ્યુડીશ મેટર હોઈ, નામ. કોર્ટના ચૂકાદા આવ્યેથી અને કેટલાક કિસ્સાઓમાં આનુષંગિક કાર્યવાહી ચાલુ હોઈ, કાર્યવાહી પૂર્ણ થયેથી ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ |
| ૨ | અમરેલી | ૧૧૯ |
| ૩ | આણંદ | ૫ |
| ૪ | અરવલ્લી | ૨૫ |
| ૫ | બનાસકાંઠા | ૧૬ |
| ૬ | ભરૂચ | ૦ |
| ૭ | ભાવનગર | ૫૧ |
| ૮ | બોટાદ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ |
| ૧૦ | ડાંગ | ૦ |
| ૧૧ | દાહોદ | ૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧ |
| ૧૩ | ગાંધીનગર | ૩૦૯ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૫ |
| ૧૫ | જામનગર | ૯ |
| ૧૬ | જૂનાગઢ | ૦ |
| ૧૭ | ખેડા | ૨ |
| ૧૮ | કચ્છ | ૨૧ |
| ૧૯ | મહિસાગર | ૧ |
| ૨૦ | મહેસાણા | ૩૨ |
| ૨૧ | મોરબી | ૧ |
| ૨૨ | નર્મદા | ૧ |
| ૨૩ | નવસારી | ૨ |

| ક્રમ | જિલ્લાનું નામ | ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૨૪ | પંચમહાલ | ૧ |
| ૨૫ | પાટણ | ૧૬ |
| ૨૬ | પોરબંદર | ૨૭ |
| ૨૭ | રાજકોટ | ૩ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૨ |
| ૩૦ | સુરત | ૧૫૮ |
| ૩૧ | તાપી | ૩ |
| ૩૨ | વડોદરા | ૬ |
| ૩૩ | વલસાડ | ૩ |

--------

**રાજ્યમાં આવેલ ગૌચરમાં દબાણો**

અતારાંકિતઃ ૮૩૬૦ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કેટલા ગૌચર દબાણો છે,

(૨) ઉક્ત સ્થિતિએ લાંબા સમયથી ગૌચર દબાણોને દૂર ન કરનાર જવાબદારો સામે શાં પગલાં લેવાયા, અને

(૩) ઉક્ત તમામ ગૌચરના દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) પત્રક મુજબ

(૨) કેટલાક કિસ્સાઓમાં સબજ્યુડીશ મેટર હોઈ, અને કેટલાક કિસ્સાઓમાં આનુષંગિક કાર્યવાહી ચાલુ હોઈ, જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૩) કેટલાક કિસ્સાઓમાં સબજ્યુડીશ મેટર હોઈ, નામ. કોર્ટના ચૂકાદા આવ્યેથી અને કેટલાક કિસ્સાઓમાં આનુષંગિક કાર્યવાહી ચાલુ હોઈ, કાર્યવાહી પૂર્ણ થયેથી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | રાજ્યમાં ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતા વધુ સમયના ગૌચર દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૮ |
| ૨ | અમરેલી | ૧૩૪ |
| ૩ | આણંદ | ૧૭૨ |
| ૪ | અરવલ્લી | ૩ |
| ૫ | બનાસકાંઠા | ૦ |
| ૬ | ભરૂચ | ૩૬ |
| ૭ | ભાવનગર | ૭૦ |
| ૮ | બોટાદ | ૧૩ |
| ૯ | છોટાઉદેપુર | ૦ |
| ૧૦ | ડાંગ | ૦ |
| ૧૧ | દાહોદ | ૧૦ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૧ |
| ૧૩ | ગાંધીનગર | ૧૫૮ |
| ૧૪ | ગીર સોમનાથ | ૫૬૧ |
| ૧૫ | જામનગર | ૨૧ |
| ૧૬ | જૂનાગઢ | ૧૭૮ |
| ૧૭ | ખેડા | ૫૬ |
| ૧૮ | કચ્છ | ૬૮૨ |

| ક્રમ | જિલ્લાનું નામ | રાજ્યમાં ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતા વધુ સમયના ગૌચર દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧૯ | મહિસાગર | ૯ |
| ૨૦ | મહેસાણા | ૧૨૮ |
| ૨૧ | મોરબી | ૭૦ |
| ૨૨ | નર્મદા | ૧ |
| ૨૩ | નવસારી | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૩ |
| ૨૫ | પાટણ | ૧૪ |
| ૨૬ | પોરબંદર | ૧૯ |
| ૨૭ | રાજકોટ | ૧૬ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૦ |
| ૩૦ | સુરત | ૬૭૬ |
| ૩૧ | તાપી | ૧૨૦૬ |
| ૩૨ | વડોદરા | ૧ |
| ૩૩ | વલસાડ | ૦ |

--------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં ગૌચરની જમીનમાંથી વૃક્ષો કાપવા બાબત**

અતારાંકિતઃ ૮૫૨૪ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ પંચાયત હસ્તકના ગૌચરની જમીનના વૃક્ષો કાપી હરાજી કરતા પહેલા તેની અંદાજીત કિંમત વનખાતા પાસે તૈયાર કરાવ્યા પછી જ અપસેટ પ્રાઈસે તેનું વેચાણ કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત જોગવાઈનો અમલ કર્યા સિવાય ગૌચરની જમીનમાં ઉગેલા કેટલા વૃક્ષો કાપીને હરાજી કરવામાં આવી,

(૩) તે જવાબદારો સામે શાં પગલા લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જોગવાઈનો અમલ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) એક પણ નહીં

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને સૂચના આપવામાં આવેલ છે.

--------

**અમરેલી જિલ્લામાં કાર્યરત ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૬૨૧ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ગૌચર દબાણ સેલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ સેલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગેરકાયદે ગૌચર દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગૌચર દબાણ દૂર કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) દબાણ શાખા કાર્યરત છે.

(૨) ૩૧ ગૌચર દબાણો દૂર કરી કુલ ૧૦૮.૩૩.૭૫ હે.આરે.પ્ર. જમીન છૂટી કરવામાં આવી.

(૩) ૧૩૮

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ હેઠળ દબાણો દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. સબજ્યુડીશ મેટરમાં નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**મહીસાગર જિલ્લામાં કાર્યરત ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૬૪૮ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ગૌચર દબાણ સેલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ સેલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગેરકાયદે ગૌચર દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગૌચર દબાણ દૂર કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) દબાણ શાખા કાર્યરત છે.

(૨) ૩૭ ગૌચર દબાણો દૂર કરી કુલ ૨-૭૪-૩૯ હે.આરે.પ્ર. જમીન છૂટી કરવામાં આવેલ છે.

(૩) ૧૭

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. અમુક કિસ્સામાં નામ. કોર્ટમાં સબજ્યુડીશ મેટર હોય, નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**નર્મદા જિલ્લામાં કાર્યરત ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૬૬૭ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ગૌચર દબાણ સેલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ સેલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગેરકાયદે ગૌચર દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગૌચર દબાણ દૂર કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૭-૦૬-૨૦૨૧)

(૧) દબાણ શાખા કાર્યરત છે.

(૨) કુલ ૦૦.૨૨.૧૬ હે.આરે.પ્ર. ગૌચર જમીન છૂટી કરવામાં આવી.

(૩) ૦૦.૨૭.૪૫ હે.આરે.પ્ર.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. અમુક કિસ્સામાં નામ. કોર્ટમાં સબજ્યુડીશ મેટર હોય, નામ. કોર્ટના ચૂકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**રાજ્યમાં ગૌચર જમીનની ફાળવણી**

અતારાંકિતઃ ૬૭૭૦ (૦૭-૦૧-૨૦૨૦) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગૌચર જમીન ફાળવવામાં આવી,

(૨) ઉક્ત પૈકી કેટલા પશુની વસ્તી સામે લઘુત્તમ જરૂરીયાત કરતાં ગૌચર ઓછું હોવા છતાં ગૌચર જમીનની જુદા-જુદા હેતુસર ફાળવણી કરાઈ છે અને તેના શાં કારણો છે, અને

(૩) લઘુત્તમ જરૂરી ગૌચર જમીન ગામમાં ઉપલબ્ધ ન હોવા છતાં ગૌચર ફાળવનાર અધિકારી સામે શાં પગલા લેવાયા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૭-૨૦૨૧)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) મહેસૂલ વિભાગના તા.૦૧-૦૪-૨૦૧૫ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ નવી ગૌચર નીતિ મુજબ જુદા જુદા સરકારી વિભાગો/બોર્ડ/કોર્પોરેશન/નિગમ/કંપનીઓની જાહેર હેતુઓ માટે ગૌચરની જમીન ફાળવવામાં આવે છે.

તેમજ ઉક્ત ગૌચર જમીન ફાળવણીના વિકલ્પ રૂપે અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવામાં આવે છે અને એ રીતે હયાત ગૌચરની જાળવણી કરવામાં આવે છે.

(૩) પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર ગૌચર જમીન ફાળવવામાં આવેલ હોઈ, અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ ગૌચર જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.માં) |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૧૩૯૪૨૧ |
| ૨ | અરવલ્લી | ૧૨૪૮૪૭ |
| ૩ | તાપી | ૨૬૩૧૨૨ |
| ૪ | અમરેલી | ૧૬૧૩૫૦ |
| ૫ | પોરબંદર | ૨૪૭૧૧ |
| ૬ | રાજકોટ | ૨૬૦૨૮૧ |
| ૭ | કચ્છ | ૨૭૬૫૦ |
| ૮ | જામનગર | ૮૧૧૬૩ |
| ૯ | ખેડા | ૮૩૩૦૦ |
| ૧૦ | ડાંગ | ૦ |
| ૧૧ | નવસારી | ૩૦૯૬૮૮ |
| ૧૨ | દાહોદ | ૧૬૭૮૬૮ |
| ૧૩ | મહીસાગર | ૨૪૨૮૦ |
| ૧૪ | ગાંધીનગર | ૧૦૨૮૬૨ |
| ૧૫ | જૂનાગઢ | ૩૨૬૯૬૫ |
| ૧૬ | ભરૂચ | ૧૪૧૨૮૦ |
| ૧૭ | વલસાડ | ૯૯૩૭૩ |
| ૧૮ | અમદાવાદ | ૨૧૪૦૯૫ |
| ૧૯ | બોટાદ | ૫૨૫૮૨ |
| ૨૦ | આણંદ | ૧૯૭૫૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫૩૮૨૮૭ |
| ૨૨ | ભાવનગર | ૦ |
| ૨૩ | મહેસાણા | ૦ |
| ૨૪ | નર્મદા | ૧૭૧૧૪૮ |
| ૨૫ | બનાસકાંઠા | ૩૧૩૭૪૪ |
| ૨૬ | પાટણ | ૪૦૧૦૧૮ |
| ૨૭ | સાબરકાંઠા | ૦ |
| ૨૮ | દેવભૂમિ દ્વારકા | ૩૯૪૬૮૬ |
| ૨૯ | સુરત | ૭૧૯૮૯૭ |
| ૩૦ | છોટાઉદેપુર | ૧૨૩૫૬૦ |
| ૩૧ | મોરબી | ૩૫૫૨૫ |
| ૩૨ | વડોદરા | ૪૮૭૯૦૭ |
| ૩૩ | પંચમહાલ | ૧૪૩૭૭૨ |

--------

**અમરેલી જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૫૧૦ (૨૯–૧૦–૨૦૨૦) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૦મી જૂન–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ કઈ શૈક્ષણિક સંસ્થાને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી કઈ કઈ સંસ્થાએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરત ભંગ કરનારી સંસ્થાઓ સામે શા પગલાં લેવાયા છે, અને

(૪) આવી સંસ્થાને માફી અપાઈ હોય તો તેના શાં કારણો છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯–૦૭–૨૦૨૧)

(૧)

| શૈક્ષણિક સંસ્થાનું નામ | ટોકન દર/ભાડાથી આપવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.માં) |
|---|---|
| આચાર્યશ્રી, એચ.કે.બદાણી હાઈ. ઘુઘરાળા, તા.બાબરા | ૪૭૦૫ |
| શ્રી રાધે ક્રિષ્ના એજ્યુ. ટ્રસ્ટ, વાંકીયા, તા.બાબરા | ૪૦૪૭ |
| શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ, લાઠી | ૫૯૯૦ |

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમરેલી જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૬૦૦ (૦૫–૧૦–૨૦૨૦) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯–૦૭–૨૦૨૧)

(૧)

| શૈક્ષણિક સંસ્થાનું નામ | ટોકન દર/ભાડાથી આપવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ |
|---|---|
| આચાર્યશ્રી, એચ.કે.બદાણી હાઈ. ઘુઘરાળા, તા.બાબરા | ૪૭૦૫ |
| શ્રી રાધે ક્રિષ્ના એજ્યુ. ટ્રસ્ટ, વાંકીયા, તા.બાબરા | ૪૦૪૭ |
| શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ, લાઠી | ૫૯૯૦ |

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહિસાગર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૬૨૩ (૦૫–૧૧–૨૦૨૦) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૨–૦૭–૨૦૨૧)

(૧)

| ક્રમ | શૈક્ષણિક સંસ્થા | જમીનનું ક્ષેત્રફળ | ટોકન દર/ભાડાથી (રમત–ગમતના મેદાન માટે) |
|---|---|---|---|
| ૧ | શ્રી સર્વાંગી દલિત વિકાસ મંડળ, સાંગડાપાડા | ૧૧૮૨ ચો.મી. | ૧ રૂ. ટોકન દરે |

(૨) કોઈ શરતભંગ થયેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવેલ જમીન અન્વયે મહેસૂલ**

અતારાંકિતઃ ૮૪૦૧ (૦૧-૦૧-૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવવામાં આવેલ જમીન અન્વયે કેટલું મહેસૂલ વસૂલવાનું બાકી છે,

(૨) ઉક્ત જમીન મહેસૂલમાં કેટલી રકમ નિયમિત જમીન મહેસૂલની અને કેટલી રકમ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૫-ખ ના ખંડ (૫) હેઠળ નિયત સમયમાં ઉત્પાદન કે સેવા શરૂ ન કરે તો વધારાના દર મુજબ કેટલી રકમ વસૂલવાની થાય છે,

(૩) ઉક્ત રકમ સમયસર ભરપાઈ ન કરતા હોઈ તેવા જિલ્લાવાર કેટલા ઈસમો સામે જમીન મહેસૂલના બાકી લેણા વસૂલવા શા પગલાં લીધાં, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલાઈ તે માટે કોની કોની જવાબદારી થાય છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૧-૦૭-૨૦૨૧)

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ મહેસૂલ વસૂલવાનું બાકી નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવેલ જમીન અન્વયે મહેસૂલ**

અતારાંકિતઃ ૮૫૪૮ (૧૨-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવવામાં આવેલ જમીન અન્વયે કેટલું જમીન મહેસૂલ કોની પાસેથી વસૂલવાનું બાકી છે,

(૨) ઉક્ત જમીન મહેસૂલમાં કેટલી રકમ નિયમિત જમીન મહેસૂલની અને કેટલી રકમ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૫-ખ ના ખંડ (૫) હેઠળ નિયત સમયમાં ઉત્પાદન કે સેવા શરૂ ન કરે તો વધારાના દર મુજબ કેટલી રકમ વસૂલવાની થાય છે,

(૩) ઉક્ત રકમ સમયસર ભરપાઈ ન કરતા હોઈ તેવા જિલ્લાવાર કેટલા ઈસમો સામે જમીન મહેસૂલના બાકી લેણા વસૂલવા શા પગલાં લીધાં, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલાઈ તે માટે કોની કોની જવાબદારી થાય છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૧-૦૭-૨૦૨૧)

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ પ્રિમીયમ વસૂલવાનું બાકી નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમરેલી જિલ્લામાં ફાળવવામાં આવેલ ગૌચર જમીનમાં શરતભંગ**

અતારાંકિતઃ ૮૯૨૬ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાં ગૌચરની કેટલી જમીન ક્યા હેતુસર ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગૌચર જમીનો પર ઉક્ત સ્થિતિએ ક્યા કિસ્સામાં શરતભંગ થયો,

(૩) શરતભંગ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૪) શરતભંગ કરનારને ફાળવાયેલ ગૌચર જમીન પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૧-૦૭-૨૦૨૧)

(૧) કુલ ૧૮૪૧૭૩ ચો.મી. જમીન સરકારી ખાતા/કચેરીઓને જાહેર હેતુ માટે તથા ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કંપની લિ.ને ૬૬ કે.વી. સબ સ્ટેશન બનાવવાના હેતુસર ફાળવવામાં આવી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**તાપી અને જામનગર જિલ્લામાં ફાળવવામાં આવેલ ગૌચર જમીનમાં શરતભંગ**

અતારાંકિતઃ ૮૯૭૬ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીન ક્યા હેતુસર ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગૌચર જમીનો પર ઉક્ત સ્થિતિએ ક્યા કિસ્સામાં શરતભંગ થયો,

(૩) શરતભંગ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૪) શરતભંગ કરનારને ફાળવાયેલ ગૌચર જમીન પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૬-૦૭-૨૦૨૧)

(૧) પત્રક સામેલ છે.

**પત્રક**

| **જિલ્લામાં નિયમાનુસાર ફાળવવામાં આવેલ ગૌચરની જમીન** | | |
|---|---|---|
| **જિલ્લો** | **ક્ષેત્રફળ (ચો.મી.માં)** | **હેતુ** |
| જામનગર | ૧૮૨૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન અને સ્ટાફ ક્વાર્ટસ માટે |
| | ૧૪૯૩ | સમાજવાડી બનાવવા માટે |
| તાપી | ૭૩૩૫૫ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે |
| | ૨૦૦૦૦ | હાટ બજાર માટે |
| | ૬૨૫ | પંચાયત ઘર માટે |
| | ૧૧૦૦ | આરોગ્ય હેતુ માટે |
| | ૯૦૦૦૦ | શૈક્ષણિક હેતુ માટે |
| | ૨૦૫૦૦ | પાણી પુરવઠા હેડવર્કર્સ માટે |
| | ૨૦૦૦ | પોલિસ સ્ટાફ કચેરી માટે |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરત જિલ્લામાં આર્સેનલ મિત્તલ ગૃપને જમીન ફાળવણી**

અતારાંકિતઃ ૯૩૯૮ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેનલ મિત્તલ ગૃપ દ્વારા ક્યા પ્રકારની કેટલી જમીન મેળવવાની માંગણી પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત કંપનીને ક્યા પ્રકારની, કેટલી જમીન શા ભાવે ક્યારે ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને પ્રિમિયમ અને તેના વ્યાજ પેટે કેટલી આવક થઈ ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૬-૨૦૨૧)

(૧)

| **જમીનનો પ્રકાર** | **ક્ષેત્રફળ (ચો.મી.)** |
|---|---|
| સરકારી | ૧૧૮૮૩૮૯ |
| નિયામકશ્રી, બંદર વિભાગ ગુજરાત રાજ્ય અમદાવાદ તથા પોલીસ કમિ.શ્રી સુરત હસ્તકની | ૧૨૫૧૫૦ |
| સરકારી (ગ્રામ પંચાયત હજીરા) | ૪૪૮૧૯ |

| | |
|---|---|
| નિયામકશ્રી, બંદર વિભાગ ગુજરાત રાજ્ય અમદાવાદ હસ્તકની | ૬૫૧૭૩૭ |
| બિનનંબરી | ૧૬૦૦ |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત કંપનીને કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં જમીન બિનખેતી કરવા માટે ઓનલાઈન અરજીઓ**

અતારાંકિતઃ ૯૪૭૬ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ખેતીની જમીન બિનખેતી કરવા માટે ઓનલાઈન કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ વિભાગ કક્ષાએથી મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ ના–મંજૂર કરવામાં આવી,

(૩) ઉક્ત વિભાગ કક્ષાએથી મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર જિલ્લા કક્ષાએથી કેટલી અરજીઓના બિનખેતીના હુકમો કરવામાં આવ્યા અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) વિભાગ કક્ષાએ મંજૂર થયેલ અરજીઓને જિલ્લા કક્ષાએથી નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૨–૦૭–૨૦૨૧)

(૧) પત્રક–૧ મુજબ.

**પત્રક–૧**

**રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ખેતીની જમીન બિનખેતી કરવા માટે ઓનલાઈન કેટલી અરજીઓ મળી, (જિલ્લાવાર, વર્ષવાર સંખ્યા)**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ દરમ્યાન કુલ મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | સને ૨૦૧૮ | સને ૨૦૧૯ | સને ૨૦૨૦ |
| ૧ | કચ્છ | ૪૦ | ૮૮૫ | ૭૮૦ |
| ૨ | બનાસકાંઠા | ૪૭ | ૭૭૯ | ૭૭૯ |
| ૩ | પાટણ | ૩૨ | ૫૧૧ | ૪૨૦ |
| ૪ | મહેસાણા | ૭૭ | ૧૫૦૬ | ૧૩૯૫ |
| ૫ | સાબરકાંઠા | ૮ | ૭૨૪ | ૫૩૮ |
| ૬ | ગાંધીનગર | ૬૦૪ | ૩૭૭૮ | ૨૧૯૫ |
| ૭ | અમદાવાદ | ૧૮૦૨ | ૬૨૯૯ | ૪૪૪૫ |
| ૮ | સુરેન્દ્રનગર | ૩૫ | ૫૮૩ | ૫૭૦ |
| ૯ | રાજકોટ | ૧૧૪ | ૧૬૯૫ | ૧૦૧૯ |
| ૧૦ | જામનગર | ૫ | ૨૯૫ | ૨૦૦ |
| ૧૧ | પોરબંદર | ૪ | ૧૦૬ | ૧૧૦ |
| ૧૨ | જૂનાગઢ | ૨૪ | ૨૮૭ | ૩૦૯ |
| ૧૩ | અમરેલી | ૧૪ | ૩૪૮ | ૨૯૫ |
| ૧૪ | ભાવનગર | ૪૧ | ૩૭૫ | ૩૩૬ |
| ૧૫ | આણંદ | ૧૫૫ | ૧૧૭૮ | ૭૫૧ |
| ૧૬ | ખેડા | ૬૪ | ૧૪૩૨ | ૮૨૭ |
| ૧૭ | પંચમહાલ | ૪૭ | ૬૪૨ | ૪૪૨ |
| ૧૮ | દાહોદ | ૨ | ૨૦૫ | ૧૫૩ |
| ૧૯ | વડોદરા | ૧૩૪ | ૨૪૪૦ | ૧૫૦૨ |
| ૨૦ | નર્મદા | ૨૦ | ૧૧૨ | ૧૨૦ |
| ૨૧ | ભરૂચ | ૧૬ | ૫૧૭ | ૪૧૯ |
| ૨૨ | સુરત | ૧૬૫ | ૨૮૩૨ | ૧૩૦૭ |
| ૨૩ | ડાંગ | ૪ | ૩ | ૨ |
| ૨૪ | નવસારી | ૨૫ | ૮૬૬ | ૫૨૧ |

| રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ખેતીની જમીન બિનખેતી કરવા માટે ઓનલાઈન કેટલી અરજીઓ મળી, (જિલ્લાવાર, વર્ષવાર સંખ્યા) | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **વર્ષ દરમ્યાન કુલ મળેલ અરજીઓ** | | |
| | | **સને ૨૦૧૮** | **સને ૨૦૧૯** | **સને ૨૦૨૦** |
| ૨૫ | વલસાડ | ૧૪ | ૧૩૮૩ | ૧૧૧૩ |
| ૨૬ | તાપી | ૦ | ૧૩૭ | ૯૦ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૧૯ | ૧૩૯ | ૧૦૧ |
| ૨૮ | મોરબી | ૨૯ | ૭૫૩ | ૭૧૭ |
| ૨૯ | ગીર સોમનાથ | ૮૧ | ૭૪૮ | ૩૭૮ |
| ૩૦ | બોટાદ | ૧૧ | ૧૩૧ | ૧૧૫ |
| ૩૧ | અરવલ્લી | ૧૪ | ૩૩૯ | ૨૭૭ |
| ૩૨ | મહિસાગર | ૨૦ | ૨૫૮ | ૧૯૦ |
| ૩૩ | છોટાઉદેપુર | ૭ | ૨૬૦ | ૧૯૫ |
| | **કુલ** | **૩૬૭૪** | **૩૨૫૪૬** | **૨૨૬૧૧** |

(૨) વિભાગ કક્ષાએ ખેતીની જમીન બિનખેતી કરવાની ઓનલાઈન અરજીઓ મંજૂર/ના-મંજૂર કરવામાં આવતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### તાપી અને ડાંગ જિલ્લામાં જમીન સંપાદનના વળતરની અરજીઓ

અતારાંકિતઃ ૯૪૯૦ (૦૪-૦૨-૨૦૨૧) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે થયેલી કેટલી અપીલો પડતર છે,

(૨) ઉક્ત અપીલો પૈકી કેટલી અપીલો એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અપીલોનો નિકાલ કરવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૩-૦૬-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે પડતર અપીલોની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **પડતર અરજીઓ** |
|---|---|---|
| ૧ | તાપી | ૦ |
| ૨ | ડાંગ | ૦ |

(૨) ઉક્ત અપીલો પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર અપીલોની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ** | **ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ** |
|---|---|---|---|
| ૧ | તાપી | ૦ | ૦ |
| ૨ | ડાંગ | ૦ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અપીલોનો નિકાલ કરવામાં આવેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **ત્રણ વર્ષમાં નિકાલ કરેલ અરજીઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **વર્ષ** | **અપીલોની સંખ્યા** |
| ૧ | તાપી | ૨૦૧૮ | ૦ |
| | | ૨૦૧૯ | ૦ |
| | | ૨૦૨૦ | ૧ |
| | | **કુલ** | **૧** |
| ૨ | ડાંગ | | ૦ |

--------

**વડોદરા અને સુરત જિલ્લામાં જમીન સંપાદનના વળતરની અરજીઓ**

અતારાંકિતઃ ૯૪૯૪ (૦૪-૦૨-૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે થયેલી કેટલી અપીલો પડતર છે,

(૨) ઉક્ત અપીલો પૈકી કેટલી અપીલો એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અપીલોનો નિકાલ કરવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૮-૦૬-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જમીન સંપાદનના વળતર બાબતે પડતર અપીલ અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સુરત | ૯૪ |

(૨) ઉક્ત અપીલો પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સુરત | એક વર્ષ કરતા વધુ – ૨૭<br>ત્રણ વર્ષ કરતા વધુ – ૬૭ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નિકાલ કરેલ અપીલો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સુરત | ૦ |

--------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં જમીન સંપાદનના વળતરની અરજીઓ**

અતારાંકિતઃ ૯૪૯૬ (૦૪-૦૨-૨૦૨૧) **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કલેક્ટર કચેરીઓમાં જમીન સંપાદનના વળતર બાબતે થયેલી કેટલી અપીલો પડતર છે,

(૨) ઉક્ત અપીલો પૈકી કેટલી અપીલો એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અપીલોનો નિકાલ કરવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૮-૦૬-૨૦૨૧)

(૧)તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જમીન સંપાદનના વળતર બાબતે પડતર અપીલ અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પડતર અપીલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦૨૩ |
| ૨ | નર્મદા | ૨૬૪ |

(૨) ઉક્ત અપીલો પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પડતર અપીલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભરૂચ | એક વર્ષ કરતા વધુ – ૧૦૨૩<br>ત્રણ વર્ષ કરતા વધુ – ૦ |
| ૨ | નર્મદા | એક વર્ષ કરતા વધુ – ૨૬૪<br>ત્રણ વર્ષ કરતા વધુ – ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નિકાલ કરેલ અપીલો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | નિકાલ અપીલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૦ |
| ૨ | નર્મદા | ૦ |

--------

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**એનીમલ બર્થ કન્ટ્રોલ રૂલ્સ અન્વયે રચાતી મોનીટરીંગ કમિટીમાં એસ.પી.સી.એ.ના સભ્ય**

અતારાંકિતઃ ૯૨૫૪ (૨૯–૦૧–૨૦૨૧) **શ્રી પૂંજાભાઇ વંશ** (ઉના): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં એનીમલ બર્થ કંટ્રોલ (ડોગ) રૂલ્સ–૨૦૦૧ અન્વયે રચાતી મોનીટરીંગ કમિટીમાં એસ.પી.સી.એ.ના એક સભ્ય ફરજીયાત મૂકવાની જોગવાઇ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના કયા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપરોકત કમિટીમાં એસ.પી.સી.એ.ના પ્રતિનિધિ નિમાયા નથી,

(૩) તેના શા કારણો છે, અને

(૪) આવી નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૨૧–૦૬–૨૦૨૧)

(૧) હા જી,

(૨) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યની અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકામાં એનીમલ બર્થ કંટ્રોલ (ડોગ) રૂલ્સ–૨૦૦૧ અન્વયે રચાતી મોનીટરીંગ કમિટીમાં એસ.પી.સી.એ.ના પ્રતિનિધિ નિમાયેલ છે. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાએ તા.૨૭–૦૫–૨૦૨૧ના હુકમથી એસ.પી.સી.એ.ના પ્રતિનિધિની નિમણૂક કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ડીસ્ટ્રીક્ટ જજોના વાહનો પર લાલ લાઇટ કે સાઇરન મુકવા**

અતારાંકિતઃ ૮૮૦૧ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં કોઇપણ ન્યાયાધિશના વાહનમાં લાલ લાઇટ કે સાઇરન મુકવાની મનાઇ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા ડીસ્ટ્રીક્ટ જજોના વાહનોમાં લાલ લાઇટ કે સાઇરન મુકવામાં આવ્યા છે, અને

(૩) તે હટાવી લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૨૮–૦૬–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૦૮ના પેટા નિયમ–૪ અને તેના અનુસંધાનેના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૭–૦૬–૨૦૧૭ના પરિપત્રની જોગવાઇ મુજબ રાજ્યમાં કોઇપણ ન્યાયાધિશના વાહનમાં લાલ લાઇટ કે સાઇરન મુકવાની છે.

(૨) ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૨૨૬ | ૧ |
| ૨ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૫૯૮, ૯૫૯૯, ૯૬૨૬ | ૩ |
| ૩ | ગૃહ વિભાગ | ૯૪૪૨, ૯૪૪૩, ૯૪૬૨, ૯૪૬૫, ૯૪૬૬, ૯૪૬૯, ૯૪૭૦, ૯૪૭૯, ૯૪૮૨ | ૯ |
| ૪ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૧૨૩, ૯૦૯૩, ૯૦૯૪, ૯૦૯૫, ૯૨૫૬ | ૫ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૫૪૪ | ૧ |
| ૬ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૨૫૨, ૨૦૩૨, ૪૬૬૦, ૫૮૩૩, ૬૪૭૭, ૭૧૩૦, ૭૧૩૧, ૭૧૪૮, ૭૮૬૨, ૭૯૫૭, ૮૧૧૯, ૮૩૬૦, ૮૫૨૪, ૮૬૨૧, ૮૬૪૮, ૮૬૬૭ | ૧૬ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૬૭૭૦, ૭૫૧૦, ૭૬૦૦, ૭૬૨૩, ૮૪૦૧, ૮૫૪૮, ૮૯૨૬, ૮૯૭૬, ૯૩૯૮, ૯૪૭૬, | ૧૩ |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| | | ૯૪૯૦, ૯૪૯૪, ૯૪૯૬ | |
| ૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૯૨૫૪ | ૧ |
| ૯ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૮૮૦૧ | ૧ |
| | | **કુલ** | **૫૦** |

------------

**પાંચમી અતારાંકિત યાદી**

**રાજ્યમાં દૂધની ડેરીઓ શરૂ કરવા બાબત**

અતારાંકિતઃ ૮૦૮૨ (૨૯-૧૨-૨૦૨૦) **શ્રી શિવાભાઈ ભૂરીયા** (દિયોદર): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી દૂધની ડેરીઓ બંધ હતી,

(૨) તે પૈકી કેટલી ડેરીઓ ફરીથી શરૂ કરવામાં આવી અને કેટલી ડેરીઓ શરૂ કરવાની બાકી છે,

(૩) બંધ ડેરીઓ ફરીથી શરૂ કરવાનું બાકી હોય તો તેનાં કારણો શાં છે, અને

(૪) બંધ ડેરીઓ શરૂ કરવા માટેની જાહેરાત ક્યારે કરી ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૩૩૭ દૂધની ડેરીઓ બંધ હતી. જિલ્લાવાર યાદી સામેલ છે. (એનેક્ષર મુજબ)

(૨) તે પૈકી ૬૫ ડેરીઓ શરૂ કરવામાં આવી અને ૧૨૭૨ ડેરીઓ શરૂ કરવાની બાકી છે.

(૩) બંધ ડેરીઓ ફરીથી શરૂ કરવાનું બાકી હોય તો તેનાં કારણો નીચે મુજબ છે.

(૧) દૂધનો પુરવઠો ઓછો હોવાથી.

(૨) જે-તે ગામના મંડળીના કર્તાહર્તાને ઓછો રસ હોવાથી.

(૩) ફડચો, ઉચાપત, પોલીસ ફરીયાદ જેવા વહીવટી કારણોથી.

(૪) અલગ-અલગ સ્થાનિક પ્રશ્નો હોવાથી.

(૪) બંધ ડેરીઓ ચાલુ કરવા માટેની જાહેરાત કરવામાં આવેલ નથી.

**એનેક્ષર**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા દૂધ ડેરીઓ બંધની સંખ્યા | તે પૈકી કેટલી ડેરીઓ ફરીથી શરૂ કરવામાં આવી | કેટલી ડેરીઓ શરૂ કરવાની બાકી છે |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | કચ્છ | ૮૧ | ૦ | ૮૧ |
| ૨ | બનાસકાંઠા | ૫૮ | ૧૩ | ૪૫ |
| ૩ | પાટણ | ૧૬ | ૨ | ૧૪ |
| ૪ | મહેસાણા | ૧૦ | ૨ | ૮ |
| ૫ | સાબરકાંઠા | ૭૨ | ૮ | ૬૪ |
| ૬ | ગાંધીનગર | ૧૧ | ૦ | ૧૧ |
| ૭ | અમદાવાદ | ૫૬ | ૦ | ૫૬ |
| ૮ | સુરેન્દ્રનગર | ૨૩ | ૩ | ૨૦ |
| ૯ | રાજકોટ | ૫૦ | ૧ | ૪૯ |
| ૧૦ | જામનગર | ૪ | ૦ | ૪ |
| ૧૧ | પોરબંદર | ૧૧ | ૦ | ૧૧ |
| ૧૨ | જૂનાગઢ | ૧૨ | ૧૧ | ૧ |
| ૧૩ | અમરેલી | ૮ | ૦ | ૮ |
| ૧૪ | ભાવનગર | ૩૦ | ૨ | ૨૮ |
| ૧૫ | આણંદ | ૬ | ૧ | ૫ |
| ૧૬ | ખેડા | ૧૬ | ૧ | ૧૫ |
| ૧૭ | પંચમહાલ | ૮૯ | ૧ | ૮૮ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા દૂધ ડેરીઓ બંધની સંખ્યા | તે પૈકી કેટલી ડેરીઓ ફરીથી શરૂ કરવામાં આવી | કેટલી ડેરીઓ શરૂ કરવાની બાકી છે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૮ | દાહોદ | ૧૭૯ | ૯ | ૧૭૦ |
| ૧૯ | વડોદરા | ૧૨ | ૦ | ૧૨ |
| ૨૦ | નર્મદા | ૧૫૪ | ૨ | ૧૫૨ |
| ૨૧ | ભરૂચ | ૧૧૯ | ૩ | ૧૧૬ |
| ૨૨ | સુરત | ૪ | ૦ | ૪ |
| ૨૩ | ડાંગ | ૯૩ | ૦ | ૯૩ |
| ૨૪ | નવસારી | ૨૨ | ૧ | ૨૧ |
| ૨૫ | વલસાડ | ૯ | ૦ | ૯ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૦ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ |
| ૨૮ | મોરબી | ૧૬ | ૦ | ૧૬ |
| ૨૯ | ગીર સોમનાથ | ૧૨ | ૦ | ૧૨ |
| ૩૦ | બોટાદ | ૯ | ૦ | ૯ |
| ૩૧ | અરવલ્લી | ૫૫ | ૧ | ૫૪ |
| ૩૨ | મહીસાગર | ૭૮ | ૪ | ૭૪ |
| ૩૩ | છોટાઉદેપુર | ૨૨ | ૦ | ૨૨ |
| | **કુલ** | **૧૩૩૭** | **૬૫** | **૧૨૭૨** |

--------

**બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં પશુ બજાર**

અતારાંકિતઃ ૮૨૨૯ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી મહેશકુમાર પટેલ**(પાલનપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં રજિસ્ટ્રેશન/લાઇસન્સ વગરના કેટલા ગેરકાયદે પશુ બજાર (કેટલ માર્કેટ)/બકરા માર્કેટ ચાલી રહ્યા છે, અને

(૨) ઉક્ત તમામ ગેરકાયદે માર્કેટ ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૪-૦૮-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગીર ગાયોની ગેરકાયદે નિકાસ**

અતારાંકિતઃ ૮૪૩૭ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરીયાપુર): તા.૧૧-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી અંબરીશભાઇ ડેરના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૦૮૦ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ૬૪ ગીર ગાયોને પ્રતિબંધ હોવા છતાં બીજા રાજ્યોમાં ગેરકાયદે મોકલવામાં આવી હતી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સબંધિત કચેરીના નિયંત્રણ અધિકારી (અ) કલેક્ટર જૂનાગઢ (બ) કલેક્ટર રાજકોટ (ક) જિલ્લા પોલીસ અધિક્ષક-વડોદરાને સબંધિતો સામે પગલાં લેવા જણાવ્યા પછી તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સબંધિતો સામે શા પગલાં લેવાયા, અને

(૩) જો કોઈ પગલા ન લેવાયા હોય તો તેના શા કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૪-૦૮-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) (અ) કલેક્ટરશ્રી, જૂનાગઢની સૂચનાથી જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જૂનાગઢે મામલતદારશ્રી, કેશોદને ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તે બાબતે તાકીદ આપવામાં આવેલ છે.

(બ) કલેક્ટરશ્રી, રાજકોટ દ્વારા નિવૃત્ત મામલતદાર, પડધરીનો ખુલાસો ગ્રાહ્ય ન રાખીને કારણદર્શક નોટીસ પાઠવેલ છે.

(ક) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા આ અંગે ગુનો નોંધાયેલ નથી એમ જણાવેલ છે.

(૩) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા જરૂરી દસ્તાવેજો ચેક કરતાં મામલતદારશ્રી કેશોદ તથા વેટરનરી ડૉક્ટરશ્રી કેશોદના પરમીટ અને સર્ટી રજૂ કરતાં સરકારી અધિકારીઓના કાગળો હોઈ નિયમોનુસાર જણાયેલ હોઈ ગાયો તથા વાછરડાં ટ્રકસહિત પરત સોંપવામાં આવેલ. આ અંગે ગુનો નોંધાયેલ નથી.

--------

**ગીર ગાયની નિકાસ પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૮૫૪૫ (૧૨-૦૧-૨૦૨૧) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૧-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૦૮૦ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં પ્રતિબંધ હોવા છતાં ૬૪ ગીર ગાયોને બીજા રાજ્યમાં ગેરકાયદે મોકલવામાં આવી હતી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સબંધિત કચેરીના નિયંત્રણ અધિકારી (અ) કલેકટર જૂનાગઢ (બ) કલેકટર રાજકોટ (ક) જિલ્લા પોલીસ અધિક્ષક-વડોદરાને સબંધિત સામે પગલાં લેવા જણાવ્યા પછી તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સબંધિતો સામે શા પગલાં લેવાયા, અને

(૩) જો કોઈ પગલાં ન લેવાયા હોય તો તેના શા કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૪-૦૮-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) (અ) કલેક્ટરશ્રી, જૂનાગઢની સૂચનાથી જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જૂનાગઢે મામલતદારશ્રી, કેશોદને ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તે બાબતે તાકીદ આપવામાં આવેલ છે.

(બ) કલેક્ટરશ્રી, રાજકોટ દ્વારા નિવૃત્ત મામલતદાર, પડધરીનો ખુલાસો ગ્રાહ્ય ન રાખીને કારણદર્શક નોટીસ પાઠવેલ છે.

(ક) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા આ અંગે ગુનો નોંધાયેલ નથી એમ જણાવેલ છે.

(૩) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા જરૂરી દસ્તાવેજો ચેક કરતાં મામલતદારશ્રી કેશોદ તથા વેટરનરી ડૉક્ટરશ્રી કેશોદના પરમીટ અને સર્ટી રજૂ કરતાં સરકારી અધિકારીઓના કાગળો હોઈ નિયમોનુસાર જણાયેલ હોઈ ગાયો તથા વાછરડાં ટ્રકસહિત પરત સોંપવામાં આવેલ. આ અંગે ગુનો નોંધાયેલ નથી.

--------

**રાજ્યમાં ઈમુ ફાર્મના રજિસ્ટ્રેશન**

અતારાંકિતઃ ૯૧૧૧ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી કાન્તીભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ઈમુ ફાર્મના રજિસ્ટ્રેશન થયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા ઈમુ ફાર્મના રજિસ્ટ્રેશન નથી થયા, અને

(૩) રજિસ્ટ્રેશન વિનાના આવા ફાર્મને બંધ કરાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૪-૦૮-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) રાજ્યમાં હાલ ઈમુ ફાર્મ અસ્તિત્વમાં નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં ગીર ગાય અને ભેંસોની નિકાસ પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૯૨૧૩ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ગીર ગાય અને ભેંસોની નિકાસ કરવા પર તા.૨૨-૧૦-૨૦૧૩ના રોજથી પ્રતિબંધ મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ જોગવાઈનો ભંગ કરી કેટલી ગીર ગાય અને ભેંસોની ગેરકાયદે નિકાસ થઈ,

(૩) તે બદલે કેટલા કિસ્સામાં એફ.આઈ.આર. નોંધવામાં આવી, અને

(૪) જો એફ.આઈ.આર. નોંધવામાં ન આવી હોય તો તેના શા કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૬-૦૮-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ગીર ગાય-૧૦ (દસ) તથા ભેંસ-૯૧૦ (નવસો દસ)

(૩) તમામ ૯૪ (ચોરાણું) કિસ્સામાં પોલીસ ખાતા દ્વારા એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**દાહોદ જિલ્લામાં સરકારી શાળાઓમાં મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૫૭૪૯ (૦૬-૦૭-૨૦૧૯) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકા, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટેડ કેટલી શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત શાળાઓવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦-૦૭-૨૦૨૧)

(૧) *પત્રક-૧ મુજબ.

(૨) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી ભરાયેલી અને ખાલી જગ્યાઓની વિગતો પત્રક-૨.૧ (A, B, C) મુજબ અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી ભરાયેલી અને ખાલી જગ્યાઓની વિગતો પત્રક-૨.૨ (A, B) મુજબ છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**તાપી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૭૩૩૧ (૦૮-૧૦-૨૦૨૦) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ કેટલી આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) ઉક્ત શિક્ષકોની ઘટ ક્યાં સુધીમાં પુરી કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૮-૨૦૨૧)

(૧)

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી પ્રા.શાળા | ગ્રાન્ટેડ પ્રા.શાળા | ખાનગી પ્રા.શાળા |
|---|---|---|---|---|
| તાપી | વ્યારા | ૧૫૬ | ૦ | ૨૩ |
| | ડોલવણ | ૧૦૮ | ૦ | ૫ |
| | વાલોડ | ૭૮ | ૧ | ૯ |
| | સોનગઢ | ૨૫૭ | ૧ | ૧૪ |
| | ઉચ્છલ | ૮૬ | ૦ | ૬ |
| | નિઝર | ૪૭ | ૦ | ૩ |
| | કુકરમુંડા | ૬૫ | ૦ | ૦ |

(૨)

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ |
|---|---|---|
| તાપી | વ્યારા | ૬૯ |
| | ડોલવણ | ૩૬ |
| | વાલોડ | ૩૭ |
| | સોનગઢ | ૬૫ |
| | ઉચ્છલ | ૧૮ |

| | | |
|---|---|---|
| | નિઝર | ૪૬ |
| | કુકરમુંડા | ૫૧ |

(૩) જેમ બને તેમ જલદી.

**ખેડા, આણંદ અને ગાંધીનગર જિલ્લા અને શહેરના પેટ્રોલ પંપો ઉપર તોલમાપની તપાસણી**

અતારાંકિતઃ ૯૬૦૯ (૨૮-૦૫-૨૦૨૧) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૯-૦૫-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા, આણંદ અને ગાંધીનગર જિલ્લા અને શહેરમાં ક્યારે અને કેટલા પેટ્રોલ પંપો ઉપર તોલમાપની તપાસણી કરવામાં આવી, અને

(૨) તપાસણી દરમ્યાન કયા પ્રકારની ગેરરીતી પકડાઈ, અને તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી :** (૧૨-૦૮-૨૦૨૧)

(૧) તા.૧૯-૦૫-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા, આણંદ અને ગાંધીનગર જિલ્લા અને શહેરમાં નીચે જણાવ્યા પ્રમાણે પેટ્રોલ પંપો પર તોલમાપની તપાસણી કરવામાં આવી.

**ખેડા જિલ્લોઃ**

| સમયગાળો | તપાસણીની સંખ્યા |
|---|---|
| ૨૦-૫-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ | ૨૧૪ |
| ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ | ૨૮૧ |
| ૧-૪-૨૦૨૦ થી ૩૧-૩-૨૦૨૧ | ૨૫૭ |
| ૧-૪-૨૦૨૧ થી ૧૯-૫-૨૦૨૧ | ૧૫ |
| **કુલ** | **૭૬૭** |

**આણંદ જિલ્લોઃ**

| સમયગાળો | તપાસણીની સંખ્યા |
|---|---|
| ૨૦-૫-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ | ૧૯૭ |
| ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ | ૨૭૭ |
| ૧-૪-૨૦૨૦ થી ૩૧-૩-૨૦૨૧ | ૨૭૫ |
| ૧-૪-૨૦૨૧ થી ૧૯-૫-૨૦૨૧ | ૧૫ |
| **કુલ** | **૭૬૪** |

**ગાંધીનગર જિલ્લોઃ**

| સમયગાળો | તપાસણીની સંખ્યા |
|---|---|
| ૨૦-૫-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ | ૩૨ |
| ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ | ૭૧ |
| ૧-૪-૨૦૨૦ થી ૩૧-૩-૨૦૨૧ | ૮૨ |
| ૧-૪-૨૦૨૧ થી ૧૯-૫-૨૦૨૧ | ૦૧ |
| **કુલ** | **૧૮૬** |

**ગાંધીનગર શહેરઃ**

| સમયગાળો | તપાસણીની સંખ્યા |
|---|---|
| ૨૦-૫-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ | ૧૩ |
| ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ | ૨૯ |
| ૧-૪-૨૦૨૦ થી ૩૧-૩-૨૦૨૧ | ૩૩ |
| ૧-૪-૨૦૨૧ થી ૧૯-૫-૨૦૨૧ | ૧૨ |
| **કુલ** | **૮૭** |

(૨) તપાસણી દરમ્યાન પકડાયેલ ગેરરીતિ તથા તે અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી અંગેની વિગતો દર્શાવતું *પરિશિષ્ટ આ સાથે સામેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીના કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ખેડા, આણંદ અને ગાંધીનગર જિલ્લાના પેટ્રોલ પંપો પર સરપ્રાઇઝ ચેકિંગ**

અતારાંકિતઃ ૯૬૧૫ (૦૮–૦૬–૨૦૨૧) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૨૫–૦૫–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ખેડા, આણંદ અને ગાંધીનગર જિલ્લાના કેટલા પેટ્રોલ પંપ પર ગુણવત્તા તપાસવા સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત ચકાસણીમાં ગેરલાયક મળેલ નમુનાના કારણે જિલ્લાવાર કેટલા પેટ્રોલ પંપ ઉપર શી કાર્યવાહી કરવામાં આવી ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી :** (૧૨–૦૮–૨૦૨૧)

(૧) તા.૨૫–૦૫–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ખેડા, આણંદ અને ગાંધીનગર જિલ્લાનાં નીચે મુજબનાં પેટ્રોલપંપ પર ગુણવત્તા તપાસવા સરપ્રાઇઝ ચેકીંગ કરવામાં આવ્યું.

| **જિલ્લો** | **વર્ષવાર તપાસણી કરેલ પેટ્રોલપંપની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** | **૨૦૨૦** |
| ખેડા | ૦ | ૦ | ૧ |
| આણંદ | ૨ | ૧ | ૨ |
| ગાંધીનગર | ૦ | ૦ | ૧ |
| **કુલ (તપાસ)** | **૨** | **૧** | **૪** |

(૨) ઉક્ત ચકાસણીમાં લેવામાં આવેલ નમુના ધોરણસરના જણાયેલ હોઈ અન્ય કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

--------

**રાજ્યમાં પક્ષીઓના વેચાણના માર્કેટ**

અતારાંકિતઃ ૮૧૫૩ (૦૯–૧૨–૨૦૨૦) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પક્ષીઓનો વેપાર થતો હોય તેવા કેટલા સ્થળો આઇડેન્ટીફાઈ કરવામાં આવ્યા, અને

(૨) પક્ષીઓના ગેરકાયદેસર વેપારની પ્રવૃત્તિ બંધ કરવા માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વન મંત્રીશ્રી :** (૧૦–૦૮–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પક્ષીઓનો વેપાર થતો હોય તેવા સ્થળોની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લા** | **આઈડેન્ટીફાઈ કરેલ સ્થળની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | સુરત | ૧ |
| ૪ | સુરેન્દ્રનગર | ૩ |
| ૫ | રાજકોટ | ૧ |
| | અન્ય જિલ્લા | ૦ |

(૨) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ની વિવિધ અનુસૂચિઓમાં સમાવિષ્ટ પક્ષીઓને પકડવા, રાખવા, શિકાર કરવા તથા વેપાર કરવા પર પ્રતિબંધ છે. ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં પવનથી પડી ગયેલા તથા સૂકા ઝાડનો નિકાલ**

અતારાંકિતઃ ૯૧૨૮ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર તેમજ જિલ્લાવાર વાવાઝોડાગ્રસ્ત, પવનથી ઉખડી પડેલા, તૂટી પડેલ અને ઉભા સૂકા ઝાડોના નિકાલની કામગીરી કોને સોંપવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર અને જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ઝાડોનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કયા પ્રકારના કેટલા લાકડાનો જથ્થો જમા થયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત લાકડાના જથ્થા અન્વયે રાજ્ય સરકારને વર્ષવાર કેટલી આવક થઈ ?

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**વન મંત્રીશ્રી :** (૦૫–૦૮–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વાવાઝોડાગ્રસ્ત, પવનથી ઉખડી ગયેલ, તૂટી પડેલ અને ઉભા સૂકા ઝાડોના નિકાલની કામગીરી ખાતારાહે તેમજ જંગલ કામદાર સહકારી મંડળીઓ મારફતે કરવામાં આવેલ છે.

(૨) *પત્રક–(અ) સામેલ છે.

(૩) *પત્રક–(બ) સામેલ છે.

(૪)

| વર્ષ | થયેલ આવક (રૂ./–) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫,૩૮,૯૫,૭૮૬ |
| ૨૦૧૯–૨૦ | ૨,૫૧,૯૮,૦૬૯ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ અંતિત) | ૧,૦૫,૦૩,૯૬૬ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**સરકારી મેડીકલ કોલેજોમાંથી એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી સર્ટીફીકેટ આપવા બાબત**

અતારાંકિતઃ ૭૪૯૫ (૨૩–૧૦–૨૦૨૦) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૦–૦૨–૨૦૧૯ (બીજી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ *૧૨૪૦૮ (અગ્રતા–૨૬)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડૉક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે એમબીબીએસ પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડૉક્ટરોને સરકારી પ્રોવીઝનલ સર્ટીફીકેટ આપીને ત્રણ વર્ષ ફરજીયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવાનું કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય હોય તે વિચારણા કરવાની હતી તે તા. ૧૫–૧૦–૨૦૨૦ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, અને

(૨) ઉક્ત વિચારણાં ક્યાં સુધીમાં પૂર્ણ કરીને અમલ કરવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૭–૦૮–૨૦૨૧)

(૧) એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ તેમને ડીગ્રી સર્ટીફીકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની હોય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ખાનગી મેડીકલ કોલેજની ફીમાં વધારો કરવા બાબત**

અતારાંકિતઃ ૮૩૯૨ (૨૯–૧૨–૨૦૨૦) **ડો. કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ સને ૨૦૨૦–૨૧ના વર્ષમાં કોરોના મહામારીને કારણે ખાનગી મેડીકલ કોલેજની ફીમાં વધારો ન કરવા સરકારે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યની ખાનગી મેડીકલ કોલેજોએ ફીની નિર્ધારણ સમિતિની મંજુરી વિના ૨૯,૦૦૦/– થી રૂ. ૮૩,૦૦૦/– સુધીનો ફીમાં વધારો જાહેર કરેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) જો હા, તો સરકારે જાહેર કરેલ નિર્ણય વિરુધ્ધ લેવામાં આવતો ફી વધારો નાબૂદ કરી તે પરત અપાવવા શી કાર્યવાહી કરી છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) **:** (૦૭–૦૮–૨૦૨૧)

(૧) ફી રેગ્યુલેટરી કમિટીમાં સરકારશ્રી તરફથી ફીમાં વધારો ન કરવા અંગે કોઈ પણ સુચના મળેલ નથી.

(૨) ફી નિર્ધારણ સમિતિ દ્વારા રૂ. ૨૯,૦૦૦/– થી રૂ. ૮૩,૦૦૦/– સુધીનો કોઈ ફી વધારો કરેલ નથી.

(૩) ફી સમિતિમાં આજ દિન સુધી ફી વધારો નાબુદ કરવો કે પરત આપવાનો કોઈ પત્ર મળેલ નથી.

--------

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ઈન્જેક્શનોની ફાળવણી**

અતારાંકિતઃ ૯૬૦૭ (૦૧–૦૬–૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૫–૨૦૨૧ની સ્થિતિએ કોરોના સામે ઉપયોગી એવા રેમડેસિવીર અને ટોસીલીઝુમેબ ઈન્જેક્શનોની ફાળવણી રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૦૧-૦૪-૨૦૨૧ થી તા.૦૫-૦૫-૨૦૨૧ સુધી રાજ્ય સરકાર દ્વારા કેટલા ઉક્ત કયા પ્રકારના ઈન્જેક્શનોની કેન્દ્ર સમક્ષ માંગણી કરવામાં આવી હતી, અને

(૩) આ માંગણી સામે કેટલા ઈન્જેક્શનો મળ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૨૯-૦૭-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) રેમડેસિવિર અને ટોસિલીઝુમેબ ઈન્જેક્શનોની ભારત સરકાર સમક્ષ ટેલીફોનિક ઉપરાંત વિડિયો કોન્ફરન્સ દ્વારા નિયમિતપણે માંગણી કરવામાં આવેલ છે. જેની સામે ભારત સરકારશ્રીના કોવિડ પોર્ટલ પર દર્શાવેલ કોવિડ દર્દીઓની કેસોની સંખ્યા અનુસાર ઈન્જેક્શનો સપ્લાય કરવામાં આવેલ છે.

(૩) રેમડેસીવીર ઈન્જેક્શન-૩,૦૭,૦૦૦
ટોસિલિઝુમેબ ઈન્જેક્શન-૧૮૩૫

--------

**રાજ્યમાં કોરોનાની રસી ખરીદવા બાબત**

અતારાંકિતઃ ૯૬૧૧ (૦૮-૦૬-૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા. ૨૦-૦૫-૨૦૨૧ની સ્થિતિએ કોરોના માટે કઈ કઈ કંપનીની રસી આપવામાં આવી રહી છે,

(૨) નાગરીકોનું ઝડપી રસીકરણ કરવા માટે સરકારે અન્ય કઇ કઇ કંપનીઓ પાસેથી કેટલા જથ્થામાં અને કેટલા ખર્ચે રસી ખરીદવાનું આયોજન કર્યું, અને

(૩) આ રસી ક્યારથી કેટલા જથ્થામાં મળશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૩-૦૮-૨૦૨૧)

(૧) રાજ્યમાં તા. ૨૦-૦૫-૨૦૨૧ની સ્થિતિએ કોરોના માટે સીરમ ઈન્સ્ટિટ્યૂટ કંપનીની કોવીશિલ્ડ અને ભારત બાયોટેક કંપનીની કોવેક્સીન રસી આપવામાં આવે છે.

(૨) નાગરીકોનું ઝડપી રસીકરણ કરવા માટે સરકાર દ્વારા ખરીદવામાં આવેલ રસીની વિગતો નીચે મુજબ છે.

(૧) મે.સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડીયા પ્રા.લી.
કોવીશીલ્ડ - ૨,૨૬,૨૫,૨૭૦ ડોઝ
કુલ ખર્ચ રૂ. ૭૧૨,૬૯,૬૦,૦૫૦.૦૦ (અંકે રૂપિયા સાતસો બાર કરોડ ઓગણસીત્તેર લાખ સાઇઠ હજાર પચાસ પુરા)

(૨) મે. ભારત બાયોટેક
કોવેક્સીન- ૧,૦૨,૪૯,૨૪૦ ડોઝ
કુલ ખર્ચ રૂ. ૪૩૦,૪૬,૮૦,૮૦૦.૦૦ (અંકે રૂપિયા ચારસો ત્રીસ કરોડ છેત્તાલીસ લાખ એંસી હજાર આઠસો પુરા)

(૩) આ રસીનો જથ્થો ભારત સરકારશ્રી દ્વારા રાજ્યના કવરેજ તેમજ જરૂરીયાત મુજબ ફાળવવામાં આવે છે.

--------

**કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને વેન્ટીલેટર આપવા બાબત**

અતારાંકિતઃ ૯૬૨૭ (૧૫-૦૬-૨૦૨૧) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને કેટલા વેન્ટીલેટર આપવામાં આવ્યા,

(૨) આ વેન્ટીલેટર ક્યા-ક્યા જિલ્લામાં કઇ હોસ્પિટલોમાં ફાળવવામાં આવ્યા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વેન્ટીલેટર ક્ષતિગ્રસ્ત અથવા બંધ છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૨-૦૮-૨૦૨૧)

(૧) તા. ૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને કુલ ૬૧૯૦ વેન્ટીલેટર આપવામાં આવ્યા છે.

(૨) આ વેન્ટીલેટરની ફાળવણી અંગેનુ પત્રક 'એનેક્ષર-એ' તરીકે સામેલ છે.

(૩) તે પૈકી તા. ૩૧-૦૫-૨૦૨૧ ની સ્થિતિએ કુલ-૩૬૭ વેન્ટીલેટર મરામત હેઠળ છે.

**એનેક્ષર-એ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | કુલ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | ૪૫૮ |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ નં. | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | કુલ |
|---|---|---|---|
| ૨ | અમદાવાદ | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ | ૧૪૫ |
| ૩ | અમદાવાદ | જીસીઆરઆઇ, અમદાવાદ | ૧૮ |
| ૪ | અમદાવાદ | આઇકેડીઆરસી– અમદાવાદ | ૧૩૭ |
| ૫ | અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન | ૫૨ |
| ૬ | અમદાવાદ | જનરલ હોસ્પિટલ, વિરમગામ | ૨ |
| ૭ | અમદાવાદ | પોલીસ હોસ્પિટલ, શાહીબાગ, અમદાવાદ | ૫ |
| ૮ | આણંદ | જનરલ હોસ્પિટલ, આણંદ | ૫૩ |
| ૯ | આણંદ | એસએસ હોસ્પિટલ, પેટલાદ | ૫૦ |
| ૧૦ | ખેડા | જનરલ હોસ્પિટલ, નડીઆદ | ૧૦૧ |
| ૧૧ | ખેડા | જનરલ હોસ્પિટલ, ખેડા | ૨ |
| ૧૨ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર | ૭૫ |
| ૧૩ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ, લીંબડી | ૨ |
| ૧૪ | અમદાવાદ | જનરલ હોસ્પિટલ, સીંગરવા | ૧૦ |
| ૧૫ | અમરેલી | જનરલ હોસ્પિટલ, અમરેલી | ૩૭ |
| ૧૬ | અમરેલી | જનરલ હોસ્પિટલ, રાજુલા | ૨ |
| ૧૭ | ભાવનગર | સરકારી મેડીકલ કોલેજ, એસટી બસ સ્ટેશનની બાજુમાં, ભાવનગર | ૩૮૩ |
| ૧૮ | બોટાદ | જનરલ હોસ્પિટલ, બોટાદ | ૪૫ |
| ૧૯ | ગીર–સોમનાથ | જનરલ હોસ્પિટલ, વેરાવળ | ૬૧ |
| ૨૦ | જૂનાગઢ | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, જૂનાગઢ | ૧૬૮ |
| ૨૧ | અરવલ્લી | જનરલ હોસ્પિટલ, અરવલ્લી/વાત્રક | ૧૦ |
| ૨૨ | બનાસકાંઠા | જનરલ હોસ્પિટલ, ડીસા | ૫ |
| ૨૩ | ગાંધીનગર | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર | ૧૬૬ |
| ૨૪ | ગાંધીનગર | જનરલ હોસ્પિટલ, માણસા | ૨ |
| ૨૫ | મહેસાણા | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, વડનગર | ૯૨ |
| ૨૬ | મહેસાણા | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૧૪૦ |
| ૨૭ | મહેસાણા | જનરલ હોસ્પિટલ, વિસનગર | ૨ |
| ૨૮ | પાટણ | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, ધરમપુર, પાટણ | ૧૧૫ |
| ૨૯ | પાટણ | જનરલ હોસ્પિટલ, સિધ્ધપુર | ૩૫ |
| ૩૦ | પાલનપુર | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ૭૫ |
| ૩૧ | સાબરકાંઠા | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, હિંમતનગર | ૧૩૦ |
| ૩૨ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ, ઇડર | ૪ |
| ૩૩ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ, ખેડબ્રહ્મા | ૫ |
| ૩૪ | સાબરકાંઠા | કોટેજ હોસ્પિટલ, ભિલોડા | ૧ |
| ૩૫ | આહવા–ડાંગ | જનરલ હોસ્પિટલ, આહવા–ડાંગ | ૬૦ |
| ૩૬ | નવસારી | જનરલ હોસ્પિટલ, નવસારી | ૧૧૮ |
| ૩૭ | સુરત | ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત | ૫૮૭ |
| ૩૮ | સુરત | સ્મીમેર – સુરત | ૧૬૨ |
| ૩૯ | સુરત | સુરત – પ્રાઇવેટ | ૪૮ |
| ૪૦ | સુરત | એસડીએચ – માંડવી | ૨ |
| ૪૧ | સુરત | બારોડલી – સત્યાધરા | ૨ |
| ૪૨ | સુરત | સંજવાણી– ચલ્થાન | ૨ |
| ૪૩ | સુરત | જનરલ હોસ્પિટલ, બારડોલી | ૨ |
| ૪૪ | તાપી | જનરલ હોસ્પિટલ, વ્યારા | ૮૦ |
| ૪૫ | તાપી | જનરલ હોસ્પિટલ, ઉચ્છલ | ૨ |
| ૪૬ | વલસાડ | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, વલસાડ | ૧૩૯ |

| ક્રમ નં. | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | કુલ |
|---|---|---|---|
| ૪૭ | વલસાડ | સ્ટેટ હોસ્પિટલ, ધરમપુર | ૨ |
| ૪૮ | વલસાડ | સરકારી હોસ્પિટલ, વાપી | ૨ |
| ૪૯ | જામનગર | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | ૩૩૮ |
| ૫૦ | જામનગર | જનરલ હોસ્પિટલ, જામખંભાળીયા | ૫૦ |
| ૫૧ | કચ્છ | જી.કે., ભુજ | ૨૩૯ |
| ૫૨ | મોરબી | જનરલ હોસ્પિટલ, મોરબી | ૫૮ |
| ૫૩ | પોરબંદર | જનરલ હોસ્પિટલ, પોરબંદર | ૬૦ |
| ૫૪ | રાજકોટ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, રાજકોટ | ૬૨૬ |
| ૫૫ | રાજકોટ | સરકારી હોસ્પિટલ, ગોંડલ | ૧ |
| ૫૬ | ભરૂચ | જનરલ હોસ્પિટલ, ભરૂચ/પ્રાઈવેટ | ૮૫ |
| ૫૭ | છોટાઉદેપુર | જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર | ૬૦ |
| ૫૮ | દાહોદ | જનરલ હોસ્પિટલ, દાહોદ | ૨૭ |
| ૫૯ | ગોધરા | જનરલ હોસ્પિટલ, ગોધરા | ૮૩ |
| ૬૦ | મહીસાગર | જનરલ હોસ્પિટલ, લુણાવાડા | ૫૦ |
| ૬૧ | નર્મદા | જનરલ હોસ્પિટલ, રાજપીપળા | ૮૫ |
| ૬૨ | વડોદરા | એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા | ૪૪૪ |
| ૬૩ | વડોદરા | જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, ગોત્રી, વડોદરા | ૧૭૮ |
| ૬૪ | વડોદરા | જીએમએસસીએલ વડોદરા ડેપો | ૧૦ |
| | | **કુલ** | **૬૧૯૦** |

---------

**રાજ્યમાં વૉન્ટેડ તથા પાસાના આરોપીઓ**

અતારાંકિતઃ ૯૦૩૬ (૨૭-૦૧-૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ૩ વર્ષથી વૉન્ટેડ હોય તથા પાસાના કેટલા અપરાધી પકડાયા નથી,

(૨) તે ન પકડાવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત આરોપીઓને પકડવા શા પગલાં લેવામાં આવ્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૭-૨૦૨૧)

(૧) પત્રક મુજબ.

(૨)

- વૉન્ટેડ આરોપીઓ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવશે એ બીકના કારણે પોતાનું રહેઠાણ સતત બદલતા રહે છે.
- પોલીસ તપાસ દરમ્યાન સહઆરોપીએ બતાવેલા સરનામે તપાસ કરતાં ધરપકડ ટાળવા આરોપીઓ રહેઠાણ સતત બદલતા રહે છે.
- આરોપીઓના જણાવેલા સરનામામાં ફેરફાર, આંતરરાજ્યના વૉન્ટેડ આરોપીઓ ભાડાના મકાનમાં રહેતા હોય ગુનો આચર્યા બાદ પોતાના વતનમાં જતા રહેતા હોય છે.
- વૉન્ટેડ આરોપીઓ પોતાની ધરપકડ ટાળવા સારૂ પોતાની ઓળખ છુપાવી અન્ય જિલ્લા તથા રાજ્યમાં રહેવા જતા રહેલ હોય છે તેથી મળી આવતા નથી, -ડુંગરિયાળ વિસ્તાર ધરાવતા જિલ્લાઓમાં વૉન્ટેડ આરોપીઓને છુપાઇ રહેવાની જગ્યા આસાનીથી મળી રહેતી હોય છે.
- આરોપીઓના હાલના સંપર્ક નંબર બાબતે કોઇ માહિતી મળી ન આવતી હોવાથી.
- વૉન્ટેડ આરોપીઓના સગા-વ્હાલા વૉન્ટેડ આરોપીઓ બાબતે પોલીસને કોઇ સાચી માહિતી આપતા નથી.
- પાસાના આરોપીઓના લોકેશન મળી આવતા ન હોઇ, પકડાયેલ નથી.

(૩)

- ભાગેડુ (વૉન્ટેડ) આરોપીઓને પકડવા સારૂ અવાર-નવાર ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

- ભાગેડુ (વોન્ટેડ) જાહેર કરવામાં આવેલ આરોપીઓના રહેણાંક સ્થળે, તેમના સગા સંબંધી તેમજ મિત્ર વર્તુળ તથા તેમના મળી આવવાના સંભવિત સ્થળોએ અવાર-નવાર તપાસ કરવામાં આવેલ છે.
- ઇલેક્ટ્રોનિક મીડિયા તેમજ અંગત બાતમીદારો મારફતે પણ બાતમી મેળવી તપાસ કરવામાં આવેલ છે.
- નાઇટ રાઉન્ડ દરમ્યાન સરપ્રાઇઝ ચેકીંગ હાથ ધરવામાં આવે છે.
- તહેવારોના સમયે બહાર મજૂરી માટે ગયેલ આરોપીઓ વતન પાછા ફરતા હોવાની સંભાવના ધ્યાનમાં લઇ આ સમયે સરપ્રાઇઝ ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- પુરા નામ સરનામાવાળા આરોપીઓ વિરુધ્ધમાં CRPC કલમ ૭૦ મુજબના નામદાર કોર્ટમાંથી વોરંટો મેળવી તેમને પકડવા અંગે રાજ્યના તમામ જિલ્લાઓમાં પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.
- રાજ્યના અને રાજ્ય બહારના આરોપીઓને પકડવા માટે સંબંધિત જિલ્લાઓ સાથે સંકલનમાં રહી તેઓને યાદીઓ પાઠવવામાં આવેલ છે.
- ઉપરાંત રાજ્ય બહારનાં નાસતા-ફરતા આરોપીઓની ધરપકડ કરવા માટે આરોપીઓની અલાયદી યાદી તૈયાર કરી, સંબંધિત રાજ્યનાં પોલીસ વડાને મોકલી તેઓના સંકલનમાં રહી આરોપીઓની ધરપકડ કરવા માટે અત્રેથી ટીમો મોકલવામાં આવેલ છે.
- તમામ શહેર/જિલ્લામાં ડી.સી.બી./પી.સી.બી./એલ.સી.બી./એસ.ઓ.જી./પેરોલ-ફર્લો સ્કોર્ડની અલગ-અલગ ટીમો બનાવી ટેકનીકલ સર્વેલન્સની મદદથી વધુમાં વધુ આરોપીઓ પકડી પાડવા પ્રયત્નો કરવામાં આવે છે.
- તેમજ પાસાના આરોપીઓને પકડવા માટે અવાર-નવાર ઝુંબેશ (ડ્રાઇવ)નું આયોજન કરવામાં આવે છે.

**પત્રક**

| અ.નં. | શહેર/જિલ્લો | વોન્ટેડ હોય તેવા પકડવાના બાકી આરોપીઓની સંખ્યા | પાસાના પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૨૧૪૩ | ૨૦ |
| ૨ | રાજકોટ શહેર | ૨૦૧ | ૧૦ |
| ૩ | સુરત શહેર | ૧૬૩૨ | ૭૧ |
| ૪ | વડોદરા શહેર | ૭૨૧ | ૪ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૨૬૬ | ૧૨ |
| ૬ | ખેડા | ૨૨૮ | ૦ |
| ૭ | આણંદ | ૪૫૧ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૩૧૨ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૨૨૧ | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૨૪૧ | ૦ |
| ૧૧ | મહેસાણા | ૪૭૫ | ૦ |
| ૧૨ | જામનગર | ૨૯૩ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૭૯ | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૨૮૮ | ૯ |
| ૧૫ | મોરબી | ૧૭૪ | ૧૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧૩૩ | ૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૩૫ | ૬ |
| ૧૮ | કચ્છ પૂર્વ | ૩૬૦ | ૦ |
| ૧૯ | કચ્છ પશ્ચિમ | ૧૮૪ | ૦ |
| ૨૦ | પાટણ | ૨૯૭ | ૦ |
| ૨૧ | અમરેલી | ૧૧૭ | ૦ |
| ૨૨ | ભાવનગર | ૨૮૨ | ૦ |
| ૨૩ | બોટાદ | ૨૦ | ૦ |
| ૨૪ | જૂનાગઢ | ૧૩ | ૦ |
| ૨૫ | ગીર સોમનાથ | ૯૧ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૧૦૯ | ૨ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૨૧૮ | ૬ |

| અ.નં. | શહેર/જિલ્લો | વોન્ટેડ હોય તેવા પકડવાના બાકી આરોપીઓની સંખ્યા | પાસાના પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૮ | છોટાઉદેપુર | ૧૧૬ | ૦ |
| ૨૯ | ભરૂચ | ૪૭૬ | ૬ |
| ૩૦ | નર્મદા | ૩૭ | ૨ |
| ૩૧ | પંચમહાલ | ૪૮૯ | ૨૦ |
| ૩૨ | મહીસાગર | ૧૦૨ | ૦ |
| ૩૩ | દાહોદ | ૬૨૨ | ૨ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૩૫૯ | ૨૭ |
| ૩૫ | તાપી | ૧૪૦ | ૦ |
| ૩૬ | વલસાડ | ૧૩૧૯ | ૧૯ |
| ૩૭ | નવસારી | ૨૭૯ | ૦ |
| ૩૮ | ડાંગ | ૩૫ | ૦ |
| ૩૯ | પ.રે. વડોદરા | ૨૬ | ૦ |
| ૪૦ | પ.રે. અમદાવાદ | ૫ | ૦ |

--------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં વ્યાજખોરોને આઇડિન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૫૮ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી રાજેશુકમાર ગોહિલ** (ધંધુકા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડિન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડિન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડિન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨-૦૭-૨૦૨૧)

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૫૩ | ૧૧૫ | ૯૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૦ | ૧૧ | ૫ |
| બોટાદ | ૮ | ૯ | ૩૮ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડિન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**આણંદ અને ખેડા જિલ્લામાં વ્યાજખોરોને આઇડિન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૮૪ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડિન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડિન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડિન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨-૦૭-૨૦૨૧)

(૧)

| વર્ષવાર | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| આણંદ | ૨ | ૯ | ૧ |
| ખેડા | ૦ | ૦ | ૦ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડિન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**મહીસાગર અને તાપી જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૮૫ (૧૯-૦૩-૨૦૨૧)**શ્રી અજીતસિંહ ચૌહાણ**(બાલાસિનોર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર અને તાપી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**દાહોદ જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૮૮ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|
| ૦૨ | ૦૦ | ૦૦ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૮૯ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|---|
| દાહોદ | ૦૨ | ૦૦ | ૦૦ |
| પંચમહાલ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તમામ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**છોટાઉદેપુર જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૯૧ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા અને સુરત જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૯૩ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા અને સુરત જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૦૫ | ૬૩ | ૨૫ |
| વડોદરા ગ્રામ્ય | ૦૨ | ૦૪ | ૦૦ |
| સુરત શહેર | ૬૮ | ૫૪ | ૩૩ |
| સુરત ગ્રામ્ય | ૦૦ | ૦૦ | ૦૨ |

(૨) આવા શખ્સ મળી આવવાના સંભવિત સ્થળોએ તપાસ કરવામાં આવેલ છે. ખાનગી બાતમીદારો દ્વારા માહિતી મેળવવા તજવીજ કરેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૯૫ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી સંજયભાઇ સોલંકી**(જંબુસર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઇડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧)

| વર્ષ | જિલ્લા | ગુંડાગીરી કરતા વ્યાજખોરો | ત્રાસ ફેલાવતા વ્યાજખોરો |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ | ભરૂચ | ૦ | ૦ |
| | નર્મદા | ૦ | ૦ |
| તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | ભરૂચ | ૦ | ૨ |
| | નર્મદા | ૦ | ૦ |
| તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ભરૂચ | ૦ | ૦ |
| | નર્મદા | ૦ | ૦ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઇ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**નવસારી અને વલસાડ જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઇ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૯૭ (૧૯-૦૩-૨૦૨૧) **શ્રી અનંતકુમાર પેટલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઇ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઇ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઇ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૭-૨૦૨૧)

(૧)

| જિલ્લા | તા. ૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ | તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| નવસારી | ૦૦ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૦૦ | ૧૫ | ૦૭ |

(૨) આવા શખ્સ મળી આવવાના સંભવિત સ્થળોએ તપાસ કરવામાં આવેલ છે. ખાનગી બાતમીદારો દ્વારા માહિતી મેળવવા તજવીજ કરેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**મહેસાણા જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૭૮૪૦ (૧૭-૧૧-૨૦૨૦) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉક્ત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૦૫-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણોની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ૫ વર્ષ કરતા વધારે સમય | ૧૦ વર્ષ કરતા વધારે સમય |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૮ | ૩૦.૭૫.૫૪ | ૩૧ | ૦૨ |
| ૨ | ઉંઝા | ૧૬ | ૫.૯૯.૮૫ | ૧૩ | ૦૦ |
| ૩ | વડનગર | ૩૭ | ૨.૬૯.૨૭ | ૨૬ | ૦૦ |
અતારાંકિતઃ ૯૨૭૬ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ**(બાલાસિનોર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી કઈ સરકારી હોસ્પિટલ અને કયા આરોગ્ય કેન્દ્રો જર્જરિત હાલતમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ જર્જરિત સરકારી હોસ્પિટલ અને કયા જર્જરિત આરોગ્ય કેન્દ્રના બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત બાકી રહેલ સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોના જર્જરિત મકાનો ક્યાં સુધીમાં સમારકામ કે નવા બનાવવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૨૬–૦૭–૨૦૨૧)

(૧) મહીસાગર જિલ્લામાં આવેલ કોઈ સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જર્જરિત હાલતમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કચ્છ જિલ્લામાં કોરોના ટેસ્ટ બાબત**

અતારાંકિતઃ ૯૬૦૦ (૦૧–૦૬–૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૦૪–૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા એક માસમાં કોવિડ–૧૯ કોરોનાની બિમારી માટે તાલુકાવાર કેટલા RTPCR અને રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૩૧–૦૮–૨૦૨૧)

| **કચ્છ** | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **RT-PCR ટેસ્ટ** | **રેપીડ ટેસ્ટ** |
| અબડાસા | ૨૯૫૧ | ૩૮૩૭ |
| અંજાર | ૬૭૦૬ | ૮૭૧૭ |
| ભચાઉ | ૫૧૨૨ | ૬૬૫૯ |
| ભુજ | ૧૨૦૮૬ | ૧૫૭૧૧ |
| ગાંધીધામ | ૭૮૩૦ | ૧૦૧૭૯ |
| લખપત | ૧૬૧૭ | ૨૧૦૨ |
| માંડવી | ૫૦૯૧ | ૬૬૧૮ |
| મુન્દ્રા | ૩૯૫૧ | ૫૧૩૬ |
| નખત્રાણા | ૩૫૬૫ | ૪૬૩૪ |
| રાપર | ૫૫૩૧ | ૭૧૯૦ |
| **ટોટલ** | **૫૪૪૫૦** | **૭૦૭૮૦** |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**પંચગવ્યમાંથી આયુર્વેદિક દવાઓ બનાવતા ઉત્પાદકોની પડતર દરખાસ્તો**

અતારાંકિતઃ ૯૯૩૧ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ પંચગવ્યમાંથી આયુર્વેદિક દવાઓ બનાવતા ઉત્પાદકોની લાઈસન્સ મેળવવાની કેટલી દરખાસ્તો પડતર છે,

(૨) પડતર રહેવાના મુખ્ય શા કારણો છે, અને

(૩) તમામ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૨૭–૦૮–૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**શેત્રુંજી નદીમાં માછી મારી પ્રતિબંધના જાહેરનામાનો ભંગ બાબત**

અતારાંકિતઃ ૭૮૯૯ (૧૩–૧૧–૨૦૨૦) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા શહેરના ૮ કિ.મી. વિસ્તારમાં શેત્રુંજી નદીમાં માછલા પકડવા/મારવા પર જિલ્લા કલેક્ટર, ભાવનગરે જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ મૂક્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આ જાહેરનામાઓનો ભંગ કરી માછલાં પકડવા, મારવાની કેટલી ગુનાહિત ઘટનાઓ બની, અને

(૩) ઉક્ત ઘટનાના આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭–૦૮–૨૦૨૧)

(૧) હા, જી.

(૨)

| વર્ષ | બનેલ ગુનાહિત ઘટનાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૧ |
| ૨૦૧૯ | ૦ |
| ૨૦૨૦ | ૦ |

(૩) આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, નામદાર કોર્ટના હુકમ અનુસાર રૂ.૨૦૦/– દંડ વસૂલ કરવામાં આવેલ છે.

--------

**શેત્રુંજી નદીમાં માછી મારી પ્રતિબંધના જાહેરનામાનો ભંગ બાબત**

અતારાંકિતઃ ૭૯૧૩ (૧૩–૧૧–૨૦૨૦) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા શહેરના ૮ કિ.મી. વિસ્તારમાં શેત્રુંજી નદીમાં માછલા પકડવા/મારવા પર જિલ્લા કલેક્ટર, ભાવનગરે તા.૨૦–૧–૧૯૭૮ અને તા.૨૭–૬–૧૯૭૮ના જાહેરનામાઓ પ્રસિદ્ધ કરી પ્રતિબંધ મૂક્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આ જાહેરનામાઓનો ભંગ કરી માછલાં પકડવા, મારવાની કેટલી ગુનાહિત ઘટનાઓ બની, અને

(૩) ઉક્ત ઘટનાના આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭–૦૮–૨૦૨૧)

(૧) હા, જી.

(૨)

| વર્ષ | બનેલ ગુનાહિત ઘટનાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૧ |
| ૨૦૧૯ | ૦ |
| ૨૦૨૦ | ૦ |

(૩) આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, નામદાર કોર્ટના હુકમ અનુસાર રૂ.૨૦૦/- દંડ વસૂલ કરવામાં આવેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૪૬ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨-૦૭-૨૦૨૧)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|---|
| અરવલ્લી | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૨ | ૨૬ | ૯ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૪૭ (૦૨-૦૨-૨૦૨૧) **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા કેટલા વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આઈડેન્ટીફાઈ થયેલ ગુંડાગીરી કરતા અને ત્રાસ ફેલાવતા વ્યાજખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨-૦૭-૨૦૨૧)

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|
| ૬ | ૦ | ૮ |

(૨) તમામ વ્યાજખોરોને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુના દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**રાજ્યની જેલોમાં ક્ષમતા કરતાં વધુ કેદીઓને રાખવા બાબત**

અતારાંકિતઃ ૯૯૦૦ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૪-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કઈ જેલોમાં તેની ક્ષમતાથી વધુ કેદીઓ રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) આ જેલોની ક્ષમતા વધારવા કે નવી બનાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૬-૦૮-૨૦૨૧)

(૧) અમદાવાદ મધ્યસ્થ જેલ, વડોદરા મધ્યસ્થ જેલ, રાજકોટ મધ્યસ્થ જેલ, જામનગર જિલ્લા જેલ, ભાવનગર જિલ્લા જેલ, પાલનપુર જિલ્લા જેલ, જૂનાગઢ જિલ્લા જેલ, અમરેલી જિલ્લા જેલ, ગળપાદર જિલ્લા જેલ, ભરૂચ જિલ્લા જેલ,

પોરબંદર ખાસ જેલ, નવસારી સબ જેલ, મોરબી સબ જેલ, ગોધરા સબ જેલ, સુરેન્દ્રનગર સબ જેલ, છોટાઉદેપુર સબ જેલ, મોડાસા સબ જેલ,

(૨) કેદી સંખ્યામાં વધારો થવાથી,

(૩) – ભાવનગર જિલ્લામાં ૬૪૦ કેદીની ક્ષમતાવાળી નવી જિલ્લા જેલનું બાંધકામ પ્રગતિમાં છે,
– આણંદ જિલ્લામાં ૩૭૦ કેદીની ક્ષમતાવાળી નવી જિલ્લા જેલનું બાંધકામ પ્રગતિમાં છે,
– નવી દાહોદ સબ જેલનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને જેલ કાર્યરત કરવામાં આવેલ છે,
– દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવી જિલ્લા જેલ બનાવવા માટે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂ.૧૭.૬૬ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવેલ છે.
– અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૫૩ નવી બૅરેક્સનું બાંધકામ પ્રગતિમાં છે,
– ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતે ૧૦૦ કેદીની ક્ષમતાવાળી નવી તાલુકા સબ જેલનું બાંધકામ પૂર્ણ થયેલ છે, ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવનાર છે.

--------

**અમદાવાદ શહેરમાં જેલ કસ્ટડીમાં મૃત્યુ પામેલ કેદીઓ**

અતારાંકિતઃ ૯૯૩૦ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ શહેરમાં ૨૦૧૮–૧૯ના વર્ષમાં જેલ કસ્ટડીમાં ૧૫ કેદીના મોત થયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) જેલ કસ્ટડીમાં મોતનો ભોગ બનેલ કેદીના કુટુંબીજનોને કેટલી આર્થિક સહાય અને બીજી સરકારી સહાય પૂરી પાડવામાં આવી, અને

(૪) આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૧–૦૮–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ૧૪ – કેદીઓના કુદરતી મૃત્યુ સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન અને ૦૧–કેદી આપઘાત કરતા અકુદરતી મૃત્યુ થયેલ છે. જેથી જેલ અધિકારી/કર્મચારીઓની જવાબદારી પ્રસ્થાપિત થયેલ ન હોઈ, કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૩) કોઈ આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ નથી.

(૪)

- જેલમાં બિમાર કેદીઓને પૂરતી સારવાર મળી રહે તે માટે સિનીયર મેડિકલ ઓફીસરશ્રીને અવાર–નવાર સૂચના આપવામાં આવે છે.
- કેદીઓને ડોકટર દ્વારા જેલ હોસ્પીટલ ખાતે સારવાર આપવામાં આવે છે અને વધુ સારવાર આપવાની જરૂર જણાય તો તાત્કાલિક વધુ સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે મોકલી આપવામાં આવે છે,
- અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આત્મહત્યાના બનાવો અટકાવવા માટે જેલમાં કેદીઓને મનોવૈજ્ઞાનિક ઢબે થેરાપી સિસ્ટમથી માનસિક તણાવમાંથી મુક્ત કરવા માટે દર શુક્રવારે સેશન યોજવામાં આવે છે.
- બહારની સંસ્થાના અલગ–અલગ તબીબી નિષ્ણાતો દ્વારા માનસિક સ્થિતિમાં બદલાવ લાવવા માટે રેડીયો પ્રિઝન મારફતે કેદીઓને માર્ગદર્શન પુરૂ પાડી સમજ આપવામાં આવે છે.
- કેદીઓને માનસિક તણાવમાંથી મુક્ત કરવા માટે અલગ–અલગ સંસ્થા દ્વારા મનોરંજનના કાર્યક્રમો યોજવામાં આવે છે.
- જેલના અધિકારીઓ દ્વારા કેદીઓને રેડીયો પ્રિઝન મારફતે કેદીઓ આવા પગલા ન ભરે તે માટે પુરતા પ્રયત્નો કરી સમજાવવામાં આવે છે.
- જેલમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેમજ કેદી આત્મહત્યા ન કરે તે માટે જેલ ગાર્ડીંગ સ્ટાફને પુરતી તકેદારી રાખવા સૂચના આપવામાં આવે છે.

------

**ગાંધીનગરમાં આવેલ અંબાપુર વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૦૨ (૨૨–૦૧–૨૦૧૯) **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ગાંધીનગરમાં આવેલ અંબાપુર વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૨૧-૦૮-૨૦૨૧)

(૧)અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા ગાંધીનગરમાં આવેલ અંબાપુર વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**કલોલમાં આવેલ છત્રાલ વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૧૪ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ છત્રાલ વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ છત્રાલ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**વઢવાણ તાલુકામાં આવેલ માધા વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૨૦ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં આવેલ માધા વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં આવેલ માધા વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**ઘુમલી ખાતે આવેલ વિકીયા વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૪૮ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ઘુમલી ખાતે આવેલ વિકીયા વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ઘુમલી ખાતે આવેલ વિકીયા વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**વંથલીમાં આવેલ રા ખેંગાર વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૬૬ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં જૂનાગઢ જિલ્લાના વંથલીમાં આવેલ રા ખેંગાર વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા જૂનાગઢ જિલ્લાના વંથલીમાં આવેલ રા ખેંગાર વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**કંકાવટી ખાતે આવેલ માત્રી વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૬૮ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ખાતે આવેલ માત્રી વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ખાતે આવેલ માત્રી વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**વિરપુર ખાતે આવેલ મીનળ વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૬૯ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના વિરપુર ખાતે આવેલ મીનળ વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના વિરપુર ખાતે આવેલ મીનળ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**રામપરા ખાતે આવેલ રાતબા વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૭૮ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના રામપરા ખાતે આવેલ રાતબા વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના રામપરા ખાતે આવેલ રાતબા વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**બાલાસિનોર તાલુકામાં આવેલ રાજપુર વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૯૩ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી કાંતિભાઈ સોઢા પરમાર** (આણંદ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ રાજપુર વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ રાજપુર વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**બાલાસિનોર તાલુકામાં આવેલ વસાદરા વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૯૭ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ વસાદરા વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ વસાદરા વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**બાલાસિનોર તાલુકામાં આવેલ નવાગામ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૩૯૯ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ નવાગામ વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ નવાગામ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**બાલાસિનોર તાલુકામાં આવેલ ખાઉ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૪૦૧ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી ઈન્દ્રજિતસિંહ પરમાર** (મહુધા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ ખાઉ વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ ખાઉ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**લવાણા ખાતે આવેલ સાસુની વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૪૦૭ (૨૨-૦૧-૨૦૧૯) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લવાણા ખાતે આવેલ સાસુની વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લવાણા ખાતે આવેલ સાસુની વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**લાંભોઈ ખાતે આવેલ ગંભીરપુરા વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૪૬૩ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાંભોઈ ખાતે આવેલ ગંભીરપુરા વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાંભોઈ ખાતે આવેલ ગંભીરપુરા વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**ખેડ ચાંરાણી ખાતેની નાગરરાણી વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૪૬૫ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ખેડ ચાંરાણી ખાતે આવેલ નાગર રાણી વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ખેડ ચાંરાણી ખાતે આવેલ નાગર રાણી વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**મોડાસા ખાતેની વણજારી વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૪૬૯ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી શીવાભાઈ ભૂરીયા** (દિયોદર): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ વણજારી વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ વણજારી વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**શામળાજી ખાતે આવેલ વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૪૭૭ (૨૮-૦૧-૨૦૧૯) **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ખાતે આવેલ વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ખાતે આવેલ વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**હળવદમાં આવેલ વીરજી વોરાની વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૫૦૯ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી નૌશાદજી સોલંકી** (દસાડા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના હળવદમાં આવેલ વીરજી વોરાની વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના હળવદમાં આવેલ વીરજી વોરાની વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

---------

**દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં મરીન નેશનલ પાર્કમાં ખનિજ ખનન**

અતારાંકિતઃ ૯૫૭૪ (૨૨-૦૩-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં મરીન નેશનલ પાર્કમાં ગેરકાયદેસર ખનિજ ખનન થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગેરકાયદેસર ખનન અટકાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૨૬-૦૮-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં ફીક્સ પગારના કર્મચારીના મૃત્યુ અન્વયે સહાય**

અતારાંકિતઃ ૯૬૬૦ (૩૦-૦૭-૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં પાણી પુરવઠા પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૨૪-૦૮-૨૦૨૧)

(૧) ગાંધીનગર જિલ્લામાં જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, નં.૧ની કચેરીમાં ફરજ બજાવતા શ્રી પી.બી.ગઢવી, સહાયક જુનિયર ક્લાર્કની નિમણુંક તા.૦૪-૦૧-૨૦૦૫ પરંતુ અનિયમિત સેવાના કારણે તેઓનું કરારીય સમયગાળો પૂર્ણ થયેલ ન હોય તે દરમ્યાન તેઓનું તા.૦૪-૦૭-૨૦૧૩ના રોજ અવસાન થયેલ છે. આમ, જિલ્લામાં ૦૧ (એક) કર્મચારી નોંધાયેલ છે. અન્ય જિલ્લાની માહિતી શૂન્ય છે.

(૨) સદર ઠરાવ અન્વયે સ્વ.શ્રી પી.બી.ગઢવી, સહાયક જુનિયર ક્લાર્કનું તા.૦૪-૦૭-૨૦૧૩ના રોજ અવસાન

થતાં સ્વ.શ્રીના આશ્રિત પત્નીને આર્થિક ઉચ્ચક સહાય રૂ.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) બોર્ડ કચેરીના તા.૦૧-૦૮-૨૦૧૮ના કા.આ.ક્રમાંક: મહેકમ શાખા-૧/ઈસી-૨૨૦૧૮/૫૧૭ થી ચૂકવવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ અને નર્મદા જિલ્લામાં જમીન ફાળવણી**

અતારાંકિતઃ ૬૭૯૬ (૦૨-૦૩-૨૦૨૦) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને નર્મદા જિલ્લામાં વર્ષવાર જિલ્લાવાર સરકારી પડતર, ખરાબો, ગૌચરની કેટલી જમીન ક્યા ભાવે, કોને, ક્યા હેતુસર ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ જમીન અન્વયે સરકારને વર્ષવાર કેટલી આવક થઈ ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૪-૦૮-૨૦૨૧)

(૧) દાહોદ જિલ્લોઃ *પત્રક-અ મુજબ.
નર્મદા જિલ્લોઃ *પત્રક-બ મુજબ.

(૨)

| જિલ્લો | વર્ષ ૨૦૧૮ આવક રૂ.માં | વર્ષ ૨૦૧૯ આવક રૂ.માં |
|---|---|---|
| દાહોદ | ૧૩,૭૩,૫૮૮/- | ૨,૫૫,૬૮,૮૨૬/- |
| નર્મદા | ૧,૯૯,૦૪,૦૮૦/- | ૫,૪૭,૦૪૧૦/- |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ખેડા જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસો**

અતારાંકિતઃ ૮૦૩૬ (૦૪-૧૨-૨૦૨૦) **શ્રી કાન્તીભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં શરતભંગના કેટલા કેસો ધ્યાન પર આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ શરતભંગ બદલ શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમનો દંડ વસૂલ થયો, અને

(૪) તાલુકાવાર કેટલી સરકારી જમીનો પરત લેવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) કોઈ કેસો ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ખેડા જિલ્લામાં ફાળવવામાં આવેલ ગૌચર જમીનમાં શરતભંગ**

અતારાંકિતઃ ૮૯૪૪ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તીભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ગૌચરની કેટલી જમીન ક્યા હેતુસર ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગૌચર જમીનો પર ઉક્ત સ્થિતિએ ક્યા કિસ્સામાં શરતભંગ થયો,

(૩) શરતભંગ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૪) શરતભંગ કરનારને ફાળવાયેલ ગૌચર જમીન પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) ૬૫,૩૨૫ ચો.મી. જમીન જેટકોના સબ સ્ટેશન બનાવવાના હેતુ માટે તથા ૧૨૫૦ ચો.મી. જમીન આરોગ્યના સબ સેન્ટર બનાવવાના હેતુસર ફાળવવામાં આવેલ છે.

(૨) શરતભંગ થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ કર્મચારીઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૯૭૦૮ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :** (૨૬-૦૮-૨૦૨૧)

(૧) કુલ ૦૧ (એક)
(૨) નથી.
(૩) પ્રશ્ન રહેતો નથી.

**ઉર્જા પ્રભાગના તાબા હેઠળની કચેરીના અવસાન પામેલ અધિકારી/ કર્મચારીઓના વારસદારોને નવ-વર્ધિત પેન્શનનો લાભ**

અતારાંકિતઃ ૯૬૬૮ (૧૪-૦૭-૨૦૨૧) **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા): **માનનીય ઉર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ઉર્જા પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણું શરુ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) એક પણ નહી (શૂન્ય).
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલા અધિકારી/કર્મચારીઓના અવસાન પ્રસંગે વારસદારોને પેન્શનનો લાભ આપવા બાબત**

અતારાંકિતઃ ૯૬૭૨ (૧૯-૦૭-૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પેટ્રો કેમિકલ્સ પ્રભાગ/વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં કચેરીવાર, સંવર્ગવાર નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણુ શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધી પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) **:** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવ-વર્ધિત પેન્શન યોજનામાં કોઈ અધિકારી/કર્મચારીનું અવસાન થયેલ નથી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ફીક્સ પગારમાં નિમણૂક પામેલ વર્ગ-૩ના કર્મચારીઓના અવસાન પ્રસંગે વારસદારોને નાણાકીય સહાય ચૂકવવા બાબત**

અતારાંકિતઃ ૯૭૮૧ (૨૦-૦૭-૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પેટ્રોકેમિકલ્સ પ્રભાગ/વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમીત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોય,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) **:** (૩૧-૦૮-૨૦૨૧)

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારની ફિક્સ પગારની નીતિ અન્વયે નિયમીત જગ્યાઓ ઉપર કોઈ નિમણૂક કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ**
**કર્મચારીઓના વારસદારોને ઉચ્ચક નાણાંકીય સહાય**

અતારાંકિતઃ ૯૭૭૭ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ): **માનનીય ઉર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) એક પણ નહી (શૂન્ય).

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ફીક્સ પગારમાં નિમણૂક પામેલ વર્ગ-૩ના કર્મચારીઓના**
**અવસાન પ્રસંગે વારસદારોને નાણાકીય સહાય ચૂકવવા બાબત**

અતારાંકિતઃ ૯૬૭૯ (૨૦-૦૭-૨૦૨૧) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર બંદરો પ્રભાગ/વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમીત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો) **:** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વાહન વ્યવહાર પ્રભાગના તાબા હેઠળની કચેરીઓના**
**અવસાન પામેલ કર્મચારીઓને ઉચ્ચક નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૯૬૮૨ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વાહનવ્યવહાર પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમીત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૨૬-૦૮-૨૦૨૧)

(૧) કોઈ કર્મચારી અવસાન પામેલ નથી.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારી/કર્મચારીઓના અવસાન પ્રસંગે વારસદારોને પેન્શનનો લાભ આપવા બાબત**

અતારાંકિતઃ ૯૭૧૨ (૧૯-૦૭-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર બંદરો પ્રભાગ/વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં કચેરીવાર, સંવર્ગવાર નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/ કર્મચારીઓના અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો) **:** (૩૧-૦૮-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭૮૫૦, ૯૮૫૧, ૧૦૦૩૫ | ૦૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૯૭૧ | ૦૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૬૫૪, ૯૭૩૩, ૯૮૬૨, ૯૮૬૫, ૯૯૦૧, ૯૯૧૮ | ૦૬ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૨૭૬, ૯૬૦૦, ૯૯૩૧ | ૦૩ |
| ૫ | ગૃહ વિભાગ | ૭૮૯૯, ૭૯૧૩, ૯૪૪૬, ૯૪૪૭, ૯૯૦૦, ૯૯૩૦ | ૦૬ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૩૦૨, ૫૩૧૪, ૫૩૨૦, ૫૩૪૮, ૫૩૬૬, ૫૩૬૮, ૫૩૬૯, ૫૩૭૮, ૫૩૯૩, ૫૩૯૭, ૫૩૯૯, ૫૪૦૧, ૫૪૦૭, ૫૪૬૩, ૫૪૬૫, ૫૪૬૯, ૫૪૭૭, ૫૫૦૯, ૯૫૭૪ | ૧૯ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૯૬૬૦ | ૦૧ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૬૭૯૬, ૮૦૩૬, ૮૯૪૪ | ૦૩ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૭૦૮ | ૦૧ |
| ૧૦ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૯૬૬૮, ૯૬૭૨, ૯૭૮૧, ૯૭૭૭ | ૦૪ |
| ૧૧ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૯૬૭૯, ૯૬૮૨, ૯૭૧૨ | ૦૩ |
| | | **કુલ** | **૫૦** |

------------

**આઠમી અતારાંકિત યાદી**

**નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલા અધિકારી/કર્મચારીઓના અવસાન પ્રસંગે વારસદારોને પેન્શનનો લાભ આપવા બાબત**

અતારાંકિતઃ ૯૬૪૭ (૧૯-૦૭-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપુત**(થરાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર સામાન્ય વહીવટ વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં કચેરીવાર, સંવર્ગવાર નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચુકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૦૬–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર સામાન્ય વહીવટ વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કુલ–૩ (ત્રણ) અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે.

| જિલ્લો | કચેરીનું નામ | સંવર્ગ | અવસાન |
|---|---|---|---|
| ગાંધીનગર | માનનીય રાજ્યપાલશ્રીના ગૃહ નિયામકની કચેરી | કલાર્ક | ૧ |
| ગાંધીનગર | અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી | સંશોધન મદદનીશ | ૧ |
| ભરૂચ | આયોજન કચેરી | આંકડા મદદનીશ | ૧ |

(૨) હા, તા.૧–૪–૨૦૦૫ પછી નિમણૂક પામેલા કર્મચારીઓને નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પડતી હોઇ, પેન્શન મળવા પાત્ર નથી. પરંતુ, નવ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત એન.એસ.ડી.એલમાંથી જમા થયેલ સરકાર તથા કર્મચારીના ફાળાની રકમ પરત મેળવવાના સંબંધમાં દરખાસ્ત મળ્યેથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યના માછીમારોને સહાય/સબસિડીની યોજના**

અતારાંકિતઃ ૯૬૨૩ (૨૧–૦૬–૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૫–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં માછીમારો માટે કયા કયા પ્રકારની સહાય–સબસિડીની યોજનાઓ અમલમાં છે,

(૨) ઉક્ત સહાય–સબસિડી–સાધનો મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી હતી,

(૩) તે પૈકી છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા માછીમારોને કેટલી સહાય–સબસિડી આપવામાં આવી, અને

(૪) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર, કેટલી અરજીઓ નામંજૂર અને કેટલી અરજીઓ પડતર છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૩૧–૦૮–૨૦૨૧)

(૧) તા.૩૧–૦૫–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં માછીમારો માટે *પત્રક–૧ મુજબની સહાય–સબસિડીની યોજનાઓ અમલમાં છે,

(૨) ઉક્ત સહાય–સબસિડી–સાધનો મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં *પત્રક–૨ મુજબ અજીઓ મળેલ હતી.

(૩) તે પૈકી છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં યોજનાવાર માછીમારોને *પત્રક–૩ મુજબની સહાય–સબસિડી આપવામાં આવી.

(૪) ઉક્ત અરજીઓ પૈકી *પત્રક–૪ મુજબ અરજીઓ મંજૂર, નામંજૂર અને પડતર છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

--------

**સહકાર પ્રભાગના તાબા હેઠળની કચેરીઓના અવસાન પામેલ કર્મચારીઓને ઉચ્ચક નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૯૬૪૮ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં સહકાર પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર રાજ્ય સરકારની ફિક્સ નિતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોય, તેવા વર્ગ–૩ના કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦–૦૭–૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૩–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં સહકાર પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર રાજ્ય સરકારની ફિક્સ નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય

સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોય, તેવા વર્ગ–૩ના કોઈ કર્મચારી અવસાન પામેલ નથી. માહિતી 'શૂન્ય' ગણવી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

--------

**મોરબી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૭૨૬૪ (૦૮–૧૦–૨૦૨૦) **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ કેટલી આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) ઉક્ત શિક્ષકોની ઘટ ક્યાં સુધીમાં પુરી કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૭–૦૯–૨૦૨૧)

(૧)

| જિલ્લો | તાલુકો | સરકારી પ્રા.શાળા | ગ્રાન્ટેડ પ્રા.શાળા | ખાનગી પ્રા.શાળા |
|---|---|---|---|---|
| મોરબી | મોરબી | ૧૭૯ | ૦૦ | ૧૧૧ |
| | ટંકારા | ૬૦ | ૦૧ | ૨૪ |
| | વાંકાનેર | ૧૫૯ | ૦૦ | ૪૪ |
| | માળિયા | ૭૭ | ૦૦ | ૦૧ |
| | હળવદ | ૧૧૭ | ૦૦ | ૩૦ |

(૨)

| જિલ્લો | તાલુકો | સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ |
|---|---|---|
| મોરબી | મોરબી | ૧૭૪ |
| | ટંકારા | ૨૫ |
| | વાંકાનેર | ૧૯૪ |
| | માળિયા | ૯૪ |
| | હળવદ | ૬૪ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

--------

**કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ કર્મચારીઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૯૬૬૬ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નાણાં વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફિક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઇ, તેવા વર્ગ–૩ ના રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલા છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦–૦૭–૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) **:** (૦૩–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નાણા વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફિક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઇ, તેવા વર્ગ–૩ ના રાજ્યમાં કુલ બે કર્મચારીઓ નોંધાયેલા છે,

વડોદરા – ૧

ખેડા – ૧

(૨)તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નોની યાદી

**નાણાં વિભાગના તાબા હેઠળની કચેરીના અવસાન પામેલા અધિકારી/**
**કર્મચારીઓના વારસદારોને નવ-વર્ધિત પેન્શનનો લાભ**

અતારાંકિતઃ ૯૭૦૧ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નાણાં વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચુકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, જો હા તો તેના કારણો શા છે ?

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) **:** (૦૩-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નાણાં વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કુલ -૮ (આઠ) અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે.

| | |
|---|---|
| વડોદરા | ૧ |
| ખેડા | ૨ |
| મોરબી | ૧ |
| અમદાવાદ | ૧ |
| ગાંધીનગર | ૧ |
| વલસાડ | ૧ |
| મહીસાગર | ૧ |

(૨) હા,જી તા.૧-૪-૨૦૦૫ પછી નિમણૂક પામેલા કર્મચારીઓને નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પડતી હોઇ પેન્શન મળવા પાત્ર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં જી.એસ.ટી. સંબંધી બોગસ બિલિંગ**

અતારાંકિતઃ ૧૦૩૮૦ (૧૦-૦૮-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર જી.એસ.ટી. સંબંધી બોગસ બિલિંગની કેટલા રૂપિયાની કેટલી અપરાધિક ઘટનાઓ બની,

(૨) આ નાણાકીય અપરાધિક ઘટાનાઓમાં કેટલા અધિકારીઓ/આરોપીઓ સંડોવાયા હતા,અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા અધિકારીઓ અને આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) **:** (૦૨-૦૯-૨૦૨૧)

(૧)

| જિલ્લો | સંડોવાયેલ વેરાની રકમ (રકમ રૂ.કરોડમાં) | વેપારી એકમોની સંખ્યા |
|---|---:|---:|
| અમદાવાદ | ૯૭૧.૫૧ | ૨૫૦ |
| અમરેલી | ૦.૦૧ | ૧ |
| બનાસકાંઠા | ૪૪.૭૫ | ૭ |
| ભરૂચ | ૧૬.૨૬ | ૧ |
| ભાવનગર | ૪૩૩.૬ | ૧૦૪ |
| ગાંધીનગર | ૧૦૪.૨૨ | ૧૮ |
| જામનગર | ૧૩.૧ | ૧૫ |
| જૂનાગઢ | ૧૮.૮૨ | ૨૨ |
| કચ્છ | ૫૦.૧૪ | ૧૭ |

| જિલ્લો | સંડોવાયેલ વેરાની રકમ (રકમ રૂ.કરોડમાં) | વેપારી એકમોની સંખ્યા |
|---|---|---|
| મહેસાણા | ૩૯.૪ | ૪૪ |
| મોરબી | ૧૨૬.૮૫ | ૧૪૦ |
| પાટણ | ૧૦.૩૫ | ૧૦ |
| રાજકોટ | ૩૩૩.૦૭ | ૧૦૪ |
| સાબરકાંઠા | ૨.૩૭ | ૪ |
| સુરત | ૭૮૯.૬૫ | ૧૯૬ |
| સુરેન્દ્રનગર | ૧૩.૨૪ | ૬ |
| વડોદરા | ૭૬.૧૪ | ૭૬ |
| વલસાડ | ૫૧.૩૧ | ૨૩ |
| **કુલ** | **૩૦૯૪.૭૭** | **૧૦૩૮** |

(૨)

| સંડોવાયેલ અધિકારઓની સંખ્યા | સંડોવાયેલ આરોપીઓની કુલ સંખ્યા |
|---|---|
| શૂન્ય | કુલ ૧૦૩૮ વેપારી એકમો |

(૩) અધિકારીઓ સામે કાર્યવાહી અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સંડોવાયેલ વેપારી એકમો સામે કાયદાકીય જોગવાઈઓ મુજબ નોટીસ, આકારણીની પ્રક્રીયા, વસૂલાત વગેરે કાર્યવાહી કરેલ છે તથા અમુક કિસ્સાઓમાં નામ. કોર્ટ સમક્ષ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

--------

## ફીક્સ પગારનીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓને અવસાન સહાય

અતારાંકિતઃ ૯૭૦૨ (૧૬-૦૭-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પર્યાવરણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષના કરારનો સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન થયેલ હોય, તેવા વર્ગ-૩ ના કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તેઓના વારસદારોને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત અરજીઓના ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પર્યાવરણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓ પૈકી ગુજરાત ઈકોલોજી કમિશનમાં રાજ્ય સરકારની ફીક્સ પગારનીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર કોઈપણ નિમણૂક આપવામાં આવેલ નથી. જ્યારે બાકીની સંસ્થાઓ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર ફાઉન્ડેશન (ગીર), ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી) માંથી ફીક્સ પગારનીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષના કરારના સમયગાળો પૂર્ણ કર્યા પહેલા વર્ગ-૩ના એકપણ કર્મચારીનું છેલ્લા ત્રણ વર્ષમાં અવસાન નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

--------

## નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ કર્મચારી/અધિકારીઓના અવસાન પ્રસંગે વારસદારોને ચૂકવવાની રકમ

અતારાંકિતઃ ૯૭૩૬ (૧૬-૦૭-૨૦૨૧) **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પર્યાવરણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારી/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારી/કર્મચારીઓના છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા તો, તેના કારણો શાં છે, અને

(૪) ઉક્ત અવસાન પામેલા વારસદારોને ક્યાં સુધીમાં ચૂકવણું કરવામાં આવશે ?

**પર્યાવરણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) **:** (૦૧-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પર્યાવરણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓ પૈકી ગુજરાત ઈકોલોજી કમિશનમાં કોઈ અધિકારી/કર્મચારી નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ નથી જ્યારે બાકીની સંસ્થાઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન (ગીર), ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી), ગુજરાત ઈકોલોજી કમિશન (જી.ઈ.સી.) માંથી આ નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારી/કર્મચારીઓમાંથી કોઈનું પણ છેલ્લા ત્રણ વર્ષમાં અવસાન થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ખેડા અને આણંદ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં દર્દીઓની સારવાર**

અતારાંકિતઃ ૯૬૧૦ (૦૧-૦૬-૨૦૨૧) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૯/૦૫/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. માટે કઈ દવાઓ અને મેડીકલ સાધનો ખરીદવામાં આવ્યા,

(૨) ઉક્ત વર્ષવાર અને કેન્દ્રોવાર કેટલા દર્દીઓએ ઈન્ડોર અને આઉટડોર સારવાર લીધી, અને

(૩) ઉક્ત વર્ષવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૭-૦૯-૨૦૨૧)

(૧) તા.૧૯/૦૫/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. માટે ખરીદવામાં આવેલ દવાઓ અને મેડીકલ સાધનો અંગેનું *પત્રક-૧ તથા *પત્રક-૨ સામેલ છે.

(૨) અને (૩)ઉક્ત વર્ષવાર અને કેન્દ્રોવાર ખેડા અને આણંદ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. ની ઈન્ડોર અને આઉટડોર સારવાર લીધેલ દર્દીઓ, અને ઉક્ત વર્ષવાર મૃત્યુ પામેલ દર્દીઓની વિગતો *પત્રક-૩ તથા *પત્રક-૪ પર સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તાબા હેઠળની કચેરીના અવસાન પામેલ અધિકારી/ કર્મચારીઓના વારસદારોને નવ-વર્ધિત પેન્શનનો લાભ**

અતારાંકિતઃ ૯૬૫૯ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૨-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી નીચે મુજબના અધિકારીઓ/ કર્મચારીઓના અવસાન થયેલ છે.

| ક્રમ | જિલ્લો | અવસાન પામેલ અધિકારીઓ/કર્મચારીઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | ભાવનગર | ૧ |
| ૩ | બોટાદ | ૧ |
| ૪ | દાહોદ | ૨ |

| | | |
|---|---|---|
| ૫ | ગાંધીનગર | ૧ |
| ૬ | ખેડા | ૧ |
| ૭ | સાબરકાંઠા | ૧ |
| ૮ | સુરત | ૧ |
| ૯ | સુરેન્દ્રનગર | ૨ |
| ૧૦ | વડોદરા | ૨ |
| ૧૧ | રાજકોટ | ૧ |
| ૧૨ | જૂનાગઢ | ૧ |
| ૧૩ | મહેસાણા | ૧ |
| | **કુલ** | **૧૯** |

(૨) હા, જી (કુલ – ૧૨ કેસ)

૧–ક્રિમીનલ કેસ, ૩–કેસ વારસદાર પાસેથી ખુટતી વિગતો મળ્યેથી (સંબંધિત સત્તામંડળ (કચેરી)ખાતે) ૫–કેસ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ની કચેરી, ગાંધીનગર ખાતે પડતર તથા ૩ (ત્રણ) અધિકારીઓ/કર્મચારીઓનું તાજેતરમાં અવસાન થયેલ હોય દરખાસ્તની કાર્યવાહી ગતિમાં છે.

(૩) ક્રિમીનલ કેસનો નિર્ણય થયેથી, વારસદાર પાસેથી જરૂરી વિગતો મળ્યેથી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા વિચારણા થયેથી તથા વહીવટી તમામ પાસાઓની ચકાસણી કરી પેન્શન ચૂકવણું કરવા વિચારણા કરવામાં આવશે.

---------

**રાજ્યમાં એનેસ્થેટીકની ખાલી જગ્યા બાબત**

અતારાંકિતઃ ૯૭૫૪ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી દવાખાના/હોસ્પિટલોમાં એનેસ્થેટીકની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)**:** (૦૪–૦૯–૨૦૨૧)

(૧) પત્રક સામેલ છે.

(૨) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા સ્વૈ.નિવૃત્તિ/વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે.

(૩) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવામાં આવશે.

**પત્રક**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **જિલ્લા ખાતે કુલ ખાલી જગ્યા** | **ખાલી જગ્યા** | | **ક્યારથી ખાલી** |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | મહેસાણા | ૧ | જ.હો.મહેસાણા | ૧ | તા.૨૪–૦૬–૨૦૨૦ |
| ૨ | સુરેન્દ્રનગર | ૪ | જ.હો.સુરેન્દ્રનગર | ૧ | તા.૦૭–૧૦–૨૦૦૬ |
| | | | જ.હો.લીંબડી | ૨ | તા.૨૦–૦૧–૨૦૦૪<br>તા.૧૮–૦૯–૨૦૦૬ |
| | | | સ.હો.ધ્રાંગધ્રા | ૧ | **CM SETU** થી ભરેલ |
| ૩ | ભરૂચ | ૨ | સ.હો.જંબુસર | ૧ | તા.૨૩–૧૦–૨૦૧૯ |
| | | | સા.આ.કે.વાલિયા | ૧ | તા.૦૮–૦૫–૨૦૧૨ |
| ૪ | પંચમહાલ | ૫ | જ.હો.ગોધરા | ૨ | તા.૨૦–૦૧–૨૦૨૦ |
| | | | સ.હો.હાલોલ | ૧ | તા.૦૨–૧૧–૨૦૨૦ |
| | | | સા.આ.કે.મોરા | ૧ | તા.૦૮–૦૫–૨૦૧૨ |
| | | | સા.આ.કે.ઘોઘંબા | ૧ | તા.૦૮–૦૫–૨૦૧૨ |
| ૫ | મોરબી | ૨ | સ.હો.વાંકાનેર | ૧ | તા.૨૨–૦૭–૨૦૧૫ |
| | | | સ.હો.હળવદ | ૧ | તા.૨૩–૧૦–૨૦૧૯ |
| ૬ | નવસારી | ૪ | સા.આ.કે.અંબાડા | ૧ | તા.૦૮–૦૫–૨૦૧૨ |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લા ખાતે કુલ ખાલી જગ્યા | ખાલી જગ્યા | | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | સા.આ.કે.લીમઝર | ૧ | તા.૧૦-૧૦-૨૦૧૮ |
| | | | સા.આ.કે.ખેરગામ | ૧ | તા.૨૧-૦૮-૨૦૨૦ |
| | | | સા.આ.કે.ખડસુપા | ૧ | તા.૦૮-૦૫-૨૦૧૨ |
| ૭ | ખેડા | ૩ | જ.હો.નડીયાદ | ૧ | તા.૨૮-૦૪-૨૦૧૩ |
| | | | જ.હો.ખેડા | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| | | | સ.હો.ડાકોર | ૧ | તા.૨૩-૧૦-૨૦૧૯ |
| કોમોડીટી | પેટ્રોલ | ડીઝલ | સીએનજી | પીએનજી | કેરોસીન | એલપીજી |
|---|---|---|---|---|---|---|
| વેટનો દર | ૨૦.૧% | ૨૦.૨% | ૧૫% | ૧૫% | વેટ લાગુ પડતો નથી. | વેટ લાગુ પડતો નથી. |

(૨) વર્ષવાર વેટ આવક (રૂ.કરોડમાં)

આવકની માહિતી માસવાર હોઈ તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ આવક દર્શાવેલ છે.

| કોમોડીટી | પેટ્રોલ | ડીઝલ | સીએનજી | પીએનજી |
|---|---|---|---|---|
| તા.૦૧-૦૭-૨૦૧૯ થી તા.૩૦-૦૬-૨૦૨૦ | ૨૮૩૩ | ૬૦૭૪ | ૯૬ | ૩૧ |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| તા.૦૧-૦૭-૨૦૨૦ થી તા.૩૦-૦૬-૨૦૨૧ | ૩૭૦૮ | ૮૦૯૮ | ૧૪૨ | ૫૩ |

--------

**રાજ્યના અભ્યારણ્યમાં ડીઝલ તથા પેટ્રોલ સંચાલિત વાહનો લઈ જવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૯૭૨૭ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ક્યા અભ્યારણ્યમાં પ્રદૂષણ ફેલાવતાં ડીઝલ અને પેટ્રોલના વાહનો લઈ જવા પર પ્રતિબંધ અમલમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા ક્યા અભ્યારણ્યમાં ઉક્ત પ્રતિબંધનો અમલ કરાવવાનું શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૧)

(૧) ગુજરાત રાજ્યના કોઈપણ અભ્યારણ્યોમાં ડીઝલ અને પેટ્રોલના વાહનો લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કચ્છમાં વસવાટ કરતા ખારાઈ ઊંટને ચેરનો ખોરાક મળવા બાબત**

અતારાંકિતઃ ૯૭૫૧ (૧૬-૦૭-૨૦૨૧) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કચ્છમાં વસવાટ કરતા ખારાઈ ઊંટ કે જેનો કુદરતી ખોરાક ચેર (મેન્ગ્રુવ્ઝ) છે ઊંટ તે ખોરાક ખાવા આવે ત્યારે વન ખાતાના કર્મચારીઓ તેને હાંકી કાઢે છે, ખોરાક ખાવા દેતા નથી અને પશુપાલકોને માર મારે છે તે હકીકત સાચી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખારાઈ ઊંટને ચેર (મેન્ગ્રુવ્ઝ) નો કુદરતી ખોરાક મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) ખારાઈ ઊંટના ખોરાક બાબતે વન વિભાગ દ્વારા વ્યવસ્થા કરવાની રહેતી નથી. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ પ્રમાણે કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૫ માં ચેર વિસ્તાર ૭૦૭ ચો.કિ.મી. હતો, જે વધીને વર્ષ ૨૦૧૯ના રીપોર્ટ પ્રમાણે ૭૯૪.૭૭ ચો.કિ.મી. થયેલ છે. આમ, ચેર વિસ્તારમાં સતત વધારો નોંધાયેલ છે.

--------

**ડાકોરમાં આવેલ પવિત્ર સ્થળે માછીમારી અને કાચબા પકડવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૯૭૮૦ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પવિત્ર યાત્રાધામ ડાકોરમાં આવેલ પવિત્ર સ્થળે માછીમારી અને કાચબા પકડવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સને ૨૦૧૮, ૨૦૧૯, અને ૨૦૨૦માં વર્ષવાર ઉક્ત સ્થળે આવેલ સરોવરમાંથી ગેરકાયદે માછીમારી અને કાચબા પકડવાની કેટલી ઘટના બની અને જથ્થા સાથે કેટલા આરોપીઓ પકડાયા,

(૩) ઉક્ત સ્થિતિએ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત પવિત્ર સરોવરમાં આવી ગેરકાયદે પ્રવૃતિ બંધ કરવા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**વન મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પવિત્ર યાત્રાધામ ડાકોરમાં આવેલ પવિત્ર સ્થળે માછીમારી બાબતે વન વિભાગના કાર્યક્ષેત્રને લાગુ પડતું નથી. વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ની વિવિધ અનુસૂચિઓમાં સમાવિષ્ટ કાચબા પકડવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે.

(૨) સને ૨૦૧૮, ૨૦૧૯, અને ૨૦૨૦ના વર્ષમાં ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના ન બનેલ હોવાથી ઉક્ત સ્થળે આવેલ સરોવરમાંથી ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના બન્યા અંગેની કોઈ ફરીયાદ/ગુન્હો નોંધાયેલ નથી.

(૩) ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના બનેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના બનેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં ચેરના વૃક્ષોનો નાશ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૮૧૫ (૨૦–૦૭–૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર ૨૦૨૦ના વર્ષમાં કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનો નાશ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત કૃત્યના આરોપીઓ કોણ હતા,

(૩) ઉક્ત આરોપીઓ સામે તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ શાં પગલાં ભરાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ચેરના વૃક્ષોના સંરક્ષણ માટે વિભાગ દ્વારા શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :** (૨૦–૦૯–૨૦૨૧)

(૧) રાજ્યમાં જિલ્લાવાર ૨૦૨૦ના વર્ષમાં નીચે જણાવ્યા મુજબના વિસ્તારમાં ચેરના વૃક્ષોનો નાશ થયો છે.

| ક્રમ | જિલ્લો | વિસ્તાર (હે.માં) |
|---|---|---|
| ૧ | જામનગર | ૦.૦૪૫ |

(૨) ઉક્ત કૃત્યના આરોપીઓ નીચે મુજબ છે.

| |
|---|
| ૧. વરુ પરેશભાઈ અરજણભાઈ રહે.જામનગર |
| ૨. સોઢા શકિતસિંહ શિવુભા રહે.ગાગા |

(૩) ગુનેગારો સામે ભારતીય વન અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) (૧) ચેર વિસ્તારમાં સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ અને ફેરણું (૨) જન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન.

--------

**કચ્છમાં વસવાટ કરતા ખારાઈ ઊંટને ચેરનો ખોરાક મળવા બાબત**

અતારાંકિતઃ ૯૮૮૪ (૨૦–૦૭–૨૦૨૧) **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૦૫–૨૦૨૧ની સ્થિતિએ કચ્છમાં વસવાટ કરતા ખારાઈ ઊંટ કે જેનો કુદરતી ખોરાક ચેર (મેન્ગ્રુવ્ઝ) છે. ઊંટ તે ખોરાક ખાવા આવે ત્યારે વન ખાતાના કર્મચારીઓ તેને હાંકી કાઢે છે, ખોરાક ખાવા દેતા નથી અને પશુપાલકોને માર મારે છે તે હકીકત સાચી છે, અને

(૨)ઉક્ત સ્થિતિએ ખારાઈ ઊંટને ચેર (મેન્ગ્રુવ્ઝ) નો કુદરતી ખોરાક મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૧૪–૦૯–૨૦૨૧)

(૧)ના, જી.

(૨)ખારાઈ ઊંટના ખોરાક બાબતે વન વિભાગ દ્વારા વ્યવસ્થા કરવાની રહેતી નથી. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ પ્રમાણે કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૫ માં ચેર વિસ્તાર ૭૦૭ ચો.કિ.મી. હતો, જે વધીને વર્ષ ૨૦૧૯ના રીપોર્ટ પ્રમાણે ૭૯૪.૭૭ ચો.કિ.મી. થયેલ છે. આમ, ચેર વિસ્તારમાં સતત વધારો નોંધાયેલ છે.

--------

**ડાકોરમાં આવેલ પવિત્ર સ્થળે માછીમારી અને કાચબા પકડવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૯૯૧૧ (૦૫–૦૮–૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પવિત્ર યાત્રાધામ ડાકોરમાં આવેલ પવિત્ર સ્થળે માછીમારી તથા કાચબા પકડવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સને ૨૦૧૮, ૨૦૧૯, અને ૨૦૨૦માં વર્ષવાર ઉક્ત સ્થળે આવેલ સરોવરમાંથી ગેરકાયદે માછીમારી અને કાચબા પકડવાની કેટલી ઘટના બની અને જથ્થા સાથે કેટલા આરોપીઓ પકડાયા,

(૩) ઉક્ત સ્થિતિએ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત પવિત્ર સરોવરમાં આવી ગેરકાયદે પ્રવૃતિ બંધ કરવા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**વન મંત્રીશ્રી :** (૧૪–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પવિત્ર યાત્રાધામ ડાકોરમાં આવેલ પવિત્ર સ્થળે માછીમારી બાબતે વન વિભાગના કાર્યક્ષેત્રને લાગુ પડતું નથી. વન્યપ્રાણી સંરક્ષણ ધારા–૧૯૭૨ની વિવિધ અનુસૂચિઓમાં સમાવિષ્ટ કાચબા પકડવા ઉપર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે.

(૨) સને ૨૦૧૮, ૨૦૧૯, અને ૨૦૨૦ના વર્ષમાં ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના ન બનેલ હોવાથી ઉક્ત સ્થળે આવેલ સરોવરમાંથી ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના બન્યા અંગેની કોઈ ફરીયાદ/ગુન્હો નોંધાયેલ નથી.

(૩) ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના બનેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગેરકાયદે કાચબા પકડવાની કોઈ ઘટના બનેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ભૂજ ખાતેની અદાણી ગૃપની સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરની ખાલી જગ્યા**

અતારાંકિતઃ ૯૭૩૧ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ ભૂજ ખાતેની અદાણી ગૃપને સોંપવામાં આવેલ સિવિલ હોસ્પિટલમાં ક્યા ક્યા ડૉક્ટરની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૩–૦૯–૨૦૨૧)

(૧) ડર્મેટોલોજી એન્ડ વી.ડી. સંવર્ગની ૧ (એક) જગ્યા ખાલી છે.

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાથી જગ્યા ખાલી રહેલ છે.

(૩) ભુજ ખાતેની હોસ્પિટલ પીપીપીના ધોરણે ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સીસને સોંપેલ હોઈ આ સંસ્થા દ્વારા એમ.સી.આઈ. ની માર્ગદર્શિકા અંતર્ગત આ જગ્યા ભરવાની રહે છે.

--------

**રાજ્યમાં આયુર્વેદ ડોક્ટરોની ખાલી જગ્યા બાબત**

અતારાંકિતઃ ૯૭૫૭ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી કાળાભાઈ ડાભી**(કપડવંજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી દવાખાના/હોસ્પિટલોમાં આયુર્વેદ ડોક્ટરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૩–૦૯–૨૦૨૧)

(૧) ૧૦૮ જગ્યાઓ ખાલી છે. (પત્રક સામેલ છે.)

(૨) બદલી, બઢતી તેમજ નિવૃત્તિ સબબ.

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

**પત્રક**

| **ક્રમ** | **જિલ્લો** | **તાલુકો** | | **ખાલી** | **કેટલા સમયથી ખાલી છે** | **જગ્યા ખાલી રહેવાનું કારણ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | સીટી(કોર્પો) | કાલુપુર–૧ | ૧ | ૧૧–૦૪–૨૦૨૦ | બદલી થવાથી |
| | | | ઉંચડી | ૧ | ૦૫–૦૭–૨૦૧૭ | બદલી થવાથી |
| | | ધોલેરા | સાંઢીડા | ૧ | ૨૫–૧૧–૨૦૧૯ | બદલી થવાથી |
| | | દેત્રોજ | સુંવાળા | ૧ | ૧૭–૦૩–૨૦૨૧ | બદલી થવાથી |
| | | અખંડાનંદ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, લાલદરવાજા, | | ૨ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલી થવાથી |
| ૨ | અમરેલી | સાવરકુંડલા | ખડકાળા | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | પીઠવડી | ૧ | ૦૯–૦૪–૨૦૨૦ | બદલી |
| ૩ | અરવલ્લી | મોડાસા | બોલુન્દ્રા | ૧ | ૨૨–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | જનરલ હો. મોડાસા | ૧ | ૨૦૧૯ | બદલી |
| | | મેઘરજ | ઈપલોડા | ૧ | ૨૬–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | પંચાલ | ૧ | ૨૨–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | લીંબોદરા | ૧ | ૨૨–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | કાલીયાકુવા | ૧ | ૨૨–૦૮–૨૦૧૭ | બદલી |
| | | ભીલોડા | પાલ્લા | ૧ | ૩૧–૦૩–૨૦૨૧ | બદલી |
| | | | રંગપુર | ૧ | ૨૨–૧૧–૨૦૧૯ | બદલી |
| ૪ | બનાસકાંઠા | અમીરગઢ | ઢોલીયા | ૧ | ૨૦૦૭ થી | મે.ઓ.ફરજ પર હાજર ન થતા |
| | | | ડાભેલા | ૧ | ૨૦૧૯ થી | બદલી |
| | | થરાદ | લુવાણા | ૧ | ૨૦૧૮ થી | બદલી |

| ક્રમ | જિલ્લો | તાલુકો | | ખાલી | કેટલા સમયથી ખાલી છે | જગ્યા ખાલી રહેવાનું કારણ |
|---|---|---|---|---|---|---|
| | | | રાહ | ૧ | ૨૦૧૯ થી | બદલી |
| | | | નારોલી | ૧ | ૨૦૧૨ થી | નિમણુકનો આદેશ ન થતા |
| | | | ડોડગામ | ૧ | ૨૦૧૩ થી | મે.ઓ.ફરજ પર હાજર ન થતા |
| | | ભાભર | બલોધણ | ૧ | ૨૦૧૧ થી | નિમણુકનો આદેશ ન થતા |
| | | વાવ | ભાટવર | ૧ | ૨૦૧૯ થી | બદલી |
| | | કાંકરેજ | રાનેર | ૧ | ૨૦૧૭ થી | નિમણુકનો આદેશ ન થતા |
| ૫ | બોટાદ | ગઢડા | મોટીકુંડળ | ૧ | ૦૧–૦૩–૨૦૨૦ | નિવૃત્તી |
| ૬ | ભરૂચ | નેત્રંગ | ગાલીબા | ૧ | એપ્રિલ–૨૦૧૪ | એડહોક સમય પૂર્ણ થવાથી |
| | | ઝઘડીયા | વેલુગામ | ૧ | એપ્રિલ–૨૦૨૦ | બદલી થવાથી |
| | | વાગરા | પખાજણ | ૧ | સપ્ટે–૨૦૧૮ | બદલી થવાથી |
| | | વાગરા | માલપુર | ૧ | એપ્રિલ–૨૦૧૪ | એડહોક સમય પૂર્ણ થવાથી |
| ૭ | ભાવનગર | મહુવા | ભાદ્રોડ | ૧ | ૧૭–૦૮–૨૦૨૦ | લેક્ચરર વર્ગ–૨માં સીધી ભરતીથી |
| ૮ | છોટાઉદેપુર | પાવીજેતપુર | ભીખાપુરા | ૧ | ૯ વર્ષથી | બદલી |
| | | બોડેલી | કડાછલા | ૧ | ૧વર્ષથી | બદલી |
| | | | ગાજીપુરા | ૧ | ૧ વર્ષથી | બદલી |
| | | ક્વાંટ | બૈડીયા | ૧ | ૧ વર્ષથી | બદલી |
| | | | અસાર | ૧ | ૮ વર્ષથી | બદલી |
| | | સંખેડા | ટીંબા | ૧ | ૨.૫ વર્ષથી | બદલી |
| | | | ઓરંગલા | ૧ | ૧ વર્ષથી | બદલી |
| | | છોટાઉદેપુર | વાગલવાડા | ૧ | ૯ વર્ષથી | બદલી |
| ૯ | દાહોદ | લીમખેડા | અગારા | ૧ | ૨૮–૧૧–૨૦૧૯ | બદલીથી |
| | | | કાળીયારાઈ | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલીથી |
| | | શીંગવડ | દાસા | ૧ | ૨૪–૧૧–૨૦૧૯ | બદલીથી |
| | | | મંડેર | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલીથી |
| | | ઝાલોદ | ધોળાખાખરા | ૧ | ૨૩–૧૧–૨૦૨૦ | બદલીથી |
| | | | કારઠ | ૧ | ૦૫–૦૯–૨૦૧૯ | બદલીથી |
| | | | કરંબા | ૧ | ૧૯–૦૮–૨૦૧૩ | બદલીથી |
| | | દાહોદ | કઠલા | ૧ | ૦૪–૦૪–૨૦૧૮ | બદલીથી |
| | | ગરબાડા | ગાંગરડા | ૧ | ૧૦–૦૫–૨૦૧૧ | બદલીથી |
| | | દેવગઢબારીયા | દેગાવાડા | ૧ | ૦૯–૦૪–૨૦૧૯ | બદલીથી |
| | | શ્રી મુક્તિરંજન જૈન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, લીમડી | | ૧ | ૨૬–૦૯–૨૦૧૮ | બદલીથી |
| ૧૦ | ડાંગ | આહવા | પાંડવા | ૧ | ૧૭–૦૪–૨૦૨૦ | બઢતી |
| | | | ચીંચલી | ૧ | ૨૦–૧૧–૨૦૧૯ | બદલીથી |
| ૧૧ | ગાંધીનગર | નિયામકશ્રી, આયુષની કચેરી, | | ૧ | ૧ વર્ષથી | બદલી |
| | | સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, કોલવડા, | | ૩ | માર્ચ–૨૦૧૬ થી | નિમણુક ન થવાથી |
| | | | | | ૦૧–૦૫– | વય નિવૃત્ત થવાથી |

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લો | તાલુકો | | ખાલી | કેટલા સમયથી ખાલી છે | જગ્યા ખાલી રહેવાનું કારણ |
|---|---|---|---|---|---|---|
| | | ગાંધીનગર | | | ૨૦૨૦થી | |
| | | | | | ૦૯–૦૪–૨૦૨૦થી | બઢતી |
| ૧૨ | કચ્છ | અબડાસા | ભારાપરઘૂફી | ૧ | ૧૧–૦૫–૨૦૧૧ | એડહોક સમય પૂર્ણ થવાથી |
| | | | ચીયાસર | ૧ | ૦૧–૦૯–૨૦૧૨ | એડહોક સમય પૂર્ણ થવાથી |
| | | | સાંઘવ | ૧ | ૧૫–૦૯–૨૦૧૨ | એડહોક સમય પૂર્ણ થવાથી |
| | | માંડવી | મોટારતાડીયા | ૧ | ૦૩–૧૨–૨૦૧૯ | બદલીથી |
| ૧૩ | મહેસાણા | ઉંઝા | કરલી | ૧ | ૨૭–૧૧–૨૦૨૦ | બદલી |
| | | ખેરાળુ | ચાડા | ૧ | ૨૨–૧૧–૨૦૧૯ | હાજર થયેલ નથી |
| ૧૪ | મહીસાગર | લુણાવાડા | ચાટકાબેલી | ૧ | ૦૪–૧૦–૨૦૧૬ | રાજીનામુ |
| | | | હાડોડ | ૧ | ૧૦–૧૨–૨૦૧૯ | બદલી |
| | | | રાબડીયા | ૧ | ૨૦–૦૯–૨૦૧૮ | બદલી |
| | | સંતરામપુર | ગોધર(પશ્ચિમ) | ૧ | ૦૧–૧૦–૨૦૧૮ | બદલી |
| | | ખાનપુર | ઝલઈ | ૧ | ૨૭–૧૨–૨૦૧૦ | બદલી |
| | | કડાણા | સરસવા (ઉત્તર) | ૧ | ૨૨–૧૦–૨૦૧૬ | રાજીનામુ |
| ૧૫ | નર્મદા | સાગબારા | રાણીપુરા | ૧ | ૧૩–૦૪–૨૦૧૭ | એડહોક છુટા થવાથી |
| | | ગરૂડેશ્વર | ગોરા | ૧ | ૨૮–૦૮–૨૦૧૨ | બદલી |
| | | ડેડીયાપાડા | ખૈડીપાડા | ૧ | ૦૮–૦૧–૨૦૧૧ | બદલી |
| | | | ડુમખલ | ૧ | ૦૮–૦૧–૨૦૨૦ | બદલી |
| | | | ચીકદા | ૧ | ૦૯–૦૩–૨૦૧૯ | બદલી |
| | | | કાકરાપાડા | ૧ | ૦૯–૦૩–૨૦૧૯ | બદલી |
| | | | સગાઈ | ૧ | ૦૯–૦૩–૨૦૧૯ | બદલી |
| | | તિલકવાડા | વોરા | ૧ | ૨૬–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | સાવલી | ૧ | ૨૨–૦૮–૨૦૧૩ | એડહોક છુટા થવાથી |
| | | સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન | | ૩ | ૧૫–૦૭–૨૦૧૫ | |
| | | સરકારી આયુર્વેદ હોસ્પિટલ, રાજપીપળા, નર્મદા | | ૧ | | કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને ૨૦ બેડની હોસ્પિટલ ભેગી ચાલે છે. નિર્ણય અર્થે વિભાગને દરખાસ્ત કરેલ છે. |
| ૧૬ | પંચમહાલ | કાલોલ | કરોલી | ૧ | ૧૦–૦૮–૨૦૧૯ | બદલી |
| | | | રાબોડ | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલી |
| | | ઘોઘંબા | સાજોરા | ૧ | ૨૭–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | શનીયાડા | ૧ | ૨૧–૦૮–૨૦૧૩ | બદલી |
| | | હાલોલ | છાનતલાવડ | ૧ | ૩૦–૦૮–૨૦૧૯ | બદલી |
| | | | ઢીંકવા | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલી |
| | | ગોધરા | ધાણીત્રા | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | ગોલ્લાવ | ૧ | ૨૧–૧૧–૨૦૧૯ | બદલી |
| | | | જનરલ હો. ગોધરા | ૧ | ૨૫–૦૭–૨૦૧૦ | બદલી |
| | | શ્રીમતી મ.અ.હ. સરકારી આયુર્વેદ હોસ્પિટલ, પોપટપુરા, તા.ગોધરા, | | ૧ | ૨૯–૦૯–૨૦૧૮ | બદલી |

| ક્રમ | જિલ્લો | તાલુકો | | ખાલી | કેટલા સમયથી ખાલી છે | જગ્યા ખાલી રહેવાનું કારણ |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | પાટણ | પાટણ | જનરલ હો. પાટણ | ૧ | જુલાઈ–૨૦૧૯ | બદલી |
| | | સમી | વરાણા | ૧ | જુલાઈ–૨૦૧૯ | બદલી |
| | | સાંતલપુર | ગોખાંતર | ૧ | જુલાઈ–૨૦૧૯ | બદલી |
| | | સિધ્ધપુર | કલ્યાણા | ૧ | જુલાઈ–૨૦૧૯ | બદલી |
| | | સિધ્ધપુર | આંકવી | ૧ | જુલાઈ–૨૦૧૯ | બદલી |
| ૧૮ | સાબરકાંઠા | ઈડર | ચાંડપ | ૧ | ૨૫–૧૧–૨૦૧૯ | બદલી |
| | | ખેડબ્રહ્મા | આગીયા | ૧ | ૨૫–૧૧–૨૦૧૯ | બદલી |
| | | વિજયનગર | કણાદર | ૧ | ૨૫–૧૧–૨૦૧૯ | બદલી |
| | | વિજયનગર | પાલ | ૧ | ૦૮–૦૨–૨૦૦૮ | બદલી |
| ૧૯ | સુરેન્દ્રનગર | લખતર | ભડવાણા | ૧ | ૧૫–૦૧–૨૦૧૯ | રાજીનામાથી |
| | | દસાડા | એરવાડા | ૧ | ૦૪–૧૦–૨૦૧૮ | લેક્ચરર વર્ગ–૨માં જવાથી |
| ૨૦ | વડોદરા | ડેસર | છાલીયેર | ૧ | ૦૪–૦૬–૨૦૧૯ | બદલીથી |
| | | સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડોદરા | | ૧ | ૨૦૧૭ થી | બદલીથી |
| ૨૧ | વલસાડ | વલસાડ | જનરલ હો. વલસાડ | ૧ | ૧૦–૦૭–૨૦૨૦ | રાજીનામાથી |
| ૨૨ | તાપી | કુંકરમુંડા | નીંભોરા | ૧ | ૨૨–૦૮–૨૦૧૩ | કરાર પૂર્ણ થવાથી |
| | | | પીપલોદ | ૧ | ૨૮–૧૧–૨૦૧૯ | બદલી |
| ૨૩ | રાજકોટ | ગોંડલ | ચરખડી | ૧ | ૦૯–૦૪–૨૦૨૦ | બઢતીથી |
| | | | **કુલ** | **૧૦૮** | | |

--------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતા બાબત**

અતારાંકિતઃ ૯૮૬૩ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાંબા સમયથી સ્વચ્છતાનું ધોરણ ખૂબ જ કથળી ગયું છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, સિવિલ હોસ્પિટલમાં પૂરી સ્વચ્છતા જળવાય તે માટે શા પગલા લેવામાં આવ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં નેત્રદાનની સંખ્યા બાબત**

અતારાંકિતઃ ૯૯૩૫ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧)રાજ્યમાં ૨૦૨૧ના વર્ષમાં કેટલા નેત્રદાન થયા,

(૨)કેટલા લોકોને નવી દ્રષ્ટિ મળી, અને

(૩)નેત્રદાનની સંખ્યા વધે તે માટે શું આયોજન થયું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૩–૦૯–૨૦૨૧)

(૧)રાજ્યમાં વર્ષ ૨૦૨૧માં જાન્યુઆરી થી જૂન સુધી ૧૭૩૫ નેત્રદાન એકત્ર કરવામાં આવ્યા.

(૨)રાજ્યમાં વર્ષ ૨૦૨૧માં જાન્યુઆરી થી જૂન સુધી ૪૬૫ લોકોને કીકી પ્રત્યારોપણ કરી નવી દ્રષ્ટિ આપવામાં આવી.

(૩)નેત્રદાનની સંખ્યા વધે તે માટે રાજ્યમાં ૨૫ ચક્ષુબેંક, ૯૨ ચક્ષુદાન સેન્ટર અને ૫૭ કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશન સેન્ટર કાર્યરત છે.

--------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**અમદાવાદના ભાઈપુરા વિસ્તારમાં ભૂંડના ગેરકાયદેસર વેપાર અટકાવવા બાબત**

અતારાંકિતઃ ૯૬૭૦ (૧૬–૦૭–૨૦૨૧) **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૫–૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદના ભાઈપુરા વિસ્તારમાં ભૂંડના ગેરકાયદે વેપાર–હેરાફેરી–ટ્રાન્સપોર્ટ તથા ગેરકાયદે કતલની મોટા પાયે પ્રવૃત્તિ ચાલી રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આવી ગેરકાયદે પ્રવૃત્તિ કરનારાઓને શિક્ષા કરવા અને આ પ્રવૃત્તિ બંધ કરવા પોલીસ તંત્રએ શી કાર્યવાહી કરી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) અમદાવાદના ભાઈપુરા વિસ્તારમાં ભૂંડના ગેરકાયદે વેપાર–હેરાફેરી–ટ્રાન્સપોર્ટ તથા ગેરકાયદે કતલની મોટા પાયે પ્રવૃત્તિ ચાલી રહેલ નથી.

(૨) અમદાવાદ શહેરમાં ભૂંડની ગેરકાયદેસર કતલ સંબંધમાં દાખલ કરવામાં આવેલ કુલ–૦૧(એક) ગુનામાં આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં બલી અપાતી જગ્યાઓને આઈડેન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૭૬૧ (૧૬–૦૭–૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કઈ કઈ જગ્યાઓને બલી તરીકે અપાતી જગ્યા તરીકે આઈડેન્ટીફાઈ કરવામાં આવી, અને

(૨) આ જગ્યાઓમાં ગુજરાત પ્રાણી પક્ષી બલી પ્રતિબંધ અધિનિયમ–૧૯૭૨ અન્વયે બલી ન અપાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગૌવંશની કતલ અને હેરાફેરીના આરોપીઓને કરેલ તડીપાર**

અતારાંકિતઃ ૯૭૬૬ (૧૬–૦૭–૨૦૨૧) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક–૮૨૬૯ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ગૌવંશ કતલ અને હેરાફેરી કરનારા ત્રણ વર્ષમાં ૪૨ આરોપીઓને તડીપાર કરાયા હતા, જેમાંથી ૪૦ તેના મૂળ જિલ્લામાં પરત આવી ગયા છે તે હકીકત સાચી છે,

(૨)મૂળ જિલ્લામાં ગેરકાયદે પરત ફરેલા ૪૦ આરોપીઓ પૈકી કેટલાની ધરપકડ કરી તેને પુનઃતડીપાર કરેલ જિલ્લામાં મોકલી આપેલ છે, અને

(૩)બાકી રહેલ તડીપારના આરોપીઓને ક્યાં સુધીમાં તડીપાર થયેલ જિલ્લાઓમાં મોકલી આપવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૭–૦૯–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ૪૦ પૈકી ૨૫ આરોપીઓ તડીપારનો સમયગાળો પૂર્ણ કરી મૂળ જિલ્લામાં પરત આવી ગયેલ હોઈ તેમના વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવાની રહે નહીં. બાકીના ૧૫ આરોપીઓ કે જે તડીપાર હુકમનો ભંગ કરી ગેરકાયદેસર મૂળ જિલ્લામાં પરત આવી ગયા હતા તે તમામની અટક કરી તડીપાર કરેલ જિલ્લા સિવાયના જિલ્લાઓમાં પરત મોકલી દેવામાં આવેલ હતાં.

(૩) પ્રશ્ન રહેતો નથી.

--------

**રાજ્યમાં ગૌરક્ષકો પર હુમલા થવા બાબત**

અતારાંકિતઃ ૯૭૭૦ (૧૬–૦૭–૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતા ગૌવંશને બચાવતા અને સ્વૈચ્છિક રીતે કામ કરતા તથા પોલીસને મદદરૂપ થતા ગૌરક્ષકો પર રાજ્યમાં વિવિધ જગ્યાએ વર્ષ ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ માં કેટલા હુમલા થયા,

(૨) તે અન્વયે આરોપીઓ સામે શા પગલાં લેવાયા, અને

(૩) આવા હુમલાખોરોથી ગૌરક્ષકોને મદદરૂપ થવા અને હુમલા અટકાવવા પોલીસ દ્વારા શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧)

| વર્ષ | હુમલાની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૦૦ |
| ૨૦૧૮ | ૦૨ |
| ૨૦૧૯ | ૦૧ |

(૨) આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) રાજ્યમાં ગૌવંશને લગતી કોઈપણ પ્રકારની માહિતી અંગત બાતમીદારોને મળેથી પોલીસને જાણ કરવામાં આવે છે, તે અન્વયે પોલીસ દ્વારા તુરત જ કાર્યવાહી કરવામાં આવે છે. બાતમીદારો કે માહિતી આપનાર સાથે ઘર્ષણના બનાવો ન બને અથવા તો બનાવની સંભાવના ખુબ જ ઓછી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં ગૌવંશ અને ગેરકાયદે પ્રાણીની કતલ કરનારા ઈસમોને આઈડિન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૮૪૫ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લાં ત્રણ વર્ષમાં ગૌવંશ અને ગેરકાયદે પ્રાણીની કતલ કરનારા-તેની કતલ માટે હેરાફેરી કરનારા અને કતલખાના ચલાવનારા કેટલા ગુનાહિતોને આઈડિન્ટીફાઈ કરવામાં આવ્યા,

(૨) આ ઈસમો સામે શું કાર્યવાહી થઈ, અને

(૩) તે પૈકી કેટલા સામે ''પાસા'' લાગુ પાડવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧)

| **તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૨૧** | | | |
|---|---|---|---|
| **શહેર/જિલ્લો** | **આઈડિન્ટીફાઈ કરવામાં આવેલ ગુનાહિતોની સંખ્યા** | | |
| | **ગૌવંશ અને ગેરકાયદે પ્રાણીની કતલ કરનારા ઈસમોની સંખ્યા** | **ગૌવંશ અને ગેરકાયદે પ્રાણીની કતલ માટે હેરાફેરી કરનારા ઈસમોની સંખ્યા** | **કતલખાના ચલાવનાર ઈસમોની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૩૦૫ | ૧૭૯ | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૭૧ | ૧૬૧ | ૦ |
| **કુલ** | **૩૭૬** | **૩૪૦** | **૦** |

(૨) આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આ પૈકી કુલ-૨૬ ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં બલી અપાતી જગ્યાને આઈડિન્ટીફાઈ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૮૯૧ (૨૭-૦૭-૨૦૨૧) **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કઈ કઈ જગ્યાઓને બલી તરીકે અપાતી જગ્યા તરીકે આઈડિન્ટીફાઈ કરવામાં આવી, અને

(૨) આ જગ્યાઓમાં ગુજરાત પ્રાણી પક્ષી બલી પ્રતિબંધ અધિનિયમ-૧૯૭૨ અન્વયે બલી ન અપાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગૌરક્ષકો પર હુમલા થવા બાબત**

અતારાંકિતઃ ૯૮૯૮ (૨૭-૦૭-૨૦૨૧) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતા ગૌવંશને બચાવતા અને સ્વૈચ્છિક રીતે કામ કરતા તથા પોલીસને મદદરૂપ થતા ગૌરક્ષકો પર રાજ્યમાં વિવિધ જગ્યાએ વર્ષ ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ માં કેટલા હુમલા થયા,

(૨) તે અન્વયે આરોપીઓ સામે શા પગલાં લેવાયા, અને

(૩) આવા હુમલાખોરોથી ગૌરક્ષકોને મદદરૂપ થવા અને હુમલા અટકાવવા પોલીસ દ્વારા શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧)

| વર્ષ | ગૌરક્ષકો પર થયેલ હુમલાની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૦૦ |
| ૨૦૧૮ | ૦૨ |
| ૨૦૧૯ | ૦૧ |

(૨) ગૌરક્ષકો પર થયેલ હુમલા સંદર્ભે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) રાજ્યમાં ગૌવંશ સંબંધિત માહિતી બાતમીદારો તરફથી મળ્યેથી પોલીસને જાણ કરવામાં આવે છે, અને તે અન્વયે પોલીસ દ્વારા તુર્ત જ કાર્યવાહી કરવામાં આવે છે. આ સંબંધે સમયાંતરે રાજ્યના તમામ જિલ્લા/શહેરના સંબંધિત અધિકારીશ્રીઓની બેઠકો યોજવામાં આવે છે. જેમાં બાતમીદારો કે માહિતી આપનાર સાથે ઘર્ષણના બનાવો ન બને અથવા બનવાની સંભાવના ખુબ જ ઓછી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં પ્રાણીઓને ગેરકાયદે કતલખાને લઈ જવાતા વાહનો તથા વાહનમાલિકો પર લીધેલ પગલાં**

અતારાંકિતઃ ૯૯૪૪ (૨૯–૦૭–૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૧૯ના વર્ષમાં પ્રાણીઓને ગેરકાયદે કતલ માટે લઈ જતા કેટલા વાહનો પકડાયા,

(૨) આવી ગુનાહિત પ્રવૃત્તિ કરનાર વાહન માલિકો સામે શી કાર્યવાહી થઈ, અને

(૩) ગુનામાં સંડોવાયેલા વાહનો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૭–૦૯–૨૦૨૧)

(૧) પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

| વર્ષ–૨૦૧૯ | | |
|---|---|---|
| **અ.નં.** | **જિલ્લો** | **પ્રાણીઓને ગેરકાયદે કતલ માટે લઈ જતા પકડાયેલ વાહનોની સંખ્યા** |
| ૧ | અમદાવાદ | ૩૧ |
| ૨ | રાજકોટ | ૨૬ |
| ૩ | સુરત | ૫૮ |
| ૪ | વડોદરા | ૧૫ |
| ૫ | ખેડા | ૨૬ |
| ૬ | આણંદ | ૧૨ |
| ૭ | ગાંધીનગર | ૦૭ |
| ૮ | સાબરકાંઠા | ૧૦ |
| ૯ | અરવલ્લી | ૧૫ |
| ૧૦ | મહેસાણા | ૦૪ |
| ૧૧ | જામનગર | ૦૩ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| ૧૩ | મોરબી | ૦૩ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦૫ |
| ૧૫ | બનાસકાંઠા | ૧૩ |
| ૧૬ | કચ્છ | ૦૮ |
| ૧૭ | પાટણ | ૦૩ |
| ૧૮ | અમરેલી | ૦૫ |
| ૧૯ | ભાવનગર | ૧૬ |

| | | |
|---|---|---|
| ૨૦ | બોટાદ | ૦૧ |
| ૨૧ | જૂનાગઢ | ૦૧ |
| ૨૨ | ગીર સોમનાથ | ૦૬ |
| ૨૩ | પોરબંદર | ૦૦ |
| ૨૪ | છોટાઉદેપુર | ૦૫ |
| ૨૫ | ભરૂચ | ૦૯ |
| ૨૬ | નર્મદા | ૦૧ |
| ૨૭ | પંચમહાલ | ૩૮ |
| ૨૮ | મહીસાગર | ૧૯ |
| ૨૯ | દાહોદ | ૧૭ |
| ૩૦ | તાપી | ૦૨ |
| ૩૧ | વલસાડ | ૨૦ |
| ૩૨ | નવસારી | ૧૩ |
| ૩૩ | ડાંગ | ૦૨ |

(૨) આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ગુનામાં સંડોવાયેલા વાહનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**સચાણા ખાતેના મેલડી માતાના મંદિરમાં બલીની પ્રવૃત્તિ બંધ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૯૫૨ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના સચાણા ખાતેના મેલડી માતાના મંદિરમાં ગેરકાયદે બકરાંની બલી અપાઈ રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ઈસમો સામે ધી ગુજરાત પ્રાણી પક્ષી બલી અધિનિયમ-૧૯૭૨ અન્વયે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) આ ગેરકાનૂની પ્રવૃત્તિ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ધર્મ પરિવર્તનની ફરિયાદો**

અતારાંકિતઃ ૯૯૮૦ (૨૭-૦૭-૨૦૨૧) **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બળજબરીથી ધર્મ પરિવર્તનની કેટલી ફરિયાદો ૨૦૧૯ અને ૨૦૨૦ માં મળી,

(૨) ફરિયાદો પર શી કાર્યવાહી થઇ, અને

(૩) બળજબરીથી થતા ધર્મ પરિવર્તન રોકવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧)

| **વર્ષ** | **બળજબરીથી ધર્મ પરિવર્તનની મળેલ ફરિયાદોની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૯ | ૦૦ |
| ૨૦૨૦ | ૦૧ |

(૨) આ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) બળજબરીથી ધર્મ પરિવર્તન થવાના બનાવો રોકવા માટે રાજ્યમાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ હાલ અમલમાં છે.

--------

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**અમદાવાદના ભાઇપુરા વિસ્તારમાં ભૂંડના ગેરકાયદેસર વેપાર અટકાવવા બાબત**

અતારાંકિતઃ ૯૯૯૨ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧)અમદાવાદના ભાઇપુરા વિસ્તારમાં ભૂંડના વેપાર-હેરાફેરી અને ગેરકાયદે કતલની મોટા પાયે પ્રવૃત્તિ ચાલી રહી છે તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો આ ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)આવી પ્રવૃત્તિઓને ડામી દેવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧)અમદાવાદના ભાઇપુરા વિસ્તારમાં ભૂંડના વેપાર-હેરાફેરી અને ગેરકાયદે કતલની મોટા પાયે પ્રવૃત્તિ ચાલી રહેલ નથી.

(૨)અમદાવાદ શહેરમાં ભૂંડની ગેરકાયદેસર કતલ સંબંધમાં દાખલ કરવામાં આવેલ કુલ-૦૧(એક) ગુનામાં આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩)આ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તિ ડામવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ રાખવામાં આવે છે અને આવી પ્રવૃત્તિ જણાયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**અમદાવાદમાં નાણા ડબલ કરવાની લાલચ આપી ફસાવવાના ગુન્હા**

અતારાંકિતઃ ૧૦૦૦૪ (૨૭-૦૭-૨૦૨૧) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદમાં વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦ માં એકના ડબલ કરવાના અને પૈસાની લાલચ આપી ફસાવવાના કેટલા કિસ્સા બન્યા,

(૨) કેટલા આરોપીઓ પકડાયા, કેટલા બાકી છે, અને

(૩) આવી ગુનાહિત પ્રવૃત્તિઓ પોલીસ દ્વારા બંધ કરાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧)

| **વર્ષ** | **એકના ડબલ કરવાના બનેલ કિસ્સાની સંખ્યા** | **પૈસાની લાલચ આપી ફસાવવાના બનેલ કિસ્સાની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૧૯ | ૦૧ | ૨૧ |
| ૨૦૨૦ | ૦૩ | ૧૫ |

(૨)

| **વર્ષ** | **એકના ડબલ કરવાના બનેલ કિસ્સાની સંખ્યા** | | **પૈસાની લાલચ આપી ફસાવવાના બનેલ કિસ્સાની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **પકડાયેલ આરોપીઓની સંખ્યા** | **પકડવાના બાકી આરોપીઓની સંખ્યા** | **પકડાયેલ આરોપીઓની સંખ્યા** | **પકડવાના બાકી આરોપીઓની સંખ્યા** |
| ૨૦૧૯ | ૦૫ | ૦૦ | ૮૦ | ૨૦ |
| ૨૦૨૦ | ૧૩ | ૦૫ | ૪૫ | ૦૯ |

(૩) આવી ગુનાહિત પ્રવૃત્તિઓ બંધ કરાવવા ગુજરાત પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોસીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ નો અમલ કરવામાં આવે છે.

--------

**દૂધાળા પ્રાણીઓને અન્ય રાજ્યોમાં મોકલવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૧૦૦૨૨ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ૨૦૧૩ થી એક્સપોર્ટ પર પ્રતિબંધ હોવા છતાં થતા કેટલા પ્રતિબંધિત દૂધાળા પ્રાણીઓ ૨૦૨૦માં બીજા રાજ્યોમાં મોકલાતા અટકાવવામાં આવ્યા અને કેટલા આરોપીઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી, અને

(૨) આવા પ્રતિબંધિત દૂધાળા પ્રાણીના એક્સપોર્ટ કરનાર આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૨૦ માં કુલ-૧૧૯૫ (એક હજાર એકસો પંચાણું) પ્રતિબંધિત દૂધાળા પ્રાણીઓ બીજા રાજ્યોમાં મોકલાતા અટકાવવામાં આવ્યા અને કુલ-૭૬ (છોતેર) આરોપીઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી.

(૨) આરોપીઓ વિરુધ્ધ ગુના દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**દૂધાળા પ્રાણીઓને અન્ય રાજ્યોમાં મોકલવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૧૦૦૨૪ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી ભીખાભાઈ જોશી** (જૂનાગઢ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ૨૦૧૩ થી એક્સપોર્ટ પર પ્રતિબંધ હોવા છતાં થતા કેટલા પ્રતિબંધિત દૂધાળા પ્રાણીઓ ૨૦૧૯માં બીજા રાજ્યોમાં મોકલાતા અટકાવવામાં આવ્યા અને કેટલા આરોપીઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી, અને

(૨) આવા પ્રતિબંધિત દૂધાળા પ્રાણીના એક્સપોર્ટ કરનાર આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૭-૦૯-૨૦૨૧)

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૯ માં કુલ-૩૬૧ (ત્રણસો એકસઠ) પ્રતિબંધિત દૂધાળા પ્રાણીઓ બીજા રાજ્યોમાં મોકલાતા અટકાવવામાં આવ્યા અને કુલ-૩૩ (તેત્રીસ) આરોપીઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી.

(૨) આરોપીઓ વિરુધ્ધ ગુના દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**દૂધાળા પ્રાણીઓને અન્ય રાજ્યોમાં મોકલવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૧૦૦૩૭ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ૨૦૧૩ થી એક્સપોર્ટ પર પ્રતિબંધ હોવા છતાં થતા કેટલા પ્રતિબંધિત દૂધાળા પ્રાણીઓ ૨૦૧૮માં બીજા રાજ્યોમાં મોકલાતા અટકાવવામાં આવ્યા અને કેટલા આરોપીઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી, અને

(૨) આવા પ્રતિબંધિત દૂધાળા પ્રાણીના એક્સપોર્ટ કરનાર આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૮ માં કુલ-૨૮૬ (બસો છ્યાસી) પ્રતિબંધિત દૂધાળા પ્રાણીઓ બીજા રાજ્યોમાં મોકલાતા અટકાવવામાં આવ્યા અને કુલ-૨૭ (સત્તાવીસ) આરોપીઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી.

(૨) આરોપીઓ વિરુધ્ધ ગુના દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં પ્રાણીઓને ગેરકાયદે કતલખાને લઇ જવાતા વાહનો તથા વાહનમાલિકો પર લીધેલ પગલાં**

અતારાંકિતઃ ૧૦૦૫૧ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૨૦ ના વર્ષમાં પ્રાણીઓને ગેરકાયદે કતલ માટે લઇ જતા કેટલા વાહનો પકડાયા,

(૨) આવી ગુનાહિત પ્રવૃત્તિ કરનાર વાહન માલિકો સામે શી કાર્યવાહી થઇ, અને

(૩) ગુનામાં સંડોવાયેલા વાહનો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) પત્રક અ મુજબ.

(૨) આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ગુનામાં સંડોવાયેલા વાહનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક - અ**

| **વર્ષ ૨૦૨૦** | | |
|---|---|---|
| **અ.નં.** | **જિલ્લો** | **પ્રાણીઓને ગેરકાયદે કતલ માટે લઇ જતા પકડાયેલ વાહનોની સંખ્યા** |
| ૧ | અમદાવાદ | ૭૨ |
| ૨ | રાજકોટ | ૨૩ |
| ૩ | સુરત | ૧૦ |
| ૪ | વડોદરા | ૧૬ |
| ૫ | ખેડા | ૩૦ |
| ૬ | આણંદ | ૨૩ |
| ૭ | ગાંધીનગર | ૦૧ |
| ૮ | સાબરકાંઠા | ૨૨ |

| વર્ષ ૨૦૨૦ | | |
|---|---|---|
| **અ.નં.** | **જિલ્લો** | **પ્રાણીઓને ગેરકાયદે કતલ માટે લઇ જતા પકડાયેલ વાહનોની સંખ્યા** |
| ૯ | અરવલ્લી | ૨૫ |
| ૧૦ | મહેસાણા | ૧૧ |
| ૧૧ | જામનગર | ૦૩ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| ૧૩ | મોરબી | ૦૫ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦૭ |
| ૧૫ | બનાસકાંઠા | ૧૨ |
| ૧૬ | કચ્છ | ૦૭ |
| ૧૭ | પાટણ | ૦૬ |
| ૧૮ | અમરેલી | ૨૫ |
| ૧૯ | ભાવનગર | ૦૬ |
| ૨૦ | બોટાદ | ૦૧ |
| ૨૧ | જૂનાગઢ | ૦૦ |
| ૨૨ | ગીર સોમનાથ | ૦૯ |
| ૨૩ | પોરબંદર | ૦૦ |
| ૨૪ | છોટાઉદેપુર | ૦૫ |
| ૨૫ | ભરૂચ | ૧૩ |
| ૨૬ | નર્મદા | ૨૧ |
| ૨૭ | પંચમહાલ | ૫૫ |
| ૨૮ | મહીસાગર | ૨૮ |
| ૨૯ | દાહોદ | ૧૩ |
| ૩૦ | તાપી | ૦૨ |
| ૩૧ | વલસાડ | ૨૬ |
| ૩૨ | નવસારી | ૧૨ |
| ૩૩ | ડાંગ | ૦૬ |

--------

**અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં ગેરકાયદે કતલખાના બંધ કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૦૬૨ (૨૯-૦૭-૨૦૨૧) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં કેટલા ગેરકાનૂની કતલખાના કાર્યરત છે,

(૨) તેના સંચાલકો સામે છેલ્લા ૩ વર્ષમાં શી કાર્યવાહી થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ તમામ ગેરકાયદે કતલખાના બંધ કરવા શા પગલાં લીધા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં હાડકાં ભરીને જતાં વાહનો પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૦૦૯૮ (૦૩-૦૮-૨૦૨૧) **શ્રી સુનિલભાઈ ગામિત** (નિઝર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ૨૦૨૦ ના વર્ષમાં જિલ્લાવાર હાડકાં ભરીને લઇ જતા કેટલા વાહનો પકડાયા અને તે કઇ બોનમીલમાં લઇ જવાતા હતા,

(૨) તે પૈકી કેટલા વાહનોમાં એફ.એસ.એલ. ના રીપોર્ટ મુજબ ગૌવંશ પ્રાણીના હાડકાં હતા, અને

(૩)ગૌવંશના હાડકાં ખરીદનાર, વેચનાર, બોનમીલના માલિકો તથા ટ્રાન્સપોર્ટરો સામે શી કાનૂની કાર્યવાહીથઇછે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) રાજ્યમાં ૨૦૨૦ના વર્ષમાં હાડકાં ભરીને લઇ જતા કુલ–૦૧ (એક) વાહન અમદાવાદ શહેરમાં પકડાયેલ અને તે કઇ બોનમીલોમાં લઇ જવાતા હતા તે તપાસ દરમિયાન જણાયેલ નથી.

અન્ય જિલ્લાઓની માહિતી ‘‘શૂન્ય’’ છે.

(૨) ૦૧ (એક).

(૩) આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં બોન મીલો પર રેડ પાડવા બાબત**

અતારાંકિતઃ ૧૦૧૦૧ (૦૩–૦૮–૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વર્ષ ૨૦૨૦માં રાજ્યમાં ગૌવંશના હાડકાંની કામગીરી કરતી કઇ બોન મીલોમાં રેડ પાડવામાં આવી,

(૨) આવી બોન મીલોએ ગૌવંશના હાડકાં કયા ગેરકાનૂની કતલખાનામાંથી મેળવ્યા હતા, અને

(૩) પકડાયેલ બોનમીલ તથા ગેરકાનૂની કતલખાના સામે શા પગલાં લેવાયા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જેલમાં કેદીઓ પરત ન ફરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૨૬૬ (૧૧–૦૮–૨૦૨૧) **શ્રી સુનિલભાઇ ગામિત** (નિઝર): **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર પેરોલ અને ફર્લો પૂરા થયા પછી કેટલા કેદીઓ જેલમાં પરત ફર્યા નથી, અને

(૨) આવા કેદીઓને જેલમાં પરત લાવવા શાં પગલાં લેવામાં આવેલ છે ?

**જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧)

| **સમય** | **પેરોલ પૂરા થયા પછી પરત ફર્યા નથી તેવા કેદીઓની સંખ્યા** | **ફર્લો પૂરા થયા પછી પરત ફર્યા નથી તેવા કેદીઓની સંખ્યા** |
|---|---|---|
| તા.૧–૦૭–૨૦૧૮ થી તા.૩૦–૦૬–૨૦૧૯ | ૭૪ | ૧૯ |
| તા.૧–૦૭–૨૦૧૯ થી તા.૩૦–૦૬–૨૦૨૦ | ૧૩૯ | ૩૫ |
| તા.૧–૦૭–૨૦૨૦ થી તા.૩૦–૦૬–૨૦૨૧ | ૮૯ | ૫૧ |

(૨) પેરોલ/ફર્લો પરથી જેલમાં પરત ન ફરેલ કેદીઓ વિરુદ્ધ ધ પ્રિઝન્સ એક્ટ, ૧૮૯૪ની કલમ ૫૧(૧)(૨) હેઠળ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવેલ છે. તેમજ કેદીની પુનઃ ધરપકડ માટે સંબંધિત પોલીસ સત્તાધિકારીને જાણ કરવામાં આવેલ છે.

---------

**લવાણા ખાતેની વહુની વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૫૬૮ (૨૮–૦૧–૨૦૧૯) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં લવાણા ખાતે આવેલ વહુની વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૮–૦૯–૨૦૨૧)

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં લવાણા ખાતે આવેલ વહુની વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત હોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**મહેમદાવાદમાં આવેલ બમર વાવને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા બાબત**

અતારાંકિતઃ ૫૫૮૪ (૨૮–૦૧–૨૦૧૯) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મહેમદાવાદમાં આવેલ બમર વાવ પ્રવાસન માટે અનુકૂળ જણાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા,તો ઉક્ત વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શી કાર્યવાહી થઈ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા મહેમદાવાદમાં આવેલ બમર વાવને પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા બાબત હોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------

**રાજ્યમાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

અતારાંકિતઃ ૯૬૬૭ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર માર્ચ–૨૦૨૧ની સ્થિતિએ કેટલા બેરોજગાર નોંધાયેલ છે,

(૨) તે પૈકી શિક્ષિત અને અર્ધશિક્ષિત પ્રકારના કેટલા બેરોજગારો છે, અને

(૩) આ બેરોજગારોને રોજગારી પૂરી પાડવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૪–૦૯–૨૦૨૧)

(૧) પત્રક–૧ માં સામેલ છે.

(૨) પત્રક–૨ માં સામેલ છે.

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઓનલાઇન ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**પત્રક–૧**

| **માર્ચ–૨૦૨૧ સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નોંધાયેલ બેરોજગારો** | | |
|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **કુલ** |
| ૧ | અમદાવાદ | ૩૩૦૦૦ |
| ૨ | વડોદરા | ૨૭૫૯૭ |
| ૩ | ભરૂચ | ૯૫૦૫ |
| ૪ | નર્મદા | ૫૫૩૮ |
| ૫ | કચ્છ–ભૂજ | ૧૩૫૭૧ |
| ૬ | ભાવનગર | ૧૬૪૫૨ |
| ૭ | ડાંગ | ૨૮૪૪ |
| ૮ | પંચમહાલ | ૧૨૮૮૯ |
| ૯ | દાહોદ | ૧૨૯૯૮ |
| ૧૦ | સાબરકાંઠા | ૧૦૯૧૫ |
| ૧૧ | જામનગર | ૧૫૮૯૬ |
| ૧૨ | જૂનાગઢ | ૧૨૦૨૮ |
| ૧૩ | પોરબંદર | ૬૨૬૫ |
| ૧૪ | મહેસાણા | ૧૭૬૯૧ |
| ૧૫ | પાટણ | ૮૮૮૩ |
| ૧૬ | ખેડા | ૧૭૬૭૭ |
| ૧૭ | આણંદ | ૨૪૬૦૮ |
| ૧૮ | બનાસકાંઠા | ૧૨૮૩૮ |

| માર્ચ-૨૦૨૧ સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નોંધાયેલ બેરોજગારો | | |
|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **કુલ** |
| ૧૯ | રાજકોટ | ૨૦૭૫૦ |
| ૨૦ | સુરત | ૧૮૭૮૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૨૭૦૭ |
| ૨૨ | અમરેલી | ૧૧૫૦૦ |
| ૨૩ | વલસાડ | ૧૦૯૨૧ |
| ૨૪ | નવસારી | ૭૮૩૩ |
| ૨૫ | ગાંધીનગર | ૬૫૯૯ |
| ૨૬ | તાપી | ૭૧૩૪ |
| ૨૭ | અરવલ્લી | ૭૫૫૮ |
| ૨૮ | છોટાઉદેપુર | ૮૪૬૮ |
| ૨૯ | મહીસાગર | ૧૨૦૫૬ |
| ૩૦ | બોટાદ | ૧૫૯૦ |
| ૩૧ | મોરબી | ૫૭૨૦ |
| ૩૨ | ગીરસોમનાથ | ૮૯૪૩ |
| ૩૩ | દેવભૂમિ દ્વારકા | ૪૨૪૫ |
| | **કુલ** | **૪૦૬૦૦૭** |

**પત્રક-૨**

| માર્ચ-૨૦૨૧ સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | અમદાવાદ | ૨૯૧૪૬ | ૩૮૫૪ | ૩૩૦૦૦ |
| ૨ | વડોદરા | ૨૬૭૦૪ | ૮૯૩ | ૨૭૫૯૭ |
| ૩ | ભરૂચ | ૯૦૭૫ | ૪૩૦ | ૯૫૦૫ |
| ૪ | નર્મદા | ૫૪૦૬ | ૧૩૨ | ૫૫૩૮ |
| ૫ | કચ્છ-ભૂજ | ૧૧૬૨૯ | ૧૯૪૨ | ૧૩૫૭૧ |
| ૬ | ભાવનગર | ૧૫૨૧૪ | ૧૨૩૮ | ૧૬૪૫૨ |
| ૭ | ડાંગ | ૨૭૫૬ | ૮૮ | ૨૮૪૪ |
| ૮ | પંચમહાલ | ૧૨૬૬૩ | ૨૨૬ | ૧૨૮૮૯ |
| ૯ | દાહોદ | ૧૨૯૪૪ | ૫૪ | ૧૨૯૯૮ |
| ૧૦ | સાબરકાંઠા | ૧૦૬૩૧ | ૨૮૪ | ૧૦૯૧૫ |
| ૧૧ | જામનગર | ૧૪૧૫૫ | ૧૭૪૧ | ૧૫૮૯૬ |
| ૧૨ | જૂનાગઢ | ૧૧૪૯૭ | ૫૩૧ | ૧૨૦૨૮ |
| ૧૩ | પોરબંદર | ૬૦૫૮ | ૨૦૭ | ૬૨૬૫ |
| ૧૪ | મહેસાણા | ૧૭૧૪૦ | ૫૫૧ | ૧૭૬૯૧ |
| ૧૫ | પાટણ | ૮૬૧૦ | ૨૭૩ | ૮૮૮૩ |
| ૧૬ | ખેડા | ૧૬૯૮૨ | ૬૯૫ | ૧૭૬૭૭ |
| ૧૭ | આણંદ | ૨૩૮૯૮ | ૭૧૦ | ૨૪૬૦૮ |
| ૧૮ | બનાસકાંઠા | ૧૨૫૨૩ | ૩૧૫ | ૧૨૮૩૮ |
| ૧૯ | રાજકોટ | ૧૯૪૩૧ | ૧૩૧૯ | ૨૦૭૫૦ |
| ૨૦ | સુરત | ૧૭૯૬૬ | ૮૨૨ | ૧૮૭૮૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૨૨૧૦ | ૪૯૭ | ૧૨૭૦૭ |
| ૨૨ | અમરેલી | ૧૧૧૫૧ | ૩૪૯ | ૧૧૫૦૦ |
| ૨૩ | વલસાડ | ૧૦૫૭૪ | ૩૪૭ | ૧૦૯૨૧ |
| ૨૪ | નવસારી | ૭૫૧૨ | ૩૨૧ | ૭૮૩૩ |
| ૨૫ | ગાંધીનગર | ૫૭૪૪ | ૮૫૫ | ૬૫૯૯ |

| માર્ચ–૨૦૨૧ સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૨૬ | તાપી | ૬૮૦૫ | ૩૨૯ | ૭૧૩૪ |
| ૨૭ | અરવલ્લી | ૭૪૪૦ | ૧૧૮ | ૭૫૫૮ |
| ૨૮ | છોટાઉદેપુર | ૮૩૦૮ | ૧૬૦ | ૮૪૬૮ |
| ૨૯ | મહીસાગર | ૧૧૭૧૦ | ૩૪૬ | ૧૨૦૫૬ |
| ૩૦ | બોટાદ | ૧૩૯૦ | ૨૦૦ | ૧૫૯૦ |
| ૩૧ | મોરબી | ૫૪૧૭ | ૩૦૩ | ૫૭૨૦ |
| ૩૨ | ગીરસોમનાથ | ૮૭૯૨ | ૧૫૧ | ૮૯૪૩ |
| ૩૩ | દેવભૂમિ દ્વારકા | ૪૦૨૫ | ૨૨૦ | ૪૨૪૫ |
| | **કુલ** | **૩૮૫૫૦૬** | **૨૦૫૦૧** | **૪૦૬૦૦૭** |

--------

**રાજ્યમાં પર્યાવરણ સંબંધી અદાલતો**

અતારાંકિતઃ ૯૬૭૩ (૧૬–૦૭–૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કઇ જગ્યાએ પર્યાવરણ સંબંધી અદાલતો કાર્યરત છે,

(૨) રાજ્યમાં બાકી જગ્યાએ નવી પર્યાવરણ સંબંધી અદાલતો શરૂ કરવા કોઇ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો તે ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

**કાયદા મંત્રીશ્રી :** (૦૭–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં પર્યાવરણ સંબંધી અદાલતો કોઇ જગ્યાએ કાર્યરત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પાટણ જિલ્લામાં પંચાયતની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૮૮૬૩ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીનો પર દબાણો ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા દબાણો ૧ અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર ન થવાના શાં કારણો છે અને તે માટે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૭–૦૯–૨૦૨૧)

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર)** |
|---|---|---|
| ૧ | પાટણ | ૧૬.૦૬.૮૩ |
| ૨ | સરસ્વતી | ૬૦.૫૫.૦૩ |
| ૩ | સિધ્ધપુર | ૩.૭૯.૬૪ |
| ૪ | ચાણસ્મા | ૯.૯૩.૬૮ |
| ૫ | હારીજ | ૯.૨૨.૫૦ |
| ૬ | શંખેશ્વર | ૧૮.૬૬.૭૪ |

(૨) ઉક્ત દબાણો પૈકી પાટણ, સરસ્વતી અને શંખેશ્વર તાલુકાનું મળી કુલ ૨૭.૯૮.૦૦ હે.આરે.પ્ર. દબાણ ૧ વર્ષથી વધુ સમયથી છે. જ્યારે સરસ્વતી અને ચાણસ્મા તાલુકાનું મળી કુલ ૬૯.૨૪.૨૮ હે.આરે.પ્ર. દબાણ ૩ વર્ષ કરતા વધુ સમયથી છે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઈ હેઠળ દબાણ દૂર કરવાની આનુષંગિક કાર્યવાહી ચાલુ હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ હેઠળની આનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી.

અતારાંકિત પ્રશ્નોની યાદી

**પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં ફીક્સ પગારના કર્મચારીના મૃત્યુ અન્વયે સહાય**

અતારાંકિતઃ ૯૬૭૧ (૩૦-૦૭-૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી :** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગના તાબા હેઠળની કચેરીમાં ફીક્સ પગારના કર્મચારીની નવી નિમણૂક કરવામાં આવેલ નથી. આથી માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં એનપીએસ હેઠળના કર્મચારીઓના વારસદારોને પેન્શન**

અતારાંકિતઃ ૯૭૦૭ (૩૦-૦૭-૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તા મંડળ તરફથી પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી :** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ વર્ધિત પેન્શન યોજના અમલમાં ન હોઈ માહિતી શૂન્ય ગણવી.

(૨) મુદ્દા નં. (૧)ની માહિતી શૂન્ય હોઈ મુદ્દા નં. (૨) ની માહિતી પણ શૂન્ય ગણવી.

(૩) મુદ્દા નં. (૧) (૨) ની માહિતી શૂન્ય હોઈ મુદ્દા નં. (૩) ની માહિતી પણ શૂન્ય ગણવી.

--------

**તાપી જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૬૫૫ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તાપી જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૧)

(૧) કોઈ શૈક્ષણિક સંસ્થાને સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**તાપી અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવેલ જમીન અન્વયે મહેસૂલ**

અતારાંકિતઃ ૮૬૭૬ (૧૨-૦૧-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવવામાં આવેલ જમીન અન્વયે કેટલું જમીન મહેસૂલ કોની પાસેથી વસૂલવાનું બાકી બાકી છે.

(૨) ઉક્ત જમીન મહેસૂલમાં કેટલી રકમ નિયમિત જમીન મહેસૂલની અને કેટલી રકમ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૫-ખ ના ખંડ (૫) હેઠળ નિયત સમયમાં ઉત્પાદન કે સેવા શરૂ ન કરે તો વધારાના દર મુજબ કેટલી રકમ વસૂલવાની થાય છે,

(૩) ઉક્ત રકમ સમયસર ભરપાઈ ન કરતા હોઈ તેવા જીલ્લાવાર કેટલી ઈસમો સામે જમીન મહેસૂલના બાકી લેણાં વસૂલવા શા પગલાં લીધાં, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલાઈ તે માટે કોની જવાબદારી થાય છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૧)

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) ઉક્ત રકમ નિયમિત જમીન મહેસૂલની છે.

(૩) હાલની સ્થિતિએ બાકી લેણા વસૂલવામાં આવેલ છે.

(૪) સંબંધિત તલાટી કમ મંત્રીની.

**પત્રક**

| જિલ્લો | વસૂલવાનું બાકી જમીન મહેસુલ | કબજેદારનું નામ (જેની પાસેથી જમીન મહેસૂલ વસૂલવાનુ બાકી હોય) |
|---|---|---|
| તાપી | ૫૯૪૪૦/- | વિરાજ ગેમલસિંહ સોલંકી વિગેરે |
| | ૪૩૬૦/- | ડેનીશ કિશોરભાઈ કાપડીયા |
| | ૧૨૧૨૦/- | ડેનીશ કિશોરભાઈ કાપડીયા<br>અલ્પાબેન મહેન્દ્રસિંહ મહિડા |
| | ૧૯૨૩૦.૧૮/- | નિતિન જુગલકિશોર શર્મા<br>ફુલચંદ પ્રભાતીલાલ અગ્રવાલ |
| | **કુલ-૯૫,૧૫૦.૧૮/-** | - |
| વલસાડ | ૦ (શૂન્ય) | |

--------

### મોરબી અને કચ્છ જિલ્લામાં ક્ષતિ સુધારણામાં ફરિયાદો

અતારાંકિતઃ ૯૬૪૧ (૩૧-૦૭-૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા**(વાંકાનેર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યનાં મોરબી અને કચ્છ જિલ્લામાં ક્ષતિ સુધારણાની કામગીરી હેઠળ સ્થળ અને સર્વે નંબર બદલીને જમીન રોડ સાઈડ બદલી કરી લેવાની કેટલી ફરિયાદો મળી અને,

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે કસૂરવારો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ કર્મચારીઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબત

અતારાંકિતઃ ૯૯૯૫ (૧૪-૦૭-૨૦૨૧) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર માર્ગ અને મકાન વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ-૩ના રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહિવટ વિભાગના તા.૨૦-૦૭-૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૮-૦૯-૨૦૨૧)

(૧) ૦૧ (એક) કર્મચારી.

(૨) કોઈ ફરિયાદ પડતર થથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માર્ગ અને મકાન વિભાગના તાબા હેઠળની કચેરીના અવસાન પામેલ અધિકારી/ કર્મચારીઓના વારસદારોને નવ–વર્ધિત પેન્શનનો લાભ**

અતારાંકિતઃ ૯૭૨૦ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર માર્ગ અને મકાન વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, જો હા તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૮–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ, છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અને મકાન વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કમર્ચારીઓ પૈકી ૦૨ (બે) કર્મચારીઓના અવસાન થયેલ છે. તેની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

| જિલ્લો | અવસાન થયેલ કર્મચારીઓની સંખ્યા અને તારીખ | અવસાન પામેલ કર્મચારીઓનો હોદ્દો અને કચેરી |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૦૧<br>અવસાન<br>તા.૧૯–૧૦–૨૦૧૯ | સ્વ. શ્રી વિક્રમ એસ. પટેલ,<br>હોદ્દોઃ નાયબ કાર્યપાલક ઈજનેર<br>વર્તુળ કચેરીઃ અધિક્ષક ઈજનેર, વડોદરા (મા.મ) વર્તુળ, વડોદરા. |
| ખેડા | ૦૧<br>અવસાન<br>તા. ૦૭–૦૫–૨૦૨૧ | સ્વ. શ્રી પી. વી. ચૌહાણ,<br>હોદ્દોઃ જુનિયર ક્લાર્ક<br>વર્તુળ કચેરીઃ અધિક્ષક ઈજનેર, વિદ્યુત, વિદ્યુત મા.મ. વિભાગ, ગાંધીનગર. (નડીયાદ ડિવિઝન) |
| | **કુલ** | **૦૨** |

(૨) (અ) શ્રી વી. એસ. પટેલના વારસાઈની બાબતે સામાન્ય નિયુક્તિ ફોર્મ ભરેલ નથી તથા તેઓના NPS કપાતના બિલમાં વાંધો હોઈ પૂર્તતા હાથ ધરાયેલ છે. જેથી વારસાઈ નક્કી થયેથી અને વાંધાની પૂર્તતા બાદ નિયમાનુસાર ચૂકવણી કરવામાં આવશે.

(બ) સ્વ. શ્રી પી.વી. ચૌહાણ, જુનિયર ક્લાર્કનું તા.૦૭–૦૫–૨૦૨૧ના રોજ અવસાન થયેલ હોઈ પેન્શન ચૂકવણા અર્થે પત્રવ્યવહાર ચાલુ છે.

(૩) વારસાઈ નક્કી થયેથી અને NPS બાબતે વાંધાની પૂર્તતા બાદ સ્વર્ગસ્થ કર્મચારીના વારસદારોને નિયમાનુસાર લાભો વહેલી તકે ચૂકવી આપવામાં આવશે.

---------

**રાજ્યમાં અનાથાશ્રમોને આર્થિક સહાય**

અતારાંકિતઃ ૧૦૨૪૩ (૦૫–૦૮–૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કયા અનાથાશ્રમોને કેટલી આર્થિક સહાય ચૂકવવાની બાકી છે,

(૨) તે બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીચા મંત્રીશ્રી :** (૧૩–૦૯–૨૦૨૧)

(૧) અનાથાશ્રમોને બાળ સંભાળ ગૃહ તરીકે ઓળખવામાં આવે છે. આવા બાળ સંભાળ ગૃહોને નિયમાનુસાર કોઈ આર્થિક સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓના પેન્શન બાબત**

અતારાંકિતઃ ૯૭૨૬ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તલાલા): **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં રમત-ગમત પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણુ શરૂ કરવામાં આવેલ નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, જો હા તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૩-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં રમત-ગમત પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર નવ-વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી ''કોઈપણ'' અધિકારી/કર્મચારીનું ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢની પ્રાચીન વાવોની જાળવણી**

અતારાંકિતઃ ૧૦૦૨૫ (૩૧-૦૭-૨૦૨૧) **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ): **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ શહેર અને જિલ્લામાં પ્રાચીન સમયની આશરે ૨૦ જેટલી વાવો જાળવણીના અભાવે અવાવરૂ બની ગઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, તે કઈ કઈ વાવો છે, અને

(૩) ઉક્ત અવાવરૂ બનેલી વાવોની જાળવણી કરવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૩-૦૯-૨૦૨૧)

(૧) જી, ના.

જૂનાગઢ શહેર અને જિલ્લામાં પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તક

(૧) અડીકડી વાવ - ઉપરકોટ જૂનાગઢ

(૨) લશ્કરી વાવ- ઉપરકોટ જૂનાગઢ અને

(૩) રા'ખેંગાર વાવ- જૂનાગઢ (વંથલી રોડ) એમ કુલ-૦૩ રાજ્યરક્ષિત વાવ આવેલ છે.

સદરહુ વાવોની પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા સારસંભાળ કરવામાં આવે છે.

ઉક્ત ક્રમાંકઃ (૧) અને (૨) વાવની પ્રાવાસન પ્રભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા જિર્ણોધ્ધારની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા ક્રમાંક (૩) વાવ સંરક્ષિત અને સાફ-સફાઈ થયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

શોકદર્શક ઉલ્લેખો

**અતારાંકિત ચાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૯૬૮૪, ૯૭૫૯, ૯૮૮૯, ૧૦૦૨૭ | ૪ |
| ૨ | નાણા વિભાગ | ૧૦૧૦૩ | ૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૭૨૭, ૯૭૫૧, ૯૭૮૦, ૯૮૧૫, ૯૮૮૪, ૯૯૧૧ | ૬ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૭૩૧, ૯૭૫૭, ૯૮૬૩, ૯૯૩૫ | ૪ |
| ૫ | ગૃહ વિભાગ | ૯૬૭૦, ૯૭૬૧, ૯૭૬૬, ૯૭૭૦, ૯૮૪૫, ૯૮૯૧, ૯૮૯૮, ૯૯૪૪, ૯૯૫૨, ૯૯૮૦, ૯૯૯૨, ૧૦૦૦૪, ૧૦૦૨૨, ૧૦૦૨૪, ૧૦૦૩૭, ૧૦૦૫૧, ૧૦૦૬૨, ૧૦૦૯૮, ૧૦૧૦૧, ૧૦૨૬૬ | ૨૦ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૫૬૮, ૫૫૮૪ | ૨ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૯૬૬૭ | ૧ |
| ૮ | કાયદા વિભાગ | ૯૬૭૩ | ૧ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૮૬૩, ૯૬૭૧, ૯૭૦૭ | ૩ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૭૬૫૫, ૮૬૭૬, ૯૬૪૧ | ૩ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૯૬૯૫, ૯૭૨૦ | ૨ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૦૨૪૩ | ૧ |
| ૧૩ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ૯૭૨૬, ૧૦૦૨૫ | ૨ |
| | | **કુલ** | **૫૦** |

--------

**અતારાંકિત પ્રશ્નોની ચાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો દૂર કરવા અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જ્યારે આ બધી રકઝક ચાલતી હતી અને બહુ અવાજ આવતો હતો એ વખતે કદાચ બધાના ધ્યાનમાં આવ્યું ન હોય પરંતુ વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણી એવું બોલ્યા કે *(xxx) આ ૨૧ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્ઝ ગુજરાતમાં આવ્યું. ગુજરાત સરકારની આ ટીકા છે. *(xxx) આવા તત્ત્વો તરફ કદી હોઇ શકે નહીં. કડકાઇથી અમારી ભારત સરકાર, અમારી ગુજરાત સરકારના ગૃહ વિભાગે કામ કરીને આટલો મોટો જથ્થો પકડ્યો છે ત્યારે *(xxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવો જોઇએ એવી મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : * (xxx) એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો દૂર કરવા અંગે

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ જયારે જવાબ આપતા હતા ત્યારે *(xxx) શબ્દનો ઉપયોગ કર્યો છે એ દૂર કરવામાં આવે. *(xxx) શબ્દ આપણી પ્રણાલિકા પ્રમાણે બરાબર લાગતો નથી માટે આપને વિનંતી કરું છું. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શોકદર્શક ઉલ્લેખો**

ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી અરવિંદભાઇ સાંકળચંદ સંઘવી અને સ્વ.શ્રી પ્રબોધકાન્ત દામોદરદાસ પંડ્યા, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી જયેન્દ્રકુમાર ભગવાનદાસ ખત્રી અને સ્વ. શ્રી દેવાણંદભાઇ સામતભાઇ સોલંકી, ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી નવિનચંદ્ર પરમાણંદદાસ રવાણી, ગુજરાત રાજ્યના પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી લવજીભાઇ ઠાકરશીભાઇ રાજાણી તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગોકળદાસ ડોસાભાઇ પરમાર, સ્વ.શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ, સ્વ.શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી, સ્વ.શ્રી હરિભાઇ રત્નાભાઇ ડોરીયા, સ્વ. શ્રી સુકાભાઇ રામાભાઇ આંત્રોલિયા, સ્વ. શ્રી પ્રતાપભાઇ સુરગભાઇ વરુ, સ્વ.શ્રી વાલજીભાઇ નાનજીભાઇ ખોખરીયા, સ્વ.શ્રીમતી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## શોકદર્શક ઉલ્લેખો

ગીરીરાજકુમારી ગોવિંદસિંહજી કુશવાહા, સ્વ.શ્રી પરબતસિંહ પુંજુભા ગોહિલ, સ્વ. શ્રી ભાવસિંહભાઇ ડાહ્યાભાઇ રાઠોડ, સ્વ. શ્રી કાળુભાઇ નારાયણભાઇ ચાવડા, સ્વ. શ્રી લક્ષ્મણભાઇ પરસોત્તમભાઇ પટેલ અને સ્વ. શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણના શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત વિધાનસભાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી અરવિંદભાઇ સાંકળચંદ સંઘવીના અવસાન અંગે**

**શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ** (સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી  અરવિંદભાઇ સાંકળચંદ સંઘવીનું તારીખ ૨૯ મે, ૨૦૨૧ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી સંઘવીનો જન્મ તેરમી ફેબ્રુઆરી, ૧૯૩૯ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના રોજકા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી સંઘવીએ એમ.એ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી સંઘવીએ સાતમી ગુજરાત વિધાનસભામાં ધાંગધ્રા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજાહિત માટેના અનેક કામો કર્યા હતા. સ્વર્ગસ્થશ્રી સંઘવીએ સન ૧૯૮૫ થી ૧૯૯૦ દરમિયાન ગુજરાત સરકારના નાણા, શિક્ષણ, આરોગ્ય, આયોજન તથા કાયદો અને ન્યાયતંત્ર વગેરે ખાતાઓના મંત્રીશ્રી તરીકેનો પદભાર સંભાળીને અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા કેળવણીકાર, શિક્ષણશાસ્ત્રી તેમજ અર્થશાસ્ત્રી ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દામોદરદાસ પંડયાનો શોકદર્શક ઉલેખ.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દામોદરદાસ પંડયાનું તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પંડયાનો જન્મ ૧૨મી નવેમ્બર, ૧૯૪૪ના રોજ પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના જાગુનામુવાડા ગામે થયો હતો. તેઓશ્રીએ એમ.કોમ. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રીએ કારકિર્દીની શરૂઆત પ્રોફેસર તરીકે કરેલ હતી અને શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા રહ્યા હતા. સ્વર્ગસ્થશ્રી પંડયાએ સાતમી, આઠમી તથા અગિયારમી ગુજરાત વિધાનસભામાં સંતરામપુર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું. સ્વર્ગસ્થશ્રી પંડયાએ ગુજરાત સરકારમાં તા.૧૫–૩–૧૯૯૦થી તા. ૧૧–૧૧–૧૯૯૦ સુધી સંસદીય સચિવ તરીકે અને તા. ૧૨–૧૧–૧૯૯૦થી તા.૨૧–૪–૧૯૯૪ સુધી શિક્ષણ અને ગૃહ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી તરીકે તેમજ તા. ૨૨–૪–૧૯૯૪થી તા.૧૨–૦૧–૧૯૯૫ સુધી યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ટેકનિકલ શિક્ષણ ખાતાના મંત્રીશ્રી તરીકે ઉત્કૃષ્ટ પ્રદાન આપેલ હતું. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સામાજિક કાર્યકર અને શિક્ષણના ઉપાસક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી જયેન્દ્રકુમાર ભગવાનદાસ ખત્રીનો શોકદર્શક ઉલેખ.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી જયેન્દ્રકુમાર ભગવાનદાસ ખત્રીનું તારીખ પહેલી એપ્રિલ, ૨૦૨૧ ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ખત્રીનો જન્મ પાંચમી ફેબ્રુઆરી, ૧૯૪૩ ના રોજ ખેડા જિલ્લાના ખંભાત મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી ખત્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો તથા સમાજસેવાના કાર્ય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ખત્રી આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં ખંભાત મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજાકલ્યાણ માટેના અનેક કાર્યો કર્યા હતા. સ્વર્ગસ્થશ્રી ખત્રીએ તા. ૨૩–૧૦–૯૬થી તા. ૨૭–૧૦–૯૭ અને તા.૪–૧૨–૯૭થી તા. ૩–૩–૯૮ સુધી ગુજરાત સરકારમાં ગ્રામ વિકાસ, ગ્રામ ગૃહનિર્માણ તથા મહેસૂલ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક કર્મનિષ્ઠ લોકસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજય કક્ષાના મંત્રીશ્રી દેવાણંદભાઇ સામતભાઇ સોલંકીનો શોકદર્શક ઉલેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી દેવાણંદભાઇ સામતભાઇ સોલંકીનું તા. ૧૭મી જુલાઇ, ૨૦૨૧ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી સોલંકીનો જન્મ ૪થી મે, ૧૯૪૭ના રોજ જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના આલીધ્રા મુકામે થયો હતો. સ્વ.શ્રી સોલંકીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી સોલંકીએ સાતમી, આઠમી તથા દસમી ગુજરાત વિધાનસભામાં માળિયા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી અનેક સામાજિક કામો કર્યાં હતાં. તેઓશ્રીએ તા. ૧૫–૩–૧૯૯૦થી ૨૬–૧૦–૧૯૯૦ સુધી ગુજરાત સરકારમાં સંસદીય સચિવ તરીકે અને તા. ૧૭–૧૦–૨૦૦૧થી ૨૧–૧૨–૨૦૦૨ સુધી પશુપાલન ખાતાના રાજયકક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક આજીવન સમાજસેવી લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી નવીનચંદ્ર પરમાણંદદાસ રવાણીનો શોકદર્શક ઉલેખ**

## આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

## શોકદર્શક ઉલ્લેખો

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી નવીનચંદ્ર પરમાણંદદાસ રવાણીનું તા. ૨૯મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી રવાણીનો જન્મ ૨જી એપ્રિલ, ૧૯૩૦ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા મુકામે થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર મીડિયેટ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતી તેમજ સમાજ સેવાના કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી રવાણી ચોથી ગુજરાત વિધાનસભામાં સાવરકુંડલા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને તા. ૧૮-૭-૧૯૭૩થી ૭-૨-૧૯૭૪ સુધી રાજ્ય સરકારના હાઉસિંગ અને પ્લાનિંગ ખાતાના નાયબ મંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો. સ્વ.શ્રી રવાણી સાતમી અને આઠમી લોકસભામાં અમરેલી મત વિસ્તારમાંથી સંસદસભ્ય તરીકે ચૂંટાયા હતા અને સંસદની વિવિધ સમિતિઓના સભ્ય તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સમાજવાદી વિચારસરણીવાળા અગ્રણી ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાતના પૂર્વ સંસદીય સચિવશ્રી લવજીભાઇ ઠાકરશીભાઇ રાજાણીનો શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ સચિવશ્રી લવજીભાઇ ઠાકરશીભાઇ રાજાણીનું તા. ૧૫મી મે, ૨૦૨૧ના રોજ ૭૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી રાજાણીનો જન્મ ૨૫મી જૂન, ૧૯૪૯ના રોજ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના શેરગઢ મુકામે થયો હતો. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી રાજાણીએ બારમી ગુજરાત વિધાનસભામાં માળિયા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે ઉમદા સેવાઓ આપેલ હતી. સ્વ.શ્રી રાજાણીએ ગુજરાત સરકારમાં જળસંપત્તિ વિભાગના સંસદીય સચિવ તરીકે રહી અમૂલ્ય યોગદાન આપેલ હતું. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપ શ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ગોકળદાસ ડોસાભાઇ પરમારના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ગોકળદાસ ડોસાભાઇ પરમારનું તારીખ ૨૮ મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ ૯૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પરમારનો જન્મ છઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૨ના રોજ તત્કાલિન રાજકોટ જિલ્લાના મોરબી મુકામે થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રીએ સમાજ સેવાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવેલ હતું. સ્વર્ગસ્થ શ્રી પરમારે પહેલી, બીજી તથા પાંચમી ગુજરાત વિધાનસભામાં મોરબી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને વિવિધ સહકારી પ્રવૃતિઓના વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપેલ હતું. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સહકારી અને સામાજિક પ્રવૃતિઓ સાથે આજીવન સંકળાયેલ એવા એક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રતાપરાય તારાચંદ શાહના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રતાપરાય તારાચંદ શાહનું તારીખ છઠ્ઠી મે, ૨૦૨૧ના રોજ ૯૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી શાહનો જન્મ ૨૦મી ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ ભાવનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ બેન્કીંગ ડિપ્લોમા સુધીનો અભ્યાસ કરેલો હતો. તેઓશ્રી સામાજિક પ્રવૃતિ તથા અખબાર પ્રકાશનના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી શાહે બીજી, ત્રીજી તથા ચોથી ગુજરાત વિધાનસભામાં ભાવનગર અને ઘોઘા મત વિસ્તારમાંથી લોકપ્રતિનિધિ તરીકે ચૂંટાયા હતા અને પોતાના અખબારના માધ્યમ થકી અનેક સામાજિક સમસ્યાઓના લોકપ્રહરી તરીકે વાચા આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ પ્રજાના સંનિષ્ઠ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી ઝાલાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી ઝાલાનું ત્રીજી એપ્રિલ, ૨૦૨૧ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ઝાલાનો જન્મ ૨૦ મી ઓગસ્ટ ૧૯૩૨ ના રોજ મોરબી જિલ્લાના વાંકાનેરના રાજવી પરિવારમાં થયો હતો. તેઓશ્રીએ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એમ.એ. તથા દિલ્હી ખાતેથી પી.એચ.ડી. ની પદવી મેળવેલ હતી. તેઓશ્રી સામાજિક ઉત્થાનની પ્રવૃતિમાં વિશેષ પ્રવૃત રહેલા હતા. સ્વર્ગસ્થશ્રી ઝાલા બીજી તથા ત્રીજી ગુજરાત વિધાનસભામાં વાંકાનેર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે તથા સાતમી અને આઠમી લોકસભામાં સુરેન્દ્રનગર મત વિસ્તારમાંથી સંસદસભ્ય તરીકે ચૂંટાયા હતા તથા વર્ષ ૧૯૮૨ થી ૧૯૮૪ સુધી કેન્દ્ર સરકારના પ્રથમ નાયબ પર્યાવરણમંત્રી તરીકે ઉત્તમ સેવાઓ આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક વિદ્વાન સામાજિક ઉદ્ધારક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ધગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હરીભાઇ રત્નાભાઇ ડોરીયાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હરીભાઇ રત્નાભાઇ ડોરીયાનું તારીખ બીજી જૂન ૨૦૨૧ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ડોરીયાનો જન્મ ૮મી ઓક્ટોબર, ૧૯૨૯ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું. તેઓશ્રી સમાજ સેવાની પ્રવૃતિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ડોરીયા ત્રીજી તથા ચોથી ગુજરાત વિધાનસભામાં લીંબડી મત વિસ્તારમાંથી ચૂંટાયા હતા અને સામાજિક પ્રવૃતિના કાર્યોને પ્રાધાન્ય આપેલ હતું. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સામાજિક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્યશ્રી સુકાભાઇ રામાભાઇ આંત્રોલિયાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સુકાભાઇ રામાભાઇ આંત્રોલિયાનું તારીખ ૨૩મી જૂન, ૨૦૨૧ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી આંત્રોલિયાનો જન્મ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૩૯ના રોજ જિલ્લા અને તાલુકા પોરબંદરના ગરેજ ગામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી આંત્રોલિયાએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં માંગરોળ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને લોકહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ સંનિષ્ઠ સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્યશ્રી પ્રતાપભાઇ સુરગભાઇ વરુના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રતાપભાઇ સુરગભાઇ વરુનું તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૨૧ના રોજ ૬૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી વરુનો જન્મ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૫૨ના રોજ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રી મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી વરુએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં રાજુલા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રજાહિત લક્ષી અનેક કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્યશ્રી વાલજીભાઇ નાનજીભાઇ ખોખરીયાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વાલજીભાઇ નાનજીભાઇ ખોખરીયાનું તારીખ ૪થી મે, ૨૦૨૧ના રોજ ૬૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી ખોખરીયાનો જન્મ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૫૫ના રોજ અમરેલી જિલ્લાના બાબરા મુકામે થયો હતો. તેઓશ્રીએ એફ.વાય.બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ખોખરીયા સાતમી ગુજરાત વિધાનસભામાં બાબરા મત વિસ્તારમાંથી ચુંટાયા હતા અને લોકકલ્યાણના કામોમાં અગ્રેસર રહ્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સામાજિક આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્ય શ્રીમતી ગીરીરાજકુમારી ગોવિંદસિંહજી કુશવાહાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી ગીરીરાજકુમારી ગોવિંદસિંહજી કુશવાહાનું તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૨૧ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રીમતી ગીરીરાજકુમારીનો જન્મ પાંચમી ડિસેમ્બર, ૧૯૩૨ના રોજ વડોદરા જિલ્લાના માંડવા–ચાંદોદ મુકામે થયો હતો. તેઓશ્રીએ માધ્યમિક સુધીનો અભ્યાસ મુંબઇ ખાતેથી કર્યા બાદ વિદેશમાંથી પણ શિક્ષણ મેળવેલ હતું. તેઓશ્રી સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રીમતી ગીરીરાજકુમારીએ સાતમી ગુજરાત વિધાનસભામાં ડભોઇ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને જનસમુદાયના અનેક કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ મહિલા ઉત્કર્ષ સાથે સંકળાયેલ સમાજ સેવિકા ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્ય શ્રી પરબતસિંહ પુંજુભા ગોહિલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી પરબતસિંહ પુંજુંભા ગોહિલનું તારીખ ત્રીજી એપ્રિલ, ૨૦૨૧ના રોજ ૬૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ગોહિલનો જન્મ તારીખ

૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૫૧ના રોજ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ઉખરલા ગામે થયો હતો. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી ગોહિલે નવમી ગુજરાત વિધાનસભામાં ઘોઘા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે વિવિધક્ષેત્રે પ્રજાહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્યશ્રી ભાવસિંહભાઇ ડાહ્યાભાઇ રાઠોડના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભાવસિંહભાઇ ડાહ્યાભાઇ રાઠોડનું તારીખઃ નવમી મે, ૨૦૨૧ના રોજ ૬૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી રાઠોડનો જન્મ પહેલી જૂન, ૧૯૫૬ના રોજ પાટણ જિલ્લાના સમી તાલુકાના ગોચનાદ ગામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું. તેઓશ્રી રીયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી રાઠોડ નવમી તથા બારમી ગુજરાત વિધાનસભામાં સમી મત વિસ્તારમાંથી લોકપ્રતિનિધિ તરીકે ચૂંટાયા હતા અને સામાજિક ઉત્થાન માટેના કામો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

**સભ્યશ્રી કાળુભાઇ નારણભાઇ ચાવડાના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાળુભાઇ નારણભાઇ ચાવડાનું તારીખઃ સાતમી જૂન, ૨૦૨૧ના રોજ ૬૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચાવડાનો જન્મ નવમી જાન્યુઆરી, ૧૯૫૮ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળીયા તાલુકાના ભીંડા મુકામે થયો હતો. તેઓશ્રીએ એસે.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી વેપાર અને ખેતીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ દસમી અને અગિયારમી ગુજરાત વિધાનસભામાં જામખંભાળીયા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને જુદા જુદા લોકકલ્યાણના કામોને પ્રાધાન્ય આપેલ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સેવાભાવી સામાજિક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

**સભ્યશ્રી લક્ષ્મણભાઇ પરસોત્તમભાઇ પટેલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી લક્ષ્મણભાઇ પરસોત્તમભાઇ પટેલનું તારીખઃ નવમી એપ્રિલ, ૨૦૨૧ના રોજ ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ પહેલી જૂન, ૧૯૪૯ના રોજ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ભાઠા ગામે થયો હતો. તેઓશ્રીએ એસ.વાય.બી.એસ.સી.સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી લોકસેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલ બારમી ગુજરાત વિધાનસભામાં ગણદેવી મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલ માટે અગ્રિમતા આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ શૈક્ષણિક તથા સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા એક લોક પ્રતિનિધિ ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સભ્યશ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણનું તારીખઃ અગિયારમી મે, ૨૦૨૧ના રોજ ૭૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણનો જન્મ ૧૫મી માર્ચ, ૧૯૪૭ના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલુન્દ્રા મુકામે થયો હતો. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણે બારમી ગુજરાત વિધાનસભામાં દહેગામ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રજાહિતના કામો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ ૧૯ જેટલાં મહાનુભાવો અંગે જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના જાહેરજીવનના અમૂલ્ય ઘરેણાં સમાન સ્વર્ગીય મહાનુભાવો સ્વ.શ્રી અરવિંદભાઇ સંઘવી, સ્વ. શ્રી પ્રબોધકાન્ત પંડ્યા, સ્વ. શ્રી જયેન્દ્રકુમાર ખત્રી, સ્વ. શ્રી દેવાણંદ બાપા, સ્વ.શ્રી રવાણી સાહેબ, સ્વ. શ્રી

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## શોકદર્શક ઉલ્લેખો

એલ.ટી. રાજાણી સાહેબ, સ્વ.શ્રી ગોકળદાસ પરમાર, સ્વ.શ્રી પ્રતાપરાય શાહ, સ્વ.શ્રી દિગ્વિજયસિંહ પ્રતાપસિંહજી, સ્વ.શ્રી હરીભાઇ ડોરીયા, સ્વ.શ્રી સુકાભાઇ આંત્રોલિયા, સ્વ.શ્રી પ્રતાપભાઇ વરુ, સ્વ.શ્રી વાલજીભાઇ ખોખરીયા, સ્વ.શ્રીમતી ગીરીરાજકુમારીજી, સ્વ.શ્રી પરબતસિંહ ગોહિલ, સ્વ.શ્રી ભાવસિંહભાઇ રાઠોડ, સ્વ.શ્રી કાળુભાઇ ચાવડા, સ્વ.શ્રી લક્ષ્મણભાઇ પટેલ અને સ્વ.શ્રી કલ્યાણસિંહ ચૌહાણ જેવા મહાનુભાવોનું કોરોનાના કપરાકાળ વચ્ચે અવસાન થયું છે. એનું સમગ્ર ગૃહ સહિત ગુજરાતને દુ:ખ છે. રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. અરવિંદભાઇ સંઘવીનું ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે. તેઓ સુરેન્દ્રનગર જિલ્લાના વતની હતા. તેમણે એમ.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ જીવનભર શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલા રહ્યા હતા. તેમણે આ વિધાનસભામાં ધ્રાંગધ્રા મતવિસ્તાનું પ્રતિનિધિત્ત્વ કર્યું હતું અને ગુજરાતમાં નાણા, શિક્ષણ, આરોગ્ય, આયોજન, કાયદો અને ન્યાય તંત્ર વગેરે ખાતાઓમાં મંત્રીશ્રી તરીકે પદભાર સંભાળીને ગુજરાતના ઘડતરમાં ખૂબ મોટું યોગદાન આપ્યું હતું. એમના અવસાનથી આપણે એક ઉમદા કેળવણીકાર, શિક્ષણશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી ગુમાવ્યાનું ખૂબ દુ:ખ છે. એવા જ જાહેરજીવનના મોભી એવા ગુજરાતના પૂર્વ મંત્રી જેમની સાથે મને આ ફ્લૉર પર કામ કરવાનો અવસર મળ્યો હતો એવા માનનીય પ્રબોધકાન્ત પંડ્યા સાહેબનું ૭૬ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે. પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકામાં તેમનો જન્મ થયો હતો. તેમણે એમ.કોમ. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓએ પ્રોફેસર તરીકે કારકિર્દીની શરૂઆત કરી અને જીવનભર બાળકોના ઘડતર માટે શિક્ષણવિદ તરીકે સેવારત રહ્યા. તેમણે આ વિધાનસભામાં સાતમી, આઠમી અને અગિયારમી વિધાનસભામાં સંતરામપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્ત્વ કર્યું હતું અને ગુજરાત વિધાનસભામાં સંસદીય સચિવ સહિત શિક્ષણ, ગૃહ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ટેકનિકલ શિક્ષણ સહિત વિવિધ વિભાગોમાં મંત્રીશ્રી તરીકે ખૂબ ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હતું. એમની ગેરહાજરીથી રાજ્યએ એક ઉમદા સામાજિક કાર્યકર અને શિક્ષણના ઉપાસક ગુમાવ્યાનું આ ગૃહ સહિત સમગ્ર ગુજરાતને ભારે દુ:ખ છે. આ ગૃહના પૂર્વ સભ્યશ્રી રાજ્યકક્ષાના મંત્રીશ્રી સ્વર્ગીય જયેન્દ્રકુમાર ભગવાનદાસ ખત્રીનું ૭૮ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે. ખેડા જિલ્લાના ખંભાત મુકામે જન્મેલા અને મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને જીવનભર સમાજસેવાના કાર્ય સાથે સંકળાઇ રહેલા સ્વ.ખત્રીએ આઠમી અને નવમી વિધાનસભામાં ખંભાત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને પ્રજા કલ્યાણના કામોમાં ભારે મોટું યોગદાન આપ્યું હતું. સરકારમાં ગ્રામ વિકાસ, ગ્રામ ગૃહ નિર્માણ અને મહેસૂલ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકે પણ ગુજરાતના ઘડતરમાં એમનું અમૂલ્ય યોગદાન હતું. એમની ગેરહાજરીથી રાજ્યએ એક કર્મઠ લોક સેવક ગુમાવ્યાનું અમને સૌને ખૂબ દુ:ખ છે. એવા જ આ ગૃહના પૂર્વ સભ્ય રાજ્ય કક્ષાના મંત્રી સ્વ.દેવાણંદ બાપાનું ૭૪ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. આમ તો અમારા પડોશી જિલ્લાના મેંદરડા તાલુકાના આલિદ્રા મુકામે એમણે જન્મ લીધો હતો. એ જમાનામાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. સહકાર અને ખેતી વ્યવસાયમાં એમણે જીવનભર અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સાતમી, આઠમી અને દશમી વિધાનસભામાં માળિયા મત વિસ્તારમાંથી ચૂંટાઈ અને સામાજિક સેવાનો યજ્ઞ એમણે સતત પ્રગટાવ્યે રાખ્યો. આ ગૃહમાં પશુપાલન ખાતાના રાજ્ય મંત્રી તરીકે પણ એમણે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. આજે દેવાણંદ બાપાની ગેરહાજરીથી ગુજરાતે એક આજીવન સમાજસેવી લોકસેવક ગુમાવ્યાનું દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય, પૂર્વ નાયબ મંત્રી, પરમ વંદનીય નવિનચંદ્રભાઈ રવાણીનું ૯૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું. સ્વ.રવાણી સાહેબ સાથે કામ કરવાનો મને ૩૦ વર્ષ બહોળો અનુભવ જાહેર જીવનમાં પા–પા પગલી કરતાં શીખ્યો ત્યારથી જ અમરેલીની બજારમાં સ્વ.રવાણી સાહેબની સાથે ક્યાંકને ક્યાંક એમનું માર્ગદર્શન મેળવવાનો પ્રયાસ કર્યો અને જીવનની છેલ્લી ઘડીઓ સુધી એ લાગણીના તાણાવાણા જોડાઈ રહ્યા. ૯૧ વર્ષની જૈફ વયે પણ એક યુવાનને શરમાવે એવું સ્વાસ્થ્ય જાળવવાનું જો કોઈ શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પડી શકે તો એ સ્વર્ગીય રવાણી સાહેબ પડી શકે. જીવનપર્યંત એ જ તંદુરસ્તી, એ જ ઊર્જા, એ જ ખુલ્લા મનના વિચારો સાથે ગુજરાતના જાહેર જીવનમાં એમણે અમૂલ્ય યોગદાન આપ્યું. ચોથી વિધાનસભામાં સાવરકુંડલા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી આ રાજ્યમાં હાઉસિંગ અને પ્લાનિંગ ખાતાના નાયબ મંત્રી તરીકે પણ સેવાઓ આપી. સાતમી અને આઠમી લોકસભામાં અમરેલી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી સંસદની વિવિધ સમિતિઓમાં પણ એમણે ખૂબ અમૂલ્ય સેવાઓ આપી હતી. સ્વર્ગીય રવાણી સાહેબની ગેરહાજરીથી રાજ્યમાં એક સમાજવાદી વિચારસરણીના યુગનો અંત આવ્યો હોય એવો અહેસાસ થાય છે. રાજ્યે એક સમાજવાદી વિચારણાવાળા અગ્રણી ગુમાવ્યાનું ભારે મોટું દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય, પૂર્વ સંસદીય સચિવ એલ. ટી. રાજાણી સાહેબનું ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું તેનું દુ:ખ છે. એલ. ટી. રાજાણી સાહેબ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં જન્મ્યાં. મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. જીવનભર ખેતી અને સહકાર ક્ષેત્રની સાથે જોડાયેલા રહ્યાં. બારમી વિધાનસભામાં માળિયા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી અને ગુજરાતના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપ્યું. એમની ગેરહાજરીથી રાજ્યે એક સામાજિક અને સહકારી ક્ષેત્રના આગેવાન ગુમાવ્યાનું સમગ્ર ગૃહ સહિત ગુજરાતને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના એવા જ સન્માનનીય પૂર્વ સભ્ય, વિધાનસભાના પૂર્વ સદસ્ય શ્રી ગોકળદાસ ડોસાભાઈ પરમારનું ૯૯ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું. સ્વર્ગીય શ્રી ગોકળદાસ પરમાર તત્કાલિન રાજકોટ જિલ્લાના મોરબી મુકામે જન્મ્યા. એ જમાનામાં ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કર્યો. સમાજસેવાને પોતાનું કાર્ય ક્ષેત્ર બનાવ્યું. પહેલી,

બીજી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં મોરબી વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી વિવિધ સહકારી પ્રવૃત્તિઓમાં એમણે જીવનભર બહુમૂલ્ય યોગદાન આપ્યું. એમની ગેરહાજરીથી આ રાજ્યે સહકારી અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે આજીવન સંકળાયેલા એક નિષ્ઠાવાન આગેવાન ગુમાવ્યાનું સમગ્ર ગૃહને દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના એવા જ પૂર્વ સભ્ય શ્રી પ્રતાપરાય તારાચંદ શાહનું ૯૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ.પ્રતાપબાપાને મળવાનો, એમને સમજવાનો, એમના આશીર્વાદ લેવાનો મને અવસર પ્રાપ્ત થયો હતો. દાદા જીવનપર્યંત ભાવનગર મુકામે જન્મ્યા અને ભાવનગરને એમનું વડુ મથક બનાવ્યું. એ જમાનામાં ડિપ્લોમા બેન્કિંગ સુધીનો અભ્યાસ કર્યા પછી સામાજિક પ્રવૃત્તિઓ અને સમાજની વેદનાને અખબારના પ્રકાશન માધ્યમથી વાચા આપવા તેઓ કાર્યરત રહ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી પ્રતાપરાય બીજી, ત્રીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં ભાવનગર અને ઘોઘા મતવિસ્તારનું એમણે પ્રતિનિધિત્વ કરી પોતાના અખબારના માધ્યમથી સામાજિક સમસ્યાઓના લોકપ્રહરી તરીકે એમણે જીવનપર્યંત લોકોની વેદનાને વાચા આપવાનું કામ કર્યું. મારી ભૂલ ન થતી હોય તો કલ્પસર યોજનાના સપનાને એક દિશા આપવામાં સ્વ.પ્રતાપદાદાનું ખૂબ મોટું યોગદાન હતું અને છેલ્લે હું જ્યારે એમને મળ્યો ત્યારે પણ તેમણે કલ્પસરનું સપનું સાકાર થાય એની ચિંતા એમણે મારી પાસે વ્યક્ત કરી હતી. શ્રી પ્રતાપરાય શાહની ગેરહાજરીથી રાજ્યએ એક નિષ્ઠાવાન સંનિષ્ઠ સેવક ગુમાવ્યાનું આપણને બહુ દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના પૂર્વ સભ્ય સ્વ. શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી ઝાલાનું ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. મોરબી જિલ્લાના વાંકાનેરના રાજવી પરિવારમાં એમનો જન્મ થયો હતા. એ સમયમાં કેમ્બ્રીજ યુનિવર્સિટીમાં એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો અને દિલ્હી ખાતેથી પી.એચ.ડીની પદવી મેળવી એમના જ્ઞાનસાગરનો સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિમાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપ્યું. જીવનભર સમાજ ઘડતરની અંદર તેઓ સક્રિય રહ્યા. આ રાજ્યની બીજી અને ત્રીજી ગુજરાત વિધાનસભામાં વાંકાનેર મતવિસ્તારનું એમણે પ્રતિનિધિત્વ કર્યું. સાતમી અને આઠમી લોકસભામાં સુરેન્દ્રનગરથી સંસદસભ્ય તરીકે કેન્દ્ર સરકારના પ્રથમ નાયબ પર્યાવરણ મંત્રી તરીકે ઉત્તમ સેવાઓ આપી હતી. સદ્ગતની ગેરહાજરીથી રાજ્યએ એક વિદ્વાન સામાજિક ઉદ્ધારક ગુમાવ્યાનું આપણને સૌને ભારે દુઃખ છે.

આ ગૃહના એવા જ પૂર્વ સભ્ય સ્વ. શ્રી હરીભાઇ રત્નાભાઇ ડોરીયાનું ૯૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે જન્મેલા સ્વ. હરીભાઇએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું અને જીવનભર સમાજસેવામાં વ્યસ્ત રહ્યા. એમણે ત્રીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં લીંબડી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરી સામાજિક પ્રવૃત્તિના કાર્યોને પ્રાધાન્ય આપ્યું. એમની ગેરહાજરીથી રાજ્યએ એક ઉમદા સામાજિક આગેવાન ગુમાવ્યાનું સમસ્ત ગૃહને દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ ગૃહના પૂર્વ સભ્યશ્રી સુકાભાઇ આંત્રોલિયા કે જેઓ પોરબંદર જિલ્લામાં જનમ્યા અને પ્રાથમિક શિક્ષણની સાથે ખેતી વ્યવસાય સાથે જીવનભર સંકળાયેલા રહ્યા. છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં માંગરોળ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી અને લોકહિતના કાર્યોને એમણે આગળ ધપાવ્યા હતા. એમની ગેરહાજરીથી રાજ્યએ એક સંનિષ્ઠ સમાજસેવક ગુમાવ્યા છે એનું ભારે મોટું દુઃખ છે. એવા જ આ ગૃહના પૂર્વ સભ્ય સ્વ. પ્રતાપભાઇ સુરગભાઇ વરુનું ૬૮ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થયું એનું ભારે મોટું દુઃખ છે. આ કોરોનાની મહામારીમાં મોત માથે ભમતું હોય એવું ગુજરાતમાં વાતાવરણ હતું અને આ સ્થિતિમાં સ્વ.શ્રી પ્રતાપભાઇ વરુને કોઇ નાનો એવો તાવ આવ્યો હતો અને હોસ્પિટલે ચકાસણી કરવા જવા માટે પણ તેમના મનમાં આંતરિક ભય મને દેખાતો હતો. એમની સાથેના મારા ખૂબ તંદુરસ્ત વ્યવ્હાર રહ્યા. જિલ્લાની અંદર સાથે મળી કામ કર્યું. ક્યાંક સુખ–દુઃખ, ચડતી–પડતી, લડાઇ–ઝઘડા પણ એક પરિપકવ તંદુરસ્ત વ્યવ્હાર સાથે એમના જીવનની છેલ્લી પળે પણ એમણે મારા ઉપર વિશ્વાસ મૂક્યો અને એમના આરોગ્યની ચકાસણી માટે રાત્રે ૨.૦૦ વાગ્યે મિસ્કોલ હતો અને મારે એમને ખીજાઇને કહેવું પડ્યું કે અત્યારે ને અત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થઇ જાવ. હોસ્પિટલમાં દાખલ કર્યા. એમને ખૂબ આશ્વાસન અને જોશ પૂરા પાડવાનો પ્રયત્ન કર્યો પણ અંતે તેઓ જિંદગી હારી ગયા. સ્વ. પ્રતાપભાઇનો અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના આઝાદીના ઇતિહાસમાં યોગદાન આપનાર એક ગૌરવવંતા પરિવારમાં જન્મ થયો હતો. એસ.એસ.સી. સુધીનો એમને અભ્યાસ કર્યો. જીવનભર સહકાર અને ખેતી સાથે જોડાયેલા રહ્યા. રાજુલા મત વિસ્તારમાંથી તેમણે પ્રતિનિધિ તરીકે ચૂંટાઇને સમાજસેવાના યજ્ઞને આગળ ધપાવ્યો હતો. આજે એમની ગેરહાજરીથી રાજ્યએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યાનું દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ ગૃહના પૂર્વ સભ્ય જેમને અમે મામાના હુલામણા નામે બોલાવતા. પૂર્વ સભ્ય વાલજીભાઇ નાનજીભાઇ ખોખરીયાનું ૬૬ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થયું છે. અમારા જિલ્લાનો બાબરા તાલુકો, એ બાબરા તાલુકાનું ઘરેણું, એફ.વાય. બી.એ. સુધી અભ્યાસ કર્યો. જીવનભર ખેતી અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા રહ્યા અને સમગ્ર જિલ્લામાં જાહેર જીવનની અંદર રાજકીય આંટા–પાટાઓ બદલાતા રહે પણ વ્યવહાર એવો ને એવો, સૌને ગમે એ રીતે નાનામાં નાનો માણસ પણ વાલજીમામાના હુલામણા નામે અમે જેને સંબોધતા, એને પણ આ કાળમૂખો કોરોના ભરખી ગયો એનું અમને દુઃખ છે. સ્વ. ખોખરીયાએ ૭મી વિધાનસભામાં બાબરા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી, બાબરા સહિત જિલ્લા અને રાજ્યના જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આજે એમની ગેરહાજરીએ સમગ્ર રાજ્યની અંદર એક શ્રેષ્ઠ સહકારી અને સામાજિક આગેવાન ગુમાવ્યાનું દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના એવા જ પૂર્વ સભ્ય શ્રીમતી ગીરીરાજકુમારીજી કુશવાહાનું ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગીય વડોદરા જિલ્લાના માંડવા ચાંદોદ મુકામે એમને જન્મ લીધો. માધ્યમિક સુધીનો મુંબઇ ખાતે અભ્યાસ કર્યો પછી વિદેશમાં પણ શિક્ષણ પ્રાપ્ત કરીને

છેલ્લે સમાજસેવાની પ્રવૃતિ સાથે જીવનભર ગુંથાયેલા રહ્યા. ૭મી ગુજરાત વિધાનસભામાં ડભોઇ મત વિસ્તારનું એમને પ્રતિનિધિત્વ કરીને, આ રાજ્યના ઘડતરમાં ખૂબ મોટુ યોગદાન આપ્યું હતું. એમની ગેરહાજરીથી રાજ્યએ એક મહિલા ઉત્કર્ષની સાથે સંકળાયેલા સમાજ સેવિકા ગુમાવ્યાનું ભારે મોટુ દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ ગૃહના પૂર્વ સભ્ય સ્વ. પરબતસિંહ ગોહિલનું ૬૯ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થયું છે. ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ઓખરલા ગામે જન્મેલા સ્વ. ગોહિલ મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા રહ્યા. ૯મી વિધાનસભામાં ઘોઘા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને વિવિધ ક્ષેત્રના પ્રજાહિત કામોને આગળ ધપાવતા રહ્યા. એમની ગેરહાજરીથી રાજ્યએ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા એક સંનિષ્ઠ આગેવાન ગુમાવ્યાનું મારા સહિત આ ગૃહને દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય ભાવસિંહજી રાઠોડનું ૬૫ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થયું છે. ભાવસિંહ કાકાના હુલામણા નામે જેમને સમગ્ર ગુજરાત ઓળખે છે અને સામાજિક કાર્યોની અંદર જેને જીવન પર્યંત એનું જીવન હોમી દીધું કહી શકાય એવા સ્વ.ભાવસિંહ કાકાનો પાટણ જિલ્લાના સમી ખાતે જન્મ થયો. વ્યવસાયની સાથે સમાજના ઉત્થાનની કામગીરીના યજ્ઞને એ હંમેશા પ્રજ્વલિત કરતા રહયા. ૯મી અને ૧૨મી ગુજરાત વિધાનસભામાં, આ વિધાનસભાની અંદર પ્રતિનિધિ તરીકે ચૂંટાઇને રાજ્યના ઘડતરમાં પણ એમને યોગદાન આપ્યું છે. એમની ગેરહાજરીથી આપણે સૌએ એક સામાજિક કાર્યકર ગુમાવ્યાનું ભારે મોટુ દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય સ્વ. કાળુભાઇ નારણભાઇ ચાવડાનું ૬૩ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થયું છે. દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળિયા તાલુકામાં જન્મેલા સ્વ. ચાવડાએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો. વેપાર અને ખેતીની પ્રવૃતિ સાથે જીવનભર સંકળાયેલા રહ્યા. ૧૦મી અને ૧૧મી ગુજરાત વિધાનસભામાં જામ ખંભાળિયા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને જુદા જુદા લોકકલ્યાણના કામોને પ્રાધાન્ય આપ્યું. આજે એમની ગેરહાજરીથી રાજ્યએ એક સેવાભાવી સામાજિક આગેવાન ગુમાવ્યાનું દુઃખ છે.

એવા જ આ ગૃહના સભ્યશ્રી લક્ષ્મણભાઇ પરસોત્તમભાઇ પટેલનું ૭૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં જન્મેલા સ્વર્ગીય પટેલ એસ.વાય.બી.એસ.સી સુધીનો અભ્યાસ કરી લોક સેવા સાથે સંકળાયેલા રહ્યા. બારમી વિધાનસભામાં ગણદેવી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી સ્થાનિક પ્રશ્નો ઉકેલ માટે તેઓ સતત લડતા રહ્યા. તેમની ગેરહાજરીથી રાજયે એક શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા એક ઉમદા પ્રતિનિધિને ગુમાવવાનું આપણને સૌને દુઃખ છે.

આ ગૃહના એવા જ પૂર્વ સભ્ય સ્વ.કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણનું ૭૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં જન્મેલા સ્વર્ગીય ચૌહાણે મેટ્રિક સુધીનો અભ્યાસ કરી ખેતીના વ્યવસાય સાથે જીવનભર સંકળાયેલા રહ્યા, બારમી ગુજરાત વિધાનસભામાં દહેગામ મતવિસ્તારનું એમણે પ્રતિનિધિત્વ કર્યું હતું. આજે એમની ગેરહાજરીથી રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોરાનાની મહામારી વચ્ચે ટૂંકા ગાળામાં ૧૯ જેટલા મહાનુભાવોને ગુજરાતે ગુમાવ્યા છે. જેમને આપણે ગુમાવ્યા છે તેઓની ખોટ તો પૂરી નહીં પડે, પરંતુ પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું કે આ બધા જ સ્વર્ગીય મહાનુભાવોને એમના ચરણોમાં સ્થાન આપે. એમના પરિવારજનો પર અકાળે આવી પડેલી આફતને જેલવા માટે શકિત મળે એવી આપના મારફત શોકસંદેશો એમના પરિવાર સુધી પહોંચે એવી પ્રાર્થના કરું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભા.જ.પ.) : માનનીય ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, આપણા માનનીય સભ્યશ્રીઓ જે આપણી વચ્ચે નથી રહ્યા જે પૂર્વ સભ્યશ્રીઓ આ ગૃહના રહ્યા છે, એમનો શોકાંજિલ સંદેશ લઇને આવ્યા છે. સ્વ.અરવિંદભાઇ સંઘવીથી માંડી અને સ્વ.કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ સુધીના ૧૯ જેટલા પૂર્વ સદસ્યો એ હવે આપણી વચ્ચે અને સમાજમાં નથી. વિરોધપક્ષના નેતા આદરણીય પરેશભાઇએ પણ શોકાંજલિમાં સૂર પૂરાવ્યો છે ત્યારે હું પણ એમાં સૂર પૂરાવું છું.

હું જે જિલ્લામાંથી આવું છું, ભાવનગર જિલ્લો એ જિલ્લાના બે પ્રતિનિધિઓ એવા આપણી વચ્ચે નથી રહ્યા. આ ગૃહની વચ્ચે પણ વ્યક્તિ પ્રતિનિધિ ન રહે, પદાધિકારી ન રહે તો પણ સમાજ જીવનમાં કેવી રીતે ઉપયોગી થવાય તેમજ તમામ સભ્યશ્રીઓએ પોત–પોતાની રીતે સમાજની સેવા કરી છે. કેવી રીતે જીવંત રહેવાય, તેમના ઉદાહરણો છે. એમને ખૂબ નજીકથી જોયા છે એવા સ્વ. પ્રતાભાઇ શાહ પૂર્વ નાણામંત્રી પણ રહી ચૂકયા છે, પીએસપીથી માંડીને કોંગ્રેસના નેતા તરીકે રહયા. સૌરાષ્ટ્ર સમાચાર એક બહુ મોટા જૂથે એને હાયર કર્યું તો પણ એમનો આત્મા હંમેશાં એ પ્રેસમાં રહ્યો અને અમારા ભાવનગર જિલ્લામાં કહેવાય છે કે સૌરાષ્ટ્ર સમાચાર ન વાંચ્યું હોય તો એ અખવારો વાંચ્યા નથી. એમને આપ્યા છતાં પણ તેમણે કહેલ કે હું તંત્રી તરીકે ચાલુ રહીશ, એમણે એવી શરત મૂકી અને જયાં સુધી રહ્યા ત્યાં સુધી શ્રી પરેશભાઇએ કહ્યું કે ૯૬ વર્ષ જેટલી ઉંમરે નિયમિત રીતે સૌરાષ્ટ્ર સમાચારમાં જવાનું સમાચારો જોવાના. એક વિશ્વાસપાત્ર અખબાર પણ એમણે છેક સુધી ચલાવ્યું એટલું જ નહીં પણ ભાવનગરનું મહાજન કહી શકાય. હું પણ વિદ્યાર્થી નેતા હતો ત્યારથી ઇકોલોજીની બાબત હોય ભાવનગરની અન્ય બાબતો હોય બોલાવીને સમજાવવાનું અને સ્વ.પ્રતાપભાઇ કહે તે લગભગ માનવાનું. સો–સો વર્ષ જૂની સંસ્થાઓમાં પણ ટ્રસ્ટી તરીકે રહી નવા જે યુવાનો છે એમને પણ સંમલિત કરીને અને સેવાકીય પ્રવૃતિઓ રેડક્રોસથી માંડીને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા. આપણી વચ્ચે નથી પણ સ્વ. પ્રતાપભાઇની સુવાસ સમગ્ર રાજય અને

ભાવનગર જિલ્લામાં કાયમ બની રહેશે. રાજય નીતિ છોડીને પણ બધાને પોતીકા બનાવવાનો તેમનામાં એક વિશેષ ગુણ એ રહ્યો.

બીજા ઘોઘાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી પરબતસિંહ ગોહિલ. એ પણ ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે વર્ષો સુધી એમણે સેવા આપી હતી અને છેલ્લે ભારતીય જનતા પાર્ટીમાં અમારી સાથે જોડાયા, તાલુકા અને જિલ્લા પંચાયતમાં પણ એમણે કામ કર્યું. પણ એક વસ્તુ આપણે બધાએ સમજવી જોઇએ, કોઇ વ્યક્તિ મૃત્યુ પામે અને આ દુનિયામાં ન રહે ત્યારે આપણે એમની ઘરે જઇને દિલસોજી આપીએ, એમના કુટુંબીજનોને મળીએ, પણ કોઇ નાના માણસનું, ગામડાંમાં રહેતા કોઇ નાના પશુ પાલકનું પશુ મૃત્યુ પામે, કોઇ નાના માણસની ભેંસ ગુજરી ગઇ હોય તો પણ સ્વ.પરબતભાઇ એમના ઘરે જઇને ખબર લેતા. આ પ્રકારની સંવેદનશીલતા એ સ્વ.પરબતભાઇની હતી. તેઓ આજે આપણી વચ્ચે નથી રહ્યા તેનું દુ:ખ છે. આ તમામ ૧૯ સભ્યશ્રીઓ આજે આપણી વચ્ચે નથી ત્યારે આપના દ્વારા એમના પરિવારજનોને શોક સંદેશ પાઠવવામાં આવે એવી મારી વિનંતી છે. એમના પરિવાર પર જે આફત આવી છે તે સહન કરવાની ભગવાન શક્તિ પ્રદાન કરે અને જે આત્માઓ આપણી વચ્ચે નથી રહ્યા તેમને પ્રભુ પરમગતી પ્રાપ્ત કરાવે તેવી પ્રાર્થના કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી દ્વારા લાવવામાં આવેલા શોકપ્રસ્તાવને માનનીય વિપક્ષના નેતાએ પણ સમર્થન આપ્યું છે. ૧૯ જેટલા માનનીય સ્વર્ગસ્થ સભ્યશ્રીઓ જેમણે સરકારમાં પણ યોગદાન આપ્યું છે અને ધારાસભ્ય તરીકેની પણ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. મોટા ભાગના સ્વર્ગસ્થ સભ્યશ્રીઓ સાથે ગૃહમાં અને ગૃહની બહાર મને કામ કરવાનો મોકો મળ્યો છે. બધા વિષે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વિપક્ષના નેતાએ લંબાણથી વાત કરી હોઇ એ સંજોગોમાં હું લંબાણથી વાત ન કરતા સૌ સ્વર્ગસ્થ સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેઘજીભાઇ કણજારીયા, એમનું પણ જુલાઇમાં અવસાન થયું હતું. આજે કોઇ પણ કારણસર આ લીસ્ટમાં નથી, તો એમનું નામ પણ આ લીસ્ટમાં ઉમેરવામાં આવે. સૌ ને હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. એમનાં કુટુંબીજનો ઉપર આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી અને મુખ્યમંત્રીશ્રી જુદા જુદા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ આપણી વચ્ચે નથી રહ્યા તેમના માટે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને વિરોધ પક્ષના અમારા નેતા પરેશભાઇ અને શિક્ષણ મંત્રીશ્રી વાઘાણીજી અને શ્રી ભૂપેન્દ્રસિંહજીએ એક નામ ઉમેર્યું છે તે બધા શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં દુ:ખ સાથે મારું અનુમોદન આપું છું.

માનનીય અરવિંદભાઇ સંઘવીએ આ ગૃહના સભ્ય તરીકે અને નાણાં ખાતાના પ્રધાન તરીકે ગુજરાત રાજય માટે જે કામગીરી કરી છે તેને ગુજરાત રાજય કયારેય ભૂલી શકે નહીં. જુદા જુદા વિભાગો પાસે ગુજરાતના વિકાસ માટે તેમણે કરેલી કામગીરી અને તેના કારણે આજે ગુજરાત એક મહત્ત્વના રાજય તરફ આગળ વધ્યું છે. તેની પણ નોંધ લઇએ છીએ. સ્વ.પ્રબોધકાંત પંડયાએ સાથી ધારાસભ્ય તરીકે અને ગૃહ ખાતાના પ્રધાન હોવા છતાં વિનમ્રતા સાથે આ ગૃહનું સદસ્યપણું એમણે નીભાવ્યું છે. અને ગૃહ મંત્રી તરીકે ગુજરાતના લોકો માટે તે વખતે પરિસ્થિતિ સૌરાષ્ટ્રની ભયંકર ઉભી થઇ હતી અને એમણે કડક હાથે કામ લઇ અને સૌરાષ્ટ્રને શાંત રાજય બનાવવા માટે સૌરાષ્ટ્ર વિસ્તારને શાંત બનાવવા માટેની એમની કામગીરી આજે પણ બિરદાવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. જયેન્દ્રભાઇ ખત્રી, ખંભાતના ધારાસભ્ય તરીકે હતા. હું પણ ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતો હતો. જે અતારાંકિત પ્રશ્નો પૂછાય છે એની બૂક સભાગૃહમાં રજૂ થાય છે અને આજે પણ બૂક રજૂ થઇ છે. મારી અને જયેન્દ્રભાઇ ખત્રીની હરિફાઇ રહેતી કે કોના પ્રશ્નો વધારે છે? અમે બંને બેસતા અને વધારેમાં વધારે અતારાંકિત પ્રશ્નો પૂછતા હતા કયારેક એમનો નંબર પહેલો હોય કયારેક મારો નંબર પહેલો હોય. પેપરમાં કોઇ પ્રજાના પ્રશ્નોની વાત હોય એમાં પણ ખાસ કરીને સ્વ. પોપટભાઇ સોરઠીયા એ કોઇપણ પ્રજાના પ્રનોને લગતી મેટર પેપરમાં આવે તો લોકોના પ્રશ્નો હાઉસ સુધી અને સરકાર સુધી પહોંચાડે અને આ રીતે લોકોના પ્રશ્નો હલ કરવા માટેનો એમનો ઉમદા પ્રયાસ આજે પણ યાદ કરવો પડે છે.

સ્વ. દેવાણંદભાઇ સોલંકી એ એક સહકારી આગેવાન હતા. મારી બાજુના વિસ્તારનો હું સાંસદ હતો એમનો મેંદરડા વિસ્તાર હતો. સહકારી કાર્યકર તરીકે તેમણે કરેલી કામગીરી અને સાથોસાથ સ્વ.લવજીભાઇએ પણ એ જ વિસ્તારનું સહકારી પ્રતિનિધિત્વ કરેલ છે. જિલ્લા સહકારી બેંક સાથે સંકળાયેલા હતા અને લોકોના ઉત્થાન માટે કામગરી કરી છે એ કયારેય પણ ભૂલાશે નહિ.

સ્વ. નવિનચંદ્રભાઇ રવાણી દસ વર્ષ સુધી સાંસદ રહ્યા હતા. એ સંસદમાં મેં પણ પ્રતિનિધિત્વ કરેલ છે. અમારા જિલ્લાના અડિખમ નેતા એ કયારેક અમારી કોંગ્રેસ પક્ષની મિટિંગ હોય એને સાંભળવા માટે તમામ પક્ષના લોકો આવે એવું એક ઉમદા એમનું વકતવ્ય સાંભળવું ઘટે એ આજે આપણી વચ્ચે નથી. કોરોના કાળમાં માનનીય પરેશભાઇએ ઉલ્લેખ કર્યો એમને આપણી વચ્ચેથી વિદાય લેવી પડી. એમના ઉપરથી યુવાનોએ તક લેવી પડે કંઇકને કંઇક પોતાના જીવનમાં વિચારવું પડે એમણે ૯૦ વર્ષ સુધી તંદુરસ્તી જાળવીને લોકોની સેવા કરી. એમણે જે કંઇ કામગીરી કરી છે તેની પણ આ ગૃહમાં નોંધ લેવી પડે તેવું ઉમદા નેતૃત્ત્વ આપણી વચ્ચે નથી.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

શોકદર્શક ઉલ્લેખો

સ્વ. ગોકળદાસ પરમાર, પ્રતાપભાઇ શાહ સૌરાષ્ટ્ર પેપર તે વખતે બહું ઓછા પેપર નીકળતા હતા. ગુજરાત સમાચાર અને સંદેશ અમદાવાદથી પ્રસિદ્ધ થાય અને રાજકોટમાંથી ફુલછાબ પ્રસિદ્ધ થાય અને ભાવનગરમાંથી સૌરાષ્ટ્ર પ્રસિદ્ધ થાય એ અમારે વાંચવું પડે. એમણે લોકશાહીના ધબકારા નામનું કામ કર્યું છે એને આજે પણ યાદ કરવું પડે છે. સ્વ. દિગ્વિજયસિંહજી, હરિભાઇ ડોડીયા, સુકાભાઇ આંતરોલીયાએ જિલ્લા પંચાયતમાં સફળ નેતૃત્ત્વ કરેલું છે. સ્વ. પ્રતાપભાઇ વરુ હું જે જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કરું છું સહકારી આગેવાન તરીકે જમીન વિકાસ બેંક ઉદેસિંહ ભાણસિંહજીનું સ્વપ્નું ઇફકો જેવી દુનિયાની નંબર એક સંસ્થા બની છે એના સ્થાપક ઉદેસિંહ ભાણસિંહજી એ બેંક સાથે મેં વર્ષો સુધી કામ કરેલ છે આજે મારી વચ્ચે નથી છતાં પણ એક બેંકના ડાયરેકટર તરીકે એ મારા પ્રતિનિધિ વર્ષોથી હતા અને સહકારી કામગીરી કરતા હતા. ક્ષત્રિય સમાજ અને કાઠી સમાજના પોતે પ્રમુખ બન્યા અને કાઠી સમાજની દીકરીઓને શિક્ષણ આપવા માટે જેમણે વિચારણા કરી એની પણ આજે નોંધ લેવી પડે.

સ્વ. વાલજીભાઇ ખોખરીયા અમારુ પંચાળાનું રત્ન હતા. હું હંમેશા બોલું છું કે પંચાળા એટલે કહેવાય આવળ બાવળ કાકરાને નહિ પાણાનો પાળ, વગર દીવે વાળુ કરાવે એવો મારો પંચાળા. એ પંચાળામાંથી પોતે વર્ષ ૧૯૮૦થી ૧૯૮૫ અને ૧૯૮૫થી ૧૯૯૦ સુધી પ્રતિનિધિત્વ કર્યું. તે વખતે હું જિલ્લા પંચાયતનો સભ્ય હતો તે વખતે સૌરાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિ હતી અને રેલવે દ્વારા પીવાનું પાણી પૂરું પાડતા હતા. હું એમની સામે પક્ષનો સભ્ય હતો પણ તેઓ જે કામગીરી કરે તે એવી હતી કે જે વિચારવું પડે. એ પણ જિલ્લા વિકાસ બેંક સાથે સંકળાયેલા હતા. બેંકના ડાયરેક્ટર તરીકે પાંચ વર્ષ સુધી રહ્યા અને સહકારી પ્રવૃત્તિ માટે એ.પી.એમ.સી.ની સ્થાપના બાબરામાં થઇ આજે પણ એ બાબરા પ્રખ્યાત બન્યું હોય તો એ એ.પી.એમ.સી. થી થયું છે. એના ઉત્થાન માટે ખૂબ કાર્ય કર્યું છે. કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય હતા અને પછી ભાજપ સાથે જોડાયા હતા છતા અમારા સબંધો કાયમી રહ્યા હતા. મારે એટલા માટે કહેવું પડે છે કે અમારી સંકલનની મિટિંગ હતી અને સરકાર તરફથી પોતે સંકલનમાં પ્રતિનિધિત્વ કરેલ હતું એમણે કોઇ પ્રશ્ન ઉપસ્થિતિ કર્યો પરંતુ એમના અવાજમાં મને થોડી શંકા લાગી એટલે મેં એમને કહ્યું કે શું છે મને કહો. એ કહે કે બે ત્રણ દિવસથી ઉધરશ આવે છે એટલે મેં કહ્યું કે અત્યારે ભરોસો ન કરાય. હું પણ સંક્રમિત થયો છું તમે તાત્કાલિક હોસ્પિટલે જાવ એટલે એમના દીકરાને ફોન કરીને એમને હોસ્પિટલે લઇ ગયા અને કોરોનાથી એટલા સંક્રમિત હતા કે એમનું ઓકસિજન લેવલ ૮૫ થઇ ગયું હતું એમને અમદાવાદ લાવ્યા પરંતુ બચાવી ન શકયા. આ પરિસ્થિતિમાં એમણે અમારા વિસ્તારની કામગીરી કરી છે એ પણ નોંધ લેવા જેવી છે.

સ્વ. ગિરીજાકુમારી આજે તો ગર્વ છે આપ અધ્યક્ષ પદ ઉપર એક મહિલા તરીકે બિરાજો છો એમણે મહિલા તરીકે ગિરીજાકુમારી કુસ્વાહા એક રાજવી હોવા છતાં કામગીરી કરી છે એની પણ નોંધ લેવાય છે. સ્વ. પરબતસિંહ ગોહિલ એમની સાથે પણ કામગીરી કરવાની તક મળી છે. ૧૯ જુદા જુદા સભ્યોના અવસાન થયા છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહેશે. સભાગૃહ ફરી ૩-૦૦ વાગ્યે મળશે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વિરજીભાઇ ઠુમ્મરઃ (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરબતસિંહજી ગોહિલ. સાથી ધારાસભ્ય તરીકે ઘોઘાનું પ્રતિનિધિત્વ કરી અને લોકો માટે એમણે જે ચિંતા વ્યક્ત કરી છે, તે આપણી વચ્ચે નથી. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ અને તે અંગે શોકસંદેશો આપના મારફત પાઠવીએ. સભાગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.લક્ષ્મણભાઇ પટેલ, સ્વ.ભાવસિંહભાઇ રાઠોડ સાથી ધારાસભ્ય તરીકે તેમની સાથે પણ કામગીરી કરવાની તક મળી છે. સ્વ. કલ્યાણસિંહજી ચૌહાણ અને સ્વ.લક્ષ્મણભાઇ પટેલ જેઓ પણ આપણી વચ્ચે નથી. જુદા જુદા ૧૯ સભ્યોની માનનીય ભૂપેન્દ્રભાઇએ વાત કરી. અન્ય એક સભ્યના નામનો ઉલ્લેખ કર્યો, હું એ યાદ રાખી શક્યો નથી. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે. તેઓના કુટુંબીજનોને આપના મારફત શોકસંદેશો પાઠવીએ અને રાજ્યના હિતમાં કરેલી કામગીરીને આપણે સૌ બિરદાવીએ એટલી વાત સાથે હું મારો શોકસંદેશો પાઠવું છું.

**અધ્યક્ષશ્રીની ટકોર**

અધ્યક્ષશ્રી : મારે એક સૂચના આપવી છે કે જ્યારે શોકદર્શક ઠરાવ ચાલતો હોય ત્યારે માનનીય સભ્યશ્રીઓએ આવ-જા ન કરવી જોઇએ. શ્રી રાજેન્દ્રભાઇ મારી રજા લઇને ફિઝીકલ એક્ટિવીટી માટે બહાર ગયા હતા. કોઇ પણ ઇમરજન્સી ન હોય તો શોકદર્શક ઠરાવ માટે સૌએ હાઉસમાં હાજર રહેવું જોઇએ.

શ્રી કિરીટસિંહ રાણા(ભા.જ.પ.): માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે ત્યારે વિરોધપક્ષના નેતાએ સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ ગૃહના ૧૯ સ્વર્ગસ્થ સભ્યોના શોકદર્શક ઠરાવમાં મારો સૂર પૂરાવું છું. તેમાંથી બે પુણ્યાત્માઓ મારા જિલ્લાના હતા અને એક તો મારા વિસ્તારના હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રી માનનીય અરવિંદભાઇ સંઘવીનું ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. શ્રી સંઘવીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના રોજકા ગામે થયો હતો. સ્વ. સંઘવીએ એમ.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. સ્વ. શ્રી

સંઘવીએ ૭મી ગુજરાત વિધાનસભામાં ધ્રાંગધ્રા મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રજાહિત માટેના અનેક કામો કર્યા હતા. સ્વ. શ્રી સંઘવીએ વર્ષ ૧૯૮૫થી ૧૯૯૦ દરમ્યાન ગુજરાત સરકારના નાણાં, શિક્ષણ, આરોગ્ય, આયોજન તથા કાયદો અને ન્યાયતંત્ર વગેરે ખાતાઓના મંત્રી તરીકેનો પદભાર સંભાળીને અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, તેઓ અમારા જિલ્લાના હતા અને અમારા લીંબડીના જૈન સમાજના જમાઇ પણ હતા. અમે બન્ને સામસામે લડ્યા હતા. એમના વિચારો એટલા ઉમદા, યુવાનોને બિરદાવવાની વાત, મારા સ્વ. પિતાજી આ જ ગૃહના સભ્ય હતા. તેમના સારા મિત્ર હતા. હું એમની સામે લડતો હતો. હું જીત્યો અને એ હાર્યા તો મને ઉભા રહીને અભિનંદન આપ્યા. આજે એટલા માટે યાદ આવે. ઉભા રહીને એમ કહ્યું કે તમારા બાપુજી જે રીતે કામ કરતા હતા, તમારી આ વિસ્તારમાં જે રીતે સુવાસ છે. તે મુજબ તમારી પાસેથી આ વિસ્તારને ઘણી અપેક્ષા છે અને હાર–જીત તો થાય. હારેલા છતાં એટલા સ્વસ્થ. માર્ગદર્શન આપતા હતા એટલા માટે મારે આ ઉલ્લેખ કરવો પડ્યો. મારા જાહેરજીવનની પ્રગતિમાં તેમની હૂંફ પણ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉમદા કેળવણીકાર ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. એવા જ માનનીયશ્રી હરીભાઇ ડોરીયા, મારા લીંબડી તાલુકાના કે હું જયાંથી ચૂંટાઇને આવું છું, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હરીભાઇ ડોરીયાનું ૯૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ.શ્રી હરીભાઇ ડોરીયાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ લીંબડી ખાતે મેળવ્યું હતું. તેઓશ્રી સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી ડોરીયા ત્રીજી તથા ચોથી ગુજરાત વિધાનસભામાં લીંબડી મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા અને સામાજિક પ્રવૃત્તિના કામોને પ્રાધાન્ય આપતા હતા. તેઓ હંમેશા સાદગીને વરેલા હતા તેમજ મતવિસ્તારમાં પોતે ચાલીને અને ઘણી વખત તો સાઇકલ લઇને ફરતા હતા. તેઓશ્રી બે ટર્મ માટે ચૂંટાયા હતા. ત્યારબાદ તેઓએ એસ.ટી. નિગમમાં ડિરેક્ટર તરીકે સેવા આપેલ હતી. તેઓશ્રીનો મારા પિતાજી સાથે પણ ગાઢ સંબંધ હતો. ભલે આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય પણ બન્નેની મિત્રતા હતી. તેઓ અમારા વડીલ હતા, પોતે દલિત સમાજમાંથી આવતા હતા. બધા જ સમાજ સાથેનો સારો વહેવાર, સમાધાનની પ્રક્રિયામાં માનતા હતા. કોઇપણ ઘટના બને તો સાથે મળીને એક બીજા સાથે બેસીને, પક્ષાપક્ષીથી પર રહીને મારા વિસ્તારમાં કામ કર્યું છે, એમની ત્રીજી પેઢી એટલે કે એમનો દીકરાનો દીકરો આજે પણ અમારી પાર્ટી સાથે સહકારમાં છે. હોદ્દેદાર છે. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક સામાજિક આગેવાન ગુમાવ્યો છે, પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અમારા વડીલ, અમારા જિલ્લાના લોકસભાના સભ્ય હતા અને આ ગૃહના ધારાસભ્ય પણ હતા એવા માનનીય વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દિગ્વિજયસિંહજી ઝાલાનું ૮૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓ વાંકાનેર રાજવી પરિવારના હતા તથા કેન્દ્ર સરકારના પ્રથમ નાયબ પર્યાવરણ મંત્રી તરીકેની ઉત્તમ સેવાઓ બજાવી હતી. અમારા જિલ્લામાં પણ કામ કરેલું અને સામાજિક પણ કામ કરતા હતા. તેઓશ્રીએ વિસ્તારમાં ખૂબ જ સારું કામ કર્યું હતું અને તેમની જિલ્લામાં પણ સુવાસ હતી. એવા જ સામાજિક આગેવાન અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પરબતસિંહ ગોહિલનું ૬૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. તેઓ ભાવનગર ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ હતા. એમની સાથે સામાજિક પ્રસંગોમાં જવાનું થતું હતું. ઘોઘા વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરતા હતા. અનેક પ્રવૃત્તિઓમાં એમને રસ હતો અને એકદમ સાદગીભર્યુ જીવન જીવતા હતા. એમનામાંથી આપણને પણ પ્રેરણા લેવાનું મન થાય એવું વ્યક્તિત્વ હતું. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાળુભાઇ નારાયણભાઇ ચાવડાનું ૬૩ વર્ષની વયે અવસાન થયેલ છે. તેઓશ્રી ભારતીય જનતા પાર્ટીના દેવભૂમિ દ્વારકા જિલ્લો બન્યો ત્યારે તેઓશ્રી ખંભાળીયાથી જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખ તરીકે હતા અને ત્યાર પછી જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખશ્રી તરીકે પણ અમે એમની સાથે કામ કર્યું હતું. દેવભૂમિ દ્વારકાના સંગઠનની જવાબદારી મને પ્રભારી તરીકે મળેલી તેઓશ્રી ધારાસભ્ય તો હતાજ પણ જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખ તરીકે પણ એમના વિસ્તારમાં દરેક સમાજને સાથે લઇને કામ કરતા અને તેઓશ્રીનો સાલસ સ્વભાવ હતો. બધાની સાથે હળીમળી જતા હતા, કોઇને લાગે નહીં કે આ રાજકીય આગેવાન છે. આમ તો તમામ માનનીય ઓગણીસ જેટલા સદ્ગત સભ્યો છે, પ્રભુ તમામના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી નરેશભાઇ મ. પટેલ (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિપક્ષના નેતા માનનીયશ્રી પરેશભાઇએ શોકપ્રસ્તાવમાં સૂર પૂરાવ્યો છે એમાં હું પણ સૂર પૂરાવું છું. આ ગૃહના પૂર્વ ૧૯ જેટલા સભ્યોએ જયારે કોરોના મહામારીકાળ દરમિયાન કે અન્ય બીમારીના કારણે જેઓનું અવસાન થયું છે એ પૈકી મારા નવસારી જિલ્લાના અને મારા જ મતવિસ્તારના પૂર્વ સભ્યશ્રી લક્ષ્મણભાઇ પટેલ, જેઓનું ૯મી એપ્રિલના રોજ ૭૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ.શ્રી લક્ષ્મણભાઇ બારમી વિધાનસભાના સભ્ય હતા. હું પણ બારમી વિધાનસભામાં ચીખલી મતવિસ્તારમાંથી હું મારું દાયિત્વ નિભાવતો હતો. પરંતુ સીમાંકનના કારણે આ ગણદેવીની સીટ આદિવાસી સીટ બની અને મારા ચૂંટાયેલા મત વિસ્તારનો મોટો વિસ્તાર ગણદેવીમાં સમાવેશ થયો. પરંતુ હું બે ટર્મ સુધી જિલ્લા અધ્યક્ષ રહ્યો ત્યારે આ સ્વ. લક્ષ્મણભાઇ મારા સાથી સભ્ય તરીકે મારી સાથે કામ કરતા હતા. એમને મેં નજીકથી જોયા છે. સ્વ.લક્ષ્મણભાઇ ગરીબ પરિવારમાંથી આવતા હતા. એસ.વાય.બી.એ. સુધી અભ્યાસ કર્યો હતો. નવસારી જિલ્લા

પંચાયતમાં એ આરોગ્ય અને આર.એન્ડ બી. વિભાગોમાં ફરજ નિભાવતા હતા. શ્રીમતી શીલાબેન જિલ્લા પંચાયતના પ્રમુખ હતા તે સમયે પી.એ. તરીકે એમણે કામ કર્યું. કોળી સમાજના અગ્રણી હતા અને કોળી સમાજમાં એમણે ખૂબ નામના મેળવી છે. શૈક્ષણિક સંસ્થાઓ સાથે ખૂબ સારું કામ કરેલ હતું. એમને બે દીકરાઓ છે. એમના ધર્મપત્ની પણ હાઇસ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. સ્વ. લક્ષ્મણભાઇએ એમનું જીવન ખૂબ પ્રમાણિકતાથી પસાર કર્યું છે. પરંતુ તેઓ આજે આપણી વચ્ચે નથી. એમની સાથે ૧૯ જેટલા પૂર્વ સભ્યો આપણે વચ્ચે નથી રહ્યા. એમના માટે પૂર્વ સભ્યશ્રીઓએ ખૂબ સરસ રીતે ઉલ્લેખ કર્યો છે. તમામ દિવ્ય આત્માઓને શાસ્વત શાંતિ મળે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવો લઇને આવ્યા છે એમાં વિપક્ષના નેતાએ જે સૂર પુરાવ્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯ સ્વર્ગસ્થશ્રીઓ અને એમાં પણ આપણી એક ક્ષતિ રહી ગઇ છે. શ્રી ભૂપેન્દ્રસિંહે કહ્યું કે એમના વિસ્તારમાંથી કોઇ રહી ગયું છે અને સ્વ. મેઘજીભાઇ કણઝરિયા આ બધાના કુટુંબોને આપણે દિલસોજી પાઠવીએ. જાહેર જીવનની વ્યક્તિ એ કોઇને કોઇ સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય તો જ આ સ્ટેજ સુધી પહોંચી શકે. મારે ત્યાં કોરોનાકાળે ખંભાળિયા અને દેવભૂમિમાં સર્વસ્વ લૂંટી લીધું. મારા મત વિસ્તારમાં માજી મંત્રી જેસાભાઇ ગોરિયા, સ્વ. મેઘજીભાઇ કણઝરિયા અને સ્વ. કાળુભાઇ ચાવડા એમ ત્રણ ત્રણ માજી ધારાસભ્યોને કોરોના કાળમાં કોરોનાના કારણે ખંભાળિયામાં મૃત્યુ થતાં ખૂબ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરું છું અને એક સજેશન પણ કરું છું કે સંસદની અંદર હું અને શ્રી વિજયભાઇ રાજ્યસભામાં હતા, ત્યાં એક પ્રણાલિકા છે કે લોકસભાના સ્પીકર હોય એ જ આ બધી પ્રક્રિયા કરે અને આ પ્રકારની શ્રદ્ધાંજલિ આપીને પૂર્ણ કરે. કારણ કે બહુ લાંબી પ્રક્રિયા થતાં ઘણા બધા સભ્યો વંચિત રહી જાય છે. બે–ત્રણ કલાકની આ પ્રક્રિયા છે. એક દિવસ અહીં મારો પણ વારો આવવાનો છે. એટલા માટે કહું છું કે લોકોને અભાવ ન આવે અને આ પ્રક્રિયામાં સુધારો થાય અથવા માન.અધ્યક્ષશ્રી બોલે અથવા માન.મુખ્યમંત્રીશ્રી અને વિપક્ષના નેતાશ્રી બોલે અને આપણે દિલસોજી વ્યક્ત કરી દઇએ આ મારું સજેશન છે. માન્ય રાખવું, ન રાખવું, આગળનો શું વિચાર છે એ આપની વાત છે. ખાસ કરીને સ્વ. મેઘજીભાઇ અને સ્વ. કાળુભાઇ માટે, કારણ કે મારા વિસ્તારના હતા.

અધ્યક્ષશ્રી : સ્વ. મેઘજીભાઇ કણઝરિયાનો ગત વર્ષે શોકદર્શકમાં ઉલ્લેખ થઇ ગયો છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : સોરી, મારા ધ્યાનમાં નથી. સ્વ. કાળુભાઇ માટે કહું તો મારા સગા ફોઇના જમાઇ થાય એટલે ઘરનો એક નાતો, અમારે ચૂંટણી પણ એક સાથે લડવાનું આવી પડ્યું તો સાથે મળીને જાહેર જીવનનો એવો માણસ, બધા માણસો સારા હોય છે. સ્વ. કાળુભાઇ જાહેર જીવનના સારા માણસ હતા. મારાથી નાના હતા એટલે તુંકારે બોલાવતો હતો. નાનામાં નાના કાર્યકરને કાંઇ પણ પીડા હોય તો હાથ પકડીને ચાલ, ગમે ત્યાં જઇને ઉભાઉભ એનું કામ કરાવીને એમને સંતોષ આપવો. કારકિર્દીની શરૂઆત તાલુકા પંચાયતના પ્રમુખથી લઇ બે વાર ધારાસભ્ય, પાર્ટીના પ્રમુખ. જીવનની અંદર સ્વચ્છ છબી અને આવી વ્યક્તિ જ્યારે જાય છે ત્યારે પક્ષ વિપક્ષ એ દૂરની વાત છે. જાહેર જીવનમાં હંમેશા એક તંદુરસ્તી હોય છે અને બધે છે પણ ખાસ કરીને અમારા જામનગર જિલ્લામાં દેવભૂમિ છે એ જામનગર જિલ્લામાંથી અલગ થયો છે. આજ દિવસ સુધી જાહેર જીવનની અંદર ભા.જ.પ. કોંગ્રેસ કે કોઇપણ પાર્ટી કયારેય તું તું મેં મેં નહીં, કયારેય હલકી વાત નહીં, કયારેય કોઇ ઉપર કાદવ ઉછાળવાનો નહીં, તંદુરસ્તીથી અમે લડીએ છીએ અને તંદુરસ્તીથી આવી વ્યકિતઓ જયારે જાય છે ત્યારે ચોકકસ દુઃખ થાય છે. આપણે સૌ એમના આત્માને શાંતિ મળે એના માટે પ્રાર્થના કરીશું અને આપના માધ્યમથી એમના પરિવારને શોકસંદેશો પહોંચાડવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી બ્રિજેશ મેરજા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી ૧૯ જેટલા દિવંગતોને અંજલિ આપવાનો પ્રસ્તાવ લઇને આવ્યા છે. વિપક્ષના નેતાએ પણ એમાં લાગણી વ્યક્ત કરી છે. અન્ય સિનિયર નેતાશ્રીઓએ પણ પોતાના સંસ્મરણોનો શબ્દો સાથેનો ચિતાર આપણી સમક્ષ મૂકયો છે. એમાં હું પૂનરોકિત કરવા માગતો નથી. હું પણ મારી અદબભેર અંજલિ આ મહાનુભાવોને આપું છું.

આ ૧૯ પૈકીના મોટાભાગના આ દિવંગત મહાનુભાવો સાથે મારે અંગત ઘરોબો હતો. એમના સ્મરણો આજે તાદ્રશ્ય થાય છે પરંતુ જન્મ, જરા અને મૃત્યુ એ કુદરત આધિન છે. આપણે માનવી એના માટે પામર છીએ પણ એ મહાનુભવોએ જે કાર્ય કર્યા છે, સમાજ માટે એમણે ભેખ લીધો છે. એમણે જે લોકસેવાનો યજ્ઞો આદર્યા હતા એને આજે યાદ કરીએ. જિંદગીનો એ જ સાચો પડઘો છે ગની હોય ના વ્યક્તિ અને એનું નામ બોલાયા કરે. આ મહાનુભાવો પૈકી મારા મોરબી જિલ્લાના બે મહાનુભાવો હમણાં શ્રી કિરીટસિંહજીએ પણ અદબભેર અંજલિ આપી. અમારા મોરબી જિલ્લાના વાંકાનેરના પૂર્વ રાજવી સ્વ. શ્રી દિગ્વિજયસિંહજી ઋજુ હૃદયના, પ્રજા વત્સલ, પર્યાવરણ પ્રેમી મહાનુભવ હતા. એ જ રીતે અમારા મોરબીના લોકહૃદયમાં મોરબીના ગાંધી તરીકે આજે પણ જેમનું નામ ગૌરવ તરીકે લેવાય છે એવા શ્રી ગોકળદાસ પરમાર કે જેમણે મચ્છુ હોનારત વખતે મોરબીને બેઠું કરવા માટેનું ભારે મોટું કાર્ય કરેલું. એના અથાગ પરિશ્રમને કારણે મોરબી આજે જે દરજ્જે પહોંચ્યું છે લોકો એને માનભેર યાદ કરે છે. આવા કર્મઠ સ્વ. શ્રી ગોકળદાસ પરમાર રાષ્ટ્રિય સેવા મંડળના નેજા હેઠળ ખાદી ગ્રામોદ્યોગ, સિંચાઇ, શિક્ષણ, સહકારક્ષેત્રે એમણે કંડારેલી કેડી આજે ધોરીમાર્ગ બનીને અમને સૌને દિવાદાંડીરૂપ પુરવાર થઇ રહી છે. એ પોતે

સથવારા સમાજમાંથી આવતા હતા પણ સૌ સમાજના હામી હતા. સાચા અર્થમાં લોકસેવક હતા અને વંચિતોના એ વાણોતર હતા. ઈન્ટર સાયન્સમાં એ પોતે મુંબઇ ભણતા હતા અને ગાંધીજીની સ્વરાજયની ચળવળમાં પોતે યાહોમ કરીને પડી ગયા અને આજીવન એમણે સિનેમા જોયું નહોતું અને કેફી પદાર્થો કહી શકાય એવા ચા, કોફીનું પણ એમણે કયારેય સેવન કરેલું નહોતું આવા અકિંચન મહાનુભાવને ૯૯ વર્ષની એમની વયે એમના શતાયુ પ્રવેશ માટે હું એમને રુબરુ વંદન કરવા ગયેલો ત્યારે મેં તેમને પૂછેલું કે આપની તંદુરસ્તીનું રહસ્ય શું છે? ત્યારે એમણે કહેલું કે ગમ ખાવો ઔર કમ ખાવો. આવા એક નખશીખ પ્રમાણિક મોરબીના મોભીને મારા કોટિ કોટિ વંદન કરું છું.

શ્રી રાઘવજીભાઇ પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો છે જેને વિપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે એ શોકપ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું.

ગૃહના સન્માનનીય ૧૯ જેટલા ભૂતપૂર્વ સભ્યોના અવસાનથી આ ગુજરાતનું જાહેર જીવન રાંક બન્યું છે. એમાં સ્વ. શ્રી જયેન્દ્રભાઇ ભગવાનદાસ ખત્રી અમે બંને સાથે વર્ષ ૧૯૯૬થી ૧૯૯૮ સુધી મંત્રીમંડળમાં હતા. સ્વ.જયેન્દ્રભાઇ ખૂબ જ સાલસ સ્વભાવના, એકદમ સીધા, સાદા અને સરળ વ્યક્તિ હતા. સ્વ. જયેન્દ્રભાઇ અરજદારને અરજી લખી આપે. સાથે કચેરીએ ભેગા જતા અને એકદમ અદના માનવી હતા. તેઓએ બે વખત ૮મી અને ૯મી ગુજરાત વિધાનસભામાં ખંભાત મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજા કલ્યાણનાં અનેક કામો કર્યાં હતાં એવા સ્વ. જયેન્દ્રભાઇના જવાથી જાહેરજીવન રાંક બન્યું છે. તેમના અવસાનથી રાજયે એક સંનિષ્ઠ લોકસેવક ગુમાવ્યા છે. સદ્ગતશ્રી દેવાણંદભાઇ સોલંકીનું ૧૭મી જુલાઇ, ૨૦૨૧ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ. દેવાણંદભાઇ સોલંકી સાતમી, આઠમી અને દશમી ગુજરાત વિધાનસભામાં માળિયા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યા હતા. તેઓશ્રીએ તા.૧૫-૩-૧૯૯૦થી તા. ૨૬-૧૦-૧૯૯૦ સુધી ગુજરાત સરકારમાં સંસદીય સચિવ તરીકે અને તા.૧૭-૧૦-૨૦૦૧થી ૨૧-૧૨-૨૦૦૨ સુધી પશુપાલન ખાતાના રાજય કક્ષાના મંત્રી તરીકે સેવાઓ આપી. તેઓની સાથે ધારાસભ્ય તરીકે સાથી સદસ્ય તરીકે કામ કર્યું છે. લોકોના હામી અને દોડતા એવા કાર્યકર તરીકે દેવાણંદભાઇ માળિયા, મેંદરડા વિધાનસભા વિસ્તારના લોકપ્રિય વ્યક્તિ હતા.

એવા જ ગુજરાતના પૂર્વ સભ્ય સચિવશ્રી લવજીભાઇ ઠાકરશીભાઇ રાજાણીનું ૧૫મી મે, ૨૦૨૧ના રોજ ૭૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ. રાજાણીની સાથે ધારાસભ્ય તરીકે આ ગૃહમાં અમે કામ કર્યું છે. જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના શેરગઢ મુકામે તેમનો જન્મ થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. જાહેર જીવનમાં પંચાયત અને સહકારી ક્ષેત્રમાં પણ તેમનું ઘણું મોટું યોગદાન છે. રાજાણી ૧૨મી ગુજરાત વિધાનસભામાં માળિયા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવીને જનપ્રતિનિધિ તરીકે ઉમદા સેવા આપેલ હતી. સ્વ. રાજાણીના જવાથી રાજયે એક સામાજિક અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ એક આગેવાન ગુમાવ્યા છે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વાલજીભાઇ નાનજીભાઇ ખોખરીયાનું તા. ૪થી મે, ૨૦૨૧ના રોજ ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ. વાલજીભાઇ અમરેલી જિલ્લાના બાબરા મુકામે જન્મ થયો હતો. તેઓએ એફ.વાય.બી.એ. સુધી અભ્યાસ કર્યો હતો. અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. ૭મી ગુજરાત વિધાનસભાના બાબરા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલ હતા. લોકકલ્યાણનાં કામોમાં કાયમ રીતે અગ્રેસર રહેતા. તેઓના અવસાનથી રાજયે એક સામાજિક આગેવાન ગુમાવ્યા છે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય પરબતસિંહ ગોહિલ તા. ૩જી એપ્રિલ, ૨૦૨૧ ના રોજ દુઃખદ અવસાન પામેલ છે. સ્વ.ગોહિલ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ઉખરલા ગામમાં જન્મ્યા હતા. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. ખેતી સાથે સંકાળાયેલ હતા. સ્વ. ગોહિલ સાથે ૯મી ગુજરાત વિધાનસભાના સાથી સભ્ય તરીકે કામ કરેલ. સદનસીબે અમારી બેચ એક જ હતી. મને એમનો ખૂબ જ સારો અને સુખદ અનુભવ છે. તેઓશ્રીના અવસાનથી સામાજિક અને શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલ એક સજ્જન આગેવાન ગુમાવ્યા છે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાળુભાઇ નારાયણભાઇ ચાવડાનો જન્મ ૭મી જૂન ૨૦૨૧ના રોજ ૬૩ વર્ષની વયે ખૂબ જ દુઃખદ અવસાન થયેલ હતું. સ્વ. ચાવડાનો જન્મ ૯મી જાન્યુઆરી, ૧૯૫૮ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ભીંડા મુકામે થયો હતો. તેઓશ્રીએ એસએસસી સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓ વેપાર અને ખેતીની પ્રવૃત્તિ સાથે સંકાળયેલ હતા. સ્વ. ચાવડા દસમી અને અગિયારમી ગુજરાત વિધાનસભામાં જામખંભાળિયા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા. તેઓ અને હું બંને સાથે ધારાસભ્ય તરીકે હતા અને અમે બંને ત્યારે બૃહદ જામનગર જિલ્લાના બંને ધારાસભ્ય હતા. તેઓશ્રી સાથે કાયમ માટે ઘરોબો હતો. ખૂબ જ સાલસ, નિષ્ઠાવાન અને દોડતા કાર્યકર તરીકે તેઓ ખંભાળિયા મત વિસ્તારમાં જાણીતા અને લોકપ્રિય હતા. તેઓના અવસાનથી રાજયે ખૂબ સેવાભાવી, સામાજિક આગેવાન ગુમાવ્યો છે. હમણાં મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ જે વાત કરી સ્વ.શ્રી ગોકળભાઇ ડોસાભાઇ પરમાર ખરેખર ખરેખર ગોકળદાસ બાપા સૌરાષ્ટ્રના ગાંધી કહેવાતા. ખૂબ જ સજ્જન, સેવાભાવી, ગાંધીવાદી અને રચનાત્મક કાર્યો થકી કાયમ મોરબી વિધાનસભા વિસ્તારના લોકોની સેવા કરતા હતા. આજે ગોકળદાસબાપાના અવસાનથી સમગ્ર વિસ્તારને મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થ શ્રી ગોકળબાપાનો જન્મ છઠ્ઠી જાન્યુઆરી ૧૯૨૨ના રોજ તત્કાલિન રાજકોટ જિલ્લાના મોરબી મુકામે થયો હતો. તેઓએ ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓએ સમાજસેવાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવેલ હતું. સ્વર્ગસ્થ

ગોકળબાપા પહેલી, બીજી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં મોરબી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા. વિવિધ સહકારી પ્રવૃતિઓના વિકાસમાં અને રચનાત્મક કાર્યોમાં તેમણે બહુમૂલ્ય યોગદાન આપેલ હતું. તેમના અવસાનથી રાજયએ સહકારી અને સામાજિક પ્રવૃતિઓ સાથે આજીવન સંકળાયેલા એવા એક ગાંધીવાદી આગેવાન ગુમાવ્યા છે. આ તમામ મહાનુભાવોએ રાજયના વિકાસ માટે, સમાજના કલ્યાણ માટે સેવા કરેલ હતી. આ તમામ મહાનુભાવોના આત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે અને તેના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની ભગવાન શકિત આપે તેવી પ્રાર્થના કરી આપના મારફત દિલસોજીનો સંદેશો તેમના કુટુંબીજનો પહોંચાડીએ તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે તેને અમારા કોંગ્રેસ પક્ષના નેતા માનનીય પરેશભાઇએ અનુમોદન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગીય અરવિંદભાઇ સંઘવી મારું વતન, મારી જન્મભૂમિ એવા ધ્રાંગધ્રાના વતની હતા અને તેમના હાથ નીચે, તેમના આશીર્વાદ અને તેમના માર્ગદર્શન તળે અમે બધા મોટા થયેલા. માત્ર સુરેન્દ્રનગર જિલ્લામાં નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં એક પ્રખર અર્થશાસ્ત્રી, એક શિક્ષણવિદ તરીકે અને કાયદાવિદ તરીકે ખૂબ મોટું નામ હતું. છેલ્લા ઘણા સમયથી લાંબી બિમારીમાં સપડાયેલ અને છેલ્લે કોરોનાગ્રસ્ત થયા, તેમનો સમગ્ર પરિવાર પણ કોરોનાગ્રસ્ત થયો હતો. ત્યારબાદ લાંબી બિમારીના કારણે તેઓ ભગવાનને ધામ પહોંચી ગયા છે. આજે તેમને શ્રદ્ધાંજલિ આપતાં તેમણે જે કામો કરેલા છે તે કામો યાદ કરી સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી શકીએ.

માનનીય અધ્યક્ષાશ્રી, વર્ષ ૧૯૭૫ સુધી તેમણે અમારી સુરેન્દ્રનગરની એમ.પી.શાહ કોલેજ છે તેના પ્રાધ્યાપક અને પ્રિન્સીપાલ તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી હંમેશાં શિક્ષકજીવ તરીકે તેઓ રહ્યા. સુરેન્દ્રનગરની અમારી જે લૉ કોલેજ છે તેના સ્થાપક સભ્ય રહ્યા અને કોલેજની સ્થાપના કરી. સ્વર્ગીય અરવિંદભાઇ માટે ધ્રાંગધ્રા શહેર અને સુરેન્દ્રનગર જિલ્લા માટે વાત કરીએ તો તેઓ સ્વર્ગીય માધવસિંહજી, અમરસિંહજીની સરકારમાં નાણામંત્રી, શિક્ષણમંત્રી અને આરોગ્યમંત્રી તથા કાયદામંત્રી તરીકે તેમણે કામ કર્યું. તેમના સમયની અંદર ત્રણ–ત્રણ વખત દુષ્કાળ આવેલા. તેવા દુષ્કાળના સમયની અંદર જયારે સૌરાષ્ટ્રમાં જયારે પાણીનો વિકટ પ્રશ્ન હતો ત્યારે એમણે ચોવીસ કલાકની અંદર ટ્રેનથી રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રને પાણી પૂરું પાડેલું. તે સમયે શહેરોની અંદર કેટલ કેમ્પ ચાલુ કરેલા અને સમગ્ર રાજયની અંદર માલઢોરને આવા દુષ્કાળની અંદર બચાવવાનું ભગીરથ કાર્ય તેમના દ્વારા કરવામાં આવેલું. તેમના સમયમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આઠ–આઠ જેટલા સબ સ્ટેશનો પણ બાંધવામાં આવેલા. આ સન્માનનીય સભાગૃહની અંદર આજે સ્વર્ગીય અરવિંદભાઇને યાદ કરી શ્રદ્ધાંજલિ પાઠવું છું. તેવા જ અમારા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના વતની અને અનુસૂચિત જાતિ, દલિત સમાજમાં ખૂબ આદરપૂર્વક નામ લેવાય તેવા સ્વર્ગીય હરીભાઇ ડોડીયા બે–બે વખત ધારાસભ્યપદ શોભાવી ચૂકેલા. તેઓ એસ.ટી. બોર્ડની અંદર ડિરેકટર તરીકે સેવા આપતા. તેમ છતાં તેમનું સમગ્ર જીવન એટલું સાદગીપૂર્ણ કે તેમના છેલ્લા વર્ષોની અંદર, ૭૦–૭૫ વર્ષની ઉંમરે લીંબડીની અંદર કયાંક સાઇકલ લઇને જોવા મળે અથવા કયાંક બસમાં ઉભા ઉભા મુસાફરી કરતા. એટલું સાદગીપૂર્ણ જીવન જીવી સમાજની સેવામાં ખૂબ ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. આજે એમને પણ ભાવંજલી સાથે શ્રદ્ધાંજલિ પાઠવું છું. જે ૧૯ જેટલા આ સભાગૃહના એક વખત માટેના સન્માનનીય સભ્યો હતા એ બધાને હું આ સભાગૃહની અંદર શ્રદ્ધાંજલિ પાઠવું છું.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે ૧૯ જેટલા મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપવા માટે શોકદર્શક ઠરાવો લઇને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇએ જેમાં સૂર પુરાવ્યો છે એમાં હું પણ શબ્દોરૂપી બે ચાર પુષ્પો ચડાવવા માટે ઇચ્છું છું. કોઇકે ખૂબ સરસ કહ્યું છે કે, મૃત્યુ પામેલા માનવીની પાછળના પરિવારનો વિલાપ પણ વાજબી હોય છે. એક માણસનું મૃત્યુ થાય એટલે એનું તો દુઃખ આપણને હોય જ છે, પણ હવે પછી એમનો લાભ, એમનો સહકાર, એમના આશીર્વાદ અને એમની હુંફ આપણને નહિ મળે એની પીડા વિશેષ હોય છે. ખાસ કરીને આ રાજયની અંદર અને આ ગૃહના ૧૯ જેટલા પૂર્વ સદસ્યશ્રીઓએ ઉપર જ્યારે પ્રયાણ કર્યું છે ત્યારે, એટલું ચોક્કસપણે કહેવું છે કે, આ બધા જ મહાપુરુષોએ ક્યાંકને ક્યાંક પોતાનાથી જે થઇ શકે તેમ છે તે પોતાના વિસ્તાર માટે, પોતાના રાજ્ય માટે અને પોતાના દેશ માટે જે સેવા કરી છે એ અમૂલ્ય છે.

ખાસ કરીને અમારા આહિર સમાજના મોભી આદરણીય શ્રી દેવાણંદબાપા સોલંકી કે જેમનું ૭૪ વર્ષની જૈફવયે મૃત્યુ થયું છે એમની જો વાત કરીએ તો એકદમ સરળ અને શાંત પ્રકૃતિના, સતત લોકો વચ્ચે રહેવાવાળા અને છેવાડાના માનવીને સાથે લઇ અને એમના પ્રશ્નો માટે ઝઝુમનારા આ મહામાનવે પણ જ્યારે અહીંથી પ્રયાણ કર્યું છે ત્યારે ચોક્કસપણે એમને શ્રદ્ધાંજલિ પાઠવું છું અને ગરવા ગીરનાર જ્યાં વસે છે, ભગવાન દત્તની જ્યાં બેઠક છે એવા અમારા મંગલનાથ બાપુની જે જગ્યા છે એ જગ્યામાં પણ એમણે સેવા આપી અને સમાજ માટે અને અન્ય સમાજ માટે જે પ્રયત્નો કર્યા છે એ કાબીલેદાદ છે, આપને વિનંતી કરું છું કે એ પરિવારને આપણા બધાય થકી શોક સંદેશો મળે.

સાથે સાથે આ જ ગૃહના સભ્ય અને અમારા આહિર સમાજના મોભી એવા શ્રી કાળુભાઇ ચાવડાનું પણ ૬૩ વરસની જૈફવયે જ્યારે મૃત્યું થયું છે ત્યારે એમને પણ શ્રદ્ધાંજલિ પાઠવીએ અને ખાસ કરીને આજે એમના વિસ્તારમાં મારી ભુલ જો ન થતી હોય તો સૌથી પહેલી બ્લડ બેન્ક એ મહાપુરુષે શરૂ કરાવેલી અને એના જ વિસ્તારમાં ગઢકી સિંચાઇ ડેમ માટેની જે મંજૂરી હતી એમાં પણ એમનો સવિશેષ ફાળો હતો અને એમણે ઘણા બધા પ્રયત્નો કર્યા હતા.

## શોકદર્શક ઉલ્લેખો

મારી રાજુલા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય અને કાઠી દરબાર સમાજના પ્રમુખ અને આ ગૃહના પૂર્વ સદસ્ય એવા શ્રી પ્રતાપભાઇ વરુને પણ હું શ્રદ્ધાંજલિ પાઠવું છું એમના પિતાશ્રી આરઝી હકુમતના લડવૈયા અને રાષ્ટ્ર માટે એમનું પણ ઘણું મોટું યોગદાન હતું. સાથે સાથે અમારા મત વિસ્તારના ચાંચબંદર ગામ કે જ્યાં આજે પણ જવું અઘરી સ્થિતિ છે ત્યારે એ સમયમાં તેઓ જ્યારે ધારાસભ્ય તરીકે હતા ત્યારે આશ્રમશાળા થકી બાળકોના શિક્ષણ માટે જે ખૂબ સારા પ્રયત્નો કર્યા એને આજે આપણે કાબીલેદાદ કહેવા પડે.

એવા જ અમરેલી જિલ્લાના પનોતા પુત્ર પૂર્વ સાંસદ સાવરકુંડલાના ધારાસભ્ય અને રાજુલાના પણ પૂર્વ ધારાસભ્ય એવા શ્રી નવીનચંદ્ર રવાણી સાહેબનું પણ ૯૧ વરસની જૈફ વયે જ્યારે અવસાન થયું છે ત્યારે વંચિતો, પીડિતો, શોષિતો માટે પણ એ મહામાનવે ઘણું બધું કર્યું છે. એનું એક ઉદાહરણ પણ મારે આપવું છે કે, એ કેટલા પ્રજાવત્સલ અને નાનામાં નાના માણસને સાથે લઇને ચાલનારા મહાપુરુષ હતા. વર્ષ ૧૯૯૨–૯૩માં મેં નવેનવું ફોરવ્હીલ વાહન શીખેલું અમારા વિસ્તારના તત્કાલિન ધારાસભ્યશ્રીની સાથે હું નવી ગાડી શીખ્યો હતો અને એમની સાથે સારા સંબંધો હતા એટલે એક વખત રવાણી સાહેબને મળવા જવાનું થયું હતું. મને ચોક્કસ યાદ છે કે, રાત્રે બાર વાગ્યે સાવરકુંડલા અમે એમના ઘેર પહોંચ્યા, હું ડ્રાઈવીંગ કરીને એમના ઘેર પહોંચ્યો, મારી સાથે જે વડીલ હતા એમની મિટિંગ એમની સાથે થઇ, અરધો કલાક પછી એમણે એમ પુછ્યું કે તમને તો ડ્રાઈવીંગ આવડતું નથી તો તમે કોને સાથે લઇને આવ્યા છો ત્યારે એમણે એમ કહ્યું કે, એ છોકરો બહાર છે અને અમારા પરિવારનો સભ્ય છે, મને રાત્રે સાડા બાર વાગ્યે બોલાવીને પૂછ્યું કે બેટા તું જમ્યો છે? એટલે મેં કહ્યું નહિ વડીલ. ત્યારે મને રાત્રે સાડા બાર વાગ્યે એમના ઘરેથી રોટલો મળેલો. એટલે એક વસ્તુ પાકી છે કે જે જે મહાપુરુષોએ યોગદાન આપ્યું છે, તેઓ રોટલે મોટા હતા અને આવા લોકોને ચોક્કસપણે ક્યાંકને ક્યાંક સ્થાન મળ્યું છે ત્યારે આપના માધ્યમથી આ બધાય મહાપુરુષોને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું અને વિનંતી કરું કે, એમના આત્માને પ્રભુ શાંતિ અર્પે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહના ૧ થી ૧૯ સભ્યોના અવસાન અંગેનો જે શોક સંદેશો લઇને આવ્યા છે તેને વિરોધપક્ષના નેતાએ તેમાં જે દુઃખ વ્યકત કર્યું છે તેમાં હું પણ મારું દુઃખ વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી છ જણાં સાથે મારો સંપર્ક હતો તેમાં સ્વ. શ્રી દેવાણંદભાઇ સોલંકી, સ્વ. નવિનચંદ્ર રવાણી, સ્વ. લવજીભાઇ ઠાકરશીભાઇ રાજાણી, સ્વ. સુકાભાઇ આંત્રોલિયા, સ્વ. પ્રતાપભાઇ વરુ અને સ્વ. પરબતસિંહ ગોહિલ. વર્ષ ૧૯૯૫માં સ્વ. પરબતસિંહ મારી સાથે ધારાસભ્ય હતા અને મારા જેવા જ એક સરળ સ્વભાવના વ્યકિત હતા. સ્વ. પ્રતાપભાઇ વરુ અમરેલીના પ્રભારી તરીકે ગયા ત્યારે સ્વ. રવાણીસાહેબના બન્નેના સંપર્કમાં અમે આવ્યા અને ત્યારથી તેમના જીવન ચરિત્રથી અમે પરિચિત થયા છીએ. સ્વ.શ્રી સુકાભાઇ આંત્રોલિયા અમારા જિલ્લા પંચાયતના પ્રમુખ હતા ત્યાંથી પણ તેની કારકિર્દીથી અમે પરિચિત હતા. સ્વ. દેવાણંદભાઇ સોલંકી અને એલ.ટી.રાજાણી અમે પાંચ ટર્મ તાલુકા પંચાયતના સભ્ય અને ૨૫ વર્ષ અમે સ્વ. દેવાણંદભાઇના રોટલા ખાધા. જયારે આખા ગુજરાતમાં મેંદરડા તાલુકા પંચાયત અને રાજકોટ નગરપાલિકા ભાજપમાં બે જ હતા ત્યારે અમે આ પાંચ જણાંની ટીમ સ્વ. દેવાણંદભાઇ, સ્વ. એલ.ટી.રાજાણી, સ્વ. મોહનભાઇ પાનસુરીયા અને સ્વ. ગોરધનભાઇ ઢેબરીયા આ બધામાં ઉંમરમાં હું મોટો હતો. આ પાંચ ટર્મ વહીવટ કર્યા પછી અમે જુદા પડયા. સ્વ. દેવાણંદભાઇ ધારાસભામાં ચૂંટાયા અને અમે જુદા પડયા પછી જોગાનુજોગ કોંગ્રેસ પાર્ટીએ મને ટીકીટ આપી અને અમે અને સ્વ. દેવાણંદભાઇ સોલંકી બન્ને સામસામે ચૂંટણી લડયા અને ત્રણ વખત ચૂંટણી લડયા પણ અમારા જીવનમાં અમારો આખો પરિવાર સારા મિત્ર તરીકે અમે કોઇ દિવસ મટયાં નથી. સ્વ. દેવાણંદભાઇનું મૃત્યુ થયું તે પહેલાં મેં વાત કરી, મારી સાથે વાત કરી અને તે માણસ ગુજરી ગયો. આજે ઇશ્વર આ બધાના આત્માને શાંતિ આપે અને તેમને સ્વર્ગમાં સ્થાન આપે એટલું કહી વિરમું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા ૧૯ જેટલાં ભૂતપૂર્વ સભ્યોના શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાએ આ તમામને શ્રદ્ધાંજલિ આપી છે ત્યારે હું પણ આ તમામને શ્રદ્ધાંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯ પૈકી સ્વર્ગવાસી ભાવસિંહભાઇ રાઠોડનું તારીખઃ ૯મી મે, ૨૦૨૧ના રોજ કોરોનાને કારણે ૬૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. ભાવસિંહજી રાઠોડ લીડર અને સ્પષ્ટ વકતા હતા. તેઓશ્રી અમારા ઠાકોર સમાજના દાનવીર તરીકે જાણીતા હતા. તેઓશ્રીએ ઇ.સ.૨૦૧૨માં વરાણા ખોડિયાર માતાજીના ધામમાં ૧૮૮૪ દીકરીઓના સમૂહ લગ્ન કરીને શ્રીમંત અને ગરીબોનો ભેદભાવ મટાડવા માટે થઇને એક મોટો સમૂહ લગ્ન મહોત્સવ ઉજવી અને ગિનિસ બુકની અંદર સ્થાન અપાવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, તેઓ તમામ સમાજોને સાથે રાખીને ગરીબોની લડાઇ લડતાં. ભાવસિંહજી એક એવુ વ્યકિતત્વ હતું કે તેમણે નવમી અને બારમી વિધાનસભામાં નેતૃત્ત્વ કરીને સમગ્ર ઉત્તર ગુજરાતમાં જે કંઇ શૈક્ષણિક સંસ્થાઓ હોય તેને ઉદાર હાથે દાન આપીને એક ભામાસા તરીકે પણ તેમણે નામના મેળવી હતી. સ્વર્ગસ્થ ભાવસિંહકાકાને એ વિસ્તારના તમામ લોકો હુલામણા નામે કાકા કહીને બોલાવતાં. તેઓશ્રી સ્થાયી અમદાવાદ રહેતાં પણ વઢીયાર પંથક હોય, બનાસકાંઠા જિલ્લો

હોય તેમને કોઇ નાનામાં નાનો માણસ આમંત્રણ આપે તો એમના સારા અને માઠાં પ્રસંગોમાં સમયસર હાજરી આપી અને લોકોના દિલમાં હંમેશા તેમણે સ્થાન મેળવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. ભાવસિંહકાકા તે એક ઉત્તર ગુજરાતમાં ઠાકોર સમાજને વર્ષો સુધી સમાજની સેવાકીય પ્રવૃત્તિઓ કરીને નવી પેઢીને સેવાની પ્રવૃત્તિઓ કરવા માટેની પ્રેરણા આપી હતી. મને પણ સમૂહ લગ્નમાં લગભગ ૧૫ વર્ષ સુધી એમની સાથે વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાં કામ કરવાનો અવસર મળ્યો હતો. સ્વ. ભાવસિંહજી વઢિયાર પંથકમાં અને સમગ્ર બનાસકાંઠામાં એક સ્પષ્ટ વક્તા તરીકેની વાત આવે ત્યારે એ કોઇ પણ જાહેરાત કરે ત્યારે એ બોલે એટલું કરતાં એ એમની કામ કરવાની પ્રણાલિકા રહી હતી. ૨૦૨૧ના મે મહિનામાં કોરોનાના કારણે એમનું મૃત્યુ થયું. એ કોરોનાના દિવસો હોવાથી એમની ડેડ બોડી એમના માદરે વતન રાધનપુર લાવવામાં આવી. કોરોનાના કારણે એમનું મૃત્યુ થયું હોવાથી ડેડ બોડી સીધી જ સ્મશાનમાં લઇ જવાની ડૉક્ટરની સલાહ હતી. પ્રણાલિકા પ્રમાણે મહિલાઓએ સ્મશાનમાં જવાનું હોતું નથી પણ અમે એ દિવસે સ્મશાનમાં જઇને કાકાને શ્રદ્ધાંજલિ આપી હતી. આ ગૃહના ૧૯ ભૂતપૂર્વ સભ્યો આપણી વચ્ચે નથી રહ્યા ત્યારે એમના પરિવારને આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો પાઠવો એવી હું આપને વિનંતી કરું છું અને તમામ આત્માઓને મા ખોડિયાર એમના ચરણોમાં સ્થાન આપે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું.

શ્રી પ્રતાપ દુધાત(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહના ૧૯ જેટલા દિવંગત આત્માઓ માટે શોકદર્શક પ્રસ્તાવો લઇને આવ્યા છે એમાં વિરોધપક્ષના નેતા પરેશભાઇએ સૂર પૂરાવ્યો છે ત્યારે હું પણ એમાં સૂર પૂરાવું છું. આ ૧૯ જેટલા દિવંગત આત્માઓની વચ્ચે મારા મતવિસ્તાર સાવરકુંડલાથી માનનીય નવીનચંદ્રભાઇ રવાણી જે બે વખત સાંસદ સભ્ય, બે વખત ધારાસભ્ય બન્યા અને ૨૦ વર્ષ સુધી એમણે નગરપાલિકાનું નેતૃત્વ કર્યું. મારા ૧૦ વર્ષના સમય દરમિયાન એમની સાથે રહેવાનો મને મોકો મળ્યો. ૯૧ વર્ષની ઉંમરે જ્યારે એમનું અવસાન થયું ત્યારે છેલ્લા શ્વાસ સુધી લોકોના કામ કરવાની પ્રેરણા એમનામાંથી લઇ શકાય. રવાણી સાહેબનું એક સૂત્ર હતું 'રોટી, કપડાં ઔર મકાન'. એમણે સાવરકુંડલામાં આ સૂત્ર સાર્થક કર્યું કારણ કે, એમણે આશરે પાંચ હજાર લોકોને એક રૂપિયાના ટૉકને મફત પ્લોટ આપવાની યોજના એ સમયે કેન્દ્ર સરકારમાંથી લાગુ પાડવામાં આવી હતી. એના પાયામાં રવાણી સાહેબ જોડાયેલા હતા. રોજી-રોટીની જરૂરિયાત પડે ત્યારે નાના-નાના મંડળો બનાવી બીડી કામદારના મંડળો, કાંઠા ઉદ્યોગના મંડળો મારફત રોજી-રોટી ઊભી કરી લોકોને પગભર કરવામાં એ વ્યક્તિનું યોગદાન રહ્યું છે. મારો જન્મ સુરતમાં થયો હતો. હું સુરતમાં જ રહું છું અને મને સાવરકુંડલામાંથી વિધાનસભા લડવાનો મોકો મળ્યો ત્યારે મારા સારથી બની મને ધારાસભ્ય સુધી પહોંચાડવાનું કામ એમણે કર્યું છે. રવાણી સાહેબના જીવનમાંથી પ્રેરણા એટલા માટે લઇ શકાય કે એમણે આખું જીવન ગાંધીજીની જેમ જીવ્યું છે. એમનું જીવન ખાદી સાથે જોડાયેલું હતું. તે જ રીતે અમારા વિસ્તારના બીજા ક્ષત્રિય આગેવાન સ્વ.શ્રી પ્રતાપભાઇ વરુ સાથે મારો ખૂબ જ નજીકનો સંબંધ છે. તેઓ ક્ષત્રિય સમાજના આગેવાન હતા. ભાઇચારાનો નાતો કેવી રીતે આગળ વધારી શકાય એ એમની પાસેથી શીખી શકાય. પરેશભાઇએ વાત કરી એ પ્રમાણે સંબંધોના કારણે છેલ્લી ઘડીએ ટેલિફોનિક વાત થઇ. એમનું સ્વાસ્થ્ય ઘણું ખરાબ હતું અને કોરોનાનો કાળો કહેર હતો એટલે પોતે હોસ્પિટલમાં દાખલ થવાથી ડરતા હતા ત્યારે પરેશભાઇ મારફત યુ.એન.મહેતા હૉસ્પિટલમાં એમને દાખલ કર્યા. ત્યાં એમનું દુ:ખદ અવસાન થયું એનું અમને ઘણું દુ:ખ છે. એવા જ અમારા વિસ્તારના સહકારી આગેવાન વાલજીભાઇ ઉર્ફે 'મામા' એમણે પણ નાની ઉંમરમાં આ વિધાનસભામાં આવી અને અમારા વિસ્તારને ગૌરવ અપાવી શકાય તેવું કામ કર્યું છે ત્યારે બધાં જ ૧૯એ ૧૯ પરિવારને આપના મારફતે શોક સંદેશો જાય એવી અભ્યર્થના વ્યક્ત કરું છું અને સાથે સાથે મારા તરફથી આ બધા જ પરિવારોને આ દુઃખની અંદર હૂંફ મળી રહે એવી લાગણી વ્યક્ત કરું છું. પ્રભુ પરમાત્મા આ બધા જ દિવંગત આત્માઓને એમના ચરણમાં સ્થાન આપે એવી અભ્યતા કરું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધ પક્ષના નેતા ભાઈ શ્રી પરેશભાઈ ૧૯ જેટલાં સ્વર્ગસ્થ આત્માઓ માટે શોક પ્રસ્તાવ લાવ્યા છે તેને હું મારી શ્રદ્ધાંજલિ પાઠવું છું. મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય માનનીય ભાવસિંહભાઈ રાઠોડનું તા. ૯મી મે, ૨૦૨૧ના રોજ ૬૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલું છે. સ્વ. રાઠોડ અમારા રાધનપુર વિસ્તારના, એમનો જન્મ ૧લી જૂન, ૧૯૫૬ના રોજ પાટણ જિલ્લાના સમી તાલુકાના ગોજનાથ ગામે થયો હતો. તેઓ ફક્ત ઠાકોર સમાજના નહિ પણ દરેક સમાજના સુખ-દુઃખના ભાગીદાર રહ્યાં. સ્વ. રાઠોડ નવમી, બારમી અને ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને પ્રજાના કામો કર્યા. તેમના અંતિમ સંસ્કારમાં તેમને કાંધ આપવાનું સદનસીબ પ્રાપ્ત થયું. હું મારી જાતને એની ધન્યતા અનુભવુ છું. એમના માટે એક કહેવત અમારા વઢિયારમાં કાયમ માટે રહી ગઈ. ''ધીંગી ધરા, ધીંગા માનવી, હથ લીધા હથિયાર, નર-નારી સૂરા નિત જે, એવી મારી વાલી વસુંધરા વઢિયાર'' એવું અમારા વઢિયારનું રતન, એકલા ઠાકોર સમાજના નહિ પણ વીર ભામાશા તરીકે એક પરમ શ્રધ્ધેય આત્માને આજે હું મારી શ્રદ્ધાંજલિ પાઠવું છું. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના કરું છું. એમના પરિવારને દિલસોજી પાઠવું છું. 'જય હિંદ' 'જય ભારત.'

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આજે જે ૧૯ જેટલા સ્વર્ગસ્થ મહાનુભાવોના શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી અરવિંદભાઈ સંઘવી, પૂર્વ સ્વ. મંત્રી શ્રી પ્રબોધકાન્ત પંડ્યા, પૂર્વ રાજ્યકક્ષાના સ્વ. મંત્રી શ્રી જયેન્દ્રકુમાર ખત્રી, પૂર્વ રાજ્યકક્ષાના સ્વ. મંત્રી શ્રી દેવાણંદભાઈ સોલંકી, પૂર્વ નાયબ મંત્રી

## શોકદર્શક ઉલ્લેખો

સ્વ. શ્રી નવિનચંદ્ર રવાણી, પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી લવજીભાઈ રાજાણી, પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગોકળદાસ પરમાર, પૂર્વ સભ્ય સ્વ. શ્રી પ્રતાપરાય શાહ, પૂર્વ સભ્ય સ્વ. શ્રી દિગ્વિજયસિંહજી, પૂર્વ સભ્ય સ્વ. શ્રી હરીભાઈ ડોરીયા, પૂર્વ સભ્ય સ્વ. શ્રી સુકાભાઈ આંત્રોલિયા, પૂર્વ સભ્ય સ્વ. શ્રી પ્રતાપભાઈ વરુ, પૂર્વ સભ્ય સ્વ. શ્રી વાલજીભાઈ ખોખરીયા, પૂર્વ સભ્ય શ્રીમતી ગીરીરાજકુમારી કુશવાહા, પૂર્વ સભ્ય સ્વ. શ્રી પરબતસિંહ ગોહિલ, પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભાવસિંહભાઈ રાઠોડ, પૂર્વ સભ્ય સ્વ. શ્રી કાળુભાઈ ચાવડા, પૂર્વ સભ્ય સ્વ. શ્રી લક્ષ્મણભાઈ પટેલ અને પૂર્વ સભ્ય સ્વ. શ્રી કલ્યાણસિંહ ચૌહાણના જે શોક પ્રસ્તાવ રજૂ થયા છે, જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે અને અન્ય સભ્યશ્રીઓએ સ્વર્ગસ્થશ્રીઓના જીવનના સંવેદનસભર કાર્યકાળનો ઉલ્લેખ કરી તેઓના વ્યક્તિત્વની ઝલક પ્રસ્તુત કરી છે તે જોતાં આપણને ખ્યાલ આવે છે કે તેઓ હંમેશા પ્રજાહિતના કાર્યો માટે જાગૃત રહ્યાં હતાં. માનવસેવાની અમૂલ્ય તક સૌને મળી છે અને એમની આ શોકાંજલિ સૌને પ્રેરણા આપે. આ ૧૯ એ સ્વર્ગસ્થ મહાનુભાવોને, આ દિવંગત તમામ મહાનુભાવોને હું મારી શોકાંજલિ અર્પણ કરું છું. પ્રભુ આ તમામ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેઓના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદ્ગતના આત્માને મોક્ષગતિ પ્રાપ્ત થાય તે માટે પોતાની જગ્યા પર ઊભા થઈ બે મિનિટ મૌન પાળીશું.

અધ્યક્ષશ્રી : સભાગૃહની આ લાગણી સદ્ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે. ઓમ્ શાંતિઃ શાંતિઃ.

(સ્વર્ગસ્થોના માનમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.)

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ૧૯ જેટલા આ ગૃહના પૂર્વ સભ્યોને શોકાંજલિ પાઠવી છે. આપના મારફત આ ગૃહના નેતાના વિનંતી કરું કે આ જ કાર્યકાળમાં ગુજરાતમાં કોરોના મહામારી વચ્ચે આપણે લાખો સ્વજનોને ગુમાવવા પડ્યા છે. ભૂતકાળમાં પણ આ વિધાનસભાએ કોરોના મૃતકો, કોરોના વોરીયરોને આપણે સામૂહિક રીતે શ્રદ્ધાંજલિ પાઠવી ત્યારે આપના મારફત મારી ગૃહના નેતાને વિનંતી છે કે ગુજરાતમાં કોરોનાકાળમાં જે કોરોના વોરીયર્સને આપણે ગુમાવવા પડ્યા, જે લાખો મૃતકો કોરોનાકાળનો ભોગ બન્યા છે. એના માટે આપણે સૌએ સાથે મળી અને સામૂહિક શ્રદ્ધાંજલિ માટે ઠરાવ લાવવો જોઇએ. એ બધા જ લોકો માટે આપણે બે મિનિટ મૌન પાળી અને કોરોના વોરીયર હોય કે કોરોના મૃતક જે શહીદ થયા છે એને આપણે સામૂહિક શ્રદ્ધાંજલિ પાઠવવી અને એના પરિવારોને ન્યાય મળે એના માટે આપણે સામૂહિક સંકલ્પ કરીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સંસદીય મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ વાત કામકાજ સલાહકાર સમિતિ વખતે પહેલાં મૂકાઇ હોત તો આના માટે વિચારી શકાત. પહેલા તો કોરોનાકાળમાં આપણે એકવાર મૃતકોની શ્રદ્ધાંજલિ લઇ લીધી છે. શ્રદ્ધાંજલિની વાત છે આપ શાંતિથી સાંભળો. (અંતરાય) એટલે સવાલ એ છે કે હજુ કોરોનાકાળ ગયો નથી. આપણે કાળજી કરીએ એટલે ફરીવાર આપણે ભેગા થવું ન પડે એવી પ્રાર્થના.

શ્રી પરેશ ધાનાણી : આમાં ટીકા–ટીપ્પણીઓથી ઉપર ઉઠીને આપ પણ માનો છો કે વિપક્ષે માન. વિજયભાઇ સાહેબ સાક્ષી છે કે કોરોનાકાળમાં રાજકારણથી ઉપર ઉઠી અને વિપક્ષે પણ ખૂબ સકારાત્મક અભિગમ સાથે સરકારને ટેકો આપ્યો અને કપરાકાળમાં પણ અમે અડીખમ સાથે ઊભા રહ્યા. આ કોરોનાની અંદર જે લોકો મૃત્યુ પામ્યા એણે નાત, જાત, ભાતના ભેદભાવ વગર કોરોનાનો ભોગ બનવું પડ્યું. વિશ્વની સંસ્થાના તારણ મુજબ કોરોનાની બીજી લહેરે ગુજરાતમાં ૩ લાખ કરતાં વધુ લોકોને શહીદ કર્યા છે ત્યારે મારી આપના મારફત સરકારને વિનંતી છે કે આ કોરોનાની બીજી લહેરમાં સારવારની ઊણપને લીધે આપણે આપણા જ સ્વજનોને ગુમાવવાના થયા. આવા બધા જ મૃતક લોકોને સામૂહિક શ્રદ્ધાંજલિ આપવી જોઇએ. એમના પરિવારજનોને ન્યાય મળે એના માટે સૌએ સામૂહિક સંકલ્પ કરવો જોઇએ. ગરીબ પરિવારોને ચાર લાખ રૂપિયા વળતરની કાયદાકીય જોગવાઇ છે. ભારત સરકારે પણ આ વાત સ્વીકારી છે અને કામકાજ સલાહકાર સમિતિમાં પણ સરકારને વિનંતી કરી હતી પણ આ કોરોના મૃતક પરિવારો પ્રત્યે સરકારને કદાચ સંવેદના નહી હોય. અમે તો આ કોરોનાની અંદર ભાજપવાળો હોય કે કોંગ્રેસવાળો હોય, ગરીબ હોય કે અમીર હોય, ગામડાનો હોય કે શહેરનો હોય. ( અંતરાય )

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, શ્રી પરેશભાઇ, માનનીય મંત્રીશ્રી... માનનીય મંત્રીશ્રી... (સતત અંતરાય)

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હાલ જે વાત કરી કે ૩ લાખ કરતાં વધુ કોરોના કાળમાં મરણ થયા છે. બેન, આ વાત સત્યથી વેગળી છે અને બીજો વિષય જે રૂપિયા ૪ લાખની વાત કરી, હકીકતમાં ૨૫મી તારીખે ભારત સરકારે જે પરિપત્ર કર્યો છે, એના અનુસંધાને આપણે જે આપવાનું થતું હશે, એના નિયમો અને નોર્મ્સ, નીતિ–નિયમો પણ એ પરિપત્રમાં ડીસાઇડ થયેલા છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પણ એનું માર્ગદર્શન આપ્યું છે. એ પ્રમાણે રાજ્ય સરકાર આગળ વધવા માંગે છે.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

અધ્યક્ષશ્રી : એક વખત, માનનીય પરેશભાઇ, માનનીય પરેશભાઇ, આપ બેસો, હું ઉભી છું. અધ્યક્ષ ઉભા છે, આપ બેસો. આપ બેસો. કોરોના જેવી મહામારીને આપણે કોઇ પોલિટીકલ મુદ્દો ન બનાવીએ. આપણે એક વખત આ ગૃહની અંદર શ્રદ્ધાંજલિ આપી ચૂક્યા છીએ. એટલે અત્યારે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નેક્સ્ટ. (સતત અંતરાય )( વિરોધપક્ષના તમામ સભ્યો પોતાની જગ્યા ઉપરથી ઉભા થતાં) નેક્સ્ટ, નેક્સ્ટ, નેક્સ્ટ. માનનીય મંત્રીશ્રી.

શ્રી પરેશ ધાનાણી : કોરોના કાળમાં જે લોકો શહીદ થયા છે, એવા રાજ્યના તમામ કોરોના વોરિયર્સ અને કોરોના મૃતકોને સામૂહિક શ્રધ્ધાંજલિ પાઠવવા સભાગૃહને વિનંતી કરું છું.(વિરોધપક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર )

અધ્યક્ષશ્રી : કામકાજની જે યાદી છે, એ પૈકીનો કોઇ ભાગ જ નથી. મને એવું લાગે છે કે આને આપણે પોલિટીકલ ન લઇએ. પ્લીઝ. પ્લીઝ. આને પોલિટીકલ ન લઇએ. એકવાર શ્રદ્ધાંજલિ આપી દીધી છે. (અંતરાય) આ બાબતમાં આવા વિવાદ કરીશું તો બહુ ખરાબ લાગશે. સભાગૃહની ગરિમા જાળવીએ અને એકવાર મેં સૂચના આપી છે તો માનનીય મંત્રીશ્રીને નિવેદન છે. આપ બેસો. પ્લીઝ, સૌની લાગણી છે. (સતત અંતરાય) (વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર)

(આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.)

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧નો ગુજરાત ખાનગી યુનિવર્સિટીનો વટહુકમ તથા નિવેદન

**શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૪- સન ૨૦૨૧નો ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૯-૨૦નો બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૭-૧૮નો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ તેમજ નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૭-૧૮ નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ ના વાર્ષિક અહેવાલો તથા નિવેદન

**શ્રી નરેશભાઇ મ. પટેલ ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલો તેમજ સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

આશ્વિન ૫, ૧૯૪૩ શાકે

ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો અહેવાલ તેમજ નિવેદન

**શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સુધારેલા અને સૂચિત અંદાજો

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૦-૨૧ના સુધારેલ અંદાજો અને સન ૨૦૨૧-૨૨ના સૂચિત અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો તથા સૂચિત અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત મેરીટાઇમ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના જાહેરનામા

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( ઊર્જા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૧૯૭૨ ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના તા.૦૩/૦૯/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ ઘઈ/૨૦૨૧-૫૬/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

અનુમતિ મળેલા વિધેયકો

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૬ અને સાતમા સત્રમાં પસાર કરેલ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૫ તથા આઠમા સત્રમાં પસાર કરેલા અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૯ અને ૨૦ વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી**

સચિવશ્રીઃ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલનો પ્રસ્તાવ.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

"આ સભાગૃહના સભ્યશ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ)ને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે. "

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો.**

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

" આ સભાગૃહના સભ્યશ્રી ડો. અનિલ જોષીયારાને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે. "

શ્રી પૂંજાભાઇ વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : હવે હું જે ક્રમમાં પ્રસ્તાવો રજૂ થયા છે તે ક્રમમાં પ્રસ્તાવો એક પછી એક મત માટે મૂકીશ.

**પ્રથમ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

અધ્યક્ષશ્રી : હવે હું માનનીય સભ્યશ્રી જેઠાભાઇ આહિરને ઉપાધ્યક્ષનું સ્થાન લેવા વિનંતી કરું છું.

(ત્યારબાદ સભાગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, નવા વરાયેલા ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહિરને ઉપાધ્યક્ષસ્થાને દોરી ગયા. શ્રી જેઠાભાઇ આહિરે ઉપાધ્યક્ષનું સ્થાન લીધું.)

**આ તબક્કે માનનીય સભ્યશ્રી જેઠાભાઇ આહિરે ઉપાધ્યક્ષશ્રીનું સ્થાન ગ્રહણ કર્યું.**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ડિવિઝનની માગણી કરું છું. આ ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી માટે ડિવિઝનથી મતદાન કરવું જોઇએ. હું ડિવિઝન કરવાની માગણી કરું છું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસ્તાવ ઉપર મૌખિક મતદાન થઇ ગયું અને આપે તેની જાહેરાત કરી દીધી છે અને એ પ્રમાણે માનનીય જેઠાભાઇએ ઉપાધ્યક્ષશ્રીનું સ્થાન ગ્રહણ કર્યું છે ત્યારે હવે આવી માગણી કરવી અયોગ્ય છે.

અધ્યક્ષશ્રી : ધ્વનીમતમાં મને ખૂબ જ મોટી બહુમતી દેખાઇ છે. એટલે હવે ડિવિઝનનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. નેક્સ્ટ.

કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

**કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી :** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સોમવાર, તા. ૨૭/૦૯/૨૦૨૧ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો દિવસના કામકાજની યાદીમાં દર્શાવવા અને તે પૈકી વિધેયક ક્રમાંક : ૨૧ અને ૨૨ની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૧નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૧નું ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક.

**૨.** મંગળવાર તા. ૨૮/૦૯/૨૦૨૧ના રોજ વિધેયક ક્રમાંક ૨૩ અને ૨૪ની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

**કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : કામકાજ સલાહકાર સમિતિમાં આ બધું કામકાજ નક્કી થતું હોય છે. માનનીય પરેશભાઇએ અહીંયા જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ કામકાજ સલાહકાર સમિતિમાં મૂકયો હોત તો ચોક્કસ આપણે લીધો હોત કારણ કે આપણી વિધાનસભા નિયમોને આધીન છે એમાં જે કંઇ નક્કી થયું હોય એ પ્રમાણે કાર્ય હાથ ઉપર લેવાનું હોય છે એટલે પોલિટીકલ કોઇ વસ્તુ ન લેવી જોઇએ.

શ્રી પરેશ ધાનાણી : કામકાજ સલાહકાર સમિતિમાં આ બાબતે વિસ્તૃત ચર્ચા થઇ,વારંવાર વિનંતી થઇ એની મિનિટસનો હિસ્સો પણ બન્યો હશે અને સરકારને સકારાત્મક રીતે બે મુદ્દા ઉપર વિનંતી કરી હતી એક કોરોના મૃતકોને શ્રદ્ધાંજલિ અને વળતર અને બીજો મુદ્દો તાઉતે અને અતિવૃષ્ટિની અંદર જે પિડીતો છે એને પૂરતા પ્રમાણમાં વળતર વિસંગતાઓનું નિવારણ. આ બંને મુદ્દાઓને વિધાનસભામાં ચર્ચા માટે અમારી આગ્રહપૂર્વકની વિનંતી હતી પરંતુ કમનસીબે બહુમતીએ થતા નિર્ણયો કયાંક રાજયની પ્રજાની આશાઓ અને અપેક્ષાઓને ઢાંકી રહ્યા છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વાનુમતે થયેલો નિર્ણય છે અને અત્યારે ગેરસમજ ઉભી કરી રહ્યા છે. આપણે કામકાજ આગળ વધારવું જોઇએ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં આ વાત સ્પષ્ટ છે પ્રસ્થાપિત છે એ પ્રમાણે અમારા સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કહ્યું છે એ બરાબર છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં થયેલી ચર્ચાઓ એજન્ડામાં લેવાની જવાબદારી સચિવશ્રીની છે. આજે કે ભવિષ્યમાં કયારેય પણ કામકાજ સલાહકાર સમિતિમાં થયેલી ચર્ચાઓ એને આ ફલોરમાં

બીજી રીતે કોઇ સરકાર ન ટાંકે એટલે આપે સૂચના આપવી જોઇએ. કાર્યકારી અધ્યક્ષ પણ અહીંયા ઉપસ્થિત છે. અમારા સભ્ય ડો. અનિલભાઇ જોષીયારા પણ હાજર હતા. અમે આ મુદ્દાઓ પણ રજૂ કર્યા હતા.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહાકાર સમિતિની કોઇ પણ બાબત આ સભાગૃહમાં ઉપસ્થિત થઇ શકે નહિ. આપનો નિર્ણય છે આપના નિર્ણયની બાબતમાં કોઇપણ વિરોધ હોય તો એ આપની ઓફિસમાં આવીને કહેવું જોઇએ. સંપૂર્ણ રીતે રાજકીય વાત થઇ રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ આપ બેસો. મેં કહ્યું તેમ વિધાનસભા સંવિધાન અને નિયમો મુજબ ચાલે છે અને કામકાજ સલાહકાર સમિતિમાં જે સર્વસંમતિ થઇ છે એ પછી આવા કોઇ વિષયની ચર્ચા થઇ શકે નહિ. નેકસ્ટ.

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૧**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૨૧

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ,૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૧નું ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા)નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી,ગુજરાતના નવા વરાયેલા મંત્રીમંડળમાં મને શિક્ષણમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે અને આજે આ સુધારા વિધેયક રજૂ કરી રહ્યો છું ત્યારે વિઠ્ઠલભાઇ પટેલની જન્મજયંતિ, પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકેની આપની વિધાનસભામાં વરણી અને ઉપાધ્યક્ષ તરીકે માનનીય જેઠાભાઇની પણ વરણીને હું આવકારું છું. મને પણ ગુજરાતની જનતાની અને વિદ્યાર્થીઓની સેવા કરવાની ઉત્તમ તક મારી ભારતીય જનતા પાર્ટી અને માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા પ્રાપ્ત થઇ છે ત્યારે આભાર માની ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતિય સુધારા વિધેયક ૨૦૨૧ના વિધેયક નંબર-૨૧ને ગૃહ સમક્ષ રજૂ કરું છું. આ વિધેયક લાવવા પાછળનો હેતુ સરકારનો ઉમદા ઉદ્દેશ હું ગૃહ સમક્ષ રજૂ કરું છું.

ખાનગી યુનિવર્સિટીઓ સમગ્ર વિશ્વમાં ખૂબ જ મહત્ત્વ પ્રદાન કરી રહી છે. જેવી કે Stanford, Massachusetts Institute of Technology, Princeton University, University of Chicago, Columbia University વગેરે. કોલંબીયા યુનિવર્સિટી વગેરે. ભારતમાં પણ ઉત્તમ કક્ષાની ખાનગી યુનિવર્સિટીઓ છે. Amity University, Vellore University of Technology, Birla Institute of Technology, Pilani વગેરે. ભારતમાં અને અન્યત્ર પ્રાપ્ત યુનિવર્સિટીઓ છે. તેમજ ખાનગી યુનિવર્સિટીઓમાં પણ ગુજરાતમાં ખૂબ જ સારા પરિણામો મળ્યા છે. મને સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે આજ રોજ જ્યારે હું આ સુધારા બિલ રજૂ કરી રહ્યો છું ત્યારે યોગાનુયોગ જ આઉટલુક મેગેઝીન આજે જ બહાર પડ્યું છે. રાજ્યની ૯ ખાનગી યુનિવર્સિટીઓ આજના આઉટલુક મેગેઝીનમાં દર્શાવ્યા પ્રમાણે 'Outlook I-care University Ranking, 2021' માં ટોપ ૫૦ ખાનગી યુનિવર્સિટીઓની યાદીમાં આપણને સ્થાન પ્રાપ્ત થયું છે. આ આઉટલુક મેગેઝીન હું લાવ્યો છું. તમે વાંચી શકતા હો તો મોકલીશ. જે પૈકી ૪ ખાનગી યુનિવર્સિટીઓ ટોપ ૧૫માં આવી છે. નિરમા યુનિવર્સિટી, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી, Centre of Environment Planning Technology, ગણપત યુનિવર્સિટી, મારવાડ યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, આર.કે. યુનિવર્સિટી આ માટે મંત્રી તરીકે ઉચ્ચ શિક્ષણના તમામ વહીવટી અધિકારીઓ, સ્ટાફ અને રાજ્ય સરકારમાં ખાસ કરીને મુખ્યમંત્રી તરીકે વિજયભાઇ હોય, ઉપમુખ્યમંત્રી તરીકે નીતિનભાઇ હોય, અમારા વડીલ આદરણીય ભૂપેન્દ્રસિંહજી હોય, નરેન્દ્રભાઇ હોય, આનંદીબેન હોય કે કેશુભાઇ હોય આ બધાને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ વર્ષ ૧૯૯૫ સુધી આપ જે વાત કરો છો તેની જ વાત કરું છું. ૫ યુનિવર્સિટીઓ હતી. તમારા સમયમાં ખાનગી યુનિવર્સિટીઓનો કોન્સેપ્ટ બહુ જૂના સમયથી સમગ્ર દેશમાં સ્વીકારાયો છે. ગુજરાત રાજ્યની સ્થાપનાથી આજદિન સુધી ૫૨ ખાનગી યુનિવર્સિટીઓ રાજ્યમાં છે. આસપાસના રાજ્યોમાં પણ જ્યાં કોંગ્રેસનું શાસન છે, રાજસ્થાનમાં પણ લગભગ ૫૨ જેટલી યુનિવર્સિટીઓ છે. વિદ્યાર્થીઓને ગ્લોબલાઇઝેશનની દુનિયામાં એ કોમ્પીટીશનમાં ઉભો રહી શકે, જઇ શકે. સરકારી અને ખાનગી યુનિવર્સિટી બન્નેમાં. એ માટેનો કોન્સેપ્ટ સૌએ સ્વીકાર્યો છે. રાજસ્થાનની વાત કરું ત્યારે નહીં કહે કે કેમ ત્યાં આટલી યુનિવર્સિટીઓ છે. આ પ્રકારની જરૂરિયાતો રોજગારીની તકો ઉપલબ્ધ થાય, ભારતના યશસ્વી અને લોકપ્રિય વડાપ્રધાન ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી (અંતરાય) પોલિટીકલ અવલોકન

* વિધેયક તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ન કરો તો સારું, કારણ કે ઓહો.. કહેશો તો ૨૬માંથી ૨૬ સીટ ૨૦૧૪ અને ૨૦૧૯ બન્નેમાં આપી છે. એ જ નરેન્દ્રભાઇના નેતૃત્ત્વમાં આપી છે. હું આપના મારફત વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, માનનીય મંત્રીશ્રી, આપ બિલ ઉપર જ બોલો. ક્રોસટોક ન કરો. તેમને જવાબ ન આપો. મારી સાથે વાત કરો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ આદરણીય કેશુભાઇ પટેલ, શ્રીમતી આનંદીબેન પટેલ, તત્કાલિન પૂર્વમુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ, નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ, વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સબળ નેતૃત્ત્વ હેઠળ જે ઝડપે વ્યાપ વિસ્તરી રહ્યો છે તેને ધ્યાનમાં લેતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના યુવાનો હરિફાઇ કરી શકે તેવા બહુમૂલ્યવર્ધિત ઉચ્ચ શિક્ષણ આપવાના ઉમદા અને વિશાળ હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીની સ્થાપના માટે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ની રચના કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના હકારાત્મક વલણથી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તંદુરસ્ત વાતાવરણ ઉભું કરવાના સરકારના પ્રયાસોને સફળતાપૂર્વક પ્રતિસાદ પણ સાંપડ્યો છે.ખાનગી યુનિવર્સિટીની રચના બાદ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો જે સરકારી યુનિવર્સિટી સાથે જોડાયેલી રહે છે તે પ્રકારે ગુજરાત ખાનગી યુનિવર્સિટીની અધિનિયમ ૨૦૦૯ની કલમ–૩ (૫)માં જોગવાઇ કરવામાં આવી હતી આ જોગવાઇ ધ્યાને લઇ અમુક ખાનગી યુનિવર્સિટીનીની સ્પોન્સરીંગ બોડી દ્વારા સરકારશ્રીને રજૂઆત કરવામાં આવી હતી કે ખાનગી યુનિવર્સિટીની સ્પોન્સરીંગ બોડીની તેના જ કેમ્પસમાં આવેલી ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો સંબંધિત સરકારી યુનિવર્સિટી સાથે જોડાયેલ હોવાથી વહીવટી પ્રશ્નો સર્જાય છે, આથી ખાનગી યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો પણ તેને સંબંધિત ખાનગી યુનિવર્સિટીની સાથે જોડાય તો વહીવટી સુગમતા રહેશે. આ બાબતે સરકાર દ્વારા વિચારણા કર્યા બાદ વહીવટી સરળતા ખાતર ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા અધિનિયમ ૨૦૨૧ દ્વારા સુધારો કરવામાં આવેલ હતો જે તા.૧–૬–૨૦૦૦થી અમલમાં આવેલ છે. માનનીય ભૂપેન્દ્રસિંહજી લાવ્યા એ વખતે પણ આ બધી જ બાબતોને લક્ષમાં લીધેલ, આ સુધારાના અમલીકરણ સંદર્ભે ગ્રાન્ટ ઇન એઇડ કોલેજના વિવિધ મંડળો, સ્ટાફ, વિદ્યાર્થી મંડળો વગેરેની વિવિધ રજૂઆતો સરકારશ્રીને મળી હતી એમાં ગ્રાન્ટ ઇન એઇડ કોલેજના સ્ટાફની સેલેરી, કોલેજને યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટ, આ કોલેજોની ખાલી જગ્યાઓની ભરતી, વિદ્યાર્થીઓની ટયુશન ફી અને અન્ય ફી નક્કી કરવાની પ્રક્રિયા, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોના અસ્તિત્વ વગેરે બાબતે ભવિષ્યમાં પ્રશ્નો ઉપસ્થિત થશે તેવી રજૂઆત કરી હતી જેથી આ સુધારો રદ કરી ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોનો સંબંધિત સરકારી યુનિવર્સિટી સાથે અગાઉનું મૂળ જોડાણ ચાલુ રાખવા વિનંતી કરવામાં આવી હતી. રાજય સરકાર દ્વારા અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અન્ય શૈક્ષણિક સંઘોની રજૂઆતોને ગંભીરતાથી લઇ ઉંડાણપૂર્વકના તથ્યો સમજી, ઉચ્ચ શિક્ષણના વ્યાપકહિતમાં અને વિદ્યાર્થીઓ જ આપણા સમાજનું બળ છે ત્યારે વિશાળ શૈક્ષણિક હિતોને ધ્યાનમાં લઇ ખાનગી યુનિવર્સિટી અધિનિયમની અગાઉ જોગવાઇ યથાવત રાખવા પ્રજાલક્ષી નિર્ણય લઇને ખૂબ ઓપનનેસથી આ નિર્ણય અમારી સરકારે કર્યો છે, વટહુકમ પસાર કરવામાં આવેલ જે સરકારની પ્રજા પ્રત્યની સંવેદના તેમજ પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ વટહુકમને ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતિય સુધારા વિધેયક ૨૦૨૧ સ્વરૂપે ગૃહમાં રજૂ કરવામાં આવેલ છે તો આ સન્માનનીય સભાગૃહને મારું નમ્ર નિવેદન છે કે રાજય અને વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં ચાલો સૌ સાથે મળીને શિક્ષણના નવા આયામો સુધી લઇ જવા માટે આવનારા સમય સાથે કદમ થી કદમ મિલાવવા પ્રસ્તુત વિધેયકને સર્વાનુમતે સભાગૃહની મંજૂરી પ્રદાન કરવા મારી સર્વ સન્માનનીય ગૃહના તમામ સન્માનનીય સદસ્યશ્રીઓને વિનંતી છે. આ પૂર્વે માનનીય ભૂપેન્દ્રસિંહજીએ ખૂબ વિગતવાર આની સુધારા વખતે વાત કરી છે, એમને પણ હું મારી વાતમાં લઉ છું. હું બધું જ વાંચી ચૂકયો છું, આ સુધારા બિલ મૂકું છું ત્યારે સૌ પુનઃ એક વખત સૌ સદસ્યશ્રીઓને વિનંતી કરું છું કે સર્વાનુમતે શિક્ષણના હિતમાં આ સુધારા બિલને આપણે પસાર કરીએ. ધન્યવાદ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો ગુજરાતના ઇતિહાસની અંદર આ ગૃહના પ્રથમ મહિલા સ્પીકર બનવા બાબતે આપને અભિનંદન પાઠવું છું અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી બનવા માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને તેમની ટીમને પણ અભિનંદન આપું છું અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ જયારે આ રાજયના મુખ્યમંત્રીશ્રી બન્યા છે ત્યારે તેમને વિનંતી પણ કરું છું કે સરકારે અગાઉ પાટીદાર આદોલન દરમિયાન જે પાટીદારો ઉપર કેસ થયા હતા એ પરત ખેંચવાની વાત કરી હતી એ પરત ખેંચે.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આ બિલ માત્ર સુધારા બિલ જ છે. સુધારા બાબતમાં આપનું સૂચન આપો. પ્લીઝ, કોઇ પોલીટીકલ અવલોકન આની અંદર ના કરો. મારી આ વિનંતી છે કે સુધારા સંબંધમાં આપને જે કંઇ કહેવું હોય એ જ વાત કરો. મેં માનનીય મંત્રીશ્રીને પણ આ કહ્યું હતું અને આપને પણ કહું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ: Hon'ble Speaker of this August House, during the last session of this House, Hon'ble Speaker Shri Dushyant Patel had deliver his speech in English in very well manner and Hon'ble Speaker of that time and present Minister of this House Hon'ble Shri Rajendrabhai also appreciated him and respected Speaker of that time and present Hon'ble Minister Rajendrabhai Trivedi appreciated him and commented and I remember that,

that he should be Member of the Parliament or Union Minister. I also hope so. Hon'ble Speaker, with your kind permission today I also want to deliver my speech in English because it is a Bill on Higher Education. Hon'ble Member of this House and Education Minister respected Mr. Jitubhai Vaghani has presented the Bill regarding the further amendment to the Gujarat Private Universities Act, 2009 and the Gujarat Private Universities (Second Amendment) Bill, 2021, I congratulate him and extend my support to the Bill in the interest of all the students of higher education and all the teachers and teaching staff of all granted and affiliated Government colleges, on behalf of the students who are studying in Grant-in-aid colleges and the Government colleges and on behalf of the teaching staff of all the Government and Grant-in-aid colleges. I also appreciate the Bill and again congratulate respected Hon'ble Minister.

First of all, I do not understand Respected Minister, why within the short time of approximately within six months, the Government has to amend this Bill. During the discussions of passing the Bill last time, I also suggested some changes and also opposed the Bill in some manner at that time. I believe the main reason for this is that the Government is taking important decisions and amendment in law only consulting with the Government officers and not consulting with the leading educationalists or the stake-holders or the leaders who are running educational institutions. If you consult with these leading educationalists, this should not happen. Education is the main base of development of any State or nation, as well as the healthy society and it is also important for sustainable development in the State, nation or the character building of future generations and young generation and for the citizens of India and for enhancing their moral character. Approximately before 2000 years back, British leading educationalists Lord Macaulay said, "if you want to develop any nation, you should develop its education system; and if you want to demolish or destroy a nation without a war, you should destroy its education system" and now what is becoming in Gujarat and India today ? During the last session of Parliament of India, respected HRD Minister Mr. Dharmendra Pradhan presented a report regarding status of higher education in Gujarat and various States of India and this report is very alarming. I request you to study this report and also try to improve the education system in Gujarat.

I do not want to criticize anybody or I do not want to criticize the Government but want to put some suggestions for improvement of higher education. You told that there are 30 State University, one Central University, 3 Deemed Universities, 41 State Private Universities and approximately 5041 colleges in Gujarat. In report of NEPA - National Institute for Education Planning and Administration, August, 2021 – it is written, this is report of Government of India and not from Congress party – "Over the past 7 years, Gujarat has recorded sharpest drop of 22.4% in the share of Government higher education institutions and at the same time, share of private higher education institutions in the State is raised by 20.2%, respectively in Gujarat. The report also indicates that Gujarat ranks on the position of 9$^{th}$ in the Educational Development of India. I told before also, that there are and you also told this respected House that, there are more than 75 Universities and Higher Education Institutions in Gujarat. Out of this, no University is ranked in World ranking and as per national ranking of State Universities in India, there are only 2 Universities in raking – one is Gujarat University and second is Pandit Deendayal Petroleum University. Gujarat University is established by Congress Government. So, I request you to take good action and appreciable action for improvement of higher education. માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારાના ઉદ્દેશ્યો અને કારણોમાં આપે જણાવ્યું છે કે સન ૨૦૨૧ના સદરહુ સુધારા અધિનિયમ ૧૫થી જે સુધારો કરવામાં આવ્યો હતો એની કલમ–૩ના અમલીકરણ દરમિયાન સુધારા અધિનિયમ ૧૫ના આરંભ પૂર્વે યુનિવર્સિટીઓ સાથે સદરહુ કોલેજો અને સંસ્થાઓના જોડાણ અને તેઓએ ભોગવેલા વિશેષાધિકારો પૂનઃસ્થાપિત કરવા માટે પુરસ્કર્તા મંડળની કેટલીક સહાયક અનુદાનવાળી કોલેજો અથવા સંસ્થાઓ તરફથી વિવિધ રજૂઆતો મળી છે. આપે એવું લખ્યું છે કે એના અમલીકરણ પહેલા પરંતુ મને જે પ્રમાણે માહિતી છે ઓલરેડી દક્ષિણ ગુજરાતની કેટલીક ગ્રાન્ટેબલ કોલેજોને સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીની અંદર સમાવવા માટેના ઠરાવો પણ થયા હતા, સરકાર એમાં નિર્ણય પણ લેવાની હતી પરંતુ કેટલાક વિદ્યાર્થી સંગઠનોએ એ એન.એસ.યુ.વાળા હોય કે એ.બી.પી.વાળા હોય

કોલેજોના સંચાલકો, અધ્યાપક મંડળોએ વિરોધ કર્યો અને એનું અમલીકરણ થયું નહીં અને ફરીથી આ તમે જે સુધારો લાવ્યા છો એ બહુ સારો સુધારો છે. અમે એને એપ્રીશીએટ કરીએ છીએ અને ટેકો આપીએ છીએ. જો આ સુધારો ન લાવ્યા હોત અને આ કાયદાનો અમલ થયો હોત તો જે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો છે એ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો જે રીતે આ રિપોર્ટની અંદર કહ્યું એ પ્રમાણે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની અંદર વિદ્યાર્થીઓએ ઉંચી ફી ભરવી પડી હોત એના જે અધ્યાપકો છે એને ઓન પેપર પગાર આપવામાં આવે છે. સાચો પૂરો પગાર આપવામાં આવતો નથી. આ બધી સમસ્યાઓ હાયર એજ્યુકેશનની અંદર ઉદભવી હોત પરંતુ સરકારે ચેતીને જે નિર્ણય લીધો એ સરાહનીય છે. હું થોડા સજેશન કરવા માંગું છું. હાયર એજ્યુકેશનની સાથે સંકળાયેલો છું. તમે કહ્યું કે આટલી બધી યુનિવર્સિટી બનાવી. અમે પણ તમને ટેકો આપીએ છીએ કે સારી સંસ્થાઓ બનવી જોઇએ. સેલ્ફ ફાઇનાન્સ સંસ્થા બનવી જોઇએ, પરંતુ અત્યાર સુધી ગુજરાતની અંદર આખા દેશની અંદર સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં સૌથી વધારે સંખ્યા હોય તો તે ગુજરાતની અંદર છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજોનું મોનેટરિંગ કરી શકીએ તેવી કોઇ સંસ્થા કે સરકારી સંસ્થા કે કોઇ બોડી આપણે ઉભી કરી નથી. હું વિનંતી કરું છું કે જયારે મને લાગે છે કે આ વિધાનસભા ગૃહના અને અત્યાર સુધીના જે પણ શિક્ષણમંત્રીશ્રીઓ આવ્યા એમાં સૌથી ઉંચાઇ ધરાવતા શિક્ષણમંત્રી આપ છો. એટલે હાયર એજ્યુકેશનને પણ ગુજરાતમાં ઉચ્ચ શિખરે પહોંચાડો. કોઇપણ ટીકા કર્યા સિવાય એ આપણા સૌને માટે છે. આપણે સાથે મળી શિક્ષણની અંદર જે ગેરરીતિ છે. શિક્ષણમાં સુધારો થાય તે માટે સાથે મળી એના માટે પ્રયાસ કરવો જોઇએ. હું શ્રી નરેન્દ્રભાઇ મોદી, શ્રી વિજયભાઇ રૂપાણીને અભિનંદન આપીશ. ભલે હું કોંગ્રેસમાં રહ્યો. અભિનંદન એટલા માટે આપીશ કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ડો. આદેશપાલની નિમણૂક કરવામાં આવી હતી. એમના ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો થયા. એક જ વર્ષમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા અને ભ્રષ્ટાચારના આક્ષેપોને લઇને એક જ વર્ષમાં એમને પદ ઉપરથી હટાવ્યા. એવો જ કિસ્સો અમારી નોર્થ ગુજરાત યુનિવર્સિટીમાં બન્યો. બી.એ. પ્રજાપતિને આદરણીય વિજયભાઇ રૂપાણી અને શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ એ વખતે એજ્યુકેશન મિનિસ્ટર હતા તે વખતે હટાવ્યા. આવા કડક નિર્ણયો થવા જોઇએ. શિક્ષણમાં ભ્રષ્ટાચાર ચલાવી શકાય નહિ. બીજી બાબત જે વાત કરી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કુલપતિને હટાવ્યા હતા. એ માનનીય રાજેન્દ્રભાઇ સારી રીતે સમજી શકશે. કાયદાના માણસ છે. નામદાર લોકાયુક્તે જે કુલપતિને દોષિત જાહેર કર્યા હતા. માનનીય ભૂપેન્દ્રભાઇએ વિચારવા જેવી બાબત છે. નામદાર લોકાયુકતે જે કુલપતિને દોષિત જાહેર કરેલા. જે કુલપતિને નામદાર...

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આપણે સ્કોપની બહાર ન જઇએ. તમારાં સૂચન હોય તે કહો. માત્ર સુધારા બિલ છે. કોઇ નવું બિલ નથી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : મારું સજેશન છે. હાયર એજ્યુકેશનની વાત છે.

અધ્યક્ષશ્રી : માત્ર સુધારો કહો. બોલનાર સભ્યો વધારે છે. તમારો સુધારો રજૂ કરો. પ્લીઝ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ હાયર એજ્યુકેશનના સુધારાની વાત છે. એક સજેશન કરું છું કે તેમને હટાવ્યા હતા. લોકાયુકતે એમને દોષિત જાહેર કર્યા. એમને અત્યારે બચાવવામાં આવી રહેલ છે. આવું ન થાય તે બાબતે માનનીય શિક્ષણમંત્રી પૂરતું ધ્યાન આપે. ગઇ વિધાનસભામાં એમબીબીએસની પરીક્ષાની અંદર જે રિપોર્ટ રજૂ કરવામાં જે પ્રશ્ન થયો હતો, એની તપાસ કમિટી નીમવામાં આવી હતી. એનો રિપોર્ટ હજુ સુધી આવ્યો નથી. એવા ઘણા બધા રિપોર્ટ ખબર નથી કયાં જાય છે? આપણે હાયર એજ્યુકેશનને સુધારવાની વાત કરતા હોય તો સાથે મળી વાદ વિવાદ વિના પક્ષાપક્ષી સિવાય સાથે મળી આ સુધારો કરવો જોઇએ. માનનીય મંત્રીશ્રીએ શિક્ષણની અંદર હાયર એજ્યુકેશનના સુધારાની વાત કરી. ટીચર્સ યુનિવર્સિટીની સ્થાપના કરી. બહુ સારી રીતે ટીચર્સ યુનિવર્સિટી ચાલી રહી છે. એમાં રાજ્યની જે ગ્રાન્ટેબલ અને સરકારી કોલેજો હતી એનો સમાવેશ આવ્યો, પરંતુ જે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો છે એનો સમાવેશ નથી. જે રીતે જીટીયુ યુનિવર્સિટી બનાવી અને રાજ્યની બધી ટેકનિકલ યુનિવર્સિટીઓનો જીટીયુમાં સમાવેશ કરવામાં આવ્યો. જો ટીચર્સ યુનિવર્સિટીમાં તમામ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોનો સમાવેશ કરવામાં આવે. તો જે રીતે હાયર એજ્યુકેશનનું સ્તર સુધારવાની વાત કરી. એ સુધારી શકીશું. મેં કહ્યું તેમ યુનિવર્સિટી ઉપર કન્ટ્રોલ કરી શકે તેવી આપણી પાસે કોઇ બોડી નથી. યુ.જી.સી.એ કહ્યું છે કે, દરેક યુનિવર્સિટીની અંદર, હાયર એજ્યુકેશન સંસ્થાઓની અંદર લોકાયુક્ત કે લોકપાલની નિમણૂક થવી જોઇએ. તેની પણ નિમણૂક રાજ્ય સરકાર કરે તો આપણે જે પ્રમાણે ઇચ્છી રહ્યા છીએ તે પ્રમાણે થશે. બીજી બાબત કે, નેટ કમિટી, જે પણ યુનિવર્સિટી હોય તે આડેધડ કૉલેજોને મંજૂરી આપે છે. અમારી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વાત કરું તો એક જ વર્ષની અંદર ૬૦ થી વધુ ફાયર સેફટી કૉલેજોને મંજૂરી આપવામાં આવી. આ ફાયર સેફટી તે ટેકનિકલ બાબત છે. ફાયર સેફટીની મંજૂરી આપવી હોય તો તે જી.ટી.યુ.માંથી આપવી જોઇએ તેના બદલે આવી યુનિવર્સિટીઓ પરમિશન આપે છે. તે કૉલેજોમાં પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર હોતું નથી અને તેના લીધે વિદ્યાર્થીઓને કોઇ ફાયદો થતો નથી અને સારું શિક્ષણ મળતું નથી. આવું ઉચ્ચ શિક્ષણ લીધા પછી આવા વિદ્યાર્થીઓ નિરાશા તરફ ધકેલાય છે અને છેવટે તેમને આત્મહત્યા કરવાનો વારો આવે છે. માનનીય શિક્ષણમંત્રીને વિનંતી કરું છું કે, જયારે આપણે આ સુધારા વિધેયક લઇને આવ્યા છીએ તો તેની અંદર પણ આવા સુધારા કરો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી સૌથી મહત્ત્વની બાબત કે, હાયર એજ્યુકેશનની અંદર યુ.જી.સી.એ કોઇપણ કુલપતિની નિમણૂક વધુમાં વધુ બે ટર્મ માટે થાય છે. રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે તમામ સહકારી સંસ્થાઓની અંદર સુધારો કરી તેના

ડિરેક્ટર કે ચેરમેન બે ટર્મ સુધી રાખવાનું નક્કી કર્યું છે. પરંતુ હાયર એજયુકેશનની અંદર યુનિવર્સિટીની સેનેટ કે સિન્ડીકેટની અંદર જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે તેમની આવી કોઇ સમય મર્યાદા નક્કી નથી અને તેના લીધે વારંવાર તેમાં ભ્રષ્ટાચાર થાય છે. એટલે તેના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ એક કમિટી બનાવી હતી, માનનીય વિજયભાઇ રૂપાણીએ પણ ઇમ્પ્રુવમેન્ટ ફોર હાયર એજયુકેશન નામની કમિટી બનાવી હતી. તે કમિટીએ પણ રિપોર્ટ આપ્યો છે કે, યુનિવર્સિટીની સેનેટ અથવા સિન્ડીકેટ રદ કરવી જોઇએ અથવા તેના સભ્યોની સમય મર્યાદા છે તે વધુમાં વધુ બે વર્ષ રાખવી જોઇએ. માનનીય મંત્રીશ્રીને પણ હું વિનંતી કરું છું કે, આ બધા રાજય સરકારની કમિટીએ જે રિપોર્ટ આપ્યા છે તેનું અમલીકરણ થાય. આપે જયારે શિક્ષકો અને અધ્યાપકોના હિતની વાત કરી છે, માનનીય મંત્રીશ્રી ડીંડોર સાહેબ પણ એક અધ્યાપક છે. તેમને પણ વિનંતી કરું છું કે, અધ્યાપકોના જે પણ પ્રશ્નો છે તેમાં સળંગ નોકરી ગણવાનો હોય, પાંચ વર્ષ ફીકસ પગાર પછી તે નોકરી સળંગ ગણવાનો હોય કે યુ.જી.સી.ના વિરુદ્ધ સી.એ.એસ. હેઠળ પ્રમોશન આપવાનો હોય. સાતમા પગાર પંચનો પ્રશ્ન હોય. મને સમજાતું નથી કે અધ્યાપકે હિન્દી...

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આપ સુધારાની વાત કરો. મારે પંદર સભ્યોને બોલવાની તક આપવાની છે. બધાને તક મળે, પ્લીઝ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યાપકે દસમા ધોરણની હિન્દીની પરીક્ષા પાસ કરવી પડે આવું ન હોય. એટલે આ જે નિયમો બનાવે છે તેમાં આવું કેમ થાય છે તો તેમાં ફરીથી કહું છું કે, શિક્ષણ મહત્ત્વનું છે, હાયર એજયુકેશન મહત્ત્વનું છે અને તેમાં જે નિર્ણયો લેવામાં આવે તે માત્ર અધિકારીઓના નહીં પરંતુ સારા શિક્ષણશાસ્ત્રીઓને સાથે રાખી અને નિર્ણય લેવામાં આવશે તો માનનીય મંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું છે અને તેનો જે હેતુ રજૂ કર્યો છે તે હેતુ આપણે પાર પાડી શકીશું. ફરીથી આવું સારું બિલ અધ્યાપકો અને વિદ્યાર્થીઓના હિતમાં લાવવા બદલ હું માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી અને સરકારને અભિનંદન આપું છું.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીજી સને ૨૦૨૧ નું વિધેયક ક્રમાંક–૨૧ ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતીય સુધારા વિધેયક લાવ્યા છે તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપની બહાર એકપણ શબ્દ બોલીશ નહીં. ગુજરાત રાજયના ખાનગી યુનિવર્સિટીની સ્થાપના અંગેના નિયમોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯ દરમ્યાન ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૯ અમલમાં આવ્યો. આપણે જાણીએ છીએ કે, સ્પોન્સરીંગ બૉડી દ્વારા રજૂ કરેલ દસ્તાવેજો અને અન્ય જરૂરી બાબતોની પૂર્તતા કર્યા બાદ જ રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં એકટ પસાર કર્યા બાદ ખાનગી યુનિવર્સિટીની સ્થાપના અંગેની મંજૂરી આપવામાં આવે છે. ખાનગી યુનિવર્સિટીની સ્થાપના થયેથી સ્પોન્સરીંગ બૉડીની ગ્રાન્ટ ઇન એઇડ સિવાયની કૉલેજો ખાનગી યુનિવર્સિટી સાથે જોડાય છે. ખાનગી યુનિવર્સિટીની રચના થયા બાદ ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજો જે તે સરકારી યુનિવર્સિટી સાથે એફીલીએટેડ રહે છે. તે પ્રકારની અધિનિયમ ૨૦૦૯ની કલમ–૩(૫) માં જોગવાઇ કરવામાં આવેલી. વર્ષ ૨૦૨૧માં આમાં સુધારો કરવામાં આવ્યો. ખાનગી યુનિવર્સિટીમાં તે જ સ્પોન્સરીંગ બોડીની ઘટક કોલેજો ગ્રાન્ટ ઇન એઇડ સહિતની સમાવિષ્ટ કરવા અંગે જોગવાઇ કરવામાં આવી. ગુજરાત ખાનગી યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯ની કલમ ૩(૫) હેઠળ ખાનગી યુનિવર્સિટીની ઘટક ગ્રાન્ટેડ કોલેજને ખાનગી યુનિવર્સિટી સાથે જોડાવવું ફરજિયાત નથી.

**(ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ઘે. આહિર અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટી એક્ટમાં કરવામાં આવેલા સુધારા મુખ્યત્વે ગ્રાન્ટેડ કોલેજોમાં નવા કોર્સ અભ્યાસક્રમ અથવા આ ઇનીશીએટીવ શરૂ કરવા માટેની વ્યવસ્થાનો ભાગ જ છે. ગ્રાન્ટેડ કોલેજનું મુળભૂત સ્ટેટસ્ બદલાય છે એવું સંપૂર્ણ એકટમાં ક્યાંય સરકાર દ્વારા જણાવવામાં આવેલ નહોતું, આમ છતાં અધ્યાપકો વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંઘો દ્વારા વિવિધ પ્રશ્નો અંગે સરકારશ્રીમાં જે તે સમયે રજૂઆત કરવામાં આવેલી. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ નેશનલ એજ્યુકેશનલ પોલિસીમાં પણ મલ્ટી ડીસીપ્લીનરી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનાને પ્રોત્સાહન આપવામાં આવે છે. સાથે સાથે શૈક્ષણિક સ્તરને ગુણવત્તાયુક્ત બનાવવા પી.પી.પી. હેઠળ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવા જણાવેલ છે. આમ નેશનલ એજયુકેશનલ પોલિસીની બાબતોને ધ્યાને લઇને તથા ખાનગી યુનિવર્સિટીની સ્પોન્સરીંગ બોડીની તમામ કોલેજો એકજ યુનિવર્સિટી સાથે જોડાયેલી રહે અને તેઓની વહીવટી સરળતા માટે તથા ખાનગી યુનિવર્સિટીની રજૂઆતોને ધ્યાને લઇને રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૧માં સુધારો કરવામાં આવેલ. વિધાનસભાના આ સત્ર પહેલાં અધ્યાપક મંડળો, વિદ્યાર્થી મંડળો દ્વારા સરકારશ્રીને પગારનું રક્ષણ, સર્વિસના નિયમો, નોકરીની સ્થિરતા, રજાના નિયમો વિગેરે બાબતે રજૂઆત કરવામાં આવેલી. સુરતમાં અમારા દ્વારા પણ આ પ્રકારની રજૂઆત કરવામાં આવેલી અને તત્કાલિન શિક્ષણમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને પણ એ વખતે અમો સર્વેએ રજૂઆત કરેલી. અમારી સરકારે એ રજૂઆતોને ધ્યાને લઇને, વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને તથા ઉચ્ચ શિક્ષણના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને સુધારેલી જોગવાઇને તાત્કાલિક અસરથી દૂર કરવા માટે તારીખ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૧ના આ બાબતે વટહુકમ પ્રસિદ્ધ કરેલ. આ અધ્યાદેશને હવે કાયદાનું સ્વરૂપ

આપવા માટે આ બિલ લાવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહને મારું નમ્ર નિવેદન છે કે પ્રસ્તુત વિધેયકને સર્વાનુમતે સભાગૃહની મંજૂરી આપવામાં આવે, ધન્યવાદ.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજના દિવસની કામકાજની યાદી પૈકી બે બિલો પૂરા થાય ત્યાં સુધી હાઉસનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય આજના દિવસની કામકાજની યાદી પૈકી બે બિલો પૂરા થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખાનગી યુનિવર્સિટી વિધેયક-૨૦૦૯માં જે પસાર કરવામાં આવ્યું હતું તેમાં ગ્રાન્ટ ઇન એઇડ કે જેમાં સરકાર જેને ગ્રાન્ટ આપે છે તેવી જે કોલેજો છે, તેવી જે સંસ્થાઓ છે તેને જે તે વખતે બાકાત રાખવી જોઇતી હતી પરંતુ તેને પણ ખાનગી યુનિવર્સિટીમાં Affiliation કરવામાં આવ્યું અને તેના કારણે કોલેજોના પ્રોફેસરો, કોલેજોના સ્ટુડન્ટોએ ખૂબ ઉહાપોહ કર્યો અને સરકારને પછી સરળતા ખાતર નહીં પણ સરકારને એક દબાણ આવ્યું અને આ દબાણને કારણે તેમને આ નિર્ણય કરવો પડયો અને આ જનતાના હિતમાં કરવો જરૂરી હતો.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં પ્રશ્નો ઘણાં હતા યુ.જી.સી.ની ગ્રાન્ટ, પગાર, છોકરાઓની સ્કોલરશિપ અને ખાસ કરીને જે ગરીબ છોકરાઓ છે તે ખાનગી કોલેજોમાં જાય, ખાનગી યુનિવર્સિટીમાં Affiliate થાય તો એ ભણવામાં તેમને ખૂબ મુશ્કેલી પડે અને આ બધી બાબતોને ઘ્યાનમાં રાખી અને આ બિલ લાવવામાં આવ્યું છે. સરકાર એમાં નમી અમે આ બિલમાં શિક્ષણ મંત્રીશ્રીને સપોર્ટ કરીએ છીએ પણ સીધી રીતે જો પહેલેથી થયું હોત તો તો કદાચ અમને ખૂબ આનંદ થાત પણ જયારે મુશ્કેલી પડે છે ત્યારે ત્યારે નિર્ણય કરો છો તે યોગ્ય નથી. કારણ કે હમણાં જ એવું થયું કે પ્રાથમિક શાળામાં શિક્ષકોને પણ ૧૦ થી ૬ સુધી શાળામાં હાજરી આપવાનો નિર્ણય કર્યો. એટલે આખા ગુજરાતના શિક્ષકોએ ઉહાપોહ કર્યો અને છેવટે સરકારે અઠવાડિયામાં ફરી પાછો નિર્ણય બદલવો પડયો તો આવો નિર્ણય આપણે શું કામ કરીએ છીએ ? એક એવો નિર્ણય કરો કે જે બધાના હિતમાં હોવો જોઇએ પણ આપણને જયારે દબાણ આવે ત્યારે નિર્ણય કરીએ છીએ તે મને લાગે છે કે યોગ્ય નથી. ખાસ કરીને અત્યારે જે ગામડાંઓની પરિસ્થિતિ છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી તો ખાનગી યુનિવર્સિટી તરફ વધારે સારી અને એવી રીતે ગૃહનું ઘ્યાન દોર્યું પણ મને એમ લાગે છે કે, જયાં સુધી સરકારી યુનિવર્સિટીઓ ડેવલપ થશે નહીં ત્યાં સુધી ગરીબ માણસો, ગરીબ અધ્યાપકોને તેમાં નોકરીઓ મળવાની અને તેની સરળતા રહેશે નહીં એટલે મારે શિક્ષણ મત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, જે જે તાલુકાઓમાં સરકારી કોલેજો નથી તેનો અભ્યાસ કરવામાં આવે. આજની તારીખમાં ઘણા એવા તાલુકાઓ છે કે જ્યાં સરકારી કોલેજો ન હોવાના કારણે બાળકો ભણી શકતાં નથી, છોકરાઓ સ્કૂલમાં જતાં નથી અને જે પ્રાઇવેટ સ્કૂલો છે, કોલેજો છે તેમાં ફીના કારણે જતાં નથી. એટલે અગાઉના શિક્ષણ મંત્રીશ્રીને પણ મેં રજૂઆત કરી હતી એવી અમારી ભિલોડા અને ઘણી કોલેજો છે જે ગામડાઓ છે, તાલુકાઓ છે તે તાલુકાઓમાં કોલેજો નથી તો તેમાં વ્યવસ્થા કરવી જોઇએ. હવે આ નથી કરતા તેના કારણે અમારું શિક્ષણનું સ્તર જે છે તે ધીરે ધીરે કથળતું જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે છેલ્લાં ઘણા સમયથી જોઇ રહ્યાં છીએ કે સરકાર તરફથી સહાય મળતી નથી. એક બાજુ ફી વધારે છે અને લોકો ખાનગી તરફ વધારે જાય છે. આખા ગુજરાતમાં કોરોના કાળ સમય દરમિયાન મોટાભાગનાં ગુજરાતના માણસો ફી ઘટાડો, ફી ઘટાડવા માટે બહુ જ માથાકૂટ કરી પણ સરકાર નિર્ણય કરી શકી નહીં. વાલીઓ આટલી બધી બૂમાબૂમ કરે છતાં પણ ફીનું ધોરણ નીચું લાવવાનો કયાંક નિર્ણય કરે પણ ફરી પાછું પેલી ખાનગી સંસ્થાવાળાનું દબાણ આવે એટલે પાછું હતું તેનું તે થઇ જાય. મારી સરકારને વિનંતી છે કે, જે કંઇ કરો શિક્ષણ એ પાયાની સુવિધાઓ છે તે આપવી ફરજિયાત છે અને તે શિક્ષણ મફત મળવું જોઇએ તે મળી શકતું નથી. લગભગ રૂપિયા ૩૨ હજાર કરોડ જેટલી સૌથી વધુ ગ્રાન્ટ જો સરકાર તરફથી જતી હોય તો એ શિક્ષણ વિભાગની હોય છે. આપણે શ્રી નીતિનભાઇનો આભાર માનીએ કે આટલી મોટી ગ્રાન્ટ આપી છે. પણ આ ગ્રાન્ટનો ઉપયોગ સરકારી સંસ્થાઓના ડેવલપમેન્ટ માટે થવો જોઇએ તેના બદલે ઉંઘું થાય છે પ્રાઇવેટ કોલેજોને, પ્રાઇવેટ યુનિવર્સિટી એ તરફ જાય છે એટલે મારી સરકારને વિનંતી છે કે, ખાનગીના બદલે હવે જે સરકારી ગામડાઓ, તાલુકાઓ લેવલે જે તકલીફ છે ત્યાં થોડું ઘ્યાન આપવામાં આવે. ખાસ કરીને જે અમારા રાજયકક્ષાના મંત્રીશ્રી પણ જયારે કોલેજના પ્રોફેસર છે ત્યારે કોલેજમાં અત્યારે હાલત એવી છે કે, ઘણા કોલેજના પ્રોફેસરો પાંચ-પાંચ, છ-છ વર્ષ સુધી કરાર આધારિત છે. આમ તો આપણે બધા પણ કરાર આધારિત છીએ. પાંચ વર્ષના કરાર આધારિત છીએ. શ્રી નીતિનભાઇ, કયારે શું થાય છે તે કહેવાતું નથી. એટલે પેલા લોકો જયારે કાયમી કાલેજોમાં છે, કરાર આધારિત છે તેમને પાંચ વર્ષથી વધારે હોય તો કાયમી કરો તો વ્યવસ્થિત છોકરાઓને ભણાવી શકે. હવે આ નહિ કરો તો એ ક્યાં જશે? હવે એ બધાંની ઉંમર થવા આવી છે. આપણે સમયસર નિર્ણય લેતા નથી એના કારણે પ્રોફેસરોને યોગ્ય ન્યાય મળતો નથી. આવી ઘણી બાબતો છે. ખાસ કરીને ફી બાબતે વિનંતી છે. બિલને અમે સમર્થન આપીએ છીએ પણ હાઇસ્કૂલમાં અને કૉલેજોમાં જે ફી છે એ ઘણી વધારે

છે. અમારે ગામડાંમાં તો એ મુશ્કેલી છે કે સ્કૂલો બંધ થતી જાય છે અને શહેરોમાં સ્કૂલો ચાલુ રહે છે પણ ફી વધારે છે. શહેરમાં પહેલાં ધોરણના છોકરાની રૂ.૧ લાખ ફી આપવી પડે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપની બહાર બોલાઇ રહ્યું છે. આપનું કોઇ પણ સૂચન હોય એ મને અંગત રીતે મળીને કહી શકો છો. આપણે રાજ્યના હિતમાં ચોક્કસ કાર્યવાહી કરીશું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે કહેવું પડે છે કે અમારે ત્યાં આ વર્ષે લગભગ ૧૦ હાઇસ્કૂલો બંધ થાય છે કારણ કે, ત્યાં શિક્ષકો નથી મૂકતા. મારી વિનંતી છે કે જિલ્લા શિક્ષણાધિકારીને તપાસ કરાવવા મોકલો કે આ સ્કૂલો બંધ કેમ થાય છે? આપણી પાસે આટલી બધી ગ્રાન્ટ હોવા છતાં આ મેનેજ ના થઇ શકે તો એ ખૂબ જ દુ:ખની વાત છે. અમારી પાસે ટ્રાયબલની અલગ ગ્રાન્ટ હોય છે. ફરી વખત આ બિલને હું સમર્થન આપું છું પણ સાથે–સાથે ફીમાં ઘટાડો કરો એવી અમારી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ડો. જોષીયારા સાહેબે કહ્યું એમ આ કરાર આધારિત નોકરી અમારા શ્રી નીતિનકાકા અને શ્રી રૂપાણી સાહેબ જેવી છે અને આઉટસોર્સમાં અમારે શ્રી જવાહરભાઇ અને શ્રી કુંવરજીભાઇ જેવું થાય. આનો પણ ક્યાંક કાયમી ઉકેલ આવે એવું કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રી પરેશભાઇને કહેવું છે કે આપના અનેક રાજ્યો છે. પંજાબ, છત્તીસગઢ, રાજસ્થાન એમાં કેવી રીતે સત્તા ટ્રાન્સફર થાય છે અને અમારા આદરણીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના કેવા સંસ્કારો છે અને અન્ય રાજ્યોના કેવા સંસ્કારો છે અને ત્યાં કેવી રીતે સત્તા ટ્રાન્સફર થાય છે એનો અભ્યાસ તમારે કરવાની જરૂર છે. હું મારા આગેવાનો અને મંત્રીઓને અભિનંદન આપું છું.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આ વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે આપની નિમણૂક થઇ અને આપ અધ્યક્ષસ્થાને બિરાજ્યા છો ત્યારે હું સમગ્ર સભાગૃહ તરફથી આપને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. માનનીય શિક્ષણમંત્રીશ્રી ગુજરાત રાજ્યની ખાનગી યુનિવર્સિટીઓનું સુધારા અંગેનું જે બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપીને મારા વિચારો વ્યક્ત કરું છું. જોષીયારા સાહેબે પણ આ બિલને સમર્થન આપ્યું છે. ગુજરાતમાં શિક્ષણ માટે જે રીતે વાલીઓ અને વિદ્યાર્થીઓની ભૂખ છે એ સંતોષવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. મારે આજે કહેવું પડે કે ગુજરાતના વિદ્યાર્થીઓને મહારાષ્ટ્રમાં એડમિશન માટે જવું પડતું હતું કારણ કે, મહારાષ્ટ્રમાં ખાનગી યુનિવર્સિટી અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો હતી. ગુજરાતના વિદ્યાર્થીઓને રાજસ્થાન એડમિશન માટે જવું પડતું હતું કારણે કે, ત્યાં ખાનગી યુનિવર્સિટી અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો હતી. મહારાષ્ટ્રના તાલુકા કક્ષાના ગામડાઓમાં ખાનગી એન્જિનિયરીંગ કૉલેજો ચાલતી હતી. હું આજે નરેન્દ્રભાઇ મોદીને એટલા માટે અભિનંદન આપું છું કે પહેલીવાર ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટી અંગેનું બિલ લાવીને ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતમાં શિક્ષણ મળે એ માટેની સુવિધા આપવાનું કામ આ દેશના વડાપ્રધાન અને આપણા ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય શિક્ષણની સાથે સંકળાયેલો છે. આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ અને ગુજરાતના વાલીઓને તેમના સંતાનોને ભણાવવા છે. તમે દેશના કોઈ પણ ખૂણે જાઓ, વર્ષ ૨૦૦૯ પહેલા મોટાભાગની કૉલેજમાં ગુજરાતના વિદ્યાર્થીઓ ભણતા હતા. એક તો વાલીને સતત ચિંતા રહે કે, મારા દીકરાને ત્યાં કયા પ્રકારની પરિસ્થિતિ હશે, ત્યાંના વાતાવરણ સાથે સેટ થવાનું, ગુજરાતમાં તે દિવસોમાં અને આજે પણ મુશ્કેલી એ છે કે, આપણે ત્યાં નશાબંધી છે. પડોશના રાજ્યોમાં નશાબંધી ન હતી. ત્યાં ખાનગી શિક્ષણ અને ખાનગી કૉલેજ હતી. પૂછો, કેટલાક વાલીઓને કયા પ્રકારની પરિસ્થિતિ પેદા થઈ હતી અને તેમાંથી ગુજરાતના વિદ્યાર્થીઓને બચાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય મંત્રીશ્રી આ સુધારા વિધેયક બિલ લઈને આવ્યા છે ત્યારે મારે એમને અભિનંદન આપવા છે. ભાઈ શ્રી કિરીટભાઈ તમે જે વાત કરી તેમાં પ્રાઈવેટ યુનિવર્સિટીઓને આપણે જે માન્યતા આપી એ મોટાભાગની નવી યુનિવર્સિટીઓ હતી કે જેણે પોતાનું સેટઅપ કરીને આ યુનિવર્સિટીની શરૂઆતો કરી હતી. આ વખતે જે કેટલીક યુનિવર્સિટીઓને માન્યતા આપવામાં આવી એમાં એક સાર્વજનિક એજ્યુકેશનલ સોસાયટી જે દોઢસો વર્ષ પુરાણી સોસાયટી હતી અને એસએનડીટી યુનિવર્સિટી એ પણ વર્ષો જુની કોલેજ હતી અને યુનિવર્સિટી હતી એટલે આ બંને કૉલેજોને લીધે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી બનતાં સાર્વજનિક એજ્યુકેશનલ સોસાયટીને લગભગ આઠથી દસ જેટલી કૉલેજોનો અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં પણ ત્રણથી ચાર જેટલી કૉલેજોનો આ પ્રશ્ન ઊભો થયો. જોડો પહેરે એને ડંખે, હવે જે ચપ્પલમાં ફરતા હોય એને ક્યાંથી ખબર પડે કે જોડો ક્યાંથી ડંખવાનો છે? અમને અમારી મુશ્કેલી ખબર પડી. આ મુશ્કેલી છે તો તેને નિરાકરણ કરવાના પ્રયત્નો કર્યાં. યુનિવર્સિટી મંડળોએ રજૂઆત કરી, અધ્યાપક મંડળોએ રજૂઆત કરી, વિદ્યાર્થી યુનિયનોએ રજૂઆત કરી. કારણ કે આ બનવાના લીધે કેટલીક યુનિવર્સિટીઓએ દા.ત., કોઈ વિદ્યાર્થી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં દાખલ થયો હોય આના લીધે તેને છેલ્લે બીજી યુનિવર્સિટીનું સર્ટિફિકેટ મળે અને એ જ પ્રકારની પરિસ્થિતિ એસએનડીટી યુનિવર્સિટીની પણ થાય. ગ્રાન્ટેડ કૉલેજોના પ્રૉફેસરોના રક્ષણના ઘણા પ્રશ્નો આવે એટલે સમસ્યાઓનું સમાધાન કરનારી સરકાર જ લાંબો સમય ટકી શકે એ નક્કી છે. આવી જેટલી જેટલી સમસ્યાઓ આવી છે એ સમસ્યાઓનું સમાધાન કરવાના અમે પ્રયત્ન કર્યા છે અને એટલા માટે હું ખાસ કહીશ કે, ગુજરાતમાં મેક્સિમમ ખાનગી યુનિવર્સિટીઓ છે. હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે રાષ્ટ્રમાં જે કેટલીક

યુનિવર્સિટીઓની પસંદગી થઈ છે એમાં ગુજરાતની યુનિવર્સિટીઓની પણ પસંદગી થઈ છે ત્યારે આ ગુજરાતની યુનિવર્સિટીઓનું શિક્ષણ સમગ્ર રાષ્ટ્રમાં એનું કારણ છે. આપણે અત્યારે LPGના જમાનામાં છીએ. I am not talking about LPG gas, I am talking about Liberalization, Privatization, Globalization. એમાં તમારે ટકવું હશે તો ઉચ્ચ શિક્ષણ અને ક્વૉલિટી શિક્ષણ જરૂરી છે. એટલા માટે આ ઉચ્ચ શિક્ષણ અને ક્વૉલિટી શિક્ષણ આપતી સંસ્થાઓ અને ખાનગી યુનિવર્સિટીઓને ગુજરાતમાં આપણે જે પરવાનગી આપી છે તેમાં જ્યાં ક્યાંય મુશ્કેલી ઊભી થાય એ મુશ્કેલીઓને દૂર કરવાના પ્રયત્નો અમારા શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ પણ કરતા હતાં. અમે રજૂઆત કરીએ એટલે અમને શાંતિથી સાંભળે, કારણ કે લાંબા સમય સુધી એમણે શિક્ષણનો ભાર સંભાળ્યો છે અને હવે અમારા ભાઈ શ્રી જીતુભાઈ વાઘાણી જ્યારે શિક્ષણની સાથે સંકળાયા છે ત્યારે હું એટલું કહીશ કે અમારી સરકાર પારદર્શી સરકાર છે. Transfer with Transparency. આમાં ક્યાંય કોઈ જગ્યાએ દાબ-દબાણ આપીને કોઈકની પાસે બેસીને નક્કી કરવાનું નથી. જે થયું એ અમે સ્વીકાર્યું છે અને આ એક શિસ્તબધ્ધ પાર્ટી છે એટલે અમારા માટે પાર્ટી સર્વોપરી છે. એ જે નિર્ણય કરે તે સ્વીકાર્ય છે. આજે જ્યારે આ બિલ ગૃહમાં રજૂ થયું છે ત્યારે આ સુધારાને સમર્થન આપીને મારી વાતને પૂર્ણ વિરામમાં મૂકું છું. 'જય હિંદ' 'જય ગુજરાત' 'જય જય ગરવી ગુજરાત'.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માન. મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક વર્ષ ૨૦૨૧ લઈને આવ્યા છે. એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના તજજ્ઞ અને બુદ્ધિજીવી માનનીય સદસ્યશ્રી એ કહ્યું કે જેને જોડો ડંખે એને ખબર પડે. આ વાત સાચી છે પણ જોડો ડંખતો હોય તો જોડો બદલી નંખાય. પહેરનારને ના બદલાય. અહીં તો જે જોડા પહેરનાર હતા એ તમામ બદલાઈ ગયા અને જોડા એમનેમ જ રહ્યા. આ વિધેયકમાં પણ એવું જ થયું છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯માં સુધારા બાબતનો કાયદો લાવ્યા છે એમાં છ મહિના પહેલાં કે ૮ મહિના પહેલાં આ કાયદાના ઉદ્દેશો અને કારણો બતાવ્યા હતા એ ઉદ્દેશો અને કારણો સાથે આજે આ છ મહિના પછી ફરીથી સુધારા વિધેયક લાવ્યા છો એમાં તાલમેલ થતો હોય એવું લાગતું નથી. એ વખતે અમે વિપક્ષ તરીકે કેટલાક સકારાત્મક અને પોઝિટીવ સૂચનો કરતા હોઈએ છીએ ત્યારે બિલકુલ ગણકારતા નથી અને આ સરકાર એનું ધાર્યું જ કરે છે. એ વખતે પણ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના સંચાલકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓએ તમને રજૂઆત નહોતી કરી? એનો મતલબ એ થયો કે એ વખતે ખાનગી યુનિવર્સિટીવાળાએ તમને રજૂઆત કરી હતી કે આ કોલેજો અમને આપી દો એટલે અમને સારું પરવડે અને અમારો *(xxx) અને અમે સારો વિકાસ કરી શકીએ. પણ જે થયું એ. *(xxx) તમે જે નિર્ણયો કર્યા એમાં મારે પડવું નથી. પણ અત્યારે તમે જે સુધારો લઈને આવ્યા છો એમાં શબ્દોની જ મારામારી છે. પણ એ શબ્દોની મારામારીમાં આખા ગુજરાતના વહીવટમાં, ગુજરાતની આન, બાન અને શાનમાં, ગુજરાતના શિક્ષણ અને આરોગ્યને લગતી કામગીરી કરતી સરકારની પ્રતિષ્ઠામાં કેટલી ઝાંખપ આવે છે એ આ શબ્દોથી સમજાય છે. સહાયક અનુદાનવાળી કોલેજો અને સંસ્થાઓ સિવાયની એ જે શબ્દો હતા એ આ સુધારામાં સહાયક અનુદાનવાળી કોલજો અને સંસ્થાઓ સિવાયની પુરસ્કૃત મંડળની ઘટક કોલેજો અને સંસ્થાઓ એ શબ્દો મૂકવા. સરકારે એ વખતે કોઈ વિચારણા કર્યા વગર જ નિર્ણય કર્યો હતો. જ્યારે પણ કોઈપણ કાયદાઓને લગતા સુધારાઓ જેવા કે, શિક્ષણ, આરોગ્ય અને મહેસૂલને લગતા સુધારાઓ આવે ત્યારે એ સુધારાની સાથે સંકળાયેલા તજજ્ઞો, અધિકારીઓ, નિવૃત્ત અધિકારીઓ, રાજ્યની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ, સંચાલકો, પૂર્વ વાઈસ ચાન્સેલરો, ચાન્સેલરો, અધ્યાપક મંડળો, વિદ્યાર્થી મંડળો, સિંડીકેટ આ બધાની સાથે ચર્ચા-વિચારણા કરીને સુધારા-વધારા કરવા જોઈએ. પરંતુ સરકારે એક જ દિશામાં પ્રાઈવેટાઈઝેશનની જે હોડ લગાવી છે એના કારણે ટૂંકાગાળાના ફાયદા થતા દેખાશે. પરંતુ, લાંબાગાળે ગુજરાતની પ્રજાને ખૂબ મોટું નુકસાન થવા જઈ રહ્યું છે અને એમાં ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યની વાત કરતા હોઈએ ત્યારે પ્રાઈવેટાઈઝેશનમાંથી થોડી મુક્તિ અપાવવી જોઈએ. કારણ કે, ગુજરાતની પ્રજા જેટલી દેખાય છે એટલી સુખી નથી. અહીંયા પણ બી.પી.એલ. લાભાર્થીઓ વસે છે. ગુજરાતની છ કરોડ જનતામાં ૧૫ ટકા હજી આદિવાસી સમાજ વસે છે.

દસેક ટકા શિડ્યુલ્ડ કાસ્ટ સમાજ વસે છે. ૫૦ ટકા કરતાં વધારે અધર બેકવર્ડ ક્લાસ, આર્થિક રીતે નબળા વર્ગના લોકો આ ગુજરાત રાજ્યમાં વસે છે. ૧૦થી ૧૫ ટકા સુખી સમુદાય પણ વસે છે. સુખી સમુદાયને ભણવા માટે પ્રાઈવેટ કોલેજો, પ્રાઈવેટ યુનિવર્સિટીઓ, પ્રાઈવેટ સંસ્થાઓ, પ્રાઈવેટ ટયુશનો કરી શકે, એમાં કોઈ ખોટું નથી. પરંતુ એમના માટે જ અને એ થઈ છે તો જ બધાનો વિકાસ થશે, એવું માનીને સરકાર જે ચાલી રહી છે એના કારણે આજે આ એક સુધારો જ લાવવો પડેલ છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી, આવતીકાલે ખાનગી યુનિવર્સિટીઓ નાબૂદી કરવાનો પણ સુધારો લાવવો પડશે. આવતીકાલે શૈક્ષણિક સંસ્થાઓનું જે વેપારીકરણ થયું છે એને દૂર કરવા માટે હવે પછીના વર્ષોમાં હવે પછીની વિધાનસભામાં એક પછી એક આવા સુધારા લાવવા પડશે એ મને ચોકકસપણે દેખાઈ રહ્યું છે. એટલે આ સુધારો લાવ્યો છે એટલે મોડા તો મોડા અને જાગ્યા ત્યારથી સવાર અને તમે તો જાગેલા હતા એટલે તો તરત બેસાડ્યા હશે. એટલે જાગ્યા ત્યારથી સવાર. માનનીય મંત્રીશ્રી જે સુધારો લઈને આવ્યા છે એ સુધારાનો વિરોધ ન કરી શકીએ. કારણ કે અમે પેલામાં વિરોધ કર્યો હતો એ વિરોધ કર્યો તે પ્રમાણે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ વખત થયું છે. એટલે આનો વિરોધ કરતા નથી. અનુમોદન તો આપીએ છીએ પણ ભવિષ્યમાં આવું ન થાય અને આપના ટૂંકાગાળાના સુધારા-વધારાના કારણે ગુજરાતની જનતા, ગુજરાતના લોકો, ગુજરાતના અધ્યાપકો, ગુજરાતના અધ્યાપક મંડળો, ગુજરાતની શૈક્ષણિક સંસ્થાના સંચાલકો, ગુજરાતના વિદ્યાર્થીઓ અને ગુજરાતના સરવાળે વાલીઓ આર્થિક રીતે ભીંસમાં ન મુકાય એટલે ભવિષ્યમાં આવી ભૂલ ન કરતાં એ અનુમોદન સાથે આપના સુધારાને હું ટેકો જાહેર કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્ય શ્રી લલિતભાઇ કગથરા. એક મિનિટ લલિતભાઇ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે ગ્રાન્ટેબલ કોલેજોને સેલફાઇનાન્સ સાથે જોડી દો એવું ખાનગી યુનિવર્સિટીવાળાએ કહ્યું અને અમારો *(xxx) એટલે *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી લલિતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માગું છું. ખાસ કરીને, આ શુભ શરૂઆત કહો કે આજના દિવસે નવા મંત્રી મંડળમાંથી જૂના મંત્રી મંડળના નિર્ણયો ફેરફાર કરવાનો આ પહેલો નિર્ણય છે, એના પણ હું આ નવા મંત્રી મંડળને અભિનંદન આપું છું.

અત્યાર સુધી કોગ્રેંસના શાસનમાં લેવાયેલા નિર્ણયો હોય એમાં કંઇ ફેરફાર કરતા હોય પણ હવે ભારતીય જનતા પાર્ટીએ શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારમાં લેવાયેલા નિર્ણયોનો ફેરફાર કરવાની આ શરૂઆત કરી છે એટલે પણ હું એમને અભિનંદન આપું છું. ખાસ કરીને, વર્ષોથી આપણે જોતાં આવીએ છીએ કે શિક્ષણ મહાજનનો એક દાનનો વિષય હતો. ઘણા વર્ષોથી આ ગુજરાતમાં *(xxx) આજે તમે વિચાર કરો કે એક મધ્યમવર્ગનો જે માણસ છે, ફેમિલી છે એનું ૭૫ ટકા બજેટ શિક્ષણ પાછળ વપરાય છે અને જયાં જાય ત્યાં ખાલી ખાનગી સ્કૂલો. આજે સરકારશ્રી શિક્ષણ અને આરોગ્ય તરફ દુર્લક્ષ્ય સેવતી હોય અને પ્રાઇવેટલાઇઝેશન તરફ જઇ રહી હોય એવું સરકારશ્રીમાં દેખાઇ રહ્યું છે. એટલા માટે હું આજે યાદ કરીશ કે, શ્રી કે.પી.શાહ હોય, શ્રી ગુલાબચંદ તલકચંદ શેઠ હોય, શ્રી વિરાણી શેઠ હોય કે મારા પડદરીના પનોતા પુત્ર શ્રી દિપકચંદ ભાઇ ગાર્ડી હોય આ તમામ લોકો શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરતાં હતા. જયારે આજે આપણે પ્રાઇવેટ સંસ્થાઓ, પ્રાઇવેટ યુનિવર્સિટીની વાત કરી અને અહીંયા જે તમામ આઇ.એ.એસ. ઓફિસરો બેઠેલા છે એમને પૂછો કે એ બધા જ કોંગ્રેસની સ્થાપેલી યુનિવર્સિટીઓમાંથી ઓફિસર થઇને આવ્યા છે, કોઇ પ્રાઇવેટ યુનિવર્સિટીમાંથી હજી સુધી અહીંયા પહોંચ્યા નથી. મારો કહેવાનો મતલબ એ છે સાહેબ, માનનીય નવા શિક્ષણમંત્રીને મારે કહેવું છે કે ગ્રાન્ટેડ અને માધ્યમિક, ઉચ્ચ માધ્યમિકની હું વાત કરી રહ્યો છું. અત્યારે તમામ આ ગ્રાન્ટેડ સ્કૂલો છે, એમાં સાહેબ એક-એક શિક્ષક છે. આપનું ધ્યાન દોરું કે, આપની પાર્ટીના ઉપાધ્યક્ષ શ્રી જેન્તીભાઇ કવાડીયાનું ગામ છે ઘનશ્યાગઢ. જયાં ગ્રાન્ટેડ સ્કૂલો, માધ્યમિક સ્કૂલો બંધ કરવાનો વારો છે કારણ કે શિક્ષકો નથી. મારા વિસ્તારાની અંદર થોરાડા ગામ છે, રાજપર ગામ છે. આ બધા જ ગામમાં એક- એક શિક્ષક છે. હમણાં જ હું ત્યાં વિઝીટે ગયો હતો, એ બે મહિનામાં રિટાયર્ડ થાય છે. આપણે ગયા વખતે પ્રવાસી શિક્ષક આપ્યા હતા, એ પ્રવાસી શિક્ષક પણ આ વખતે આપવાની ના પાડી દીધી છે. એટલે આ બધી જ પરિસ્થિતિમાં શિક્ષકો માટે સ્કૂલો બંધ થતી હોય એવી પરિસ્થિતિ આ ગુજરાતમાં છે. આ માધ્યમિક શિક્ષણની વાત કરી રહ્યો છું. જી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ જે પોલિટિકલ ઓબ્ઝર્વેશન થઇ રહ્યાં છે અને સરકાર વિરૂદ્ધની જે વાત થઇ રહી છે, હકીકતમાં હાલ બિલનો વિષય ચર્ચા પર છે. જયારે બિલનો વિષય ચર્ચા પર હોય એટલે વિધીન ધ લિમિટ અને વીધીન ધ ફ્રેમ વાત થવી જોઇએ, તમે જે હાલ વાત કરી રહ્યા છો...(અંતરાય)

શ્રી લલિતભાઇ કગથરા : આ શ્રી વિજયભાઇની સરકારમાં બિલ લાવ્યા હતા.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ હું કહું. (અંતરાય) શ્રી લલિતભાઇ હું વાત કરું. કોઇ નવો નિર્ણય નથી, અગાઉ વટહુકમ થઇ ચૂકેલ છે એને વિધેયકનું સ્વરૂપ આપવામાં આવી રહેલ છે. એટલો જ આ વિષય છે. આમ છતાં હું વિરોધપક્ષના અને બધા સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તમારા શિક્ષણની બાબતના પ્રશ્નો હશે, અમારા વડીલ શ્રી ભૂપેન્દ્રસિંહજીએ તમને સરસ રીતે સાંભળ્યા છે અને નિર્ણયો પણ કર્યા છે. સમાજના હિતમાં જે કરવું ઘટે એ ફરીવાર કહું છું કે આપણે સાથે મળીને તમને દેખાય એ પ્રકારે સાથે મળીને કરીશું પણ અત્યારે આ બિલ પૂરતો આટલો જ વિષય છે. તેના સ્કોપમાં રહીએ તો વધારે સારું એવી મારી સર્વે સભ્યોને વિનંતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો, અમારા કાકાને હજી માથેથી બુકાની ઉતારીને ગુગલી ફેંકી. સવાલ એ છે કે આ નાનો એવો સુધારો આખા રાજયના છેવાડાના વ્યક્તિને સ્પર્શનારો મુદ્દો છે. ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક સરકારી શાળા અને કોલેજોમાં ભણેલા લોકોએ ખાનગી યુનિવર્સિટીની વ્યવસ્થા શરૂ કરી. ખાનગી યુનિવર્સિટી તેના હવાલે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મૂકવાની ભૂતકાળમાં ભૂલ થઇ અને એ ભૂલને સુધારવા માટે સરકાર આ બિલ વિધાનસભા સમક્ષ લઇને આવી છે. કોઇ કાયદામાં એક શબ્દથી અર્થ અને અનર્થ બન્ને થતા હોય છે ત્યારે સરકારે આ બિલનો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દાયરો સિમિત સમજવો જોઇએ નહીં, અમે કહીએ કે આ બિલમાંથી ખાનગી શબ્દ કાઢી નાંખો અમે શિક્ષણ વિભાગને ટેકો આપીએ. ખાનગી કોલેજો, યુનિવર્સિટી કે સ્કૂલ નથી જોઇતી, ફી માફિયા નથી જોઇતા, શ્રી જીતુભાઇ આગળ વધો આખી વિધાનસભા અને કોંગ્રેસ પક્ષ તમારી સાથે છે. આ ખાગનીકરણનો વિરોધ છે. સરકારી શાળા અને કોલેજોને આપણે ખાનગી યુનિવર્સિટીના હવાલે મૂકવાની ભૂતકાળમાં ચેષ્ટા થઇ, તમે સુધારી રહ્યા છો એટલે અમે સકારાત્મક રીતે સરકારને સમર્થન આપ્યું છે, તો મારી વિનંતી છે કે આને ટિકા–ટિપ્પણના સ્વરૂપે નહીં, વિરોધપક્ષના સભ્યો જે જમીની હકીકતો સરકારના ધ્યાન સમક્ષ લાવી રહ્યા છે (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : મારા જવાબમાં હું આપીશ.

શ્રી પરેશ ધાનાણી : શ્રી જીતુભાઇ, સાંભળી લો. એક જ મિનિટ. પ્રાથમિક શાળામાં ભરતી નહીં થાય તો કોલેજમાં ક્યાંથી આવશે? પ્રાથમિકમાં ભરતી થનારો જ કોલેજમાં પહોંચવાનો છે. આ સરકારની ભૂતકાળની ભૂલોએ સો લોકો પ્રાથમિક શાળામાં દાખલ થાય તો પંદર જ લોકો ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શકે આ આપણા સૌની ચિંતાનો વિષય છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ અલગ દિશામાં લઇ જવાનો પ્રયાસ થાય છે. શ્રી પરેશભાઇ, આપે કહી દીધું હોય તો, મારી વાત મૂકી દઉં. મારા જવાબમાં આપે જે જે લાગણી દર્શાવી છે એને ચોક્કસ સામેલ કરવાનો પ્રયાસ કરીશ. આખી વાતને બીજા ટ્રેકમાં લઇ જઇ અને આ વિધેયકમાં તમે બોલવા દેતા નથી, અમારે બીજું બોલવું છે એવો કોઇ જ ઇરાદો રાજય સરકારનો નથી. જે બિલ છે એ બિલના સંદર્ભમાં બોલવા માટે તમામના અધિકારો છે, એટલી જ મેં વાત કરી છે. બાકી બોલવા દેતા નથી એવી કોઇ વાત છે નહી, એટલે ખોટા ટ્રેકે લઇ ન જાય અને એ પ્રકારનો ખોટો મેસેજ ન જાય એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદભાઇ, માનનીય લલિતભાઇનું વકતવ્ય ચાલુ છે.

શ્રી લલિતભાઇ કગથરા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે અને ખાસ કરીને તો જે વિદ્યાર્થીઓ, જે સંસ્થાઓ, જે શિક્ષક સંઘે આપને *(xxx) લઇ આવેલ બિલ એ પાછું ખેંચવાની જે ફરજ પાડી છે, એ બધાને ધન્યવાદ આપીને હું મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદભાઇ.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોતાના ભાષણમાં એવું બોલ્યા છે કે *(xxx) તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે. (અંતરાય) *(xxx) એવું એમણે કહ્યું છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું. આવા શબ્દો રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : Hon'ble Speaker Madam, little while before my colleague delivered his speech in English and at that time, I was observing my Hon'ble Education Minister. He was weaving his head up and down so I understand that he understands his language and his feelings also. So, he motivated me to give my speech in english and little part of my speech in English today. Hon'ble Education Minister brought this Bill 'Gujarat Private Universities (Second Amendment) Bill, 2021 on the floor of this House. Though it is too late, as is said in Hindi देर आये दुरस्त आये, *(xxx) Hon'ble Speaker Madam, so many things have been told in this Bill. I have to point out few points....

પોઇન્ટ ઓફ ઓર્ડર

અપમાનજનક શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવા બાબત

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય નૌશાદભાઇએ એવું કહ્યું કે બીજા કોઇ સભ્યો સમજે કે ન સમજે, શ્રી જીતુભાઇ વાઘાણી શિક્ષણ મંત્રીશ્રી મારી વાત સમજે એટલું પુરતું છે. એ પછી એમણે માનનીય ડેપ્યુટી અધ્યક્ષશ્રીનું અપમાન થાય એ રીતે કહ્યું કે શ્રી જેઠાભાઇ સમજે કે ન સમજે એની પણ કોઇ જરૂર નથી, આ રીતે આખા ગૃહના બધા જ માનનીય સભ્યશ્રીઓનું એમણે અપમાન કર્યું છે. એમણે અંગ્રેજીમાં બોલવું હોય તો બોલે, કોઇ ના નથી કહેતું પણ કોણ સમજે છે અને કોણ નથી સમજતું એવી ટીકા ટીપ્પણ કરવાનો કોઇ અધિકાર એમને નથી. એટલે આ શબ્દો રેકર્ડ ઉપરથી રદ થવા જોઇએ અને એ ઇંગ્લીશના જ્ઞાતા હોય તો ઇંગ્લીશમાં બોલે, અમને કોઇને વાંધો નથી, અહીં અંગ્રેજી જાણનારા ઘણા છે, પણ કોઇનું અપમાન કરવાની જરૂર નથી અને આ પ્રથા યોગ્ય પણ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદભાઇ, આપે જે વાત કરી તે મને પણ ગમી નથી અને આવા શબ્દો આપણે રેકોર્ડ પરથી દૂર કરીએ. પ્લીઝ, આપ બન્ને ઇંગ્લીશમાં બોલો, પણ બધા જ સભ્યો સમજે એ પણ એટલું જ જરૂરી છે. (અંતરાય) એક મિનિટ, બધા જ સભ્યો અહીંયા છે. ૧૮૨ સભ્યો છે એમાં કેટલાક ઇંગ્લીશ સમજતા નથી એ તમે જાણો છો અને બધા જ જાણે છે. તો તમે એવી વાત કરો ને કે બધા સમજે. થોડું ઘણું તમે ઇંગ્લીશમાં બોલો તો બરાબર છે. આખી સ્પીચ તમે શા માટે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઇંગ્લીશમાં આપો છો? (અંતરાય) ના એ યોગ્ય નથી. તમારા એ અપમાનજનક શબ્દો જે રીતે કટાક્ષમાં કહ્યા છે એને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો. મને અપેક્ષા હતી કે આ ગૃહમાં બધા જ સભ્યો સાથે મળી અને આજે અમારા બે સભ્યો કયાંક નવો પ્રયોગ કરી રહ્યા છે તેને અભિનંદન પાઠવશે. ભૂતકાળમાં અહીંયાથી અમારા બેન શ્રીમતી મનીષાબેન વકીલ ઘણી વખત ઇંગ્લીશમાં વાત કરતા, અમને પણ ગમે કે આ ફ્લોર ઉપર સારી રીતે વાત રજૂ થાય છે. શ્રી નૌશાદભાઇને પણ હું સાંભળતો હતો, માનનીય નીતિનકાકા કયાંક મારે અને તમારે એરર થઇ હશે, પણ એમણે સારી વાત કરી કે ભાઇ શ્રી જીતુભાઇ મને સાંભળી રહ્યા છે. સમજી રહ્યા છે. સ્પીકર સાહેબ બેઠા છે તે પણ સાંભળી રહ્યા છે અને સમજી રહ્યા છે. આ મૂળ વાત હતી. (અંતરાય) શ્રી જેઠાભાઇ એટલે સ્પીકર સાહેબ, ત્યારે એ ચેર ઉપર બેઠા હતા. (અંતરાય) તમે એમને ફરીથી સાંભળો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : શ્રી નૌશાદભાઇ, એક જ મિનિટ, હું સમજું છું, નથી સમજતો, બીજા કોઇ સમજે છે, નથી સમજતા એને પણ આપણે આમાં લાવ્યા વગર, આપણે કોઇની ઉપર ટીકા ટીપ્પણમાં પડયા વગર, સુપીરીયારીટી કોમ્પ્લેક્ષથી પીડાયા વગર આપ વાત કરો એટલી મારી વિનંતી છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉપર માનનીય નીતિનભાઇને સમજફેર થયો છે. મેં માનનીય જેઠાભાઇ માટે સારી વાત કરી છે. મેં એમનું અપમાન કર્યું નથી. મેં શ્રી જેઠાભાઇ માટે સારી વાત કરી છે મેં એમનું અપમાન કર્યું નથી. મેં એમ કહ્યું માય ઓનરેબલ સ્પીકર અન્ડર સ્ટેન્ડ મી. મેં એમ કહ્યું છે. માનનીય નીતિનભાઇ આપને સમજવામાં ફેર થયો છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી અને મારા માનનીય અધ્યક્ષશ્રીનું અને માનનીય જેઠાભાઇનું સન્માન કર્યું છે એ મારી વાત સમજે છે. એમ કરીને મારી વાત કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નૈશાદભાઇ, અધ્યક્ષ સમજે છે કે નહિ એવી કોઇ ટીકા ટિપ્પણ કરી શકો નહિ. આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે વાત કરી આપ માફ કરજો. મારા ઉપર એમણે કહ્યું કે અપમાન કર્યું છે એની સ્પષ્ટતા કરવાનો મને અધિકાર છે. હું એમ કહું કે મારી લાગણી અને મારી વાત મારા માનનીય અધ્યક્ષા સમજે છે એ કઇ રીતે મેં એમનું અપમાન કર્યું કહેવાય? એ કઇ રીતે અપમાનની ભાષા કહેવાય? તેમ છતાં આપે એમ કહ્યું કે બધા સમજે એ ભાષામાં તમે વાત કરો એટલે હવે હું બધા સમજે એ ભાષામાં મારી વાત કરું છું. બાકી મને મારા શિક્ષણ મંત્રીશ્રી અને અધ્યક્ષશ્રી બંને માટે માન છે અને બંનેનું સન્માન થાય એ રીતે મેં મારી વાત કરી છે.

આ જે વિધેયક માનનીય શિક્ષણમંત્રીશ્રી આ ગૃહમાં લાવ્યા છે એનો અગાઉથી જ અમારા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી પરેશભાઇ અને અમારા બધા સભ્યશ્રીઓએ એનું સમર્થન કર્યું છે એનો અમે વિરોધ કરતાં નથી પણ એ બાબત સાથે અમારા સૂચનો આ વિધેયકને લઇને છે એ સૂચનોની અમે રજૂઆત કરી રહ્યા છીએ. જે ખાનગી યુનિવર્સિટીઓ ખાસ કરીને થઇ રહી છે હમણાં બે ત્રણ યુનિવર્સિટીઓ ગણાવી. આ યુનિવર્સિટીઓની સમસ્યા એ થઇ કે એની જે કોલેજો હોય છે એ કોલેજો મનફાવે એવી ફી નક્કી કરે છે. ફી નક્કી કરે એટલે એની અંદર એસ., એસ.ટી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ હોય એની ફ્રી શીપ કાર્ડ મળતું હોય છે એ ત્યાં લાગુ પડતું નથી. કારણ કે એ લોકો એફ.આર.સી.ની અંદર ફી રેગ્યુલેટરી કમિટીની અંદર પોતાની ફી મંજૂર કરાવતા નથી. આના કારણે મોટા ભાગની યુનિવર્સિટીની અંદર જે ખાનગી યુનિવર્સિટીઓ છે ત્યાં જે નોન ટેકનિકલ વિષયો છે ખાસ કરીને પ્રોફેશનલ વિષયો છે એમાં કયાંય આ ગરીબ બાળકો ખાસ કરીને એસ.સી, એસ.ટી. ઓ.બી.સી.ના કે અન્ય સમાજના ગરીબ બાળકો છે એ અભ્યાસથી સંપૂર્ણપણે વંચિત થઇ ગયા છે. હાલમાં પ્રશ્ન પણ છે કે ગયા વર્ષ સુધી આ બધી કોલેજોની અંદર ફ્રી શીપ કાર્ડ મળતું હતું એને સ્કોલરશીપ મળતી હતી. આ વર્ષે આ સ્કોલરશીપ અને ફ્રી શીપ કાર્ડ બંધ કરી દેવામાં આવેલ છે એના કારણે આજે એસ.સી. ના વિદ્યાર્થીઓના રીઝલ્ટ અટકાવી દેવામાં આવેલ છે. જયાં સુધી આ વિદ્યાર્થીઓ બહારથી લોન કે વ્યાજે પૈસા લઇને પોતાની ફી જમા ન કરાવે ત્યાં સુધી એમના પરિણામે અત્યારે અટકીને ઉભા છે. માટે આ જે નિર્ણય કરવામાં આવેલો છે કે જેવી ગ્રાન્ટેડ કોલેજો ખાનગી યુનિવર્સિટી પાસે જતી રહે. સૌરષ્ટ્ર યુનિવર્સિટીમાં એલ.એલ.બી. ની ફી ૭,૦૦૦ રૂપિયા છે. મારવાડી યુનિવર્સિટીમાં એલ.એલ.બી. ની ફી ૧,૫૦,૦૦૦ રૂપિયા છે. એનો મતલબ એવો થાય કે ગરીબનો કોઇ વિદ્યાર્થી એ ખાનગી યુનિવર્સિટીમાં કે ખાનગી કોલેજમાં ભણી શકવાનો નથી. હમણાં માનનીય સભ્યશ્રી સી.જે. ચાવડા સાહેબે સાચી વાત કરી. ગુજરાતમાં આપણી જે જનસંખ્યા છે એની અંદર ૮૦ થી ૮૫ ટકા ગરીબ સમાજ છે. ગરીબોમાંથી આવ્યા છે તો આ ૭૦થી ૮૫ ટકા સમાજને આજે આપણે ૫૦ જેટલી ખાનગી યુનિવર્સિટી ગુજરાતમાં બનાવવામાં આવી જેનું આપણે ગૌરવ લેતા હતા. સરકારી યુનિવર્સિટી બનતી નથી સરકારી કોલજો બનતી નથી. સરકારી શાળાઓ બંધ થતી જાય છે એના કારણે સમાજનો બહું મોટો વર્ગ એ શિક્ષણથી વંચિત થઇ રહ્યો છે આ પ્રશ્ન મહત્ત્વનો છે. આજે અમે શા માટે એનું સમર્થન કરીએ છીએ. જો આ નિર્ણય પહેલા ન થયો હોત અને અને જો આપણે શા માટે એક પણ એવી કોલેજ ગુજરાતમાં હોય કે જે એફ.આર.સી. વગર એક દિવસ પણ ચાલવી ન જોઇએ. ફી રેગ્યુલેટરી કમિટીની અંદર એક એક કોર્ષની જયાં સુધી ફીની માન્યતા ન મળે ત્યાં સુધી આવી કોલેજને એક પણ દિવસ ચાલવા દેવાય નહિ અને માન્યતા મળે તો આજે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પણ લાગુ પડે છે કે એ ફ્રી શીપ કાર્ડ આપે અને એના આધારે ગરીબ

બાળકો ભણી શકે આ મુખ્ય હાર્દ છે. લાંબા ભાષણમાં મારે બિલકુલ પડવું નથી. પરંતુ મારી આ હાઉસની અંદર વિનંતી છે આ સન્માનનીય ગૃહને વિનંતી છે મારી વાત સાથે તમામ સભ્યો સંમત થશે. કે હાલમાં જે કોઇ ખાનગી યુનિવર્સિટી કે ખાનગી કોલેજો છે. તેને એફ.આર.સી. વગર એક પણ દિવસ ચાલવા દેવામાં ન આવે અને હાલ આ ફીના કારણે જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના જે રીઝલ્ટ અટકાવી રાખવામાં આવ્યા છે તે તાત્કાલિક જાહેર કરવામાં આવે. એમને પરિણામો આપી દેવામાં આવે અને એમની ફી અને એમની સ્કોલરશીપ તાત્કાલિક અસરથી ચાલુ કરીને તેમને સ્કોલરશીપ ચૂકવવામાં આવે એ મારી નમ્ર વિનંતી છે. ફરીથી વારંવાર દોહરાવીએ છીએ. અમે આ વિધેયકનું સમર્થન કરીએ છીએ અને અમારી લાગણી–માગણી બન્ને ન્યાયી હોઇ સરકાર તાત્કાલિક ધોરણે તેમાં ધ્યાન આપીને ગુજરાતના લાખો વિદ્યાર્થીઓને ન્યાય કરે એ જ શબ્દો સાથે હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇ વાઘાણી સાહેબ ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતિય સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે ભૂતકાળમાં જો આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું ન હોત તો કદાચ આજે ગૃહનો સમય ન બગડ્યો હોત. ભૂતકાળમાં અમે જે રીતે વાત કરતા હતા કે આ નવા સુધારા વિધેયક તમે લાવ્યા છો એ ક્યાંકને ક્યાંક વિદ્યાર્થીઓને, ક્યાંકને ક્યાંક લોકોને નુકસાનકારક છે પણ ત્યારે કદાચ આ વાત સમજવામાં ન આવી, તેમ છતાં પણ દેર આયે દુરસ્ત આયે, એ બદલ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી સત્તા મંડળોની અંદર યુ.જી.સી.ની ગાઇડલાઇન હોવા છતાં પણ અનામત પ્રથા લાગુ કરવામાં આવી નથી. જો આ બાબતે ચોક્કસપણે જે રીતે યુ.જી.સી.ની ગાઇડલાઇન છે એ મુજબ જો અનામત પ્રથા લાગુ કરવામાં આવે તો રાજ્યના કે દેશની અંદર બધા સમાજના લોકોને ચોક્કસપણે આનો લાભ મળી શકશે અને એમને પણ યોગ્ય સમયે સન્માનજનક સ્થિતિમાં આપણે લાવી શકીશું એવું ચોક્કસપણે કહી શકાશે. રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી યુનિવર્સિટીનું વિભાજન કરવામાં આવ્યું પણ આ વિભાજન કરતી વખતે જો નવા અધ્યાપકો નિમણૂક આપવામાં આવ્યા હોત સાથે સાથે નવા ભવનો પણ જો આપવામાં આવ્યા હોત તો વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડત. એટલે માત્ર યુનિવર્સિટીઓમાં આપણે વિભાજન કરીએ અને એમને યોગ્ય ઓરડાઓ ન ફાળવીએ, યોગ્ય અધ્યાપકો જો ન ફાળવીએ તો ક્યાંકને ક્યાંક એમની સાથે સરકારે અન્યાય કર્યો હોય એવું લાગી રહ્યું છે. તો આવનારા સમયની અંદર હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ચોક્કસપણે આ બન્ને બાબતોને ધ્યાને લઇને યોગ્ય કરે. જેથી કરીને વિદ્યાર્થીઓને સારામાં સારી રીતે લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન–ન્યુ દિલ્હી એટલે યુ.જી.સી.એ એક એવી ગાઇડલાઇન પસાર કરી છે કે વિવિધ પ્રકારની યુનિવર્સિટીઓમાં કુલપતિ તરીકે કોને નિમણૂક આપવી, આ ગાઇડલાઇનને પણ અનુસરવામાં આવતી નથી. ફોલો કરવામાં આવતી નથી અને માત્ર ચોક્કસ પાર્ટી સાથે સંકળાયેલા લોકોને કુલપતિના પદ ઉપર બેસાડવામાં આવે છે. જે ક્યાંકને ક્યાંક વાજબી નથી. માનનીય મંત્રીશ્રી, હું આપને દાવા સાથે કહીશ, બહુ સ્પષ્ટપણે કહું છું, જે મેં હમણાં જ વિગત લીધી એ પ્રમાણે આ બાબતમાં જો યોગ્ય થશે તો જ ઘણું બધું સારું થશે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધા ધારાધોરણ અને નીતિ નિયમ પ્રમાણે જ એમની નિમણૂકો થતી હોય છે, એટલે એવું કહેવું કે આ ખોટું થઇ રહ્યું છે, વી.સી.ની નિમણૂકો એ યોગ્ય નથી. વિષયની બહાર છે. છતાં પણ બધા જ નીતિ–નિયમો બધાને લાગુ પડે છે. જે તે વખતે નિમણૂક થઇ એ પણ ખોટી થઇ નથી. હવે થશે એ પણ ધારા–ધોરણ અને નિયમ પ્રમાણે થશે. એટલે મને એવું લાગે છે કે ખોટી ગેરસમજ ઉભી ન થાય એટલા માટે અને સ્કોપની અંદર બોલે તો વધારે સારું.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે કદાચ એમણે જે બાબત ઉપર પ્રકાશ પાડ્યો અને એના કોઇ દાખલા જોઇતા હોય તો અહીંયા આપવાના બદલે હું ચોક્કસપણે તમને આપીશ કે યુ.જી.સી.ની ગાઇડલાઇન હોવા છતાં પણ..

અધ્યક્ષશ્રી : આપણે એ ચર્ચામાં ન પડીએ. સુધારામાં આપના જે સૂચનો હોય એ કહો.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું આ જ કહી રહ્યો છું અને વિગતો સાથે કહી રહ્યો છું છતાં પણ કોઇનું ખરાબ ન દેખાય એટલા માટે ફ્લોર ઉપર ચર્ચા કરવાના બદલે હું ચોક્કસપણે એવી માહિતી એમને આપીશ કે ચોક્કસ પાર્ટી સાથે સંકળાયેલા લોકોની જ નિમણૂક કુલપતિ તરીકે આપવામાં આવી છે જે વાજબી નથી અને યુ.જી.સી.ની ગાઇડલાઇનને ફોલો કરવામાં આવી નથી. ત્યારબાદનો મારો મુદ્દો છે કે જે તે યુનિવર્સિટીની સામે કોઇ ભ્રષ્ટાચારના કેસ થયા હોય એની સામે પણ યોગ્ય તપાસ કરવામાં આવતી નથી. હમણાં થોડા સમય પહેલાંની પણ જો વાત કરીએ તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અંદર માટીકામના એક કૌભાંડ માટેની ચર્ચા પણ થઇ હતી અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ લેખિતમાં આ અરજીની વિગતો આપી છે તેમ છતાં પણ તેના ઉપર હજી સુધી યોગ્ય તપાસ કરવામાં આવી નથી. તો મારી આપને વિનંતી છે કે ચોક્કસપણે આ બાબતમાં પણ કંઇક થવું જોઇએ. કોલેજના અધ્યાપક સહાયકો હોય એમને નોકરી સળંગ ગણવી જોઇએ જેથી એમને ફાયદો થાય. સાથેસાથે સરપ્લસ થયેલા જે અધ્યાપકો છે એમને જે રીતે પ્રાથમિક શિક્ષણમાં સરપ્લસ ન ગણીને બીજી જગ્યાએ એમને ટ્રાન્સફર કરવા જોઇએ તો આ બાબતમાં પણ મારી માનનીય મંત્રીશ્રીને આપના

માધ્યમથી વિનંતી છે કે જો કોઇ અધ્યાપકો સરપ્લસ થતા હોય તો એમને નોકરીથી હાથ ન ધોવા પડે એ રીતે એમને અન્ય કોલેજોમાં એમની નિમણૂક કરવામાં આવે તો ઘણું બધું સારું થશે. સાથેસાથે નવી પેન્શન યોજના અને જૂની પેન્શન યોજનાના વિવાદો પણ ઘણા સમયથી ચાલી રહ્યા છે એ પ્રાથમિક શિક્ષકો હોય કે માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો કે આવી કોઇ કોલેજોના પ્રોફેસરો હોય, હરહંમેશ એમની એવી માંગ રહી છે કે એક વખત નિવૃત્ત થયા પછી જો જૂની પેન્શન યોજના અમલમાં ન આવે અને નવી પેન્શન યોજના અમલમાં આવશે તો એમના ઘરપરિવારનું ગુજરાન સારી રીતે નહીં ચલાવી શકે એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આગામી વખતમાં આ બધી જ બાબતોમાં જૂની પેન્શન યોજના શરુ કરવામાં આવે કે જે કોંગ્રેસ સરકારના સમયમાં શરૂ થઇ હતી અને દરેક શિક્ષકો પોતાના પરિવારનું ગુજરાન સારી રીતે ચલાવી શકતા હતા. એટલું જ કહું છું. વિરમું છું. આભાર..

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચાર રજૂ કરું છું. છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણનું ખાનગીકરણ થયું છે. આ ગુજરાત એ ગાંધીજી અને સરદારનું ગુજરાત છે, ભૂતકાળમાં કેટલાય મહાપુરુષોએ શિક્ષણ માટે યોગદાન આપી એનો પાયો મજબૂત બનાવવાનું કામ કર્યું છે. દા.ત. હું આપને વાત કરું કે હું મારા બાળપણની અંદર સ્વામિનારાયણ ગુરુકૂળમાં ભણ્યો છું. સ્વામિનારાયણ ગુરુકૂળ, રાજકોટ, આ સંસ્થા ટોકન એક રૂપિયે ભણાવવાનું કામ કરતી હતી. એ બધા ગુરુકૂળો આજે બંધ થઇ રહ્યા છે. આ બિલમાં માનનીય પરેશભાઇએ જેમ વાત કરી તેમ જયારે ધારાસભ્ય તરીકે વિધાનસભામાં આવ્યો છું, દર વિધાનસભા વખતે કોઇને કોઇ નાના મોટા સુધારા સાથે ખાનગી યુનિવર્સિટીને મજબૂત બનાવવા માટે સરકારે પ્રયાસ કર્યો છે અને એને આગળ વધારવા માટેની મનસા છતી કરી છે. ગુજરાતમાં ખનિજ માફિયાઓના નામ સાંભળ્યા, ડ્રગ માફિયાઓના નામ સાંભળ્યા, ભૂમિ માફિયાઓના નામ સાંભળ્યા, પણ જે નીતિરીતિ ચાલી રહી છે, જે શિક્ષણ અંધકારમય તરફ થઇ રહ્યું છે એમાં હવે પછી નવા શિક્ષણ માફિયાઓનો જન્મ થઇ રહ્યો છે એવી વાત હર કોઇ ચોરે, ચૌટે, ઓટલે ખાટલે આપણને સાંભળવા મળે છે. છેલ્લા બે વર્ષની અંદર, કોરોનાના સમયમાં નાની એવી વાત ધ્યાન ઉપર લાવવા માગું છું. સુરત વિસ્તારમાં રહેતા હોય, ખાનગી યુનિવર્સિટીમાં ભણતા હોય...

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફિયા શબ્દ એ ઠીક નથી.. (અંતરાય) કારણ કે આમાંના કેટલાય લોકો શિક્ષણની સંસ્થામાં ટ્રસ્ટી છે, તો શું એ બધા માફિયા છે? માનનીય પરેશભાઇ પણ હશે, માનનીય મોહનસિંહભાઇ પણ હશે, આ પ્રકારની વાત કરવી યોગ્ય નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય શિક્ષણ મંત્રીશ્રી, નવી જવાબદારી નિભાવીને આજે ગૃહનો પહેલો દિવસ, પહેલું જ બિલ અને બધું સકારાત્મક જઇ રહ્યું છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું, માફિયાને માફિયા જ કહેવાય એટલે જે લોકો ફી ની લૂંટ ચલાવતા હોય એવા લોકોને મારે અને તમારે બન્નેએ માફિયા ગણવા જોઇએ અને આપણી બન્નેની જવાબદારી છે કે સાથે મળી આ કોરોનાના કપરા કાળમાં જે લોકો બાળકોના ભવિષ્ય સાથે ચેડાં કરે છે, ફી ના ભરે તો એનું એડમિશન રદ કરી દેવાની, એના સર્ટિફિકેટ નહીં આપવાની ધમકી આપે છે આવા બધા જ ફી માફિયાઓ સામે પગલાં લેવા માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રી તમે આગળ વધો અને અમે તમને ટેકો આપવાના છીએ.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય પરેશભાઇએ વાત કરી તેમ લોકોએ હિજરત કરી, કોરોનાના કાળમાં કપરો સમય આવ્યો, ઘણા લોકોને ગામડામાં વસવાટ કરવા માટેની પરિસ્થિતિ નિર્માણ થઇ, ત્યારે એક મુદ્દો એવો સામે આવ્યો જેના ઉપર માનનીય શિક્ષણ મંત્રીશ્રી આપનું ધ્યાન દોરવા માગું છું. કે પ્રાઇવેટ સ્કૂલવાળા એની ફી ભરી શકતા નથી ત્યારે એલ.સી. આપતા નથી અને બાળકોને ભણતર ઉપર ખતરો છે. કેટલાય પુરાવા સાથે હું આપને પહોંચાડી શકું. માટે એ લોકોને આદેશ થાય તો એ વિદ્યાર્થીઓને લીવિંગ સર્ટિફિકેટ મળે તો એના ભણતરનો વ્યાપ આગળ વધી શકે. માફિયા શબ્દ વિધાનસભાની અંદર સારો ન લાગે પણ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો પણ મનમાં વિચારતા હોય કે માફિયા લાગુ એટલા માટે પડે કે એક તરફ શહેરી વિસ્તારની અંદર ખાનગી યુનિવર્સિટીઓનો વ્યાપ વધી રહ્યો છે અને બીજી બાજુ સરકારી યુનિવર્સિટીઓ ખતમ થઇ રહી છે. ખાનગીકરણની અંદર એરપોર્ટ, બસ, કૃષિ, શિક્ષણ આ બધાનું ખાનગીકરણ હોય ત્યારે મને ભય સતાવી રહ્યો છે કે ધારાસભ્યોનું ખાનગીકરણ આ સરકાર ન કરે. નહીં તો આવતા દિવસોમાં લોકશાહી ખતરામાં આવી જાય એવો ભય સતાવી રહ્યો છે.

અધ્યક્ષશ્રી : બિલ પર વાત કરો. બોલવાવાળા ઘણા છે. બિલમાં માત્ર સુધારો છે. આપના સૂચનો કહો પ્લીઝ.

શ્રી પ્રતાપ દુધાત : આ ગૃહની અંદર બેઠેલા અધિકારીઓ હોય કે ગૃહમાં બેઠેલા ધારાસભ્યો હોય આ બધા જ પ્રાથમિક શાળામાં ભણ્યા છે અને ગૃહને આગળ વધારવાનું કામ કરે છે ત્યારે વિનંતી કરું છું કે, આ ખાનગીકરણમાંથી બહાર નીકળીએ. શ્રી જીતુભાઇએ નવી પહેલ કરી છે કે સરકારીકરણ તરફ આપણે આગળ વધીએ. ૨૫ વર્ષ પહેલા જે સરકારીકરણ હતું એનું ખાનગીકરણ ન થાય અને બધી જ સંસ્થાઓને તમે સરકારી સંસ્થામાં સમાવેશ કરાવડાવો એવી અપેક્ષા રાખું છું. બે મિનિટ પહેલાં મેં વાત કરી તે પ્રમાણે ગુરુકુળોને જો આપણે મજબૂત બનાવીએ તો આપણી સંસ્કૃતિ જીવિત રહેશે, આપણા સંસ્કારો જીવિત રહેશે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે આ નવું સુધારા બિલ લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું. જીતુભાઇ આપ આગળ વધો અને સરકારકરણ તરફ આગળ વધો, અમે સંપૂર્ણપણે તમને ટેકો આપીશું. જયહિન્દ, જયભારત.

## તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક-૨૦૨૧

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે તેના અનુસંધાનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છ મહિના પહેલા આ જ વિધાનસભામાં બિલ લાવવામાં આવ્યું અને ગ્રાન્ટેડ કોલેજોને ખાનગી યુનિવર્સિટીમાં સમાવેશ કરવા માટેની મંજૂરી આપવામાં આવી. અલગ અલગ યુનિવર્સિટીઓમાં અધ્યાપકો દ્વારા, સ્થાનિક વિદ્યાર્થી સંગઠનો એન.એસ.યુ.આઇ., એ.બી.વી.પી., વાલીઓ હોય, સંચાલકો અને અલગ અલગ સમૂહો દ્વારા પોતાના અધિકારો માટે લડત ચલાવવામાં આવી. ખાસ કરીને સરદાર પટેલ યુનિવર્સિટી, ચરોતરમાં જે વિદ્યાનું ધામ છે ત્યાં મોટું આંદોલન થયું, સુરતમાં પણ આંદોલન થયું. તમામ જગ્યાએ અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સિન્ડીકેટ મેમ્બરો, સેનેટ મેમ્બરો અને સ્થાનિક સત્તામંડળો દ્વારા જે કોલેજો યુનિવર્સિટીઓમાં ભેળવવામાં આવી હતી એ ગ્રાન્ટેડ કોલેજો હતી, સેલ્ફ ફાયનાન્સ કોલેજો ન હતી. તેમ છતાં સરકારની એક મંજૂરીના કારણે ડીમ્ડ યુનિવર્સિટીઓ બની છે એ બધામાં આ કોલેજોનો સમાવેશ કરી. આજે ગુજરાત યુનિવર્સિટીની કોઇ કોલેજમાં બી.કોમ.માં એડમિશન લઇએ તો રૂપિયા ૧૦ હજાર ફી હશે અને ડીમ્ડ યુનિવર્સિટીમાં એડમિશન લઇએ તો રૂપિયા ૫૦ હજાર ફી હોય છે. આટલો તફાવત હોય છે એક સરકારી કોલેજ અને એક ડીમ્ડ યુનિવર્સિટીની કોલેજમાં. ત્યાં બી.સી.એ. કરવું હોય તો લાખો રૂપિયાની ફી આપવી પડે છે. આ તમામ તફાવતમાં ગરીબ કે મધ્યમવર્ગના વિદ્યાર્થીને ભણવા માટે ખૂબ કઠીન થાય એવું હતું. ત્યારે સરકાર દ્વારા આ અલગ અલગ સંસ્થાઓના અને યુનિવર્સિટીઓના આંદોલન બાદ જે નિર્ણય લેવામાં આવ્યો છે અને જીતુભાઇ વિધેયક લઇને આવ્યા છે એમાં અમારું સમર્થન આપીએ છીએ. ખાસ કરીને ડીમ્ડ યુનિવર્સિટીમાં કોઇપણ વિદ્યાર્થી એડમિશન લે અને કોઇ કારણવસાત ભણી શકે એમ ન હોય તો એડમિશન રદ કરાવવું હોય તો એમને ડોક્યુમેન્ટ પાછા આપવામાં આવતા નથી અને કહેવામાં આવે છે કે ચાર વર્ષની ફી ભરો તો તમારા ડોક્યુમેન્ટ પાછા મળશે. ગરીબ કે મધ્યમવર્ગનો દીકરો એક વર્ષની ફી નથી ભરી શકતો તો ચાર વર્ષની ફી કેવી રીતે ભરી શકે?પણ આ ડીમ યુનિવર્સિટી દ્વારા એ ખાનગી યુનિવર્સિટી કહી શકાય કે માત્ર ને માત્ર શિક્ષણનું વેપારીકરણ જે સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે એ પૈસા ઉઘરાવવા સિવાય બીજું કંઇ કરતા નથી. સારા માર્ક જોઇતા હોય તો ડીમ્ડ યુનિવર્સિટીમાં એડમિશન લઇ લો અને કોઇ ગરીબ વિદ્યાર્થીએ એડમિશન લીધું હોય અને કોઇ કારણસર એને એડમિશન રદ કરાવવું હોય તો એને એના ડોકયુમેન્ટ પાછા નથી મળતા. પૈસા માંગવામાં આવે છે. પૈસા ન મળે ત્યાં સુધી ગમે તે સત્તાધીશોને રજૂઆત કરીએ તેમછતાંપણ આ યુનિવર્સિટીના સત્તાધીશો એના ડોકયુમેન્ટ પાછા નથી આપતા. મંત્રીશ્રી પાસેથી અમે અપેક્ષા રાખીશું કે આવી સંસ્થા કોઇ પણ ડીમ યુનિવર્સિટી હોય એની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તો એનાથી વિદ્યાર્થીઓના, વાલીઓના હિતો સચવાય એવી અપેક્ષા રાખીએ છીએ. આ વિધેયક લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. જયહિન્દ. જય ભારત.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નવા શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૧ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત નથી કરવી. મારે સૂચનના રૂપે ૪ થી ૫ સૂચનો કરવા છે. ખાસ કરીને હાયર એજયુકેશનની વાત કરું છું. અમારા ટ્રાયબલ વિસ્તારની વાત કરું છું. ટ્રાયબલ વિસ્તારમાં સરકારી પણ ઘણી કોલેજો છે, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો પણ ઘણી છે પણ એ કોલેજોમાં પ્રાધ્યાપકોની સંખ્યા ઘણીઓછી છે. ઘણા લાંબા સમયથી ભરાતી નથી તો શિક્ષણ મંત્રી આ બાબતે ગંભીરતાથી વિચારીને વહેલામાં વહેલી તકે આ જગ્યાઓ ભરાય અને સાથેસાથે શિક્ષણ સાથે સંકળાયેલા જે કોલેજમાં હોય, ગ્રાન્ટ ઇન એઇડ હોય કે સરકારી હોય એમાં લાંબા સમયથી ગ્રંથપાલોની જગ્યાઓ ભરાઇ નથી. રેફરન્સ પ્રોફેસરોને પણ કરવો હોય, વિદ્યાર્થીઓને પણ કરવો હોય તો લાયબ્રેરી કોણ ચલાવે? સામાન્ય કારકુન ચલાવે? મોટાભાગની કોલેજોમાં કારકુનોથી લાયબ્રેરીઓ ચાલતી હોય છે એટલે આ બાબતે પણ આપ ખાસ ધ્યાન આપો અને બીજી વાત કે બધામાં તો કોન્ટ્રાકટ સિસ્ટમ ચાલે, ૧૧ મહિના કરાર આધારિત ચાલે પણ શિક્ષણ એ એવો વિભાગ છે કે જે માનવની સાથે અતિ ગાઢ રીતે સંકળાયેલો છે. જે સમાજમાં, જે દેશમાં શિક્ષણનું પ્રમાણ વધારે હોય, ગુણવત્તાયુકત શિક્ષણ હોય એ રાજય કે સ્ટેટ કોઇ દિવસ પાછું પડતું નથી. આપણા ગુજરાતની વાત કરું તો ગુજરાતમાં પણ છે પણ ગુજરાતમાં જે પ્રાધ્યાપકો છે એ શિક્ષણ આપે છે ગુણવત્તાવાળું શિક્ષણ આપે છે, ઉચ્ચ શિક્ષણ આપે છે. એમની જે મુશ્કેલીઓ છે, એમની જે જરૂરિયાતો છે એનો પણ આપણે વિચાર કરવો જોઇએ. સરપ્લસ થાય તો એને ગમે તે કોલેજમાં દાખલ કરાય. સળંગ પાંચ વર્ષની નોકરી હોય એ કાયમી ગણાય અને બીજી ઘણી બધી એમની જરૂરિયાત છે, માગણી છે એ પણ વહેલામાં વહેલી તકે સંતોષાય અને યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણે એક વર્ગમાં સંખ્યા ૮૦ કે ૧૦૦ હોવી જોઇએ પણ ઘણી યુનિવર્સિટીઓમાં તો એવું છે કોલેજોમાં લગભગ ૧૫૦ થી ૧૬૦ જેટલી સંખ્યા તમે ભર્યા જ કરો. પરિણામે શું થાય છે કે એને લીધે પ્રાધ્યાપકો સરપ્લસ થાય છે એટલા માટે આ બાબત ઉપર પણ ખાસ ધ્યાન આપવું જોઇએ. વિશેષ વાત નહીં કરું. સુધારા વિધેયકને હું સમર્થન આપું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે આપની વરણી થઇ એ બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાથેસાથે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને એમની ટીમને પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઘાટલોડિયા નગરપાલિકાનો પ્રમુખ અને શ્રી ભૂપેન્દ્રભાઇ ઘાટલોડિયા નગરપાલિકાના માજી પ્રમુખ તરીકે મેં કામ કર્યું છે અને એ અમારા ધારાસભ્ય તરીકે આજે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા એ બદલ એમને અભિનંદન

પાઠવું છું. ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક–૨૦૦૯ પસાર કરવામાં આવ્યું તે સમયે પણ વિરોધપક્ષે પોતાના વિચારો, સૂચનો આ સુધારામાં કરવાનું જણાવ્યું હતું, પરંતુ તે સમયે અમારાં સૂચનોને ધ્યાનમાં લેવામાં ન આવ્યાં. પણ આજે આ સૂચનોને ધ્યાનમાં લઇને જે સુધારો કરવામાં આવ્યો છે તેને હું મારું સમર્થન કરું છું. શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ જે સુધારા લઇને આવ્યા છે એમાં મારા અનુમોદન સાથે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ કલમ–૩ની પેટા કલમ–૫ માં જે સુધારા કર્યા છે. જેમાં સહાયક અનુદાનવાળી કોલેજો અને સંસ્થા સિવાયની શબ્દો કમી કર્યા તેમ છતા યુનિવર્સિટીમાં તેમનું જોડાણ નહોતું અને સુધારો લાવી પુનઃસ્થાપના કરવા માટે જે પણ સુધારા લાવ્યા છે તેને હું મારો ટેકો આપું છું. જે તે સમયે જે બન્યું કલમ અને પેટા કલમો જ્યારે પણ નવું વિધેયક પાસ કરવામાં આવે ત્યારે સરકારશ્રીને મારી વિનંતી છે કે એકસૂત્રતા જળવાવવી જોઇએ. તો જ એ વિધેયક કામચ માટે લાંબાગાળા માટે પ્રજા હિતમાં હોય છે. એકબાજુ કોરોનાની મહામારી આર્થિક રીતે પરિવાર પાયમાલ થયેલ છે. નોટબંધી સાથે જી.એસ.ટી., બેફામ ભાવ વધારો ત્યારે ઉચ્ચ શિક્ષણમાં અને શિક્ષણમાં જે રીતે ખાનગી શાળાઓ, ખાનગી કોલેજો અને યુનિવર્સિટીઓ જે પ્રમાણે બેફામ ફી વધારો કરી રહેલ છે. જેના કારણે આ પરિવારોની હાલત ખૂબ જ ખરાબ થઇ છે. ફી ભરી શકયા નહિ એના લીધે ઘણા બધા વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ છોડવો પડ્યો છે. ત્યારે સરકારશ્રીને મારી વિનંતી છે કે જ્યારે સુધારો નવો કરી રહ્યા છો તો ફી નિયમનનો સુધારો પણ કરવો જોઇએ, કે જેથી ઘણા બધા પરિવારો ફી ભરી શકતા નથી અને એના લીધે અભ્યાસ છોડતા વિદ્યાર્થીઓને આપણે બચાવી શકીએ. શિક્ષણના ખાનગીકરણના લીધે પરિવારો પોતાના દીકરા દીકરીઓને ભણાવી શકતા નથી અને આ ખાનગી યુનિવર્સિટીઓ બેફામ લૂંટ ચલાવી રહી છે. સરકારના ખોટા નિર્ણયોને કારણે આ પરિવારો બરબાદ થઇ ગયા છે. હમણાં મારી સાથે આ વિષય બહારની વાત છે, પરંતુ શિક્ષણમાં જે વાત કરી કે ઉચ્ચ શિક્ષણ અને પ્રાથમિક શિક્ષક સંઘના આગેવાનો મારી પાસે આવ્યા હતા. એમની પેન્શન યોજના બંધ કરવામાં આવી છે તે જૂના પ્રમાણે ચાલુ કરવી જોઇએ, જેથી આ દેશના ઘડતર માટે પોતાના જીવનના ૩૦–૩૫ વર્ષ ખર્ચી નાખતા હોય. જ્યારે રિટાયર્ડ થાય ત્યારે તેમની હાલત ખૂબ જ ખરાબ થાય છે. એમાં સરકારે ઘટતું કરવું જોઇએ તેવી મારી માગણી છે. દેશના બંધારણમાં કેળવણીનો મૂળભૂત અધિકાર ફન્ડામેન્ટલ રાઇટ આપેલા છે, ત્યારે બધાને સારું શિક્ષણ મળી રહે અને કેળવણી દ્વારા સમાજ અને દેશ, રાજ્યનો વિકાસ થતો હોય છે, ત્યારે આ વિદ્યાર્થીઓને અભ્યાસનો ખૂબ વિચાર કરીને સરકારે આગળ વધવું જોઇએ. મારી ભલામણ અને સૂચનો છે. શ્રી જીતુભાઇ, હું કયારનોય જોઇ રહ્યો છું. શિક્ષણમંત્રી તરીકે આપ વાતવાતમાં ઉભા થાઓ છો. વિનંતી કરું છું કે લોકશાહીના મૂલ્યોમાં શાણા થઇને સાંભળવાની તૈયારી રાખજો,

''જાગી છે ગુજરાતની જનતા, તૈયારી રાખજો.
શિક્ષણ, આરોગ્યનો વેપાર થાય છે એની પણ તૈયારી રાખજો.
કોરોનાના કાળમાં મોતના મૂખમાં ધકેલાતા લોકોનો મોતનો મલાજો જળવાતો નથી, તૈયારી રાખજો,
જાગી છે ગુજરાતની જનતા, તૈયારી રાખજો.''

જય હિંદ. જય જય ગરવી ગુજરાત. જય ભારત.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જે સુધારા બિલ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. તે પહેલા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે આપશ્રીની વરણી કરવામાં આવી તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ખાસ કરીને મને વિશેષ ગૌરવ એટલા માટે હોઇ શકે કે ભલે તમારી કર્મભૂમિ એ કચ્છ હોય પણ બનાસકાંઠા જિલ્લાના ભાભરના વતની હોવાના નાતે વિશેષ ગૌરવ અનુભવું છું. અપેક્ષા રાખું કે, આપ વિધાનસભાગૃહની અંદર ૧૮૨ ધારાસભ્યોના વડીલ છો ત્યારે સમદૃષ્ટિ રાખીને કયારે છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય તે વાતનો ખ્યાલ રાખીને જુનિયર અને સિનિયર ધારાસભ્યોની વાત આવે ત્યારે વડીલ ઘરમાં પણ નાના બાળકોનું ઉપરાણું લેતા હોય છે. એમ તમે પણ અમે ૧૪મી વિધાનસભાના જુનિયર ધારાસભ્યો છીએ તે કયાંક નાની મોટી ભૂલ કરીએ તો માફ કરીને અમારી ફેવરમાં રહેશો તેવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આજનું જે વિધેયક લઇને આવ્યા છે તેની અંદર ઘણાબધા સિનિયર ધારાસભ્યશ્રીઓએ તેમના મંતવ્યો રજૂ કર્યા છે. અમારા પોતાના અનુભવના આધારે જે કંઇ યુનિવર્સિટીઓ હોય અને તેના નીચે આવતી જે કોલેજો હોય તેમાં વિદ્યાર્થીઓ એડમિશન લે છે તે વખતે તેની પરિસ્થિતી અલગ હોય છે પણ કયાંક કોઇ કારણોસર તે પોતે બીજી યુનિવર્સિટીમાં જવા માગતા હોય, તેના માટે મજબૂર હોય, કોઇ કારણ હોય ત્યારે તેના ડોકયુમેન્ટસ્ પરત માગતા હોય છે ત્યારે આવા સંચાલકો પૂરી ફી લીધા સિવાય તેના ડોકયુમેન્ટસ્ પરત આપતા નથી. ગરીબ મા–બાપ તેના દીકરાને નોકરી મળે, સારું શિક્ષણ મળે તે વિચારો સાથે કયાંક ઉંચા વ્યાજે પૈસા લાવીને ફી ભરતા હોય છે. ખાનગી કૉલેજોમાં કયાંકને કયાંક વિદ્યાર્થીઓનું શોષણ થાય છે તો તેના પર સરકાર નિયંત્રણ રાખે તે જરૂરી છે. અમારી પાટણ યુનિવર્સિટીની અંદર જે કૉલેજો છે તેમાં કયાંક સ્ટાફ નથી અને કયાંક પ્રાથમિક સુવિધા નથી તે પણ એક મોટી મુશ્કેલી છે અને તે વારંવાર અમારી સામે આવે છે. આ વાત સુધારા વિધેયક પૂરતી છે પણ સરકાર જે સુધારો લઇને આવે તે પહેલાં તેના જે નિષ્ણાતો હોય તેનો અભિપ્રાય લે. વિદ્યાર્થી યુનિયન હોય, સંચાલકો હોય , તેના નિષ્ણાતો હોય તેનો અભિપ્રાય લેવામાં આવે. આ બધા જે ટેસ્ટ કરવામાં આવે છે તેમાં શિક્ષણ પૂરતા બંધ રહે તે જોવું જોઇએ. બીજા વિભાગોની અંદર, મંત્રીમંડળ હોય, ધારાસભ્યો હોય, બીજું

હોય કે ત્રીજું હોય તેની અંદર સરકાર જેટલા ટેસ્ટ કરવા હોય તેટલા કરે પણ કમસેકમ શિક્ષણ અને આરોગ્ય વિભાગમાં કોઇ વસ્તુનો નિર્ણય લે ત્યારે તેના લાગતા વળગતા નિષ્ણાતોનું ધ્યાન દોરીને તેના નિર્ણયો લેવાય તો તે ગુજરાતના ભવિષ્ય માટે સારું રહેશે. આ જે વિધેયક લઇને આવ્યા છે તેમાં અમારા ધારાસભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે તે રીતે હું પણ મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જશુભાઇ પટેલ

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપને અભિનંદન આપું કે, એક મહિલા તરીકે આપ અહીં બિરાજમાન થયા છો, તથા ઉપાધ્યક્ષ તરીકે મારા પડોશી મારા વતન એવા પંચમહાલ જિલ્લાના જેઠાભાઇ કે જે પણ મારા પડોશી છે તેમને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણના સુધારાનું વિધેયક આદરણીય જીતુભાઇ સાહેબ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરીને તેમને સમર્થન આપું છું. શિક્ષણ એ દેશના પાયાની બાબત છે. દેશને મજબૂત કરવો હોય, દેશને આગળ લઇ જવો હોય તો તેના પાયામાં શિક્ષણ છે. શિક્ષણ વગર કયારેય કોઇ દેશ કે રાજ્યનો વિકાસ થઇ શકે નહીં. આપણા રાજા મહારાજાઓ આજથી વર્ષો પહેલાં, આઝાદી પહેલાં અને ગાયકવાડ સરકારે તો શિક્ષણ ફરજિયાત કર્યું હતું. અમેરિકા જેવો વિકસિત દેશ વર્ષ ૨૦૦૨ની અંદર નો ચાઇલ્ડ બીહાઇન્ડ ધી એકટ નામનો કાયદો લાવ્યા. જે કાયદાથી જંગલમાં કામ કરતા મજૂરના એક દીકરા કે દીકરી માટે એક શિક્ષક રોકવો પડે, તેને વ્હીકલ પૂરું પાડવું પડે તો આપી તે શિક્ષણથી વંચિત ન રહે તેના માટે દુનિયાની જમાદારી કરતા અમેરિકા જેવો દેશ પણ આવા શિક્ષણની ચિંતા કરે છે. હું આદરણીય જીતુભાઇ સાહેબને વિનંતી કરું છું કે, અમારા ગામડામાં છેવાડામાં વસતા અને આગળના સત્રમાં પણ મારી વાત કરી હતી કે, ગામડામાં વસતા ગરીબ લોકો શિક્ષણથી વંચિત રહે છે. કારણ કે તેમની પાસે ફી ભરવાના પણ પૈસા નથી. ત્યારે આદરણીય જીતુભાઇ સાહેબને વિનંતી કરું અને આદરણીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું કે શિક્ષણ માટે પૂરું ફંડ ફાળવો તો પ્રાઇવેટીકરણ બંધ થઇ જાય. ગરીબમાં ગરીબ માણસને શિક્ષણ માટે એક રૂપિયો પણ ખર્ચવો ન પડે. આપણે સંવિધાનિક રીતે પણ ગુજરાતના તમામ નાગરિકો કરદાતા છે, મીઠું ખરીદે છે તો પણ એનો ટેક્સ આપે છે, નાનો મોટો ટેક્સ આપે છે, તેમને શિક્ષણનો અધિકાર તો છે.

અધ્યક્ષશ્રી : શ્રી જશુભાઇ, આપ બિલ પર સુધારાની વાત કરો. સ્કોપની અંદર વાત કરો.

શ્રી જશુભાઇ શી. પટેલઃ મારી વિનંતી છે આપ જ્યારે શિક્ષણની જવાબદારી સંભાળો છો, ભૂતકાળની અંદર અને આજે પણ અમારા માલપુર તાલુકામાં કોલેજ નથી તો એવા પ્રયોજન, સુધારા કરો કે જ્યાં કોલેજો નથી ત્યાં શિક્ષણ માટેની પૂરતી સગવડ આપો, સુધારા કરીને ગ્રાન્ટેડ કોલેજો આપો જેથી કરીને અમે શિક્ષણથી વંચિત ન રહીએ. આદરણીય જીતુભાઇ સાહેબ, જેમ આપને વાત કરી એ રીતે છેવાડાના ગામડામાં વસતા ગરીબ, જે લોકો બી.પી.એલ. યાદીમાં છે, આપ તો સમજો છો, તમે પણ બાળકોના પિતા છો એટલે ખબર છે કે જો એક ગામની અંદર કોઇ બહેરું, બોબડું બાળક હોય તો એને બોલતું કરવા માટે આપણે આજુબાજુમાંથી નાના છોકરાને સાથે લાવીએ છીએ કે જેથી કરીને એ બોલતા શીખી શકે, તો ગામડામાં જે લોકો વસે છે, આર્થિક રીતે જે લોકો નબળા છે એમના બાળકોને બોલતા કરવા માટે, એમને આપણી સાથે આંગળી પકડીને આપણી સમકક્ષ લાવવા માટે ગ્રાન્ટેડ કોલેજો જ્યાં પણ બાકી છે ત્યાં કરવામાં આવે. હું જોવું છું કે આ ખાનગીકરણના કારણે જ્યાં રેગ્યુલર ગ્રાન્ટેડ શાળાઓ અને કોલેજો છે ત્યાં પૂરતા પ્રોફેસર, શિક્ષકો અને બીજી પૂરતી સગવડો નથી એના કારણે લોકોને પ્રાઇવેટમાં જવું પડે છે. માનનીય જીતુભાઇ સાહેબને મારી નમ્ર વિનંતી છે કે જયાં કોલેજો નથી અમારો જે પછાત વિસ્તાર છે અરવલ્લી જિલ્લાનો માલપુર તાલુકો અને બાયડનો વિસ્તાર ત્યાં પણ આપ સગવડ કરો કે જેથી કરીને અમે તમારી સાથે તમે અહીંયા બેઠા છો ખૂબ મોટા પદ ઉપર તેમની સાથે કદમ મિલાવી શકીએ. અમારો ગરીબ વિસ્તાર છે એ તમારી સાથે આવી શકે એટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું જયહિન્દ, જય જય ગરવી ગુજરાત.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપને અને માનનીય જેઠાભાઇને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. નાના સુધારામાં આખા શિક્ષણ વિભાગની ચર્ચા થઇ ગઇ. એ તો જ્યારે બજેટની ચર્ચા કરીએ છીએ ત્યારે કરીએ જ છીએ. પણ અપૂરતી માહિતી અથવા તો અધૂરી માહિતીના આધારે બહુ જ ઓછાં મિત્રો, ઓછી મિનિટો માટે સુધારા બિલ ઉપર સ્કોપમાં બોલ્યા અને બધાએ ખાનગીકરણ, ખાનગીકરણ, ખાનગીકરણ. જો આ કોંગ્રેસની પોલિસી હોય તો રાજસ્થાન તમારા કબજામાં છે કરો, શકય હોય તો તમે. તમે મહારાષ્ટ્રમાં ભાગીદાર છો કરો શક્ય હોય તો, અને બીજું રેકર્ડ ઉપર ક્લીયર કરવા માટે ગુજરાતમાં પહેલી ખાનગી કોલેજની માન્યતા એ કોંગ્રેસના શાસનમાં વર્ષ ૧૯૯૪માં આપવામાં આવી હતી. ત્યારથી શરૂઆત થઇ હતી. અમે તો શિક્ષણના સુધારા માટે, ગુણવત્તા માટે, સરકારી અને ખાનગીની હરિફાઇ થાય, સમાજને લાભ થાય એવું કરીએ છીએ અને સમાજને લાભ થયો છે. કોઇપણ ક્ષેત્રમાં તમે એ અટકાવી શકતા નથી અને એમાં પણ ક્યાંય અનિયમિતતા, ગેરરીતિ થઇ હોય તો., ફીની બાબતમાં પણ ચર્ચા થઇ. હિંમતથી ફી નિયમન કાયદો પણ અમે જ લાવ્યા છીએ. રેકર્ડ ઉપર પણ તપાસવામાં આવે તો વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં વાલીઓને સેંકડો, કરોડો રૂપિયાનો ફાયદો આ માત્રને માત્ર ફી નિયમન કમિટી થયા પછી થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજના સુધારા માટે પણ મારે સ્પષ્ટતા કરવી છે. જે તે વખતે જે સંચાલકો ખાનગી પણ ચલાવતા હોય અને સરકારી ગ્રાન્ટેડ પણ ચલાવતા હોય, એકજ સંકુલમાં ચલાવતા હોય

અથવા નજીકમાં ચલાવતા હોય, સંચાલક મંડળ એક હોય એમના તાબામાં ખાનગી પણ હોય, એમના તાબામાં સરકારી પણ હોય, ગ્રાન્ટેડ પણ હોય. માત્ર અને માત્ર તેમની રજૂઆત કે અમે ગ્રાન્ટેડ પણ ચલાવીએ છીએ અને ખાનગી પણ ચલાવીએ છીએ અમને માત્ર વહીવટી અનુકૂળતા પડે એટલા માટે, તેમનું લોજીક સાચું કે વહીવટી અનુકૂળતા પડે કારણ કે સંચાલક મંડળ એક જ છે એ જ ગ્રાન્ટેડ ચલાવે છે અને એ જ ખાનગી ચલાવે છે. આ એક માત્ર વહીવટી અનુકૂળતા માટે ખાનગીકરણને ઉત્તેજન આપવા માટે નહીં આ વહીવટી અનુકૂળતાની દલીલ તેની સાથે અમે સંમત થયા અને આ બિલ લાવ્યા. તે વખતે મેં તેને જસ્ટીફાઇ કર્યું હતું પણ ભાજપની સરકાર તે સંપૂર્ણ લોકશાહીમાં માનતી સરકાર છે તેનો આ પુરાવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી અધ્યાપક મંડળ, આચાર્ય મંડળ, વિદ્યાર્થી મંડળ આ બધા લોકોને અને સુરતના ધારાસભ્યશ્રી પણ અહીંયા બેઠાં છે મારા સાથી માજી મંત્રી શ્રી ગણપતભાઇ, શ્રી ઇશ્વરભાઇ પણ બેઠાં છે. આ બધાની રજૂઆત મેં જાતે ચાર–ચાર કલાક સુધી આ બધા લોકોને સાંભળ્યા છે મારા અધિકારી મિત્રો જે તે વખતે બધાએ સાંભળ્યા છે અને તે બધાની વાતમાં અમને તથ્ય લાગ્યું કે વાત સાચી છે. સંભવ છે કે ભવિષ્યમાં આ સુધારાને કારણે આ અસર થઇ શકે. આ અસર થઇ શકે તે વાત સાથે અમે સંમત થયા અને એટલા માટે અમે વટહુકમ દ્વારા અમે કરેલો સુધારો તે રદ કર્યો તેના માટેનું આ બિલ છે અને આ સ્પષ્ટતા ઓન રેકર્ડ કરવી જરૂરી છે. બાકી ખાનગીકરણ, ખાનગીકરણનો વિરોધ તો હું ફરી વખત કહું છું તમે રાજસ્થાનમાં કરીને બતાવો અમે અહીંયા કરીશું ચાલો. તે શકય જ નથી અને ફરી વખત છેલ્લે કહું છું કે તમારા સમયમાં વર્ષ ૧૯૯૪માં શરૂઆત થઇ હતી એટલે તમને કોઇ ખાનગીકરણનો વિરોધ કરવાનો અધિકાર જ નથી. હું પણ માનનીય જીતુભાઇ જે સુધારા બિલ લઇને આવ્યા છે તેને સમર્થન કરું છું.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી જે વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં શિક્ષણ ક્ષેત્રે જે પ્રયોગો કરવામાં આવ્યા છે તે પ્રયોગોથી દિન–પ્રતિદિન ગુજરાતનું શિક્ષણ કથળતું જાય છે. શિક્ષક મિત્રોની પરિસ્થિતિ એટલી વિકટ છે કે એક શાળા હોય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ કદાચ એક જ શિક્ષક હોય અને તે શિક્ષક તે શાળા ચલાવતો હોય. જેવી રીતે વચ્ચેના સમયમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવેલી એટલે તે વર્ષ પૂરતું તો ચાલ્યું પણ ચાલુ વર્ષે જયારે શિક્ષકોની ભરતી આ રીતે એટલે કે પ્રવાસી શિક્ષક તરીકે નથી કરવામાં આવતી ત્યારે મારી બાજુની એક સ્કૂલનું દ્રષ્ટાંત આપને આપીશ કે તે શાળામાં માત્ર પી.ટી. ટીચર છે. જે શાળામાં ગણિત –વિજ્ઞાનના શિક્ષક ના હોય, જે શાળામાં અંગ્રેજી વિષયના શિક્ષક ના હોય કે અન્ય બીજી ભાષાઓના શિક્ષકોની વાત આપણે કરીએ પ્રવાસી શિક્ષક ન હોવાને કારણે કોઇ પણ વાલી એવી શાળામાં બાળક કઇ રીતે મોકલે ? મારી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે, આવી શાળાઓમાં સૌથી પહેલાં તો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો મળે એવી તાત્કાલિક ધોરણે કોઇ વ્યવસ્થા કરવી જોઇએ. એક જ શિક્ષક હોય કારકુન ના હોય, પટાવાળાભાઇ ના હોય તો આચાર્યશ્રી જે હોય તેને કારકુનનું કામ કરવાનું અને પટાવાળાભાઇનું કામ પણ કરવાનું અને બાળકોને ભણાવવા માટે પણ જવાનું. આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે દિન–પ્રતિદિન ગરીબ ગામડાંઓમાં વસતા લોકો કે જે પ્રાઇવેટ શાળાઓમાં પોતાના બાળકોને મોકલી શકતા નથી. પ્રાઇવેટ શાળાઓની મોટી ફી ભરી શકતા નથી. એવા બાળકો શિક્ષણથી દૂર રહેવાના છે અને દિન–પ્રતિદિન આ પરિસ્થિતિનું નિર્માણ થતું રહેશે તો ઘણા બધાં બાળકો ડ્રોપ–આઉટ એરિયામાં આવી જશે. શિક્ષણમંત્રીશ્રીને મારે વિનંતી કરવાની કે પ્રાથમિક શાળામાં શિક્ષકોની જે પરિસ્થિતિ છે એમાં એમને જૂની પેન્શન યોજનામાંથી બાકાત કર્યા છે. એમને જૂની પેન્શન યોજના આપવી. એમને અન્ય પ્રવૃત્તિઓ ન કરવા દેતા અને અન્ય જવાબદારીઓ ન સોંપતા માત્ર શૈક્ષણિક કામ કરવા દેશો તો ચોક્કસ શિક્ષણનું સ્તર ઊંચું આવશે. બાળક પ્રાથમિક કક્ષાએથી જ શિક્ષણમાં કાચો હોય તો માધ્યમિક શિક્ષણમાં એ ભણી શકતો નથી અને કૉલેજ સુધી તો એ પહોંચી જ શકતો નથી. મારે બીજી વાત એ કરવી છે કે સરસ્વતી સાધના યોજનામાં પહેલાં બક્ષીપંચની બાળાઓને સાયકલ આપવામાં આવતી હતી. ત્યારબાદ આ યોજનામાં બધી જ બહેનોને કન્યા કેળવણીમાં મફત સાયકલ આપવામાં આવતી અને અત્યારે નવો પરિપત્ર થયો છે કે જેમાં આવકનો દાખલો અને બક્ષીપંચનો દાખલો મેળવવો પડે છે. આ બંને દાખલા મેળવવામાં ખૂબ મુશ્કેલી પડતી હોય છે અને ધક્કા ખાવા પડતા હોય છે. એના માટે પણ યોગ્ય વિચારશો એવી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપ બિલના સ્કોપમાં વાત કરો. બિલમાં સુધારાની વાત કરો.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : મારી પોતાની એક વિનંતી છે કે સૌથી પહેલાં તો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ જે તે વિષયના શિક્ષકો આપ પૂરા પાડશો તો ચોક્કસ શિક્ષણ ક્ષેત્રે સારો વિકાસ થશે અને શિક્ષણ ખૂબ સારું થશે એવી આશા રાખું છું.

શીવાભાઇ અ. ભૂરિયા(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ માટેનું સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

વર્ષ ૨૦૧૪માં પ્રાથમિક શિક્ષણ વિભાગ અને વર્ષ ૨૦૧૯માં ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં કેટલાક તાલુકાઓમાં શિક્ષકોની બદલી પર ૧૦ વર્ષ સુધી બૅન મૂકવામાં આવ્યો છે. અત્યારે ઘણી જગ્યાએ મહેકમનો ખૂબ અભાવ છે. એના કારણે શિક્ષકોની બદલી થતી નથી અને જે શાળાઓમાં શિક્ષકો નથી ત્યાં ઘટ પૂરાતી નથી. જો આ તપાસ કરાવીને જે શાળાઓમાં

શિક્ષકો વધમાં છે એ શાળાઓમાંથી શિક્ષકોનો બૅન ઉઠાવી લેવામાં આવે અને જે શાળાઓમાં શિક્ષકો નથી એ જગ્યાએ શિક્ષકો મૂકવામાં આવે અને જ્યાં શિક્ષકો નથી ત્યાં શિક્ષકોની ભરતી થાય. ગુજરાતમાં ઘણા સમયથી તાલુકા કેળવણી નિરીક્ષકની ભરતી થતી નથી. ગયા સત્રમાં મંત્રીશ્રીએ મને ખાતરી આપી હતી કે પાંચમા મહિના સુધીમાં પ્રાથમિક શિક્ષકો અને કેળવણી નિરીક્ષકોની ભરતી થઇ જશે. કેળવણી નિરીક્ષકની ભરતી ન થવાના કારણે શાળાના કોઇ શિક્ષકને ચાર્જ આપી દેવામાં આવે છે એના કારણે ઘણા વિવાદો ઊભા થતા હોય છે. એના કરતાં તો પ્રાથમિક શિક્ષક અને કેળવણી નિરીક્ષકોની ભરતી કરવામાં આવે તો શિક્ષણ માટે ઘણી સારી સુવિધા ઊભી થાય. મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને રજૂઆત છે કે આ બંને રજૂઆતો ધ્યાને લઇ અને કંઇક વિચારણા કરે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી અંબરીશભાઇએ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન માગ્યો છે. એમાં મારે એટલું જ કહેવાનું છે કે આવતીકાલે પ્રશ્નોત્તરી પછી આપ આ રેઇઝ કરી શકશો.

**વિરોધપક્ષના દંડકશ્રીનો પ્રસ્તાવ**

**દિવસના કામકાજની યાદીમાં ફેરફાર કરવા બાબત.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : (વિપક્ષના દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદીમાં સમાવેલ અને નક્કી કર્યા મુજબ બિલ નંબર–૨૨ ને આવતી કાલની કામકાજની યાદીમાં સમાવવા માટેની મારી દરખાસ્ત છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદીમાં હવે ૨, ૩ અને ૪ બિલ રહેશે એમની આવતી કાલે ચર્ચા કરી અને પસાર કરવાનું રાખીએ અને અત્યારે વિધેયક ક્રમાંક–૨૧ની ચર્ચા પૂરી થાય અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે. આજનું બિલ પૂરું થયેથી ગૃહ મુલતવી રાખીએ અને આવતી કાલે ૨, ૩ અને ૪ બિલ ચર્ચા માટે હાથ ધરી અને મતદાન પૂર્ણ કરીએ.

અધ્યક્ષશ્રી : બંને પક્ષની રજૂઆત સાથે હું સહમત છું. આવતી કાલે સભાગૃહ સવારે ૧૦.૦૦ કલાકે મળશે અને બાકીના જે બિલ છે તે આપણે આવતી કાલે ચર્ચા માટે લઈશું.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ તક આપવા બદલ ખૂબ ખૂબ આભાર. વિધાનસભાના ચોમાસુ સત્રનો પહલો દિવસ, ભેજવાળું વાતાવરણ અને તેમાં આજે નવ નિયુક્ત શિક્ષણમંત્રી અને અમારા સન્માનનીય સાથી શ્રી જીતુભાઈ વાઘાણી એક શબ્દના સુધારા સાથે ગુજરાતની દશા અને દિશા બંને બદલી જાય એવું સુધારા વિધેયક સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક ક્રમાંકઃ ૨૧ ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. ગૃહના બહુ બધા સભ્યોએ આના ઉપર વાત કરી છે. સમયની મર્યાદા છે પણ આ ઋષિ અને કૃષિની સંસ્કૃતિનું રાજ, રામાયણ અને મહાભારતનો ઈતિહાસ, રામાયણ અને ગીતા વચ્ચે સમગ્ર દેશના જીવનનો સાર પૂરો થાય એવી પરિસ્થિતિમાં ઢળતી સંધ્યાએ મારે ભીષ્મ પિતામહને પણ યાદ કરવા જરૂરી થઈ ગયા છે. કોઈએ કહ્યું **એસે વૈસે કૈસે કૈસે હો ગયે, કૈસે વેસે એસે વેસે ક્યું હો ગયે?** ૨૫ વર્ષના સળંગ શાસન પછી પણ આજે એવી સ્થિતિ પેદા થઈ છે કે સરકારે એના જ કરેલા નિર્ણયોને ફરી પાછા સુધારવા પડે. મહાભારતના એક પાત્રને એટલા માટે યાદ કર્યું કે જેણે નીતિ, ધર્મ અને સંસ્કારોની જીવનમૂર્તિ માનવામાં આવતી હતી. શ્રેષ્ઠ યોદ્ધા હતા, ઈચ્છામૃત્યુનું વરદાન હોવા છતાં એણે બાણ શૈયા ઉપર શા માટે કણસવું પડ્યું? માનનીય અધ્યક્ષશ્રી, ઘરે નારી શક્તિએ મને કહ્યું કે જ્યારે ગુજરાતમાં અચાનક ઉથલપાથલ થઈ હતી અને (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, આપ વિપક્ષના નેતા છો તો આપ બિલના સ્કોપમાં વાત કરો.

શ્રી પરેશ ધાનાણીઃ બિલના સ્વરૂપમાં મારે ટૂંકી અને ટચ વાત કરવી છે. જ્યારે મેં પીડા વ્યક્ત કરી ત્યારે ઘરે નારી શક્તિએ કહ્યું. પક્ષ હોય કે વિપક્ષ ૪૦–૪૦ વર્ષ જેણે લોહી પરસેવાના ટીંપાથી ઈમારતો સિંચી હોય એની આંખમાંથી આંસુ પડ્યા.

અધ્યક્ષશ્રીઃ આપ એ ચિંતા ન કરો. આપ આપના બિલ પરનો સુધારો કહો. આમાં બિલની વાત કયાં આવે છે? બિલના સ્કોપમાં જ વાત કરો. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે વધારે સમય લેવો નથી.

અધ્યક્ષશ્રીઃ સમય લેવાનો વિષય નથી. બિલના સ્કોપમાં વાત કરો. શિક્ષણ પર વાત કરો.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક-૨૦૨૧

શ્રી પરેશ ધાનાણી: એક નારી શક્તિએ મને ખૂબ સુંદર મજાનો દાખલો દીધો કે, આ ભીષ્મ પિતામહને બાણની શૈયા ઉપર શા માટે સૂવું પડ્યું? એણે મને કહયું કે એ રાજના દરબારમાં જ્યારે એક અબળાની આબરૂ લૂંટાતી હતી ત્યારે એણે મૂક સાક્ષી બનવાનો ગુનો કર્યો હતો. દુનિયામાં કોઈ એવું વચન નથી કે જે અબળાની આબરૂને લૂંટતા રોકી શકે. આ વિધાનસભાનું ગૃહ, લોકશાહીનું મંદિર, ૨૦-૨૦ વર્ષથી આ લોકશાહીની આબરૂને લૂંટાતા જોનારા કેટલાંય લોકોએ એ બાણ શૈયા ઉપર કણસવા મજબૂર શા માટે થવું પડ્યું? આ દેશની સંસ્કૃતિને મારે યાદ કરાવીને મારે વાતને આગળ ધપાવવી છે. આજે શિક્ષણનો વિષય છે.

અધ્યક્ષશ્રી : શ્રી જીતુભાઈનો જવાબ બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપણો ખૂબ ઊજળો ઈતિહાસ છે. આશ્રમ શાળામાંથી નીતરેલી આપણી જ્ઞાન ગંગા જ્યાં રણનીતિ, રાજનીતિ, યુદ્ધનીતિ સાથે જ્ઞાન વૃદ્ધિ સહિત શૌર્યના પાઠ ભણાવાતા. સત્ય, સંયમ, પરોપકાર, ખુમારી, માફી, દાન, વચન અને મર્યાદા જેવા સંસ્કારો વચ્ચે ઘડતર થતું હતું.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ પ્લીઝ, હું ત્રીજી વાર આપને કહું છું કે આપ માત્ર બિલના સુધારા ઝડપથી કહો. મારે જવાબ પણ લેવાનો છે. સમય પણ થઈ ગયો છે.

શ્રી પરેશ ધાનાણી : આ જ ભારતીય જનતા પાર્ટીના રાજમાં શૈક્ષણિક વ્યવસ્થાનું ખાનગીકરણ થઈ રહ્યું છે. ૧૫ જેટલી યુનિવર્સિટીઓ સરકારી યુનિવર્સિટીઓ હતી. આપના મારફત શિક્ષણમંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આજે ૯૨ કરતાં વધુ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ મારફતે આ ગુજરાતના કોઈ ગરીબ કે મધ્યમ વર્ગીય બાળકને મોંઘી ફી ભરવા મજબૂર થવું પડે છે. વ્યાપારીકરણનું રાજ સ્થાપિત થયું છે. આપના મારફત માનનીય શિક્ષણમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, માનનીય જીતુભાઈ સાહેબ, આ વેપારી વૃત્તિએ કેટલાંય ગરીબ-મધ્યમવર્ગના બાળકોના ભવિષ્યને અંધકારમાં ધકેલ્યું છે. ફી માફિયાઓ તેના ભવિષ્યની સાથે ચેડા કરી રહ્યા છે ત્યારે આ ગૃહ ચૂપ ના રહી શકે. પક્ષ હોય કે વિપક્ષ બધાંએ સાથે મળીને આની ચિંતા કરવી પડશે. રાજકીકરણમાંથી પસાર થતો આપણો આ શૈક્ષણિક યુગ, માનનીય ભૂપેન્દ્રસિંહ બાપુએ કહ્યું કે ફી નિયંત્રણ કાયદો લાવ્યા. ફી નિયંત્રણ કાયદાથી સરકાર બની ગઈ પણ આ જ ફી નિયંત્રણ કાયદો ૮૫ ટકા ખાનગી શાળા-કોલેજની અંદર ફી વધારવાનું માધ્યમ બન્યું. આ એફઆરસી કાયદાએ ફી માફિયાઓ ઉપર લગામ કસવાના બદલે એની ફી વધારી દેવાનું પ્લેટફોર્મ બન્યો અને એનો ભોગ આપણા સૌના બાળકો આજે બની રહ્યા છે. સમયની મર્યાદા છે અને આ કોરોનાનો કાળ છે. હું વિનંતી કરવા જ ઊભો થયો છું. આપણે સૌ વીતેલા દોઢ વર્ષને ખૂબ નજીકથી અનુભવ્યું છે. આ કોરોનાકાળમાં સામાન્ય માણસની સારવારમાં બચત ખર્ચાઈ ગઈ છે. આવકો ઓછી થતી જાય છે, દેવું વધતું જાય છે અને આવી સ્થિતિમાં આ ગુજરાતના બાળકોનું ભવિષ્ય અંધકારમાં ન ધકેલાય એટલા માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ખૂબ હકારાત્મક અને સકારાત્મક રીતે આ સૂચનને આવકારવું પડે તેમ છે. આપના મારફત શિક્ષણમંત્રીશ્રીને વિનંતી કરું છું. અમે સવા વર્ષથી માનનીય ભૂપેન્દ્રસિંહ બાપુ હતા અને વ્યક્તિગત રીતે અને લેખિતરૂપે પણ અમે વારંવાર રજૂઆત કરી હતી. આ કોરોનાકાળમાં શાળા કોલેજો બંધ થઈ, શિક્ષણ અનિશ્ચિત થયું, બાળકોને લખવાની અને વાંચવાની આદત જતી રહી. ઓનલાઈન શિક્ષણમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારનું બાળક જેને મોબાઈલ લેવાનો કે કાર્ડ રીચાર્જ કરાવવાનો વેંત નથી એ શિક્ષણની ગાડી છૂટી ગયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, હું આપને ફરી કહું છું કે આપ પ્લીઝ સુધારા કહો. મેં આપને તક આપી. તમે અડધો કલાક લીધો. બિલના સુધારા ઉપર વાત કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલકુલ શિક્ષણ ઉપર વાત કરી રહ્યો છું. આ યુનિવર્સિટીનું ખાનગીકરણ અને ખાનગીમાંથી પાછું સરકારીકરણનું બિલ છે. હું બિલકુલ બિલના હાર્દની વચ્ચે જ ચર્ચા કરી રહ્યો છું. આની બહાર ભૂતકાળમાં પણ જવાની આદત નથી અને ક્યારેય ગયો નથી. આપની લાગણી છે એટલે વિનંતી કરું છું. શિક્ષણ મંત્રીશ્રીને ગુજરાતના લાખો પીડિત પરિવારો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે રામાયણ અને મહાભારત ઉપર પહોંચી ગયા, તમે અહીંયા સુધારા કહો.

શ્રી પરેશ ધાનાણી : અમારા શ્રી નીતિનકાકાને ચિંતા થાય છે પણ બેન, આ ગુજરાતની વિધાનસભા એની સાક્ષી છે. ભૂતકાળમાં બાપા ઉપર બળ પ્રયોગ થયો, બેનને બહાર હાંકી કાઢ્યા, કાકાને પરાણે કચડી નાંખ્યા અને હવે દાદાનો દાણો દબાવ્યો છે. આ દીકરાનું શું થશે? એની હવે ચિંતા કરો. મને વિશ્વાસ છે કે ગુજરાતના લોકો હવે સરદારના સંસ્કારોના સંરક્ષણ માટે આ દીકરા ઉપર પણ ખૂબ લાંબી આશ રાખીને બેઠા છે.

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક–૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય શ્રી જીતુભાઇને છેલ્લી વિનંતી કરૂ છું કે માનનીય શિક્ષણમંત્રીશ્રી, આ કોરોના કાળમાં કયાંય આવકના સ્ત્રોત ઘટ્યા છે, બચત ઘસાણી છે અને દેવુ વધ્યું છે. બાળકોનું ભવિષ્ય અંધકાર તરફ ધકેલાઇ રહ્યું છે અને બેન બા, એની સૌથી પહેલી અસર આ ગુજરાતની દીકરીઓ ઉપર પડવાની છે. કારણ કે, મા–બાપે એક દીકરા અને દીકરીની વચ્ચે અગર કોઇ એકને ભણાવવા મજબૂર થવું પડે તો એનો ભોગ આ મારી ગુજરાતની દીકરીઓ બનવાની છે ત્યારે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન તમામ સરકારી અને ખાનગી શાળા કોલેજની સંપૂર્ણ વાર્ષિક ફી માફ કરવા તેમજ ખાનગી શિક્ષકોને પગાર સહિત આનુષંગિક ખર્ચ માટે ખાસ કિસ્સામાં ગ્રાન્ટ ફાળવવા માટે સરકાર આ વિધાનસભા ગૃહમાં નિર્ણય કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત રાજ્યના લાખો પરિવારોને સ્પર્શતો મુદ્દો છે એની જરૂરિયાત પણ છે અને આપણી ફરજ પણ છે ત્યારે સરકાર આ સકારાત્મક સૂચનને સ્વીકારશે એટલી જ અપેક્ષા સાથે જે આપણી શાળાઓને, આપણી કોલેજોને ખાનગી યુનિવર્સિટીના હવાલે મુકી હતી એને ફરી પાછા સરકારી યુનિવર્સિટીઓના હવાલે લેવાનો સરકારે નિર્ણય કર્યો એને અમને આવકારીએ છીએ. અભિનંદન. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જીતુભાઇ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સુધારા બિલની અંદર સભ્ય શ્રી કિરીટભાઇ, શ્રી વિવેકભાઇ, શ્રી આત્મારામભાઇ, ડો. અનિલભાઇ જોષીયારા, ડો. સી.જે.ચાવડા, આદરણીય શ્રી લલિતભાઇ કગથરા, શ્રી પ્રતાપભાઇ દુધાત, આદરણીય શ્રી શિવાભાઇ, શ્રી અમરીશભાઇ ડેર, બેનશ્રી ગેનીબેન, શ્રી પી.ડી.વસાવા, શ્રી ગુલાબસિંહભાઇ, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી નૌશાદભાઇ સોલંકી, શ્રી જશુભાઇ પટેલ, શ્રી અજિતસિંહભાઇ ચૌહાણ અને અમારા આદરણીય વડીલ પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ પણ આ બિલની અંદર સમર્થન કર્યું છે અને માહિતી પણ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી બાબતો માનનીય સભ્યશ્રીઓએ આ બિલ બાબતે અને બિલની બહાર પણ મૂકી છે. સ્વાભાવિક છે કે આખો શિક્ષણ વિભાગ, પ્રાથમિકથી હાયર એજ્યુકેશન સુધીનું મારી પાસે છે તો બધાએ પોત પોતાની વાત મૂકી છે. બધાના જવાબો પણ મેં લખ્યા હતા એક પછી એક આપવાના. પણ મને એવું લાગે છે કે બધી જ વાતોના એક સારાંશ તરીકે મારી વાત શરુ કરું એ પહેલા કેટલીક વાત ગૃહ સમક્ષ મુકવા માગું છું. આ સુધારા બિલ પહેલા ખોટું લાવ્યા હતા અને હવે સુધારીએ છીએ. એમાં હું સંમત નથી. કારણ કે, કોઇ પણ વસ્તુ નવી મુકતા હોઇએ, ઇન્ટ્રોડયુસ કરતા હોઇએ ત્યારે એના અમલવારી પછીના જે પ્રશ્નો આવતા હોય છે એને સરકારે સમજીને, એ પ્રમાણે આગળ વધીને, એમાં સુધારો કરવો આ અમારી ઓપનનેશ છે. માનનીય ભૂપેન્દ્રસિંહજી જે બિલ લાવ્યા હતા એ વખતે પણ યોગ્ય હતું અને આજે જે સુધારો થઇ રહ્યો છે એ પણ યોગ્ય છે. કારણ કે, સમયની માંગ સાથે ચાલવાની અમારી ભારતીય જનતા પાર્ટીની તૈયારી રહી છે. અહીંયા ખૂબ બધી વાતો થઇ છે. ભરતીની વાતો થઇ છે. પ્રોફેસરોની ભરતીની સંદર્ભમાં પણ અમે આગળ વધી રહ્યા છે. કોઇને અંગત મળવું હોય તો અંગતપણે પણ એ બધી માહિતીઓ એ મારા વિભાગ દ્વારા અમે બધાને આપીશું પણ ખરા. ખાનગી કોલેજો, ખાનગી કોલેજો, ખાનગી કોલેજો, ખાનગી યુનિવર્સિટીઓ. બાપુએ વર્ષ ૧૯૯૪ની વાત કરી. મેં થોડો અભ્યાસ કર્યો હતો, બાપુ પાસે તો પાકો અભ્યાસ હોય. વર્ષ ૧૯૬૨થી ૧૯૯૫ સુધી પાંચ ખાનગી યુનિવર્સિટીઓ કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં હતી. આ નવું નથી. એ સમયે જો પાંચ લાવવાની આવશયકતા હોય તો સમયની સાથે ચાલવા માટે વિદ્યાર્થીઓની સંખ્યા, અલગ અલગ સ્પર્ધાઓની વચ્ચે ઉભા રહેવાનું. એક એવો શિક્ષિત યુવાન કે જે આત્મનિર્ભર અને સ્વનિર્ભર બને, દુનિયાની સાથે આંખમાં આંખ પરોવીને ભારતના અન્ય રાજયોના યુવાનો સાથે આંખમાં આંખ પરોવીને વાત કરી શકે,એ પ્રકારની જરૂરીયાતોના સંદર્ભે અહીંથી વાત થઇ છે, એટલે ઉંડાણમાં નથી કહેતો. શું માત્ર ગુજરાતમાં જ આ ચાલે છે? ૧૯૯૫ પહેલાં અમારી સરકારો હતી? આજુબાજુના રાજયોમાં સરકારો અમારી છે? આ પ્રકારનો મેસેજ આપણી સરકારી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જાય એ બરાબર નથી, સરકારી શાળાઓ બરોબર નથી. મને એવું લાગે છે કે ભૂતકાળની અંદર આપણે જઇએ તો શાળા કે કોલેજો હોય શું અને કેટલી વ્યવસ્થાઓ હતી, કેટલા પ્રોફેસરો હતા કેટલી સંખ્યા હતી. આ સંદર્ભમાં જો મૂલ્યાંકન કરવામાં આવે તો જ મને એમ લાગે છે કે સાચું મૂલ્યાંકન થાય. હું મારી ઉંમર નાની છે, ૫૧ વર્ષ. હું કેવી સ્કૂલ અને કોલેજમાં ભણયો હતો એની મને ખબર છે કે શું વ્યવસ્થા હતી. આજે કોલેજ કેમ્પસ કેવાં બન્યાં છે એ સરકારી હોય કે ખાનગી હોય, આપણા બધાના દિકરા – દિકરીઓ સગાં – વહાલાંના ભણે છે. આપણા જે કોઇ સૂચનો હોય તે કહો. તમે મારા બિલને સમર્થન કર્યું છે, ચોક્કસ આગામી દિવસોમાં કયાંક એવું ખૂટતું કે ઘટતું હશે તો આપણે કરવું છે. પરંતુ એવું કહેવામાં આવે કે બધું બંધ થઇ ગયું છે તો મારે કહેવું છે કે સરકારી અને ગ્રાન્ટેબલ કોલેજ ઓછી નથી થઇ. સરકારી નવી કોલેજો મંજૂર પણ કરીએ છીએ, ગ્રાન્ટેબલ કોલેજના વર્ગો પણ વધારીએ છીએ. પ્રોફેસરોની જગ્યા પણ ભરીએ છીએ. ખાનગી કોલેજો સ્વતંત્ર થાય છે. નવી કોલેજો વધે છે. જે વિદ્યાર્થીઓને સરકારી કોલેજમાં ભણવું છે એને પ્રવેશ અમારી સરકાર આપે જ છે. જેને પ્રાઇવેટમાં જવું છે એ પણ જઇ શકે છે. અલગ અલગ પ્રકારની સ્કોલરશીપો પણ ખાનગીમાં ભણતા હોય એમને કોંગ્રેસ સરકારે આપી નથી, અમે શરૂ કરી છે, તમે એ વિચાર નહોતો કર્યો. એ વિદ્યાર્થીઓનું શું થશે અને એમને મદદ કેવી રીતે થશે? સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. કોઇ ટિકા–ટિપ્પણી નથી કરતો માત્ર ધ્યાન દોરવા માગું છું.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક–૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી કન્યા કેળવણી નીધિ એ લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શરૂઆત કરી. માનનીય મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના એ પણ અમારી સરકારે કરી. એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના એ પણ અમારી સરકાર લાવી. સ્ટુડન્ડ સ્ટાર્ટઅપ એન્ડ રિનોવેશન પોલિસી સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ફોર કોલેજ યુનિવર્સિટી સ્ટુડન્ટ, પીએચડી લેવલના રિસર્ચ માટે શોધ યોજના, સમાજ કલ્યાણ વિભાગ દ્વારા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના કરોડો કરોડો રૂપિયા, નાણામંત્રીશ્રી નીતિનભાઇ બેઠા છે બહુ બજેટો એમણે ભૂતપૂર્વ નાણામંત્રી તરીકે રાજયમાં શિક્ષણ અને અન્ય વિભાગમાં વિદ્યાર્થીઓને ૫૦– ૫૦ ટકા સુધીની મેડિકલમાં, હોસ્ટેલમાં સાધન–સામગ્રીમાં, જે ભણવા માટેના કોલેજ ઇક્યુપમેન્ટ એમાંય સહાય કરવાની શરૂઆત જો કોઇએ કરી હોય તો મારે ગૌરવ સાથે કહેવું છે કે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આંકડા જોઇતા હોય તો પણ હું આપીશ કે કયા જિલ્લામાં કયા વિદ્યાર્થીને કેટલી રકમ એ પ્રાથમિકથી માંડીને ઉચ્ચતર માધ્યમિક અને મેડિકલ કોલેજમાં આપી. અમે મેડિકલમાં પણ સહાય આપી રહ્યા છીએ. એટલે આ પ્રકારે ફી નિર્ધારણની વાતો પણ અહીયાં થઇ. મારે કહેવું છે કે જે કાંઇ કમિટીઓ બની છે એફ.આર.સી. એ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટ સુધી પણ એના લિટીગેશનો થયાં છે. એ લિટીગેશનોના અંતે શું આપણે સુપ્રીમ કે હાઇકોર્ટનું પણ ન માનવું, માત્ર રાજય નીતિ કરીને અલગ પ્રકારની વાતો કરીને લોકોને અલગ પ્રકારની દિશા આપવી એ શિક્ષણ માટે મને એવું લાગે છે કે વાજબી નથી. અનેક અનેક યોજનાઓ લાભ અહીંયાં અમે આપી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો અને ઘણા બધા સૂચનો એ ખૂબ સારાં પણ થયાં છે અને ટીકાઓ પણ થઇ એને અમે આવકારીએ છીએ. એમાંથી પણ કંઇક લઇશું, એ ટીકામાંથી પણ લઇશું અને સારા સૂચનોમાંથી પણ લઇશું. આની હું આપ સૌને આ ગૃહમાં ખાતરી આપું છું. ખાનગી યુનિવર્સિટીઓનો કન્સેપ્ટ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન તેમજ ભારતના અન્ય રાજયોમાં પણ છે. આપણે સ્પર્ધામાં રહેવું હશે, દુનિયાની સાથે કદમ મીલાવવા હશે, એ કરોડો યુવાનો,(અંતરાય) એ દેશને આપવું છે, આપી રહ્યા છીએ, (અંતરાય) આપના વખતે શું હતું અને અમારા વખતે શું છે, આ યુવાનમાં ટેલેન્ટ કયાંથી કેવી રીતે આવી, કયા શિક્ષણથી આવી, કોણે શિક્ષણ આપ્યું? આ પૂર્વે પણ સરકારો તો હતી, મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી પણ હતા, વડાપ્રધાન પણ હતા, પણ મને લાગે છે આ શિક્ષણ તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૯૫થી ૨૦૨૧ દરમિયાન ગુજરાત અને અન્ય રાજયોમાં ખાનગી યુનિવર્સિટીઓ ભારતના ઘણા રાજયોમાં શરૂ થઇ એ સમયની માગ હતી. અમારી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અને આ પૂર્વે પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને અમારા વડીલ શ્રી ભૂપેન્દ્રસિંહજી જયારે ભૂતકાળમાં આ બિલ લાવ્યા હોય અને મને લાગે છે કે શ્રી ભૂપેન્દ્રસિંહજી ઉપર કયારેય કોઇ શંકા ન કરી શકે તે પ્રકારનું એમનું જીવન રહ્યું છે ત્યારે આ પ્રકારની વાતો આપણને કયારેક પીડા આપે છે. આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વવાળી સરકારમાં ગુણવત્તા અંગે તમામ ખાનગી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ તથા પ્રજાના લાભમાં રહે તે પ્રકારનું જરૂરી મોનિટરીંગ પણ અમે કરીશું. હું ના નથી કહેતો, આપે જે વાત કરી તે સાચી કયાંક હોય, કયાંક બન્યું છે. કર્ણાવતી સાબરમતી યુનિવર્સિટી ઉપર પગલાં લીધા છે. આ વાતો નથી કરતા. અમે કોઇને એ પ્રકારની છૂટ આપવા માગતા નથી. હું તમામ સભ્યોને કહું છું કે આનો એકટ પણ છે. મારા વિભાગમાં અને મારી ઓફિસમાં જેમને અભ્યાસમાં રસ છે અને સારું કરવાની વૃતી છે તેને મળી જશે. એ એકટમાં આપણે પગલાં લઇ શકીએ એ પ્રકારની જોગવાઇઓ છે. રાજય સરકાર સત્તા પણ ધરાવે છે. અહીં જે પ્રકારની વાતો થઇ રાજય સરકાર કંઇ કરતી નથી. અને સરકાર પાસે સત્તા નથી. તો સાબરમતી યુનિવર્સિટીમાં કેમ થયુ? આ પ્રકારની વાતો આ ગૃહમાં કરીએ તેનાથી બહાર જન માનસ ઉપર એવો મેસેજ જશે કે સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે કંઇ નથી, એવી વિદ્યાર્થીઓના માનસ ઉપર અસર ન થાય તે જોવાની જવાબદારી પણ આપણા સૌની છે. ખાનગી યુનિવર્સિટી એકટ ૨૦૦૯ની કલમ ૩૧, મારે કહેવું છે, મારે સમગ્ર સભાગૃહના તમામ સભ્યશ્રીઓનું વિનમ્ર ભાવે ધ્યાન દોરવું છે. કલમ ૩૧ અનુસાર રાજય સરકારને ખાનગી યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃતિઓ અંગે નિર્દેશ આપવાની સતા પણ આપવામાં આવેલી છે. કલમ ૩૧(૧)માં જણાવ્યા અનુસાર રાજય સરકારને શિક્ષણને લગતી શૈક્ષણિક પ્રવૃતિઓ, પરીક્ષાને લગતી બાબતો, સંશોધનને લગતી બાબતો અને અન્ય તમામ બાબતો અંગે મૂલ્યાંકન કરવાની સત્તા છે, આપ કહેજો કે આ યુનિવર્સિટીમાં આવું ચાલે છે. અમે ચોક્કસ રાજયના હિતમાં એ અંગે યોગ્ય કરીશું. રાજય સરકાર દ્વારા મૂલ્યાંકન માટે કલમ ૩૧(૨)માં જણાવ્યા અનુસાર યુનિવર્સિટીને સુધારા સૂચનો કરી શકે છે અને યુનિવર્સિટી માટે તે સૂચનોનો સમય મર્યાદામાં અમલ પણ કરવા માટેની જોગવાઇ છે. જો યુનિવર્સિટી આ સૂચનનો સમય મર્યાદામાં અમલ કરવામાં નિષ્ફળ રહે તો, મેં અગાઉ પણ આ વાંચ્યું છે અને અગાઉ પણ મુદ્દા ઉપસ્થિત થયા હતા તેનો જવાબ પણ આજે આમાં આપવાનો મેં પ્રયાસ કર્યો છે. ખાનગી યુનિવર્સિટી સમય મર્યાદામાં અમલ કરવામાં નિષ્ફળ રહે તો રાજય સરકાર કલમ ૩૧ (૩)માં જણાવ્યા અનુસાર યુનિવર્સિટીને નિર્દેશ આપવાની સત્તા ધરાવે છે. આ ઉપરાંત ખાનગી યુનિવર્સિટી એકટ ૨૦૦૯ની કલમ ૩૪માં જણાવ્યા મુજબ દરેક ખાનગી યુનિવર્સિટીને કેન્દ્ર સરકારના નિયમોનુસાર વખતો વખત એક્રેડીટેશન કરાવવું જરૂરી છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી એકટ ૨૦૦૯ની કલમ ૪૩ (૧) અને (૨) માં રાજય સરકારને ખાસ કિસ્સામાં પગલાં લેવાની સત્તા આપવામાં આવેલ છે. કલમ ૪૩ (૧) અનુસાર જો રાજય સરકારને ખાનગી યુનિવર્સિટીની શૈક્ષણિક પ્રવૃતિઓ અને અન્ય વહીવટી અને નાણાકીય બાબતો અંગે જરૂર જણાય તો રાજય સરકાર યુનિવર્સિટીને કારણદર્શક નોટિસ ઇશ્યુ કરી શકે છે. અંગે જરૂર જણાય તો રાજય સરકાર યુનિવર્સિટીને કારણદર્શક નોટિસ ઇસ્યુ

કરી શકે છે જેનો યુનિવર્સિટીએ ૪૫ દિવસમાં ખુલાસો કરવાનો રહે છે. યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલો ખુલાસો યોગ્ય ન લાગે તો રાજ્ય સરકાર ખાનગી યુનિવર્સિટી એકટની કલમ ૪૩(૨) ૪૩(૩) અને ૪૩(૪) અનુસાર તપાસ અધિકારીની નિમણૂક કરી તપાસ પણ હાથ ધરી શકે છે અને જરૂરી દસ્તાવેજો,આધાર પૂરાવાઓ પણ મંગાવી શકે છે. જો તપાસણી રિપોર્ટ પરથી સાબિત થાય કે યુનિવર્સિટી દ્વારા ખાનગી યુનિવર્સિટી એકટના નિયમો રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નિયમોનો ભંગ અથવા નાણાકીય ગેરરીતિ અંગે પુનઃ કહું છું કે નાણાકીય ગેરરીતિ અને ગેર વહીવટ કરવામાં આવેલ છે એવા કિસ્સામાં રાજ્ય સરકાર યુનિવર્સિટી ખાતે વહીવટદારની નિમણૂક પણ કરીને યુનિવર્સિટી પોતાના હસ્તક લઈ શકે છે જે સાબરમતીમાં કર્યું છે. ભૂતકાળમાં કેટલાક કિસ્સામાં જરૂરિયાત અનુસાર આ પ્રકારના પગલાં પણ લેવામાં આવેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૪૪ અનુસાર રાજ્ય સરકારને ખાનગી યુનિવર્સિટીને લગતા નિયમો બનાવવાની સત્તા પણ આપવામાં આવેલ છે. થોડો સમય જોઇશે પણ કદાચ બધા સભ્યો આ પ્રકારે બેસીને સાંભળશે એવો મોકો ગૃહમાં છે તો બધાની જાણકારી માટે એ વિગતો હું આપની સમક્ષ મૂકવા માગું છું. વધુમાં ખાનગી યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલ સ્ટેચ્યુ અને ઓર્ડિનાન્સ સૌથી અગત્યની બાબત છે. એ રાજ્ય સરકાર પાસે ફરજિયાત મંજૂર કરાવવાના રહે છે. કોઇ સ્વતંત્ર નથી એ પ્રમાણે ચાલતા પણ નથી. એ બધુ મંજૂર થાય પછી જ એમને એ પ્રકારે કામ કરવાની છૂટ આપવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ તમામ નિયમોનું પાલન કરવાનું ફરજિયાત છે. થોડુક છે હજી પણ કોઇને જોઇતું હોય તો હું આપીશ. એકટ પણ આપીશ અને આમાંથી તારણ છે એ પણ આપીશ. કાળજીપૂર્વક વિચારણાને અંતે વિદ્યાર્થીઓના શિક્ષણના વિશાળ હિતમાં સરકારશ્રી દ્વારા પ્રજાલક્ષી નિર્ણય લઇને ઉકત નિયમન ઓગસ્ટ, ૨૦૨૧માં ફરીથી સુધારો કરવામાં આવ્યો હતો, તથા ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમની અગાઉની જોગવાઇ યથાવત રાખવા માટે ઓર્ડિનાન્સ પસાર કરવામાં આવેલ છે તે બાબત હવે કાયદા દ્વારા સુધારો કરી એકટમાં સામેલ કરવા આ કાયદાની આવશ્યકતા છે તે આજે રજૂ કરવામાં આવ્યું છે. સાથે સાથે સન્માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને જે પ્રજાના જનપ્રતિનિધિઓ છે ચાહે સત્તા પક્ષ હોય કે વિપક્ષ હોય. અમારી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને મારો વિભાગ તમારા તમામ શિક્ષણના હિતના વ્યવહારુ અને કાયદા સુસંગત સૂચનો કરશો તો તે તમામ માત્ર આવકાર્ય નહિ પણ શકય હોય તો તે બધા જ સૂચનોની સક્રિયપણે વિચારણા કરીને અમલવારીની દિશામાં પણ આગળ વધીશું. રાજયની જનતા અને વિદ્યાર્થી તેમજ શિક્ષણ સાથે જોડાયેલા સૌને હું આ બાબતે ગૃહમાંથી વિશ્વાસ અને ભરોસો પણ આપું છું જે ભૂતકાળમાં રાખેલી પરંપરાને આગળ લઇ જવા માગીએ છીએ. આ સન્માનનીય સભાગૃહના નેતા તરીકે રહી ચૂકયા છે તેવા ન માત્ર ગુજરાતના ન માત્ર ભારતના પરંતુ સમગ્ર દુનિયાનું ગૌરવ એવા આપણા સપૂત આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમયની માંગ સાથે છેલ્લા ૩૪ વર્ષમાં ન થયેલ નવી શિક્ષણ નીતિની વાત કરીએ છીએ, સુધારાની વાત કરીએ છીએ, વિદ્યાર્થીઓની વાત કરીએ છીએ. ૩૪ વર્ષ સુધી કોઇને યાદ ન આવ્યું આદરણીય નરેન્દ્રભાઇ એ નવી શિક્ષણ નીતિ આજના આપણા અન્ય એ ગૃહના સન્માનનીય સભ્ય રહી ચૂકયા છે એવા ગૃહમંત્રી ગુજરાતનું ગૌરવ શ્રી અમિતભાઇ શાહ, તત્કાલિન શિક્ષણ મંત્રી રમેશજી પોખરીયા, હાલના ભારત સરકારના માનનીય મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા એ નીતિની અમલવારી એ સમગ્ર દેશમાં સ્વીકારી છે. તેનો અમલીજામો પહેરવા માટે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ, તત્કાલિન શિક્ષણમંત્રી અને મારા વડીલ આગેવાન શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી દ્વારા ટાસ્કફોર્સ રચીને વિવિધ કમિટી બનાવી કામગીરી આરંભેલી છે. અમે પણ શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ સાથે જોડાયેલા ઘણા બધા મિત્રોએ કહ્યું છે કે અમને પૂછવું જોઇએ, કહેવું જોઇએ, કરવું જોઇએ એ વાત હું આપની વચ્ચે કરવા માગું છું. શિક્ષણ સાથે જોડાયેલા તજજ્ઞો તેમજ અનુભવી શિક્ષણશાસ્ત્રીઓ તેમજ ટાસ્કફોર્સ અને કમિટીઓ સાથે બેસીને વિચારણા કરી અમલ કરવાના છીએ ત્યારે આપ સૌ આ ગૃહના સભ્યો શાસક હોય કે વિપક્ષ હોય એ બધા આગેવાનોને હું વિનંતી કરું છું. આવો, આપણે આ શિક્ષણયાત્રામાં હોલિસ્ટીક એજ્યુકેશનની દિશામાં જોડાઇએ અને આપને જે લાગે તે સૂચનો વ્યાપક હિતમાં કરો તેવી પણ મારી આપ સૌને વિનંતી છે. અત્યાર સુધી સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ઇજનેરી વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત હતું. પરંતુ હવેથી મને સોંપેલ વિભાગ દ્વારા મને આ જાહેરાત કરતા આનંદ થાય છે. આર્ટસ, કોમર્સ અને સાયન્સના યુવાન વિદ્યાર્થીઓને પણ તેમનામાં પડેલું કૌશલ્ય બહાર લાવવું એટલું જ નહીં, એથી નીચે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગને પણ તેમાં જોડીને તેમનું કૌશલ્ય બહાર લાવીને સ્ટાર્ટઅપ અને ઇનોવેશનમાં કેન્દ્ર જે પ્રકારે આગળ વધી રહ્યું છે એ પ્રકારે રાજ્ય પણ, કારણ કે મેં પ્રાથમિક શાળાના બાળકો જોયા છે. અનેક પ્રયોગો કરે છે. જરૂરી નથી કે તે ઇજનેરી હોય. જરૂરી નથી કે ભવિષ્યમાં ઇજનેરીમાં જવાના છે. એ યુવાનો દેશને સમર્પિત કરવા માટે અમે આપવા માગીએ છીએ ત્યારે અહીંથી ઘણી બધી વાતો થઇ છે. હું ગુજરાતની જનતાવતી તે કોંગ્રેસના મુખ્યમંત્રી હોય કે કોંગ્રેસના પૂર્વશિક્ષણ મંત્રી હોય, ભારતીય જનતા પાર્ટીના તમામ મુખ્યમંત્રીશ્રીઓ હોય, જેમણે આ શિક્ષણ માટે કંઇ સારું કર્યું છે, સુધારા કર્યા છે એ બધાને હું ફરી વખત કહું છું. આ ગુજરાતનું ખમીરવંતુ યુવાધન જે આપણી દોલત છે. તેના માટે શિક્ષણને સ્ટ્રેન્ધન પણ કરવું છે. સંશોધન પણ કરવું છે અને સુધારા પણ કરવા છે ત્યારે આપના હકારાત્મક સૂચનો રાજય સરકારના મંત્રી તરીકે આવકારું છું. સૌ સાથે મળીને એમને આપણે આગળ લઇ જવાની દિશામાં આનંદ લઇએ, શાંતિ સુખાયનો આનંદ લઇએ. કદાચ એ પ્રત્યક્ષ દેખાય કે ન દેખાય, કોઇ માર્ક આપે કે ન આપે, કોઇ નોંધ લે કે ન લે પણ આ કામો ઇશ્વરના દરબારમાં માં ભગવતી અને શિવશકિતના ચોપડે અવશ્ય

નોંધીને અંતિમ શાહીની મહોર મારશે એવી મને પૂરી શ્રદ્ધા અને આત્મવિશ્વાસ છે. આવો, સૌ સાથે મળીને આ ગુજરાતની શિક્ષણયાત્રામાં જોડાઇએ. આવનારું ભવિષ્ય, આવતીકાલનું ભવિષ્ય એમને આગળ લઇ જઇએ. પુનઃ એકવાર આ બિલને સર્વાનુમતે બધાએ ટેકો આપ્યો છે ત્યારે હું ભાગ્યશાળી છું. પહેલું જ સુધારા બિલ રજૂ કરી રહ્યો છું અને તેને સર્વાનુમતે મંજૂરી મળવાની મહોર લાગવા જઇ રહી છે ત્યારે તમામ વિપક્ષના સદસ્યશ્રીઓ, પરેશભાઇએ પણ કેટલાક સૂચનો કર્યા છે. તમામ સૂચનો કરનાર અનુભવી લોકો છે. એમને પણ અમે આવકારીએ છીએ અને વન ટુ વન પણ કોઇ કેસ હોય, એ કોઇ ફીની બાબત હોય, એ કોઇ સર્ટિફિકેટ ન આપતા હોય, તો અમે, અમારા વહીવટી તંત્રના અધિકારીઓ હોય, કોઇ સમુહ હોય, વ્યક્તિ હોય, સંચાલકો હોય, કડકમાં કડક હાથે નિર્ણય કરતા પણ અમે ખચકાશું નહીં. બધાનો આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૧ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૧ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન-૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૧ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧**
**આશ્વિન ૬, ૧૯૪૩ શાકે**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન ભા. આચાર્ય અધ્યક્ષસ્થાને**
**તારાંકિત પ્રશ્નો**
**બિન અનામત આયોગને રકમ ફાળવવા બાબત**

* ૪૦૨૨૯ **શ્રી લલિતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં વર્ષવાર ગુજરાત બિન અનામત આયોગને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર ક્યા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ?

**જવાબ**

(૧) અને (૨)

| **નાણાકીય વર્ષ** | **૨૦૧૯–૨૦** | **૨૦૨૦–૨૧** |
|---|---|---|
| ફાળવેલ ગ્રાન્ટ | ૩.૯૦.૨૩ લાખ | ૩.૮૩.૭૮ લાખ |
| ખર્ચ | ૩.૭૦.૧૮ લાખ | ૩. ૫૫.૮૭ લાખ |
| વણવપરાયેલ રકમ | ૩. ૨૦.૦૫ લાખ | ૩.૨૭.૯૧ લાખ |
| કારણો | વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ રહેલ છે. | |

શ્રી લલિતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બિન અનામત આયોગ છે એની અંદર છેલ્લા વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી અને આ રકમમાંથી કેટલા વિદ્યાર્થીઓ, લાભાર્થીઓને લાભ મળ્યો અને કેટલી રકમ વણવપરાયેલી રહી ગઇ? વણવપરાયેલી રકમ રહી ગઇ, ગ્રાન્ટ ફાળવ્યા પછી પણ આ રકમ વપરાણી નથી તો શું લાભાર્થી નહોતા? આ ગ્રાન્ટ ન વપરાવાનું કારણ શું છે?

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરળતા, સાહજીકતા, સૌમ્યતા જેવા સદગુણોનો સમન્વય એટલે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, વિકાસની વાત સાથે જનસેવાનો નિર્ધાર, ડો.બાબાસાહેબ આંબેડકર, સામાજિક સમરસતાના પ્રેરણાદાયી એવા પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની વિચારધારાને વરેલા, ગુજરાતના સપૂત, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી, દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ, (અંતરાય) પ્રજાએ ... શ્રી વિરજીભાઇ સાંભળો..

અધ્યક્ષશ્રી : આપ બેસો, દરેક પ્રશ્નમાં આમ ઉભા થઇ જાવ એ નહીં ચાલે. (અંતરાય) પ્લીઝ, આપ બેસો.

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : સાહેબ, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, જેણે ગુજરાતની અંદર સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકે અનુસૂચિત જાતિના મહિલા મંત્રીશ્રી મનીષાબેનને બનાવ્યા છે એ બદલ હું આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. શ્રીમતી મનીષાબેન ગુજરાતના પહેલા દલિત મહિલા મંત્રીશ્રી બન્યા છે એટલા માટે અભિનંદન પાઠવવા પડે અને આપને સાંભળવું પડે. શ્રી બળદેવભાઇ, તમે સાંભળો...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ પ્રશ્નનો જવાબ આપો.

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં કુલ ફાળવેલી ગ્રાન્ટ ૯૦ કરોડ ૫૩ લાખ રૂપિયા, ખર્ચ થયો ૭૦ કરોડ ૧૮ લાખ રૂપિયા. વણવપરાયેલી રકમ ૨૦ કરોડ ૫ લાખ રૂપિયા, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે વણવપરાયેલી રકમ છે એ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં કોવિડના કારણે સરકારશ્રીની તા.૨૨–૧૦–૨૦૨૦ ગાઇડલાઇન મુજબ અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, તેમજ ત્રણ સભ્યોની મુદત પૂર્ણ થયેલ હોવાથી બાકીના જિલ્લાઓમાં બેઠક યોજી શકાઇ ન હોવાના કારણે રકમ વણવપરાયેલી રહી છે.

શ્રી લલિતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ હજી મને નથી મળ્યો, આમાં કેટલા લાભાર્થીઓ છે, કેટલા વિદ્યાર્થીઓમાં વપરાણી એમાં આ ખર્ચ થયો છે, આ રકમ વિદ્યાર્થીઓમાં વપરાણી છે? આયોગના વહીવટમાં આ ખર્ચ થયો છે? ગુજરાતના ૧૪–૧૪ પનોતા પુત્રોએ અનામત આંદોલનમાં પોતાની જાન આપી તે પછી આ આયોગની રચના થઇ છે.

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : આયોગમાંથી કોઇપણ લાભાર્થીને રકમ ફાળવવામાં આવતી નથી.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં કુલ કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ અને નામંજૂર થવાના કારણો શું છે? (અંતરાય)

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : શ્રી બળદેવભાઇ, જવાબમાં લખ્યું છે, વાંચો... (અંતરાય)

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ શ્રી બળદેવભાઇને જવાબ ન આપો, પ્લીઝ.

શ્રી પ્રદીપભાઈ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં કુલ ૭૫,૭૩૯ લોકોની અરજીઓ મળી એમાંથી ૫૨,૭૩૬ મંજૂર કરવામાં આવી અને ૨૨,૮૦૩ નામંજૂર કરવામાં આવી છે. એ જ રીતે વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦,૫૩૪ અરજીઓ મળી એમાંથી ૪૯૦૮ મંજૂર કરવામાં આવી અને ૫,૭૬૮ નામંજૂર કરવામાં આવી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, ગુજરાતના ઈતિહાસમાં ભારતી જનતા પાર્ટીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ પહેલીવાર બિન અનામત આયોગની સ્થાપના કરવામાં આવી છે અને આજે સાલસ સ્વભાવના ધની એવા આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ સરકાર ચાલી રહી છે ત્યારે પુછવા માગું છું કે આ બિન અનામત આયોગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કયા કયા જિલ્લાની મુલાકાત લેવામાં આવી અને મુલાકાત દરમિયાન મુખ્યત્વે કેવા પ્રકારની રજૂઆતો મળી અને તે પરત્વે શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બિન અનામત આયોગ દ્વારા ગુજરાતની અંદર કુલ ૧૫ જિલ્લાઓની મુલાકાત કરવામાં આવી. આ દરમિયાન આયોગ પાસે લગભગ ૮૦ જેટલી ભલામણો મળી છે. એમાંથી આપ કહો તો દરેક ભલામણ જે મળી છે એ વિગતવાર સમજાવું. પરંતુ મુખ્યત્વે શિક્ષણ અભ્યાસ યોજના, વિદેશ અભ્યાસ યોજનામાં ધોરણ ૧૨માં ટકાવારીના માપદંડ ઘટાડવા જેવી અનેક ભલામણો મળી છે. આપ કહો તો આ વિગતવાર આપી શકું છું.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો અને છાપ્યા પ્રમાણે રેકર્ડ ઉપર ગલત જવાબ છે. ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૯૦ કરોડ ૨૩ લાખ, ખર્ચ રૂપિયા ૭૦ કરોડ અને વણ વપરાયેલ ગ્રાન્ટ રૂપિયા ૨૦ કરોડ કહી પણ ખરેખર રૂપિયા ૨૦.૦૫ લાખ છે, રૂપિયા ૭૦.૧૮ લાખ છે એટલે એમાં કરોડમાં ગ્રાન્ટ છે કે લાખમાં? વહીવટી કારણોસર વણવપરાયેલ લખ્યું છે તો કયા વહીવટી કારણો છે? વહીવટી કારણોસર કે ગેરવહીવટથી વણવપરાયેલ રહી છે એ સ્પષ્ટતા કરે.

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આયોગની અંદર ચેરમેનશ્રી અને અન્ય સ્ટાફની ભરતી ન કરવાના કારણે, કોવિડના કારણે, કચેરીઓ ન હોવાના કારણે વિલંબ થયો છે એટલે આવેલ રકમ વણવપરાયેલ રહી છે. રકમ રૂપિયા લાખમાં છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જે બિન અનામત આયોગનો પ્રશ્ન છે અને મૂળ મુદ્દો અનામત વાળો હતો. બિન અનામત આયોગની રચના થઇ એટલે મુદ્દો જતો રહ્યો છે એટલે વ્યાકુળતા રહે એ સ્વભાવિક છે. (અંતરાય) કોણ કોણ ગયું અને કેટલા રહેશે એ હવે ખબર પડશે. શ્રી પ્રતાપભાઇ, જેટલી ઉંમર થઇ એટલા વર્ષ હજુ ત્યાં જ બેસવાનું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પર આવો અને આ બાજુ વાત કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી જ છે કે જ્યારે એમના પક્ષના નેતા બોલતા હોય ત્યારે વચ્ચે બોલે છે? અને અમને શિખવાડે છે કે કોણ કોણ ગયું?

અધ્યક્ષશ્રી: આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : અમને ખબર છે શ્રી લલિતભાઇ, આ પ્રશ્ન માહિતી માટે હતો. પૂછવા માટે પૂછયો પણ ખબર પડી કે અનામતનો આ મુદ્દો હાથમાંથી જતો રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર એ વખતે શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ અને શ્રી ભૂપેન્દ્રભાઇએ અનામત આયોગ અને જે છોકરાઓને રોજીરોટી આપે છેને?

અધ્યક્ષશ્રી: શ્રી રાકેશભાઇ, આપ પ્રશ્ન પૂછો. એમની સામે વાત ન કરો. આપ સીધો પ્રશ્ન પૂછો. (અંતરાય)

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની જે સુંદર કામગીરી છે અને હું એટલા માટે માહિતીસભર પ્રશ્ન પૂછવા માગું છું કે મારો પ્રશ્ન બધાને અનુકૂળ આવે છે કે આ વિભાગ દ્વારા જયારે વિદ્યાર્થીઓને કયા કયા હેતુ માટે લોન અને સહાય આપવામાં આવે છે અને એના માપદંડ શું છે કે જેના દ્વારા આગામી દિવસોમાં આપણે બધા એની અરજી કરી શકીએ તો માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બિન અનામત આયોગ દ્વારા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને કયા કયા હેતુ માટે લોન અને સહાય આપવામાં આવશે એ માટે તે ગુજરાત રાજયના વતની અને બિન અનામત વર્ગના હોવા જોઇએ. ૧૫ વર્ષથી ગુજરાતમાં સ્થાયી થયેલા હોવા જોઇએ. બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ગુજરાતમાં બિન અનામત શિક્ષણ અને આર્થિક વિકાસ નિગમ દ્વારા સહાય આપવામાં આવે છે. ભોજન બિલ સહાય, કોચીંગ સહાય, જી.ઇ., ગુજકેટ, નેટ પરીક્ષાઓ માટે કોચીંગ સહાય, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ સહાય, સ્નાતક, તબીબી, વકીલ, ટેકનિકલ, સ્નાતક માટે લીધેલ લોન ઉપર વ્યાજ સહાય, શૈક્ષણિક અભ્યાસ લોન યોજના, વિદેશ અભ્યાસ લોન યોજના, સ્વરોજગારી લોન યોજના, કોમર્શિયલ પાઇલોટની લોન યોજના. આમાં વિગતે કહું તો ભોજન બિલમાં માસિક રૂ. ૧૫૦૦ લેખે ૧૦ માસ માટે આપવામાં આવે છે. કોચીંગ કલાસમાં વાર્ષિક ૧૫૦૦૦ પ્રતિ વર્ષ આપવામાં આવે છે. એના માપદંડમાં ધોરણ-૧૦માં ૭૦ ટકાથી વધુ હોવા જોઇએ. જે.ઇ.ઇ. ગુજકેટ, નેટ પરીક્ષાના કોચીંગ માટે કોચીંગ સહાયમાં વાર્ષિક ૨૦૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. આમાં માપદંડમાં ધોરણ-૧૦માં ૭૦ ટકા અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી મેડિકલ, વગેરે

વસ્તુમાં પ્રવેશની જરૂરી પરીક્ષા જેવી કે જેઇઇ, ગુજકેટ, નેટ વગેરે માટેની પરીક્ષા માટે ૩ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સંસ્થાઓ માટે કોચીંગ માટે રૂપિયા ૨૦૦૦૦ અથવા ખરેખર ફી પૈકી જે ઓછું હોય તે આપવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષાની ડીટેઇલમાં વાત કરીએ તો ધોરણ−૧૦માં ૬૦ ટકા વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. વર્ગ−૧, વર્ગ−૨, વર્ગ−૩ ગૌણ સેવા પસંદગી મંડળ અથવા અન્ય માન્ય મંડળ કે ભરતી કરતી સંસ્થાઓ, પરીક્ષાની તૈયારી માટે પસંદ કરેલી સંસ્થાઓમાં તાલિમ મેળવતા વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ રૂ. ૨૦૦૦૦ અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બેમાંથી જે ઓછું હોય એ વિદ્યાર્થીને સીધી આપવામાં આવે છે. લોન સહાયની વાત કરું તો સ્નાતક, તબીબી, વકીલ, ટેકનિકલ સ્નાતક માટે લીધેલી લોન ઉપર વ્યાજ સહાય આવક મર્યાદા ૬ લાખ રૂપિયા, સહાય રૂપિયા ૧૦ લાખ સુધીની લોન ઉપર પાંચ ટકાની વ્યાજ સહાય, માપદંડ – તબીબી, વકીલ, ટેકનિકલ, સ્નાતક થયેલ બિન અનામત વર્ગના લાભાર્થીએ પોતાનું કલીનીક, લેબોરેટરી, રેડિયોલોજી કલીનીક કે ઓફિસ ખોલવા ઇચ્છે તો બેંક પાસેથી લીધેલ રૂપિયા ૧૦ લાખ સુધીની લોન ઉપર પાંચ ટકા વ્યાજ સહાય. શૈક્ષણિક અભ્યાસ લોન યોજના.

અધ્યક્ષશ્રી: આપ ટુંકમાં જવાબ આપો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : બહેન, મારે શ્રી બળદેવભાઇને સંભળાવવું પડશે. મારા ગામના છે એટલે.

અધ્યક્ષશ્રી: આપ શ્રી બળદેવજીભાઇની ચિંતા ન કરો. જવાબ આપો.

**અમદાવાદ શહેર અને જિલ્લામાં કોરોનાની રસી આપવા બાબત**

*૪૦૦૩૭ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા લોકોને કોરોનાની કઇ કઇ રસી આપવામાં આવી, અને | (૧) અમદાવાદ શહેરમાં કુલ ૩૪,૬૧,૦૦૪ લોકોને કોરોનાની રસી આપવામાં આવી. જેમાં ૪૪,૮૭,૬૫૪ ડોઝ કોવિશિલ્ડ (૩૩,૨૩,૧૩૮ પ્રથમ ડોઝ અને ૧૧,૬૪,૫૧૬ બીજો ડોઝ), ૨,૨૯,૦૩૫ ડોઝ કોવેક્સીન (૧,૩૩,૬૬૮ પ્રથમ ડોઝ અને ૯૫,૩૬૭ બીજો ડોઝ) અને ૭૯૩૩ ડોઝ સ્પુટનીક (૪૧૯૮ પ્રથમ ડોઝ અને ૩૭૩૫ બીજો ડોઝ) રસી આપવામાં આવી.<br>અમદાવાદ જિલ્લામાં કુલ ૧૦,૨૦,૫૩૪ લોકોને કોરોનાની રસી આપવામાં આવી. જેમા ૧૧,૯૫,૨૧૮ ડોઝ કોવિશિલ્ડ (૯,૬૦,૭૧૨ પ્રથમ ડોઝ અને ૨,૩૪,૫૦૬ બીજો ડોઝ) અને ૯૫,૯૫૧ ડોઝ કોવેક્સિન (૫૯,૮૨૨ પ્રથમ ડોઝ અને ૩૬,૧૨૯ બીજો ડોઝ) રસી આપવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં બાકી રહેલ લોકોને ક્યાં સુધીમાં રસી આપવાનું આયોજન છે ? | (૨) જિલ્લામાં બાકી રહેલ લોકોનું રસીકરણ ગામ પ્રમાણે, પી.એચ.સી. પ્રમાણે મોનીટરીંગ કરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આખા દેશમાં ૧૩૦ કરોડ ફ્રી વેક્સિન આપવા બદલ વડાપ્રધાનશ્રીને અભિનંદન આપું છું. મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હાલ દેશમાં વેક્સિન રસીકરણમાં ગુજરાત વસતિની દ્રષ્ટીએ પહેલા નંબરે છે, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. અગાઉના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઇને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવિડ વેક્સિન સ્ટોર અને કોલ્ડ ચેઇન સ્ટોર માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહમાં કહેતા ખૂબ જ આનંદ થાય છે કે ગુજરાત રાજ્ય સમગ્ર દેશની અંદર કોવિડ રસીકરણ બાબતે સૌથી આગળ છે. એ માટેનો ભારત સરકારનો એવોર્ડ પણ આપણને બીજી તારીખે મળવા જઇ રહ્યો છે. આપણે બધા રાજ્યોની અંદર સૌથી વધારે ઝડપથી, વધારે સ્પીડથી વધારે ડોઝ સાથે આદરણીય શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની સરકારે જે પથ ઉપર ગુજરાતને આગળ મૂક્યું હતું. આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે એ દિશામાં આગળ વધી કેન્દ્ર સરકારમાંથી અને રાજ્ય સરકારમાંથી જે ડોસીઝ મળી રહ્યા છે, તેનું વિતરણ કરવામાં સાથ આપનાર આરોગ્ય કર્મીઓ અને ડોક્ટરોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આને આંદોલનના સ્વરૂપે લીધું છે. સોએ સો ટકા રસીકરણમાં આગળ વધી શકાય તે બાબતે આ સરકાર કૃતનિશ્ચયી છે. તેમનો જવાબ આપું તે પહેલા થોડાક આંકડાઓ ગૃહને આપવા છે. ગૃહ આખું આ બાબતે અવેર થાય કે વેક્સિનેશનમાં આપણે કયાં છીએ? અત્યાર સુધીમાં આપણે પ્રથમ ડોઝ ૪ કરોડ ૧૫ લાખ ૭૦ હજાર ૨૧૧ ને આપી ચૂક્યા છીએ. બીજા ડોઝમાં ૧ કરોડ ૮૪ લાખ ૮૭ હજાર ૫૨૧ ને આપી ચૂક્યા છીએ. પ્રથમ ડોઝ અને બીજા ડોઝમાં જે સમયગાળો નક્કી કર્યો છે, એના કારણે એ ડોઝ જેમ જેમ સમય મર્યાદા પૂરી થાય તેમ ડોઝ

આપતા જવાના છીએ. ૮૪ ટકા જેવું પ્રથમ ડોઝ ૧૮ વર્ષ ઉપરની વસતિ અને સમયગાળાને ધ્યાને લેતા ૮૧ ટકા રસીકરણ આપણા રાજ્યમાં થયું છે. આમ કુલ ૬ કરોડ ૫૭ લાખ ૭૩૨ ડોઝ આપી ચૂક્યા છીએ. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે અમદાવાદ જિલ્લા અને શહેરમાં કોવિડ વેક્સિન સ્ટોર અને કોલ્ડ ચેઇન બાબતની વાત પૂછી છે. અમદાવાદ જિલ્લામાં રસીનો સંગ્રહ કરવા માટે એક જિલ્લા વેક્સિન સ્ટોર અને ૫૩ કોલ્ડ ચેઇન સ્ટોર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર વેક્સિન સ્ટોર ઉપલબ્ધ છે. અમદાવાદ શહેરમાં રસીનો સંગ્રહ કરવા માટે એક કોર્પોરેશન વેક્સિન સ્ટોર, ૮૪ કોલ્ડ ચેઇન પોઇન્ટ એમાં ૨૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પણ આપણે આવરી લીધેલા છે. વેક્સિન સ્ટોર આપણી પાસે ઉપલબ્ધ છે. વેક્સિન સ્ટોર ખાતે વેક્સિનનો આપણે સંગ્રહ કરીએ છીએ તે ૨ ડિગ્રી સેલ્સિયસથી ૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે કરવાનો થાય છે. જેની ચકાસણી વેક્સિન કોલ્ડ ચેઇન હેન્ડલર જે આપણે એક્ષપર્ટ નીમ્યા છે એમના દ્વારા કરવામાં આવે છે કે તાપમાન ૨ ડિગ્રીથી ઓછું થતું નથી અને ૮ ડિગ્રીથી વધારે થતું નથી, એ પ્રમાણે આખી વ્યવસ્થા અને આ ૨ થી ૮ ની વચ્ચે એ સ્ટોરમાં વેક્સિન છે, તેમાં ક્યાંય તાપમાનમાં વધારો કે ઘટાડો ન થાય એ રીતે આખા રાજ્યમાં લોકોને રસીકરણ કરવા માટેની વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે. વેક્સિન સ્ટોર ખાતે વાસ્તવિક સમયે ઉપલબ્ધ વેક્સિન જથ્થા અને રસીનું નિયત તાપમાન સંગ્રહ અંગેની માહિતી ઉપલબ્ધ થાય તે માટેની યોજના અમદાવાદ શહેર અને જિલ્લામાં કાર્યરત છે. કોલ્ડ ચેઇન અને વેક્સિન લોજિસ્ટિકની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અમદાવાદ જિલ્લા અને કોર્પોરેશન ખાતે તાલીમબદ્ધ માનવ સંશાધનની નિમણૂક કરવામાં આવી છે અને આ જે નિમણૂકો કરી છે તેમાં પણ જરૂરી માર્ગદર્શન અને તાલીમ વગેરે પણ આપણે પૂરી પાડી તેની વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. વેક્સિન સ્ટોર ખાતે રસીને સાચવવા, જાળવણી માટે વેક્સિન કોલ્ડ ચેઇન હેન્ડલર તરીકે ફાર્માસિસ્ટ દ્વારા આ કામગીરી કરાવવામાં આવે છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ શહેર અને જિલ્લામાં કોલ્ડ ચેઇન સાધનો કેટલા છે અને તેને જાળવવા માટેની શું વ્યવસ્થા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નના પેટા પ્રશ્નના જવાબમાં મેં જે વાત કરી તેમાં આ વિગત મેં આવરી લીધી છે. પરંતુ તેમનો પ્રશ્ન છે કે, અમદાવાદ જિલ્લા અને શહેરમાં કોલ્ડ ચેઇન સાધનો કેટલા છે અને તેની જાળવવા માટેની શું વ્યવસ્થા કરવામાં આવી છે? આ અમદાવાદ જિલ્લા પૂરતો પ્રશ્ન છે. પરંતુ આ પ્રશ્ન સમગ્ર રાજ્યને લાગુ પડે છે. આ જ પ્રકારની વ્યવસ્થાઓ રાજ્યના બધા જ જિલ્લાઓમાં કરવામાં આવી છે. પરંતુ અમદાવાદ જિલ્લામાં રસીનો સંગ્રહ કરવા માટે એક જિલ્લા વેક્સિનેશન સ્ટોર, ૫૩ કોલ્ડ ચેઇન સ્ટોર પોઇન્ટ છે. તેમાં પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટર એમ બંને આવરી લીધા છે. તમામ વેક્સિનેશન સ્ટોર ઉપર કુલ મળી ૭૫ આઇસ લાઇન્ડ રેફ્રિજરેટર, ૬૫ ડીપ ફ્રિજર અને ૩૦૧૬ વેક્સિન કેરીયર અને ૧૨૪ કોલ્ડ બોક્સ તથા કોલ્ડ ચેઇનના સાધનો ઉપલબ્ધ છે. આ આખેઆખી વ્યવસ્થા કરવામાં આવી છે તેમાં વેક્સિન રસીનું તાપમાન ૨ થી ૮ ડિગ્રીની વચ્ચે રહે તેવી ગોઠવણ કરવામાં આવી છે. તેમાં આ બધા સાધનોથી આખી વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. જેથી કરીને આવતા સમયની અંદર કોઇપણ રસીનો ડોઝ તાપમાનના અભાવે બગડે નહીં અને જે રસીનો ૨ થી ૮ ડિગ્રી તાપમાનની અંદર સંગ્રહાયેલી હોય તે જ વેક્સિનેટેડ થાય તે પ્રકારની આખી વ્યવસ્થા ઉભી કરી છે. અમદાવાદ શહેરમાં રસીનો સંગ્રહ કરવા માટે કોર્પોરેશન વેક્સિન સ્ટોર, ૮૪ કોલ્ડ ચેઇન પોઇન્ટ પર વેક્સિન ઉપલબ્ધ છે. આ તમામ વેક્સિનેસન સેન્ટર ઉપર કુલ મળી ૯૧ આઇસલેન્ડર તથા અન્ય સાધનોની મેં અગાઉ વાત કરી તે પ્રમાણેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત થયેલી છે. જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ કોલ્ડ ચેઇનના સાધનોની જાળવણી માટે કોલ્ડ ચેઇન ટેકનિશીયન, રેફ્રિજરેટર મિકેનિક, કારણકે કોઇ ડીપ ફ્રિજ કે ફ્રિજમાં ક્યાંય નાની મોટી મુશ્કેલી આવી, ટેકનિકલી મુશ્કેલી આવે તો તેની ચિંતા પણ સરકાર કરી રહી છે. રેફ્રિજેશન સાઇડમાં મિકેનિકલ માણસો આપણે નિયુક્ત કરેલા છે. સમયાંતરે આ કોલ્ડ ચેઇનમાં એવી ખામી ન આવે કે જેથી કરીને વેક્સિનનો બગાડ થાય અથવા તો ઓછા તાપમાન કે વધારે તાપમાનવાળી રસી કોઇને આપવામાં ન આવે તે પણ જોવામાં આવે છે. કોઇ સાધનમાં ખરાબી ઉભી થાય તો તેને તાત્કાલિક સમારકામ કરવામાં આવે છે અને જરૂર જણાય તો તેને બદલી પણ નાખવામાં આવે છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૮-૨૦૨૧ના વેક્સિનેશનના આંકડા આપ્યા છે અને આ અમદાવાદ જિલ્લાનો પ્રશ્ન છે પણ તેમાં ઉત્તર ગુજરાતની વાત કરી મારી વિનંતી કરી સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, બનાસકાંઠા એ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. તેમાં એપ્રિલ મહિનાની અંદર ૪૫ વર્ષથી મોટી ઉંમરના લોકોના ૧૦૦ ટકા વેક્સિનેશનના આંકડા કલેકટરશ્રીની વેબસાઇટમાં બતાવેલા. મિડીયાએ પણ તેની નોંધ લીધેલી. વાસ્તવિક રીતે ગ્રામ્ય વિસ્તારમાં તપાસ કરતાં લોકોને વેક્સિન આપવામાં આવેલી ન હતી. સરકાર અને કોઇ વહીવટી તંત્ર નહીં પણ લોકોને એવા ભયભીત કરવામાં આવેલા હતા કે વેક્સિન લેવાથી....

અધ્યક્ષશ્રી: માનનીય ગેનીબેન, સીધો પ્રશ્ન પૂછો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : સીધો જ પ્રશ્ન પૂછું છું. માત્ર સરકારનું ધ્યાન દોરવા માગું છું કે વેક્સિનના આંકડા આ જે પેરામેડિકલ સ્ટાફ હોય, નર્સિંગ સ્ટાફ, ડૉક્ટર જે કોઇ આરોગ્ય વિભાગનો સ્ટાફ છે તેમણે લોકો પાસે જઇને આધારકાર્ડ લીન્ક કરેલા છે. હકીકતમાં લોકોને વેક્સિન આપેલી નથી. મારી વિનંતી એવી છે કે ૧૦૦ ટકા....

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પૂછો.

## તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, લોકોને ૧૦૦ ટકા કોરોનાથી બચાવવા માટે કરીને જે લોકોને વેક્સિન આપવામાં આવી નથી અને રેકર્ડ ઉપર તેમને આપી દીધેલી બતાવેલ છે આવા લોકોને સરકાર વેક્સિન આપવા માગે છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો અમદાવાદ જિલ્લાનો પ્રશ્ન છે. પરંતુ આ આખા રાજયને લાગુ પડે છે. બહેને પૂછયું કે બધાને વેક્સિન મળી નથી અને તેના આંકડા વેક્સિન મળી છે તેવા બતાવવામાં આવે છે. હકીકતમાં આખી જે વ્યવસ્થા છે તે ઓનલાઇન વ્યવસ્થા છે. રસીકરણ થાય એટલે તરત જ તેની નોંધણી થાય છે. નોંધણી થઇ ગયા પછી તેનું સર્ટિફિકેટ પણ જનરેટ થાય છે. પહેલો ડોઝ અને બીજા ડોઝની અંદર રસી આપ્યા પછી તેનું સર્ટિફિકેટ જનરેટ થયા પછી તેની ગણતરી કરવામાં આવે છે. ગણતરીના આધારે જે લોકો પ્રથમ ડોઝમાં અને બીજા ડોઝમાં જેને પ્રથમ ડોઝ મળ્યો છે તેવા ૧૦૦ ટકા અને બાકીનો જે બીજો ડોઝ મળ્યો છે એવી જે ટકાવારીની તેમના મનમાં હશે કે આ બીજો ડોઝ મળ્યાના આંકડા નથી. પહેલી રસી લીધી અને બીજી રસી ના લીધી હોય તો પહેલાનો જે ૧૦૦ ટકાનો આંકડો હોય અને બીજામાં કયાંક નાનું મોટું, આઘુંપાછું અથવા તો ૮૪ દિવસ પૂરા ન થતા હોય એટલે સ્વાભાવિકપણે તેમાં કયાંક ડીફરન્સ આવતો હોય છે. અને બીજું કહું કે આ વેક્સિન આપવાની જે વ્યવસ્થા છે તે બાબતે વાત કરું તો ગઇકાલે જખૌ બંદરેથી અંદર દરિયામાં જઇને બોટ ઉપરના ૩૫ લોકોને વેકસિનેશન કરવામાં આવ્યું. એટલું જ નહિ પણ લગભગ બસ સ્ટેન્ડ હોય, રેલ્વે સ્ટેશન હોય, એરપોર્ટ હોય કે કોઇપણ લોકો રસીકરણના કેન્દ્ર સુધી પહોંચી ના શકે તેમ હોય એવા લોકો માટેની વ્યવસ્થા પણ ઘરે જઇ જઇને કરવામાં આવેલ છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપના માધ્યમથી વીર ભગતસિંહનો આજે જન્મદિવસ છે એમને આપણે ખૂબ ખૂબ યાદ કરીએ અને બીજું આપના માધ્યમથી હું સભાગૃહનું ધ્યાન દોરું છું કે જે લોકો વેક્સિનનો જબરદસ્ત અપપ્રચાર કરતા હતા એ લોકો અત્યારે વેક્સિનના કેમ્પ કરે છે એ માટે આપના માધ્યમથી એમને અભિનંદન આપું છું. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, કે ગરીબોનું ધ્યાન રાખવા માટે આ સરકારે રાત્રે પણ વેક્સિન કેમ્પ ચાલુ કર્યા છે એ અનુસંધાને અમદાવાદ શહેર અને જિલ્લામાં રાત્રી સેશન કેટલા થયેલા છે અને એમાં કેટલા લાભાર્થીને કોવિડ વેક્સિન આપવામાં આવી અને એ ગરીબ અને મધ્યમ વર્ગનું આ સરકારે ધ્યાન રાખ્યું છે એ માટે આભાર વ્યક્ત કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્ત્વનો અને સરસ પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પુછ્યો છે. ગુજરાત રાજયની અંદર દિવસ દરમિયાન તો રસીકરણ થાય પરંતુ કેટલાક મધ્યમ અને ગરીબ પરિવારો દિવસ દરમિયાન એમની આજીવિકા રળવા માટે ક્યાંક કામે જતા હોય અને સમયસર પહોંચી ના શકે એવું બને તો આમાં અમદાવાદ ખાતે એક સરસ મજાનું રાત્રી સેશન દ્વારા વેક્સિનેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને એ વ્યવસ્થામાં એલીજીબલ લાભાર્થીઓનું સમયસર કોવિડ રસીકરણ થાય એના માટે કોવિડના જંગ સામે આ વેક્સિનેશન દ્વારા જનતાને કોરોના સંક્રમણથી રક્ષણ આપી શકાય, ત્રીજા વેવને અટકાવવા સારું કોવિડ વેક્સિનેશન અંતર્ગત વેક્સિનેશનથી વંચિત તમામ એલીજીબલ લાભાર્થીઓને વહેલીતકે આવરી લેવાના હેતુસર આરોગ્ય ખાતું સઘન પ્રયત્ન અને પ્રયાસો કરી રહ્યું છે. કોવિડ વેક્સિનેશન અંતર્ગત વધુમાં વધુ એલીજીબલ લાભાર્થીને સમયસર આવરી શકવાના હેતુસર સુચારુ પ્લાનીંગ કરવામાં આવ્યું છે અને વંચિત લાભાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખીને કોવિડ વેક્સિનેશન સેશનનું આયોજન કરવામાં આવે છે અને સમયાંતરે અને જરૂર જણાયે સ્પેશિયલ સેશનનું પણ પ્લાનીંગ કરવામાં આવે છે. દિવસ દરમિયાન કામકાજની વ્યસ્તતાને કારણે વેક્સિનેશન ન કરાવી શકતા તમામ વર્ગને આવરી લેવા માટેનું આ મુળ આયોજન છે અને રાત્રે પણ વેક્સિનેશન થાય તેવી વ્યવસ્થા કરેલ છે. અમદાવાદ શહેરમાં કુલ ૧૦૫૦ નાઇટ સેશનનું આયોજન કરવામાં આવ્યું અને તે અંતર્ગત કુલ ૨૫૦૫૫ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા. જે પૈકી ૧૮૧૭૦ લાભાર્થીઓને પ્રથમ ડોઝ અને ૬૩૪૫ લાભાર્થીને આપણે બીજો ડોઝ પણ આપી દીધો છે અને અમદાવાદ જિલ્લામાં કુલ ૩૫ રાત્રી સેશનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત ૭૧૨૦ને આવરી લેવામાં આવ્યા છે જે પૈકી ૭૧૨૦ને પ્રથમ ડોઝ આપવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અમદાવાદ શહેરની અંદર ૭૫ લાખ કરતા પણ વધારે વસતિ છે. ૩૪ લાખ ૬૧ હજાર લોકોને રસી આપવામાં આવી છે તેનો મતલબ એવો થયો કે ૪૮ ટકા લોકોને જ રસી આપવામાં આવી છે તો ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદ જેવા શહેરમાં હજુ ૫૨ ટકા કરતા પણ વધારે લોકોને રસી આપવાની બાકી છે તો શું જે રીતે ભૂતકાળની અંદર ઘરે ઘરે જઇને પોલિયોના ડોઝની રસી આપવામાં આવતી હતી એ રીતની રસી આપવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ ? અને બીજું કે સરકાર જયારે વેકસિન આપે છે ત્યારે પ્રજાના પૈસા છે, પ્રજાએ ટેક્સ ભર્યો છે તેના પૈસા છે અને પ્રજાને તે ટેક્સના પૈસાની રસી આપીએ છીએ અને સરકાર તરીકેની આપણી ડ્યુટી નિભાવીએ છીએ તેમાં કંઇ અભિનંદન આપવાની કોઇ જરૂર હોતી નથી. અમદાવાદમાં ૫૨ ટકા લોકો જે બાકી છે તેને સ્પીડી કયારે રસી આપવા માગો છો ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી અમદાવાદમાં જે ૫૨ ટકાની વાત કરે છે તો મારે કહેવું છે કે, ૧૮ વર્ષથી ઉપરની વસતિને ધ્યાને લેવાની થાય આમાં ૫૨ ટકા એટલે કુલ વસતિના તમે ૫૨ ટકા ગણો તો બરાબર છે. ૧૮ વર્ષથી નીચેની સંખ્યા પણ હોય જ છે આ જે ૧૮થી ઉપરનાને આપવાની વાત છે તેમાં આપણે મતદાર યાદીનો

ઉપયોગ કરીએ છીએ અને મતદાર યાદીની અંદર કોઇ મૃત્યુ પામેલ હોય અથવા તો કોઇ સ્થળાંતર કરી ગયેલો હોય તો એવી સંખ્યા પણ તેમાંથી બાદ થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમના જે આંકડા છે ૫૨ ટકા તે આ સંદર્ભે આ સાપેક્ષમાં છે પરંતુ હકીકતમાં અમદાવાદની અંદર સો ટકા રસીકરણ થઇ ગયેલ છે. પ્રથમ ડોઝ સો ટકા થઇ ગયો છે અને કદાચ બીજા ડોઝની અંદર ...(અંતરાય.)

અધ્યક્ષશ્રી: પૂરો જવાબ સાંભળી લો પછી બોલજો, વચ્ચે નહીં બોલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહને *(xxx)હું અત્યારે જ માનનીય મંત્રીશ્રી આપ મારી ગાડીમાં બેસો હું તમને પચાસ જગ્યાએ લઇ જઉં આપ કહો છો કે સો ટકા રસીકરણ, આ રીતની માહિતી હાઉસને આપવી *(xxx)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી જે વાત કરી રહ્યાં તે ૧૮ વર્ષની ઉંમરનાની જે સંખ્યા છે તે ૪૮ લાખ ૨૭ હજાર ૯૩૨ છે અને આપણે જે રસી આપી છે પ્રથમ ડોઝ તે ૪૧ લાખ ૬૮ હજાર ૭૩૭ અને બીજો ડોઝ તો બીજા ડોઝના આંકડા નથી પરંતુ કુલ મિલાવી અને જે ઇમ્યુનીટીવાળો વિષય છે કે કોરોના થયો હોય ઇમ્યુનીટી વધે, પ્રથમ ડોઝ આપીએ ઇમ્યુનીટી વધે અને બીજો ડોઝ આપીએ એટલે આખે આખી જે વ્યવસ્થા છે તે લોકોને બચાવવાની છે. આપના પરિવારનું પંજાબ પણ છે, આપના પરિવારનું મહારાષ્ટ્ર પણ છે, ..(અંતરાય)... હું ગુજરાતની જ વાત કરી રહ્યો છું અને આખા દેશની અંદર બધા રાજયોના વેક્સિનેશનના આંકડાઓ અને તેમાં થયેલી કામગીરી તેમાં કેવી રીતે કામગીરી કરવામાં આવી, કેવી રીતે લોકો સુધી પહોંચાયું, વેક્સિનના ડોઝમાં રાજય સરકારનું કોન્ટ્રીબ્યુશન, કેન્દ્ર સરકારનું કોન્ટ્રીબ્યુશન આવા જે નોર્મ્સ છે તે નોર્મ્સના આધારે લગભગ આખા દેશના સરવે પછી ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજય ઘોષિત કરવામાં આવ્યું છે.

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કોરોનાને કારણે દર્દીઓના મૃત્યુ બાબત**

*૪૦૧૮૩ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કોવિડ−૧૯ (કોરોના)ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| **માસ** | **સાબરકાંઠા** | | **અરવલ્લી** | |
|---|---|---|---|---|
| | **૦૧−૦૯−૨૦૧૯ થી ૩૧−૦૮−૨૦૨૦** | **૦૧−૦૯−૨૦૨૦ થી ૩૧−૦૮−૨૦૨૧** | **૦૧−૦૯−૨૦૧૯ થી ૩૧−૦૮−૨૦૨૦** | **૦૧−૦૯−૨૦૨૦ થી ૩૧−૦૮−૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૧ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૧ | ૦ | ૦ |
| નવેમ્બર | ૦ | ૧ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૧ | ૦ | ૨ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૭૭ | ૨ | ૨૦ |
| મે | ૩ | ૬૦ | ૪ | ૨૮ |

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| | | | | |
|---|---|---|---|---|
| જૂન | ૫ | ૭ | ૧૨ | ૩ |
| જુલાઇ | ૦ | ૦ | ૬ | ૧ |
| ઓગસ્ટ | ૧ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૯** | **૧૪૮** | **૨૪** | **૫૪** |

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ કોરોનાની મહામારીની અંદર સાબરકાંઠાની અંદર જે આંકડો આપવામાં આવ્યો છે અને અરવલ્લી જિલ્લાનો જે આંકડો આપવામાં આવ્યો છે તેનાથી મને એકદમ સંતોષ થયો નથી અને જે કોરોનામાં મૃત્યુ થયા છે તેના કરતાં નજીવા પ્રમાણમાં આંકડો આપવામાં આવ્યો છે. જયારે આ કોરોનાની મહામારી ચાલતી હતી ત્યારે હોસ્પિટલોની અંદર પથારીઓ મળી શકતી નહોતી, રેમડેસિવિર ઇંજેકશનો નહોતા મળતાં અને જે આંકડો આપ્યો છે તે ખોટો આપ્યો છે તેમ હું કહું છું.

અધ્યક્ષશ્રી: પ્રશ્ન પૂછો.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, પલંગો નહોતા મળતાં, સ્મશાનની અંદર જગ્યાઓ નહોતી મળતી. એક ગામની અંદર ઓછામાં ઓછાં ૨૦ લોકો કોરોનામાં મૃત્યુ પામ્યાં હશે. સાબરકાંઠામાં ૭૦૦ ગામડાઓ થાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ ચર્ચાનો વિષય નથી. આ પ્રશ્ન છે?

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૭૦૦ ગામડાઓ થાય છે. એક ગામડામાં ૨૦થી વધારે લોકો કોરોનામાં મૃત્યુ પામ્યા છે. (અંતરાય) કોરોનામાં દોઢ લાખથી બે લાખ લોકો મૃત્યુ પામ્યા છે.

અધ્યક્ષશ્રી : આપ આપનો પ્રશ્ન પૂછો.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનામાં મૃત્યુ પામેલા લોકોનો જે આંકડો આપવામાં આવ્યો છે એ ૧૫૭ આપવામાં આવ્યો છે. મારે માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે જે લોકો કોરોનામાં મૃત્યુ પામ્યા છે એમના સગાઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટના પરિપત્ર મુજબ રૂ. ૪ લાખ આપવાના થાય છે એ આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧/૯/૨૦૧૯ થી તા.૩૧/૮/૨૦૨૦ અને તા.૧/૯/૨૦૨૦ થી તા.૩૧/૮/૨૦૨૧ સુધી થયેલ મૃત્યુનો આંકડો ૧૫૭ છે. કોવિડની મહામારી કેવળ ગુજરાતમાં નહિ પણ દેશ અને દુનિયામાં પ્રસરી ગઇ છે. ગુજરાત પણ એમાંથી બાકાત નથી. (સતત અંતરાય) આખા ગુજરાતમાં કોવિડથી થયેલા મૃત્યુ ૧૦૦૮૨ જેટલા નોંધાયા છે. જેમાં કો–મોર્બિડીટી અથવા બીજા કોઇ કારણસર જે મૃત્યુ સામેલ નથી કર્યા એના કેસ પેપરના અભ્યાસ પણ આપણે ત્યાં કરવામાં આવે છે. એમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ કેન્દ્ર સરકારનો પરિપત્ર છે. નામદાર સુપ્રીમ કોર્ટે આખા દેશના સંદર્ભમાં ઓબ્ઝર્વેશન કર્યા છે. આદરણીય પ્રધાનમંત્રી સાહેબે ખૂબ ઉદારભાવે (અંતરાય) એને વિસ્તૃત રીતે આવરી લીધા છે. આગામી સમયમાં આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્ત્વવાળી સરકાર મન બનાવી ચૂકી છે કે કોવિડ હોય એની સાથે મોલેક્યુલર ડાયગ્નોસિસ થયું હોય અને એના કેસમાં કોઇ પણ પ્રકારનું મૃત્યુ પણ નોંધાયું હોય (સતત અંતરાય) તો આગામી સમયમાં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીવાળી સરકાર ટૂંક જ સમયમાં એનો અભ્યાસ કરી પ્રત્યેક વ્યકિતને ૫૦,૦૦૦ સુધીની રકમ સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ આપવા માગે છે. શ્રી અશ્વિનભાઇ, તમારો સવાલ રૂપિયા ચાર લાખની માગણીનો છે. પહેલાં તમે તમારા રાજસ્થાનમાં કહો. ત્યાં તમારા પરિવારની સરકાર છે. મહારાષ્ટ્રમાં પણ છે ત્યાં કહી આવો. (સતત અંતરાય) 'Charity begins from home.' Charity તમારા ઘરમાંથી ચાલુ કરો. (સતત અંતરાય) (શ્રી પરેશભાઇ ધાનાણી ઊભાં થતાં) પછી બીજાને કહો કે ગોળ ખાવાનું બંધ કરે.

અધ્યક્ષશ્રી: શ્રી પરેશભાઇ, આપ બેસો. (સતત અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રીએ charity શબ્દ પ્રયોગ કર્યો. માફ કરજો પણ દાન આખા ભારતમાં કોઇને જોઇતું નથી. અમે અધિકારના રક્ષણની વાત લઇને આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે આ પ્રશ્નના ખંડ–૨માં જવાબ આપ્યો છે કે મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીનું નમ્રપણે ધ્યાન દોરવા માગું છું. તા.૧૪મી માર્ચ, ૨૦૨૦ના રોજ ભારત સરકારના ગૃહ વિભાગે જે ઠરાવ પ્રસિદ્ધ કર્યો એ ઠરાવ આપને પણ આપીશ અને આપના મારફતે માનનીય મંત્રીશ્રીને આપીશ. તા.૧૪મી માર્ચ, ૨૦૨૦નો ઠરાવ સંજીવકુમાર જિંદાલે પ્રસિદ્ધ કર્યો છે. ગુજરાત સહિત દેશના તમામ મુખ્ય સચિવશ્રીને સૂચના આપી છે અને આ સૂચનાના એનેક્ષર ભાગ–1 Please talk item & norms of assistance from state disaster response fund (SDRF) in the wake of Covid-19 virus outbreak Para-1 as payment to families to deceased person Rs. 4 Lac. per deceased person including those involved in relief operation or associated in response activities subject to certification regarding cause of death from appropriate authority. ભારત સરકારે તા. ૧૪મી માર્ચ, ૨૦૨૦ના રોજ આ દેશમાં ગુજરાત હોય, રાજસ્થાન હોય, પંજાબ હોય, મહારાષ્ટ્ર હોય, હરિયાણા હોય, ભાજપ હોય કે કૉંગ્રેસ હોય આપત્તિકાળમાં મૃતકના પરિવારને કાયદાકીય જોગવાઈ મુજબ ચાર લાખ વળતર ચૂકવવાનો ઠરાવ કર્યો છે તેનું ગુજરાત

પાલન કરવા માગે છે કે કેમ? આ મારો પહેલો પ્રશ્ન છે. મારો બીજો પ્રશ્ન એ છે કે આ માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જે પત્રક જોડ્યું છે તેમાં સાબરકાંઠામાં ૧૫૭, અરવલ્લીમાં ૭૮ સહિત કુલ ૨૩૫ જેટલા લોકોને કોરોનાના કારણે મૃતક ઘોષિત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. માત્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની પાંચ નગરપાલિકામાંથી પ્રાપ્ત થયેલા આરટીઆઈ મુજબના આંકડાઓની સરખામણી કરી તો ૨૧૯ જેટલા વધારાના મૃત્યુ તો ફક્ત પાંચ નગરપાલિકામાં નોંધાણા છે. અમે બધા જ સભ્યશ્રીઓએ વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યા હતા કે કોરોનાને કારણે કેટલા મૃત્યુ થયા? મને એ સમજાતું નથી કે સરકારની વાતમાં તફાવત શા માટે? આજે વિધાનસભાની આ પ્રશ્નોતરી બુકમાં સરકારે કોવિડથી થયેલા રાજ્યના કુલ મૃત્યુ ૩૮૬૪, આજની તારીખે આરોગ્ય વિભાગે ૧૦૦૮૧ ઘોષિત કર્યા.

અધ્યક્ષશ્રી: પ્રશ્ન પૂછો ને. એક પ્રશ્ન પૂછ્યો, બીજો પૂછો ને.

શ્રી પરેશ ધાનાણી : આંકડામાં તફાવત છે. સરકારી આંકડા ટાંકુ છું. વિધાનસભાની પ્રશ્નોતરીમાં ૩૮૬૪ મૃત્યુ તમે સ્વીકાર્યા. રાજ્યમાં આરોગ્ય વિભાગે જે ઘોષણા કરી તેમાં ૧૦૦૮૧ કોરોના મૃતકોને ઘોષિત કર્યા. રાજ્ય સરકારના પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ કોરોનાથી મૃતક, નિરાધાર બાળકોની સહાય યોજનામાં ૧૬ હજાર કરતાં વધુ ફોર્મ આવ્યા.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો ને. બીજા પ્રશ્ન ઘણા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે સરકારને પુછવું છે કે આ કોરોના મહામારીએ કોઈને નથી મૂક્યા. ભાજપવાળા હોય કે કૉંગ્રેસવાળા, હિન્દુ હોય કે મુસલમાન, ગરીબ હોય કે અમીર, ગામડાના હોય કે શહેરના ......

અધ્યક્ષશ્રી: પ્રશ્ન પૂછો ને, સીધા પ્રશ્ન પર આવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ મૂળ આંકડાનો જ પ્રશ્ન છે. સરકારી આંકડાઓમાં તફાવત છે તો મારે આપના મારફત માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પૂછવું છે કે, ગુજરાતની કુલ ૧૦૬ નગરપાલિકામાં મને સત્તાવાર આરટીઆઈ હેઠળ માહિતી પ્રાપ્ત થઈ તે મુજબ ૪ ઝોન, મધ્ય ગુજરાતની ૨૭ નગરપાલિકામાં ૧૫૯૪ વધુ મૃત્યુ નોંધાયા, દક્ષિણ ગુજરાતમાં ૬૨૦૭ વધુ મૃત્યુ નોંધાયા, ઉત્તર ગુજરાતમાં ૪૬૦૬ અને સૌરાષ્ટ્રમાં ૧૧૭૨૬ .....

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, આ એક જિલ્લા પૂરતો પ્રશ્ન છે. આપ જિલ્લાની નગરપાલિકાઓની વાત કરો. સીધો પ્રશ્ન પૂછો. (ઘોંઘાટ) માનનીય મંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી, માનનીય પરેશભાઈ, આપ બેસો. માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો છો? માનનીય પરેશભાઈ આપ બેસો. આપનો પ્રશ્ન આવી ગયો છે. આંકડાની ક્લેરિટી કરે છે. શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાંબરકાંઠા અને અરવલ્લી પૂરતો જ આ પ્રશ્ન છે અને વ્યાપક રીતે બધી નગરપાલિકાઓ, કોર્પોરેશન અને ગુજરાતને આવરી લેતો આ પ્રશ્ન નથી. એમણે જે અરવલ્લી અને સાંબરકાંઠાની માહિતી અને વિગતો માંગી છે એના અનુસંધાનમાં જ આ જવાબો મળી રહ્યા છે.

(અંતરાય, ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : એને માટે બીજી નોટિસ આપજો. પ્રશ્ન ક્રમાંક ૬ માન. શ્રી અરવિંદકુમાર પટેલ. બહુ લાંબી ચર્ચા થઇ છે. સીધા પ્રશ્ન પૂછો. આપ બેસો.

(સતત અંતરાય)

(બધા જ સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા, બેનરો બતાવી વેલ તરફ ધસવા લાગ્યા)

અધ્યક્ષશ્રી: આપ આ રીતે પ્રદર્શન કરી શકો નહીં. જે કાંઇ પોસ્ટર બતાવી રહ્યા છો એ પ્લીઝ આપ નીચે મૂકો. પ્લીઝ, પોતાની સીટ ઉપર બેસી જાવ.

(પોતાનું સ્થાન છોડી કેટલાક સભ્યો વેલમાં ધસી આવ્યા. સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.)

**અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગે**

અધ્યક્ષશ્રી : પ્લીઝ, વેલમાં આવેલ તમામ સભ્યશ્રીઓ પોતાની જગ્યા પર બેસી જાવ. વેલમાં આવેલ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી વિક્રમભાઇ માડમ અને શ્રી કિરીટભાઇ પટેલને આજના દિવસની કાર્યવાહીમાંથી હું સસ્પેન્ડ કરું છું.

(સતત ઘોંઘાટ અને સૂત્રોચ્ચાર)

( વેલમાં આવેલા સભ્યશ્રીઓ શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી વિક્રમભાઇ માડમ અને શ્રી કિરીટભાઇ પટેલને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી: પ્રશ્નોત્તરી કાળ સુધી ગૃહ મુલતવી રાખવામાં આવે છે.

(સવારના ૧૦.૪૭ કલાકે ગૃહની બેઠક મુલતવી રાખવામાં આવી.)

( સભાગૃહની બેઠક સવારના ૧૧-૨૩ વાગ્યે ફરી મળી. )

## તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧
## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**પેટલાદ રેલ્વે ફાટકના ઓવરબ્રિજની કામગીરી**

૪૦૨૨૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ નડિયાદ–ખંભાત રોડ ઉપર પેટલાદ રેલ્વે ફાટકનો ઓવરબ્રિજ બનાવવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) મંજૂર તારીખ– ૨૧/૧/૨૦૧૫ |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કામ કઇ એજન્સીને આપવામાં આવેલ છે, અને | (૨) જી.આર.આઇ. સી.એલ. રેલ બ્રિજ ડેવલોપમેન્ટ કંપનીને રૂ. ૨૭.૩૭ કરોડના ઇ.પી.સી. કિંમતે તા.૨૭/૧/૧૭ થી શરૂ કરી તા.૨૮/૭/૨૦૧૯ સુધીમાં (૯૧૨ દિવસ) પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બ્રિજની કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) ઉક્ત સ્થિતિએ ૨૬.૫૯% કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

**રાજ્યમાં અધ્યાપકોને કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ**

૪૦૨૩૭ **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં તા.૦૧/૦૧/૨૦૧૧ બાદ નિમણૂક પામેલ અધ્યાપકોને તા.૦૧/૦૧/૨૦૧૬ બાદ મળવાપાત્ર કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ આપવામાં આવેલ છે, કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેનાં કારણો શાં છે, અને | (૨) વિચારણા હેઠળ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત લાભો ક્યારથી આપવાનું સરકારનું આયોજન છે ? | (૩) સરકારશ્રીની મંજૂરી મળ્યેથી. |

---------

**આણંદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજનાની અરજીઓ**

૪૦૫૧૭ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૩. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૭. |
| (૩)ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૫,૨૩,૦૦૦/– |

---------

**રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતા**

૪૦૧૯૪ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી, સરકારી અને જાહેર સાહસોની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહાર સ્થાપિત સરકારી, ખાનગી અને જાહેર સાહસોના વીજ મથકો જેમાંથી રાજ્ય સરકારની વીજ કંપની દ્વારા લાંબા/મધ્યમગાળાના વીજ કરાર અંતર્ગત વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૫૬૮૩ મે.વો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સરકારી, ખાનગી અને જાહેર સાહસોની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો કરવામાં આવ્યો ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની વિગતો નીચે મુજબ છે. |

| સેક્ટર | મે.વો |
|---|---|

| | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧ (૩૧.૦૭.૨૦૨૧ સુધી)** |
|---|---|---|---|
| **(ક) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.(જી.એસ.ઈ.સી.એલ.)** | | | |
| વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન–યુનિટ–૮ | ૮૦૦ | – | |
| **(ખ) જાહેર સાહસો** | | | |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | – | – | |
| (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | | |
| એનટીપીસી–લારા | ૭૮.૪ | ૭૮.૪ | |
| એનટીપીસી–ખરગોન | – | ૨૪૬ | |
| એનટીપીસી–ગદરવારા | ૧૫૨ | – | ૧૫૨ |
| એનટીપીસી થર્મલ પ્રોજેક્ટ–મીડીયમ ટર્મ (૫ વર્ષ) | | | ૯૩૬ |
| **(ગ) ખાનગી સાહસો** | – | – | |
| અદાણી મુન્દ્રા પાવર પ્રોજેક્ટ | ૨૦૦ | – | |
| **(ઘ) બિન–પરંપરાગત સ્ત્રોત** | | | |
| પવન ઉર્જા | ૩૬૮ | ૮૩ | ૪૩ |
| સૌર ઉર્જા | ૩૮૩ | ૪૩૫ | ૫૩૦ |
| **કુલ** | **૧૯૮૧.૪** | **૮૪૨.૪** | **૧૬૬૧** |

વધુમાં, તા.૩૧.૦૭.૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ દરમ્યાન કુલ ૧૧૪૦ મે.વો (અદાણી મુન્દ્રા પાવર પ્રોજેક્ટ–૧૦૦૦ મે.વો. અને કચ્છ લીગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન–૧૪૦ મે.વો) વીજક્ષમતા તેનો ઉપયોગી સમયગાળો, વીજ ખરીદ કરાર પૂર્ણ/રદ થતા તેને બિન–કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

## આણંદ અને જૂનાગઢ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ

૪૦૧૪૮ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ.

(૨) પત્રક–૧ ના કોલમ–૪ અને ૫ મુજબ.

(૩) પત્રક–૨ મુજબ.

**પત્રક–૧**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ડેઝીગ્નેટેડ હોસ્પિટલનું નામ** | **સારવાર લીધેલ દર્દીઆની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | | | **૨૦૨૦** | **૨૦૨૧** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | આણંદ | શ્રી ક્રિષ્ના હોસ્પિટલ, કરમસદ | ૨,૩૫૧ | ૨,૨૫૫ |
| ૨ | | અંજલી હોસ્પિટલ, બોરસદ | ૫૭૫ | ૨૫૮ |
| ૩ | | યુનીટી હોસ્પિટલ, વાસદ | ૨૪૨ | ૬૩૯ |
| ૪ | | એમરી હોસ્પિટલ, આણંદ | ૦ | ૪૭૦ |
| ૫ | | એમ.એમ.પરીખ કાર્ડીયાક, ખંભાત | ૭૩૯ | ૨૦૦ |
| ૬ | | ચારૂસેટ હોસ્પિટલ, ચાંગા | ૨૨૫ | ૦૪ |
| ૭ | | સાદત હોસ્પિટલ, તારાપુર | ૧૧૪ | ૧૫૬ |
| ૮ | | ધ કેમ્બે રીલીફ, ખંભાત | ૦ | ૪૪૭ |
| ૯ | | જનરલ હોસ્પિટલ, આણંદ | ૧,૧૪૦ | ૫૭૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | | એસ.એસ. હોસ્પિટલ, પેટલાદ | ૬૪૬ | ૯૧૦ |
| | **કુલ** | | **૬,૦૩૨** | **૫,૯૧૩** |
| ૧૧ | જૂનાગઢ | જનરલ હોસ્પિટલ, જૂનાગઢ | ૨,૪૭૮ | ૮,૧૪૪ |

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ હોસ્પિટલનું નામ | છેલ્લા બે વર્ષમાં માસવાર મૃત્યુ | | |
|---|---|---|---|---|---|
| | | | માસ | તા.૧/૯/૧૯ થી ૩૧/૮/૨૦ | તા.૧/૯/૨૦ થી ૩૧/૮/૨૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| ૧ | આણંદ | શ્રી ક્રિષ્ના હોસ્પિટલ, કરમસદ | સપ્ટેમ્બર | ૦ | ૦ |
| | | | ઓક્ટોબર | ૦ | ૦ |
| | | | નવેમ્બર | ૦ | ૦ |
| | | | ડીસેમ્બર | ૦ | ૦ |
| | | | જાન્યુઆરી | ૦ | ૦ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૪ | ૮ |
| | | | મે | ૬ | ૨૧ |
| | | | જૂન | ૩ | ૨ |
| | | | જુલાઇ | ૦ | ૧ |
| | | | ઓગસ્ટ | ૦ | ૦ |
| ૨ | | અંજલી હોસ્પિટલ, બોરસદ | ૦ | ૦ | ૦ |
| ૩ | | યુનીટી હોસ્પિટલ, વાસદ | ૦ | ૦ | ૦ |
| ૪ | | એમરી હોસ્પિટલ, આણંદ | ૦ | ૦ | ૦ |
| ૫ | | એમ.એમ.પરીખ કાર્ડીયાક, ખંભાત | ૦ | ૦ | ૦ |
| ૬ | | ચારૂસેટ હોસ્પિટલ, ચાંગા | ૦ | ૦ | ૦ |
| ૭ | | સાદત હોસ્પિટલ, તારાપુર | ૦ | ૦ | ૦ |
| ૮ | | ઘ કેમ્બે રીલીફ, ખંભાત | ૦ | ૦ | ૦ |
| ૯ | | જનરલ હોસ્પિટલ, આણંદ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | | એસ.એસ. હોસ્પિટલ, પેટલાદ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | | **૧૩** | **૩૨** |
| ૧૧ | જૂનાગઢ | જનરલ હોસ્પિટલ, જૂનાગઢ | સપ્ટેમ્બર | ૦ | ૨ |
| | | | ઓક્ટોબર | ૦ | ૦ |
| | | | નવેમ્બર | ૦ | ૦ |
| | | | ડીસેમ્બર | ૦ | ૦ |
| | | | જાન્યુઆરી | ૦ | ૦ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૦ | ૭૦ |
| | | | મે | ૦ | ૪૪ |
| | | | જૂન | ૧ | ૧૦ |
| | | | જુલાઇ | ૨ | ૦ |
| | | | ઓગસ્ટ | ૬ | ૦ |
| | | **કુલ** | | **૦૯** | **૧૨૬** |

---------

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને સહાય**

૩૯૯૮૦ **શ્રીમતી સંગીતાબેન પાટીલ**(લિંબાયત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સને ૨૦૨૦–૨૧ના વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનિકલ શિક્ષણ હેઠળના ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને | (૧) ૨૯૫૨ વિદ્યાર્થીઓને રૂ. ૬.૧૧ કરોડ. |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૨૩૬૯ વિદ્યાર્થીઓને રૂ. ૪.૮૪ કરોડ અને ૫૮૩ વિદ્યાર્થીનીઓને રૂ. ૧.૨૭ કરોડ |

---------

**અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળની અરજીઓ**

૩૯૯૭૯ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, અને | (૧) ૭,૧૩૬. |
| (૨) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરી? | (૨) ૪,૮૭૭. |

----------

**અમદાવાદ શહેરમાં કોરોનાના કારણે આરોગ્ય અધિકારી/કર્મચારીઓના મૃત્યુ**

૪૦૩૫૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ કોરોના કાળમાં અમદાવાદ શહેરમાં કોરોનાને કારણે કેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓનાં મૃત્યુ થયા,

**જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ કોરોના કાળમાં અમદાવાદ શહેરમાં કોરોનાના કારણે ૧૪ આરોગ્ય અધિકારી/કર્મચારીઓનાં મૃત્યુ થયા.

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓનાં પરિવારજનોને કેટકેટલી રકમની સહાય ક્યારે ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

**જવાબ**

(૨) તે પૈકી ૧૧ આરોગ્ય અધિકારી/કર્મચારીઓનાં પરિવારજનોને પ્રતિ કોરોના વોરિયર્સ દિઠ રૂ.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી. આ રકમ નીચે મુજબની તારીખ મુજબ ચૂકવવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) તા.૦૪/૦૬/૨૦૨૦ | (૨) તા.૧૬/૦૬/૨૦૨૦ |
| (૩) તા.૦૭/૦૮/૨૦૨૦ | (૪) તા. ૧૭/૦૮/૨૦૨૦ |
| (૫) તા.૨૫/૦૨/૨૦૨૧ | (૬) તા.૨૮/૦૪/૨૦૨૧ |
| (૭) તા.૧૩/૦૫/૨૦૨૧ | (૮) તા.૩૧/૦૫/૨૦૨૧ |
| (૯) તા.૩૧/૦૫/૨૦૨૧ | (૯) તા.૧૭/૦૭/૨૦૨૧ |
| (૧૧) તા.૨૮/૦૭/૨૦૨૧ | |

૧ કોરોના વોરિયર્સને રૂ.૫૦ લાખની સહાય ચૂકવવાની બાકી છે.

**પ્રશ્ન**

(૩) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૩) ૧ કોરોના વોરિયર્સને સહાય ચૂકવવાની પ્રક્રિયા ધ ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સમાં ચકાસણી હેઠળ છે.

---------

**નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારી પંચાયતની મંજૂર જગ્યાઓ**

૪૦૫૨૯ **શ્રી દુષ્યંતભાઇ પટેલ** (ભરૂચ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારી પંચાયતની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારી પંચાયતની ૧૧ (અગિયાર) જગ્યાઓ મંજૂર થયેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ ૧૧ (અગિયાર) જગ્યાઓ ભરાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩) ઉક્ત સ્થિતિએ તમામ જગ્યાઓ ભરાયેલ છે.

---------

**ખંભાળીયા ખાતે મેડીકલ કોલેજની કામગીરી**

૪૦૧૬૪ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે મેડીકલ કોલેજની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત મેડીકલ કોલેજની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને કાર્યરત કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત કોલેજમાં મેડીકલની કેટલી સીટો ફાળવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ ખંભાળિયા ખાતે નવી મેડીકલ કોલેજ શરૂ કરવા વિભાગના તા.૦૨/૦૧/૨૦૨૦ના પત્રથી ભારત સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) ભારત સરકારશ્રીની મંજૂરી મળ્યા બાદ ઉક્ત મેડીકલ કોલેજ શરૂ કરવાનું આયોજન કરવામાં આવશે.

(૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કોરોના વોરીયર્સના વારસદારોને રકમની સહાય**

૪૦૧૭૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ કોરોના વોરીયર્સ અને કોરોનાના કારણે મૃત્યુ પામનાર નાગરીકોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સહાય ચૂકવવાની ક્યારે જાહેરાત કરવામાં આવેલ ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ કોરોના વોરીયર્સના વારસદારોને રૂ.૫૦/– લાખની સહાય ચૂકવવામાં આવે છે અને કોરોનાને કારણે મૃત્યુ પામનાર નાગરીકોના વારસદારોને સહાય ચુકવવાની કોઇ જોગવાઇ હાલ અમલમાં નથી.

(૨) ઉક્ત સહાય ચૂકવવાની જાહેરાત ભારત સરકાર દ્વારા તા.૩૦–૦૩–૨૦૨૦ના રોજ કરવામાં આવી.

---------

**ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૩૯૯૯૧ **શ્રી કેસરીસિંહ સોલંકી**(માતર):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૦ | ૧૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૯૦ **શ્રી શીવાભાઇ ભુરીયા**(દિયોદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત

**જવાબ**

(૧) પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ

(૨) પત્રક–૧ ના કોલમ–૪ અને ૫ મુજબ

(૩) પત્રક–૨ મુજબ

હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ હોસ્પિટલનું નામ | સારવાર લીધેલ દર્દીઆની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | તા.૦૧.૦૯.૨૦૧૯ થી ૩૧.૦૮.૨૦૨૦ | તા.૦૧.૦૯.૨૦૨૦ થી ૩૧.૦૮.૨૦૨૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બનાસકાંઠા | બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર | ૧,૮૯૧ | ૧,૪૬૨ |
| ૨ | | જનતા હોસ્પિટલ, ડીસા | ૫૩૦ | ૨૦૮ |
| ૩ | કચ્છ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ | ૩૩૮૭ | ૩૪૯૪ |
| ૪ | | એલાયન્સ હોસ્પિટલ | ૧૯૩૫ | ૧૦૦૧ |
| ૫ | | સેન્ટ જોસેફ હોસ્પિટલ, ગાંધીધામ | ૪૬૬ | ૪૨૭ |
| ૬ | | એન્કરવાલા હોસ્પિટલ, મસ્કા તા.માંડવી | ૫૯૦ | ૮૭૪ |
| ૭ | | સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ | ૪૩૭ | ૪૧૪ |
| ૮ | | જે.કે. હોસ્પિટલ, ભુજ | ૨૫૭ | ૨૫૪ |
| ૯ | | મુન્દ્રા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ, મુન્દ્રા | ૧૬૮ | ૩૫૮ |
| ૧૦ | | દિશાન લાઇફ કેર, ભુજ | ૪૪૭ | ૬૧૬ |
| ૧૧ | | સિધ્ધી વિનાયક હોસ્પિટલ, ભુજ | ૫૧ | ૨૩૮ |
| ૧૨ | | ભગત હોસ્પિટલ, ભુજ | ૦ | ૧૯૬ |
| ૧૩ | | લેવા પટેલ હોસ્પિટલ, ભુજ | ૦ | ૫૩૩ |
| ૧૪ | | ડો. નિશાંત પુજારા હોસ્પિટલ, ભુજ | ૧૬ | ૧૪૮ |
| ૧૫ | | એકોર્ડ હોસ્પિટલ, ભુજ | ૦ | ૨૧૦૬ |

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ હોસ્પિટલનું નામ | છેલ્લા બે વર્ષમાં માસવાર મૃત્યુ | | |
|---|---|---|---|---|---|
| | | | માસ | તા.૦૧/૦૯/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૨૦ મૃત્યુની સંખ્યા | તા.૦૧/૦૯/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૧ મૃત્યુની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બનાસકાંઠા | બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર | સપ્ટેમ્બર | ૦ | ૪ |
| | | | ઓક્ટોબર | ૦ | ૮ |
| | | | નવેમ્બર | ૦ | ૫ |
| | | | ડીસેમ્બર | ૦ | ૪ |
| | | | જાન્યુઆરી | ૦ | ૧ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૦ | ૫૬ |
| | | | મે | ૩ | ૬૪ |
| | | | જૂન | ૭ | ૩ |
| | | | જુલાઇ | ૬ | ૦ |
| | | | ઓગસ્ટ | ૧ | ૦ |
| ૨ | બનાસકાંઠા | જનતા હોસ્પિટલ, ડીસા | સપ્ટેમ્બર | ૦ | ૦ |
| | | | ઓક્ટોબર | ૦ | ૦ |
| | | | નવેમ્બર | ૦ | ૦ |
| | | | ડીસેમ્બર | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ હોસ્પિટલનું નામ | છેલ્લા બે વર્ષમાં માસવાર મૃત્યુ | | |
|---|---|---|---|---|---|
| | | | માસ | તા.૦૧/૦૯/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૨૦ મૃત્યુની સંખ્યા | તા.૦૧/૦૯/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૧ મૃત્યુની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | જાન્યુઆરી | ૦ | ૦ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૦ | ૦ |
| | | | મે | ૦ | ૦ |
| | | | જૂન | ૦ | ૦ |
| | | | જુલાઇ | ૦ | ૦ |
| | | | ઓગસ્ટ | ૦ | ૦ |
| | | | કુલ | ૧૭ | ૧૪૫ |
| ૩ | કચ્છ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ | સપ્ટેમ્બર | ૦ | ૨ |
| | | | ઓક્ટોબર | ૦ | ૪ |
| | | | નવેમ્બર | ૦ | ૨ |
| | | | ડીસેમ્બર | ૦ | ૪ |
| | | | જાન્યુઆરી | ૦ | ૧ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૧ |
| | | | માર્ચ | ૦ | ૧ |
| | | | એપ્રિલ | ૧ | ૧૮ |
| | | | મે | ૧ | ૨૧ |
| | | | જૂન | ૪ | ૮ |
| | | | જુલાઇ | ૪ | ૧ |
| | | | ઓગસ્ટ | ૨ | ૦ |
| ૪ | કચ્છ | એલાયન્સ હોસ્પિટલ | સપ્ટેમ્બર | ૦ | ૧ |
| | | | ઓક્ટોબર | ૦ | ૨ |
| | | | નવેમ્બર | ૦ | ૩ |
| | | | ડીસેમ્બર | ૦ | ૧ |
| | | | જાન્યુઆરી | ૦ | ૦ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૦ | ૪ |
| | | | મે | ૦ | ૧ |
| | | | જૂન | ૧ | ૩ |
| | | | જુલાઇ | ૦ | ૦ |
| | | | ઓગસ્ટ | ૩ | ૦ |
| ૫ | કચ્છ | સેન્ટ જોસેફ હોસ્પિટલ, ગાંધીધામ | સપ્ટેમ્બર | ૦ | ૧ |
| | | | ઓક્ટોબર | ૦ | ૦ |
| | | | નવેમ્બર | ૦ | ૦ |
| | | | ડીસેમ્બર | ૦ | ૨ |
| | | | જાન્યુઆરી | ૦ | ૩ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૨ |

| ક્રમ | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ હોસ્પિટલનું નામ | છેલ્લા બે વર્ષમાં માસવાર મૃત્યુ | | |
|---|---|---|---|---|---|
| | | | માસ | તા.૦૧/૦૯/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૨૦ મૃત્યુની સંખ્યા | તા.૦૧/૦૯/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૧ મૃત્યુની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | એપ્રિલ | ૦ | ૧ |
| | | | મે | ૦ | ૪ |
| | | | જૂન | ૦ | ૪ |
| | | | જુલાઇ | ૦ | ૧ |
| | | | ઓગસ્ટ | ૦ | ૦ |
| ૬ | કચ્છ | એન્કરવાલા હોસ્પિટલ, મસ્કા તા.માંડવી | સપ્ટેમ્બર | ૦ | ૨ |
| | | | ઓક્ટોબર | ૦ | ૨ |
| | | | નવેમ્બર | ૦ | ૧ |
| | | | ડીસેમ્બર | ૦ | ૨ |
| | | | જાન્યુઆરી | ૦ | ૨ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૦ | ૪ |
| | | | મે | ૦ | ૨ |
| | | | જૂન | ૦ | ૫ |
| | | | જુલાઇ | ૦ | ૦ |
| | | | ઓગસ્ટ | ૦ | ૦ |
| ૭ | કચ્છ | મુન્દ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ, મુન્દ્રા | સપ્ટેમ્બર | ૦ | ૦ |
| | | | ઓક્ટોબર | ૦ | ૧ |
| | | | નવેમ્બર | ૦ | ૦ |
| | | | ડીસેમ્બર | ૦ | ૩ |
| | | | જાન્યુઆરી | ૦ | ૨ |
| | | | ફેબ્રુઆરી | ૦ | ૦ |
| | | | માર્ચ | ૦ | ૦ |
| | | | એપ્રિલ | ૦ | ૩ |
| | | | મે | ૦ | ૨ |
| | | | જૂન | ૦ | ૨ |
| | | | જુલાઇ | ૦ | ૦ |
| | | | ઓગસ્ટ | ૦ | ૦ |
| ૮ | કચ્છ | સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ | | ૦ | ૦ |
| ૯ | | જે.કે. હોસ્પિટલ, ભુજ | | ૦ | ૦ |
| ૧૦ | | દિશાન લાઇફ કેર, ભુજ | | ૦ | ૦ |
| ૧૧ | | સિધ્ધી વિનાયક હોસ્પિટલ, ભુજ | | ૦ | ૦ |
| ૧૨ | | ભગત હોસ્પિટલ, ભુજ | | ૦ | ૦ |
| ૧૩ | | લેવા પટેલ હોસ્પિટલ, ભુજ | | ૦ | ૦ |
| ૧૪ | | ડો. નિશાંત પુજારા હોસ્પિટલ, ભુજ | | ૦ | ૦ |
| ૧૫ | | એકોર્ડ હોસ્પિટલ, ભુજ | | ૦ | ૦ |
| | | **કુલ** | | **૧૬** | **૧૨૯** |

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવવા અંગે મળેલ ફરિયાદો**

૪૦૨૬૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા પાણી અને હવાનું પ્રદુષણ ફેલાવવામાં આવતુ હોવા અંગેની કેટલી ફરિયાદ સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કયા એકમોને હવા અને પાણીના પ્રદુષણ ફેલાવવા સબબ બંધ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **મળેલ ફરિયાદો** |
|---|---|
| ૦૧–૦૮–૨૦૧૯ થી ૩૧–૦૭–૨૦૨૦ | ૫૬ |
| ૦૧–૦૮–૨૦૨૦ થી ૩૧–૦૭–૨૦૨૧ | ૪૭ |

(૨) અને (૩) નિયમાનુસારની કાર્યવાહી સારુ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કર્મચારીઓ પુરા પાડવા બાબત**

૪૦૧૬૭ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળની કચેરીઓ, હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં આઉટ સોર્સીંગથી કઇ એજન્સીઓને કર્મચારીઓ પુરા પાડવાનું કામ કઇ પધ્ધતિથી ક્યારે આપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાવાર કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

| **જામનગર જિલ્લો** | | | | | |
|---|---|---|---|---|---|
| **સંસ્થાનું નામ** | **એજન્સીનું નામ** | **કઇ પદ્ધતિથી** | **ક્યાર થી ક્યા સુધી** | **૨૦૧૯–૨૦ રકમ** | **૨૦૨૦–૨૧ રકમ** |
| જિલ્લા ક્ષય કેન્દ્ર જામનગર | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૬૧૪૨૯૨ | ૬૨૧૬૮૪ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | | |
| વિ.તા.કે.અલીયાબાડા | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૩૪૧૪૭૩૩ | ૪૧૪૭૫૪૫ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૩૦૪૬૮૯૫ | ૩૪૬૨૩૨ |
| સા.આ.કેન્દ્ર જોડિયા | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૫૮૮૬૦૧ | ૯૭૦૮૧૫ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૧૦૪૫૬૯૨ | ૧૧૦૮૨૭૩ |
| મેન્ટલ જામનગર | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૪૬૨૨૬૨ | ૩૬૬૩૨૬ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૧૬૮૪૦૮૪ | ૧૨૨૩૮૩૬ |
| જી.જી.એચ.જામનગર | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૫૪૫૫૮૫૯૯ | ૫૭૧૨૫૦૯૫ |

| જામનગર જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| **સંસ્થાનું નામ** | **એજન્સીનું નામ** | **કઇ પદ્ધતિથી** | **ક્યાર થી ક્યા સુધી** | **૨૦૧૯–૨૦ રકમ** | **૨૦૨૦–૨૧ રકમ** |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | | |
| જિલ્લા પંચાયત, જામનગર | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૧૨૮૮૭૭૮૨ | ૨૧૬૪૭૨૯૮ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૬૪૪૧૯૪૧ | ૭૦૮૩૮૯૮ |
| | સેફ લોક ઇન્ડી સર્વિસ પોરબંદર | ઈ–ટેન્ડર | ૦૧–૦૭–૨૦૨૦ થી હાલમાં ચાલુ | ૧૯૭૪૨૯ | ૧૭૨૨૨૯૬ |
| | રાજ સિક્યુરીટી જામનગર | ઈ–ટેન્ડર | ૦૧–૦૬–૨૦૧૯ થી હાલમાં ચાલુ | ૨૫૮૮૭૦ | ૦ |
| સા.આ.કેન્દ્ર કાલાવડ | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૧૦૧૭૭૫૬ | ૧૩૧૩૪૮૪ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | | |
| સા.આ.કેન્દ્ર જામજોધપુર | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૩૭૨૭૫૬ | ૩૭૯૧૫૨ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | | |
| સા.આ.કેન્દ્ર સિક્કા | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૭૯૩૫૧૨ | ૬૪૦૯૪૪ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | | |
| જિલ્લા તાલીમ કેન્દ્ર જામનગર | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૨૧૯૬૬૦ | ૨૨૧૭૧૨ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | | |
| | | | **કુલ ટોટલ** | **૮૭૬૦૪૮૬૪** | **૯૮૯૧૮૫૯૦** |

| દ્વારકા જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| **સંસ્થાનું નામ** | **એજન્સીનું નામ** | **કઇ પદ્ધતિથી** | **ક્યાર થી કયાં સુધી** | **૨૦૧૯–૨૦ રકમ** | **૨૦૨૦–૨૧ રકમ** |
| જિલ્લા પંચાયત દ્વારકા | બજરંગ એન્ટરપ્રાઇઝ ખંભાળીયા | ઈ–ટેન્ડર | ૧૯–૦૭–૨૦૧૮ થી ૩૦/૦૬/૨૦૨૧ | ૧૮૭૫૬૪૭ | ૧૬૯૬૯૫૮ |
| | એસ.આર.એન્ટરપ્રાઇઝ | ઈ–ટેન્ડર | ૩૧/૦૮/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૨૧ | ૨૨૬૪૭૮૩ | ૨૩૯૨૦૫૮ |
| | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૧૨–૧૨–૨૦૧૮ થી હાલમાં ચાલુ | ૯૬૪૬૬૦૨૯ | ૨૧૧૯૨૦૧૧૨ |
| જનરલ હોસ્પિટલ, જામખંભાળિયા | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૧૨–૦૧–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૩૯૧૭૧૨૫ | ૩૬૦૬૪૪૭ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૧૨–૦૧–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૭૭૫૨૯૯૮ | ૬૮૮૯૦૪૫ |
| જિલ્લા ક્ષમ કેન્દ્ર દ્વારકા | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૫૦૨૮૯૩૦ | ૨૬૩૧૬૪૫ |
| | મેસર્સ ડી.જી.નાકરાણી | ઈ–ટેન્ડર | ૦૧–૧૨–૨૦૧૪ થી | | |

| દ્વારકા જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| **સંસ્થાનું નામ** | **એજન્સીનું નામ** | **કઇ પદ્ધતિથી** | **ક્યાર થી કયાં સુધી** | **૨૦૧૯-૨૦ રકમ** | **૨૦૨૦-૨૧ રકમ** |
| | | | હાલમાં ચાલુ | | |
| સરકારી હોસ્પિટલ દ્વારકા | મેસર્સ એમ.જે.સોલંકી | ઈ-ટેન્ડર | ૦૧-૧૨-૨૦૧૪ થી હાલમાં ચાલુ | ૧૧૫૭૪૯૦ | ૧૨૪૮૭૨૯ |
| | | | **કુલ ટોટલ** | **૧૧૮૪૬૩૦૦૨** | **૨૩૦૩૮૪૯૯૪** |

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૮૨ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ, | (૧) *પત્રક-૧ ના કોલમ નં.૩ મુજબ |
| (૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ-૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને | (૨) *પત્રક-૧ ના કોલમ-૪ અને ૫ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ? | (૩) *પત્રક-૨ મુજબ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**વીર નર્મદ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરની ગેરકાયદેસર નિમણૂકની ફરિયાદ**

૪૦૨૫૨ **શ્રી અનંતકુમાર પટેલ**(વાંસદા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૯/૭/૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ૧૫૩૫૦ (અગ્રતા- ૬૨) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ વીર નર્મદ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરની ગેરકાયદેસર નિમણૂક અંગેની બાર ફરિયાદો રાજ્ય સરકારને મળેલ તેની તપાસ સોંપેલ હતી તે તપાસ ક્યારે પૂર્ણ કરવામાં આવી, અને | (૧) તપાસ તા.૩૧/૧૨/૨૦૨૦ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રકરણ દફતરે કરવાનો નિર્ણય થયેલ છે. |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ**

૪૦૧૪૫ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારોને કોઈ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| માસ | મહીસાગર | | પંચમહાલ | |
|---|---|---|---|---|
| | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૨ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૩ | ૦ | ૨ |
| નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૧ |
| જાન્યુઆરી | ૦ | ૨ | ૦ | ૧ |
| ફેબ્રુઆરી | ૦ | ૧ | ૦ | ૧ |
| માર્ચ | ૦ | ૩ | ૦ | ૧ |
| એપ્રિલ | ૦ | ૨૩ | ૨ | ૧૪ |
| મે | ૨ | ૩૦ | ૮ | ૩૧ |
| જૂન | ૦ | ૬ | ૫ | ૧ |
| જુલાઈ | ૦ | ૦ | ૨ | ૦ |
| ઓગસ્ટ | ૦ | ૦ | ૧ | ૦ |
| **કુલ** | **૨** | **૭૦** | **૧૮** | **૫૨** |

---------

## રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ ચૂકવવા બાબત

૪૦૨૧૩ **શ્રી મહેશકુમાર પટેલ**(પાલનપુર) : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ કયા દરે ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત મોંઘવારીએ ભથ્થાના દરોમાં કેન્દ્ર સરકારે વધારો કરેલ તે પૈકી કેટલો વધારો લાગુ કરવાનો બાકી છે,

(૩) ઉક્ત વધારો લાગુ કરવાના બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) ઉક્ત વધારા સાથેના દરે ક્યાં સુધીમાં મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ મૂળ પગારના ૧૭% ના દરે ચૂકવવામાં આવે છે.

(૨) ઉક્ત મોંઘવારીએ ભથ્થાના દરોમાં કેન્દ્ર સરકારે વધારો કરેલ તે પૈકી ૧૧% નો વધારો લાગુ કરવાનો બાકી છે.

(૩) ઉક્ત વધારો લાગુ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૪) સરકારશ્રી દ્વારા વિચારણા કર્યા બાદ ઉક્ત વધારા સાથેના દરે મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવશે.

---------

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ

૪૦૧૫૮ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા,

(૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી,

(૪) કેટલા વારસદારોને સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઈ રકમની સહાય ચૂકવવાની થતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| માસ | જૂનાગઢ | | પોરબંદર | |
|---|---|---|---|---|
| | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૨ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૦ | ૦ | ૦ |
| નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૩૪ | ૦ | ૩ |
| મે | ૦ | ૧૦૪ | ૨ | ૧૨ |
| જૂન | ૨ | ૭ | ૦ | ૦ |
| જુલાઈ | ૮ | ૧ | ૦ | ૦ |
| ઓગસ્ટ | ૮ | ૦ | ૨ | ૦ |
| **કુલ** | **૧૮** | **૧૪૮** | **૪** | **૧૫** |

---------

## વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા

૪૦૦૦૯ **શ્રી અક્ષયકુમાર પટેલ**(કરજણ)**:માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|
| ૮ | ૮ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરત જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન

૩૯૯૬૫ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૦–૨૧માં સુરત જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમની લોન આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૧

(૨) રૂ. ૩૧૪.૩૯ લાખ.

---------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આઈ.સી.એમ.આર. માન્યતા પ્રાપ્ત લેબોરેટરી

૪૦૦૪૦ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ કોવિડ–૧૯ના નિદાન માટે અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલી આઈ.સી.એમ.આર. માન્યતા પ્રાપ્ત લેબોરેટરી ઉપલબ્ધ છે,

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં ૩૫ અને જિલ્લામાં શૂન્ય.

અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે લેબૉરેટરીઓમાં કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા ?

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | લેબૉરેટરીનું નામ | ટોટલ |
|---|---|---|
| ૧ | બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ | ૩૬૧૫૦૩ |
| ૨ | જી.એમ.ઈ.આર.એસ., સોલા, અમદાવાદ | ૧૧૮૭૪૮ |
| ૩ | કેન્સર ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ | ૩૨૬૯૭ |
| ૪ | એન.આઈ.ઓ.એચ, અમદાવાદ | ૦ |
| ૫ | એસ.વી.પી. હોસ્પિટલ, અમદાવાદ | ૨૩૯૩૨૮ |
| ૬ | જી.સી.એસ. મેડિકલ કોલેજ | ૫૧૧૮ |
| ૭ | એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૦ |
| ૮ | યુનિપેથ લેબૉરેટરી, અમદાવાદ | ૨૦૪૮૮૦ |
| ૯ | સુપ્રાટેક લેબૉરેટરી, અમદાવાદ | ૬૩૨૭૩૬ |
| ૧૦ | પાંજીનોમિક્સ લેબૉરેટરી, અમદાવાદ | ૧૯૯૦૪૯ |
| ૧૧ | ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ | ૩૦૦૦૭ |
| ૧૨ | ગ્રીન ક્રોસ લેબૉરેટરી, અમદાવાદ | ૧૫૮૪૯૯ |
| ૧૩ | સનફ્લાવર લેબૉરેટરી, અમદાવાદ | ૫૪૦૨૬ |
| ૧૪ | ગુજરાત પેથોલોજી અમદાવાદ | ૧૨૨૪૬૪ |
| ૧૫ | સાઈન્ટીફીક ડાયગ્નોસ્ટીક, અમદાવાદ | ૭૮૯૧૬ |
| ૧૬ | સાલ્વસ લેબૉરેટરી, અમદાવાદ | ૩૧૨૫૧ |
| ૧૭ | ક્યુરોવીસ લેબૉરેટરી, અમદાવાદ | ૨૮૬૫૧ |
| ૧૮ | લેમડા લેબ, અમદાવાદ | ૧૯૬૮ |
| ૧૯ | સ્પેશિયાલિટી લેબૉરેટરી, અમદાવાદ | ૭૪૧૩૪ |
| ૨૦ | સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ | ૨૧૬૦ |
| ૨૧ | સેલકેર પેથોલેબ, અમદાવાદ | ૨૦૯૦૬ |
| ૨૨ | નારાયણી હોસ્પિટલ, અમદાવાદ | ૭૮૦૪ |
| ૨૩ | જીન એક્સપ્લોર ડાયગ્નોસ્ટીક, અમદાવાદ | ૮૧૭૪૩ |
| ૨૪ | ઈન વિટ્રો સ્પેશિયાલિટી લેબૉરેટરી, અમદાવાદ | ૪૬૧૫૨ |
| ૨૫ | સિમરસ પેથોકેર લેબૉરેટરી, અમદાવાદ | ૨૪૬૮૫ |
| ૨૬ | એસ.એમ.એસ. હોસ્પિટલ, અમદાવાદ | ૫૪૮૦ |
| ૨૭ | ઈયુ જીન લેબૉરેટરી, અમદાવાદ | ૨૮૨૬૫ |
| ૨૮ | અમ્પ્લિજેન લેબૉરેટરી, અમદાવાદ | ૨૫૦૪૭ |
| ૨૯ | રિવેરા લેબૉરેટરી, અમદાવાદ | ૧૪૬૩૭ |
| ૩૦ | યુનિવર્સલ પેથોલોજી લેબૉરેટરી, અમદાવાદ | ૨૬૦૨ |
| ૩૧ | અટલ ઈંક્યુબેશન સેન્ટર, અમદાવાદ | ૨૮૦૪ |
| ૩૨ | ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ | ૧૨૭૦ |
| ૩૩ | નોર્થ સ્ટાર લેબૉરેટરી, અમદાવાદ | ૩૨૦૬૭ |
| ૩૪ | ગ્રીનક્રોસ લેબૉરેટરી, નવરંગપુરા, અમદાવાદ | ૬૪૨૨ |
| ૩૫ | સંજીવની લેબૉરેટરી, અમદાવાદ | ૧૨૫ |

---------

**ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળની અરજીઓ**

૩૯૯૬૦ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | (૧) ૪,૬૭૫ |

અતારાંકિત પ્રશ્નો

હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરી ? | (૨) ૧,૨૭૯

---------

**વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજનાની અરજીઓ**

૩૯૯૭૮ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૮. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૫. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૩,૮૦,૦૦૦/-. |

---------

**રાજકોટ શહેર અને જિલ્લામાં કોરોનાની રસી આપવા બાબત**

૪૦૦૪૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર અને જિલ્લામાં કેટલા લોકોને કોરોનાની કઇ કઇ રસી આપવામાં આવી, અને | (૧) રાજકોટ શહેરમાં કુલ ૯,૭૫,૯૭૬ લોકોને કોરોનાની રસી આપવામાં આવી. જેમાં ૧૩,૨૫,૪૦૯ ડોઝ કોવિશિલ્ડ (૯,૨૧,૮૬૪ પ્રથમ ડોઝ અને ૪,૦૩,૫૪૫ બીજો ડોઝ), અને ૯૫,૧૬૧ ડોઝ કોવેક્સીન (૫૪,૧૧૨ પ્રથમ ડોઝ અને ૪૧,૦૪૯ બીજો ડોઝ) રસી આપવામાં આવી.<br>રાજકોટ જિલ્લામાં કુલ ૮,૯૨,૭૮૬ લોકોને કોરોનાની રસી આપવામાં આવી. જેમાં ૧૦,૯૪,૯૫૫ ડોઝ કોવિશિલ્ડ (૮,૬૪,૦૪૦ પ્રથમ ડોઝ અને ૨,૩૦,૯૧૫ બીજો ડોઝ) અને ૪૬,૬૨૮ ડોઝ કોવેક્સિન (૨૮,૭૪૬ પ્રથમ ડોઝ અને ૧૭,૮૮૨ બીજો ડોઝ) રસી આપવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં બાકી રહેલ લોકોને ક્યાં સુધીમાં રસી આપવાનું આયોજન છે ? | (૨) જિલ્લામાં બાકી રહેલ લોકોનું રસીકરણ ગામ પ્રમાણે, પી.એચ.સી. પ્રમાણે મોનીટરીંગ કરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૪૦૦૪૭ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૭૬.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **ખર્ચ(ખર્ચમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૪૬.૫૮ |

**રાજ્યમાં ડિગ્રી-ડિપ્લોમાં ઇજનેરી કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકોને સાતમા પગારપંચનું એરીયર્સ ચૂકવવા બાબત**

૪૦૨૪૬ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ હેઠળની ડિગ્રી-ડિપ્લોમાં ઇજનેરી કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકોને સાતમાં પગારપંચનું એરિયર્સ ચૂકવવાનું બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા.

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે, અને | (૨) ગ્રાન્ટના અભાવે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એરીયર્સની રકમની ચૂકવણી ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ? | (૩) ગ્રાન્ટ મળ્યેથી તુર્ત જ.

---------

**રાજ્યમાં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના વર્ગ-૧ના અધિકારીની ખાલી જગ્યા**

૪૦૨૩૨ **શ્રી શૈલેષભાઈ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેટલા જિલ્લામાં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના નાયબ નિયામક વર્ગ-૧ના અધિકારીની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૨૪. |
| (૨) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૨) ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |

---------

**રાજ્યમાં આદિજાતિ વિકાસ હસ્તકની શાળાઓનું મંજૂર મહેકમ**

૪૦૨૭૭ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૪૯૬૧ (અગ્રતા-૨૧૯)ના અનુસંધાને **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આશ્રમશાળાઓમાં વર્ગદીઠ મહેકમ શિક્ષણ વિભાગના તા.૧૭-૧૨-૨૦૧૫ના ઠરાવ મુજબ નિયત થયેલ મહેકમ પ્રમાણે વિભાગ હસ્તકની શાળાઓમાં અમલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઉક્ત બાબત સંબંધમાં ક્યારે વિચારણા હાથ ધરી પૂર્ણ કરવામાં આવી, | (૧) પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તા.૧૭-૧૨-૨૦૧૫ના ઠરાવનો અમલ ક્યારથી કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) વિચારણા પૂર્ણ થયેથી યોગ્ય નિર્ણય લેવામાં આવશે. |

---------

**પંચમહાલ જિલ્લામાં નવીન પંચાયત ઘર બનાવવાની મંજૂરી**

૩૯૯૯૫ **શ્રી સી.કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના નવીન પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૯. |
| (૨) ઉક્ત પંચાયત ઘર બનાવવા માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ? | (૨) રૂ.૨૮૨/- લાખ. |

---------

**કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી ખેતીની મંજૂર જગ્યા**

૩૯૯૮૮ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ | (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં |

જિલ્લામાં વિસ્તરણ અધિકારી ખેતીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

વિસ્તરણ અધિકારી (ખેતી)ની કુલ ૧૪(ચૌદ) જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કુલ ૦૯(નવ) જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૦૫(પાંચ) જગ્યાઓ ખાલી છે.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં કોરોનાના કારણે મૃત્યુ**

૩૯૭૩૭ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૦૧–૦૯–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કોરોનાના કારણે કેટલા મૃત્યુ થયા, અને

**જવાબ**

(૧)

| **ખેડા** | | | **આણંદ** | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કોરોનાથી મૃત્યુ** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **કોરોનાથી મૃત્યુ** |
| ૧ | કઠલાલ | ૫ | ૧ | આણંદ | ૨૫ |
| ૨ | કપડવંજ | ૬ | ૨ | આંકલાવ | ૧ |
| ૩ | ખેડા | ૮ | ૩ | બોરસદ | ૪ |
| ૪ | ગળતેશ્વર | ૨ | ૪ | પેટલાદ | ૬ |
| ૫ | ઠાસરા | ૧ | ૫ | સોજિત્રા | ૦ |
| ૬ | નડિયાદ | ૧૮ | ૬ | ખંભાત | ૧૧ |
| ૭ | મહુધા | ૧ | ૭ | તારાપુર | ૧ |
| ૮ | મહેમદાવાદ | ૬ | ૮ | ઉમરેઠ | ૧ |
| ૯ | માતર | ૧ | | | |

(૨) કોરોનાથી મૃતકના પરિવારને સરકાર દ્વારા કેટલી સહાય કરવામાં આવી ?

(૨) કોરોનાથી મૃતકના પરિવારને કોઈ નાણાકીય સહાય ચૂકવવાની યોજના અમલમાં નથી.

---------

**મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળની અરજીઓ**

૩૯૯૬૬ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૨૦–૨૧માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, — (૧) ૮૭૬.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૮૭૬.

(૩) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ કેટલી સાયકલ આપવામાં આવી ? — (૩) ૮૭૬.

---------

**મહેસાણા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૪૦૦૦૦ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|
| ૧૦ | ૧૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે મળેલ દરખાસ્ત બાબત**

૩૯૯૮૬ **શ્રી શશીકાંત પંડ્યા** (ડીસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૦–૨૧માં બનાસકાંઠા જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કુલ કેટલી દરખાસ્તો મળી, અને

(૨) ઉક્ત પૈકી કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૨૦–૨૧માં બનાસકાંઠા જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કુલ ૧૮ દરખાસ્ત મળી.(યાદી *પત્રક–૧માં આ સાથે સામેલ છે.)

(૨) તે પૈકી કુલ ૧૬ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી.(યાદી *પત્રક–૨માં આ સાથે સામેલ છે.)

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ**

૪૦૧૬૦ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા,

(૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી,

(૪) કેટલા વારસદારોને સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારોને કોઈ રકમની સહાય ચૂકવવાની થતી નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **માસ** | **ગીર–સોમનાથ** | | **રાજકોટ** | |
|---|---|---|---|---|
| | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૭ | ૦ | ૯ |
| ઓક્ટોબર | ૦ | ૩ | ૦ | ૯ |
| નવેમ્બર | ૦ | ૧ | ૦ | ૨ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૪ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૨ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૧ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૧ |
| એપ્રિલ | ૦ | ૫ | ૦ | ૭૪ |
| મેં | ૦ | ૩૪ | ૧ | ૧૧૪ |
| જૂન | ૧ | ૪ | ૧ | ૫ |
| જુલાઈ | ૩ | ૦ | ૧૧ | ૦ |
| ઓગસ્ટ | ૯ | ૦ | ૧૯ | ૧ |
| **કુલ** | **૧૩** | **૫૪** | **૩૨** | **૨૨૨** |

---------

**છોટા ઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૪૦૦૫૯ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૪૪.૩૨ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૦૫.૪૫ |

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૭૮ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલવાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ-૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં કોવિડ-૧૯ (કોરોના) માટે કોઈ ખાનગી હોસ્પિટલને ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ નથી અને ગાંધીનગર જિલ્લાની માહિતી *પત્રક-૧ ના કોલમ નં.૩ મુજબ.

(૨) ગાંધીનગર જિલ્લાની માહિતી *પત્રક-૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ.

(૩) ગાંધીનગર જિલ્લાની માહિતી *પત્રક-૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં કોરોના મહામારીને કારણે ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ફી માફી**

૪૦૨૫૯ **શ્રી ભગાભાઈ બારડ** (તલાલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કોરોના મહામારીના કારણે ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ બંધ હોવાથી શૈક્ષણિક ફીમાં કેટલી રકમની માફી આપવા રાજ્ય સરકારે ઠરાવ/પરિપત્રો ક્યારે પ્રસિધ્ધ કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત ઠરાવો/પરિપત્રોનું પાલન ન કરનારી અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લાની કેટલી શાળાના સંચાલકો સામે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શિક્ષણ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૨૨૦/૫૩/ એફ.આર.સી. સેલ અન્વયે તમામ સ્વ-નિર્ભર શાળાઓને ૨૫% ફી ની રાહત આપવા ઠરાવ થયેલ છે.

(૨) અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લાની શાળાઓની ઉક્ત ઠરાવનું પાલન ન કરવા અંગે કોઈ ફરિયાદ મળેલ નથી. જેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ નોંધાયેલ દાવાઓ**

૩૯૮૮૯ **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટાઉદેપુર):**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૦-૦૯-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર અધિનિયમ-૨૦૦૬, હેઠળ કેટલા દાવાઓ નોંધાયેલા છે, તે પૈકી ગામવાર કેટલા દાવાઓનો નિકાલ થયો છે અને કેટલા દાવાઓનો નિકાલ કરવાનો બાકી છે,

**જવાબ**

(૧) તા.૨૦-૦૯-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ તાલુકાવાર નીચે મુજબ જંગલની જમીનના દાવાઓ નોંધાયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ દાવા | નિકાલ થયેલ દાવાની સંખ્યા | નિકાલ કરવાના બાકી દાવાઓની સંખ્યા |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૯૨૯ | ૨૩૮૩ | ૪૫૪૬ |
| ૨ | કવાંટ | ૪૩૨૩ | ૨૦૫૭ | ૨૨૬૬ |
| ૩ | પાવીજેતપુર | ૧૬૩૭ | ૩૯૮ | ૧૨૩૯ |
| ૪ | નસવાડી | ૪૩૮૯ | ૧૭૭૫ | ૨૬૧૪ |
| ૫ | બોડેલી | ૨૭૯ | ૫૮ | ૨૨૧ |
| ૬ | સંખેડા | – | – | – |
| | **કુલ એકંદર–** | **૧૭૫૫૭** | **૬૬૭૧** | **૧૦૮૮૬** |

ઉક્ત તાલુકાઓ પૈકી ગામવાર નિકાલ થયેલ અને નિકાલ કરવાના બાકી દાવાઓની વિગત સામેલ યાદી પત્રક–અ મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ પ્રાંત કક્ષાની કમિટિએ ગામવાર મંજૂર કરેલ દાવાઓ કેટલા છે, તે પૈકી જિલ્લા કક્ષાની કમિટિએ મંજૂર કરેલ દાવાઓ કેટલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પ્રાંતકક્ષાની કમિટિમાં તેમજ જિલ્લા કક્ષાની કમિટિએ મંજૂર કરેલ દાવાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાંતકક્ષાની કમિટીમાં મંજૂર થયેલ દાવાઓ | જિલ્લા કક્ષાની કમિટીમાં મંજૂર થયેલ દાવાઓ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૩૮૩ | ૨૩૮૩ |
| ૨ | કવાંટ | ૨૦૫૭ | ૨૦૫૭ |
| ૩ | પાવીજેતપુર | ૩૯૮ | ૩૯૮ |
| **છોટાઉદેપુર પ્રાંતનું કુલઃ** | | **૪૮૩૮** | – |
| ૪ | નસવાડી | ૧૭૭૫ | ૧૭૭૫ |
| ૫ | બોડેલી | ૫૮ | ૫૮ |
| ૬ | સંખેડા | ૦ | ૦ |
| **બોડેલી પ્રાંતનું કુલઃ–** | | **૧૮૩૩** | – |
| | **કુલઃ–** | **૬૬૭૧** | **૬૬૭૧** |

ઉક્ત તાલુકાઓની ગામવાર યાદી પત્રક–બ મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ દાવેદારોનો જંગલની જમીન ઉપર પ્રત્યક્ષ કબજો હોવા છતાં જિલ્લા કક્ષાની કમિટિમાં ઉક્ત દાવાઓનો નિકાલ નહીં કરવાના કારણો શાં છે ?

(૩) દાવેદારોનો જંગલની જમીન ઉપર પ્રત્યક્ષ કબજો હોવા છતાં નીચેના કારણોસર દાવાઓનો નિકાલ કરવામાં વિલંબ થયેલ છે.

(૧) તા.૧૩–૧૨–૨૦૦૫ પહેલાંથી અને તા.૩૧–૧૨–૨૦૦૭ના રોજ કબજો ચાલુ ન હોવાથી.

(૨) દાવાવાળી જમીન વન વિભાગની ન હોવાથી દા.ત. સરકારી પડતર, ગૌચર વગેરે.

(૩) દાવાવાળી જમીન ૧૯૭૨ તથા ૧૯૯૨ના સરકારશ્રીના ઠરાવથી નિયમબદ્ધથી જમીન મળેલ હોવાથી.

(૪) દાવાવાળી જમીન ઉપર પિતાના નામની દંડ પાવતી અન્ય વારસદારો દ્વારા દાવા ફાઈલમાં રજૂ કરવામાં આવેલ હોવાથી વગેરે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મોરબી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૪૦૦૯૫ **શ્રી પરસોત્તમ સાબરીયા**(ધ્રાંગધ્રા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૫ | ૫ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૪૦૧૧૨ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૬૦૧૦ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૯૨૨૫.૯૪ લાખ ખર્ચ થયેલ છે.

––––––––––

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય અધિકારી/કર્મચારીઓના મૃત્યુ**

૩૯૭૪૨ **શ્રી બાબુભાઈ વાજા**(માંગરોળ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓના કોરોનાના કારણે મૃત્યુ થયા,

**જવાબ**

(૧) પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મરણ પામેલ આરોગ્ય અધિકારી/ કર્મચારીની વિગત |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ | ૦૧ |
| | | વંથલી | નીલ |
| | | માણાવદર | નીલ |
| | | કેશોદ | નીલ |
| | | માળીયા હાટીના | ૦૧ |
| | | માંગરોળ | ૦૧ |
| | | વિસાવદર | ૦૧ |
| | | મેંદરડા | નીલ |
| | | ભેંસાણ | નીલ |
| ૨ | ગીર સોમનાથ | ગીર સોમનાથ | નીલ |
| | | વેરાવળ | નીલ |
| | | ઉના | નીલ |
| | | કોડીનાર | નીલ |
| | | સુત્રાપાડા | નીલ |
| | | તલાલા | નીલ |
| | | ગીર સોમનાથ | નીલ |
| | | ગીર ગઢડા | નીલ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલાને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) પત્રક–બ મુજબ.

**પત્રક–બ**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મરણ પામેલ આરોગ્ય અધિકારી/ કર્મચારીને ચૂકવેલ અને ચૂકવવાની બાકી સહાયતાની વિગત |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ | ૦૧ સહાય ચૂકવવાની બાકી છે. |
| | | વંથલી | –– |
| | | માણાવદર | –– |
| | | કેશોદ | –– |
| | | માળીયા હાટીના | ૦૧ સહાય ચૂકવવાની બાકી છે. |
| | | માંગરોળ | ૦૧ સહાય ચૂકવવાની બાકી છે. |
| | | વિસાવદર | ૧ આશા બહેનને રૂ.૫૦ લાખની સહાય |

| | | | ચૂકવવામાં આવેલ છે. |
|---|---|---|---|
| | | મેંદરડા | -- |
| | | ભેંસાણ | -- |
| ૨ | ગીર સોમનાથ | ગીર સોમનાથ | -- |
| | | વેરાવળ | -- |
| | | ઉના | -- |
| | | કોડીનાર | -- |
| | | સુત્રાપાડા | -- |
| | | તલાલા | -- |
| | | ગીર સોમનાથ | -- |
| | | ગીર ગઢડા | -- |

(૩) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) બાકીના ત્રણ કોરોના વોરીયર્સને સહાય ચૂકવવાની પ્રક્રિયા ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સમાં ચકાસણી હેઠળ છે.

---------

**જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામે વીજ પુરવઠો કાર્યરત કરવા બાબત**

૪૦૧૯૬ **શ્રી અંબરીશભાઈ ડેર**(રાજુલા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામે તાઉતે વાવાઝોડામાં નુકસાન પામેલ રહેણાંક અને ખેતીવાડીનો વીજ પુરવઠો ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામમાં વીજ પુરવઠો કાર્યરત કરવામાં ન આવેલ હોઈ તો તેના કારણો શાં છે, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત ગામમાં વીજ પુરવઠો કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

- તાઉતે વાવાઝોડાને કારણે શિયાળબેટ ગામમાં વીજ લાઈન સ્થાપનોને ભારે પ્રમાણમાં નુકસાન થયેલ છે. ઉપરાંત શિયાળબેટ ગામમાં વીજ પુરવઠો દરિયાના પેટાળમાં મરીન કેબલ પાથરીને પૂરો પાડવામાં આવે છે. તાઉતે વાવાઝોડામાં આ મરીન કેબલને નુકસાન થયેલ છે.
- શિયાળબેટ ગામમાં વીજ સ્થાપનનું સમારકામ પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ ચોમાસાની ઋતુ હોઈ, વરસાદને કારણે મરીન કેબલમાં થયેલ નુકસાનની મરામત કરવાની કામગીરી પૂર્ણ થયેલ ના હોઈ, વીજ પુરવઠો ચાલુ કરી શકાયેલ નથી.

(૩) બનતી ત્વરાએ.

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં મલ્ટી પર્પજ હેલ્થ સુપરવાઈઝરની મંજૂર જગ્યા**

૪૦૦૦૫ **શ્રી રમણભાઈ પટેલ**(વિજાપુર):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝરની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧)

| **મહેસાણા** | **પાટણ** |
|---|---|
| મંજૂર થયેલ જગ્યા-૬૨ | મંજૂર થયેલ જગ્યા-૬૨ |

(૨)

| **મહેસાણા** | **પાટણ** |
|---|---|
| ભરાયેલ જગ્યા-૬૨ | ભરાયેલ જગ્યા-૫૧ |

(૩)

| **મહેસાણા** | **પાટણ** |
|---|---|
| ખાલી જગ્યા-૦૦ | ખાલી જગ્યા-૦૧ |

---------

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર રેમડીસીવરનો જથ્થો**

૪૦૧૪૩ **શ્રી ભાવેશભાઈ કટારા**(ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને વડોદરા શહેર/જિલ્લામાંથી કેટલી વ્યક્તિઓ પાસેથી રેમડીસીવર ઇંજેક્શનનો ગેરકાયદેસર જથ્થો પકડવામાં આવ્યો,

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર/જિલ્લામાંથી ૫૬ વ્યક્તિઓ અને વડોદરા શહેર/જિલ્લામાંથી ૧૫ વ્યક્તિઓ પાસેથી રેમડીસીવર ઇંજેક્શનનો ગેરકાયદેસર જથ્થો પકડવામાં આવ્યો.

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ૫૪ ઈસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૧૭ ઈસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) ગેરકાયદેસર રેમડીસીવર ઇંજેક્શનની ફેરાફેરી અને વેચાણ ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરી દવા બજારમાં ચાંપતી નજર રાખવામાં આવે છે.

---------

**નેત્રંગ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૪૦૦૪૮ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર(હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૧૦.૦૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૭૮.૯૮ |

---------

**જંબુસર અને આમોદ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલોમાં સર્વિસ રોડ બનાવવા બાબત**

૪૦૨૧૭ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૫૯૮(અગ્રતા-૧૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરો અને વિશાખા નહેરોમાં ૩.૨૬ કી.મી. લંબાઈમાં, બે શાખા નહેરમાં સર્વિસ રોડ બનાવવાની કામગીરી બાકી હતી તે કામગીરી તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરો અને વિશાખા નહેરોમાં ૩.૨૬ કિ.મી. લંબાઈ પૈકી ૦.૮૨૫ કિ.મી. લંબાઈમાં ગ્રામજનો દ્વારા વિરોધના કારણે સર્વિસ રોડની કામગીરી થઈ શકેલ નથી. બાકી રહેતી ૨.૪૩૫ કિ.મી. લંબાઈમાં વેટ મીક્ષ મેકાડમ(ડબલ્યુ એમ એમ)લેયર સુધીની સર્વિસ રોડની કામગીરી થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઈમાં સર્વિસ રોડ બનાવવાની કામગીરી બાકી છે, અને

(૨) ૩.૨૬ કિ.મી. લંબાઈમાં(૦.૮૨૫ કિ.મી. લંબાઈ ગ્રામજનોના વિરોધ સહિત).

(૩) ઉક્ત બાકી કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ગ્રામજનોના વિરોધ સિવાયની લંબાઈમાં સર્વિસ રોડની કામગીરી વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકામાં નદી પર પુલ બનાવવા બાબત**

૪૦૫૭૦ **ડો. અનિલ જોષીયારા**(ભિલોડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ

જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં કમઠાડીયા પાસે અને બોલુન્દ્રા પાસે હાથમતી નદી પર અને ઓઢા પાસે માઝુમ નદી પર પુલ ન હોવાના કારણે વાહન વ્યવહાર લગભગ ચાર થી પાંચ મહિના બંધ રહે છે, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં આ પુલ બનાવવાનું આયોજન છે ?

તાલુકામાં કમઠાડીયા પાસે અને બોલુન્દ્રા પાસે હાથમતી નદી પર અને ઓઢા પાસે માઝુમ નદી પર પુલ નથી પરંતુ વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોવાના કારણે વાહન વ્યવહાર ચાર થી પાંચ મહિના બંધ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોવાના કારણે હાલ આયોજન નથી.

---------

**કચ્છ જિલ્લાના ભીરંડીયારી–હોડકો–ધોરડો રસ્તાના રીસર્ફેસીંગની કામગીરી**

૪૦૦૨૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા**(અબડાસા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના ભીરંડીયારી–હોડકો–ધોરડો રસ્તાના કી.મી. ૧૧/૦ થી ૩૦/૦માં રીસરફેસીંગની કામગીરી મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપીયા મંજૂર કરવામાં આવ્યા છે, અને | (૨) રૂ.૮૦૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) ડામરકામ પ્રગતિમાં છે. |

---------

**રાજ્યમાં અનાથ બાળકોને સહાય**

૪૦૧૯૩ **ગેનીબેન ઠાકોર**(વાવ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કોરોનાના કારણે કેટલા બાળકો માતા–પિતા અથવા માતા કે પિતા કોરોનાના કારણે મૃત્યુ થતા અનાથ બન્યા, અને | (૧) કોરોનાના કારણે માતા અને પિતા બન્ને ગુમાવનાર બાળકોની સંખ્ય–૨૧૧, તથા માતા અથવા પિતા ગુમાવનાર બાળકોની સંખ્યા–૧૦૮૨૭. |
| (૨) ઉક્ત અનાથ બાળકોને મુખ્યમંત્રી બાળ સહાય યોજના હેઠળ કેટલી સહાય દર મહિને ચૂકવવામાં આવે છે ? | (૨) માતા–પિતા બંને ગુમાવનાર અનાથ બાળકને રૂ.૪૦૦૦/– અને માતા કે પિતા ગુમાવનાર બાળકને રૂ. ૨૦૦૦/– |

---------

**સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અને નેશનલ હેલ્થ મિશન ગાંધીનગર ખાતે અધિકારી/કર્મચારીની સંખ્યા**

૪૦૧૮૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર અને નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર ખાતે કેટલા કર્મચારીઓ અને અધિકારીઓ ફરજો બજાવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર અને નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર ખાતે કુલ–૨૨૫ કર્મચારી અને અધિકારી ફરજ બજાવે છે,(પત્રક–૧ મુજબ). નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સીધી ભરતી કરવામાં આવતી નથી.

| **એસપીએમયુ, ગાંધીનગર ખાતે(કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરીમાં) ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની સંખ્યા** | | **નેશનલ હેલ્થ મિશન, (સીવીલ હોસ્પીટલ કેમ્પસ, ગાંધીનગર સે–૧૨) ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની સંખ્યા** | |
|---|---|---|---|
| **કાયમી/પ્રતિનિયુક્તિથી** | **કરાર આધારિત** | **કાયમી/પ્રતિનિયુક્તિથી** | **કોનટ્રાક્ટ/કરાર આધારિત** |
| ૦ | ૧૮૧ | ૪ | ૪૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ અને અધિકારીઓ કાયમી છે અને કેટલા કરાર, સીધી ભરતી અને કોન્ટ્રાક્ટ આધારિત ફરજો બજાવે છે ?

(૨) ઉક્ત સ્થિતિએ કમિશ્નરશ્રી આરોગ્યની કચેરીમાં એસપીએમયુ, ગાંધીનગર ખાતે કાયમી/પ્રતિનિયુક્તિથી ૦, કોન્ટ્રાક્ટ/કરાર આધારિત–૧૮૧ કર્મચારીઓ અને અધિકારીઓ ફરજ બજાવે છે, અને નેશનલ હેલ્થ મિશન,(સીવીલ હોસ્પીટલ કેમ્પસ, ગાંધીનગર સે–૧૨) ખાતે કાયમી/પ્રતિનિયુક્તિ ૦૪ અને કોન્ટ્રાક્ટ/કરાર આધારીત કર્મચારીઓ–૪૦ ફરજ

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નો
બજાવે છે. (પત્રક-૧ મુજબ)

**પત્રક-૧**

| ક્રમ | સંવર્ગનું નામ | એસપીએમયુ, ગાંધીનગર ખાતે(કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરીમાં) ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની સંખ્યા | | નેશનલ હેલ્થ મિશન, (સીવીલ હોસ્પીટલ કેમ્પસ, ગાંધીનગર સે-૧૨) ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કાયમી/ પ્રતિનિયુક્તિથી | કોન્ટ્રાક્ટ/ કરાર આધારિત | કાયમી/ પ્રતિનિયુક્તિથી | કોન્ટ્રાક્ટ/ કરાર આધારિત | |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૧ | પ્રોગ્રામ ઓફિસર-એડમીન. એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | પ્રોગ્રામ મેનેજર-ફાયનાન્સ(એફએમજી) એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩ | વહીવટી અધિકારી-એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૪ | વહીવટી અધિકારી-(એફએમજી) એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | કન્સલટન્ટ | ૦ | ૮ | ૦ | ૨ | ૧૦ |
| ૬ | પ્રોજેક્ટ ઓફિસર/કોઓર્ડીનેટર | ૦ | ૩૦ | ૦ | ૫ | ૩૫ |
| ૭ | માઈક્રોબાયોલોજી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | આસી.પ્રોગ્રામ ઓફીસર/એપેડીમેયોલોજીસ્ટ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૯ | સ્ટેટ એ.સી.એસ.એસ.એમ. ઓફિસર/આઈ.ઈ.સી. ઓફિસર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૦ | એસએનસીયુ સોફ્ટવેર કોઓર્ડીનેટર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | ડેપ્યુટી પ્રોજેક્ટ મેનેજર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | જીપીએસ કોર્ઓર્ડીનેટર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | લો ઓફીસર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | એકાઉન્ટ ઓફિસર ફાઈનાન્સ/બજેટ ઓફિસર | ૦ | ૭ | ૦ | ૩ | ૧૦ |
| ૧૫ | સ્ટેટ ડેટા મેનેજર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | હાર્ડવેર એન્જિનિયર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૭ | પ્રોગ્રામ આસિસ્ટન્ટ/સેક્રેટરી આસી./એડમીનીસ્ટ્રેટીવ/ઓફિસ આસી. | ૦ | ૩૧ | ૦ | ૬ | ૩૭ |
| ૧૮ | એચ.આર.એમ.એસ. એકઝીક્યુટીવ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૯ | એડમીન. ઓફીસર-એલએસએસ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૦ | એકાઉન્ટન્ટ | ૦ | ૯ | ૦ | ૭ | ૧૬ |
| ૨૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦ | ૪૬ | ૦ | ૪ | ૫૦ |
| ૨૨ | પટાવાળા | ૦ | ૩૨ | ૦ | ૯ | ૪૧ |
| ૨૩ | ડ્રાઈવર | ૦ | ૬ | ૦ | ૧ | ૭ |
| ૨૪ | ઈંગ્લીશ સ્ટેનોગ્રાફર | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૨૫ | ઈન્સેક્ટ કલેકટર | ૦ | ૨ | ૦ | ૦ | ૨ |
| **કુલ** | | **૦** | **૧૮૧** | **૪** | **૪૦** | **૨૨૫** |

---------

આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ–અમદાવાદ રસ્તાને સીક્સ લેન બનાવવા બાબત**

૪૦૨૨૫ **શ્રી ચિરાગભાઈ કાલરીયા**(જામજોધપુર)ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૨/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૬૩૨૨(અગ્રતા–૭૬)ના અનુસંધાને : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ–અમદાવાદ રસ્તાને સીક્સ લેન બનાવવાની કામગીરી ડીસેમ્બર–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતુ તે કામગીરી તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ કુલ ૨૦૧.૦૦ કિ.મી.ની લંબાઈ પૈકી ૧૧૫.૦૦ કિ.મી. માં છ–માર્ગીયકરણની કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકીની પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોઈ તો તેના કારણો શા છે, | (૨) વન વિભાગની મંજૂરી, જમીન સંપાદન તથા કોવિડ–૧૯ વગેરે કારણોને લીધે. |
| (૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન કરનાર કઈ એજન્સી સામે શા પગલાં લીધા, અને | (૩) આ અંગે એજન્સીઓને નોટીસો આપી પ્રગતિ બાબતે તાકીદ કરવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત રસ્તાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) તા.૩૦/૦૬/૨૦૨૨ સુધીમાં મહદઅંશે કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સોલાર યોજનાની પડતર અરજીઓ**

૪૦૨૦૧ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણોમાં સોલાર યોજના અન્વયે લાભ મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, | (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણોમાં સોલાર યોજના અન્વયે લાભ મેળવવાની પડતર અરજીઓની વિગત પત્રક–૧ મુજબ છે. |

**પત્રક–૧**

| તાલુકો | પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન(PM-KUSUM) યોજના અંતર્ગત કોમ્પોનન્ટ–બી હેઠળ ઓફ ગ્રીડ સોલાર પંપમાં પડતર અરજીઓ | સૂર્યશકિત કિશાન યોજનાના પાયલોટ પ્રોજેક્ટમાં પડતર અરજીઓ |
|---|---|---|
| **બનાસકાંઠા જિલ્લોઃ** | | |
| અમીરગઢ | ૦૨ | ૦૦ |
| ભાભર | ૦૦ | ૦૦ |
| દાંતા | ૦૮ | ૦૦ |
| દાંતીવાડા | ૦૪ | ૦૫ |
| ડીસા | ૦૦ | ૦૦ |
| ધાનેરા | ૦૧ | ૦૦ |
| પાલનપુર | ૦૦ | ૦૦ |
| થરાદ | ૦૯ | ૦૦ |
| વાવ | ૦૧ | ૦૦ |
| કાંકરેજ | ૦૦ | ૦૫ |
| **બનાસકાંઠા કુલ** | **૨૫** | **૧૦** |
| **પાટણ જિલ્લોઃ** | | |
| ચાણસ્મા | ૦૦ | ૦૦ |
| હારીજ | ૦૧ | ૦૦ |
| સાંતલપુર | ૦૭ | ૦૧ |
| સરસ્વતી | ૦૦ | ૦૦ |
| સમી | ૦૦ | ૦૯ |

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| તાલુકો | પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન(PM-KUSUM) યોજના અંતર્ગત કોમ્પોનન્ટ–બી હેઠળ ઓફ ગ્રીડ સોલાર પંપમાં પડતર અરજીઓ | સૂર્યશકિત કિશાન યોજનાના પાયલોટ પ્રોજેક્ટમાં પડતર અરજીઓ |
|---|---|---|
| **પાટણ કુલ** | **૦૮** | **૧૦** |
| **કુલ** | **૩૩** | **૨૦** |

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે,

(૨) **પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન (PM-KUSUM) યોજના :**

આ યોજના અંતર્ગત ઉપરોક્ત પડતર ૩૩ અરજીઓ પૈકી ૧૩ અરજીઓમાં દસ્તાવેજી પુરાવાની અપૂર્તતા ના લીધે,૧૨ અરજીઓ અંદાજપત્રની રકમ ભરપાઈ કરવાની બાકી હોવાથી અને ૦૮ અરજીઓમાં સોલાર પંપ સ્થાપનનું કામ પ્રગતિ હેઠળ હોવાથી પડતર છે.

**સૂર્યશક્તિ કિસાન યોજના (SKY) :**

ઉપરોકત ૨૦ અરજદારોએ SKY યોજનામાં જોડવા માટે તેમના પ્રથમ તબક્કાના ફાળાની રકમનો ચેક ભરેલ હોય પરંતુ એમ્પેનાલ્ડ એજન્સીઓ દ્વારા સમય મર્યાદામાં (તાઃ૦૮–૦૬–૨૦૨૦ સુધી) DPR ની મંજૂરી મેળવેલ ન હોવાના કારણે આ ગ્રાહકોને ત્યાં સોલાર સીસ્ટમ સ્થાપિત કરવા માટેના ઓર્ડર UGVCL દ્વારા મૂકી શકાયેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણોમાં સોલાર યોજના અન્વયે મંજૂર કરેલ અરજીઓની વિગત

પત્રક–૨ મુજબ.

**પત્રક–૨**

| તાલુકો | પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન(PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ–બી હેઠળ ઓફ ગ્રીડ સોલાર પંપમાં મંજૂર કરવામાં આવેલ અરજીઓ | | | સૂર્યશકિત કિશાન યોજનામાં મંજૂર કરવામાં આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | ૦૧/૦૮/૧૯ થી ૩૧/૦૭/૨૦ | ૦૧/૦૮/૨૦ થી ૩૧/૦૭/૨૧ | કુલ | ૦૧/૦૮/૧૯ થી ૩૧/૦૭/૨૦ | ૦૧/૦૮/૨૦ થી ૩૧/૦૭/૨૧ | કુલ |
| **બનાસકાંઠા જિલ્લોઃ** | | | | | | |
| અમીરગઢ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભાભર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દાંતા | ૦૦ | ૦૯ | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દાંતીવાડા | ૦૦ | ૦૬ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડીસા | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ધાનેરા | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પાલનપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| થરાદ | ૦૦ | ૧૫ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વાવ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કાંકરેજ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૦ | ૦૦ | ૪૦ |
| **બનાસકાંઠા કુલ** | ૦૦ | **૪૦** | **૪૦** | **૪૦** | **૦૦** | **૪૦** |

| તાલુકો | પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન(PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ–બી હેઠળ ઓફ ગ્રીડ સોલાર પંપમાં મંજૂર કરવામાં આવેલ અરજીઓ | | | સૂર્યશક્તિ કિશાન યોજનામાં મંજૂર કરવામાં આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | **૦૧/૦૮/૧૯ થી ૩૧/૦૭/૨૦** | **૦૧/૦૮/૨૦ થી ૩૧/૦૭/૨૧** | **કુલ** | **૦૧/૦૮/૧૯ થી ૩૧/૦૭/૨૦** | **૦૧/૦૮/૨૦ થી ૩૧/૦૭/૨૧** | **કુલ** |
| **પાટણ જિલ્લોઃ** | | | | | | |
| ચાણસ્મા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| હારીજ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સાંતલપુર | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૧૩ | ૧૩ |
| સરસ્વતી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સમી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭ | ૧૭ |
| **પાટણ કુલ** | **૦૦** | **૦૩** | **૦૩** | **૦૦** | **૩૦** | **૩૦** |
| **કુલ** | **૦૦** | **૪૩** | **૪૩** | **૪૦** | **૩૦** | **૭૦** |

(૪) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) **પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન (PM-KUSUM) યોજના :**
દસ્તાવેજી પુરાવાની પૂર્તતા થયે, બાકી રહેલ અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી સોલાર પંપ સ્થાપનનું કામ ડીસેમ્બર–૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.
**સૂર્યશક્તિ કિસાન યોજના (SKY) :**
PM-KUSUM યોજના અમલમાં આવતા SKY યોજનાની વધુ અમલવારી બંધ કરવામાં આવેલ છે. જો કે મળેલ અરજીઓ પરત્વે સત્વરે નિયમાનુસાર વિચારણા કરવામાં આવશે.

---------

**ડાંગ જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના**

૩૯૯૭૫ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૬૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૧,૪૦,૦૦૦/– |

---------

**અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં વીજ પુરવઠો કાર્યરત કરવા બાબત**

૪૦૧૯૭ **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ તાઉતે વાવાઝોડા દરમ્યાન અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર રહેણાંક અને ખેતીવાડીનો વીજ પુરવઠો કેટલા ગામોમાં કાર્યરત કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) અને (૨)

| **અમરેલી જિલ્લો** | | | |
|---|---|---|---|
| **તાલુકો** | **વીજ પુરવઠો કાર્યરત કરેલ ગામોની સંખ્યા** | | **ખેતીવાડી વીજ પુરવઠો અંશતઃ કાર્યરત કરવાનો બાકી હોય તેવા ગામોની સંખ્યા** |
| | **રહેણાંક** | **ખેતીવાડી** | |

| | | | |
|---|---|---|---|
| અમરેલી | ૭૪ | ૭૪ | ૦ |
| બાબરા | ૪૬ | ૪૬ | ૦ |
| બગસરા | ૩૦ | ૩૦ | ૦ |
| ધારી | ૮૩ | ૮૩ | ૦ |
| જાફરાબાદ | ૪૧ | ૪૧ | ૧૫ |
| ખાંભા | ૫૮ | ૫૮ | ૨૨ |
| લાઠી | ૫૦ | ૫૦ | ૦ |
| લીલીયા | ૩૬ | ૩૬ | ૦ |
| રાજૂલા | ૭૩ | ૭૩ | ૨૦ |
| સાવરકુંડલા | ૭૪ | ૭૪ | ૦ |
| કુંકાવાવ–વડીયા | ૩૪ | ૩૪ | ૦ |
| **ગીર સોમનાથ જિલ્લો** | | | |
| વેરાવળ | ૩૭ | ૩૭ | ૦ |
| તાલાલા | ૫૭ | ૫૭ | ૦ |
| સુત્રાપાડા | ૫૬ | ૫૬ | ૦ |
| ગીર ગઢડા | ૫૬ | ૫૬ | ૨૫ |
| કોડીનાર | ૭૦ | ૭૦ | ૦ |
| ઉના | ૮૧ | ૮૧ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોમાં ખેતીવાડી વીજ પુરવઠો કાર્યરત કરવાનો બાકી છે,

એક પણ ગામમાં સંપૂર્ણપણે ખેતીવાડી વીજ પુરવઠો કાર્યરત કરવાનો બાકી નથી.

(૩) બાકી ગામોમાં ક્યાં સુધીમાં વીજ પુરવઠો કાર્યરત કરવામાં આવશે, અને

(૩) જુદા જુદા ગામોમાં બાકી રહેલ વીજ જોડાણોમાં મળેલ વાંધા અરજીઓ તથા ખાસ કારણોનું નિવારણ કરી સદર વીજ જોડાણોમાં સત્વરે વીજ પુરવઠો કાર્યરત કરવામાં આવશે.

(૪) વીજ પુરવઠો કાર્યરત કરવા પાછળ ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ થયો ?

(૪)

| **અમરેલી જિલ્લો** | |
|---|---|
| **તાલુકો** | **વીજ પુરવઠો કાર્યરત કરવા પાછળ થયેલ કુલ ખર્ચ(રૂ.લાખમાં)** |
| અમરેલી | ૨૮૧૬.૧૩ |
| બાબરા | ૧૮૯૦.૩૨ |
| બગસરા | ૨૭૨૨.૭૨ |
| ધારી | ૯૭૩૯.૭૨ |
| જાફરાબાદ | ૯૭૬૮.૯૧ |
| ખાંભા | ૮૯૩૩.૪૬ |
| લાઠી | ૧૮૩૫.૪૬ |
| લીલીયા | ૧૫૨૮.૩૨ |
| રાજૂલા | ૧૩૦૦૨.૬૫ |
| સાવરકુંડલા | ૧૪૬૦૫.૫૬ |
| કુંકાવાવ–વડીયા | ૨૬૩૪.૫૬ |
| **ગીર સોમનાથ જિલ્લો** | |
| વેરાવળ | ૭૫.૮૪ |
| તાલાલા | ૧૫૨.૬૩ |
| સુત્રાપાડા | ૧૧૪.૧૯ |
| ઉના | ૨૫૫૬૨.૭૧ |
| ગીર ગઢડા | ૯૩૧૨.૨૩ |

| કોડીનાર | ૩૧૧૪.૨૫ |
|---|---|

---------

**રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી**

૪૦૨૫૪ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૭-૦૨-૨૦૨૦(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૩૬૨૯ (અગ્રતા-૪૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની લેખિત પરીક્ષાથી ભરતી કરવા અંગેની નીતિ નક્કી થયેથી ભરતી કરવાનું આયોજન હતું તે નીતિ નક્કી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની લેખિત પરીક્ષાથી ભરતી કરવા અંગેની નીતિ નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) જો ના, તો ઉક્ત નીતિ નક્કી ન કરવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ ક્યાં સુધીમાં નક્કી કરવાનું સરકારનું આયોજન છે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

---------

**અમરેલી જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય**

૩૯૯૭૦ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૮,૦૦,૦૦૦/- |

---------

**બોટાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૯૯૬૨ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ બોટાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૪૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૮૨૬. |
| (૩) તે પૈકી તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૮૨.૬૦ લાખ |

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં કોરોનાને કારણે દર્દીઓના મૃત્યુ**

૪૦૧૮૫ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના)ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ચૂકવવાની બાકી છે, અને

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **માસ** | **મહેસાણા** | | **પાટણ** | |
|---|---|---|---|---|
| | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૨ | ૦ | ૨ |
| ઓક્ટોબર | ૦ | ૨ | ૦ | ૬ |
| નવેમ્બર | ૦ | ૩ | ૦ | ૪ |
| ડિસેમ્બર | ૦ | ૪ | ૦ | ૨ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૪૭ | ૧ | ૨૫ |
| મે | ૫ | ૮૯ | ૫ | ૫૦ |
| જૂન | ૬ | ૩ | ૧૦ | ૧ |
| જુલાઇ | ૮ | ૦ | ૧૪ | ૦ |
| ઓગસ્ટ | ૮ | ૦ | ૯ | ૦ |
| **કુલ** | **૨૭** | **૧૫૦** | **૩૯** | **૯૦** |

---------

**ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થી પહેલ યોજનાના લાભાર્થીઓ બાબત**

૪૦૩૧૬ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૦-૨૧માં ભાવનગર જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં શાળાઓને કેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૫ શાળાઓ.

(૨) રૂ.૩૫,૦૦,૦૦૦/-
(અંકે રૂપિયા પાંત્રીસ લાખ પૂરા)

---------

**સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેક્ટસ ગાર્ડનને મંજૂરી**

૪૦૨૭૮ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેક્ટસ ગાર્ડનનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ માટે કેટલી રકમનું ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવેલ અને કેટલી એજન્સીઓ દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ,

(૩) તે પૈકી કઈ અજેન્સીને કેટલી રકમનું કામ સોંપવામાં આવેલ, અને

(૪)ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેક્ટસ ગાર્ડન પર સ્થિત ઓરીએન્ટેશન સેન્ટરની ટેન્ડરની કામગીરી પ્રગતિ હેઠળ હતી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ માટે રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રીસ લાખ)ની રકમનું ટેન્ડર તા.૦૭-૦૮-૨૦૨૧ના રોજ બહાર પાડવામાં આવેલ હતું જેમાં બે એજન્સીઓ દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ હતાં.

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ (૧) અન્વયે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન**

અતારાંકિત પ્રશ્નો

૪૦૦૯૧ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોને ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૦૧–૦૭–૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા.

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓના વર્ગ વધારા માટે મળેલ દરખાસ્ત**

૩૯૯૮૫ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૦–૨૧માં સાબરકાંઠા જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓના વર્ગ વધારા માટેની કુલ કેટલી દરખાસ્તો મળી હતી, અને

(૨) ઉક્ત પૈકી કેટલી દરખાસ્તોનો મંજૂરી આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) ૧૨.

(૨) ૧૧.

---------

**તાપી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૪૦૦૦૨ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૫ | ૫ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બિન અનામત આયોગને રકમ ફાળવવા બાબત**

૪૦૨૩૪ **ડો. કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** ણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં વર્ષવાર ગુજરાત બિન અનામત આયોગને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર ક્યા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ?

**જવાબ**

(૧) અને (૨)

| નાણાકીય વર્ષ | ૨૦૧૯–૨૦ | ૨૦૨૦–૨૧ |
|---|---|---|
| ફાળવેલ ગ્રાન્ટ | રૂ.૯૦.૨૩ લાખ | રૂ.૮૩.૭૮ લાખ |
| ખર્ચ | રૂ.૭૦.૧૮ લાખ | રૂ. ૫૫.૮૭ લાખ |
| વણવપરાયેલ રકમ | રૂ. ૨૦.૦૫ લાખ | રૂ.૨૭.૯૧ લાખ |
| કારણો | વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ રહેલ છે. | |

---------

**મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૩૯૯૯૦ **શ્રી જીગ્નેશકુમાર સેવક**(લુણાવાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૬ | ૬ | ૦ |

ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કેવડીયા ખાતે લલ્લુજી એન્ડ સન્સ દ્વારા કબજો કરેલ સરકારી જમીન**

૪૦૨૬૮ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા**(ગરબાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવડીયા ખાતે લલ્લુજી એન્ડ સન્સ દ્વારા બનાવવામાં આવેલ ટેન્ટ સીટીમાં અનઅધિકૃત કબજો કરેલ સરકારી કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી, | (૧) ૪૨૦૦ ચો.મી. |
| (૨) ઉક્ત સ્થિતિએ અનઅધિકૃત કબજો કરેલ સરકારી કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને | (૨) અનધિકૃત કબજો દૂર કરેલ હોય કોઈ સરકારી જમીન ખુલ્લી કરાવવાની બાકી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી જમીન ક્યાં સુધીમાં ખુલ્લી કરાવવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્ય સરકાર દ્વારા ખાનગી કંપની પાસેથી વીજળી ખરીદવા બાબત**

૪૦૧૯૫ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેટલી વીજળી કયા ભાવે કઈ ખાનગી વીજ કંપની પાસેથી ખરીદવામાં આવી, અને | (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી લાંબાગાળાના વીજ ખરીદ કરાર અંતર્ગત ખરીદવામાં આવેલ પરંપરાગત સ્ત્રોતમાંથી ઉત્પાદિત વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ ભાવની વિગત નીચે મુજબ છે. |

| કંપનીનું નામ | વર્ષ ૨૦૧૯–૨૦ | | વર્ષ ૨૦૨૦–૨૧ (પ્રોવિઝનલ) | | વર્ષ ૨૦૨૧–૨૨ તા.૩૧–૦૭–૨૦૨૧ સુધી (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|---|---|
| | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ/યુનિટ |
| અદાણી પાવર મુન્દ્રા લી. | ૧૧૦૫૨ | ૩.૮૨ | ૬૬૬૬ | ૩.૨૯ | ૨૨૫૧ | ૪.૨૧ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૪૩૨૬ | ૩.૩૫ | ૩૭૫૯ | ૩.૧૭ | – | – |
| એ.સી.બી. ઇંડિયા લી. | ૧૨૭૦ | ૨.૦૮ | ૧૦૮૭ | ૧.૯૨ | ૨૫૭ | ૧.૬૨ |
| કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૧૧૭૦૫ | ૨.૯૦ | ૧૧૯૩૫ | ૨.૯૫ | ૧૩૯૦ | ૨.૮૧ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કઈ ખાનગી કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર ખાનગી કંપનીને ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| કંપનીનું નામ | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ (પ્રોવિઝનલ) | વર્ષ ૨૦૨૧-૨૨ તા.૩૧-૦૭-૨૦૨૧ સુધી (પ્રોવિઝનલ) |
|---|---|---|---|
| | (રૂ.કરોડમાં) | | |
| અદાણી પાવર મુન્દ્રા લી. | ૪૨૨૬ | ૨૧૯૬ | ૯૪૭ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૪૪૮ | ૧૧૯૨ | - |
| એ.સી.બી. ઇંડિયા લી. | ૨૬૩ | ૨૦૯ | ૩૧ |
| કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૩૩૯૦ | ૩૫૧૯ | ૩૯૦ |

વધુમાં જણાવવાનું કે આશરે કુલ ૬૦૦ જેટલા ખાનગી વીજ પ્રોજેક્ટો જે બિનપરંપરાગત સ્ત્રોત થકી વીજળીનું ઉત્પાદન કરે છે તેની સાથે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા લાંબાગાળાના વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે અને તે પૈકી વર્ષ ૨૦૧૯-૨૦માં ૮૮૧૯ મિલિયન યુનિટ્સ વીજળી રૂ.૪.૮૬/- યુનિટના સરેરાશ ભાવે, વર્ષ ૨૦૨૦-૨૧ માં ૮૨૬૪ મિલિયન યુનિટ્સ વીજળી રૂ.૪.૮૫/યુનિટના સરેરાશ ભાવે અને વર્ષ ૨૦૨૧-૨૧ (જુલાઈ ૨૧ સુધી) ૪૩૩૧ મિલિયન યુનિટ્સ વીજળી રૂ.૪.૨૦/યુનિટના સરેરાશ ભાવે ખરીદવામાં આવેલ છે.

---------

## અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ

૪૦૧૭૨ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના)ને કારણે કેટલા દર્દીઓના મોત થયા,

(૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી,

(૪) કેટલા વારસદારોને સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઈ રકમની સહાય ચૂકવવાની થતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| માસ | અમદાવાદ | | બોટાદ | |
|---|---|---|---|---|
| | ૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦ | ૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧ | ૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦ | ૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧ |
| સપ્ટેમ્બર | ૦ | ૧ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૭ | ૦ | ૦ |

| માસ | અમદાવાદ | | બોટાદ | |
|---|---|---|---|---|
| | ૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦ | ૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧ | ૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦ | ૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧ |
| નવેમ્બર | ૦ | ૪ | ૦ | ૨ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૫ |
| જાન્યુઆરી | ૦ | ૧ | ૦ | ૨ |
| ફેબ્રુઆરી | ૦ | ૧ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૧૫ | ૧ | ૧૫ |
| મે | ૭ | ૧૯ | ૦ | ૧૩ |
| જૂન | ૨૯ | ૧ | ૨ | ૦ |
| જુલાઈ | ૫ | ૧ | ૨ | ૦ |
| ઓગસ્ટ | ૧ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૪૨** | **૫૦** | **૫** | **૩૭** |

---------

## સિધ્ધપુર અને સરસ્વતી તાલુકામાં આરોગ્ય કેન્દ્રના વર્ક ઓર્ડર

૪૦૧૮૭ **શ્રી ચંદનજી ઠાકોર**(સિધ્ધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લાના સિધ્ધપુર અને સરસ્વતી તાલુકામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ માટે મંજૂર થયેલ કામોના કેટલા વર્કઓર્ડર આપવામાં આવેલ છે અને કેટલાના વર્કઓર્ડર આપવાના બાકી છે,


**પત્રકઃ રૂપેણ એસ્કેપમાં છોડવામાં આવેલ પાણીના જથ્થાની માસવાર વિગત**

| ક્રમ | માસ | માસવાર આપવામાં આવેલ જથ્થો (એમ.સી.એફ.ટી) |
|---|---|---|
| ૧ | જુલાઈ–૨૦૧૯ | ૩ |
| ૨ | ઓગસ્ટ–૨૦૧૯ | ૦ |
| ૩ | સપ્ટેમ્બર–૨૦૧૯ | ૮૨૧ |
| ૪ | ઓક્ટોબર–૨૦૧૯ | ૧૦૬૯ |
| ૫ | નવેમ્બર–૨૦૧૯ | ૬૦ |
| ૬ | ડીસેમ્બર–૨૦૧૯ | ૯૭ |
| ૭ | જાન્યુઆરી–૨૦૨૦ | ૦ |
| ૮ | ફેબ્રુઆરી–૨૦૨૦ | ૦ |
| ૯ | માર્ચ–૨૦૨૦ | ૦ |
| ૧૦ | એપ્રિલ–૨૦૨૦ | ૦ |
| ૧૧ | મે–૨૦૨૦ | ૦ |
| ૧૨ | જૂન–૨૦૨૦ | ૫૨ |
| ૧૩ | જુલાઈ–૨૦૨૦ | ૦ |
| ૧૪ | ઓગસ્ટ–૨૦૨૦ | ૪૮ |
| ૧૫ | સપ્ટેમ્બર–૨૦૨૦ | ૩૪૩ |
| ૧૬ | ઓક્ટોબર–૨૦૨૦ | ૧૮૯ |
| ૧૭ | નવેમ્બર–૨૦૨૦ | ૦ |
| ૧૮ | ડીસેમ્બર–૨૦૨૦ | ૫૨ |
| ૧૯ | જાન્યુઆરી–૨૦૨૧ | ૬ |
| ૨૦ | ફેબ્રુઆરી–૨૦૨૧ | ૫૬ |
| ૨૧ | માર્ચ–૨૦૨૧ | ૬૭ |
| ૨૨ | એપ્રિલ–૨૦૨૧ | ૨ |
| ૨૩ | મે–૨૦૨૧ | ૬ |
| ૨૪ | જૂન–૨૦૨૧ | ૧૨૯ |
| ૨૫ | જુલાઈ–૨૦૨૧ | ૦ |

–––––––––

**રાજ્ય સરકારની તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠક**

૪૦૨૩૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ | (૧) તા.૧૯–૦૬–૨૦૧૯ |

અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠકો ક્યારે મળી, અને

(૨) ઉક્ત રાજ્યકક્ષાની સમિતિની બેઠકો ઉક્ત અધિનિયમ મુજબ સમયાંતરે મળે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૨) વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે નિયમિત બેઠકો યોજાય છે તેમજ સમયાંતરે સમીક્ષા કરી જરૂરી સૂચના આપવામાં આવે છે.

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૩૧ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ-૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) *પત્રક-૧ ના કોલમ નં.૩ મુજબ.

(૨) *પત્રક-૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ.

(૩) *પત્રક-૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારીની મંજૂર જગ્યા**

૪૦૦૯૬ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારી પંચાયતની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારી પંચાયતની ૧૧ (અગિયાર) જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ૧૧ (અગિયાર) જગ્યાઓ ભરાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તમામ જગ્યાઓ ભરાયેલ છે.

---------

**આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાં જી.એસ.ટી. કાયદા અન્વયે બોગસ બિલિંગ**

૩૯૭૩૮ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૯-૨૦૨૧ની સ્થિતિએ આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં જી.એસ.ટી. કાયદા અન્વયે કુલ કેટલા વેપારીઓ બોગસ બિલિંગ બાબતે પકડાયા,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | બોગસ બિલો આપનાર વેપારીઓ/કેસની સંખ્યા | બોગસ બિલોથી ખોટી વેરાશાખ મેળવનાર વેપારીઓ/કેસની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | શૂન્ય | ૮ |
| ૨ | ખેડા | શૂન્ય | ૯ |
| ૩ | અમદાવાદ | ૧૪૧ | ૧૧૦૯ |
| | **કુલ** | **૧૪૧** | **૧૧૨૬** |

(૨) કેટલી નાણાકીય ઈનપુટ ટેક્સ ક્રેડીટની ચોરી પકડાઈ, અને

(૨)

| ક્રમ | જિલ્લો | બોગસ બિલો આપનાર વેપારીઓ દ્વારા આપેલ બોગસ બિલોમાં વેરાની કુલ રકમ (રૂ.કરોડમાં) | બોગસ બિલો મેળવેલ વેપારીઓએ દાવો કરેલ ખોટી વેરાશાખની રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | શૂન્ય | ૦.૧૩ |
| ૨ | ખેડા | શૂન્ય | ૦.૯૭ |
| ૩ | અમદાવાદ | ૪૭૦.૧૫ | ૧૯૨.૨૫ |

| કુલ | ૪૭૦.૧૫ | ૧૯૩.૩૫ |
|---|---|---|

(૩) કેટલા કેસોમાં કેટલી વસૂલાત કરવામાં આવી અને ક્યા જિલ્લાની કેટલા કેસોની વસૂલાત કેટલી બાકી છે ?

(૩) બોગસ બિલીંગથી ખોટી વેરાશાખ મેળવનાર વેપારીઓએ મેળવેલ ખોટી વેરાશાખની વસૂલાતની વિગત નીચે મુજબ છે.

| વિગતો | | આણંદ | ખેડા | અમદાવાદ | કુલ |
|---|---|---|---|---|---|
| થયેલ વસૂલાત | કેસોની સંખ્યા | ૮ | ૭ | ૬૯૭ | ૭૧૨ |
| | રકમ (રૂ.કરોડમાં) | ૦.૧૩ | ૦.૮૮ | ૩૬.૫૦ | ૩૭.૫૧ |
| બાકી વસૂલાત | કેસોની સંખ્યા | શૂન્ય | ૨ | ૪૧૨ | ૪૧૪ |
| | રકમ (રૂ.કરોડમાં) | શૂન્ય | ૦.૦૯ | ૧૫૫.૭૫ | ૧૫૫.૮૪ |

---------

## પાટણ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

૪૦૧૦૭ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૦૩૭

(૨) કુલ રૂ.૨૦૭.૧૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## કેન્દ્રીય કરવેરાના હિસ્સા પેટેની રાજ્ય સરકારની રકમ

૪૦૨૦૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્રીય કરવેરાના હિસ્સા પેટેની રાજ્ય સરકારને કેટલી રકમ મળવાપાત્ર હતી,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમ મળી, અને

(૩) મળવાપાત્ર રકમ કરતાં ઓછી રકમ મળી હોય તો પુરતી રકમ મેળવવા ઉક્ત સ્થિતિએ શા પ્રયાસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૨૦૨૦–૨૧ રૂ.૧૮૬૮૯.૪૩ (કેન્દ્ર સરકારના સુધારેલ અંદાજ)
૨૦૨૧–૨૨ રૂ.૨૩૧૪૮.૨૭ (કેન્દ્ર સરકારના અંદાજ)
(ઉક્ત માહિતી નાણાકીય વર્ષ મુજબ ઉપલબ્ધ હોય છે.)

(૨) ૨૦૨૦–૨૧ રૂ.૨૦૨૧૮.૫૩ કરોડ.
૨૦૨૧–૨૨ રૂ. ૦૭૩૯૪.૪૪ કરોડ.

(૩) વર્ષઃ ૨૦૨૦–૨૧ માટે કેન્દ્ર સરકારે સુધારેલ અંદાજોમાં રૂ.૧૮૬૮૯.૪૩ કરોડની જોગવાઈ કરેલ છે અને તેની સામે રૂ.૨૦૨૧૮.૫૩ કરોડ મળેલ છે, જે રૂ.૧૫૨૯.૧૦ કરોડ વધુ મળેલ છે.

વર્ષઃ ૨૦૨૧–૨૨ માટે કેન્દ્ર સરકારે તેના અંદાજપત્રમાં રૂ.૨૩૧૪૮.૨૭ કરોડની અંદાજપત્રિય જોગવાઈ કરેલ છે, તેની સામે તા.૩૧–૦૮–૨૦૨૧ સુધીમાં રૂ.૭૩૯૪.૪૪ કરોડ મળેલ છે અને દર મહિને નિયમિત રીતે હપ્તો છૂટો કરવામાં આવે છે.

કુલ ૧૪ થી ૧૫ હપ્તામાં દરેક રાજયને તેના નક્કી થયેલા કેન્દ્રીય કરની ફાળવણીના હિસ્સા મુજબ જ રકમ છૂટી કરવામાં આવે છે અને અંદાજપત્ર તૈયાર થવા દરમ્યાન, કેન્દ્રીય કરની વર્ષાન્તે થનાર આવકનો અંદાજ મેળવી, સુધારેલ અંદાજમાં (Revised Estimates RF)) કેન્દ્રીય કરનો સુધારેલ અંદાજ દર્શાવી, તે મુજબ છેલ્લા હપ્તાઓમાં રકમ ચૂકવવામાં આવતી હોય, ઓછી રકમ મળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રવેશ

## તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નો

૪૦૨૪૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે શૈક્ષણિક સત્ર દરમ્યાન અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળા કે મ્યુનિસિપલ બોર્ડ સંચાલિત શાળાઓમાં ધોરણ–૨ થી ધોરણ–૮ માં ધોરણવાર પ્રવેશ મેળવ્યો ?

**જવાબ**

પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

| જિલ્લો | તા.૦૧–૦૬–૨૦૨૦ થી તા.૧૯–૧૧–૨૦૨૦ દરમિયાનના સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યા | | | | | | | તા.૨૦–૧૧–૨૦૨૦ થી તા.૩૧–૦૫–૨૦૨૧ દરમિયાનના સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધો.૨ | ધો.૩ | ધો.૪ | ધો.૫ | ધો.૬ | ધો.૭ | ધો.૮ | ધો.૨ | ધો.૩ | ધો.૪ | ધો.૫ | ધો.૬ | ધો.૭ | ધો.૮ |
| અમદાવાદ | ૧૮૭ | ૧૭૭ | ૧૬૯ | ૧૬૬ | ૧૫૧ | ૧૬૦ | ૧૪૩ | ૧૧૯ | ૧૩૨ | ૧૩૮ | ૧૨૦ | ૧૨૩ | ૧૩૭ | ૧૧૩ |
| અમદાવાદ શહેર | ૩૮૦ | ૩૬૭ | ૩૯૨ | ૩૧૮ | ૩૧૪ | ૨૩૨ | ૧૬૨ | ૧૮૭ | ૨૨૦ | ૧૮૧ | ૧૮૭ | ૧૫૯ | ૧૬૦ | ૭૫ |
| ગાંધીનગર | ૨૭૮ | ૨૬૫ | ૨૫૮ | ૨૫૦ | ૧૮૫ | ૧૨૬ | ૧૧૭ | ૭૦ | ૯૨ | ૭૫ | ૭૨ | ૮૦ | ૫૫ | ૪૭ |
| ગાંધીનગર શહેર | ૩૬ | ૪૩ | ૩૬ | ૩૦ | ૨૨ | ૨૩ | ૨૩ | ૦૬ | ૨૧ | ૧૯ | ૧૬ | ૧૩ | ૨૧ | ૧૦ |

---------

### તાલાલાના હરિપુર (ગીર)માં સરકારી શાળાના મકાન બાંધકામની કામગીરી બાબત

૪૦૨૫૮ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) :૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૫–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૪૯૧૪ (અગ્રતા ક્રમ–૯૫) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના હરિપુર (ગીર)માં સરકારી માધ્યમિક શાળાના મકાન બાંધકામ માટે કલેકટરશ્રીની કચેરી, જૂનાગઢ દ્વારા ફાળવવામાં આવેલ જમીન અપૂરતી હોવાથી તેમજ ઉક્ત ગામમાં અન્યત્ર જગ્યા ન હોવાના કારણે ઉક્ત શાળાના નકશાની ટાઈપ ડિઝાઈનમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી તે બાબતે વિચારણા ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મકાનની કામગીરી ક્યાં સુધીમાં અને કેટલા ખર્ચે પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના હરિપુર (ગીર)માં સરકારી માધ્યમિક શાળાના મકાન બાંધકામ માટે કલેકટરશ્રીની કચેરી, જૂનાગઢ દ્વારા ફાળવવામાં આવેલ જમીન અપૂરતી હોવાથી તેમજ ઉક્ત ગામમાં અન્યત્ર જગ્યા ન હોવાના કારણે ઉક્ત શાળાના નકશાની ટાઈપ ડિઝાઈનમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મકાનની કામગીરી સરકારશ્રી કક્ષાએથી ટાઈપ ડિઝાઈનમાં ફેરફારની મંજૂરી અર્થે વિચારણાધીન હોઈ, સમયમર્યાદા અને આનુષંગિક ખર્ચની વિગત આવા ટાઈપ ડિઝાઈનમાં ફેરફાર અંગેની વિચારણા પૂર્ણ થયેથી આપી શકાય.

---------

### છોટાઉદેપુર જિલ્લામાં મફત વીજ કનેક્શન

૩૯૮૯૦ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૦–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારે છોટાઉદેપુર જિલ્લામાં કઈ કઈ યોજના હેઠળ મફત વીજ કનેક્શન આપવા માટેની જોગવાઈ કરેલી છે,

(૨) તે પૈકી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યોજનાવાર મફત વીજ કનેકશન આપવાની તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, તેમને વીજ કનેકશન કેટલા સમયમાં આપવામાં આવશે, અને

**જવાબ**

(૧) ઝૂંપડા વીજળીકરણ યોજના

- અનુસૂચિત જાતિ પેટા યોજના
- કુટિર જ્યોતિ યોજના

(૨) જે પૈકી ઝૂંપડા વીજળીકરણ યોજના અને અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ મફત વીજ કનેક્શન આપવાની એક પણ અરજી પડતર નથી.

- જ્યારે કુટિર જ્યોતિ યોજના હેઠળ પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| સંખેડા | ૦ |

| | |
|---|---|
| બોડેલી | ૦ |
| પાવી જેતપુર | ૦ |
| છોટા ઉદેપુર | ૮૪ |
| કવાંટ | ૦ |
| નસવાડી | ૦ |

- પડતર રહેલ અરજીઓ પૈકી ૨૦ લાભાર્થીઓને તા.૦૨-૦૯-૨૦૨૧ના રોજ વીજજોડાણ આપવામાં આવેલ છે, અને
- બાકી રહેલ અરજીઓનો જેમ બને તેમ જલ્દી નિકાલ કરવામાં આવશે.

(૩) મંજૂર થયેલા કનેક્શનો પૈકી વીજલાઇન અને વીજમીટર આપવામાં આવેલા નથી તેવા કેટલા ગામો છે, તેમને ક્યારે વીજ કનેક્શન આપવામાં આવશે ?

(૩) બાકી રહેલ એક ગામમાં તા.૩૦-૦૯-૨૦૨૧ સુધીમાં વીજ કનેક્શન આપવાનું આયોજન છે.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળની અરજીઓ**

૪૦૩૦૮ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરી ?

**જવાબ**

(૧) ૪,૮૬૧

(૨) ૦

---------

**જૂનાગઢ જિલ્લામાં કવચ કંડક્ટર નાખવાની માંગણીઓ**

૩૯૭૪૩ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કવચ કંડક્ટર નાખવા માટે કેટલી માંગણીઓ મળી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ રજુઆતો/માંગણીઓની સંખ્યા |
|---|---|
| માંગરોળ<br>માળીયા | કુલ-**૦૬** માંગણીઓ/રજુઆતો મળેલ છે જે પૈકી **૦૫** માંગણીઓ/રજુઆતો માંગરોળ અને માળીયા તાલુકા માટે સંયુક્ત અને **૦૧** માંગણી/રજુઆત ફક્ત માંગરોળ તાલુકામાં કવચ કંડક્ટર નાખવા માટે મળેલ છે. |
| જૂનાગઢ સીટી | ૦ |
| જૂનાગઢ ગ્રામ્ય | ૦ |
| વંથલી | ૦ |
| માણાવદર | ૦ |
| કેશોદ | ૦ |
| મેંદરડા | ૦ |
| ભેંસાણ | ૦ |
| વિસાવદર | ૦ |

(૨) તે પૈકી કેટલા તાલુકામાં કવચ કંડક્ટર નાખવાની મંજૂરી આપવામાં આવેલ છે,

(૨), (૩) અને (૪) અગાઉ જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકા હેઠળના ૧૧ કે.વી. સુખપુર ખેતીવાડી ફીડરમાં

પાઈલોટ પ્રોજેકટ અંતર્ગત સ્પેશિયલ ડીઝાઈન કવચ કંડક્ટર લગાવવામાં આવેલ છે. લગાવવામાં આવેલ કવચ કંડક્ટર ઉપર વિવિધ વાતાવરણની થતી અસર, કવચ કંડક્ટરથી થતા ફાયદાઓ અંગે વિસ્તૃત ચકાસણી કર્યા બાદ સ્પેશિયલ ડીઝાઈન કવચ કંડક્ટર નાખવાની માટેની વિચારણા હાથ ધરવામાં આવશે.

(૩) ઉક્ત સ્થિતિએ કવચ કંડક્ટર નાખવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૪) કવચ કંડક્ટર નાખવાની કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

---------

**અમરેલી અને પોરબંદર જિલ્લામાં નોન–પ્લાન રસ્તાને મંજૂરી**

૪૦૨૨૨ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા નોન–પ્લાન રસ્તાને મંજૂરી આપવામાં આવી,

(૧)

| **તાલુકા** | **૨૦૧૯** | **૨૦૨૦** |
|---|---|---|
| | **મંજૂર** | **મંજૂર** |
| અમરેલી | ૪ | ૪ |
| લાઠી | ૧ | ૦ |
| લીલીયા | ૨ | ૦ |
| સાવરકુંડલા | ૨ | ૩ |
| બાબરા | ૪ | ૩ |
| બગસરા | ૩ | ૨ |
| ખાંભા | ૫ | ૧ |
| જાફરાબાદ | ૦ | ૨ |
| કુંકાવાવ | ૧ | ૧ |
| ધારી | ૧૧ | ૦ |
| રાજુલા | ૪ | ૬ |
| પોરબંદર | ૩ | ૭ |
| કુતિયાણા | ૩ | – |

(૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર કેટલા રસ્તાની કામગીરી શરૂ થઈ અને કેટલા રસ્તાની કામગીરી શરૂ થઈ નથી, અને

(૨)

| **તાલુકા** | **૨૦૧૯** | | **૨૦૨૦** | |
|---|---|---|---|---|
| | **પ્રગતિ** | **હવે શરૂ થનાર** | **પ્રગતિ** | **હવે શરૂ થનાર** |
| અમરેલી | ૪ | – | – | ૪ |
| લાઠી | – | ૧ | – | – |
| લીલીયા | ૧ | ૧ | – | – |
| સાવરકુંડલા | ૧ | ૧ | – | ૩ |
| બાબરા | ૩ | ૧ | – | ૩ |
| બગસરા | ૧ | ૨ | – | ૨ |
| ખાંભા | ૧ | ૪ | – | ૧ |
| જાફરાબાદ | – | – | – | ૨ |
| કુંકાવાવ | ૧ | – | – | ૧ |
| ધારી | ૬ | ૫ | – | – |
| રાજુલા | ૨ | ૨ | – | ૬ |

| | | | | |
|---|---|---|---|---|
| પોરબંદર | – | ૩ | – | ૭ |
| કુતિયાણા | – | ૩ | – | ૦ |

(૩) ઉક્ત રસ્તાઓની કામગીરી શરૂ ના થવાના કારણો શા છે, આવા રસ્તાઓની કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

(૩) શરૂ ન થયેલ પર રસ્તાઓ પૈકી ૯ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ તથા ૪૩ કામો નકશા અંદાજ તબક્કે છે, જે વહિવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ.

---------

**દાહોદ અને પોરબંદર જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૪૪ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૧) *પત્રક–૧ના કોલમ નં.૩ મુજબ

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૨) *પત્રક–૧ના કોલમ નં.૪ અને ૫ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

(૩) *પત્રક–૨ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૩૪ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૧) *પત્રક–૧ના કોલમ નં.૩ મુજબ

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓને કોવિડ–૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૨) *પત્રક–૧ના કોલમ નં.૪ અને ૫ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

(૩) *પત્રક–૨ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભિલોડા તાલુકામાં કોટેજ હોસ્પિટલમાં નવા બિલ્ડીંગ બાબત**

૪૦૫૬૯ **ડો. અનિલ જોષીયારા**(ભિલોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથકે કોટેજ હોસ્પિટલ ખાતે ૧૨૫(એકસો પચ્ચીસ) પથારી સાથે નવું બિલ્ડીંગ બનાવવાની મંજૂરી ક્યારે આપવામાં આવી હતી,

(૧) આ મંજૂરી તા. ૦૯–૧૦–૨૦૧૯ના રોજ આપવામાં આવી હતી.

(૨) આ બિલ્ડીંગ માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી હતી, અને

(૨) વર્ષ ૧૯–૨૦માં રૂ. ૫૬૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

(૩) સદર કામગીરી માટે રિવાઈઝ વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**કચ્છ જિલ્લામાં વિદ્યાર્થી પહેલ યોજનાના લાભાર્થીઓ**

૪૦૩૧૭ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) વર્ષ ૨૦૨૦-૨૧માં કચ્છ જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૧૦૯ શાળાઓ

(૨) ઉક્ત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં શાળાઓને કેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી ?

(૨) રૂ.૧,૦૯,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ નવ લાખ પૂરા)

---------

**ટેકનિકલ શિક્ષણમાં ફરજ બજાવતાં અધ્યાપકોની એડહોક સેવા સળંગ ગણવા બાબત**

૪૦૨૩૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટેકનિકલ શિક્ષણમાં ફરજ બજાવતાં અધ્યાપકોની એડહોક સેવા સળંગ ગણી નિયમિત સેવા સાથે જોડીને મળવાપાત્ર લાભ આપવામાં આવે છે કે કેમ,

(૨) જો ના, તો તેનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત લાભો ક્યારથી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) બાબત ન્યાયાધીન છે.

(૩) મંજૂરી મળ્યેથી.

---------

**મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને વેતન**

૪૦૨૪૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાના રસોઈઆ, સંચાલક અને મદદનીશને કેટલું વેતન આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત વેતનમાં છેલ્લે બે વર્ષમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ મધ્યાહન ભોજન યોજનાના રસોઈઆ, સંચાલક અને મદદનીશને શિક્ષણ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૬ના ઠરાવ અનુસાર નીચે મુજબ માનદ વેતન આપવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | માસિક માનદ વેતન દર |
|---|---|---|
| | **ગ્રામ્ય વિસ્તાર** | |
| (૧) | ૨૫ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કુક | રૂ. ૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ. ૫૦૦ |
| | હેલ્પર | રૂ. ૩૦૦ |
| (૨) | ૨૬ થી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કુક | રૂ. ૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ. ૧૪૦૦ |
| | હેલ્પર | રૂ. ૫૦૦ |
| (૩) | ૧૦૧ થી વધુ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કુક | રૂ. ૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ. ૧૪૦૦ |
| | મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર | |
| | સંચાલક-કમ-કુક | રૂ. ૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ. ૧૪૦૦ |

(૨) ઉક્ત માનદ વેતનમાં છેલ્લાં બે વર્ષમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી.

---------

**જામનગર અને મોરબી જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ**

૪૦૧૬૬ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર જામનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના)ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| માસ | જામનગર | | મોરબી | |
|---|---|---|---|---|
| | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૨ | ૦ | ૨ |
| ઓક્ટોબર | ૦ | ૧ | ૦ | ૦ |
| નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૨ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૧ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૧ | ૮૪ | ૦ | ૫૯ |
| મે | ૧ | ૯૬ | ૦ | ૯ |
| જૂન | ૦ | ૮ | ૧ | ૦ |
| જુલાઇ | ૪ | ૦ | ૫ | ૦ |
| ઓગસ્ટ | ૪ | ૧ | ૮ | ૦ |
| **કુલ** | **૧૦** | **૧૯૨** | **૧૪** | **૭૩** |

---------

### ગાંધીનગર શહેરી વિસ્તારમાં રહેણાંકના ખાલી પ્લોટ

૪૦૨૨૭ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર હસ્તક કેટલા ચો.મી.ના કેટલા રહેણાંકના ખાલી પ્લોટ ઉપલબ્ધ છે, | (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર હસ્તકના નીચે મુજબના કુલ-૩૫૬૩ રહેણાંકના ખાલી પ્લોટ ઉપલબ્ધ છે. |

| ક્રમ | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૫૦ | ૪૧ |
| ૨ | ૭૦ | ૬૯ |
| ૩ | ૮૧ | ૩૯૪ |
| ૪ | ૯૦ | ૯૧૯ |
| ૫ | ૧૩૫ | ૫૬૧ |
| ૬ | ૨૦૦ | ૪૭૧ |
| ૭ | ૨૫૦ | ૯૬ |
| ૮ | ૩૩૦ | ૫૭૬ |

| | | |
|---|---|---|
| ૯ | ૫૦૪ | ૩૪૯ |
| ૧૦ | ૭૫૦ | ૫૩ |
| ૧૧ | ૯૫૦ | ૦૨ |
| ૧૨ | ૧૧૫૦ | ૨૭ |
| ૧૩ | ૧૬૫૦ | ૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચો.મી.ના કેટલા રહેણાંકના પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૨) નામ. સુપ્રિમકોર્ટ ખાતેના ચાલી રહેલ S.L.P. No.896/2012ના કેસમાં તા.૦૨-૧૧-૨૦૧૨ના રોજ મનાઈ હુકમ આપેલ છે. તથા તા.૨૮-૦૮-૨૦૧૭ના હુકમની વિગતોએ SUO MOTO S.C.A. No.13550/2000 નામ. સુપ્રીમ કોર્ટ ખાતે ટ્રાન્સફર કરેલ છે. આમ હાલ S.L.P. No.896/2012 તથા SUO MOTO S.C.A. No.13550/2000 નામ. સુપ્રીમકોર્ટ ખાતે પડતર છે જેથી છેલ્લા બે વર્ષમાં રહેણાંકના પ્લોટની ફાળવણી કરવામાં આવેલ નથી.

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર સરકારને કેટલી રકમની આવક થઈ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિ થતો નથી.

---------

**વાંસદા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૪૦૦૪૬ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેકટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૮૮.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૫૯.૮૦ |

---------

**રાજ્યમાં કોરોના મહામારીના કારણે ખાનગી શાળાઓમાં ફીમાં ઘટાડો કે માફ કરવા બાબત**

૪૦૨૫૭ **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં કોરોના મહામારીના કારણે ખાનગી શાળાઓમાં ફીમાં ઘટાડો કરવા કે માફ કરવા અંગેની કેટલી રજૂઆતો મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) સરકારને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં કોરોના મહામારીના કારણે ખાનગી શાળાઓમાં ફીમાં ઘટાડો કરવા કે માફ કરવા અંગેની રજૂઆતોની સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

| **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** |
|---|---|
| ૫૦ | ૬૧ |

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ, તા.૦૭-૧૦-૨૦૨૦ મુજબની કાર્યવાહી કરવા જણાવેલ છે.

---------

**રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી**

૪૦૨૫૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી છેલ્લે ક્યારે કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ખાલી રહેલ જગ્યાઓ પર બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવાનું શું આયોજન છે ?

(૧) રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની છેલ્લી ભરતી તા.૧૨-૦૧-૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે.

(૨) બિન શૈક્ષણિક કર્મચારીઓની લેખિત પરીક્ષાથી ભરતી કરવા અંગેની નીતિ નક્કી થયેથી.

---------

**અમરેલી જિલ્લામાં નવીન પંચાયત ઘર બનાવવાની મંજૂરી**

૩૯૯૯૭ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના નવીન પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત પંચાયત ઘર બનાવવા માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૧૬

(૨) રૂ.૨૨૮/- લાખ.

---------

**બોટાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૪૦૦૦૧ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૪ | ૪ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૮૪ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ-૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) *પત્રક-૧ ના કોલમ નં.૩ મુજબ.

(૨) *પત્રક-૧ ના કોલમ- નં.૪ અને ૫ મુજબ.

(૩) *પત્રક-૨ મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**માંસાહારી પ્રાણીઓના નવા પાંજરા ખરીદવા બાબત**

૪૦૨૭૯ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માંસાહારી પ્રાણીઓના નવા પાંજરા ખરીદવા માટે સરકાર દ્વારા કેટલી રકમનું ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવેલ,

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માંસાહારી પ્રાણીઓના નવા પાંજરા ખરીદવા માટે નીચે મુજબના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

| અ.નં. | ટેન્ડર બહાર પાડ્યા તારીખ | ટેન્ડરની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૩–૦૭–૨૦૨૧ | ૧૭૦૦૦૦/– |
| ૨ | ૧૭–૧૨–૨૦૨૦ | રેટ ટેન્ડર દ્વારા |
| ૩ | ૦૮–૦૪–૨૦૨૧ | ૪૬૬૫૦/– |
| ૪ | ૦૧–૧૨–૨૦૨૦ | ૨૯૯૦૦૦/– |

(૨) કેટલી એજન્સીઓ દ્વારા ઉક્ત ટેન્ડર ભરવામાં આવેલ,

(૨) કુલ ૨૧ એજન્સી દ્વારા ઉક્ત ટેન્ડર ભરવામાં આવેલ.

(૩) તે પૈકી કઈ એજન્સીને કેટલી રકમનું કામ સોંપવામાં આવેલ, અને

(૩) તે પૈકી નીચે મુજબની એજન્સીને કામ સોંપવામાં આવેલ.

| અ.નં. | એજન્સીનું નામ | રકમ (રૂ) |
|---|---|---|
| ૧ | શ્રી નાથજી એન્ટરપ્રાઈઝ રામજી સ્ટ્રીટ વેલછા તા.માંગરોળ | ૧૧૧૬૦૦૦/– |
| ૨ | શ્રી રમેશભાઈ વી પીઠવા, રહે.અમરેલી | ૨૬૮૦૦૦/– |

(૪) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

(૪) ઉક્ત સ્થિતિએ એજન્સીને સોંપવામાં આવેલ કામગીરી પૂર્ણ થયેલ છે.

---------

## રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને સહાય

૪૦૩૧૩ **ડો. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ સને ૨૦૨૦–૨૧ના વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનિકલ શિક્ષણ હેઠળના ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી ? | (૧) ૨૬૧૨૮ વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦.૯૭ કરોડ. |
| (૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થિનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૨૧૩૯૪ વિદ્યાર્થીઓને રૂ. ૮૧.૯૧ કરોડ અને ૪૭૩૪ વિદ્યાર્થિનીઓને રૂ. ૧૯.૦૬ કરોડ. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના

૪૦૩૦૭ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫ |
| (૩)ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૧૬૪૦૦/– |

---------

## રાજ્યમાં વેરા સમાધાન યોજના હેઠળની અરજીઓ

૪૦૦૩૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેરા સમાધાન યોજના–૨૦૧૯ અન્વયે કેટલા વેપારીઓએ લાભ મેળવવા અરજી કરી છે, અને | (૧) માહિતી શૂન્ય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આવી અરજીઓમાં કુલ કેટલું માંગણું પરત મળવાનું છે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં ટેટની પરીક્ષા લેવા બાબત

૪૦૨૪૪ **ડૉ. કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટેટની પરીક્ષા છેલ્લે ક્યારે લેવામાં આવેલ,

(૨) તેમાં કેટલા ઉમેદવારો પાસ થયેલ,

(૩) પાસ થયેલ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ કેટલા સમય માટે માન્ય રાખવામાં આવે છે, અને

(૪) તે પૈકી ક્યારે કેટલા ઉમેદવારોની પસંદગી કરી નિમણૂકો આપવામાં આવી ?

**જવાબ**

(૧)
- ટેટ–૧ પરીક્ષા તા.૦૪–૦૩–૨૦૧૮ના રોજ
- ટેટ–૨ પરીક્ષા તા.૨૦–૦૮–૨૦૧૭ના રોજ

(૨)
- ટેટ–૧ : ૬,૩૪૧.
- ટેટ–૨ : ૫૦,૭૫૫.

(૩) ૫ વર્ષ સુધી.

(૪)

| **ઉમેદવારોએ જિલ્લા પસંદગી કરી નિમણૂક આપવામાં આવેલની સંખ્યા** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **પસંદગીનું વર્ષ** | **ટેટ–૧ ધો.૧ થી ૫** | **ટેટ–૨ ધો.૬ થી ૮** |
| ૧ | ૨૦૧૮ | ૫૦ | ૩૩૦૧ |
| ૨ | ૨૦૨૧ | ૦૨ | ૩૪ |

---------

### સુરત અને રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર રેમડીસીવરનો જથ્થો

૪૦૧૩૯ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત અને રાજકોટ શહેર/જિલ્લામાંથી કેટલી વ્યક્તિઓ પાસેથી રેમડીસીવર ઈંજેક્શનનો ગેરકાયદેસર જથ્થો પકડવામાં આવ્યો,

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ગેરકાયદેસર રેમડીસીવર ઈંજેક્શનની ફેરાફેરી અને વેચાણ ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેર/જિલ્લામાંથી ૨૫ વ્યક્તિઓ અને રાજકોટ શહેર/જિલ્લામાંથી ૧૯ વ્યક્તિઓ પાસેથી રેમડીસીવર ઈંજેક્શનનો ગેરકાયદેસર જથ્થો પકડવામાં આવ્યો.

(૨) ૪૪ ઈસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૩) ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરી દવા બજારમાં ચાંપતી નજર રાખવામાં આવે છે.

---------

### સિદ્ધપુર ખાતેની સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરોનું મંજૂર મહેકમ

૪૦૧૮૬ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતેની સિવિલ હોસ્પિટલમાં કયા પ્રકારના કેટલા ડૉક્ટરોનું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| | વર્ગ–૧ | | | |
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૩ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૪ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૧ | ૦ |
| ૫ | નેત્ર સર્જન | ૧ | ૧ | ૦ |
| ૬ | ફીજીશીયન | ૧ | ૦ | ૧ |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૮ | ફુલ ટાઇમ સર્જન | ૧ | ૦ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ |
| ૧૦ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ-૧ કુલ** | **૧૦** | **૪** | **૬** |
| | **વર્ગ-૨** | | | |
| ૧૧ | તબીબી અધિકારી | ૪ | ૪ | ૦ |
| ૧૨ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ-૨ કુલ** | **૫** | **૫** | **૦** |
| | **કુલ વર્ગ-૧ અને ૨** | **૧૫** | **૯** | **૬** |

(૨) તે પૈકી ક્યા ડૉક્ટરોની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) વિગતવાર પત્રક સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યા ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુરંત જ ભરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | **વર્ગ-૧** | | | | |
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન | ૧ | ૦ | ૧ | તા.૨૮-૦૫-૨૦ થી ખાલી |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | - |
| ૩ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૭-૦૯-૨૦૧૯ થી ખાલી |
| ૪ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૧ | ૦ | - |
| ૫ | નેત્ર સર્જન | ૧ | ૧ | ૦ | - |
| ૬ | ફીજીશીયન | ૧ | ૦ | ૧ | તા.૧૩-૧૦-૨૦ થી ખાલી |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૧૮-૦૫-૨૧ થી ખાલી |
| ૮ | ફુલ ટાઇમ સર્જન | ૧ | ૦ | ૧ | તા.૧૬-૦૯-૧૫ થી ખાલી |
| ૯ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ | તા.૦૧-૦૮-૨૧ થી ખાલી |
| ૧૦ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | - |
| | **વર્ગ-૧ કુલ** | **૧૦** | **૪** | **૬** | |
| | **વર્ગ-૨** | | | | |
| ૧૧ | તબીબી અધિકારી | ૪ | ૪ | ૦ | - |
| ૧૨ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | - |
| | **વર્ગ-૨ કુલ** | **૫** | **૫** | **૦** | |
| | **કુલ વર્ગ-૧ અને ૨** | **૧૫** | **૯** | **૬** | |

---------

**સુરત અને પંચમહાલ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૩૩ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૧) *પત્રક-૧ ના કોલમ નં.૩ મુજબ.

(૨) ઉક્ત હોસ્પિટલવાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ-૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૨) *પત્રક-૧ ના કોલમ નં. ૪ અને ૫ મુજબ.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

(૩) *પત્રક-૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પર્યાવરણની જાળવણી બાબત**

૪૦૨૬૫ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે રાજ્યની કઈ નદીઓની આસપાસના કેટલા ગામો માટે પર્યાવરણની જાળવણીના આદેશો આપેલ છે, | (૧) નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા રાજ્યની નદીઓની આસપાસના ગામો માટે પર્યાવરણની જાળવણીના આદેશો આપેલ નથી, માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત આપેલ આદેશો અન્વયે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કર્યો છે, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નદીઓની આસપાસના ગામોની પર્યાવરણની જાળવણી માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે ? | (૩) લાગુ પડતું નથી. |

---------

**અરવલ્લી જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૪૦૧૦૮ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૩૯૧૬. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૨૬૧.૩૮ લાખનો ખર્ચ થયો. |

---------

**નર્મદા અને વડોદરા જિલ્લામાં જાહેર કરેલ કોવિડ હોસ્પિટલ**

૪૦૧૩૮ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી હોસ્પિટલોને કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવી, અને | (૧) પત્રક–૧ ના કોલમ નં.૪ મુજબ. |
| (૨) કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર થયેલ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ થતાં દર્દીઓના સારવાર ખર્ચની કેટલી રકમનું ચૂકવણું કઈ હોસ્પિટલને કરવામાં આવ્યું ? | (૨) પત્રક–૧ ના કોલમ નં.૫ અને ૬ મુજબ. |

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કોવિડ હોસ્પિટલનું નામ | ચૂકવણુ કરેલ રકમ રૂ. | |
|---|---|---|---|---|---|
| | | | | તા.૧/૯/૧૯ થી તા.૩૧/૮/૨૦ | તા.૧/૯/૨૦ થી તા.૩૧/૮/૨૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નર્મદા | નાંદોદ | આનંદ હોસ્પિટલ, રાજપીપળા | ૦ | ૦ |
| | | | સુર્યા હોસ્પિટલ, રાજપીપળા | ૦ | ૦ |
| | | | મહેતા હોસ્પિટલ, રાજપીપળા | ૦ | ૦ |
| | | | રાજપીપળા હોસ્પિટલ, રાજપીપળા | ૦ | ૦ |
| ૨ | | તિલકવાડા | ૦ | ૦ | ૦ |
| ૩ | | ગરૂડેશ્વર | ૦ | ૦ | ૦ |
| ૪ | | દેદીયાપાડા | ૦ | ૦ | ૦ |
| ૫ | | સાગબારા | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | **કુલ** | |
| ૧ | વડોદરા | વાઘોડીયા | પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ, લિમડા, વડોદરા | ૧,૭૩,૮૩,૭૨૦/- |
| ૨ | | વાઘોડીયા | ધીરજ હોસ્પિટલ, પિપળિયા, વડોદરા | ૧,૫૫,૦૧,૩૪૦/- |
| ૩ | | કોર્પોરેશન | મુસ્લિમ મેડીકલ સેન્ટર, અફલી ટ્રસ્ટ, પાણીગેટ, વડોદરા | ૩,૩૮,૬૫,૬૮૦/- |
| ૪ | | કોર્પોરેશન | મેટ્રો હોસ્પિટલ, હરણી, વડોદરા | ૬૯,૮૮,૮૬૦/- |
| ૫ | | કરજણ | વલણ હોસ્પિટલ, કરજણ, વડોદરા | ૩૫,૪૬,૧૮૦/- |
| | | | **કુલ** | **૭,૭૨,૮૫,૭૮૦/-** |

---------

**અમરેલી જિલ્લામાં નોન-પ્લાન રસ્તાને મંજૂરી**

૪૦૨૨૪ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં લાઠી અને બાબરા તાલુકામાં કેટલા નોન-પ્લાન રસ્તાને મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી કેટલા રસ્તાની કામગીરી શરૂ થઈ અને કેટલા રસ્તાની કામગીરી શરૂ થઈ નથી, અને

(૩) ઉક્ત રસ્તાઓની કામગીરી શરૂ ના થવાના કારણો શા છે, આવા રસ્તાઓની કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષવાર પંચાયત પ્રભાગના રસ્તાઓની વિગત

| **તાલુકા** | **વર્ષ** | **મંજૂર** |
|---|---|---|
| લાઠી | ૨૦૧૯ | ૧ |
| | ૨૦૨૦ | - |
| બાબરા | ૨૦૧૯ | ૪ |

(૨) ૩ રસ્તાની કામગીરી શરૂ થઇ, ૫ રસ્તાની કામગીરી શરૂ થવાની બાકી

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ હોવાથી રસ્તાના કામો બાકી રહેવા પામેલ છે. જે બનતી ત્વરાએ શરૂ કરવામાં આવશે.

---------

**વડોદરા શહેર અને જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૪૦૦૨૦ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં
આવી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **તપાસેલ બાળકો (વડોદરા શહેર)** | **તપાસેલ બાળકો (વડોદરા જિલ્લો)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૩,૯૯,૫૭૪ | ૩,૨૭,૬૮૭ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૦ | ૦ |
| | **કુલ** | **૩,૯૯,૫૭૪** | **૩,૨૭,૬૮૭** |

(૨)

| **વડોદરા શહેર** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **હૃદય** | **કિડની** | **કેન્સર** |
| ૧ | ૨૦૧૯-૨૦ | ૫૭ | ૬ | ૨ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૧૪૧ | ૩૦ | ૧૭ |
| | **કુલ** | **૧૯૮** | **૩૬** | **૧૯** |

| **વડોદરા જિલ્લો** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **હૃદય** | **કિડની** | **કેન્સર** |
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૨૩ | ૧૫ | ૧૧ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૩૭ | ૮ | ૩ |
| | **કુલ** | **૧૬૦** | **૨૩** | **૧૪** |

---------

અતારાંકિત પ્રશ્નો

### જૂનાગઢ ગીરનાર વન વિસ્તારમાં 'તાઉતે' વાવાઝોડાથી પડી ગયેલ વૃક્ષો

૪૦૫૧૩ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ 'તાઉતે' વાવાઝોડાથી જૂનાગઢ ગીરનાર વન વિસ્તારમાં કેટલા વૃક્ષો પડી ગયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વૃક્ષોને ખસેડવા/હટાવવા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) ઉક્ત વૃક્ષોમાંથી ક્યા પ્રકારનું અને કેટલું લાકડું મળ્યું છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ 'તાઉતે' વાવાઝોડાથી જૂનાગઢ ગીરનાર વન વિસ્તારમાં ૧૨૩ વૃક્ષો પડી ગયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વૃક્ષોને ખસેડવા/હટાવવામાં આવેલ નથી. જેથી તે અંગે કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી.

(૩) વૃક્ષોનો જથ્થો સંગ્રહ કરવામાં આવેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ભાવનગર અને બોટાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યા

૩૯૯૯૪ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧)

| ભાવનગર | બોટાદ |
|---|---|
| મંજૂર થયેલ જગ્યા – ૩૦૩ | મંજૂર થયેલ જગ્યા – ૯૭ |

(૨)

| | |
|---|---|
| ભરાયેલ જગ્યા – ૨૮૦ | ભરાયેલ જગ્યા – ૫૮ |

(૩)

| | |
|---|---|
| ખાલી જગ્યા – ૨૩ | ખાલી જગ્યા – ૩૯ |

---------

### નવસારી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાયની અરજીઓ

૪૦૦૮૮ **શ્રી પિયુષભાઈ દેસાઈ**(નવસારી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| નવસારી (શહેર) | ૮૭૦ |
| નવસારી (ગ્રામ્ય) | ૮૮૩ |
| જલાલપોર | ૧૨૩૫ |
| ગણદેવી | ૨૯૧૦ |
| ચીખલી | ૧૩૨૫ |
| ખેરગામ | ૬૧૦ |
| વાંસદા | ૧૩૭૬ |

(૨) ૯૧૫૯.

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી.

---------

### રાજ્યમાં કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ટેબલેટ

૪૦૨૫૧ **શ્રી વજેસિંગભાઈ પણદા**(દાહોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કોલેજોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ટેબલેટ આપવા માટે કઈ એજન્સી પાસેથી શાં ભાવે અને કેટલા ટેબલેટ ખરીદવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | એજન્સીનું નામ | પ્રતિટેબલેટ ખરીદ ભાવ (ટેક્ષ સહિત) | ખરીદવામાં આવેલ ટેબલેટ |
|---|---|---|---|
| ૨૦૧૯–૨૦ | મે.લીનોવો ઈન્ડીયા પ્રા.લી. | રૂ.૬,૬૬૭.૦૦ | ૨,૫૦,૦૦૦ |

અને

| | | | |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | મે. લાવા ઈન્ટર નેશનલ પ્રા.લી. | ૩.૮,૨૭૫.૦૦ | ૩,૦૦,૦૦૦ ટેબલેટનો ખરીદ આદેશ આપવામાં આવેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલા ટેબલેટ વિદ્યાર્થીઓને પુરા પાડવામાં આવ્યા અને કેટલા ટેબલેટ પુરા પાડવાના બાકી છે ?

(૨)

| વર્ષ | પુરા પાડવામાં આવ્યા | પુરા પડવાના બાકી |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨,૫૦,૦૦૦ | ૭૨,૩૪૨ |
| ૨૦૨૦-૨૧ | - | ૩,૦૦,૦૦૦ |

---------

**આણંદ જિલ્લાના રોડને ચારમાર્ગીય કરવાની મંજૂરી**

૪૦૦૨૬ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના નડિયાદ-પેટલાદ-ખંભાત રોડને ચારમાર્ગીય કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ કામ ક્યા તબક્કે છે ?

(૨)રસ્તાને પહોળો કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ માટેની અરજીઓ**

૪૦૫૨૨ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, અને

(૧) ૯,૪૩૦.

(૨) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરી ?

(૨) ૯,૪૩૦.

---------

**રાજ્યમાં જોખમી ઘન કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે કરવા બાબત**

૪૦૨૬૩ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા**(ચોટીલા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જોખમી ઘનકચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે કરવા માટે ખંભાત, મહીસાગર, જંબુસર, ઝઘડીયા અને સુરેન્દ્રનગર જિલ્લામાં નવી સાઈટ બનાવવામાં આવનાર છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થળોએ જોખમી ઘન કચરાના નિકાલ માટેની નવી સાઈટ વિકસાવવા સંબંધમાં શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) હા.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સાઈટ તૈયાર થતાં કેટલા ઘન કચરાનો નિકાલ થશે ?

(૩) ઉક્ત સ્થિતિએ સાઈટ તૈયાર થતાં જોખમી ઘન કચરાના નિકાલની મહત્તમ ક્ષમતા અંદાજીત ૨.૩૧ કરોડ મે.ટન થશે.

---------

**આણંદ જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાની અરજીઓ**

૪૦૫૧૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર

(૧) ૧૩.

કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમની લોન આપવામાં આવી ? — (૨) રૂ.૧૯૫ લાખ.

---------

## ગાંધીનગર જિલ્લામાં જાહેર કરેલ કોવિડ હોસ્પિટલ

૪૦૧૭૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી હોસ્પિટલોને કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવી, અને | (૧) પત્રક-૧ ના કોલમ નં.૩ મુજબ. |
| (૨) કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર થયેલ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ થતાં દર્દીઓના સારવાર ખર્ચની કેટલી રકમનું ચૂકવણું કઈ હોસ્પિટલને કરવામાં આવ્યું ? | (૨) પત્રક-૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ. |

**પત્રક-૧**

| ક્રમ નં. | જિલ્લાનું તથા તાલુકાનું નામ | કોવિડ હોસ્પિટલનું નામ | ચૂકવણાની રકમ રૂ. | |
|---|---|---|---|---|
| | | | તા.૦૧/૦૯/૨૦૧૯ થી ૩૧/૦૮/૨૦૨૦ | તા.૦૧/૦૯/૨૦૨૦ થી ૩૧/૦૮/૨૦૨૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જી.ગાંધીનગર તા.ગાંધીનગર | ગોયેન્કા હોસ્પિટલ | ૩૧,૭૩,૨૨૦/- | |
| ૨ | | એસ.એમ.વી.એસ. હોસ્પિટલ | ૫૩,૮૯,૭૪૦/- | |
| ૩ | | આશ્કા હોસ્પિટલ | ૭૩,૦૯,૮૭૮/- | |

---------

## આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા

૩૯૯૯૩ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૮ | ૮ | ૦ |

---------

## સોનગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

૪૦૦૫૭ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૨૦.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૨૪.૭૮ |

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

## સરકારી કર્મચારી/અધિકારીઓનું ઘરભાડા ભથ્થું વધારવા બાબત

૪૦૨૦૬ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૬૧૬ (અગ્રતા-૧૦૪)ના અનુસંધાને **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી કર્મચારીઓ / અધિકારીઓના ઘરભાડા ભથ્થું ૩૦ ટકા કરવા બાબતનું મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ સરકારને મળેલ હતું અને તેના અમલ માટે મંત્રીમંડળની પેટા સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરવામાં આવ્યા બાદ સદરહુ મેમોરેન્ડમના અમલ બાબતમાં વિચારણા કરવામાં આવનાર હતી તો મંત્રીમંડળની પેટા સમિતિ દ્વારા સદરહુ બાબતે અહેવાલ સરકારને તા. ૩૧-૮-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે સુપ્રત કરવામાં આવેલ છે,

(૨) જો ઉક્ત સ્થિતિએ અહેવાલ સરકારને સુપ્રત કરેલ ન હોય તો તેના કારણો શા છે, અને

(૩) ક્યાં સુધીમાં અહેવાલ સરકારને સુપ્રત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મંત્રીમંડળની પેટા સમિતિ દ્વારા સદરહુ બાબતે અહેવાલ સરકારને તા. ૩૧-૮-૨૦૨૧ની સ્થિતિએ સુપ્રત કરવામાં આવેલ નથી.

(૨) સમિતિના ક્ષેત્રાધિકારની બાબત હોવાથી, કારણો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રસ્તુત બાબત સમિતિના ક્ષેત્રાધિકારની બાબત બનતી હોવાથી, સમિતિ દ્વારા પ્રસ્તુત બાબત પરત્વે વિચારણા કર્યા બાદ, અહેવાલ સરકારને સુપ્રત કરવામાં આવશે.

---------

## સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અને નેશનલ હેલ્થ મિશન ગાંધીનગર ખાતે અધિકારી/કર્મચારીની સંખ્યા

૪૦૧૫૩ **શ્રી કનુભાઈ બારૈયા**(તળાજા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર અને નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર ખાતે કેટલા કર્મચારીઓ અને અધિકારીઓ ફરજો બજાવે છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ અને અધિકારીઓ કાયમી છે અને કેટલા કરાર, સીધી ભરતી અને કોન્ટ્રાક્ટ આધારિત ફરજો બજાવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર અને નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર ખાતે કુલ-૨૨૫ કર્મચારી અને અધિકારી ફરજ બજાવે છે. (પત્રક-૧ મુજબ). નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સીધી ભરતી કરવામાં આવતી નથી.

| **એસપીએમયુ, ગાંધીનગર ખાતે (કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરીમાં) ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીની સંખ્યા** | | **નેશનલ હેલ્થ મિશન, (સીવીલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર સે-૧૨) ખાતે ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીની સંખ્યા** | |
|---|---|---|---|
| **કાયમી/ પ્રતિનિયુક્તિથી** | **કોન્ટ્રાક્ટ/ કરાર આધારિત** | **કાયમી/ પ્રતિનિયુક્તિથી** | **કોન્ટ્રાક્ટ/ કરાર આધારિત** |
| ૦ | ૧૮૧ | ૪ | ૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરીમાં એસપીએમયુ, ગાંધીનગર ખાતે કાયમી/પ્રતિનિયુક્તિથી ૦, કોન્ટ્રાક્ટ/કરાર આધારિત-૧૮૧ કર્મચારીઓ અને અધિકારીઓ ફરજ બજાવે છે. અને નેશનલ હેલ્થ મિશન, (સીવીલ હોસ્પીટલ કેમ્પસ, ગાંધીનગર સે-૧૨) ખાતે કાયમી/પ્રતિનિયુક્તિ ૦૪ અને કોન્ટ્રાક્ટ/કરાર આધારિત કર્મચારીઓ-૪૦ ફરજ બજાવે છે. (પત્રક-૧ મુજબ.)

**પત્રક-૧**

| ક્રમ | સંવર્ગનું નામ | એસપીએમયુ, ગાંધીનગર ખાતે (કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરીમાં) ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની સંખ્યા | | નેશનલ હેલ્થ મિશન, (સીવીલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર સે-૧૨) ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કાયમી/પ્રતિનિયુક્તિથી | કરાર આધારિત | કાયમી/પ્રતિનિયુક્તિથી | કરાર આધારિત | |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૧ | પ્રોગ્રામ ઓફિસર – એડમીન. એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | પ્રોગ્રામ મેનેજર – ફાયનાન્સ (એફએમજી) એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩ | વહીવટી અધિકારી – એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૪ | વહીવટી અધિકારી – (એફએમજી) એનએચએમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | કન્સલટન્ટ | ૦ | ૮ | ૦ | ૨ | ૧૦ |
| ૬ | પ્રોજેક્ટ ઓફિસર / કોઓર્ડીનેટર | ૦ | ૩૦ | ૦ | ૫ | ૩૫ |
| ૭ | માઈક્રોબાયોલોજી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | આસી. પ્રોગ્રામ ઓફીસર/એપેડીમેયોલોજીસ્ટ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૯ | સ્ટેટ એ.સી.એસ.એસ.એમ. ઓફિસર/આઈ.ઈ.સી. ઓફિસર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૦ | એસએનસીયુ સોફ્ટીવેર કોઓર્ડીનેટર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | ડેપ્યુટી પ્રોજેક્ટ મેનેજર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | જીપીએસ કોઓર્ડીનેટર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | લો ઓફીસર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | એકાઉન્ટ ઓફિસર ફાઈનાન્સ/બજેટ ઓફિસર | ૦ | ૭ | ૦ | ૩ | ૧૦ |
| ૧૫ | સ્ટેટ ડેટા મેનેજર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | હાર્ડવેર એન્જિનિયર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૭ | પ્રોગ્રામ આસિસ્ટન્ટ/સેક્રેટરી આસી./ એડમિનિસ્ટ્રેટીવ/ઓફીસ આસી. | ૦ | ૩૧ | ૦ | ૬ | ૩૭ |
| ૧૮ | એચ.આર.એમ.એસ. એક્ઝીક્યુટીવ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૯ | એડમીન. ઓફિસર–એલએસએસ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૦ | એકાઉન્ટન્ટ | ૦ | ૯ | ૦ | ૭ | ૧૬ |
| ૨૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦ | ૪૬ | ૦ | ૪ | ૫૦ |
| ૨૨ | પટાવાળા | ૦ | ૩૨ | ૦ | ૯ | ૪૧ |
| ૨૩ | ડ્રાઈવર | ૦ | ૬ | ૦ | ૧ | ૭ |
| ૨૪ | ઈગ્લીંશ સ્ટેનોગ્રાફર | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૨૫ | ઈન્સેક્ટ કલેક્ટર | ૦ | ૨ | ૦ | ૦ | ૨ |
| | **કુલ** | **૦** | **૧૮૧** | **૪** | **૪૦** | **૨૨૫** |

---------

**સાંકરદા–ભાદરવા–સાવલી રોડને ચારમાર્ગીય કરવાની મંજૂરી**

૪૦૦૨૩ **શ્રી કેતનભાઈ ઈનામદાર**(સાવલી): **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાંકરદા–ભાદરવા–સાવલી રોડને ચાર–માર્ગીય કરવાની કામગીરીને મંજૂર મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૮૨૨૦.૦૦ લાખ. |

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? (૩) પ્રગતિમાં.

---------

**સાબરમતીથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ચાલતા સી–પ્લેન અંગે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો હિસ્સો**

૪૦૨૭૧ **શ્રી હિંમતસિંહ પટેલ**(બાપુનગર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ સાબરમતી (અમદાવાદ)થી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા) ચાલતા સી–પ્લેન અંગે રિજનલ એર કનેક્ટીવિટી હેઠળ રાજ્ય અને કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો નક્કી થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે રાજ્ય સરકારે કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ચૂકવવાની થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ સાબરમતી (અમદાવાદ)થી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા) ચાલતા સી–પ્લેન અંગે રિજનલ એર કનેક્ટીવિટી હેઠળ વીજીએફના ૨૦ ટકા રાજ્ય સરકાર અને ૮૦ ટકા કેન્દ્ર સરકારનો હિસ્સો નક્કી થયેલ છે,

(૨) કેન્દ્ર સરકાર તરફથી કોઈ રકમની માંગણી કરવામાં આવેલ નથી.

(૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સોમનાથ અને અમરેલી જિલ્લામાં વૃક્ષોને પુનઃપ્રસ્થાપિત કરવા બાબત**

૪૦૨૬૭ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે વૃક્ષોને પુનઃપ્રસ્થાપિત કરવા માટેનાં કેટલાં મશીનો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત મશીનો દ્વારા ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર 'તાઉતે' વાવાઝોડા પહેલાં કેટલાં વૃક્ષો પુનઃપ્રસ્થાપિત (ટ્રાન્સપ્લાન્ટ) કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પુનઃપ્રસ્થાપિત (ટ્રાન્સપ્લાન્ટ) વૃક્ષો પૈકી કેટલા વૃક્ષો મૃત્યુ પામ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ વન વિભાગ પાસે વૃક્ષોને પુનઃપ્રસ્થાપિત કરવા માટે એક ટ્રી–ટ્રાન્સપ્લાન્ટીંગ મશીન આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં 'તાઉતે' વાવાઝોડા પહેલાં કોઈપણ વૃક્ષો પુનઃપ્રસ્થાપિત (ટ્રાન્સપ્લાન્ટ) કરવામાં આવ્યાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યનું કુલ જાહેર દેવું**

૪૦૨૦૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જાહેર દેવામાં કેટલો વધારો થયો, અને

(૩) જાહેર દેવું વધવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૨૦–૨૧ (સુ.અ.) | ૩,૦૦,૯૫૯ |

(૨)

| **નાણાકીય વર્ષ** | **દેવામાં ચોખ્ખો વધારો (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૨૬,૭૯૧ |
| ૨૦૨૦–૨૧ (સુ.અ.) | ૩૩,૮૬૪ |

(૩) રાજ્યના વિકાસ આયોજનના કામો માટે જાહેર દેવા દ્વારા સંશાધન ઊભા કરવા, તે સ્વીકાર્ય પધ્ધતિ છે. વાર્ષિક વિકાસ યોજનાના ખર્ચની વૃદ્ધિ અનુસાર અને કાયદા હેઠળ નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે.

અતારાંકિત પ્રશ્નો

## પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૪૦૨૩૫ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ):**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર વિધવા સહાય મેળવવા લાભાર્થીઓની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ ત્રણ માસ અને છ માસ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| બનાસકાંઠા જિલ્લો | | પાટણ જિલ્લો | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **પડતર અરજીઓની સંખ્યા** | **તાલુકાનું નામ** | **પડતર અરજીઓની સંખ્યા** |
| પાલનપુર | ૨૮૯ | પાટણ | ૩૩ |
| વડગામ | ૩૯ | ચાણસ્મા | ૩૫ |
| ડીસા | ૪૦ | સિધ્ધપુર | ૦ |
| કાંકરેજ | ૧૨૭ | સરસ્વતી | ૦ |
| ધાનેરા | ૫ | હારીજ | ૦ |
| દાંતીવાડા | ૨ | સમી | ૦ |
| અમીરગઢ | ૧૧ | શંખેશ્વર | ૧૧ |
| દાંતા | ૦ | રાધનપુર | ૭ |
| વાવ | ૦ | સાંતલપુર | ૧૩ |
| થરાદ | ૦ | | |
| સુઈગામ | ૩૦ | | |
| ભાભર | ૧ | | |
| દિઓદર | ૯૩ | | |
| લાખણી | ૩ | | |

(૨) શૂન્ય.

(૩) મંજૂરીની પ્રક્રિયા હેઠળ હોવાથી.

(૪) નિયત સમય મર્યાદામાં.

---------

## રાજ્યમાં ઘરવપરાશ અને ઔદ્યોગિક હેતુ માટે વીજળીમાં ભાવ વધારો

૪૦૨૦૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ઘરવપરાશ અને ઔદ્યોગિક હેતુ માટે વીજળીમાં કેટલી વખત કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારને ઉક્ત વર્ષવાર કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ અધિનિયમ ૨૦૦૩ અનુસાર, દરેક કક્ષાના વીજ દર નક્કી કરવાની અને તેમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ પાસે છે. જે અનુસાર, તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ માટેના તા. ૩૧.૦૩.૨૦૧૯ના આદેશથી નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટે ઘરવપરાશ અને ઔદ્યોગિક હેતુ સહિતના દરેક કક્ષાના વીજ ગ્રાહકોના વીજ દર નક્કી કરવામાં આવેલ. સદર આદેશમાં માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા ઘર વપરાશ માટેના વીજ દરના ટેરીફ સ્લેબમાં ઘટાડો કરી વધુ વીજ દર વાળા સ્લેબનો સમાવેશ ઓછા વીજ દર વાળા સ્લેબમાં કરી નીચે મુજબ ઘટાડો કરેલ છે.

| તા.૩૧.૦૩.૨૦૧૯ ના આદેશ પહેલા (નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ પહેલા) | | નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટે તથા તે પછી | |
|---|---|---|---|
| **સ્લેબ** | **વીજ દર** | **સ્લેબ** | **વીજ દર** |
| **શહેરી** | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૦૧ થી ૨૦૦ યુનિટ | ૪.૧૫ | ૧૦૧ થી ૨૫૦ યુનિટ | ૪.૧૫ |
| ૨૦૧ થી ૨૫૦ યુનિટ | ૪.૨૫ | | |
| **ગ્રામ્ય** | | | |
| ૧૦૧ થી ૨૦૦ યુનિટ | ૩.૭૫ | ૧૦૧ થી ૨૫૦ યુનિટ | ૩.૭૫ |
| ૨૦૧ થી ૨૫૦ યુનિટ | ૩.૮૫ | | |

ઉપરોક્ત ઘટાડાના લીધે, ઘર વપરાશના વીજ ગ્રાહકોને વાર્ષિક સરેરાશ રૂ. ૫.૩૧ કરોડનો લાભ થયેલ છે. જયારે, ઔદ્યોગિક હેતુના ગ્રાહકોના વીજ દરમાં કોઈ ફેરફાર કરેલ નથી.

વધુમાં, માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ માટે પણ જે વીજ દર નક્કી કરેલ તેમાં ઘરવપરાશ અને ઔદ્યોગિક હેતુના વીજ ગ્રાહકો માટે કોઈપણ ફેરફાર કરેલ નથી, જો કે, BPL વીજ ગ્રાહકો માટેના રાહત ટેરીફ દર રૂ.૧.૫૦ પ્રતિ યુનિટ દર મહીને ૩૦ યુનિટની મર્યાદામાં લાગુ પડતા હતા તે વધારીને ૫૦ યુનિટ BPL વીજ ગ્રાહકોના લાભમાં કરેલ છે.

વધુમાં, માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ વીજ દર ઉપરાંત, વીજ ઉત્પાદન માટેના બળતણ અને તેના પરિવહનના દરમાં જે વધ ઘટ થાય છે તેને સરભર કરવા માટે માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ પદ્ધતિ મુજબ વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ (ત્રિમાસિક ધોરણે ગણતરી કરી) વસૂલાત કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષની સ્થિતિએ બળતણ અને તેના પરિવહનના દરમાં વધારો–ઘટાડો થવાને કારણે ફ્યુઅલ સરચાર્જમાં જે વધ–ઘટ થયેલ છે તેની વિગત નીચે મુજબ છે:

| વર્ષ | વસૂલાતનો ત્રિમાસિક ગાળો | ફ્યુઅલ સરચાર્જ (રૂ./યુનિટ) | વધારો(+)/ ઘટાડો(–) (રૂ./યુનિટ) |
|---|---|---|---|
| ૨૦૧૯ | જાન્યુઆરી ૧૯થી માર્ચ ૧૯ | ૧.૯૦ | – |
| | એપ્રિલ ૧૯થી જૂન ૧૯ | ૧.૯૦ | ૦.૦૦ |
| | જુલાઈ ૧૯થી સપ્ટેમ્બર ૧૯ | ૨.૧૦ | ૦.૨૦ |
| | ઓક્ટોબર ૧૯થી ડીસેમ્બર ૧૯ | ૨.૧૦ | ૦.૦૦ |
| ૨૦૨૦ | જાન્યુઆરી ૨૦થી માર્ચ ૨૦ | ૨.૦૬ | –૦.૦૪ |
| | એપ્રિલ ૨૦થી જૂન ૨૦ | ૧.૯૦ | –૦.૧૬ |
| | જુલાઈ ૨૦થી સપ્ટેમ્બર ૨૦ | ૨.૦૦ | ૦.૧૦ |
| | ઓક્ટોબર ૨૦થી ડીસેમ્બર ૨૦ | ૧.૮૧ | –૦.૧૯ |
| ૨૦૨૧ | જાન્યુઆરી ૨૧થી માર્ચ ૨૧ | ૧.૮૧ | ૦.૦૦ |
| | એપ્રિલ ૨૧થી જૂન ૨૧ | ૧.૮૦ | –૦.૦૧ |
| | જુલાઈ ૨૧થી સપ્ટેમ્બર ૨૧ | ૧.૯૦ | ૦.૧૦ |

આમ, ઉપર મુજબ છેલ્લા બે વર્ષમાં ઘરવપરાશના વીજ દરમાં

ઘટાડો થયેલ છે તેમજ ઔદ્યોગિક હેતુ માટે વીજ દરમાં કોઈપણ ફેરફાર થયેલ નથી, જેથી કોઈ વધારાની આવક થયેલ નથી.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૮૮ **શ્રી શીવાભાઈ ભુરિયા** (દિયોદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ, | (૧) *પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ. |
| (૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને | (૨) *પત્રક–૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ? | (૩) *પત્રક–૨ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વડોદરા અને બોટાદ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૩૬ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯(કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ, | (૧) *પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ. |
| (૨) ઉક્ત હોસ્પિટલવાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને | (૨) *પત્રક–૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ? | (૩) *પત્રક–૨ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં એસજીએસટી અને વેટની આવક**

૪૦૨૧૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માસવાર એસજીએસટી અને વેટની કેટલી આવક થઈ, અને | (૧) પત્રક–અ મુજબ |
| (૨) ઉક્ત આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૨) આવકમાં ઘટાડો થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક – અ**

| માસ | એસજીએસટી (રકમ રૂ.કરોડમાં) | વેટ (રકમ રૂ.કરોડમાં) |
|---|---|---|
| | **SGST+IGST Settlement** | |
| સપ્ટેમ્બર–૧૯ | ૨૭૬૧.૪૯ | ૧૭૮૨.૬૯ |
| ઓક્ટોબર–૧૯ | ૨૪૨૪.૦૧ | ૧૭૪૦.૬૨ |
| નવેમ્બર–૧૯ | ૨૭૫૫.૦૯ | ૧૮૬૬.૧૭ |
| ડીસેમ્બર–૧૯ | ૨૮૯૮.૫૩ | ૧૮૩૫.૫૯ |
| જાન્યુઆરી–૨૦ | ૩૧૩૧.૭૩ | ૧૯૭૯.૭૮ |
| ફેબ્રુઆરી–૨૦ | ૩૨૦૯.૦૦ | ૧૯૭૨.૮૨ |

| | | |
|---|---|---|
| માર્ચ–૨૦ | ૨૮૩૯.૭૮ | ૧૯૮૭.૮૧ |
| એપ્રિલ–૨૦ | ૪૯૨.૯૨ | ૧૫૩૪.૧૮ |
| મે–૨૦ | ૧૫૧૮.૫૪ | ૮૦૨.૭૦ |
| જૂન–૨૦ | ૨૪૨૨.૮૧ | ૧૨૭૬.૮૯ |
| જુલાઈ–૨૦ | ૨૫૦૪.૦૧ | ૧૫૯૩.૪૧ |
| ઓગસ્ટ–૨૦ | ૨૨૯૯.૮૩ | ૧૬૬૩.૬૧ |
| **કુલ** | **૨૯૨૫૭.૭૪** | **૨૦૦૩૬.૨૭** |
| સપ્ટેમ્બર– ૨૦ | ૨૪૧૫.૧૬ | ૧૫૬૧.૭૭ |
| ઓક્ટોબર– ૨૦ | ૨૭૩૧.૨૪ | ૧૨૦૦.૯૬ |
| નવેમ્બર– ૨૦ | ૨૯૦૪.૪૪ | ૨૫૪૬.૯૬ |
| ડીસેમ્બર– ૨૦ | ૨૯૩૯.૬૧ | ૧૯૮૯.૮૩ |
| જાન્યુઆરી–૨૧ | ૩૪૧૩.૮૦ | ૨૧૩૫.૯૯ |
| ફેબ્રુઆરી– ૨૧ | ૩૫૧૬.૯૬ | ૨૨૦૮.૧૭ |
| માર્ચ– ૨૧ | ૩૫૧૮.૦૨ | ૨૩૧૩.૦૬ |
| એપ્રિલ– ૨૧ | ૪૨૭૨.૦૬ | ૨૩૨૫.૨૮ |
| મે– ૨૧ | ૨૬૩૬.૬૪ | ૧૯૪૯.૫૮ |
| જૂન– ૨૧ | ૨૮૭૪.૭૫ | ૨૧૨૪.૪૪ |
| જુલાઈ– ૨૧ | ૩૮૯૨.૮૦ | ૨૩૭૯.૯૧ |
| ઓગસ્ટ– ૨૧ | ૩૫૨૯.૭૬ | ૨૭૨૦.૯૪ |
| **કુલ** | **૩૮૬૪૫.૨૪** | **૨૫૪૫૬.૮૯** |

---------

**નવસારી અને ડાંગ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૩૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ, | (૧) *પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ. |
| (૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને | (૨) *પત્રક–૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ? | (૩) *પત્રક–૨ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહીસાગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૪૨ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ, | (૧) *પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ. |
| (૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને | (૨) *પત્રક–૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ? | (૩) *પત્રક–૨ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં કોરોનાને કારણે દર્દીઓના મૃત્યુ**

આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

૪૦૧૯૧ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| **માસ** | **છોટાઉદેપુર** | | **નર્મદા** | |
| --- | --- | --- | --- | --- |
| | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૧ | ૦ | ૧ |
| નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૧૩ | ૦ | ૧ |
| મે | ૦ | ૨૦ | ૦ | ૧૧ |
| જૂન | ૧ | ૨ | ૦ | ૨ |
| જુલાઇ | ૧ | ૦ | ૦ | ૦ |
| ઓગસ્ટ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૨** | **૩૬** | **૦** | **૧૫** |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કોરોનાને કારણે દર્દીઓના મૃત્યુ બાબત**

૪૦૧૯૨ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ચૂકવવાની બાકી છે, અને

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| માસ | બનાસકાંઠા | | કચ્છ | |
|---|---|---|---|---|
| | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૪ | ૦ | ૩ |
| ઓક્ટોબર | ૦ | ૮ | ૦ | ૦ |
| નવેમ્બર | ૦ | ૫ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૪ | ૦ | ૦ |
| જાન્યુઆરી | ૦ | ૧ | ૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૦ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૫૬ | ૧ | ૪૭ |
| મે | ૩ | ૬૪ | ૧ | ૬૫ |
| જૂન | ૭ | ૩ | ૩ | ૦ |
| જુલાઇ | ૬ | ૦ | ૧૨ | ૦ |
| ઓગસ્ટ | ૧ | ૦ | ૧૩ | ૦ |
| **કુલ** | **૧૭** | **૧૪૫** | **૩૦** | **૧૧૫** |

---------

## સુરત અને તાપી જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ

૪૦૧૨૮ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| માસ | સુરત | | તાપી | |
|---|---|---|---|---|
| | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** | **૦૧-૦૯-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૨૦** | **૦૧-૦૯-૨૦૨૦ થી ૩૧-૦૮-૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૮૨ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૨૫ | ૦ | ૨ |
| નવેમ્બર | ૦ | ૪ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૪ | ૦ | ૦ |
| જાન્યુઆરી | ૦ | ૨ | ૦ | ૧ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| માર્ચ | ૦ | ૧ | ૦ | ૦ |
| એપ્રિલ | ૧ | ૫૬ | ૦ | ૨ |
| મે | ૧ | ૧૧૮ | ૦ | ૧૦ |
| જૂન | ૭ | ૨૧ | ૦ | ૩ |
| જુલાઇ | ૭૫ | ૩ | ૧ | ૦ |
| ઓગસ્ટ | ૮૬ | ૧ | ૩ | ૧ |
| **કુલ** | **૧૭૦** | **૩૧૭** | **૪** | **૧૯** |

---------

**ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૬૧ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં *પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ અને ગીર સોમનાથ જિલ્લામાં કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરવામાં આવેલ નથી.

(૨) *પત્રક–૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ.

(૩) *પત્રક–૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોનાને કારણે દર્દીઓના મૃત્યુ બાબત**

૪૦૧૭૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા,

(૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી,

(૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને

(૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **માસ** | **ગાંધીનગર** | | **સુરેન્દ્રનગર** | |
|---|---|---|---|---|
| | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૧૮ | ૦ | ૨ |
| ઓક્ટોબર | ૦ | ૧૧ | ૦ | ૨ |
| નવેમ્બર | ૦ | ૭ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૩ | ૦ | ૦ |
| જાન્યુઆરી | ૦ | ૨ | ૦ | ૧ |
| ફેબ્રુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૨ | ૦ | ૧ |
| એપ્રિલ | ૧ | ૩૩ | ૦ | ૮૧ |

| | | | | |
|---|---|---|---|---|
| મે | ૧૧ | ૨૯ | ૧ | ૪૧ |
| જૂન | ૧૨ | ૪ | ૬ | ૦ |
| જુલાઇ | ૮ | ૦ | ૧ | ૦ |
| ઓગસ્ટ | ૩ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૩૫** | **૧૦૯** | **૮** | **૧૨૮** |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં રસ્તા, કોઝવે અને નાળાની કામગીરી**

૩૯૮૯૧ **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટાઉદેપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૦–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગામના રસ્તા નદી–કોતર ઉપરના કોઝવે અને નાળા અતિવૃષ્ટિથી તુટી ગયેલા છે તથા તેને બનાવવા માટે સરકારને કેટલી રકમની દરખાસ્તો ક્યારે મળી,

(૨) રાજ્ય સરકારે કોઝવે/નાળા/સ્લેબડ્રેન બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી, જોબનંબર આપવામાં આવ્યા અને કેટલી રકમ ફાળવવાની બાકી છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે તુટી ગયેલા તમામ નાળા/કોઝવેને ડાયવર્ઝન આપી વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. જે રસ્તાઓ, નાળા/કોઝવે તુટી ગયેલ છે તેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | રસ્તાઓ | નાળા/કોઝવે |
|---|---|---|
| છોટાઉદેપુર | – | ૧ |
| ક્વાંટ | – | ૫ |
| પાવીજેતપુર | – | – |
| બોડેલી | – | ૧ |
| સંખેડા | – | – |
| નસવાડી | – | ૧ |

કુલ–૯ ગામોના ૮ નાળા/કોઝવેને નવા બનાવવા રૂ.૧૮૪૦ લાખની દરખાસ્તો મળેલ છે.

(૨) કુલ–૩ કામોને રૂ.૪૦૦ લાખના જોબનંબર ફાળવવામાં આવ્યા.

(૩) મંજૂર થયેલ કામો બનતી ત્વરાએ, બાકીના તાંત્રિક જરૂરિયાત અનુસાર.

---------

**જૂનાગઢ જિલ્લામાં વજમી ડેમ પર જવાનો રસ્તો**

૩૯૭૪૪ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વજમી ડેમ પર જવાનો રસ્તો વન વિભાગ હસ્તકનો છે તે હકીકત સાચી છે, કે કેમ

(૨) જો હા, તો ઉક્ત રસ્તો છેલ્લે ક્યારે રીસરફેસ કરવામાં આવ્યો હતો,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર રસ્તો રીસરફેસ કરવા માટેની કેટલી અરજીઓ મળી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ અરજીઓ અન્વયે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વજમી ડેમ પર જવાનો રસ્તો વન વિભાગ હસ્તકના અનામત જંગલમાંથી પસાર થાય છે.

(૨) ઉક્ત રસ્તાને રીસરફેસ કરવામાં આવેલ નથી.

(૩) છેલ્લા બે વર્ષમાં સદર રસ્તો રિસરફેસ કરવા માટે સિંચાઇ વિભાગ, જૂનાગઢ તરફથી તા.૧૮–૦૮–૨૦૨૧ના રોજ નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢને એક અરજી મળેલ છે.

(૪) નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ દ્વારા કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ વિભાગ, જૂનાગઢને નિયમોનુસાર વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ મંજૂરી માટેની દરખાસ્ત કરવા જણાવવામાં આવેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાંથી સિંહોને અન્ય સ્થળે લઇ જવા બાબત**

૪૦૨૬૯ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ અને રાજુલા વિસ્તારમાંથી કેટલા સિંહોને ક્યા કારણોસર અન્ય સ્થળે લઇ જવામાં આવેલ છે,

(૨) ઉક્ત સિંહોને લઇ જવા માટે કઇ કક્ષાએથી જરૂરી મંજૂરીઓ મેળવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સિંહોને રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં ક્યાં સુધીમાં પરત લાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ અને રાજુલા વિસ્તારમાંથી નીચે પ્રમાણે સિંહો અન્ય સ્થળે લઇ જવામાં આવેલ છે.

| સમયગાળો | અન્ય સ્થળે લઇ ગયેલ સિંહો | લઇ જવાના કારણો |
|---|---|---|
| તા.૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦ | ૧૧ | • બિમાર સિંહોની સારવાર અને સ્વાસ્થ્યની ચકાસણી માટે |
| તા.૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧ | ૨૦ | • માદા સિંહથી વિખુટા પડી ગયેલા બચ્ચાનું વ્યવસ્થાપન માટે |
| કુલ | ૩૧ | |

(૨) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ હેઠળ આ માટે એનાયત થયેલી સત્તાની રૂએ ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડન કક્ષાએથી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૨૩ સિંહોને રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં ૦૫ સિંહોને ગીર રક્ષિત વિસ્તારમાં મુક્ત કરવામાં આવેલ છે. ૦૩ સિંહો સારવાર દરમિયાન મૃત્યુ પામેલ છે.

---------

**કેન્દ્રીય સાતમાં પગારપંચની ભલામણો**

૪૦૨૦૫ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૩–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૪૫૬૫ (અગ્રતા–૯૬)ના અનુસંધાને **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓના ભથ્થા તેમજ પગાર વિસંગતતા બાબતોની વિચારણા કરવા અર્થે નાણા વિભાગના તા.૧૦–૧૦–૨૦૧૬ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે તે સમિતિ દ્વારા સરકારને અહેવાલ રજૂ કરવામાં આવેલ ન હતો તેના કારણો શા છે,

(૨) ઉક્ત સમિતિઓ તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ કોઈ અહેવાલ સરકારને રજૂ કરેલ છે કે કેમ, અને

(૩) જો ઉક્ત સ્થિતિએ સમિતિઓ દ્વારા સરકારને અહેવાલ રજૂ કરવાની કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) સમિતિઓના ક્ષેત્રાધિકારની બાબત હોઈ, સમિતિઓ દ્વારા અહેવાલ રજૂ થયેથી સરકારશ્રી દ્વારા વિચારણા કરવની રહે છે.

(૨) ના, જી.

(૩) ના, જી.

---------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૪૦૨૩૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા લાભાર્થીઓને વિધવા સહાય ચૂકવવાની બાકી છે,

**જવાબ**

(૧)

| બનાસકાંઠા જિલ્લો | | | | પાટણ જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
| પાલનપુર | ૩૭૨ | દાંતા | ૬૧૮ | પાટણ | ૬૧૨ |
| વડગામ | ૨૪૮ | વાવ | ૧૫૮ | ચાણસ્મા | ૪૩૬ |
| ડીસા | ૮૮૦ | થરાદ | ૨૧૭ | સિધ્ધપુર | ૩૭૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કાંકરેજ | ૭૬૩ | સુઈગામ | ૩૧૨ | સરસ્વતી | ૨૭૮ |
| ધાનેરા | ૧૮૩ | ભાભર | ૨૩૬ | હારીજ | ૧૮૭ |
| દાંતીવાડા | ૨૨૨ | દિઓદર | ૧૭૩ | સમી | ૧૪૧ |
| અમીરગઢ | ૩૯૯ | લાખણી | ૧૧૫ | શંખેશ્વર | ૧૧ |
| | | | | રાધનપુર | ૨૦ |
| | | | | સાંતલપુર | ૨૦૬ |

(૨) ઉક્ત લાભાર્થીઓને વિધવા સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાકી લાભાર્થીઓને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે ?

(૨) PFMS પોર્ટલમાં નોંધણીમાં સમય લાગવાના કારણે તથા લાભાર્થીની અરજી મંજૂર થાય તે પહેલા ઓગસ્ટ માસનું ચૂકવણું થઈ જવાના કારણે.

(૩) બનતી ત્વરાએ.

---------

## રાજ્યને જીએસટી કોમ્પેન્સેશન અન્વયે લેવાની નિકળતી રકમ

૪૦૨૧૦ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ જીએસટી કોમ્પેન્સેશન અન્વયે કેન્દ્ર સરકાર પાસે લેવાની નિકળતી રકમનો હપ્તો રાજ્ય સરકારને સમયસર મળતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત લેવાની નિકળતી રકમ સમયસર મળે તે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કેન્દ્ર સરકાર સમક્ષ કર્યા, અને

(૩) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શા પ્રતિભાવ આપ્યા ?

**જવાબ**

(૧) વળતર દર બે માસને અંતે મળવાપાત્ર થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઉક્ત સ્થિતિએ વળતર સામે ₹ ૬૧૫૧.૧૦ કરોડની એડવાન્સ લોન અને ₹૮૬૩.૯૪ કરોડ એડવાન્સ આઈ.જી.એસ.ટી. મળેલ છે.

(૨) જે તે સમયે મળવાપાત્ર વળતર સંદર્ભે નવેમ્બર ૨૫, ૨૦૧૯ના રોજ ભારત સરકારના રેવન્યુ સેક્રેટરીને પત્ર પાઠવવામાં આવેલ.

(૩) ભારત સરકાર તરફથી વખતો-વખત કોમ્પેન્સેશનનો હપ્તો ચૂકવવામાં આવેલ છે.

---------

## જામનગર અને મોરબી જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં દર્દીઓનાં મૃત્યુ

૪૦૧૬૫ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ-૧૯(કોરોના) રોગની સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં કોવિડ-૧૯ (કોરોના) માટે કોઈ ખાનગી હોસ્પિટલને ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ નથી અને મોરબી જિલ્લાની માહિતી *પત્રક-૧ના કોલમ નં.૩ મુજબ.

(૨) મોરબી જિલ્લાની માહિતી *પત્રક-૧ના કોલમ નં.૪ અને ૫ મુજબ.

(૩) મોરબી જિલ્લાની માહિતી *પત્રક-૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## કેવડીયા ખાતે લલ્લુજી એન્ડ સન્સ દ્વારા કબજો કરેલ જંગલની જમીન

૪૦૨૬૬ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવડીયા ખાતે લલ્લુજી એન્ડ સન્સ દ્વારા બનાવવામાં આવેલ ટેન્ટ સીટીમાં અનઅધિકૃત કબજો કરેલ જંગલની કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ અનઅધિકૃત કબજો કરેલ જંગલની કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉકત બાકી જમીન કયા સુધીમાં ખુલ્લી કરાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવડીયા ખાતે લલ્લુજી એન્ડ સન્સ દ્વારા નવ વિસ્તારની જમીન ઉપર અનઅધિકૃત કબજો કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**કેન્દ્ર સરકાર સમક્ષ કોરોના રસીના ડોઝની માંગણી**

૪૦૧૫૭ **શ્રી પૂંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કોરોના રસીના કેટલા ડોઝની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી માસવાર કેટલા રસીના ડોઝ મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ મળેલ ડોઝ પૈકી માસવાર કેટલા ડોઝ નાગરીકોને આપવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ માસવાર કેટલા રસીના ડોઝનો કયા કારણોસર બગાડ થયો ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા દેશના તમામ રાજ્યોને વેક્સિનની ઉપલબ્ધતા તથા જરૂરિયાતને ધ્યાને રાખીને જથ્થો ફાળવવામાં આવે છે અને જેમ જેમ રાજ્યમાં વપરાશ થાય તેમ રાજ્યની માંગણી મુજબ જથ્થો ફાળવાયો છે.

(૨) માસવાર મળેલ રસીના ડોઝ

| **ક્રમ** | **માસ** | **મળેલ જથ્થો** |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી–૨૦૨૧ | ૧૧,૩૩,૪૦૦ |
| ૨ | ફેબ્રુઆરી–૨૦૨૧ | ૧૯,૫૩,૫૬૦ |
| ૩ | માર્ચ–૨૦૨૧ | ૫૧,૮૧,૨૧૦ |
| ૪ | એપ્રિલ–૨૦૨૧ | ૪૯,૦૧,૧૭૦ |
| ૫ | મે–૨૦૨૧ | ૪૩,૯૮,૬૯૦ |
| ૬ | જૂન–૨૦૨૧ | ૭૪,૧૫,૬૬૦ |
| ૭ | જુલાઈ–૨૦૨૧ | ૬૯,૭૦,૯૦૦ |
| **કુલ** | | **૩,૧૯,૫૪,૫૯૦** |

(૩) મળેલ ડોઝ પૈકી માસવાર નાગરીકોને આપવામાં આવેલ ડોઝ

| **ક્રમ** | **માસ** | **કવરેજ** |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી–૨૦૨૧ | ૩,૧૯,૧૨૦ |
| ૨ | ફેબ્રુઆરી–૨૦૨૧ | ૯,૯૬,૬૭૪ |
| ૩ | માર્ચ–૨૦૨૧ | ૫૨,૦૧,૪૦૦ |
| ૪ | એપ્રિલ–૨૦૨૧ | ૬૪,૫૭,૮૯૬ |
| ૫ | મે–૨૦૨૧ | ૪૩,૪૧,૭૬૮ |
| ૬ | જૂન–૨૦૨૧ | ૮૪,૪૨,૩૬૧ |
| ૭ | જુલાઈ–૨૦૨૧ | ૭૫,૦૬,૭૫૬ |
| **કુલ** | | **૩,૩૨,૬૫,૯૭૫** |

(૩) લાભાર્થીને એક ડોઝ રસી આપવામાં આવે છે અને રસીના ડોઝ વાયલમાં આવે છે તેમજ એક વાયલમાં ૧૦ લાભાર્થી માટેના ડોઝ હોય છે. એક રસીનો વાયલ ખોલ્યા બાદ રસીનો ઉપયોગ મહત્તમ ચાર કલાક સુધી જ કરી શકાય છે. જે રસીના ડોઝનો બગાડ અંગેનું કારણ હોય છે. રાજ્યમાં મે થી જુલાઈ માસ દરમિયાન મળેલ કોવિશિલ્ડ રસીના વાયલ સામે કુલ ૧૦,૬૩,૪૫૬ લાભાર્થીઓનું વધુ રસીકરણ કરવામાં આવેલ છે.

**માસવાર રસીના ડોઝનો બગાડ થયો તેની વિગતો**

| **ક્રમ** | **માસ** | **વેસ્ટેજ** | |
|---|---|---|---|
| | | **કોવિશલ્ડ** | **કોવેક્સીન** |
| ૧ | જાન્યુઆરી–૨૦૨૧ | – | – |
| ૨ | ફેબ્રુઆરી–૨૦૨૧ | ૪૭૪૨૨ | ૩૩૯૬૯ |
| ૩ | માર્ચ–૨૦૨૧ | ૩૭૫૫૮૬ | ૬૯૮૭૪ |
| ૪ | એપ્રિલ–૨૦૨૧ | ૯૦૭૫૩ | ૧૦૭૨૧૯ |
| ૫ | મે–૨૦૨૧ | ૦૦ | ૬૮૧૪૨ |
| ૬ | જૂન–૨૦૨૧ | ૦૦ | ૪૪૪૧ |
| ૭ | જુલાઈ–૨૦૨૧ | ૦૦ | ૩૬૦૬૦ |
| **કુલ** | | **૫,૧૩,૭૬૧** | **૩,૧૯,૭૦૫** |

---------

**બોટાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનાની અરજીઓ**

૪૦૧૦૦ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૨૨.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૨.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૧૧,૦૦,૦૦૦.

---------

**રાજ્યની યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂક**

૪૦૨૪૩ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરી લોકપાલની નિયુક્તિ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સર્ચ કમિટીની તા.૧૦-૦૯-૨૦૨૦ની બેઠકમાં નક્કી થયાં મુજબ પુરતા પ્રમાણમાં યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ના હોઈ, પુનઃ જાહેરાત આપવાની થાય. જાહેરાત પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) બનતી ત્વરાએ.

---------

**છોટા ઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં વન વિસ્તારની જમીન ઉપર અતિક્રમણ**

૪૦૨૮૦ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યનો કુલ વન વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ જંગલ વિસ્તારની કેટલી જમીન ડી-નોટીફાઈડ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કુલ વન વિસ્તાર પૈકી છોટા ઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં વન વિસ્તારની કેટલી જમીન ઉપર અતિક્રમણ થયું છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ થયેલ અતિક્રમણ અન્વયે અતિક્રમણ કરનાર સામે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યનો કુલ વન વિસ્તાર ૨૧૮૭૬.૪૬ ચો.કી.મી. છે.

(૨) ઉક્ત સ્થતિએ કુલ ૧૨૦.૯૬ ચો.કી.મી. જમીન ડી-નોટીફાઈડ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં વન વિસ્તારની જમીન ઉપર કોઈ અતિક્રમણ થયેલ નથી, જ્યારે પંચમહાલ જિલ્લામાં વન વિસ્તારની ૦.૦૨૮૦ ચો.કી.મી. જમીન ઉપર અતિક્રમણ થયેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં વન વિસ્તારની જમીન ઉપર થયેલ અતિક્રમણ અન્વયે અતિક્રમણ કરનાર સામે ગુનો નોંધી કસુરવાર સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

**વડોદરા અને સુરત જિલ્લામાં ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડવા બાબત**

૪૦૨૦૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઈસમો/વેપારી એકમો પકડાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઈ, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | ખોટી વેરાશાખ મેળવનાર વેપારીઓ/કેસની સંખ્યા | |
|---|---|---|---|
| | | **તા.૦૧/૦૯/૧૯ થી ૩૧/૦૮/૨૦** | **તા.૦૧/૦૯/૨૦ થી ૩૧/૦૮/૨૧** |
| ૧ | વડોદરા | ૬૭ | ૨૫ |
| ૨ | સુરત | ૧૩૯૭ | ૬૩૦ |
| | **કુલ** | **૧૪૬૪** | **૬૫૫** |

(૨)

| ક્રમ | જિલ્લો | ખોટી વેરાશાખની રકમ (₹ કરોડમાં) | |
|---|---|---|---|
| | | **તા.૦૧/૦૯/૧૯ થી** | **તા.૦૧/૦૯/૨૦ થી** |

| | | ૩૧/૦૮/૨૦ | ૩૧/૦૮/૨૧ |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૭.૯૫ | ૫.૦૬ |
| ૨ | સુરત | ૨૯૯.૯૫ | ૭૦.૦૭ |
| | **કુલ** | **૩૨૭.૫૦** | **૭૫.૧૩** |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમો/વેપારી એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) બોગસ બિલીંગથી ખોટી વેરાશાખ મેળવનાર વેપારીઓએ મેળવેલ ખોટી વેરાશાખની વસૂલાતની વિગત નીચે મુજબ છે.

| **વિગતો** | | **વડોદરા** | | |
|---|---|---|---|---|
| | | **તા.૦૧/૦૯/૧૯ થી ૩૧/૦૮/૨૦** | **તા.૦૧/૦૯/૨૦ થી ૩૧/૦૮/૨૧** | **કુલ** |
| થયેલ વસૂલાત | કેસોની સંખ્યા | ૪૭ | ૧૦ | ૫૭ |
| | રકમ (₹કરોડમાં) | ૫.૩૩ | ૧.૩૧ | ૬.૬૪ |
| બાકી વસૂલાત | કેસોની સંખ્યા | ૨૦ | ૧૫ | ૩૫ |
| | રકમ (₹કરોડમાં) | ૨૨.૬૨ | ૩.૭૫ | ૨૬.૩૭ |
| **વિગતો** | | **સુરત** | | |
| | | **તા.૦૧/૦૯/૧૯ થી ૩૧/૦૮/૨૦** | **તા.૦૧/૦૯/૨૦ થી ૩૧/૦૮/૨૧** | **કુલ** |
| થયેલ વસૂલાત | કેસોની સંખ્યા | ૬૨૮ | ૩૩૫ | ૯૬૩ |
| | રકમ (₹કરોડમાં) | ૬૩.૬૧ | ૧૭.૩૮ | ૮૦.૯૯ |
| બાકી વસૂલાત | કેસોની સંખ્યા | ૭૬૯ | ૨૯૫ | ૧૦૬૪ |
| | રકમ (₹કરોડમાં) | ૨૩૫.૯૪ | ૫૨.૬૯ | ૨૮૮.૬૩ |

બોગસ બિલીંગથી ખોટી વેરાશાખ મેળવનાર વેપારીઓએ મેળવેલ ખોટી વેરાશાખ અંગે સંડોવાયેલ વેપારી એકમો સામે કાયદાકીય જોગવાઈ મુજબ સમન્સ/નોટીસ, Adjudication ની પ્રક્રિયા વિગેરે કાર્યવાહી હાથ ધરાયેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળની અરજીઓ**

૪૦૫૧૫ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૦-૨૧માં મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૭૬. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૭૬. |
| (૩) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૮૭૬. |

---------

**નર્મદા જિલ્લામાં વિધવા પેન્શન સહાયની અરજીઓ**

૪૦૨૨૮ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા**(નાંદોદ):**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શન સહાય મેળવવા કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

(૧)

| **તાલુકો** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| નાંદોદ | ૧૧૪૯ |
| ડેડીયાપાડા | ૧૫૭૮ |
| સાગબારા | ૪૦૨ |
| ગરૂડેશ્વર | ૪૯૦ |

| | |
|---|---|
| તિલકવાડા | ૫૨૦ |

(૨)મળેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ૩૯૯૮.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ લાભાર્થી પૈકી કેટલા લાભાર્થીઓને પેન્શન સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ૩૬૯૫.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે તેના કારણો શા છે ?

(૪) ૩૦૩ લાભાર્થીની અરજી મંજૂર થયા તે પહેલા ઓગસ્ટ–૨૧ની સહાય જમા કરવાની પ્રક્રિયા થઇ ગયેલ હોવાથી સહાય ચૂકવવાની બાકી છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૪૦૦૯૯ **શ્રીમતી સીમાબેન મોહિલે**(અકોટા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૬ | ૬ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળની અરજીઓ**

૪૦૩૦૯ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, અને

(૧) ૧૦,૦૪૬.

(૨) તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરી ?

(૨) ૦.

---------

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર રેમડેસીવરનો જથ્થો**

૪૦૧૪૦ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને વડોદરા શહેર/જિલ્લામાંથી કેટલી વ્યક્તિઓ પાસેથી રેમડીસીવર ઇંજેકશનનો ગેરકાયદેસર જથ્થો પકડવામાં આવ્યો,

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર/જિલ્લામાંથી ૫૬ વ્યક્તિઓ અને વડોદરા શહેર/જિલ્લામાંથી ૧૫ વ્યક્તિઓ પાસેથી રેમડીસીવર ઇંજેકશનનો ગેરકાયદેસર જથ્થો પકડવામાં આવ્યો.

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ૫૪ ઇસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૧૭ ઇસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) ગેરકાયદેસર રેમડીસીવર ઇંજેકશનની ફેરાફેરી અને વેચાણ ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરી દવા બજારમાં ચાંપતી નજર રાખવામાં આવે છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાયની અરજીઓ**

૪૦૨૩૩ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે

(૧)

વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શન સહાય મેળવવા કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૪૫૫૩ |
| કલોલ | ૪૩૮૮ |
| માણસા | ૪૭૫૧ |
| દહેગામ | ૫૭૧૦ |

(૨)મળેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે, — (૨) ૧૯૩૬૮.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ લાભાર્થી પૈકી કેટલા લાભાર્થીઓને પેન્શન સહાય ચૂકવવામાં આવી, — (૩) ૧૯૩૬૮.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે તેના કારણો શા છે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાની અરજીઓ**

૪૦૧૦૩ **શ્રી ગોવિંદભાઇ પરમાર**(ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વર્ષ ૨૦૨૦–૨૧માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩. |
| (૨) તે પૈકી તા.૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ કેટલી લોન આપવામાં આવી ? | (૨) રૂ. ૧૯૫ લાખ. |

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ બાબત**

૪૦૧૪૬ **શ્રી કાન્તીભાઇ પરમાર**(ઠાસરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ને કારણે કેટલા દર્દીઓના મોત થયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કેટલી રકમની સહાય ચૂકવવાની થાય છે, | (૨) મૃત્યુ પામેલા દર્દીના વારસદારને કોઇ રકમની સહાય ચૂકવવાની થતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર મૃત્યુ પામેલા દર્દીના કેટલા વારસદારોને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા વારસદારોને સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) બાકી રહેલા વારસદારોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| **માસ** | **ખેડા** | | **આણંદ** | |
|---|---|---|---|---|
| | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** | **૦૧–૦૯–૨૦૧૯ થી ૩૧–૦૮–૨૦૨૦** | **૦૧–૦૯–૨૦૨૦ થી ૩૧–૦૮–૨૦૨૧** |
| સપ્ટેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| નવેમ્બર | ૦ | ૧ | ૦ | ૦ |
| ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૧ |
| જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ૧ | ૦ | ૦ |
| માર્ચ | ૦ | ૨ | ૦ | ૦ |
| એપ્રિલ | ૦ | ૪ | ૪ | ૮ |
| મે | ૪ | ૨૩ | ૬ | ૨૧ |
| જૂન | ૨ | ૨ | ૩ | ૨ |
| જુલાઇ | ૯ | ૦ | ૦ | ૧ |
| ઓગસ્ટ | ૦ | ૦ | ૩ | ૦ |
| **કુલ** | **૧૫** | **૩૩** | **૧૬** | **૩૩** |

---------

**ભાવનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં દર્દીઓના મૃત્યુ**

૪૦૧૫૪ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯ (કોરોના) ડેઝીગ્નેટેડ કેટલી હોસ્પિટલો જાહેર કરવામાં આવેલ, | (૧) *પત્રક–૧ ના કોલમ નં.૩ મુજબ. |
| (૨) ઉક્ત હોસ્પિટલ વાર વર્ષવાર કેટલા દર્દીઓએ કોવિડ–૧૯ (કોરોના) રોગની સારવાર લીધી, અને | (૨) *પત્રક–૧ ના કોલમ નં.૪ અને ૫ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા ? | (૩) *પત્રક–૨ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્ય સરકાર દ્વારા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ અંગે કમિટિની રચના**

૪૦૪૦૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૬/૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ અંગે અભ્યાસ કરવા કોઇ કમિટિની રચના કરવામાં આવી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કમિટિની રચના ક્યારે કરવામાં આવી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ઉક્ત કમિટિની રચના ક્યારે કરવામાં આવી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કમિટિના ચેરમેન અને સભ્યો કોણ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

''સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ'' પુસ્તકનું વિમોચન

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રીની જાહેરાત

સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ ભાગ-૧ અને ભાગ-૨ પુસ્તકનું વિમોચન

અધ્યક્ષશ્રી: આપણે પુસ્તકનું વિમોચન કરીએ. સંસદીય લોકશાહીમાં સર્વોચ્ચ સ્થાને રહેલા સભાગૃહની કાર્યવાહીના સંચાલન માટે માર્ગદર્શક નિયમો હોવા જરૂરી છે. માર્ગદર્શક નિયમોના કારણે ગૃહની કાર્યવાહીમાં નિયમિતતા અને એકવાક્યતા જળવાઇ રહે છે. પ્રજા જીવનના પ્રશ્નોને વાચા આપતું આ વિધાનસભા ગૃહ એક જીવંત સંસ્થા છે. સતત બદલાતા જતા સમય અને સંજોગોને ધ્યાને લઇને ગૃહની કાર્યપધ્ધતિ અને પ્રણાલીઓમાં પણ પરિવર્તન થતા રહે છે. વિધાનસભા ગૃહ જે નિયમોને આધીન ચાલે છે, તે મહદ્અંશે બ્રિટનની સંસદીય કાર્યપદ્ધતિ ઉપર આધારિત છે. સંસદીય લોકશાહીનો ઇતિહાસ, તેનો વિકાસ, તેના નિયમો અને તેની પ્રણાલીઓ સમજવા માટે અંગ્રેજી ભાષામાં ઘણા પુસ્તકો છે. પરંતુ માતૃભાષા ગુજરાતીમાં એક માત્ર સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ પુસ્તક જ ઉપલબ્ધ છે. આ પુસ્તકને સૌ પ્રથમ સન ૧૯૮૯માં ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા ભાગ-૧ અને ભાગ-૨ એમ બે ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેને તૈયાર કરવામાં આ સચિવાલયના નિવૃત સચિવશ્રી બારોટનો સિંહફાળો રહ્યો હતો. આ પુસ્તકનો વિધાનસભાના સભ્યશ્રીઓ, વિધાનસભા સચિવાલય અને મુલ્કી સચિવાલયના અધિકારીઓ તથા સંશોધકો અભ્યાસ માટે ઉપયોગ કરતા આવ્યા છે. પુસ્તકની મૂળ આવૃતિની પ્રસિદ્ધિને ૩૨ વર્ષ જેટલો લાંબો સમય ગાળો વિતી ગયો છે. છેલ્લા ૩૨ વર્ષમાં ભારતીય સંસદીય લોકશાહીના પ્રવાહો અને અનેક ઘટનાઓમાં તેમજ રાજકીય ક્ષેત્રે ઘણા ફેરફારો થયા છે. તેમજ ૪૪ જેટલા બંધારણીય સુધારાઓ પણ થયા છે. ઉકત ત્રણ દશકા દરમ્યાન સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓમાં પણ સમયને અનુરૂપ ફેરફારો થયા છે. તે તમામ ફેરફારોનો તલસ્પર્શી અભ્યાસ કરીને ઉકત પુસ્તકમાં સુધારા વધારા અને સંશોધનની આવશ્યકતા તત્કાલીન અધ્યક્ષ અને વર્તમાન સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીને આ જણાતાં તેઓએ આ પુસ્તકની સંશોધિત આવૃતિ તૈયાર કરવા માટે વિધાનસભાના અધિકારીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને આ કામગીરી ઝડપથી તથા સમયમર્યાદામાં તૈયાર થાય તે માટે સતત ચિંતા કરતા હતા. સમયાંતરે એની સમીક્ષા કરી તેમના તરફથી અમૂલ્ય માર્ગદર્શનના કારણે અને લોકડાઉનના સમયનો સદુપયોગ કરી આ સચિવાલયના સચિવશ્રી ડી.એમ.પટેલ તથા તમામ અધિકારીઓએ ખૂબ જ ટૂંકા સમયમાં પોતાની રોજીંદી કામગીરી ઉપરાંત ખૂબ મહેનતથી આ પુસ્તકની સંશોધિત આવૃતિ તૈયાર કરી છે. આ માટે વિધાનસભાના સચિવશ્રી અને સર્વે અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરી- સેવાઓ બિરદાવવાલાયક છે અને તેના પરિપાકરૂપે જ આ પુસ્તક ખૂબ જ ટૂંકા ગાળામાં ખૂબ સરસ રીતે તૈયાર થઇ શકયું છે.

આ પુસ્તકના કુલ ૩૬ પ્રકરણોમાં સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ સંબંધે વિષયવાર જુદા જુદા પ્રકરણોમાં જે તે વિષય અંગે વિશદ્ છણાવટ કરીને સમજૂતી આપવામાં આવી છે. આ પુસ્તકમાં બંધારણની ૧૦ મી અનુસૂચિ, પક્ષાંતર વિરોધી ધારો, અને તેને સંબંધે ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલા અગત્યના કોર્ટ કેસોના ચૂકાદાઓના સારાંશ સાથે નવાં પ્રકરણ ૩૬નો સમાવેશ કર્યો છે. સન ૧૯૮૯થી ૨૦૨૧ દરમ્યાન સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ સંબંધે બનેલા અગત્યના બનાવો તેમજ અગત્યના અદાલતી ચૂકાદાઓ ટાંકીને આ વિષયમાં રસ ધરાવતા તમામને જરૂરી માર્ગદર્શન અને માહિતી મળી રહે તે પ્રકારે તેની ચીવટપૂર્વક ગોઠવણી કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આશા છે કે સંસદીય કાર્યરીતિના ક્ષેત્રે રસ ધરાવતા ધારાસભ્યશ્રીઓ, રાજયશાસ્ત્ર વિષયના તજજ્ઞો, સંશોધકો, વિદ્યાર્થીઓ વિધાનસભા અને મુલ્કી સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓ તમામને આ અદ્યતન પુસ્તક ઉપયોગી સાબિત થશે.

આ પુસ્તકનું વિમોચન કરવા માટે હું માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ, સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી અને ઉપનેતાશ્રી શૈલેષભાઇ પરમાર તથા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલને વિતંની કરું છું અને તેઓ સૌને ગૃહના ટેબલ આગળ આવવા પણ મારી વિનંતી છે.

આ તબક્કે માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય, માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ, સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી અને ઉપનેતાશ્રી શૈલેષભાઇ પરમાર તથા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલ સૌએ ગૃહના ટેબલ આગળ ભેગા મળી સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ ભાગ-૧ અને ભાગ-૨ પુસ્તકના વિમોચનની વિધિ સંપન્ન કરી.

**અધ્યક્ષશ્રી :** માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદી.

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. ૩૨ વર્ષ બાદ અને આપણી જ માતૃભાષા ગુજરાતીમાં સંસદીય કાર્યરીતી અને પ્રણાલિઓનું પુસ્તક પુન: પ્રકાશિત થવા જઇ રહ્યું છે, હવે કર્યું છે. સમયનો સદુપયોગ કરીને મેં ખૂબ જ પ્રયાસ કરીને વિધાનસભા સચિવાલયના તમામ અધિકારીઓ, કર્મચારીઓને એક ઝૂંબેશરૂપે કાર્યરત કર્યા હતા, એના પરિપાકરૂપે બે પુસ્તક આપણે પ્રકાશિત કરી શકયા,

## તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## ''સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ'' પુસ્તકનું વિમોચન

પહેલા એક અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, જે ૬૦ વર્ષ દરમિયાનનું આખું કમ્પાઈલેશન, તેનું વિમોચન આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબના હસ્તે થયું હતું. ત્યાર પછી આ અદભૂત પુસ્તકનું વિમોચન થયું છે. એ બદલ હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓના પુસ્તકની અંદર તમે વિગતમાં જોશો, બધા ને આ પુસ્તક ઉપલબ્ધ થશે. માનનીય સ્પીકર સાહેબ, હું સ્પીકર સ્થાને હતો ત્યારે આ પુસ્તક પૂરું થઇ ગયું હતું અને પ્રિન્ટીંગમાં જતું રહ્યું હતું અને એની કોપીઓ પણ આવી ગઇ હતી. પરંતુ સંસદીય લોકશાહીની જે પરંપરાઓ છે, એ જયાં સુધી આનો અભ્યાસ આપણે નહીં કરીએ, એ આ ઉચ્ચ પરંપરાઓ, એમાંય ગુજરાતની સંસદીય પ્રણાલીની પરંપરાઓ, એ પણ આપણને અંદરથી જોવા મળશે. ૩૨ વર્ષ દરમિયાન સુપ્રીમકોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટના અને અન્ય અદાલતોના કેટલાક નિર્ણયો સંસદીય પ્રણાલીની બાબતમાં આવ્યા છે. એના એરણે ચકાસવામાં આવ્યા છે. આ બધાનું કમ્પાઇલેશન કરી અને આ પુસ્તકની અંદર સામેલ કરેલ છે. આ સંજોગોમાં આ ૩૨ વર્ષ પહેલા સંપાદિત થયેલ પુસ્તકમાં તત્કાલિન સચિવશ્રી બારોટે ખૂબ મહેનત કરી હતી અને ૩૨ વર્ષથી આ બાકીનું કામ આપણે પૂરું કર્યું છે. એમાં તમામ લોકોનો સહકાર રહ્યો છે. અધિકારીઓનો સહકાર રહ્યો છે, કર્મચારીગણનો સહકાર રહ્યો છે. અને સંસદીય પ્રણાલિની જે કાર્યરીતિની ૪૦૦ વર્ષ જૂની પરંપરા હાઉસ ઓફ કોમન્સની એ જે કાર્યપદ્ધતિ અને પ્રણાલિઓનું એસ્કીનનું જે પુસ્તક છે તે, એમાંથી ખૂબ જ સરળ રીતે સંપાદન કરવામાં આવેલી વિગતો આમાં લીધી છે. એ ઉપરાંત સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓનું એકમાત્ર પુસ્તક અંગ્રેજીમાં કોલ અને શકધરના પુસ્તકમાંથી પણ આમાં વિષયો સંપાદિત કરેલ છે. જયારે દરેક પ્રકરણને અંતે ગુજરાત વિધાનસભાની ૬૦ વર્ષની સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓનું સ્થાપિત થયેલ દ્રષ્ટાંતો સાથે વર્ણન કરવામાં આવ્યું છે. જેથી ભૂતકાળમાં બનેલ કોઇ પ્રસંગ બનાવ વખતે લીધેલ નિર્ણય ભવિષ્યમાં પણ આપણા સૌ માટે માર્ગદર્શક બની રહેશે. આ ઉપરાંત વિષયના સંશોધકોને બ્રિટન, ભારત અને ગુજરાતની સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓ પર તુલનાત્મક અભ્યાસ કરવાની પણ એક તક મળવાની છે. હું આશા રાખું છું કે આ પુસ્તક સર્વમાન્ય ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ તમામને ઉપયોગી નિવડશે. અંતમાં ખૂબ જ ટૂંકા ગાળામાં પુસ્તકનું પ્રકાશન થયું છે. પ્રિન્ટિંગ કરનારા તમામ અધિકારીઓને પણ અભિનંદન. વિધાનસભાના સચિવલાયના અધિકારીઓને પણ અભિનંદન, કર્મચારીઓને પણ અભિનંદન. આ તબક્કે હું આદરણીય સ્પીકર સાહેબનો, આદરણીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી  તથા પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ તથા વિરોધપક્ષના નેતાશ્રી ધાનાણીજી સૌ દંડકશ્રીથી માંડીને બધા જ ઉપનેતાશ્રી શૈલેષભાઇ વગેરેએ હાજર રહીને પુસ્તક વિમોચનમાં સહકાર આપ્યો છે. આપ સૌનો આભાર. ફરીવાર એક વિનંતી કરું છું  કે જે રીતે ૬૦ વર્ષનું સંકલનનું પહેલુ પુસ્તક હતું એના પછીના આ બીજા બે પુસ્તક છે ભાગ-૧ અને ભાગ-૨. આજે જ બનેલી ઘટનાને પણ ભૂતકાળના પ્રસંગોમાં આ રીતે આવરી લીધેલી આપને જોવા મળશે અને આજની ઘટનામાં સત્તાપક્ષની ઉદારતા અને આદરણીય સ્પીકરશ્રીની ઉદારતા શું હોઇ શકે એ આપણને આજ કાર્યરીતિમાંથી પણ જોવા મળશે.  ધન્યવાદ, જય જય ગરવી ગુજરાત.

**શ્રી પરેશભાઇ ધાનાણી ( વિરોધપક્ષના નેતા ) :** માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ આભાર. આજે સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ ભાગ-૧ અને ૨ ના વિમોચન પ્રસંગે મને ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો છે ત્યારે હું મારી જાતને ગૌરવ અને મહેસૂસ કરું છું.

સન ૨૦૦૨માં ૨૬ વર્ષની વયે ચૂંટાયેલો નવ જુવાન આ વિધાનસભામાં પ્રથમ વખત આવવાનું થયું એના ઘડતરમાં આ ચોપડાઓનું  ખૂબ મહત્ત્વ રહ્યું છે. ચોપડાઓ હોવા અને એનો અભ્યાસનો શોખ આ બે વસ્તુ વચ્ચે તફાવત છે. અહીંયા આવીને આ ચોપડાઓને ફેંદવાનો લાઇબ્રેરીમાં જવાનો વિધાનસભાના ગૌરવવંતા ઇતિહાસને સમજવાનો પ્રયાસ કર્યો. તત્કાલિન અધ્યક્ષશ્રી અને હાલના સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ સાથે પણ અંગત રીતે ખૂબ પરામર્શ કરેલ. આજે પણ વિધાનસભામાં આટલો થપ્પો લઇને બેસું ત્યારે અમારા શ્રી નીતિનકાકા સામે લડાઇ લડી શકાતી હતી. આ પુસ્તકની અંદર સંકલિત કરવામાં આવ્યો એનો ખૂબ આનંદ છે અને અપેક્ષા રાખું છું કે આ બે પુસ્તકોનું સંકલન એ ભવિષ્યની અંદર ગુજરાત વિધાનસભાની ચર્ચાઓને વધુ અસરકારક બનાવશે. ગુજરાતની ગૌરવવંતિ આપણી જે લોકશાહી પરંપરા છે એને સુદ્રઢ કરશે અને આ બધા જ પુસ્તકોના આ સિવાય મેં જે પ્રસ્તાવનાની અંદર માનનીય સચિવશ્રી ડી.એમ. પટેલ સાહેબે જે પ્રસ્તાવના લખી છે, માનનીય બારોટ સાહેબે આ સિવાય ૧૩ જેટલા અન્ય પુસ્તકો જે દેશની સંસદીય પ્રણાલી માટે થઇને એના સંદર્ભો ટાંકી શકાય એવું પણ આમાં અવતરણ કરવામાં આવેલ છે. મને લાગે છે કે આ સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ ભાગ-૧ અને ભાગ-૨ દરેક વિધાનસભ્યને વિધાનસભાની અંદર શ્રેષ્ઠ ધારાસભ્ય બનવા માટે પગથીયું બનશે. આ અવસરમાં ભાગીદાર બનાવવા બદલ આપનો આભાર માનું છું અને સંસદીય પ્રણાલિકા કાર્યરીતિ ભાગ-૧ અને ભાગ-૨ ખૂબ વર્ષો પછી ફરીથી પાછું સંકલન કરવાનો શ્રેય પૂર્વ અધ્યક્ષ માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદીને જાય છે. આ આખીય વિધાનસભા પરિવાર વતિ આપને અભિનંદન પાઠવું છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૧૯-૨૦ના વર્ષનો ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરનો ઓડિટ અહેવાલ

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૯-૨૦ના વર્ષનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા બાબત**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપનું ધ્યાન દોરવાનો મારો નમ્ર પ્રયાસ છે કે વિરોધપક્ષના તમામ માનનીય સભ્યશ્રીઓ કેટલાક વેલમાં આવી ગયા હતા અને પૂર્વે જે ઘટના બની હતી એ સંદર્ભને પહેલાં લઇએ અને બાકીનો ક્રમ પાછો શરૂ કરીએ.

અધ્યક્ષશ્રી : આજે જે ઘટના બની, વિધાનસભા ગૃહની અંદર જે રીતે પ્રદર્શન થયું, પોસ્ટરો બતાવ્યા, વેલમાં આવ્યા. મેં વારંવાર સૂચના આપી છતાં પણ વેલની અંદર સભ્યશ્રીઓ આવ્યા. ત્યાર પછી બન્ને પક્ષો સાથે મિટિંગ થઇ અને ચર્ચા વિચારણાને અંતે ૧૮૨ ધારાસભ્યો સૌ સાથે મળીને રાજ્યના પ્રશ્નો, લોકોના પ્રશ્નોની ચર્ચા સુમેળે થાય, ગૃહ સુચારુ વ્યવસ્થાથી ચાલે અને ખૂબ સારી રીતે આપણે હળીમળીને આ ગૃહની કાર્યવાહી કરીએ. હું આપ સૌને સૂચના આપું છું કે કોઇ પણ જાતની ઇરેગ્યુલારિટી હાઉસમાં ન થાય અને હાઉસ ખૂબ સારી રીતે, ગરિમાપૂર્ણ રીતે અને ડિસીપ્લીનથી ચાલે એવી મારી આપ સૌને વિનંતી છે. જે ચાર સભ્યોને શ્રી વિરજીભાઇ, શ્રી વિક્રમભાઇ, શ્રી કિરીટભાઇ અને શ્રી બળદેવભાઇને સસ્પેન્ડ કર્યા હતા. તેમનું સસ્પેન્શન રદ કરું છું અને સૌ સાથે મળીને જે ચર્ચા થઇ છે એ મુજબ આપણે ગરિમાપૂર્ણ રીતે કામગીરી કરીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ માતુશ્રી છો, તેનું ઉદાહરણ આ લોકોને મળી ગયું.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો ( ક્રમશઃ)**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૮-૧૯ નો ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ નિવેદન

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (મહેસૂલ મંત્રીશ્રી):**માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત જાહેર સેવા આયોગનો અહેવાલ તેમજ સ્પષ્ટીકરણાત્મક યાદી

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના હિસાબો, અહેવાલો તેમજ નિવેદન

**શ્રી પૂર્ણેશ મોદી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તથા સન ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

જસ્ટીસ(નિવૃત્ત) શ્રી ડી.એ.મહેતા તપાસ પંચના અહેવાલો

**શ્રી પૂર્ણેશ મોદી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રેય હોસ્પિટલ અમદાવાદ તથા ઉદય શિવાનંદ હોસ્પિટલ રાજકોટ ખાતેના આગના બનાવની તપાસ માટે નિમવામાં આવેલ જસ્ટિસ (નિવૃત્ત) શ્રી ડી.એ.મહેતા તપાસપંચના અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**તપાસપંચના અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રકો

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) સન ૨૦૨૦–૨૧ના વર્ષ દરમ્યાન સરકારે જે તે સંસ્થા વતી આપેલી બાંહેધરીની વિગતો દર્શાવતું પત્રક–૧.

(ખ) બાંહેધરી આપનારની રૂએ સંસ્થા વતી સરકારે સન ૨૦૨૦–૨૧ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૨૦–૨૧ દરમ્યાન જે તે સંસ્થાઓ પાસેથી કરેલ વસૂલાતોની વિગતો દર્શાવતું પત્રક–૩

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના નાણા વિભાગના જાહેરનામા તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૨૫ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૭ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

| No. | Notification | Date |
|---|---|---|
| 1. | (GHN-31GSTR-2020/S.164(54)TH | 27-03-2020 |
| 2. | (GHN-110)GST-2020/S.148(36)TH | 21-11-2020 |
| 3. | (GHN-111)GSTR-2020/S.164(66)TH | 21-11-2020 |
| 4. | (GHN-116)GST-2020/S.168A(9)TH | 18-12-2020 |
| 5. | (GHN-1)GST-2021/S.164(68)TH | 01-01-2021 |
| 6. | (GHN-9)GST-2021/S.25(6D)(2)TH | 02-03-2021 |
| 7. | (GHN-13)GST-2021/R.48(4)(6)TH | 18-03-2021 |
| 8. | (GHN-21)GST-2021/S.164(69)TH | 11-05-2021 |
| 9. | (GHN-22)GST-2021/S.128(28)TH | 17-05-2021 |
| 10. | (GHN-23)GST-2021/S.50(1)(2)TH | 17-05-2021 |
| 11. | (GHN-24)GST-2021/S.164(70)TH | 17-05-2021 |
| 12. | (GHN-25)GST-2021/S.148(37)TH | 17-05-2021 |
| 13. | (GHN-26)GST-2021/S.168A(10)TH | 17-05-2021 |
| 14. | (GHN-27)GST-2021/S.164(71)TH | 02-06-2021 |
| 15. | (GHN-27A)GST-2021/S.9(1)(34)TH | 02-06-2021 |
| 16. | (GHN-32)GST-2021/S.168A(11)TH | 09-06-2021 |
| 17. | (GHN-35)GST-2021/S.128(30)TH | 09-06-2021 |
| 18. | (GHN-36)GST-2021/S.128(31)TH | 09-06-2021 |
| 19. | (GHN-38)GST-2021/S.96(3)TH | 09-06-2021 |
| 20. | (GHN-41)GST-2021/S.11(1)(54)TH | 14-06-2021 |
| 21. | (GHN-42)GST-2021/S.11(1)(55)TH | 23-06-2021 |
| 22. | (GHN-45)GST-2021/S.1(14)TH | 02-07-2021 |
| 23. | (GHN-48)GST-2021/S.128(33)TH | 09-07-2021 |
| 24. | (GHN-56)GST-2021/S.57(1)TH | 11-08-2021 |
| 25. | (GHN-57)GST-2021/R.97(4)(1)TH | 11-08-2021 |

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૯ના અનિયમિત થાપણ યોજના પર પ્રતિબંધ અધિનિયમ અન્વયેના નાણા વિભાગનું જાહેરનામું

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગના સન ૨૦૧૯ના અનિયિમત થાપણ યોજના પર પ્રતિબંધ અધિનિયમ અન્વયેના તા.૨૫/૦૮/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંકઃ જીએન–૫૮–એમઆઇએસ–૧૦૨૦૧૯–ઓ–૩૫૫–એન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ અન્વયેના શિક્ષણ વિભાગનું જાહેરનામું

આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગના સન ૨૦૦૯ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ અન્વયેના તા.૦૬/૧૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૪૮/ઈપીયુ/૨૦૧૮/૫/ખ.૧ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેનું જાહેરનામું

**શ્રી નરેશભાઈ મ. પટેલ અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના તા.૦૩/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૧/૮/પીડીએસ-૧૦-૨૦૧૭/૫૨૮/સી-૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા તથા નિવેદન

**શ્રી પૂર્ણેશ મોદી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ અન્વયેના,

(૧) તા.૩૦/૧૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૦નો ૨૧૮/ઈએલઈ-૧૦૨૦૧૫-૫૫-પી,

(૨) તા.૩૦/૧૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૦નો ૨૧૯/ઈએલઈ-૧૦૨૦૧૧-૩૦૧૧-પી,

(૩) તા.૦૨/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૧નો ૪/ઈએલઈ/૧૦૨૦૧૦/૬૬૧૫-પી,

(૪) તા.૧૦/૦૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૧નો ૧૭/એએમએન-૨૦૨૦૦૦-૩૧૩૩-પી,

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી**

**નાણાકીય સમિતિ ઉપર ખાલી પડેલ જગ્યા ઉપર સભ્યોની ચૂંટણીનો કાર્યક્રમ**

**અધ્યક્ષશ્રી:** મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત વિધાનસભાની સન ૨૦૨૧-૨૨ના વર્ષ માટેની અંદાજ સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ, જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ, જાહેર સાહસો માટેની સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

| | | |
|---|---|---|
| ૧ | નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય.. | બુધવાર, તા.૦૬-૧૦-૨૦૨૧ સાંજના ૦૬.૦૦ વાગ્યા સુધી |
| ૨ | નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ.. | ગુરૂવાર, તા.૦૭-૧૦-૨૦૨૧ બપોરના ૩-૦૦ વાગે નાયબ સચિવ શ્રીમતી રીટા મહેતાની ચેમ્બરમાં |
| ૩ | નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની છેલ્લીતારીખ અને સમય.. | સોમવાર, તા.૧૧-૧૦-૨૦૨૧ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી |
| ૪ | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ.. | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૨**

**ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧**

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૨૧ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી કનુભાઇ મો. દેસાઇ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૨૧ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુડઝ અને સર્વિસ ટેક્સનો અમલ થઇ રહ્યો છે. રાજ્યમાં થતી ચીજવસ્તુઓ અને સેવાઓના વહેવારો ઉપર રાજ્ય અને કેન્દ્રનો કાયદો એક સમાન રીતે અમલ થાય છે. જી.એસ.ટી. કાઉન્સિલની ૩૯મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના જી.એસ.ટી. કાયદામાં સુધારાઓ કરવામાં આવેલ છે અને એને અનુલક્ષીને ઘણા રાજ્યોએ આ સુધારા અમલમાં મૂકેલા છે. વન નેશન વન ટેક્સના નિયમના આધારે બધા સુધારાઓ સાથે સુસંગતતા થઇ રહે એ માટે આ સુધારા કરવાની આવશ્યકતા છે. કરદાતાઓને સરળતા પડે અને એમની કોસ્ટ કોમ્પ્લાયન્સમાં સરળતા થાય એ માટે પહેલો સુધારો એ છે કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે જે વાર્ષિક હિસાબો ફરજિયાત રીતે ઓડિટ કરાવવાના હતા એમાંથી આ વિધેયકમાં મુક્તિ આપવામાં આવી છે. તે જ રીતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા રીકન્સીલેશન સ્ટેટમેન્ટ પ્રમાણિત કરવામાં આવતા હતા એના બદલે હવે સ્વપ્રમાણિત એટલે કે વેપારી પોતે જ પ્રમાણિત કરીને આપી શકે છે અને એ માન્ય ગણાશે. સૌથી મોટો સુધારો ૧લી જુલાઇ, ૨૦૧૭ની અસરથી વિલંબથી ચૂકવેલ વેરાની રકમ પર નેટ ટેક્સ લાએબિલિટીનું વ્યાજ વસુલ કરવાની જોગવાઇથી કરદાતા પર વ્યાજનું ભારણ ઘટશે અને બિનજરૂરી વિવાદો ઘટશે. ખાસ કરીને કોમ્પ્લાયન્સ અને સરળતાથી સાથે સાથે કરચોરી ઉપર નિયંત્રણ કરવાનો આ વિધેયકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. વેચનારે ઇનવોઇસ ડેબિટ નોટની વિગતો જો સ્ટેટમેન્ટમાં દર્શાવેલ ન હોય તેવા કિસ્સામાં ખરીદનારને તેની ક્રેડિટ લેતો અટકાવવા માટે માર્ગસ્થ ચીજવસ્તુઓના વાહનની જપ્તી કરવામાં પણ આમાં મદદરૂપ થશે. ખાસ કરીને વેચનારે જે વહેવારો સ્ટેટમેન્ટમાં દર્શાવેલ હોય પરંતુ પત્રકમાં દર્શાવેલ ન હોય તેવી વસ્તુઓ ઉપર સીધે સીધી રીતે ટેક્સ વસુલ કરવામાં આવશે. વસૂલાતની કાર્યવાહીનો વ્યાપ વધારવા માટે ખોટી ક્રેડિટ લઇને જ્યારે અમુક લોકો કરચોરી કરીને છટકી ન જાય એના માટે આકારણી વસૂલાત વગેરેની કાર્યવાહી શરૂ કર્યા બાદ સરકારી આવકના આવકના હિતોના રક્ષણ માટે કરદાતા અથવા કરચોરીથી લાભ લેનાર અન્ય કોઇપણ વ્યક્તિના બેન્ક ખાતા સહિતની અન્ય મિલકત ઉપર કામચલાઉ ટાંચ મૂકવાની જોગવાઇ કરવામાં આવી છે. માલ વહન કરનાર કરદાતા જો ગુજરાતનો રજિસ્ટર્ડ વેપારી નહીં હોય અને રાજ્ય બહારનો હોય તેવા કિસ્સામાં અટકાયત કરેલ માર્ગસ્થ ચીજવસ્તુઓ ઉપર વેરાની વસૂલાતમાં પડતી મુશ્કેલી દૂર કરવાના હેતુથી વેરાના બદલે દંડની વસૂલાત કરવાની આમાં જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને સરળીકરણ પણ આમાં એક અગત્યનો ભાગ છે. કરદાતાઓને વાર્ષિક કર પત્રક ફાઇલ કરવામાંથી મુક્તિ આપવાની સત્તા કમિશનરને આપવામાં આવી છે. જ્યારે વહીવટમાં અને વેરિફિકેશનમાં થોડું ડીલે થતું હતું એટલે કમિશનર દ્વારા નોટિફિકેશન બહાર પાડીને કોઇપણ સંસ્થા પાસેથી માહિતી મેળવવાના બદલે ઓર્ડર બહાર પાડી સરળતાથી માહિતી મેળવી શકે એવી જોગવાઇ કરવામાં આવી છે. કોઇપણ ક્લબ, સોસાયટી, વ્યક્તિઓ જેમાં મેમ્બર્સ વચ્ચે થતી પ્રવૃત્તિઓ, વહેવારોને સપ્લાય ગણી વેરો આકારી શકાય એવું સ્પષ્ટીકરણ તા. ૧-૭-૨૦૧૭ના અમલથી કરવામાં આવ્યું છે. આ વિધેયકમાં દર્શાવેલ સુધારાઓ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને આપણા ગુજરાતના જી.એસ.ટી. કાયદાના સુચારુ અમલીકરણ માટે વધુ ફાયદાકારક નિવડશે. સભાગૃહના સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારા આ વિધેયકને ટેકો આપે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નાણામંત્રીશ્રી ગુજરાત માલ સેવા વેરા વિધેયક ક્રમાંક-૨૨ લઇને આવ્યા છે. માનનીય મંત્રીશ્રીએ વેપારીઓને ઘણી બધી છૂટ આપવા માટેની જાહેરાત કરી છે. પરંતુ જી.એસ.ટી.નો વિરોધ કરનારી આ પાર્ટી સત્તા સ્થાને આવી છે. આ દેશના અર્થશાસ્ત્રી મનમોહનસિંહજી નાણામંત્રી તરીકે આ દેશને ૧૯૯૧માં જે ઉંચાઇ ઉપર લઇ ગયા અને જી.એસ.ટી. કાયદો લાવવા માટે તેમણે કરેલ પ્રયાસોનો ત્યારે વિરોધ કરીને ભારતીય જનતા પાર્ટી વન નેશન વન ટેક્સની મોટી વાતો કરે છે. પરંતુ દાખલ ન થવા દેવા માટે સતત વિરોધ કર્યો અને પછી સરકારને એમ લાગ્યું કે *(xxx) અને આ જી.એસ.ટી. લાવીશું તો વેપારીઓને ફાયદો થશે. ઘણા બધા સુધારા-વધારા સાથે જી.એસ.ટી.નું બિલ લાવ્યા એના કારણે આજે હિન્દુસ્તાનના વેપારીઓ બરબાદ થઇ જાય તે પ્રકારની મુશ્કેલીઓ આ બિલથી

---

* વિધેયક તારીખ. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નિર્માણ થઇ છે. ખેડૂતોને આ બિલમાંથી બચાવવા જોઇએ. ખેડૂતોને બચાવવાને બદલે મર્સીડીઝ લેવા જાવ તો એની ઉપર જી.એસ.ટી. ઓછો અને ખેડૂતનો દીકરો ટ્રેક્ટર લેવા જાય હમણા ટી.વી. ડીબેટમાં હું સાંભળતો હતો કે ખોટી રીતે ટ્રેક્ટર ચલાવે છે અને ખેતીનો ઉપયોગ કરનારા જે લોકો છે એની ઉપર જી.એસ.ટી. લાદીને આ ખેતી બરબાદ થાય એ પ્રકારના પ્રયાસો આ જી.એસ.ટી. બિલથી થયા છે ત્યારે હું એનો સખત વિરોધ કરું છું. ખેડૂત જગતનો તાત છે. જે જગતનો તાત છે, એક માત્ર ઉત્પાદન કરનારો, ૨૪ કલાક મહેનત કરનારો વ્યક્તિ છે. પ્રોસેસીંગ પ્લાન્ટો તો અનેક સ્થપાય છે પરંતુ ઘઉં ઉત્પાદન કરવા હોય, ચોખા ઉત્પાદન કરવા હોય કે મગફળી ઉત્પાદન કરવી હોય તો એ માણસને બચાવવા માટે અનાજ ઉત્પાદન કરવું હોય, તેલીબીયા ઉત્પાદન કરવા હોય તો માત્ર ખેડૂત જ ઉત્પાદન કરી શકે છે. અનેક પ્લાન્ટો સ્થપાય છે અને પ્રોસેસ જરૂરથી થઇ શકે છે પરંતુ એ જે ઉત્પાદન કરે છે એના કારણે દેશની આર્થિક સદ્ધરતા કેટલી છે એનો આધાર છે. એ ખેડૂત ઉપર જી.એસ.ટી. લાદીને ખેડૂતને બરબાદ કરવા માટેનો પ્રયાસ છે એનેક્ષ્ચરનો રિપોર્ટ મેં ગઇકાલે પણ વાત કરી ૪૮ ટકા ખેડૂતની આવક હતી અને આજે એનેક્ષ્ચરના રિપોર્ટ મુજબ ૩૮ ટકા આવક થઇ છે એના કારણે ખેડૂત બરબાદ થયો છે. ખેડૂત આત્મવિલોપન કરતો થયો છે. આ જી.એસ.ટી.ના કાયદાના કારણે ખેડૂત આજે આત્મવિલોપન કરે છે. નોટબંધી આવી ત્યારે ૨૪ કલાકમાં વડાપ્રધાનશ્રીએ કરેલી જાહેરાત કે મને ૫૦ કલાક આપો અને ૫૦ કલાકમાં જો આ નોટબંધીના કારણે દેશને નુકસાન થશે તો હું કોઇપણ ચોકમાં ફાંસીએ ચડી જઇશ એવું એમનું વકતવ્ય છે.

અધ્યક્ષશ્રી: બિલના સુધારા ઉપર વાત કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : જી.એસ.ટી.ને લાગે છે. હું એના દાયરામાં રહીને જ વાત કરવાનો છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સુધારા જયારે પણ ગૃહમાં લાવવામાં આવે તો આ એસ્ટાબ્લીશ વાત છે, આપણા નિયમોમાં પણ છે. પૂર્વ સ્પીકરનો સ્પષ્ટ આદેશાત્મક નિર્ણય પણ છે. જે નિર્ણય સીધો અહીં લાગુ પડે છે. જે કોઇ સુધારા હોય એ સુધારા વધારા ઉપર કે ડીલીશીયન ઉપર ચોકકસ માનનીય સભ્યશ્રી બોલી શકે છે પરંતુ જાણે કે પહેલી વાર નવું જી.એસ.ટી.નું બિલ આવી રહ્યું હોય એ રીતે કોઇ રીતે રજૂઆત ન થઇ શકે. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં પાના નં. ૩૪૭ આ ચૂકાદો બહુ જ સ્પષ્ટ છે, બહુ જ વિગતવાર છે. હું આપના માધ્યમથી માનનીય ધારાસભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું એક સંસદીય કાર્યમંત્રી તરીકે કે હવે પછી જો આ જ રીતે કરવામાં આવે તો ગૃહનો સમય બગડે છે. મારી વિનંતી છે તમામને અને આપના પાસેથી અપેક્ષા છે નિર્ણયની કે કડક સૂચના આપવામાં આવે કે સ્કોપની બહાર જવું ન જોઇએ અને એકવારની સૂચના પછી પણ જાય તો એમનું વકતવ્ય બંધ કરવા માટેની પણ એમને સૂચના આપવી જોઇએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને માનનીય અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયો ટાંકીને વાત કરી છે એનાથી વિપરીત અમારો અભિપ્રાય ન હોઇ શકે. એટલા માટે કે આ ગૃહ નિયમોથી બંધાયેલું છે. નિયમો પ્રમાણે ચાલે. નિયમોની સાથોસાથ આ ગૃહની અંદર તમામ સભ્યશ્રીઓને નિયમો પ્રમાણે ચાલવું એ પણ બધાને લાગુ પડે છે પણ આપણે જોઇ રહ્યા છીએ આ વિધાનસભામાં માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે કહ્યું છે એ પ્રમાણે કે વિપક્ષના સભ્ય અથવા કોઇ મેમ્બર જે ઇશ્યૂ છે એના અનુસંધાનમાં બોલે અને પછી એની પૂર્વભૂમિકાઓ બાંધવામાં પણ...

અધ્યક્ષશ્રી: વિરામનો સમય થયો છે. ગૃહ ફરી ૧૨-૩૦ વાગ્યે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ ૧૨-૦૦થી ૧૨-૩૦)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પૂંજાભાઇ ભી. વંશ (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. બંને પક્ષે નિયમોની જાળવણી કરવા માટેની જવાબદારી છે. સંસદીય મંત્રીશ્રીએ અગાઉના પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયોનો હવાલો ટાંકીને જે વાત કરી છે, એની હું લંબાણપૂર્વક વાત નહી કરું. એમાં અગાઉના અધ્યક્ષશ્રીએ જે નિર્ણય આપ્યા છે એ નિર્ણયના પાના નં. ૩૫૦ ઉપર છેલ્લી ૪ લીટી આ સભાગૃહ સમક્ષ મૂકું છું. નિયમોની જોગવાઇ મુજબ સુધારા વિધેયકની ચર્ચા અધિનિયમમાં કરવા ધારેલા સુધારા પૂરતી સીમિત રાખવી જોઇએ. ભવિષ્યમાં શાસક પક્ષ તથા વિપક્ષના તમામ માનનીય સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓએ આ બાબતમાં અચૂક કાળજી રાખી સુધારા વિધેયકની સમય ક્ષેત્ર મર્યાદામાં જ વકતવ્ય આપવા આદેશ આપું છું. આ શિરોમાન્ય છે. મારી વાત એ જ છે કે માત્ર વિપક્ષને જ આ લાગુ પડે છે એવું નથી. શાસક પક્ષને પણ લાગુ પડે છે. સત્તા પક્ષના ટ્રેઝરી બેન્ચ ઉપર માનનીય મંત્રીશ્રીઓ, ધારાસભ્યોના ઉપસ્થિત જવાબમાંથી જે કાઇ પ્રત્યુત્તર આપતા હોય છે એ પણ લિમિટમાં અને સ્કોપમાં રહીને જવાબ આપવા જોઇએ કે જેથી કરીને સંસદીય મંત્રીશ્રીનો હેતુ છે સભાગૃહનો સમય બચે, અન્ય સભ્યો વધુ ભાગ લઇ શકે એના માટે સંમત છીએ. આ વાત માત્રને માત્ર વિપક્ષના સભ્યોને લાગુ પડે, ટ્રેઝરી બેન્ચને લાગુ ન પડે અને છુટછાટ મળે એ ઉચિત નથી. બંને પક્ષે સૂચનાઓ આપવામાં આવે એટલી લાગણી છે.

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી એટલો જ ખુલાસો કરવાનો કે આમાં નવી કોઇ વાત જ નથી. મારી વાત કોઇ એકને લાગુ પડે છે એવું નથી. નિયમ તો બધાને લાગુ પડે છે. નવી કોઇ વાત નહોતી. શ્રી પૂંજાભાઇએ સ્પષ્ટતા ભલે કરી હોય. પણ એમનો કહેવાનો ઇરાદો જાણે કે કંઇક નવી વાત હોય એમ હતો. વાસ્તવમાં આ નિયમનું એક્ઝિક્યુશન થાય અને કડક રીતે અમલ થાય તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ( અંતરાય) હવે આની ચર્ચા વધારે ના કરીએ. પૂંજાભાઇ, આની ચર્ચા વધારે ન કરીએ. સભ્યશ્રીઓનો સમય જાય છે. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર નિયમોની જોગવાઇઓ, પ્રણાલિકાઓ સાથે સુસંગત છે. પૂર્વ અધ્યક્ષશ્રીએ અગાઉ આ બાબતે ઘણા નિર્ણયો આપ્યા છે, એટલે હું પુનરોચ્ચાર નથી કરતી. આથી ગૃહના તમામ સભ્યશ્રીઓને જણાવું છું કે સુધારા વિધેયકના કિસ્સામાં માત્ર કરવા ધારેલા સુધારા પૂરતા જ બોલી શકાય છે. તે સિવાયના મૂળ કાયદાની અન્ય જોગવાઇ ઉપર બોલી શકાતું નથી. ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા સર્વે સભ્યશ્રીઓને જણાવું છું અને માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર સુધારા વિધેયકમાં પોતાનું પ્રવચન કરે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં માલ સેવા વેરા સુધારા વિધેયક ઉપર હું મારું મંતવ્ય રજૂ કરતો હતો અને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થયો છે. આ બાબતમાં આપના તરફથી જે કહેવામાં આવ્યું છે તેની મર્યાદામાં રહીને આ વાત લોકોના હિત માટે, ગુજરાતની જનતા માટે અને આ દેશમાં વન ટેક્સ લાવવા માટેનો જે ઉમદા આશય હતો, એની મર્યાદામાં રહીને હું મારી વાત વર્ણન સાથે ફરી વખત કહેવા માગું છું. હું કોઇ ટીકા કરવા માગતો નથી.

અધ્યક્ષશ્રી : સ્કોપની અંદર વાત કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હા, સ્કોપની વાત છે.

અધ્યક્ષશ્રી : બધા સભ્યશ્રીઓને સૂચના છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : અમારા વિરોધ પક્ષના સભ્યશ્રી પૂંજાભાઇએ વાત કરી જે બધાને લાગુ પડે. આપ પણ કાલથી આ ગૃહનું સંચાલન કરી રહ્યા છો. કોઇપણ મંત્રીશ્રી ઉભા થાય છે ત્યારે પરબારી સીધી દિલ્હીથી વાત શરૂ કરે છે. અહીંયા શ્રમની વાત ચાલતી હોય અને સીધી દિલ્હીથી...

અધ્યક્ષશ્રી : બીજા બધા સભ્યશ્રીઓને બોલવાનું છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું મારી મર્યાદામાં રહીને વાત કરવા માગું છું. એટલા માટે કે આ નોટબંધી, જી.એસ.ટી.ને લગતો એક કાયદો તે વખતે અમલમાં આવ્યો હતો અને નોટબંધીના કારણે ખેડૂતોની બરબાદી થઇ છે તેવું કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે. અધ્યક્ષશ્રી: પણ આમાં નોટબંધીની વાત આવતી નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એટલા માટે કે જી.એસ.ટી. કાયદામાં હું સુધારા સૂચવવા માગું છું.

અધ્યક્ષશ્રી : નોટબંધીની વાત કયાં આવે?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હા, પણ નોટબંધીના કારણે ખેડૂતો બરબાદ થયા છે, આત્મવિલોપન કરી રહ્યા છે. તે ખેડૂતોને એક ધારાસભ્ય તરીકે બચાવાવ માટેની નેતિકતા ખરી કે નહીં?

અધ્યક્ષશ્રી : આપનો સુધારો સૂચવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું એટલા માટે કહેવા માગું છું કે, સરકારને સૂચન કરવા માગું છું. હા, પણ જૂના જે છે તેમાં સૂચન કરવા માગું છું. બીજા સભ્યો ક્રોસ ટોક કરે તો...

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે... મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારી ફરીવાર આપ સાહેબને વિનંતી છે કે, જેમ માનનીય પૂંજાભાઇએ કહ્યું કે, ગૃહનો સમય બચે અને વધારે લોકોને તક મળે. હવે નોટબંધી.... આપના સૂચન પછી, આપના આદેશ પછી પણ માનનીય સભ્યશ્રી એ જ વાતને વળગી રહેતા હોય તો આગળ કોઇ કડક નિર્ણય લેવો જોઇએ તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, મેં આપને વારંવાર સૂચના આપી કે આપ બિલના સ્કોપમાં વાત કરો. તો પ્લીઝ આપના જે સુધારા હોય તે કહો તો બીજા સભ્યો પણ પૂરેપૂરો લાભ લઇ શકે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વેરો ભરવામાંથી સંપૂર્ણ રીતે મુક્તિ છે. એટલે ખેડૂતોને....

અધ્યક્ષશ્રી : બરાબર. આપ બોલો. હવે આપ બિલના સુધારા વિશે બોલો પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : કયાં મુક્તિ છે? ટ્રેકટરમાં અને જંતુનાશક દવામાં કયાં મુક્તિ છે મને ખાતરી આપે હું હમણાં આ સુધારા માટે ટેકો આપવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી: તેની ચર્ચા આની અંદર હોઇ શકે નહીં.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : નહીં, માનનીય મંત્રીશ્રી પોતે કહે છે કે મુક્તિ છે. માનનીય મંત્રીશ્રી પોતે એમ કહે છે કે, આમાં મુક્તિ છે. ટ્રેકટરમાં મુક્તિ હોય, જંતુનાશક દવામાં મુક્તિ હોય તે મંત્રીશ્રી જાહેરાત કરી દે.

અધ્યક્ષશ્રી:આપ આપના પ્રવચનમાં સુધારા મૂકી દો, આપ સુધારા મૂકો.

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સુધારા વિધેયક જે લઇને આવ્યા છે તેમાં ગુજરાતના વેપારીઓના હિત માટે પણ સુધારા દાખલ કર્યા છે. વેપારીઓને જે મુશ્કેલીઓ ઉભી થતી હતી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે જવું પડતું હતું અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પછી પોતાનો જી.એસ.ટી. માટેનો અભિપ્રાય આપે તે પહેલાં હતું તેમાંથી મુક્તિ આપી છે તે સારી વાત છે. આવો સુધારો લઇને આવ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર, આખી સરકાર બદલાઇ ગઇ, વિરોધપક્ષના નેતા બદલાય અને એ તો લોકશાહી છે. તમારા બધાય બદલાઇ ગયા. જુઓ આમાં તમારો કોઇનો વારો નથી આવ્યો.

અધ્યક્ષશ્રી: વારંવાર આપને સૂચના આપવા છતાં...

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : પણ સાહેબ મને ટોકે નહીં એવું તો કહો.

અધ્યક્ષશ્રી : આપની પાસે સુધારા ન હોય તો આપ બેસો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આપ સાહેબ તે મને ટોકે નહીં એવું તો કહેવું પડશે ને?

અધ્યક્ષશ્રી: તમારે એમને વાત નથી કરવાની. તમારે અહીંયાં રજૂઆત કરવાની છે. એમને બોલવા દો. ક્રોસ ટોક ન કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એ બોલે તો, મને ક્રોસ ટોક થાય છે. મારે મુશ્કેલી પડે છે. મારી લાઇન તૂટી જાય છે.

અધ્યક્ષશ્રી : આપ સીધી વાત કરો. સીધી સુધારાની વાત કરો. સૌ સભ્યો ક્રોસ ટોક ન કરે. તેમને વાત કરવા દો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :આપની સરકાર બદલાઇ ગઇ અને અમારા વિરોધપક્ષની ચિંતા કરે છે. શું શ્રી નીતિનભાઇની દશા થઇ છે? શું શ્રી વિજયભાઇ રૂપાણીની દશા થઇ છે તેની ચિંતા કરે.

અધ્યક્ષશ્રી: આપ સુધારા રજૂ કરવા માગો છો કે નહીં?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :માનનીય અધ્યક્ષશ્રી, રજૂ કરું છું પણ મને કોઇ ટોકે નહીં તો રજૂ કરું.

અધ્યક્ષશ્રી: હાઉસનો સમય આ રીતે વ્યતિત ન કરીએ પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા લઇને આવ્યા છે તેમાં ત્રણ-ચાર બાબતો જે લઇને આવ્યા છે તેને હું અનુમોદન પણ આપવા તૈયાર છું. જી.એસ.ટી. કાયદો, એક જ ટેક્સ આખા દેશમાં લાગે તે સારી બાબત છે. અમારો કોંગ્રેસ પક્ષનો તો અગાઉથી આ નિર્ણય હતો. આ સરકારે લાગુ પાડયો છે તે સારું છે. તેમાં નાના મોટા સુધારા આવે છે. જી.એસ.ટી. કાયદો જયારથી અમલમાં આવ્યો ત્યારથી રોજ નવા નવા સુધારા આવી રહ્યા છે. નવા સુધારા આવે છે તેના કારણે વેપારી રોજ નવી મુશ્કેલીમાં મુકાતો જાય છે. ત્યારે આપના મારફત હું સરકારશ્રી અને મંત્રીશ્રીને કહેવા માગું છું કે, એકવાર આનો પૂરેપૂરો અભ્યાસ કરવામાં આવે. દર વખતે આવા સુધારા લાવવા પડે છે તેના કારણે વેપારીઓની પળોજણ અને મુશ્કેલી વધતી જાય છે તેમાંથી બહાર આવી શકે. તેમણે જે જી.એસ.ટી. ભર્યો છે અને બીજા મહિને જે જી.એસ.ટી. ભરવાનો થાય છે, ત્રીજા મહિને જી.એસ.ટી. ભરવાનો થાય છે અને તે ભર્યા પછી તેને જે રીટર્ન લેવાનું થાય છે, જે રીફંડ લેવાનું થાય છે તે ઘણા લાંબા સમયથી પેન્ડિંગ છે. કેન્દ્ર સરકારની કોઇ યોજના હોય છે, કોઇ રાજ્ય સરકારની યોજના હોય છે. જુદી જુદી યોજનાઓમાં તેને ટેક્સ ભરવો પડતો હોય તો તેને કેન્દ્ર સરકારનો પ્રશ્ન છે તેથી તેને પૂછયા વગર જી.એસ.ટી. અમે પાછો નહીં આપી શકીએ તેમાં પણ સુધારો લાવવામાં આવે. કેન્દ્ર સરકારે પણ સૂચનો કર્યા છે કે, પેટ્રોલ અને ડીઝલના જે ભાવ વધતા જાય છે તેમાં પણ જી.એસ.ટી. લાગુ પાડવામાં આવે. આજે નાનો માણસ એટલી મુશ્કેલીમાં મૂકાયો છે, ગેસના સિલિન્ડરના ભાવ એક હજાર થયા છે, પેટ્રોલ અને ડીઝલ ઉપર આટલો મોટો જી.એસ.ટી. લાગે છે તેમાં તમે સુધારો લઇ આવો તો કનુભાઇ ગુજરાતની પ્રજા એમ કહેશે કે શ્રી કનુભાઇ નાણામંત્રી તરીકે હતા અને આવા સુધારા લાવ્યા અને ગરીબ માણસો માટે પેટ્રોલ ડીઝલ સસ્તું થયું. આવા સુધારા આવે તો અમે સંમતિ આપવા માગીએ છીએ. મેં અગાઉ કહ્યું કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના અભિપ્રાયમાંથી મુક્તિ આપી તે સારું કર્યું છે.

માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કેન્દ્ર સરકારમાં અમારી ૪૮મી જે મિટિંગ મળી હતી ત્યારે એમણે સૂચવેલા સુધારાઓ લઇને હું આવ્યો છું ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના મારફતે કહેવા માગું છું કે, એમાં પણ કેન્દ્ર સરકારે કહ્યું છે કે, કોઇપણ રાજ્ય સરકાર પેટ્રોલ-ડિઝલ ઉપર જો જી.એસ.ટી.માં ફેરફાર કરવા માગશે અને અમારા સૂચનો પ્રમાણે કરવા માગશે તો એ કરી શકશે શ્રી કનુભાઇ આપ આવું લાવો, માનનીય મંત્રીશ્રી તરીકે તમને નાણાં ખાતાની જવાબદારી સોંપાઇ છે, અભિનંદન આપું છું અમે તો પી.એ.સી. માં સાથે કામગીરી કરી ચૂક્યા છીએ ત્યારે એક સારા અને સંનિષ્ઠ મંત્રી તરીકે ગુજરાતની પ્રજાને ઘણી બધી વિટંબણાઓ જી.એસ.ટી.થી થઇ રહી છે તેવા સુધારાઓ પણ લઇને આવો. જુદા જુદા ૧૫ સુધારાઓ છે એમાં ૧૧મી કલમમાં લગભગ પાછા ૧૨-૧૩ સુધારા લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે અને એ સુધારા જ્યારે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે આ ગુજરાતની પ્રજા, ગુજરાત તો નંબર વન સ્ટેટ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું બિલની બહાર જતો નથી પરંતુ કોઇ બાબતો જ્યારે ગેરકાયદેસર ચાલતી હોય અને એ પકડાય તો એની ઉપર જી.એસ.ટી. શું કરવા માગે છે? એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. કારણ કે *(xxx) ગુજરાતની જનતાને મોટો ફાયદો થશે. આની ઉપર જો જી.એસ.ટી. લગાડવામાં આવે તો કેવડો મોટો ફાયદો થાય? કાલે મારે અરધી કલાક આ બાબતમાં ચર્ચા થઇ હતી અને પોલીસને બિરદાવતા

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નથી, કોંગ્રેસને આમ કહો છો અને તેમ કહો છો, ત્યારે હું કહું છું કે પોલીસે જે કામ કર્યું છે એ સારું છે પરંતુ મંત્રીશ્રી આજે ગૃહમાં અહીં હાજર નથી પણ હું કહીશ. *(xxx)

અધ્યક્ષશ્રી: આમાં તમારો જી.એસ.ટી.નો સુધારો ક્યાં આવ્યો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એની ઉપર ટેક્સ લેવા માગે છે કે કેમ એ હું પુછવા માગું છું.

અધ્યક્ષશ્રી: વારંવાર સૂચના આપવી પડે. એકની એક વાત આપને કહેવી પડે. સ્કોપની બહાર બોલવું. સુધારા ઉપર એક પણ વાત ન કરવી. એ યોગ્ય નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) મંત્રીશ્રી એ જાણવું તો પડેને. ન લેવાના હોય તો ના પાડી દે. *(xxx) અને એનો સુધારો દાખલ કરવામાં આવે તો સર્વાનુમતે શ્રી કનુભાઇ, તમારા આ બિલને મંજૂરી આપવા માટે કોંગ્રેસ તમારી સાથે ટેકો આપવા તૈયાર છે. પેટ્રોલ–ડિઝલનો પણ સુધારો કરવામાં આવે તો એમાં પણ અમે લોકો તૈયાર છીએ. માનનીય મંત્રીશ્રી, જે સુધારાઓ લઇને આવ્યા છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

માનનીય મંત્રીશ્રીના બદલે નામજોગ બોલાવવા બાબત

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય સભ્યશ્રી, વારંવાર શ્રી કનુભાઇ, શ્રી કનુભાઇ એમ કહે છે. આ પાર્લામેન્ટરી પ્રોસીજર નથી, માનનીય કનુભાઇ કહેશો તો વાત સારી રહેશે, માનનીય મંત્રીશ્રી કહેશો તો એ વાત પણ સારી રહેશે. પણ માત્ર નામથી બોલાવીને આવી રીતે કહેવું એ યોગ્ય નથી. મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી: માનનીય વિરજીભાઇ, આપ ધ્યાન રાખો અને હવે પછી આપ માનનીય મંત્રીશ્રી એમ કહો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સી.આઇ.એ. ના નામના ઉલ્લેખ અંગે

શ્રી પંકજ દેસાઇ( મુખ્યદંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પણ પોઇન્ટ ઓફ ઓર્ડર છે, એમણે પણ સી.આઇ.એ.નો ઉલ્લેખ કરીને જે વાત કરી અને જે ચર્ચા કરી એ પણ આ બિલનો ભાગ નથી. એ પણ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી:મેં એમને સૂચના આપી છે કે આ રીતે આપ વાત ના કરી શકો અને એ જે તમે વાત કરી છે ટેક્સ નાંખવાની એમાં એ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :મારો સંબંધ બંધાયો હતો એટલે બોલેલ આ બાબતે હું માફી પણ માગું છું. માનનીય મંત્રીશ્રી, માનનીય કનુભાઇ, આ બાબતમાં જો ગુજરાતની પ્રજાના હિત માટે નિર્ણય લેશો તો કોંગ્રેસ પક્ષ આપને ટેકો આપવા માટે તૈયાર છે. એટલા માટે હું વાત કરવા માગું છું અને જી.એસ.ટી.ના જે નાના મોટા સુધારા લઇને આવ્યા છે એમાં હવે ફરી એકવાર આખો અભ્યાસ કરીને હવે ભવિષ્યમાં સુધારા ના લાવવા પડે જેથી કરીને વેપારીઓને જે મુશ્કેલી પડે છે, દરરોજ મુશ્કેલીઓ પડે છે એ મુશ્કેલીઓમાંથી બહાર લાવવા માટે થઇને ફરી વખત કોઇ સુધારા લઇને આવશો તો એને અનુમોદન આપવાના મારા સૂચનો સાથે હું તૈયાર છું અને ગુજરાતના હિતમાં સારી કાર્યવાહી થાય અને એ કરવા માટે માનનીય કનુભાઇ સાહેબ વધારેમાં વધારે ગુજરાતના હિત માટે કામગીરી કરશે તેવી લાગણી સાથે મારી વાત હું પૂરી કરું છું.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે સુધારા વિધેયક ક્રમાંક–૨૨, સન ૨૦૨૧માં જી.એસ.ટી. ઉપર સુધારા લઇને આવ્યા છે એમાં હું મારો ટેકો આપું છું અને કેટલીક બાબતોથી હું આ ગૃહને માહિતગાર કરવા માગું છું. શ્રી વિરજીભાઇએ ઘણી બધી લાંબી વાતો કરી છે પણ આ આખું બિલ મેં જોયું છે એ કઇ કલમમાં આવતું હતું એની હજી મને સમજણ નથી પડી કે કઇ કલમ અંતર્ગત એમના સુધારા તેઓ રજૂ કરતા હતા. મને એ વાતની પણ હજી ખબર નથી પડતી કે શરૂઆત એમણે એવી કરી કે, *(xxx) (અંતરાય) તમે જે કહ્યું હતું એનો હું જવાબ આપું છું. હું એક પણ વસ્તુ ખોટું નહિ બોલું. જવાબ મંત્રીશ્રી તો આપશે જ.

અધ્યક્ષશ્રી:રાકેશભાઇ, ક્રોસ ટોક રહેવા દઇને આપ બિલ ઉપર આપની વાત કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગૃહને ગેરમાર્ગે દોરે તો મારી માહિતી માટે હું આપના માધ્યમથી પૂછું છું કે *(xxx) ભાજપે વિરોધ કર્યો, ભાજપ લાવ્યુ તો હવે એ બરબાદ કરવાવાળુ છે તો *(xxx)એ બરબાદ કરવાવાળું નહોતું ? સુધારા કોઇ નથી કર્યા, સુધારા હવે થાય છે. તમારે સીધું *(xxx) કે તમે જે બરબાદ કરવાવાળું વિધેયક લાવ્યા તો એ અમારા નામે શું કામ કહો છો? સીધું *(xxx)

અધ્યક્ષશ્રી: આપ બિલના સ્કોપમાં બોલો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ બોલ્યા હતા એટલે કહું છું.

અધ્યક્ષશ્રી: તેમનો જવાબ આપ નહીં આપો, માનનીય મંત્રીશ્રી તેમનો જવાબ આપશે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, તમે તેમની સ્પીચ કાઢીને સાંભળી લેજો મેં તેમની સ્પીચના બધા જ મુદ્દાઓ લખ્યાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી બધો જવાબ આપશે, આપ આપના સૂચનો કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ખાલી માહિતી મેળવવા માગું છું, હું આ બિલથી અજાણ છું કે માનનીય *(xxx) અને તે બરબાદ કરવાવાળું હતું તો ભારતીય જનતા પાર્ટીમાં અમારા મંત્રીશ્રી લાવ્યા.

અધ્યક્ષશ્રી: આપણે કેન્દ્ર સરકારની કોઇ વાત અહીંયા નહીં કરીએ.

શ્રી રાકેશભાઇ જ. શાહ : શ્રી નૌશાદભાઇ, મને પરમિટ કરશે એટલે હું બેસી જઇશ. મને એટલી ખબર પડે છે હું આ ગૃહનો સિનિયર સભ્ય છું જયારે અધ્યક્ષશ્રી મને પરમિટ કરશે ત્યારે હું એક સેકન્ડ રાહ નહીં જોઉં બેસી જઇશ.

અધ્યક્ષશ્રી : આપ બેસો હવે અને આપ આપના સુધારા રજૂ કરો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રીઓનાં સૂચનો સકારાત્મક લેવા અંગે

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય સભ્યશ્રીએ આ દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રીને ટાંકીને જી.એસ.ટી.ને જોડયો છે. ખૂબ જ્ઞાની સભ્ય છે, અભ્યાસુ સભ્ય છે.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇએ જ જોડયું છે એટલે આપણે આવી કોઇ ચર્ચાઓ ન કરીએ. આપણે કોઇ કેન્દ્ર સરકારની આવી ચર્ચાઓ ન કરીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ ગૃહની પરંપરાઓ મુજબ પહેલાં તો પૂર્વ પ્રધાનમંત્રીશ્રીને નામ સાથે ટાંકી શકાય નહીં એટલે તેમનું નામ રદ કરવામાં આવે. બીજી વસ્તુ જી.એસ.ટી. એક દેશ, એક ટેક્સ અને ટેક્સના સરળીકરણ માટેની દરખાસ્ત હતી. માનનીય પ્રધાનમંત્રીશ્રી અને આ ગૃહના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અડધી રાત્રે જી.એસ.ટી.લાગુ કર્યો જેણે લાગુ કર્યો તેને જી.એસ.ટી. હજુ નથી સમજાયો, જેને પાલન કરવાનું છે પાલન કરાવવાનું છે તેને નથી સમજાયો, જેને પાલન કરવાનું છે તેને નથી સમજાતો, જેને ન્યાય કરવાનો છે તેને પણ નથી સમજાતો.

અધ્યક્ષશ્રી: શ્રી પરેશભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જી.એસ.ટી.છે તેના સરળીકરણ માટેના સભ્યશ્રીઓના જે સુઝાવ છે તેને સરકાર સકારાત્મક રીતે લે.

અધ્યક્ષશ્રી : એટલા જ માટે મારું સૂચન છે કે, બધા જ સભ્યશ્રીઓ સ્કોપમાં વાત કરે એમ વારંવાર કહું છું પોતાના સુધારા જ રજૂ કરે. આગળ-પાછળ કેન્દ્ર સરકાર અને બધાના નામજોગ કોઇ વાત થઇ શકે નહીં એટલે જે શબ્દો શ્રી વિરજીભાઇ બોલ્યાં છે શ્રી મનમોહનસિંહજીનું નામ ટાંકીને તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે અને શ્રી રાકેશભાઇ પણ બોલ્યાં છે તે પણ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.(અંતરાય) આપ બેસો બન્નેનું કહી દીધું.(અંતરાય)તમારા નેતાએ પણ ધ્યાન દોર્યું છે અને એટલા માટે આ બન્નેએ માનનીય મનમોહનસિંહજીના નામ સાથે બોલેલા શબ્દો, જે નામ લઇને ટાંકયા છે તે બન્નેનાં શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. હવે આપ બેસો પૂરતી ચર્ચા થઇ ગઇ. હવે બધાનો સમય જાય છે અને ખોટી ચર્ચા કરીને શા માટે સમય બગાડવો? બીજાને બોલવા દો. આપણે ચુકાદો આપી દીધો પછી તેની ચર્ચા ન હોઇ શકે. (અંતરાય) તમારો સમય આવે ત્યારે બોલજો હું તમને તક આપીશ, અત્યારે નહીં. અત્યારે મેં શ્રી રાકેશભાઇને બોલવા માટે કહ્યું છે તેઓ જ બોલશે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે મને સુધારા ઉપર ચર્ચા કરવામાં અવકાશ આપ્યો છે તેમાં હું મારી વાતને આગળ લઇ જઇને એટલું જ કહેવા માગું છું કે, જે સન્માનનીય નાણામંત્રી જે બિલના સુધારા લઇને આવ્યા છે તે બિલનું હાર્દ જોવા જઇશું તો ગયો થોડો કોરોનાનો સમયગાળો ખૂબ ખરાબ અને તે માત્ર ગુજરાત નહીં, ભારત નહીં પણ સમગ્ર વિશ્વ કોરોનાના કપરા કાળમાંથી પસાર થયું ત્યારે આ લાગ્યુ હતું કે નાના મોટા સુધારાને આવશ્યક છે. સુધારાનું આખું બિલ સમજશો તો એના હાર્દ ઉપર ચર્ચા કરશો. એમને એમ હું મારી રીતે રજૂઆત કરું છું કે કમ્પ્લાઇન્સ કરવા માટેની જે સરળતા કરવા માટેના જે આ સુધારા લાવ્યા છે તેમાં અવાર-નવાર ભલામણો થતી હતી અને આ જી.એસ.ટી. વન નેશન વન ટેક્સ એ ગુજરાતના એક નાણામંત્રી રજૂઆત નથી કરતા એક તેની કાઉન્સિલ બેસે છે તેમાં આ બધા સુધારા-વધારાની ચર્ચા થતી હોય છે. ભૂતકાળમાં આપણાં નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી આદરણીય નીતિનભાઇએ ખૂબ વખત આમાં રજૂઆતો કરી છે અને બધા જ રાજયોના નાણામંત્રી તેના સભ્ય હોય છે.  એના માટે આ One Nation One Taxની ફોર્મ્યુલા લઇને આવ્યા છે એમાં એક નાનો સુધારો છે. સુધારામાં અવાર-નવાર જે ભલામણો આવી છે એ કોઇ પણ રાજ્યના નાણામંત્રીએ કરી હશે. આપણે સૌ જાણીએ છીએ કે કોરોના મહામારીના કારણે લોકડાઉન હતું. ધંધા રોજગાર બંધ થઇ ગયા હતા. એવા સમયગાળામાં જે પત્રકો ફાઇલ કરવાના હોય છે એ નિશ્ચિત સમયગાળામાં ફાઇલ કરવાના હોય છે. એ બાબતે ક્યાંક વ્યાજ અને દંડની પણ જોગવાઇ હોય છે. એમાં રાહત આપવા માટે આ સુધારા ક્રમાંક-૧ લઇને નાણામંત્રી આવ્યા છે. આ પ્રકારના બીજા સુધારા પણ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. મારો કહેવાનો આશય એ છે કે આ જ પ્રકારની સમસ્યામાં ઘણાં બધા નાના-મોટા ઉદ્યોગ ધંધા ચાલુ પણ થયા છે. કોરોના પૂરો થયો પણ નથી ત્યારે એ નોંધણીના નંબરની અરજી કરે છે. નોંધણીની અરજીનો નિકાલ કરવાનો એક નિશ્ચિત સમયગાળો હોય છે પણ લોકડાઉન, સરકારી કર્મચારીઓની અપૂરતી હાજરી જેવા કારણોના લીધે એના સમયગાળામાં થોડો વધારો માગ્યો છે એ સુધારો લઇને માનનીય નાણામંત્રી આવ્યા છે. એ સિવાય એવું પણ થયું છે કે એના વેપાર-ધંધા બંધ થઇ ગયા હશે એ પુન: ચાલુ કરવા હશે. એના માટે પુન: નોંધણી કરવા માટેના સમયગાળામાં પણ નાની-મોટી છૂટછાટ આપી. કોરોનાની મહામારીના કારણે એની સુચારૂ વ્યવસ્થા કરવા માટેનો સુધારો લઇને આવ્યા છે. આપણે સૌ આ ગૃહમાં સવારથી ચિંતા કરતા હતા કે આ કોરોનાની મહામારીમાં દવાઓ અને મેડિકલના સાધનોની જરૂરિયાત ગમે ત્યારે પડે છે. એના વેરાના દરમાં પણ રાહત આપી છે એનો સુધારો લઇને માનનીય નાણામંત્રી આવ્યા છે. માનનીય નાણામંત્રીશ્રીએ એમના વ્યક્તવ્યમાં શરૂઆતમાં જ કહ્યું છે કે આ બધાં સુધારા કરવાની જરૂરિયાત એટલા માટે પડી છે કે ઘણી વખત એવું થતું કે વાર્ષિક ટર્નઓવર જો પાંચ કરોડથી વધી જાય તો સી.એ. પાસે એને ફરજિયાત ઓડિટ હિસાબો કરાવવાના હતા. એ ઓડિટ હિસાબોના પત્રકો બનાવવા પડે. એમાં સમય જાય. એનો ખર્ચો પણ વધી જાય. આથી આ પાંચ કરોડ રૂપિયાની મર્યાદા સાથે એ કરદાતાના કમ્પ્લાયન્સમાં ખૂબ મોટો વધારો થાય અને ખર્ચ ઘટે એ પ્રકારનો સુધારો પણ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. એમાં ઓડિટ ફરજિયાત હતું એ ઓડિટની જોગવાઇને જ રદ કરવાનો સુધારો છે. શ્રી વિરજીભાઇ હું એટલા માટે કહું છું કે આપ પણ એક સિનિયર સભ્ય છો. આપને તો સાંસદનો પણ અનુભવ રહી ચૂક્યો છે. હું તમારો વિરોધ નથી કરતો. હું એમ કહેવા માગું છું કે તમે આ બધાં સુધારા કરવાની રજૂઆત કરી હોત તો અમારા જેવા નવા સભ્યોને પણ આનંદ થતો અને ટેકો મળતો. માનનીય નાણામંત્રીશ્રી આ જે જોગવાઇઓ લઇને આવ્યા છે એ સિવાય એમાં કાઉન્સિલની ભલામણ પણ હોય છે. નાના કરદાતાઓને એની જોગવાઇઓનો લાભ મળી શકતો ન હતો. એ જોગવાઇઓનો લાભ એમને પણ મળી શકે એવો પણ એક સુધારો લઇને આવ્યા છે. એક છેલ્લો સુધારો જે મેં બિલમાં વાંચ્યો અને મારા જાણમાં આવ્યો છે એમાં રોકડ રકમ ભરવાની આવતી હતી એનો એક સમયગાળો હતો પણ ત્યારે વ્યાજ લેવાતું હતું. એ વ્યાજ લેવામાં જૂની પદ્ધતિ એવી હતી કે જ્યારથી નક્કી કર્યું હોય ત્યારથી રકમ ચૂકવે ત્યાં સુધીના સમયગાળાનું વ્યાજ લેવાનું હતું પણ આ સુધારો એટલા માટે લાવ્યા છે કે એના માટે જે કાયદો બનાવ્યો છે એ કાયદો જ્યારથી અમલી બને ત્યારથી એની વ્યાજની ચૂકવણી ગણવી. આનાથી નાના કરદાતાઓને મોટો ફાયદો થશે. ઉદ્યોગ ધંધા પડી ભાંગ્યા હતા એ સમયગાળો વીતી ગયો છે ત્યારે આવા સુધારાથી આવનારા દિવસોમાં નાના-મોટા ઉદ્યોગ ધંધા ચાલશે. એના કારણે રોજગાર પણ થશે અને ગુજરાત અને દેશની પ્રગતિ થશે ત્યારે આ સુધારો લઇને આવેલા માનનીય નાણામંત્રીશ્રીને હું મારો ટેકો જાહેર કરું છું.

લલિતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહના સન્માનનીય નાણામંત્રીશ્રી જી.એસ.ટી.માં સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. મારો નાણામંત્રીશ્રીને સીધો પ્રશ્ન એ છે કે, આ બિલ આપ ગુજરાતના વેપાર-ઉદ્યોગોના હિતમાં લાવ્યા છો કે પછી કરદાતા પાસે વધારે કરની વસૂલી થાય એના માટે આ બિલ લાવ્યા છો કે પછી જી.એસ.ટી. કાઉન્સિલે આખા દેશમાં બધાં જ રાજ્યોમાં આ બિલને પાસ કરવું પડે એટલા માટે આ સુધારા લઇને આવ્યા છો એવું હું સ્પષ્ટ માનું છું. માનનીય નાણામંત્રીશ્રીને હું કહેવા માગું છું કે, જે તમે સુધારો લાવ્યા છો એમાં એક જગ્યાએ ૨૦૦ ટકા દંડની વસૂલાત કરવાની વાત છે. કોરોનાની મહામારીમાં ઉદ્યોગો જ્યારે એક-એક વર્ષ સુધી પાયમાલ થઈ ગયા હોય ત્યારે તમે તેને ૨૦૦ ટકા દંડ આપવાનો પાવર્સ કમિશનરને આપી દીધા. ઉદ્યોગો ક્યાંકને ક્યાંક આ કમિશનરોના હવાલે થઈ જશે. આમાં એક એ પણ સુધારો લાવ્યા છે કે દા.ત., હું એક એકમ ધરાવું છું. હું કોઈ બીજી વ્યક્તિ પાસેથી ખરીદું તે તેના GSTનું ક્રેડિટ લેતો હોય અને એ વેપારી એ GSTન બતાવે એટલે મારું રીફંડ જાય અને મારું ખાતું સીલ કરવાની તમે બેંકમાંથી પરમિશન લઈ લીધી. આ ઉદ્યોગોને પતાવવાની વાત છે કે ઉદ્યોગોને જીવનદાન દેવાની વાત છે? એટલા માટે હું નાણા મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આ દેશના GST કાઉન્સિલે જે મંજૂર કર્યું છે એમાં ક્યાંક બાય ફોર્સ મંજૂર કરવા માટે આ ગૃહમાં લાવ્યા હોય અને ક્યાંક આ GST પછી મારા નાણાં મંત્રીશ્રીને બાય ફોર્સ કામ કરવું પડે છે. એની પાસે કોઈ પાવર્સ રહ્યા નથી કે મારી ગુજરાતની ઈન્ડસ્ટ્રીઝ બરબાદ થઈ રહી છે એને હું કાઉન્સિલમાંથી GSTઓછું કરી શકું, એને બુસ્ટ કરવા માટેના કોઈ પાવર્સ તમારી પાસે રહ્યા નથી. એટલા માટે કે GST કાઉન્સિલ ''વન નેશન વન ટેક્સ''. આપ ઉદ્યોગોને પૂછજો કે તમારે કેટલા રીટર્ન ભરવા પડે છે? જેટલી પ્રોડક્ટ છે એના બધાના GST અલગ અલગ છે, અલગ અલગ રેટ છે. તો ક્યાંથી વન નેશન વન ટેકસ થયો? એક વેપારી ૧૨-૧૨ રીટર્ન ભરતા હોય. તમે એટલી આમાંથી સરળતા કરી આપી છે કે વેપારી જે પોતાનું રીટર્ન ભરે એ જે સી.એ. પાસે ઓડિટેડ કરાવવું પડતું હતું તેમાંથી જ મુક્તિ આપી છે શ્રી રાકેશભાઈ, રીટર્નમાંથી મુક્તિ આપી છે, નહિ કે બધા ચોપડા ઓડિટ કરાવવામાંથી. ફક્ત જે રીટર્ન ભરવાના હતા એ રીટર્નમાં ઓડિટ કરવાનું છોડીને સેલ્ફ ઓડિટેડ થાય એ પ્રોવિઝન લાવ્યા છો એ સારું છે પણ કમિશનરને પાવર આપી દીધો છે. મારો માલ ક્યાંક જતો હોય અને કમિશનર કોઈ પણ કારણે તે જપ્ત કરે અથવા મેં જે ક્રેડિટ લીધી હોય અથવા મેં જેને માલ વેચ્યો છે એ બોગસ પાર્ટી નીકળે અને સારો વેપારી આમાં દંડાઈ જશે. સારો ઉદ્યોગકાર દંડાઈ જશે. સામે બધાને તો ખબર નથી કે એ રીટર્ન ભરે છે કે નહિ. એને કરોડો રૂપિયાનું ક્રેડિટ લીધું હોય અને પછી બોગસ કંપની હોય તો વેપારીનું જે ખાતું તમે સીલ કરો, એનું બેંક એકાઉન્ટ સીલ કરો

એનો મતલબ એમ છે કે તમે એને બેંક કરપ્સી તરફ લઈ જઈ રહ્યા છો. એ ઉદ્યોગોને પતાવવા માટેનું મૃત્યુઘંટ થાય. કોઈ પણ ઉદ્યોગનું બેંક ખાતું સીલ કરવામાં આવે તો તે ઉદ્યોગ લાંબા સમય સુધી જીવી શકે નહિ. એનો વ્યવહાર અટકી જાય એટલે કમિશનરને તમે અમાપ પાવર આપી દીધા છે જેને ૨૦૦-૨૦૦ ટકા દંડ લેવાની તમે આમાં જોગવાઈ કરી છે એ ઉદ્યોગો માટે ક્યાંક મૃત્યુઘંટ સાબિત ન થાય. એટલા માટે હું આપનું ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને પણ ખબર છે કે હું અહીં ગમે તેટલી ચર્ચા કરું, તમે પણ જાણો છો કે આ પાસ કરવું ફરજિયાત છે. આમાં કોઈ અવકાશ નથી તેમ છતાં આપનું ધ્યાન દોરું છું કે તમે GST કાઉન્સિલના મેમ્બર છો અને GST કાઉન્સિલના ગુજરાતના ઈન્ડસ્ટ્રીઝના ઘણા બધા પ્રશ્નો પડયા છે. માનનીય નીતિનભાઈ પાસે હું જે તે સમયે એ પ્રશ્નો લઈને ગયો હતો કે, રાતોરાત GST આવવાથી આ ગુજરાતના ઉદ્યોગકારોના એક હજાર કરોડ રૂપિયા સલવાયેલા પડ્યા છે. કેટલાંય લોકોએ 0 (ઝીરો) ટકા ડ્યુટીથી મશીનરી ઈમ્પોર્ટ કરી હતી અને રાત્રે આવ્યા તો એના ઉપર GST લાગી ગયો. ટેક્સ ફ્રી હતું તેમ છતાં બાય ફોર્સ એ અમદાવાદની કંપનીઓના ૧૦૦-૧૦૦ ૨૦૦-૨૦૦ કરોડ રૂપિયા આજની તારીખમાં GSTમાંથી પાછા આવ્યા નથી. હું આપણા GST કાઉન્સિલ, આપણા ગુજરાતના એક મોટા ઓફિસર પણ એમાં હતા એને પણ હું મળ્યો હતો કે આવી રીતે અમદાવાદ અને ગુજરાતના ઉદ્યોગકારોના એક હજાર કરોડ રૂપિયા પણ સલવાઈ ગયા છે. નાણામંત્રીશ્રી GST કાઉન્સિલમાં જઈને ગુજરાતના ઉદ્યોગકારોને બચાવે એવી મારી નમ્ર વિનંતી. 'જય હિંદ' 'જય ભારત.'

**(માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ઘે.ભરવાડ અધ્યક્ષસ્થાને)**

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માન. સભ્યશ્રીએ જે પોતાના વકતવ્યમાં વાત કરી એમાં જે અસંસદીય શબ્દોનો ઉપયોગ કર્યો છે. કયાંકને કયાંક આ ઉદ્યોગો કમિશનરોને હવાલે થઇ ગયા છે, ઉદ્યોગોને પતાવવાની વાત, દંડાઇ જશે એવા શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માન.મંત્રીશ્રી ડીંડોર સાહેબે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો પણ માન. સભ્યશ્રીએ જે વાત કરી છે એ તળપદી ભાષામાં બહુ સીધી, સરળ અને આ વિધાનસભાની અંદર માન્ય ભાષા છે એટલે માન.અધ્યક્ષશ્રી આપને વિનંતી કરું કે અમારા સભ્યની વાત કરવાના અધિકારનું રક્ષણ કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દ હશે તો રેકર્ડ ઉપરથી દૂર થશે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય નાણા મંત્રીશ્રી, ગુજરાત માલ અને સેવા વેરા )સુધારા (વિધેયક ૨૦૨૧ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. વન નેશન વન ટેક્ષ આ સરકાર કે પેલી સરકાર બધાએ વિચારીને આ કાયદો અમલમાં મૂક્યો. આ દેશ ખેતી પ્રધાન છે એમ આ દેશ અને ખાસ કરીને આ ગુજરાત એ વ્યાપારી રાજ્ય પણ છે જેટલા ખેડૂતોની આપણે વિચારણા કરીએ છીએ એમની ઉન્નતિની વિચારણા કરતા હોઇએ છીએ એમ નાનો મોટો વેપારી અને ગુજરાતનો વેપારી છેક વિશ્વમાં જઇને વેપાર કરે છે એટલે વેપાર કરવાનું એનું જે મોરલ છે એ તૂટે નહિ એવું વાતાવરણ દરેક સરકારે પૂરું પાડવું જોઇએ અને જે મૂળભૂત કાયદો ૨૦૧૭માં ઘડાયો એ વખતે ગુજરાતના બધા જ તજજ્ઞો, ધારાસભ્યોએ અને માનનીય મંત્રીશ્રીઓએ ખૂબ વિચારણાના અંતે આ કાયદો પસાર કર્યો છે. જીએસટી પસાર થયા પછી ગુજરાતમાં સરકાર અધિકાર એક વિભાગને આપે છે એ પ્રોસીજર જ છે. કમિશનર આખા કાયદાનું અમલીકરણ કરે છે. કમિશનરની નીચે આખી હાયર કી મુજબના બધા અધિકારીઓ કામ કરે છે. અધિકારીઓ, સરકાર, પ્રજા અને વેપારી આ બધા છેલ્લા ત્રણ વર્ષથી જ્યારે આ વેપાર કરતાં હોય ત્યારે એમાં જે જે મુશ્કેલીઓ આવી હોય એ મુશ્કેલીઓ સરકાર સમક્ષ રજૂ થાય અને સરકાર વેપારીઓની વાત સાંભળીને સુધારા કરે. અમારી વાત એટલી જ છે કે અમે પણ સરકારનો વિપક્ષ તરીકે એક ભાગ છીએ. એમને સપનાઓ આવે છે એટલે અમે રજૂઆત નથી કરતાં જેમ તમારી પાસે વેપારીઓ આવે છે એમની મર્યાદામાં તમને કહેવાય એટલું તમને કહેતા હશે એમ અમારી પાસે પણ અમે પણ જે સુધારા સૂચવીએ એ સુધારાઓ ધ્યાનમાં લેવા જોઇએ. આ સુધારાઓમાં જે ઉદ્દેશો અને કારણો બતાવ્યા છે એમાં પેટા કલમ(૪)માં લખ્યું છે કે પેટા કલમ(૧)ને બદલવા માટે ગુજરાત માલ અને સેવા પેટા કલમ(૫૦) સુધારવી અને જેથી કરીને સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે પશ્ચાતવર્તી અસરથી ચોખ્ખી રોકડ જવાબદારી પર વ્યાજ નાંખી શકાય. સરકારનો આદેશ જે લોકો વ્યાજ કે મુદ્દલ ભરતા નથી એને દંડવાનો છે. વાંધો નથી પણ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન બે કે અઢી વર્ષ નોટબંધી અને કોરોનાને કારણે શું મુશ્કેલીઓ ઊભી થઇ છે એ આપણે જાણીએ છીએ. કોરોનાના કારણે વેપાર અને ધંધામાં શું મુશ્કેલીઓ ઉભી થઇ છે એ આપણે જાણીએ છીએ. એટલે પ્રશ્નાતવર્તી અસરથી કાયદામાં સુધારો થઇ જાય. પરંતુ સરકારે સ્પેશિયલ નોટિફિકેશન બહાર પાડીને કોરોનાના સમય દરમિયાન આ જે અસર આપવાની છે, એ અસરમાંથી મુકિત રાખે અને એવા વેપારીઓને વધુ ન દંડે એવી ખાસ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કમિશનરને અધિકાર આપ્યા છે. કમિશનરને અધિકાર આપો તો જ કામ કરી શકે એમાં તો બેવિવાદ નથી. સરકાર, મંત્રીશ્રી જઇને જપ્તી કરી શકશે કે બેંકના ખાતા ખોલી શકશે કે બંધ કરી શકશે એ થવાનું નથી. એ તો એસ્ટાબ્લીસ આપણું બધું તંત્ર છે. પરંતુ આખી જી.એસ.ટી.થી જે આવક થાય છે. બજેટમાં આપણે જોઇએ છીએ કે, માનનીય નાણામંત્રીશ્રી જયારે બજેટ રજૂ કરે છે ત્યારે રૂપિયા ૨ લાખ અને રૂપિયા ૮૦ લાખ કરોડનું બજેટ રજૂ થાય. એમાંથી રૂપિયા ૧ લાખ કરોડની આવક, રૂપિયા ૧ લાખ કરોડ કરતાં વધુ આવક આપણે જી.એસ.ટી.માંથી બતાવી છીએ, પછી સ્ટેમ્પ ડયૂટી

અને બીજા બધા ઘણા રસ્તાઓ છે પણ ૧ લાખ કરોડ રૂપિયા આવક આપણે જી.એસ.ટી.માંથી બતાવી છીએ. હવે ૧ લાખ કરોડ રૂપિયા આવક થાય, એમાંથી અંદાજિત આવક બતાવીએ છીએ. આપણે બધા જોઇએ છીએ, આપણે બધા પેપર વાંચીએ છીએ. રોજ રેડ પડે છે, સાંભળીએ છીએ. રૂપિયા ૩૦ હજાર કરોડ જેટલી રકમ વચેટીયાઓ ચાઉ કરી જાય છે. મેં વિધાનસભામાં કાયદા વખતે પણ સરકારનું ધ્યાન દોર્યું હતું અને આજે પણ દોરી રહ્યો છું કે, ભૂતકાળમાં જેમ તેલિયા રાજાઓ હતા, એમને સરકારે નાથવાના પ્રયત્નો કર્યા, આ સરકાર કે પેલી સરકારમાં પડતો નથી. બૂટલેગરો હતા એમને નાથવાના પ્રયત્નો કર્યા હશે. મેં એક વખતે એક ભય વ્યકત કરેલો કે, આ રાજ્યમાં આ કાયદાના કારણે બિલિયા રાજાઓ ઉભા થશે, બિલિયા. ડુપ્લીકેટ બિલ, સ્યૂડો બિલ ઉભા કરીને સરકારમાંથી જે લાભ લેવાનો હશે એ લઇ લેશે અને આવા બિલિયા રાજાઓને રોકવા માટે આ કાયદામાં થોડી કડક જોગવાઇ કરવી જરૂરી છે. વેપારી વેપાર કરે, જી.એસ.ટી. ભરે, આઘો પાછો થાય, એના ઉપર વ્યાજ લો, એને પાછું વ્યાજમાં રાહત આપો, એને દંડમાં રાહત આપો એ બધું ઓ.કે. સરકાર એ બધું કરી શકે અને ન ભરતા લોકો માટે વ્યાજમાં વધુ કડક નિયમો પણ કરી શકે. આ તો ફકત ને ફકત ધંધો કરતા નથી, માલ સામાન લેતા નથી, માલ સામાન પૂરો પાડતા નથી અને ડુપ્લીકેટ બિલિંગનો આખો દિવસ ધંધો કરે, એને બિલિંગ કૌભાંડ કહેવાય એ પણ રૂપિયા ૩૦ હજાર કરોડનું. એટલે માનનીય નાણામંત્રીશ્રી રૂપિયા ૧ લાખ કરોડની જે અંદાજિત આવક બતાવીને ગયા છે, એમાંથી રૂપિયા ૩૦ હજાર કરોડ તો બિલિયા રાજાઓ ચાઉ કરી જવાના. પછી એને પકડો. અમે એક ભાવનગરનું રૂપિયા ૧૮૦૦ કરોડનું કૌભાંડ પક્ડયું અને એનાથી પણ હજી આગળ વધશે. એટલે આમાં અધિકારીઓ સંડોવાયેલા છે એવું હું કહેતો નથી, અધિકારીઓ તો એમનું કામ કરે જાય. પરંતુ જે આખુ નેકસસ ઉભું થાય એમાં મારો મુદ્દો એ છે કે આટલું બધું શિખવાડવા માટે આપણા બધા વેપારીઓ કે આપણા બધા બિલિયા રાજાઓ હોતા નથી પણ સેલટેક્સ કમિશનરની ઓફિસમાંથી જે લોકો નિવૃત થાય છે અને આ ટેક્ષ જી.એસ.ટી. આવ્યા પછી ઘણા લોકોએ વોલેન્ટરી નિવૃતિ મુકી છે અને ફકતને ફકત પેઢીઓ બનાવીને આ લોકો આ બિલિયા રાજાઓ સાથે ભળ્યા છે. આના માટે હજી કડક સુધારો કરવો જોઇએ.

માનનીય નાણામંત્રીશ્રી, આ સુધારા છે એ બરાબર છે. આ સુધારા કરવાથી વેપારીઓને ફાયદો થશે. સરવાળે અલ્ટીમેટ પ્રજાને ફાયદો થશે. પરંતુ બિલિયા રાજાઓનું આખુ જે નેકસસ ઉભું થાય છે અને જે ગુજરાતના લોકોને કોરી ખાય છે અને ફકત આ જ કરે છે એવા બિલિયા રાજાઓનું બિલિંગ અટકાવવા માટે અને રાજ્યની ચોખ્ખી આવક જે શ્રી નીતિનભાઇ સાહેબ અંદાજીને ગયા છે એ પ્રમાણે જ તમે લાવો તો જ તમે એમને જે કામો સૂચવ્યા છે એ થઇ શકશે, નહીંતર કામ નહી થઇ શકે. એટલે આ રૂપિયા ૩૦ હજાર કરોડ જેવી આવક રાજ્ય સરકારની લોકો ખાઇ જાય છે અને એના માટે પાછા એના પોલીસ કેસ કરો, વળી એને પકડો, વળી પાછા કોર્ટમાં જાય, પાછી મુદ્દતો પડે, સરકારને પાછા વકીલ રોકવા પડે, એ.પી.પી સાહેબ હાજર રહે, કેટલું બધું આખુ તંત્ર બગાડી નાખે છે. એના કરતાં એવો સુધારો લઇને આવો કે એ ઉભો જ ન થાય. એને ક્રિમિનલ કેસીસ, એનું માઇન્ડ ક્રિમિનલ ચાલે છે એના ઉપર ક્રિમિનલ કેસીસ અને પાસા જેવા ઓર્ડરો પણ કરી શકાય. બિલિયા રાજાઓ ઉપર એ પ્રમાણે સુધારો લઇને આગામી વિધાનસભામાં આવો એવી મારી વિનંતી છે. મને એક સુધારો આમાં ગમ્યો પણ છે. આપણે ખેડૂતો સ્ટેમ્પ ડયૂટી ભરવામાં ઓછી ભરે તો સ્ટેમ્પ ડયૂટી એક્ટ પ્રમાણે કલમ-૩૨માં એનો સ્ટેમ્પ રોકી દઇએ અને ૨૫ ટકા રકમ ભરે તો જ એ અપીલ કરી શકે એવું હતું. મેં એ વખતે પણ વિધાનસભામાં કહેલું કે, તમે આવો કાયદો અહીં પણ લાવો. નહીંતર શું છે કે બહું સ્પષ્ટ કહું તો મોટા મોટા ઉદ્યોગપતિઓને તમે ૧ હજાર કરોડ રૂપિયા જી.એસ.ટી. ભરવાનો કાઢ્યો હોય. એ પછી અપીલ કરી દે, અપીલ કરીને છેક સુપ્રીમ સુધી લડે. ૨૦ વર્ષ પછી હજાર કરોડ રૂપિયા જ ભરવાના છેને બહુ બહુ તો અડધો ટકો વ્યાજ કોર્ટ કહે તો ભરવાનું થાય. એટલે લિટિગેશનમાં નાંખી દેતા હતા. એટલે લિટિગેશનમાં વધારે લોકો ન જાય અને જૂઠ્ઠા લોકો ન જાય, સાચા લોકો તો ભરી જ દે છે. જૂઠ્ઠા લોકો લિટિગેશનમાં વધારે ન જાય એટલા માટે ૨૫ ટકા જેટલી રકમ ડિપોઝિટ કરાવે પછી જ એ અપીલ કરી શકે એ સુધારો લઇને પણ મંત્રીશ્રી આવ્યા છે, એને હું અભિનંદન આપું છું. સારો સુધારો છે કમસે કમ ૨૫ ટકા રકમ તો આપણી પહેલા દિવસે જમા થાય અને પછી એ લોકો આગળ નિર્ણય કરી શકે.

બીજા જે સુધારા વધારા થયા છે એમાં મારે આ જે સુધારા વધારા થયા છે એની વાત કરું તો કાંઇ ખોટું નથી. કમિશનરને સત્તાઓ આપી છે ટાંચમાં લેવાના, વાહન જપ્તી, વાહન જપ્ત કરવું જોઇએ, પ્રિમાયસિસને પણ જપ્ત કરવું જોઇએ. આ બિલની બહાર નહીં બોલું, આ બિલની બહાર બોલી ન શકું નહીંતર ખરેખર તો આ શ્રી વિરજીભાઇ બૂમો પાડે છે. જે હજાર-હજાર કરોડો રૂપિયાનું હેરોઇન પકડાય છે એ પ્રિમાયસીસને પણ તમારે જપ્ત કરી લેવું જોઇએ, શું કામ ત્યાં આવ્યું? પણ એમાં હું અત્યારે પડવા માગતો નથી. અત્યારે જે કંઇ નિયમોમાં સુધારા લઇને આવ્યા છે, એમાં મારો એક જ સુધારો આગામી વિધાનસભામાં જયારે આવો ત્યારે બિલિયા રાજાઓ પર કડકમાં કડક સુધારો લઇને આવો, બાકી તમે જે આ સુધારા લઇને આવ્યા છે, તેને હું આવકારું છું. આવક જે માનનીય નાણામંત્રીશ્રીએ પહેલાં બજેટમાં રૂપિયા એક લાખ કરોડ બતાવી છે તેના કરતાં રૂપિયા એક લાખ અને એક હજાર કરોડ આવક થાય, એવું તમે બતાવો અને એવો સુધારો તમે લાવો તો ગુજરાતની પ્રજાને અને આપણને બધાને ફાયદો થશે અને સરકારમાં આપે કામ કર્યું, એમ પણ કહેવાશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નાણામંત્રી, ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક, ૨૦૨૧ લઇને તેમાં મોટા ભાગની જે જોગવાઇઓ કરવામાં આવી છે, તેને અમે સમર્થન આપીએ છીએ. પરંતુ જે બે-ત્રણ જોગવાઇઓ છે એ નુકસાનકારક છે એ વિશે હું વાત કરીશ.

પરંતુ અમારા અગાઉના સભ્યશ્રીઓ કહ્યું કે આપણે એક બાજુ વન નેશન વન ટેક્સની વાત કરીએ છીએ. આ ગૃહની અંદર હું છેલ્લા ચાર વર્ષથી જોતો આવ્યો છું કે જેટલી પણ વાર બેઠક મળી એમાં દરેક વખતે જીએસટી કાયદામાં સુધારો કરવામાં આવ્યો. તારીખ પે તારીખ, તારીખ પે તારીખ એમ સુધારે પે સુધારા મને એવું લાગે છે કે હું આ કાયદાની અંદર હું જોતો હતો કે ૧૭૪ કલમો છે, પણ એમાં જે પ્રમાણે સુધારા કરવામાં આવ્યા એ રીતે જે કાયદાની મૂળ કલમો છે એના કરતાં સુધારાની કલમો વધી ગઇ છે. આવું થવું ન જોઇએ. અમારા અગાઉના સભ્યશ્રીઓએ કહ્યું કે આવું શા માટે થાય છે? કોઇ પણ કાયદો બનાવો એ સ્થિર હોવો જોઇએ, વારંવાર એમાં સુધારો કરવામાં આવે તો આપ તો પશુપાલન સારી રીતે જાણો છો. એક દૂઝણી ભેંસ હોય એને આપ આજે એક ધણીને આપો, બીજા જે ત્રીજાને આપો મહિનામાં એ વસૂકી જાય. આવી પરિસ્થિતિ વેપારીઓની થાય છે. આ જે કાયદો છ– મહિના પછી બીજો કાયદો એના પછી બીજો કાયદો એટલે વેપારીઓ હેરાન થાય છે અને તમને પણ ફરિયાદો મળતી હશે, અમને પણ ફરિયાદો મળે છે. મારી આ ગૃહના નાણામંત્રીશ્રીને વિનંતી છે કે કોઇ પણ કાયદો એ શિક્ષણ, ખેતી કે વેપારને લગતો હોય એના જે લાભ લેવાના જે સ્ટેક હોલ્ડર છે, એના જે એક્સપર્ટ છે, જીએસટીની અંદર જે કાયમી નિષ્ણાતો છે અથવા વકીલો અને મોટા વેપારીઓ છે એમની સાથે ચર્ચા–વિચારણા કર્યા પછી જો આ કાયદો બનાવવામાં આવે તો વારંવાર સુધારો કરવાનો વારો ન આવે અને એનો ફાયદો ચોક્કસ વેપારીઓને થાય અને જે કાયદાકીય હેરાનગતિ જે કરવામાં આવે છે તે હેરાનગતિ ન થાય એના માટે હું વિનંતી કરું છું.

બીજી એક વાત કરી કે ઓડિટમાં સી.એ.ની સહી ફરજિયાત હતી તે રદ કરી અને સેલ્ફ એટેચમેન્ટની વાત કરી છે, એ બહુ સારી વાત છે. પરંતુ આ કાયદાની કલમ–૨ ની અંદર જે સુધારો કરવામાં આવ્યો છે. એની અંદર આપે કહ્યું છે કે પાશ્ચાત અસર વર્ષ ૨૦૧૭ની અસરથી તમે એનું વ્યાજ લઇ શકશો. સુપ્રીમ કોર્ટનું એવું જજમેન્ટ છે કે, કોઇ પણ વ્યક્તિને તમારે લાભ આપવો હોય તો એ રીસ્ટ્રોસ્પેકટીવ ઇફેકટ એટલે કે પાશ્ચાતવર્તી અસરથી આપી શકો પણ તેને નુકસાન કરી શકો નહીં. એટલે નામદાર સુપ્રીમ કોર્ટે આ જજમેન્ટ આપેલું છે તેનું ઉલ્લંઘન ન થાય તેવી પણ હું માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું. બીજું એમણે એવું કહ્યું છે કે આ ફંડના હેતુઓ માટે સ્પષ્ટતા કરવામાં આવે છે કે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા અથવા કોર્ટ, ટ્રીબ્યુનલ અથવા સત્તા મંડળના કોઇ ચૂકાદા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય....

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. માનનીય સભ્યશ્રી કીરીટભાઇ જે કહી રહ્યા છે એમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કર્યો છે. તો તેનું સાઇટેશન લખાવે તેવી આપના માધ્યમથી હું વિનંતી કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇ, આપની પાસે એ આધાર છે? આપ રજૂ કરજો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની અંદર શિક્ષણના અધ્યાપકોના પ્રશ્ને નામદાર સુપ્રીમ કોર્ટે આ ચૂકાદો આપેલો છે અને એ ચૂકાદાની નકલ હું આપને પૂરી પાડીશ. આ જે બાબત મેં કહી કે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ થશે, કોઇ પણ કોર્ટનો ચૂકાદો હોય, કે તેનો સ્ટે હોય, અથવા એનો મનાઇ હુકમ હોય, છતાં પણ આ કાયદાનું પાલન ફરજિયાત રહેશે તેવું બતાવ્યું છે. માનનીય મંત્રીશ્રી આપ કાયદાના નિષ્ણાત છો એટલે આ બાબત કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ ન બને તે બાબત જોવા માટે હું વિનંતી કરું છું. આ કાયદાની કલમ ૪૪ માં જે જોગવાઇ કરી છે કે રાજયનું કોઇ પણ સત્તા મંડળ હોય કે સી. એ. જી. એ જેને ઓડિટ કરવાની સત્તા હોય તેવી બાબતો આની અંદર સમાવેશ કરવામાં આવશે નહીં. આ બહુ ગંભીર બાબત છે. આજના ગુજરાત સમાચારની અંદર એવું છે કે ૪૧ થી વધુ સરકારી કંપનીઓ પોતાના હિસાબો રજૂ કરતી નથી. તો આપણે શા માટે સરકારી કંપનીઓ જે ખોટું કરે છે, જે ફડચામાં જાય છે, જેના હિસાબો આપણે ઓડિટ કરી શકતા નથી તેવી કંપનીઓને શા માટે છોડવામાં આવી છે? મારી નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે આ દાયરામાં જે સરકારી કંપનીઓ આવતી હોય, જે જાહેર સાહસો હોય તેનો પણ સમાવેશ કરવામાં આવે. કલમ ૭૫ની અંદર એવું લખ્યું છે કે આ પેટા કલમના હેતુઓ માટે સ્વ આકારેલી વેરાની રકમ એ શબ્દ પ્રયોગમાં કલમ ૩૭ હેઠળ રજૂ કરેલા જાવક–પુરવઠાની વિગતોના સંબંધમાં ચૂકવવા પાત્ર પરંતુ કલમ ૩૯ હેઠળ રજૂ કરેલા પત્રમાં સમાવેશ નહીં કરેલા વેરાનો સમાવેશ થશે. એટલે આ કલમ ૩૭ પ્રમાણે કે કલમ ૩૯ પ્રમાણે કયા પ્રમાણે વેરો લેવાનો થાય એ મને સમજાતું નથી. એ બાબતે પણ માનનીય નાણા મંત્રીશ્રી સ્પષ્ટતા કરે. કલમ ૮૩ની અંદર હમણાં અમારા સભ્યશ્રીએ કહ્યું કે આનાથી કમિશનરોને જે સત્તા આપવામાં આવી છે એના લીધે અધિકારી રાજ થશે. અને એની અંદર એમને કોઇ પણ વાહન સીઝ કરવાની સત્તા આપવામાં આવી છે. તો કોઇ પણ વાહન સીઝ કરવું હોય તો તેને સી.આર.પી.સી. કાયદા પ્રમાણે પ્રોસિઝર કરવી પડે. એટલે આની અંદર એ સ્પષ્ટતા નથી કે સી. આર. પી. સી. મુજબની કાર્યવાહી કર્યા પછી એ સીઝ કરી શકશે કે એમને મન ફાવે ત્યારે આ વાહન સીઝ કરશે? આના લીધે વેપારીઓને મોટો દંડ અને મોટું નુકસાન થશે. આની અંદર કલમ ૧૦૭ની અંદર ડિપોઝીટની જોગવાઇ કરવામાં આવી છે. પણ આ ડિપોઝીટ રીફંડેબલ છે કે નોન રીફંડેબલ, આ ડિપોઝીટ ઉપર વ્યાજ આપવામાં આવશે કે નહીં? કોઇ અધિકારીએ કોઇ વેપારી ઉપર ખોટો કેસ કરી દીધો, એનું વાહન ખોટી રીતે જપ્ત કરી લીધું, અને એ વેપારી નામદાર કોર્ટમાં ગયો, અને કોર્ટે તેને મુકત કરી દીધો, અથવા તેને દંડમાંથી રાહત આપી તો એની જે ડિપોઝિટ હોય તે ડિપોઝીટ ઉપર તેને વ્યાજ મળવું જોઇએ. તેથી હું માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એ ડિપોઝીટ રીફંડેબલ છે કે નોન રીફંડેબલ એ બાબતમાં પણ સ્પષ્ટતા કરે.

## તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૨૯ની અંદર જે વ્યક્તિ દંડ ભરવા તૈયાર થાય છતાં પણ એને બે ટકા જેટલી રકમ અથવા ૨૫ હજાર રૂપિયા દંડ છે ન ભરવાનો થાય તો એને ૫ ટકા અને ૨૫ હજાર રૂપિયાના દંડની જોગવાઇ છે એના લીધે એવું થશે કે જે વેપારીઓ ચોરી કરે છે એ દંડ ભરશે નહિ એટલા માટે એને ૩ ટકા વધારાનો દંડ ભરવો પડે એટલે જે વેપારી આવો દંડ ભરવા ન તૈયાર થાય એને વધુ દંડની જોગવાઇ થાય તો કરચોરી અટકશે.

બીજી બાબત કે કોઇપણ માલ સીઝ કરવામાં આવ્યો હોય એને ૭ દિવસ કે ૧૫ દિવસની મુદત આપવામાં આવી છે. ઘણી વખત એવો માલ હોય કે તાત્કાલિક એનો નિકાલ કરવો પડે તેવી પરિસ્થિતિ હોય બગડી જાય તેવો હોય તો એ બાબતે સ્પષ્ટ સૂચના આપવી જોઇએ કે બગડી જાય તેવો માલ હોય તો ૭ દિવસ કે ૧૫ દિવસ નહિ પણ તાત્કાલિક એનો નિકાલ થાય એના જે કંઇ પૈસા આવે એની ડિપોઝીટ કરવામાં આવે તો વેપારીને પણ ફાયદો થશે અને સરકારને પણ ફાયદો થશે. એમાં ૧૦ થી વધુ દિવસ કે ૭ થી વધુ દિવસ રહેલો માલ બગડી જશે તો એના લીધે વેપારી કે સરકારને ફાયદો થવાનો નથી. હમણાં વાત કરી તેમાં જોગવાઇ કરી છે. કોઇપણ માલ સીઝ કરી દેશો માલ લઇ જનાર ગાડી હોય કોઇ વેપારી માલ માટે લઇ ગયા મને ખબર નથી કે માલ લઇ જઇએ છીએ એનો જી.એસ.ટી. ભરેલ નથી એ ચોરીનો છે, હું તો ભાડા માટે થઇને મારી ગાડી લઇને જઉં છું. પરંતુ વેપારી ચોરી કરે મારી ગાડી સીઝ કરવામાં આવે એ પડી રહે આ બાબત યોગ્ય નથી. કદાચ આવી ગાડી સીઝ કરવાની સત્તા આપવામાં આવી છે પરંતુ આ બાબતે નામદાર હાઇકોર્ટમાં કેસ થયો એટલે એમણે પણ કહ્યું કે બે ત્રણ મહિના સુધી આવી ગાડી પડી રાખી શકો નહિ. એટલે ગાડી સીઝ કરવાની છે એની સમય મર્યાદા નક્કી કરવામાં આવે કે ૧૦ દિવસ કે ૧૫ દિવસની સમય મર્યાદા નક્કી કરવામાં આવે. એટલા દિવસમાં એ ગાડી એના માલિકને મળી જાય તો એના માલિકને વધારે નુકસાન નહિ થાય એવી જોગવાઇ કરવામાં આવી છે, આ કાયદાનું અમે સમર્થન કરીએ છીએ. ફરીથી વેપારીઓના હિતમાં કાયદો લઇને આવ્યા છો એને મારું સમર્થન છે.

શ્રી જગદીશ ઇ.પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૨ ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક લઇને આવ્યા છે એને હું ટેકો આપું છું અને મારા કેટલાક વિચારો વ્યકત કરું છું.

લોકશાહીમાં કોઇપણ દેશ કે રાજયોનો વિકાસ કરવો હોય તો ટેકસ એ અનિવાર્ય અંગ છે. વખતો વખત સમયની જરૂરિયાત અનુસાર કાયદાઓમાં તથા જરૂરી સુધારાની જરૂરિયાત જયારે ઉભી થાય ત્યારે આવા સુધારા કરવા ખૂબ જરૂરી હોય છે. તા. ૧–૭–૨૦૦૦ પહેલા રાજયમાં વેટનો કાયદો અમલી હતો. આ કાયદા હેઠળ કરચોરીનો વ્યાપ ખૂબ હતો જયારે તા.૧–૭–૨૦૦૦ પછી જી.એસ.ટી.નો કાયદો અમલમાં આવ્યો. ઇન બિટવીન જે કરચોરીનું પ્રમાણ વધ્યું એને ડામવા માટે આ સુધારાની ખૂબ આવશ્યકતા છે. રાજયમાં વેરાકીય આવક તથા વિપરીત અસર જે થાય છે એના માટે પ્રસ્તુત સુધારા વિધેયકમાં કરચોરી પર નિયંત્રણ રાખીને ટેકસ કોપ્લાયસનો વ્યાપ વધારવા માટે નાણામંત્રીશ્રીએ જે રજૂઆત સુધારાની અંદર કરી છે એ ખૂબ જ આવકારદાયક છે. હાલમાં ગુજરાત જી.એસ.ટી. કાયદામાં સપ્લાયર્સ દ્વારા આઉટ વર્ડ સપ્લાયરના સ્ટેટમેન્ટમાં ઇનવોઇસ કે ડેબીટ નોટસની વિગતો દર્શાવી ન હોય તો ખરીદનાર તેની ટેકસ ક્રેડિટ મેળવી શકે નહિ તે અંગેની સ્પષ્ટ જોગવાઇ નથી. તેથી વેચનારે જે વ્યવહારુ સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા ન હોય તેવા વ્યવહારોની ક્રેડિટ ખરીદનાર દ્વારા પત્રકમાં કલેઇમ કરવામાં આવે છે. ખરીદનારે આવી ક્રેડિટ કલેઇમ કરતા અટકાવવા માટે નવી જોગવાઇઓ કરવામાં આવી છે. ખરીદનાર ટેક્સ ક્રેડિટની રકમ ક્લેઇમ કરી શકે તે માટે વેચનાર દ્વારા સ્ટેટમેન્ટમાં વેચાણની વિગતો દર્શાવવામાં આવે છે. પરંતુ વેચનાર તેના પત્રકની અંદર વ્યવહારો ન દર્શાવીને વેરો ભરવાનું ટાળે છે. આવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે વેચનારે સ્ટેમેન્ટમાં દર્શાવેલ હોય પરંતુ પત્રકમાં દર્શાવેલ ન હોય તેવા વ્યવહારો ઉપર સીધેસીધી વસૂલાતની કાર્યવાહી થઇ શકે તેવી જોગવાઇ આ નવા સુધારામાં કરવામાં આવી છે. હાલમાં કરચોરીની પ્રવૃત્તિથી લાભ મેળવતા હોય પરંતુ કાયદા હેઠળ નોંધાયેલા કરદાતા ન હોય તેવી વ્યક્તિઓ સામે સરકારી આવકના રક્ષણ માટે બેંક ખાતા સહિત મિલકત પર ટાંચ મૂકી શકાતી નથી. વધુમાં હાલની જોગવાઇ મુજબ કામચલાઉ ટાંચ મૂકવા માટે સંજોગો પણ મર્યાદિત છે. આ સુધારા વિધેયકથી કામચલાઉ ટાંચ મૂકવા માટે વ્યાપમાં વધારો કરવામાં આવે છે અને કરદાતા ઉપર બિલીંગની પ્રવૃત્તિને લાભ લેનાર અન્ય વ્યક્તિ બેંક ખાતા સહિત મિલકત પર કામચલાઉ ટાંચ મૂકવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચીજવસ્તુની રવાનગી કરનાર વ્યક્તિ રાજ્ય બહારનો હોય તેવા કિસ્સામાં અટકાયત કરેલ માર્ગસ્થ ચીજવસ્તુ પર વેરાનું માગણું ઉપસ્થિત થઇ શકતું નહોતું. આ મુશ્કેલી દૂર કરવા માટે વેરાને બદલે માત્ર દંડ વસૂલવાની બાબતની જોગવાઇ પણ કરવામાં આવી છે. આથી જી.એસ.ટી.ના કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો ટેકો આપું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક–૨૦૨૧ લઇને આવ્યા છે. તેના સંદર્ભે ખૂબ જ ટૂંકમાં બે–એક સુધારા તરફ ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા નં. ૯. જેની અંદર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય હોય કે સરકારી મહેસૂલના હિતોનું રક્ષણ કરવા માટે તેમ કરવું જરૂરી છે. તેના સંદર્ભે જે કમિશનરોને સત્તા આપવાની વાત છે અને બીજું મુદ્દા નં. ૧૦. જેના અનુસંધાને અપીલ કરનારે દંડની ૨૫ ટકા રકમ ભરી હોય તે સિવાય પેટા કલમ–૩ હેઠળના હુકમ સામે કોઇ અપીલ કરી શકાશે

નહીં, તેના સંદર્ભની જે વાત છે એ સંદર્ભે અમારા સાથી ધારાસભ્યશ્રી માનનીય સી.જે. ચાવડા સાહેબે જે સૂચનો કર્યા છે એ સિક્કાની એક બાજુ છે. સિક્કાની એક બીજી બાજુ પણ હોઇ શકે. ટેક્સ કલેક્શન થવું જોઇએ. સરકારી મહેસૂલની આવકનું રક્ષણ થવું જોઇએ એ બાબત સાચી છે. તેની સાથે અમે સંમત પણ છીએ. પરંતુ તેની સાથે સાથે વ્યાવસાયિકોના હિતોનું રક્ષણ પણ થવું જોઇએ. આ પ્રકારના સુધારાઓના કારણે ક્યાંકને ક્યાંક વ્યાવસાયિકોના હિત સાથે બાંધછોડ થતી હોય એવું લાગી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ બિલના અનુસંધાને એક ઉદાહરણ અથવા મારા મતવિસ્તારમાં આ પ્રકારના પ્રશ્નોના કારણે કેવા પ્રકારની પરિસ્થિતિ છે એ બાબતે આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું. જેમ આ બિલમાં સુધારો આવ્યો છે કે બેંકના ખાતા સીલ થઇ શકે, મિલકત ટાંચમાં લઇ શકાય, ૨૫ ટકા ભર્યા પહેલાં અપીલ ન કરી શકાય. એ જ પ્રકારના કાયદાઓ જી.ઇ.બી.માં છે. એ જ પ્રકારના કાયદાઓ ખાણ અને ખનિજમાં છે. એ જ પ્રકારના કાયદાઓ અન્ય વિભાગોમાં પણ છે. મારા મતવિસ્તારનું શહેર થાનગઢ. એક સમય એવો હતો કે થાનગઢની અંદર સેનિટેશન માટેના પોટ એક પ્રકારનો ગૃહ ઉદ્યોગ છે. હાથકારીગરીનો ઉદ્યોગ છે. મશીનરીની કારીગરીનો ઉદ્યોગ નથી. આજની તારીખે પણ ૧૦૦ રૂપિયામાં પોટનું વેચાણ એ લોકો કરે છે. એક સમય એવો હતો કે પાંચ ટકા ટેક્સ ભરી અને સમગ્ર એશીયા ખંડની અંદર માથાદીઠ આવકમાં પહેલા નંબર ઉપર એ શહેર રહેતું હતું. પાંચ ટકા ટેક્સ કલેક્શન સાથે સરકારને પણ કોઇ નુકસાની નહોતી, એ પછી સમયાંતરે જે સુધારા થયા માત્ર આ એક જી.એસ.ટી.ના કાયદાના કારણે નહીં પરંતુ બાકીના કાયદાઓમાં પણ જે પ્રકારના સુધારાઓ આવ્યા એના કારણે આજે થાનગઢ ચિત્રમાં કયાંય નથી. જે ટેક્સ પાંચ ટકા હતો એ સો રૂપિયાના એજ પોટ ઉપર આજે અઢાર ટકા ટેક્સ છે. એ જ કારખાનાવાળાઓને માટીની જરૂર પડે છે, ભૂતકાળમા મેં અહીંયા રજૂઆત કરેલી કે એ લોકોને માટી લઇ જવા માટેની કોઇ સિસ્ટમ ગોઠવી આપો તો એ લોકો માટીનો ઉપયોગ કરી શકે, પરંતુ અચોક્કસ અને અનિશ્ચિત આપણી પોલિસીના કારણે, ખાણ ખનિજ વિભાગ તરફથી પણ વારંવાર જપ્તી, વારંવાર દંડનો ભોગ બનવું પડે છે. નાના મોટા ટેકનિકલ કારણોસર જી.ઇ.બી. તરફથી પણ અવારનવાર આ પ્રકારની પરિસ્થિતિ ઉભી થાય છે. આ પ્રકારના અર્થઘટનો પણ કરવાની સત્તા, આ પ્રકારના અંદાજો લગાવવાની સત્તા અધિકારી વર્ગને જયારે જયારે આપવામાં આવે છે ત્યારે, માફ કરજો સાહેબ, પરંતુ કયાંકને કયાંક ટેક્સ કલેકશન સિસ્ટમ જે આપણી છે એના બદલે પાછલા બારણેથી એકસ્ટોર્શન કલેકશન સિસ્ટમ ઉભી થતી જતી હોય એ પ્રકારની પરિસ્થિતિ ઉભી થતી જઇ રહી છે. અર્થઘટન કેવું કરવું અને કેવું ના કરવું એ પરિસ્થિતિ અને સામેવાળાની ગરજ ઉપર આધાર રાખતું થઇ ગયું છે. મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અધિકારીઓને આપણે હિત માટેની સત્તા આપીએ, મહેસૂલી આવક માટેની એ બરાબર છે પરંતુ એ સત્તાનો ઉપયોગ દુરુપયોગમાં પરિર્તિત ના થઇ જાય એનું ધ્યાન પણ આપણે જ રાખવું પડશે. આજે તો થાનગઢની પરિસ્થિત એવી છે કે ત્યાં લગભગ ૪૦ ટકા ઉદ્યોગો બંધ હાલતમાં છે અને જો આવી પરિસ્થિતિમાં વારંવાર ઉમેરો થતો જશે, વારંવાર અધિકારીઓ તરફથી પરેશાની થતી જાય, પ્રદુષણ નિયંત્રણવાળા આવે છે, માટીવાળા આવે છે, ખાણ ખનિજવાળા આવે છે, જી.ઇ.બી.વાળા આવે છે, જી.એસ.ટી.વાળા આવે છે, એના કારણે પરિસ્થિતિ વણસતી જાય છે. આપણી સૌની ફરજ છે કે વ્યાયસાયિકોને પણ સારું વાતાવરણ મળવું જોઇએ નહીં તો પરિસ્થિતિ એવી થાય છે કે આપણે વાઇબ્રંટ ગુજરાત કરીએ, ઇઝ ઓફ ડુઇંગ કરીએ, સ્ટાર્ટઅપ કરીએ, સરસ મજાનું ઝાકઝમાકવાળું વાતાવરણ કરી દઇએ છીએ, એની અંદર એક વખત વ્યવસાયિક દાખલ થઇ જાય છે પણ એક વખત દાખલ થયા પછી પરિસ્થિતિ અભિમાન્યુના સાત કોઠાના યુદ્ધ જેવી થાય છે, અંદર દાખલ થવાનો રસ્તો તો છે પરંતુ એની અંદરથી બહાર નીકળવાનો રસ્તો રહેતો નથી, પરિણામ એ આવે છે કે બેંકોની અંદર એન.પી.એ.ની પરિસ્થિતિ ઉભી થાય છે એની અંદર કયાંકને કયાંક આપણી સિસ્ટમ પણ જવાબદાર છે એટલે મારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે સુધારાઓ છે એ માત્ર એક એક બિલને ધ્યાનમાં રાખીને નહીં પણ અનુબંધિત બીજા વિભાગો સાથે પણ અનુબંધ જે હોય એને સાંકળીને પણ વાત થાય તો વધારે ઉપયોગી થશે. ખૂબ ખૂબ આભાર.

શ્રી હર્ષદ્કુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. વેપાર, ધંધા રોજગાર ચલાવતા લોકો જયારે સુધારા વિધેયક આવે ત્યારે એમના પણ સૂચન લેવા જોઇએ, માર્ગદર્શન લેવું જોઇએ. ઘણી તકલીફો એમને પણ પડતી હોય છે. અમારે ત્યાં નાના વેપારીઓને અમે પૂછીએ તો એ એમ કહે કે ત્રીજો ભાગ અમે સરકારને કામે કામે આપી દઇએ છીએ, અમારે ત્યાં ત્રીજા ભાગે ભાગીયું રાખે, ભાગીયું રાખે એને તો મહેનત પણ ખેતીવાડીમાં કરવી પડતી હોય, આ સાવ વગર મહેનતે લઇ જાય, વેપારીઓનું એવું કહેવાનું છે કે ત્રીજા ભાગે ભાગીયા હોય એવી રીતે અમારે ત્રીજો ભાગ વગર મહેનતે આપી દેવાનો હોય, પેલો ભાગીયો તો કાળી મજૂરી કરે ત્યારે એને ભાગ મળતો હોય છે. એમાં થોડી રાહત થાય તો વેપારીઓ ધંધા-રોજગાર ચલાવી શકે. માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લાવ્યા છે એમાં એ પણ જરૂરી હતું કે ખેતી ઓજારોમાં જી.એસ.ટી. છે. જેમાં આપણે સબસિડી આપીએ છીએ. દા.ત. ટ્રેકટરમાં ૪૫ હજાર સબસિડી ખેડૂતોને આપીએ છીએ. જ્યારે બિલ રજૂ કરે ત્યારે ૪૫ હજાર જી.એસ.ટી.ના થાય છે. તો સબસિડી ક્યાં ગઇ? ખેડૂતોને કોઇ ફાયદો નથી. ગ્રીન હાઉસ, નેટ હાઉસ કે જેમાં સરકાર સબસિડી આપે છે એ તમામ ઓજારોમાં જી.એસ.ટી.માં રકમ જતી રહે છે. સુધારો એવો લાવવો જોઇએ કે જેમાં સરકાર સબસિડી આપતી હોય એમાં જી.એસ.ટી. ન લગાવવી જોઇએ. તો જ સબસિડીનો ફાયદો ખેડૂતને થઇ શકે. સબસિડી

જી.એસ.ટી. ખાઇ જાય છે. એવી જ રીતે નાબાર્ડ દ્વારા ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે ૩૦ હજારની સબસિડી આપવામાં આવે છે. ખેડૂત બિચારો બિલ લેવા નીકળી પડે. રેતીના બિલ, સિમેન્ટના બિલ, કોન્ટ્રાકટર પાસેથી બિલ એવા વિવિધ બિલ લેવા જાય ત્યારે ૩૦ હજાર તો જી.એસ.ટી.માં જતા રહે છે. એમાં સુધારો આવે એ ખૂબ જ જરૂરી છે. ખેડૂતના માલ ઉપર ક્યાંય ખેતી માટે ટેક્સ ન હતો. પણ આ સરકારે ટેક્સ નાખ્યો છે. સરકાર એમ કહે છે કે વેપારી ભરે છે ખેડૂત નથી ભરતો. પણ માલ ઉપર જકાત હોય છે. એ કાંઇ નુકસાન કરીને ૫ ટકા લેવાનો છે? જો ટેક્સ ન હોય તો સસ્તો માલ વેચે. ૫ ટકા ટેક્સ ખેતીના માલ ઉપર નાખવામાં આવ્યો છે એમાં ખેડૂતને જ માર પડે છે. એ ટેક્સ નાબુદ કરવો જોઇએ અને એવું સુધારા વિધેયક લાવવું જોઇએ. ખેતી કરવામાં ડિઝલ ખૂબ વપરાય છે. સરકારે ગામડે ગામડે કિસાન સેવા કેન્દ્રો, નાના પમ્પો ખોલ્યા છે તો ત્યાં સેવા કાંઇ છે નહીં. ખેડૂત એ જગતનો તાત છે. આપણે ૨૦૨૨ માં ખેડૂતની આવક બમણી કરવા માગીએ છીએ અને એની વાતો કરીએ છીએ તો ખેડૂત વિભાગમાંથી ટેક્સ નાબુદ થશે તો જ આવક બમણી થશે. કિસાન સેવા કેન્દ્રના પમ્પ ખોલવામાં આવ્યા છે. સરકાર જો ટેક્સ ફ્રી ડિઝલ આપે તો જ ખેડૂત બેઠો થશે. મારા આટલા જ સૂચનો હતા. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવનારું બજેટ લઇને આવો ત્યારે ખાસ મારા આ તમામ સૂચનોના અનુસંધાનમાં સુધારા વિધેયક લઇને આવો. ખેતીમાં જ્યાં આપણે સબસિડી આપીએ છીએ ત્યાં જી.એસ.ટી. ન હોવો જોઇએ એવું મારું માનવું છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક-૨૦૨૧ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. એટલે અત્યારે ગુજરાત રાજ્ય વેપારી મહાજનો તમામ ઉપર એની અસરકારકતા, એની આર્થિકતાના પાસાઓને વણી લઇએ એટલે એ બહુ જ ગંભીર મુદ્દો છે. અત્યારે એક તરફ સમગ્ર રાજ્ય, દેશ અને વૈશ્વિક મહામારી કોવિડની ચાલી રહી હોઇ આર્થિક મંદીની પરિસ્થિતિ ઉભી થઇ છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ હોય, પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો હોય, મોંઘવારી હોય એ તમામ પરિસ્થિતિનો આપણે સૌ સામનો કરી રહ્યા છીએ. આ જે સુધારા વિધેયક લાવ્યા છે એ સુધારા સારા છે. જ્યારે જ્યારે જરૂર પડતી હોય, પ્રજાજનો, વેપારી મહાજનોને કોઇ મુશ્કેલી થાય, ત્યારે સરકારની અને આપણી ફરજ બનતી હોય છે કે આપણે કાયદાઓનો રીવ્યૂ કરીએ અને જનહિતમાં, લોકહિતમાં કાયદાઓને સરળ બનાવીએ અને એનો લાભ લોકોને આપીએ. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે કે આપણે જે વાત કરી હતી કે એક વેરો, એક દેશ, એક નેશન, એક કાયદો એમાં મૂળભૂત વાત એ હતી કે સરળતા થાય.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી પંકજ દેસાઇ (મુખ્યદંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના એજન્ડા ઉપરનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે? ( થોડીવાર બાદ) આજના એજન્ડા ઉપરનું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે પેટ્રોલ, ડિઝલમાં અત્યારે વેટ છે એની જગ્યાએ જો આપણે એને જી.એસ.ટી.માં સામેલ કરીએ તો એનો ટેકસનો દર ઘટે તો સીધો એનો લાભ પ્રજાજનોને મળે અને પેટ્રોલ, ડિઝલ થોડું સસ્તુ થાય. આ બાબતે પણ સરકારે વિચારવાની ખાસ જરૂરિયાત છે અને આપણા કરતા બીજા રાજયોની અંદર જી.એસ.ટી. ઓછો હોય અને આપણે ત્યાં જી.એસ.ટી. વધારે હોય તો આપણે ધંધાકીય રીતે પણ અનેક મુશ્કેલીઓ થતી હોય છે અને આપણા વેપાર, રોજગાર ઉપર પણ એની અસર થતી હોય છે તો એ પણ આપણી કમિટી જે છે એ રીવ્યૂ કરીને સમયસર એના નિર્ણય તો એના પણ આપણા વેપાર, ધંધા, રોજગાર ઉપર સારા લાભો થાય અને ગુજરાતના વેપારી મહાજનોને ફાયદો થાય. ખાસ કરીને મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે નવા જી.એસ.ટી. નંબર લેવા માટેની જે પ્રક્રિયા છે એ પ્રક્રિયા પણ ખૂબ જટિલ છે. એની અંદર પણ લોકો અત્યારે ટેકસ પેયર બન્યા છે. લોકો કાયદાઓનો અમલ કરે છે. લોકો કાયદામાં માનતા થયા છે ત્યારે નિયમો પણ સરળ થવા જોઇએ કે જેનાથી ટેકસ પેયરને સરળતાથી એનો ફોર્મો મંજૂર થઇ જાય એટલે જી.એસ.ટી. નંબર લેવામાં ઘણી મુશ્કેલી પડતી હોય છે. એના માટે પણ રીવ્યૂ કરવામાં આવે કે વેપારી મહાજનો જયારે જી.એસ.ટી. નંબર લેવા જાય ત્યારે ખૂબ લાંબા સમય સુધી અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે ત્યારે એને જી.એસ.ટી. નંબર મળતો હોય છે ત્યારે અનેક મુશ્કેલીઓનો એને સામનો કરવો પડતો હોય છે ત્યારે આવી પરિસ્થિતિની અંદર કાયદામાં સુધારા કરીને સરળતાથી નંબર મળી શકે એ માટે સરકારે વિચારવું જોઇએ. બીજી ખાસ વાત એ હતી કે ઘણી વખતે જયાં સુધી વેચનાર રિટર્ન ન ભરે ત્યાં સુધી ખરીદનારને ટેકસ ચૂકવેલો હોવાછતાંપણ ટેકસ ક્રેડીટ મળતી નથી એટલે જે લાભો અને ટેકસ ક્રેડીટની વિસંગતતાઓ છે એ પણ જે વેપારી મહાજન છે એ ટેકસ ભરી દેતા હોય છે અને જયારે બીજાને એની ક્રેડીટ લેવાની હોય છે ત્યારે એની અંદર પણ બધી પૂર્ણતા કરી દેતા હોય, નીતિ નિયમને આધિન રહીને બધા ફોર્મ ભરી દેતા હોય પણ એની અંદર ક્રેડિટ લેવાની અંદર ખૂબ લાંબો સમય થતો હોય છે તો એ લાભાર્થી જે હોય વેપારી મહાજન એને ક્રેડીટ સમયસર મળવી જોઇએ એવી ખાસ લાગણી હતી. સાથેસાથે જી.એસ.ટી.ની અંદર આપણા રાજયના અને કેન્દ્રનું બંને વિભાગો સાથે કામ કરતા હોય છે. એની અંદર ત્રણ વિભાગો આવે છે. જયારે આપણા રાજયના વેપારી મહાજનો કોઇ બીજા રાજયમાં વેપાર કરતા હોય અને એ વેપાર કરતા હોય ત્યારે ત્યાંનું જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ હોય,

સેન્ટ્રલ ગવર્મેન્ટનું જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ હોય, કોઇક એને ઓડિટ કરતી એજન્સી હોય તો અમદાવાદના કે ગુજરાતના વેપારીને બોમ્બેથી કે દિલ્હીથી જી.એસ.ટી. વિભાગની નોટિસ આવે અને બહુ ટૂંકા સમયની અંદર એને બીજા રાજ્યની અંદર ૨૪ કલાકમાં કે ૩૬ કલાકમાં ટૂંકી નોટિસની અંદર એને ત્યાં જવું પડે ત્યારે આવી હાલની પરિસ્થિતિ આ કાયદાકીય બાબત, એ અવરજવર, મોંઘવારી, આર્થિક પાસાઓ એવી અનેક મુશ્કેલીઓ વેપારી મહાજનને થાય છે ત્યારે આપણે ઇન્કમટેક્સ અને જે તે વિભાગો હોય એની કચેરીઓ આપણા રાજ્યમાં જ હોય અને અહીંયાથી જ એના બધા નીતિ નિયમોનું અને કાયદાઓનું પાલન થતું હોય. જી.એસ.ટી. નું પણ જે રાજ્યની અંદર જે પણ બાબત આવે તો વિભાગના માધ્યમથી જ એની ઇન્કવાયરી થાય. એની ક્વેરી અહીયા સોલ થઇ જાય. જે તે જીએસટી ડિપાર્ટમેન્ટ આપણા રાજ્યમાં કામ કરતું જ હોય છે. અહીથી વેપારીઓને બોમ્બે, દિલ્હી કે બીજા રાજ્યો જીએસટી ડિપાર્ટમેન્ટવાળા નોટિસ આપે, એને ત્યાં બોલાવે તો અનેક વિસંગતતાઓ, મુશ્કેલી ઉભી થાય છે. તેના માટે સરકારે પોઝિટિવલી વિચારવું જોઇએ. છેલ્લી વાત કે ઇ.વે. બિલ ટાઇમસર જનરેટ થતા નથી. વારંવાર સર્વર ડાઉન થઇ જાય છે. સર્વર ડાઉન થાય તો ખૂબ લાંબો સમય થઇ જતો હોય છે. આવી પરિસ્થિતિ થાય ત્યારે તમામ તંત્ર ઠપ્પ થઇ જાય છે. તમામ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ હોય, માલ એક જગ્યાથી બીજે મોકલવાનો હોય આ બધી બાબતો ખૂબ સામાન્ય બાબત દેખાતી હોય એના કારણે એની અસર બહુ જ લાંબી પડતી હોય છે. એની અર્થતંત્ર ઉપર મોટી અસર પડતી હોય છે. એનું નુકસાન પણ વેપારી મહાજને ભોગવવું પડતું હોય છે. સમય પણ એની અંદર બગડે છે. આ જે મારાં સૂચનો હતાં. એ રાજ્યના વેપારી મહાજનોના લાભની અંદર લોકોને પ્રજાના હિતની અંદર આ સૂચનોનો સ્વીકાર કરી સરકાર આગળ વધે તેવી મારી વિનંતી છે. આભાર.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માલ સેવા વેરા સુધારા વિધેયક–૨૨ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું. કોઇ વ્યક્તિ બીમાર પડે અને હોસ્પિટલ જાય હાર્ટનું ઓપરેશન કરાવવાનું હોય અને ડોક્ટર એને કિડની કાઢવાનું કહે તો દર્દીને મુત્યની નજીક જવાનો વ્યાપ વધી જાય. એ પ્રમાણે વર્ષ ૨૦૧૬માં નોટબંધી આવી. નોટબંધી આવ્યા પછી રાત્રિના ૧૨–૦૦ વાગ્યે ઘંટ વગાડ્યો અને વેપારીઓના વેપારનું મૃત્યુ થયું.

ઉપાધ્યક્ષશ્રી : બિલ ઉપર આવો તો વધારે સારું રહેશે.

શ્રી પ્રતાપ દુધાત : મારી પૂર્વ ભૂમિકા બાંધુ છું.

ઉપાધ્યક્ષશ્રી : પૂર્વ ભૂમિકા પછી બાંધજો અત્યારે બિલ ઉપર આવો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો દૂર કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ ઘંટ વગાડવાની વાત જે એમણે કરી. આવું કયાંય બન્યું નથી. આ કાલ્પનિક વાતો વિધાનસભા ગૃહમાં ન હોવી જોઇએ. આ શબ્દો દૂર કરવા જોઇએ. એમને સૂચના આપવી જોઇએ કે કાલ્પનિક વાતો ન કરે. પ્લીઝ.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, આપણે બિલ ઉપર બોલીએ. બીજી વાતો સિવાય બિલની વાતો ઉપર આવો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, નાના વેપારીઓ માટે રાતના ૧૨–૦૦ વાગ્યે આવેલું બિલ અથવા તો જીએસટી કાયદો એ એમના વેપાર માટેનું મૃત્યુ કર્યું હોય તેવું વેપારીઓનું કહેવું છે. નાના વેપારીઓનો વેપાર ખતમ થઇ રહયો છે. જીએસટીની અંદર સુધારા બિલની અંદર જીએસટી રિટર્ન ભરવાની છેલ્લી તારીખે વેબસાઇટ બતાવે કે અન્ય ઘણા લોકો એમનું વળતર ભરી રહ્યા છે. કૃપા કરીને રાહ જુઓ. જીએસટી સર્વરની સિસ્ટમ અપડેટ કરવી જોઇએ તેવું મારું માનવું છે. જીએસટીની સિસ્ટમ અપડેટ કરીએ તો સર્વર ડાઉન ન બતાવે એના કારણે લોકોને મુશ્કેલી ના પડે. જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા મૂલ્યાંકન દ્વારા સામનો કરવામાં આવતી વાસ્તવિક સમસ્યાઓ યોગ્ય રીતે ઉકેલ લાવવામાં આવ્યો નથી. યોગ્ય ઉકેલ લાવવામાં આવે. જીએસટીનું આર્થિક વળતર સરળ બનાવવું જોઇએ. હમણા સુધી સમાધાન અને વાર્ષિક રિટર્ન ભરવાનું ઘણું મુશ્કેલ છે. હમણાં સુધી ખરીદનાર ઓનલાઇન ઉપલબ્ધ જીએસટી ક્રેડિટ વેચનાર દ્વારા દાખલ કરવામાં આવેલ જીએસટી રિટર્ન ઉપર આધાર રાખે છે. જો કોઇ કારણોસર હોય તો વેચનાર દ્વારા બિલ અપડેટ કરવામાં આવતું નથી.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

માનનીય અધ્યક્ષશ્રી, ખરીદનાર એ ખરીદનારનો શ્રેય લઇ શકતો નથી. આ સિસ્ટમ અથવા પ્રક્રિયાને સરળ બનાવવામાં આવે જેથી જીએસટી ક્રેડિટ લેતી વખતે લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે. જીએસટીની અંદર કોઇ વ્યક્તિ જીએસટી ભરે તો એને ખર્ચામાં ઇન્કમટેક્સમાં બાદ મળતું હોય તો ઘણો એવો વર્ગ દા.ત. કિસાન સન્માન નિધિ યોજના ચાલી રહી છે. રિટર્ન ફાઇલ ખેડૂતો ભરતા હોય તો એને એનો લાભ નથી મળતો. એ પ્રમાણે ખેડૂત તેના ઓજારો લઇને વપરાશ કરતો હોય છે તેથી તેમાં ખેડૂત જે જે ઓજારો ખેતીના ઉપયોગ માટે લે છે તેને જી.એસ.ટી.માંથી બાદ કરવા જોઇએ તેવી લાગતી વ્યક્ત કરું છું. માનનીય કેશુબાપાની સરકારે ટ્રેક્ટરને બળદગાડું નામ આપ્યું હતું. આ ટ્રેક્ટરનો જી.એસ.ટી.માં સમાવેશ કરવાથી આ ટ્રેક્ટર એક લાખ રૂપિયા મોંઘું ખેડૂતને પડ્યું છે. તો ફરીવાર ટ્રેક્ટરને બળદગાડામાં રૂપાંતરિત કરે અને જી.એસ.ટી.માંથી બાદ આપે તો ખેડૂતને તેનો લાભ મળી રહેશે. ઘણીવાર હોટલમાં જમવા જઇએ, હું અને શ્રી અંબરીશભાઇ સાથે ગયા હોય અને જયારે બિલ ભરતા હોઇએ ત્યારે એમ લાગે કે, નાણામંત્રી પણ અમારી સાથે જી.એસ.ટી.ના કારણે જમવા

આવ્યા હશે. ગામડામાંથી આવું છું એટલે અમે ગામડામાં અમે જોતા હોઇએ છીએ કે, ઘરનું વાસીદું વહુએ કરવું પડે. તેના સાસુમા કહે કે, સવારે વહેલા ઉઠીને વાસીદું કરી નાખજો. તો આ પ્રજા ઉપર નાખેલું ભારણ સરકારને વિનંતી કરું છું કે, સાસુરૂપી આ સરકાર વહુરૂપી વેપારીઓને મુક્તિ આપે તેવી એક લાગણી વ્યક્ત કરું છું. ઘણી વખત બસો ઉપર અમે જોતા હોઇએ છીએ, બાળપણમાં બસમાં મુસાફરી કરતા ત્યારે શ્લોગન લખ્યું હોય કે અમે બે અમારા બે. આ સરકારના *(xxx) કારણે....

અધ્યક્ષશ્રી: *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની નીતિરીતિના કારણે હવે અમે બે નહીં અમારા ત્રણ. *(xxx)

અધ્યક્ષશ્રી:આપના સુધારા રજૂ કરો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ જે શબ્દો તેમણે વાપર્યા છે તે હું રીપિટ કરવા નથી માગતો. આ છેલ્લા શબ્દો બોલ્યા છે તે કાઢી નાખવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, તમે રેકર્ડ ઉપરથી દૂર કરો તેનો વાંધો નથી પણ પ્રજાની હું વાત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી: પ્રજાની વાત કરો પણ સારા શબ્દોનો ઉપયોગ કરો. તમારી ભાષા, તમારી રજૂઆતની ભાષા આવી હોય એ બરાબર અને યોગ્ય નથી અને એટલા માટે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપના સુધારા રજૂ કરો. માનનીય પરેશભાઇ.

શ્રી પ્રતાપ દુધાત : આમાં સરળીકરણ થાય તેવી મારી વાત રજૂ કરું છું અને મારું ઉદ્બોધન પૂરું કરું છું. જય હિન્દ, જય ભારત.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. વિધાનસભાગૃહના ખૂબ સરળ, સાલસ અને પહેલી વખત નાણાં વિભાગની જવાબદારી સંભાળતા માનનીય મંત્રીશ્રી કનુભાઇ વિધાનસભાગૃહ સમક્ષ ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક ૨૦૨૧ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો અને થોડાક સૂચનો કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્યોએ ખૂબ વિસ્તૃત રીતે આ બિલની છણાવટ કરી છે. મેં આખું બિલ વાંચ્યું છે, અભ્યાસ કર્યો છે અને તેનો એક લીટીમાં જો સાર કહું તો આ સુધારાથી સરકાર જી.એસ.ટી. ચાલુ થયો ત્યારથી લઇને પશ્ચાદવર્તી અસરથી વિલંબીત ચૂકવણી અથવા બીજી કિમતી અવેજ માટે માલ અથવા સેવાઓના પુરવઠાને સમાવેશ કરતી પ્રવૃતિઓ અને લેવડ દેવડો ઉપર પશ્ચાદવર્તી અસરથી વેરો નાખવા માટે સરકાર આ સુધારો લઇને ગૃહ સમક્ષ આવી હોય તેવું મને પહેલી નજરે લાગી રહ્યું છે. જે મૂળ બાબત છે તે એ છે કે, પશ્ચાદવર્તી અસરથી આવી આવકોને વસૂલીને તેના ઉપર વિલંબીત વ્યાજની જવાબદારી નાખી શકાય તે ઉદ્દેશ સાથે સરકાર આ બિલ ગૃહ સમક્ષ લઇને આવી છે. આ બિલના ઉદ્દેશો અને કારણો હું કન્કલુડ કરી રહ્યો છું. આ બિલના ઉદ્દેશોના પેરા-૫ ની તરફ આપનું ધ્યાન દોરું છું. આ દેશમાં, આ રાજયમાં જયારથી જી.એસ.ટી. કાયદો લાગુ થયો તેના ઉપર પશ્ચાદવર્તી અસરથી કરવેરો નાખવો, વિલંબીત વ્યાજ વસૂલવું અને આ કરવેરો અને વ્યાજ વસૂલવા માટે વ્યક્તિનો માલ, વાહનોની ટાંચ, જપ્તી, વિગેરે આકરા પગલાંઓથી વેરાની વસૂલાત માટે અલગ કાર્યવાહી કરી શકાય એટલા માટે આ બિલ વિધાનસભા ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. આ બિલથી જે જી.એસ.ટી. વિભાગના અધિકારીઓને વિશેષ અધિકાર પ્રાપ્ત થવાના છે, ક્યાંય પણ જી.એસ.ટી. ના કર્મચારી રેડ કરે અને જે ૬ નંબરનો પેરા છે એનો સંદર્ભ ટાંકતા કહુ છું કે, આવા દાવાનો હુકમ કર્યો હોય અને હુકમની તારીખથી એક વરસની મુદત પુરી થાય ત્યાંસુધી સમગ્ર મુદત માટે કામચલાઉ રીતે એની મિલકતો ટાંચમાં લેવી, એના બેન્ક ખાતા સીઝ કરવા, એની ઉઘરાણીઓને પણ ક્યાંય પ્રતિબંધિત કરી અને સરકાર એ ઉઘરાણીઓ ઉપર પણ પોતાનો હક્ક પ્રસ્થાપિત કરે એના માટે આ સુધારા વિધેયક વિધાનસભા ગૃહ સમક્ષ આવ્યું છે. કોઇ વ્યક્તિએ કહ્યું છે કે, રાજયના સુશાસન માટે એના નાણાંની સુયોગ્ય વ્યવસ્થા કરવી એ પાયાનો સિદ્ધાંત છે. ખૂબ અનુભવી આગેવાન માનનીય નીતિનભાઇએ ઘણા વરસો સુધી આ વિધાનસભા ગૃહના નાણાંમંત્રી તરીકે કામગીરી કરી છે. કરની વસૂલાતોથી રાજ્યની તિજોરી ભરાય અને રાજ્યની તિજોરી ઉપર પહેલો અધિકાર કરદાતાનો સ્થાપિત થાય એવી વ્યવસ્થાની ગુજરાતના લોકો અપેક્ષા રાખી રહ્યા છે. જી.એસ. ટી. કાયદાની જ્યારે આ દેશમાં પ્રસ્તાવના બંધાઇ **એક દેશ એક ટેક્સ**ના સંકલ્પ સાથે વિવિધ પ્રકારના કરો, એનું સરળીકરણ થાય એ વિચારને તત્કાલિન યુ.પી.એ. સરકારે રજૂ કર્યો હતો. આ જ વિધાનસભા ગૃહમાંથી તત્કાલિન આપણા મુખ્યમંત્રી અને આપણા હાલના માનનીય વડાપ્રધાનશ્રીએ થઇ શકે એટલો વિરોધ કર્યો હતો. દેશના લોકોએ ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ મૂક્યો અને આપણા તત્કાલિન મુખ્યમંત્રી આજે દેશના પ્રધાનમંત્રી બન્યા અને અરધી રાત્રે આ જી.એસ.ટી. નામનો કાયદો આ દેશમાં લાગુ કર્યો. આ કાયદાના હાર્દ સાથે, ભાવ સાથે અમે સંમત છીએ. પરસેવો પાડીને રાજ્યની તિજોરી ભરનારો એક ઇમાનદાર કરદાતા, એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિવિધ પ્રકારના કર અને વ્યવસ્થાથી મુક્ત થાય, કરનું સરળીકરણ થાય એના માટેની આ મુળભૂત ભાવનાઓને આજના જી.એસ.ટી. કાયદાએ ભાંગીને ભૂક્કો કરી નાંખેલ હોય એવું સમગ્ર દેશ અને પ્રદેશના વેપારીઓને મહેસુસ થઇ રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક બાબતો આપના મારફતે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવી છે. આજે કોરોનાના કપરા કાળને દોઢ વરસ જેટલો સમય વીતી ગયો છે. સામાન્ય માણસની આવકો ઓછી થઇ છે, મંદીની મોકાણ છે, નાના વેપાર, ઉદ્યોગ અને ધંધા ભાંગીને ભૂક્કો થયા છે. કેટલાય જી.એસ.ટી.ના રજીસ્ટ્રેશનો રદ થઇ ગયા છે, કેટલાય વેપારીઓએ એના જી.એસ.ટી. ના રજીસ્ટ્રેશનો સરન્ડર કરી દીધા છે. ગુજરાતની પ્રતિષ્ઠિત વેપારી અને ઔદ્યોગિક સંસ્થાએ લેખિતમાં કરેલા નિવેદન મુજબ વીતેલા વરસોમાં ચાર લાખ કરતા વધુ નાના ફેકટરી અને કારખાના બંધ થઇ ગયા છે. આકરા લોક ડાઉન વચ્ચે નાના નાના કેટલાય વેપારીઓ એ ચાની કીટલી હોય, પાનનો ગલ્લો હોય, કરિયાણાની દુકાન હોય આ તમામ પ્રકારના લોકો આજ ખૂબ મોટી સમસ્યાનો સામનો કરી રહ્યા છે. એક તેનો વકરો નથી વધતો બીજુ નફાનું પ્રમાણ ઘટયું છે અને ત્રીજી બાજુ કર *(xxx) આજ ગુજરાતનો વેપારી,

અધ્યક્ષશ્રી: આ શબ્દ વાપરી ના શકાય.

શ્રી પરેશ ધાનાણી : બહેનશ્રી, આ બહુ વાજબી શબ્દ છે.

અધ્યક્ષશ્રી: *xxx) આપણે કર જોડે જોડીએ તે વાજબી નથી આપણે તે શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર જે રીતે વેપારીઓ પાસેથી જબરજસ્તીપૂર્વક રાજયની તિજોરી ભરવા માટે, વેપારીઓને પજવવા કાયદાનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે પણ આપે આદેશ કર્યો છે એટલે માથે ચડાવું છું પણ આ *(xxx) ઓછું ના હોય એવુ ગુજરાતના વેપારીઓ માની રહ્યાં છે. મેં સ્વીકારી લીધું *(xxx) શબ્દ એ..

અધ્યક્ષશ્રી: *(xxx) શબ્દને કરની સાથે જોડી ના શકાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) શબ્દ એ અસંસદીય નથી.

અધ્યક્ષશ્રી: કર સાથે જોડવું એ અસંસદીય છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દ કાઢી નાંખ્યા પછી ફરી વખત વાપરવા અંગે

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપે રદ કર્યા પછી પણ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ખૂબ જ અનુભવી અને ભાષા ઉપર ખૂબ જેમની પક્કડ છે એવા માનનીય ધાનાણીજીને આપશ્રીના હુકમ પછી પણ કે આ શબ્દ ન જ વાપરી શકાય. આ દેશની અંદર જે કરની વાત છે જે કર લાવવા માટે તમે કહેતા હતા તેના માટે *(xxx) શબ્દ વાપરવો યોગ્ય નથી એવું આપે ઠરાવ્યા પછી, તે શબ્દ કાઢી નાંખ્યા પછી ફરી વખત એ વાત વાપરવી યોગ્ય નથી એવું ઠરાવવા માટે મારી વિનંતી છે. વિપક્ષના નેતા છે, સન્માનનીય છે કાં તો એમને ફરી એ શબ્દો પોતે પાછા ખેંચી લેવા જોઇએ કાં તો આપે ઠપકો આપીને તેને પાછા ખેંચાવવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આપણે આવા અસંસદીય શબ્દો ના વાપરીએ. મેં પહેલાં કહ્યું છે આપણે *(xxx) શબ્દના રેફરન્સમાં જે વાત કરી હતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) શબ્દની જગ્યાએ હું એ શબ્દ નથી વાપરતો પણ કર ઉઘરાવવાનો અતિરેક રાજયની તિજોરી ભરવાની સરકારની *(xxx) ગુજરાતના નાના વેપારીઓને..

અધ્યક્ષશ્રી: •(xxx) શબ્દ પણ ના વાપરી શકાય.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આ પણ અસંસદીય શબ્દો છે.

અધ્યક્ષશ્રી: તમે આવા સિનિયર થઇને આવા શબ્દો વાપરો અને મારે તમને કહેવું પડે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમારી ભાષા બહાર ભાષણ કરવા માટે સારી છે, ઉત્તમ હોઇ શકે પરંતુ અહીં અસંસદીય બને છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ અસંસદીય છે આપણે સારી ભાષા વાપરીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને ગુજરાતીમાં ૭૦ માર્કસ આવ્યા હતા હું ડિસ્ટીંકશને પાસ થયો હતો અને આનો કયાંય પર્યાય હોય તો મને બતાવે. કોઇ પીડાને વ્યકત કરવા માટે ગુજરાતની ભાષાની અંદર ખૂબ મર્યાદિત શબ્દો છે ત્યારે આપને પણ હું વિનંતી કરું કે અમારા અધિકારોનું રક્ષણ થાય અને કયાંય પર્યાય માનનીય સંસદીય મંત્રી કહે કે આ શબ્દનો ઉપયોગ કરવો જોઇએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : અમારે કહેવાનો ન હોય આપ સુજ્ઞ છો, સમજદાર છો એટલે અમારે ન કહેવાનું હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત સરકારને વિનંતી કરું છું કે જે શબ્દથી સરકારને સુગ છે આવી વ્યવસ્થાને નેસ્તનાબૂદ કરવા માટે સરકાર આગળ વધે.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સુગ છે પણ આપને સુગ નથી હું આપના માધ્યમથી પૂછવા માગું છું. આ શબ્દ તમને ગળે વળગે છે, ગમે છે, તમને આ શબ્દો પસંદ છે ? કોઇ પણ રાષ્ટ્રવાદી વ્યકિતને આતંકવાદ શબ્દ પ્રત્યે સુગ જ હોય અને તમને પણ હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી: શ્રી પરેશભાઇ, એ વિષય મૂકી અને આપની વાત આગળ કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી હું મારી વાતને આગળ ધપાવું છું. ટીકા–ટીપ્પણીમાં નથી પડવું આપણે સૌ સાથે મળીને કયાંય કાયદાનું સરળીકરણ કરશું તો વેપાર ધંધા વધશે, કરની આવકો વધશે તો એ રાજયની તિજોરી આવશે અને તેમાંથી સામાન્ય માણસની આંખના આંસુને લૂંછવા માટે આપણે આગળ વધીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જાહેરાત કરી હતી કે જી.એસ.ટી કાયદા અંતર્ગત કોઇ પણ વ્યકિતને રજિસ્ટ્રેશન કરવું હોય તો તેને ૭ દિવસમાં રજિસ્ટ્રેશન આપી દેવામાં આવશે. આ જી.એસ.ટી.ને લઇને મારા સરકારને થોડાંક સૂચનો છે જે ગુજરાતના વેપારીઓની પીડા છે તેનું સરળીકરણ થશે તો મને લાગે છે કે ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જી.એસ.ટી. કાયદાને ચાર વર્ષ ઉપરનો સમય વીતી ગયો છે ત્યારે આજે પણ કોઇને નવું રજિસ્ટ્રેશન કરાવવું હોય તો દોઢ મહિના જેટલો સમય લાગે છે. ભારતમાં જી.એસ.ટી.નો અમલ થયાને ચાર વર્ષ પૂરા થઇ ગયા છે છતાં રજિસ્ટ્રેશન માટે નવી અરજી કરનારાઓને એકથી દોઢ મહિના સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે. એક તબક્કે ત્રણથી સાત દિવસમાં રજિસ્ટ્રેશન કરવા માટેની વ્યવસ્થા ઊભી કરવાની સરકારે જાહેરાત કરી હતી પણ આ જાહેરાત પોકળ સાબિત થઇ છે અને બૉગસ બિલિંગની સમસ્યા પણ આજ–કાલ વકરી રહી છે. એના માટે સરકારે તકેદારી લેવી જોઇએ. જી.એસ.ટી. રજિસ્ટ્રેશનમાં સરળીકરણ થાય એની વ્યવસ્થા માટે રાજ્ય સરકાર ક્યાંક સકારાત્મક પગલાં લે એવી વિનંતી છે. કોરોના કાળમાં આપણા ધંધા તૂટ્યા છે. સામાન્ય માણસની ખરીદશકિત ઘટી છે. કોઇએ કહ્યું છે કે હર્યા–ભર્યા ઝાડના લીલા પાંદડા ઉપર પાણી છાંટવાથી એ ઝાડ હરિયાળું નહિ રહે પણ એ લીલા ઝાડના પાંદડા પર છાંટેલું પાણી મૂળ સુધી પહોંચશે તો એ ઝાડની હરિયાળી ટકશે. આજ–કાલ સરકાર મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને લાખો, કરોડો રૂપિયાની લૉન માફ કરે છે, ટેક્ષ માફ કરે છે, ટેક્ષમાં સહાય આપે છે. વિધાનસભામાં પ્રાપ્ત આંકડાઓ મુજબ શ્રી નીતિનભાઇ મારી ભૂલ ન થતી હોય તો રૂપિયા ૪૯ હજાર કરોડ કરતાં વધારે રકમની વિવાદિત અને બિનવિવાદિત કર વસૂલાતો વર્ષોથી બાકી છે. એ પૈકી અમુક કેસો તો ૧૦ વર્ષ કરતાં પણ જૂના છે. મારે આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ કપરા કાળમાં નાના વેપારીઓને પજવીને રાજ્યની તિજોરી ભરવાની આપણી વ્યવસ્થાને બદલે આપણા જૂના કરની વસૂલાતો છે એને વસૂલવા માટે રાજ્ય સરકાર કડક નિર્ણય કરશે તો આ કપરા કાળમાં નાના વેપારીઓને પજવણીમાંથી મુક્ત કરી શકીશું. કોરોના કાળના પરિણામે ધંધા તૂટી પડતા ગુજરાતમાં ૨૦૨૦–૨૧ના નાણાકીય વર્ષમાં ૨૧,૦૬૪ અને ૨૦૨૧ના એપ્રિલથી ૧૫, જુલાઇ ૨૦૨૧ના સુધીમાં ૨૬,૬૭૧ વેપારીઓએ તેમના જી.એસ.ટી. રજિસ્ટ્રેશન રદ કરાવી દીધા. બીજી તરફ સમગ્ર દેશમાં કોરોનાની અસર હેઠળ ૧૬,૧૬,૬૨૮ જેટલા અંદાજિત વેપારીઓને એમના જી.એસ.ટી. રજિસ્ટ્રેશન રદ કરવા મજબૂર થવું પડ્યું છે. માહિતી અધિકાર નીચે પ્રાપ્ત થયેલ માહિતી મુજબ કોરોના કાળમાં વેપાર ન ચાલતા હોવાથી તેમના રિટર્ન ફાઇલ ન કરી શકેલા ૮,૨૦,૪૮૧ વેપારીઓના જી.એસ.ટી. નંબર કેન્સલ કરી દેવામાં આવ્યા અને બીજી તરફ ૭,૩૪,૪૦૫ વેપારીઓએ સ્વૈચ્છિક રીતે એમના જી.એસ.ટી. નંબર સરન્ડર કરવા મજબૂર થવું પડ્યું છે. જી.એસ.ટી. રિટર્ન ફાઇલ કરવાની રોજની એસ.જી.એસ.ટી.ની પેનલ્ટી રૂ.૫૦ અને સી.જી.એસ.ટી.ની પેનલ્ટી રૂ.૫૦ કરવામાં આવી. એક તરફ વેપાર–ધંધા નથી, આવક ઘટી છે, બચત ખર્ચાઇ ગઇ છે, વેપારી દેવાના બોજ નીચે દબાઇ ગયો છે અને એમાં પણ રિટર્ન ફાઇલ કરવાના વિલંબ માટે આકરી પેનલ્ટીની વસૂલાત કરવાના કારણે જો વેપારીઓને રિટર્ન ફાઇલ કરવામાં એક મહિનાથી ઉપર વિલંબ થાય તો રૂ.૧૦,૦૦૦ જેટલો વધારાનો બોજો વેઠવાનો આવે છે. આમાંથી મુકિત માટે સરકારે વિચારવું જોઇએ. નવા રજિસ્ટ્રેશન માટે જ્યારે અરજી કરનારાઓની અરજી સાત દિવસમાં નિકાલ કરવાની જાહેરાત થયા પછી પણ તેને નંબર આપી દેવાનો નિયમ હોવા છતાં મુદત લંબાવી આપવામાં આવી, બે–ત્રણ મહિનાઓ સુધી રજિસ્ટ્રેશન ન મળ્યા બાદ ધંધો ચાલુ કરી દીધો પણ તેમના રજિસ્ટ્રેશન નંબર ન આવતાં તેના ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઉપર નુકસાની વેઠવાની આવી. આમાંથી સરકારે મુક્તિ આપવી પડે તેમ છે. GSTની સિસ્ટમના ચાર વર્ષ પૂરા થયા. શ્રી કીરીટભાઇએ ખૂબ સાચી વાત કરી કે કાયદામાં મૂળ જોગવાઈ હતી એના કરતાં વધુ સુધારાઓ આ ગૃહ સમક્ષ લઈને આવવા પડ્યા. કાયદો ઘડનારા લોકો પુખ્ત વિચારણાના અંતે કાયદો ઘડે તો આવા કાયદાનું સરળીકરણ થાય, લોકો એને સહજતાથી સ્વીકારે અને આપણે જે સુધારો અપેક્ષિત હતો એનો લોભ સરકારને પણ મળે. આ GST કાયદાના ઉતાવળે અમલીકરણમાં રહી ગયેલ કચાશના પરિણામે કાયદો ઘડનારા લોકોને પણ કાયદો સમજાણો નથી, કાયદો પાલન કરાવવાની જેની જવાબદારી છે તેને પણ હજુ સુધી કાયદો સમજાણો નથી, કાયદાનું પાલન કરવાની જેની જવાબદારી છે એને પણ હજુ આ કાયદો સમજાણો નથી. કાયદાનું અર્થઘટન કરવાની જે ન્યાયિક જવાબદારી છે એમને પણ આ કાયદો સમજાણો નથી. એટલે આ અનિશ્ચિતતાના વાતાવરણ વચ્ચે દિ' ઊગે અને દેશમાં વેપાર કરનારા દરેક વેપારીને એક વખત સરકારી કચેરીએ પગથિયા ચઢવા મજબૂર થવું પડે આવી આ વ્યવસ્થા આવતાં દિવસોમાં દેશના વેપાર–ઉદ્યોગને, રાજ્યના વેપાર–ઉદ્યોગને ભારે મોટું નુકસાન કરશે એવી મને શંકા છે. પ્રોડક્ટના જે HSN કોડ આપવામાં આવ્યા છે એ કોડમાં અસ્પષ્ટતાના કારણે મિસમેચની સમસ્યા ખૂબ વકરી છે અને એનો ભોગ સામાન્ય વેપારી બની રહ્યો છે. GSTના માસિક અને ત્રિમાસિક રીટર્ન ફાઈલ કરવામાં

દરેક કોમોડિટીને HSN કોડ એટલે કે Harmonized System of Nomenclature આપવાનું ફરજિયાત હોવાથી માસિક અને ત્રિમાસિક રીટર્ન ફાઈલ કરવામાં ખાસ્સી તકલીફ પડી રહી છે. મેન્યુફેક્ચરિંગ યુનિટ અલગ-અલગ ૫૦૦ જેટલી વસ્તુઓ બનાવતું હોય તો તેના HSN કોડ ફાઈલ કરવામાં ઘણો સમય લાગી જાય છે. ડીપાર્ટમેન્ટલ સ્ટોર હોય, દવાની દુકાન હોય, કરિયાણાની દુકાન હોય, કેમિકલ અને અન્ય નાના ધંધા કરનારા લોકો ખૂબ મોટી હાડમારી ભોગવી રહ્યા છે. કેટલીક આઈટમના HSN કોડ આવતા જ નથી એટલે રીટર્ન અપલોડ કરવામાં પણ સમસ્યા છે. સરકાર એનું નિવારણ કરે એવી અપેક્ષા રાખું છું. બે પાર્ટીઓના ઈનવોઈસ નંબર અનમેચ થવાના કારણે રીફંડ મેળવવામાં પણ ક્યાંય સમસ્યાઓ ઉપલબ્ધ થતી સમસ્યાના નિવારણ માટે સરકાર સુધારો કરશે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઈમાનદાર વેપારી, એને પરસેવાની કમાણી ખાવી છે, સરકારની સૂચનાઓનું પાલન કરવું છે, સુખનો રોટલો ખાઈ અને ઘર-પરિવારનું પોષણ કરવું છે પણ આવા કર્મચારીઓને રીફંડ મેળવવા માટેની સેંકડો અરજીઓ સરકાર પાસે પેન્ડિંગ છે. નાના વેપારીઓના રીફંડના લાખો-કરોડો રૂપિયા અટવાય તો એના વેપારને ભારે મોટું નુકસાન થઈ રહ્યું છે. પહેલાં રીફંડ મેળવવાની અરજી કરી હોય તો વધુમાં વધુ એક મહિનામાં રીફંડ વેપારીના ખાતામાં સીધું જમા થઈ જતું. આ વ્યવસ્થા હોવા છતાં લાખો વેપારીઓએ એના રિફંડની અપેક્ષામાં સરકારી કચેરીના પગથિયાં શા માટે ઘસવા પડે? એને સરળતાથી રિફંડ મળે એવી વ્યવસ્થા સરકારે ઊભી કરવી જોઈએ એવી આપના મારફત માન. મંત્રીશ્રીને વિનંતી છે. હમણાં જે અમારા સન્માનીય સાથી માન.મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી વાત કરતા હતા અત્યારે નથી એટલે એમને યાદ નહીં કરું. વેટની રીકવરી કરવા માટે જી.એસ.ટી. ની અમર્યાદ સત્તાઓનો સમગ્ર રાજ્યમાં ભારે મોટો દુરુપયોગ થઇ રહ્યો છે અને રાજ્યના વેપારીઓ એનો વિરોધ કરી રહ્યા છે. સામાન્ય રીતે જૂના કેસમાં દસ વર્ષ વીતી ગયા પછી કોઇપણ પ્રકારની ફરિયાદ કરી શકાતી નથી. પરંતુ, જીએસટી ટેક્ષના કાયદામાં વેટના જૂના કેસને જીએસટીમાં ટ્રાન્સફર કરવાની સત્તાઓ પ્રાપ્ત થઇ છે અને આ સત્તા હેઠળ જીએસટી કાયદા હેઠળ અધિકારીઓને અમર્યાદ સત્તાઓ અને એ સત્તાનો દુરુપયોગ પણ આજકાલ વધી રહ્યો છે. સ્ટેટ જીએસટી વિભાગના અધિકારીઓ કેસ પકડાયા પછી વેપારીઓને કયાંક ખંખેરી લે અને દસ-બાર વર્ષ પછી નવેસરથી કેસ ખોલી વેપારીઓને પરેશાન કરી રહ્યા હોવાની ફરિયાદો પણ રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ હશે અને અમારી પાસે પણ આવી ફરિયાદો આવી રહી છે. અમદાવાદ ગ્રામ્યની એડિશનલ સેશન્સ કોર્ટના સેશન્સ જજ સાહેબની કોર્ટમાં પણ આવી રજૂઆતો રેકર્ડ ઉપર થઇ છે. અમદાવાદ ગ્રામિણની સેશન્સ કોર્ટે એક કેસમાં આરોપીના વકીલે કરેલી દલીલમાં એવો સવાલ ઉઠાવ્યો કે ૮ થી ૧૧ ના સમયગાળામાં બનેલી ઘટના માટેની ફરિયાદ ૧લી જુલાઈ, ૨૦૨૧માં કરવામાં આવી. ૮થી ૧૧ વચ્ચેના બનાવો અને જુલાઈ ૨૦૨૧માં ફરિયાદ. કોર્ટ પણ હવે તંત્ર સામે લાલ આંખ કરી રહી છે. આ સ્થિતિમાંથી ગુજરાતના વેપારીઓને મુક્તિ આપવા માટે મારી માન. મંત્રીશ્રીને આપના મારફત વિનંતી છે. એસ.સી., એસ.ટી.ના આપણા અધિકારીઓ રેકર્ડ તપાસ્યા વગર આડેધડ સાયક્લોસ્ટાઇલ નોટિસો ફટકારીને હજારો વેપારીઓને હેરાન-પરેશાન કરી રહ્યા છે. વેરા સમાધાન હોય, સ્ટે ઓર્ડર હોય, રેક્ટિફિકેશનની અરજી હોય, ટેક્ષ ચૂકવી દેનારા લોકોને પણ નોટિસ શા માટે આપવામાં આવે? એ હું આપના મારફત માન. મંત્રીશ્રીને સવાલ હું પૂછવા માંગુ છું. જીએસટી સ્ટેટ જીએસટી વિભાગના વેપારીઓએ વેટ કાયદા હેઠળ આડેધડ એકસરખી નોટિસો આપવાને કારણે આજે ગુજરાતના વેપારીઓ ભારે મોટી મુશ્કેલીમાં મૂકાયા છે. વેટ અને જીએસટી હેઠળ જે જૂના બાકી લેણાં અંગે વેરા સમાધાન યોજના હતી, અપીલ હતી, સ્ટે ઓર્ડર હતા, રેક્ટિફિકેશનની અરજી હતી, ટેક્ષની ચૂકવણી કરી દેવામાં આવી હોય આમ છતાં કોઇપણ પ્રકારની ચકાસણી કર્યા વગર આડેધડ નોટિસો આપીને મને લાગે છે કે રાજ્ય સરકાર આ કપરાકાળમાં વેપારીઓની પરસેવાની કમાણીને *(xxx)એની ચિંતા છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : *(xxx) શબ્દોની જે વાત કરી રહ્યા છો એ અસંસદીય છે અને બહુ પ્રોપરલી આપણે બધા વર્ષોથી આવા બધા શબ્દો વાપરતા નથી.

અધ્યક્ષશ્રી: અસંસદીય શબ્દોની યાદી છે એ ખરેખર બધાએ જોઇ લેવાની જરૂર છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વ્યવસાય હોય, ખાનગી વ્યવસાય હોય, બિનઅધિકૃત રીતે ખુલ્લામાં વસૂલવું એને શું કહેવાય? એ મને સમજાતું નથી. *(xxx)આ ટેક્ષ વસૂલવાની વૃત્તિ સરકાર ત્યજી શકતી નથી પણ શબ્દ સહન કરી શકતા નથી. માન. અધ્યક્ષશ્રી માફ કરજો. આપના મારફત માન.મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમને શબ્દ ગમ્યો નહીં હોય તો હું પરત ખેંચી લઇશ પણ આ વૃત્તિમાંથી મુક્ત થવું પડશે અને આ નાના વેપારીઓને જે પરેશાની છે એમાંથી મુક્તિ આપવા માટે પણ નાણામંત્રીશ્રી અને માન. અધ્યક્ષશ્રી ચિંતા કરશે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બોગસ બિલિંગની સમસ્યા હાલમાં ખૂબ વકરી રહી છે અને આવી સ્થિતિમાં ખરીદીની વિગત આપતું જી.એસ.ટી.આર.-૨ નામનું ફોર્મ એ નહીં લેવાના કારણે કયાંક બોગસ બિલિંગના કેસો વધી રહ્યા હોય એવું મારું માનવું છે. સરકારને ખરીદીની વિગતો આપતું જી.એસ.ટી.આર.-૨ ભરાવવાની સિસ્ટમ લાવ્યા પછી એ સિસ્ટમ પાછી ખેંચી લીધી હોવાથી આ બોગસ બિલિંગ અટકતું ન હોય તેવું તજજ્ઞ લોકોનું કહેવું છે. આ સ્થિતિનો લાભ લઇ અને કૌભાંડ કરનારાઓ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સાચો ડેટા જ ઓનલાઇન અપલોડ કરતા નથી અને બોગસ બિલિંગ કરીને સરકારી તિજોરીમાંથી કરોડો, અબજો રૂપિયા લૂંટી રહ્યા છે.

અધ્યક્ષશ્રી: વળી, લૂંટી શબ્દ વાપર્યો.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, કરચોરો લૂંટી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આજે તમને શું થયું છે? એકના એક શબ્દ વાપરો છો. તમે તો ખૂબ સારી ભાષામાં વાત કરતા હો છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બિન અધિકૃત રીતે આવા કરચોર લોકો આ છટકબારીનો દુરુપયોગ કરી અને રાજ્યની તિજોરીને નુકસાન કરી રહ્યા છે અને સરકારે આનાથી સાવચેત થવાની જરૂર છે. જી.એસ.ટી.ના રજિસ્ટ્રેશનને આપણે સરળતાથી મેળવી લેવા માટેની વ્યવસ્થા ઉભી થઇ છે. જી.એસ.ટી.નું રજિસ્ટ્રેશન સાવ સસ્તુ બનાવી દીધું છે. ગમે તેનું પાનકાર્ડ હોય, કોઇ આધારભૂત માંગણી મુજબના દસ્તાવેજો રજૂ કરીને રોડ ઉપર રખડતો સામાન્ય માણસ પણ પોતાની ફર્મ બનાવે અથવા તો આવા કાગળોનો દુરુપયોગ કરીને, આવા કરચોર લોકો, એવા લોકોના નામે આવા કરોડો રૂપિયાની કરચોરી કરી રહ્યા છે, રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવ્યું છે અને આના માટે પાનકાર્ડ, આધારકાર્ડ લીંક થયા હોય એવા કેસમાં આપણે સ્થળ ઉપરની ખરાઇ કરવી જોઇએ. આ સ્થળ ખરાઇ ટાળવાના કારણે આવી બોગસ ફર્મો ઉભી થઇ અને આવી બોગસ ફર્મોએ રાજ્યની અને દેશની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન કર્યું છે. માનનીય નાણામંત્રીશ્રી આ બોગસ બિલિંગના દૂષણને ડામવા માટે આકરા પગલાં ભરે એવી આપના મારફતે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બોગસ બિલિંગને અટકાવવા માટે ખરીદીની વિગતો દર્શાવતું જી.એસ. ટી. આર-૨ ફરજિયાત બનાવવું જોઇએ એવી મારી માંગણી છે. સરકારના પોર્ટલ ઉપર અત્યારે ખરીદીની વિગતો જ બરાબર અપલોડ થતી નથી. પરિણામે ટેકનોલોજીના ભરોસે શરુ કરવામાં આવેલી સમગ્ર સિસ્ટમમાં બેફામ કૌભાંડો આચરવામાં આવી રહ્યા છે. તેમાં પ્રમાણિક વેપારીઓના પૈસા જમા થઇ રહ્યા છે અને આ જ પૈસા ગેરકાયદેસર રીતે ઇનપૂટ ટેક્ષ ક્રેડિટ તરીકે ઉપાડી લઇ અને મુઠ્ઠીભર માણસો કોની મીઠી નજર તળે રાતો રાત સમૃધ્ધ થઇ રહ્યા છે એનો હું આપની મારફત સરકારને સવાલ પૂછું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પોટ વિઝિટના નિયમો જો આપણે કડક કરશું તથા રજિસ્ટ્રેશન કરતાં પહેલા અને એનો જી.એસ.ટી નંબર આપતા પહેલા એ વ્યકિતની ખરાઇ જો આપણે સુનિશ્ચિત કરશું તો મને લાગે છે કે આ દૂષણમાંથી આપણે મુકિત અપાવી શકશું. કમનસીબે, આવા કરચોરોનો ડામ ઇમાનદાર વેપારીઓ અને ઇમાનદાર ઉદ્યોગપતિઓને ભોગવવો પડે છે. શ્રી જીતુભાઇ નથી. માનનીય શ્રી નીતિનભાઇ એ વાતના સાક્ષી છે અને બેનશ્રી મેં એ કેસનો અભ્યાસ કર્યો છે. હું આખી ફાઇલ અહીંયા લઇને આવ્યો હતો. એ ફાઇલ ઉપર એક-એક મુદ્દા ઉપર ચર્ચા થાય એમ છે અને આ સ્ટડી કેસ છે. માત્ર સારા થવા માટે માત્ર મીડિયા ટ્રાયલ માટે *(xxx)

અધ્યક્ષશ્રી: એ કહેવત અસંસદીય છે અને હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇકે કરેલી ક્ષતિ એની કોઇક પાસેથી વસૂલાત કરવાની વૃતિનો એક શ્રેષ્ઠ દાખલો ભાવનગરની અંદર બન્યો હતો અને શ્રી જીતુભાઇ પણ એ બાબતને જાણે છે.

અધ્યક્ષશ્રી: માનનીય શ્રી પરેશભાઇ, આપ બિલના સ્કોપમાં વાત કરો. આપ સિનિયર સભ્ય છો અને સુધારા સરસ રીતે રજૂ કરો. વાર્તાઓ ન કરો.

શ્રી પરેશ ધાનાણી : મેં શબ્દ ફેરવી નાખ્યો બેનશ્રી આ સુધારા ઉપર જ જઇ રહ્યો છું. મારે કયાંય ચર્ચા કરવી નથી. હું ટીકા ટિપ્પણીમાં પડતો નથી. મેં અભ્યાસ એટલા માટે કર્યો કે કરચોરોનું ભારણ ઇમાનદાર ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પર ન આવવું જોઇએ. કોઇ ઇમાનદારીપૂર્વક રાજ્યની સાથે વરતે સરકાર અને ગ્રાહકની સાથે વરતે કોઇકે કરેલી ભૂલ એનું ચૂકવણું બીજા પાસેથી વસૂલવાની રાજ્યની અપેક્ષા પણ ખોટી છે. મારી આટલી જ વિનંતી છે કે જેણે ચોરી કરી છે એની ઉપર કડક હાથે કામ લેવામાં આવે પણ કોઇક માલ કટકટાવી જાય અને વસૂલાત કોઇક પાસેથી કરવાની વૃતિ એ રાજ્ય માટે ઘાતક છે. આ ઘાતકતાને નિવારવા માનનીય નાણા મંત્રીશ્રી આગામી દિવસોમાં પગલાં લેશે એવી અપેક્ષા રાખું છું.

જીએસટી અધિકારીઓ દ્વારા વેપારીઓના બેન્ક ખાતાં સીઝ કરવામાં ખૂબ બિન જરૂરી ઉતાવળો થઇ રહી છે, એની મિલકતો સીઝ કરી દેવામાં આવે, બેન્ક ખાતા સીઝ કરી દેવામાં આવે એની ઉઘરાણી પણ સીઝ કરી દેવામાં આવે. મને એ ન સમજાણું કે જે રેકર્ડ પરનો વ્યવહાર થયો છે, આપણા તંત્રએ જયાં સર્ચ કર્યું છે , રેડ પાડી છે એની ઉઘરાણીને પણ સીઝ કરી દે અને એ ચૂકવનારો માણસ ભવિષ્યમાં કાચો પડે તો એના માટે જવાબદાર કોણ? આપે જેની પર આરોપ મૂકયો છે આ ન્યાયનું શાસન છે, કદાચ કાલે એ નિદોર્ષ સાબિત થાય અને આ સરકારના આકરાં પગલાંઓના કારણે એની ઉઘરાણી પર પાબંધીને કારણે એની કાયદેસરની વસૂલાત જોખમમાં મૂકાય તો મને લાગે છે કે આ અતિશયોકિત છે. આવી સ્થિતિમાંથી ગુજરાતના વેપાર ધંધાને ઉઘારવા માનનીય નાણામંત્રીશ્રી પાસે ખૂબ મોટી અપેક્ષા છે. સુપ્રીમ કોર્ટમાં માનનીય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડ સાહેબે અને એમ.આર.શાહ સાહેબે કોર્ટમાં જણાવ્યું બેન્ક એકાઉન્ટ એટેચ કરવા માટેની કાયદાકીય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાઅનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જોગવાઇનો અમલ નક્કર પુરાવાઓ અને સત્યના આધારે થવો જોઇએ. કાયદાકીય જોગવાઇની બહાર જઇને ખાતાઓ એટેચ ન કરવા જોઇએ. *xxx)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સબજ્યુડીશ મેટર અંગે

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર. માનનીય વિપક્ષના નેતાએ જસ્ટીસ ચંદ્રચુડ અને જસ્ટીસ એમ.આર.શાહ સાહેબની વાત કરી. આનો એમની પાસે સર્ટિફાઇડ માન્ય પુરાવો હોય તો અત્યારે આપે. ન હોય તો આપ સાહેબ પાસે નિયત સમયમર્યાદામાં રજૂ કરે, ૩૦ દિવસ કે બે મહિનામાં અને ન જ રજૂ કરે તો ઠપકો આપીને આ શબ્દો કાઢી નંખાવવા જોઇએ. (અંતરાય) છાપાની વાત પરથી બોલી રહ્યા છે, આપને ખબર છે કે આ છાપા પરથી આપ બોલી રહ્યા છો. તો આમાં આવે નહીં, આ વાત રેકર્ડ પર ન આવે. રેકર્ડ પર ન આવે અને આ સબજ્યુડિસ મેટર કહેવાય, આવી હોય તો પણ એ સબજ્યુડીસ મેટર કહેવાય એનું ફાઇનલ કોઇ ડિસિઝન આવ્યું ન હોઇ એ વાતનો અહીં ઉલ્લેખ ન થાય. આ વાતનો અહીં ઉલ્લેખ ન થઇ શકે. આપ બન્ને જણા જાણો છો, માનનીય શૈલેષભાઇ, આપ પણ જાણો છો.

પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો છે તો બીજો મુદ્દો પણ કહી દઉં, માનનીય પરેશભાઇ બીજો મુદ્દો પણ છે. એમણે થોડીવાર પહેલાં કહ્યું પણ મારે એમને ચાલુ એમની સ્પીચમાં ડિસ્ટર્બ નહોતા કરવા. કોર્ટના બચાવ પક્ષના વકીલે દલીલ કરી કે જેમાં અદાલતી તંત્ર સામે લાલ આંખ કરવી પડી. આ એક કેસની એમણે વાત કરી. એ કેસનો નંબર આપે આપને ન આપી શકે, અત્યારે હોય તો આપો આપ. હું આપના માધ્યમથી વિનંતી કરું છું કે પુરાવો રજૂ કરાવો અને રજૂ ન કરે તો એ બાબતનો પણ ઠપકો આપી અને એ શબ્દો કાઢી નંખાવો.

અધ્યક્ષશ્રી: માનનીય પરેશભાઇ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે મુદ્દો ઉઠાવ્યો છે પોઇન્ટ ઓફ ઓર્ડરનો એ એકદમ બિલકુલ કરેક્ટ એટલા માટે છે, હું તમને રોકવા માગતી નહોતી એટલે ઇન્ટરફીયર નહોતું કર્યું. વારંવાર ઇન્ટરફીયર કરવાનું મને પણ ગમતું નથી. પરંતુ જયારે સબજ્યુડીશ મેટર હોય, નંબર વન, બીજું તમે જે વાત ટાંકી છે એ જસ્ટીસના નામે જયારે તમે ટાંકતા હો ત્યારે તમારી પાસે તેના ઓથેન્ટીક સર્ટીફાઇડ પુરાવા જોઇએ, અને ત્રીજું તમે જે કેસ કહ્યો અને એમણે મુદ્દો ઉઠાવ્યો છે કે એ નંબર સાથે તમે આપો, એટલે આ નંબર અને આ જાતની સર્ટીફાઇડ કોપી આ બન્ને વસ્તુ તમે એક મહિનાની અંદર રજૂ કરો તેવી મારી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી : ખૂબ ખૂબ આભાર બહેન, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી વિદ્વાન વકીલ પણ છે, કોર્ટની કાર્યવાહી....

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના હુકમ પછી આ બાબતની કોઇ ચર્ચા ન થઇ શકે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર કોર્ટના લેખિત હુકમો અને ઓરલ ઓબ્ઝર્વેશન, આની રેકર્ડ ઉપરની વ્યવસ્થાથી આપ સુપેરે પરિચીત છો. એટલે આપના નિર્ણયનું સન્માન કરું છું અને જરૂરથી એ સંદર્ભો પણ આપ સૌની સમક્ષ મુકીશ. માનનીય અધ્યક્ષશ્રી, શબ્દોની સાથે વાંધો છે. પણ એવી વ્યવસ્થા ઉભી કરતા *(xxx)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર જાણીબુઝીને કાં તો માનનીય વિરોધપક્ષના નેતા આપનું અપમાન કરી રહ્યા છે. આ ચેરનું અપમાન કરી રહ્યા છે. આ સંસદીય પ્રણાલિકાની અંદર આપણે આટલી સારી વાત કરતા હોઇએ એવા સમયે જાણીબૂઝીને આવા શબ્દો વાપરવા, આપ સમજો છો અને વારંવાર અમારે ઉભા થવું પડે તે માટે અમને પણ લાચારી થાય છે. માનનીય વિપક્ષના નેતા જયારે પ્રવચન કરતા હોય ત્યારે...

અધ્યક્ષશ્રી: આપ આપના સુધારા ઉપર વાત કરો. ઘણી બધી લાંબી ચર્ચાઓ થઇ છે અને ઘણી બધી સારી વાતો પણ થઇ છે. પ્લીઝ, શ્રી પરેશભાઇ, આપના સુધારા...

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને આપ રક્ષણ આપો છો અને આપશો એવો સંપૂર્ણ વિશ્વાસ છે. મારે બીજી ટીકા ટીપ્પણીઓમાં પડવું નથી પણ આ જી.એસ.ટી. સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે નાણાં મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે. આપના મારફત નાણાં મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ ગુજરાતનો કોઇ ગરીબ માણસ હાથ લંબાવીને મજબૂરીવશ ભીખ માગીને પેટ ભરતો હશે એવો વ્યક્તિ પણ એક બાકસ, એક માચીસ ખરીદે તો એ માચીસથી પણ આ રાજયની કરની આવકો વધે છે. સીધા કે આડકતરા કરવેરાઓથી ગુજરાતના લોકો સરકારની તિજોરી ભરી રહ્યા છે. મેં વિસ્તૃત લેશન કર્યું હતું પણ અભ્યાસના અર્થે કહું છું, હું આ ગૃહનો વર્ષ ૨૦૦૨થી સભ્ય છું. રાજયના કરની આવકો સતત વધી રહી છે. મારી ભૂલ થતી નહીં હોય તો વર્ષ ૧૯૯૫માં આ ગુજરાતની સીધી અને આડકતરી કરની આવકો ૪૦૦૦ કરોડ રૂપિયા હતી. ત્યાર પછી વેટ આવ્યો, વેટ પછી આપણે જી.એસ.ટી.ની અંદર વ્યવસ્થાને તબદીલ કરી. આ જી. એસ.ટી.ની અંદર સેવાઓને આવરી લઇને આપણે એનો વ્યાપ વધાર્યો. અત્યારે અંદાજીત ૧ લાખ કરોડ રૂપિયા વિવિધ પ્રકારના સીધા અને આડકતરા કર રાજયને પ્રાપ્ત થઇ રહ્યા છે. એનું સીધું ભારણ સામાન્ય માણસની ઉપર છે. કોઇ પ્રત્યક્ષ કર ચૂકવે છે, કોઇ અપ્રત્યક્ષ કર ચૂકવે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે અને કોઇ અજાણતા કર ચૂકવે છે. પણ ગુજરાતના સવા છ કરોડ ગુજરાતીઓના ખીસ્સામાંથી, વર્ષ ૧૯૯૫ની અંદર ૪ હજાર કરોડ રૂપિયા કર વસૂલવામાં આવતો હતો, આજે ૧ લાખ કરોડ રૂપિયા કરનું ભારણ વધાર્યા પછી પણ સામાન્ય માણસની સુવિધાઓમાં વધારો થયો નથી. સરકાર કાયમી કર્મચારીઓને નોકરી તો આપી શકતી નથી, પણ આઉટસોર્સ કરનારા લોકોને પણ ૧૮ ટકા જી. એસ. ટી. ના સ્લેબમાં સમાવ્યા હતા. ચાલુ વર્ષે આ કોરોનાના કપરા કાળ વચ્ચે પણ જી.એસ.ટી.ની આવકમાં ૩૬ ટકા જેટલો અંદાજીત વધારો થયો હોય એ જ રીતે એસજીએસટીની આવકમાં ૫૫ ટકા જેટલો વધારો થયાનું જાણવા મળ્યું છે. કોરોનાના કપરા કાળમાં લોકોની જે બચત હતી એ ખર્ચાઇ ગઇ, આરોગ્યની મહામારીમાં લોકોની ખરીદ શકિત ઘટી ગઇ, વેપારીઓને વકરો થયો નથી નફો થયો નથી તો પણ રાજયની આવક વધી કઇ રીતે એ ગુજરાતના સામાન્ય માણસોના મનમાં સવાલ થાય એ સ્વાભાવિક છે. રાજયની આકરા કરવેરા વસૂલવાની માનસિકતાના કારણે સામાન્ય માણસના ઘરે બે ટાણા ચૂલો સળગતો ન હોય પણ સરકારની તિજોરી ભરાવી જોઇએ. હું આની આકરા શબ્દોમાં ટીકા કરું છું અને આપની મારફત માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું.

વિતેલા બે નાણાકીય વર્ષ સન ૨૦૧૯-૨૦ કેન્દ્રીય કરની ૨૦૨૩૨ કરોડ રૂપિયાની આવક હતી પરંતુ સન ૨૦૨૦-૨૧માં એ માત્ર ૧૮૭૦૩ કરોડ રૂપિયા જ રહી ગઇ હતી. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને ૨૦૧૯-૨૦માં જે ગ્રાન્ટ મળતી હતી સહાયક અનુદાન મળતુ હતું એના કરતાં સન ૨૦૨૦-૨૧માં ઘટાડો થયો છે. મોસાળમાં જમણમાં મા પીરસનારી રાજય અને કેન્દ્રમાં આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર બેઠેલી છે એની સાથે હોટ લાઇન છે.

અધ્યક્ષશ્રી: માનનીય પરેશભાઇ, મેં વારંવાર કહ્યું આપ સુધારા ઉપર જ ચર્ચા કરો આ સુધારા બિલમાં આવું બધું ન આવે.

શ્રી પરેશ ધાનાણી : આપણી આવકો છે આ નવું બિલ મૂકતો નથી પણ મારા સુધારા જ છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ફકત સુધારા જ રજૂ કરવાના છે એમાં એક કલાક જેટલો સમય વિતી ગયો છે એટલે આપ એમને બેસવાનું કહો તો સારી વાત છે.

શ્રી પરેશ ધાનાણી : મારી લાગણી એટલી જ છે કે કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટ કપાઇ રહી છે એટલે ઉઘરાણી કરવાનો બધાને અધિકાર છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : બધાનો સમય જાય છે તેઓ એક પણ સુધારો રજૂ કરી શકયા નથી.

શ્રી પરેશ ધાનાણી : કરવેરાની સમસ્યાથી પર એક પણ શબ્દ હું બોલ્યો નથી. આપની મારફત મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આપણા કરની આવક વધી રહી છે તેમ છતાં ચાલુ વર્ષે દેવું વધારવું પડ્યું છે.

અધ્યક્ષશ્રી: માનનીય પરેશભાઇ, આમાં દેવાની વાત કયાં આવે અત્યારે બિલના સુધારાની વાત છે એમાં દેવું વગેરે કેવી રીતે આવે? આવું બધુ ન બોલો આપ તો વિરોધપક્ષના નેતા છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ખૂબ જ જવાબદારીપૂર્વક બોલું છું.

અધ્યક્ષશ્રી: આ બિલ નવું નથી એમાં ફકત સુધારાની જ વાત છે.

શ્રી પરેશ ધાનાણી : રાજયનું દેવું વધી રહ્યું છે ત્યારે એ દેવા ઉપરનું વ્યાજ પણ વધી રહ્યું છે એના લીધે ગુજરાતમાં માચીસ ખરીદનાર કરદાતા ઉપર પણ ભારણ વધી રહ્યું છે.

અધ્યક્ષશ્રી: એક વાત વારંવાર રીપીટ કરીને ગૃહનો સમય ન બગાડો.

શ્રી પરેશ ધાનાણી : છેલ્લી એક વાત કરીને મારી વાત પૂરી કરું છું. ગઇ કાલે વિધાનસભામાં તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૯૦ની અંદર રાજય સરકારે જે આંકડા ગૃહ સમક્ષ મૂકયા એમાં એસજીએસટીની આવક વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૨૯૨૫૭.૭૪ કરોડ હતી તે વર્ષ ૨૦૨૦-૨૧માં વધીને રૂ.૩૮૬૪૫.૨૪ કરોડ થઇ ગઇ. વેટ વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૦૦૩૬.૨૭ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યો હતો એ જ વેટ વર્ષ ૨૦૨૦-૨૧ની અંદર ૨૫૪૨૬.૮૯ કરોડ રૂપિયા થઇ ગયો. મારે આપના મારફત સરકારને વિનંતી કરવી છે. એક દેશ એક ટેક્સનો નારો આપીએ તો પછી આ વેટ શું કામ ? મુખ્યત્વે પેટ્રોલિયમ પેદાશો ઉપર આપણે વેટ વસૂલી રહ્યા છીએ. આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે આપણે એરોપ્લેનનું પેટ્રોલ-ડીઝલ સસ્તુ કરી શકીએ અને એક ગરીબ માણસ રોજગાર માટે દરદર ભટકવા પેટ્રોલપંપે જાય અને ૧૦૦ રૂપિયે લિટરના પેટ્રોલનું ભારણ શું કામ ભોગવે છે? ૯૫, ૯૭, ૯૮ રૂપિયા ચૂકવવા પડે છે.

અધ્યક્ષશ્રી : એકની એક વાત રિપીટ કરો છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ એક ગૃહિણી છો. આજે ગેસનો બાટલો ૧૦૦૦ રૂપિયે પહોંચવા આવ્યો. આ ચિંતા છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી પેટ્રોલિયમ પેદાશોને જી.એસ.ટી.માં આવરશે, પેટ્રોલ, ડીઝલ અને ગેસના વેરાનું ભારણ છે એ ઘટાડશે અને સામાન્ય માણસને પેટ્રોલ, ડીઝલ અને ગેસ વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય આવી વ્યવસ્થા સરકાર ઉભી કરવા માગે છે કે કેમ? તેનો પ્રત્યુત્તર આપશે તો મને ગમશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ ખૂબ સુંદર મજાનો અવસર આપ્યો, માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ નિરાંતે સાંભળ્યો છે. માનનીય રાજેન્દ્રભાઇએ ભાષાનું જ્ઞાન સુધારવા માટે પણ મને ટકોર કરી છે. શ્રી નીતિનકાકાએ મલકતાં મલકતાં મારી વાતોને ટેકો આપ્યો. બધાનો હૃદયપૂર્વક આભાર.

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસાણા): માનનીય અધ્યક્ષશ્રી, બધા માનનીય સભ્યશ્રીઓને હું ધ્યાનથી સાંભળતો હતો, કારણ કે મારો જૂનો વિષય છે અને મારો શોખનો વિષય છે. ગુજરાતીમાં એક કહેવત છે. *(xxx) આજે આ કહેવત કેટલાક મિત્રોએ યથાર્થ પૂરવાર કરી છે. આ બિલનું હેડીંગ જો વાંચો તો એમાં ક્યાંય જી.એસ.ટી. શબ્દનો ઉલ્લેખ નથી. ગુજરાત સરકારને જે સત્તા છે, જે અધિકાર છે એ ભાગીદારી કાયદા અંગેનો આ સુધારો અમારા માનનીય કનુભાઇ દેસાઇ નાણાંમંત્રી તરીકેની જવાબદારી નિભાવવા માટે આ ખૂબ સુંદર દાયકાઓ જૂનો જે કાયદો છે તેને સુધારવા માટે લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇએ અને બધા મિત્રોએ અભ્યાસ કર્યો પણ હેડીંગ ન વાંચ્યું. હેડીંગમાં સ્પષ્ટ લખ્યું છે કે વર્ષ ૧૯૩૨થી જે ભાગીદારીનો કાયદો ચાલતો હતો તેને સુધારવા માટે માનનીય કનુભાઇ દેસાઇ, અમારી નવી સરકાર આ સુધારા વિધેયક લાવી છે. આમાં જી.એસ.ટી.ને કોઇ જાતની લેવાદેવા નથી. વિપક્ષના કેટલાક મિત્રોએ ટીકા કરી કે આ જી.એસ.ટી. કાયદો લાવ્યા, પહેલાં તમે ના પાડતા હતા. અમારી સરકાર હતી. મનમોહનસિંઘની સરકાર હતી. પરંતુ મનમોહનસિંઘજીની સરકાર વખતે અમે એટલા માટે વિરોધ કરતા હતા કે જી.એસ.ટી. કાયદો આવે તો રાજ્યોને જે નુકસાન થાય એ નુકસાન ભરપાઇ કરવા માટે કાયદામાં જોગવાઇ કરવી. જે તે વખતે યુ.પી.એ.ની કોંગ્રેસ સરકાર હતી ત્યારે અમે માગણી કરતા હતા. એ વખતે તમારા જે તે વખતના નાણામંત્રી શ્રી ચિદમ્બરજી હતા. ડો. મનમોહનસિંઘજી પણ હતા. બીજા પણ હતા. એ બધાએ ના પાડી હતી કે અમે કોઇ આવું વળતર આપવા બંધાઇએ એવો કાયદામાં સુધારો કરવા સંમત નથી. એટલા માટે ગુજરાત સરકાર અને બીજી સરકારો જેમાં કોંગ્રેસની રાજ્ય સરકારો પણ સામેલ હતી તેમણે વિરોધ કરેલો અને એ પછી જ્યારે ભારતની જનતાના આશીર્વાદથી એન.ડી.એ.ની સરકાર આવી અને માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા. ત્યારે એમણે કાયદામાં નિશ્ચિત સુધારો કર્યો જે રાજ્યોની વર્ષો જૂની માગણી હતી કે જી.એસ.ટી. કાયદો અમલમાં આવે...

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો રદ કરવા અંગે

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર, માનનીય નીતિનકાકા વાત કરે એમાં વાંધો નથી પણ *(xxx)આટલા શબ્દો મારા માનવા મુજબ અસંસદીય છે એ રદ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી: શબ્દો રદ કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય નીતિનભાઇ બોલતા હતા એ મેં સાંભળ્યું, શ્રી પરેશભાઇ ઉભા થઇ ગયા પણ એકચ્યુલી એમણે જે પહેલા જે બિલની વાત કરી વર્ષ ૧૯૩૨ના ભાગીદારી બિલની પણ એકચ્યુલી કોઇ કોળું શાકમાં નથી ગયું, અમે બધા અલગ અલગ શાક લઇને આવ્યા હતા અને જે બિલ માનનીય મંત્રીશ્રીએ રજૂ કર્યું એમાંજ અમારા સભ્યો બોલી રહ્યા હતા માટે શ્રી નીતિનભાઇનું આખું સ્ટાર્ટીંગનું જે પ્રવચન હતું તો હું એ સમજું છું કે એ ભૂલથી બોલી ગયા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હવે આવવાનું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : ભાગીદારોનું ૨૩ નંબરનું બિલ છે, આ ૨૨ નંબરનું બિલ છે.

અધ્યક્ષશ્રી: માલ અને સેવા વેરા અંગેનું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ હું સ્વીકારું છું બેન, સોરી, પણ આ જે મુદ્દો છે એમાં મારે બે જ વાત કરવાની છે, બાકીની વાત તો નાણામંત્રીશ્રી કરવાના છે. તમે જે ટીકા કરી કે આ જી.એસ.ટી.નો કાયદો પહેલા વિરોધ કરતા હતા અને હવે કેમ લાવ્યા તો અમે એ એટલા માટે લાવ્યા કે પહેલાં પાંચ વર્ષ જી.એસ.ટી.નો કાયદો અમલમાં આવે એટલે જે નુકસાન રાજ્યોને થાય, પાંચ વર્ષ સુધી પોતાની મૂળ આવક થતી હતી એમાં જે નુકસાન થાય એ ભારત સરકાર અને જી.એસ.ટી. કાઉન્સિલ ભરપાઇ કરી આપશે એ તમારી યુ.પી.એ.ની સરકાર એ કાયદાકીય જોગવાઇ કરવા સંમત નહોતી, માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા પછી તરત જ એમણે કેન્દ્રમાં લોકસભામાં કાયદામાં સુધારો કરી અને રાજ્યોને પાંચ વર્ષ સુધી જે નુકસાન પડશે એનું વળતર, એનું કમ્પન્સેશન જી.એસ.ટી. કાઉન્સિલ આપશે એટલા માટે બધા રાજ્યો સંમત થયા અને એનો આજે આપણે લાભ લઇ રહ્યા છીએ. બીજી હમણાં છેલ્લે તમે જે વાત કરી કે જી.એસ.ટી.માં પેટ્રોલ, ડીઝલનો પણ સમાવેશ કરવો. હમણાં તાજેતરમાં છેલ્લી જે લખનઉમાં મિટિંગ થઇ એમાં પણ આ વિષય ચર્ચા ઉપર આવ્યો, તમે પેપર અથવા તો તમારા પક્ષના નેતાઓને પૂછીને જાણી લેજો કે તમારી જ કોંગ્રેસ શાસિત સરકારોએ...

શ્રી પરેશ ધાનાણી : ગુજરાતના લોકો મારી અને તમારી પાસે, આ ગુજરાત વિધાનસભા પાસે અપેક્ષા રાખે છે. આપણે હંમેશા પહેલ કરતા આવ્યા છીએ તો ગુજરાતથી પહેલ કરીએ. બીજા રાજ્યો એમાં જોડાતા જાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી પરેશભાઇ, ગુજરાતની કાળજી રાખવા માટે જ અમે બેઠા છીએ. એ પણ તમને કહું, મારે વિશેષ સમય નથી લેવો પણ તમે મુદ્દો ઉભો કર્યો તો એની પણ ચોખવટ કરી લઉં, હમણાં જ જે લખનઉમાં જી.એસ.ટી.ની છેલ્લી મિટિંગ થઇ એમાં તમારી જ કોંગ્રેસ સરકારોએ આમાં સુધારો કરવાની ના પાડી કે વેટમાં ચાલુ રાખવાનું અને પેટ્રોલ ડીઝલને જી.એસ.ટી.માં સામેલ નહીં કરવા, એમાં અમારો વિરોધ છે, વાંધો છે એવું એમણે કીધું. ગુજરાત પણ એ વાત સાથે આજે સંમત છે, એટલા માટે સંમત છે એ માનનીય વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓને કહું કે અત્યારે જે વેટની આવક આવે છે એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સો ટકા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. કે પી.એન.જી. ગેસ ઉપરની એ રાજય સરકારની પોતાની સો ટકા માલિકીની આપણી પોતાની આવક છે. જી.એસ.ટી.ની જે આવક થાય એ જી.એસ.ટી. કાયદા પ્રમાણે ૫૦ ટકા રકમ એ ભારત સરકારને આપણે નિયત પ્રમાણે ફાળવી આપવી પડે છે એટલે ગુજરાતમાંથી જેટલું ટેક્સ કલેકશન થાય એના ૫૦ ટકા હિસ્સો એ ભારત સરકારને આપવાનો છે અને એ ભારત સરકારને એટલા માટે આપવાનો છે કે જી.એસ.ટી. આવ્યા પહેલા એકસાઇઝ અને બીજા જે કાયદા હતા એ બધા કાયદા રદ થઇ ગયા, એકસાઇઝનો કાયદો, બીજા નાના મોટા કાયદા એ બધા જ કાયદા જી.એસ.ટી.માં મર્જ થઇ ગયા એટલે જે આવક થાય એ દેશના બધા રાજયોએ ૫૦-૫૦ ટકાના ધોરણે, ૫૦ ટકા રાજયની આવક, ૫૦ ટકા કેન્દ્રને ફાળવી દેવાની, હવે જો આપણે પેટ્રોલ, ડીઝલને જી.એસ.ટી.માં સામેલ કરીએ તો તમે હમણાં જે છેલ્લા આંકડા પેટ્રોલ ડીઝલની આવકના વાંચ્યા એ આપણી અત્યારની રાજયની મુખ્ય આવક છે એમાંથી ભારત સરકારને એક રૂપિયો પણ આપણે આપવાનો થતો નથી અને એને જો જી.એસ.ટી.માં આવરી લેવામાં આવે તો પેટ્રોલ ડીઝલની આવક પણ ૫૦ ટકા ભારત સરકારને આપણે આપી દેવી પડે. એટલે આપણે જ આપણી આવકમાં કાપ મૂકવાનો થાય. આપણી પોતાની આવક વિના કારણે કોઇ ફાયદો લીધા સિવાય, કોઇ નાણાકીય સહાય મેળવ્યા સિવાય ભારત સરકારને આપી દેવી પડે એ ન આપવા માટે ભારત સરકાર અમારી જ છે. અમારા પક્ષની જ છે છતાં અમે પેટ્રોલ-ડિઝલને જી.એસ.ટી.માં એટલા માટે સમાવવા માગતા નથી કે આપણા ગુજરાત રાજ્યની પોતાની આવક અડધી કેન્દ્રને આપવી ન પડે. ફરીથી કહું કે અગાઉ નાણામંત્રી હતો ત્યારે મેં આ સ્પષ્ટતા કરી છે. આવી માગણી મહેરબાની કરીને તમે કદી કોઇ પાસે ન કરતા. આપણી આવક કોઇને આપી દઇએ, કેન્દ્ર સરકારને આપી દઇએ અને સામે આપણને કશો ફાયદો ન થાય એવું આપણે કરી શકીએ નહીં. ગુજરાતની ૬ કરોડ ૩૦ લાખની જનતાની સુખાકારી માટે, અનેક યોજનાઓ માટે, પ્રજાજનોના હિત માટે અમે બેઠા છીએ. આપણે કોઇ સસ્તા લોકપ્રિય પગલાં માટે બેઠા નથી. જી.એસ.ટી.માં જો કેન્દ્ર સરકારને આપણે હિસ્સો આપીએ તો આપણી આવક અડધી થઇ જાય એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. એટલા માટે કહું છું કે જી.એસ.ટી. કાયદો બધા રાજ્યોની સર્વસંમતિથી નક્કી થયો છે. તમે બધાએ ટીકા કરી કે અડધું કરો, ઓછું કરો, બહુ ઉત્સાહી ન થઇ જાઓ. આપના માધ્યમથી કહેવા માગું છું કે, જી.એસ.ટી. કાઉન્સિલ આ બધા નિર્ણયો કરે છે અને સર્વાનુમતે કરે છે. દરેક રાજકીય પક્ષના નેતાઓ, નાણામંત્રીશ્રીઓ એ ભા.જ.પ.ના, કોંગ્રેસના, પશ્ચિમ બંગાળના કે બીજા રાજ્યો તામિલનાડુ કે કેરળના દરેક પક્ષના નાણામંત્રીશ્રીઓ જી.એસ.ટી. કાઉન્સિલના મેમ્બર છે અને જી.એસ.ટી. કાઉન્સિલ સર્વાનુમતે બધું માળખું, બધા નિયમો, બધી પ્રોસિજર નક્કી કરે છે. ગુજરાત સરકાર એકલી નથી કરતી. અહીંયા કોઇ સભ્યએ કહ્યું કે આમાં ઓછું કરો. આમાં ઓછું કરવાનો આપણને અધિકાર નથી. કોઇ રાજ્યને અધિકાર નથી. જી.એસ.ટી.માં જે નિયમો થાય એ ઓટોમેટિક આખા દેશને લાગુ પડે છે. એટલા માટે જી.એસ.ટી. કાયદો દેશનો કાયદો છે. વન નેશન વન ટેક્સ એ પ્રમાણે છે એમ સમજી આપ ટીકા-ટિપ્પણ કરો. વેટમાંથી જી.એસ.ટી.માં પેટ્રોલ-ડિઝલને લઇ જવાની માગણી જ્યાં સુધી સામે એટલી મોટી રકમ વળતર તરીકે કોઇ સ્કીમ પ્રમાણે ન આવે ત્યાં સુધી આપણે લઇ જઇએ તો આપણા પગ ઉપર કુહાડો મારીએ છીએ. આવું અમારા ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને નાણામંત્રીશ્રી કનુભાઇ તરીકે અમારો પક્ષ ન કરી શકે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇને મારા થોડા સૂચનો છે.

અધ્યક્ષશ્રી: આપને બહુ સમય આપ્યો છે. બિલ પૂરું કરવાનું છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી પરેશભાઇ અને બધા કહે છે, મારે આનંદ અને ગૌરવથી કહેવું છે કે આખા દેશમાં અત્યારે પેટ્રોલ-ડિઝલમાં ઓછામાં ઓછો ટેક્સ હોય તો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારનો છે. ભાવ પણ ઓછો છે. તમારી કોંગ્રેસની સરકારો છે ત્યાં લિટરે ૧૦ રૂપિયા ભાવ અત્યારે પણ વધારે છે. તમે પહેલા કરી બતાવો પછી અમને સલાહ આપો. ભારતમાં ઓછામાં ઓછો ટેક્સ ગુજરાતમાં છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે માનનીય નીતિનભાઇને વિનંતી છે કે આ પેટ્રોલિયમ પેદાશોને આપણે જી.એસ.ટી.માં સમાવીએ એમાં એસ.જી.એસ.ટી. અને સી.જી.એસ.ટી. તો સેન્ટ્રલ ગવર્નમેન્ટ તો આપની છે. તમે નેતૃત્વ લો, અમારી સરકારો ખભેખભો મિલાવીને આવશે અને કેન્દ્રીય કરનો હિસ્સો ભારત સરકાર મુક્તિ આપી દે એટલે આપણા ઘરના આપણા ઘરમાં રહેશે. બધી રાજ્ય સરકારોને એની આવકો જળવાઇ રહેશે. ખૂબ સરસ મજાનું સૂચન છે. તમે આગેવાની લો. મને વિશ્વાસ છે, આખા દેશમાં આપની સરકાર છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૨૨ ગુજરાત માલ અને વેરા સુધારા વિધેયક ૨૦૨૧ ગૃહમાં લઇને આવ્યો છું. આ વિધેયક ઉપર શાસક પક્ષના મારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ પણ પોતાનો સુંદર અભિપ્રાય આપ્યો તેમજ શ્રી રાકેશભાઇ શાહ તથા શ્રી અરવિંદભાઇએ પણ સુધારાના સમર્થનમાં રજૂઆત કરી છે. સાથેસાથે સામા પક્ષ તરફથી શ્રી વિરજીભાઇ, શ્રી લલિતભાઇ, શ્રી ચાવડાસાહેબ, શ્રી કીરીટભાઇ, શ્રી ઋત્વિકભાઇ, શ્રી હર્ષદભાઇ, શ્રી હિંમતસિંહભાઇ, શ્રી પ્રતાપભાઇ અને છેલ્લે શ્રી પરેશભાઇએ પણ સુંદર રજૂઆત કરી છે. બિલને સમર્થન આપ્યું અને સાથેસાથે જે ચિંતાઓ રજૂ કરી પરંતુ મારે એક જ વાત કહેવી છે કે આ બિલ રજૂ કરવાનો હેતુ જે સાચા કરદાતાઓ છે એમને રાહત થાય, એમને કોઇ તકલીફ ન પડે એટલા માટે છે. દંડ અને સજાની જે વાત છે, જે એટેચમેન્ટની વાત છે એ ફકત ગુજરાત બહારના વેપારીઓ જે ગુજરાતમાંથી માલ લઇને જાય એ સાધનો પકડીને એ

લોકો સામે આપણે ટેક્સની રીકવરી માટેનો કાયદો કે આપણી પ્રોસીઝર લગાવી ન શકીએ. ગુજરાતમાં એટલા માટે એમના માટે ડબલ દંડની જોગવાઇ કરવામાં આવેલી છે. આ સુધારા બિલ લાવવાનો હેતુ જે રીતે માનનીય ચાવડાસાહેબે કહ્યું બિલીયા રાજાઓને કન્ટ્રોલમાં કરવા માટેની ઘણીબધી જોગવાઇઓ આમાં કરવામાં આવી છે અને ખાસ કરીને એના માટે જ આપણે સૌ સાથે મળીને તમે જે ચિંતા વ્યકત કરી છે એ ચિંતા એટલી બધી મોટી નથી. પરંતુ આપણે સૌ સાથે મળીને જયારે આપણે વર્ષ ૨૦૧૭ના કાયદાનો સુધારો અત્યારે લાવીએ છીએ. વર્ષ ૨૦૧૭નો જી.એસ.ટી. એ બાલ્યાવસ્થામાં કહેવાય કારણ કે આજે આપણે બીજું બિલ લાવવા જઇ રહ્યા છીએ. વર્ષ ૧૯૩૨નો ભાગીદારી કાયદો. લોકોને તકલીફ પડે તો વેપારીઓને અને આપણા વેપાર ધંધાને નુકસાન ન થાય એના માટે જે કંઇપણ સુધારા કરવા જોઇએ એ ભલે આપણે બીજા વર્ષે પણ કરવા પડે. આ સુધારા વિધેયકમાં પણ જો કંઇ તકલીફ થાય અને સુધારો કરવો પડે તો અમે એના માટે પણ તૈયાર છીએ. ગુજરાત અને સમગ્ર ભારત કોરોનાકાળમાં પણ જે રીતે ભારતનો જી.ડી.પી. વધ્યો છે અને સમગ્ર અર્થતંત્ર જે રીતે વેગમાં આવ્યું છે. આપણે આ બધા કાયદાનો સુધારો, આટલી મોટી ચિંતા વ્યકત કરી કે અર્થતંત્ર બગડી જશે, વેપારીઓને નુકસાન થશે, ખેડૂતોને નુકસાન થશે. આ સરકારની પણ મુખ્ય જવાબદારી એ છે કે આપણા રાજયના દરેક વેપારીઓ, ઉદ્યોગો અને ખેડૂતો સુખી થાય અને એના માટેના જ દરેક પ્રયત્નો આ સરકાર કરી રહી છે. આ બિલમાં આપણે જેટલી ચર્ચા કરી એટલો કોઇ મોટો રાજય સરકારનો આવક વધારવાનો ઉદ્દેશ જ નથી પરંતુ સાચા અને સારા વેપારીઓને જે તકલીફ પડે છે એમને મદદ કરવાનો હેતુ છે અને શ્રી હર્ષદભાઇએ પણ એક વાત કરી કે એના ઉપર જી.એસ.ટી. ન હોવો જોઇએ. ટ્રેકટર ઉપર આપણે જી.એસ.ટી. કાઢી નાખીએ તો એનો દુરુપયોગ બીજી જગ્યાએ થાય તો આપણે સબસિડી વધારો એવી રજૂઆત કરીએ તો સરકાર વિચારી શકે. તો આવા અનેક પોઝીટીવ વિચારો લઇને અમે આવ્યા છીએ અને આપની જે રજૂઆત હતી તો ગુજરાતમાં સૌથી વધુ રજિસ્ટ્રેશનો થયા છે. શ્રી પ્રતાપભાઇએ કહ્યું કે રીફંડ મોડા મળે છે. ગત વર્ષે જી.એસ.ટી. રીફંડ રૂ. ૮૪૭૬ કરોડ આપવામાં આવ્યું છે. ચાલુ વર્ષે પણ રૂ. ૬૫૫૮ કરોડનું રીફંડ ચૂકવાયું છે. એક ખાસ ચિંતા વ્યકત કરવામાં આવી કે વર્ષ ૨૦૧૭થી ટેકસ વસૂલવાનો છે તો ટેકસ વસૂલવાનો ઇરાદો નથી. આમાં વર્ષ ૨૦૧૭થી જે પેન્ડીંગ કેસો છે એને પણ આ લાભ આપવાનો એક પ્રયત્ન છે અને વેપારીઓને એમાં રાહત થવાની છે. કોઇની પાસેથી વસૂલાત થવાની નથી એ આ ચોકકસ બિલનો હેતુ છે. ખાસ કરીને જે રજિસ્ટ્રેશનો થયા છે. ગત વર્ષે ૧,૫૫,૦૦૦ વેપારીઓની નવી નોંધણી કરવામાં આવેલી છે. ચાલુ વર્ષે આજ સુધીમાં ૬૦૦૦૦ જેટલા વેપારીઓની નોંધણી થઇ છે. અરજીની વિગતો જો પૂર્તતા સાથે કરવામાં આવે તો સાત દિવસમાં નોંધણી કરવામાં આવે છે. અરજી સાથે આધાર કાર્ડની વિગત ન હોય તો ૩૦ દિવસની અંદર નોંધણી કરવામાં આવે છે. વે બિલ માટેની પણ ચર્ચા થઇ. જુલાઇ –૨૦૨૧ દરમિયાન ૭૬,૦૦,૦૦૦ ઇવેબિલ જનરેટ થયા છે. ઓગસ્ટ–૨૦૨૧ દરમિયાન પણ ૮૧,૦૦,૦૦૦ થી વધુ બિલો જનરેટ થયા છે. ખાસ કરીને જે દંડની અને વાહન જપ્ત કરવાની વાત છે એ ફકત ને ફકત આપણા રાજ્ય બહારના જે વેપારીઓને આપણે આપણા ટેક્સ રીજનમાં નથી લઇ શકતા. આપણા રજિસ્ટ્રેશનમાં નથી. એમના માટે જ મેઇનલી લાગુ પડે છે. છતા આ કાયદાનો દુરુપયોગ થવાની શક્યતા લાગતી હોય તો આપણે સૌ સાથે મળીને એનો દુરુપયોગ નહિ થવા દઇએ. એવી ચોક્કસ ખાતરી આપું છું. તમારો સાથ મળશે એવી ચોક્કસ આશા રાખું છું. શ્રી વિરજીભાઇની એક ચિંતા હતી એના વિષે હું એટલું કહીશ કે કાર ઉપરનો વેરાનો દર ૨૮ ટકા અને સેસ ૧૫ ટકા એમ ૪૩ ટકા કાર ઉપર છે. ટ્રેક્ટર ઉપર ફકત ૧૨ ટકા વેરો છે. ખેડૂતોને વેરો ભરવામાં સંપૂર્ણપણે મુકિત છે અને તેઓ જીએસટીમાં અનરજિસ્ટર્ડ વ્યકિત તરીકે ઓળખાય છે. જંતુનાશક દવાઓ વેપારીઓની સાથે લાગુ પડે છે. આ રીતે આ જે વિધેયકમાં સુધારા લાવવાનો ઇરાદો છે એ ફકતને ફકત વેપાર ધંધા, રોજગારી વધારવા માટેનો છે. મને એક વાતનો આનંદ થશે કે તમે બધાએ ઉદ્યોગો અને વેપારને વધારવા માટે ચિંતા દર્શાવી. અમારી પાર્ટીનો ઉદ્દેશ આ જ છે અને આપ સૌ સાથ આપશો એવી નમ્ર આશા છે. આપ સૌ આ વિધેયકને સર્વાનુમતે મંજૂર કરો. આભાર.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૧નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયકનુ બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૧૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૧નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયકનુ ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૧નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયકનુ ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ :આ વિધેયક સર્વાનુમતે પસાર કરવા માટે આભાર વ્યક્ત કરું છું. કોઇપણ મુશ્કેલી હશે તો આપણે સાથે મળીને ઉકેલ લાવીશું તેની ખાતરી આપું છું.

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧

અધ્યક્ષશ્રી: વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૫–૩૫ વાગ્યે ફરી મળશે.

( વિરામનો સમય ૩–૦૪ થી ૩–૩૫ )

**વિરામ બાદ**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૩**

**ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧**

**ગુજરાત રાજ્યને લાગુ પડતો ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ( નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૧નું ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૧નું ભારતનું ભાગીદારી(ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વેપાર, વ્યવસાય માટે વ્યક્તિગત પેઢી કંપનીની જેમ ભાગીદારી પેઢીઓ અસ્તિત્વમાં આવતી હોય છે. બેથી વધુ વ્યક્તિઓ ભેગા થઇ નફાની વહેંચણીના હેતુથી કરાર કરીને ધંધો કરવા માટે ભાગીદારી પેઢીની રચના કરવામાં આવે છે. ભાગીદારી કાયદો ૧૯૩૨ કેન્દ્રનો કાયદો છે અને તે કાયદો ૧–૧૦–૧૯૩૨થી અમલમાં આવેલ છે. ભાગીદારીને લગતી બાબતોનો સમાવેશ આપણા બંધારણની અનુસૂચિ–૭ ના કન્કરન્ટ લિસ્ટ એન્ટ્રી–૭ માં આવેલો છે. આ માટે માનનીય રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી પછી જ રાજ્ય સરકાર આ કાયદામાં જરૂરી સુધારો કરી શકે છે. પેઢીની નોંધણીની જરૂરિયાત કાયદાકીય રીતે નથી. બે કે બેથી વધુ વ્યક્તિઓ નફાની વહેંચણીના હેતુથી લેખિત કે મૌખિક કરાર કરીને પેઢીનું નિર્માણ કરી શકે છે. પેઢીની નોંધણી ફરજિયાત નથી. પરંતુ જો પેઢી નોંધાયેલ ન હોય તો આવી પેઢી પોતાના ભાગીદારો અન્ય કોઇ વ્યક્તિ કે એમની સાથે ધંધો કરનાર લોકો સામે દાવો દાખલ કરી શકતા નથી. સામાન્ય રીતે પેઢીની નોંધણી કરાવવામાં આવે તો આ એક ફાયદો થાય છે. અત્યાર સુધી પાર્ટનરશીપ ફર્મમાં જે રીતે ત્રુટિ જોવા મળી છે અને તે ત્રુટિ દૂર કરવા માટેનું જ આ વિધેયક છે. ભાગીદારી પેઢીની નોંધણીને લગતી કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. હાલમાં પેઢીની નોંધણી અને તેમાં થતા ફેરફારો જેવા કે, પેઢીનું નામ, ધંધાનું સ્થળ, ભાગીદારોના નામ સરનામા, ભાગીદારોમાં થતા ફેરફાર, પેઢીના વિસર્જન, પેઢી વિખરાઇ જાય, વિસર્જનને લગતી જોગવાઇ જેવી ત્રુટિઓને નિવારવા માટે ભારતીય ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૧ લઇને આવ્યો છું. નોંધણી માટેની અરજીમાં પણ સુધારા કરવાની જરૂરત છે. હાલમાં પેઢી માટેની અરજી કરી તેની સાથે દસ્તાવેજો રજૂ કરવા, નોંધણી કરવી, વખતોવખત થતા ફેરફારોની જાણ તથા તેની મંજૂરી, ફીની ચૂકવણી કરવાની પ્રક્રિયા ઓનલાઇન કરેલ છે. તેને કાયદાનો આધાર આપવો તે આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે. પેઢીના પાન નંબર તેમજ ભાગીદારોના પાન નંબર તેમજ આધારની વિગત મેળવીને નોંધણીની પ્રક્રિયા સરળ બનાવવી, ખામીયુક્ત અરજી કે દસ્તાવેજમાં રહેલી ત્રુટિની નિયત સમય મર્યાદામાં અરજદારને જાણ કરવી, અરજદાર દ્વારા નિયત સમય મર્યાદામાં પૂર્તતા થાય અને તેવી પૂર્તતા થયેથી નોંધણીના ફેરફારો કરવા અને તે નિયત સમય મર્યાદામાં પક્ષકારોને જણાવવા. જાહેર જનતાની જાણ માટે પેઢીનું રજિસ્ટ્રેશન થયેલ છે તે ખબર પડે તેટલા માટે પાછળ રજિસ્ટર શબ્દનો ઉલ્લેખ કરવો. પેઢીની નોંધણી રજિસ્ટરમાં એન્ટ્રી થયા તારીખથી જ નોંધણી ગણાય. જાહેર જનતાની જાણ માટે પેઢીના પાછળ રજિસ્ટર શબ્દનો ઉલ્લેખ કરવાની આમાં જોગવાઇ છે. પેઢીના બંધારણ, ફેરફાર, પેઢીના વિસર્જન અને પેઢીના ભાગીદારોમાં કોઇપણ ચેઇન્જ થયો હોય તો તેની જાણ નોંધણી અધિકારીને થાય અને ૯૦ દિવસની સમય મર્યાદામાં આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવાનો આ વિધેયકનો આશય છે. વધુમાં નોંધાયેલ પેઢીના કિસ્સામાં ઉક્ત ફેરફારોની જાણ, નોટીફિકેશનથી કરવામાં આવે તે સમયમર્યાદામાં થાય એ બાબતનો પણ સમાવેશ થાય છે. હાલ રજિસ્ટ્રેશનના આદેશ સામે અપીલની જોગવાઇ ન હોવાથી કેસ સીધા હાઇકોર્ટમાં જતા હતા અને કોર્ટનું લિટિગેશન પણ વધે તેથી આનો એક ઉદ્દેશ એ છે કે, અપીલ માટે રજિસ્ટ્રારને અપીલ કરવાની એક જોગવાઇ કરવામાં આવી છે. આ બિલ નોંધણીને લગતી સમગ્ર પ્રક્રિયા સરળ અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે લાવેલ છું.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય ભાગીદારી કાયદો, ૧૯૩૨ની કેટલીક જોગવાઇઓમાં ફેરફાર બાબતે માનનીય નાણાંમંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે સુધારા વિધેયક લાવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

બે કે તેથી વધુ વ્યક્તિઓ ભેગા થઇ ધંધાકિય પ્રવૃત્તિ અર્થે કરાર કરીને પેઢીની રચના કરે છે. ભાગીદારો વચ્ચે થતાં આ કરાર લેખિત કે મૌખિક હોઇ શકે. પેઢીમાં ભાગીદારો વચ્ચે અમર્યાદિત જવાબદારી હોય છે. ભાગીદારી કાયદાની જોગવાઇ

---

* વિધેયક તા.૨૨ મી સપ્ટેમ્બર ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મુજબ પેઢીની નોંધણી એ ફરજિયાત નથી. આમ છતાં પેઢીની નોંધણી થતાં કેટલાક ખાસ કાયદાકીય લાભો મળતા હોવાથી પેઢીની રચના થયા બાદ તેની નોંધણી પણ કરવામાં આવે છે. આ પેઢીની નોંધણી કરવાની જે કામગીરી છે તે રજિસ્ટ્રાર દ્વારા કરવામાં આવે છે. ભાગીદારી કાયદો એ કેન્દ્રનો હોવા છતાં તેમાં રજિસ્ટ્રારની નિમણૂક કરવાની જે સત્તા છે એ રાજ્ય સરકારની છે. ગુજરાત રાજ્યમાં હાલ આશરે લગભગ ચાર લાખથી વધુ આવી ભાગીદારી પેઢીઓ કાર્યરત અને નોંધાયેલી છે. આટલી મોટી સંખ્યામાં નોંધાયેલ પેઢીઓના કિસ્સામાં તેના નામમાં ફેરફાર, ધંધાના મુખ્ય સ્થળમાં ફેરફાર, પેઢીની શાખાઓમાં ફેરફાર, ભાગીદારોના નામ, સરનામામાં ફેરફાર, નવા ભાગીદારોનો પ્રવેશ, જૂના ભાગીદારો છુટાં થાય વિગેરે અલગ અલગ સુધારા વધારા કરવા માટેની અરજીઓ આવતી હોય છે. જે એક કન્ટીન્યુઅસ પ્રોસેસ છે. ઉક્ત કામગીરીમાં નોંધણીની પ્રક્રિયા ખૂબ જ મહત્ત્વની છે. હાલની કાયદાકીય જોગવાઇ અનુસાર પેઢીની નોંધણી માટેની અરજી રૂબરૂ કે પોસ્ટથી મોકલવાની જોગવાઇ છે. આ અરજીમાં પેઢીના દરેક ભાગીદારની સહી હોવી જરૂરી છે. અરજીની સાથે ભાગીદારી કરાર એટલે કે પાર્ટનરશીપ ડીડની નકલ રજૂ કરવાની રહે છે, આ અરજી સાથે નિયત જે ફી છે એ મેન્યુઅલ ચૂકવણી કરવાની છે અને અરજીમાં પેઢી જે ધંધાકીય સ્થળે આવેલી હોય એ ધંધાકીય સ્થળના રજિસ્ટ્રારના ક્ષેત્ર હેઠળ તેમાં અરજી કરવાની હોય છે. આમ હાલની જે જોગવાઇ છે તે તદ્દન મેન્યુઅલ પ્રક્રિયા છે. આપણે સૌ જાણીએ છીએ કે હાલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપણા માનનીય નાણામંત્રીશ્રીએ જે સુધારો આ બિલ થકી રજૂ કર્યો છે તેમાં ખાસ કરીને વ્યવસાય કરવામાં સરળતા રહે, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ હેઠળ વિશિષ્ટ સવલત આપવાના હેતુથી પરિપત્ર દ્વારા નોંધણી માટે અરજી ઓનલાઇન કરવાની સવલત આમાં આપવામાં આવી છે. નોંધણી માટે અરજી કરતી પેઢીની ઓળખ માટે તેનો પાન નંબર, તેની વિગત મેળવવામાં આવે છે, આ તમામ બાબતોને કાયદા હેઠળ આવરી લેવા માટે એને અનુરૂપ સુધારા કરવા જરૂરી છે અને એટલા માટે પેઢીની નોંધણીની પ્રક્રિયા સરળ થાય, ઝડપી બને અને પેઢીના ભાગીદારોની ઓળખ થઇ શકે એ હેતુથી એ પેઢીના પાનકાર્ડની વિગત, ભાગીદારોના પાનકાર્ડ, એના આધારકાર્ડની વિગત રજૂ કરવાની જોગવાઇ ઉમેરવામાં આવેલ છે. આ ઉપરાંત નોંધણીને લગતી તમામ પ્રક્રિયા અને ફીની ચૂકવણી પણ ઓનલાઇન થઇ શકે એવી જોગવાઇ આ બિલમાં કરવામાં આવી છે. આમ આ કાયદામાં ઉક્ત ફેરફાર થયેથી તમામ પ્રક્રિયા છે એ પારદર્શક બનશે આથી આદરણીય નાણામંત્રીશ્રીએ આ રજૂ કરેલ સુધારા વિધેયકને હું આવકારું છું અને સમર્થન આપું છું, આભાર.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇ દેસાઇ જે ઇન્ડિયન પાર્ટનરશીપ એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૨૦ એટલે કે ભારતનું ભાગીદારી સુધારા વિધેયક બિલ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના ઉદ્દેશ્ય અને કારણોની અંદર જણાવવામાં આવ્યુ છે કે જે મૂળ અધિનિયમ, મૂળ કાયદો હતો તે ૧૯૩૨નો હતો અને તે કાયદાની કલમ-૨૭ની અંદર અમુક સત્તાઓ એ કાયદામાં સુધારો કે વધારો કરવાની જોગવાઇ એ રાજ્ય સરકારને આપવામાં આવી છે અને ૯૦ વર્ષ પહેલાં ઘડાયેલા કાયદામાં સુધારાની જરૂરિયાત હતી એટલે આ વિધેયક બિલ લાવવુ પડયું. ૨૭ વર્ષથી ગુજરાતની અંદર ભાજપની સરકાર છે મને લાગે છે કે, આ વિધેયક લાવવામાં થોડું મોડું થયું છે જો સરકારને નાના ઉદ્યોગો વધે, ભાગીદારી પેઢી વધે અને ગુજરાત આર્થિક રીતે વધુ સંપન્ન બને એવી ચિંતા હોત તો આ જે સુધારો હતો તે વહેલો લાવવાની જરૂર હતી. આની અંદર કલમ-૫૯ની અંદર એવું બતાવ્યું છે કે કોઇ પણ ભાગીદારી પેઢીએ રજિસ્ટ્રેશન કરાવવું હશે તો એના જે ભાગીદારો હશે તેમણે ફરજિયાત આધાર કાર્ડ કે પાનકાર્ડ આપવું પડશે. જયારે આપણે કોઇ પણ ભાગીદારી પેઢીનું રજિસ્ટ્રેશન કરતા હોય ત્યારે પેઢીના રજિસ્ટ્રેશન માટે તેનુ પાનકાર્ડ લેવું એ ફરજિયાત છે. જયારે પેઢીનું પાનકાર્ડ હોય ત્યારે વ્યકિતઓના આધારકાર્ડ કે પાનકાર્ડની જે જોગવાઇ કરવામાં આવી છે તે ના કરવામાં આવે અથવા મરજિયાત રાખવામાં આવે એટલા માટે કે પાનકાર્ડ, આધારકાર્ડ મેળવવા માટે અત્યારે જે સેન્ટરો આપવામાં આવ્યા છે અને અમારી જોડે રોજ ૨૦૦થી ૩૦૦ જણાં આપ પણ ધારાસભ્ય છો તો આધારકાર્ડ કે પાનકાર્ડ સુધારવા માટે ધારાસભ્ય કે ચૂંટાયેલા પ્રતિનિધિની સહીની જરૂર હોય છે એટલે આ ૨૦ કે ૨૫ રૂપિયાની સરકારે તેની ફી નક્કી કરી હોય છે પરંતુ મેં જાણ્યું છે કે ઘણાં લોકો ૨૦૦-૨૦૦ રૂપિયા લઇ અને આ આધારકાર્ડ કઢાવે છે એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જે પણ સેન્ટરો આપ્યા છે તે સેન્ટરોમાં જયારે આધારકાર્ડ કઢાવવા માટે જાય એટલે હેરાનગતિ ન થાય અને તેમણે ફી નક્કી કરવામાં આવી છે તે ઉપરાંત વધારાની ફી ન લે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ, કાયદાની કલમની અંદર એવું જણાવ્યું છે કે, કોઇ પણ વ્યકિત માટે આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો જોઇશે. જેને પણ રજિસ્ટ્રેશન મેળવવું છે તેને આધાર પુરાવો રજૂ કરવો જોઇશે અને બીજી બાજુ એવું લખ્યું છે કે, આધારકાર્ડ ન હોય તો પણ તેની વૈકલ્પિક વ્યવસ્થા ચલાવી લેવામાં આવશે. એટલે આધારકાર્ડ હોવું ફરજિયાત છે કે નહીં અથવા તેની વૈકલ્પિક વ્યવસ્થા ચાલે કે નહીં એ બાબતે સ્પષ્ટતા કરવા વિનંતી છે. આ કલમ-૫૯ની અંદર સમય-મર્યાદાની વાત કરવામાં આવી છે તો સમય-મર્યાદા નક્કી કરવામાં આવે. માનનીય નાણામંત્રીશ્રીએ વાત કરી રજિસ્ટ્રાર અપીલની કે પહેલાં અપીલની સત્તા નહોતી એટલે હાઇકોર્ટની અંદર લીટીગેશન થતા હતાં અને તેના લીધે મોટું આર્થિક નુકસાન થતુ હતું અને સમય વેડફાતો હતો. આ જે સુધારો કર્યો છે તેને આવકારીશું પરંતુ સમય-મર્યાદા કાયદાની અંદર પણ સમય-મર્યાદા નક્કી કરવામાં આવે કે જે પણ અપીલ થાય તે બે મહિના, ત્રણ મહિના કે ચાર મહિનાની અંદર આ

અપીલ ચલાવી લેવી એવી જો સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવે તો આ જે અપીલો છે તે લાંબા સમય સુધી ચાલશે નહીં અને ઝડપી રજિસ્ટ્રેશન થશે અને ઝડપી રજિસ્ટ્રેશન થશે તો એ ભાગીદારી પેઢી અથવા પોતાનો બિઝનેસ શરૂ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પાટણ જિલ્લામાં જે રજિસ્ટ્રાર છે એ ત્રણ કે ચાર જિલ્લાઓ વચ્ચે એક જ રજિસ્ટ્રાર છે. એના લીધે નોંધણી કરવામાં વિલંબ થાય છે. રજિસ્ટ્રાર ઓફિસમાં પૂરતો સ્ટાફ નથી. એક રજિસ્ટ્રારને ત્રણ કે ચાર જિલ્લાઓમાં ચાર્જ હોવાથી હાજર રહી શકતા નથી. જો તાત્કાલિક રજિસ્ટ્રારની નિમણૂક કરવામાં આવે તો નોંધણી કરવામાં ફાયદો થશે. ત્રીજી બાબત એ છે કે આમાં કલમ – ૫૮માં જણાવવામાં આવ્યું છે કે પેઢીના ધંધાનું કોઇ પણ સ્થળ જે વિસ્તારમાં આવેલ હોય અથવા રાખવા ધાર્યું હોય તે વિસ્તારના રજિસ્ટ્રારને ઠરાવેલા નમૂનામાં તથા ઠરાવેલ ફી સાથે નીચેની વિગતોવાળું પત્રક ટપાલ દ્વારા મોકલી આપવામાં આવશે. એક બાજુ આપણે ઇન્ફર્મેશન ટેકનોલોજીની વાત કરીએ છીએ અને આપણે જૂની ટપાલ સિસ્ટમ અપનાવીએ છીએ. એના બદલે ''ઇ–મેઇલ દ્વારા કે વ્હૉટ્સએપ દ્વારા કે કોઇ પણ ઇલેક્ટ્રોનિક્સ માધ્યમથી'' એવા શબ્દો ઉમેરવામાં આવે તો ફાયદો થશે. ઘણી વાર ટપાલ મોડી પહોંચે છે. એવું ના થાય એટલા માટે ટપાલની સાથે–સાથે ઇ–મેઇલ દ્વારા પણ ડૉક્યુમેન્ટ સબમિટ કરી શકશો એવી જોગવાઇ કરવામાં આવે અને છેલ્લે જે ફી બતાવવામાં આવી છે એમાં આઠ આના અને ચાર આનાની જોગવાઇ કરવામાં આવી છે. અત્યારે આઠ આના કે ચાર આના મળતા નથી. મને લાગે છે કે આ જૂના કાયદામાંથી ઉતારો કર્યો છે. એના બદલે એક રૂપિયો કે બે રૂપિયા રાખીએ તો સરકારને પણ ફાયદો થશે. કારણ કે, અત્યારે આઠ આના ચલણમાં નથી એટલે રૂપિયો જ લેશે અને પછી ૫૦ પૈસા પાછા મળવાના નથી. આ સાથે આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય ભાગીદારી કાયદો – ૧૯૩૨માં કેટલાક સુધારા માટે માનનીય નાણામંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે તેને હું આવકારું છું. હાલ ગુજરાત રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, વડોદરા, સુરત, વલસાડ, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર તથા ગાંધીધામ ખાતે આવેલ રજિસ્ટ્રાર કચેરી દ્વારા કાયદા હેઠળની વિવિધ જોગવાઇઓ હેઠળ અન્ય પેઢીની નોંધણીથી શરૂ કરી તેમાં ફેરફાર અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે. હાલ ભાગીદારી કાયદાની જોગવાઇ મુજબ નોંધણી, પેઢીના નામ, ભાગીદારોના નામ, સરનામા, ભાગીદારોમાં થતા ફેરફારો માટે અરજી ખામીયુક્ત હોય કે તેની સાથે બિડવામાં આવેલ દસ્તાવેજમાં વિસંગતતા હોય તો તેને નિવારવા રજિસ્ટ્રાર દ્વારા નોટિસ આપવા બાબત અને અરજદાર દ્વારા નોટિસને પુન: કરવા બાબત આવી પૂર્તતા કરવામાં આવે તો નોંધણી તથા ફેરફારોને અમાન્ય કરવા બાબતે ચોક્કસ મર્યાદા નક્કી થયેલ છે. એના કારણે કાર્યવાહીમાં વિલંબ થાય છે. આ વિલંબ નિવારવા માટે અને ચોક્કસ સમય–મર્યાદામાં વહીવટી પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે સુધારા વિધેયકમાં જોગવાઇ કરવામાં આવેલ છે. પેઢીના નામકરણને લગતી મર્યાદાઓ ભારત દેશ સ્વતંત્ર થયો તે પહેલાંની હોવાથી હાલના સમયે અપ્રસ્તુત છે. દેશના ઘણાં રાજ્યોમાં આ જોગવાઇમાં ફેરફાર કરેલ છે. ભારત દેશ આઝાદ થયા પર્યંત આ પરિસ્થિતિને અનુરૂપ ગુજરાત રાજ્ય દ્વારા આ જોગવાઇઓમાં ફેરફાર કરવો જરૂરી હોવાથી આ સુધારા વિધેયકમાં તેનો સમાવેશ કરેલ છે. પેઢીની નોંધણી, તેના નામકરણ તેમજ તેમાં વખતો–વખત થતાં ફેરફાર અમાન્ય ઠરાવી અને રજિસ્ટ્રાર દ્વારા પસાર કરવામાં આવેલ છે. આ સામે અપીલ સીધે–સીધી નામ. હાઇકોર્ટ સમક્ષ દાખલ કરવાની રહેશે. આનાથી લિટિગેશન અંગેની પ્રક્રિયા ખર્ચાળ તેમજ વધુ સમય માગી લે તેવી બને તે બાબતના નિરાકરણ માટે રજિસ્ટ્રારના આદેશ સામે સીધા નામદાર હાઇકોર્ટ સમક્ષ અપીલ કરવાને બદલે રજિસ્ટ્રાર ઉપર અધિકારી સમક્ષ અપીલ કરવા માટે જોગવાઇનો સુધારાનો વિધેયકમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેથી અપીલ પ્રક્રિયા ઝડપી અને સરળ રહે. આ કાયદામાં કરવામાં આવેલ સુધારો લોકોપયોગી હોવાના કારણે માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ સુધારા વિધેયકને હું સમર્થન આપું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સન–૨૦૨૧ના ગુજરાત વિધેયક ક્રમાંક–૨૩ ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક ગૃહમાં લાવ્યા છે. આ વિધેયક બિલમાં શાસક પક્ષના અમારા શ્રી અરવિંદભાઈ રાણા અને શ્રી પરષોતમ સાબરિયા અને વિરોધપક્ષના શ્રી કીરીટભાઈએ સુંદર રજૂઆત કરી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૩ સન–૨૦૨૧નું ભારતનું ભાગીદારી(ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૩ સન–૨૦૨૧નું ભારતનું ભાગીદારી(ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧ વિધેયક ક્રમાંક –૨૩– સન ૨૦૨૧નું ભારતનું ભાગીદારી(ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : સર્વ સભ્યોનો આભાર માનું છું કે આ બિલને સર્વાનુમતે પાસ કરવામાં આવ્યું. એક સ્પકષ્ટતા કરવાની છે કે ભાગીદારીની નોંધણી માટે આધારકાર્ડ ફરજિયાત નથી પરંતુ એને સંલગ્ન કોઈ પણ પુરાવાઓ હોય તો એ રજિસ્ટ્રેશન માટે આવશ્યક રહેશે અને સાથે ફીની જોગવાઈ માટે અલગ નોટિફિકેશનથી જોગવાઈ કરવામાં આવશે.

**સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંકઃ૨૪**

'' કૌશલ્યા''ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧

**કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને કૌશલ્ય આધારિત શિક્ષણને સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવા, ગુજરાત રાજ્યમાં કૌશલ્ય યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

શ્રી બ્રિજેશ મેરજા ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક –૨૪– સન ૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી બ્રિજેશ મેરજા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક –૨૪– સન ૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઘોષિત કરાયેલ સ્કિલ ઈન્ડિયા મિશન અંતર્ગત ભારતમાં ૪૦ કરોડથી વધુ લોકોને વિવિધ કૌશલ્યમાં તાલીમ આપવાનું જે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું હતું તેના પગલે ગુજરાત પણ તેમાં પાછું ન રહે એ માટે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દિશાનિર્દેશ કરીને શ્રમ અને રોજગાર વિધેયક દ્વારા આ વિધેયક તાકીદે રજૂ કરવા જે સૂચના આપેલી તે અંતર્ગત અમે આ વિધેયક લઇ આવ્યા છીએ. દેશના આ મિશનના ઉદ્દેશોને સાકાર કરવા માટે રાજ્યના યુવાધનને કૌશલ્યબદ્ધ કરવા માન. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી ગુજરાત રાજ્યના યુવાનોને કૌશલ્ય સાથે શિક્ષણ અને દરેક યુવાનને કૌશલ્ય મળી રહે તે હેતુને ચરિતાર્થ કરવા માટે અમદાવાદ ખાતે ''કૌશલ્યા'' સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના સરકારશ્રી દ્વારા કરવામાં આવશે. જેનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવશે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ હંમેશા મન કી બાત તેમજ તાજેતરમાં સરદાર ધામના લોકાર્પણ કાર્યક્રમમાં પણ સ્કિલ ઈન્ડિયા ઉપર ભાર મૂક્યો હતો. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા અને ડિઝીટલ ઈન્ડિયા આ બધા માટે કુશળ માનવબળ ઉપલબ્ધ કરવા માટે સમયની માંગને અનુરૂપ અમે આ વિધેયક લઇને આવ્યા છીએ. નામ પણ કેટલું પવિત્ર છે કૌશલ્યા. માતા કૌશલ્યા એ આપણા ભગવાન શ્રી રામચંદ્રજીના માતૃશ્રી અને કૌશલ્યા માતાએ જે રીતે એમના દીકરા અને આપણા પ્રાતઃ સ્મરણીય ભગવાન શ્રી રામચંદ્રજીનું જે રીતે ઘડતર કર્યું એ ઘડતર કરવામાં જે રીતે આપણને રામરાજ્ય મળ્યું એવું ઘડતર એક માતા દ્વારા જ થાય એવું ઘડતર સરકાર યુવાનોનું કરવા માંગે છે. આપ પણ જોગાનુજોગ એક માતા તરીકે લોકશાહીના પવિત્ર મંદિરનું જે રીતે અધ્યક્ષા તરીકે સુદર સંચાલન કરી રહ્યા છો અને અમારું ઘડતર કરી રહ્યા છો એવું જ ઘડતર અમે યુવાનોનું આ ''કૌશલ્યા'' સ્કિલ યુનિવર્સિટી મારફત કરીશું એવી અમને શ્રદ્ધા છે. ''કૌશલ્યા'' સ્કિલ યુનિવર્સિટી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્યોગોની જરૂરિયાત મુજબની જે સ્કિલ ડેવલપમેન્ટની ગુણવત્તાને, તાલીમને વેગ આપતી એક અગ્રણી યુનિવર્સિટી થશે. જે સ્કિલ ડેવલપમેન્ટ સાથે સંકળાયેલ ક્ષેત્રોમાં શિક્ષણ, તાલીમ અને સંશોધન માટે વૈશ્વિક કક્ષાના માળખાને તૈયાર કરશે તથા સ્કિલ ડેવલપમેન્ટને વર્ટિકલ મોબોલિટી સાથે સંકલિત કરી અને આ યુનિવર્સિટી યુવાનોની કારકિર્દીના માર્ગો સુનિશ્ચિત કરશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી: શ્રી લલિતભાઇ, પ્લીઝ ઈન્ટરફિયર ના કરશો. શાંતિથી સાંભળો.

શ્રી બ્રિજેશ મેરજા : આ યુનિવર્સિટી રાજ્ય સ્તર પર જરૂરી કૌશલ્ય અને માર્ગદર્શન પૂરું પાડીને ઉદ્યોગ સાહસિકોનું સર્જન કરવામાં પણ મહત્ત્વનો રોલ અદા કરશે. આ યુનિવર્સિટીમાં વિવિધ સેક્ટરોને અનુરૂપ સ્કૂલ, ઈન્સ્ટિટયુટ તૈયાર કરવામાં આવશે. જેથી, વિવિધ સેક્ટરની માંગ મુજબ સ્કિલ ડેવલપમેન્ટની તાલીમ આપવામાં આવશે. હંમેશા અમારા સિનિયર મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી કહેતા હોય છે કે એમની યુનિવર્સિટીઓના બિલો હું જ્યારે ધારાસભ્ય તરીકે જોતો હતો ત્યારે કહેતા હતા કે જમાનો ઊભરતી ટૅકનોલોજીનો છે. આ ઊભરતી ટૅકનોલોજીને અનુરૂપ આ અમે બિલ લાવી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આઇ.ટી.આઇ. એ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા અનેક પ્રકારની સ્કિલને ડેવલપમેન્ટ કરી રહી છે. આ સ્કિલને વધુ ઉચ્ચ કક્ષાએ લઇ જવા માટે આઇ.ટી.આઇ. ના સર્ટિફિકેટથી, એના ડિપ્લોમાથી, એની ડિગ્રી, એના પોસ્ટ ગ્રેજયુએશન અને રિસર્ચ સુધીની જે કામગીરી છે, એને આ ધ ''કૌશલ્યા'' સ્કિલ યુનિવર્સિટી દ્વારા પૂરુ બળ અને ઉત્તેજન મળશે. અમારા ગૃહના સિનિયર સભ્ય શ્રી આર.સી.ફળદુ સાહેબ તળપદી ભાષામાં ઘણી વખત વાત કરતા હોય છે કે,

---

* વિધેયક તા ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભાઈઓમાં હૈયા ઉકલત હોય છે, બેનોની કોઠાસૂઝ હોય છે અને અમારા પૂર્વ નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઈ પટેલ હંમેશા યુવાનોને, એના કૌશલ્યને, એના હુન્નરને વિકસાવવા માટે અમને પ્રેરતા હોય છે ત્યારે આ હૈયા ઉકલત, કોઠાસૂઝ, કૌશલ્ય અને આ હુન્નરને આ ધ ''કૌશલ્યા'' સ્કિલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી સ્થપાતા વધુને વધુ યુવાનોને એ દિશામાં આગળ લઈ જવા માટેના અમારા સઘન પ્રયાસો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વિશાળ પ્રમાણમાં ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે તથા તે માટે વિવિધ પ્રકારના કુશળ માનવબળની પણ તાતી જરૂરિયાત ઉભી થયેલ છે. આ ઉદ્યોગોમાં નિરંતર બદલાતી ટેકનોલોજીને અનુરૂપ સ્કિલ ડેવલપમેન્ટના ઉત્પાદન તેમજ સર્વિસ ક્ષેત્રે નવીનતમ અભ્યાસક્રમો બનાવી, ઉદ્યોગગૃહોની કુશળ માનવબળની જરૂરિયાતોને પણ આગામી સમયમાં આ સ્કિલ યુનિવર્સિટી દ્વારા પૂર્ણ કરાશે અને અગાઉ મારા પૂર્વ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઈએ ઠાકોરે જે રીતે શ્રમ અને રોજગાર વિભાગને આ માટે સુસજ્જ કરેલો તે રીતે સ્કિલ ડેવલપમેન્ટ ક્ષેત્રે જરૂરી રિસર્ચ કરી દેશના પ્રાથમિક, માધ્યમિક અને સર્વિસ સેક્ટર સાથે સંકળાયેલા ઉદ્યોગના ઉભરાતા વિસ્તારો ઓળખી આગામી સમયમાં સ્કિલની જરૂરિયાત મુજબ કુશળ માનવબળ તૈયાર કરવામાં આ ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી એક પ્લેટફોર્મ પૂરુ પાડશે. રાજ્યમાં સ્થાપિત થયેલી અન્ય યુનિવર્સિટીઓથી આ યુનિવર્સિટી જુદી પડે છે. એકેડમીક કાઉન્સિલની સાથે આ સ્કિલની યુનિવર્સિટીમાં સ્કિલ ડેવલપમેન્ટની કાઉન્સિલ પણ રહેશે. જે રાજ્યની ઉદ્યોગોની જરૂરિયાત મુજબના જુદા જુદા સ્કિલના કોર્સિસને માન્યતા આપી, સ્કીલ કોર્સિસના ધારા-ધોરણો સુનિશ્ચિત કરશે અને તેને સંલગ્ન ડિપ્લોમા તથા ડિગ્રી પણ એનાયત કરશે. આ સ્કીલ યુનિવર્સિટી અલગ અલગ જિલ્લાઓમાં આવેલ સ્કીલ ઈન્સ્ટિટયૂટ, આઈ.ટી.આઈ., વોકેશનલ ઈન્સ્ટિટયૂટ માટે જોડાણ આપનાર યુનિવર્સિટી તરીકે પણ કાર્યરત રહેશે. આ ઈન્સ્ટિટયૂટમાંથી પાસ થયેલા ઉમેદવારને ઉચ્ચ કક્ષાની ટેકનિકલ તાલીમ અને પોસ્ટ ગ્રેજ્યુએટ, ગ્રેજ્યુએટ, સર્ટિફિકેટ ડિપ્લોમા મળશે જેના કારણે સ્કિલ ક્ષેત્રે રાજ્યના યુવાધનો માટે વિપુલ તકો નિર્માણ કરી શકાશે અને ઉદ્યોગોને કુશળ માનવબળ મળવાથી આપણા રાજ્યના ઉદ્યોગોની જે ઉત્પાદન ક્ષમતા છે, ઉત્પાદન શકિત છે એમાં પણ ઉત્તરોત્તર વધારો કરી શકાશે. આ યુનિવર્સિટીમાં રાજ્યના યુવાનોની ક્ષમતાને અનુરૂપ ફી ના ધોરણો પણ નિર્ધારિત કરવામાં આવશે અને જરૂરિયાત પ્રમાણે શિષ્યવૃતિઓ પણ ઉપલબ્ધ કરવાનું અમારુ એક લક્ષ્ય છે. આ સ્કિલ યુનિવર્સિટી અલગ અલગ જિલ્લાઓમાં સ્કીલ ઈન્સ્ટિટટયૂટને જોડાણ આપશે. આ યુનિવર્સિટી અંતર્ગત સેક્ટર રિલેટેડ તાલીમ શિક્ષણ આપતા ઈન્સ્ટિટયૂટના સેકટરલ ભવનો, ઉદ્યોગો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સહયોગથી સ્થાપવામાં આવશે. ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી થકી વાર્ષિક ૧ થી ૨ લાખ યુવાનોને કૌશલ્યક્ષમ બનાવવામાં આવશે. સુસજ્જ કરવામાં આવશે. એમના હુન્નરથી એમને વધુ કાર્યક્ષમ બનાવવામાં આવશે. તે માટે એક માતા જેમ બાળકને જે શિક્ષણ આપે છે એમ શિક્ષક પણ બાળકને શિક્ષણ આપતો હોય છે, એવા અમે લગભગ ૨૫૦ થી ૩૦૦ પ્ર-શિક્ષકો એટલે કે ફેકલ્ટી પણ તૈયાર કરવાની આ યુનિવર્સિટી મારફત અમારી ક્ષમતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આથી ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી બિલ-૨૦૨૧ રજૂ કરવાની સત્તા રાજ્ય સરકારશ્રીની હોઈ વિધાનસભા ગૃહમાં ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી-૨૦૨૧ને હું માનવંતા ગૃહના સભ્યશ્રીઓ સમક્ષ આપની અનુમતિથી રજૂ કરું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર જે ''કૌશલ્યા'' સ્કિલ યુનિવર્સિટી વિધેયક ૨૦૨૧ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

''કૌશલ્યા'' ઔદ્યોગિક સાહસિકતા વિકાસ અને કૌશલ્યા આધારિત શિક્ષણને સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવા ગુજરાત રાજ્યમાં કૌશલ્યા યુનિવર્સિટી સ્થાપવા અને સ્થાપિત કરવા માટે તેની સાથે સંકળાયેલી બાબતો અને આનુષંગિક બાબતો માટેનું આ વિધેયક છે. ખૂબ સરસ શબ્દો આ બિલમાં મૂકવામાં આવ્યા છે. યુવાનોનું સ્કિલીંગ, રિસ્કિલીંગ, અપ સ્કિલીંગ ૨૧ મી સદીની જરૂરીયાત પ્રમાણે જાત જાતના નવા શબ્દો જરૂર છે નવી ટેકનોલોજી સાથે યુવાનો તૈયાર થાય એવો આપનો આશય છે, એમ લાગે છે. પરંતુ જે શબ્દો મૂકયા છે એ શબ્દો ખરેખર ગુજરાતીમાં માસ્ટર હોય અને જે રીતે મૂકવામાં આવે એ રીતે એટલા સરસ મૂકવામાં આવ્યા છે. (અંતરાય) અર્થ બધાનો એકનો એક નિકળતો હોય છે પણ શબ્દો બધા જુદા જુદા હોય છે. કારણ કે એક શબ્દ માટે એક અર્થ જુદા હોય પણ એના માટે અનેક શબ્દો તૈયાર કરતા હોય છે મંત્રીશ્રી માસ્ટર છે. કૌશલ્યા વિકાસ યુવાનોને સક્ષમ બનાવવાનું અને તેના ભવિષ્ય સુરક્ષિત કરવા માટે અને સર્વાંગી વિકાસ કરવા માટે આ બિલ હોય એમ લાગે છે. ઉદ્યોગોની અત્યારની જે જરૂરીયાત છે, આમ તો અત્યારની પરિસ્થિતિ કાંઈક જુદી હોય એમ દેખાઈ રહ્યું છે, ઉદ્યોગોની જરૂરીયાત માટે અને ખરેખર ઉદ્યોગો સ્થાપવા માટે રાજ્ય સરકારે ૨૦૦૩ થી ગુજરાતમાં ઘણા બધા ઉદ્યોગો બહારથી આવે એના માટે ગ્લોબલ ઈનવેસ્ટર સમિટ સ્થાપી અને મોટા ભાગના ઉદ્યોગો વિશ્વના ઉદ્યોગો ગુજરાતમાં આવે એના માટેના પ્રયત્નો કર્યા. દર બે વર્ષે આ ઉદ્યોગો આવે એના માટે આ સમિટ સ્થપાય એના માટેના પણ પ્રયત્નો કર્યા. પરંતુ આપણને એમાં જોઈએ તેવી સફળતા જે મળવી જોઈએ, યુવાનો આશા હતી કે અમને રોજગારી મળશે તે રોજગારી મેળવવામાં કયાંકને કયાંક મુશ્કેલી પડી હોય એમ દેખાય છે. ૨૦૦૩ માં જયારે આ સમિટ ભરાયું ત્યારે ૧૮૪૫૫ વ્યકિતઓને સીધી રોજગારી મળશે એમ વાત હતી. વર્ષ ૨૦૦૫ માં ૭૯,૦૪૦ વ્યક્તિઓને રોજગારી મળશે અને વર્ષ ૨૦૦૭-૦૮માં દસ લાખ લોકોને રોજગારી મળશે પછી સાહેબ એ વધતી વધતી વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૫ લાખ એમ કરીને રોજગારી વધતી વધતી

ખૂબ અને છેલ્લે ૬૨ લાખ યુવાનોને રોજગારી મળશે એવી વાત કરી હતી. પરંતુ કયાંકને કયાંક પરિસ્થિતિ બદલાઇ અને ઉદ્યોગો પણ જે આવવા જોઇએ તે આવ્યા નહીં. વર્ષ ૨૦૧૫–૧૬ની વાત કરું તો વર્ષ ૨૦૧૫–૧૬માં જે ઉદ્યોગો હતા એ લગભગ સાડા નવ હજાર જેટલા ઉદ્યોગો તો એમ.ઓ.યુ. થયા પછી પણ આવ્યા નહીં. એટલે નોકરીઓ મળી નહીં, નોકરી કરતાં જેને રોજગારી કહેવાય એ રોજગારી મળી નહીં. આપણે ખૂબ સરસ શબ્દો વાપરીએ છીએ કે સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઓફ ઇન્ડિયા, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ શબ્દો બહુ સારા છે પણ એનું પરિણામ જે જોઇએ છે, છોકરાઓને જે રોજગારી મળવી જોઇએ એ રોજગારી પૂરી મળી શકતી નથી. આજે યુવાધન બેકારીમાં સબડી રહ્યું છે આજે જે કાંઇ રોજગારી મળે છે, સરકાર તરફથી પણ રોજગારી આપતા હોય છે. એમાં ફિક્સ પગારો અને કરાર આધારિત થઇ ગયું. આના કારણે પરિસ્થિતિ એ થઇ કે યુવાનને જે કાંઇ જોશ હતો કાંઇક કરવાની તમન્ના હતી એ તમન્ના પર સાહેબ ડામ આવી ગયો એવું દેખાઇ રહ્યું છે. કારણ કે એની એ લિમિટેડ આવકમાંથી બહાર નથી નિકળી શકતો. આવા સંજોગોમાં આના માટે આવા જે તરવરીયા અને બુદ્ધિશાળી છોકરાઓ છે એમને કયાંકને કયાંક ખૂબ સારી વ્યવસ્થા કરવી જોઇએ, એમ મને લાગે છે. પરંતુ સરકાર એ નથી કરી શકી. એટલે મને એમ લાગે છે કે રાજય સરકારમાં પણ રાજય સરકારની પણ જે સંખ્યા છે જે મંજૂર મહેકમ એ ઘણા વર્ષો પહેલાં મંજૂર મહેકમ છે. ૨૫ વર્ષ પહેલાનું લગભગ પાંચ હજારનું મંજૂર મહેકમ છે, સાહેબ તે વખતે ૩ કરોડની સંખ્યા હતી આજે ડબલ થઇ ગઇ સાડા છ કરોડની વસ્તી થઇ ગઇ અને આ વસ્તી પ્રમાણે મંજૂર મહેકમ વધવું જોઇએ પણ એ વધી શકયું નથી અને આજે મોટા ભાગના ડિપાર્ટમેન્ટોમાં સરકારી ડિપાર્ટમેન્ટોમાં ૪૦ થી ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ જો સરકાર પૂરે તો મને લાગે છે કે છોકરાઓને કયાંકને કયાંક રોજગારી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની જરૂરીયાત છે યુવાનોને ગમે તે રીતે રોજગારી મળવી જોઇએ, કયાં તો ઉદ્યોગોથી મળે કે સરકારમાંથી મળે કયાંકને કયાંક મળવી જોઇએ. આપ ખૂબ સારા આશયથી આ બિલ લઇને આવ્યા છો. નવી યુનિવર્સિટી સ્થાપીએ અને એક વિશ્વ કક્ષાનું એક નવું સ્કિલ યુવાનોમાં ડેવલપ થાય, તેવો આપનો પ્રયત્ન છે. હું આપને આ બિલ માટે સમર્થન આપું છું પણ સાથે સાથે એ જે છોકરાઓ છે એમને કયાંક આપે કહ્યું ચોક્કસ કે એક લાખથી બે લાખ છોકરાઓને દર વર્ષે આપણે એમને રોજગારી આપી શકીએ. ખરેખર જો આપી શકતા હો તો એ અભિનંદનને પાત્ર છે. પણ જો આ બિલમાં જે જણાવ્યું તે પ્રમાણે એને સફળતા ન મળે અને આપ સફળતા ન અપાવી શકો તો કદાચ મને એમ લાગે છે કે એ યુવાનો માટે ખૂબ મોટી મુશ્કેલી સમાન જણાશે. ખાસ બીજી વાત એટલા માટે કરું છું કે આપણી જે રોજગાર કચેરીઓમાં સંખ્યા નોંધાયેલી છે એ સંખ્યામાં પણ અત્યારે ૮ લાખ ૪૬ હજાર જેટલા બેરોજગારો, શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે અને ઘણા છોકરાઓએ તો હવે નોંધાવવાનું છોડી દીધું છે. એવા શિક્ષિત બેરોજગારો લગભગ ૪૦ લાખ ઉપર થાય છે. એ નથી નોંધાવતા કારણ કે એમને હવે વિશ્વાસ રહ્યો નથી. એટલે મારી વિનંતી માનનીય મંત્રીશ્રીને છે કે જે જિલ્લા લેવલે આપની કચેરીઓ છે એ કચેરીઓમાં પણ હવે ચેકિંગ કરવાનું રાખો અને દર વર્ષે તમે એમાંથી કેટલાને નોકરી આપો છો તે પણ અપડેટ કરતા રહો એટલે ખ્યાલ આવે કે આપણે કેટલા નવા છોકરાઓને નોકરી આપી શકયા છીએ. એટલે મારી મંત્રીને ખાસ આ વિનંતી છે. આજે યુવાધન ખૂબ મુશ્કેલીમાં છે. અને એમાંયે ખાસ કરીને અમારા ગામડાંમાં શિક્ષણની તો મુશ્કેલી છે જ, પણ સાથે સાથે રોજગારી જે મળવી જોઇએ એ મળી શકતી નથી અને તેના કારણે કદાચ તમને આ ગૃહમાં કહું તો સારું નહીં લાગે, પણ છોકરાઓ અવળા રવાડે ચડી ગયા છે. અને એ અંગે કંઇ કહેવાય એવું નથી, પણ છતાં આ એટલા માટે કહું છું કે જો સારું શિક્ષણ મળે, સારી કળા મળે, સારું કૌશલ્ય મળે તો એ કયાંક ને કયાંક એની બુદ્ધિ ક્ષમતા પ્રમાણે ગોઠવાઇ શકે એમ હોય છે. એટલે મારી ફરી વિનંતી છે કે આ જે બિલ તમે લઇને આવ્યા છો તે પ્રમાણે વહેલીતકે આનું કોઇ પ્લાનિંગ કરી અને યુવાનોને રોજગારી મળે, કારણ કે આખરે આપણો આશય રોજગારી આપવાનો છે. કૌશલ્ય શાના માટે છે? રોજગારી માટે દરેક માણસને જીવવું છે અને જીવવા માટે પૈસા જોઇએ છે અને એના માટે એને રોજગારી જોઇએ છે અને એના માટે આપ વ્યવસ્થા કરશો એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બ્રિજેશ મેરજાજી કૌશલ્ય સ્કીલ એમેન્ડમેન્ટ બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

ગઇ કાલે પણ એક શિક્ષણનું બિલ હતું, આજે પણ એક નવી યુનિવર્સિટીનું બિલ છે. નોલેજ ઇઝ ઓન્લી ધ અલ્ટીમેટ પાવર. જે માનનીય ડો. જોષીયારા સાહેબ વાત કરતા હતા, આજે જોવા જઇએ તો છેલ્લા દસકાની વાત કરું તો મેન્યુફેકચરીંગ સેકટરે ૨૨૦ ટકા ગ્રોથ કર્યો છે. આ એકદમ તટસ્થપણે કહું છું અને જયારે આ ગ્રોથ કર્યો હોય તો ગુજરાત આજે જોઇએ તો ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટમાં સૌથી વધારે મૂડી રોકાણ જો કોઇ સ્ટેટમાં આવતું હોય તો તે ગુજરાત છે. આપ જાણો છો તેના પેરામીટર્સ છે. સરસ વાતાવરણ છે, સ્ટેબલ ગવર્નમેન્ટ છે. પોલિસીસ સરકારની ખૂબ સરસ છે. એરપોર્ટ, રોડ, ગેસ, બધું સરસ છે અને ઇન્ડસ્ટ્રીનું પહેલું ડેસ્ટીનેશન કહી શકાય તો તે ગુજરાત છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર પરફોર્મન્સ બેઇઝ ગવર્નન્સ આપે છે અને અમે પોલીટીકસ ઓફ એકાઉન્ટીબીલીટીમાં માનનારા લોકો છીએ અને એની અંદર આ યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છીએ. બે વર્ષ પૂર્વે માજી શિક્ષણ મંત્રી બાપુ બેઠા છે, સ્ટાર્ટ અપ ઇન્ડિયા યુનિવર્સિટીનું બિલ આ જ ગૃહમાં લાવ્યા હતા, મરીન યુનિવર્સિટીનું બિલ આ જ ગૃહમાં લાવ્યા હતા. જે પ્રકારે આગળ વધતા જઇએ છીએ તેમાં સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી લાવવાનું મૂળ કારણ કે સ્કીલ આજે બહુ જરૂરી છે. હું ભરૂચ જિલ્લામાંથી આવું છું. મારામાં ૯ તાલુકા છે, નવે નવ તાલુકા ઇન્ડસ્ટ્રીયલાઇઝ છે, એક એકઝામ્પલ આપું કે મારા ભરૂચમાં શું નથી બનતું? એક ઉદાહરણ છે તો

ભરૂચમાં બધા પ્રકારના કેમિકલ્સ, એગ્રો કેમિકલ્સ, પેટ્રો કેમિકલ્સ, ડાય્સ, ડાયઝસ્ટફ ઇન્ટરમીડીયેટ્સ, કલર, ફર્ટીલાઇઝર, ગ્લાસ, સિરામીક્સ, સોલ્ટ, પાવર, એલ.એન.જી., જે આપણે સી. એન. જી. ગેસ જોઇએ છે, કોપર બને છે, સોલારના ગ્લાસ બને છે, સ્ટીલ, ફાર્માશ્યુટીકલ, ફૂડ ઇન્ડસ્ટ્રીઝ, કોલ્ડ્રીંક છે, ટાયર છે, મેટલ છે, પ્લાસ્ટીક છે, વ્હોટ નોટ? હવે આ બધી જગ્યાએ જયારે આટલા વર્ષોથી, અહીંયા મને ૧૪ વર્ષ થયા, એ અનુભવના આધારે જયારે આ બધી ઇન્ડસ્ટ્રીઝની વિઝીટ કરતા હોય ત્યારે આજે ટેકનોલોજી એટલી બધી આગળ વધી છે અને એનું અપગ્રેડેશન બહુ જરૂરી છે. એ જરૂરિયાતને પહોંચી વળવા માટે આ સ્કીલ યુનિવર્સિટી વિધેયક લાવ્યા છે એના માટે ખરેખર હૃદયપૂર્વકથી અભિનંદન આપું છું. આપણું યુવાધાન જે આપે ચિંતા કરી એ વાજબી છે પણ એ ચિંતાને લઇને આને ખરેખર અભિનંદન આપવા જોઇએ કે આપણે સ્કીલ મેન પાવર તૈયાર કરવા જઇ રહ્યા છીએ. આજે ભારત વિશ્વની અંદર youngest country in the world છે. મોર ધેન ૬૪ પોપ્યુલેશન ૬૪ ટકાથી લઇને ૭૦ ટકા જેટલી વસતિ આ યુવા છે. આ યુવા છે ત્યારે આપણે વિશ્વના સૌથી મોટા work horse power તરફ આગળ વધી રહ્યા છીએ. આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાત વર્ષ પહેલા બોલેલા અને એમણે કહેલું કે ઇન્ડિયા એ સૌથી મોટી youngest country in the world છે અને પોપ્યુલેશનને જો ટેકનિકલી સ્કીલ ભણાવીશું તો હું માનું છું કે પાંચ ટ્રીલીયન ઇકોનોમીની સાહેબે વાત કરી છે એને આંબી જઇશું અને દિવસેને દિવસે જેમ આપણે પસાર થઇ રહ્યા છીએ તેમ આપણે એના પરિણામ જોઇ રહ્યા છીએ. એક ઉદાહરણ આપું આત્મનિર્ભર ભારત. ભલે આપણે ચાઇનાની બધી પ્રોડકટ બેન કરી હું પણ ઇન્ડસ્ટ્રી ધરાવું છું અને અહીંયા ઘણા એમ.એલ.એ. ઇન્ડસ્ટ્રી ધરાવે છે. પણ એના કરવાથી આપણે જે વસ્તુ નહોતી બનાવી શકતા એ બધી વસ્તુ આપણે પેદા કરતા થયા. ભલે ધીરે થયા ભલે સહેજ મોડુ થયું પણ આત્મ નિર્ભર તરફ આપણે જે આગળ વધ્યા છીએ એ ચોક્કસ અભિનંદનને પાત્ર છે. આપણુ યુથ એ new age of voter નથી સાહેબ. આપણુ યુથ જે ઇન્ડિયાનું યુથ છે એ યુથને આપણે new age voter તરીકે નથી જોતા પણ એને new age power તરીકે જોઇએ તો હું માનું છું કે આ જે યુનિવર્સિટીનું બિલ શ્રી બ્રિજેશભાઇ લઇને આવ્યા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. આપણો મંત્ર છે કે development with justice - સમાનતાના આધારે પ્રગતિ growth with equality અને technology with human face આજથી કેટલા વર્ષો પહેલા બાપુને યાદ કરાવું સાહેબ અહીંયા બોલેલા IT plus IT is equal to IT - Indian Talent plus Information Technology is India's Tomorrow - સાહેબ આ મંત્ર છે અને એ મંત્રને આધારે આપણે જે પ્રકારે સરકાર કામ કરી રહી છે જે પ્રકારની યુનિવર્સિટી સ્થાપી રહી છે એ ખરેખર યોગ્ય છે.

આપણે ત્રણ વસ્તુ ઉપર બહુ આધાર આ સરકારે મૂકયો છે. એક સ્કીલ, એક સ્પીડ અને સ્કેલ આ ત્રણેય "S" છે. સ્પીડ એવી હોવી જોઇએ કે ટેકનોલોજીની અંદર આપણે આપણું ગવર્નન્સ છે એ ફુલ સ્પીડની અંદર કામ કરે, સ્કીલ જે માનનીય મંત્રી બિલ લઇને આવ્યા છે આપણે સ્કીલમાં હજુ પણ એમ કહી શકીએ કે કોઇ ઇન્ડસ્ટ્રીમાં યુવાન જાય છે ત્યારે એ નવી ટેકનોલોજી જયારે મશીન જૂએ છે ત્યારે ગભરાય છે કે મને આ મશીન ઓપરેટ કરતાં નહિ આવડે અને એના આધારે આ યુનિવર્સિટીની અંદર બધા જ પ્રાવધાન છે. ઇલેકટ્રોનિકસ હશે, ઇલેક્ટ્રિકલ હશે, મિકેનિકલ હશે એ ગમે તે હશે કે એની અંદર સ્કીલ ડેવલપમેન્ટ આપણે કરીશું તો હું માનુ છું ત્યાં સુધી સરકારે ભાર મૂકયો છે સ્કીલ, સ્પીડ અને સ્કેલ એના ઉપર કામ થાય. ઉદાહરણ તરીકે મારે ગૃહમાં કહેવું છે કે આ દેશના માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિન ગડકરીજી ભરુચ વિઝિટ ઉપર હતા. એકસપ્રેસવેની વિઝિટ કરી ત્યારે ૧૭૦ કિલોમીટર ગાડી દોડાવીને અનુભવ કર્યો. 170 km per hour સ્પીડે એ પોતાની ગાડી લઇને ગયા. જે ટેકનોલોજીથી ફોરલેન રોડ બની રહ્યો છે એ પેવર મશીન સીંગલ મશીનથી એ રોડ બને છે તો આપણે પણ ચકિત થઇ જઇએ કે આપણે ભારતમાં ઉભા છીએ કે ભરૂચમાં ઉભા છીએ કે કયાં ઉભા છીએ ? આ સ્પીડથી કામ થતું હોય તો ખરેખર આપણને એમ થાય કે આવનારા દિવસોની અંદર આ પ્રકારની હું માનું છું ત્યાં સુધી ટેલેન્ટ આપણા છોકરાઓની અંદર ચોક્કસ હશે. આપે મેઇક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયાની વાત કરી, સ્ટેન્ડઅપ ઇન્ડિયા, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ આ બધા પ્લેટફોર્મ છે. પહેલા શું હતું કે કોઇ નવો સાહસિક યુવાન આવે તો કયું પ્લેટફોર્મ – આને જુદી રીતે ન લઇએ. મેઇક ઇન ઇન્ડિયાને પ્લેટફોર્મ તરીકે આજનો યુથ જો એને પગભર ઉભા થવું હોય તો આ બધા પ્લેટફોર્મ છે. મેઇક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ, સ્ટેન્ડઅપ, આત્મનિર્ભર ભારતમાં કેટલી બધી યોજના. આ પ્લેટફોર્મના આધારે એ ઉભો થઇને પોતાની કારકિર્દી બનાવી શકે છે એટલે એને જુદી રીતે ન લેવું જોઇએ. મારે ખાલી ગુજરાતની વાત કરવી છે. આપણે કેટલી બધી વસ્તુની અંદર ટોપ ઉપર છીએ. આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરું તો સૌથી વધારે દવાઓ ફાર્માસ્યુટીકલ ઇન્ટરમીડીયેટ સૌથી વધારે ગુજરાત બનાવે છે. એગ્રો કેમિકલ્સ ગુજરાત બનાવે છે. એક મર્ક ઇન્ડક્ષ નામનું એક કેમેસ્ટ્રીનું બાઇબલ છે એમ કહું તો ખોટું નથી. એવું કહેવાય તો ખોટું નહીં. એ Merc Index ની અંદર આપણે જોવા જઇએ તો ૧૦ લાખ chemical molecules છે અને નવા નવા પ્રયોગો થતા જાય છે. નવા નવા પ્રયોગોના આધારે નવી નવી પ્રોડક્ટ ડેવલપ થાય છે. તો આ બધી વસ્તુ છે. Insecticides, આપણી financial service, સાહેબ, આ 'ગીફ્ટ 'જે છે, બહુ જલ્દી આ ગીફ્ટ મુંબઇના ફાયનાન્શિયલ કેપિટલને આપણે ટોપ કરવાના છીએ. આ દૃષ્ટિ ક્યારની? મોદી સાહેબ એક visionary leader હતા. Vision નો મતલબ seeing invisible અને મિશનનો મતલબ doing impossible અને એનું એક ઉત્તમ ઉદાહરણ હોય તો આ Statue of Unity છે. કેટલા વર્ષ પહેલાં હું એમ કહીશ કે આ ગીફ્ટ સિટીનું નિર્માણ કર્યું છે. તેનું નિર્માણ કરવાનું કાર્ય એટલા માટે છે કે ભવિષ્યમાં આવનારા દિવસોની અંદર ગીફ્ટ એ આપણું capital hub બનવા જઇ રહ્યું છે. Bearings માં આપણે સોલાર

એનર્જીના હાર્ડવેર સૌથી વધારે ગુજરાતની અંદર બનાવી રહ્યા છીએ. Automobile, એની ancillaries, pharmaceuticals, chemicals, manufacturing equipments. સાહેબ, એકલા ભરૂચમાં ૬૦૦૦ ટાઇપના કેમિકલ્સ બની રહ્યા છે. હું તો ૧૦ લાખની વાત કરતો હતો molecules પણ ૬૦૦૦ કેમિકલ્સ, આજે ભરૂચ જિલ્લાની આજુબાજુ જે કેમિકલ હબ છે તેની અંદર તૈયાર થઇ રહ્યા છે. LNG બને છે, dues, dyestuff બધું દુનિયાભરનું આપણે ગુજરાતની અંદર પેદા કર્યું છે અને કયારે કર્યું છે, સાહેબ, આ વાયબ્રન્ટ ગુજરાતની વાત કરું, વર્ષ ૨૦૦૩માં જે વાયબ્રન્ટ ગુજરાત અમદાવાદમાં યોજેલો ત્યારે at that time a statement was there in newspaper that "Why Gujarat"? અને એ Why Gujarat માંથી આપણે Only Gujarat. આજે જે પ્રગતિ થઇ છે એ ખરેખર હું દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જોઇએ તો દેશની અંદર ૧૦૦ કરોડ મોબાઇલ યુઝર્સ છે. તેમાં પણ ૪૦ કરોડ સ્માર્ટફોન છે. આ ટેક્નોલોજી નહીં તો શું છે? ૧૦ લાખ various chemicals, agro-chemicals, petro, pharmaceuticals, આવા અનેક પ્રોડક્ટ, ૧૫૦૦ પ્રકારના સ્ટીલ આપણો દેશ બનાવી રહ્યો છે. સાત ગ્રેડની સિમેન્ટ આપણે બનાવી રહ્યા છીએ. Electronic hardware ની અંદર બધામાં આપણી માસ્ટરી, જ્યારે electronic માં આપણે નીલ હતા ત્યારે આજે જોવા જઇએ તો ઘણી બધી પ્રગતિ કરી છે. આ જે સ્કીલ યુનિવર્સિટી છે એ ખરેખર આવનારા દિવસોની અંદર આપણું ભવિષ્ય ઘડનાર છે. હું ચોક્કસ આ ફ્લોર પરથી એડમિટ કરું કે આપણાં ITIs છે એ જૂના જમાનાના થયા છે. તેને અપગ્રેડ પણ કરવા પડે. એવું સજેશન પણ હું માનનીય મંત્રીશ્રીને કરું છું અને એક વિનંતી પણ કરું છું. મેં બે-ત્રણ વખત આ ફ્લોર પરથી કહ્યું છે કે મોટી ઇન્ડસ્ટ્રીઝ હોય તેનું બોટ્સ –BOATS – Bachelor of Apprentice Training Scheme આ ઇન્ડસ્ટ્રી જો આપણે રજિસ્ટર કરીએ તો ત્યાં ચોક્કસ બી.ઇ. થયેલા છોકરાઓ, જે ડો. જોષીયારા સાહેબ વાત કરે છે, હું એડમિટ થાઉં છું કે જે BE pursued છોકરાઓ છે એને કોઇ જગ્યાએ નોકરી નથી મળતી. એ ન મળવાનું કારણ એ છે કે ઘણા બધા એન્જિનિયર્સ થઇ ગયા, પણ જો BOATS નું રજિસ્ટ્રેશન દરેક ઇન્ડસ્ટ્રીમાં કમ્પલ્સરી, જેમ મહારાષ્ટ્રએ કર્યું છે. એ BOATS ના રજિસ્ટ્રેશનમાં એવું છે કે જેટલું માનવબળ ઇન્ડસ્ટ્રીઝની અંદર હોય તેના અમુક ટકા BOATS ના વિદ્યાર્થીઓને એપ્રેન્ટીસ તરીકે લેવા પડે. હું આ તબક્કે માનનીય રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇનો આભાર વ્યક્ત કરીશ કે એપ્રેન્ટીસ યોજના જે લાવ્યા એ એપ્રેન્ટીસ યોજનાનું અમને પૂછો કે એનો કેવો ગ્રાફ છે. કેટલા વિદ્યાર્થીઓને એમાં નોકરી મળી છે. પોતાની કારકિર્દી બનાવી છે. જ્યારે કોઇ પણ દીકરો હોય એ કંઇ પણ એન્જિનિયર થઇને બહાર નીકળે તો એ ન્યુકમર જ છે. એ નવો જ છે. તેને કંઇ પણ કરવું હોય તો તેને શીખવું પડે તો BOATS નું રજિસ્ટ્રેશન જો થાય તો BOATS ની અંદર ઇન્ડસ્ટ્રીએ કમ્પલ્સરી રજિસ્ટ્રેશન કરવું પડે અને આપણાં આ બી.ઇ. થયેલા બધા જ પ્રકારના, કેમિકલ હોય, મિકેનિકલ હોય, ઇલેક્ટ્રીકલ હોય, સિવિલ હોય, આ વિદ્યાર્થીઓને ત્યાં આગળ ટ્રેનીંગ મળે અને ટ્રેનીંગ લઇને એ પોતાની કારકિર્દી બનાવી શકે. હું બધા જ માનનીય મંત્રીશ્રીને કહીશ કે આટલી બધી ઇન્ડસ્ટ્રીઝ આવી છે, Corporate Social Responsibility – CSR Fund માં તેનો ઉપયોગ કરીને આપણે જ્યાં જ્યાં નાની નાની આઇ.ટી.આઇ. છે, તાલુકાની અંદર કે ડિસ્ટ્રીક્ટ પ્લેસમાં તેને એ પૈસા જો તેના અપગ્રેડેશન કરવામાં વાપરીએ તો હું માનું છું કે સાચા અર્થમાં આપણે ખૂબ સારું કામ કરી શકીએ. માનનીય બ્રિજેશભાઇ મેરજા આ બિલ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારામાં જ હતા અને એમની સ્કીલ જોઇ સામે લઇ ગયા એવા આદરણીય મંત્રી મેરજાસાહેબ જે ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી બિલ-૨૦૨૧ એ લઇને આવ્યા છે, એ વિશે મારા વિચારો રજૂ કરું છું.

સૌથી પહેલા તો આ જે યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી એટલે મને તો આ નામમાં જ થોડા લોચા જેવું લાગે છે. સ્કિલ એટલે જ કૌશલ્ય, માનનીય દુષ્યંતભાઇ સારી રીતે સમજી શકશે, ધ સ્કિલ એટલે કૌશલ્ય અને આ કૌશલ્ય એટલે આ નામમાં થોડો ફેરબદલ કરવામાં આવે, ખાલી ધ સ્કિલ યુનિવર્સિટી રાખવામાં આવે તો બંનેનો અર્થ એક જ થાય છે એટલે આ મારું સજેશન હતું. માનનીય દુષ્યંતભાઇએ ઘણી બધી સ્કીલની વાત કરી, એમણે એમ કહ્યું કે આપણે સ્કીલની જરૂર છે, ચાઇનાથી આપણે બધો માલ બંધ કરી દીધો પણ અત્યારે જે માલ આવે છે એમાંથી ૭૦ ટકા ચાઇનાથી આવે છે. એમણે સ્પીડ અને સ્કીલની વાત કરી, અમે પણ ગુજરાતના હોવાને નાતે અને લોકોના પ્રતિનિધિ હોવાને નાતે ગુજરાતનો યુવાન સ્કીલવાળો બને, એ બેરોજગાર ન રહે અને જે પણ બેરોજગાર યુવાનો છે એમને રોજગારી મળે એવા સાચા દિલથી પ્રયત્નો થાય તો એમાં અમને વાંધો ના હોઇ શકે પરંતુ તમે જે રીતે માત્ર સંખ્યા વધારી અને જુદી જુદી યુનિવર્સિટીઓ લાવી અને જો એવું બતાવવા માગતા હોવ કે અમે સૌથી પહેલી સ્કીલ યુનિવર્સિટી બનાવી, અમે સૌથી પહેલી એફ.એસ.એલ. યુનિવર્સિટી બનાવી, અમે સૌથી પહેલી મરીન યુનિવર્સિટી બનાવી, આ યુનિવર્સિટીઓ બનાવી પણ તમે કોઇ દિવસ એનો અભ્યાસ કર્યો છે કે એ યુનિવર્સિટીની અંદર જે વિદ્યાર્થીઓ ગ્રેજયુએટ થયા, એફ.એસ.એલ. યુનિવર્સિટી (ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી) છે, પેટ્રોલિયમ યુનિવર્સિટી એની અંદર લાખ-લાખ, દોઢ-દોઢ લાખ રૂપિયા ફી ભરી અને ગ્રેજયુએટ બને છે એ વિદ્યાર્થીઓની સ્કીલનો ઉપયોગ થઇ શકે છે કે નહીં?, એમને રોજગારી મળે છે કે નહીં એ આપણે સૌએ પક્ષાપક્ષીથી દૂર રહી અને જો આપણા રાજયને મજબૂત બનાવવું હશે તો આપણા યુવાનોને સ્કીલવાળાની સાથે સાથે એ

સ્કેલવાળા બને, એમને સ્કીલની સાથે સાથે જેમ માનનીય દુષ્યંતભાઇએ કહ્યું એમ એમને પૂરતો સ્કેલ મળે એ માટે પણ આપણે વિચાર કરવાની જરૂર છે. એમણે જે વાત કરી છે કે અત્યાર સુધી રાજયની અંદર જુદા જુદા જે ટેકનિકલ વિષયો હતા એ આઇ.ટી.આઇ. હોય, એન્જિનિયર માટે જી.ટી.યુ. હોય, એગ્રીકલ્ચર માટે એગ્રીકલ્ચર યુનિવર્સિટી હોય, માનનીય દુષ્યંતભાઇએ એમ એમ કહ્યું કે કેમિકલ્સ માટે સાયન્સ કોલેજો, બી.એસ.સી. ચાલતી હોય, જયારે આઇ.ટી.આઇ.માં, જી.ટી.યુ.માં ટેકનિકલ વિષયો ચાલતા હોય તો આપણે સ્કીલ યુનિવર્સિટી શા માટે બનાવીએ છીએ એ મને હજી સુધી સમજાતું નથી. શું તમે જી.ટી.યુ.ની અંદર કે એગ્રીકલ્ચર યુનિવર્સિટીની અંદર કે આઇ.ટી.આઇ.ની અંદર જે કોર્સીસ ચાલે છે એની અંદર કંઇક નવું લાવવાના છો? જો નવું લાવો તો ૨૭ વર્ષથી તમારી સરકાર હતી, કેમ લાખો યુવાનો આજે બેકાર છે? આ બાબતે આપણે બહુ ચિંતા કરવાની જરૂર છે. જે પ્રમાણે અત્યાર સુધી આઇ.ટી.આઇ., ડિપ્લોમા કોલેજો ચાલે છે, તમે જો એને સ્કીલ યુનિવર્સિટી સાથે જોડવા માગતા હોવ તો ભવિષ્યમાં ઘણા બધા ટેકનિકલ ઇશ્યુ ઉભા થશે. જે વિદ્યાર્થીઓએ અડધો અભ્યાસ ટેકનિકલ બોર્ડમાં કર્યો હોય અને ટેકનિકલ બોર્ડ ઓલરેડી કાર્યરત છે. જો તમારે આ વિદ્યાર્થીઓનું ઇમ્પ્રુવમેન્ટ કરવું હોય તો ટેકનિકલ બોર્ડને મજબૂત બનાવો. એમાં અધૂરો સ્ટાફ છે. શ્રી દુષ્યંતભાઇએ ઘણી વાતો કરી કે આઇ.ટી.આઇ. કોલેજો છે એ જૂની હાલતમાં ચાલે છે. એને અપગ્રેડ કરો. તમારી સરકાર છે. તમે એને અપગ્રેડ કરીને સારા સ્કીલવાળા વિદ્યાર્થીઓ બહાર પાડી શકશો. પરંતુ આ ઘણી બધી યુનિવર્સિટીઓ બનાવી એમાં અમે સાથ આપીએ છીએ પણ તમે સારી યુનિવર્સિટી બનાવો. જે વિદ્યાર્થીઓ બહાર પડે એ સ્કીલવાળા હોય. એની ઇમેજ હોય, સારો પગાર મળે એમાં તમારી સાથે સંમત હોઇએ પણ એવું ઇચ્છતા નથી કે આવી મોટી મોટી યુનિવર્સિટીઓ બનાવી વધુ યુનિવર્સિટીઓ બનાવવાનો રેકોર્ડ સર્જવાના નામે લાખો કરોડો બેરોજગારોને પેદા કરીએ અને ગુજરાતને બેરોજગારોની ફોજ બનાવીએ. આ આપણે સૌએ વિચારવાની જરૂર છે. આ એક્ટ બનાવ્યો છે એમાં જે જે જોગવાઇઓ કરવામાં આવી છે એ બાબતે હું ચર્ચા કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે કલમ–૨ માં કહ્યું છે કે ભારત ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (EDII) અમદાવાદ એટલે કે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારે ૧૯૮૩ના વર્ષમાં સ્થાપેલ અને નહીં નફો, નહીં નુકસાનના ધોરણે ચાલતી સંસ્થા. આ સંસ્થા હાલ અમદાવાદમાં કાર્યરત છે કે નહીં, એની અંદર કંપનીની પરિસ્થિતિ શું છે, એનું માળખું શું છે, એમાં કોનો કોનો સમાવેશ કરવામાં આવ્યો છે એની સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં કરે એવી વિનંતી કરું છું. કલમ–૩માં વાત કરી છે કે હાલ આ યુનિવર્સિટી અમદાવાદ ખાતે સ્થાપવામાં આવશે. એના માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કોઇપણ યુનિવર્સિટી રૂ. ૫ કરોડમાં બની શકે નહીં. એના માટે વધુ ફંડની જોગવાઇ કરવામાં આવે અને માત્ર કાગળ ઉપર યુનિવર્સિટી બનાવવી એ યોગ્ય નથી. વર્ષોથી ચાલતી સરકારી યુનિવર્સિટીઓ છે, ભારતીય જનતા પાર્ટીની સરકારે જે જે યુનિવર્સિટીઓ બનાવી છે એમાં સ્ટાફ નથી. જૂની યુનિવર્સિટીઓમાં પણ પૂરતો સ્ટાફ નથી ત્યારે તમે નવી યુનિવર્સિટી બનાવો છો તો એમાં પૂરતો સ્ટાફ રાખજો. નહીં તો જૂની સરકારી યુનિવર્સિટીઓની જે પરિસ્થિતિ થઇ છે એ પરિસ્થિતિ આ યુનિવર્સિટીની થશે. કલમ–૫ (ઢ) માં સેમિનારો પછી પરિષદો શબ્દ છે એ શું છે એ ખબર પડતી નથી. એ ક્યાંથી આવ્યો, નવું આવ્યું તો ક્યાંથી અમેરિકા કે ચાઇનાથી આવ્યું? આની સ્પષ્ટતા તમે કરો. આ એક્ટની કલમ–૭ માં જે યુનિવર્સિટીના અધિકારીઓની જોગવાઇ કરવામાં આવી છે. એની અંદર પહેલા મુખ્ય અધિકારી તરીકે પ્રમુખ એવું નામ રાખવામાં આવ્યું છે. મને શિક્ષણના વ્યક્તિ તરીકે આ પ્રમુખ તરીકે કોઇપણ યુનિવર્સિટીના વડાનું નામ હોય એ યોગ્ય નથી લાગતું. એને સારું નામ આપો. આ કોઇ પાર્ટી નથી કે પાર્ટીના પ્રમુખ, એ નામ બદલીને ચાન્સેલર કે વાઇસ ચાન્સેલર જે નામ આપવું હોય એ નામ આપો. નામ આપવામાં તો તમે હોંશિયાર છો. સારું નામ આપો. બીજું કે એની અંદર રજિસ્ટ્રાર, પરીક્ષા નિયામક આ બન્ને નિમણૂક કરવાની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારની અંદર યુ.જી.સી. દ્વારા વર્ષ ૨૦૧૮માં કુલપતિની નિમણૂક કરવા માટેનો કોડ ઓફ કન્ડક્ટ જાહેર કરવામાં આવ્યો છે. યુ.જી.સી.ની વેબસાઇટ ઉપર આપ જોઇ શકો છો. એ કોડ ઓફ કન્ડક્ટમાં કોઇપણ કુલપતિ, રજિસ્ટ્રાર, પરીક્ષા નિયામક હોય એની નિમણૂક કરવાની સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી છે અને તમે આની અંદર આવી કોઇ યુ.જી.સી.ની જોગવાઇઓનું પાલન થશે કે નહીં?

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ રજિસ્ટ્રારનો નામદાર કોર્ટની અંદર કેસ ચાલે છે. સુપ્રીમની અંદર અત્યારે કેસ પેન્ડીંગ છે. નામદાર હાઇકોર્ટે, ગુજરાત હાઇકોર્ટે પણ કહ્યું છે કે ગુજરાતની યુનિવર્સિટીની અંદર રજિસ્ટ્રાર, પરીક્ષા નિયામક કે અધ્યાપકોની નિમણૂકની અંદર યુ.જી.સી.ના નિયમોનું પાલન થતું નથી. આ પાલન થાય એ આપણે જોઇએ અને એના માટે વિનંતી કરું છું. તમે એમાં હોદ્દાની જે ઉંમર રાખી છે એની ઉંમર ૬૫ વર્ષ છે. યુ.જી.સી.એ ૬૨ વર્ષ ઉંમર નક્કી કરી છે એટલે આ કોન્ટ્રાડીકશન છે. યુ.જી.સી. અને રાજય સરકાર વચ્ચે એટલે આ ૬૫ વર્ષ કે ૬૨ વર્ષ એમાં યુ.જી.સી.ના નિયમોનું ઉલ્લંઘન ન થાય એ જોવા માટે પણ વિનંતી કરું છું. કલમ–૮ની પેટા અને કલમ–૫ ની અંદર તમે રાજય સરકાર દ્વારા જે પ્રમુખની નિમણૂક કરવામાં આવે અને પ્રમુખ હાજર ન હોય તો સરકાર દ્વારા કાર્યકારી પ્રમુખની નિમણૂક કરવાની જોગવાઇ કરવામાં આવી છે. કાર્યકારી પ્રમુખ કોને તમે બનાવશો? ભા.જ.પ.ના પ્રમુખ હોય એને પ્રમુખ બનાવી દેશો? યુ.જી.સી.ની જોગવાઇ છે કે કોઇપણ યુનિવર્સિટીના કુલપતિ હોય અને કુલપતિના હોદ્દાની મુદત પૂરી થાય અથવા એ હાજર ન હોય તો સિનિયર ડીન હોય એ સિનિયર ડીનને સિનિયોરીટીના આધારે કુલપતિ બનાવવાની જોગવાઇ છે એટલે આ બાબતે પણ સ્પષ્ટતા થાય કે તમે જયારે કુલપતિ હાજર ન હોય અથવા તો એમની નિમણૂક પૂરી થઇ અને નવા કુલપતિની અથવા

પ્રમુખની નિમણૂક ન થાય તો તમે યુનિવર્સિટીની અંદર જે કર્મચારી હોય એને પ્રમુખ બનાવશો કે બહારથી લાવીને પ્રમુખ બનાવશો એ વિચારવાની જરૂર છે. કલમ−૯ ની અંદર સર્ચ કમિટીની નિમણૂક કરવામાં આવી છે. આ સર્ચ કમિટી એટલે કે શોધ કમિટી, દરેક યુનિવર્સિટીની અંદર યુ.જી.સી.એ સર્ચ કમિટી નક્કી કરેલી હોય છે અને એ સર્ચ કમિટીની અંદર તમે ત્રણ જ સભ્યો નક્કી કર્યા છે. કોઇપણ યુનિવર્સિટીની અંદર જયારે સર્ચ કમિટી હોય એની અંદર ત્રણ કરતા વધુ સભ્યો હોય છે. તમે જે ત્રણ સભ્યો રાખ્યા છે એ તમારી બોડી દ્વારા નિયુકત કરેલા છે જયારે સર્ચ કમિટીની અંદર બોડી સિવાયના જે એકેડેમીક કાઉન્સીલ હોય અને એકઝીકયુટીવ કાઉન્સીલ હોય એ બંને કાઉન્સીલના એક પ્રતિનિધિ હોય છે. રાજય સરકારના એક પ્રતિનિધિ હોય છે અને યુ.જી.સી.નો એક પ્રતિનિધિ હોય છે. વાઇસ ચાન્સેલરની જે કમિટી હોય એનો પ્રતિનિધિ હોય છે એટલે આવી સર્ચ કમિટી વ્યવસ્થિત રીતે બનાવવામાં આવે તો ભવિષ્યની અંદર જે કુલપતિની નિમણૂક કરવામાં આવે તો સારા કવોલીફાઇડ કુલપતિ મળી શકશે એટલે સર્ચ કમિટીની જે જોગવાઇ છે એની અંદર પણ સુધારો કરવા માટે હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ−૧૨ ની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે એ મહાનિયામક અધ્યક્ષની મંજૂરીથી યુનિવર્સિટીના વિદ્યાશાખાના સભ્યોમાંથી યુનિવર્સિટીના ડીનની નિમણૂક કરશે તો ડીનની નિમણૂક જે અધ્યાપકો હોય એમાંથી થશે પણ કયા ડીનની નિમણૂક થશે? જુનિયર અધ્યાપકોની થશે કે સિનિયોરીટીના આધારે થશે એ પણ ખાસ જોવાની હું મંત્રીશ્રીને વિનંતી કરું છું એટલા માટે કે સિનિયોરીટીનો ભંગ ન થાય અને જે સિનિયર હોય એ ડીન બને અને કાયદાનું ઉલ્લંઘન ન થાય અને ખોટા લીટીગેશન્સ ન થાય એના માટે હું વિનંતી કરું છું. પરીક્ષાની અંદર સમયસર પરિણામ જાહેર કરવાની વાત આપે કરી. ઘણીવાર યુનિવર્સિટીની અંદર એવું બને છે કે ૩, ૪, ૫ મહિના સુધી ટેકનિકલ બોર્ડની અંદર અમારા ચાણસ્માના વિદ્યાર્થી હતા. બે વર્ષ સુધી ટેકનિકલ બોર્ડે પરિણામ જાહેર નહોતું કર્યું એટલે એના લીધે વિદ્યાર્થી પરીક્ષા આપી દે ૧ કે દોઢ વર્ષ સુધી પરિણામ જાહેર ન થાય અને એને લીધે વિદ્યાર્થીને નુકસાન જાય છે એટલે હું વિનંતી કરું છું કે તમે જે પણ સમયે પરીક્ષાની સમયમર્યાદા નક્કી કરો. પરીક્ષા પૂરી થયાના ૧૦ દિવસ કે ૧૫ દિવસ કે ૨૦ દિવસ એ ચોક્કસ સમયમર્યાદા જો નક્કી કરવામાં આવશે તો એ સમયમર્યાદા પ્રમાણે કામ ઝડપી થશે અને પરિણામ ઝડપથી આવશે તો વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે. બીજી બાબત એ છે કે આ જે જુદીજુદી ત્રણ બોડી બનાવવાની વાત છે.

માનનીય વાઘાણી સાહેબ, ગઇ કાલે મેં વાત કરી હતી કે આ જે બોડી છે, તેની અંદર તમામ જગ્યાએ કોઇપણ જગ્યાએ ચૂંટાયેલા પ્રતિનિધિને સ્થાન આપવામાં આવ્યું નથી. જે પણ યુનિવર્સિટીના નવા એક્ટ આવ્યા, એની અંદર કોઇપણ જગ્યાએ ચૂંટાયેલા પ્રતિનિધિને સ્થાન આપવામાં આવ્યું નથી. જે નોમીનેટેડ સભ્યો છે. એમની સમય મર્યાદા વધુમાં વધુ ૨ વર્ષ રાખવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી આપ ચેક કરી લેજો. ગઇકાલે આપને કહ્યું હતું કે રાજયની અન્ય યુનિવર્સિટીઓ છે, એની અંદર ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે અથવા નોમીનેટેડ પ્રતિનિધિઓ છે. એમની સમય મર્યાદા ૨ વર્ષ નહિ, પણ વધુમાં વધુ ૨ ટર્મ કરવામાં આવે તો જે યુનિવર્સિટીમાં વર્ષોથી ઘર કરીને જેઓ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે એ અટકશે અને શિક્ષણનું સ્તર સુધરશે. કલમ−૨૦માં નિયમો અને વિનિયમો એટલે કે સ્ટેચ્યૂટ અને ઓર્ડિનન્સ બનાવવાની જોગવાઇ કરવામાં આવી છે. મેં ઘણી બધી યુનિવર્સિટીઓના એક્ટનો અભ્યાસ કર્યો છે. એની અંદર દરેક યુનિવર્સિટીઓમાં એવી જોગવાઇ છે કે યુનિવર્સિટીનું સત્તા મંડળ જે પણ એક્ટ અન્વયે જે પણ ઓર્ડિનન્સ કે સ્ટેચ્યૂટ બનાવે તેને નામદાર રાજયપાલ એટલે કે કુલાધિપતિની મંજૂરી સિવાય એ ઈફેક્ટિવ બનતા નથી. આની અંદર કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. જયારે તમે ટેકનિકલ સ્કીલ યુનિવર્સિટીની વાત કરો છો, ત્યારે જોગવાઇ કરવામાં આવે, એટલા માટે કે રાજ્ય સરકારનું તેમના ઉપર દબાણ હશે અથવા એમને એવું હશે કે આ મંજૂરી માટે રાજ્ય સરકારને, મુખ્યમંત્રીને કે ટેકનિકલ મંત્રીને કે નામદાર રાજયપાલને મોકલીશું તો એમના ઉપર દબાણ રહેશે. ખોટા ઓર્ડીનન્સ, કાયદા વિરુદ્ધના ઓર્ડિનન્સ કે સ્ટેચ્યૂટ બનતા હોય તે બનતા અટકી જશે. આ પણ હું આ જે પણ સ્ટેચ્યૂટ કે ઓર્ડિનન્સ બને તેને રાજ્ય સરકારની અનુમતિ મળ્યા પછી જ અસરકાર કે ઈફેક્ટિવ બને તેવી જોગવાઇ કરવા માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ−૨૧માં સિનિયોરિટીની નિમણૂક કરવામાં આવી છે. એની અંદર સિનિયોરિટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એ પણ દરેક જગ્યાએ જયાં જયાં પણ ડીનમાંથી કે અધ્યાપકોમાંથી નિમણૂક કરવામાં આવે. એની અંદર સિનિયોરિટી ધ્યાનમાં રાખવામાં આવે એવી વિનંતી કરું છું. કલમ−૨૮માં જ્યારે રાજ્ય સરકાર ફંડ આપતી હોય તો રાજ્ય સરકારને એવું ઓડિટ કરવાનો અધિકાર છે. કલમ−૨૮માં આંતરિક ઓડિટ અને બાહ્ય ઓડિટની જોગવાઇ કરવામાં આવી છે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા કે એ.જી. દ્વારા ઓડિટની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. જો રાજ્ય સરકાર દ્વારા કે એ.જી. દ્વારા ઓડિટ ન થાય માત્ર યુનિવર્સિટી પ્રમાણે કે જે બોડી નક્કી કરે એ જ ઓડિટરો ઓડિટ કરશે તો એની અંદર આર્થિક ભ્રષ્ટાચાર થવાની સંભાવના છે, એટલે વિનંની કરું છું કે કલમ−૨૮માં ઓડિટની જોગવાઇ કરવામાં આવી છે એની અંદર એ.જી. ઓડિટ અથવા સરકારના પ્રતિનિધિ દ્વારા ઓડિટ થાય એવી જોગવાઇ કરવામાં આવે તો ભવિષ્યમાં ભ્રષ્ટાચારના પ્રશ્નો ઓછા થશે. આની અંદર જે પસંદગી સમિતિની વાત કરવામાં આવી છે, એ પસંદગી સમિતિની અંદર યુજીસીના કે કોઇપણ ટેકનિકલ કાઉન્સિલ હોય એ ટેકનિકલ કાઉન્સિલના નિયમોનું ફરજિયાત પાલન કરવાનું રહેશે તેવી કોઇ જગ્યાએ જોગવાઇ કરવામાં આવી નથી. આખું બિલ મેં વાંચ્યું છે. જે પણ નિમણૂક હોય એની અંદર યુજીસી લાગુ પડતું હોય તો યુજીસી અથવા કોઇપણ કાઉન્સિલ લાગુ પડતી હોય એ બાળ કાઉન્સિલ હોય, ટેકનિકલ કાઉન્સિલ હોય જે પણ કાઉન્સિલ લાગુ પડતી હોય તો તે

કાઉન્સિલના નિયમોનું પાલન થાય તો સમગ્ર દેશ લેવલે આ વિદ્યાર્થીઓ એકસમાન ગુણવત્તા સચવાઇ રહેશે. એટલે અધ્યાપકની પસંદગી હોય, રજિસ્ટ્રારની કે પરીક્ષા નિયામકની આ તમામની અંદર જે યુજીસી અથવા ટેકનિકલ કાઉન્સિલોના જે પણ નિયમો હોય, જે પણ લાયકાત હોય એનું પાલન થાય તે માટે વિનંતી કરું છું. કલમ–૩૧ માં આપણે પેન્શનની વાત કરી છે. જે પણ કર્મચારીઓ છે, એને પી.એફ., પેન્શન આ બધુ આપવામાં આવશે. એટલે હું આપને વિનંતી કરું છું કે, તમે કયું પેન્શન આપશો? નવું પેન્શન આપશો કે જે જૂની પેન્શન યોજના બંધ કરી હતી તે લાગુ કરશો? કેમ કે, નવી પેન્શન યોજનામાં મેં ગઇ વખતે વિધાનસભામાં ઉદાહરણ આપ્યું હતું કે, એક હાયર સેકન્ડરી સ્કૂલનો ટીચર પંદર વર્ષે રિટાયર્ડ થાય તો તેને ૧૭૫૦ રૂપિયા પેન્શન મળે છે. એન.પી.એસ. એટલે ન્યુ પેન્શન સ્કીમની અંદર કર્મચારીઓને કોઇ લાભ થતો નથી. એટલે હું વિનંતી કરું છું કે, આવા કર્મચારીઓને ન્યુ પેન્શન સ્કીમ નહીં પણ ઓલ્ડ પેન્શન સ્કીમ લાગુ કરવામાં આવે. આમાં પૂરતા પ્રમાણમાં યોગ્ય કર્મચારીઓની નિમણૂક થાય. આ બાબતે હું વિનંતી કરું છું. કલમ–૩૪ની છેલ્લે વાત કરું તો તેમાં તમે એવું કર્યું છે અને એવી જોગવાઇ કરવામાં આવી છે કે, કોઇપણ બૉડી હોય તે બૉડી કે તેના પ્રમુખ કે તેના નિયામક કોઇપણ નિર્ણય કરશે તો તે નિર્ણય શુદ્ધબુદ્ધિથી કરેલો ગણાશે. તેની સામે કોઇ કાર્યવાહી કે દાવો કરી શકાશે નહીં. આ * (સાચી બાબત નથી.) ઘણીવાર યુનિવર્સિટીના કર્મચારીઓને *(xxx) કારોબારી સમિતિ દ્વારા ગેરકાયદેસર રીતે નુકસાન કરવાના પ્રયાસો કરવામાં આવે છે. કુલપતિના તાબે ન થાય, કારોબારી સભ્યોના તાબે ન થાય તેને ઇરાદાપૂર્વક હેરાન કરવામાં આવે છે. એટલે હું વિનંતી કરું છું અને માનનીય શિક્ષણમંત્રી પણ બેઠા છે કે આવી કોઇ કારોબારી હોય કે કોઇપણ અધિકારી હોય તે બદઇરાદાથી કોઇ કર્મચારીને *(xxx) હેરાન કરે અને તે જો પ્રુવ થાય તો તેવા અધિકારી વિરુદ્ધમાં પણ કાયદેસરની કાર્યવાહી થાય. એટલા માટે કે લોકાયુક્તની અંદર આ જોગવાઇ કરી છે. લોકાયુક્તનો કાયદો આવ્યો તેની અંદર પણ સ્પષ્ટ જોગવાઇ છે કે, તમે કોઇપણ વ્યક્તિના વિરુદ્ધમાં અયોગ્ય અરજી કરો અને તે અરજી અયોગ્ય હોય તેવું સાબિત થાય તો અરજદારને પણ દંડ કરવાની જોગવાઇ છે. આઇ.પી.સી.ની કલમ–૧૮૨ની અંદર એવી જોગવાઇ છે કે, તમે કોઇપણ વ્યક્તિના વિરુદ્ધમાં અયોગ્ય ફરિયાદ કરી હોય અને તે ફરિયાદ *xxx) તમે સાચી સાબિત ના કરી શકો તો તેની અંદર જો આજીવન કેદની સજાની જોગવાઇ હોય તો આવી ફરિયાદ કરનારને દસ વર્ષની સજા, જો તેમાં દસ વર્ષની સજાની જોગવાઇ હોય તો આવી ફરિયાદ કરનારને સાત વર્ષની સજા અને સાત વર્ષની ઓછી સજા હોય તો આવી ફરિયાદ કરનારને ત્રણ વર્ષની સજાની જોગવાઇ કરવામાં આવી છે. હું વિનંતી કરું છું કે, આપણે પક્ષાપક્ષીથી દૂર રહી તમે જયારે સરસ મજાની સ્કિલ યુનિવર્સિટી બનાવવા જઇ રહ્યા છો અને તમારી સ્કિલનો લાભ ભાજપે લીધો છે ત્યારે હું વિનંતી કરું છું કે, આપણે એવા સ્કિલવાળા યુવાનો અને વિદ્યાર્થીઓ પેદા કરીએ કે ભવિષ્યની અંદર આપણું ગુજરાત મજબૂત બને અને સ્કિલવાળું બને તે જ વિનંતી. જય હિન્દ, જય ભારત.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આદરણીય પ્રોફેસર ડો.કિરીટભાઇ પટેલનું ખૂબ સારું વકતવ્ય ચાલતું હતું અને રસમય હતું એટલે મેં વિચાર કર્યો કે મારે વચ્ચે વિઘ્ન આપવું જોઇએ નહીં. ચાર બાબતો પ્રત્યે પાર્લામેન્ટરી પ્રોસીજરના હિસાબે હું આપનું ધ્યાન દોરવા માગું છું. આપણા બધાના પણ ધ્યાનમાં રહે. આપે ચાર વાત એવી રીતે કહી કે, *(xxx) કરી હોય. આપણે ત્યાં પાર્લામેન્ટરી પ્રોસિજરમાં ખોટી શબ્દ નથી વાપરતા. તે બધી જગ્યાએ સાચી બાબત નથી, તમે કહ્યું કે, ખોટી બાબત છે તો તેની જગ્યાએ આ સાચી બાબત નથી. સાચા ઓર્ડિનન્સ હોવા જોઇએ. સાચી અરજી કરેલી હોય. એટલે આવી જુદી રીતે વાતને મૂકી શકાય. એટલે આ ચારેય વાક્યો જયાં *xxx) શબ્દો છે તેને ફેરવવામાં આવે. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી: ખોટા શબ્દના બદલે સાચી વાત નથી તેવો સારો પ્રયોગ કરવામાં આવે અને *(xxx) શબ્દ રેકર્ડ પરથી કાઢી નાખવામાં આવે છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી):માનનીય અધ્યક્ષશ્રી, ક્રમાંક – ૨૪ કૌશલ્યા– દ સ્કીલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧નું માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી લાવ્યા છે તે બિલને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ઘણા વખત પછી જરૂર હતી એવું આ બિલ છે. આ એક ક્રાંતિકારી બિલ છે એમ કહુ તો ખોટું નથી. એટલા માટે કે અમારા વિદ્વાન પ્રોફેસર કીરીટભાઇ અને જોષીયારાજીની જે ચિંતાઓ છે, ડો.કીરીટભાઇએ તો ખૂબ પોઝીટીવ વાતો પણ કરી પરંતુ હું એમ માનું છું કે નેગેટીવ વાતો એમાં વધારેમાં વધારે આવી. હજી તો બિલ આવે છે. સમગ્ર દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇએ એક ક્રાંતિકારી નિર્ણય લીધો. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સિલ બની અને હવે આ ગુજરાત સરકારે સ્ટેટ સ્કીલ ડેવલપમેન્ટની કાઉન્સિલ બનાવવાનું કામ આ બિલમાં કર્યું છે એના માટે અભિનંદન છે. મારા વિદ્વાન સભ્ય એકબાજુ એમ વાત કરે છે કે, રાજયમાં ૪.૫ થી ૫ લાખ વિદ્યાર્થીઓ વિવિધ કોલેજોમાંથી અભ્યાસ કરીને ઉત્તીર્ણ થાય છે અને બહાર પડે છે જેમની પાસે પુસ્તકીયું જ્ઞાન છે જેને લીધે એને રોજગારક્ષમ બનાવવા માટે ફક્ત બુક્સ સ્માર્ટસ નહિ પરંતુ હવેથી આ બિલની મારફતે એને સ્કીલ સ્માર્ટ બનાવવાનું ભગીરથ કાર્ય આ બિલમાં કર્યું છે. ફક્ત વેતન રોજગારીની વાત નહિ હોઇ શકે. સ્વરોજગારીની વાત પણ હોઇ શકે અને સ્વ રોજગારીની વાત આ બિલમાં ફલિત થાય છે એમ કહુ તો ખોટું નથી અને એટલા માટે અભિનંદનને પાત્ર છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા અને તેમાં સુધારા કરવામાં આવ્યા.

'' કૌશલ્યા''ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખે આ દેશની વસતિ ૧૪૦ કરોડની છે, વર્ષ ૨૦૨૦નો જો અંદાજ કરીએ તો સરેરાશ આયુષ્ય ૭૦ વરસનું છે. દેશની કુલ વસતિના ૫૦ ટકા વસતિનો હિસ્સો એ ૨૫ વરસથી નીચે છે. જ્યારે કુલ વસતિના ૬૫ ટકા એ ૩૫ કરતા નીચે છે અને જો વર્ષ ૨૦૨૦નો આપણે સંદર્ભ લઇએ તો ભારતની સરેરાશ ઉંમર એ ૨૮ વરસ છે એ જાપાનમાં સરેરાશ ૩૭ વરસ છે અને ચાઇનામાં પણ એ ૩૭ વરસ છે. આ વિગતો એટલા માટે આપવાનું મને મન થાય કે વિશ્વનો સૌથી યુવાન દેશ એ આપણો ભારત છે અને ભારતનું ડેમોગ્રાફિક ડિવિડન્ડ એ વર્કીંગ ક્લાસ ઓફ ધ સોસાયટી એ આપણી સૌથી વધુ છે. કોઇપણ સમાજમાં બે પ્રકારના ધન હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખાતું ધન અને બીજું કમાતું ધન. મને કહેવા દો કે કમાતું ધન જે દેશ પાસે વધારે હોય એ આર્થિક અને રાજકીય રીતે વિશ્વની મહાસત્તા બને છે અને ભારત માટે આ મોકો છે અને નસીબદાર છે કે જ્યારે દેશનું ડેમોગ્રાફિક ડિવિડન્ડ હાઇ હોય એવા વખતે આ દેશનું નેતૃત્વ દીર્ઘદ્દષ્ટા, નિર્ણાયક અને મજબૂત નેતા માનનીય નરેન્દ્રભાઇ મોદીના હાથમાં છે અને એની રાહે ગુજરાતમાં પહેલાં શ્રીમતી આનંદીબહેન અને ત્યારબાદ શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ અને હવે સાલસ સ્વભાવના ધણી એવા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત આગળ ધપી રહ્યું છે. ત્યારે આ ડેમોગ્રાફિક ડિવિડન્ડ એ આપણા માટે ઓપોર્ચ્યુનિટી ચેલેન્જ છે પણ જો ડેમોગ્રાફિક ડિવિડન્ડને ચેનલાઇઝ નહિ કરવામાં આવે તો એ ડેમોગ્રાફિક સરપ્લસ બની શકે અને જો એ સ્ટોપ થઇ જાય તો આ ડેમોગ્રાફિક ડિવિડન્ડ એ ડિઝાસ્ટર પણ બની શકે છે. ડેમોગ્રાફિક ડિઝાસ્ટર ન બને અને સરપ્લસ બને એ માટે આ સ્કીલ ઇન્ડિયાનો પ્રકલ્પ શરૂ કરવામાં આવ્યો છે અને એના અંતર્ગતનું આજનું બિલ રાજ્ય સરકાર જે લઇને આવી છે એને હું સમર્થન આપું છું. મને એટલા માટે વાત કરવાનું મન થાય કે ખાસ કરીને ડો. કીરીટભાઇ અને ડો. જોષીયારાજીએ જે વાત કરી કે આપણા વિદ્યાર્થીઓ સાડા ચારથી પાંચ લાખ એ બી.એ., બી.કોમ., બી.એસ.સી. એ ધારો કે ગ્રેજ્યુએટ થાય પરંતુ હું મારા વિસ્તારનો એક દાખલો આપું કે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે માનનીય નરેન્દ્રભાઇએ અત્યારે લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડના ચેરમેન શ્રી અનિલભાઇ છે એમની નિમણૂક કરી છે. મને આ વાત કહેવાનું મન એટલા માટે થાય છે કે મારા ગણદેવી તાલુકાની અંદર માનનીય નરેશભાઇ અને માનનીય કનુભાઇ જાણે છે કે ખારેલની અંદર એક ઇન્સ્ટિટ્યુટ ખોલવામાં આવી છે. તેની અંદર જે આ બિલમાં જોગવાઇ છે કે ઉદ્યોગ ગૃહોને તેની માગ મુજબ માનવબળની જરૂર પડે તેનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વર્ષોથી અમારા ખારેલમાં ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં તેને સ્ટાઇપેન્ડ આપીને તે ઇલેકટ્રિશિયનના કોર્સ, ઓટોમેટિક વેલ્ડરના કોર્સ, ફીડરના કોર્સ અને અત્યારે સોલાર પેનલ આજે સૌથી વધારે જો સોલારનો કોઇ પ્લાન્ટ આખા દેશની અંદર આપ જેના વતની છો એ કચ્છમાં જયારે તેની શરૂઆત થઇ રહી છે તો એ સોલાર પેનલના ટેકનિશિયન કયાંથી લાવશો ? આ જે સ્કીલ ઇન્ડિયા તે કોર્સ આપણે કરીએ તો તેમાંથી આપણાં વિદ્યાર્થીઓ પેદા થશે અને તેને લીધે આપણે આગળ વધી શકીશુ. ધારો કે મારે આટલા ટેકનિશિયનોની જરૂર છે, મારે આટલા ઇલેકટ્રિશિયનની જરૂર છે, મારે આ ટાઇપના કોર્સની જરૂર છે અત્યાર સુધીમાં કોઇ દિવસ નહોતું એ એન્જિનિયર થાય, ડિપ્લોમા થાય, ડિગ્રી થાય કે કોમર્સ ગ્રેજયુએટ થાય અને તેને માનવબળ પૂરું પડતુ હતું. આ પહેલી વખત આ બિલમાં એવું બને છે કે જોગવાઇ થઇ છે કે ઉદ્યોગોને જે જરૂર હોય એ રીતના ટ્રેનિંગ વિદ્યાર્થીઓને આપીને તેને આમાં રોજી રોટી મળશે ત્યારે મને ચોક્કસ શ્રદ્ધા અને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમ માનું છું કે ત્યાંથી આગળ ચાલીને આપણે એ વખતે આ બિલમાં જોગવાઇ કરી છે અને અભિનંદન એટલા માટે આપવા પડે કે એ વખતની જોગવાઇ કરી છે જે યુનિવર્સિટી by gone ear like Takshshila, Nalanda were the centers of vocational and skill education. એ જે વખતની વાત હતી તેને હાલના પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર આ બિલ લાવીને ફળિભૂત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે આપને આ વાત કરું છું કે, આ બિલમાં તમે ડો.કિરીટભાઇ અને ડો.જોષીયારાજી બિલકુલ ચિંતા કરતા નહીં. આ બિલની જે જોગવાઇ છે મને ચોક્કસ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે જે આપણાં એન્જિનિયરથી લઇને જે ગ્રેજયુએટો તૈયાર થાય છે તે ચોક્કસ પ્રમાણમાં છેલ્લાં દસ–પંદર વર્ષથી જે જી.ડી.પી. ગ્રોથ આપણો ૧૦ ટકાથી પણ ઉપર રહ્યો છે. મને ચોક્કસ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આ બિલની જોગવાઇથી જે કોઇ આપણાં યુવાનોને જે સ્કીલ ડેવલપમેન્ટ મારફત, આ યુનિવર્સિટી મારફત તે ચોક્કસ પ્રમાણમાં રોજી રોટી મળશે અને આપણો જી.ડી.પી.ગ્રોથ એ ૧૦ ટકા કરતા પણ ઉપર જશે અને આ બિલને હું સમર્થન આપું છું, આભાર.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાત રાજયના મંત્રીશ્રી જે નવી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના માટેનું જે બિલ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જયારે પણ આપણું વિધાનસભાનું સત્ર મળે ત્યારે દર વખતે કોઇ નવી યુનિવર્સિટીની સ્થાપનાનું બિલ લાવવામાં આવે છે અને સ્થાપના કરવામાં આવે ત્યાર બાદ તે યુનિવર્સિટીમાં કેટલા વિદ્યાર્થીઓ ભણી અને અલગ અલગ યુનિવર્સિટીઓ બનાવવામાં આવે છે જેમ કે, રક્ષા યુનિવર્સિટી બનાવવામાં આવી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી બનાવવામાં આવી, ટીચર યુનિવર્સિટી બનાવવામાં આવી પણ તે યુનિવર્સિટીમાંથી કેટલા યુવાનોએ ત્યાં અભ્યાસ કરીને અને તેમની સ્કીલના આધારે નોકરી મળી તેનો આજસુધી કોઇ જગ્યાએ ડેટા નથી. ગુજરાતની અંદર જયારે હરીફાઇ હોય અમે આંકડો બતાવીએ જેમ હમણાં ડો.કિરીટભાઇએ વાત કરી કે અમે આટલી યુનિવર્સિટીઓ સ્થાપી પણ તેની સામે હમણાં જ

વાત કરી કે સ્કીલના આધારે લોકોને રોજગારી મળી શકે. શ્રી દુષ્યંતભાઇએ હમણાં ઘણી બધી ઈન્ડસ્ટ્રીની વાત કરી કોંગ્રેસના શાસનમાં સ્થાપવામાં આવેલી જી.આઇ.ડી.સી.ઓમાં કોઇ આવી સ્કીલ આધારિત યુનિવર્સિટી નહોતી તેમ છતાં લાખો લોકોને આજે રોજગારી મળી રહી છે. જ્યારે ભાજપ સરકારના વખતમાં સ્થાપવામાં આવેલ ઈન્ડસ્ટ્રીઓ જ્યારે ફોર્ડ કંપની હોય કે ટાટા કંપની હોય આ બધી એવી કંપનીઓ છે કે આજે હજારો યુવાઓ ક્યાંક અને ક્યાંક આ કંપનીઓ બંધ થઇ જવાના કારણે આજે બેરોજગાર બેસીને ગુજરાતના રસ્તાઓ ઉપર આજે આંદોલન કરી રહ્યાં છે. તો આ સ્કિલ આધારિત નોકરિયાત હતા કે જે સ્કિલના આધારે ફોર્ડમાં કંપનીમાં નોકરી કરતા હતા પણ આજે કંપની બંધ થઇ જવાના કારણે એ લોકો રસ્તા પર બેઠા છે. એમને કોણ રક્ષણ આપશે એની ચર્ચા કરીએ તો વધારે સારું. કારણ કે, ૪૦૦૦ જેટલા લોકો ફોર્ડ કંપનીમાં નોકરી કરતા હતા એ રસ્તા પર છે. આઇ.ટી.આઇ.માં, ડિપ્લોમા કૉલેજમાં અને ડિગ્રી કૉલેજમાં કોઇ સામાન્ય પરિવારના છોકરાઓ મફત ટ્રેઇનિંગ લઇને નોકરી મેળવી શકશે પણ જો એ કૉલેજો બંધ કરીને આ યુનિવર્સિટીમાં ઉમેરવામાં આવશે તો આ યુનિવર્સિટીની મોટી ફી ગરીબ પરિવારના વિદ્યાર્થીઓ નહીં ભરી શકે અને યુનિવર્સિટી સ્થાપવાનો ઉદ્દેશ મરી ન જાય એની આપણે સૌએ ચિંતા કરવાની છે. વાયબ્રન્ટ ગુજરાતમાં લાખો, કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થાય છે. એની સામે ગુજરાતના યુવાનોને રોજગારીની તક નથી. માત્ર કાગળ ઉપર એમ.ઓ.યુ. થાય છે. ગુજરાતમાં કોઇ પણ ધંધો–રોજગાર સ્થાપવામાં સરકારની પૉલિસીમાં ખામી રહી ગઇ છે. ગયા સત્રમાં ગુજરાતના યુવાનોને રોજગારી મળી રહે અને તેઓ નવું સાહસ કરી શકે એ માટે સૉલર પાર્ક બનાવવા માટેની સબસિડી સાથેની યોજના જાહેર કરવામાં આવી હતી પણ અમે ઘણી બધી જગ્યાએ વાંચ્યું કે સરકાર દ્વારા સબસિડી આપવાની ના પાડી અને જે લોકોએ ત્યાં ફી ભરી હતી એ યોજના આજે મરણ પામી છે. ત્યારે આ સેક્ટરમાં કામ કરવા માગતા ઘણા બધા વિદ્યાર્થીઓને રોજગારી મેળવવામાં અસર થઇ રહી છે. જે પણ યુનિવર્સિટીની સ્થાપના થાય એના નિયમો પહેલેથી ઘડાય એ જોવું જરૂરી છે. કારણ કે, જ્યારે જી.ટી.યુ.ની સ્થાપના થઇ ત્યારે એના નિયમો બનતા વર્ષો લાગી ગયા. એનું બંધારણ બનતા, એની ગવર્નન્સ બૉડી બનતા વર્ષો લાગી ગયા. જેના કારણે જી.ટી.યુ.માં ભણતા વિદ્યાર્થીઓ એક લેબૉરેટરી જેવા હતા. કારણ કે, કોઇ પણ પ્રયોગ કરવો હોય તો જી.ટી.યુ.ના વિદ્યાર્થીઓ પર કરવામાં આવતો. કેમ કે, એના કોઇ નિયમો ન હતા, યુનિવર્સિટીનું બંધારણ ન હતું, એની સેનેટ ન હતી, સિન્ડિકેટ ન હતી. એના કારણે જી.ટી.યુ.ના વિદ્યાર્થીઓને જે ભોગવવું પડ્યું છે એ આવનારા સમયમાં આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ભોગવવું ન પડે એટલા માટે યુનિવર્સિટીની સ્થાપના થાય ત્યારથી જ નિયમો બને એ જરૂરી છે. તમે જે રીતે અલગ–અલગ ૩૫ કલમો આપી છે એ જોગવાઇઓની પૂરેપૂરી તપાસ થવી જોઇએ કે જે નિયમો બનાવી રહ્યા છીએ એનાથી આવનારા સમયમાં વિદ્યાર્થીઓને સ્કિલ આધારિત નોકરી મળશે કે નહિ એની બાંહેધરી સાથે આયોજન કરવામાં આવે એવી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ, આમ તો હું નહોતો બોલવાનો પણ ડો. જોષીયારાજીના પ્રવચનથી મને પ્રેરણા મળી અને ડો. કીરીટભાઇના પ્રવચનથી મને એ પ્રેરણામાં બળ મળ્યું. આ બિલને માત્ર સમર્થન નથી આપતો પણ માનનીય મંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું. Skill + Will+ Zeal = Win. આવડત હોય, ઈચ્છા હોય, મહેચ્છા હોય તો જીત નક્કી જ હોય છે. જેનો અત્યાર સુધી કમનસીબે વિચાર જ ન થયો. વર્ષ ૨૦૧૪ પહેલાં દેશમાં કોઈએ પણ સ્ટેન્ડ અપ, સ્ટાર્ટ અપ, ડિઝિટલ, ન્યુ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર, વોકલ ફોર લોકલ શબ્દો સાંભળ્યા જ ન હતા. એટલે મારા મિત્રોને સ્વાભાવિક રીતે એમાં ખબર ન જ હોય પણ જ્યારે ફૉરેન્સિક યુનિવર્સિટીની ટીકા થાય અને સ્ટાર્ટ અપની ટીકા થાય એટલે મને એમાંથી પ્રેરણા મળી. કમસે કમ મારા વિદ્વાન પ્રતિપક્ષના લોકોના ધ્યાન ઉપર રહે અને ફરીવાર આવી ભૂલ ન કરે એટલા માટે તમે કહ્યું કે ફૉરેન્સિક શું છે? સ્ટાર્ટ અપ શું છે? ફૉરેન્સિક યુનિવર્સિટી માનનીય વડાપ્રધાને સ્થાપી. આજે વૈશ્વિક સ્તરે દુનિયાભરના ક્રાઈમનું ઈન્વેસ્ટિગેશન કરવા માત્ર ગુજરાતમાં આવે છે. આટલું મહત્ત્વ છે અને એમાં ભણેલા વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળે છે. એવું કહેવામાં આવ્યું કે આ બધી યુનિવર્સિટીઓ કરીને પછી શું થાય છે? PDEU નો પણ એમાં જ ઉલ્લેખ કરવામાં આવ્યો. આજે દેશમાં જે રેન્કિંગ આપવામાં આવે છે એમાં PDEU છે. નામ બદલાઈ ગયું છે એટલે PDPU નહિ પણ PDEU કહું છું. માનનીય વડાપ્રધાનશ્રીએ પછી એમાં સુધારો કર્યો હતો. આપણા યુવાનોને આપણે ક્યાં સુધી Sicker રાખવા છે. આપણા યુવાનોને આપણે Giver બનાવવાના છે. Be a Giver, Don't be a Sicker. આ બધા જ સૂત્રો કે સ્લોગન પાછળ એક વિચાર અને આયોજન છે. દેશના યુવાનો માટેનું આ આયોજન છે. સ્વાભાવિક રીતે ભૂતકાળના સ્લોગનો પાછળ મતનું આયોજન હતું. આમાં મતનું આયોજન નથી. આમાં તો યુવાનોના ભવિષ્યનું આયોજન છે અને હું વર્ષ ૨૦૧૫થી સ્ટાર્ટ અપ સાથે જોડાયેલો છું એટલા માટે હું બોલું છું કે અમે આખા દેશમાં Student Start up Innovation Policy ૨૦૧૭માં માનનીય વિજયભાઈ અને માનનીય નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરી. સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂરા થયા. દેશમાં બીજા કોઈએ આવી SSIP કરી નથી અને અમે SSIP પાર્ટ–૨ તરફ જઈ રહ્યા છીએ. આ SSIPના કારણે ગુજરાત દેશમાં રેન્કિંગમાં ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં પહેલા નંબરે રહ્યું છે અને વર્ષ ૨૦૨૦–૨૧માં પહેલા નંબરે રહેવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા દેશમાં કે વિકસિત દેશમાં પણ કોઈ એક બહુ ચર્ચિત મુદ્દો હોય તો તે સ્ટાર્ટ અપનો છે. સ્ટાર્ટ અપ એટલે રીસર્ચ, ઈનોવેશન. સમાજની કેટલી બધી સમસ્યાઓ છે. પ્રદૂષણ, લાઈટ, સ્વચ્છતા, પાણી બધા જ ક્ષેત્રોમાં સમસ્યાઓ છે પણ આ સમસ્યાનું સમાધાન આજના યુવાનના મનમાં છે. ભૂતકાળમાં પણ હશે પણ સરકારે

કોઈને તક આપી ન હતી. સરકારે કોઈ સ્ટેજ પૂરું પાડ્યું ન હતું. ગુજરાત અને દેશની સરકાર આ યુવાનોને તક આપે છે, પ્લેટફોર્મ પૂરું પાડે છે. રાજ્ય અને કેન્દ્રની સરકારને મેં ગણાવી એવી સમસ્યાઓનું લિસ્ટ આપીએ છીએ. એક સાથે ૫૦૦–૭૦૦ યુવાન દીકરા–દીકરીઓ, ૪૦ કલાક, ૫૦ કલાક અમે એને નામ આપ્યું છે હેકેથોન સ્પર્ધા. વર્ષમાં એક વાર એપ્રિલમાં એક, બે અને ત્રણ આખા હિન્દુસ્તાનમાં હેકેથોન થાય છે. ગુજરાતમાં તો અમે બે હેકાથોનની શરૂઆત પણ કરેલી. ઉદ્યોગપતિઓને પણ એમાં હાજર રાખેલા. કારણ સ્કિલ. હું વર્ષ ૨૦૦૩થી ૨૦૧૯ સુધી વાઈબ્રન્ટ ગુજરાતનો પ્રત્યક્ષ સાક્ષી રહ્યો છું. પહેલાં માત્ર ગુજરાતના ઉદ્યોગપતિઓ રોકાણ કરતા હતા. હવે આખા વિશ્વના લોકો જ્યારે રોકાણ કરવા આવતા હોય ત્યારે આધુનિક જાણકાર એવા દીકરા–દીકરીઓ જોઈએ અને એ જાણકાર દીકરા–દીકરીઓ માટે આવી સ્કિલ યુનિવર્સિટી બનાવવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સો ટકા સફળતા સાથે પોતાની યોગ્યતા પુરવાર કરશે. કેટલીક વાર આપણે જાણીએ તો આપણને લાગે આપણે ક્યાં છીએ? આપણે બધા વિશ્વમાં ફરતા હોઈએ છીએ. હું વીસ વર્ષ પહેલાંની વાત કરું છું. હું ફ્રાન્સથી લંડન એક ટ્રેનમાં બેઠો અને ટ્રેન ૪૫ મિનિટ સુધી દરિયાની અંદરથી ચાલી. This is innovation, This is Research. દેશમાં રિસર્ચ અને ઈનોવેશનમાં કોઈ લિમિટ નથી. Sky is the limit. હું તો મારા વિદ્યાર્થી દીકરા–દીકરીઓને કહેતો હતો કે કોરોના પછી તો ડબલ Sky is the limit for you. મિત્રો, આ દરિયાની અંદર ટ્રેન જાય એની શું જરૂર હતી? ઉપર તો ચાલે છે પણ Research. વૈજ્ઞાનિકોના મનમાં થયું કે નવું કરવું જેનાથી સમાજને લાભ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એગ્રિકલ્ચરનું રિસર્ચ છે એક ઝાડ ઉપર ૪૦ ફળ. અમારું એજ્યુકેશનનું રીસર્ચ છે. આ કોરોનામાં શાળા બંધ રહી પણ શિક્ષણ ચાલુ રહ્યું. અમે આમાં અનુભવ કર્યો. યુવા પેઢીને આવતા દિવસોની અંદર સ્કિલ્ડ કરવા માટે આ યુનિવર્સિટી ખૂબ ઉપયોગમાં આવશે. આ Vocal for Local એક અભ્યાસથી આત્મનિર્ભરની વાતમાં સ્કિલ હશે તો થશે. રમકડાં આયાત, દીવડા આયાત, છત્રી આયાત. શું મારા યુવાનોમાં તાકાત નથી કે છત્રી, દીવડા કે રમકડાં બનાવી શકે? માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે વિશ્વમાં રૂ. ૭ લાખ કરોડનો બિઝનેસ માત્ર રમકડામાં છે. મારા દેશના યુવાનો આ રિસર્ચ–ઈનોવેશન કરે છે અને રાજ્ય તથા કેન્દ્ર સરકાર એને પૈસા પણ આપે છે. આ બધા કામ કરવા માટે દેશમાં પહેલીવાર એને સગવડતા અને રાજ્યના આવા દીકરા–દીકરીઓને ખાઈ–પીને રહેવું હોય, સળંગ ૭૨ કલાક, અઠવાડિયું તો એના માટે કેસીજી ખાતે રૂ. ૭૦ કરોડ રૂપિયાનું આઈ હબ બનાવવાની કામગીરી ચાલુ છે. આવતા મે મહિનામાં ગુજરાતના સ્થાપના દિવસે ઈનોવેશન હબનું ઉદ્‌ઘાટન કરવાના છે. This is Skill. શ્રી ગુલાબસિંહે કહ્યું કે દરેક સત્રમાં અલગ અલગ યુનિવર્સિટીઓના બિલ લઈને આવે છે. મારી આપને આમંત્રણ સાથે વિનંતી છે કે કોઈ પણ યુનિવર્સિટીમાં જાઓ એક એકથી ચઢિયાતી યુનિવર્સિટીઓ આજે સાબિત થઈ છે. હું શ્રી પરેશભાઈ અને શ્રી શૈલેષભાઈને કહું છું કે, સાયન્સ સિટી, ગિફ્ટસિટી, કેસીજીની મુલાકાત લેવા તમારા બધા સભ્યો સાથે આવો. ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની મુલાકાત તમે લો. ગુજરાતમાં પીડીપીયુ, યોગા યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટીની મુલાકાત લો. ત્યારે ખબર પડે વિદ્વાન ભણેલા ગણેલા લોકો ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની ટીકા કરે, આ તમે શું કહેતા હતા કે શેમાંથી બને? આજે વિશ્વની અંદર સ્ટેચ્યુ ઓફ યુનિટીએ ડંકો વગાડ્યો છે. એ સ્કિલથી બનાવ્યું છે. આખા વિશ્વના આકર્ષણનું કેન્દ્ર નહિ, ટુરિઝમનું કેન્દ્ર નહિ પણ ગુજરાત અને હિંદુસ્તાનના સ્વાભિમાનનું કેન્દ્ર બની ગયું છે.

આ સ્થિતિમાં આ બિલ એ ભવિષ્યમાં યુવાનો માટે જેને સ્કિલથી પૈસા કમાવવા છે. આજકાલ નાની મોટી પાંચ–પંદર અને વીસ હજારની નોકરી છોડીને લોકો આ હબમાં કેમ આવે છે? કે આ સ્કિલ હશે તો અને કોઈપણ ક્ષેત્રમાં આવડત હોય પછી એ રિપેરિંગમાં હોય, ટેલરિંગમાં હોય કે કોઈપણ ક્ષેત્રમાં આવડત હોય. અભ્યાસ વત્તા આવડત, ગ્રેજ્યુએટ વત્તા સ્કિલ. અભણ માણસ સ્કિલ શીખવા જાય એના કરતાં ભણેલ માણસ સ્કિલ શીખવા જાય તો જલદીથી શીખે. ગુજરાતના યુવાનોના ભવિષ્ય માટે એક સારામાં સારી દિશા બતાવી રહ્યું છે એવા આ બિલને હું સમર્થન અને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી સુરેશભાઈ પટેલ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષા મહોદય, આજે માનનીય મંત્રી શ્રી બ્રિજેશભાઇ, ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક –૨૦૨૧ લઇને આવ્યા છે, એનું હું સમર્થન કરી અને મારુ વકતવ્ય આપું છું.

માનનીય અધ્યક્ષા મહોદય, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સારી સ્થિતિ અને શાંતિપ્રિય રાજ્ય હોવાના કારણે તથા આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ જે ગ્લોબલ સમિટ કરી અને વિશ્વના ઉદ્યોગકારો તથા ભારતના ઉદ્યોગકારો માટે ગુજરાતમાં જે ઉદ્યોગો સ્થાપ્યા છે એના કારણે આખા દેશની અંદર સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય આપણું ગુજરાત રાજ્ય બન્યું છે. ગુજરાતની અંદર ગુજરાત સરકાર દ્વારા આપણી આઇ.ટી.આઇ. હોય, પ્રધાનમંત્રી કૌશલ્ય વર્ધન યોજના હોય કે આ બધી જે સ્કીમો છે એના કારણે કોશલ્ય વર્ધન થાય છે અને એના કારણે ગુજરાતમાં બીજી પણ એક વિશિષ્ટ વ્યવસ્થા છે કે એની અંદર દરેક જિલ્લાઓની અંદર જે જી.આઇ.ડી.સી. અને કારખાના હોય એ લોકો કયા પ્રકારનો ઉદ્યોગ, કયા પ્રકારની સ્કિલની એમને જરૂર છે અને જે વિદ્યાર્થી હોય અને એ પ્રકારની સ્કિલવાળા હોય એને રોજગાર વિભાગ ભેગા કરે છે અને વધુમાં વધુ નોકરી આપણા ગુજરાતમાં આપે છે. અત્યારે હાલ આપણે હમણાં જોઇએ છીએ કે, ડિસેમ્બર–૨૦૧૪માં સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ૧૫મી જુલાઇને વિશ્વ યુવા કૌશલ્ય દિન તરીકે ડિકલેર કરવામાં આવ્યો અને ગયા વિશ્વ યુવા કૌશલ્ય દિનના દિવસે આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદીજીએ આ દેશને ત્રણ મંત્ર આપ્યા. સ્કિલ, રિ–સ્કિલ અને અપ– સ્કિલ અને એની અંદરથી પ્રેરણા લઇને

ગુજરાત સરકાર, માનનીય મંત્રીશ્રી આજે આ વિધેયક લઇને આવ્યા છે. આની અંદર આપણે જોઇએ છીએ કે આપણા ઉદ્યોગો અલગ અલગ પ્રકારના હોય છે. એમાં આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓની પણ જરૂર હોય છે, ડિપ્લોમા હોય, એન્જિનિયરિંગના સ્ટુડન્ટ હોય કે બાકીના માસ્ટર ડિગ્રીના સ્ટુડન્ટ હોય કે આર્ટસ અને કોમર્સના સ્ટુડન્ટ હોય, પરંતુ આપણે ઘણીવાર એવું કહીએ છીએ કે, એન્જિનિયરિંગની અંદર કેટલીયે શાખાઓ છે. જેમ મેડિકલમાં આપણે જોઇએ તો એમ.બી.બી.એસ. તો થાય પણ સ્પેશિયલ કોઇની કોઇ સ્પેશ્યાલિટીમાં એ પોતે ડોકટર બનતા હોય છે. એ રીતે આપણી જે ગુજરાતની અંદર જરૂરિયાત છે, ભારતની અંદર અને વિશ્વની અંદર આપણી જે કલ્પના હોય આદરણીય શ્રી નરેન્દ્રભાઇની એ કયારેય નાની હોતી નથી.

આપણો યવાન ભારતમાં અને ગુજરાતમાં નહીં આખા વિશ્વની અંદર જે પ્રકારના ઉદ્યોગો છે એ પ્રકારની સ્કિલ આપણા ત્યાં આપવામાં આવે જેથી કરીને આપણો વિદ્યાર્થી કોઇ પણ જગ્યાએ પાછો ના પડે. આના માટે આ સ્કિલ યુનિવર્સિટીમાં તમામ પ્રકારની સ્કિલ આપવામાં આવશે અને એના કારણે આપણો જે યુવાન છે એ તમામ રીતે આઇ.ટી.આઇ. કરેલો વિદ્યાર્થી હોય પણ જે રીતે જે ઇન્ડસ્ટ્રિઝમાં આઇ.ટી.આઇ.નું સ્પેશિયલાઇઝેશન હોય એ પ્રકારનું સ્કિલ હોય એના પાસે તો ત્યાં એ જઇ શકે અને રોજગાર એને મળી શકે છે.

માનનીય અધ્યક્ષા મહોદય, આ સ્કિલ યુનિવર્સિટી એ આપણા વિદ્યાર્થીઓને વધુમાં વધુ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને ગુજરાત કક્ષાએ વધુમાં વધુ નોકરી મળે અને વધુમાં વધુ આપણો વિકાસ થાય એના માટે આ કરેલું છે. હું મંત્રીશ્રી આ બિલ લાવ્યા એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીયશ્રી અધ્યક્ષ મહોદયા, ગુજરાતના શ્રમ અને રોજગાર વિભાગના અભ્યાસુ મંત્રી ભાઇશ્રી બ્રિજેશ મેરજા ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૨૪ કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક લાવ્યા છે તેના પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય બાપુ ભૂપેન્દ્રસિંહ મારા સન્માનનીય મંત્રીશ્રીઓમાંથી એક છે પણ હું એમણે જે વાત કરી સ્ટાર્ટઅપ ઇન્ડિયાની જે વાતો કરી પણ જે આજે આજથી ૩૫-૪૦ વર્ષ પહેલાં આ દેશને ૨૧મી સદીમાં લઇ જવાની જો કોઇએ વાત કરી હોય તો એ સ્વર્ગસ્થ રાજીવ ગાંધી હતા. કોઇ પણ બિલનું હાર્દ અને એના ઉદ્દેશો સ્પષ્ટ થવા જોઇએ. યુવાનોમાં સ્કિલ અને અપ- સ્કિલ અને સ્કિલીંગ ફોર ઓલ સર્વાંગી કુશળતાનો હેતુ આ સારા શબ્દો કિતાબોમાં સારા લાગે છે, પરંતુ ઓરીજીનલ પરિસ્થિતિ અલગ હોય છે. હાલની જે પરિસ્થિતિ છે એમાં ગુજરાતનું શિક્ષણ કથળ્યું છે, ગુજરાત શિક્ષણમાં બીજા ક્રમેથી ૧૪ મા ક્રમે આજે આપણે ધકેલાયા છીએ. આપણે સમજવું પડશે કે શિક્ષણનું વેપારીકરણ ફીના તોતીંગ ભાવ વધારાના કારણે વાલીઓની પરિસ્થિતિ ખૂબ જ બગડી છે. શિક્ષણ મેળવ્યા બાદ શિક્ષિત બેરોજગારોની સંખ્યા વધતી જાય છે. સ્કિલ થયેલો યુવાન એન્જિનિયરો, ડોકટરો આ દેશમાંથી વિદેશમાં જતા જાય છે. ઘણા બધાએ વાત કરી કે દુનિયાનું સૌથી યંગેસ્ટ નેશન એટલે ઇન્ડિયા પણ આ યુવાધન કેમ આ દેશ છોડીને બીજા દેશમાં જઇ રહ્યું છે એનો સરકારે વિચાર કરવો જોઇએ. દેશની સ્કિલીંગની વાતો કરતા આઇ.એમ. આઇ.આઇ.ટીના વિદ્યાર્થીઓ આ દેશમાંથી અભ્યાસ કરીને વિદેશમાં સારી સારી સંસ્થા અને કંપનીઓમાં નોકરી કરી રહ્યા છે. નાના મોટા કામદારો આજે ગલ્ફ કન્ટ્રીમાં મજૂરી કરવા જઇ રહ્યા છે. નાના -નાના ઉદ્યોગો દિવસે-દિવસે બંધ થતા જાય છે. ગૃહ ઉદ્યોગો પણ બંધ થતા જાય છે. આ બિલના કૌશલ્યા યુનિવર્સિટીને હું મારું સમર્થન આપું છું. પરંતુ હું કહું છું કે ૫ કરોડ રૂપિયા નહીં સરકારને આ ફંડ ઓછું પડે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવો. આની સાથે સાથે સાચી પરિસ્થિતિનો અભ્યાસ કરવો જોઇએ. ફકત પ્રજાને *(xxx) આ જે નવી સંસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે એ સરકાર પર આર્થિક બોજો વધવાનો છે. આ *(xxx) કશું ન નિકળે તો પ્રજાના પૈસાનો બગાડ થતો હોય છે. આપણા જે ૧૮૨ ધારાસભ્યશ્રીઓ બેઠા છે એ ગુજરાતની પ્રજાના કરવેરાના પૈસાથી આ ગૃહ ચાલે છે, લાઇટો ચાલે છે, આ દેશ ચાલે છે. ત્યારે ઉદ્યોગપતિઓ દ્વારા આ યુવાધનનું શોષણ ન થાય એની વ્યવસ્થા પણ સરકારે કરવી જોઇએ. સરકારે અભ્યાસ કરવો જોઇએ. ગુજરાતમાં આખા ને આખા પરિવારો આત્મહત્યાઓ કરી રહ્યા છે. જે યુવાનો છે તે બેરોજગારીના લીધે આત્મહત્યા કરવા પ્રેરાય છે. નશામાં ધકેલાઇ રહ્યા છે. તેનો અભ્યાસ કરીને સ્કિલ માટે વ્યવસ્થા, કેવી નોકરીઓ મળવી જોઇએ, જે લોકો નોકરી કરવા માટે તૈયાર થાય તેને ટ્રેઇનિંગ આપવામાં આવે અને તેના પછી એને રોજગારી મળે એની ખાતરી સરકાર તરફથી મળે તે ખૂબ જરૂરી છે. મારે ખાસ કહેવું છે કે વાસ્તવિકતાનો વરવો ચિતાર આપણે યાદ રાખવો જોઇએ. મરતા માણસોનો ચિત્કાર યાદ રાખવો જોઇએ. આજે તમે છો, કાલે કોક બીજા વિચારો અહીંયા હશે એને પણ યાદ રાખવા જોઇએ. હું બિલને સમર્થન કરું છું અને માનનીય મંત્રીશ્રીને કહું છું કે રૂપિયા પાંચ કરોડ નહીં પણ ૫૦૦ કરોડ રૂપિયા ફાળવો પણ ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખજો. જય હિન્દ.

અધ્યક્ષશ્રી: માનનીય સભ્યશ્રી પુનભાઇ પરમાર.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અસંસદીય શબ્દો જે કંઇ બોલ્યા હોય તે ચેક કરીને રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ. અસંસદીય શબ્દો ઘણા બધા આવ્યા છે. એ રેકર્ડ ચેક કરીને દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ચેક કરવામાં આવશે. હું રેકર્ડ ચેક કરીને કહીશ, આપ બેસો. શ્રી પુનમભાઇને બોલવા દો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર આ રાજયના યુવાનોને શિક્ષણની સાથે સાથે જુદા જુદા ઉદ્યોગોમાં જરૂરી ટેકનીકલ જ્ઞાન અને તાલીમ મળી રહે તેમજ તાલીમાર્થીઓમાં જે તે ક્ષેત્રનું કૌશલ્ય આવે એવા શુભ આશયથી કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક રજૂ કરેલ છે જેને મારું સમર્થન છે. આ વિધેયક અંગે હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજનો વર્તમાન યુગ ટેકનોલોજી અને જે તે ક્ષેત્રના નિષ્ણાત ટેકનોક્રેટનો છે. ભવિષ્યમાં આવા નિષ્ણાતો દુનિયાની જરૂર હશે. દરેક ઉદ્યોગ અને ધંધા તેમજ સેવાઓમાં આવા જ કૌશલ્ય પ્રાપ્ત સ્કિલ અને પરફેકટનેશનનો છે. ઉદ્યોગકારો સરકાર, તેમજ સેવા સંસ્થાઓ આવા કૌશલ્ય ધરાવતા યુવાનોને સામેથી જોબ ઓફર કરી અને પેકેજ આપશે. આવું નિષ્ણાત કૌશલ્ય પ્રાપ્ત માનવબળ તૈયાર કરવાના શુભ ઉદ્દેશ અને યુવાનોના વિકાસ માટે કૌશલ્ય યુનિવર્સિટીની સ્થાપના કરવાનો નિર્ણય આવકારદાયક છે અને અનિવાર્ય પણ છે. દેશના બીજા રાજયો અને વિશ્વના બીજા રાષ્ટ્રોના યુવાનો સામે આપણા ગુજરાતનો યુવાન મસ્તક ઉંચુ રાખી સ્પર્ધા કરવા સક્ષમ બને તેના માટેનો આ પ્રયત્ન છે. જે યુવાનોના ભાવીમાં જબરજસ્ત બદલાવ લાવી શકે છે. હું આવા પ્રયત્નોનું દિલથી સ્વાગત કરું છું. કૌશલ્ય યુનિવર્સિટીના હેતુઓ અને ઉદેશો ઘણા સારા છે. પરંતુ આવા વિચારો મૂર્તિમંત કરવા પાયામાંથી ઘડતર જરૂરી છે. ગુજરાતના યુવાનો અંગ્રેજી વિષયના જ્ઞાનમાં હાલ સ્પર્ધામાં ઉભા રહેવા માટે સક્ષમ નથી. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવી યુવાન આ કૌશલ્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાયામાં જ કાચો હોય તો એ સ્પર્ધામાં ટકી શકે નહીં. *(xxx) ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ તરફ કોઇ ધ્યાન અપાતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ, *(xxx) શબ્દો અસંસદીય છે એટલે એ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આખા રાજયમાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ છે. શિક્ષકો પણ પૂરતા નથી. સારા શિક્ષકોની ખોટ છે, શિક્ષણનું સ્તર ભોંય તરફ આવી ગયું છે. કોરોના કાળમાં માસ પ્રમોશન આપીને ઉપરની કક્ષામાં મોકલી આપેલ વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી શકયા નથી. શિક્ષકોની પાસેથી શિક્ષણકાર્ય સિવાયના કામો કરાવવામાં આવી રહ્યા છે ત્યારે સરકારને વિનંતી છે કે બીજા કામો ન સોંપે માત્ર શિક્ષણનું કામ જ લેવામાં આવે. માટીના પાળા ઉપર ઉભી થયેલી ઇમારત કેટલી મજબૂત હશે તે વિચાર માગી લે તેવો પ્રશ્ન છે. સરકારે પ્રથમ તો પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સાવ તળીયે ગયું છે એને સુધારવાની ખાસ જરૂર છે. પાયો મજબૂત હશે તો ઇમારત મજબૂત અને ભવ્ય બનશે. એ જ રીતે શિક્ષણનું સ્તર નીચું હશે તો એનું શું પરિણામ મેળવી શકીશું? અહીંયા કૌશલ્ય યુનિવર્સિટીની વાત કરવામાં આવી છે પરંતુ આપણે ત્યાં ૧૪૦૦થી ૧૫૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો આવેલો છે. ત્યારે આપણે ત્યાં મરીન યુનિવર્સિટી તેમજ આજનો યુવાન પ્લેનમાં મુસાફરી કરવાનો છે ત્યારે તેને લગતી યુનિવર્સિટી સ્પેશ યુનિવર્સિટી કે અંતરીક્ષ યુનિવર્સિટી બનાવવી જોઇએ, ઇસરો યુનિવર્સિટી બનાવવી જોઇએ કારણ કે આ સમય પરિવર્તનનો છે. આપણે દરેક બાબતમાં અપડેટ રહેવું પડશે અને સમય સાથે કદમ મેળવી દુનિયામાં આપણું અસ્તિવત્વ ટકાવી શકીશું. આ બધું ત્યારે મેળવી શકીશું કે આપણી ઇમારત સિમેન્ટ કોંક્રિટ નહિ પરંતુ મજબૂત સ્ટીલની હશે. એ જ રીતે આજના યુવાનોને એની ફરજ અને જવાબદારી અંગે સભાન કરવા જોઇએ.

આ સિવાય મારે બીજી બે વાત આ સભાગૃહમાં કરવી છે. મારે શિક્ષણમંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી છે કે મારા તારાપુર તાલુકો, પેટલાદ તાલુકો અને સોજીત્રા તાલુકાના શિક્ષક ભાઇઓ મને મળવા માટે આવ્યા હતા અને એમણે મને એક આવેદનપત્ર આપ્યું હતું એમાં જણાવ્યું હતું કે જૂની પેન્શન સ્કીમ છે એ લાગુ કરવી જોઇએ. મેં પણ મારી ભલામણ સાથે શિક્ષણમંત્રીશ્રીને આ આવેદનપત્ર મોકલી આપ્યું હતું એ જ રીતે મારા ભલામણ પત્ર સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મોકલી આપ્યું છે. હું શિક્ષણમંત્રી પાસે માગણી કરું છું કે આ શિક્ષકો એ પાયાનું ઘડતર કામ કરે છે, આપણું ઘડતર પણ શિક્ષકોએ જ કર્યું છે. આપણી ભાવી પેઢીનો શિક્ષણનો પાયો મજબૂત કરવાનું કામ પણ આ જ શિક્ષકો કરે છે ત્યારે મારી વિનંતી છે કે જૂની પેન્શન સ્કીમ લાગુ કરવામાં આવે અને આ શિક્ષકોને ન્યાય આપવામાં આવે તેવી મારી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે. બીજી શિક્ષણ મંત્રીને એવી ભલામણ છે કે સરકારી શાળાઓ જે બંધ થઇ રહી છે. તેમાં મારા મતવિસ્તારમાં પરા વિસ્તારમાં જે સરકારી શાળાઓ છે એ શાળાઓ જો બંધ રહેશે તો ખેડૂતોના, ગરીબોના અને મધ્યમ વર્ગના બાળકો શિક્ષણથી વંચિત રહેશે. માનનીય શિક્ષણમંત્રી વાઘાણી સાહેબને વિનંતી છે કે મારી વિનંતીને ધ્યાનમાં રાખીને પરા વિસ્તારની સરકારી શાળાઓ બંધ ન થાય. ખાનગી શાળાઓનું જે કરવું હોય એ કરો તેની સામે વાંધો નથી પણ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો શિક્ષણથી વંચિત ન રહે એ તરફ આપ સાહેબ પૂરતું ધ્યાન આપો એવી મારી લાગણી અને માગણી છે. બીજી મારી એક વિનંતી છે.

અધ્યક્ષશ્રી : શ્રી પુનમભાઇ, બિલ ઉપર જ કહો ને.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ફરી મને ચાન્સ મળ્યો કે ન મળ્યો. છ મહિનામાં ફરી આવે કે ન આવે. મારા મતવિસ્તાર તારાપુર, ભાલપંથક, માતર, સોજીત્રા અને પેટલાદના ગામો વરસાદની અછતના કારણે..

અધ્યક્ષશ્રી : આપના પ્રશ્ન માટે આપ શિક્ષણ મંત્રીશ્રીને મળી લેજો ને?

શ્રી પુનમભાઇ મા. પરમાર : ડાંગરની રોપણી ન થવાના કારણે, સિંચાઇનું પાણી ન મળવાના કારણે અમારા ખેડૂતો પાયમાલ થયા છે. અમારા ખેડૂતોને આપઘાત કરવાનો સમય આવી ગયો છે માટે સરકારને આપના માધ્યમથી વિનંતી છે કે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મારા મતવિસ્તારના ભાલપંથકના ખેડૂતો ઉભા રહે તેના માટે સરકાર કોઇ સ્પેશિયલ પેકેજ જાહેર કરે એવી મારી વિનંતી છે. બીજી મારી વિનંતી એ છે..

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ, પ્લીઝ. આપની કોઇ પણ સમસ્યા હોય, આપ માનનીય મંત્રીશ્રીને મળી શકો છો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બે જ નાના મુદ્દા છે.

અધ્યક્ષશ્રી : ના, ના. આ રજૂઆત કરવાની નથી. આ બિલ વિશે જ બોલવાનું છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : આ ગૃહનો સમય બચે એટલા માટે. તમારા સારા સૂચનો મારા વિભાગના હોય કે અન્ય મંત્રીશ્રીના હોય. આપ ધારાસભ્યશ્રી છો, વ્યક્તિગત આપ કહી શકો. સાથે મળીને જે સુચારૂ ઉકેલ થતો હોય એ ચોક્કસ કરીશું. પણ અત્યારે આપ સ્કોપ ઉપર બોલો તો સારું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા મનની વાત છે અને બે મુદ્દા આ વિધેયક સિવાયના છે. મેં આપની મંજૂરીની અપેક્ષાએ કહ્યું. ખાલી બે જ લીટી છે. અડધી મિનિટ પણ નહીં થાય. સાંભળી લો તો સારું.

અધ્યક્ષશ્રી : શ્રી પુનમભાઇ, પ્લીઝ. આપ સમજો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આપ અધ્યક્ષ છો. આપની પરવાનગીની અપેક્ષાએ..

અધ્યક્ષશ્રી : મેં આપને પરવાનગી આપી નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : ગરીબલક્ષી એક જ મુદ્દો છે. મારા બે મુદ્દા છે પણ એક જ મુદ્દો કહી દઉં અને ગરીબોનો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં બાંટવા ગામનો એક ઠાકોરનો છોકરો ૨૫૦ રૂપિયા લઇને આણંદ દવા લેવા ગયો. આ બહુ સાચું છે. તમામ ધારાસભ્યો અને મંત્રીશ્રી મારી કોઇ કોમેન્ટ ન ગણતા અને ગંભીરતા રાખજો.. એ દવા લેવા ગયો અને વિદ્યાનગર જનતા ચોકડીએ પોલીસે તેને પકડ્યો. માતાજીની સોગંદ, શ્રી કૃષ્ણ ભગવાનને બહુ માનું છું. તેના ખિસ્સામાં ૨૫૦ રૂપિયા જ હતા. પોલીસે બાઇક મૂકાવી દીધું. પેલાએ કલાક પછી મને ફોન કર્યો. સાહેબ, મારું બાઇક મૂકાવી દીધું. મેં કહ્યું કે ૫૦–૧૦૦ રૂપિયા આપી દે. પોલીસે ફોન કર્યો અને પોલીસે કહ્યું કે સાહેબ, તમારો ફોન આવ્યો. આર.ટી.ઓ.નો ૨૦૦૦ રૂપિયાનો મેમો આપવાનો હતો પણ તમારો ફોન આવ્યો છે તો હું ૫૦૦ રૂપિયાનો મેમો આપું છું. પેલા છોકરાને મેં કહ્યું કે ૫૦૦ રૂપિયા કહે છે તો ભરી દે ને, તો કહે કે સાહેબ, ૨૫૦ રૂપિયા જ છે અને હું મારી માંની દવા લેવા નીકળ્યો છું. પછી જમાદારને મેં વિનંતી કરી.

અધ્યક્ષશ્રી : આપનું સૂચન કહો, દાખલા નહીં.

શ્રી પુનમભાઇ મા. પરમાર : એક ગરીબની વાત છે મેડમ, આ ગરીબોની બેલી એવી સરકાર છે. વારંવાર દાવા કરે છે. એટલા માટે હું વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : બિલના સ્કોપમાં વાત કરો. આ વિધાનસભા નિયમોથી ચાલે છે. પ્લીઝ. બિલના સ્કોપમાં વાત કરો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : પોલીસે મને એવો જવાબ આપ્યો કે ઉપરથી આદેશ છે. તો અહીંથી જે આદેશો કરવામાં આવ્યા છે. એ આદેશો પરત ખેંચવામાં આવે અને આવા ગરીબોના પૈસા ખંખેરી ન લે. આટલી મારી લાગણી અને માગણી છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિષય બહારની જે બાબતો હોય એ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે. નહીં તો પદ્ધતિ અને પ્રણાલી પડશે. એટલા માટે મારી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી ): ખૂબ ખૂબ આભાર. ટૂંકુ સત્ર, ઓછો સમય અને દરેક ધારાસભ્યોને મતવિસ્તારની પીડા તમારા સુધી પહોંચાડવાનું માધ્યમ મળ્યું હોય તો કદાચ વિષયથી બહાર અમારા સાથીએ વાત કરી હશે, પણ તેની લાગણી છે, શબ્દો ભલે ભૂંસી નાખો પણ તેની લાગણી તમારા હૃદયને સ્પર્શે અને સકારાત્મક નિર્ણય થાય એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ગૃહ સમક્ષ કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક ૨૦૨૧ ગૃહની સમક્ષ ચર્ચા ઉપર લાવ્યા છે એમાં આપના મારફત મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય બાપુસાહેબ નથી, હું સાંભળતો હતો, ઇનોવેશન યુનિવર્સિટી, સ્ટાર્ટ અપ યુનિવર્સિટી, ફોરેન્સિક યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, આયુર્વેદ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, રક્ષા શકિત યુનિવર્સિટી, ટેકનોલોજી યુનિવર્સિટી, હોસ્પિટાલીટી મેનેજમેંટ યુનિવર્સિટી, યોગા યુનિવર્સિટી, ભૂતકાળમાં એક ખાનગી સ્કીલ યુનિવર્સિટી પણ બની ગઇ, મેરીટાઇમ યુનિવર્સિટી પણ બની ગઇ, આ ગૃહનું કામ છે કાયદા ઘડવાનું, સરકાર હંમેશા બહુમતિમાં હોય છે, સરકાર કાયદો લઇને ગૃહ સમક્ષ આવે, ખુલ્લા મને ચર્ચા કરવાનો અવસર મળે એ આવકાર્ય છે. શું ખાલી યુનિવર્સિટી સ્થાપવાથી સમસ્યાનું સમાધાન થાય? સમસ્યાના સમાધાન માટે માત્ર કાયદા ઘડવા નહીં એ કાયદાઓનું સખતપણે અમલીકરણ થાય, સરકાર જો એ કાયદા મુજબ કામ કરે તો સમસ્યાનું સમાધાન થાય. આ સરકાર કાયદા ઘડનારી સરકાર છે, કામ કરનારી સરકાર નહીં, પરિણામે આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રત્યે ભારે મોટી નિરાશા છે. આ ગૃહમાં આપ પણ એના સાક્ષી છો,

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨થી વાઇબ્રંટ મહોત્સવથી રોકાણ વધશે, રોકાણથી ઉદ્યોગો ધમધમતા થશે, ઉદ્યોગો ધમધમતા થશે તો ગુજરાતના યુવાનોને રોજગાર મળશે. પતંગ મહોત્સવ થયા, નવરાત્રી મહોત્સવ થયા, રોજગાર મેળા પણ કર્યા અને છેલ્લે આપણું ગુજરાત ગરીબ મેળા ઉપર એ શું કામ અટકી ગયું એની આ ગૃહે ચિંતા કરવી પડે એમ છે. બાપુસાહેબે

ખૂબ સરસ વાત કરી, વોકલ ફોર લોકલ. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે, એક બાજુ તમે વોકલ ફોર લોકલનો નારો કહો છો અને બીજી બાજુ આ ગુજરાતમાં કાયદાથી ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારની જોગવાઇ હોવા છતાં મારો ગુજરાતનો યુવાન છે એને પરસેવો પાડવો છે, એ કુશળ છે, છતાં રોજગાર માટે એને દર દર શું કામ ભટકવું પડે એની આ ગૃહે ચિંતા કરવાની જરૂર છે. સમયની મર્યાદા છે, વધુ સમય નહીં લઉ પણ થોડાક મુદ્દાઓ મારે રેકર્ડ ઉપર મૂકવા ખૂબ આવશ્યક છે. ગુજરાતની અંદર આઇ.આઇ.ટી. બની, ગુજરાતની અંદર ઘણી બધી આઇ.ટી.આઇ. બની, ગુજરાતની અંદર ઘણી બધી ટેકનિકલ સ્કૂલો બની, એકવીસમી સદીના બદલાયેલા યુગની સાથે આપણું યુવા ધન છે એને નવીન ક્ષેત્રોની અંદર કુશળ બની અને ખુલ્લા આકાશમાં ઉડવા માટેનો અવસર મળે એવું વાતાવરણ ઉભું કરવાની જરૂરીયાત હતી. કમનસીબે આવું થઇ શકયું નહીં, યુનિવર્સિટીઓ વધતી ગઇ અને યુવાનોના અવસર ઘટતા ગયા. સરકાર જે વાત વિધાનસભા ગૃહ સમક્ષ લઇને આવી છે કે ગુજરાતનો યુવાન એનું કૌશલ્યવર્ધન થાય અને એ કુશળ યુવાનના એકવીસમી સદીના સપનાઓને સાકાર કરવા કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના થશે તો એનું કૌશલ્ય વર્ધન થશે અને ખુલ્લા આકાશમાં ઉડી શકશે. જેમને ઉડવું હોય એમના માટે ખુલ્લું આકાશ હંમેશા રાહ જોતું હોય છે. કમનસીબે સરકારી નીતિઓએ, સરકારી કાર્યક્રમોએ ગુજરાતના યુવાનના પગમાં બેડીઓ બાંધી હોય એવી ગંભીર કટોકટીની સ્થિતિમાંથી આજે આ ગુજરાત પસાર થઇ રહ્યું છે. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧ના રોજ ગુજરાત વિધાનસભામાં સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નનો જવાબ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માત્ર ૧૭૭૭ જેટલા જ લોકોને સરકારી નોકરી આપવામાં આવી હોવાનું ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વિધાનસભા ગૃહમાં સ્વીકાર્યું છે. ૬.૨૫ કરોડ કરતા વધુ જન પોપ્યુલેશન, ૬૫ ટકા કરતા વધુ યુવાનો ૩૫ વર્ષથી નીચેની વયના અને એમાં પણ ઉભરાતું યુવાધન સપનાઓના વાવેતરનો ભોગ બન્યા. એ ભણી ગણીને સારી નોકરી માટે, રોજગાર માટે દર દર ભટકતો થયો ત્યારે એની આંખ ખુલી હોય એવું મને લાગી રહ્યું છે. આ સરકારના આંકડા છે. વર્ષ ૨૦૦૫થી ૨૦૧૮ વચ્ચે ભરતીની જાહેરાતો થઇ એ ૨૪,૭૫૫ જેટલી સરકારી ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે ચૂંટણીના વર્ષોમાં જાહેરાતો કરી અને આ જાહેરાતોએ ભારતીય જનતા પાર્ટીના પોકળ દાવાઓ ઉજાગર કર્યા. વર્ષ ૨૦૦૫થી ૨૦૧૮ વચ્ચે વિવિધ સરકારી ભરતીઓમાં ગુજરાતનો ભણેલો ગણેલો લાખો રૂપિયા ખર્ચીને કુશળ બનેલ યુવાન છે એને સરકારને સાથ આપવો હતો, સરકારી તંત્રમાં એને ભાગીદાર બનવું હતું. ૫૫ લાખ ૩૬ હજાર કરતાં વધુ ઉર્જાવાન યુવાનો, કુશળ યુવાનોએ નોકરીઓની અપેક્ષાએ સરકારની ભરતીમાં અરજીઓ કરી. સરકારે કરોડો રૂપિયા ઉઘરાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, હું જોતો આવ્યો છું કે વર્ષ ૨૦૦૫થી આજ સુધી ચૂંટણીનું વર્ષ આવે ત્યારે સરકારના ૨૬ મંત્રાલયો, ૨૭ વિભાગો, બોર્ડ અને નિગમો તથા સરકારી કંપનીઓમાં જાણે સરકારી ભરતીની મોસમ ખુલે. અરજીઓ કરાવવામાં આવે, બેરોજગાર યુવાનોના ડેટા ભેગા કરવામાં આવે, એને ઘેર જઇને નોકરીનું આશ્વાસન આપવામાં આવે. ભરતીની પ્રક્રિયા શરૂ થાય ન થાય એ પહેલા આચારસંહિતા આંબી જાય અને એ બેરોજગાર યુવાન નોકરીની લાલચમાં નવી સરકાર બનાવવા મજબૂર થાય. માનનીય પ્રદિપસિંહજી, આ તકિયા કલામ આ ગુજરાતના યુવાનને સમજાઇ ગયો છે. આ ચૂંટણીના વર્ષોમાં સરકારી ભરતીઓ એ ભારતીય જનતા પાર્ટીની સરકારને બચાવવાનું માત્ર બહાનુ છે. આટલેથી અટક્યા નથી. આ બધા જ સરકારી આંકડાઓ છે. વર્ષ ૨૦૧૮થી આજ સુધી મેં વારંવાર સરકારને રજૂઆતો કરી કે આ ગુજરાતનો ભણેલો ગણેલો યુવાન એક ગરીબ મધ્યમ વર્ગના મા-બાપ પેટે પાટા બાંધીને, એક માં એક ટંક ભૂખી રહે અને એનું બાળક ભણી ગણીને કલમ ચલાવતો થશે તો ક્યાંક સારી નોકરી મળી જશે, સારી નોકરી મળશે તો કદાચ સારી છોકરી મળી જશે. દરેક માની ચિંતા હોય પણ કમનસીબે વર્ષ ૨૦૧૮થી આજ સુધી ૮ જેટલી સરકારી ભરતીની પરીક્ષાઓ લેવાઇ ગઇ પણ એની નિમણૂકો બાકી છે. ૧૪ જેટલી સરકારી વિવિધ ભરતીઓ છે એનું પરિણામ જાહેર કરવાનું બાકી છે. ફોર્મ ભરાઇ ગયા હોય પણ પરીક્ષા અને ઇન્ટર્વ્યુની તારીખ નક્કી થઇ ન હોય એવી કુલ ૩૬ જેટલી સરકારી ભરતીની પરીક્ષાઓ અનિર્ણિત છે, વિલંબિત છે. સરકાર જો આ ભણેલ ગણેલ યુવાનને અવસર નહીં આપે તો એની કુશળતા, એનું કૌશલ્ય મુરઝાઇ જશે એની ચિંતા જો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી હોત તો સારુ હોત.

માનનીય અધ્યક્ષશ્રી, બાપુસાહેબને હું સાંભળતો હતો. સ્ટાર્ટ અપ ઇન્ડીયા, સ્ટેન્ડ અપ ઇન્ડીયા નારાઓ ખૂબ સારા લાગે. સ્ટાર્ટ અપ ઇન્ડીયાનો નારો દીધો પણ આખા ગુજરાતના લાખો યુવાનો નોકરી માટે, રોજગાર માટે સ્ટેન્ડ અપ છે. ઉભા જ છે એને સરકારી કચેરીઓમાં ખાલી જગ્યા ઉપર કયારે બેસાડશો? હું માનનીય મંત્રીશ્રીને સવાલ પૂછવા માગું છું. એક તરફ નિષ્ફળ નીતિઓના કારણે આજે આર્થિક મંદીએ માઝા મૂકી છે અને આ મંદીની સીધી અસર કુશળ કારીગરોના રોજગારના અવસર છીનવી રહી છે. ગુજરાતની પ્રતિષ્ઠીત વેપારી સંસ્થાએ વાઇબ્રન્ટ મહોત્સવ નિમિત્તે જયારે જાહેર નિવેદન કર્યું ત્યારે ચાર લાખ કરતા વધુ નાના ફેકટરી અને કારખાના બંધ થયા હતા. એક સ્મોલ એન્ડ મીડલ સ્કેલ યુનિટની અંદર માત્ર ૧૦ યુવાનોને સીધી કે આડકતરી રીતે રોજગાર મળતો હોય તો ૪૦ લાખ કરતા વધુ કુશળ કારીગરોનો રોજગાર છીનવાયો. એની નોકરી છીનવાઇ એના માટે જવાબદાર કોણ? ગુનેગાર કોણ એનો સરકારે જવાબ આપવો પડશે. બાપુસાહેબ, ભૂતકાળમાં રાજયની તિજોરીમાંથી મુઠ્ઠીભર લોકોને કરોડો રૂપિયાના ટેકસેસન બેનીફીટ આપ્યા. પાણીના ભાવે સરકારી જમીનો આપી. નેનો બંધ થઇ ગઇ, ફોર્ડ બંધ થઇ ગઇ. ઘણા બધા દાખલા છે. આ કંપનીઓ બંધ થાય તો રોજગાર વધે કે ઘટે? આનો ખુલાસો રાજય સરકાર ગૃહમાં કરશે તો મને ગમશે.

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

'' કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ મહોત્સવ વર્ષ ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫ પછી તો રોકાણના આંકડાઓ આપવાનું સરકારે બંધ કરી દીધું. વર્ષ ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૧માં થશે કે કેમ? રાજયની તિજોરીમાંથી કરોડો રૂપિયાના ખર્ચે મહોત્સવો કરો તો વાંધો નથી પણ લાખો, કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. મારી ભુલ ન થતી હોય તો સરકારે આંકડા આપ્યા એ ૧૩૯ લાખ કરોડ રૂપિયાના રોકાણના સપના વેચાતા હતા અને બીજી તરફ સોશ્યો ઇકોનોમીકલ સરવે જે આ વિધાનસભા ગૃહની સમક્ષ આવ્યો ૧.૭૨ ટકાનું કુલ રોકાણ આવ્યાનું સરકારે વિધાનસભાગૃહની અંદર સ્વીકાર્યું છે. જાન્યુઆરી ૧૯૮૩થી સપ્ટેમ્બર-૨૦૧૬ સુધીમાં કુલ ૨૭૪૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યાનું રાજય સરકાર સામાજિક આર્થિક અહેવાલમાં સ્વીકારે છે. મારે આપને પૂછવું છે વર્ષ ૧૯૮૩માં શું વાઇબ્રન્ટ મહોત્સવ થતા હતા? વર્ષ ૧૯૮૫માં, વર્ષ ૧૯૯૦માં, વર્ષ ૧૯૯૫માં કેશુબાપાની સરકાર હતી. માનનીય બાપુ તો એ સરકારમાં પણ સાક્ષી હતા. વર્ષ ૨૦૦૨ સુધી વાઇબ્રન્ટ મહોત્સવ ન થયા અને એમ છતાં મારું ગુજરાત આખાયે દેશમાં સૌથી વધુ રોકાણ આકર્ષતું. મહારાષ્ટ્ર અને ગુજરાતની ઔદ્યોગિક હરિફાઇ થતી. મોટા, મધ્યમ, નાના ઉદ્યોગો ધમધમતા અને સરકારી શાળામાં ભણેલો ગુજરાતનો એક યુવાન હોય એને સરળતાથી સરકારી નોકરી મળતી હતી, ખાનગી કંપનીઓમાં નોકરી મળતી હતી અને આજે મારા ગુજરાતનો સ્થાનિક યુવાન રોજગારી માટે દરદર ભટકે, આંદોલન કરે. આ સરકાર એની ચિંતા કયારે કરશે? એ સવાલ છે. એક તરફ યુવાનોની નોકરીઓ છુટી રહી છે, સરકારી ભરતીમાં વિલંબ થઇ રહ્યો છે અને એનું પરિણામ કૌશલ્યવર્ધિત યુવાનો એની શકિતનો કયાંય દુરઉપયોગ કરે એવી ચિંતા સતાવી રહી છે. ૨૧મી સદીના ભારતમાં જે ઉભરતી પ્રતિભાઓ છે એની શકિતનો આપણે સદઉપયોગ કરવામાં ગુજરાતની અંદર નિષ્ફળ નીવડયા અને એનો ભોગ ગુજરાતના લાખો લોકોને બનવું પડ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, સાઇબર ક્રાઇમ. રાજ્યમાં ૩ વર્ષમાં ૬૨૯ કરોડ રૂપિયાનો સાઇબર ફ્રોડનો ૧૪૩૬ જેટલા લોકો ભોગ બન્યા. જાસૂસીમાં પોલીસ અને સાઇબર ક્રાઇમનો ઉકેલ લાવી શકતી નથી. એનું દુઃખ જો આપણે આ વિધાનસભા સમક્ષ કર્યું હોત તો મને ગમત. એકતરફ સરકારી નોકરીઓ છિનવાઇ રહી છે. બીજી તરફ સરકાર ફિક્સ પગાર, કરાર અને આઉટ સોર્સથી કુશળ જે યુવાધન છે, એનું શોષણ કરી રહી છે. નામદાર હાઇકોર્ટે ગુજરાતના એ લાખો યુવાન ૬,૯૩,૦૦૦ કરતા વધુ ગુજરાતના યુવાનો ૨૦૦૬થી આજ પર્યંત ૨૬ મંત્રાલય, ૪૩ પ્રભાગ, ૧૯૩ બોર્ડ નિગમ, કોર્પોરેશન કે કંપનીની અંદર સરકારની ભરતીના નિયમોનો સરેઆમ ભંગ કરી, કયાંક ફિકસ પગાર જે મા-બાપે ૧૫-૨૦ લાખ રૂપિયા ખર્ચીને યુવાનને ભણાવ્યો. પી.ટી.સી., બી.એડ થયા એ ૨૫૦૦ માં નોકરી કરશે? એક ભણેલો ગણેલો એન્જિનિયર ૪૦૦૦ રૂપિયામાં નોકરી કરશે? આ દેશનો સામાન્ય માણસ એના સ્વાભિમાનની રક્ષા કરવાની જાવબદારી હતી એવો મારો જવાન મારો પોલીસભાઇ, પી.એસ.આઇ. ૪૦૦૦ રૂપિયામાં નોકરી કરશે? મજબૂરીવશ લાખો રૂપિયા ખર્ચ્યા પછી એ ૪,૦૦૦, ૫,૦૦૦ કે ૭,૦૦૦ રૂપિયામાં નોકરી કરવા મજબૂર થાય અને કયારે નોકરી છૂટી જશે એનું નક્કી નહિ. ભૂતકાળમાં કહ્યુ હતું કે આઉટ સોર્સવાળા લાખો યુવાનો એની સ્થિતિ અમારા શ્રી કુવરજીકાકા અને શ્રી જવાહરભાઇ બેઠા છે. મારે રાજકીય ટીકા-ટિપ્પણીમાં પડવું નથી. મારા બંનેય પ્રિય પાત્ર છે. શ્રી કુવરજીભાઇ વડીલ છે અને શેઢા પડોશી છે. શ્રી જવાહરભાઇ સાથે મારી ગાઢ મિત્રતા રહી છે. પણ આવા કૌશલ્ય વર્ધિત ભણેલા-ગણેલા શિક્ષિત યુવાનોનું આ સરકાર શોષણ શા માટે કરે છે? હાઇકોર્ટે સરકારને આદેશ આપ્યો છે. મારી વિનંતી શ્રમ અને રોજગારી મંત્રીશ્રીને કે આ ગુજરાતના યુવાનોને તમે જો રોજગારીનો અવસર પૂરો પડવા માગતા હોય તો સુપ્રીમ કોર્ટમાં હાઇકોર્ટના નિર્ણય વિરુદ્ધ અપીલ કરી છે તે પાછી ખેંચી લો. આખી કોંગ્રેસ તમારી સાથે ઉભી છે. આ ગુજરાતનો દરેક યુવાન એને સમાન કામ સમાન વેતનનો અધિકાર મળે આ લટકતી તલવારે અનસિક્યોર્ડ જોબથી સરકારી કચેરીમાં ભ્રષ્ટાચારનો ભોરિંગ વ્યાપ્યો છે. એનાથી ગુજરાતના સામાન્ય માણસને બચાવવાની તાતી જરૂરિયાત છે અને ભાજપના નવ નિયુકત મુખ્યમંત્રી અને આખુય મંત્રીમંડળ આ નવી જવાબદારીઓ સાથે આવ્યું છે, તો શા માટે સકારાત્મક પહેલ ન કરીએ. અપેક્ષા રાખું કે સરકાર ફિકસ પગાર, કરાર, આઉટ સોર્સની પ્રથાને સદંતર નાબૂદ કરશે. બધા કર્મચારીઓને કાયમી કરશે. સમાન કામ સમાન વેતનનો અધિકાર આપવા સરકાર આગળ વધશે. કૌશલ્ય યુનિવર્સિટી બનાવી. એક કૌશલ્ય સંવર્ધન મંત્રાલય પણ બનાવવાની જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજેન્દ્રભાઇને વિનંતી કરું કે બાજુમાં ખુરશી ખાલી પડી ત્યાં કૌશલ્ય સંવર્ધન મંત્રીની નિમણૂક થાય. અને આવા ગુણવત્તા યુકત ગુજરાતના ભવિષ્ય અકાળે આથમી ન જાય એની આ સરકાર ચિંતા કરે. સરળ, સસ્તું, ગુણવત્તાયુકત શિક્ષણ મળે એની સાથે અમે તાલ મિલાવ્યો છે. અમારા સભ્યશ્રીએ કહ્યું કે આ વ્યવસ્થા ઉભી કરીએ. છેલ્લી વાત કહીને પૂરું કરી દઇશ. અસંગઠિત ક્ષેત્રના કારીગરો. શ્રી રાઘવજીભાઇ, જેના લોહીમાં કુશળતા વરેલી છે એવા કાસ્ટ કર્મીઓ હોય, મોટી કલાના કારીગરો હોય લોહ કલાના કારીગરો હોય. જેને જન્મજાત વિશ્વકર્મા સમાજ કહીએ છીએ તેવા કુશળ કાર્યકર્તાઓને દોડવા માટે આ સરકાર અવસર આપવાનું ચૂકી છે. પરિણામે એક ગુજરાતનું ગામડું કે જે ગામડામાં અઢારે વર્ણનો રોલ નક્કી હતો. અઢારે વર્ણ એક થઇને આદર્શ ગામડાની રચના કરતા હતા. આપ પણ કચ્છનું પ્રતિનિધિત્વ કરો છો, હું કાઠિયાવાડનો કાર્યકર્તા છું. એક ગામ હોય તો તેમાં એક સુથાર હોય, એક લુહાર હોય, એક કુંભાર હોય, એક ઢોલી હોય, એક બ્રાહ્મણ હોય, એક બાવાજી હોય, એક વાણીયા હોય, એક લુહાણા હોય, શ્રી રાઘવજીભાઇ હોય ને?

માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતનો દીકરો છું. એક લોહ કલાનો કારીગર ન હોત અને ગામમાં એક ભઙ્ગી ન હોત તો અમારા બાપ-દાદા હળના પાના કઢાવવા માટે ખંભે હળ લઇને કંઇ પડોશના ગામમાં જાત? આવા અસંગઠિત ક્ષેત્રના કેટલાય

કુશળ કાર્યકર્તાઓને સરકાર પૂરતા પ્રમાણમાં સહાય ઉપલબ્ધ કરાવે તો મને લાગે છે કે ગુજરાતના ગામેગામ રોજગારના નવા અવસરો ઉભા કરી શકાય તેમ છે. કમનસીબે આ અવસરોના અભાવે ગુજરાતનું યુવાધન તે નિરાશાની ગર્તામાં ધકેલાઇ રહ્યું છે. આ નિરાશાની ગર્તામાં ધકેલાતું યુવાધન કયાંક વ્યસન તરફ વળ્યું છે. આપણા સૌની ચિંતા છે. છેલ્લા બે વર્ષમાં તા. ૩–૩–૨૦૨૧ની સ્થિતિએ ૧૧૩૫ કરોડ રૂપિયાના નશીલા પદાર્થો પકડાયા તે આપણા સૌ માટે એલર્ટ સમાન છે. આ નશીલા પદાર્થોથી ભણેલું ગણેલું નિરાશાની ગર્તામાં ધકેલાતું યુવાધન તેનું જીવન બરબાદ ન કરે તેની આપણે સૌએ ચિંતા કરવી પડશે. જો આ ચિંતા કરવામાં આપણે કયાંય ઉણા ઉતર્યા તો મને લાગે છે શ્રી રાઘવજીભાઇ અને તા.૩–૩–૨૦૨૧માં આ સરકારે વિધાનસભામાં જવાબ આપ્યો છે અને તેનો આ છેલ્લો પત્ર છે. આ યુવાનોને આપણે અવસર નહીં આપી શકીએ તો તે નિરાશાની ગર્તામાં ધકેલાઇ જશે, વ્યસનની સોડમાં જશે, વ્યાજકવાદીઓની જાળમાં ફસાશે, જમીન માફીયાઓ તેની મિલકત ઝૂંટવી જશે અને નાછૂટકે આવા ગુજરાતના યુવાનોને અકાળે પોતાની જિંદગીને પૂરી કરવી પડે તેવી સ્થિતિ છે. વિધાનસભામાં મળેલા આંકડા મુજબ છેલ્લા બે વર્ષમાં ૧૪૪૧૦ જેટલા આત્મહત્યાના બનાવો નોંધાયા છે. ૪૧૪૯૩ જેટલા આત્મહત્યાના બનાવોને સરકારે કયાંક અપમૃત્યુની અંદર ખસેડી દીધા. ૨૭૧૪૮ જેટલા આકસ્મિક બનાવો, ૮૩૦૫૧ લોકોએ છેલ્લા બે વર્ષમાં અકાળે પોતાનું જીવન સમાપ્ત કરવા મજબૂર થવું પડયું, આત્મહત્યા કરવા મજબૂર થવું પડયું. આ જ ગાંધી અને સરદારના ગુજરાતમાં પ્રતિદિન ૧૧૩ જેટલા લોકોએ આત્મહત્યા શું કામ કરવી પડે છે તે સ્થિતિમાંથી ગુજરાતને ઉગારવા માટે નવનિયુકત મુખ્યમંત્રી અને નવું મંત્રીમંડળ કામ કરશે તેવી અપેક્ષા રાખું છું. કૌશલ્યા ધી સ્કિલ યુનિવર્સિટીની શરૂઆત કરી છે. કાયદો તો ઘડાઇ જશે. કામની ઉણપ તે વીસ વર્ષે ઉડીને આંખે વળગે છે. આ કામની ઉણપને નિવારવા માટે નવું મંત્રીમંડળ આગળ વધે તેવી અપેક્ષા સહ શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી: માનનીય પરેશભાઇનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. આપણે અડધો કલાક વિરામ લઇશું. ૬.૩૯ વાગ્યે ગૃહ ફરીથી મળશે.

**(વિરામ સાંજના ૬.૧૦ થી ૬.૪૦ વાગ્યા સુધી)**

**(વિરામ બાદ)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી: ઓર્ડર ઓર્ડર, માનનીય મંત્રીશ્રી બ્રિજેશભાઇ મેરજા,

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના દસ જેટલા માનવંતા સભ્યશ્રીઓએ આ વિધેયક ઉપર રસપ્રદ ચર્ચા કરી, તંદુરસ્ત સૂચનો કર્યા એ જ આ વિધેયકની મહત્તા દર્શાવે છે. મેં પ્રત્યેક માનનીય સભ્યશ્રીઓને નિરાંત સાંભળ્યા છે, તેમના કિંમતી સૂચનો નોંધ્યા છે. મારી ઇચ્છા છે કે પૂરતી છણાવટ કરું પણ ગૃહનો સમય પણ બહુ મૂલ્યવાન છે. મારા આ વિધેયક પછી ૬૦ મિનિટનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ છે. એટલે હું ગાગરમાં સાગર સમાવવાનો નમ્ર પ્રયાસ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકટર અનિલ જોષીયારા જેવા એક પીઢ અને અનુભવી સભ્યશ્રી દ્વારા તરવરિયા યુવાનોની ચિંતા કરી. શબ્દોના શણગાર અંગે હળવી શૈલીમાં લાગણી વ્યક્ત કરી. રોજગારી માટે એમણે જે ચિંતા સેવી છે એટલે તેઓ ચિંતા સેવે છે અને અમે એનું ચિંતન કરીએ છીએ. ડો. જોષીયારા સાહેબની લાગણીનો આશય અને એમણે વ્યક્ત કરેલ ચિંતાનો જવાબ આપવા હું પૂરો પ્રયાસ કરીશ અને શબ્દોને ચરિતાર્થ કરવાની કોશિષ પણ કરીશ. તેઓશ્રીએ વિધેયકને આવકારવાની ઉદારતા દાખવી છે એ માટે એમનો આભારી છું. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના યુવાન, ટેકનોક્રેટ અને પ્રત્યેક વિષયનું તલસ્પર્શી જ્ઞાન ધરાવનાર માનનીય શ્રી દુષ્યંતભાઇ પટેલે વિઝન અને મિશન અંગે જે વેધક પ્રકાશ ફેંક્યો, સ્પીડ, સ્કીલ, સ્કેલ અંગે જે ખૂબ બારીકાઇથી નિરીક્ષણ કર્યું અને ઝીણવટભર્યું અવલોકન કરીને જે મનનીય પ્રવચન કર્યું તેમજ સ્કીલ અંગે વિશદ્ છણાવટ કરી, એ વિધેયકની અનિવાર્યતા અંગે એમણે જે વિધેયાત્મક અભિગમ અપનાવ્યો તે બદલ હું ધન્યતા અનુભવું છું અને તેઓશ્રીને ધન્યવાદ અર્પું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકટર કીરીટભાઇ પટેલ જેવા એક કાયદાવીદ્ સભ્યશ્રીએ વિધેયકની પ્રત્યેક કલમોને ટાંકીને તેમના કાયદાના જ્ઞાનને અભિવ્યક્ત કર્યા છે. તેમની જે ઉપાધિ છે એ ઉપાધિને અમે આ સ્કીલ યુનિવર્સિટી દ્વારા જે ઉપાધિ આપીશું, જે ડીગ્રી આપીશું ત્યારે તમે આ બિલ વિશે જે ચિંતા સેવી છે એ ચરિતાર્થ દેખાશે. અનુભવે એમને જણાશે કે આ યુનિવર્સિટી એક રોલ મોડેલ યુનિવર્સિટી બનનાર છે. સ્કાય ઇઝ લિમિટ ફોર ધ સ્કીલ, માનનીય કીરીટભાઇ વર્તમાન કોર્સને ટચ કર્યા વગર જે સ્કીલ છે એને ટચ આપવાનો અમારો પ્રયાસ રહેશે. કૌશલ્યા નામ એ કૌશલ્યને અનુરૂપ અને માતા કૌશલ્યાના નામને સાર્થક કરનારું છે. એટલે માનનીય કીરીટભાઇ નામ નહિ પણ અમારું કામ બોલશે.

અમારા આદરણીય પિયુષભાઇ દેસાઇ, આમ તો ઋજુ પણ આજે જે એમણે ખુમારીથી આ બિલને ક્રાંતિકારી લેખાવ્યું અને ભગીરથ લેખાવ્યું અને બિલની જોગવાઇઓમાં ખૂબ ઉંડા ઉતરીને યથાર્થ નિરૂપણ કર્યું એ માટે હું શ્રી પિયુષભાઇનો આભાર માનું છું.

માનનીય શ્રી ગુલાબસિંહ રાજપૂત, યુવાનોના બેરોજગારીની ચિંતા સેવી રહ્યા હતા પણ એ યુવાનો કહી રહ્યા છે પણ અમે એમને યુવાધન કહીએ છીએ. આ યુવાધનની સ્કીલને વિકસાવવા એક કદમ આગળ વન સ્ટેપ અહેડ અમે ચાલી રહ્યા છીએ. માનનીય ગુલાબસિંહભાઇએ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની તમે ચિંતા કરી આ ગૃહના માનવંતા તેજતર્રાર સભ્યશ્રી અને

પૂર્વ ગૃહમંત્રી આદરણીય શ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને અને ફોરેન્સિક સાયન્સ વિભાગને જે રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ આપી છે એ જ બતાવે છે કે એમાં કેટલી સાર્થકતા હતી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગુલાબસિંહજી, આઇ.ટી.આઇ. બંધ કરવાના નથી, ગરીબોના બેલીની આ સરકાર છે, ગરીબોના વિદ્યાર્થીઓ કે જે અભ્યાસ કરે છે તેના પ્રત્યે અમારી પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી એક સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી તરીકેની તેમની સંવેદના છે તેને અમે આગળ લઇ જવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારું એ સદ્ભાગ્ય છે કે ગૃહના શ્રદ્ધેય અને પ્રબુદ્ધ સિનિયર સભ્યશ્રી એવા આદરણીયશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ આ બિલમાં જે ઉંડા ઉતરીને તેની પાછળની જે આખી અભિભાવના છે તેને અભિવ્યકત કરી અને યુવાનો માટે માઇલસ્ટોન લેખાવ્યું અને આ બિલ અંગે તેમના હૃદયમાં પડેલી એક સ્પંદનાને ઉજાગર કરી તે તેમની સહૃદયી વાત છે તે મનની વાત છે તેને હું નમન કરું છું અને અનેક ક્ષેત્રે આ સરકારે પારંગત કરેલ સિદ્ધિઓનું જે નિરૂપણ કર્યું છે તેને પણ હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્યશ્રી સુરેશભાઇ પટેલ આમ તો ઘણું કહેવાના હતા પરંતુ એમણે એમની વાત સમજી વિચારીને સંક્ષિપ્તમાં કહી. ઔદ્યોગિક શાંતિ, કૌશલ્યવર્ધક, ૧૫ જૂન કૌશલ્ય યુવા દિવસ તેનું મહત્ત્વ સમજાવ્યું. સ્કીલ, રી-સ્કીલ, અપ-સ્કીલ તેને જે રીતે તેમણે તેમની સમજણપૂર્વક ગૃહ સમક્ષ વાત મૂકી તે પણ ખૂબ કિંમતી અને મૂલ્યવાન તેમનું પ્રવચન રહ્યું. વૈશ્વિક સ્તરે આપણાં યુવાનોને નવી ક્ષિતિજો સર કરવાની જે તક મળે તેને પણ તેમણે ખૂબ સારી રીતે વણી લીધી છે.

માનનીય સભ્યશ્રી રઘુભાઇ દેસાઇ વિધેયકના હાર્દ, ઉદ્દેશ્ય અંગે વાત કરી. માનનીય રઘુભાઇ અમે તેને ચરિતાર્થ કરવા માટે જ અહીં બેઠાં છીએ. શિક્ષિત બેરોજગારી અંગે તેમણે ચિંતા કરી મારે આદરણીયશ્રી રઘુભાઇને કહેવું છે કે અમારી સરકારે રોજગારી ક્ષેત્રે જે ક્રાંતિકારી કદમો ઉઠાવેલા તેને યુ.પી.એ.ની સરકાર વખતે આદરણીય વડાપ્રધાન ડો. મનમોહનસિંહે પણ ગુજરાત સરકારને નવાજ્યા છે અને ગુજરાત સરકારને બેરોજગારી ઓછી કરવા માટે જે અભિનંદન આપ્યા છે, જે પારિતોષિકો આપ્યા છે તે આપણી ગુજરાત સરકારની રોજગારી ક્ષેત્રના લીધે ક્રાંતિકારી કદમો છે તેની યથાર્થતા દર્શાવે છે. "**અમે યુવાનોનું શોષણ નહીં કરીએ અમે યુવાનોનું પોષણ કરીશું "** યુવાનોનું શોષણ નહીં યુવાનોનું પોષણ કરવા આ સ્કીલ યુનિવર્સિટીનું બિલ અમે લાવ્યા છીએ. તેમણે પૂરી ઉદારતાથી બિલને જે સમર્થન આપ્યું છે તે માટે આદરણીયશ્રી રઘુભાઇ દેસાઇનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુનમભાઇ પરમાર જેવા એક સજ્જન, સહૃદયી વ્યકિતએ તેના દિલની વાત કહી દીધી અને કૌશલ્ય પ્રાપ્ત યુવાનોની જરૂરિયાત અંગે હકારાત્મક છણાવટ કરીને બિલને આવકાર્યું અને તેણે નિશાન અંગે વાત કરી ત્યારે હું કહીશ કે માનનીય શ્રી પુનમભાઇ, **"નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન** " અમારી સરકાર હંમેશા ઉંચા નિશાન, ઉંચા લક્ષ્યો અને ઉંચા આદેશો સાથે કાર્ય કરે છે અને તમે જે બિલનું સ્વાગત કર્યું છે તે માટે આપનો આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના યુવાન વિદ્વતાસભર વાતો કરતા વિપક્ષના નેતા આદરણીયશ્રી પરેશભાઇ ધાનાણીએ વિવિધ મુદ્દાઓ ઉઠાવ્યા અને અનેક સમસ્યાઓની વાતો ઉજાગર કરી. રોજગારી મેળા, બેરોજગારીની દિશામાં અંગુલીનિર્દેશ કર્યો. માનનીય પરેશભાઇ, આર્થિક મંદીની આપે વાત કરી આજે હું ગૌરવ સાથે કહી શકું છું કે કોરોના કાળમાં આર્થિક મંદી નહીં પણ ભારતભરમાં વિદેશમાં નિકાસ કરવામાં ગુજરાત પ્રથમ નંબરે આવ્યુ છે અને ભારત સરકારને હુંડિયામણ રળી આપવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે આ જ બતાવે છે કે કારખાના ધમધમતા હતા અને લાખો યુવાનોને તે કારખાનાઓ દ્વારા રોજીરોટી મળતી હતી. શ્રી પરેશભાઇએ કહ્યું કે સપનાના વાવેતર, ના સપનાના વાવેતર નહીં અમે સિદ્ધિઓની લણણી કરીએ છીએ. અહીં બેઠા-બેઠા અમારા પ્રેરણાસ્ત્રોત માનનીયશ્રી નીતિનભાઇ પટેલ ગૌરવ લઇ રહ્યા છે. એમના મુખારવિંદ ઉપરથી હું વાંચી શક્યો છું કે એમણે દિશાસૂચનો કરતો ભાવ અભિવ્યક્ત કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોરબીનો ટાઇલ્સ ઉદ્યોગ જે હરણફાળ ભરી રહ્યો છે એના યુવાનોને અમે એવી સ્કિલ આપી છે કે જે ચીનને પણ હંફાવે છે. નવી-નવી ટેકનૉલોજીનો ઉપયોગ કરી આ સિરામીક ઉદ્યોગ ચાહે મોરબીનો હોય, ચાહે હિંમતનગરનો હોય, ચાહે શ્રી નીતિનભાઇના કડીનો હોય કે થાનગઢનો હોય ત્યાં આ સિરામિક ઉદ્યોગ જે સ્કિલ દ્વારા વિકાસ પામ્યો છે એ જ બતાવે છે કે યુવાનોમાં સ્કિલની ભાવનાને અમે આયામી બનાવી છે. અમારા શ્રીમતી મનીષાબેને પણ બિલની સ્પેશ્યાલિટી, એબિલિટી, એકઝીક્યુશન, એટેમ્પ્ટમેન્ટ, આઇટીફાય, ડેલિકેસી જેવા શબ્દોથી આ બિલને બેઠાં-બેઠાં આવકાર્યું છે. શ્રી શૈલેષભાઇએ પણ એટલું જ આવકાર્યું છે. માનનીય નીતિનભાઇ, શ્રી શૈલેષભાઇ અને હું સાઢુંભાઇ થઇએ છીએ. કૌશલ્ય શબ્દ એ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જોડાણ સાથે સંકળાયેલો છે. શ્રી અનિલભાઇ જોષીયારાએ જે વાત કરી એમાં છેલ્લા પાંચ

વર્ષમાં ૧૭,૩૧,૭૫૯ લોકોને રોજગારી આપેલ છે. નોકરીદાતા અને નોકરી શોધનાર વચ્ચે અમે એક ક્રાંતિકારી કદમ તરીકે 'અનુબંધમ પોર્ટલ' મૂક્યું છે અને યુવાધનની રોજગારીની ચિંતા ગુજરાત સરકારને છે એની પ્રતિતિ આપને આ અનુબંધમ પોર્ટલની વાત ઉપરથી થશે. અનુબંધમ વેબ પોર્ટલ અને મોબાઇલ એપ રાજ્યની શ્રમ અને રોજગાર વિભાગની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા રાજ્યના યુવાનોને રોજગારી મળી રહે, નોકરીદાતાઓને કુશળ માનવબળ પૂરું પાડી શકાય એ માટે ખુલ્લાં મૂક્યાં છે. શ્રી સુરેશભાઇએ જેમ કીધું એમ રોજગાર દિવસે અમે અનુબંધમ પોર્ટલ અને મોબાઇલ એપનું પણ લોકાર્પણ કરી ચૂક્યા છીએ. અનુબંધમ પોર્ટલ નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે એક સેતુની કામગીરી કરે છે. આ પોર્ટલની સેવાનો લાભ લેવા માટે યુવાનો અને નોકરીદાતાઓને anubandham.gujarat.gov.in ઉપર રજિસ્ટ્રેશન કરાવવાનું છે. અનુબંધમ પોર્ટલની ખાસિયતો જોવા જેવી છે. યુવાનો તથા નોકરીદાતાઓની સરળ તથા ઝડપી નોંધણી, લાયકાત અનુસાર રોજગારીની વિપુલ તકોનું મેચિંગ, પોર્ટલ પરની મુખ્ય પ્રવૃત્તિઓના હાઇલાઇટ માટે ડૅસબોર્ડ, કામના પ્રકાર મુજબ ઉમેદવારોનું ઓટોમેટેડ મેચ મેકિંગ અને ઇન્ટરવ્યુ શિડ્યુલ મેનેજમેન્ટ એ અનુબંધમની સવિશેષ ખાસિયતો છે. એના વિશે ઘણું બધું કહેવાનું છે પણ સમયના અભાવે આટલી વાત આપના ધ્યાને મૂકું છું. રોજગાર મેળાઓની વાત આવી, રોજગાર કચેરીઓની વાત આવી. રોજગાર કચેરીઓમાં આઠ લાખ જેટલા બેરોજગારો નોંધાયેલ છે એવી આપે વાત કરી. રોજગાર કચેરીઓ ખાતે રોજગારવાંચ્છુઓના નામની નોંધણી ચાલુ હોય તો ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં માત્ર ૩,૮૩,૯૭૭ બેરોજગારો નોંધાયેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય સભ્યશ્રીના નમ્ર ધ્યાને મૂકવા માગું છું કે ડિસેમ્બર – ૨૦૧૬ અંતિત ૫,૯૭,૬૮૨, ડિસેમ્બર – ૨૦૧૭ અંતિત ૫,૩૭,૫૬૨, ડિસેમ્બર – ૨૦૧૮ અંતિત ૪,૬૪,૫૫૦, ડિસેમ્બર – ૨૦૧૯ અંતિત ૪,૫૮,૦૯૬, ડિસેમ્બર – ૨૦૨૦ અંતિત ૪,૧૨,૯૮૫ છે. આમ, બેરોજગારીમાં ક્રમશ: ઘટાડો થયો છે. ઓગસ્ટ–૨૦૨૧ સુધીમાં મેં આપને કહ્યું એમ માત્ર ૩,૮૩,૯૭૦ જેટલા બેરોજગારો અમારી રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા છે. જે રીતે શ્રી જોષીયારા સાહેબે કહ્યું કે વસ્તી વધી છે પણ કર્મચારીઓનું મહેકમ વધતું નથી. કર્મચારીઓનું મહેકમ વધારવા માટે પણ અમે ઘણી બધી કામગીરી કરી છે. ૭૩૪૭ સામે ૪૭૫૫ અને એ પૈકી ૨૫૯૨ અને ૧૭૫૦ની પસંદગી પણ કરી લીધી છે અને અમે ટૂંક સમયમાં તેઓને માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઓર્ડર પણ આપવાના છીએ. ઘણું બધું કહેવાનું છે પણ સમયના અભાવે હું વિશેષ વાત કરતો નથી પણ આ સ્કિલ યુનિવર્સિટીનો હેતુ નવા ઉદ્યોગોનું સર્જન, નવી ટેકનોલોજી આધારિત અદ્યતન બનાવવું, PPPના મૉડેલને વિકસાવવું, ફેકલ્ટી ટીચર્સ વગેરે છે. આ સ્કિલ યુનિવર્સિટી દ્વારા અમે એક નવો જ આયામ સર કરવા જઈ રહ્યા છીએ. ગૃહના માનનીય સભ્યશ્રીઓએ આઈ.ટી.આઈ.ની ચિંતા કરી છે તો હું એમને કહેવા માગું છું કે, D2D એટલે Diploma to Degree અને C2D એટલે આઈ.ટી.આઈ.ના સર્ટિફિકેટ કોર્સથી ડિપ્લોમા એ દિશામાં પણ અમે આગળ કાર્યવાહી કરી છે. મારી આટલી ચોખવટ અને આટલી સ્પષ્ટતા અને આપ સૌએ આ વિધેયકમાં અંગત રસ લઇને આપની જે લાગણી વ્યક્ત કરી છે ત્યારે માનનીય ઉપાધ્યક્ષ સાહેબ આપણે આટલી બધી ચિંતા સેવી રહ્યા છીએ ત્યારે આ બિલની ચર્ચામાં ભાગ લેનાર તમામ સભ્યોનો હું ખેલદિલીપૂર્વક આભાર માનું છું. આ ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી બિલને રાજ્યના વિકાસ અને રાજ્યના યુવાનોની રોજગારીના હિતને સર્વોચ્ચ હિત સમજીને ગૃહના માનવંતા સભ્યોશ્રી સર્વાનુમતે પસાર કરે એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૪ સન–૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૩૫, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૪ સન–૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧ વિધેયક ક્રમાંક –૨૪– સન ૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી બ્રિજેશ મેરજા : સર્વે માનવંતા સભ્યશ્રીઓનો હું આભાર વ્યક્ત કરું છું.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)

## વૃક્ષો ઉછેરો, ઓક્સિજન મેળવો

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા): માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષો ઓક્સિજનનો સૌથી મોટો સ્ત્રોત છે. તેથી વૃક્ષારોપણ કરીને ઓક્સિજનનું સ્તર વધારવા નાગરિકોને સજાગ કરવાની તાતી જરૂરિયાત છે.

ભારતીય સંસ્કૃતિ અને વેદોમાં પ્રકૃતિનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં પણ વનીકરણ તથા પ્રકૃતિ પ્રેમી લોકોની ઉપસ્થિતિ અને ભાવ પ્રગટ થાય છે. છેલ્લા ઘણા વર્ષોથી દેશ અને વિશ્વમાં નવા નવા રોગોનું ચલણ વધ્યું છે. આ

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) વૃક્ષો ઉછેરો– ઓક્સિજન મેળવો

પરિસ્થિતિમાં પ્રકૃતિનું દોહન કરવા આપણે સૌએ સહિયારા પ્રયાસ હાથ ધરવાના છે. કોરોનાની મહામારીએ આપણને સૌને પરોક્ષ રીતે ઓક્સિજનનું મહત્ત્વ સમજાવ્યું છે. આથી ઓક્સિજનનું સ્તર વધારવા વૃક્ષારોપણ જરૂરી છે.

વાતાવરણમાં ઉમેરાતા હાનિકારક પાર્ટીકલના કારણે માનવ શરીરમાં શ્વસનને લગતી વિવિધ સમસ્યાઓ અને રોગોનું પ્રમાણ વધી રહ્યું છે તેવામાં પ્રકૃતિનું જતન કરવા વધુમાં વધુ વૃક્ષો વાવવા નાગરિકોએ સંકલ્પબદ્ધ થવાની જરૂર છે. પ્રકૃતિનું જતન કરવું એ આપણી નૈતિક જવાબદારી છે તેથી તેનું જતન કરવા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવે તેવી મારી લાગણી છે.

આમ, વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાય અને હવાનું શુદ્ધિકરણ થાય તે સમયની માંગ છે અને તેના માટે બહોળા પ્રમાણમાં વૃક્ષોનો ઉછેર કરીને પર્યાવરણ બચાવવાના કામમાં સહયોગી બનવાના પ્રયાસો કરવા જોઇએ. વૃક્ષારોપણ દ્વારા પ્રકૃતિના જતન માટે સૌ કોઇ આગળ આવે તથા વન અને પર્યાવરણ વિભાગ અને રાજ્ય સરકાર તરફથી સાર્વત્રિક પ્રયાસો થાય તે માટે સઘન અને અસરકારક કામગીરી કરવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિના પૌરાણિક ગ્રંથો જેવા કે, વેદ–પુરાણો, ઉપનિષદો વગેરેમાં માનવસમાજ અને વૃક્ષો વચ્ચે સંબંધોના નિર્દેશ જોવા મળે છે. પૌરાણિકકાળમાં પણ લોકો વૃક્ષો અને વેલાઓના સાંનિધ્યમાં રહેતા હતા એટલે કે આપણા પૂર્વજોને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે વૃક્ષોની અગત્યતા સમજાયેલી હતી. તેથી જ લોકો વૃક્ષોની પૂજા પણ કરતા હતા. આજે પણ ધાર્મિક તહેવારોમાં વૃક્ષોની પૂજા થાય છે. આ વૃક્ષોની માનવજીવન પર સીધી અસર થાય છે. આજના વૈજ્ઞાનિકયુગમાં પણ આર્યુર્વેદિક, એલોપેથિક, હોમિયોપેથિક તેમજ બાયો કેમિકલ દવાઓ બનાવવામાં પણ  વૃક્ષો, વેલા, વનસ્પતિઓના મૂળ, છાલ, પાન, ફૂલ અને ફળનો ઉપયોગ થાય છે. કેટલાક વૃક્ષોનું વાવેતર કરવાથી અનિષ્ટ તત્ત્વો દૂર થાય છે અને માનવજીવન પર તેની હકારાત્મક અસર થતી હોવાની માન્યતા છે. આમ, આપણી પરંપરાથી ચાલી આવતી માન્યતાઓ પ્રમાણે ગ્રહ, નક્ષત્ર અને રાશિ પ્રમાણે આરાધ્ય વૃક્ષ આપણા પ્રાચીન ગ્રંથોમાં વર્ણવેલા છે અને તેને કેન્દ્રબિંદુમાં રાખીને વૃક્ષોનું વાવેતર સમાજ ઉપર હકારાત્મક અસર ઊભી કરે છે. વેદો અને વૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ પણ કયા વૃક્ષોનું આપણા જીવનમાં મહત્ત્વ રહેલું છે તો તેની વાત કરું તો વડની વાત કરીએ તો, આ વૃક્ષને ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ પણ કહેવાય છે. હિંદુ ધર્મમાં તેને પવિત્ર માનવામાં આવે છે. વડનું વૃક્ષ બહુ લાંબુ થઇ શકે છે. એવી જ રીતે પીપળાના વૃક્ષની વાત કરું તો, કહેવાય છે કે આ વૃક્ષની નીચે ભગવાન બૌદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું. પીપળાનું વૃક્ષ ૬૦ થી ૮૦ ફૂટ લાંબુ થઇ શકે છે. આ વૃક્ષ સૌથી વધારે ઓક્સિજન આપે છે. જેના કારણે પર્યાવરણવિદો પીપળાનું વૃક્ષ લગાવવાનું વારંવાર કહે છે. લીમડાની વાત કરીએ તો, આ વૃક્ષને એવરગ્રીન વૃક્ષ કહેવામાં આવે છે અને આ એક  નેચરલ એઅર પ્યુરીફાયર કહેવાય છે. આ વૃક્ષ પ્રદૂષિત ગેસ જેવા કે, કાર્બન ડાયોક્સાઇડ, સલ્ફર અને નાઇટ્રોજન હવામાંથી ગ્રહણ કરીને પર્યાવરણમાં ઓક્સિજન છોડે છે. તેના પાંદડાની રચના એવી હોય છે કે તે મોટા પ્રમાણમાં ઓક્સિજન પેદા કરી શકે છે. એવામાં હંમેશા વધારેમાં વધારે લીમડાના વૃક્ષ લગાડવાની સલાહ પણ આપવામાં આવે છે. તેનાથી આજુબાજુની હવા એકદમ શુદ્ધ રહે છે. જાંબુડાની વાત કરું તો આધ્યાત્મિક કથાઓમાં ભારતને જાંબુદ્વીપ એટલે કે ભારતને જાંબુની ધરતી પણ કહેવામાં આવે છે. જાંબુડો ૫૦થી ૧૦૦ ફૂટ સુધી લાંબો હોય છે. તેના ફળ ઉપરાંત વૃક્ષ સલ્ફર ડાયોક્સાઇ અને નાઇટ્રોજન જેવા ઝેરી ગેસ પણ હવામાં શોષી લે છે. તે સિવાય અનેક દૂષિત કણોને પણ જાંબુડો ખેંચી લે છે. આસોપાલવના વૃક્ષની વાત કરું તો, આસોપાલવ હવામાં માત્ર ઓક્સિજન જ છોડતું નથી પરંતુ, તેના ફૂલ પર્યાવરણને સુગંધિત રાખે છે અને તેની ખૂબસુરતી વધારે છે. આ એક નાનું વૃક્ષ છે જે એકદમ સીધું થાય છે. પર્યાવરણ નિષ્ણાંતોનું માનીએ તો, આસોપાલવનું વૃક્ષ લગાવવાથી માત્ર વાતાવરણ શુદ્ધ નથી થતું પરંતુ તેની શોભા પણ વધે છે.  ઘરમાં આસોપાલવનું વૃક્ષ દરેક બિમારીને દૂર રાખે છે. આ વૃક્ષ ઝેરી ગેસ ઉપરાંત હવાના બીજા દૂષિત કણો પણ ગ્રહણ કરી લે છે. એવું જ એક અર્જુન વૃક્ષ છે.  અર્જુન વૃક્ષ વિશે એવું કહેવામાં આવે છે કે તે હંમેશા લીલુંછમ રહે છે. તેના અનેક આયુર્વેદિક ફાયદા છે. આ વૃક્ષ ધાર્મિક રીતે મહત્ત્વનું પણ છે. કહેવાય છે કે માતા સીતાનું તે પસંદગીનું વૃક્ષ હતું. હવાથી કાર્બન ડાયોકસાઇડ અને દૂષિત ગેસને ગ્રહણ કરીને તેને ઓકિસજનમાં પરિવર્તિત કરે છે. એક વાંસનું વૃક્ષ એવું છે કે એ સૌથી ઝડપથી વિકસતું અથવા ખાસ વૃક્ષ છે, તેની વૃધ્ધિ અને ગતિ ખૂબ જ ઝડપી છે. વાંસના ઝાડનો ઉપયોગ હવાને તાજી કરવા માટે પણ વપરાય છે. વાંસના વૃક્ષો અન્ય વૃક્ષોની સરખામણીમાં ૩૦ ટકા વધુ ઓક્સિજન છોડે છે. એક દરિયાઇ છોડ એવો છે કે, જે અહેવાલ અનુસાર વાતાવરણમાં હાજર ૭૦થી ૮૦ ટકા જેટલો ઓક્સિજન આ છોડ દ્વારા ઉત્પન્ન થાય છે. મોટાભાગની જમીનનો ભાગ દરિયામાં હોવાના કારણે આ છોડ પૃથ્વીમાં સૌથી વધુ ઓક્સિજન આપે છે. દરિયાઇ છોડ જમીનના છોડ કરતાં પણ વધુ ઓકિસજન આપે છે. આટલું જ નહી, પણ આયુર્વેદિક વન પણ ઉભા કરવા જોઇએ. જેવા કે, અરડૂસીના વન હોય, અરડૂસી એક ઔષધિ વનસ્પતિ હોય છે. તેના પાંદડા, ફૂલ, મૂળ તેમજ આખા છોડને દવા તરીકે વાપરવામાં આવે છે. પરંતુ પાંદડા સવિશેષ વપરાય છે. એવી જ રીતે કૂવરપાઠાની વાત કરીએ તો દુનિયામાં દવા બનાવનાર ઔષધિ તરીકે ઉપયોગમાં લેવાતી તમામ.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : ઔષધિમાં માનવ સ્વાસ્થ્ય અને અતિ ઉપયોગી મહા ઔષધિ ગણાય છે. એવી જ રીતે, તુલસીના વૃક્ષના પણ આવા વનો ઉછેરવા જોઇએ. આમ, વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાઇ રહે અને હવાનું

શુધ્ધિકરણ થાય તે સમયની માંગ છે અને તેના માટે નાગરિકોમાં જાગૃતિ કેળવીને જયાં પણ જે જગ્યાએ મળે ત્યાં વૃક્ષોનો ઉછેર કરીને પણ પર્યાવરણને બચાવવાના કામમાં સહયોગી બનાવવા પ્રયાસ કરવો જોઇએ. વૃક્ષો માનવ જીવનમાં અનેક પ્રકારે ઉપયોગી થાય છે. તે આપણે સૌ કોઇ જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, હમણાં હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનવાળાએ ખૂબ જ સરસ કામગીરી કરી છે. આપણા પ્રધાનમંત્રી આદરણીય શ્રી મોદી સાહેબનો જન્મ દિવસ હતો ત્યારે એક જ દિવસમાં ૭૧ હજાર વૃક્ષો વાવીને એમનો રેકર્ડ બનાવ્યો હતો. એવી જ રીતે અત્યાર સુધીમાં ૧૫ લાખ વૃક્ષો ઉછેરવાનું નક્કી કર્યું છે. આપણા કેન્દ્રના ગૃહમંત્રી આદરણીય શ્રી અમિતભાઇ શાહ દ્વારા પમી જૂને ગ્રીન કવર ગુજરાત કરીને એક યોજના લગાવી અને એમાં ૭૧ લાખ વૃક્ષો ઉછેરવાનું એક આખુ અમદાવાદ કોર્પોરેશનમાં કામ કર્યું છે. આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના જન્મદિવસે પણ ૬૫ હજાર જેટલા વૃક્ષો આ અમદાવાદ કોર્પોરેશને ઉછેરયા હતા. આજે જ હમણાં મને વાત મળી કે, આજે શ્રી સી.આર. પાટિલ સાહેબ આપણા લોકસભાના સાંસદ અને ભા.જ.પના પ્રમુખ અમદાવાદ કોર્પોરેશનમાં ગયા ત્યારે ૧૦ હજાર વૃક્ષો પણ આજે એમના થકી ઉછેરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી: આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી પૂંજાભાઇ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી જિજ્ઞેશકુમાર સેવક જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય સભ્યશ્રી દ્વારા માનવ જીવનમાં વૃક્ષોનું કેટલું મહત્ત્વ છે અને કયા કયા વૃક્ષોનું કેટલું મહત્ત્વ છે, એની વિગતે છણાવટ સાથે એમની વાત કરી. શરૂઆતમાં જ એમણે જણાવ્યું એ પ્રમાણે કે, માનવ જીવનમાં ઓક્સિજનની કેટલી જરૂરિયાત છે? એની ઉપર એમણે ભાર મુક્યો છે એમને આવકારુ છું અને સાથો સાથ કોરોનાની બે વર્ષની મહામારીમાં ઓક્સિજન માટે ગુજરાતના લોકો જે રીતે દર દર ભટક્યા છે એને પણ આપણે પ્રત્યક્ષ રીતે નજર સમક્ષ જોયું છે. આ સંકલ્પ તરફથી અથવા છેલ્લા ૨૦ વર્ષથી, ૨૫ વર્ષથી સરકાર સત્તાસ્થાને છે અને આ સરકારે વનોમાં વધારો કરવા માટે આખા રાજ્યમાં ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વનોની જે સંખ્યા છે એ જોતાં ૧૧ ટકા જેટલું વન અત્યારે રાજ્ય ધરાવે છે. સામાન્ય રીતે રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ ૩૩ ટકા વન હોવું જોઇએ એની સામે તેની સામે માત્ર ૧૧ ટકા વન આપણે ધરાવીએ છીએ અને એમાં પણ નોર્મલ અને સામાજિક વનીકરણ બન્ને આવી જાય છે. ત્યારે જો રાજ્ય સરકારે ચિંતા કરી હોત તો ૨૫ વર્ષમાં તો આ કોરાનાની મહામારીમાં લોકોને ઓકસિજન માટે દર દર ભટકવું પડયું છે એ ભટકવાની જરૂરીયાત ન રહેત અને ઓક્સિજન પૂરતા પ્રમાણમાં મળી રહેત એમ હું ચોક્કસપણે કહી શકીશ. (અંતરાય) તમે ઝાડ વાવ્યા હોત તો બરાબર. અત્યારે તમે આ સંકલ્પ લઇને આવ્યા છો, તો ઓકસિજન પૂરતા પ્રમાણમાં મળી રહેત, પૂરતા પ્રમાણમાં ઓકસિજન મળે તો માણસોના મૃત્ય પામવાનો વારો આવ્યો ન હોત. સંકલ્પ લઇ આવ્યા છે એમાં રાજ્ય સરકાર ચિંતન અને મનન કરે. દર વર્ષે વન વિભાગ તરફથી બજેટ ફાળવણી કરવામાં આવે છે. આના દ્વારા સમાજિક વનીકરણ મારફતે પણ આપને વન ઉત્તપન્ન કરીએ છીએ. બાકીના નોર્મલ રીતે વૃક્ષો વાવીને વન ઉભું કરીએ છીએ. આમાં ખાસ કરીને સરકાર સમાજિક વનીકરણ પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો આપણે ખર્ચ કરીએ છીએ. આના માટે સભ્યો દ્વારા અહીંયાં પ્રશ્નો પણ પૂછવામાં આવે છે. કેટલા વૃક્ષો વાવ્યા અને કેટલા જીવંત રહ્યા, ત્યાર બાદ કેટલા લાંબા સમય સુધી ટકયા. આપણે જે સામાજિક વનીકરણ કરીએ છીએ, સભ્યશ્રી જિજ્ઞેશભાઇએ જે વૃક્ષોનો અહીંયાં ઉલ્લેખ કર્યો છે એ વૃક્ષોનું વાવેતર સરકાર દ્વારા આપણે કરતા નથી. મોટા ભાગે સામાજિક વનીકરણ નીચે ગાંડા બાવળ (અંતરાય) નું વાવેતર થાય છે અને જે અન્ય વૃક્ષોનું વાવેતર આપણે કરીએ છીએ એ વાવેતર આપણે પૂરતા પ્રમાણમાં પર્યાપ્ત રીતે આપણે કરી શકતા નથી.

કુદરતે જયારે પ્રકૃતિની રચના કરી છે ત્યારે ધર્મ અને અધર્મ શું એની વ્યાખ્યા કરવી હોય તો ધર્મ એટલે કુદરતે જે પ્રકૃતિની રચના કરી છે એ રચના મુજબ માનવ ચાલે અને એને અનુરુપ ચાલે તો એ ધર્મ અને અધર્મ એને કહી શકાય કે કુદરતે જે પ્રકૃતિની રચના કરી એની વિરૂદ્ધમાં જઇને આપણે અનુકરણ કરીએ તો એ અધર્મ. મારે કહેવું પડશે કે પ્રકૃતિની જે રચના થઇ છે એ પ્રમાણે ભૌતિક સુખો મેળવવા માટે, ભૌતિકતા ઉભી કરવા માટે અથવા ડેવલપ કરવા માટે જે રીતે આપણે એની ઘેલછામાં આપણે આગળ ચાલ્યા છીએ, તેના કારણે પર્યારણ પર જે અસરો થઇ છે એ વૈશ્વિક પર્યારણની ચિંતા આજે સમગ્ર વિશ્વની અંદર થઇ છે. ત્યારે મારે કહેવું જોઇએ કે તાજેતરમાં જર્મનીની અંદર જે ચૂંટણીઓ થઇ એમાં જળ, વાયુ પરિવર્તન અને એ જે પરિવર્તન જે છે એ મુખ્ય મુદ્દો હતો. આપણા દેશમાં પણ સંસ્કૃતિ પ્રાચીન કાળથી પ્રકૃતિના જતન અને સંવર્ધનના મૂલ્યો વણાયેલા રહ્યા છે અને તેનાથી વિમુખ થઇને ભૌતિકતા તરફની આંધળી દોટના કારણે અને ઉદ્યોગ ગૃહોના પ્રભાવમાં તેઓના આર્થિક હિતો સાચવવા અને વિકાસની આભાસી ખ્યાલમાં ઘટતા જતા સ્થાનિક વન, પ્રાકૃતિક સમતુલા પરત્વેની અસમતુલા સ્થિતિનું નૈતિક નિર્માણ થયેલ છે.

આપણા સૌની એ જવાબદારી રહે છે કે આપણે સૌ આપણી આવનારી પેઢીને માટે પ્રાકૃતિક અને નૈસર્ગિક સ્વરૂપે વારસામાં આપીએ અન્યથા ભવિષ્યની પેઢી આપણે માફ નહીં કરે.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં પૂરું કરો. માનનીય પૂંજાભાઇ, બે મિનિટમાં પૂરું કરો.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) વૃક્ષો ઉછેરો– ઓક્સિજન મેળવો

શ્રી પૂંજાભાઇ ભી. વંશ :ત્યારે અસરકારક અને પરિણામ લક્ષી પગલાં લેવામાં આવે. વર્ષોથી વન મહોતસ્વ ઉજવીએ છીએ વૃક્ષારોપણના કાર્યક્રમો કરીએ છીએ પ્રચાર અને પ્રસાર થાય છે. પરંતુ વન વિસ્તાર ઘટતો જાય છે. માત્ર કાગળ પર જ આદર્શ યોજનાઓની આંકડાકીય માયાજાળ યુકત સિદ્ધિઓ દર્શાવીને પરિણામલક્ષી ધ્યેય હાંસલ થઇ શકે નહીં. પ્રકૃતિની જાળવણી, સંવર્ધન અને તેની જાળવણી માટે નક્કર પગલાં જરૂરી છે. આ બાબતે ઝીરો ટોલરન્સ અપનાવી જવાબદાર તંત્રનું ઉત્તરદાયિત્વ નિર્ધારિત કરવા બાબતે પણ વિચારણા કરવી જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારને એ કહેવા માગું છું કે જાપાનના વન્સપતિ શાસ્ત્રી અને વૈજ્ઞાનિક એવા અકિરા મીયા વાકી દ્વારા વિકસિત કરેલ મીયાવાકી પદ્ધતિથી આપણા રાજ્ય માટે કેટલા પ્રમાણમાં પ્રસ્તુત છે આ પદ્ધતિ તેનો અભ્યાસ અને પ્રયોગો કરવા જોઇએ અને મીયાવાકી પદ્ધતિથી એક જ વિસ્તારમાં આશરે ડઝન જેટલી વિવિધ સ્થાનીક વૃક્ષોની જાતોને નજીક નજીક રોપવામાં આવે છે. જેમાં આશરે ૨૦ ચોરસ મીટર જેટલી નાની જગ્યામાં વિવિધ સ્થાનિક પ્રજાતિના વૃક્ષોને નજીક નજીક વાવવામાં આવે છે જેથી પ્રત્યેક વૃક્ષને ઉપરના ભાગે પ્રત્યક્ષ સૂર્ય પ્રકાશ મળી રહે જેથી તેનો વિકાસ થાય. એટલે આ સંકલ્પના મારા વિચારોના અનુસંધાને હું રાજય સરકારને વિનંતી કરું છું કે આ મીયાવાકી પદ્ધતિ છે એ પદ્ધતિનો આવનારા દિવસોમાં વન વિભાગ દ્વારા તે કેટલો પ્રસ્તુત છે તેના માટેનું અમલીકરણ કરવામાં આવે અને એ પદ્ધતિ જો આપણા રાજયને સાનુકૂળ પડે તો આ પદ્ધતિનો સારી રીતે ઉપયોગ કરવો જોઇએ. માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના હાર્દને રાજય સરકાર સ્વીકારે અને પ્રસ્તાવ પરત ન ખેંચે તેવી પણ હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય સભ્યશ્રી જીજ્ઞેશભાઇ સેવક છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પ્રસ્તાવ લઇને સભ્યશ્રી આવ્યા છે તેમાં વૃક્ષના ઉછેર અને જતન ઉપર ભાર મૂકેલ છે. કયું વૃક્ષ આપણને કેટલું ઉપયોગી થઇ શકે એ બાબત એમણે વિચારી છે, તે ખૂબ આવશ્યક અને સમયની માંગ પણ છે. પ્રાણી જીવન માટે હવા, પાણી અને ખોરાક મુખ્ય જરૂરિયાત છે અને તે વૃક્ષ જ આપી શકે. આપણી જરૂરિયાત પ્રમાણે વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહેવાની, વિકાસ એ અનિવાર્ય છે અને વિકાસ થાય એટલે એની આડ અસરો પણ થઇ શકે તે સહજ બાબત છે. પરંતુ દુરંદેશીપણું અપનાવીને આવી આડ અસરો કેવી રીતે ઓછી થાય એવો અભિગમ અપનાવવો રહ્યો અને મારે ચોક્કસ કહેવું જોઇએ કે આપણા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવેલી સ્માર્ટ સીટી યોજનામાં પણ સર્વેની સુખ સુવિધા અને તેની સાથે પર્યાવરણની જાળવણી અને વિકાસને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિના પૌરાણિક અગણિત ગ્રંથો જેવા કે વેદ પુરાણ, ઉપનિષદોમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધનો નિર્દેશ જોવા મળે છે. પૌરાણિક કાળમાં લોકો વૃક્ષ અને વેલાના સાનિધ્યમાં રહેતા હતા. એટલે કે આપણા પૂર્વજો સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે વૃક્ષની અગત્યતા સમજતા હતા અને વૃક્ષોની પૂજા પણ કરતા હતા. આજે વૈજ્ઞાનિક યુગમાં પણ આયુર્વેદીક, એલોપેથીક, હોમિયોપેથીક, બાયો કેમિકલમાં દવામાં વનસ્પતિના મૂળ, છાલ, થડોનો ઉપયોગ થાય છે. કેટલાક વૃક્ષોના વાવેતરથી અનિષ્ટ તત્વો પણ દૂર થાય છે જેની માનવ જીવનમાં હકારાત્મક અસર થતી હોવાની માન્યતા રહેલી છે. અને આપણી આ પરંપરા ચાલી આવતી માન્યતા પ્રમાણે ગૃહ, નક્ષત્ર અને રાશી સાથે વૃક્ષોને વર્ણવ્યા છે. જે કેન્દ્ર સમક્ષ રાખીને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના મુખ્યમંત્રી કાળ દરમ્યાન વૃક્ષોના સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વની સમજ પહોંચે તે માટે સાંસ્કૃતિક વન સ્થાપવાની શરૂઆત ગાંધીનગર ખાતે પુનિત વનથી કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨૧ જેટલા સ્થળોએ પૈરાણિક ગ્રંથોના ઉલ્લેખો પર આધારિત સાંસ્કૃતિક વનો વિકસાવવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વને કોરોનાની મહામારીએ ઓકસીજનનું શું મહત્ત્વ છે તે સમજાવ્યું છે અને આ ઓકસીજનનો સૌથી મોટો સ્ત્રોત વૃક્ષો છે. વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને વૃક્ષો રોપવાનું કામ કરીને પવિત્ર અને પુણ્યનું કામ કરવાનું સમજીને વધુમાં વધુ વૃક્ષો વાવીને એનું જતન કરીએ. આ તબક્કે હું એ પણ કહીશ કે મારા વિસ્તારમાં એટલે કે મારા ગામમાં રોટરી કલબ, ગ્રામ પંચાયત અને વન વિભાગના સહયોગથી ૨૧૦૦૦ વૃક્ષો વાવીને ઓક્સિજન પાર્ક તૈયાર કર્યો છે. ગત વર્ષના વન મહોત્સવ કાર્યક્રમમાં ૨૧૦૦૦ વૃક્ષો વાવ્યા હતા અને આજે ૧૫ માસ પછી પણ ૨૦૭૦૦ વૃક્ષો તૈયાર થયા છે એટલે કે વૃક્ષો વાવીએ અને પછી એનું જતન કરવું એનું એક મોટું ઉદાહરણ છે, ખૂબ સુંદર પાર્ક તૈયાર થયો છે.

આજે મારે અહીંયા એ પણ યાદ અપાવવું જોઇએ કે આપણા દેશના ગૃહમંત્રીશ્રી આદરણીય અમિતભાઇ શાહની પ્રેરણાથી અમદાવાદમાં સિંધુ ભવન ખાતે પણ ૩૫૦૦૦ જેટલા વૃક્ષો સાથે ઓક્સિજન પાર્કનું નિર્માણ કરવામાં આવેલ છે.

હવામાં પ્રસરતા પ્રદૂષણથી શરીરને લગતી સમસ્યાઓ અને રોગોનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે નાગરિકો સંકલ્પબદ્ધ થાય એ પણ ખૂબ આવશ્યક છે અને હવામાં ઓકસીજનનું પ્રમાણ જળવાય, હવાનું શુદ્ધિકરણ થાય એ સમયની માંગ છે એટલે વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને એનું જતન કરીએ સુખાકારી વધે આરોગ્યમય અને સમૃદ્ધિ વધારીએ એ જ આજના સમયે સભ્યોને મારી નમ્ર વિનંતી છે. માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું અનુમોદન છે. આ પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે બધા સભ્યો વધુમાં વધુ વૃક્ષો વાવે અને એનું જતન કરે એ જ અભ્યર્થના.

## આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) વૃક્ષો ઉછેરો- ઓક્સિજન મેળવો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી):માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી જિગ્નેશભાઇ સેવક છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

ખેડૂતનો દીકરો છું ખેતી કરતો કરતો વિધાનસભા અને સાંસદ સુધી પણ પહોંચ્યો છું. અનેક સંસ્થાઓમાં પણ કામગીરી કરી ચૂક્યો છું. વૃક્ષો એ એક મહત્ત્વની બાબત છે અને વૃક્ષોનું જતન કરવું આ બધા નાગરિકોની ફરજ છે અને તેમાંય ખાસ કરીને અહીંયા બેઠેલા સભ્યશ્રીઓ કે જેને લોકો ચૂંટીને મોકલે છે એમણે વૃક્ષોનું વાવેતર વધારે થાય એ તરફની પ્રેરણા રાખવી જોઇએ એવું હું જરૂર માનું છું. શ્રી જિગ્નેશભાઇ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે વૃક્ષો જરૂરી પણ છે. એક વખત એવું કહેવાતું હતું કે અમારું ગીર ફોરેસ્ટ એટલે બગસરા એ ફોરેસ્ટ ગીરનું નાકુ ગણાતું હતું. આજે એનાથી સાત કિલોમીટર દૂર સુધી ઘટાદાર વૃક્ષો હતા એ કપાયા છે. એ કપાતા વૃક્ષોને બચાવવા માટેની જવાબદારી જો કોઇને હોય તો એ શાસક પક્ષની થાય છે. વૃક્ષો દિન પ્રતિદિન કપાતા જાય છે, નવા વૃક્ષો વાવવાને બદલે જે કપાતા વૃક્ષો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા માટેની જે કડક કાર્યવાહી હોવી જોઇએ એમાં હજુ પણ કડક કાર્યવાહી કરવાની જરૂર છે. રસ્તાઓ ઉપર અનેક વૃક્ષો વાવવામાં આવે છે રસ્તાઓ હરિયાળા બનાવવા માટેનું સ્વપ્ન હતું. માનનીય નીતિનભાઇ પણ તે વખતે માર્ગ અને મકાન ખાતાના પ્રધાન હતા નવા નવા રસ્તાઓ બન્યા છે અનેક વૃક્ષો વાવ્યા છે નીતિનભાઇને અભિનંદન આપીશ પણ વૃક્ષો વાવ્યા પછી એનું જતન થતું નથી એ જતન માટેની જવાબદારી પણ ફિકસ થવી જોઇએ. એ વૃક્ષો ઉખેડી દેવામાં આવે છે એના પીંજરા પણ લઇ જાય છે ત્યાં પણ જવાબદારી નક્કી થાય તો આવા જે વૃક્ષો વાવવા માટેની સરકારે ચિંતા કરી છે એમ કહેવાશે. અમારા જિગ્નેશભાઇ કરે છે એની સાર્થકતા વધશે. તેમણે વાત કરી વાસમાં ઓકસીજન વધારે છે, મારા દાદા મને કહેતા કે પીપળાનું વક્ષ બહું જરૂરી છે ૨૪ કલાક ઓકસીજન કાઢતું કોઇ હોય તો પીપળો છે. તેને ધર્મ સાથે પણ જોડી દેવામાં આવેલ છે. પીપળો વાવ્યા પછી એક માતા સન્માન અધ્યક્ષા તરીકે નવાજયા છે ત્યારે તમને ખબર હશે, પીપળાના મહત્ત્વ અંગે બહેનોને વધારે ખ્યાલ હોય છે. ઘરે કોઇ કબૂતર ચરક્યું હોય અને આપણા મકાન ઉપર પીપળો થાય તો આપણે એને ખસેડી શકતા નથી આપણે મજૂરને કહીએ છીએ અથવા આપણે ત્યાં કામ કરતાં કોઇ વ્યકિતને કહીએ છીએ કે આ પીપળાનું વૃક્ષ ઉપાડી લે. એને ધર્મ સાથે જોડી દીધું છે એ ઉખેડતા નથી. પીપળો આવું એક મહત્ત્વનું વૃક્ષ છે. મારે ગૃહના તમામ સભ્યોને કહેવું છે કે પીપળાના વૃક્ષના વધારેમાં વધારે વાવેતર રોડ ઉપર થવા જોઇએ અને તેનું વધારેમાં વધારે જતન થાય એ જરૂરી છે. કારણ કે ઓક્સિજન બહુ જરૂરી બન્યો છે. કોરોના જેવી ભયંકર મહામારી થઇ.ઓક્સિજનના કારણે અનેક લોકો મુશ્કેલીમાં મૂકાયા. સરકાર આંકડા જરૂર આપે છે કે ઓક્સિજનના કારણે મરણ નથી થયા પણ લોકો જાણે છે કે ઓક્સિજનની કમીના કારણે અનેક લોકોએ કોરોના દરમ્યાન જીવ પણ ગુમાવવા પડ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીગ્નેશભાઇએ તેમના પ્રસ્તાવમાં પણ કોરોનાનો ઉલ્લેખ કર્યો છે એટલે હું જરૂર કહીશ કે વૃક્ષનું જતન કરવું. આપણું ગાંધીનગર મહત્ત્વનું ગ્રીન સિટી બન્યું છે. ધારાસભ્ય ક્વાર્ટર ઉપર જે કણજીના વૃક્ષના વાવેતર થયા છે ત્યાં સવારના અમારા અનેક ધારાસભ્યો ચાલે છે. એ વૃક્ષો ઘટાટોપ થયા છે. આવા ઘટાટોપ વૃક્ષો બધે થાય તેના માટે આ ગૃહે ચિંતા કરવાની જરૂરિયાત છે. શ્રીજીગ્નેશભાઇએ તો વડાપ્રધાનની પણ વાત કરી. શ્રી અમિતભાઇની પણ વાત કરી. સાંસદની પણ વાત કરી. હું કહીશ તો ટીકા-ટીપ્પણ થશે. કહેવા પણ માગતો નથી. આજે ટીકામાં પડવા પણ માગતો નથી. છેલ્લો દિવસ છે. બે દિવસનું સત્ર હતું એટલે. વૃક્ષ વાવવાની જવાબદારી માત્ર બે-પાંચ વ્યક્તિઓની જ છે? વૃક્ષ તો બધાએ વાવવા જોઇએ. એટલા માટે મેં સભ્યોને કહ્યું કે આપ ચૂંટાયેલા સભ્યો છો. ત્રણ-ત્રણ લાખના પ્રતિનિધિઓ છો. આમાંથી વધારે પ્રેરણા મળે તેના માટે તમામે આ જવાબદારી સ્વીકારવાની છે. માત્ર વાતો કરવાથી વૃક્ષો વધશે નહીં. વૃક્ષોનું વાવેતર થયું છે. તેને કોઇ કટીંગ કરતા હોય, ખેડૂતને એક નાનું ઝાડ કાપવું હોય તો મંજૂરી લેવા માટે મામલતદાર સુધી જવું પડતું હતું. કડક કાયદાઓ હતા. આજે ગમે ત્યાં આડેધડ વૃક્ષ કપાઇ જાય છે એ કાયદાઓની કડક અમલવારી ફરી વખત લાવવાની જરૂરિયાત છે અને શ્રી જીગ્નેશભાઇ સરસ મજાનો પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિધાનસભા ગૃહને કહું છું કે આજે બે દિવસનું ટૂંકું સત્ર મળ્યું. મહિનાનું સત્ર મળ્યું હોત તો હજુ પણ ગુજરાતના લોકોની વધુ ચિંતા કરી શકાત. બે દિવસનું સત્ર મળ્યું છે અને છેલ્લા દિવસે તમે આ પ્રસ્તાવ લઇને આવ્યા છો ત્યારે ગૃહના તમામ સભ્યો આ પ્રસ્તાવ સ્વીકારે અને વધારેમાં વધારે વાવેતર પીપળાના અને વાંસના વૃક્ષોનું થાય, જે ઓક્સિજન આપતું વૃક્ષ છે. ૩૦ ટકા ઓક્સિજન વાંસ આપે છે. શ્રી જીગ્નેશભાઇએ કહ્યું તે પ્રમાણે પીપળો ૨૪ કલાક ઓક્સિજન આપતું વૃક્ષ છે. તેનું વાવેતર વધારે થાય, જેથી કરીને આ ધરતી ઉપર ઓક્સિજન ન ઘટે તેના માટે ચિંતા કરીએ. શ્રી જીગ્નેશભાઇ સેવકના પ્રસ્તાવને હું આવકારું છું અને આ પ્રસ્તાવ ગૃહ સર્વાનુમતે સ્વીકારીને વધારેમાં વધારે વૃક્ષોનું વાવેતર થાય તે માટે ચિંતા કરે તેવી લાગણી વ્યક્ત કરું છું.

શ્રીવિજયભાઇ ર. પટેલ(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના સભ્યશ્રી માનનીય જીગ્નેશભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ આઝાદ થયો ત્યારે આપણાં દેશની વસતિ લગભગ ૪૦ કરોડની આજુબાજુ હતી, જે આજે વધીને ૧૩૫થી ૧૪૦ કરોડ જેટલી થવા જઇ રહી છે. તો જેમ જેમ જનસંખ્યા વધતી ગઇ છે તેમ તેમ લોકોની જરૂરિયાત વધતી ગઇ છે. જેના કારણે અનેક સમસ્યાનું સર્જન થયું છે જે આપણે આ વખતે જોયું. કોરોના મહામારીની અંદર આપણને

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) વૃક્ષો ઉછેરો– ઓક્સિજન મેળવો

ઓક્સિજનની ખૂબ જરૂર પડી ત્યારે બધાને એક વિચાર આવ્યો કે ખરેખર વૃક્ષો વાવવા જોઇએ. વૃક્ષો ઉછેરવા જોઇએ. વૃક્ષો આપણને મફતમાં ઓક્સિજન પૂરો પાડે છે. હું પણ ડાંગ જેવા વનવિસ્તારમાંથી આવું છું. ત્યાં ખૂબ શુદ્ધ વાતાવરણ છે. ત્યાં ખૂબ સારો ઓક્સિજન મળી રહે છે. એટલા માટે વૃક્ષોની જરૂરિયાત છે. એ આ કોરોના મહામારીની અંદર ખબર પડી. જીવન જીવવા માટે રોટી, કપડાં ઔર મકાન આની તો જરૂર છે જ પણ આ કોરોના મહામારીની અંદર જેટલી જરૂરિયાત ઓક્સિજનની હતી ત્યારે આપણને ઓક્સિજનનું મહત્ત્વ સમજાયું છે. આ જે વૃક્ષો છે તેના થકી આપણને ફળ મળે છે, ફુલ મળે છે. ઇમારતી લાકડું મળે છે. આ વૃક્ષો થકી આપણને છાંયડો મળે છે. આ વૃક્ષો થકી આપણને વનપેદાશો મળે છે. બહેડા છે, હરડે છે, મહુડા, ડોડી છે, સફેદ મૂસળી છે. આ બધું વન વિસ્તારમાંથી મળે છે. ત્યારે એનાથી આ વિસ્તારની અંદર રહેતા લોકોને પણ રોજગારી પૂરી પાડે છે. આ વૃક્ષો થકી જે વાતાવરણ છે એ શુદ્ધ રહે છે. સાથે સાથે આ વૃક્ષો, વરસાદને, વાદળોને ખેંચી લાવે છે અને આ વિસ્તારની અંદર ખૂબ જ વરસાદ પડે છે અને જે જમીનનું ધોવાણ થતું હોય એ ધોવાણ અટકે છે. આ જે વન વિસ્તાર છે એમાં વન વિભાગ દ્વારા વનોનું વાવેતર કરવામાં આવે છે અને મને જણાવતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૦૪માં જે વૃક્ષોની ગણતરી કરવામાં આવી એ ગણતરી પ્રમાણે વર્ષ ૨૦૦૪માં ૨૫.૧૦ કરોડ જેટલા વૃક્ષોની સંખ્યા હતી એ આજે વર્ષ ૨૦૨૧ની અંદર વધીને લગભગ ૩૯.૭૫ કરોડ થવા થઇ રહી છે ત્યારે ખરેખર વન વિભાગને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ અને વન વિભાગ દ્વારા જે આ વન વિસ્તાર છે એની અંદર જે ઐતિહાસિક સ્થળો, ધાર્મિક સ્થળો છે, પર્યટનના સ્થળો છે એ સ્થળોનો વિકાસ કરવામાં આવ્યો છે. આ સ્થળોનો વિકાસ થવાથી અનેક પર્યટકો આ વિસ્તારની મુલાકાતે આવે છે. જેના થકી આ વિસ્તારના સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડે છે જેના કારણે ત્યાંના લોકોનું જીવન ધોરણ ઉપર આવી રહ્યું છે ત્યારે આ સન્માનનીય સભાગૃહની અંદર મારે તો એક જ વિનંતી છે કે આપણે બધા સાથે મળીને વૃક્ષો વાવીએ, વૃક્ષોનું જતન કરીએ, સમાજની અંદર જાગૃતતા લાવીએ અને સમાજની અંદર જાગૃતતા લાવીને આપણે આ ગુજરાતની સાડા છ કરોડની જે જનતા છે એની અંદર કદાચ દરેકનો જન્મદિવસ આવે છે એ જન્મદિવસ નિમિત્તે આપણે બધા જો એક એક વાવીશું તો એક વર્ષની અંદર સાડા છ કરોડ વૃક્ષો તો આપણા જન્મ દિવસે આપણે વાવી શકીએ છીએ ત્યારે માનનીય સભ્યશ્રી આજે જે પ્રસ્તાવ લાવ્યા છે એને હું સમર્થન આપીને વિરમુ છું. વંદે માતરમ.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સેવક જે પ્રસ્તાવ લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ જીવસૃષ્ટિ ઉપર ઝાડનું મહત્ત્વ છે એ સમજાવતો પ્રસ્તાવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઝાડ એકલું ઓકસિજન આપે છે એવું નથી એ સાથે આયુર્વેદિક દવા પણ આપે છે અને એને પથ્થર મારીએ તો પણ એ ફળ આપે છે. આ વૃક્ષો આપણી પાસે છે પરંતુ આપણે વાવવાના ઘણા મોટા મોટા આકડા બતાવીએ છીએ પરંતુ એમાં વન વિસ્તાર વધતો નથી અને જે કંઇ વૃક્ષો વાવીએ છીએ એ વૃક્ષ જીવે છે કે કેમ એની પાછળ કોઇ ધ્યાન હોતું નથી એના કારણે આપણે આંકડાઓ તરફ જઇ રહ્યા છીએ પરંતુ વિકાસના નામે આપણે વૃક્ષોનું નિકંદન દિવસે દિવસે કાઢતા રહીએ છીએ. હમણાં જ વાત થઇ, ગાંધીનગર ગ્રીન સીટી કહેવાતું, ગાંધીનગરથી અમદાવાદ જઇએ એટલે એટલા બધા વૃક્ષો હતા પણ આજે વિકાસના નામે બધા વૃક્ષો ઓછા થઇ ગયા, એટલા બીજા વૃક્ષો આપણે વાવી શકતા નથી પણ આકડા આપણે જરૂર બતાવીએ છીએ. અમારા ટ્રાયબલ વિસ્તારમાં વૃક્ષો હતા પણ એ વૃક્ષો પણ વિકાસના નામે, કયાંક બુલેટ ટ્રેન, કયાંક હાઇ લેવલ કોરીડોર કે બીજી યોજનાઓ ઝીંક પ્રોજેકટ એવા નામે આ જે વૃક્ષો છે એ કપાતા જાય છે અને એના લીધે વૃક્ષોનું નિકંદન નીકળતું જાય છે. વૃક્ષની જે માનનીય સદસ્યશ્રી વાત કરતા હતા આંબો અને આસોપાલવનું મહત્ત્વ ખૂબ જ વધારે છે. અમારો સમાજ તો પ્રકૃતિ પ્રેમી છે અને એટલા માટે એ પહેલેથી જય જુહારથી અભિવાદન કરે છે. આંબો અને આસોપાલવથી તોરણ બંધાય છે, કોઇનું સ્વાગત કરવાનું હોય ત્યારે એટલા માટે એનું તોરણ બંધાય છે. કારણ કે એમાં ઓક્સિજનનું પ્રમાણ ખૂબ વધારે છે. ઇવન વર જયારે કન્યાના ત્યાં જાય છે ત્યારે ત્યાંના લોકો પણ ચીંતા કરે છે કે વરને કોઇ ઓકસીજનની કમી મહેસૂસ ન થવી જોઇએ એટલા માટે આ તોરણ બંધાય છે પણ આજે તો પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આજે તો ફટાકડા ફોડે છે અને એના કારણે પર્યાવરણ ઉપર અસર પડી છે અને આ પર્યાવરણ પર અસરને કારણે આજે આખું વિશ્વ ચિંતા કરતું થઇ ગયું છે. એના કારણે વરસાદ અનિયમિત થવા માંડયો છે, જયાં પડે છે ત્યાં પુષ્કળ પડે છે અને નથી પડતો ત્યાં નથી પડતો. વાતાવરણમાં જે ગરમીનું પ્રમાણ છે એ વધતું વધતું મને લાગે છે કે ૪૮ ડીગ્રી સુધી પહોંચી ગયું છે અને હવે એ પરિસ્થિતિ થઇ છે કે હવા ખાવા બહાર જવું પડે છે. શહેરોમાં પ્રદુષણ વધતું જાય છે. પ્રદુષણના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને આના કારણે આપણે કંઇકને કંઇક મુશ્કેલી અનુભવીએ છીએ. ત્યારે જે કાંઇ ફેકટરીઓ બને છે એ ખાસ કરીને કેમિકલ ફેકટરીઓ, હમણાં અમારા વિસ્તારમાં એક કેમિકલ ફેકટરી નાખી છે. ૫ ગામને નુકસાન થયું છે. લોકો એની આસપાસ રહી શકતા નથી. કેટલીય ફરિયાદો કરી છે. સરકારે કયા કારણોસર એન્વાયરમેન્ટ સર્ટિફિકેટ આપી દીધું છે અને લોકો ફરિયાદ કરે છે તો કહે છે થાય તે કરી લો. લોકોના હિતને ધ્યાનમાં રાખીને એવી ફેકટરીઓ કેમિકલ ઝોનમાં મૂકવી જોઇએ. જેથી બીજા વિસ્તારને અસર ન થાય. મારે ત્યાં બીજા ઘણા પ્રેજેક્ટો આવ્યા છે. જેનાથી વૃક્ષો કાઢવા પડે છે પરંતુ એના બદલામાં નવા ઝાડો વાવવામાં આવતા નથી. આજે વૃક્ષોથી આપણે દૂર જઇએ એવું વધારે થઇ રહ્યું છે. પહેલાના સમયમાં વન વિસ્તારમાં તળાવો હતા, ત્યાં ચેકડેમો હતા, એમાં પાણી ભરાઇ રહેતું એટલે વૃક્ષો લીલા રહેતા. આજે એ રહેતા નથી કારણ કે ત્યાં તળાવોનું શીલ્ટીંગ થઇ ગયું છે. ચેકડેમો ડુંગર વિસ્તારમાં હતા એ તૂટી ગયા છે એટલે પાણી ભરાતું નથી એટલે ઉનાળામાં

પરિસ્થિતિ એ થાય છે કે એને પૂરતું પાણી મળી શકતું નથી એટલે ઝાડ સૂકાઇ જાય છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ઝાડ લીલા રાખવા હોય તો જંગલ છે એટલે કશું ન કરી શકાય એવું નથી. જંગલ વિસ્તારમાં પહેલા સિસ્ટમ એવી હતી કે તળાવો ઉંડા કરી પાણી રોકાય એટલે ચેકડેમ બંધાયા. બીજા રાજ્યોએ ડુંગર વિસ્તારમાં તળાવો અને ચેકડેમો કર્યા છે એ રીતે વ્યવસ્થિત કરીને પાણી ભરાયેલ રહે એવા પ્રયત્નો કરવા જોઇએ. હું ખાસ શ્રી જિગ્નેશભાઇ આ જે પ્રસ્તાવ લાવ્યા છે એને અનુમોદન આપીને વિરમું છું. આભાર.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય જિગ્નેશભાઇનો પ્રસ્તાવ સ્વભાવિક છે કે બધા સહકાર આપવાના. બધાની જાણકારી માટે અને રાજ્યમાં પણ ગૃહની વાત પહોંચે એવી વાત છે કે હમણાં વરસાદ થયો એમાં આપ જાણતા હશો કે ન જાણતા હોય તો ધ્યાનમાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, સીડબોલ હમણાં બની રહ્યા છે. બીજા દેશોમાં તો સીડબોલ બનીને ઘણા સમયથી વૃક્ષો વાવે એ પ્રકારનું થયું છે. ભાવનગરમાં બાપુના પણ ધ્યાનમાં મૂકું, શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન નિલેશભાઇ અને શિક્ષણ સમિતિના પૂર્વ શિક્ષક જેને હું ઋષિ કહું છું એ કિશોરભાઇ ભટ્ટ અમે બધાએ સાથે મળીને નેચર કલબ સાથે મળીને સવા લાખ જેટલા સીડબોલ બનાવ્યા. એ સીડબોલમાં કાંઇ હોતું નથી. માત્ર માટી અને પાંચ-સાત બી એની અંદર હોય છે. માટીમાં બી નાખીને ગૌમૂત્રનો એમાં ઉપયોગ કરીને નાના નાના બોલ બનતા હોય છે. વરસાદનું વાતાવરણ હોય ત્યારે કયા એરિયામાં કયા વૃક્ષો નાંખવા એની માહિતી અને અભ્યાસ એમની પાસે છે. મારી વાડીમાં પણ નાંખ્યા છે તો ત્યાં પણ ઉગ્યા છે. ખૂબ સસ્તુ છે. એનું એક મશીન આવે છે. આ ટ્રાન્સફરેબલ મશીન છે. કોઇને પણ આમાંથી એનો ઉપયોગ કરવો હોય તો મારી ટીમ એ ત્યાં આવશે, આપને મદદ કરશે. ખૂબ નજીવા ખર્ચે બને છે. આપણે એ સીડબોલનો ઘા જ કરી દેવાનો છે. ઓછા પાણીએ થાય એ પ્રકારના ચાર-પાંચ પ્રકારના વૃક્ષો ઉગતા હોય છે. કોઇની ટીમ હોય, એન.જી.ઓ. હોય. અહીંયા બેઠેલા બધા લોકોને મારી વિનંતી છે કે આનો ઉપયોગ કરીને વધારેમાં વધારે વૃક્ષો વાવી શકીએ, ઓછી મહેનતે વાવી શકીએ અને જતનની પણ ચિંતા ન રહે એ પ્રકારના, વાડી વિસ્તાર હોય તો એ પ્રકારના, શેઢો હોય તો એ પ્રકારના આ બધા જ સીડબોલની અંદર બીજ આવે છે. કોઇને પણ જરૂરિયાત હોય તો મારી ટીમ અને હું વ્યક્તિગત પણ મદદ કરવા તૈયાર છીએ. બધાની જાણકારી માટે આ સીડબોલ આપણે વાવીએ તો આપણી કલ્પના કરતા પણ વધારે વૃક્ષો આપણે કુદરતને આપી શકીશું. ધન્યવાદ.

શ્રી કિરીટસિંહ જી. રાણા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ આ ગૃહના મારા સાથી મિત્ર અને સભાગૃહના સભ્યશ્રી જિગ્નેશભાઇ સેવક ખૂબ જ આવકારદાયક અને ખૂબ જ મહત્ત્વનો પ્રસ્તાવ આપણા સૌના જીવન માટે, જીવી શકાય એના માટેનો લઇને આવ્યા છે. શુધ્ધ વાતાવરણ મળે, આપણે જાણીએ છીએ કે વૃક્ષો ઉછેરો અને ઓક્સિજન મેળવો તેવા છેલ્લા દિવસના પ્રસ્તાવમાં મારી સાથે એમના વિચારો વ્યક્ત કર્યા છે એવા સભ્યશ્રીઓનો શરૂઆતમાં ઉલ્લેખ કરીશ. ત્યારબાદ વિભાગની વાત ગૃહમાં મૂકવાનો છું.

માનનીય રમણભાઇ પટેલ,મારા સાથી ધારાસભ્યશ્રી વિજયભાઇ પટેલ, માનનીય પૂંજાભાઇ, માનનીય વિરજીભાઇ, ડો. જોષીયારાજી, માનનીય જીતુભાઇએ પણ પોતાની વાત મૂકી છે. આ બધા જ સભ્યોને મારા વકતવ્યમાં વણી લઉં છું પણ શ્રી જીતુભાઇએ સૂચન કર્યું તેમ કે આપણા બધા માટે વૃક્ષો બહુ મહત્ત્વના છે. વૃક્ષો ઓછા હોય તો વરસાદ ઓછો થતો અને જયાં વધારે વૃક્ષો છે ત્યાં અગાઉના સમયમાં ૧૦૦ ઇંચ, ૫૦ ઇંચ, ૧૫૦ ઇંચ વરસાદ પડતો હતો. જે સભ્યશ્રીઓ જૂના છે એ જાણે પણ છે. માનનીય સભ્યશ્રી છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લાવ્યા છે વૃક્ષો ઉછેરો, ઓક્સિજન મેળવો એ ખૂબ જ આવકારદાયક છે. તેની તાતી જરૂરિયાત છે તેમાં બીજા જે સભ્યોએ સૂર પુરાવ્યો છે તેને હું ખૂબ જ આવકારું છું. ભારતીય સંસ્કૃતિમાં વેદો, પુરાણો, ઉપનિષદો જેવા પૌરાણિક ગ્રંથોમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચે તાલમેલ જોવા મળે છે. પૌરાણિક કાળમાં આપણા પૂર્વજોનો વસવાટ અને સહવાસ વૃક્ષો સાથે હતો અને વેલાના સાનિધ્યમાં રહેતા હતા. પૂર્વજોએ પ્રાચીન સમયમાં ગહન અભ્યાસ કરીને આ વૃક્ષો અંગે માહિતી એકઠી કરી છે. પૂર્વજોને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે વૃક્ષોની અગત્યતા સમજાયેલી હતી તેથી જ તેઓ વૃક્ષોની પૂજા કરતા હતા. હાલમાં પણ આપણા ધાર્મિક તહેવારોમાં વૃક્ષની પૂજા થાય છે. વૃક્ષોના આવા મહત્ત્વને કારણે પુરાણોમાં એક વૃક્ષને ૧૦ પુત્રો બરાબર કહે છે. ભગવાન વિષ્ણુ પીપળાના વૃક્ષમાં ભગવાન સ્વરૂપે છે. પીપળો, વડ અને લીમડો જેવા વૃક્ષોમાંથી ભરપુર ઓક્સિજન મળે છે. વૃક્ષોની માનવ સમાજ ઉપર સીધી અસર થાય છે તેવો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથો તેમજ ખાસ કરીને શાસ્ત્રોમાં છે. આજનો માનવ જયોતિષ શાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, આયુર્વેદિક વગેરેમાં વધુ વિશ્વાસ રાખતો થયો છે. આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક, એલોપેથીક, હોમિયોપેથીક તેમજ બાયોકેમિકલ દવાઓ બનાવવામાં વૃક્ષો, વેલા, વનસ્પતિ, મૂળ, પાન, ફળ, ફુલ ઉપયોગી થાય છે તે હકીકત છે. કેટલાક વૃક્ષોનું વાવેતર કરવાથી અનિષ્ટ તત્ત્વો દૂર થાય છે અને વ્યક્તિના જીવન ઉપર તેની પોઝીટીવ અસર થતી હોવાની માન્યતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વન વિભાગ દ્વારા લોકોના અને વનવાસીઓના સહયોગથી રાજયમાં વૃક્ષની સંખ્યામાં વધારો કરવા માટે જુદીજુદી યોજનાઓ હેઠળ વાવેતર કરવામાં આવે છે. આપણા દીર્ઘદ્રષ્ટા માનનીય વડાપ્રધાન અને રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વનમહોત્સવ માત્ર પાટનગર પૂરતો સિમિત ન રાખ્યો. મારે ટીકા નથી કરવી શ્રી વિરજીભાઇ, પણ નેતાઓના નામ એટલા માટે આપવા પડે કે જે વિસ્તારના જે આગેવાન હોય, જેમણે કામ કર્યું હોય એમનો જરૂર આ ગૃહમાં ઉલ્લેખ થાય તો એમાંથી બીજા સભ્યોને પ્રેરણા મળે. મને કહેતા ગૌરવ થાય કે ભારતીય જનતા પાર્ટીની મારી

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) વૃક્ષો ઉછેરો– ઓક્સિજન મેળવો

સરકાર અને ભારતીય જનતા પક્ષ જે અમારો છે એ તમામ તાલુકાના સભ્યો, નગરપાલિકાના સભ્યો, કોર્પોરેશન, ધારાસભ્યો, તમામને માનનીય મોદીસાહેબ વડાપ્રધાન હતા એમના ૭૧મા જન્મદિવસે પણ વૃક્ષારોપણનો કાર્યક્રમ આખા ગુજરાતમાં વૃક્ષ વાવવા માટે કરેલો છે. આ સારી વાત છે એમાં હું ટીકા કરતો નથી. આપ બધા મારા મિત્રો છો, પરિચિત છો, મારા વડીલ છો. ગૃહના ખૂબ આગેવાન છો પણ આપણે સાચા હૃદયથી એટલું વિચારીએ કે ખરેખર બેઠેલા તમામ હું અને તમે નહીં, તમામ સંસ્થાઓ, સંતો, મહંતો, ગુજરાતના તમામ વ્યક્તિઓ એવું વિચારે તો અત્યારે ઓક્સિજનની એટલી જરૂર પડી હતી મને કહેતા ગૌરવ અને આનંદ થાય ખરેખર શ્રી પરેશભાઇ, આપને કહું કે આ વખતે ગામડાંમાં જ્યાં વૃક્ષો વવાયા છે એ ગામડાંમાં લીમડા અને વડ નીચે ખાટલા નાંખીને આપણે કહીએને કે શેરીમાં ભણેલા કરતા ગામડાંના લોકો વૃક્ષો નીચે સુતા હતા. ઓક્સિજનની ખબર જ નહીં ત્યાં જઇએ તો આપણને શુદ્ધ ઓક્સિજન મળશે એની ચિંતા આ રાજ્ય સરકાર કરે છે એટલા માટે મેં એનો ઉલ્લેખ કર્યો છે અને અગાઉ મારો આ વિભાગ હતો રાજ્યકક્ષાના મંત્રી તરીકે એટલે સ્વાભાવિક છે વૃક્ષો કપાય છે એની સાથેસાથે વાવીએ પણ છીએ. વૃક્ષો કપાય છે એટલા જ ડબલ આપણે વાવતા હોઇએ છીએ. એક જ પાટનગરમાં વન મહોત્સવ ઉજવાતો. બહાર લઇ જવા માટે રાજકીય આક્ષેપો કર્યા. ભલે તમે કહી શકો વિપક્ષમાં છો એટલે પણ સાચી વાત તમે બહાર નીકળશો તો મારી સ્વીકારશો. શું કામ? કે માત્ર ગાંધીનગરની એક સ્કૂલના વિદ્યાર્થીઓ હોય. મુખ્ય અધિકારીઓ હોય, મુખ્યમંત્રી હોય અને વન મહોત્સવ થતો હતો.

આજે ગૌરવની સાથે કહેવાનું ખરેખર મન થાય કે ૧.૫ લાખ, ૫૦ હજાર, ૨૫ હજાર વૃક્ષો વાવીને જાગૃતિ લાવવાનું કામ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વડાપ્રધાન થયા એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીનું આયોજન હતું. ખરેખર કહું છું. એમણે જે પ્રગતિ કરાવી છે. તંત્રને, પાર્ટીને, સત્તાધારી દરેક એવા વિભાગના અમારા મંત્રીશ્રીઓ પાસેથી કામ લીધું છે અને એના કારણે આપણે બધા સાથે મળીને કામ કરી શકયા છીએ. ધાર્મિક દ્રષ્ટીએ, પ્રતિષ્ઠા ધરાવતા રાજ્યના જુદા જુદા સ્થળોએ વન મહોત્સવ ઉજવ્યો હતો. એ ઉજવણીને અને સાંસ્કૃતિક વન બનાવવાની શરૂઆત વર્ષ ૨૦૦૪થી કરેલી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલી પરંપરામાં રાજ્યના જુદા જુદા સ્થળોએ વર્ષ ૨૦૦૪થી ૨૦૨૧ સુધીમાં ૨૧ સાંસ્કૃતિક વનોની સ્થાપના કરવામાં આવી અને ધાર્મિક સ્થળોએ આ એક ગૌરવ લેવા જેવી વાત છે. આપે આ કાર્યક્રમ જોયો હોય તો ખ્યાલ આવે. લોકોનો આપણી ઉપર કેટલો બધો વિશ્વાસ અને એ વિશ્વાસ કરીને આપણે વાવેતર કર્યું છે. એવા એક પરંપરાને કારણે ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૦નો વન વિસ્તાર અને બહારના વૃક્ષોની ગણતરી મુજબ રાજ્યમાં ૨.૧ કરોડ વૃક્ષો હતા તે ઉત્તરોત્તર વધી વર્ષ ૨૦૨૧માં ૩૯.૭૫ કરોડથી વધુ વૃક્ષો એટલે વૃક્ષોની સંખ્યામાં ૫૮ ટકા જેટલો વધારો થયો છે. ગુજરાત રાજ્ય માટે આ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. વન વિભાગને નવા અભિગમ અને દિશા આપનાર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ૭૧માં જન્મ દિવસની ઉજવણી માટે રાજ્યભરની જુદી જુદી ૧૫૦૦ થી વધુ સહકારી સંસ્થાઓ, ખેડૂત ઉત્પન્ન બજાર સમિતિ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, સહકારી બેન્કો અન્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા ૭૧ લાખ વૃક્ષ વાવેતર અને વિતરણની ઇચ્છા વ્યક્ત થતા રાજ્યના વન વિભાગ દ્વારા જરૂરિયાત મુજબના રોપાઓ રથ દ્વારા પૂરા પાડવા તથા વાવેતર માટે માર્ગદર્શન આપી સમગ્ર ઉજવણીના આયોજનનું વન વિભાગે સંકલન કરી જન્મ દિવસની ઉજવણીના આ પ્રસંગને સફળતા અપાવેલ છે.

રાજ્યના ઉદ્યોગો અને અન્ય પ્રોજેકટને પણ માનનીય પૂંજાભાઇ, શ્રી વિરજીભાઇ, આપણે જે મંજૂરી આપતા હોઇએ છીએ એ પ્રોજેકટને આપવામાં આવતી પર્યાવરણની મંજૂરીમાં અમે ફરજિયાત કર્યું છે કે વૃક્ષ વાવવાની શરત મૂકી છે અને ત્યારે જ અમે મંજૂરી આપીએ છીએ. એવો અભિગમ સરકારે કર્યો છે અને સરકારને વિચાર આવ્યો કે આ કરવું જોઇએ અને જરૂરી છે. ફરજિયાત વૃક્ષો ઉછેરની શરત મૂકવામાં આવી છે અને દરિયા કિનારે કોસ્ટલ વિસ્તારમાં જે પણ યોજનાની મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે, તેમાં પણ દરિયાના કાંઠે મોટા પ્રમાણમાં ચેરના વૃક્ષો ઉછેરની શરત મૂકવામાં આવે છે. પરિણામ સ્વરૂપે રાજ્યમાં ચેર સહિત ખૂબ જ મોટી સંખ્યામાં ઉદ્યોગો જ્યારે વૃક્ષો ઉછેર કરવામાં આવે છે. ચાલુ વર્ષે કોરોનાની બીજી લહેરમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉત્સુક નાગરિકોને સમગ્ર રાજ્યના વિશ્વ પર્યાવરણ દિવસ ૫મી જૂને ૧૦ લાખ તુલસીના રોપા વિતરણ કરવામાં આવ્યા છે. ચિંતા રાજ્ય સરકાર કરે છે. એટલા માટે આપને કહું છું કે ખરેખર આ હાઉસને જણાવતા આનંદ થાય અને અત્રે નોંધવું જરૂરી છે કે કોરોનાના કાળમાં ઘણી ચર્ચાઓ થઇ કે ઓક્સિજન ઘટ્યો છે, પણ બાટલમાં મળતો ઓક્સિજન પણ ફેક્ટરીમાં બનતો નથી. પરંતુ વાતાવરણમાંથી ઓક્સિજન શોષી તેને ભારે દબાણ હેઠળ બાટલામાં ભરવામાં આવે છે. ઓક્સિજન લેવા માટે આમ તો વનસ્પતિ આપણા માટે ઉપયોગી છે. ગુજરાત રાજ્યમાં વૃક્ષોની સંખ્યામાં વધારો થાય એ માટે વન વિભાગ દ્વારા ચાલુ વર્ષે રાજ્યમાં જુદી જુદી જાતના ૧૦ કરોડ વૃક્ષોનું વાવેતર વિતરણ કરવાનું આયોજન હતું, જે મોટા ભાગે પૂર્ણ થયેલ છે. જેમાં વન વિભાગની સામૂહિક યોજનાઓ મારફતે શાળા અને કોલેજોના કમ્પાઉન્ડોમાં સરકારી, ખાનગી અને બિનસરકારી સંસ્થાઓના મેદાનમાં, સરોવર ઉપર અને નહેર ઉપર જ્યાં પણ સરકારી જગ્યાઓ ખાલી હોય ત્યાં દરેક જગ્યા ઉપર વાવેતર થઇ શકે ત્યાં વાવેતર કરવાનું આ વન વિભાગ દ્વારા કામ શરૂ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૩૩ જિલ્લા ૮ મહાનગર અને ૨૫૦ નગરપાલિકા અને ૫૨૦૦ ગામમાં વન મહોત્સવન કાર્યક્રમનું આયોજન હતું. જે મહદ્અંશે પૂર્ણ થયેલ છે. ૩૩ જિલ્લામાં વૃક્ષરથ દ્વારા તેમની જરૂરિયાત મુજબ ઘર આંગણે ડોર ટુ ડોર રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. આગામી વર્ષમાં મોટા પાયે વનીકરણ અને વૃક્ષ વાવેતર માટે વન વિભાગ કટિબદ્ધ છે. વર્ષ ૨૦૨૧–૨૨ના ચોમાસમાં વાવેતર અને વિતરણ માટે રોપા ઉછેરવાની તૈયારીરૂપે સમગ્ર રાજ્યમાં નર્સરી દિવસ શરૂ કરવામાં આવેલ છે. આ રોપાઓના ચોમાસા દરમ્યાન વાવેતર માટે

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

રાજયની સરકારી સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, ગ્રામ પંચાયતો, નગરપાલિકા અને તમામ પ્રજાજનોને બહોળા પ્રમાણમાં વૃક્ષ વાવેતરની પ્રવૃત્તિઋમાં ભાગ લઇ ગુજરાતને હરિયાળું અને પ્રદૂષણ મુકત બનાવીએ તેવો સંકલ્પ આજે ખરેખર લેવો જોઇએ. મારી એક બે વાત ટીકા નહીં પણ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તેમાં કહું તો માનનીય વિરજીભાઇએ જે વાત કરી, હું જવાબ દેતો નથી પણ થોડીક જાણકારી આપવા માટે. તમારી ચિંતા સાચી છે. ઓક્સિજન માટે આપણે ચિંતા કરીએ આપણા બધાની ફરજ પણ છે. ગીર અને આસપાસના વિસ્તારમાં વૃક્ષોનું રક્ષણ કરવામાં આવે છે. રાજ્યના તમામ જિલ્લામાં જેમ ગાંધીનગરમાં કણઝી જેવા વૃક્ષો અને હમણાં જેમ ડો.જોષીયારાજી કહેતા હતા તેમ કણઝી જેવા ઘટાદાર વૃક્ષો વાવવામાં આવે છે. તમે ઘણી જગ્યાએ જોતા હશો અને ઘટાદાર વૃક્ષો હોય એટલે તમને ખ્યાલ આવી જશે કે અહીં વધારે વૃક્ષો વાવેલા છે. વૃક્ષો ગેરકાયદેસર ન કપાય તે માટે પૂરતા કાયદા છે અને તેનો અમલ કરવામાં આવે છે. વધુમાં તમારી ચિંતા અમે જરૂર કરીશું અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરીશું. ખેડૂતો આવક માટે વૃક્ષો કાપે છે તેનાથી વધુ આપણે વાવીએ પણ છીએ.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી બે મિનિટમાં પૂરું કરો.

શ્રી કિરીટસિંહ જી. રાણા : એક જ વાત છે. એક જ મિનિટમાં પૂરું કરીશ. એક વૃક્ષ એક વર્ષમાં ૧૩૦ કિલોગ્રામ ઓક્સિજન આપે છે. આટલું જો આખું ગુજરાત સમજે તો કોઇને કંઇ કહેવાની જરૂર જ ન પડે. સરકારો કોઇપણ હોય, ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય કે અન્ય પક્ષની હોય પણ ચિંતા લઇને વાવેતર થયું હોત તો આ વસ્તુ ન આવી હોત. અગાઉની વાત કરતો નથી. જે તે ટાઇમે જે થયું છે તેની હું વાત કરતો નથી. કપાય છે, જાય છે, લૂંટાય છે તે આપણે જોયું છે પણ તેમાંથી કેમ સારું કરી શકાય તેવા અમારી સરકારના પ્રયત્નો છે અને વિભાગની કામ કરવાની તેમાં પૂરી તૈયારી છે. નવી વાત કહેતાં મને આનંદ અને ગૌરવ થાય છે કે, વર્ષ ૨૦૨૧–૨૨ના વન મહોત્સવ દરમ્યાન વિભાગે રાજયમાં અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇની સરકારે અને અત્યારની શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે જુદા જુદા સ્થળોએ ૨૫૦ ઓક્સિજન વનો ઉભા કર્યા છે. આ નવી વાત કરું છું. એક સાથે વૃક્ષો વાવવાના અને તેનાથી ઓક્સિજન વધારે મળે છે. એવા ૨૫૦ ઓક્સિજન વનો ઉભા કર્યા છે અને તેના લોકાર્પણ પણ માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે કરાવ્યા છે. આ બધી જ વાતો આપના દ્વારા આવી છે તે કરી છે. વધારે વિશેષ વાતો કરતો નથી. આપ બધાનો વધારે સમય લેતો નથી. તમારે વિભાગનું જયાં કામ હોય તો મારું ધ્યાન દોરજો. તમારો અનુભવ હોય તો મને શેર કરજો. મારા લાયક ગમે ત્યારે વિભાગનું કોઇપણ કામ હશે તે આપણે સાથે મળીને કરીશું. બધા જ સભ્યોને કહું છું, આ પક્ષ કે આ પક્ષ નહીં પણ સારા કામ કરવા માટે ચોક્કસ ભાજપ સરકારનું મન ખુલ્લું છે. આપ આવો અને આ જે પ્રસ્તાવ શ્રી જીજ્ઞેશભાઇ સેવક લઇને આવ્યા છે અને આપ સૌએ સૂર પુરાવીને સકારાત્મક વાત કરી છે તેને હું હ્દયપૂર્વક આવકારું છું. આથી વધારે સારી રીતે કામ કેમ થાય તેવો વિશ્વાસ પણ વ્યકત કરું છું. આભાર.

અધ્યક્ષશ્રી: પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**(૮૭(ક))

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૯૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધ્યક્ષશ્રી:અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**એપીએમસીમાં ગેરકાયદેસર ચાલતા કેટલ માર્કેટ**

અતારાંકિતઃ ૯૧૬૦ (૨૯–૦૧–૨૦૨૧) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સરકારે તા.૧૫–૧૦–૨૦૧૬ થી રાજ્યમાં એ.પી.એમ.સી. માં ચાલતા કેટલ માર્કેટને ગેરકાયદે જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પંચમહાલ–દાહોદ–નર્મદા જિલ્લામાં એ.પી.એમ.સી. માં ગેરકાયદેસર કેટલ માર્કેટ ચાલતા હોવાની કેટલી ફરીયાદો સને–૨૦૧૯ અને ૨૦૨૦ માં રાજ્ય સરકારને મળી,

(૩) ગેરકાયદેસર કેટલ માર્કેટ ચલાવનારા સંચાલકો સામે સરકારે શા પગલાં ભર્યા છે, અને

(૪) તમામ ગેરકાયદેસર કેટલ માર્કેટ ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૫–૦૯–૨૦૨૧)

(૧) ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સને–૨૦૦૬માં થયેલ સુધારા અનુસાર પશુપાલનની પેદાશોને શિડ્યુલમાંથી રદ કરેલ છે. સુધારેલ કાયદાની જોગવાઈઓનો અમલ કરવા માટે નિયામકશ્રી દ્વારા તા.૧૫–૧૦–૨૦૧૬ના પરિપત્રથી જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરેલ છે.

(૨) પંચમહાલ જિલ્લામાં એ.પી.એમ.સી. માં ગેરકાયદેસર કેટલ માર્કેટ ચાલતા હોવાની કોઈ ફરીયાદ સને–૨૦૧૯ અને ૨૦૨૦માં રાજ્ય સરકારને મળી નથી.

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

દાહોદ જિલ્લામાં એ.પી.એમ.સી. માં ગેરકાયદેસર કેટલ માર્કેટ ચાલતા હોવાની ૦૧ (એક) ફરીયાદ સને–૨૦૧૯ અને ૨૦૨૦માં રાજ્ય સરકારને મળી છે.

નર્મદા જિલ્લામાં એ.પી.એમ.સી. માં ગેરકાયદેસર કેટલ માર્કેટ ચાલતા હોવાની કોઈ ફરીયાદ સને–૨૦૧૯ અને ૨૦૨૦માં રાજ્ય સરકારને મળી નથી.

(૩) બજાર ધારાના શિડ્યુલમાંથી પશુપાલનની પેદાશોને નિયંત્રિત જણસીમાંથી રદ કરવામાં આવેલ છે. આથી બજાર સમિતિ બહાર ચાલતી પ્રવૃત્તિ અંગે કોઈ પગલાં લેવાના થતા નથી.

(૪) હાલમાં કેટલ માર્કેટની પ્રવૃત્તિ બજાર સમિતિ દ્વારા કરવામાં આવતી નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કૃષિ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓના અવસાન પામેલ કર્મચારીઓને ઉચ્ચક નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૯૬૪૫ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા**(રાપર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂંક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ–૩ ના કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦–૦૭–૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૭–૦૯–૨૦૨૧)

(૧) ૧ (એક).

(૨) શૂન્ય (એકપણ નહીં).

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કૃષિ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓના પેન્શન બાબત**

અતારાંકિતઃ ૯૬૮૦ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, જો હા તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૧–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી નીચે જણાવેલ અધિકારીઓ/કર્મચારીઓના ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી ઉક્ત સ્થિતિએ અવસાન પામેલ અધિકારી/કર્મચારી |
|---|---|---|
| ૧ | નવસારી | ૭ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | આણંદ | ૧ |
| ૪ | જૂનાગઢ | ૧ |
| ૫ | બનાસકાંઠા | ૨ |
| | **કુલ** | **૧૨** |

(૨) આવી કોઈ ફરીયાદ મળેલ નથી.

(નોંધઃ- નાણાં વિભાગના તા.૨૨-૦૧-૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૮/ડી/૨૪૩/પી મુજબ નવી વર્ધિત પેન્શન યોજનામાં કર્મચારીના અવસાન બાદ કર્મચારીનો ફાળો, સરકારનો ફાળો તથા આ રકમ ઉપરની વ્યાજ સહિતની રકમ કર્મચારીના કાયદેસરના વારસને પરત ચૂકવવામાં આવે છે. કર્મચારી/અધિકારીના અવસાન બાદ કુટુંબ પેન્શન અંગે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.)

(૩) મુદ્દા નં.૨ ની વિગત ધ્યાને લેતાં, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ટ્રોલર્સ ફિશિંગથી રક્ષિત કાચબાનો નાશ**

અતારાંકિતઃ ૯૭૭૪ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર**(પાદરા): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ટ્રોલર્સના ફિશિંગથી નેટમાં ફસાઈ જવાથી રક્ષિત કાચબા મોટી સંખ્યામાં નાશ પામી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, રાજયમાં મિકેનીકલ અને નોન મિકેનીકલ ટ્રોલર દ્વારા ફીશિંગ દરમ્યાન વર્ષ ૨૦૨૦માં કેટલા અને ક્યા ક્યા દરિયાઈ કાચબા ફીશિંગ નેટમાં ફસાઈને મૃત્યુ પામ્યા,

(૩) આ રક્ષિત દરિયાઈ કાચબાને રક્ષણ પૂરું પાડવા ક્યા પગલાં લેવામાં આવ્યા છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૨૭-૦૯-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો-૨૦૦૩ અને ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો-૨૦૦૩ ના પ્રકરણ-૨ ના નિયમ ૬ના પેટાનિયમ (૫) ના ખંડ (ગ) મુજબ ''કોઈ પણ વ્યક્તિ વખતોવખત સુધાર્યા પ્રમાણેના વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સંરક્ષિત પ્રજાતિઓ તરીકે જાહેર કરેલ કોઈપણ પ્રજાતિઓની માછીમારી કરી શકશે નહિં.'' તે મુજબ જોગવાઈ થયેલ છે.

--------

**પોરબંદર ખાતે ગૌઅભ્યારણયની કામગીરી**

અતારાંકિતઃ ૯૭૮૩ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (૧) તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર ખાતે વિશાળ ગૌઅભ્યારણ્ય બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરી ગૌઅભ્યારણ્ય શરૂ કરવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૩-૦૯-૨૦૨૧)

(૧) તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર ખાતે ગૌઅભ્યારણ્ય બનાવવાની બાંધકામની તમામ કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ભારત સરકાર દ્વારા ગીર કાઉ સેન્ચ્યુરી પ્રોજેક્ટ-ધરમપુરની અમલીકરણ એજન્સી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી નિયત થયેલ છે. ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) અધિનિયમ ૧૫/૨૦૨૦ થી રાજ્યની તમામ પશુચિકિત્સા વિદ્યાલયોનું નિયંત્રણ કામધેનુ યુનિવર્સિટી હેઠળ આવેલ છે. જે અન્વયે સદરહુ પ્રોજેક્ટની અમલીકરણ એજન્સી તરીકે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને નિયુક્ત કરવા ભારત સરકારશ્રીમાં દરખાસ્ત નિર્ણય હેઠળ છે, જે નિયત થયેથી કાર્યવાહી હાથ ધરી શકાશે.

--------

**રાજ્યમાં ટ્રોલર્સ ફિશિંગથી રક્ષિત કાચબાનો નાશ**

અતારાંકિતઃ ૯૮૯૯ (૨૩-૦૭-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ**(પેટલાદ): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ટ્રોલર્સના ફિશિંગથી નેટમાં ફસાઈ જવાથી રક્ષિત કાચબા મોટી સંખ્યામાં નાશ પામી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, રાજયમાં મિકેનીકલ અને નોન મિકેનીકલ ટ્રોલર દ્વારા ફીશિંગ દરમ્યાન વર્ષ ૨૦૨૦માં કેટલા અને ક્યા ક્યા દરિયાઈ કાચબા ફીશિંગ નેટમાં ફસાઈને મૃત્યુ પામ્યા,

(૩) આ રક્ષિત દરિયાઈ કાચબાને રક્ષણ પૂરું પાડવા ક્યા પગલાં લેવામાં આવ્યા છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૨૭-૦૯-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો–૨૦૦૩ અને ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો–૨૦૦૩ ના પ્રકરણ–૨ ના નિયમ ૬ના પેટાનિયમ (૫) ના ખંડ (ગ) મુજબ ‘‘કોઈ પણ વ્યક્તિ વખતોવખત સુધાર્યા પ્રમાણેના વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સંરક્ષિત પ્રજાતિઓ તરીકે જાહેર કરેલ કોઈપણ પ્રજાતિઓની માછીમારી કરી શકશે નહિં.’’ તે મુજબની જોગવાઈ થયેલ છે.

--------

**કચ્છ જિલ્લાના જળાશયોમાં માછીમારી**

અતારાંકિતઃ ૯૯૪૨ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા જળાશયોમાં માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે,

(૨) આ જળાશયોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ગેરકાયદેસર માછીમારીની કેટલી ઘટનાઓ બની, અને

(૩) ઉક્ત ઘટનાના જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૨૭–૦૯–૨૦૨૧)

(૧) તા.૧૩–૦૪–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ એફડીવી ૧૨૭–એમ.આર.–૩૫૦–ભાગ.૨–ટીના ઠરાવથી કચ્છ જિલ્લાના જળાશયોમાં માછીમારી માટે ઈજાર નહીં આપવા નિર્ણય કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ગેરકાયદેસર માછીમારીની કોઈ ઘટનાઓ ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યના જળાશયોમાં માછલીઓની પ્રજાતિઓની ગણતરી**

અતારાંકિતઃ ૯૯૮૪ (૨૬–૦૭–૨૦૨૧) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જળાશયોમાં માછલીઓની પ્રજાતિની ગણતરી છેલ્લે ક્યારે યોજવામાં આવી,

(૨)આ ગણતરીમાં માછલીની કઈ કઈ પ્રજાતિઓ નોંધાઈ છે, અને

(૩)તે પૈકી કઈ પ્રજાતિ રક્ષિત કેટેગરીની છે અને તેને પૂરતું રક્ષણ આપવા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે,

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૨૭–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા રાજ્યમાં જળાશયોમાં માછલીઓની પ્રજાતિઓની ગણતરી યોજવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં પ્રતિબંધિત પેસ્ટીસાઈડઝનું વેચાણ**

અતારાંકિતઃ ૧૦૦૪૩ (૨૬–૦૭–૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર**(લાઠી): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) વર્ષ ૨૦૨૦માં રાજ્યમાં ભારત સરકારે પ્રતિબંધ મૂક્યો હોય તેવા ક્યા ક્યા પેસ્ટીસાઈડઝ ક્યા ક્યા જિલ્લામાં વેચાતા પકડાયા, અને

(૨) ઉક્ત કસૂરવારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૦–૦૯–૨૦૨૧)

(૧) વર્ષ ૨૦૨૦માં રાજ્યમાં ભારત સરકારે પ્રતિબંધ મૂક્યો હોય તેવા કોઈપણ પેસ્ટીસાઈડઝ કોઈપણ જિલ્લામાં વેચાતા પકડાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં આપઘાત કરેલ ખેડૂતોને આર્થિક વળતર આપવા બાબત**

અતારાંકિતઃ ૧૦૨૪૯ (૦૪–૦૯–૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આપઘાત કરનાર ખેડૂતોના કુટુંબીજનોને આર્થિક વળતર આપવાની વિચારણા ક્યા તબક્કે છે,

(૨) તેના ધોરણો શા છે, અને

(૩) ઉક્ત સહાય આપવાનું ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૦–૦૯–૨૦૨૧)

(૧) આપઘાત કરનાર ખેડૂતોના કુટુંબીજનોને આર્થિક વળતર આપવાની કોઈ બાબત વિચારણા હેઠળ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગ્રાહકોની બાબતોના પ્રભાગના તાબાની કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓના પેન્શન બાબત**

અતારાંકિતઃ ૯૬૫૬ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહકોની બાબતોના પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને સંબંધિત સત્તામંડળ તરફથી પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, જો હા તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને ક્યાં સુધીમાં પેન્શનનો લાભ આપવામાં આવશે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૪–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહકોની બાબતોના પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર, નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી અવસાન થયેલ અધિકારીઓ/કર્મચારીઓની સંખ્યા શૂન્ય છે.

(૨) ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ અધિકારીઓ/કર્મચારીઓની સંખ્યા શૂન્ય હોઈ લાગું પડતું નથી.

(૩) ઉક્ત સ્થિતિએ અવસાન થયેલ અધિકારીઓ/કર્મચારીઓની સંખ્યા શૂન્ય હોઈ લાગું પડતું નથી.

--------

**ગ્રાહકોની બાબતોના પ્રભાગના તાબા હેઠળની કચેરીઓના અવસાન પામેલ કર્મચારીઓને ઉચ્ચક નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૯૭૬૩ (૨૩–૦૭–૨૦૨૧) **શ્રી વજેસંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહકોની બાબતોના પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂંક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ–૩ ના કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦–૦૭–૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી ફરીયાદો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) ઉક્ત ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૪–૦૯–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહકોની બાબતોના પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂંક પામેલ અને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન પામેલ હોઈ, તેવા વર્ગ–૩ ના કુલ ૦૧ કર્મચારી નોંધાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦–૦૭–૨૦૧૭ના ઠરાવ મુજબ ઉક્ત બાબતે તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી ફરીયાદ શૂન્ય છે.

(૩) ફરીયાદ શૂન્ય હોવાથી લાગું પડતું નથી.

--------

**રાજ્યમાં અંત્યોદય યોજનાની પડતર અરજીઓ**

અતારાંકિતઃ ૯૮૨૯ (૨૩–૦૭–૨૦૨૧) **ડો. સી.જે.ચાવડા**(ગાંધીનગર ઉત્તર): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર અંત્યોદય યોજના હેઠળના અનાજના કાર્ડની મે–૨૦૨૧ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૨) પડતર રહેવાના શાં કારણો છે, અને

(૩) તમામ પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૦–૦૯–૨૦૨૧)

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

(૧) રાજ્યમાં જિલ્લાવાર અંત્યોદય યોજના હેઠળના અનાજના કાર્ડની મે–૨૦૨૧ની સ્થિતિએ પડતર અરજીઓ નીચે મુજબ છે.

| **ક્રમ નં.** | **જિલ્લો** | **પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૦ |
| ૩ | અમરેલી | ૧૯ |
| ૪ | અરવલ્લી | ૦ |
| ૫ | આણંદ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ |
| ૭ | ભરૂચ | ૦ |
| ૮ | ભાવનગર | ૦ |
| ૯ | બોટાદ | ૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૦ |
| ૧૧ | દાહોદ | ૦ |
| ૧૨ | ડાંગ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦ |
| ૧૫ | ગીર સોમનાથ | ૦ |
| ૧૬ | જામનગર | ૩૪ |
| ૧૭ | જૂનાગઢ | ૫ |
| ૧૮ | ખેડા | ૨ |
| ૧૯ | કચ્છ | ૦ |
| ૨૦ | મહીસાગર | ૦ |
| ૨૧ | મહેસાણા | ૦ |
| ૨૨ | મોરબી | ૦ |
| ૨૩ | નર્મદા | ૦ |
| ૨૪ | નવસારી | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૦ |
| ૨૬ | પાટણ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૦ |
| ૨૮ | રાજકોટ | ૩ |
| ૨૯ | સાબરકાંઠા | ૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ |
| ૩૧ | સુરત | ૧ |
| ૩૨ | તાપી | ૦ |
| ૩૩ | વડોદરા | ૪ |
| ૩૪ | વલસાડ | ૦ |

(૨) રાજ્યમાં જિલ્લાવાર અંત્યોદય યોજના હેઠળના અનાજના કાર્ડની મે–૨૦૨૧ની સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લો** | **અરજીઓ પડતર રહેવાના કારણો** |
|---|---|---|
| ૧ | અમરેલી | પડતર રહેલ અરજીઓની ચકાસણી/તપાસ કરવાના કારણે પડતર રહેલ છે. |
| ૨ | જામનગર | પડતર અરજીઓ પુરવઠા નિરીક્ષકને તપાસણી માટે મોકલવાની હોવાથી પડતર રહેલ છે. |
| ૩ | જૂનાગઢ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૧૯–૦૭–૨૦૦૩ના ઠરાવથી જોગવાઈ તથા તા.૧૦–૦૫–૨૦૧૪, તા.૩૦–૦૯–૨૦૧૬, તા.૧૫–૦૬–૨૦૧૬ ના પત્રોના આદેશો/સૂચનાને આધીન રહી (તમામ અરજીઓ તલાટીને ખરાઈ અર્થે મોકલી આપવામાં આવેલ છે.) તથા તા.૧૯–૦૭–૨૦૦૩ના ઠરાવની જોગવાઈ મુજબ ગ્રામસભામાં આ અરજીઓ વંચાણે–ઠરાવે લેવાની રહે છે. |

| | | |
|---|---|---|
| ૪ | ખેડા | અરજદારશ્રી દ્વારા અરજી સાથેના સાધનિક પૂરાવા રજૂ કરવાના બાકી હોવાથી પડતર છે. |
| ૫ | રાજકોટ | અરજદારની પાત્રતા અંગે ચકાસણી અર્થે મોકલેલ હોવાથી અરજી પડતર રહેલ છે. |
| ૬ | સુરત | અરજદારશ્રીના ખુટતા પુરાવા ન હોવાના કારણે અરજી પડતર છે. |
| ૭ | વડોદરા | અરજી સાથે પુરતા પુરાવા ન હોવાના કારણે અરજીઓ પડતર રહેલ છે. |

(૩) પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે તેનો જવાબ નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે |
|---|---|---|
| ૧ | અમરેલી | પડતર રહેલ અરજીઓનો શક્ય તેટલો વહેલો નિકાલ કરવામાં આવશે. |
| ૨ | જામનગર | તમામ પડતર અરજીઓ પુરવઠા નિરીક્ષકશ્રી તરફથી તપાસણી થઈ રજૂ થતાં તેનો નિકાલ કરવામાં આવેલ છે, જેથી હાલમાં કોઈ અરજી પડતર નથી. |
| ૩ | જૂનાગઢ | જે તે ગ્રામસભા આ અરજીઓ અંતર્ગત વંચાણે–ઠરાવે લીધા બાદ (નકલ) મળ્યેથી આ અરજીઓની મંજૂરી માટે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૪ | ખેડા | અરજદારશ્રી દ્વારા પૂરાવા રજૂ કરવામાં આવ્યેથી સત્વરે નિકાલ કરવામાં આવશે. |
| ૫ | રાજકોટ | કુલ ૩ પડતર અરજીઓ પૈકી...<br>એક અરજીનો જુલાઈ માસમાં નિકાલ થયેલ છે. બાકી બંને અરજીઓનો ઓગસ્ટ માસમાં નિકાલ થઈ ગયેલ છે. |
| ૬ | સુરત | અરજદારશ્રીના ખૂટતા પૂરાવા મળ્યેથી સદર અરજી નિકાલ કરવામાં આવશે. |
| ૭ | વડોદરા | અરજદારશ્રી તરફથી પૂરાવા રજૂ કર્યેથી સદરહું અરજીઓનો નિકાલ કરવામાં આવશે. |

--------

**જામનગર, દાહોદ અને ભરૂચ જિલ્લાઓમાં ભૂતિયા રેશનકાર્ડ**

અતારાંકિતઃ ૧૦૩૩૯ (૧૭–૦૮–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર જામનગર, દાહોદ અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા ભૂતિયા રેશન કાર્ડ પકડાયા,

(૨) ભૂતિયા રેશન કાર્ડ ઈસ્યુ કરનાર જવાબદારો સામે શા પગલાં લેવાયા, અને

(૩) પકડાયેલા ભૂતિયા રેશન કાર્ડથી સરકારનું કેટલું અનાજ બિનજરૂરી રીતે વપરાયું ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૩–૦૯–૨૦૨૧)

(૧) કોઈ ભૂતિયા રેશનકાર્ડ પકડાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ફીક્સ પગારનીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓને અવસાન સહાય**

અતારાંકિતઃ ૯૬૯૯ (૧૬–૦૭–૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી**(દસાડા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર વન વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં રાજ્ય સરકારની ફીક્સ પગારની નીતિ અન્વયે નિયમિત જગ્યાઓ ઉપર નિમણૂંક પામેલ અને પાંચ વર્ષના કરારનો સમયગાળો પૂર્ણ કર્યા પહેલા અવસાન થયેલ હોય, તેવા વર્ગ–૩ ના કુલ કેટલા કર્મચારીઓ નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેઓના વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની બાકી છે, તેવી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત અરજીઓના ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૧૫–૦૯–૨૦૨૧)

(૧) તાપી જિલ્લામાં ૧ તથા દાહોદ જિલ્લામાં ૧ કર્મચારી મળી આવા કુલ–૨ કર્મચારીઓ અવસાન પામેલ છે.

(૨) ઉક્ત બન્ને કર્મચારીઓના વારસદારને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવેલ હોઈ ચૂકવણાની એકપણ અરજી પડતર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ કર્મચારી/અધિકારીઓના અવસાન પ્રસંગે વારસદારોને ચૂકવવાની રકમ**

અતારાંકિતઃ ૯૭૩૨ (૧૬–૦૭–૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર**(લાઠી): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

(૧) તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વન વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓના છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર અવસાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓના વારસદારોને પેન્શન ચૂકવણું શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા તો, તેના કારણો શાં છે, અને

(૪) ઉક્ત અવસાન પામેલના વારસદારોને ક્યાં સુધીમાં ચૂકવણું કરવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૨૭–૦૯–૨૦૨૧)

(૧) સામેલ પત્રક મુજબ તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વન વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં નવ–વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ કુલ–૦૮ અધિકારી/કર્મચારીઓ અવસાન પામેલ છે. (પત્રક સામેલ)

(૨) હા, જી.

(૩) અવસાન પામેલ કુલ–૦૮ અધિકારી/કર્મચારીઓ પૈકી કુલ–૫ અધિકારી/કર્મચારીઓના વારસદાર તરફથી જરૂરી દસ્તાવેજ રજૂ થયેલ નથી. જે મળ્યેથી ચૂકવણા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જ્યારે–૦૧ કર્મચારીનો પેન્શન કેસ તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે. જેની નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી તરફથી મંજૂરી મળ્યેથી ચૂકવણું કરવામાં આવશે. તથા અન્ય–૧ કર્મચારીનો પેન્શન કેસ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને મંજૂરી અર્થે મોકલેલ છે, જે મંજૂર થઈ આવ્યેથી ચૂકવણું કરવામાં આવશે. જ્યારે અન્ય–૧ કર્મચારીનો પેન્શન કેસ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી તરફથી પરત મળેલ છે. જે સત્વરે પૂર્તતા પૂર્ણ કરી મંજૂરી અર્થે નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને મોકલવામાં આવનાર છે. મંજૂરી બાદ ચૂકવણું કરવામાં આવશે.

(૪) ઉપર જણાવેલ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી તરફથી મંજૂરી મળ્યેથી પેન્શનનું ચૂકવણું કરવામાં આવશે.

**પત્રક**

| અ.નં. | જિલ્લો | તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારી/કર્મચારીની સંખ્યા | તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી અવસાન પામેલ કર્મચારી/અધિકારીની સંખ્યા | અવસાન પામેલ કર્મચારી/અધિકારીઓના વારસદારોને પેન્શનનું ચૂકવણું કરવાનું બાકી હોય તેવી અરજી સંખ્યા | પડતર અરજીનો ક્યાં સુધીમાં નિકાલ થશે |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૫ | ૧ | ૧ | અવસાન પામેલ કર્મચારીના વારસદાર તરફથી જરૂરી દસ્તાવેજ રજૂ થયેથી ચૂકવણા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૨ | અમરેલી | ૪૨ | ૦ | ૦ | |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | |
| ૪ | અરવલ્લી | ૭૯ | ૦ | ૦ | |
| ૫ | બનાસકાંઠા | ૧૪૭ | ૦ | ૦ | |
| ૬ | ભરૂચ | ૧૦ | ૦ | ૦ | |
| ૭ | ભાવનગર | ૬૪ | ૦ | ૦ | |
| ૮ | બોટાદ | ૧૦ | ૦ | ૦ | |
| ૯ | છોટા ઉદેપુર | ૧૫ | ૦ | ૦ | |
| ૧૦ | દાહોદ | ૧૧૯ | ૩ | ૩ | અવસાન પામેલ કર્મચારીના વારસદાર તરફથી જરૂરી દસ્તાવેજ રજૂ થયેથી ચૂકવણા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૧૧ | ડાંગ | ૭૫ | ૧ | ૧ | અવસાન પામેલ કર્મચારીના વારસદાર તરફથી જરૂરી દસ્તાવેજ રજૂ થયેથી ચૂકવણા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧૬ | ૦ | ૦ | |
| ૧૩ | ગાંધીનગર | ૧૪૪ | ૧ | ૧ | ગાંધીનગર વર્તુળ કચેરીના પત્રાંકઃ મહક/૩/બ/૬૮૬–૮૭ તા.૦૪–૦૮–૨૦૨૧ થી નવ વર્ધિત પેન્શન અંગેની દરખાસ્ત નિયામકશ્રી પેન્શન અને પ્રો.ફંડની કચેરી, ગાંધીનગરને સાદર કરેલ છે. |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૮ | ૦ | ૦ | |
| ૧૫ | જામનગર | ૩૬ | ૦ | ૦ | |
| ૧૬ | જૂનાગઢ | ૫૮ | ૦ | ૦ | |

| અ.નં. | જિલ્લો | તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારી/કર્મચારીની સંખ્યા | તા.૩૦/૦૬/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવવર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ અધિકારીઓ/કર્મચારીઓ પૈકી અવસાન પામેલ કર્મચારી/અધિકારીની સંખ્યા | અવસાન પામેલ કર્મચારી/અધિકારીઓના વારસદારોને પેન્શનનું ચૂકવણું કરવાનું બાકી હોય તેવી અરજી સંખ્યા | પડતર અરજીનો ક્યાં સુધીમાં નિકાલ થશે |
|---|---|---|---|---|---|
| ૧૭ | કચ્છ | ૯૨ | ૦ | ૦ | |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | |
| ૧૯ | મહીસાગર | ૧૦ | ૦ | ૦ | |
| ૨૦ | મહેસાણા | ૩૧ | ૧ | ૧ | સામાજીક વનીકરણ વિભાગ મહેસાણા હેઠળ ફરજ બજાવતા વનરક્ષકનું તા.૨૬–૦૫–૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે. તેમનો પેન્શન કેસ મંજૂર થઈ આવ્યેથી ચૂકવણું કરવામાં આવશે. |
| ૨૧ | મોરબી | ૨૧ | ૦ | ૦ | |
| ૨૨ | નર્મદા | ૩૧ | ૦ | ૦ | |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ | |
| ૨૪ | પંચમહાલ | ૮૧ | ૦ | ૦ | |
| ૨૫ | પાટણ | ૪૭ | ૦ | ૦ | |
| ૨૬ | પોરબંદર | ૯ | ૦ | ૦ | |
| ૨૭ | રાજકોટ | ૧૬ | ૦ | ૦ | |
| ૨૮ | સાબરકાંઠા | ૬૧ | ૦ | ૦ | |
| ૨૯ | સુરત | ૮૬ | ૦ | ૦ | |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૩૨ | ૧ | ૧ | કર્મચારીનું અવસાન તા.૨૯–૦૪–૨૦૨૧ના રોજ થયેલ છે. નવ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત વિભાગીય કચેરી દ્વારા મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટી માટે NPS પેન્શન કેસ વિભાગીય કચેરી દ્વારા નિયામકશ્રી પેન્શન અને પ્રો.ફંડની કચેરીને મોકલી આપવામાં આવેલ. જે પૂર્તતા અર્થે પરત મળેલ છે. જે પૂર્તતા પૂર્ણ કરી સત્વરે પેન્શન અને પ્રો.ફંડની કચેરીને મોકલી આપવામાં આવશે. |
| ૩૧ | તાપી | ૮૨ | ૦ | ૦ | |
| ૩૨ | વડોદરા | ૨૧ | ૦ | ૦ | |
| ૩૩ | વલસાડ | ૯૧ | ૦ | ૦ | |
| | **કુલ** | **૧૬૪૯** | ૮ | ૮ | |

--------

## ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં મુલાકાતીઓની સંખ્યા

અતારાંકિતઃ ૯૭૭૯ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી**(જંબુસર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કની સન–૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦માં વર્ષવાર કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી,

(૨) વધુ સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોવાને કારણે વન્ય પ્રાણીઓને ખલેલ પહોંચે છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ઉક્ત સમસ્યાના નિવારણ માટે સરકારે શી કાર્યવાહી કરી છે ?

**વન મંત્રીશ્રી :** (૧૬–૦૯–૨૦૨૧)

(૧)

| વર્ષ | મુલાકાતીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૫,૬૦,૫૬૪ |
| ૨૦૧૯ | ૫,૨૯,૨૦૬ |
| ૨૦૨૦ | ૨,૪૫,૬૫૧ |

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદમાં પક્ષીઓનું ગેરકાયદે વેચાણ

અતારાંકિતઃ ૯૭૮૫ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

(૧) તા.૩૧–૦૫–૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદમાં દિલ્હી દરવાજા સહિત કુલ–૮ જગ્યાએ પક્ષીઓના ખરીદ–વેચાણ ચાલી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ ૮ જગ્યાએ આવી ગેરકાયદે પ્રવૃત્તિ ચાલે છે, અને

(૩) ઉક્ત વેચાણ કરનારાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૧૬–૦૯–૨૦૨૧)

(૧) અને (૨) અમદાવાદ સામાજીક વનીકરણ વિભાગ દ્વારા કરવામાં આવેલ રેડના ડેટા અનુસાર નીચેની જગ્યાએ આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું જણાયેલ છે.

(૧) દિલ્હી દરવાજા, (૨) પ્રેમ દરવાજા, (૩) લાલ દરવાજા, (૪) ગુજરી બજાર, (૫) રેંટીયા વાડી, (૬) ગીતા મંદીર, (૭) મીરઝાપુર, (૮) શાહઆલમ

(૩) ઉક્ત વેચાણ કરનારાઓ સામે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ–૧૯૭૨ની જોગવાઈ અનુસાર ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં મેન્ગ્રુવનું વાવેતર**

અતારાંકિતઃ ૧૦૦૩૮ (૩૧–૦૭–૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કયા જિલ્લામાં કેટલા વિસ્તારમાં મેન્ગ્રુવના વાવેતર થયા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં મેન્ગ્રુવનું વધુ વાવેતર થાય તે માટે સરકારે શાં પ્રયાસો કર્યા ?

**વન મંત્રીશ્રી:** (૨૩–૦૯–૨૦૨૧)

(૧) રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં નીચે જણાવ્યા મુજબ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવેલ છે.

| **જિલ્લો** | **મેન્ગ્રુવનું વાવેતર (હેક્ટરમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૧૮–૧૯** | **૨૦૧૯–૨૦** | **૨૦૨૦–૨૧** |
| જામનગર | ૭૧૫ | ૧૨૦૦ | ૨૭૦ |
| દેવભૂમિ દ્વારકા | ૪૮૫ | ૫૨૦ | ૨૩૦ |
| કચ્છ | ૧૪૭૦ | ૧૬૩૦ | ૨૦૦૦ |
| ભાવનગર | ૩૫૦ | ૧૧૦૦ | ૧૧૫૦ |
| મોરબી | ૩૫૦ | ૯૫૦ | ૪૫૦ |
| સુરત | ૩૪૦ | ૧૯૦ | ૨૫૦ |
| વલસાડ | ૦ | ૦ | ૨૦૦ |
| ભરૂચ | ૩૫૦ | ૪૦૦ | ૩૫૦ |
| નવસારી | ૯૦ | ૧૦૦ | ૨૦૦ |
| અમદાવાદ | ૧૦૦ | ૯૯૫ | ૧૪૦૦ |
| આણંદ | ૧૦૦ | ૨૨૫ | ૦ |
| **કુલ** | **૪૩૫૦** | **૭૩૧૦** | **૬૫૦૦** |

(૨) રાજ્યમાં મેન્ગ્રુવનું વધુ વાવેતર થાય તે માટે કેન્દ્ર સરકારની કેન્દ્ર પુરસ્કૃત યોજના અને મેન્ગ્રુવ વાવેતર માટેની કાર્યયોજના હેઠળ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં રાષ્ટ્રીય વૃક્ષ વડનું સંરક્ષણ**

અતારાંકિતઃ ૧૦૧૮૬ (૦૫–૦૮–૨૦૨૧) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૦૬–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય વૃક્ષ વડને કપાતા બચાવવા અને તેના સંરક્ષણ માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**વન મંત્રીશ્રી :** (૧૬–૦૯–૨૦૨૧)

રાજ્યમાં રાષ્ટ્રીય વૃક્ષ વડને કપાતા બચાવવા અને તેના સંરક્ષણ માટે લોકોનો સહકાર મેળવવા જનજાગૃતિ અભિયાન માટે શિબિર યોજવામાં આવે છે, વૃક્ષોનું મહત્વ સમજાવી તેના સંરક્ષણ માટે માહિતગાર કરવામાં આવે છે. વાવેતરોમાં અન્ય રોપાઓ સાથે વડના રોપાનું વાવેતર કરવામાં આવે છે તથા વન મહોત્સવ દરમ્યાન વડના રોપાનું વિતરણ કરવામાં આવે છે.

--------

આશ્વિન ૬, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

**કચ્છ જિલ્લામાં જર્જરીત આરોગ્ય કેન્દ્રો**

અતારાંકિતઃ ૯૧૭૦ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી કઈ સરકારી હોસ્પિટલ અને કયા આરોગ્ય કેન્દ્રો જર્જરીત હાલતમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ જર્જરિત સરકારી હોસ્પિટલ અને કયા જર્જરીત આરોગ્ય કેન્દ્રના બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત બાકી રહેલ સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોના જર્જરીત મકાનો ક્યાં સુધીમાં સમારકામ કે નવા બનાવવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૨૬–૦૭–૨૦૨૧)

(૧)

| **અ.નં.** | **હેલ્થ ફેસીલીટી** | **જર્જરીત આરોગ્ય કેન્દ્રોની સંખ્યા** |
|---|---|---|
| | | **કચ્છ** |
| ૧ | સરકારી હોસ્પિટલ | ૦ |
| ૨ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૧<br>(જનાન, તા. ભચાઉ) |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦ |

(૨) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

(૩) સામૂહિક આરોગ્ય કેન્દ્ર જનાનનું નવીન બાંધકામ વર્ષ ૨૦૧૯–૨૦ની નવી બાબતમાં મંજૂર થયેલ છે.

--------

**રાજ્યમાં એક્સ–રે ટેક્નીશીયનની અને રેડીયોલોજીસ્ટની ખાલી જગ્યા**

અતારાંકિતઃ ૯૭૪૯ (૧૪–૦૭–૨૦૨૧) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી દવાખાના / હોસ્પિટલોમાં કેટલાં એક્સ–રે ટેક્નીશીયનની અને રેડીયોલોજીસ્ટની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૦–૦૯–૨૦૨૧)

(૧) પત્રકઃ ૧ અને પત્રકઃ ૨ સામેલ છે.

(૨) કોર્ટકેસના કારણે તથા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી.

(૩) કોર્ટ કેસનો નિર્ણય થયેથી એક્સ–રે ટેક્નીશીયનની જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળમાં મોકલી આપેલ માંગણાપત્રક અન્વયેની જગ્યાઓ ભરી શકાશે.

– રેડીયોલોજીસ્ટની જગ્યા ભરવા દરરોજ વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવામાં આવશે.

**પત્રક–૧**

**તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ તબીબી સેવાઓ હસ્તકની સંસ્થાઓ ખાતે એક્સ–રે ટેકનીશીયનની ખાલી જગ્યાઓનું પત્રક**

| **૧** | **૨** | **૩** | **૪** |
|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **સંસ્થાનું નામ** | **ખાલી** | **જગ્યા ક્યારથી ખાલી છે તે તારીખ** |
| અમદાવાદ | GMERS જનરલ હોસ્પિટલ, સોલા, અમદાવાદ | ૧ | તા.૩૦–૦૬–૨૦૧૯ |
| | રૂક્ષ્મણીબેન જનરલ હોસ્પિટલ, ખોખરા | ૨ | તા.૦૧–૦૨–૨૦૨૧<br>તા.૩૧–૦૫–૨૦૧૮ |
| | પોલીસ હોસ્પિટલ, શાહીબાગ | ૧ | તા.૩૦–૦૬–૨૦૧૮ |
| ખેડા | જનરલ હોસ્પિટલ, નડિયાદ | ૧ | તા.૦૧–૦૬–૨૦૨૦ |
| | સરકારી હોસ્પિટલ, ડાકોર | ૧ | તા.૨૩–૧૦–૨૦૧૯ |
| આણંદ | એસ. એસ. હોસ્પિટલ, પેટલાદ | ૧ | તા.૧૫–૦૬–૨૦૧૭ |
| પાટણ | જુનિ સિવિલ હોસ્પિટલ, પાટણ | ૧ | તા.૦૧–૦૫–૨૦૧૭ |

| તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ તબીબી સેવાઓ હસ્તકની સંસ્થાઓ ખાતે એક્સ–રે ટેકનીશીયનની ખાલી જગ્યાઓનું પત્રક | | | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| જિલ્લાનું નામ | સંસ્થાનું નામ | ખાલી | જગ્યા ક્યારથી ખાલી છે તે તારીખ |
| | જનરલ હોસ્પિટલ, સિધ્ધપુર | ૫ | તા.૦૧–૦૮–૨૦૧૫<br>તા.૦૧–૦૮–૨૦૧૫<br>તા.૩૧–૦૧–૨૦૧૭<br>તા.૩૦–૦૪–૨૦૧૯<br>તા.૩૧–૦૮–૨૦૧૯ |
| | સરકારી હોસ્પિટલ, રાધનપુર | ૧ | ૨૩–૧૦–૨૦૧૯ |
| બનાસકાંઠા | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ૨ | તા.૩૧–૦૮–૨૦૧૯<br>તા.૩૧–૦૮–૨૦૧૯ |
| | સરકારી હોસ્પિટલ, ભાભર | ૧ | તા.૩૧–૦૮–૨૦૧૯ |
| સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ, લીંબડી | ૨ | તા.૩૧–૦૭–૨૦૧૫<br>તા.૩૧–૦૫–૨૦૨૦ |
| | સરકારી હોસ્પિટલ, ધ્રાંગધ્રા | ૧ | તા.૧૭–૦૨–૨૦૧૨ |
| | જનરલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર | ૧ | તા.૩૦–૧૨–૨૦૧૯ |
| દેવભૂમિ દ્વારકા | સરકારી હોસ્પિટલ, દ્વારકા | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| | જ.હો.જામ–ખંભાળીયા | ૧ | તા.૨૦–૧૦–૨૦૧૨ |
| વડોદરા | જમનાબાઈ જનરલ હોસ્પિટલ, વડોદરા | ૧ | તા.૩૧–૦૭–૨૦૨૦ |
| સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ, ખેડબ્રહ્મા | ૧ | તા.૧૫–૧૦–૨૦૧૯ |
| | જનરલ હોસ્પિટલ, હિંમતનગર | ૨ | તા.૦૧–૧૦–૨૦૧૭<br>તા.૩૦–૦૬–૨૦૧૫ |
| દાહોદ | સરકારી હોસ્પિટલ, ઝાલોદ | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| | જનરલ હોસ્પિટલ, દાહોદ | ૧ | તા.૨૨–૧૦–૨૦૧૨ |
| કચ્છ | સરકારી હોસ્પિટલ ગાંધીધામ | ૧ | તા.૨૫–૦૮–૨૦૧૧ |
| | જનરલ હોસ્પિટલ, અંજાર | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| | સરકારી હોસ્પિટલ, માંડવી–કચ્છ | ૧ | તા.૦૧–૦૭–૨૦૧૮ |
| | સ્પેશ્યલ જેલ ભૂજ | ૧ | તા.૩૦–૦૩–૨૦૦૭ |
| અમરેલી | જનરલ હોસ્પિટલ અમરેલી | ૨ | તા.૦૧–૦૫–૨૦૧૭<br>તા.૩૧–૦૮–૨૦૧૯ |
| આહવા–ડાંગ | જનરલ હોસ્પિટલ આહવા–ડાંગ | ૧ | તા.૨૮–૧૨–૨૦૧૦ |
| ભરૂચ | જનરલ હોસ્પિટલ ભરૂચ | ૧ | તા.૦૧–૦૭–૨૦૧૯ |
| બોટાદ | જનરલ હોસ્પિટલ બોટાદ | ૧ | તા.૧૮–૦૫–૨૦૨૧ |
| છોટાઉદેપુર | જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર | ૧ | તા.૨૩–૦૧–૨૦૨૧ |
| પંચમહાલ | જનરલ હોસ્પિટલ, ગોધરા | ૧ | તા.૨૩–૦૨–૨૦૨૧ |
| | સ્ટેટ હોસ્પિટલ, સંતરામપુર | ૧ | તા.૦૧–૦૬–૨૦૧૮ |
| | સરકારી હોસ્પિટલ હાલોલ | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| મોરબી | જનરલ હોસ્પિટલ, મોરબી | ૨ | તા.૦૩–૦૩–૨૦૧૪<br>તા.૩૧–૦૭–૨૦૧૯ |
| | સરકારી હોસ્પિટલ વાંકાનેર | ૧ | તા.૦૧–૦૮–૨૦૧૯ |
| નવસારી | જનરલ હોસ્પિટલ નવસારી | ૧ | તા.૦૧–૦૮–૨૦૧૭ |
| | જનરલ હોસ્પિટલ બિલીમોરા | ૧ | તા.૦૧–૦૫–૨૦૧૬ |
| | સરકારી હોસ્પિટલ વાંસદા | ૧ | તા.૦૧–૦૩–૨૦૧૮ |
| | સરકારી હોસ્પિટલ ચીખલી | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| પોરબંદર | જનરલ હોસ્પિટલ પોરબંદર | ૧ | તા.૦૧–૦૭–૨૦૧૯ |

| તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ તબીબી સેવાઓ હસ્તકની સંસ્થાઓ ખાતે એક્સ–રે ટેકનીશીયનની ખાલી જગ્યાઓનું પત્રક | | | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **જિલ્લાનું નામ** | **સંસ્થાનું નામ** | **ખાલી** | **જગ્યા ક્યારથી ખાલી છે તે તારીખ** |
| નર્મદા | જનરલ હોસ્પિટલ રાજપીપળા | ૧ | તા.૦૧–૦૬–૨૦૧૨ |
| | સરકારી હોસ્પિટલ ગરૂડેશ્વર | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| તાપી | જનરલ હોસ્પિટલ વ્યારા | ૩ | તા.૦૧–૦૨–૨૦૧૨<br>તા.૩૦–૧૧–૨૦૧૫<br>તા.૩૦–૦૯–૨૦૧૯ |
| | જનરલ હોસ્પિટલ ઉચ્છલ | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| | સરકારી હોસ્પિટલ સોનગઢ | ૧ | તા.૨૦–૦૯–૨૦૧૯ |
| સુરત | સરકારી હોસ્પિટલ માંડવી–સુરત | ૧ | તા.૨૦–૦૨–૨૦૧૪ |
| વલસાડ | સ્ટેટ હોસ્પિટલ ધરમપુર | ૧ | તા.૦૧–૦૯–૨૦૧૮ |
| | જનરલ હોસ્પિટલ વલસાડ | ૧ | તા.૩૦–૧૦–૨૦૧૭ |
| | સરકારી હોસ્પિટલ વાપી | ૧ | તા.૨૮–૦૮–૨૦૧૭ |
| જૂનાગઢ | જનરલ હોસ્પિટલ જૂનાગઢ | ૨ | તા.૦૧–૦૮–૨૦૧૮<br>તા.૩૧–૦૫–૨૦૧૯ |
| ભાવનગર | જનરલ હોસ્પિટલ મહુવા | ૧ | તા.૦૧–૦૨–૨૦૧૬ |
| ગાંધીનગર | જનરલ હોસ્પિટલ ગાંધીનગર | ૧ | તા.૦૧–૦૯–૨૦૨૦ |

**પત્રક ૨**

**તા.૩૧–૦૩–૨૦૨૧ની સ્થિતિએ તબીબી સેવાઓ હસ્તકની સંસ્થાઓ ખાતે રેડીયોલોજીસ્ટની ખાલી જગ્યાઓનું પત્રક**

| જિલ્લાનું નામ | સંસ્થાનું નામ | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે તે |
|---|---|---|---|
| મહેસાણા | જ.હો. મહેસાણા | ૧ | ૩૧–૧૨–૧૧ |
| | જ.હો. વિસનગર | ૧ | ૨૧–૦૬–૧૦ |
| | જ.હો. ઉંઝા | ૧ | ૨૧–૦૬–૧૦ |
| વડોદરા | જ. હો. વડોદરા | ૧ | ૧૨–૦૬–૦૫ |
| સુરેન્દ્રનગર | જ.હો. સુરેન્દ્રનગર | ૧ | ૧૧–૧૧–૧૦ |
| | જ.હો. લીંબડી | ૧ | ૧૨–૦૩–૮૪ |
| | સ.હો. ધ્રાંગધ્રા | ૧ | ૨૧–૦૬–૧૦ |
| ભરૂચ | જ.હો. ભરૂચ | ૧ | ૧૦–૦૭–૦૨ |
| પંચમહાલ | જ.હો. ગોધરા | ૧ | ૧૬–૦૩–૧૩ |
| મોરબી | જ.હો. મોરબી | ૧ | ૧૩–૧૨–૯૯ |
| નવસારી | જ.હો. નવસારી | ૧ | ૧૬–૦૩–૧૩ |
| | સ.હો. વાંસદા | ૧ | ૨૧–૦૬–૧૦ |
| ખેડા | જ.હો. નડીઆદ | ૧ | ૧૦–૦૬–૦૧ |
| | જ.હો. ખેડા | ૧ | ૧૦–૦૬–૦૦ |
| આણંદ | જ.હો. પેટલાદ | ૧ | ૦૨–૦૮–૦૩ |
| દેવભૂમિ દ્વારકા | જ.હો. જામખંભાળીયા | ૧ | ૧૧–૦૬–૧૨ |
| રાજકોટ | પી.કે.હો. રાજકોટ | ૧ | ૨૦–૦૨–૧૮ |
| | જ.હો. ગોંડલ | ૧ | ૨૦–૦૭–૧૦ |
| | સ.હો. ઉપલેટા | ૧ | ૨૧–૦૬–૧૦ |
| | સ.હો. ધોરાજી | ૧ | ૧૨–૦૧–૧૦ |
| | સ.હો. જેતપુર | ૧ | ૨૧–૦૬–૧૦ |
| દાહોદ | જ.હો. દેવગઢબારીયા | ૧ | ૨૧–૦૬–૧૦ |
| કચ્છ | માંડવી | ૧ | ૧૨–૦૧–૧૦ |
| | ગાંધીધામ | ૧ | ૧૨–૦૧–૧૦ |

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો (નિયમ– ૮૭(ક))

| જિલ્લાનું નામ | સંસ્થાનું નામ | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે તે |
|---|---|---|---|
